ગોહવાયની પડલી.

ખોહવાયલી ખટલી

અથવા

મરનારાંઓના વારસાની આશાપર જીવનારાંઓ.

એક વાર્તા,
(ઈંગ્રેજી ઉપરથી.)

રચનાર,
કેખુશરો નવરોજજી કાબરાજી.

Price Rs. 2-0

મુંબઈ,
દફતર આશકારા ઑઈલ ઈનજીન પ્રેસમાં
એદલજી માણેકજી વાચ્છાએ છાપ્યું છે.
નં. ૮૭, કાવસજી પટેલ સ્ટ્રીટ, કોટ.

સને ૧૮૯૮ ઈસવી.

અર્પણ પત્રિકા.

મારા માનિતા મિત્ર

શેઠ બેહરામજી મેહરવાનજી મલબારીને

વિદ્યાના એક આશક અને સાહિત્યના સાચા સાહાયક

લેખે

ગમે એટલા મતફેર વચે મારા તરફની ઉદાર વૃત્તિ

અને

મારાં કામો પ્રત્યનાં ચાલુ ઉત્તેજન

ની

પિછાણ અને હેશાનની ઈધાણીમાં

આ નર્મ પુસ્તક

માન સહિત અર્પણ કરૂંછું.

કે૦ ન૦ કા૦

અનુક્રમણિકા.

સફે.

સફે.

સફે.

સફે.

સફે.

સફે.

ખોહવાયલી ખટલી,

અથવા

મરનારાંઓના વારસાની આશાપર જીવનારાંઓ.

પ્રકરણ ૧ લું.

એક એવડાં સરનામાનો કાગળ.

મુંબઇનાં પાયતખ્ત શેહરના સુંદર સહાસે સમુદ્ર પુરીને જે મોટી જમીન હાથ કીધીછે, તેથી શેહરની પુર્વ દિશાએ એક જાદુઇ લાકડી ફરી ગઇ હોય એવો ચમત્કાર બન્યોછે. જે શેહરી જીલાને આજે આપણ "કોટ" નાં નામથી ઓળખીયે છીયે તેની એક વખતની સાંકડી હદ દરિયાની પુણાથી વિસ્તિર્ણ વિસ્તારમાં વધી ગઇછે. ટાઉન હાલની પછવાડે મુંબઇનો જે કીલ્લો બાંધેલોછે, તે કીલ્લામાંથી શરૂ થયલી કોટની દિવાલ ઉપલા વખતે કોટનાં બજારની થોડેજ છેટેથી લંબાયલી બજાર ગેટની ભાગોળ સુધી ફરી વળેલી હતી, કે જે કોટની દિવાલની કોરેકોર જયાં આજે ફ્રીયર રોડ બંધાયોછે અને મોટી હવેલીઓમાં શેહર વસાયુંછે, ત્યાં બંદરની બોરફુનાં દરિયાનાં પાણી અથડતાં હતાં. અને તે કોટની પછવાડેનો કિનારો સમુદ્રનાં ઉછળતા મોજાથી ધોવાતો હતો. એ રીતે જયાં દરિયાનાં પાણી હતાં, ત્યાં આજે ઘેરો અને રસ્તા બંધાયાછે અને જયાં મછવા તથા વાહણો ફરતાં હતાં ત્યાં ગાડી ઘોડાઓની આવજાવ ચાલી રહીછે. કોટનાં બજારની સામેને કિનારે ટંકસાળની પાસે બંદર ખાતાંના ટ્રસ્ટીઓની આફીસ બંધાઇછે ત્યાંથી લંબાયલો "બાલાર્ડ બંદર" નો ધક્કો સમુદ્રનાં પેટામાં એક જીભની પેઠે બાહાર કાહાડેલો પુસ્તો છે, તે એક નવુંજ શોભાયમાન બાંધકામ કર્નલ બાલાર્ડ નામના આગળા એક લશકરી અમલદારની યાદગારીમાં બાંધેલુંછે.

આ બાલાર્ડ બંદર ઉપરથી આપણુ આપણી આજની વાત શરૂ કરીશું, કે જે આજે કોટનાં મોદીખાના તરફની ગીચ વસ્તીને ફરવા હરવાનું એક નવું હવાસ્થળ મળી આવ્યુંછે. જે આગળા જમાનાની અમે યાદ કીધીછે, તે વખત ઉપર કોટના રેહવાસીઓને ફરવાહરવાનું ફાશનેબલ બંદર માત્ર એકજ પાલવા બંદર હતું. તે એક નાનો સાંકડો પુસ્તો હતો, પણ તે મોદીખાના તરફની ગરીબડી ગીચ વસ્તીને ઘણું દૂર પડતું હતું. આજે બાલાર્ડ બંદરનાં ખુશનુમા બાંધકામથી ફરવા હરવાને લાયકનો એક રળિયામણો લત્તો એ તરફનાં લોકોને હાથ લાગ્યોછે.

એ બંદરના મેરાબરોકાં ગોળ લોખંડી છત્રની હેઠલ હારેદોર લંબાવેલા લોખંડી બાંકો માહેલા છેક છેડેના એક બાજટ ઉપર એક સિતલ સાંજના નમતા પ્રહરે એક સાદી પણ સ્વરૂપવાન સજની સાદાં લુગડાંમાં ફરવા આવેલી બેસીને કાંઇ વાંચતી હતી. તેના રૂપાળા ચેહરાનો ઘાટઘટમ શોભિતો હતો— તેની તેજદાર ચશમોનાં રોશન નુર, તથા તેના ગોરા ગોલાબી ગાળો ઉપરની તાજી સુરખીની તાજગી વચે તેનાં કપાલ ઉપરની એકાદ કરચલી અને તેની સુંદર સિકલનો કમલાવેલો ઠલ્લો કોઇ સંકટ અને ઉદાસીનો કાંઇક ઓળો તેના ચેહરા ઉપર ફરી ગયો હોય એવી ઇધાણી આપતાં હતાં. તેના દેખાવ ઉપરથી તેને એક બાળક-બૈરી કહીયે તો ચાલે. તેની આકૃતિ એક બાળકસમાન હતી, અને તોપણ આજની ઘણીક છોડીઓ સ્ત્રીવેશે આવેલી જણાયછે, તેવી તે એક ઓરતજાત હતી.

ઉમરે છોકરી, પણ આકારે ઓરત, એ તેના દેખાવનું બયાન સમજવું. વયમાં જુવાન, પણ અકલે બુઢ્ઢિ એવો તેનો દેખાવ હતો. જુવાન છોડીઓ જયાંબી બેઠેલી કે ઉભેલી હોય ત્યાં આવતાં જતાં સર્વની નજર ખેંચેછે, તેવી રીતે તરેહવાર લોકોની તરેહવાર વિસમય પામતી અને પરપુછ કરતી નજરોને ખેંચતી આ જુવાન છોડી બેઠેલી હતી. તે છોડી છે કે સ્ત્રી છે તે તેને જોનારાઓએ તેના દેખાવ ઉપરથી કેહવાનું કઠણ હતું. આવી સુંદર છોડી આવી એકલી કેમ પડીછે અને આટલીબધી ખુબસુરતી આટલીબધી સાદાઇથી કેમ ઢંકાયલીછે, તે રસ્તેથી જતાં રાહદારીઓની અજાયબી હતી. તેને કોઇ ઓળખતું નહી હતું, અને આખી સાંજ સુધી તે બેસી રેહવા છતાં કોઇ ઓળખીતું પારખીતું તેની પાસે આવ્યું નહી હતું. તેનો પોશાક હલકો નહી હતો, પણ જુનો અને સાદો હતો. લાલ ગાજની સાડી, જે એક વખતે ચલકતી અને સુશોભિત હોવી જોઇયે; એક જીણું સફેદ બદિયાન, જેની બાંહેની કોરે સીવેલી સુતરાઉ લેસનાં ધોએ ધોએ પીસ્તાં અને પુમરાં નિકળી આવેલાં હતાં; માંથા ઉપર એક સફેદ માથુંબાનુ જેનો ચોલાયલો દેખાવ કેહતો હતો કે રોજ એક ધોતું માંથુબાનુ બદલવું, એ તેની પેહરનારીનો ધારો નહી હતો; અને તોપણ માંથુબાનું નિદાર ઉપરથી સરી જવાથી ખુલ્લા પડેલા રેસમી બાલનો સફાઇદાર ચલકાટ બાલ પછવાડે કેટલીક જતન બતાવતો હતો, કે જે જતન આ માંથાબાનાનો એબીયલ પારો બાંધ્યાથી સઘળી ઢંકાઇને રદ જતી હતી; છેલે પગમાં કાળી સાટીનનાં સ્લિપર અથવા શુઉ, જેનો વપરાતાં વપરાંતાં કાલાસ ફીકો મારી ગયો હતો અને જયાં પગનો ભાર આવેલો તેવે ખુણે તે ફાટી જવાથી ઠીંગડી મારવી પડેલી, આ સઘળો પેહરવાસ એ એકલી એકલવાઇ અબળાના આબરૂદાર પણ ગરીબડા સંસારની ગવાહી પુરતો હતો.

કહો તો આ છોકરી અથવા કહો તો આ બૈરી અથવા બરાબર બોલીયે તો આ બાઇ કોણ છે? તે આ બાલાર્ડ બંદરના બાજટ ઉપર એકાંતમાં શું કામ બેઠીછે? એ જાણવા માટે, જે કાગળ તેણી વાંચતી બેઠીછે અને જે તેને ઘેરનો, કોઇ વ્હાલાં માતપિતાનો અથવા વધારે વ્હાલા વરનો પ્યારનો પેગામ હોય એવા મીઠાસથી તે ખુશ ચેહરે વાંચેછે, તે કાગળ ઉપર જરા નજર કરીયે. એ કાગળ તેણીએ એક વખત નહી, પણ બે ચાર વખત ફરી ફરીથી વાંચ્યાજ કીધોછે. ત્યારે તે શું હશે? એ કાગળ નીચે મુજબનો હતો—

પુણાની, તા૦ ૧ લી ડીસેમબર ૧૮——

મારી વ્હાલી દીકરી ખટલી,

આજ દિને એક ખુશ બનાવની તુને વધામણી પોહચાડવા આ કાગળ લખુંછું, કે જે બનાવ આપણ બધાંની જીંદગીનાં ભવિષ્ય ઉપર કાંઇ અસર કરવાની આશા આપેછે. તારા મામા માણકશાહ મુકાદમ, તારી બેહસ્તણ માતાના ભાઈ, તારી બચ્ચગીના "માકામામા" જેવણની મોટી દોલત તારી માતાની મગરૂરી હતી અને જેવણના ધનમાલ તથા ખજાણાની તમો ભાંનેજો હસીખુશીથી વખાણની વાતો સાંભળતી હતી, તેવણ ત્રીશ વર્ષ, ચીન દેશથી બુઢ્ઢા ખખ થયલા, બાલ પાકેલા ઝારસ જેવા આજે પંદર દિવસ થયા પાછા આવ્યાછે. તેવણ વાતચીત અને રીતભાંતમાં જેવાને તેવાજ ચકાસેલાછે. ચીનાઓમાં લાંબી મુદત વસ્યાથી ચીનાઓ જેવાજ ચક્રમ છે, પણ આપણી તરફ ઘણા તાહડા મીઠા ને મેહરબાન જણાયછે. આપણી ઘેરના કોઇનીબી તરફ એવણને ગેરમેહરબાની કે ગુસો નથી. તેવણે આંહી પુણામાં એક બંગલો વેચાતો લીધોછે, કે જેને "ચીનાબાગ" નું નામ આપ્યુંછે અને જેમાં પોતાનું ઘેર માડીને રહ્યાછે, ત્યાં પોતાની ગરીબડી ભાનેજોને પોતાની આસપાસ પોતાની સાથેજ રાખવાને ચાહતા હોય એવી તેવણ ઘણી ખાયસ દેખાડેછે. દીકરી મેહરી તો માકામામાને ઘેર જઇ રહીબી આવીછે, અને એક પુણેગરા ડાકટર મામાના વાસ મારતાં દવાખાનાને બદલે ચીનાબાગની ચીનાઇ હવા અને ચીનાઈ બોર તથા ચીનાઈ મુરબા વગેરેનો સ્વાદ ચાખીબી આવીછે. તુને એ બંગલો યાદ હશે. આપણી પાસે જે ઇસ્ટ સ્ટ્રીટમાં પથરના મિનારાવાળો દેવલ રેકો પારસેકોલ સીનોરનો બંગલો હતો, તેજ આજે તારા માકામામાનો "ચીનાબાગ" થયોછે.

તેવણ (એટલે તારા માકામામા) ને મેહરી ઘણી ગમેછે. બંદ ગાર્ડન ઉપર તારા મામાની બે ઘોડાની ફાંકડી ફેટનમાં એ દીકરીને ફરવા જતી મેં ઘણી વાર જોઇછે, કે જયારે ગાડીની નરમ ગાદીઓ ઉપર એક શાહજાદીના સરખા રોબથી ઠઠેરો કરીને તેને બિરાજતી જોતાં જાણેકે એ

દીકરીનો આખો જન્મારોજ બબ્બે ઘોડાની ફૈટનો ડપટાવવામાં ગયો હોય એવી કુદરતી રીતે તેને મોજમઝાની આસરમ પડી ગયલી મને લાગેછે. નાજાં પણ માકામામાને મળી આવીછે, પણ માકામામા તેને મિજાજી અને બેઅદબ ધારેછે અને મને લાગેછે કે નાજાંનાં તડને ફડ બોલવાના તરકડા સ્વભાવથી એ ભાનેજ મામાનો ઘણો પ્યાર મેળવી શકવાની નથી. મેં એને સારાં સલુક શિખવા સારૂં મિસિસ સેનસરની સ્કુલમાં મોકલીછે, પણ ત્યાં એ છોકરાઓ સાથ રમતિયાલ મસ્તીતુફાનો કરીને એટલાં ઘેલાંચેડાં કાહાડેછે કે મિસિસ સેનસરની સ્કુલમાં જવાથી એ નાદાન નાજાં કાંઇ સુધરે એમ મને લાગતું નથી. હું પોતેબી તારા માકામામાને મળી તેવણુને ત્યાં જમી આવ્યોછું, અને તેવણુની ટેબલના ખાના પીણાના બાદશાહી દોરદમામથી હું તો તદન છક થઇ ગયોછું. હું કાંઈ દારૂનો પારખુ નથી, જોકે હું દવાઓને સારીપેઠે સમજુછું અને દવા સાથ દારૂને સંબંધ છે, "દવા-દારૂ" એમ સાથેજ બોલાયછે, તે ઉપરથી તું વિચારશે કે હું દવાને સમજનારો હોવાથી દારૂનો પણ પારખુ હોવો જોઇયે, પણ તેમ નથી, તોપણ તુંને ખરૂં કહુંછ, દીકરી ખટલી, કે માકામામાની ટેબલ ઉપર વાઇન અને ચંપીનની મોજ મારી આવ્યા પછી બે દાહડા સુધી હું શરાબની મસ્તીમાં ઉંઘરેટો ને ઉંઘરેટો ફર્યા કીધો. હવે હું એટલુંજ ધારૂંછું કે માકામામા ચીનથી પાછા ફર્યાથી, તારાં અને મેહેરીના નસીબ કેવાં જાગ્યાંછે, તે તું આવીને તારી મેળેજ જોઇ શકશે. વાસ્તે તમો બેઉ બેહેનો માકામામાને ઘર પહોંગો માગીને પડી રહો એ હું ચાહુંછું અને તું દીકરીને સરસમાં સરસ સલાહ એજ આપુંછું કે તું મુંબઇમાં તારી બાઇની રજા લઇને પુણે આવ. મિસિસ સાવકશાહની સ્કુલમાં તુંને શિક્ષક દાખલ પચીસ રૂપરડીના પગારની ખાતર નોકરીના ધકેલા ખાવાની હવે જરૂર રહી નથી. હું કાંઇ તુંને એકદમ નોકરી છોડીને આવવા કેહતો નથી, પણ હું ધારૂંછું કે તારી નોકરી ઉપરથી એક માસની રજા લઈ તું પુણે આવી શકશે અને તારી સ્કુલની નોકરીમાં કશી ખલલ થવાની ધાસ્તી વગર તારી શેઠાણી મિસિસ સાવકશાહ તુંને રજા આપી શકશે. દીકરી, તારા માતબર માકામામા ખજાને ભરપુર પાછા ફરવાથી અને તેવણે તારે માટે સારો પ્યાર ધરાવ્યાથી હવે છોકરાં ભણાવવાની માંથાફોડથી તારૂં પેટ ભરવાના દાહડા હવે પુરા થયલા સમજજે અને મારી સલાહ પ્રમાણે તારૂં પુણે પાછું આવવું મુબારક થશે.

લા૰ તારો વ્હાલો મામો

મેહેલાશાહ મુકાદમ.

બાલાર્ડ બંદરના એકાંત બાજટ ઉપર બેઠેલી પેલી ગરીબડા દેખાવની પારસી અબળાની તવારીખ ઉપર અજવાળું નાખવાને તેના મામાનો આ કાગળ, જે તેણીએ હમણાજ વાંચ્યોછે, તે બસ થશે. વાંચનાર આ એકલવાઇ ખટલીને એક ખાનદાની આસામી સમજશે. તેનાં માબાપ અને સગાવ્હાલાં પુણેગરા પારસીઓ છે, તેના મામા મેહલાશાહ મુકાદમ જેણે આ કાગળ લખ્યોછે તે પુણાનો એક આબરૂદાર ડાકટર છે, અને તેનો બીજો ભાઇ—ખટલીના માકામામા—જે હમણાજ પુણેના "ચીનાબાગ" માં આવી રહ્યાછે તે ચીનના એક મોટા અને માતબર વેપારી છે. વાંચનાર સમજશે કે આ બે મામાઓની માનીતી અને વ્હાલી ભાનેજ ખટલી એક માબાપ વગરની નાવારસ છોડી મુંબઇમાં એક પારસી સ્કુલમાં સ્ત્રી શિક્ષકનાં કામ ઉપર પગારદાર રહેલીછે અને આબરૂ દરકારથી પોતાની અકલનાં જોરે પોતાનું ગુજરાણ ચલાવેછે. જે ઘણીક ગરીબ અને લાચાર નાવારસ પણ લાયક પારસણો ને પોતાને માથે આજના જમાનામાં પોતાનું ગુજરાણ આવી પડયુંછે, તેઓમાંની એક લેખે વાંચનાર હવે ખટલીને ઓળખશે.

એ રીતે ખટલીની આગળી તવારીખ આ કાગળ ઉપરથી પુરતી જણાયછે, પણ તેનો હાલનો હેવાલ એ કાગળથી આપણને મળતો નથી. ખટલીની હાલની હકીકત તો જુદીજ છે.

ઉપલા કાગળ ઉપર "મિસ ખરસેદબાઇ ખજુરિયા," ને નામનું સરનામું હતું અને "મુંબઇના કોટ ખાતે એલ્ફિન્સ્ટન સર્કલમાં મિસિસ સાવકશાહની સ્કુલના કેરમાં" એવું તે ઉપર આપણી ખજુરિયાની ખટલીનું ઠેકાણું લખેલું હતું, તે "મિસ" એટલેકે કુમારી કન્યાને નામનું હતું.

પણ એ કાગળ આપણી ખટલીને મિસિસ સાવકશાહની સ્કુલમાં મળ્યું નહી હતું. ખટલીને તો આપણે અંહી મોદીખાના તરફ બાલાર્ડ બંદર ઉપર ફરતી દીઠીછે, અને તે આ તરફજ રેહતી હતી. માટે આ કાગળ એક બીજાં પરબિંડાંમાં બીડાઇને ટપાલની મારફતે પાછો વાળેલો તેને મળ્યો હતો અને તે બીજાં પરબિંડામાં તેનું સરનામું નીચે મુજબ હતું—

"મિસિસ દારાશા દોલીદાદીના,
કોટમાં, મરઘા સેરીમાં, ગુલબાઇ ગોરાણી-
નાં ઘેરમાં."

આ પ્રમાણે "મિસ ખરશેદબાઇ" નો કાગળ બેવડાં સરનામાનો હતો. પેહલાં સરનામા મધે જે "મિસ" એટલે કુવારી કન્યા હતી, તે બીજાં સરનામા મધે બદલાઇને "મિસિસ દોલીદાદીના" એટલેકે મી૦ દોલી દાદીનાને પરણેલી તેની બાયડી બની હતી.

આ બેવડાં સરનામાના ફેરફાર ઉપરથી સમજવાનું છે કે ખટલીનું પેહલું કુંવારી કન્યા દાખલનું સરનામું તેના મેહલાશાહ મામાને હાથનું કરેલું હતું, પણ દોલી દાદીનાની ધણીયાણી દાખલનું તેનું બીજું સરનામું મુંબઇના કોઇ મિત્રને હાથનું કરેલું હતું, કે જે મિત્રે મિસિસ સાવકશાહની સ્કુલમાં એ કાગળ પોંહચ્યા પછી ખટલીનું ખરૂં સરનામું કરી તે ટપાલમાં પાછું બીડયું હતું.

એ ઉપરથી બીજું એ માલમ પડેછે કે ખટલી પરણેલીછે અને મી૦ દોલીદાદીનાની બાયડી થયલીછે, તે મુંબઇમાં તેનાં ઓળખીતાંઓ જાણેછે, પણ તેનાં પુણેગરાં સગાંવ્હાલાં, તેના મામા મેહલાશાહ મુકાદમ આ કાગળ લખતી વેળા હજી જાણતા નથી. તેવણે પોતાનાં અજાણપણામાં પોતાની ભાનેજને એક કુવારી કન્યા સમજીને "મિસ" ને નામે સરનામું કીધું હતું. પણ તેની સ્કુલના કોઇ ઓળખીતા હાથે તે સરનામું ફેરવીને ખટલીનાં પરણ્યાં સાસરિયાં ઘેરમાં તે કાગળ પોંહચતું કીધું હતું.

એલ્ફિનસ્ટન સર્કલના ભપકાદાર સ્કુલવાળાં મકાનમાંથી મરઘાસેરી ખાતે ગુલી ગોરાણીનું ઘેર ખટલીની હાલતનો કોઇ ખરો સુધારો બતાવી શકતું નથી. એલ્ફિનસ્ટન સર્કલથી મરઘાસેરી અને મિસિસ સાવકશાહની સ્કુલથી ગુલી ગોરાણીનું ઘર ખરેખર જીંદગીનો એક ઉતરતો તબક્કો દેખાડેછે, કે જેમાં ફાંકડી ફાશિનોવાળી જીંદગીમાંથી હલકી ગરીબાઇવાળી જીંદગીમાં ઉતરવાનું ભાસેછે.

ખટલીની જીંદગીમાં આ ફેરફાર કેમ થયોછે, અને "મિસ" ખરશેદબાઇ "મિસિસ દોલીદાદીના" દરજજા ઉપર કેમ આવીછે તથા તેની જીંદગીના આ મોટા બનાવથી તેના મેહલાશાહ તથા માણકશાહ જેવા બુજર્ગ મુરબ્બી મામાઓ અજાણ્યા કેમ રહ્યાછે તે આપણે હવે પછી જોઇશું.

હાલ તો એટલુંજ કેહવું બસ છે કે ખટલીની જીંદગીનો આ સઘળો ફેરફાર આજના જમાનાના એક અવિચારી લગ્નનું ફળ છે. નાદાન જુવાનો થોડુંક છુટાપણું મળ્યાથી પોતાનાં માબાપ યા સગાંવ્હાલાંની જાણ પિછાણ અથવા મરજી અને પરવાણગી પુછયા વગર જે નાદાનીમાં ફસી પડવાના જોખમમાં જાયછે, તેવી એક નાદાની ખટલીને હાથે થયલીછે અને તેવાં અવિચારી લગ્નોમાંનું એક તે મિસ ખરસેદબાઇ ખજુરિયાના મી૦ દારાશા દોલીદાદીના સાથનાં થયલાં છુપ્પાં લગ્ન છે.

પ્રકરણ ૨ જું.

"ઊતાવળે પરણીને ફુરસદે પસ્તાવું."

"હું! મારા છોકરાં ભણાવવાના દાહડા!" કાગળ વાંચીને ખટલી પોતાનાં મન સાથ બડબડી. "હું! બિચારા મેહલાશાહ મામા થોડુંજ જાણેછ કે મારા છોકરાં ભણાવવાના દાહડા તો પુરાણી થઇ ગયાછ, કે જે દાહડા આજની મારી જીંદગી સાથ સરખાવતાં ખરી આબાદાનીના દાહડા હતા. આહા! મિસિસ સાવકશાહની સ્કુલમાં સાદી સ્ત્રી-શિક્ષક અને એક કુવારી કન્યા દાખલ હું કેવી સુખી હતી!"

એટલા બોલો બોલીને ખટલી મુગી રહી ગઇ. તે કાંઇ ઉંડા વિચારમાં પડી, કે જે અલબતાં તેની આગળી જીંદગીની મોજમઝા તથા હાલની જીંદગીની કંગાલિયતની દુ:ખદાયક યાદના વિચારો હતા.

આ વિચારમાં ને વિચારમાં ખટલીને

મેહલાશાહ મામાનો કાગળ પાછો યાદ આવ્યો અને તેની સાથ માકામામાની મુલાકાતની પણ પાછી ભાણ થઇ.

"ત્યારે એમ થયું?" ખટલી પાછી મન સાથ બડબડી "હું અંહી ફાટાંટુટાં કપડાં ને ફાટેલાં બુટ મોજાં પેહરીને મારો જેમ તેમ ગુજારો ચલાઉંછ, ત્યારે મેહરી તો માકામામાની બે ઘોડાની ફાંકડી ફેટનમાં શાહજાદીના સરખા દમામથી એશઆરામ કરેછ. હું જે મારી બેહનોમાં ઘણી ખુબસુરત, ને ઘણીજ ચાલાક, ને ઘણી ડાહી ને શિખેલીમાં ખપતીતી તે ફાટાં ટુટાં ચીઠડાંની દલદેસરીમાં લાલસિયાં મારૂંછ, ત્યારે મેહરી માકામામાની દોલતે મોજ કરૂવા પડીછ. હું ચીનાબાગમાં મારો ચેહરો દેખાડી નહી શકીશ, અને મારી ગેરહાજરીથી લાખ બે લાખની પુંજી મારે હીસેથી જાય તોપણ પુણામાં હું હાજરી આપી નહી શકીશ. મામા હરવાયરે ચીનથી પાછાના ફરતા! કેવે એણ વખતે મામાબી આવી નડયાછ! પણ અંતે મામા આવીબી મુવા ખરા! મેં ને મેહરીએ તો માકામામાની હસ્તીજ નહી માનીતી. મામાની મોટી દોલતની વાતો કાને આવતીતી ત્યારે અમે ઘેરમાં તો બધાંએ નકી બધા ગપાટા ધાર્યાતા, અમે તો સમજતાંતાં કે મામા ચીનમાં કોઇ ચીનીને છુપા છુપ પરણીને પડયા હશે તે પાછા ફરવાનાજ નથી, ચીનમાંજ મરી જશે અને પોતાનાં કોઇ ચીના દીકરા દીકરીઓને બધા પૈસા આપીને મરશે. પણ મામાતો આવ્યા, ને તેવણે બેહન મેહરીને પોતાની પાસે બોલાવીને વ્હાલી કીધી એટલે આજ કાલ તો મેહરીનું ભાયગ જાગ્યું. નસીબવાન મેહરી!"

આ સઘળું એકલપેટું વમાસણ ખટલીએ બાલાર્ડ બંદરના બાજટ ઉપર બેઠાં બેઠાંજ કાગળ વાંચીને કીધું, પણ તેટલાંમાં તો સૂર્ય અસ્ત પામ્યો અને અંધારૂં ફરી વળવાથી, બંદરના દીપસ્તંભો ઉપર શેહરી મસાળોએ આવીને દીવા સળગાવ્યા, તે ફરવા આવેલા લોકોને ઘેર જવાની ચેતવણી હતી અને બીજાંઓ ઘેર તરફ જવા લાગ્યાં તેઓ સાથ ખટલી પણ પોતાના બાંક ઉપરથી ઉઠીને આ ખુલ્લાં બંદર ઉપરથી શેહરના મોહલાઓ તરફ ચાલવા લાગી.

મોદીખાનેનું બજાર વળાવીને આ નાજુક નાર એક સાંકડી સેરીમાં પસાર થઇ. અંહીથી તે માણકજી શેઠની અગ્યારી ઉપર આવી, પણ હજી તેનું મન વિચારના વમલમાંજ અવતિયાં માર્યા કરતું હતું.

"હજી તો મેહલાશાહ મામાએ મને ચીઠી લખીને બોલાવીછ, પણ હવે પછી માકામામા મને બોલાવશે ત્યારે હું તેવણને શો જવાબ લખીશ? કદાચ મેહલાશાહ મામા કાગળ લખવાને બદલે મને મોહડેમોહડું તેડવાજ આવશે તો? તેવણ પેહલવેહલા તો અલબતાં મિસિસ સાવકશાહને ત્યાં મને પુછવા જશે. ત્યાં હું નોકરીએ હતી ત્યાંસુધી બધું ઠીકાઠીકજ હતું. ગરીબ બિચારા મેહલાશાહ મામા, ડાકટરના ધંધામાં તે એટલી શી દોડાદોડ ચાલે કે તેવણ મારા જેવી નાવારસ ભાનેજનું પુરૂં પાડી શકે? તોબી એ મુરબીને તોલના મામાએ મને પાલીપોશીને મોટી કીધી, ને જયારે હું જરારતી સીવી સાંધીને યા શિખવી ભણાવીને રળી કમાતી થઇ ત્યારે મિસિસ સાવકશાહની સ્કુલમાં તેવણે મને ખુશીની સાથે જવા દઇ મારાં પોતાનાં પગાંથી મારૂં ગુજરાણ ચલાવવાની મને છુટ આપી. ત્યારથી હું મામાથી સ્વતંત્ર મુંબઇમાં આવી રહીછ. પણ અંહી તેવણ મને શોધતા આવશે ને મને મિસિસ સાવકશાહની સ્કુલમાં નોકરીએ નહી રહેલી જોશે ત્યારે મારે વિષે શું વિચારશે? વારૂં એમ ધારીયે કે કદાચ માકામામા પોતેજ મુંબઇ ફરવા આવ્યા અને મારી શોધ કરીને મરઘાશેરીના મારાં ઘરમાંજ મને આવી મળ્યા તો હું શું કરીશ? ચીનાઇ પારસીઓને વિષે કેહછજ કે તેઓ ઘણા ખણખોધિયા હોયછ અને તેઓ ઉંદરની પેઠે દર ખોધીને પૈતાલમાંથી આપણું ઠેકાણું શોધી કાહાડેછ, ત્યારે જો ચીના મામાએ અંહી આવીને મને પકડી કાહાડી તો પછી હું શું કરીશ? હવે મારો ઉપાય શો? રસ્તો શું કરૂં?"

આ પ્રમાણેના મુંજવણમાં મુજાતી આ ખુબસુરત ખટલી કોટના ગીચ મોહલાઓ અને ગલીઓમાંથી પસાર થવા લાગી. બજારના રસ્તા ઉપર બહમનજીબાવાનાં ઘડિયાળના મિનારા ઉપરથી વાણિયા ચાવાળાઓની ગલી-

માં થઇ ગણુબાવાના કુવા ઉપર નિકળતાંજ એક હળવાઇની તાજી તફડતી મીઠાઇની દુકાન ઉપર તે આવી લાગી, કે જે દુકાનમાં એક મોટી ભઠી ઉપર કહુડા ચહડાવીને તે હળવાઇ તાજાં ભજીયાં તલવા બેઠેલો હતો, તેના મસાલેદાર ધુમાડાનો તીખો તમતમતો સોહરમ ખટલીના નાકમાં સુંઘાયો.

"આહા! કેવો મસાલેદાર મખવાસ!" ખટલી સંતોષ પામી "આ મસાલાનો મઘમઘાટ મને યાદ આપેછ કે આજે મારાં ઘરમાં રાંધેલું કાંઇ નથી."

આ યાદમાંની યાદમાં ખટલી તે હળવાઇની દુકાન આગળ જાણેકે હવાથીજ પોતાની ભુખને તૃપ્ત કરતી હોય તેમ વધારે સોહરમનો નાકમાં સુંઘાર લેવાને ઉભી રહી. અને દુકાનમાં ગોઠવેલી જુદી જુદી મીઠાઇની થાલીઓ ઉપર મઝા લેતી હોય તેમ તે નજર દોડાવવા લાગી. તે નાની પીતલની થાલીઓ તરેહવાર મિષ્ટાણોથી ભરેલી હતી, અને નાના નાના રંગ લગાડેલા ડાબલાઓનાં સ્ટાંડ ઉપર તે થાલીઓ હારેકટાર ચહડ ઉતર માચરા ઉપર ગોઠવેલી હતી, જે સર્વ ઉપર વચમાં લટકાવેલી એક ટપર જેવી બળતી દીવીમાંથી કાકડાનો જોસભર ઉજાસ પ્રકાશતો હતો. આ મીઠાઇની થાલીઓ જે માચરા ઉપર મુકેલી હતી તે માચરો તમામ લાલ અને લીલા કાગળો ચોંટાડેલો હોવાથી રંગબેરંગી બની ગયો હતો, અને એ દુકાનમાં તેમજ તેની પાસેની ચાવાળા તથા ગાંધીઓની દુકાનોની ઓળની ભીતે "ગ્રાફિક" અને "ઇલસ્ત્રેટેડ લંડન ન્યુજ" નાં ચિત્રો ચોંટાડીને ચિત્ર વિચિત્ર દેખાવોથી એક નાની જેવી ચિત્રશાળા બની રહી હતી.

ખટલીએ ઉભી રહીને આ લલચાવનારી દુકાનમાં કાંઇ ખરીદી કરવી કે નહી તે વિષે પોતાના જીવ સાથ ઘણીક મસલત ચલાવી. દુધના તથા માવાનાં તેમજ ઘહુંના લોટ અને રવાનાં પકવાનો વચે તેની પસંદગી અટકેલી હતી. અંહી બરફી પેંડા, ઘેવર, સુતરફેણી અને જલેબી સાથે મોળો તેમજ મીઠો માવો, મસુર, માલપુરા, અને કડક લેવડી લેવાની લાલચ હતી, તેમજ ગરમાગરમ ભજીયાં, સેવ ગાંઠિયા અને મસાલાની દાળ તથા ચણા વગેરે ચટણી અને ચટાકાંનાં ભરેલાં વાણાઓ ખરીદવાને તેના જીવને ખેંચતાં હતાં. એ સઘળું ગમતું હતું અને મનને તો એવું થાય કે જાણેકે સઘળું ખરીદી લેય, પણ સઘળું ખરીદી લેવાની તેની જોગવાઇ નહી હતી. હળવો લેહજતદાર છે પણ ભારી છે. બરફી પેંડા પસંદ પડેછે પણ મોઘા છે, અને મરઘાસેરીમાં ગુલી ગોરાણી ખટલીને તથા તેના વરને ખાનું પકાવી ખવડાવેછે, તે આવાં મીષ્ટાણો ખવડાવવા ફફડેછે અને એકેક ચીજ દાહડાના દાહડાઓ સુધી વાસીને વાસી ચલાવ્યા કરેછે. આજનાં ખાનાને વખતે આજની ભુખ આજને આજ તૃપ્ત કરવા માટે લાયકનું, લેહજતનું અને વળી સસતું વાણું તો ગરમાગરમ ભજીયાંનું હતું, જે ખટલીએ બે આણાના એક શેરભર ખરીદ કીધાં અને એક ટોપલીમાં ભરીને તથા સાથે એક દરિયામાં ચટણી લઇને કાચાં સુતરે હળવાઇએ બાંધી આપી તે લઇને ખટલી ખુશ થતી પોતાનાં ઘર ભણી ચાલી.

ગણુબાવા ઉપરથી વોહરા બજારના રસ્તા ઉપર હેરિયું લેતાં એક ફિરંગીની દુકાનેથી બે દોહડિયાની એક પાંઉંની પેટી લઇને હવે ખટલી લગાર મોડું થવાથી ઉતાવળે ચાલવા લાગી. તેના હાથ તેની ખરીદેલી ખોરાકીથી ભરાઇ ગયા હતા અને તે ઉપર સાડીનો છેડો ઢાંકીને ચાલતાં ચાલતાં તેને પોતાની ગરીબી હાલત સાંભરી આવી.

"મને આ હાલતમાં મારી મેહરી બેહન જોયતો શું વિચારે વારૂં?" તે વિચારવા લાગી. "મેહરી મને હંમેશ મગરૂર ને મિજાજી ગણતી હતી, પણ તેવી હું ખટલીના આજે જેવા હાલ થયાછ, તેટલી નીચી પંકતીએ મારી મેહરી કદી ઉતરી નહી હશે. તે મારી આ હાલત જોઇ હસ્યા વગર રેહ નહી."

પોતાના ઉપાડેલા બોજા ઉપર આમ અંદેશો કરતી ખટલી ગ્રાહમ કુ૦ની (શેઠ દાદાભાઇ વાડિયાવાળી) મોટી હવેલીની સામેની ગળીમાં પેઠી કે જે ગળીના મુખડા ઉપરજ જમણા હાથની દુકાનોની વચે એક સાંકડી અને અંધારી સેડી આવેછે તે આપણી ખટલીની મરઘા સેરી હતી અને તેમાં ગુલી ગોરાણીનું પોંહચખાનું (ભઠિયારખાનું) તે આપણી ખટલીનું રેહવાનું ઘેર હતું.

પ્રકરણ ૩ જું.

ગુલી ગોરાણીનું ઘર.

આ ઘેર ઝાંખું અને અંધારૂં હતું. એકજ માળાનું નીચું ઘર ગુલી ગોરાણીએ આખું પોતાને માથે રાખેલું હતું, જેનો ઉપલો મજલો ખટલીને તેના વર સાથ રેહવાને ભાડે આપેલો હતો, અને ભાંયતલિયાંમાં ગોરાણી પોતે રેહતી હતી. બપોર રાત તેનાં ભઠિયારખાનામાં કોઇ કોઇ મોબેદો ખાનુ લેવાને આવતા, જેઓને તેમજ પોતાની ભાડુતણી ખટલી અને તેના વરને ગુલી ગોરાણીજ રાંધી ખવાડતી હતી. આસપાસ મોટાં ઘેરો આવ્યાને લીધે તેમના ઓથામાં ખટલીના ઓરડામાં જોકે અંધારો ઓઝબ પડી રેહતો હતો, તોપણ કોટનાં કેટલાંક ઘેરોમાં દિવસે દીવો રાખવો પડેછે એટલુંબધું અંધારૂં તે માળા ઉપર નહી હતું. ખટલીની બારીએથી સુરજનો તડકો તો કદી પડતોજ નહી હતો, તોપણ દિવસકાળે દિવસ દેખાય એટલો ઝાંખો પ્રકાશ રેહતો હતો.

ખટલીનું આ "ઘર," ઘરની મશખરી જેવું હતું. ભાંયતલિયાંમાંજ ગુલી ગોરાણીનો "ઘોઘારી આવાજ" પોતાનાં રડતાં બચ્ચાંને ધમકાવીને મુંગો રાખવા માટે બૂમ મારતો સંભળાતો હતો, એક સીહડી અથવા નિશ્રાણી જેવો ઉંઘાડો અને કટેરા વગરનો દાદર ચહડયા પછી માળા ઉપર જવાતું હતું, જે માળો મોટાં ઘરોના માળિયા કરતાં પણ નાનો હતો. ખટલીનાં પગળાં સાંભળીનેજ "એ કોણ છે!" કરીને ગુલીએ પોકાર મારીને પુછ્યું, તેને "એ તો હું ખટલી છું, માય ગુલબાઇ," એટલું બોલતી ખટલી દાદર ઉપર ચહડી ગઇ અને ગોરાણીના રડતા દીકરા ચાનજીને માળા ઉપર બોલાવીને તેને મુગો રાખવા તથા મન રિજવવા પોતાના હાથમાંની ટોપલી છોડીને એક કોડીની રકાબીમાં થોડાંક ભજીયાં કાહાડીને ગુલી ગોરાણી ઉપર મોકલતાં કેહવડાવ્યું કે "તાજાં તાજાંને ગરમ ગરમ છે, તેટલામાંજ ખાઇ લેજો."

માળા ઉપર એકજ ઓરડો હતો, જેમાં કોસંબાનાં કપડાંનો પડદો ભારી લઇ ગુલી ગોરાણીએ એકના બે ઓરડા કીધા હતા. સામાણ પણ સઘળો ગુલી ગોરાણીનોજ હતો, તે જુનો ખખ અને સાદો સામાણ હતો અને સામાણ સુધાં એ અંધારા ઓરડાનું ભાડું મહીને દાહડે રૂ૧૦) ઠરાવેલું હતું. દેવદારનાં પાટિયાંની સિલિંગને માથે છાપડું હતું તથા સિલિંગ અને છાપડાંની વચ્ચે દરરોજ રાત્રે ઉંદર અને કબુતરો ખબેડું કરી ભાડુતની ઉંઘમાં હરકત કરતાં હતાં. આખાં ઘરમાંથી દાદર ચહડતાંજ ઉંદર અને કબુતરનાં ચરકાણનો ચરકો ચરકો વાસ નિકળતો હતો, અને ઘણીવાર જ્યારે ખટલી રાત્રે ઓરડામાં એકલી સુતેલી હોય ત્યારે મોટા મોટા ઘુસો દાદર ઉપરથી એવા કુદકા મારીને ઉતર ચહડ કરતા કે તેથી કોઇ માણસનાં પગળાં જેવો આવાજ સંભળાતો હતો અને બિચારી ખટલી એકલી વાઘેજાન પોતાનાં બિછાણામાંથી બ્હી ઉઠતી હતી.

ઉપલી સાંજે પોતાના માળામાં જવા પછી ખટલીએ પોતાના વ્હાલા વરને માટે પોતાનું આજનું સુફિયાણું ખાનું તૈયાર કરવા માડયું. દારાશા દોલીદાદીના બાહાર ગયલો હતો, તે હજી આવ્યો નહી હતો, પણ તેને ઘેર આવવાનો વખત થયલો હતો. માટે ખટલીએ એક રકાબીમાં પોતાનું ખરીદેલું પાંઉ કાપીને તેની કાતરીઓ ગોઠવી તથા સહવારનું માખણ ઢાંકી રાખેલું હતું, તે કાતરીઓ ઉપર લગાડીને નાની જેવી ટોસ્ટ બનાવી. પેલાં ભજીયાં તો થંડા નહી પડે એટલામાટે ટોપલીમાંજ ગરમ ગરમ ઢાંકેલાં રેહવા દીધાં, અને એક જુની ડગડગતી ટેબલ ઉપર એક કેરોસીન તેલનો કાચનો ટેબલલાંપનો ડબો સળગાવીને અંધારા ઓરડામાં અજવાળું કીધું, તથાં ડગડગતી ટેબલ, ભાંગેલી ખુરસી વગેરેની ધુળ ઝાડી ઝુડીને લુછવા તથા સાફ કરવા લાગી.

"અંતે ત્યારે મામામામા પાછા આવ્યા ખરા અને વળી અમે બેહનોએ અમારાં બચપણમાં એવણની જેટલી દોલતનું સ્વપ્નું જોયલું તે કરતાં ઘણી મોટી દોલત લઇને આવ્યા." ઉપલાં ઘેરનાં કામકાજ વચ્ચે પણ ખટલીનું ધ્યાન તેના મેહલાશાહ મામાના કાગળમાં જાહેર કરેલી વધામણી ઉપર રોકાઇ

રહેલું હતું, તે બોલી. "અરે પોતાની એ દોલતનો સ્વાદ બેહન મેહરીને ચખાડવા પડયા ખરા, કે જે બેહનના ગરીબ હાલ ઉપર હું પુણેથી મુંબઇ આવી ત્યારે દયા કરતી હતી. હવે જો મેહરી મારી હાલત જાણે તો મારી ગરીબી ઉપર તે દયા કરે એવો વખત આવ્યોછ. પણ રાન મેહરી કેવી એકલપેટી! મામાના આવવા વિષે એક બોલ મને લખતી નથી. એકલી એકલીજ મામાના પૈસા ઉપર મોજ મારવા પડીછ, તો મને જરા જુકાઇએ ચેતાવતીબી નથી કે મામા આવી લાગ્યાછ, તે કેવા છે ને કેવા નહી, તેવણ શું શું વાતો કરેછ, તેવણ કેટલા પૈસા લાવ્યાછ, ને તે પૈસા કોણને આપી જવાના છે, અથવા પૈસાનું શું કરવાના છે." મામાની સાથે મેહરી એકલી એકલી મોજમઝામાં મળી ગઇછ તો મને એટલી સાદી ખબર વટીક લખતી નથી. મેહરીને સારી સારી ખબર અંતર લખતાંજ આવડતું નથી. જ્યારે લખે ત્યારે કેમ છો, કેમ નહી એટલું ટુકમાં પુછીને માંડી વાળે અને ઘણું લખે તો મેહલાશાહ મામાના નજળાના રોદરા રડયા કરે. એનાં એવાં ટાહેલાં વાંચી વાંચીને હું તો કંટાલી ગઇ, માટે મેં એને જવાબ લખવાનાજ માંડી વાલ્યા, તેથી એને ફફડાટ લાગ્યો હશે અને મારા જવાબ નહી લખવાંના ફફડાટથીજ મેહરીએ મને લખવાનું બંધ કીધું હશે"

આ સઘળા વેહમી વિચારોનાં વમાસણમાં ખટલી ગોયા ગરક જઇને એવી બેઠી કે રાત વહી જવા લાગી તે પણ ભૂલી ગઇ. ખરેખર તેનો દેખાવ જોઇને કોઇ પણ કહી શકે કે આ સોહામણી અને સ્વરૂપવાન અબળા સંસારમાં સુખી તો નથીજ—તેનાં જીગરને કાંઇ ગમ લાગ્યોછે અને તે ગમની મારી ઉદાસ ને ઉદાસ ફરેછે. તેની એ ઉદાસીમાં તેના મેહલાશાહ મામાએ લખેલી ખુશ ખબરીની વધામણીથી તો ઓર વધારો થયોછે. તેનું સઘળું મુંજવણ તેની ગરીબ સંસારની મુફલેશ હાલત વિષેનું છે.

ખટલીનું સઘળું દુઃખ અવિચારી લગ્નમાં પરણવાની ઉતાવળનું છે. ઇંગ્રેજીમાં કેહવત છે કે "ઉતાવળે પરણવું અને ફુરસદે પસ્તાવું" તે કેહવત મુજબ આપણી ખટલીને પરણ્યા પછી પરવાર મળીછે, ત્યારે પોતાનાં તે ઉતાવળાં પગળાં ઉપર પસ્તાવો કરવાની તેને ફુરસદ મળીછે.

આવી હાલતમાં ખટલી પોતાની ટેબલ ઉપર વાંકી વળી તથા માથે હાથ ટેકીને એટલા ઉંડા વિચારમાં બેઠેલીછે, કે જે દાદરા ઉપરથી ઉંદરોનું ચહડવું ઉતરવું તેને સંભળાતું હતું, તે દાદરા ઉપરથી તેનો વ્હાલો વર ઝૂલબતાં ધીમાં કદમે ચહડીને તથા બારણું ઉંઘાડીને ઓરડામાં તેની પછવાડે આવી પુગ્યો ત્યાંસુધી તેણીએ તેનાં પગળાં સાંભળ્યાં નહી અને તેનું આવવુંબી જાણ્યું નહી.

પ્રકરણ ૪ થું.

બધી અડચણ પૈસાની.

"કેમ છો ડોસાં?" દારાશાએ આવતાંની વાર ખુશ મિજાજથી પોતાની બાયડી સાથ હસીને વાતો ચલાવી. "હમેશની માફક વળી વિચારમાં ગરકાવ કે! શું છે! આજે વળી શું છે?"

"કાંઇ નહી, ડીયર દારા, હમેશ કરતાં વધારે કાંઇ નથી" ખટલીએ પોતાના ખાવિંદને સરેસ્તાનો ઉદાસીભરેલો આવકાર દઇ કહ્યું. "ને તમારૂં પણ હું ધારૂંછ કે હમેસના કરતાં નવું કાંઇજ નહી કે? કેમ તમોને નસીબ દેવીએ શી યારી દીધી?"

"હા, ચાર આંગળનું નસીબ જયાં જાવું ત્યાં સાથેનું સાથેજ." દારાશાએ એક હીચ ખાવાની ખુરસી ઉપર અઢેલીને હીચકા ખાતો ખાતો પોતાનો હેવાલ ચલાવ્યો. "હજીસુધી આપણા નસીબમાં એક મોટી ફાટ પડીછ તે ખુદરતને હાથે સીવાઇ નથી. હું માગું તો બે પાંચ રૂપીયા ઝટ મારા હાથમાં પકડાવી દેય એવા મારા જેટલા દોસ્તદારો હતા, તે બધાને ઘેર હું ધકેલા ખાઇ આવ્યો પણ તે તો બધાજ ઘેરની બાહાર કહડાયાતા. હું જે આફીસમાં ચાકરીને માટે અરજી આપી

આવ્યો ત્યાંથીબી નહીનો જવાબ મળ્યો. ધારા પ્રમાણે તે ચાકરીબી બીજાને મળી. તે આફીસવાળાએ મને કહ્યું કે જગ્યા તો એક હતી, પણ તેને માટે એકસો ને ચાલીસ ઉમેદવારોએ અરજીઓ આપી હતી; તે બધી વાંચવા ને એટલાબધા અરજદારોને જવાબ દેવા, ને એકસો ચાલીસમાંથી એક જણને પસંદ કરવાની બિચારા આફીસવાળાને માથે મોટી જંજાલ આવી પડી હતી. મારી અરજી તે આફીસવાળાને ઘણી પસંદ પડી પણ મારા ગુજરાતી અક્ષર તેને ગમ્યા નહી. 'બા, અમે તો એક માણસને તેના સારા અક્ષર જોઇને ચાકરી આપોયેછ' તે આફીસના શેઠે મને જવાબ દીધો 'અમોને ગુજરાત અને કાઠિયાવાડના વાણિયાવછિયાતો સાથે લાંબો વેહવાર ચલાવવો પડેછ, માટે અમોને મેહતાસાઇ હરૂફો અને તેબી મોતીના દાણા જેવા હરફોવાળો એક લહીયો જોઇયેછ. તમે આજના શિખેલાઓ એકદમ ઇંગ્રેજીપર પડયાછ, એટલે ગુજરાતી અભ્યાસને તદ્દન તજી બેઠાછ.' મેં કહ્યું કે 'મુરબી સાહેબ હું શુદ્ધ ગુજરાતી લખી શકુંછ' પણ તોબી આફીસવાળા સાહેબને તે ઓછું પડયું અને કહ્યું કે 'હા, બા, હા, પણ તમારા અક્ષર મેહતાસાઇ નથી, ને તમારાં અજી ને વરડુમાં મરોડ નથી.' હવે જો ખટલી, હું ચાકરી મેળવવાને આલસુ તો બેઠો નથી અને તોબી કેટલી જંજાલ! જ્યાં જાવું ત્યાં ફોકટ ફેરો."

"પણ પેલા એક કમિશન એજંટની જાહેર ખબર છપાઇતીની, દારા," ખટલીએ યાદ આપી "ત્યાં તમે ખબર કાહાડી કે?"

"હા, મારી ખટલી, ત્યાં ખબર કાહાડતાં પણ ફીકુ થઇનેજ પાછો ફરવો પડયું. ત્યાં તો 'બિસનેસ' સારૂં છે, નવો બ્રાંડી વેચવા સારૂં એક એજંટ માગેછ. તે નોકરી મને મળે તો મને દેશાવરોમાં ફરવું જોઇયે, અને તુંને પરણ્યાને હજી તો છ મહીના થયા નથી તેટલામાંજ તુંને છોડીને ચાલી જવું પડે."

"તેમાં શું થયું, દારા ડીયર?" ખટલીએ ગુજરાણની ઉમેદવારી થકી વરની દેશાવરો ખાતેની જુદાઇની પણ દરકાર દેખાડી નહી. "દેશાવર જવું પડે તેનો તમે ડર કેમ કીધો? તેમ તો તેમ. પેટની ખાતર એટલી વેઠ કરવીજ પડે તો."

"પણ એ નોકરીમાં દેશાવરનીજ અડચણ નહી હતીની?"

"ત્યારે? બીજી શી અડચણ હતી."

"મોટી અડચણ તો પૈસાની. કામ જોખમનું હતું, માટે મારી પાસે મારી સારી ચાલ માટે બે હજાર રૂપીયા જામીનગીરોના માગ્યા, તે કીયા ચુહુલામાંથી લાવું?"

પૈસાની અડચણ આવી એટલે ખટલીથી કાંઇ બોલી શકાયું નહી. ખરેખર દારાશા દોલીદાદીનાં સાથના ખટલીના હાલના પરણ્યા સંસારમાં મુખ્ય અડચણજ પૈસાની હતી. વાતે વાત તેમની ગરીબાઇ તેમને નડેછે અને આ નોકરીની ઉમેદવારી સામે પણ તેજ નડતલ ઉભી થઇ, એટલે ખટલીનો ખામોશી સિવાએ બીજો કશો ઉપાયજ રહ્યો નહી. દેશાવરો ખાતે પોતાના વ્હાલા વરની અગર જુદાઇ થાય તો તે સારૂં ખટલી બીધી નહી, મણ પાસે પૈસા નહી હોવાથી ઉમેદની વચ્ચે જે મોટો પથર આવી પડયોછે તે ઉંચકી નહી શકાય એવો હોવાથી ખટલી ભારખમ થઇને ચુપજ બેસી રહી.

"પણ તે દારૂવાળાના એજંટે પૈસા માગ્યા, ત્યારે હું એકદમ મુગોજ બેસી રહ્યો નહી" દારાશાએ પોતાનો વધુ હેવાલ ચલાવ્યો "જ્યારે તેણે મારી સારી ચાલની જામીનગીરી માગી, ત્યારે મેં કહ્યું કે 'સાહેબ હું આબરૂદાર, ખાનદાની માણસ છું અને એક ગૃહસ્થ છું.' ત્યારે તું શું ધારેછ વ્હાલી ખટલી? તેણે મને શું જવાબ દીધો?"

ખટલી કાંઇ અટકળી શકી નહી, પણ તે દારૂના વેપારીનો એ બીજો જવાબ દારાશાએ કહ્યો તે તો ખટલીને વધારે શરમાવનારો થઇ પડયો.

"તેણે જવાબ દીધો" દારાશાએ જરા થોભીને કહ્યું "કે 'હા ભાઇ હા, તમે સારા માણસના છોકરા હશો, પણ તમારા દેખાવ ઉપરથી તમે ગૃહસ્થ જેવા લાગતા નથી. ગૃહસ્થો તમારા કરતાં વધારે સારો પેહરવાસ રાખેછ, પણ તમારો પેહરવાસ તો કોઇ ચાકરડા જેવો છે. અમોને અમારો દારૂ ખપાવવા સારૂં તો ધોતા ધાતા દેખાવનો એજંટ જોઇયે—જે દારૂની

તે ભલામણ કરવા જાય તે દારૂ પોતે ખરીદીને પી શકે અને તે દારૂ ચાખવાના પોતાના જાતી અનુભવથી પોતે ભલામણ આપી શકે એવો જોઈયે. પણ ભાઇ, તમે તમારા દેખાવ ઉપરથી એવા સધર આસામી જણાતા નથી' આવો તે શેઠે જવાબ દીધો, એટલે પછી હું વધુ શું બોલું? મારી મુફલેશીને મારે મારાં આ મુફતનાં અપમાન ઉપરથી આવા પૈસાના લાલચુ એક પારસી ઉપર પુરો મુકીને હું તો ચાલી આયો."

આ હેવાલથી ખટલીને પણ પોતાની ગરીબાઇ વિષે નામોસીનો અટકો લાગ્યો. તે ચૂપ બેસી રહી અને દારાએ પણ મુગો બેસી રહીને અંદેશામાં ને અંદેશામાં ખુરશી ઉપર હીચકા ખાયા કીધા.

દારાશા દોલીદાદીના બાહારના દેખાવ ઉપરથી દારૂવાળા તર્કબાજ શેઠે જે તર્ક બાંધીને ટીકા કીધી હતી તે ખોટી નહી હતી. દારાશાનો દેખાવ ખરેખરજ મુફલેશ હતો. તેની બાયડીને બાલાર્ડ બંદર ઉપર આપણે પેહલવેહલી જોઇ, ત્યારે તેનાં કપડાંમાં ગરીબાઈની જે નિશાનીઓ આપણી નજરે પડી હતી, તેના કરતાં દારાશાના દેખાવમાં મુફલેશીની ઓછી નિશાનીઓ નહી હતી. તેનું ગૃહસ્થપણું માત્ર તેના ખુબસુરત, ખુલ્લા અને ખીલેલા ચેહરામાંજ છપાયલું હતું. પણ તેનો પોશાક તદન ચીંડડયા જેવો હતો. તેનાં દિલમાંનો કાળો ડગલો વપરાતાં વપરાતાં પોતાનો કાળાસ પણ ખોહી દઇને ફીકો મારી ગયો હતો, તેના પગમાંના સફેદ ચોળાયલાં પાટલુન ઉપર મેલાં ધાબાં હતાં અને તેના પગમાંનાં બુટને ડાવીને જમણી બેહુ બાજુએ ઠીંગડીઓ મારેલી હતી. જયારે પોતાની આ મુફલેશીથી દારૂવાળા શેઠ ઉપર થયલી અસર દારાશા બોલ્યો જતો હતો, ત્યારે ખટલી દયાળુ નાસિપાસિથી એ શબ્દો સાથ તેનો દેખાવ સરખાવી જોતી અને તે સઘળો હેવાલ કેટલો ખરો છે, તે પોતાનાં મનમાં ઘણાં મુંજવણ વચે તપાસતી હતી.

પણ વળી દારાશાની એ સઘળી હાલત તેના પરણ્યા પછીની હતી, એ યાદથી ખટલી વધારે મુજાતી હતી. તે દારાશાને છુપી પરણીને ફસીછે, પણ પરણી ત્યારે એ જુવાનિયો આજના જેટલો ગરીબ નહી હતો. જો તે આજના જેવો ચિંઠડયો દેખાયો હોત, તો ખટલી તેના સાથ પોતાનાં સગાંવ્હાલાંઓની હરૂસે તેનો હાથ કબૂલ રાખે એટલી નાદાન નહી હતી. પણ તેની આજે જે હાલત થઇછે, તે પરણ્યા પછીની હાલત છે, જે સર્વને મારે ખટલી પોતે પોતાનેજ દોષ દેયછે, કાંકે પોતાના વરની ગરીબાઇનું તે પોતેજ કારણ છે, તેને પરણવાને લીધે ઘેર સંસારના ખર્ચમાં તે ગરીબ થયોછે એવો તેમના સઘળા ગરીબ સંસારનો સાર છે અને એ સારના વિચારમાં તે ચૂપની ચૂપજ બેસી રહીછે.

"કેમ ખટલી શું વિચાર કરેછ?" અંતે આ ચુપકીદી તોડવી તો જોઈયે, મારે દારાશાએજ તેને બોલાવી.

"વિચાર એનો એજ, વ્હાલા દારા," ખટલીએ બળાપો કીધો. "ત્યારે આજેબી તમારૂં કાંઇ વળ્યું નહી? આજેબી જેવાને તેવા ખાલી હાથે પાછા આવ્યા?"

આ શબ્દો બોલતી વખતે ખટલીનો આવાજ એટલો તો નરમ અને નબળો હતો કે પોતાના ગરીબ સંસારથી તે બિચારીનું દિલ સઘળું ભાગી ગયું હોય એવી તેની નિશોશ અને હાય પેહલાંથી દારાશા તુર્ત જોઇ શકત્તો હતો.

કેવો ફેરફાર! કેવી નાઉમેદી! આશાઓનું કેવું ઉલટાઇ જવું! હવાઇ સ્વપ્નાઓનું કેવું ઉંધું વળવું!

આઠ મહીના ઉપર ખટલી પરણવાની હતી, ત્યારે પોતાના વરને કાંઇ ઓરજ વ્હાલથી નિહાળતી હતી. દારાશાનો ખીલતો જોબનવાન હસતો ચેહરો ટીકી ટીકીને જોવો તે ખટલીને મનથી એક ઉમદા કાવ્ય વાંચતી હોય એમ તેને મોજ મળતી હતી. દારાશાના અવાજમાં ગાયનના શરોદ સમાન મીઠાસ તેને જણાતો હતો. દારાશાની હાજરીજ ખટલીને મનથી એક વાજતા ઘુંઘરા સમાન હતી. આજે તેનો ખુશ મિજાજ અને હસમુખો સ્વભાવ હજી ગયો નથી, પણ ખટલીએ પોતાના ખાવિંદથી ઉપજતી ખુશાલી આજે ઘણી ખોહી દીધીછે. તેના ચેહરાનું રોશન નૂર જે ખટલીની

આંખોને પેહલાં દીપાવતું હતું, તે, તેજ આંખોમાં આજે કાટાં પેઠે ખુંચેછે. આજે તે મધુર આવાજમાં નાસિપાસિ અને ગમખારીનો ખખડાટ તેને સંભળાયછે. તે વખત ઉપર દારાશા તેને વરેલો નહી હતો, તે વખત ઉપર હજી તે ખટલીને ચાહવાનો હતો અને તેના ઉપર ખટલીનો પાક પ્યાર હજીતો તે વખતે બંધાવાનો હતો. માટે ખટલીને દારાશામાં આજે જે કાળું કાળું દેખાયછે, તે તે વખતે સઘળું ધોળું ને ધોળુંજ દેખાતું હતું.

ત્યાર પછી તેણે ખટલીને ચાહી અને તેનું દિલ જીતી લીધું, અને હવે જીંદગીની મંજલ એ બે જણાઓએ ભાગમાં માથે ઉઠાવીછે, પણ એ. મંજલ એટલીવારમાં તો તેમને ભારી પડી ગઇછે. આજે તેઓ આ મંજલ કાપતાં ભવસાગરને ભર દરિયે આવી લાગેલાં પોતાને જોયછે, કે જે ભર દરિયાની વચમાં તેમનું સંસારી બારકસ આમથી તેમ ડોલા ખાઇને તુફાની પવનના સપાટાઓ તલે આણીમેર પેલીમેર ઘસડાવા લાગ્યુંછે અને પળે પળ ખરાબે અથડવાની ધાસ્તીમાં છે. તેમનું વ્હાણુ એક ખરાબે લાગ્યા પછી તેમના શા હાલ થશે તે કોણ જાણેછે?

પ્રકરણ ૫ મું.

એક પચાસ રૂપીયાની યાદ.

ખટલી અને દારાશાના પરણેલા પણ ઉતાવળા સંસારના જોખમો આપણે જોયા એટલાજ નહી હતા.

તેમની જીંદગીનો હજી એક બીજો. ભેદ જણાવવાનો રહેલોછે. ખટલીએ પોતાનું સરનામું પોતાનાં હાલના ઠેકાણાથી જુદુંજ રાખેલું હતું તે આપણે ઉપર જોયુંછે. એલ્ફિનસ્ટન સર્કલમાં મિસિસ સાવકશાહાની સ્કુલ જયાંથી તે પરણીને મરઘાસેરીમાં આવી રહી હતી, ત્યાંને સરનામે તેનાં સગાંવ્હાલાંનાં કાગળો હજીસુધી આવતાં હતાં, જે તે ઠેકાણેથી ખાનગી રીતે તેને હાલને સરનામે પાછાં બીડાતાં હતાં એટલુંજ યાદ રાખવાનું નથી. એ જેમ આ વરવહુનો એક છુપ્યો ભેદ હતો તેમજ બીજો ભેદ દારાશાહ દોલીદાદીનાં પોતાનાં નામનો હતો. તેનું ખરૂં નામતો જમસુ જસાવાળો હતો, કે જે નામ બદલીને તેણે દારાશાહ દોલીદાદીનાનું જુદું નામ ધારણ કીધું હતું. જસાવાળાનું તેનું બાપીકું ખાનદાન આબરૂદાર અને માતબર હોવાથી પોતાના હાલના પરણ્યા સંસારની મુફલેશી ઢાંકવાને તેણે આ નવું નામ બનાવી કાહાડયું હતું. જસાવાળાનો એક કુટુંબી આમ છુપાછુપ પરણે અને રખડતો ફરે એ લોકોના માનવામાંબી નહી આવે એવું હતું, માટે હવે દોલીદાદીનાનું કદી નહી જણાયલું નામ ધારણ કરવામાં તેણે પોતાની આબરૂ સંભાળી હતી, કે જે નામ આગળ કોઇએ સાંભળેલું પણ નહી હતું.

પણ જેમ ખટલીનાં ખરાં સરનામાનો તેમજ દારાશાએ આ નામ બદલવાનો એ બેહુ ભેદો કોઇવાર પકડાઇ આવવાનો સંભવ હતો, માટે એ બેહુ ભેદોને છુપાવવાને આ માટી બયર ખંતી હતાં, કે જે છુપાવવામાંજ તેમનો તુર્ત વેળાનો લાભ સમાયલો હતો.

પણ આજે તેઓએ પોતાની હાલત ઉપર અંદેશો કરવામાં ઘણો વખત કાહાડી નાખ્યોછે, માટે સેવટે ભુખે તેમની ભાણુ આણી અને વરે વહુ આગળ પોતાને ભુખ લાગવાની ફરિયાદ કીધી તેમાં નવાઇ જેવું કાંઇ નથી.

"માફ કરજે હો ખટલી, પણ હવે હું વધારે વાત કરી શકતો નથી. મને ઘણી ભુખ લાગીછ, વાસ્તે બાકીની વાત આપણે ખાતાં ખાતાં કરીશું. લાવ મારે વાસ્તે તેં આજે શું ખાનું તૈયાર કીધુંછ? હું ખાવા માગુંછ તેથી તું મને કાંઇ ખાધરો ખુલિયો સમજતી ના હો, ખટલી. મુંબઇ શેહરના રસ્તાઓ ઉપરની રખડજ કડકી લગાડવાને પુરતી છે. હું મારી કડકીને ભુખનાં આબરૂદાર નામથી ઓળખાવતો નથી. એ તો થાક અને ખાલી પેટ બે મળીને પેદા થતી એક લાગણી માત્ર છે."

આમ રમુજી બોલવાની સાથેજ બોલકણો વર ઉઠયો અને ટેબલ ઉપર પેલી ટોપલીમાં

ઢાંકેલું હતું તેમાં શું છે તે ઉંઘાડીને જોવા તથા બાયડીને પુછવા ગયો.

"ઓહો! ગરમા ગરમ, મસાલેદાર ભજીયાં!" તે અચરત થઇ ડપાડપ મોહમાં મુકતાં બોલ્યો. "ખટલી તું આ લેહજતદાર ખાનું કયાંથી લાવી?"

"હું ફરવા ગઇતી, ત્યાંથી આવતાં આવતાં રસ્તા ઉપરથી ખીસામાં દોહડિયાં ખખડયા કરતાં હતાં, તે આપીને હું તમારે સારૂં વેચતાં લાવી: મઝાનાં તાજાં ભજીયાં છે."

"છે તો ઘણાં મઝાનાં ખટલી." વર હસ્યો "પણ તેની સાંબે એકજ વાંધો છે અને તે એકે ચણાના આટાના એ ડુચાને હોજરાંમાં જેરવવા મારે ઉપરથી કાંઇ તેજાબ નામવો જોઇયે. આવા ભારી ખોરાકની સાથે તો તેને ધોઇ કાહાડવા બ્રાંડી ને સોડા ગળાંમાં રેડવો જોઇયે અને તે વળી નવા ખર્ચની વાત થઇ."

"હાલ આપણને અપવાસના દાહડા ચાલેછ, ને જોકે આપણે હિંદુ નથી, તોપણ આપણને અપવાસ પાળવો પડેછ." ખટલીએ ધીરજ આપી. "કાલે આપણે ચણામમરા અને પરમ દાહડે સેવ ગાંઠિયાના ફાકા માર્યા તેના કરતાં આજે ભજીયાં ચટણી તો ઠીક છે?"

"એતો મોહડું સમારવાનું થયું, પણ ગુલી ગોરાણીએ આપણે મારે ખાવાનું શું રાંધ્યુંછ? તે તો જરા મંગાવ, ખટલી."

ખટલીનાં સેજ હાંક મારવાના જવાબમાં ગુલી ગોરાણી ઘણીક ધરપચ કરતી એક થાલીમાં પોતાનાં આ ભાડુતનું ભાણું લઇ આવી. માટી બૈયર બેહુને મારે એકજ ભોજન હતું, તેમાં બે નાની રકાબીઓ બે વાણાં રાંધેલાં દેખાડતી હતી. એકમાં તલેલી માછલી અને બીજીમાં "દોધીમાં ગોસ્ત" હતું. ચોખાની રોટલી જુદી અને છુટી મુકેલી હતી. ગુલી ગોરાણી ધારા પ્રમાણે ટેબલ ઉપર ભાણું મેળીને ગઇ અને વરવહુ બંને શોખથી તે રોટલી ભાંજીને નવાળા ઉપર નવાળા ચાંપવા લાગ્યા. દારાશાએ ખાના ઉપર સારીપેઠે હાથ મારીને પોતાને લાગેલી જબરી ભુખ વિષેની ફરિયાદ ખરી પાડી આપી. પણ ખટલીએ ખાનાને ખાધું નહી અને અમસથું એવું ચંચેર્યા કીધું કે તેના વરને દયા આવવા વિના રહી નહી.

"ગરીબ બિચારી ખટલી, ખાતી કાંઇ નથી." એટલી મનમાં દયા આણી તે બોલ્યો. "કેમ ખટલી? તુંને ભુખ નથી કે આ સાદું ને ગરીબડું ખાનું તુંને ગમતું નથી? હા! હું ચાહુંછ કે હું તારે મારે આજે કાંઇ કેક, મકરૂન યા એવુંજ બીજું મીઠું મીઠું મંગાવી આપ્યો હતે."

"મને ભુખ તો ઘણી હતી, પણ હું ધારૂંછ કે ભજીયાં ચટણીથી પેટ ભરાઇ ગયુંછ. તમે શું કામ દલગીર થાવોછ? મારી હાલની હાલતમાં મને ગમે એવું સરસ ખાનું ખાવાની રૂચી થતી નથી. મને તો તરેહવાર વિચારો આવ્યા કરેછ ને તરેહવાર ચીજો ગમ્યા કરેછ."

"હં! ત્યારે કેહની, જીગર તુંને શું શું ગમેછ?" દારાશાએ ઉલટથી પુછ્યું. "તારી દરએક મરજી પુરી પાડવાને હું બંધાયલોછું. જો તું એક દારૂવાળા યા તાડીવાળાને પરણી હતે તો તેના પૈસાથી તું તરેહવાર મોજ કરતે. કોઇ માતબર મિલવાળો અથવા કોઇ ફાંકડો ડાકટર યા કોઇ મિજાજી સિવિલિયન એવો કોઇ વર તુંને તો વરવો જોઇતો હતો તોપણ તેને બદલે ગરીબ બિચારી ખટલી, મારા જેવા એક પડી ભાગેલા ખરિયા ખરખર વેપારીના દીકરાને પરણીને તું કાંઇ સુખ જોતી નથી."

"જા બા, દારા, વળી એ શું તમે બળાપો કરોછ, ને કરાવોછ. તમે મને પુછ્યાથી હું તો બોલી, જો નહી બોલી હતે તો વળી તેનું દુઃખ જીદું થતે."

"તું બીહ ના, જીગર ખટલી, હું કશો બળાપો કરતો નથી. પણ ખરી વાત છે તે કહુંછ. વારૂં ચાલ કેહની, તુંને આજે છેલો વિચાર શો આચ્યો? તુંને શું ચીજ ગમેછ ખટલી?"

"હમણા તો મને ૫૦ રૂપીયાની જરૂર છે."

"૫૦ રૂપીયા?" દારાશાએ અચરત થઇ જાણવા માગ્યું. "પણ તુંને પચાસ રૂપીયા હમણાજ કાં જોઇયેછ? અને પચાસજ રૂપીયા શું કામ, શું હિસાબે જોઇયેછ?"

"હમણાજ નહી દારાશા, પણ આપણુ પરણ્યાંછ ત્યારથી હું પચાસ રૂપીયા મારી પાસે જોવા ચાહુંછ પણ એકબી વખત મેં એટલા રૂપીયા એકઠા કીધા નથી."

"તું ભુલેછ, મારા પ્રાણ." દારાશાએ ભૂલ ભાંજી, "આપણુ પરણ્યાં ત્યારે એવા પચાસ

રૂપીયા તો મેં ઘણી વખત તારી ઉપર કુરબાન કીધાછ."

"હાજતો, પણ આપણી પરણેલી જીંદગીના તે પેહલા દાહડાઓની મને યાદ ના આપો, દારા," ખટલી ખંતથી બોલી. "આપણા પરણ્યાંની પેહલી બારીમાં તમે મને કેવી કેવી મોજ કરાવી તેના વિચારમાં હું બાવરી દેવાની બની જાઉંછ. પરણ્યાના પેહલા દાહડાઓની ખુમારીમાં તમે મને આખાં હિંદુસ્તાનમાં ફેરવી લાવ્યા, તે વખતે પૈસાને પૈસો કરી ગણ્યો નહી, ને તમારા પાનસો રૂપીયા પેહલી મોજમાં આડા અવળા ઉરાડી દીધા. તે વિચાર મને તો ઘેલી કરી નાખેછ."

"નાદાન, નાદાન. ત્યારેતો તું બચ્ચાંની પેઠે ઘણી જલદી ઘેલી બનેછ." દારાશાએ થંડા સ્વભાવથી ઠાવકો ઠપકો આપ્યો. "આપુણી પેહલી મોજ પોતાની પાંખ ઉપર ઉડી ગયા પછી, તેની યાદનું દુઃખ તુને ડંખ્યા કરેછ, તો હું કબૂલ કરૂંછ કે તે પેહલા દાહડા ઉપર મારી ટુક પુંજી મેં જાળવી નહી તેનાં પરિણામ આજની ગરીબીમાં આપણે ભોગવીયેછ. પણ વ્હાલી તું તારો પોતાનો ભોગ આપીને મને પરણી ત્યારે તેં દુનિયાં દીઠેલી નહી હતી, તું તદનજ નાદાન બાળક હતી, માટે મેં ધાર્યું કે તુને જરા દુનિયાં દેખાડી લાવું, પણ તે મુસાફરી આપણુને મોઘી પડી. આજે તેના ખર્ચ સામે તું ડાપણ દેખાડેછ, તે તેં તે દાહડે દેખાડયું હતે તો તે ખર્ચની ખુહારી કદાચ હું અટકાવી શકતે. હવે જે બન્યું તે ઉપર બળાપો કરવામાં શો ફાયદો? તેં દિલ્હી ને આગ્રાના પાદશાહી મેહલો જોયલા નહી હતા, તે તુને દેખાડતાં આપણા થોડાક પૈસા ગયા, પણ તેમ તેના બદલામાં તું તે નામીચા નફસ કામો જોઇતો આવી? જીવ્યા કરતાં જોયલું ભલું."

"જાણેકે આપણુ કેવાંક પૈસાવાળાં હોઇયે, તેવાં નભરવસપણાંથી તમે તો બોલોછ, દારાશા" ખટલી પોતાની પતલી કમરથી એક નખરાંનો પેચ લઇ બોલી.

"ઘેલી નાદાન. તું તે વખતના ગયલા પૈસાને રડેછ, પણ તે વખતની આપણી મોજ ભૂલી જાયછ. તુને યાદ નથી? આપણે આગ્રાથી ફતેહપોર સીકરીનો અકબરનો મેહલ જોવા ગયાંતાં, ત્યાં અકબર પાદશાહના પોતાના ખાનગી ઓરડામાં મેં તુંને ફેરવીતી! અને અકબરની જાત જાતની એકેક રાણીનો એકેક ઓરડો મેં તુને દેખાડયો ત્યારે આપણને કેવી મઝા પડીતી! એક ઓરડો અકબરની ઇરાણી બૈરીનો, તો બીજો તેની હિંદવાની રાણીનો, તો ત્રીજો વળી તેની મોગળાણી ઓરતનો એમ આપણ જોતાં જતાંતાં ત્યારે મેં તારી સાથ કેટલી રમુજ કીધીતી તે તું બધા ભૂલી ના જા. એ બધી મોજના પૈસા પડેછ. જાની, એ મોજ કાંઇ મુફત મળતી નથી. જયારેબી આપણે પાછા પૈસાંવાળા થઇશું કેની જીગર, ત્યારે હું તુંને પાછી ફતેહપુર સીકરી લઇ જઇશ અને એકવાર પાછી તુને અકબરના મેહલમાં ફેરવીશ."

"તે વાત દૂરની છે. પણ હમણા તો પેલા પચાસ રૂપીયાની વાત પર પાછા આવોની" ખટલી આગળા ખર્ચેલા રૂપીયા સાથ આ હમણા જોઇતા રૂપીયાની યાદ ઉપર એવી તો ગંભીરાઇથી આવી કે તેનો હસમુખો, મોજીલો વર પણ તેના એ ગંભીર શખુનોની ગંભીર દબદબથી ગંભીર બની ગયો.

પ્રકરણ ૬ ઠું.

માકામામા તરફ એકનો પ્યાર, બીજાનો ધિક્કાર.

"હા, હા, મારાં જીગર, તુને પસાસ રૂપીયા જોઇયેછની!" તે અંદેશાથી બોલ્યો. "પણ ખટલી મને અજબ લાગેછ, કે તું બસ એ પચાસજ રૂપીયાનો બુક કેમ પકડી બેઠીછ? એ રૂપીયા તુને શું કરવા જોઇયેછ, તે તો તું મને કેહતી નથી?"

આ સવાલ સાંભળતાંજ દારાશાની જુવાન બાયડી, જે ટેબલને સામે છેડે વાત કરતી બેઠેલી હતી, તે ઉઠીને પોતાના વરની ખુરસીની પાછળ આવી અને પોતાના નાજુક હાથોને પોતાના વ્હાલા ખાવંદની ગરદન ઉપર લપેટીને તેના કાનમાં એકજ એવી ફુક મારી, કે જેથી

તે જુવાન્યાના ખીલતા ચેહરાના બાગમાં જોબનનો ગોલાબ પ્રકાશી નિકળ્યો. ખટલીએ પોતાના વ્હાલા વરને માત્ર એકજ છુપી યાદ દેવાની ખોટી હતી.

"હું! હું! વ્હાલી ખટલી! મુવો હું વિસરફામ! હું તદન ભૂલી ગયોતો તે મને માફ કરજે." હસ્તી ખટલીનો શરમાલ ચેહરો પછવાડેથી પોતાના ચેહરા તરફ ખેંચીને સુંવાલા ગાલ સાથ ગાલનો સ્પર્શ થાય તેમ તે ગુલાબી ગાલ ઉપર પોતાના મીઠા હોઠનો એક છાપ મારતાં તે બોલ્યો. "હું કેવો નભરવસ છું કે તારી આ મોટી સંસારી ગરજ મારે યાદ રાખવી જોઇતી હતી તે હું ભૂલી ગયો. હા, હવે મને યાદ આવી, વ્હાલી ખટલી, કે તુંને તારી સુવાવડનો ખર્ચ જોઇયેછ. તું હવે જલદીથી મા થવાની છે, ને હું બાપ થવાનો છું—પણ તારા એ મહાભારત જોખમની હું એટલી ભાણ ભૂલ્યો તેજ દેખાડેછ કે હું એક બાપ થવાને કેટલો નાલાયક છું."

"જા બા, દારાશા! એમ એક નજીવી ભૂલપર તમે પોતાના જીવને એટલોબધો શાનો સંતાપોછ?" ખટલી કળવાઇ પડી. "હોયજ તો, માટીડા હોય તે એવી એવી વાતો ભૂલેજ તો. પણ હું આખો દાહડો ઘેરમાં રેહનારી એક ઓરતને તો આવતી હાલતની મારી એ ગરજ મનેજ યાદ રેહવી જોહયે."

"હા. હા. તુને આવતાં આગ લાકડાંનો ખર્ચ જોઇયેછ." દારાશા પોતાના હસમુખા શબ્દોમાં યાદ કરવા લાગ્યો. "આપણાં આ 'ઘેર'માં નિમકનો ખપ જાગ્યોછ તેનો તુને ખર્ચ જોઇયેછ. તારી બરકતથી આપણા 'ઘર'-માં એક નવો પરોણો આવનાર છે તેનો તુને ખર્ચ જોઇયેછ. આ ભીખારી દુનિયાંના ભીખારીઓમાં તું જે નવા ભીખારીને જન્મ આપવાનીછે, તેનાં ખાના પીણાનો અને તે અગાઉ તેનાં કપડાં ચપડાંનો તુને ખર્ચ જોઇ-યેછ. એક ગરીબડા બાપનાં ગરીબડાં ઘરમાં તેની ગરીબાઇનો એક વારસ અવતરવાનો છે, બાપની રજાથી કે રજા લીધા વગર જે ઘેરનો ગોથો ઘેરમાં આવવાનોછે, તેને આવકાર દેવાની તૈયારી કરવાનો તુને ખર્ચ જોઇયેછ. ખોદાએ એ બાબતમાં માણુસનાં કરતાંબી જનાવરોને વધારે સુખી કીધાંછ. એક નાનું કુતલિયું કે એક નાનું ગેટું આ દુનિયાંમાં જન્મેછ, તે પોતાનો પોશાક પોતાની સાથે લઇને જન્મેછ, પણ આપણુ માણુસોને તો આપણા આવતા સાહેબજાદાઓ ને સાહેબજાદીઓને માટે આગમચથી લુગડાં લતાં સીવડાવી રાખવા પડેછ. તે તું માગેછ, મારી ખટલી? હા, તે આપવાનું કામ મારૂં છે અને તે હું તુને લાવી આપીશ, હોકે મારાં જીગર."

"બસ—પચાસ રૂપીયા બસ થશે." ખ-ટલીએ ખાતરી આપી.

"બસ? એટલાજ?" તેનો હસમુખો ભર્તાર હસ્યો. "હું તો ધારતોતો કે પેહલી સુવાવડ-ના રૂપીયા તુને વધારે જોઇશે. ને પચાસ બસ નહી થશે."

"એ તો બસ થાય કે નહી થાય તોબી જેમ તેમ બસ કરવાનાજ તો" ખટલીએ સંતોષ લીધો. "એક ગરીબડીની સુવાવડને માટે પચાસ રૂપીયા થોડા નથી. ને વળી દાદારજીની દયાથી સખી શેઠોએ સુવાવડખાના કાહડેલાંછે, તો પચાસ રૂપીયા બસ થશે. તમે પૈસાદાર હતે તો હું તમારી પાસેથી વધારે માગતે, પણ ડીયર દારા, એ પચાસબી તમે કયાંથી લાવશો?"

આ છેલો સવાલ ખટલીએ ઘણાક અંદેશાથી પુછયો.

"કેથેથી પણ લાવવા પડશેજ તો જીગર. નહીજ મળશે તો ભીખ માગીનેબી હું લાવીશ, અને અગર પેલા માકા મુકાદમ જેવા મારા કટ્ટા વેરીની મને ભીખ માગવી પડશે તો તેની પાસેબી હું એ પૈસાની ભીખ માગવા જઇશ."

હજીસુધી ખટલી વરની ખુરસીની પછવાડેજ તેનાં ગળાંપર હાથ વિટાળીને ઉભેલી હતી. દારાશાનો એક હાથ તેણીના હાથપર અને બીજો હાથ તેની પીઠપર પછવાડેથી વલગેલો હતો.

અને ઉપલું નામ સાંભળતાંજ ખટલી ચોંકી, તે દારાશાએ પોતાના હાથને અચબુબ આચકો લાગ્યાથી જોઇ લીધું.

"કેમ? બીધી કેમ ખટલી?" તેણે પુછયું. "માકા મુકાદમનાં નામપર એટલી ચોંકી કેમ? બ્હી ના, મારાં જીગર હું તો મશખરીમાં બોલ્યો. તારા એ મામા માકા મુકાદમને મેં મારા જન્મમાં

દીઠો નથી, અને તેની પાસે હું તારે માટે પૈસાની ભીખ માગવા જવાનો નથી. તે ઢાંખરો તો હજી ચીન પડેલોછે."

"પણ કદાચ તેવણ ચીનથી પાછા આ વ્યાબી હોય." ખટલીએ એક ખાલી સંભવ સુજાડયો—તો જોકે તે આ વખતે પોતાના માકામામાનું ચીનથી પાછું આવવું જાણતી હતી—એ વિષેની ખબર આપનારૂં પેલું મેહલાશાહ મામાનું કાગળ હજી તેના ખીસામાંજ હતું. "દારા, મારા માકામામા કદાચ આવ્યાબી હોય અને તેની તમોને ખબર પણ નહી હોય, એ બનવા જોગ છે."

"અને કદાચ તેમ બને તોબી શું થયું? એ ઢાંખરો ચીન હોય, બંગાલે હોય કે મુંબઇ હોય તેની મને શી દરકાર છે?" દારાશા તુંડાઇથી બોલ્યો.

"નહી, તમે તેવણનું નામ યાદ કીધું તે ઉપરથી હુંતો અમસથું બોલી, કે કદાચ તેવણ પાછા આવ્યા હોય."

"હોય, હોયબી." દારાશા હસ્યો. "દુનિયાં મોટી પડીછ. સહુ પોતપોતાના ધણી પડયાછ. તો માકો મુકાદમ જયાં ગમે ત્યાં આવે ને ગમે ત્યાં જાય તેમાં નવાઇ નથી. પણ હું તેને વિષે કાંઇ જાણતો નથી, યા જાણવા માગતોબી નથી, કાંકે હું તેને વિષે જે જાણુંછ તેજ પુરતું છે અને તે એટલુંજ છે કે જયારે મારો જન્મ પણ થયલો નહી હતો ત્યારે છેક આગળા જમાનામાં એ માણકશાહ મુકાદમે મારી ભયંકાર ખરાબી કીધી હતી."

"તમારી ખરાબી કીધીતી?" ખટલીએ વધારે ચમકીને પુછયું. "ત્યારે શું તમે મારા માકામામાને ધિક્કારોછ."

"હા. મારાં બચપણુથીજ મારી માએ એને ધિક્કારવા મને શિખવેલોછે. હું કકો ખખો શિખવા અગાઉ એ મુજી માકા મુકાદમને ધિક્કારવા શિખ્યો હતો. એ મારા જન્મ અગાઉનો મારો વેરી હતો. એ માણસના આકારમાં એક વિકાલ વાઘ અને વરૂ છે, એ ફાડી ખાનાર ઢોરે મારો નાશ કીધોછ. જે દોલત મારા બાપની થવી જોઇતી હતી, તે દોલત એજ મુજી માકો મુકાદમ આખીને આખી હજમ કરી ગયો. એ મારા બેહસ્તી બાપનો મીઠો દોસ્ત હતો અને મારા બાપે એને ઘણા પ્યારથી પાળેલો હતો, પણ એ નિમકહરામ પાળેલા કુત્રાએજ પગ કરડયો, અને મારા બાપ સાથે હસી બોલીને દગો દીધો. મારા બાપના પ્યારનાં સુખમાં એ વચે પડયો અને તેવણનો સંસાર એ નીચ નિમકહરામે દુખી બનાવ્યો અને આ સઘળું કાળું કામ એ હસ્તાં મોહડાંના કાળા નાગે, હસ્તે મોહડે હસાવી રમાડીને બજાવ્યું. પોતાના ભોગ—બિચારા મારા બાપ—ના ગળે લગાડી, પોતાની ગોદમાં ચાંપી, બગલગીરી કરતાં કરતાં તેવણના નાશનો ડાવપેચથી ડાવ લીધો, ને મારા બાપને એવા ઠગ્યા કે તેવણનો દુશમન તેવણનો એ વ્હાલો દોસ્ત હતો એ શોધ તેવણે મોટી ફાલ ખાઇને કીધી અને તેવણ નાસિપાસ થઇને ગરીબી હાલે પાયમાલ થઇને મુવા."

આ શબ્દો ઓચરતાં દારાશાનું રમુજી ઠોલિયાપણું અને સ્વભાવનું હસમુખાપણું સઘળું જાણેકે હવામાં ઉડીજ ગયું અને ખટલીએ તે સઘળું ડઘાઇને જોયાજ કીધું. હમેશના હસતા રમતા અને રંગીલા પોતાના વ્હાલા વરને આમ અચબુચ દિલગીર અને દુખી થયલો અને આટલાબધા ગુસામાં આવેલો ખટલીએ આજસુધી કદી દીઠો નહી હતો.

આ ગુસાભરયા શબ્દોની સાથે તે ખાવાનું અધુરૂં નાખીને ઉઠી ગયો અને ક્રોધમાન ચેહરે ઓરડામાં અહીંથી તંહી ફરવા લાગ્યો. ફરતાં ફરતાં તે એકાએક પોતાનાં કપડાં ઓળવવાની ખુંટી આગળ ઉભો રહી ગયો અને ખભાં ઉપર ડગળો ઓળવી તથા માંથા ઉપર પાઘડી પેહરીને તે ચાલતો થયો.

આમ ગુસામાં પોતાના વરને બાહાર જતો જોઇ ખટલી ગભરાઇ ગઇ. તે પોતાના વર અને બારણાની વચે આડી ઉભી ને પુછવા લાગી. "તમે કયાં જાવોછ, દારાશા?"

"તું બસ, મને અટકાવ ના, મારો મિજાજ ગરમ થઇ આવેલોછે. તારા નિમકહરામ મામા માકા મુકાદમનાં પાપની યાદે હું ઉસકેરાઇ આયોછ. હું બાહાર જાઉંછ, ખટલી. હું હમણા પાછો આવીશ, તું ઘરમાંજ રેહજે હં. અહીંથી ખસ્તી ના."

ખટલી દિલગીર ચેહરે ખુરસી ઉપર ફસડાઇ પડી અને પોતાના નિકળી ગયલા વરના

વિદાય થતાં પગળાંનો દૂર જતો આવાજ સાંભળતાં સાંભળતાં, આજે મામામાની યાદ આપવા માટે ઘણી રંજીદા થઈ. તેનો માતબર મામો જે ચીન નથી, પણ પુણે પાછો આવ્યોછે, જેના આવ્યાની ખબર તેને આજેજ મળીછે, અને જેની દોલતની તેણે કાંઇક દૂરની આશા બાંધીછે, તે મામા તરફના તેના ચાહમાં તેના ખાવિંદનો આ ધિક્કાર તેણે ગોયા એક ભયભીત શોધ કીધા જેવો તેને લાગ્યો. વરના આ ધિકાર સાથ મામાનો પ્યાર અને મામાના પૈસા ઉપરનો પ્યાર બેહુ સાથે મળી કેમ શકશે? એ તેને મોટો અંદેશો થઇ પડયો અને તે વિચારના ઉંડા વમલમાં ગોથાં ખાતી પડી.

પ્રકરણ ૭ મું.

પૈસાની શોધ.

જોઇયેછે, પચાસ રૂપીયા. પચાસની એકજ નોટ હોય તો બસ, પણ તે લાવવી કયાંથી? એ આપણા દારાશા દોલીદાદીનાનો મોટો સવાલ થઇ પડયોછે. જે થોડાક દોસ્તો ખરાજ સખી છે—જેવા મોહડાં પર મીઠા, તેવાજ દિલના પણ મીઠા છે—તેવા દોસ્તોની મદદ જેટલી મળી આવે તેટલી ખાલી કીધા પછી, તથા જે બીજા ઘણાક દોસ્તો એક દોસ્તને પૈસાની મદદ સિવા બીજી ગમે તે સેવા બજાવવાને તૈયાર છે તેમની ખુશામદમાં ખાલી ટકેલા ખાવા પછી, આ એકજ રૂ૫૦) ની નોટ કયાંથી પેદા કરવી, એ બિચારા દારાશાને માટે સેહલ સવાલ નથી.

તે આજે પચાસ રૂપરડીની શોધમાં નિકળ્યોછે, કે જેવી રૂપરડીઓ તો તેણે પોતાના હાથમાં હતી ત્યારે ઘણીબી ખર્ચી નાખીછે; અને તેબી જે દોસ્તો આજે તેને ખાલી હાથે પાછો ફેરવેછે તેમનાજ ઉપર ખર્ચી નાખીછે. "મરઘાસેડી" માં પોતાનાં ઘરમાં પોતાના સાદા લાકડાંના અને મચ્છરદાણી વગરના કોચ ઉપર પોતાની બાયડીને ઉંઘતી નાખીને તે એક સર્દ રાત્રે થંડી દુનિયાંમાં પચાસ રૂપીયાને માટે હાથ ઓળતો ફરેછે.

ઉનાળાની આખરી અને ચોમાસાંની શરૂઆતનો તે દિવસ હતો. સાંજે ખટલી આસાયશની શોધમાં ફરવા નિકળી ત્યારે દાહડો ગરમ હતો અને આકાશ ખુલ્લું હતું. રાત્રે દારાશા દુનિયાની સપાટી ઉપર પૈસાની શોધમાં રખડતો થયો ત્યારે જેમ તેનાં મગજ ઉપર ગુસાનું અચબુચ વાદળ ચહડી આવ્યું હતું, તેમજ વાતાવરણમાં પણ એકાએક વાદળના ચહડી આવવાથી ગણબાવાના કુવા આગળ દુકાનના બાંકો ઉપર એકઠા મળેલા પરવારતા દુકાનદારો અને માણેકજી શેઠની અગ્યારીના ઓટલા ઉપર, પરવારતા મોબેદો એકાએક ફુંકવા માંડેલા પવનના સુસવાટા ઉપરથી તથા એકાએક ઘેરાઇ આવેલાં કાળાં વાદળ તરફ નંજર ફેરવીને વર્શાદ આવશે એવી આગાહી કરતા હતા.

એવી એક શીહા, સર્દ રાત્રે દારાશા પોતાને જોઇતા પચાસ રૂપીયાની શોધમાં નિકલ્યો હતો. તે રૂપીયા લાવવા કયાંથી એજ મુખ્ય સવાલ હતો. કેમ લાવવા, તે તો તેણે પોતાનાં મન સાથ નકી કરેલું હતું. તે રૂપીયા તેણે ઉછીકા કહડાવવાના હતા, પણ કયાંથી કહડાવવા તેજ હજી નકી નહી હતું. કરજ કરવાની નામોશી અને શરમીંદગીનું તો હવે તેનું ખમીર થઇ રહેલું હતું. પોતાને માટે તે રૂપીયા કહડાવવાની હલકાઇમાં ઉતરવાને તે કદાચ જરા પણ અટકી રેહત. જો તે એકલો હોત તો કદાચ આ મુંબઇ જેવું મોઘું અને જીંદગી ગુજારવાને કઠણ શેહર છોડી દઇને તે કદાચ કોઇ બીજાં શેહરમાં ચાલી ગયો હોત, અને જયાં સઘળા માણસો સરખા ગણાયછે અથવા જયાં ગરીબાઇ કાંઇ શરમાવા જેવો ગુનાહ ગણાતો નથી, તેવાં કોઇ મેહરબાન અને માયાળુ શેહરનો તેણે આશ્રય લીધો હોત.

પણ એક જુવાન અને પ્રિય બાયડીને ગુજરાણનો ભરૂસો આપ્યા પછી, એક કોમળ પણ વ્હાલા જીવે તેના ઉપર પોતાનો સઘળો આધાર બાંધીને પોતાનો ભોગ આપ્યા પછી, પોતે પણ પોતાની તે પ્રિય પ્રિયાની ખાતર પોતાની મોજમઝા અને સ્વતંત્રતાનો ભોગ આપ્યા પછી, તેને આ મોઘાં, મંદ શેહરમાં

ને શેહરમાંજ પોતાનું ગુજરાણ કુટી કાહાડવું પડેછે. તે ધંધાની કોતાઈથી અને પસાની તંગીથી છેક મુશ્કેલીમાંથી ભીખારીપણાના કિનારા ઉપર આવી ચુકેલો પોતાને જોયછે. જેમ તેમ કાંઈ લખવા કરવાનું કામ શોધી કાહડીને, સેજસાજ કમાય અને સેજસાજ ખાય એવી કંગાલ હાલતમાં તે જીવતરજ માત્ર ભોગવી શકેછે. ઘણું કરીને તે ઉછીકું-પાછીકું કરીનેજ પોતાના દાહડા લઈ ચલાવેછે અને પોતાના આગળા સુખી વખતના સોબતીઓ પાસેથી માંગીટાંગીને વખત પુરો કરેછે. એકવાર સુખી વખત જોયલો એવા તેના સ્વભાવ ઉપર તેની હાલની દયા આણુવાજોગ મુસીબતનો ભાર હલકો તો લાગેજ નહી. પણ તે મિજાજનો ખુશ અને સ્વભાવે શાંત હોવાથી પોતાનું સંકટ સહન કરવાને તેનાં મગજમાં ધીરજનું ધન ઘણું ભરેલું છે અને પોતાની હાલત ઉપરથી ખીજવાવાને બદલે તે સઘળું ફીલસુફીભરેલી દલીલથી સમજવા લાગ્યોછે. જોકે તે પોતાના જન્મવેરી માકા મુકાદમ ઉપર આજે ગુસે ભરાયોછે, પણ પોતાની ગરીબાઈનાં સંકટ ઉપર તે કદી ક્રોધયુક્ત જણાયો નથી. અગરજો કુદરતની બક્ષેશોને એક કીમતી વારસો ગણીયે તો દારાશા દોલીદાદીનાનો કુદરતથી બેવારસ નથી, પણ માણસોના જુલમી કાયદાથી તે બેવારસ બન્યોછે.

પોતાનો હકદાર વારસો ખોહી બેઠેલા એક બાપનો પોતે બેવારસ બેટો હોવા છતાં, દારાશા દુનિયાંની મોટા શિક્ષક ગરીબાઈની સોટીમાંથી બચપણમાં ઘણો બચી ગયલો હતો. જોકે તેના બાપ દોલતમંદ નહી હતા, તોપણ બે પાંચ પૈસાના મોતાજમંદ નહી હતા. દારાશાની મા, જરારતી પૈસાદાર હતી અને દારાશાના બાપનો કેટલોક સારો વખત તેની બાયડીના પૈસા ટકાથી ચાલ્યા કીધો હતો. માના પૈસા મા મરી ગયા પછી થોડુંક સુધી ચાલ્યા કીધા હતા, પણ ચાર પાંચ વર્ષ પછી તે ધંધાની શોધમાં પડયો તેટલામાં આજ છ મહીના ઉપર પરણ્યો અને તેની ટુક પુંજી જે પરણ્યા પેહલાંજ ખપી જવા માડી હતી, તે પરણ્યા પછી તો વધારે જલદી ખપી ગઈ.

એ અરસામાં તેણે પોતાની આસપાસ કેટલાક સારા દોસ્તોને સંઘરી રાખ્યા હતા, તેઓનાં નામ આજે પૈસા કહડાવવા માટે રખડતાં રખડતાં તેણે એક પછી એક યાદ કીધાં. તેઓ પાસેથી ઘણા પૈસા કહડાવી ચુકયો હતો, અને હવે તેમને વધારે નિચોવવાની આશા નહી હતી.

પણ હજી એક ઠેકાણું બાકી હતું. તે દારાશાની દીનમાસી નામની એક માસી હતી. તે પણ દારાશાનાં બચપણમાં તેની માના જેટલીજ માતબર હતી, પણ તેનું વધારે સારૂં ભાગ્ય એ હતું કે દારાશાની માના કરતાં દીનમાસી એક વધારે સારે ઠેકાણે પરણી હતી. તે દીનમાસીના વર મનચેરજી મુલ્લાનું દેશાવરો ખાતે રૂનાં કારખાનાઓમાં સારૂં ઘીકતું હતું. દીનમાયને તેવણના વર તરફથી સારો દલ્લો આવ્યો હતો, માટે દારાશાએ આજની સર્દ રાત્રે એકવાર દોલતમંદ દીનમાસીને ઘેર પોતાનું નસીબ અજમાવી જોવાનો વિચાર કીધો. આગળ જયારે દારાશાને દુનિયાં સુખી દેખાતી હતી ત્યારે દીન માસીનાં ઘરમાં તેણે માવજત અને પરોણાગત ચાખી હતી. આજે તેજ દીનમાસીની મુલાકાત લેવા અને બને તો તેવણની મદદથી પોતાને જોઈતા પચાસ રૂપીયા ઉભા કરવાનો સવાલ ઘણો સવલ સુજયો.

પ્રકરણ ૮ મું.

એક મોટાલોક માસી.

આ વખતે દારાશા વિચારમાં ને વિચારમાં ફરતો ફરતો કોટેકોટના રસ્તા ઉપર આવી પુગ્યો અને ભાગ્યને જગાડવા માટે દીનમાસીનું ઘેર નકી ઠરાવી ચુકયો.

દીનમાસી કોટેકોટ દાદીશેઠની અગ્યારીની હારમાં એક ખુશનુમા હવાવાળાં ઘરમાં રેહતાં હતાં, કે જે તેવણના ભર્તાર શેઠ મનચેરજી મુલ્લાંને માટે ઝાઝું ખર્ચાલું મકાન હતું. મનચેરજી માસાના પૈસા તેના બાહારના દેખાવ જેટલા નહી હતા, પણ મોટા લોકોના એક

ખુશનુમા લત્તા ઉપર ભપકાદાર ઘેરમાં રેહવાનો ખર્ચ બેસેછે. મોટાં લોકની સાથે રેહ તે મોટાંજ ગણાયછે, અને પાસે જુરિયત હોય કે નહી હોય, તોપણ મોટાં લોકના જોખમમાં તેમને જવુંજ પડેછે. મનચેરજી માસા અને દીનમાસી સાથ, તેમના ગમે એટલા પૈસા છતાં, આપણા દારાશાએ ઝાઝો સંબંધ રાખેલો નહી હતો. તે પોતાના માસી માસાને ગાંઠતો ગણકાવતો નહી હતો. તેણે પોતાનો પરણેલો સંસાર જે અતલગનાં સગાંવ્હાલાંઓથી છુપાવ્યોછે અને પોતાના ગરીબ સંસારે મુફલેશ જીંદગી ગુજરતી જેઓથી છુપાવીછે, તેઓમાં તેના આ માસી માસા પણ હતાં. પણ આ માતબર મુરબીઓની આમ અવગણના કીધા પછી અંતે તેઓની તેને ગરજ પડતાં છ મહીના પુરાં ગયા નથી, એટલે તે તેઓનું ઘેર શોધતો નિકળી પડયો.

દીનમાસી પોતે પણ પોતાના દેખાતા ભપકાચપકા છતાં એવા સંસારથી રેહતાં હતાં કે જે ગરીબ સંસારનાજ વર્ગમાં આવી શકે. સમજુ અને વિવેકી કુટુંબો કરકસરથી રેહવા માગે તો એવા ઘણા ખર્ચો છે કે જેમાં સંભાળ રાખે તો તેમને ગુજરાણ ચલાવવું ભારી નહી પડે. તેવા સંભાળવાના ખર્ચો, જેને આપણ સાધારણ રીતે "ફીસ્યારીની ફાલાફુલી" કહીયે છીયે તે છે. ખાવા પીવાના, પેહરવા ઓઢવાના અને આપ લે તથા મોકલ ચાકલ કરવાના એવા ઘણા ખર્ચો એક ઘેર સંસારને માથે પડેલા હોયછે કે જેમાં કસરની કાતરની ઘણી કાપકુપ ચાલી શકે. જ્યારે દારાશા દીનમાસીનું ઘર શોધતો આવ્યો ત્યારે તે માસીએ પોતાના ઘરખટલામાં એવી ઘણી કાતરો ચાલુ રાખી હતી, પણ પોતાના લાંબા એકાંત-વાસમાં બિચારા દારાશાને તે વિષેની ખબર નહી હતી. માતબર માસીની મુલાકાતે જતી વેળા પોતાના દેખાવની દરિદ્રિતા. અને કંગાલિયત પણ તે ભૂલી ગયો હતો, અને વળી રાત્રીનું અંધારૂં તેની ગરીબાઇને ઢાંકી નાખનારૂં હતું. ટુકમાં તેને જે પચાસ રૂપરડીની એકજ નોટ જોઇયેછે, તેનો ને તેનો એકજ વિચાર તેનાં મગજમાં રમ્યા કીધો હતો અને એ વિચાર આગળ તેણે પોતાના કે પોતાની માસીની હાલતના બીજા કશા વિચારો પોતાનાં મગજમાં દાખલ થવા દીધા નહી હતા.

તે દીનમાસીનાં ઘરના ઓટલા ઉપર ચહડયો, તેવોજ ત્યાં બેઠેલા ચાકરો તેવા એક પોતાનાજ સરખા ચાકરડા "શેઠ" ને તરેહવાર શકની નજરે જોવા લાગ્યા, પણ દારાશાએ તેનીબી દરકાર કીધી નહી.

દારાશાએ દીનમાસીને મળવા માગ્યું. જો તે માસીનો ભાણેજ હોય, જો તેણે ભાણેજપણું જાળવ્યું હોયતો એકે એક ચાકરે તેને ઓળખવો જોઇયે. પણ તેના ભીખારી સરખા ચીઠડેહાલ દેખાવને માટે અચરત થતા એક ચાકરે તેનું નામ પુછવાની હિમત કીધી ત્યારે, તેણે પોતાનું હાલનું નવું નામ વટીક છુપાવીને પોતાનું જુનું બાપીકુંજ નામ કહ્યું.

"હું દીનમાયનો ભાણેજ થાઉંછ. મારૂં નામ જમશેદજી જસાવાળા છે." તેણે કેહવડાવ્યું.

દીનમાસીની હજુરમાં હાજર થવા માટે આ નામજ પુરી પાસપોર્ટ હતી. દીનમાય બિચારાં ઘરડાં થવા આવેલાં હતાં, તેવણની આંખે બરાબર દેખાતું નહી હતું, જમવાનો વખત થયલો હતો, તોપણ તેવણે પોતાના ભાણેજને પોતાના ઓરડામાં બોલાવ્યો, અને ચાકર તેને એક પળમાં તેડી ગયો.

ઓરડો ઘરના અગ્ર ભાગમાં નાનો પણ હવાવાળો હતો. મનચેરજી માસાનાં કામકાજનું લખવા વાંચવાનો તે ઓરડો હતો. એક મોટી ટેબલ આગળ દીનમાસી ચાકરો કનેથી આજના ખર્ચનો હિસાબ લેવા બેઠાં હતાં. આજનાં બજારનાં ગોસ્તની જાત કરતાં, કારભારીએ પોતાના આંકડામાં ગોસ્તનો ભાવ અડધો આણો વધારે માડયો હતો, તેની દીનમાય રિકજીક ચલાવતાં હતાં. વળી આજના બજારના આંકડામાં ચાર રતલ ગોસ્ત માડેલું હતું, પણ શું ટેબલપર કે શું તપેલીમાં ચાર રતલ ગોસ્ત આજે દેખાયું નહી હતું. તે દીનમાયની રિકજીકનું બીજું કારણ હતું. તેવામાં પોતાનાં ભાણેજનું નામ તેવણ આગળ જાહેર થયું અને તેવણે તેને દાખલ કરવાનો ચાકરને હુકમ આપ્યો. ઓરડામાં ચોપડીઓની ભરેલી કબાટો હતી, જે વાંચ્યા વગરની ચોપડીઓ એકઠી કરી રાખવાના વાંચનારના શોખની સાહદતો હતી. એવો બોટો અને

દેખાવમણે શોખ દીનમાસીના કરતાં મનચેરજી માસાનો વધારે હોવો જોઇયે એમ આપણ અનુમાન કરીશું.

દીનમાસી સુકાઇને તાવદાન થઇ ગયલાં એક ડોસાં હતાં. તેવણુના હાથ અને કપાળ ઉપરની કરચલીઓ, તેવણુની સુકી ચામડી, તેવણુને આંખે એક મોટો કચકડાંનો ચશમો, નિંદાર સુધી તાણી બાંધેલું માંથુબાનુ અને એક સફેદ સાદાં બદિયાન ઉપર સાડીમાં એક જાંબુરા રંગનાં ધાટપોટનો ગારો એ સઘળો પેહરવાસ અને દેખાવ એક વૃધ વયનાં, અને નબળી દેહનાં, સાદાં પણ આબરૂદાર મોટાં માયના સરખો હતો.

"કોણ? જમસુ? એકાએક કયાંથી નિકળી આવ્યો?" પોતાના ભાણેજને ભેટતાં વારજ દીનમાય તેને પોતાનાં પાસાંમાં ચાંપીને બોલ્યાં, કે જે આવકાર આપણા દારાશાને શુભ લાગ્યો. "પણ તારા આ શું હાલ? ઓ ખોદા! તારામાં આ કેવો ફેરફાર? જુવાન જમાન માટીડાની તારી જુવાની કયાં ગઇ? ને તારો દમામ ને રોબ કયાં ગયો? ગરંધ્યો, માસીને ભખી ખાવા આવે એવો કેમ નિકળી આવ્યો? તું એકાએક ધરડો કેમ થઇ ગયો? કમરમાંથી વાંકો કેમ વળી ગયો? સીધો, ખડો ને, ટટાર ઉભો રેહતો તો તેને બદલે દુશમન લુટાયલો, લેવાયલો લેમેલ જેવો કેમ થઇ ગયો?"

પોતાના ભાણેજ સાથ દીનમાસીની છેલી મુલાકાત આગળી પતેતી ઉપર થઇ હતી, કે જયારે શેઠ મનચેરજી માસાએ તેને પોતાને ઘેર નાસ્તા ઉપર બોલાવ્યો હતો. તે વખતે જમસુ તેવણુને એક જોબનવંત જુવાન, ઉગતો, ઉધરતો, ખીલતી ઉમેદોનો ભરેલો અને હસતો બોલતો, રમતો, રંગીલો દેખાયો હતો. આજે તેના હાલ અવતાર તેથી જુદાજ દીનમાસીએ દીઠા, આજે તેને ઉમરના છેડા ઉપર આવેલા એક નાતવાન ધરડા જેવો અને કંગાલિયતના છેડા ઉપર આવેલા એક ભીખારી જેવો તેને જોઇ દીનમાસી ખરેખર અચરત થયાં.

"હા માસી, મારી હાલતમાં ઘણો ફેરફાર થઇ ગયોછ." આપણા "દારાશા" એ એકદમ કબૂલ કીધું. "શેહરના ફાંકડા છેલ છબીલાની હાલતમાંથી ઘણો ફેરવાયલો મને તમે જુવોછની માસી? લાચારી પોતાના ભોગ ઉપર જે છાપ મારેછ, તે છાપ મારાંમાં છપાયલો તમેં જુવોછ? હા માસી મારી માઠી હાલત હું કબૂલ રાખુંછ. છેલી પતેતીના નાસ્તા ઉપર તમારે ત્યાં મોજ કરી ગયા પછી હું ઘણો દુખી થયોછ. તે વખત ઉપર તમે મારા ઉપર ઘણાં મેહરબાન હતાં—એવાં મેહરબાન હતાં કે તમારી તે માયા મેહરબાનગી મને ઘડી ઘડી યાદ આવ્યા કરેછ અને તે તમારી માયા મેહરબાનગીનો લાભ લેવાજ હું ખામખા આજે અંહી આવ્યોછ, માસી."

"પણ તું માયા મેહરબાનગીની વાતો કરે, જમસુ, તેની અગાઉ મને સમજ પાડ કે તું આટલીબધી કંગાલ ગરીબાઇમાં કેમ આવી પડયો? તારી એ હાલત શાથી થઇ, દીકરા જમસુ?" તેનાં ફાટેલાં બૂટ તરફ નજર કરી દીનમાએ પુછયું.

"એનો જવાબ ઘણો સેહલ છે માસી," જમસુએ લગાર રમુજી જવાબ દીધો. "હું ગરીબ થઇ ગયો તેનું કારણ એજ કે મારા પૈસા જે હતા તે બધા ખપી ગયા, અને વધુ પૈસા કમાવાનો મારો રસ્તો બંધ થયો. પૈસાના વાખા, એ ગરીબાઇનું કારણ છે, માસી."

"પણ પૈસાના વાખા કેમ પડયા? શાથી થયા?" માસી હુજતથી એકજ સવાલને વળગી રહ્યાં.

"પૈસા ખખડયા કરે, ત્યારે ખર્ચવાનું મન થાય." ભાણેજે ખુલ્લો જવાબ દીધો અને મારા ખીસામાં ખખડતા પૈસા ખર્ચાઇ જતાં વાર નહી લાગ્યો. પૈસા ગયા, કે પછી ખર્ચ બંધ પડયો અને ખર્ચના વાખા પડયા તે એવા કે પુરૂં પાધરૂં ખાધાનુંબી નહી મળે. પૈસા પેદા કરવા ધંધો રોજગાર કાંઇ જોઇયે, તે મળે નહી, ત્યારે મારા જે હાલ થયાછ તે થાય અને એથીબી વધારે બુરા હાલ થાય તો શી નવાઇ, માસી?"

"ધંધો રોજગાર!" દીનમાસી હસ્યાં. "ધંધો રોજગાર તારા બાપેદાદે કીધો હોય તો તું કરશે કે? રળીને રોટલા ખાવાનું તો, કારમખા, તારાં ખાનદાનમાંજ નથી. મારા બાપે ઇમાનદાર ધંધાથી પૈસા મેળવ્યા, પણ તારા બાપે તેવું કાંઇબી કીધું તું? તારા બાપ તારી માના પૈસાની લાલચપર પરણીને અને મારી બેહનના પૈસા ખાઇ ખુહાર કરીને

માર્ગે લાગ્યા, અને તુંને તારી માની સાથે ગરીબી હાલતમાં નાખ્યા ગયા. તારી માના વીસ હજારના વારસા ઉપર તારા બાપે સંસારમાં ઝીપલાવ્યું, બેહસ્ત બિચારી બેહન સુનાને તે કેવી ખાખાવરખી થઇને ગુજરી અને સેવટે તું તેનો દીકરોબી દુશમન ભીખ માગતો ખાખાવરખો થઇ પડયો!"

"માસી, તમારી દયા મુલતવી રાખો" ભાણેજે તાણો માર્યો "મારાં માયનો સંસાર કાંઇ દુખી નહીં હતો. તેવણ તો મારા બાપને પરણીને સુખી થયાંતાં."

"શું સુખી? બેહસ્તણ બેહન સુના કાંઇ પૈસા ટકાવાળી થઇતી? કાંઇ ગાડી ઘોડાવાળી, કાંઇ ઘેરબાર ને ફર ફાનેટરવાળી થઇતીકે? તારી માની હાલતને મારી હાલત સાથ સરખાવી જોની."

"અલબતાં તમે વધારે સુખી છો, માસી. તમે ભપકાદાર ઘેરમાં કોટેકોટ રહોછ—તમારા એક બાજુએ સર જમશેદજી પડોશી છે અને તમારી બીજી પડોશમાં તાતા શેઠનો મેહલ આવેલોછે. તમે મોટાં લોકની રીતે રહેલાંછો, અને મોટાં લોકનાં ખર્ચ ખુટણ ચલાવી શકોછ. તમે ગાડી ઘોડા, નોકર નકર સહુ વાપરી શકોછ. બિચારાં મારાં માયની હાલત એટલી બધી સરસ નહીં હતી. તેવણની એકજ દાસી હતી, કે જે માય સાજાં હતાં ત્યારે તેવણની ચાકરી કરતી હતી અને તેવણની માદગીમાં માવજત કરતી હતી. તોપણ તમારી જીંદગીનાં સુખો સાથ મારી માયનાં સંસાર સુખને સરખાવી જોશો તો તમોને લાગશે કે તેવણ પૈસે ટકે તમારીથી ઉતરતાં હશે તોપણ દુનિયાંદારીની જીંદગી ભોગવવામાં તમારી સરખી સપાટીનાંજ હશે."

આ વખતે દીનમાસીની સઘળી નજર પોતાના ભાણેજનાં બૂટમાં ભરેલી હતી, જે તેવણ ટીકી ટીકીને અચરતી સાથ જોતાં અને આપણો દારાશા તે સમજી ગયો હતો, જેથી તેણે વાત ફેરવી નાખવાની એજ સારી તક લીધી.

"હવે, માસી, હું તમોને મારાં આ ફાટેલાં બૂટના દેખાવનો વધારે કંટાળો આપવા ચાહતો નથી, વાસતે જે કામસર હું આવ્યોછ, તે કામની વાત ઉપર હું એકદમ આવી જાઉંછ."

"કામ? શું કામ?" માસીએ ચશમાની ઉપરથી ડોળા કાહાડીને પુછ્યું "હું તો ધારતીતી કે તું માસીને અમસથો ઘણે મહીને મળવા આવ્યોછ."

"મળવા તો આવ્યોછ ખરો, માસી, પણ કામ વગર હું તમોને રોકી રાખવાનો નથી."

"શું કામ, છે? કેહ, દીકરા જમસુ."

"કામ એજ કે મને પચાસ રૂપીયા જોઇયેછ. મેહરબાની કરીને મને એટલા પૈસા આપશો યા ધીરશો? તમારી પાસે પચાસ રૂપીયાની નોટના તો ઢગલાને ઢગલા પડેલા હશે, તેમાંથી એકજ કટકો મને બસ થશે. જો નસીબ મારી ઉપર રૂઠેલુંજ રેહશે તો એ મને બક્ષેશ આપેલી સમજજો, પણ જો નસીબ યારી આપશે તો એ પચાસ રૂપીયા તમોને પચાસગણાં વ્યાજ સાથ પાછા આપીશ."

"પૈસા ખર્ચી ખાવાનો મારી આગળ પસ્તાવો કીધાં છતાં હજી તું વધારે પૈસા ખર્ચવા માગેછ?" દીનમાસીએ રૂપીયા કાહાડી આપવાની પૈસાદારોની સરેસ્તાની આનાકાનીથી પુછ્યું. "મને ખરેખરૂં કેહ, એ રૂપીયાનું તું શું કરશે?"

આ સવાલ તો જાણેકે દીનમાય રૂપીયા કાહાડી આપવાનાં હોય, પણ તેના રૂડા ઉપયોગ વિષેજ કાંઇ ખાતરી માગતાં હોય તેવો જણાયો. ભોલાં દિલનો દારાશા તે ખાતરી આપવાને ખુશી હતો. માટે તેણે પોતાનો ખરેખરો ભેદ એકદમ કહી દીધો.

"માસી, હું પૈસાનો કેવો ગરજાઉ થઇ પડયોછ, તે મારે કેહવાનીબી જરૂર નથી. મારો કંગાલ દેખાવજ તેનો પુરાવો છે, પણ હું તમોને ખાતરી આપુંછ—"

"ખાતરી આપવા" ના આ શબ્દો ઉપર દીનમાસી નિરાંતે ખુરશીને અઢેલીને ધ્યાનથી સાંભળવા લાગ્યાં.

"હું તમોને ખાતરી આપુંછ, માસી, કે હું એ પૈસા મારે પોતાને વાસતે માગતો નથી. એ પૈસા તો એક બીજા પ્યારા જીવની સંભાળને માટે મને જોઇયેછ, કે જેનો જીવ મને મારા પોતાના જાન કરતાં વધારે વ્હાલો છે. તે મારી પ્યારીનો પ્યારો જીવ બચાવવા ખાતર મને પૈસા જોઇયેછ."

"બીજો જીવ? એક પ્યારી? તે કોણ?" દીનમાસીએ ડોળા કકડાવીને પુછ્યું.

"મારી બૈરી. મારી પોતાની પરણેલી ઓરત. મારી મોહરદાર, જે થોડા વખતમાં એક બચ્ચાંની મા થવાની છે, તેની સુવાવડને સારૂં મને રૂપીયા જોઇયેછ."

"શું? શું? તું પરણ્યો? ગોટી નિકળ્યા, તું પરણ્યોછ? કોણને? કયારે પરણ્યો? ને અમે તારા માસા માસી તે જાણીયેબી નહી કે? અમોને ચેતાવ્યા વગર, છુપાછુપ, હરૂસે તું પરણ્યો?"

"એમાં ગામ ઘેરને જણાવવા જેવું શું હતું? મને ખામખા છુપાવવાનું કારણ નહી હતું, તેમજ ખામખા તે જાહેર કરવાનીબી જરૂર નહી હતી, માસી. જો હું છુપાવવાનોજ હતે તો હમણા તમોને કેહતેજ નહી. પણ હું મારાં લગન છુપાવતો નથી, તે મારા કેહવા ઉપરથીજ તમો સમજી શકશો."

"કારમખા પાકો ઠગ! પાકા જવાબ કેવા આપેછ!" માસીએ જરા રમુજ કીધી. "ત્યારે પૈસા ટકા વગર કોઇ બિચારીને પરણીને ફાંસમાં નાખી ખરી કે?"

"ફાંસમાં નાખી કે સુખી કીધી તે તો હવે પછી થઇ રેહશે. હમણા સુધી તો સે મારા પ્યારમાં સુખી સંતોષી છે, માસી. હું કબૂલ કરૂંછ કે હું એક ગરીબ માણસ છું, અને મારી બાયડી પણ એક ગરીબડી છે. અમે ગરીબાં ગરીબનું જોડું ઠીક જોડાયુંછ, માસી. જે સુકું પાકું ખાવાનું યા ફાટું ટુટું પેહરવાનું મને મળશે તેજ મારી બાયડીને પણ મળશે અને ગરીબાં ગરીબીમાં અમે બેહુનો સરખો ભાગ રેહશે."

"કારમખા હરામખોર, છુપાછુપ પરણીને વળી તેની એબ ઢાંકવા, તારાં પાપમાં મારી પાસે પૈસાની મદદ માગવા આવ્યોછ?" દીનમાસીએ તેના તરફ ધિક્કાર બતાવ્યો.

"જેમ મરજી, માસી, ત્યારે મને જવાબ મળ્યો ખરો?" ભાણેજે થંડે પેટે ટાહુકો પુરયો. "મને ખુલ્લે ખુલ્લું કહો. એટલી ગાળ દઇનેબી મને પૈસા આપોછ કે આપવાની ના પાડોછ?"

"હું ના પાડુંછ." માસીએ મિજાજમાંજ ખુલ્લો જવાબ દીધો. "મારી પાસે કાંઇ એટલા ફાલતુ પૈસા નથી."

"એટલેકે તમે મારી ગરીબાઇને ધિક્કારોછ, અને તોપણ એવું કેહવા માગોછ કે તમારી પોતાની હાલત કાંઇ મારા કરતાં ચહડતી નથી?" ભાણેજે માસીને શખત તાણો માર્યો. "હમણા જરા વારપર તો તમે તમારી સુખી હાલત ઉપર વડાઇ લેતાંતાં, ને એટલી વારમાં એટલાં ગરીબ થઇ ગયાં કે તમારી પાસે શોધ્યા પચાસ રૂપીયાબી નહી મળે?"

"સાંબું ના બોલ, છોકરા," ગમે એટલો મિજાજ ખોહવા છતાં દીનમાસીને ખોલાસાથી કેહવાની ફરજ પડી "તારા માસાના ધંધામાં હમણા ઘણા વધારે પૈસા રોકવા પડેછ. અમે કાંઇ કરજદાર નથી, પણ તેમ અમે કાંઇ બીજાઓને ધીરધાર કરી શકીયે એવી હાલતમાં નથી. સુરતની આગ, ને કલતાનાં તુફાનનાં ફંડ જેવાં દૂર દેશાવરોનાં ધર્મનાં કામમાં અમોને મહીને મહીને કેટલા રૂપીયા ખોબે ખોબે ભરવા પડેછ."

"અને તોપણ તમારા ભાણેજને ભુખમરામાંથી બચાવવા સારૂ તમારી પાસે ફાજલ પૈસા નથી?"

"નહીજ તો. પણ ઘડીભર મારી પાસે એટલા પૈસા હોય અને હું તુંને ધીરૂં, તોપણ તેથી કાંઇ તારી હાલત એટલીબધી સુધરી જવાની નથી. મારા પચાસ રૂપીયા ખર્ચીને તું પુરા કરશે, પછી તારી હાલત કેવી રેહશે?"

"જેવીને તેવીજ તોજી." ભાણેજે જવાબ દીધો. "અગરજો આ પૈસા મારા ઉપયોગને માટે હું માગતો હતે તો એ પસા ખર્ચાઇ જવા પછી મારી હાલતમાં કાંઇ ફેરફાર થતે. પણ એ પૈસા કાંઇ મારે વાસ્તે જોઇતા નથી. એ તો લઇ જઇને મારી બૈરીને આપવાના છે, એમાંની એક અડધીને હું અડકવાનો નથી, ત્યારે એ પૈસા તેની સુવાવડમાં ખર્ચાઇ જવાનાજ અને તે ખર્ચાયા પછી હું પોતે તો જેવોને તેવો રેહવાનો."

"હું!" દીનમાસીએ હુંકારો કરીને આગળો સવાલ પાછો કર્યો. "ને જમસુ, એ બિચારી કોણની દીકરીને તેં પરણીને આમ ફાંસમાં નાખીછ વારૂં?"

"માસી, મને પચાસ રૂપીયા આપોછ કે નહી?" આપણા "દારાશા" એ માસીનો સવાલ ઉડાવીને પાછી પૈસાની વાત કાહડી.

"હશે, કોઇ બિચારી નાદાનજ તો" દીનમાયે પોતાની અજાણી ભાણેજ વહુની દયા ખાધી. "તારા જેવા લુખ્ખરીને જોયા જાણ્યા વગર પરણીને ચોખી ફસીછ. હશે કોઇ હલકાં, હીનાંછીના માબાપની માથે પડેલી પોરી!"

"મને તમે પચાસ રૂપીયા આપોછ કે નહી." ભાણેજ એકજ સવાલને વળગી રહ્યો, અને પોતાની બાયડી વિષે તેની માસીસાસુને કશો પણ ભેદ જાણવા નહી દીધો તે નહીજ દીધો.

"મેં તુને એક વખત કહ્યું'ની જમસુ? કે મારી પાસે હાલ પચાસ રૂપીયા રોકડા નથી." દીનમાસીએ છેલી ના પાડી અને તે પણ હપકાની દબમાંજ ના પાડી.

તોપણ આ વખતે દીનમાયે જમસુને ખાલી હાથે પાછો મોકલવા ચાહ્યોજ નહી. તેવણે ટેબલ ઉપર પોતાની પાસેજ પડેલી એક રૂપાંની ચાંપ દાબીને ઉઘાડેલી થેલીમાંથી રૂ૫) ની એક નોટ કાહડી અને બોલ્યાં. "તારે ગમે તો આ પાંચ રૂપીયા લઇ જા. જમસુ, મારી પાસે પચાસની નોટ તો નથી, પણ આ પાંચની નોટ છે, તે ગમે તો તારી બૈરીને આપ."

"રેહવા દ્યો માસી, રેહવા દ્યો એ તમારા રૂપીયા તમારીજ પાસે." જમસુએ અપમાન લઇ ઉઠીને માસીને એક ચટકો લાગે એવો તાણો માર્યો "પાંચ રૂપીયામાં એક આખી સુવાવડ થતી હોય તો તમારી કોઇ વહુ દીકરીની સુવાવડને માટે એ ભીખ આપજો. તમે કોઇની સુવાવડ કીધી કરાવેલી નહી. તમોને ખોદાતાલાએ બચ્ચાં આપેલાં નહી, તેથી તમે સુવાવડના ખર્ચ અને જોખમ સમજો નહી. રેહવા દ્યો, એ તમારા પાંચ રૂપીયા, તમોને પાંઉ માખણ ખાવા કામ લાગશે. તમે એક સુવાવડના પાંચ રૂપીયા પુરતા ધારોછ, તેવું સમજીનેજ કેથી ખોદાયજીએ તમારે ત્યાં બચ્ચાંની બરકત આપી નથી. એવા પાંચ રૂપીયા તો એક કચરાપતિબી પેદા કરી શકેછ, અને હું બી જો કચરાપતિનું કામ કરીશ તો એટલા પાંચ રૂપીયા કમાવાને શક્તિવાન છું."

માસીને ભાણેજના આ તાણાથી શખત ચટકો લાગ્યો—તેમાંનો એકે એક બોલ ખરો હતો, તેથી વધારે ચટકો લાગ્યો—પોતાને બચ્ચાંની બરકત નહી થવા માટે આ વાજણી માસીને હમેશનો બળાપો રહેલો હતો અને તોપણ દીનમાય જોતાં હતાં કે જેનાં ઘેરમાં ખાવાની ખાખ નથી, જેનાથી પોતાનાં લગન છુપાવ્યા વગર પરણી શકાતું નથી અને ભીખ માગ્યા વગર સુવાવડ કરી શકાતી નથી, તેવા એક મુફલેસને ત્યાં ખોદા એકદમ બચ્ચાંની બરકત બક્ષેછે.

દીનમાય કશો જવાબ દેય તે અગાઉ તો તેવણનો ભાણેજ પોતેજ બારણું ઉઘાડી એકદમ ચાલી ગયો. તેવણને ચટકો લગાડીને તેનો જવાબ સાંભળવાને તે ઉભો રહ્યોજ નહી. તેના જવા પછી દીનમાસીને આખી રાત બળાપો થયા કીધો.

તે બળાપો શાનો? પોતાના ભાણેજને તેની ગરીબાઇનાં સંકટના સમયમાં સહાય નહી થયાં અને તેને નાસિપાસ કરી પાછો વાળ્યો તે વાતનો એવણને બળાપો નહી હતો, પણ પોતાનો એક ભાણેજ આવો મુફલેશ હોવાની પોતે જે નહી ધારેલી શોધ કીધી, પોતાની બેહનનો દીકરો આવી કંગાળિયત ભોગવવાથી પોતાનાં નામ અને પોતાની ઓલાદને જે માઠું લાગ્યું તેના ખ્યાલથી, પોતાની મગરૂરીને જખમ લાગવાનો તેવણને બળાપો થયો.

અને એ બળાપો તેવણ રાત્રે સુવા ગયા ત્યાંસુધી ચાલુ રહ્યો. બલકે આ બળાપાથી તેવણને ઉંઘ આવી નહી અને ઉંઘમાં પણ તેવણને પોતાનો "ગરંધ્યો ભાણેજ" સ્વપ્નામાં આવ્યા કીધો.

"વારૂં કાંઇ નહી, મેં એને ખાલી હાથે તો જવા નહી દીધો. મેં એને પાંચ રૂપીયા આપવા માગ્યા, પણ તે એણે લીધા નહી." એ દીનમાસીનો સંતોષ હતો.

પ્રકરણ ૯ મું.

દાદીબા લંગડો.

દારાશા દોલીદાદીનાને કોટેકોટના "મોટા લોકો" નો મોહલો છોડી એકવાર ફરી મરઘાસેરી તરફ પાછો ફરવું પડયું. નાસિપાસિ અને ક્રોધથી તે કંટાળીને કાયર બનેલો હતો. તે પોતાની મોટાલોક માસીના કરતાં પોતાની ઉપર વધારે ક્રોધે ભરાયો હતો. આવી એક મખીચૂસ માસીને ત્યાં તે મદદ માગવા ગયો તેથી પોતે પોતાનેજ ઠપકો આપવા લાગ્યો—આતો તે હાથે કરીને પોતાને અપમાન આપવા ગયો હતો.

"મારે પોતેજ એ તો પેહલાંથી સમજવું હતું. જે માણસનો બધો જન્મારોજ બાહારના ભપકા સપકામાં ગુજર્યોછ, જે બાહારથી મોટાં મોટાં ખાનાં પીણાં કરેછ, પણ ઘેરમાં તો ચાકરો પાસેથી અડધી • અડધીના હિસાબને વાસ્તે કજીયા કરેછ, જે દરએક જાહેર ફંડમાં પચાસ પચાસ રૂપીયા વર્ષ દાહડે પચાસ વખત ભરેછ અને તોપણ પોતાનાં બારણા આગળથી દરએક લાયક ગરીબને હાંકી કાહાડેછ, તેવાં એક માણસ પાસેથી, પૈસાની મેં આશા રાખી, તેમાં વાંક મારોજ હતો."

એટલું બોલી વળી દારાશાએ પોતાને આ ઠપકો આપવા સામે પોતાનોજ બચાવ શોધી કાહાડયો.

"પણ એ તો મારી માસી છે તેથી હું માગવા ગયો. મારી સગી માની સગી બેહન, એટલે મારી મા જેવીજ હું સમજયો, ત્યારે તેવીને ઘેર મદદ માગવામાં શરમ નહી હતી અને ખાલી હાથે પાછો ફરવાની મેં વકી રાખી નહી હતી. એ દીનમાસી મારી માની બેહન છે, ને વળી મારી માના કરતાં પોતાને ચહડતીમાં ખપાવેછ, પણ તે ખરેખર ચહડતી છે કે ઉતરતી તે આજની પોતાની ચાલથી એણે બતાવી આપ્યુંછ. વ્હાલી અને ગરીબ બિચારી મારી મા, તેને તો આ દીનમાસી ઉપર સો ભલાઇ હતી."

આ વિચાર કરતો તે દાદીશેઠની અગ્યારી આગળ ગલીનાં નાકાં ઉપર આવી ઉભો. માણેકજી શેઠની અગ્યારી ઉપરના મોબેદોએ ચહડી આવેલાં વાદળાં ઉપરથી જે વર્શાદની વકી રાખેલી હતી તે વર્શાદ હવે ઝીણો ઝીણો પડવા માડયો હતો. વર્શાદના છાંટાએ તેને ચોંકાવ્યો કે તે સર્દ રાત્રીમાં પુરાં પાધરાં ગરમ ઓઢણુ વગર ભીંગવું સલામત નહી હતું.

હવે તેણે કયાં જવું તેના બિચારમાં તે પડયો. મરઘા સેરીનું તેનું ઘેર અંહીથી દૂર નથી. માત્ર એકજ ગલી વલાવવાની હતી. તે ગલી—"ઘોઘાનો મોહલો"—વલાવ્યો કે નવરોજજી વાડિયાનું ઘેર આવેછે, અને નવરોજજી વાડિયાનાં ઘેરની ગલીને નાકે દાદાભાઇ વાડિયાનું ઘેર ઉભેલુંછે, કે જેની બરાબર સામેનેજ છેડે મરઘાસેરીનું અંધારૂં મોહડું છે.

પણ આપણો "દારાશા" તેટલું પણ છેટું પસાર કરવા પાગ્યો નહી. વર્શાદના છાંટા તો વધારે શખ્ત આવવા લાગ્યા અને એક મિનિટમાં ઘેતમાર વર્શાદની ધમકી આપવા લાગ્યા, એટલે નવા વર્શાદના પેહલા ગભરાટમાં દારાશા અગ્યારીનીજ હારમાં એક ઘરના ઓટલા ઉપર ચહડી ગયો. તે ઓટલા ઉપર બે ચાર આસેપાસેના ચાકરો બેઠેલા હતા તેઓએ તુર્ત ખીસીને પોતાના બાંક ઉપર "આવો શેઠ, આવો શેઠ" કરીને તેને આવકાર આપ્યો.

આ ચાકરોને સેજ પુછતાં દારાશાને જણાયું કે તે ઘરમાં દાદીબા ડાકટર રેહતો હતો. દાદીબાનું નામ સાંભળતાંજ તે ચોંકયો. દાદીબાતો તેની સ્કુલના વખતનો એક વ્હાલો દોસ્ત હતો. તે અંહી ઘોઘાના મોહલામાં મરઘા સેરીની એટલો પાસે રેહછે, તેની દારાશાને તો ખબરજ નહી હતી. સ્કુલમાંથી તેઓ આજ સાત આઠ વર્ષના છુટા પડયા હતા અને કદી એકેકને મળ્યા નહી હતા. ત્યારપછી દાદીબા પોતાના વૈદક વિધાભ્યાસનો પાંચ વર્ષનો "કોર્સ" પુરો કરીને ડાકટરની ડીગ્રી લઇ પસાર થયો તે વર્તમાન પત્રોમાં દારાશાએ વાંચ્યું હતું, પણ સ્કુલ છોડયા પછી તેઓ એકેકથી વિખુટા થયા તો તેમને પાછા મળવાનો એકે પ્રસંગજ બન્યો નહી હતો, અને એકેકની તેઓએ કશી ખબર અંતર રાખીજ નહી હતી,

પણ આજે અચબુચ તે જુના દોસ્તના ઓટલા ઉપર વર્શાદથી આશ્રય લેવાને ચહડી ગયો, તે જાણેકે ખોદાયજીએજ તેનાં ઘરમાં મોકલ્યો હોય, તેમ દારાશાએ હવે તો તેને મળવાનુંજ મન કીધું. દાદીબા કેટલા માળા ઉપર રેહછે તે હેઠલ ચાકરોને પુછીને તે લાગલોજ તેના માળા ઉપર ચહડી ગયો અને પેહલાજ માળા ઉપર ચાલમાં બળતા એક તેજી દીવાના પ્રકાશથી "ડાકટર દાદીબા એલ. એમ. એન્ડ એસ" નું પાટિયું વાંચીને દારાશાએ તેના ઓરડાનું બારણું ઠોક્યું.

"એ કોણ છે ? અંદર આવો." ઓરડાની અંદરથી દાદીબાનો ઓળખીતો આવાજ દારાશાને કાને પડયો તેજ પરિચય પિછાણ-વાળો આવાજ ઘણે વર્ષે તેણે સાંભળ્યો કે જે દારાશાના સ્કુલના દિવસોમાં તેને પ્યારો અને માનીતો આવાજ હતો.

તુર્તજ બારણું ઉંઘાડીને દારાશા અંદર દાખલ થયો, અને જોયછે તો એક ટપર જેવા બળતા તેજી લાંપ તલે તેનો માયાલુ મિત્ર એક સંગેમરમરની તખ્તી ઉપર બેચાર વસાણાંઓ પાસે મુકીને તેમની મેળવણીઓથી કાંઇક મલમ અને ગોળીઓ બનાવવા બેઠેલો હતો.

દાદીબાનાં દવાખાનાનો આ ઓરડો હતો અને તે ઓરડામાં એકલોજ હતો. તે દારાશાનો આગળો ગોઠિયો એટલે તેની સમવયનોજ એક જુવાન હતો, પણ ઉમરના આ લાંબા અંતરે તેના ચેહરામાં દારાશાના કરતાં વધારે ફેરફારો કીધા હતા. દારાશા અગર આગળા દિવસો કરતાં વધારે મિસ્કીન દેખાતો હતો, અને કંગાલ ચીડડેહાલ બન્યો હતો, તો દાદીબા પોતાની ઉમર કરતાં વધારે ઘરડો દેખાતો હતો. તે કમરમાંથી બાંકો વળી ગયલો હતો. તેની મુછ અને થોબિયાના લાંબા વાલ પાક ઉપર ચહડયા હતા, કે જે બાલ તેના આગળા સ્કુલના દિવસો કરતાં વધારે મોટા જથામાં એક જંગલનાં ઝાંખરાં પેઠે ઉગી નિકળ્યા હતા, અને દાદીબાના ચેહરા ઉપરની કરચલીઓ કાંઇ ઉમરની ઉંડી બેચેનીની ઇધાણીઓ આપતી હતી. દાદીબા પોતાની સ્કુલના દિવસોથીજ "ડાહયા દીકરા" માં ખપતો હતો—જ્યારે આપણો "દારાશા" તુફાની અને મસ્તીખોર હતો અને છુટા હાથે જરા જરામાં બાંહે ચહડાવીને બીજાઓ સાથ ઉતરી પડતો હતો, ત્યારે પોતાના એ આકળા અને ગરમ દોસ્તને થંડો પાડવા અને તેના ઉઠાડેલા ટંટા ફેસાદને દાબી દેવાને દાદીબાનું ડાપણ કામ લાગતું હતું, માટે ઉમરના અંતરે "દારાશા" ના કરતાં દાદીબામાં વધારે ફેરફાર કીધો તેમાં નવાઇ નથી. ઉછાછલા જુવાનોના કરતાં ગંભીર ડાહ્યા ડોહરાઓ જલદીથી ઘરડા થાયછે.

પોતાના ઓરડાનું બારણું ઉંઘડતાંની વારજ પોતાના હાથથી બનાવવા માડેલા મલમ અને ગોળીઓમાંથી દાદીબાની નજર બારણા તરફ દોડી અને જેવો દારાશા અંદર દાખલ થયો તેવોજ દાદીબા અચરતીના એક અચંબા તળે તેને અચબુચ ઓળખીને અચંરત થઇ ગયો અને તેનાં અસલી ખરાં નામથી તેને પિછાણી ઉઠયો.

"કોણ ? જમસુ ? મારો જુનો દોસ્ત જમસુ જસાવાળો ! શું તું જમસુ છે ? એ બનવા જેવું છે કે ?"

એટલું બોલવાની સાથેજ દાદીબા પોતાનું કામ છોડી હર્ષથી ઉઠીને બારણા તરફ દોડયો અને તેનો હાથ પોતાના હાથ સાથ જોરથી હલાવી તેને ઉલટભેર ભેટયો, અને પોતાની પાસે ખુરસી ઉપર લાવી બેસાડયો.

"ખરૂં તો છે, દોસ્ત દાદીબા" જમસુ તેના આ આવકારને માટે ઉપકારના ઉભરાભર ભેટીને બોલ્યો. "હું જમસુ હોવું એ બનવાજોગ હોય કે નહી હોય, તોપણ બેશક ખરૂં તો છે. ચલાવ દોસ્ત દાદી, તારૂં કામ ચલાવ. મારી ખાતરને વાસ્તે મલમપટો બનાવતો અટક ના મારા દોસ્ત, મારે લીધે કોઇ બિચારા દર્દી ઘરાકનું કામ ખોટી થશે."

"હું તુને જોવાથી એટલો તો ખુશ છું, દીકરી જમસુ." આગળા સ્કુલના દિવસોનીજ બોલવાની છુટથી દાદીબા બોલ્યો, અને પછી ગોળીઓ બનાવવાનાં વસાણાની એક નાની જેવી લાકડી બનાવી તેના એકસરખા કકડા કાપીને તેની ગોળીઓ બનાવવામાં મશગુલ થઇ ગયો.

"હું તો સમજતોતો કે તું મને તદન ભૂલીજ ગયોછ, જમસુ." પોતાનું કામ

કરતાં દાદીબાએ વાત ચલાવી. "ને આ મારાં ગરીબ મકાનમાં આપણે સાથે એકઠાં થવાની મને સ્વપ્નેબી આશા નહી હતી."

"અંતે ખોદાએ આપણને મેળવ્યા ને આપણી મળવાની સૃજત હશે તેથી આપણ મળ્યા." જમસુએ આ મુલાકાત ઉપર સંતોષ માની લીધો, અને બોલ્યો "દાદીબા તમે તો જેવાને તેવાજ ડાહ્યાડોહરા દેખાવોછ, તમારા ચેહરામાં ફેરફાર થયોછ, પણ મિજાજ અને અકલ તો જેવીને તેવીજ કે?"

"પણ તારામાં હું ઘણો ફેરફાર જોઉંછ, દીકરી જમસુ." તેના આ હસવાની દરકાર ન કરતાં દાદીબા બોલ્યો. "મને તો કાંઇ તારા હાલના સકાર સારા લાગતા નથી, કાંઇ ચેણચાલા ઠીક નથી. તું તો ઘણો ગરીબ——"

"અરે! ચીંઠડેહાલ દેખાઉંછ! કહોની! અચકો ના." દારાશાએ પોતેજ વાતની વચે ટાપસી પુરી.

"પણ, દોસ્ત તારા એ બુરા હાલ કેમ થયા? જરા મને સમજ તો પાડ."

"દાદીબા, તમે મારી જે હાલત અટકળોછ, તે ખરેખરી છે." દારાશા એકદમ ખુલ્લું બોલ્યો. "શીતલાના રોગની પેઠે ગરીબાઇનો રોગ છુપાવી શકાતો નથી. તમારી દયાલુ લાગણીને માટે હું તમારો ઉપકાર માનુંછ, દાદીબા, પણ તમે દયાનો એકબી વધુ બોલ બોલો તેની અગાઉ હું તમોને એકદમજ કહુંછ, ખુલ્લી પણ ખરેખરી સચાઇ કબૂલ કરૂંછ, કે હું તમારી પાસે એક ભીખ માગતા ભીખારીની હાલતમાં આવી પુગ્યોછ. દોસ્ત દાદીબા, તમારી કશી પણ મદદ માગવાને હું શરમાવુંછ. તમે ગરીબ ગુરબાંઓમાં દવા દારૂ આપીને કેવી હલાલ મેહનતે પોતાનું ગુજરાણ કરોછ, તમો કેવા ભલા અને માયાલુ છો, તે જોતાં તમારી કાંઇબી મદદ માગવી એ તમારી ભલાઇનો અઘટિત લાભ લેવા સરખું હું સમજુંછ, અને તોપણ તમારે આશ્રે આવીને તમારી મદદ માગવાની કંગાલીયતની સપાટી સુધી હું નીચાણમાં ઉતરી પડયોછ. એક નકામો આલસુ પાડો એક ઉદ્યોગી મધમાખની મદદ માગતો ઉભોછ."

"એ એમ શું બોલેછ? દોસ્ત જમસુ. તું પેહલવેહલોજ મને મળવા આવ્યો ત્યારે આવી માઠી હાલતમાં મને દિલગીર કરવા કેમ આવ્યો? તું તારાં અસલી રમતિયાલ રંગીલાપણામાં રમતો ને રાતો માતો આવવાને બદલે આમ દુઃખી હાલતે મારાં દેમાગને દુઃખ દેવા કેમ આવ્યોછ? મને કાંઇ સમજ પડતી નથી."

"ગરીબાઇ એક નહી સમજી શકાય એવોજ ગુચવાડો છે, દોસ્ત દાદીબા." જમસુ બોલ્યો. (આપણે પણ હવે તેનાં અસલી જુના અને ખરા જમસુનાં નામથીજ ઓળખીશું. તેની બાયડી આગળ તે "દારાશા" હતો, પણ પોતાનાં જુના ઓલખિતાંઓ વચે તે જમસુજ હતો.) "સત માનજો કે હું તો આજે ભીખજ માગતો ફર્યોછ, અને તમારે ઘેર અચબુચ ચહડી આવ્યો તેબી ભીખનાજ ઇરાદાથી આવ્યોછ. તમે અંહી રહોછ તેની મને ખબરજ નહી હતી, પણ વર્શાદથી મારાં કપડાં ભીંગાતા બચાવવા હું તમારા ઓટલાપર ચહડયો ત્યારેજ અંહી તમે રહોછ એવી મને અચબુચ ખબર પડવાથી તમારા ઓટલાનો આશ્રય લેતો લેતો તમારા પોતાના આશ્રયની ઉમેદમાં હું માળા ઉપર ચહડી આવ્યો."

"તુંને હું જે કંઇ મદદ આપી શકું એવી હોય તે તુંને મળી ચુકી એમ તું તારી પોતાનીજ સમજજે, દોસ્ત જમસુ." દાદીબા ઘણા દયાળુ દિલગુરદાથી બોલ્યો. "તુંને હું કશું ના પાડી શકુંજ નહી. મારા સરખો એક લંગડો, જે કિવનીનનાં પડીકા અને જમાલગોટાના જોલાબ વેચવાના ગાંધીનો ધંધો કરીને પોતાનું ગુજરાણ ચલાવેછ, તેવા એક ગરીબ દોસ્તની મદદ માગવાને ખરેખરા જે લાયક હોય તેજ આવે અને તેવા ખેરખાહ દોસ્ત સિવાએ બીજાઓ હું એક લંગડાને યાદ કરતાજ નથી. જોકે સ્કુલમાંથી આપણ જુદા પડયા પછીના લાંબા અંતરમાં તેં મને કદી યાદ કીધો નથી, તોપણ ખાતરી રાખ દોસ્ત જમસુ, કે હું તુંને કદી ભૂલી ગયો નથી. આપણ સાથે રમેલા અને સાથે જમેલા તે વખતની તારીથી મને મળેલી મોજ અને તેં મને કરાવેલી મઝા મને હંમેશ ઉપકાર સાથ યાદ આવેછ. તું કયાં હશે, તારૂં શું થયું હશે, તેની મને કશી ખબર નહી પડવાથી, હું વારેવાર તારો વિચાર કર્યા કરતો હતો. આજે

પણ હું તારા વિચારમાંજ હતો તેટલાંમાં તું આવી લાગ્યો."

આમ બોલીને દાદીબા ઉઠયો અને પોતાનું ગાંધીનું ગોળીઓ બનાવવાનું કામ બંધ કરી એક કબાટ આગળ ગયો. તે પગે લંગડાતો હતો, એટલે પોતાને લંગડા દાખલ ઓળખાવ્યો તે ખોટું નહી હતું. અને જમસુએ જોયું કે સ્કુલમાં તેની જે ચાલવાની ખોડને માટે છોકરાઓ તેને ચીહીડવતા હતા, તે તેની ખોડ હજી ભાંગી નહી હતી. તે ખોડ ભાગે એવી નહી હતી—તે જન્મથીંજ લંગડો હતો.

અને કબાટ આગળ જ્યારે જમસુ સમજતો કે તે કાંઇ રૂપીયા કાહાડવા ગયો હશે, ત્યારે દાદીબા તો જઇને કબાટમાંથી બે ગલાસ અને એક બ્રાંડીની બાટલી કાહાડી લાવ્યો તથા તેમાંથી પોતાના જુના દોસ્તને લગાર આ જલદ તેજાનાથી હોસ્યાર થવાની સુચના કીધી.

"લે દોસ્ત લે, જરા બબો લે." દાદીબા પોતાની ખુરશી ઉપરના ધોતા તુવાલ વડે ગલાસો લુછતાં લુછતાં બોલ્યો, "બાહાર સર્દી છે, વર્શાદ પડેછ, ત્યારે જરા સર્દીના ઉપાય કર. દિલમાં જરા ગરમી લાવ."

"તમારી કેવી મેહરબાની દાદીબા!" તેના દોસ્તે તેનો પાડ માન્યો. "આપ ભલા તો જગ ભલા. તમારા પોતામાં એવી કોઇ ભલાઇ હશે, ત્યારેજ હું આપણા છોકરવાદીપણામાં તમારી તરફ ખેંચાઇ રહ્યો હઇશ કની? અને આજે આપણ ઉમરે વધ્યા પછી પાછો તમારી તરફ ખેંચાઇને આવ્યો હઇશ કની?"

"ચાલ લે. દારૂ થંડો પડી જાયછ." દાદીબાએ ગલાસમાં રેડીને તેને પીવાની બોહસ કીધી અને પોતેજ લંગડે પગે ચાલીને એક અભડાઇ ઉપરથી સોડાવાટરની બાટલી લાવી તેનો બુચ ઉકેલીને સોડા નામી તેની સલામતી ચાહી. "લે, દોસ્ત, હું તારી તનદરોસ્તી ચાહુંછ. મારા કોઇ ઘણા દોસ્તો નથી, એટલે મારો જે એકજ મેહરબાન દોસ્ત તેને હું ભૂલી શકુંજ નહી. લે દોસ્ત, આનાકાની ના કર. બ્રાંડી સાથ સોડા નહી ગમતો હોય તો એ ઘોલી નાખ ને બીજો લેમનેડ સાથે આપું તે લે."

એટલું બોલી દાદીબા જ્યાં બેઠેલો હતો ત્યાંથી પોતાના લંગડા પગે લેમનેડ લાવી આપવા ઉઠવા જતો હતો, પણ તેને જમસુએ અટકાવ્યો, કે "અરે નહી, નહી, દોસ્ત એટલી તસદી ના લ્યો, મને તો આ બ્રાંડી ને સોડાજ પસંદ છે."

અને હવે બેહુ દોસ્તોએ સલામતીમાં ગલાસ સાથ ગલાસ અથડાવીને શરાબ નોશ કીધો. એટલા અરસામાં દાદીબાની હાલની હાલત વિગેરે વિષે તેના આ મિસ્કીન મિત્રે ઘણી બીના જાણી લીધી. દાદીબા જોકે એક શિખેલો ડાકટર હતો, પણ આજના બીજા ડાકટરો પેઠે તે માત્ર માખ મારતો બેઠો નહી હતો. તેની ગ્રાહકી સારી હતી અને લાગે વગે વધેલી ગ્રાહકીથી તે પાંચ પૈસે સુખી હતો. પણ હજી તે પોતાનાં દવાખાનાંમાં એક પગારદાર કંપાઉડર રાખી શકે યા પોતાનાં ઘરમાં નોકર નફરો રાખી શકે, હજી તે પાલખીએ ફરી શકે અને હમાલો રાખી શકે એટલો પૈસાદાર થયો નહી હતો. જમસુએ જોયું કે દાદીબા લંગડો બિચારો પોતાનું કામ પોતાને હાથેંજ કરતો હતો. તે હાથેંજ દવા બનાવતો હતો અને હાથેંજ દારૂ અને સોદા લેમનેડ લાવતો હતો.

"તું મારી પાસ મદદ માગવાને લજવાય એટલો બધો મુફલેશ તું મને માન ના." દાદીબાએ તેને ધીરજ આપી. "માગ, તુ શું માગેછ? તારે ગમે તેટલી મદદ આપવાને હું તૈયાર છું."

"વ્હાલા દાદીબા, હું કાંઇ એક કે બે રૂપીયાનો ગરજાઉ નથી." અંતે જમસુ બોલ્યો. "મને તો પચાસ રૂપીયા જોઇયેછ."

આ રકમ સાંભળીને દાદીબાએ જરા મોહડું કુમલાવ્યું. તે એટલી મોટી રકમ આપવાની કાંઇ નાખુશીથી નહી, પણ વાત એટલીજ હતી કે પચાસ રૂપીયા એકજ વખતે તેનાં ગરીબ ઘરમાં ફાજળ પડતા નહી હતા.

"અગરજો મારૂં કરજ અદા કરવાની મારાંમાં શક્તિ હશે તો હું એ નાણું પાછું ભરી જઇશ અને તેબી મારવાડીસાઇ ચક્રવરધી વ્યાજ સુધાં," જમસુ ખુલ્લાં દિલથી બોલ્યો "પણ મારી આજની ભીખારી હાલતમાં એ તમારૂં કરજ હું અદા કરી શકું એ મને કેવું મુશકેલ લાગેછ."

"ફિકર નહીં, મારા દોસ્ત." દાદીબાએ તેને ઉલટ આપી. "તારે ગમે ત્યારે પાછું ભરજે અને નહીં ભરાય તો ના ભરતો."

દાદીબાએ ટેબલને બીજે છેડેનાં એક ખાણામાંથી પૈસાની એક ઇસ્કોત્રી કાહાડી અને તેમાંથી નોટોનાં એક નાનાં સરખાં બંડલમાંથી રૂ૫૦ ની એક નોટ કાહાડીને ઘણાક પ્યાર સાથ હસ્તે ચેહરે પોતાના દોસ્તના હાથમાં મુકી. એ વખતે તે એટલુંજ બોલ્યો કે "કાલે ભાડું આપવાનું છે, તેને માટે આ નોટો બાંધી રાખીછ. પણ કાંઇ નહી, ભાડાંની વાત તેના વખતે થઇ રેહશે. કાલે ભાડું નહી ભર્યું તો ભર્યા વિના ચાલશે, પણ તું મારા જુના દોસ્તને એ નાણું આપ્યા વગર નહી ચાલશે."

દારાશાએ આ લેહણાના બદલામાં રસીટ લખી આપવા માગી, પણ દાદીબાને પોતાના દોસ્તના ઇમાનદાર શખ્સ ઉપર એટલો વિશ્વાસ હતો કે તેણે કશી ચીઠી લીધા વગર આ પૈસાની રકમ ખુશીથી પોતાના હાથમાંથી જવા દીધી.

પ્રકરણ ૧૦ મું.

ગરીબાઈના પાઠ.

અલબતાં દાદીબા ડાકટર જેવા એક ગરીબ દોસ્તનું આ કરજ જમસુએ લાચારીથી કબૂલ કીધું. લાચારી એટલાજ માટે કે દાદીબા બીજાઓને પૈસા ધીરી શકે એવો પૈસાદાર નહી હતો અને તેવા એક દોસ્તના પૈસા કહડાવતાં બિચારા જમસુને ખરેખર નામોશી ઉપજી હતી. જે નાણું એક માતબર સગી માસીએ કાહડી આપવાને ના પાડેલું તે એક પરાયા પણ ગરીબડા દોસ્તે કેવી ખુશીથી બક્ષ્યું તે માતબરો અને ગરીબો વચેના દિલગુરદાનો આ પાઠ જે તે આજે શિખ્યોછે, તે કદી વિસરે એવો નથી.

પણ હજીબી દાદીબાએ પોતાના દોસ્તને એટલીજ મેહરબાનગીથી જવા દીધો નહી. તેને પોતાની સાથે જમવા બેસાડયો અને જમતાં જમતાં તેની આ માઠી દશા કેમ થઇ તેનો સઘળો હેવાલ પેહલેથી છેલે સુધી સાંભળી લીધો. સ્કુલ છોડયા પછી દાદીબાએ જે વર્ષ વૈદાંની કાલેજમાં પસાર કીધાં, તે વર્ષો તેના આ દોસ્તે કેવી કંગાલિયત સાથ ધંધાની શોધમાં ગુજાર્યાં, અને તોપણ વચગાળે તેનો કાંઇક સારો વખત શરૂ થયો તેટલામાં મિસિસ સાવકશાની સ્કુલમાં એક ખજુરિયાની ખટલી નામની જોબનવંત નાજનીન શિક્ષકના પવિત્ર પ્યારમાં લપટાઇને તેની સાથ પોતાની ગુંજાસ વગર છુપ્યાં લગ્ન કરી તેણે જે થોડું ઘણું એકઠું કરેલું હતું તે સંસારની ખર્ચાલી મોજમઝામાં કેવું ખોહી દીધું, તે સઘળું આ આભારી જુવાને કશું છુપાવ્યા વગર, કશી સહરાગાત વગર વિગતથી કહી સંભળાવ્યું.

"અં હ! મારા પાકા ઠગ ભાઇ," સઘળો હેવાલ સાંભળીને દાદીબા હસ્યો, "દારાશા દોલીદાદીનાનું નામ મેં બે ચાર મોહડે સાંભળ્યું તું ખરૂં, પણ મને ખબર નહી હતી કે તેતો મારો જુનો દોસ્ત જસાવાળાનો જમસુ હતો. ત્યારે હવેથી હું તુને જમસુ કહું કે દારાશા કહું?"

"તમારે ગમે તે નામથી મને બોલાવો, તોપણ હું જે હતો તેજ છું."

"જમસુ, મને તો તે અસલ જમસુ નામ વધારે વ્હાલું લાગેછ." દાદીબાએ વાતનું સેવટ આણ્યું "જમસુ, ખોદા તારો નેઘેહબાન થાય અને તારા સંસારની મંજલમાં બિછાવેલા કાંટાની જગ્યાએ આખે રસ્તે ખોદા તુને ફુલો બિછાવી આપે."

"દાદીબા, હાલ મારૂં બધું દુઃખ મારી બેઠાબેકાર બેરોજગારીનું છે," જમસુ અધિરાઇથી બોલ્યો. "અગરજો મારાં ખભાંની મેહનતથી હું પાંચ પૈસા પેદા કરી શકું, એવી હાલતમાં તમે મને મુકી આપો, હું મારૂં પેટ પુરૂં પેદા કરૂં એવું મને તમે કાંઇ કામ મેળવી આપો, તો આજની તમારી આ બક્ષેશના કરતાં હું તે વધારે કીમતી બક્ષેશ માનીશ. હું એમજ સમજીશ કે તમે મને આ પચાસ રૂપીયા નથી આપ્યા, પણ મારી જીંદગીમાં બીજાં પચાસ વર્ષ તમે વધારી

આપ્યાં હોય એવો તમારો આભાર હું તે સમજીશ."

બીચારો દાદીબા એક ગરીબ માણસ પોતાના આ બેરોજગાર દોસ્તને કમાવા સરખું ક્યાંથી પેદા કરી આપે? તોપણ તેણે તેને કાંઇ ચાકરી મેળવી આપવા સારૂં બનતી તજવીજ કરવાની કબૂલાત આપી ને તેને બીજે દાહડે પાછો આવવા કહ્યું.

અને હવે આ બેહુ જુવાનો પોતાની જુની દોસ્તીને ઘાડા પ્રેમની ગાંઠથી તાજી કરીને છુટા પડયા.

તે આગળા સ્કુલના દિવસો ઉપર દાદીબા જેટલો પોતાના દોસ્ત જમસુને માટે મગરૂર હતો, તેટલોજ તેને આજે ફેરવાયલી હાલતમાં જોઇને મગરૂર રહ્યો. ત્યારપછીના જમાનામાં તે ગરીબાઇનાં સંકટથી ભીખ્યારીની હાલતમાં વેવલાં વીણેછે, તે છતાં તેની જાતી મરદાનગીના ભલા ગુણો જેવાને તેવાજ રહેલાછે, ગરીબાઇ તો તેને એક શિક્ષકપેરે કામ લાગીછે, ગરીબાઇએ તેનાં દિલના ખબરાયલા ખાંચાઓને નરમાસનું "પાલિસ" લગાડીને તેની ખોડખાપણોને નરમ અને સુવાલી બનાવીછે અને તેની ચાલાકીનાં જાતી ગહવેરને ગરીબાઇએ તો ઘસીને વધારે ચલકતું બનાવ્યું છે.

જાણેકે પોતાને એક મોટી દોલત હાથ લાગી હોય એટલી ઉલટમંદ ઉમેદભરીથી જમસુ પોતાને ઘેર ગયો. તે આજે રાત્રે ઘેરથી નિકળ્યો હતો ત્યારે નાઉમેદીથી નાચાર થયલો હતો, પણ તે પાછો ફર્યો ત્યારે એક બાગોબાહાર પેઠે ખીલતી ઉમેદોથી તેનું દિલ બાગ બાગ થઇ રહ્યું હતું.

તેણે પોતાથી ઉતરતાં ખાનદાનના એક ગરીબ માણસ કને પૈસા કહડાવ્યાછે, અને તોંપણ તેના જીવને નીચું લાગ્યું નથી. જે મુગો, મેહનતુ માણસ, એક એકાંત ઓરડામાં વહીત્રું કરીને પોતાનું પેટ ભરેછે, તે ગરીબ માણસથી આજે દારાશા એક ઉમદા ધડો શિખી આવ્યોછે. તે ગરીબ માણસને જીંદગીની મંજલ ભારી પડતી નથી, તો દારાશા સરખા એક ખાનદાની અને આગળા પૈસાદાર જુવાનને તે શામારે ભારી પડવી જોઇયે? જે દુનિયાં એક ગરીબડા લંગડાને કામ આપી શકેછે તે દુનિયા દારાશા જેવા એક તનદરોસ્તને હલાલ મેહનત અને હલાલ મેહનતના પૈસા કેમ ના પાડી શકશે? દારાશા શિખ્યોછે કે તેણે જીંદગીની મુસાફરી ખોટે છેડેથી શરૂ કરીછે—જો તેણે દુનિયામાં ફાવવું હોય તો શોભણુ શાભણનાં કામ ધંધાને બદલે ખડતલ મેહનત મજુરીથી દુનિયાની વેઠ શરૂ કરવી જોઇયે.

"મારી ખટલી દરિયાઇ સફર ખમવા જેટલી પાછી તનદરોસ્ત થશે તેવીજ હું એને લઇને અમેરીકા યા આસ્ત્રેલિયા ભણી નિકળી જઇશ અને ત્યાંના મોટાં ખેત્રોમાં ગાદરાં ચરાવનારા એક અજાણ્યા ભરવાડના ધંધાથી જીંદગી નવેસરથી શરૂ કરીશ."

આવી રીતે પોતાનું મન પાકું કરી તથા પોતાંના જીવને રિજવી રમાડીને દારાશા પોતાને ઘેર પાછો ફર્યો. તેની બાયડી, જે ઘેરથી ભારી દિલે તેને એકાએક ગુસ્સામાં જતો જોવાથી હજીસુધી બ્હીક અને બળાપાની ભરેલી તેની રાહ જોતી હતી, તે તેનાં તે "ભારી દિલ" ને "હલકુ" કરીને હસમુખ્યા સ્વભાવથી હમેશની માફક હસ્તો બોલતો આવેલો જોઇને ખુશી થઇ. પોતાના વરનો ખુશ સ્વભાવ અને હસ્તો ચેહરો તેને જાણેકે કેહતો હતો કે તે ઘેરથી જે ગુસામાં ગયો હતો, તે ગુસો હવે તે ભૂલી ગયોછે અને હવે કાંઇ ઓરજ ઉલટના રંગમાં તે પાછો આવ્યોછે. માટે ખટલી જે પોતાના રાબેતા મુજબ અંદેશા ભર પોતાની ભાગેલી ખુરસી ઉપર માથું ટેકીને હીચકા ખાતી હતી, તે દારાશાનાં પાછો ફરવાનાં પગળાં સાંભળીને ઉલટભર ઉઠી અને તેને ગળે વળગીને હર્ષભર્યો આવકાર દેવા લાગી.

"કેમ દારા ડીયર, પૈસા મળ્યા?" તેણીએ આતુરતાથી પુછ્યું.

"હા. જાન. મારાં બધાં સગાંવ્હાલાંઓમાંથી જેની મને આપવાની શક્તિજ નહી તેણે મને પૈસા ધીરયાછ. લે જીગર, આ રહ્યા તે" દારાશા પેલી નોટ પોતાની બાયડીના હાથમાં મુકીને બોલ્યો. "આ તુને જોઇતી પચાસની નોટ. હવે વધારે માગતી ના હો અને ઘણું સુધી ચલાવજે. કાંકે એ એક

નોટના કટકાની ખાતર મને ઘણું નીચું લાગ્યું છે."

"ત્યારે તો કોઇ જુવાં નેહસ્તીએ ફફડી બબડીને એ નોટ આપીછ?" ખટલીએ પુછ્યું.

"નહી, મારા જીગર. હું એ ખુશીથી આપે તેવા ખરા વ્હાલા પાસે માગવા ગયો, તે અગાઉ એ નહી આપે તેવાં એક ખોટાં વ્હાલાંએ કઠણ દિલથી ના પાડી હતી."

ખટલીએ આ નોટનાં નંબર વગેરે જોઇ તપાસીને તે પોતાના ખીસામાં મેળી, અને એટલામાં પોતાનો વર તેની ભાગેલી ખુરશી ઉપર બેઠો ત્યાં ખટલી પણ તેનાં પાસાંમાં જઇને બેઠી.

"કેમ? હવે ખુશી થઇ કે ખટલી?" વરે પુછ્યું.

"હા, દારા! તમે મારી ખાતર કેટલુંબધું ખમ્યું!" ખટલીએ સાદાં દિલથી હેશાન માન્યું.

અને તેજ ઘડીએ ઉઠીને ખટલી પોતાના વરની ભુખ તૃપ્ત કરવાની સજ્જાઇ કરવા પડી. "પણ તમે ભુખ્યા હશો, દારા, તમે રાત્રે ગયા ત્યારે કાંઇબી ખાધા વગર ચાલી ગયાતા. હજી ભાણું ઢાંકેલું તૈયાર છે, ને મેં તમારે સારૂં ચુહુલાપર ગરમને ગરમ રાખેલું છે."

ખટલીએ પોતાના ઓરડામાં એક કેરોસિન તેલનો ચુહલો રાખેલો હતો, ત્યાં ખાનુ ગરમ કરવા ઢાંકી મુકેલું હતું તે ઉઘાડવા ગઇ.

"કાંઇ નહી, કાંઇ નહી, ખટલી મારી જાની, તું એટલી તકલીફ ના લે. હું ભુખો નથી. હું તો પેટ ભરીને જમી આવ્યોછ." તેણે ખટલીને ખુશ ખબર કહી. "જે ઠેકાણેથી મને પચાસની નોટ મળીછ, તે ઠેકાણું મને ભુખો ને પ્યાસો પાછો વાળે નહી."

અને તે કયાં જમ્યો તથા આ પચાસની રકમ કયાંથી લાવ્યો, તે વિષે પોતાની બાયડીના સવાલના જવાબોમાં દારાશાએ સઘળો હેવાલ માંડીને કહી સંભળાવ્યો. લંગડા દાદીબા ડાકટરની સખાવત તેણે અલબતાં ખરી ઉલટથી કહી સંભળાવી અને દીનમાસી નામની તેની એક માતબર માસી હતી, કે જેને ત્યાંથી તેને નામુરાદી મળી હતી, તેનો હેવાલ પોતાની બાયડીને કેહવાની દારાશાએ જરા દરકાર પણ કીધી નહી.

ખટલીએ આ સઘળો હેવાલ ધ્યાનથી સાંભળ્યા કીધો. તે આ હેવાલની વચે એક બોલ બોલી નહી. તેના વરે સઘળી બીના તેને કહી નથી એવું તેને લાગ્યું ખરૂં, કાંકે પેહલાં તે પૈસાની શોધમાં એક ઠેકાણે નામુરાદ થવા વિષે બોલ્યો હતો તે બીનાની વિગતો તો તેણે કહીજ નથી, એ વાત ખટલી પોતાનાં મનમાંથી ભૂલી નહી. પણ તેનો ભર્તાર બોલવાપર આવે ત્યારે મુગો રેહ નહી એટલો બોલીદરાજ હતો, માટે ખટલીએ મુગી મુગી બેસી રહી સઘળું સાંભળ્યાજ કીધું.

દારાશા દોલીદાદીના કહો યા જસાવાળાનો જમસુ કહો, પણ તેને પોતાના જુના દોસ્ત દાદીબાની આજે થયલી શોધ અને ઓળખ વિષે આખી રાત કાંઇ ચટાપટી લાગ્યા કીધી હતી. તે આજે ઘણો ખુશાલીમાં આવી ગયો તથા એકદમ બોલવા પડી ગયો તે આ શોધની અજાયબીમાંજ તેણે કીધું હતું. પોતાના એ દોસ્ત વિષેની બેચેનીથી તે જેટલો બકબકારો કરતો રહ્યો હતો, તેટલીજ ખટલી આજે શાંત અને ચૂપ રહી હતી. હમેશની અંદેશામંદ અને વિચારવંત ખટલી આજે કાંઇ વધારે વિચારમાં ડુબીને ગરકાવ ગયલી હતી, પણ તેથી તેના વરને નવાઇ જેવું કશું લાગ્યું નહી.

પ્રકરણ ૧૧ મું.

નોકરીની શોધ.

પોતે પોતાના આ જુના દોસ્તના ખ્યાલમાં એટલો તો ચકચુર બન્યો હતો કે બીજી સહવારે ઉંઘીને ઉઠીને ચા પાની કરતાંની વાર દારાશા બાહાર જવાનાં કપડાં પેહરીને એકદમ ઘેર છોડી ગયો. તે કયાં જાયછે અથવા એકાએક શું કરવા જાયછે તે તેણે પોતાની બાયડીને કશું કહ્યુંબી નહી અને તેમજ ખટલીએ તે સઘળું તેને પુછવાની કનવાર પણ કાંધી નહી.

દારાશા એકવાર ફરી મરઘાસેરીની બાહાર નિકળ્યો તેવો ઘોઘાના મોહલામાં દાદીબા લંગડાનાં ઘર તરફજ ચાલ્યો. તેની ધારણા એકવાર ફરી દાદીબાને મળવાની હતી, અને તેણે તેને કાંઇ કામ સુઝાડવાની કબૂલાત આપી તેને બીજે દાહડે બોલાવ્યો હતો, તે મુજબ કાંઇ કામ હોય તો તે પુછવા તે બીજી સહવારે તેને ઘેર ગયો.

માટે સહવારના પેહલા પ્રહરમાં હજી તો ડાકટર દાદીબા પોતાનાં દર્દી ગ્રાહકોથી પરવાર પામ્યો નહી તેટલામાં દારાશાએ તેની મુલાકાત લઇ તેને અચરત કર્યો. પોતે ગમે એવો કામમાં હોવા છતાં દાદીબાએ તેને મળવાથી ખુશી બતાવી અને તેના દોસ્તે એકદમ કાંઇ કામ હોય તે જાણવાની માગણી કીધી. "કાલે આપણ અચબુચ અને એકાએક મળ્યા અને તમે મેહરબાને મારા તરફ એક મુરબીના જેવી માયા બતાવી તેની ખુશાલી અને ઉલટથી 'મને આજે આખી રાત ઉંઘ નથી આવી, અને સહવારનું પોહર પડતાંમાંજ હું તમોને પાછો ક્યારે મળું તેની ઉતાવળમાં પડયો." એ દારાશાનો ખોલાસો હતો.

"તું આવ્યો તો ભલે આવ્યો દોસ્ત, જમસુ." દાદીબાએ પણ તેનાં આ આગમણ ઉપર નાખુશી નહી દેખાડી. "કાલ રાતની આપણી અચબુચ મુલાકાત ઉપર મને પણ તરેહવાર વિચારો આવ્યા કીધાછ."

અને હવે જમસુ એકદમ પોતાની મતલબ ઉપર આવી ગયો. તે એટલીજ કે કામ વગર આલસુ બેસી રેહતાં તે કંટાળી ગયો હતો, માટે દાદીબા તેને લાયકનું કાંઇ કામ બતાવે એટલીજ ઉમેદમાં તે આવ્યો હતો.

દાદીબા એ બાબતમાં પણ નાઉમેદ નહી હતો. પોતાના દોસ્તને લાયકનું કોઇ કામ દેખાડવાનો તેણે રાત્રીનોજ એક પલાન કરી રાખેલો હતો અને હવે સહવારે તે પાછો મળવાથી તેણે તે પલાન તેને કહી સંભળાવ્યો.

દાદીબાના એક કાકા પેસ્તનશાહ મુગાપારેખ નામના હતા. તેવણ એક મોટા વિલાતી વેપારીને ત્યાં મેનેજર હતા. તેવણની આફીસને અમેરીકા તથા આસ્ટ્રેલિયા ખાતે સારી આડતો હતી અને કેટલીક મોટી મોટી કંપનીઓ સાથ તે પેહડી વેહવાર ચલાવતી હતી. પેસ્તનશાહ મુગાપારેખની તે આફીસ ગ્રીન, વાહિટની કું૦ને નામે મશહુર હતી, કે જે પેહડી ખાતે ઘણાક માણસોની રોજી ચાલતી હતી. તે પેહડીના કારભારી દાખલ પેસ્તનશાહ મુગાપારેખ પોતાના ભત્રીજા દાદીબાને સારી નોકરીએ લગાડી શકત, પણ તેના લંગડા પગને લીધે તેવણ તેને પોતાની આફીસમાં રાખી શકયા નહી હતા અને તેને વૈદું શિખવાને જવા દીધો હતો. પણ અગર તેવણ દાદીબાને નહી તો તેના આ જુના દોસ્ત "દારાશા"ને પોતાની મોટી પેહડી ઉપર નોકરી આપી શકે એમ હતું માટે પોતાની એ ધારણા દાદીબાએ પોતાના દોસ્તને જાહેર કીધી, કે જે તેણે એકદમ કબૂલ રાખી.

જમસુનો આ જવાબ સાંભળતાંવારજ ડાકટર દાદીબા પોતાના કાકા ઉપર તાબડતોબ એક ચીઠી લખવા બેસી ગયો, તેમાં પોતાના આ જુના દોસ્તની કેળવણી, કામ કરવાની ચાલાકી, આબરૂદાર ચાલચલણ અને પ્રમાણીક સદગુણોની ઘણીક સિફારસ લખી કાહાડી, અને તેની નોકરીની ગરજ તથા ગરજને માટે તે બિચારા એક કૂલવાન પારસી ઉપર આવી પડેલી ગૂરીબાઇની ગીરદસીની ઘણીક દયામણી વિગત સાથે તેને બનતી તાકીદે કોઇ સારી નોકરી આપવાની મજબુત ભલામણ કીધી હતી. આ કાગળ લખીને દાદીબાએ પોતાના દોસ્તને આપ્યો અને તેને એકદમ રવાના કીધો. તે કાગળ લઇને આપણો દારાશા ઇંગ્રેજ બજારમાં ગ્રીન, વાહિટની આફીસે દોડયો. સહવારના ૯ વાગેલા હતા, સિપાઇઓએ આફીસ ઉંઘાડી હતી, પણ આફીસના સીનોરો અને શેઠ હજી આવવાના હતા, તેટલીવાર દારાશા ત્યાં બેસી રહ્યો. કલાક ૧૦ ને સુમારે પેસ્તનશાહ મુગાપારેખ આવી પોંહચ્યા તેને દારાશાએ નમીને સલામ કરી દાદીબાની ચીઠી પોંહચાડી. શેઠે ચીઠી વાંચીને તેને જરાવાર બેસવા કહ્યું અને પછી થોડીવારમાં પોતાના ઓરડામાં તેને પોતાની આગળ બોલાવ્યો.

શેઠ પેસ્તનશાહ મુગાપારેખ એક આબરૂદાર દેખાવના અને બુજર્ગ ગૃહસ્થ હતા, તેવણનો દેખાવજ આપણા "દારાશા"ને

ઉમેદ આપનારો હતો. મોટા મોટા હાઉસવાળાઓના વિશ્વાસુ પારસી દલાલો, કે જેઓનો આજે જમાનોજ વહી ગયલો લાગેછે અને જેઓ આજના વખતમાં ઘણા ઓછા થઇ ગયાછે, તે વર્ગનો આ એક બાકી રહી ગયલો શેઠિયો હતો. આગળ આપણા મોટા પારસી શેઠો સઘળા મોટા હાઉસવાળાઓનેજ ત્યાં વિશ્વાસુ અધિકાર ભોગવતા હતા, અને તેમાંજ દોલતમંદ થઇ ગયા હતા પણ ત્યાર પછી જુદી જુદી કંપનીઓ અને મિલોનાં થોબલાં ઉભાં કરીને તથા સટા પંજાની જુગારી રમતમાં ઝંકાવી દઇને આપણા એ પારસી શેઠો પોતાનો તે વેપારી ધંધો તથા પદ્દવી અને પૈસા ગુમાવી બેઠાછે. શેઠ પેસ્તનશાહ મુગાપારેખ તે આગળા વખતના શેઠિયાઓમાંના એક એવા હતા કે તેવણને જોવાથી આપણા દારાશાનું હૈયું ઘણું હડખાઇ ગયું હતું.

"આવો બા, બેસો, તમારૂં નામ શું ભાઇ?" તેને પોતાના ઓરડામાં બોલાવી તથા બેસાડીને પેસ્તનશાહ શેઠે તેની સાથ વાત ચલાવી.

"જી, મારૂં નામ દારાશા દોલીદાદીના."

"હં! દોલીદાદીનાં નામ તો કાંઇ મેં નવુંજ સાંભળ્યું તોપણ એ નામ દેખાયછ તો સારૂં ખાનદાની હોય તેવું. વારૂં, તમે મારા ભત્રીજા દાદીબાના દોસ્ત થાવોછ?"

"હાજી, હું દાદીબાનો ઘણો જુનો દોસ્ત છું."

"અને તેના દોસ્ત દાખલ હું તમોને મળવાથી ખુશી છું. મારો ભત્રીજો દાદીબા ઘણો સારો છોકરો છે, તેના ઉપર મને ઘણો વિશ્વાસ છે અને તેની ભલામણને હું ઘણો વજન આપુંછ. હું એમજ સમજુંછ કે મારો દાદીબા જેની ભલામણ કરે તે સારો માણસ હોવો જોઇયે. તમોને કેવી ચાકરી જોઇયેછ, ભાઇ?"

"મને જેબી કામ આપશો તે હું કરવાને શક્તિવાન છું, મુરબી." દારાશાએ નમ્રતાપુર્વક પોતાની અરજ ગુજારી.

"પણ તમે કાંઇ વેપારીની આફીસનું કામ કીધેલું છે?"

"કામ કીધેલું તો નથીજી, પણ હું કોઇ પણ કામને લાયકનો છું. ગમે તો મારી પાસે લખાવી જુવો, મને તપાસી જુવો, મારી પરીક્ષા લેવો સાહેબ."

શેઠ પેસ્તનશાહે તુર્તજ એક કાગળ કાહડીને દારાશાને લખવા બેસાડયો અને તેના અક્ષરનો નમુનો જોવા માગ્યો. તેણે ઘણી સંભાળથી થોડુંક લખી આપ્યું અને તોપણ હાથ ઠેરવી ઠેરવીને લખેછે એવું તેણે દેખાવા નહી દીધું, પણ જાણેકે પોતાની હંમેશની, રાબેતાની સરલતાથી લખી કાહાડયુંછે એમ દેખાડયું.

"અક્ષર તો મઝાના છે, ભાઇ." શેઠ પેસ્તનશાહે પોતાની પસંદગી બતાવી.

"એજ પ્રમાણે, સાહેબને ગમે તો મારી હિસાબમાં પરીક્ષા લેવો." દારાશાએ માગણી કીધી.

"નહી, મારે પરીક્ષા લેવાની જરૂર નથી. એ વિષે તમારો અને મારા દાદીબાનો શખુનજ બસ છે." એટલું કહી પેસ્તનશાહ શેઠે પોતાનો આફીસનો રાહઘાટ કહી સંભળાવ્યો. "જુવોની, ભાઇ, અમારે ત્યાં કલાર્કો ઘણા છે અને અમે નોકરી આપી આપીને કલાર્કનીજ આપી શકીયે છીયે. તમોને કલાર્કની જગ્યા પાળવશે ભાઇ?"

"હાજી, જેબી કલાર્કની જગ્યા હશે તે હું મોટા ઉપકાર સાથ કબૂલ રાખીશજી."

"પણ કોઇ કોઇ વખત અમે અમારા કલાર્કોને બાહારગામ ચીન કે આસ્ટ્રેલિયા મોકલીયેછ ત્યાં તમે જશો?"

"મોટી ખુશી સાથે, સાહેબ."

આ જવાબથી પેસ્તનશાહ ખુશી થઇ ગયા. બિચારો આ ગરીબ માણસ નોકરીનો કેટલો ગરજાઉ છે તે તેવણે તેના આ ખુલ્લા જવાબથી જોઇ લીધું. નોકરીના ઉમેદવારો તો તેવણ આગળ ઘણા આવી ગયાછે, પણ આવો જે કામ આપે તે કરનાર અને જયાં મોકલવા માંગે ત્યાં જનાર કોઇ તત્પર ઉમેદવાર તેવણને મળ્યો નથી.

દારાશાની આ તાબેદાર તત્પરતા અને તૈયારીથી પેસ્તનશાહ શેઠને લગાર શકમંદી ઉપજી. તેવણ એ ઉમેદવારનો ચેહરો શકની અજાયબ જેવી નજરે ટીકી ટીકીને જોવા લાગ્યા અને તેબી એટલીબધી કે "એ કાકા ટીકેછ

શું ?" તે વિષે આ ઉમેદવારને પોતાને કાંઈક બેચેની ઉપજી.

"તમે પરણેલા છો કે ના ?" આ એકજ સવાલથી તેવણનાં મનનો શક આપણા ઉમેદવારને જાહેર થઇ ગયો. પણ તે પરણેલો છે તે જાણેકે કાંઇ ગુનાહ કીધો હોય તેવી રીતે ભરમમાં તેને પુછવાનું તેને ગમ્યું નહી.

આ સવાલથી તો દારાશાને વધારે બેચેની ઉપજી. જો વધારે વિગતથી પુછશે—ક્યાં પરણેલોછે ? કોણુને પરણેલોછે ? બાયડી કોણુની દીકરી છે ? તો શો જવાબ દેશે તેના ગભરાટથી તે વધારે મુંજાતો ઉભો રહ્યો.

"હું પુછુંછ કે તમે પરણેલાછો કે દારાશા?" તેની આ ચુપકીદી ઉપરથી લગાર અજબ થઇ પેસ્તનશાહ શેઠે એજ સવાલ પાછો ભાર મુકીને પુછ્યો.

"જી. હાજી," દારાશાએ એકદમ હા કહી. "મને માફ કરજો સાહેબ. મેં બરાબર સાંભળ્યુંતું નહી, તેથી જવાબ દીધો નહીજી."

અને એ પછી પેસ્તનશાહ બીજો એકબી સવાલ વધુ પુછે તે અગાઉ દારાશાએજ તેને પુછીને વાત બદલી નાખી. "સાહેબ, હું પરણેલો છું કે નહી તેની સાથ મારી નોકરીને શું કામ છે ?"

"નહી, મેં એટલાજ વાસ્તે પુછ્યું કે અમારા પરણેલા કલાર્કો બૈરી છોકરાંને મુકીને બાહારગામ જવાની આનાકાની કરેછ."

"સાહેબ મને બૈરી છે, પણ છોકરાં નથી, અને છોકરાં હોય તોબી મને જ્યાંબી મોકલશો ત્યાં જવાને હું ના પાડવાનો નથી."

"ત્યારે તો સારૂં. હું તમોને નોકરી આપવાને ખુશી થઇશ." પેસ્તનશાહ શેઠે હાનો, પણ થંડો જવાબ દીધો. "હમણા તો મારે ત્યાં ખાલી જગ્યા એક નથી, પણ થોડા વખતમાં ખાલી પડશે, ત્યારે હું તમારી ઉમેદવારીને યાદ રાખીશ, મી૦ દારાશા."

"મી૦ દારાશા" ને આ થંડો જવાબ તેની સઘળી તિક્ષણ લાગણીને તાહડો પાડી નાખનારો લાગ્યો. હમણા તો જગ્યા કાંઇ નથી—એટલે તેની હાલની હાજતને માટે એ કશો સધ્યારો નથી—તોપણ તેની એ હાલત ચાલુ રેહવાની નથી એટલી ધીરજ મળીછે. થોડા વખતમાં તેને નોકરી મળવાની વકી છે, એબી ગણીમત છે.

"અગરજો સાહેબ મને કેથે બાહારગામ મોકલી શકો તો તે મને ઘણું ગમતું ને માફક આવતું થશે." તેણે સુચવવાની હિમત કીધી.

"બાહારગામ જવાનોબી પેહલો હક તો જેઓ આફીસમાં અગાઉના રહેલાછે, તેઓનો છે." શેઠે સમજણ પાડી. "પણ ઘણી વાર માણસોને બાહારગામ મોકલવા કાહાડીયેછ, ત્યારે તેઓને અડચણ હોયછ અને તેઓ જવાને ના પાડેછ. તેમ હશે તો હું તમોને ભુલીશ નહી. અથવા જો કોઇ આફીસનું માણસ બાહારગામ જશે તો તેની જે જગ્યા ખાલી થશે તે હું તમોને આપીશ. અને પછી એજ પ્રમાણે બાહારગામ જવાનો આફીસના માણસોમાંથી તમારો વારો આવશે. હું તમોને પેહલી તકે ચીઠી લખીને જણાવીશ."

આ કાંઇ ઘાણું નથી. જે જવાબ નોકરીના ઉમેદવારોને હમેશ સાધારણ રીતે મળેછે, તેમાંનો એ હવે પછીના હવાલાનો હવાઇ જવાબ છે. તોપણ કેટલેક ઠેકાણેથી ચોખ્ખી "ના" નો જવાબ લઇ પાછું ફરવું પડેછે, તેના કરતાં તો શેઠ પેસ્તનશાહ મુગાપારેખનો આ જવાબ કાંઇ જરારતી ભલો છે.

આવી રીતે સધ્યારો પામતો દારાશા, ઈંગ્રેજ બજારમાંથી પારસી બજાર તરફ પાછો ફર્યો અને દાદાભાઇ વાડિયાનાં ઘરપરથી તેણે મરઘા સેરીનાં પોતાનાં ઘરનું પાછું હેરિયું લીધું.

પ્રકરણ ૧૨ મું.

ખોહવાયલી ખટલી.

તે પોતાને ઘેર પોતાની ખટલીને આ ખુશખબરી કેહવાની આશાભર ઉલટમાં ગયો. એક દાહડે પૈસાની તો બીજે દાહડે નોકરીની શોધમાં તે નિકળ્યો અને બેહુ શોધમાં પોતે કેટલી ફતેહ પામ્યોછે, તે પોતાની સુખ દુઃખની સાથી અને ભાગિયણને કેહવા વગર જાણેકે

તે વાતનો ભાર તેનાં જીગરને ફાડી નાખે એમ તેની છાતીપર ભાર લાગ્યા કીધો.

ખટલી પોતાનાં ઘેરમાં પોતાના ભર્તારની કેવી રાહ જોયા કરતી હશે, તેને કશું કહ્યા બોલ્યા વગર એકદમ તેને છોડી આવ્યાથી બિચારી કેવા વિચારમાં પડી હશે તેની યાદ દારાશાનાં દિલને ભડકાવનારી હતી. પણ હવે તે કાંઇ સીવવા ભરવા કે ગુંથવાનું કામ લઇ બેઠી હશે તેટલામાં તેને જઇ મળવાની અને પોતાની આજની ઊમતનું પરિણામ કેહવાની તેને ઘણી ઉલટ હતી.

પણ ઘરમાં જઇને દારાશા શું જોયછે?

તેનો માળા ઉપરનો ઓરડો તો તેની ધણીયાણી વગર ખાલી હતો.

આખો ઓરડો વસ્તી વગરનો ઉજડ વેરાણ સરખો હતો.

ખટલી પોતાની ખુરસી ઉપર સીવવા, ગુંથવા કે ભરવા બેઠેલી નહી હતી. તેની ખુરસી તેના વગર ખાલી પડેલી હતી. કદાચ આરામને માટે કોચપર લેટેલી હોય, પણ નહી, પડદો ખિસાડીને જોયું તો તે બિછાણું પણ ખાલી પડેલું હતું. અને સહવારના ગુલી ગોરાણીનો ચાકર કાસમ અરેસ્તા પ્રમાણે બિછાણું ઝાટકી પખોડીને જેવું બિછાવી ગયો હતો, તેવુંને તેવુંજ સાફ અને સ્વચ્છ, જરાબી ખોલાયા વગરનું તે ખાલી બિછાણું હતું.

કેરોસિન તેલનો ગુલો, જેને અત્યારે તો ખટલી હંમેશ કાંઇ ને કાંઇ કામ સારૂં જાગૃત રાખતી હતી તે પણ બુજાઇ ગયલો હતો. સઘળી ઇધાણી ખટલીનાં કેથે બાહાર જવાની હતી. તે પોતાના ભર્તારને પુછયા વગર બાહાર જાય એવી નહી હતી, અને સાંજે ફરવા જતી તે સિવાએ દિવસના બીજા કોઇબી વખતે બાહાર જવાનો ખટલીનો ધારો નહી હતો. પણ તે આજે ઘેરમાં નથી એતો ચોકસ હતું.

કદાચ ભાંયતલીયે ગુલી ગોરાણીને ત્યાં ગઇ હોય, એમ સમજીને તેનો વર પોતાની ખાલી નિશરાણી સરખો ઉભો દાદરો ઉતરીને પાછો હેઠલ ગયો અને ગુલી ગોરાણીને હાંક મારી પુછવા લાગ્યો.

"ઘેરવાળાં, મારી ખટલીને તમે કાંઇ જોઇછ? તમારાં ઘેરમાં છે?"

"નહીજી, તેહોણ મારે તોંહ નથી. તેહોણ તો કેથેં બાહાર શિધાવ્યોછ." ગુલી ગોરાણીએ પોતાની નોશાકરી બોલીમાં જવાબ દીધો.

"બાહાર? બાહાર કયાં?" દારાશાએ અચરત થઇને પુછયું.

"કોંહ તેતો જી, કાણ જાણે? પણ કેથેં ગયોંછ તો ખરોં."

"તમે ખટલીને જતી જોઇતી?" દારાશાએ પાછું પુછયું.

"અરે હારેજી!" ગોરાણીએ ખાતરી આપી. "અરે હારે જી, મેં તેહોણને મારી નજરો નજર જતાં જોયોંતોં રેજી."

"કયારે? ખટલી કેટલીક વારની ગઇછ?" દારાશાએ પરપુછ ચાલુજ રાખી.

"કલાકેક થાયોં હોશેજી.

"એક કલાક થયો ગઇછ!" દારાશા અચરતી સાથ વિચારવા લાગ્યો. "બજારમાં કાંઇ ચીજ લેવા ગઇ હશે, પણ તેનેબી એક કલાકની વાર કેમ લાગે?" અડધા કલાકમાં પાછી આવવી જોઇયે."

"વારૂં ઘેરવાળાં, ખટલી કાંઇ કહીને ગઇ કે? તમે તેને જતી વખતે કાંઇ પુછયું હશેની."

"નહી રે જી! મને શોં ગરજ કે હું પુછું?" ગુલી ગોરાણીએ પોતાનું નફિકરાપણું જણાવ્યું. "તેહોણ કોંહ જાયછ ને કોંહ નહી, તે કોઇનેબી પણ પુછવાની મને શોં જરૂર?"

"પણ તેહોણ તો સાથે એક પેટી લઇને ગીયોંતો જી."ગુલી ગોરાણીએ નવી ખબર ઉમેરી.

"પેટી? પેટી શાની?" દારાશાએ હેબતથી ફાળ ખાઇ પુછયું,

"જી. કોંઇ કપડોંની પેટી હોય તેવી મને તો લાગતીતી." ગુલી ગોરાણીએ તે પેટી ઓળખાવી. "આપણે ગોંમ જાઇયેછ, ત્યારે, કપડાંની પેટી લેતોં જાઇયેછનીજી, તેવી પેટી તો ઉતી. હું મકોંજે હોશે, કોંઇ કોંમે જાતાં હોશે."

"કાંઇ સામાન લાવવાનો હોય તે મુકવા સારૂં કપડાંની પેટી લીધી હશે." દારાશાએ અટકળ બાંધી. "પણ બિચારીથી એટલો ભાર ઉંચકાય શું કે ઉંચકી લાવે?"

આટલી પરપુછ કરીને દારાશા પાછો પોતાના માળા ઉપર ગયો અને ખટલીની આતુરતાથી રાહ જોવા લાગ્યો.

બાયડીની ગેરહાજરીમાં તે એકલે હાથે થોડું ઘણું કામ કરવા મંડયો. કેરોસિન તેલનો સુહુલો ઉંચકીને જોયું તો તે હલકો જણાયો, તેમાંનું તેલ સઘળું ખપી ગયું હતું અને તેલનો ડબ્બો ખાલી હતો તે પાછો ભરવાનો હતો. દારાશાને સુહલામાં તેલ ભરતાં આવડતું નહી હતું, અને તે ભરતાં ભરતાં પોતાના હાથ અને કપડાં તેલે કરીને લપેટી નાખ્યાં.

આ કામ કરતાં દારાશા કંટાળી ગયો અને પોતાની બાયડીની ગેરહાજરી થકી વિશેષ કંટાળી ગયો, પણ ખીજવાયો અથવા ગુસે નહી થયો. કેથે કામે ગઇ હશે, તો હમણા પાછી આવશે એવા ભરૂસા ઉપર તે ખટલીની રાહ માત્ર જોતો બેઠો. પણ ગુલી ગોરાણીને પુછયું ત્યારે એક કલાક અગાઉની તે ગયલી હતી અને ત્યાર પછી બીજો અડધો કલાક નિકળી ગયો તોપણ તે હજી પાછી આવી કેમ નહી તેના વિચારમાં પડી ગયો.

દારાશાને ખટલીની સંગત વગર એક ઘડીબી ચાલે એવો તેનો જીવ નહી હતો. તેને ખટલી વગરનો આ અડધો કલાક અડધા દાહડા જેટલો લાંબો લાગ્યો. પણ, અડધા કલાકે શું બલકે અડધો દાહડો જવા છતાં ખટલી તો પાછી આવી નહી. તે ઘરમાંથી ગઇ તે જાણેકે સેવટ ,નીજ ગઇ હોય એવું દારાશાને તો લાગ્યું.

બપોરના એક વાગતે ગુલી ગોરાણી બપોરનું ખાંનું લઇ આવી. તે ભાણું લાવી ત્યારે બિચારા દારાસાને બાયડી વગર એકલો ઝુરતો જોઇ ઘણી અજબ થઇ.

"કોંપજી ? હજી બાઇ નહી આવ્યોં ? બોલાય ? કોંહ ગયોં હોશે ? બિચારા મોંટિડો એકલોં બેસીને દુશમેન ઝુરચોં કરેછ, ને બાઇ કાણું જાણે જે કોંહ ફરતોં હોશે !"

પોતાની ઘેરવાળીની આ દયાળુ દિલસોજીના ઉત્તરમાં દારાશા એક બોલ બોલ્યો નહી, પણ મુગો મુગો દિલગીર દેખાવમાં બેસી રહ્યો. ખચીત ખટલીની આ ઓચિંતી ગેરહાજરીથી તેને કાંઇ ખેદ, કાંઇ બળાપો થયો હતો, તોપણ તે વ્હાલી પ્રિયા તરફનો તેનો વેહતો પ્યાર ઘણા જોસથી તેની છાતીમાં ઉભરી નિકળ્યો હતો, અને પોતાની જે અર્ધાંગ્નાંનો ટુંકો પરણેલો સંસાર એવા એક મુફલેશ વરને લીધે દુખી થયોછે, જે બાયડી પોતાની આવતી સુવાવડનો સંકટવાણ જોખમ સંતોષ અને સબુરીથી સહણ કરેછે તેની આજની અચબુચ ગેરહાજરી તરફ તેણે ઘણી દરગુજરની નજરે જોયા કીધું.

પણ વાટ જોતાં જોતાં તો વખત વહી ગયો અને ખટલી તો જાણેકે ખોહવાઇ ગઇ હોય તેમ પાછી આવીજ નહી. બપોરની તો સાંજ પડી અને ગુલી ગોરાણી પોતાનાં વાસણ માંજી સાફ કરવા વગર અટકી પડી. તેણે "બે બુકા જમવાની" બોહસ કીધાથી દારાશાએ સેજ સાજ જમી લઇને સઘળાં વાસણ તેને પાછાં આપ્યાં, તોપણ ખટલી આવે તેને માટે થોડું ખાનું ઢાંકી રાખવાની અરજ કીધી.

ગુલી ગોરાણીએ ખાનું ઢાંકી રાખ્યું ખરૂં, પણ તે ખાવાને ખટલી તો આવી નહી.

એમ કરતાં સાંજ પડી. ચાનો વખત થયો અને ગુલી ગોરાણી સરેસ્તા પ્રમાણે ચા લાવી.

હવે પોતાની ખટલીને ખોહવા માટે દારાશા બેચેન બન્યો. પણ સાંજ સુધી તે પાછી નહી આવવાથી તે કયાં ગઇ તે વિષે હવે તે ફિકરમંદ થયો ખરો. તરસે ગળું સુકાઇ જવાથી, ચા થંડી પડવા આગમચ તે ચમચી ચમચીએ ચાખતાં ચાખતાં તે ઓરડાની આસપાસ બારીક નજર કરવા લાગ્યો અને તેની ખટલીના ઉદ્યોગની ઇંધાણીઓ ઓરડામાંના દરએક સરસામાન ઉપર પહેલી તે યાદ કરવા લાગ્યો.

"ઓરડો ખરાબ તો નથી હો" તે વિચાર કરવા બેઠો. "પાસે પૈસા હોય તો સુખચેનથી આરામ કરવા માટે એ ઓરડો ઘણી ધણીયાણીનાં એક જોડાંને માટે નાનો પણ નથી. ખોદા છે. મેસ્પર્સ ગ્રીન વાહીટની આફીસમાં મહીને દાહડે પચાસેક રૂપીયાને પગારે લાગ્યા પછી એજ ઓરડામાં હું મારી ખટલી સાથે સુખ ભોગવી શકીશ. ખટલી આવશે ત્યારે આજની મારી આ હકીકતથી કેવી ખુશી થશે."

પણ "ખટલી આવશે ત્યારે" એ શરત પાર પડે તો કની ? તે પાર તો પડી નહી, સાંજના પાંચ વાગ્યા પછી, સૂર્યાસ્ત થયો અને અંધારૂં થવા આવ્યું, દીવા કરવાનો

વખત થયો, પણ ખટલી વગર દારાશાનો આખો દાહડો પસાર થયો તેમ સાંજબી પસાર થઇ.

મોડી સાંજે ગુલી ગોરાણીનો ચાકર કાસમ રોજના ધારા પ્રમાણે બિછાણું પાંથરવા આવ્યો. ગુલી ગોરાણી "બાઇ હજી પાછાં નહી ફરયાં." તે ઉપર અચરતી બતાવીને જવા પછી, ચાકરનો પોસ્યો બિછાણાનાં તકિયા ઉંચકીને ચાદર પખોડવા ગયો તેવોજ તકિયાની તલેથી એક કાગળ ઉડીને ભોંયપર પડયો અને તેવોને તેવો તે જોતાં વારજ દારાશાએ ઉંચકી લીધો.

"એક કાગળ! ઓ ખોદા!" તે પોતાનાં મન સાથ અચરત થયો. તે કાગળ તો ખટલીને હાથનો લખેલો હતો. તેના પ્યારા અક્ષર તેના વરે તુર્તજ ઓળખ્યા અને તે તુર્ત પામી ગયો કે તેની બાયડી ગઇછે, તે આ કાગળ લખીને ગઇછે. તેણે ધ્રુજતા હાથે તે કાગળ ઉકેલીને વાંચ્યો—

"મારા દિલજાની દારા,

છેલા કેટલાક મહીનામાં આપણે જે કંગાલિયત ભોગવીછે, તેથી મારી આંખ ઉઘડીછે અને હું જોવા શિખીછું કે આપણે પરણ્યાં તેમાં આપણ બેહુએ ભૂલ કીધીછે, અને જો આપણ કદી મળ્યાંજ નહી હતે અથવા જો મળ્યાં તો આપણાં ગુજરાણનું કાંઇ સાધન નકી થાય ત્યાંસુધી આપણ પરણવાને માટે થોભ્યાં હતે તો આપણ બેહુના હકમાં બેહતર થતે. હું આપણા સંસારમાં તમોને શા કામની છું? તમારે માથે હું એક બોજો પડીછું, અને બોજા સિવાએ બીજા કશા ખપની નથી. તમો નોકરી ધંધા વગર રખડતી હાલતમાં ફરોછો, તે પણ મારે લીધેજ છે, કાંકે તમોને એકલા તમારા જીવને બદલે મારી સાથે બે જીવ સંભાળવા પડેછે, અને મારા વગર તમે એક નાના પગારની હલકી નોકરી, જે તમે લઇ શકત તે મારે લીધે તમોને ના પાડવી પડેછે. અને હું જો પરણેલી નહી હતે તો છોકરાં ભણાવવાના મારા ધંધાના કંટાળા ઉપર પાછી રોકાઇ હતે, અને કંગાળ ગરીબાઇના આ ચમટામાંથી હું બચી ગઇ હતે. સંસાર ગુજારવાની આપણી ચાલુ જંજાલથી હું થાકીને કંટાલી ગઇછું અને એ જીંદગીનો હું એક એવાં કામથી અંત લાવવા માગુંછું કે જે કદાચ તમોને નાપસંદ થશે, પણ જેનાં સેવટમાં તમે સુખીજ થશો એમ જયારે હું કહુંછું, ત્યારે મારા વ્હાલા દારા, મને કઠણ દિલની સમજતા ના. જે બાયડીનું ગુજરાણ ચલાવવું તમોને ઘણું ભારી પડયુંછે, તેવી બાયડીના બોજામાંથી હું તમોને છુટા કરી જાઉંછું. તમે આપણા દુખી સુંસારની કદી ફરિયાદ કીધી નથી—તમે કદી મને એક બોજા સમાન ગણી નથી અથવા હું પરણીને તમારે માથે પડીછું એવો તમે કદી એક હરફ કાહાડયો નથી. પણ તમારી નાચારી અને નામુરાદી મેં ઘણી વાર તમારા દુખી ચેહરામાં વાંચીછે અને એ તમારી લાચારી, જે ચેહરા ઉપર તો માત્ર બાહારથીજ દેખાયછે, તે ખરેખર છેક તમારાં દિલમાં ભિતર સુધી પેવસ્ત થયલી મેં જોઇછે. એ તમારૂં સઘળું સંકટ મારે લીધે છે. હું જો નહી હોવું તો તમે એટલું બધું દુ:ખ વેઠો નહી. માટે હું તમોને છોડી જાવુંછું. મારા વગર તમે આ દુનિયાં નવેસરથી શરૂ કરીને એકલા જીવસે સુખી થશો. તમારીથી જુદી રેહવા પછી મિસિસ દારાશા દોલીદાદીના દાખલ જે આબાદાની હું કદી ભોગવી નહી શકીશ, તે મિસ ખટલી દાખલ હું કદાચ ભોગવી શકીશ. અગરજો મારૂં નસીબ ફરશે અને હું કાંઇ સુખના દાહડા પાછા જોવા પામીશ તો હું તમોને ફરીથી લખીશ અને આપણ પાછાં મળીશું. મારી આ જુદાઇમાં હું તમોને તજી જાવુંછું એમ સમજતા ના. અને ઘડીભર તમોને તજી જનાર દાખલની એક ઘાતકી બાયડી મને ગણવાનો તમે ગેરઇનસાફ વટીક કરો, તોપણ તમારી ગમે એટલી નાખુશી વચે યાદ રાખજો કે જેમ તમારી સાથનાં જોડાણમાં તેમજ મારી આ જુદાઇમાં હું સદાકાળ ને હમેંશ સુધી તમારીને તમારીજ એકલી, સાચી અને વફાદાર બાયડી દાખલ રહીશ.

લા૦ તમારી પ્રિય **ખટલી.**"

આ કાગળ વાંચીને બિચારો દુખિયારો દારાશા શું વિચારી શકે? પોતાનું મગજ ગુમાવીને તદન ઘેલો બન્યો હોય એવાં ફાટફાટ થતાં દેમાગથી તેણે આ કાગળ ફરીફરીથી વાંચ્યો અને તે વાંચતાં વાંચતાં તેનું આખું હાડ ધ્રુજવા લાગ્યું તથા તેમાંના છેલા શબ્દોએ તો તેની આંખ્યોમાંથી આંસુધારાનો રેલો ખેંચી કાહાડયો. આ કાગળમાં પેહલાં "હાલની જીંદગીનો અંત લાવનારાં એક કામ" એ બોલો વાંચીને તો દારાશાને એવું લાગ્યું કે જાણેકે તેની વ્હાલી ખટલી કાંઇ જીવપર કરવા ગઇ હશે. આ શબ્દોની સાથેજ તેની છાતીમાં મોટો ગભરાટ થઇ આવ્યો, પણ કાગળના પાછલા ભાગમાં ખટલી પોતાનું નસીબ અજમાવા અને પાછી મળ-

વાની આશા લખેછે તે ઉપરથી તેનો એ ગભરાટ શાંત થયો.

"ખટલી તો ગઇ, મને છોડી ગઇ" તે બોલ્યો, "પણ સદાની ગઇ નથી. તે મારી ગરીબીમાં પોતાને મારા ઉપરનો એક બોજો સમજીને તે બોજો દૂર કરવા ગઇછ. અને નસીબ અજમાવવા ગઇછ અને નસીબ ખુલશે ત્યારે પાછી આવવાનું કહીને ગઇછ. એ બિચારી ખરૂં, બોલેછ, મારી ગરીબાઇથી બિચારીએ ઘણું "ખમ્યુંછ, પણ કોણ જાણેછ કે એ ગરીબાઇનો તેણે આ ઉપાય લીધોછ તે કેવો નિવડશે? નાદાન છોકરીએ પગળું ભર્યુંછ તે લખેછ તો સેવટનું પણ તે ડાપણનું પગળું ભર્યું નથી. ભલા માણસે જરા ધીરજ ધરી હતે. મારી ગરીબાઇનો ઉપાય મેં આજેજ શોધી કાહાડયોછ. આજે મેં નોકરી શોધી કાહડી ત્યારે આજેજ તે કયાં ગઇ?"

બિચારા દારાશાનાં નસીબમાંથી તેની ખટલી ખોહવાઇ તો ખરી. અને હવે તે પાછી કયારે ને કેમ મળશે તે કોણ જાણેછે? તે આપણે હવે પછી જોવાનું છે.

પ્રકરણ ૧૩ મું.

ખટલીને ખોહવા ઊપર અનેક અંદેશાઓ.

ગુલી ગોરાણીનો ચાકર કાસમ બિછાણું બિછાવીને પાછો હેઠલ ગયો, તેણે બિછાણું પખોડતાં તકિયાની તળેથી જે કાગળની શોધ કીધી હતી, તે કાગળથી "દારાશા" ગમે એટલો અચરત થયો હતો અને તે કાગળ વાંચીને એ "શેઠ" ગમે એટલો વિચારના વમલમાં પડયો હતો, પણ કાસમને તેવું કશું લાગ્યું નહી. બિછાણાઓની તોલાઇ અને તકિયાની તળે કાગળો મુકવાની તો શેઠ લોકો અને બાઇ લોકોની સાધારણ ચાલ હોયછે, માટે આ પણ શેઠનું યા બાઇનુંજ કાંઇ મુકેલું કાગળ કાસમે ધાર્યું અને તે વાત ઉપર કશો વધુ વિચાર કીધા વિના તે હેઠલ ગયો.

પણ તેનાં શેઠનાં મનની હાલત આ નફિકરા ચાકર કરતાં જુદીજ હતી. તે તો આ કાગળ વાંચીને વિચારમાંજ નહી પણ મોટી ગમખારીમાં પડયો હતો. તેના ઉપર આ કાગળ તો એક મોટી સિતમગુજારીના ગજબ સરખો આવી પડયો.

તેની વ્હાલી બાયડી જતી રહી, તેને તેની ગરીબી હાલતમાં એકલો નાખીને ગઇ, તેને છુપ્યો પરણવાના મહાન વિશ્વાસ પછી ટુંક મુદતમાંજ તેના વિશ્વાસનો ઘાત કરીને એકાએક અને છુપાછુપ નાહસી ગઇ અને જે ગરીબીના વખતમાં તેની બોરડુએ બેસીને તેને સહાય થવી જોઇયે, તેવી ગરીબીનાં સંકટ તેને એકલો સહન કરતો મુકીને પોતે પોતાને માટે વધારે સુખના સારા વખતની શોધ કરવા ગઇ, પોતાને કાંઇ સુખ મળે તે માગવા અને તે સુખ એકલીજ ભોગવવા ગઇ, એ વાલના વિચારના ખેદથી તેનું તો ગોયા મગજ ભમી આવ્યું અને તે આફતના અગાધ સમુદ્રની ઉંડાઇએ ગોયા જઇ પડયો.

પોતાની બાયડીની આ વર્તણુક તેને ઘાતકી અને એકલપેટી લાગી. ખટલી તેને અણસમજુ અને ઉતાવળીજ નહી પણ નાકદર અને નાતરસ લાગી. પોતાની પાછળી ગરીબાઇનાં સઘળાં સંકટમાં, ભુખમરાનાં ગોયા મોહડાંમાંજ તેણે ખટલીને કદી પોતા ઉપર એક બોજા સરખી વિચારીજ નથી. ખટલીને લીધે તેની જીંદગીનો ભાર ખેવડાયો હોય અથવા ખટલી જો તેની સોડમાં નહી હોત તો તે વધારે સુખી હોત એમ કદી તે સમજયો નથી. તે છતાં તેની પરણેતર પ્રિયા તેમ સમજી અને તેમ ખાસ લખીને ગઇ તેમાં તેણીએ પોતાના ભલા ભર્તારને ગેરઇનસાફ કીધો એટલું તેણે અનુમાન કાહાડયું.

અને તે પોતાનાજ કેહવા મુજબ શું કરવાને ગઇછે? મરવા ગઇ નથી, પણ જીવવા અને વધારે સુખ સાથ જીવવા, એક સુખી ઘર મેળવવા, જીંદગીનાં સુખકારી સાધનો મેળવવા ગઇછે, અને તેબી પોતે એકલીજ, પોતાના જીવસેજ સુખી થવા ગઇછે, ત્યારે વરનાં સુખની તેણે પરવાજ કીધી નથી, અને અગર વરની સાથે રેહવાથી તે દુખી થઇ, તો વરનાં દુ:ખની તેણીએ દરકારજ કીધી નથી, તેમજ

પોતાને હવે પછી કાંઇ સુખ મળે તે સુખમાં વરને ભાગ આપવાનો તેણીએ વિચારજ કીધો નથી. ખટલીની એ સઘળી એકલપેટી બેદરકારીએ "દારાશા" ના દેમાગને વધારે દુખી કીધું.

પણ કેમ જાણ્યું કે ખટલી ખરેખર સુખીજ થવા ગઇછે? તે તેમ લખીને ગઇછે, એવો એક સધ્યારો આપીને ગઇછે, એટલુંજ કની? પણ એ સધ્યારો ખોટો કાં નહી હોય? કદાચ તે દુખીજ થવા કાં નહી ગઇ હોય? અને દુખી થવા નહી, તોપણ તેના જવા પછી કદાચ તેના ઉપર વધારે દુઃખજ કાં નહી આવી પડે? એ વિચાર દારાશાને વધારે દુઃખદાઇ હતો. તેનાં લગન ગમે એટલાં અવિચારી હતાં, પણ એ ઉતાવળાં લગ્નને માટે અગર ખટલીએ પસ્તાવો કીધો હોય, પણ દારાશાએ પસ્તાવો કીધો નથી. આજે ખટલીએજ તેને પસ્તાવો કરાવાનો વખત આણ્યોછે. લગનની ઝુસરીની તોકમાં પોતાની ગરદન આપી ચુકયા છતાં અને લગનની જંજીરમાં પોતે જકડાઇ પડવા છતાં, દારાશાએ પોતાના હાથ પગ બંધાઇ ગયલા બંધાયલાજ રેહવા દીધાછે અને તે કદી તેણે છોડવા ચાહ્યા નથી, પણ ખટલી એ બેડી તોડી નાખીને ચાલી ગઇછે અને તેબી તેને એકલો અટુલો વાએજાત નાખીને ગઇછે.

ખટલીનું આ જવું કેટલીક પળ સુધી તો તેના વરના માનવામાં પણ આવ્યું નહી. કદાચ તે ખરેખર જતી રેહવાની મતલબથી ગઇ નહી હશે—કદાચ તેણે જતી રેહવાના આ માત્ર ઢોંગ કીધા હશે—કદાચ આમ કરીને તે પોતાના પ્રિયતમના પ્યારની પરીક્ષા લેતી હશે, અને ખટલીને ખોહવાના ખયાલથી તે શું કરેછે તે વિષે તેને તપાસની કસોટી ઉપર કસી જોવાને તેણી આ તાલ રમી હશે, એ અટકળો દારાશાનાં મનમાં આવ્યા વિના રહી નહી, પણ એ અટકળોની સાથે વળી તેનાં મનમાં કેટલીક ધાસ્તી અને ગભરાટેબી ઘેર કીધું.

અંતે વિચાર કરતાં થાકી થાકીને તેણે તે કાગળ પોતાના ખીસામાં ઉંચું કીધું, અને હવે શું કરવું? કયાં જવું? તેનો વિચાર કરતાં તે કશાં સેવટ ઉપર આવી શકયો નહી. પેહલાં તો જયાં લગનજ છુપાવેલાં, ત્યાં "મારી બૈરી ખોહવાઇ ગઇછે" એમ જઇને તે કેહ કોણને? અને અગર કેહશે તો તેનું કહેલું માનશે કોણ?

આ અટકળો અને અંદેશાઓના દરિયામાં ડુબેલો દારાશા ખીસામાં કાગળ લઇને હેઠે ઉતર્યો અને ગુલી ગોરાણી ખટલીના જતી રેહવાના ગભરાટ ઉપર વિચારમાં પડેલી, દાદરની હેઠલજ તેને મળી.

"કાંયજી? કોશમ કેહછ કે તકિયાની તળીયેથી કાંઇ કાગળ મળ્યાંછ, તે કાણનાં છે? ખટલીબાઇજ કાંઇ લખી ગયાંછ કે? તેહાણ શું લખેછ? કાંઇ સમજ પડે?

"કાંઇ નહી, એ કાગળ તો મારાં કામનો છે." દારાશાએ વાત છુપાવી. "પણ, ઘેરવાળાં, ખટલી ગઇ ત્યારે કેટલા વાગેલા હતા?"

"જી. બપોરના સાડા બારની ટકોરી થાયલી હતીજી. ને હવે સાંજનાં છ વાગા તોબી તેહાણ તો આવયાંજ નહી. એ તો હું મારી ચાલમાં ભાણા કરવા બેઠેલી તેથી તેહાણને મળવો પામી, નહીતો કે તેહાણ સિધાર્યાં તે હું જાણતેબી નહી."

"પણ જતી વખતે તમે તેને કાંઇ પુછયું યા તેણે કાંઇ કહ્યુંજ નહી?" દારાશાએ આ સવાલ બપોરનો પુછેલો હતો, તે વધારે પાકું કરવા પાછો પુછયો.

"નહીરે જી. મારાં શમ! તેહાણે હેઠે ઉતરતાં મને જરા હસીને ડોકાં હલાવ્યાં, તેહાણ મોટાં બાઇ, તે હમેશાં મને ડોકાં હીલાવીને નમતાં, તેમ મેંબી ડોકાં હલાવીને જબાપ દીધો. બીજાં શાં?"

દારાશા કાંઇ બોલ્યો નહી. તે પાછો માળા ઉપર ગયો, અને પોતાના એકાંત ઓરડામાં એકલોને અટુલોજ ફરવા લાગ્યો. ફરતાં ફરતાં તેને કાંઇ યાદ આવ્યું, અને કપડાં મેળવાની એક ભાગેલી કબાટનું ફડકું ઉંઘાડીને તે જોવા લાગ્યો. તે કબાટ ગુલી ગોરાણીનાં ભાડે લીધેલાં ભાગેલાં ફરનીચરમાંનો એક દાગીણો હતો, કે જેમાં ખટલીએ પોતાનાં ઉપલગ કપડાં રાખેલાં હતાં—તેમાં ત્રણ ચાર જુની સુતરાઉ અને એક બાહાર પેહરી ફરવાની રેસમી સાડી, બે ત્રણ ઇજારો, ત્રણ ચાર રૂમાલો એટલું કાપડ હતું. પણ આજે દારાશાએ કબાટનું તે ખાનું ખાલી જોયું અને તે સમજયો કે

ખટલી ગઇ તો ગઇ, પણ પોતાનાં કપડાં સાથે લેતી ગઇ હતી.

એટલામાં તેને એક બીજો અજાયબ અંદેશો ઉપજાયો. તે તેણે માન્યો તો નહી પણ તેમાં તેનું મગજ ઘણું ઘેરાઇ રહ્યું.

વારૂં, ખટલી ખામખા જીવપર કરવાજ કાં નહી ગઇ હોય? અને તોપણ પોતાની તે શરમ ઢાંકવા આ કાગળ લખીને કાં નહી ગઇ હોય? અથવા તેના આપઘાતથી પોતાના વરને જે દુઃખ થાય તે દુઃખ નહી થવા દેવા ખામખા આમ રુખ્યારાનો કાગળ મુકીને કાં નહી ગઇ હોય?

પોતાની જે પ્રિયાને પોતાના જીવ કરતાં વધારે વ્હાલથી ચાહેલી, તે તેને એકદમ તજીને જતી રેહ, તેના કરતાં તે પોતાનો જીવનો અંત આણવા ગઇ હોય એ દારાશાને વધારે સંભવિક લાગ્યું.

તેની પ્રિય પ્રાણપ્રિયા વધારે સુખી થવાના શકભરેલા સંજોગો ઉપર વરના પ્રેમ અને સંસારનો ભોગ આપી જાય એ એટલું સંભવિક નહી હતું.

અને વળી વધારે સુખી થવાના તેના સંજોગ શા હતા? તેનાં સુખની આશા શી હતી? સુખ મેળવવાનાં તેના ઠેકાણાં કયાં હતાં કે જેથી તે ભર્તારની જીંદગીમાં સોહવાસણપણાંનું સુખ તજીને બાકીનું જીવતર એક રાંડીરાંડ પેઠે ગુજારવાને જાય?

નહી—નહી—દારાશાને વધારે માનવાજોગ તો એજ લાગ્યું, કે ખટલી આ એક ખોટો કાગળ લખીને, કેથે પોતાના જીવપરજ કરવા ગઇ હશે. આ આપઘાતના ખ્યાલથી તે ગુચવાઇને મોટા ગભરાટમાં પડયો. પોતાની તથા ખટલીની આગલી જીંદગીના સઘળા બનાવો અંહી તેને યાદ આવ્યા તથા પોતે કોણ હતો, કેવો હતો અને ખટલીને કેમ મળ્યો તથા એકાએક તેની સાથ કેમ પરણ્યો તે સઘળી આગળી પાછલી યાદમાં એકદમ મશગુલ થઇ ગયો.

પ્રકરણ ૧૪ મું.

આગળી તવારીખની એક યાદ.

જ્યારે ખટલી પોતાનાં ધણીનો આશ્રય છોડી ગઇ, ત્યારે તે આ ધણીનાં છાપડાં તળે કેમ આવી, કયાંથી આવી, કાં પરણી, કેમ પરણી અને કયારે પરણી તે સવાલો આપણાં મનમાં ઉભા થવાનો કુદરતી વખતજ એ છે.

એ સઘળું તેનો વર જાણેછે અને ઘણુંક, જે તે નહી જાણે એવું હતું, તે ખટલીએ તેને કહેલુંછે.

ખટલી જસાવાળાના જમસુને પરણી તેને હજી માત્ર આઠ નવ મહીના થયાછે, કે જે પછી જમસુએ પોતાનું નામ બદલીને દારાશાનું નામ ધારણ કરેલુંછે અને તેની અગાઉ ખટલી એલ્ફિનસ્ટન સર્કલમાં મિસિસ સાવક્ષાની સ્કૂલમાં એક શિક્ષક દાખલ નોકરી કરતી હતી, એટલી બીના તો વાંચનાર અત્યાર અગાઉની જાણેછે.

તે પછી શું બન્યું તે આપણુ ટુકમાંજ જોઇ લઇશું. મિસિસ સાવક્ષાની સ્કૂલમાં ખટલી કાંઇ આખા દાહડાનીજ નોકરી લઇ આવેલી નહી હતી, તે રાત્રે પણ ત્યાંજ રેહતી, કેમકે કેટલાંક છોકરાં રાત દીસના બોર્ડર લેખે રાખેલાં હતાં, કે જેઓની સાથેને સાથે ગવરનેસ દાખલ રેહવાનું ખટલીનું કામ હતું. છોકરાંઓને શિખવવા ઉપરાંત તેમની સાથે ફરવા જવા, તેમને પોતાની સાથે જમાડવા, તેમની બંદગી વગેરે ફરજીયાતો વેળા હાજર રેહવા, તેમને સીવવા વેતરવા તથા ભરવા ગુંથવાનું કામ આપવા, તેમને જમાડવાની સાથે રમાડવા—ટુકમાં સ્કૂલમાં શિખવાને વખતેજ નહી પણ ફુરસદને વખતે સઘળો વખત છોકરાંઓની સંગતમાં રેહવાનું ખટલીનું કામ હતું.

મિસિસ સાવક્ષા એક સમજુ અને સાણા તથા વિચારવંત અને ડાહ્યાં વિધવા બાઇ હતાં. ખટલી ઉપર તેવણની મેહરબાની હતી અને ખટલી તેને માનાં સરખું માન આપતી હતી.

મિસિસ સાવક્ષાની સ્કૂલનું મકાન એલ્ફિનસ્ટન સર્કલમાં મોટું, સુંદર, અને દેખામણું હતું. તે બે માળાનું એક સારા ઘાટનું ઘર હતું. પેહલા માળા ઉપર સ્કૂલ હતી, અને બીજા માળા ઉપર રેહઠાણો હતાં. ભાંયતલિયાંમાં

બેસવા ઉઠવાનું દિવાનખાનું આરાસ્તા કરેલું હતું અને પછવાડે જમવાનું દિવાનખાનું હતું. મિસિસ સાવક્ષાની સ્કૂલ સઘળી ઈંગ્રેજી ઢબની આબરૂદાર હતી અને એ બાઇ પોતે પોતાના મરનાર બુજર્ગ ભર્તારની સાથે ઘેર સંસારની જીંદગી એક ઈંગ્રેજ લેડીની પેઠે સુધરેલી રીતે ગુજારતાં, જેથી ખટલીને અને સ્કૂલમાં શિખતી તથા રેહતી છોડીઓને સઘળી સુધરેલી જીંદગીનીજ રીતભાંતો વગેરેની તબે પડેલી હતી.

શેહરના પારસીઓમાં મિસિસ સાવક્ષાની ઓળખાણ પિછાણ ઝાજી હતી. તેવણના દોસ્ત આશનાવો ઘણા હતા, જેઓને મિસિસ સાવક્ષા અવારનવાર પોતાની સ્કૂલમાં બોલાવીને સાંજ સાંજે તથા રાત રાત્રે મેજબાનીની મિજલશો આપતાં. આ રીતે આબરૂદાર ગૃહસ્થોને મિસિસ સાવક્ષાને ત્યાં સારો પઠિંગો હતો.

તેવણના એવા ઓળખિતા જુવાન મિત્રોમાંનો એક આપણો "દારાશા" હતો. જે તે વખત ઉપર જમસુ જસાવાળાનાં નામથીજ ઓળખાતો હતો.

તેની સાથ ખટલીને પેહલવેહલી ઓળખાણ મિસિસ સાવક્ષાની સ્કૂલની એક પાર્ટીમાંજ થઇ હતી. જમસુ જસાવાળો તે વખતથીજ એક બટકબોલો, રંગીલો અને મોજીલો જવાન જણાયલો હતો. તે પોતાની ખુશ વાતોથી આખી મિજલશને હસાવી બોલાવીને ખુશ કરતો હતો, તેની વાતો સાંભળવાને બૈરાં માટિડા તેની આસપાસ એકઠાં થઇને બેસતાં અને તેની સાથ તરેહવાર ખુશ મસ્ખરીના ટોલટપા ચલાવતાં હતાં.

મિસિસ સાવક્ષા અને તેમની સ્કૂલની શિક્ષક ખટલી ઉપરાંત તેમની સ્કૂલની કેટલીક વડી કન્યાઓ સાથ પણ જમસુ સારી મિત્રાચારીમાં પલોટાયલો હતો. તે કન્યાઓ માહેલી એકાદ બે નાજનીનો તેની સગીઓ હતી, જેઓ સાથ રમુજી વાતો કરી તેમને હસાવવાના તેના હાવભાવ ઉપરથી બીજી છોડીઓ સાથ પણ તેને ઓળખ થઇ હતી. જમસુ તેઓ આગળ કોઇ રાજા પાદશાહની વાતો કરતો અને જોકે તે વાતો તેમને જાણીતી હોય, તોપણ જમસુ તે વાતોને એવો તો નવો શબ્દરૂપી લેબાશ લપેટીને બોલતો તથા તેની બોલવાની ઢબ એવી તો મીઠી અને મનપસંદ હતી કે તેની વાતો સાંભળવાને છોકરાંઓ તલપી રેહતાં હતાં.

વળી છોકરાંઓ પોતાની શિક્ષક ખટલીની સંભાળ હેઠલ સાંજે ફરવા જાય ત્યાં પણ જમસુ તેઓને જઇ મળતો અને ત્યાં પણ જમસુની સંગતથી છોકરાંઓને સહવાઇ જતું હતું. આ મુલાકાતોને દરમ્યાન જમસુને ખટલી સાથ પણ ઓળખાણ ઘણી વધી હતી, અને તેમ કરતાં એક વખત એવો પણ આવ્યો હતો, કે જયારે ખટલીને અને જમસુને એકેકને મળ્યા વગર એક દાહડો ખાલી જતો નહી હતો અને જો એક દાહડો મળ્યા વગર જવાય તો તેઓ એક વર્ષ જુદાં પડયાં હોય એટલું તેમને અસિકું લાગતું હતું તથા કાં નહી મળાયું તેના અરસપરસ ખોલાસાઓ થતા હતા.

આ સઘળા વેહવાર વચે જમસુ અને ખટલીને પરસપર પ્રીતીનો સંબંધ થયો. પણ એ વખતે જમસુ આજના જેટલો કંગાલ અને મુફલેશ નહી હતો. તે પરણ્યો ત્યારે તેની પાસે થોડાક પૈસા હતા, તે તો આપણે આગળ જોયુંછે. એ પૈસા તે વખતે જમસુ પાસે તાજા હતા, કે જે તેના પોતાના મેળવેલા હતા અને તે ઉપરથી મજસુને મનથી દુનિયાંમાં પૈસા કમાવાનું તે વખત ઉપર આજના જેવું મુશકેલ લાગતું નહી હતું. આપણે જોયુંછે કે પરણ્યા પછીની પેહલી બારીમાં જમસુ પોતાની બૈરી સાથ હિંદુસ્તાનમાં ફરવા ગયો હતો, ત્યાં તેણે સારી રીતથી ખર્ચ રાખ્યો હતો, અને એવી રીતે મોજમઝામાં પોતાના થોડાક ફાજલ ફરતા ખર્ચી નાખવા પછીજ તે ગરીબ થયો હતો અને ગરીબી હાલે આજે રખડતો થયો હતો, જો પોતાના તે વખતના પૈસા તેણે જાળવ્યા હોત તો આજે તે બીઠડેહાલ રહી જાત નહી.

એજ પ્રમાણે ખટલીની હાલત પણ પૈસા ટકા વિષે પેહલેથી સારી નહી હતી. નાની વયથી પોતાની માના મરી જવાથી પોતે પોતાની બેહુ બેહનો સાથે પુણામાં પોતાના મામા ડાક્ટર મેહલાશાહ મુકાદમને આશ્રયે પડી રહેલી, તે પચીસ રૂપરડીના પગાર થકી અઢાર ઓગણીસ વર્ષની વએ મિસિસ સાવક્ષાની

સ્કૂલમાં નોકરી કરવી પડીછે, એજ બીના બતાવેછે કે ખટલી પૈસા સંબંધી સુખી નહી હતી.

પણ તેને મોટી થવા પછી સુખી થવાની નાનપણમાં ઘણી આશા હતી.

અને એ આશા ખટલીને તેનાં અતિ સુંદર સ્વરૂપ ઉપરથી પેદા થઇ હતી. ખોદાતાલાએ બચપણથીજ મનમોહન ખુબસુરતીવાળો તેનો ઘાટઘટમ ઘડયો હતો, અને જેમ તે મોટી થતી ગઇ તેમ તે ખુબસુરત ઘાટઘટમ ઘણો ખીલતો ગયો હતો, માટે આ ખુબસુરતી ઉપરથી તે રૂપવતિને તેની આસપાસનાંઓએ મજબુત આશામાં ઉછેરી હતી કે તે મોટી થશે ત્યારે કોઇ માતબર વરને પરણીને સુખી થશે. તેનો રૂપાળો ચેહરો કોઇ શાહજાદાના હાથને યોગ્ય સમજવામાં આવતો હતો, માટે ખટલીએ બચપણથીજ આશા રાખી હતી કે કોઇ પારસી ઉમરાવ કે અમીરજાદો, કોઇ શ્રિમંત સાહેબજાદો તેને જોતાંનીવાર તેના ઉપર મોહિત થશે અને તેને પરણીને સોના રૂપાંનાં સુખપાળમાં ફેરવશે. આવા કોઇ અમીરજાદાની બાયડી લેખે પોતે સંગેમરમરના મેહલ અને વાડીવજીફા, મેંહોગનીના ગાડી ઘોડા અને રાચરચીલાં તથા હીરા મોતીનાં ઝવાહીર અને દર દાગીણાના ઘણા હવાઇ ખાબ આપણી ખટલીએ પોતાની બચગીઆં જોયા હતા અને એ શેખચલ્લીશાહી સ્વપ્નાઓમાં આવતાં સુખની આશા ઉપર તે ઉછેરાયલી હતી, તે મિસિસ સાવક્ષાની સ્કૂલમાં નોકરીએ આવી ત્યારે તો મુંબઇમાં પોતાને જોઇતા તેવા કોઇ માતબર વરને વરવાની ઉસકેરણી સાથે લઇને આવી હતી.

ખટલીની બેહનો ખુબસુરત કેહવાઇ શકાય પણ ખટલીની મુકાબેલ તો તેઓ બદસુરત ગણાતી હતી, અને સગાંવહાલાંઓએ ખટલીની ખુબસુરતી સાથ મેહરી અને નાજાં બેહુ બેહનોનાં સ્વરૂપની સરખામણીઓ કરી કરીને ખટલીની ખુબસુરતી વિષેના ખ્યાલોને છેક છકાવી મુકયા હતા. અને પોતાની એ સ્વરૂપવાન શોભા થકી ખટલી કોઇ મોટે ઘેર કોઇ માતબર ભર્તારને પરણી જવાનું સુભાગ્યવંત સુજતે લેતી આવેલીછે એ ઉમેદની મગરૂરી તેને વિષે બીજાઓના બેહકાયાથી તેનાં મગજમાં ઘણી બેહકી ગયલી હતી. નિશાળમાં ખટલી પોતાની બેહનોની સાથે શિખવા જતી હતી, ત્યાં પણ એક પરી લેખે તેને ગણવામાં આવી હતી. નિશાળનાં બાળકો પાસે નાના નાના ખેલો ભજવવામાં આવતા હતા, ત્યારે પરીનો ભાગ બજાવવા માટે હંમેશા ખટલીને પસંદ કરવામાં આવતી હતી. અને પોતાની ખુબસુરતીના ખ્યાલોને આમ નિશાળમાં ખીલવ્યા પછીજ, નિશાળ છોડીને કોઇ મોટે ઘેર પરણી જવાની હવાઇ ઉમેદો લઇને તે મુંબઇ આવી હતી.

નિશાળ છોડયા પછી બે વર્ષ ખટલીએ પુણામાં પોતાના મામા ડાકટર મેહલાશાહ મુકાદમને ઘર ગુજાર્યાં હતાં. તે સ્કૂલથી ઘર આવી ત્યારેજ કોઇ શ્રિમંત શેકારને જીતવાની ખીલતી ઉમેદો લઇનેજ આવી હતી. એ ઉમેદો તેણે છુપાવી પણ રાખી નહી હતી. પોતાની બેહન મેહરીને તે એ ઉમેદો કેહતી ત્યારે પોતાના કોઇ સાહેબજાદા ભર્તારના પૈસાથી તે મેહરીને કેટલી સુખી કરશે તેની કબૂલાતો આપતી હતી.

"પણ તે સાહેબજાદો લાવશે કયાંથી?" એ સવાલ વારેવાર પુછીને મેહરી ખટલીને હસ્તી હતી, અને જે એ વાતને એક શક વગરની સચાઇ પેઠે માનતી હતી તે પોતાની બેહનના આ શક સાંભળવાથી ખટલી ખીજવાઇ જતી હતી. પુણાના પારસીઓમાં ત્રણ ચાર પૈસાદારો હતા. તેમાં એક તો એક પદરખાનાવાળો હતો, બીજો દારૂવાળો હતો, અને ત્રીજો એક અંકલેસરિયો ભરૂચો હતો. એ ધણીઓ પોતાની પાસે પૈસા થવાથી આબરૂમાં આવ્યા હતા અને સુખચેનથી વસતા હતા. પણ ખટલી એવાં સાસરાં વાસરાંની વાત સાંભળતાંજ ખીજવાઇ જતી હતી. દારૂ તાડીવાળાના દીકરાનો હાથ ખટલીને જોઇતો નહી હતો. તે તો કોઇ ઉંચી તાખમવાન તાસીરના સાહેબજાદાને પરણવાની ઉમેદવાર હતી અને જયારે એટલામાં તેનું મુંબઇ નોકરી ઉપર આવવું થયું, ત્યારે જે મોટું ઘેર પુણામાં નહી મળ્યું તે મુંબઇમાં તો ખચીત મળશે એવી પાકી ઉમેદ બાંધીને તે આવી હતી.

પુણામાં ડાકટર મેહલાશાહ મુકાદમ મામાનાં ઘરમાં ખટલીને કાંઇ દુઃખ ન હતું. તેના

મામાનું ઘર એક ખુશનુમા બગીચાની લીલોતરી વચે હતું, જે તમામ લાલ ઇંતરડીનું બાંધેલું હોવાથી "લાલ કીલ્લો" એ નામથી ઓળખાતું હતું મેહરાશાહ મામા પોતાની ત્રણે ભણેજો ઉપર ઘણું હિત રાખતા હતા, તેમાં ખુબસુરત ખટલીને તો તેવણ સર્વથી વધારે ચાહતા હતા. પણ ખટલીનો એક માતબર ભર્તાર મેળવવાનો હવાઇ ખ્યાલ અગર પુણામાં પાર નહી પડયો, તો મુંબઇમાં પાર પાડવાની ઉમેદથી મિસિસ સાવક્ષાની સ્કુલમાં નોકરીએ જવાની માગણી ઉપર તે ઉલટથી કુદકો મારી પડી હતી. મિસિસ સાવક્ષાએ માત્ર જાહેરખબર છપાવ્યા ઉપરથી તેના જવાબમાં ખટલી ત્યાં દોડી ગઇ હતી, અને મિસિસ સાવક્ષાની સ્કૂલમાં તે ઘણી ઉપયોગી થઇ પડી હતી. બાળકોને શિખવવામાંજ નહી પણ મિસિસ સાવક્ષાને સ્કૂલની મેનીજ કરવામાં તે ઘણી મદદ આપતી હતી અને મિસિસ સાવક્ષાની અવારનવારની મિજલશોમાં તથા પાર્ટીઓમાં તે ગાઇ વગાડીને આખી મિજલશને ખુશ કરતી હતી તે તો જુદી.

પ્રકરણ ૧૫ મું.

મુંબઈ આવીને ખટલી શું શિખી ?

પણ અંહી ઘણાક મહીના કાહાડયા પછી, અને ઘણાક આબરૂદાર લોકોની સંગતમાં આવ્યા પછી ઘડાયલી ખટલીની ગામડેની ગરૂરી ઘણી ઓછી થઇ હતી. બીજી ઘણીક કોમળ નાજનીનોની ખુબસુરતી પોતા કરતાં વધારે જોવાથી તેના ખુબસુરતી વિષેના ખ્યાલો ઘણા ઘડાયા હતા, અને પોતે આખી દુનિયાંનો એકજ માહતાબ હોવાની તેની મગરૂરી સુધરી ગઇ હતી. તેણે જોયું કે અગર પુણામાં નહી તો મુંબઇમાં બીજી નાજનીનો તેના કરતાં ઘણી સરસ સ્વરૂપવાન સુંદરીઓ હતી.

અને મુંબઇ આવ્યા પછી વળી ખટલી બીજું એક નવું સિધાંત શિખી, તે એ કે મુંબઇ જેવાં મોટાં શેહરમાં એકલી ખુબસુરતીજ કાંઇ પરણવાની પાસપોર્ટ નહી હતી. ખટલી જોતી કે તેના કરતાં ભલી ભલી પુતલીઓ પરણ્યા વગર પડી રહેલી હતી, તો ખટલી જેવી એક "ગામડેની ગોરી" ને જલદીથી પરણવાની આશાજ કેવી હોય ? મુંબઇમાં દીકરીઓનો આજના જમાનામાં ઉઠાવ થવોજ મુશકેલ હતો, તો ખટલી જેવી એક અજાણી ખુબસુરતીને પોતાને ઘર લઇ જવાને કોણ માતબર સાહેબજાદો કનવાર કરવાનો છે ?

આવી રીતે ખટલી પરણવાના વરની પોતાની ઉમેદો વિષે ઘડાયા પછી અને તેના વિચારોમાં આટલો ફેર પડવા પછી તેને મિસિસ સાવક્ષાની સ્કૂલમાં જસાવાળાના જમસુ સાથ ઓળખ થઇ હતી.

પણ હજી ખટલીનાં મનમાંથી પૈસાની મોજના ખ્યાલો દૂર થયા નહી હતા. અગર પરણીને પૈસાદાર થવાની તેની હવાઇ ઉમેદો હવામાં ઉડી ગઇ હતી, પણ પૈસા પેદા કરવાનો અને પૈસાની મોજ ઉપર પથારી માડવાની એક બીજી ઉમેદ તેનાં જીગરમાંથી ગઇ નહી હતી. તે ઉમેદ તેના માતબર મામા માકા મુકાદમનો કાંઇ વારસો મેળવવાની હતી.

તે વખતે માકામામા ચીન હતા, પણ કદાચ તેવણ ચીનથી પૈસાના ગાંસડા લઇને પાછા આવે, કદાચ ખટલીની ખુબસુરતીથી ખુશી થઇ તેને પોતાની દીકરી કરી લેય અને તે દીકરીનાં નામ ઉપર દોલતના એક દલ્લાનું વસીહત કરી જાય, એ સઘળું માત્ર સંભવિકજ નહી, પણ બનવાજોગ હતું. એમ ઘણાક અનાથ નાવારસોનાં નસીબ ઉઘડી જવાના દાખલા બનેલાછે, અને ખટલી પોતાનું નસીબ પણ એમજ ખુલ્લું થવાની વકી પોતાનાં મનમાં અટકાવી શકી નહી.

માકામામાની મોટી દોલત વિષે અને ચીન દેશના તેના મોટા વેપાર વિષે ખટલીને તેની બેહસ્તણ માએ મોટી મોટી સહરાવેલી વાતો કહી કહીને મોટી મોટી ઉમેદો આપેલી હતી. ખટલીની વહાલી બેહસ્તણ મા પોતાના ભાઇ માણકશાહ મુકાદમના પૈસા ટકા ઉપર મગરૂરીથી આશાવંત હતી. તે બિચારી જીવી ત્યાંસુધી તો તેની આશા કશી ફળી નહીં પણ પોતાના મુવા બાદ માકામામાના પૈસા

ખટલીને કામ લાગશે એટલી આશા તેનાં જીગરમાં સદાની જાગૃત હતી. તે આશા પોતાનાં જીગરમાં સાથે લઇને તોપણ તે આશા ઉપર મજબુત ભરૂંસો બાંધીને ખટલીની મા બેહસ્તનશીન થઇ હતી, અને તે વખતથી તેજ આશાએ ખટલીના દેમાગમાં મજબુત વાસો કીધો હતો. ખટલીની ગરીબ મા ખટલીને કાંઇ બીજો સંગીન વારસો તો આપી ગઇ નહી, પણ માકામામાની દોલતની આશાનો વારસો ખટલીને પોતાની માથીજ મળ્યો હતો અને તે ખટલીની ખીલતી ઉમેદોમાં ઘણો મજબુત થયો હતો.

માણકશાહ મુકાદમનો કટ્ટામાં કટ્ટો શત્રુ જીવનજી જસાવાળા નામનો હતો, કે જે માણકશાહનો પેહલાં મોટો જાની મિત્ર હતો અને ધંધામાં ભાગિયો હતો. પણ પછી તેઓ પૈસા સંબંધી મરાયા હતા અને જીવનજી જસાવાળાએ પોતાની દોલત હજમ કરી જવાનો માણકશાહ મુકાદમ ઉપર બટ્ટો મેલ્યો હતો. એ સઘળી આગળા જમાનાની વાત હતી, માકામામા ચીન વેપાર કરવા ગયા તેની આગમચ તેવણ મુંબઇમાં વેપાર કરતા હતા ત્યારની એ વાત હતી. અને એ સઘળી વાત ખટલીને તેની બેહસ્તણ માએજ કહેલી હતી.

પણ માણકશાહ મુકાદમની એવી કશી લુછાઇ તેની આ બેહન—ખટલીની બેહસ્તણ મા—માનતી નહી હતી અને તે ખટલીને પણ માનવાને ના કેહતી હતી. માના સમજાવ્યા મુજબ ખટલીનાં મનમાં એવો ખ્યાલ હતો કે જીવનજી જસાવાળા માકામામાને પોતાના ખોહેલા પૈસા ખાલી ગળે પડયો હતો અને માકામામા કોઇના પૈસા ખાઇ જાય એવા અપ્રમાણિક નહી હતા. પણ જીવનજી જસાવાળાને જયારે એવો વિચાર ઉપજયો ત્યારે માકામુકાદમ તરફ તેનો ધિક્કાર પણ ખટલીનાં મનમાં કુદરતીજ લાગ્યો. કાંકે જે ધણી જીવનજીના બાપના જીગરમાં તેના દીકરાની જગ્યા એખત્યાર કરે, અને જે દોલત બાપે દીકરાને આપી જવી જોઇયે તે દોલત એ ત્રાહિત ધણી લખાવી લેય, કે જે કામ માકા મુકાદમે જીવનજીના ભાગિયા દાખલના પોતાના અખિકારનો લાભ લઇ કરાવી લીધું હતું, તે ધણીને જીવનજીએ મોટા ધિક્કાર સાથ પોતાના કટ્ટા વેરી લેખે ગણવો એતો કુદરતી હતું.

ખટલી મુંબઇ આવી ત્યારે માકામામાની આગળી તવારીખની આ સઘળી વાકેફી મેળવીને આવેલી હતી, અને એટલામાંજ તેને મિસિસ સાવક્ષાની સ્કૂલમાં કોણ સાથ ઓળખ થઇ? કોઇજ નહી પણ માકામામાના તેજ વેરી જીવનજી જસાવાળાનો દીકરો જમસુ ખટલીને આવી મળ્યો.

પ્રકરણ ૧૧ મું.

પોતાના વરની પેહલી મુલાકાત.

જમસુ જસાવાળા સાથની ખટલીની પેહલવેહલી મુલાકાત તદનજ નહી ધારેલી અને એક અચબુચ અચંબા સમાન થઇ હતી.

જીવનજી જસાવાળાનો જમસુ નામનો એક દીકરો હતો તે ખટલીએ અગાઉથીજ પોતાની બેહસ્તણ માથી જાણ્યું હતું. જમસુ કેવો હતો તે એકવાર ખટલીએ પોતાની માને પુછયું પણ હતું, જેના જવાબમાં મા બોલી હતી કે તેણીએ જમસુને એકજ વખત નજરે જોયલો હતો, પણ તે સારા દેખાવનો છોકરો હતો.

અને તેને ખટલીએ પોતાની નજરોનજર જોતાં તો તેની માએ તેના દેખાવને માટે જે સારૂં કહ્યું હતું તે કરતાં પણ જમસુ ખટલીને વધારે સારો દેખાયો.

મિસિસ સાવક્ષાનાં દિવાનખાનામાં દાખલ થતાંની વારજ ખટલીની ખુબસુરતી જોઇને જમસુ છક થઇ ગયો. તેણે મિસિસ સાવક્ષાને એકાંતમાં પુછયું કે "આ નવી પરીસુરતની છોકરી કોણ?" જેના જવાબમાં મિસિસ સાવક્ષાએ ખબર આપી કે "એ પુણાવાળા ખજુરિયાની મિસ ખટલી કેહવાયછ, તે મારે ત્યાં છોકરાં ભણાવનારી નવી ગવરનેસ આવીછ."

"હં? માત્ર એક ગવરનેસ?" એટલોજ જમસુએ ટાહુકો પુરુો, એટલેકે તે છોકરી તો એક સાધારણ નોકર જેવી લાગી, તો જોકે

તેના ચેહરાની શોભા તેની એ નોકરીની પદવી કરતાં વધારે ચહડતી લાગવાથી તે પેહલા દેખાવેતો અચરત થયો હતો.

વધારે ઓળખ થવા પછી ખટલી જમસુને વધારે ગમતી થઇ. પેહલી પિછાણ તેઓ બેહુને અરસપરસ મિસિસ સાવક્ષાએ કરાવી, પણ ત્યાર પછી તેઓ વધારે મળતાં ભેટતાં થયાં તે વાંચનાર કેહશે કે, ફક્ત ખટલીની ખુબસુરતીનુંજ ખેંચાણ નહી હોય, પણ જમસુના જાતી ગુણોનું ખેંચાણ હોવું જોઇયે.

જમસુ, કદાવર અને ઉંચો, જોરાવર અને મજબુત બાંધાનો હતો, અને વળી તેના ચેહરાનો ઘાટઘટમ એક જવાંમર્દ લેખે ઓછો રૂપાળો અને ઓછો શોભાયમાન નહી હતો. ખટલીને તે પણ એક ખુબસુરત જવાન દેખાયો, અને તે પોતે કેહતી હતી તેમ, તે વખત લગણ તેને કોઇબી માટીડો ખુબસુરત લાગતો નહી હતો, પણ જમસુ તેવો જવાન પેહલવેહલોજ તેણે જોયો. તે વખત ઉપર મિસિસ સાવક્ષાનાં સ્કૂલના ફારસી અભ્યાસમાં શાહનામુ વંચાતું હતું અને તે મધે જેવું વર્ણન ખટલીએ રૂસ્તમ પેહલવાનના જવાન બેટા સોહરાબનું વાંચ્યું હતું, તેને મળતો ખટલીને જમસુ ખીલતો એક જવાન જણાયો. તેનો ખીલતો હસતો ચેહરો અને તેની પ્રકાશિત વિચારવંત આંખોએ ખટલીનું વધારે ધ્યાન ખેંચ્યું. ખટલીએ એ કરતાં વધારે સોહામણા મર્દો દીઠા હશે, પણ આ જુવાને તેનાં જીગરમાં વધારે ઉલટ પેદા કીધી તે કદાચ તેના બાપને લગતી પોતાના મામાની આગળી પિછાણથી થયું હશે. ખટલીને લાગ્યું કે તે એક મિત્રાઇ કરવાને લાયકનો મેહરબાન અને યારબાજ પુરૂષ હતો; વિશ્વાસ અને વખાણને લાયકનો તે એક ભરૂસેદાર જુવાન હતો; અગરજો તે દોસ્ત, યા સગોવ્હાલો હોયતો કોઇ દાહડે દોસ્તીને દગો દેવ નહી તેવા જુવાનોમાંનો તે એક હતો.

પણ આવો એક જુવાન કાંઇ ખટલીનો દોસ્ત નહી હતો. ખરૂં પુછાવો તો તે ખટલીના ખાનદાનો અને બાપીકો દુશમન હતો, કાંકે તેના માકામામાએ જે ધણીનો નાશ કરેલો માનવામાં આવેછે તેનો તે દીકરો હતો એટલે તેવા એક દુશમનના દીકરા સાથ ખટલીને દોસ્તી થાય તો ખટલીનાં સગાંવ્હાલાંઓ મેહલાશાહમામા અથવા માકામામા પોતે તે પસંદ કરે એવું નહી હતું.

તેઓ મળ્યાં તે પેહલીજ રાતની મિજલશ પુરી થવા પછી મિસિસ સાવક્ષાએ ખાતાં ખાતાં ખટલીની આગળ જમસુની વાત છેડી, ત્યારે તેવણે એ જુવાનિયા વિષે સારૂં મત આપ્યું નહી હતું. નહી કે તે કોઇ નઠારી ચાલનો, અનીતિવાન માણસ હતો—તેવો હોત તો મિસિસ સાવક્ષા તેને પોતાનાં મકાનમાં દાખલ કરતજ નહી—પણ તેવણે જમસુમાં જે કાંઇ નાપસંદ કીધું તે તેના સ્વભાવની ખામીઓ હતી. "જમસુ નાદાન, આકળો, ઉછાછલો અને ઉતાવળો છે" એટલીજ મિસિસ સાવક્ષાની ફરિયાદ હતી અને જમસુની જુવામર્દીનો તોર જોતાં તે કાંઇ ઘણી મોટી ખામી નહી કેહવાય.

જમસુના બાપદાદા અને ખાનદાન વિષે મિસિસ સાવક્ષાએ ખટલી આગળ તારીફજ કીધી—તારીફ કરવા સિવાએ તેઓમાં બીજું કાંઇ નહી હતું. ખટલીની એ શેઠાણીના સર્ટિફિકેટ પ્રમાણે જમસુના બાપદાદા મોટા વેપારી અને આબરૂદાર તથા માતબર માણસો હતા. જસાવાળાનું ખાનદાન મુંબઇમાં જાણીતું છે. તેઓએ પોતાનાં સહાસિકપણાથી પોતાનો વેપાર ધંધો આખા હિંદુસ્તાનમાં ઘણો વધારી દીધોછે. જમસુ સારી કેળવણી પામેલો, મેહનતુ ને ખડતલ જુવાનિયો છે, "પણ કારમખાનો સ્વભાવ દાઢાબળ્યો હોવાથી તે બધાંની સાથે વઢેરો લેતો ફર્યોછે." તેનાં માબાપ જીવતાં નહી હતાં, તેના બાપકાકા તેનો બાપીકો ધંધો ચલાવનારા કોઇ નહી હતા, જેથી અગર જો તો પોતાના બાપદાદાનો ધંધો તે પોતેજ એકલે હાથે ચાહે તો ચલાવી શકે એમ હતું, પણ તે જસાવાળાની પેઢીના પોતાના પિત્રાઇ ભાગિયાઓ સાથે પાધરો ચાલ્યો નહી, તેથી તેઓએ તેનો ભાગ છોડ્યો હતો, ત્યારથી કામકાજ વિના તે રખડતો ફર્યો હતો. એ જમસુને વિષે મિસિસ સાવક્ષાની સર્ટિફિકેટ હતી.

એ તો ખટલીની જમસુ સાથની પેહલી મુલાકાત થઇ, પણ પછીની મુલાકાતોમાં ઓળખ વધ્યા પછી તેઓ એકેકના ગુણ પિછાણી

એકેકને વધારે પરિચય થયાં તથા એકેકને વધારે ચાહવા લાગ્યાં તે તેમનાં તે પછીનાં લગ્નમાં આવેલાં પાછળાં પરિણામ ઉપરથી વાંચનાર પોતેજ વિચારી શકશે. ત્યાર પછીની થોડીક મુલાકાતો તો મિસિસ સાવક્ષાની સ્કૂલમાંજ થઇ, અને બીજી થોડીક મુલાકાતો ખટલી છોકરાંઓ સાથ ફરવા જતી હતી ત્યાં રસ્તા ઉપર થઇ. તેઓ રસ્તા ઉપર અથવા એલ્ફિનસ્ટન સર્કલના બગીચામાં ઘણી વાર સુધી ખુશ વાતે વખત ગાલતાં હતાં, અને જમસુ શિક્ષક ખટલીને તેમજ તેની નાદાન શિષ્યોને વાતો કરીને હસાવવા તથા રમુજ આપીને રિઝવવા ખામખા સ્કૂલની બાહેર આવી મળતો હોય એવું દેખાડવા લાગ્યો.

જમસુના સલુક અને સદાચરણ ખટલીને એટલાં તો ગમ્યાં કે તેના બાપ તરફનું ખટલીના મા મામાઓનું આગળનું વેર પણ તે ભૂલી ગઇ અને તે આગળા માઠા બનાવ વિષેની જીવનજી જસાવાળા વિરૂધની ખટલીની વલાણ પણ બદલાઇ ગઇ. જમસુમાં આવો એક સારો માણસ જોઇને ખટલીને તેના ઉપર દયા ઉપજવા લાગી, અને માકામામાના લોભ ઉપર બિચારા આવા એક સારા માણસનાં ફરજંદનો ભોગ લેવાયો તેથી ખટલી માકામામા વિષે ખુશીબી રહી નહી. માકામામા પૈસાના લોભી હતા તે તો જાણીતી વાત હતી, અને ખટલીની બેહસ્તણુ મા પણ ઘણીવાર તેમ બોલી ચુકી હતી. માકામામાને જીવનજી જસાવાળા સાથ કજીયો થયો ત્યાંસુધી ખટલીની મા પરણેલીબી નહી હતી, એટલો જુનો તે કજીયો હતો. અને માકામામા એવા કપટી હતા કે જીવનજી જસાવાળા ઉપરનું પોતાનું વેર ભૂલ્યા નહી હતા, એ પણ ખટલીએ પોતાની માતાથીજ જાણ્યું હતું. ત્યાર પછી માકામામાના ચીન જવાથી લાંબો અંતર પડવાને લીધે એ વેર કેવું વિસરાઇ ગયુંછે તે ખટલીએ જીવનજીના દીકરા જમસુની નરમાસભરેલી વર્તણુકમાં જોયું. તે વખત ખટલી સમજતી હતી કે હું માકામામાની ભાણેજ થાઉંછું તે કદાચ જમસુ જાણતોબી નહી હશે અને એ વાત તેણીએ ત્યાર પછી લાંબા વખત સુધી જમસુને જાણવા પણ દીધી નહી.

ખટલી માણુકશાહ મુકાદમની ભાણેજ થાયછે એ વાત જમસુએ ખટલીના પરણ્યા પછીજ જાણી, અને તે પેહલવેહલી જાણી ત્યારે માણુકશાહ મુકાદમનું નામ તથા તેની સાથની પોતાની સગાઇને એવી તો હસી કાહાડી કે માકા મુકાદમનું નામ ખટલીએ જમસુ આગળ ફરીથી લેવાનુંજ માડી વાલ્યું. ત્યાર પછી આજેજ ખટલી સાથ પોતાની આજની ગરીબી વિષે વાત કરતાં જમસુ પોતે માકામામા વિષે જે ધિક્કારથી બોલ્યો, તે આપણે ઉપર જોયુંછે. ખરેખર માણુકશાહ મુકાદમ તેનો મામાસસરો થાયછે, તે વિષે ખટલીનો વર કશી રીતે મગરૂર કે ખુશી તો નથી એ શોધ ખટલીએ મોડી કીધી.

એ તો સઘળી પછવાડેની, આજની વાત છે. પણ જમસુ પેહલવેહલો મળ્યો, ત્યારે ખટલીનું દિલ ખાટું કરનારૂં એટલુંબી તત્વ ખટલીને અજાણ્યું નહી હતું. અને અગર અજાણ્યું હોત, ખટલી જે માતબર મામાને ચાહેછે, તથા જેના પૈસાની આશા ઉપર ખટલીનું ભવિષ્ય તેણી પોતેજ નહી પણ તેની બેહસ્તણુ મા વટીક વર્તી ગઇછે, તે મામાની સામેનો જમસુનો ધિક્કાર અગર ખટલીએ આગળનો જાણ્યો નહી હોત તો તેથી જમસુ ઉપરની તેની પ્રિતીમાં અને તે પ્રિતીને લગનની ગાંઠથી બાંધી લેવામાં કશી હરકત થાત નહી. જમસુ માકામામાને ચાહે યા ધિક્કારે તેની સાથ ખટલીને શું લાગેવળગે તેનો તેણીએ જરા વિચાર પણ કીધો હોય નહી. એ વાતનો કશો વિચાર કીધા વગર ખટલી તો જમસુને ખાનગીમાં પરણી ગઇ અને જમસુનો માકામામા ઉપરનો ધિક્કાર તો ખટલી અખાડાજ કરી શકી. આજે ખટલી એ વાત ઉપર ખુશી નથી, પણ આઠ મહીના ઉપરના તે આગળા દિવસોપર જયારે ખટલી જમસુને જોઇને વખાણતી હતી તથા વખાણતાં વખાણતાં સાચા પ્રેમથી ચાહવા શિખી હતી, ત્યારે ખટલીને એ વાતનો કશો મુજાખોબી નહી હતો. તે દાહડા ઉપર તો જમસુ ખટલીને મનથી એક માન અને પુંજાની મુર્તિજ હતો. ફરવા ગઇ હોય ત્યાં જમસુની ગેરહાજરીમાં ખટલીને સઘળું અંધારૂં અંધારૂં દીસે, ત્યાં જમસુ આવતો એટલે જાણેકે સુરજ ઉગ્યો હોય અને સઘળું અજવાળું થયું હોય એમ ખટલીને

જમસુનાં પગલાંજ પ્યારથી વધાવી લેવાજોગ લાગતાં હતાં. જમસુનાં પગલાંની સાથેજ જેમ સૂરજ ઉગવા માડતો હોય તેમજ જાણેકે પક્ષીઓ ગાવા માડયાં હોય એમ ખટલીનાં મનમાં સ્વચ્છ ખુશાલી પ્રવેશ કરતી હતી. સૂરજ આગમચનોજ ઉગ્યો હોય અને પક્ષીઓ આગમચથીજ ગાતાં હોય, પણ ખટલીના વિચારો જમસુની રાહ જોવામાં એટલા તો રોકાઇ રેહતા હતા કે તેના આવ્યા અગાઉ સૂરજનું ઉગવું તેને દેખાતું નહી હતું અથવા પક્ષીઓનો સુંદર શરોદ તેને સંભળાતો નહી હતો.

પ્રકરણ ૧૭ મું.

કેમ પરણ્યાં?

પ્યાર બંધાવા ઉપરથી પરણુવાનો વિચાર બંધાયો, પણ તે વખતે એક માતબર અને પૈસે પગભર વરને પરણુવાના હવાઇ ખ્યાલોને વટીક ખટલીએ મનમાંથી કાહાડી નાખ્યા. જમસુ જેને પોતાનો હાથ આપવાના વચનથી બંધાઇ હતી તે એક "શ્રિમંત સાહેબજાદો" છે, કે નહી તેટલો સવાલ વટીક ખટલીએ પોતાનાં મનથી પુછવાની યાદ રાખી નહી, એટલીમધી તે જમસુના જોસભર્યા પ્યારમાં તુર્ત વેળાને મારે લપટાઇ ગઇ હતી.

જમસુ પોતેજ પોતાનો આગળો પાછલો ઇતિહાસ ખટલીને કેહતો હતો, પણ તે મીઠાં મનથી સાંભળતી વખતે જમસુના પૈસા ટકાનો ખટલીને કશો પત્તો મળતો નહી હતો, અથવા તે પત્તો મેળવવાને ખટલી કશી આરજુમંદ પણ રેહતી નહી હતી. એકજ દાહડે જમસુએ ખટલી આગળ પોતાના પૈસા ટકાની વાત છેડી હતી, ત્યારે તે શું બોલ્યો ? તે એવા બોલ બોલ્યો હતો કે જેથી ખટલીનું હૈડુંજ જાણેકે બરફથી બંધાઇ જાય.

"હું તો આજે ઘણો પૈસાદાર થયો હતે," તે બોલ્યો હતો "પણ મારા બાપે ચાહેલો અને વિશ્વાસ મુકેલો એક દોસ્ત તેવણને દગો દઈ તેવણના પૈસા ચાંપી ગયો તેથી મારા બાપ બિચારા ગરીબ મરી ગયા અને હું પણ ગરીબ રહી ગયો."

આ શબ્દો સાંભળતાંજ ખટલીને જાણેકે તાહાડ ભરાઇ આવી હોય એવી બેચેની લાગી, તેબી કાંઇ તેનો ચાહેલો જમસુ એક ગરીબ માણુસ હોવાની નાસિપાસિથી નહી, પણ આકામામાની નિમકહરામી અને દગાબાજી વિષેની પોતાની શરમિંદગીથી ખટલીને બેચેની ઉપજી હતી. અને તેબી એટલીબધી કે આકામામાની દગલબાજી તે જાણેકે ખટલીની પોતાની દગલબાજી હોય અને પોતેજ પોતાના લીધેલા ભોગને પોતાની આગળ ઉભેલો જોતી હોય એવું ખટલીને લાગ્યું.

"મને મારા બેહસ્તી બાપ વારસામાં વારસો એજ આપી ગયાછ," જમસુએ ઉપલી વાતમાં ઉમેર્યું, "કે પોતાના તે દુશમનને મારી આખી જીંદગી સુધી ધિક્કારવા અને તે ચંડાલને કદી માફ નહી કરવાનું તેવણે મને શિખવી ગયા. મારા બાપ તેના એટલાબધા કટ્ટા વેરી હતા, તોપણ મારા બાપના જેવા દયાલુ માણુસ કોઇ નહી હતા."

જમસુએ પોતાના બાપનો કીધેલો એ બચાવ ખટલીના માનવામાં આવ્યો હતો, કાંકે તે જોતી હતી કે જમસુ પોતે મીઠા અને માયાળુ સ્વભાવનો ગોયા નમુનોજ હતો. જમસુને જોયા તથા મળ્યા આગમચ ખટલી પોતે કેવી કંગાલ અને નામુરાદ હતી, પણ જમસુ સાથ સ્નેહ બંધાયા પછી તે તેની દોસ્તીથી કેવી ખુશી અને શાંત થતી હતી તે સઘળું જોઇને તેણીએ માન્યું કે જમસુનો બાપ પણ તેવોજ મીઠો અને માયાળુ માણુસ હશે.

અને એ પ્રમાણે ઓળખ પિછાણ વધારતાં વધારતાં તથા ખુશ વાતો કરતાં કરતાં એક દાહડે આ બે જણુ વચેની વાત વધારે રસપર ચહડી હતી.

"કોણ જાણે શું છે, તેની મને સમજ નથી પડતી, મિસ ખરશેદબાઇ" જમસુ ઘણા માનભરેલા અંતર સાથ બોલ્યો "પણ આજ કેટલું થયું તમે ને તમેજ મારાં મનમાં આવ્યા કરોછ."

"ખરેખર ?" એટલુંજ ખટલીએ પુછ્યું, કાંકે ખટલીનાં મનની હાલત પણ એ વખતે

તેવીજ હતી. જમસુને જમસુજ તેનાં મનમાં પણ આવ્યા કરતો હતો.

"હા, ખરેખરૂં કહુંછુ મિસ ખોરશેદ" જમસુએ જવાબ દીધો. "અગરજો હું પૈસાવાળો હોતે અને મારી મરજી પ્રમાણે ચાલવાને સ્વતંત્ર હોતે તો તમારૂં શું કરતે તે વિચાર મારાં મનમાં આવ્યા કરેછ."

ખટલી આ શબ્દો ઉપર ચૂપ રહી. તે સમજી કે જમસુ પૈસાદાર નથી અને સ્વતંત્ર નથી તે વિષે તેણીના કાન ખોલેછે.

"હું શું કરતે વારૂં તે તમે કાંઇ ધારી શકોછ?" જમસુએ તેને પાધરૂંજ પુછ્યું.

"નહી, મારાં મનમાં કાંઇ ખ્યાલ આવતો નથી." તેના બોલાવવાથી ખટલીએ પોતાની ચૂપકીદી તોડીને જવાબ દીધો.

"હું એમ ધારૂંછ કે તે વખતે અને તેવા ફેરવાયલા સંજોગો વચે હું તમારી સાથ પરણવાની માગણી કરતે." તે એકદમ બોલ્યો.

ખટલી પોતાની ખુદરતી લાજથી આ શબ્દો ઉપર તદન ચૂપજ થઇ ગઇ.

"તમે સમજયાં કે મિસ ખુરશેદ?" તેણે પાછું અંકે કરાવવા પુછ્યું હતું. "હું કહુંછ કે જો મારી પાસે પૈસા હતે અને મારી મરજી પ્રમાણે ચાલવાની મારાંમાં મુખત્યારી હતે તો હું તમોને પરણવાનું માગું કરતે."

ખટલી પાછી ચૂપ થઇ ગઇ.

"તો તે વખતે તમે શો જવાબ દેતે, મિસ ખટલાં?" જમસુએ તેને પાછી બોલાવી.

"તમારો આ સવાલ તો મને પેલા શેખચલ્લી મકોરાના જેવો લાગેછ" ખટલી હસીને બોલી. "તે મકોરો પોતાની માયને એમજ પુછતો તો કે 'હું સર જમશેદજી જીજીભાઇ થયો હને તો લખપતિની દીકરી સાથ પરણુતે' તેમ તમે કહોછ."

ખરી વાત એટલીજ છે કે ખટલીને જમસુની પરણુવા વિષેની આ શરત પસંદ નહી હતી. તે પરણી શકે એટલો પૈસાદાર નથી એમ ખુલ્લું ને સીધું કેહવાને બદલે આડકત્રી રીતે તેની પાસે જાણેકે બોલાવવા માગતો હતો કે તે પૈસાવાળો નથી માટે વર દાખલ ચાલે નહી.

પણ જમસુ પૈસાવાળો નથી એમ ખટલીને કહી સંભળાવવાની જેમ તેણે આ તક લીધી હતી, તેમજ ખટલી પણ પોતાની ગરીબાઇ જમસુને કહી સંભળાવવાની આ તક ચુકી નહી હતી.

એક દાહડે જમસુએ સેજ પુછ્યું હતું કે "આ પતેતી ગુજારવા તમે પુણે તમારાં સગાં વ્હાલાંઓને મળવા જશો કે?"

ત્યારે ખટલીએ સાદી ના કેહવાને બદલે તેને નીચલો જવાબ દીધો હતો કે—

"એક તેહવાર જેવાં ટાંકણા ઉપર ખામખા પુણે મોજ કરવા જવાનાં ગાડીભાડાંનો ખર્ચ મારા સરખી એક ગરીબડીને નહી પાળવે."

"વળી" ખટલીએ ઉમેર્યું હતું કે "પુણામાં મારૂં બાપીકું ઘેર નથી. હું અને મારી બેહનો મેહરી ને નાજા મારા મામાનાં ઘરમાં તેવણુના આધાર ઉપર ગુજારો કરીયેછ. તેવણુ માત્ર એક ડાકટરનો ધંધો કરેછ, તે ધંધાની કમાણી ધમાણી કાંઇ એવી નથી કે ત્રણ માથે પડેલી ભાણેજોનો ખર્ચ ઉપાડી શકે. ત્યારે તેવણુને ઘેર જઇ તેવણુને ત્યાં બોજો થઇ પડવાનો મારો વિચાર નથી."

એ ખટલીનો તે વખત ઉપરનો જવાબ હતો.

પણ એટલાજ જવાબ ઉપર વાત માંડી વળવાની જમસુની ધારણા નહી હતી. તે તે દાહડે તો વાત આગળ વધારવાની ધારણા કરીનેજ ફરવા આવેલો હતો.

આ વખતે ખટલી અને છોકરાંઓએ સાંજ પડી જવાથી મિસિસ સાવક્ષાની સ્કૂલ તરફ પાછાં ફરવાજ માંડયું હતું, માટે આ સઘળી વાત ઘેર જતાં જતાં થઇ હતી. છોકરાંઓ ઘેરમાં જઇ ચુકયાં હતાં. પણ જમસુએ પોતાનાં પગલાં ખામખા ધીમાં પાડયાં હતાં અને તેથી ખટલીને પણ આસતે આસતે ચાલવાની ફરજ પડી હતી, જેથી એ બે જણુ છોકરાંઓ કરતાં ઘણાં પછાત પડી ગયાં હતાં.

"તમારા આ હેવાલ ઉપરથી હું ધારૂંછ, બાઇ ખોરશેદ, કે તમારી હાલતમાં કાંઇ સારો ફેરફાર થાય એવું કાંઇ નવું પગલું ભરવાનો તમારો વખત આવ્યોછ," જમસુએ વાત વધારી "તમો સરખાં એક માબાપ વગરનાં અનાથ અબળાને એક મુરબી અથવા એક નાથ મળવો જોઇયે, ગરીબ તો ગરીબ પણ એક ભર્તાર હોયતો ભલો. તમોને આશ્રય આપવા અને તમારી ખાતર મેહનત કરવાને

વચનથી બંધાયલો એક વર તમોને મળેતો ઘણું સારૂં. તમારા સરખા સુંદર ચેહરા ઉપર તો શાહજાદાઓ મોહિત થવા જોઇયે."

આ પાછળા ટાહુકાથી ખટલીની આગળી મગરૂરીની યાદ પાછી ઉસકેરાઇ અને તે બોલી. "હાજી. હું નાની બાર વર્ષની હતી ત્યારથી બધાં મને એમજ કેહતાંતાં. પણ હવે હું વીસ વર્ષની થઇછ, તોપણ કોઇ શાહજાદો મારા ઉપર મોહિત થયો નથી."

ખટલીના આ જવાબેતો જમસુને વાત હજી આગળ વધારવાની જોગવાઇ કરી આપી "તમે મિસિસ સાવક્ષાની સ્કુલ કરતાં, કોટેકોટ અથવા કોલાબે, મ્હાલક્ષમી અથવા વાલકેશ્વરનાં એક સુખવાસી વાડી બંગલામાં રેહવાની તક ખોહવી નહી જોઇયે." જમસુએ તેને સલાહ આપી. "વાડી વંતર, ગાડી ઘોડા, નોકરનફરનાં સુખથી રેહવાનું બૈરાંને હંમેશ ગમેછ."

"અને હું પણ એક બૈરી છું, માટે બીજાં બૈરાંઓ કરતાં વધારે ડાહી ને ફીલસુફમાં ખપવાનું ડોળ ઘાળતી નથી." ખટલીએ ખુલ્લાં દિલથી કબૂલ કીધું કે તેને પણ પરણીને વાડીવંતર વગેરે મોટાં સાસરાં વાસરાંનાં સુખનો શોખ હતો.

તે દાહડે તો તેઓ એટલીજ વાત કરીને છુટાં પડયાં, પણ બીજે દાહડે એક બીજી મુલાકાતમાં એજ વાત પાછી ચાલી તો તેનું સેવટ કાંઇ જાણવાજોગજ આવવું જોઇયે એ ખ્યાલ પોતાનાં મનમાં ખટલી કે જમસુ બેહુ જણ અટકાવી નહી શકયાં.

એ પછી થોડા દાહડાની એક જુદાઇનો ખાંચો પડયો. જમસુ માથેરાન ગયો તે થોડા દાહડાનો ખાંચો બંનેને એટલાં વર્ષ જેટલો લાંબો લાગ્યો. અને એટલા અંતરમાં જુદાઇએ તેઓની પરસપર મોહબતનો મોઠાસ દેખાડી આપ્યો. એ અંતરમાં તેઓને એકેક વગર સોહવાયું નહી, તેજ વાતે સિદ્ધ કરી આપ્યું કે તેઓ વચે એક નહી તુટે એવી પ્રીતીનો પ્રવાહ ચાલુ થઇ ચુકયો હતો.

માથેરાનથી આવ્યા પછી તેઓ પાછાં મળ્યાં ત્યારે જે વાત અધુરી હતી તે પુરી થઇ. જમસુએ ખટલીને પરણવાની ખુલ્લે ખુલ્લી માગણી કીધી અને ખટલીએ ખુલ્લે ખુલ્લી હા કહી. પણ જસાવાળાનાં ખાનદાન સાથની તેના મામાની આગળી દુશમની થકી અને બીજાં તરેહવાર કારણો થકી ખટલીએ ખાનગી રીતે છુપ્યાં પરણવાનીજ શરત કરવા માગી અને જમસુએ તે શરત પણ બાહાલ રાખી. માકામામા તે વખતે તો ચીન હતા, પણ તે પોતાની દોલતનાં વાહણો ભરીને કોઇબી દાહડે ચીનથી પાછા આવવાની વકી હતી. આજે પરણ્યા પછી આઠ નવ મહીને તે વકી ખરી પડીછે અને માકામામા પાછા આવવાની ખુશ ખબરી મેહલાશાહ મામાએ ખટલીને લખી જણાવી તે આપણે વાંચીછે.

તેમનાં આ ખાનગી લગન છાનાં રાખવા માટે ખટલીએ જમસુને સમજાવ્યું કે મિસિસ સાવક્ષાને વટીક તે વાતથી વાકેફ કરવી નહી. પણ ત્યારે તેવણની સ્કૂલ છોડીને જવાશે કેમ? ખટલીએ જયારે પણ જવું હોય ત્યારે એક મહીનાની નોટીસ આપીને જવું એવો તેણીને મિસિસ સાવક્ષા સાથ કરાર થયલો હતો તે કરાર મુજબ ખટલી મિસિસ સાવક્ષાને એક માસની નોટીસ આપીને છુટી પડી. ખટલીએ મામાને ત્યાં પુણે રેહવા જવાનું બાહનું કાહાડયું હતું, પણ ત્યાં કાંઇ તે જવાની નહી હતી, માટે મામાના અને બીજાં કાગળ પત્રો મિસિસ સાવક્ષાની સ્કૂલમાંજ આવે તે તેવણના હાથમાં નહી જાય તેની ખટલીએ સંભાળ લીધી હતી, તે એટલીજ કે પોતાનાં છુપ્યાં લગનનો ભેદ તેણીએ મિસિસ સાવક્ષાની સ્કૂલમાં પોતાની એક માનીતી અને વિશ્વાસુ સોબતણને કહી રાખ્યો હતો અને તેને અરજ કીધી હતી કે દરરોજ ટપાલ આવે ત્યારે ખટલીને નામના કાગળપત્રો તેણીએ તેમાંથી કાહાડી લેવાં તથા "મિસિસ દારાશા દોલીદાદીના" ને નવે સરનામે પાછાં બીડવાં. તે કયાં બીડવાં તેનું ઠેકાણું પણ ખટલીએ આપી મુકયું હતું.

એ નવું ઠેકાણું "મરઘા સેરી" નું હતું. તેનું પેહલાં તો નામજ ખટલીને નાસિપાસિ ઉપજાવનારૂં નિવડયું. વાલકેશ્વર અથવા મહાલક્ષ્મીને બદલે "મરઘા સેરી" નું ઠેકાણુંજ એક મુફલેશીભરેલી ગરીબાઇનો ખ્યાલ આપેછે, પણ ખટલીએ તુર્ત વેળાને માટે તો "જ્યાં ત્યાં જઇને પડવા" ઉપર સંતોષ પકડયો.

તેણે "શ્રિમંત સાહેબજાદા" ને પરણવાનું પોતાનું સ્વપ્નું ખોટું પડેલું જોયું, પણ તેથી ખટલી હિમત હારી નહી. તેના વરે તેને હિમત આપી હતી કે તેનો મામલો થોડા વખતમાં સુધરી જશે, અને થોડા વખતમાં સારી જીંદગી જોવાની આશામાં તે ખુશી સાથ પરણીને મરઘાસેરીમાં જઇ રહી પણ ત્યાં થોડા દાહડાને બદલે તો એકની એકજ મુશ્કેલીમાં મહીના ને મહીના ગુજરી ગયા અને ખટલીએ પોતાની તે ગરીબાઇના દાહડા કેવી નાસિપાસિ વચે ગુજાર્યા તે આપણે આગળા સફાઓમાં જોયું છે.

લગ્ન છુપ્યાં રાખવાની જમસુએ ખટલીની આજીજી ઉપરથી સઘળી ગોઠવણ કરી હતી. તેઓ છેક મજગામની અગ્યારીમાં જઇને એકાંતમાં પરણી આવ્યાં, કે જે કારણસર જમસુએ તેને કોઇ ઓળખે નહી એવા બે મોબેદો સાથે પોતાને પરણાવવાની પકુણ કીધી અને તેઓને "દારાશા દોલીદાદીના" નું ખોટું બનાવટી નામ આપ્યું. શાક્ષી દાખલ બેજ જાડુતી ચાકરોને ઉભા રાખ્યા હતા અને આવી રીતનાં એકાંત, ઉતાવળાં લગ્ન નવાઇ જેવાં તો લાગ્યાં, તોપણ કાહણી કીસ્સાઓ સરખો જે જીંદગી આજ કાલ પારસીઓનાં કેટલાંક ચકાસેલાં જુવાનો ગુજારેછે અને કાહણી કીસ્સા સરખા નહી બનવાના બનાવો કોઇવાર આપણામાં બનેછે તેવાંજ એક નવાઇ જેવાં કૌતુક દાખલ તેઓનાં આ છુપ્યાં લગ્ન તેની ક્રિયા કરનારા પૈસાના લોભી મોબેદો આગળ પસાર થઇ ગયાં.

આ ઉતાવળેમાં પરણવાનું સેવટ કેવા પસ્તાવામાં આવ્યું, તે વાંચનાર જાણેછે, કે જેનાં પરિણામમાં આજે જમસુ ખટલીને ખોહી બેઠોછે. તે પોતાના વરને કાગળ લખીને પોતાની ગરીબ હાલત સુધારવાની આશા ઉપર છોડી ગઇછે, પણ પોતાનો માતબર મામો માણકશાહ મુકાદમ ચીનથી પાછો ફરવાની તેણીને તેજ દાહડે ખબર મળી હતી, તે વાત પોતાના વરથી છુપાવીને તે ગઇછે.

પ્રકરણ ૧૮ મું.

પુણાના પારસી ખાસ વ આમ.

પુણા શેહર, આપણી ખટલીનું વતન, પોતાનાં પાયતખ્તપણા ઉપર મગરૂર છે—તે દખાણની રાજધાણી છે, અને તોપણ મુંબઇની પેઠે પારસી વસ્તી વિષે તે ઘણું થોડુંજ પ્રકાશિત છે.

શેહર દાખલ તે મુંબઇના કરતાં વધારે શોભિતું અને ખુશનુમા નથી. તે કારખાનાંઓનું શેહર નથી, તેના દૂરના ચિત્રવટ દેખાવમાં કાંઇ મોટાં મોટાં કારખાનાંઓના ધુમાડિયાંઓ બાફ અને ધુમાડાનાં વાદળો ઉરાડતાં લાંબા લાંબા સાટકા પેઠે ઉભેલાં નથી. અથવા તે કાંઇ મુંબઇના જેવા મેહલોનું પણ શેહર નથી. અને તે છતાં એક મુફસીલનાં સ્ટેશન દાખલ તે બીજાં શેહરોનાં જેવું કંગાલ નથી. પુણા પણ કેટલાક સુંદર મેહલો અને મિનારાઓ, દિવાનખાનાંઓ અને ઇનસ્ટીટયુટોને માટે મગરૂરી ધરાવી શકેછે—તો જોકે બાહારની બાંધણી અને બીજી રોણકની બાબતમાં પુણાનો દેખાવ મુંબઇથી જુદોજ છે. આપણા પોરબંદરના પથરથી મુંબઇના મેહલો જે એક જાતની સફેદીથી સૂર્યનાં કીરણોમાં સંગેમરમરને મળતો પ્રકાશ આપે છે અથવા ચંદનીમાં બિરાજી રેહછે, તેથી ઉલટીજ રીતે પુણાના મેહલો ગમે એટલા ઉંચા અને બુલંદ હોવા છતાં કાળા કાળા અને જાણેકે કોઇ આગમાં દાજી ગયા હોય એવો દેખાવ આપેછે.

એટલું છતાં પણ પુણા કાંઇ ઘણું ઉપયોગી અથવા કામનું શેહર હોય એવું કાંઇ નથી. મુંબઇ આખા હિંદુસ્તાનને કામનું શેહર છે, તેમ પુણા જાણેકે પોતે પોતાનાંજ કામને માટે જીવેછે. હિંદુસ્તાનના નકસામાંથી પુણા કાહાડી નાખો તો તેની ખોટ કોણને જવાની છે ? મુંબઇ પારસીઓની વસ્તીથી પ્રકાશી નિકળ્યું છે, પણ પુણા તો મરાથા પાયતખ્ત માત્ર છે.

તોપણ મોસમ ઉપર ઉદ્યોગી અને ધંધાદારી વસ્તીઓથી અલગ એક નાની જેવી છુટી

લઇને આસાયશ લેવા માટે પુણા શેહર કાંઇ નાલાયક નથી. કામથી પરવારીને થાક લેવા માટે પુણા શેહર નકામું નથી. અથવા મોજ મઝા વગરની તેમ દુઃખદર્દો વગરની એક આલસુ જીંદગીના આરામઘા લેખે પુણા શેહર કાંઇ નિરૂપયોગી નથી. પુણે રેહવું એટલે કે કાળા પથર અને ઇંટની દિવાલોના એકાંત વાસમાં ઝુરી મરવા સરખું છે અથવા મુંબઇ-ના દૂરના ઠાઠમાઠના ગડબડિયા ઘોંગાટ વચે ગામડાંની જીંદગીના કાયદા કાનુનો તથા રીત ભાંતોના વિવેકી અંકુશો વચે ટોવાયા કરવા સરખું છે. મુંબઇની મુકાબેલ પુણેગરી જીંદગી-માં એક જાતનું કેદખાનું અથવા દેશનિકાળ-પણું છે. પુણામાં હવા ઘણી શિતલ છે, તથા ફુલપાન ઘણાં ફળદ્રુપ છે, બાગો ઘણા ખુશનુમા ઉગેછે અને જાહેર બાગોમાં દરરોજ બેંડ વાગેછે, એ સર્વ ખુબીઓ પુણામાં નવીજ અને નેહારીજ છે, કે જેથી મુંબઇ બેનંસીબ છે. તોપણ પુણેગરાઓ પુણામાં રેહતાં કંટાળે છે, અને મુંબઇગરાઓ તો પુણાની જીંદગીથી એક અઠવાડિયાંમાં થાકી જાયછે અને મુંબઇ પાછા જવા માગેછે.

પણ એક શેહર દાખલ મુંબઇ કરતાં પુણા વધારે સફાઇદાર શેહર કેહવાઇ શકાય. જે વર્શાદ મુંબઇમાં સઘળું ભીંગુ ને સર્દ બનાવેછે તથા જે વર્શાદથી મોહલાઓમાં કાદવ પચપચ થાયછે, તે વર્શાદ પુણાને સાફ ધોઇ કાહાડીને જાણેકે નવું નવું બનાવેછે, અને દમિયલ માણસોને વધારે ખાંસીથી ખાંસતાં નહી કરવાનો હોય તેમ થોડો થોડોજ પડેછે. અને તોપણ વર્શાદનું એક માહાવટું ગળ્યા પછી પુણાની હવા એવી તો તાહાડક આપેછે કે જેવી થંડી તાહાડકનો મુંબઇના લોકોએ તો આખી જીંદગીભર કદી અનુભવજ મેળવ્યો નહી હોય. પુણાની સરદારી મુંબઇ ઉપર આ વાતથી મુખ્ય ટકી રહીછે કે મુંબઇ ચોમાસાં-માં જાણે કે રેહવા લાયક શેહરજ નથી, ત્યારે પુણા ચોમાસાંમાં ખાસ રેહવા લાયક શેહર થઇ પડેછે. પુણાની જમીન વળી વધારે ફળ-વંત છે. દ્રાક્ષ અને અંજીર વગેરે ઝુમખા-દાર ફળો જેવાં મુંબઇમાં કદી થતાં નથી, તે પુણામાં થાયછે. તેમ મુંબઇનો આંબો પુણામાં ઉગી શકતો નથી, અને પુણાની કેરીમાં મુંબઇની આફુસ અને પાયેરીનો માવો અને મીઠાસ ઉતરી શકતો નથી.

અને તોપણ પુણા કાંઇ મુંબઇના જેવું માતબર શેહર નથી. મુંબઇના જેવા લક્ષાપતિ અને કરોડપતિઓ પુણામાં વસતા નથી. તે છતાં આબરૂદાર શેહેરીઓનાં જેવાં તત્વને માટે મુંબઇની પારસી આલમ મગરૂર છે, તેવા પારસી શેહરીઓથી પુણા શેહર છેક ખાલી નથી. પુણું પણ પોતાના શેઠો અને સાહુકારો, વેપારીઓ અને મિલવાળાઓ, વકીલો અને પ્લીડરો, દસ્તુરો અને દરબારી-ઓની એક સારી સંખ્યા ધરાવેછે અને પુણાના એ પારસી ખાસ વ આમ સાથ આપણને આ વાર્તામાં ઘણું કામ છે, માટે તેઓમાંના થોડાક મુખ્ય માણસોની આપણ અતરે થોડીક ઓળખાણ કરીશું.

પુણાની પારસી પ્રજાના આમ લોકો ઘણા ખરા સદર બજાર, જે કાંપનું બજાર કેહવાય-છે અને મુંબઇનાં ઇંગ્રેજ બજારને મળતું આવેછે તેની આસપાસનાં ઘરોમાં એકઠા થયલાછે, પણ ખાસ લોકો એટલે ઉંચે દરજ્જેના વગવાળા અને માતબર લોકોનો એક ભાગ શેહરમાં અને બીજો ભાગ કાંપ અથવા લશકરી છાવણીથી વસાયલા ભાગમાં વેંહચાઇ જઇને વસેછે. કાંપમાં ને શેહરમાં તેઓનાં રેહઠાણો ઘણું કરીને બંગલારોકાં છે, દરવાજાઓ અને પોર્ટિકો, તથા બાહાર લાંબા વરાનદાઓ અને અંદર કુસાદે દિવાન ખાનાઓથી તે બંગલાઓ જાણીતા છે. કાચનાં બારી બારણાનું સુખ ઘણાખરા બંગલાઓ ભોગવેછે, પણ તેમ વળી ઘણાકોને લાકડાંની બારી હોતીજ નથી, કે જેથી બંગલા-ની બારીઓ બંધ હોય કે ઉંઘાડી તોપણ માહે અજવાળું પુરતું રેહછે, પણ હવા તો બારી બંધ કીધી કે તદનજ બંધ થઇ જાયછે.

આપણી આ વાર્તાના વખત ઉપર શેહર અને કાંપની સરહદની વચે સર્વથી મોટો બંગલો શેઠ શેહર્યારજી સર્દાનાં કુટુંબથી વસાયલો હતો. તેવણ પોતાની પાંચ પૈસાની ટુક પુંજીમાં પોતાનાં છૈયાં છોકરાં સાથ સુખી હતા. તેવણનાં ધણીયાણી ધનબાઇજી એક પાકી ઉમરનાં વિચારવંત અને સમજુ બૈરાં હતાં તથા એ માટીબૈયરનું જોડું પોતાના

એક મોટી ઉમરના દીકરા અને બે ઉમરે પુગેલી દીકરીઓ સાથે રેહતાં હતાં, ત્યાં તેઓના વિચારો બીજી બાબતોમાં ગમે એટલા જુદા હતા, પણ એક બાબતમાં જાણેકે તેઓ એકમત હતાં અને તે એ કે પુણા શેહર જાણેકે ખોદાતાલાએ તેઓનાંજ સુખને માટે ખાસ બનાવ્યું છે; અને એ વિચાર મુજબની તેઓએ પોતાની જીંદગીને વલાણ આપી હતી.

શેઠ શેહરયારજી સર્દા અને તેવણનાં ધણીયાણી ધનબાઈજી પુણાના પારસીઓમાં આગેવાનની પદવી ભોગવતાં હતાં. સખાવતનાં અને ધર્મખાતાંઓનાં ઉઘરાણાંઓમાં તેઓનું નામ પેહલું હતું. તેઓની ખેતીની જમીનો હતી અને તેથી વેપાર ધંધાની તેમનાં નાકમાં સુગ હતી, તથા ધંધાદારી કે દુકાનદારને તેઓ પોતાનાં સંસાર મંડળોથી દૂરનાં દૂર રાખતાં હતાં. તેઓની મરજીની સામે થવું એ આખા પુણાની સામે થવા બરાબર હતું અને તેવા તેમની સામે થનારા કોઇ પણ પારસીથી પુણામાં ટકવું (તેઓનાં પોતાનાં મત મુજબ) મુશકેલ હતું. જાણેકે તેઓના દુશમનોએ તો પુણા છોડીજ જવું જોઇયે. તેઓના દુશમનની હાલત અને એક ન્યાતબાહાર થયલા વાણિયા કે ભાટિયાની હાલત સર્દાના સંસારમાં એકસરખીજ હતી.

કાંપમાં સરની અગ્યારીની પડોસના એક મિનારા ઉપરથી "ચેહલમિનાર" ને નામે ઓળખાતા એક બંગલામાં દોરાબજી દારૂવાળા રેહતા હતા, કે જેના હાથમાં આખા જીલાના દારૂનો ગુતો હતો; પણ શેઠ શેહરયારજી સર્દા અને તેવણનાં ધણીયાણી ધનબાઇજી "ચેહલમિનાર" ને એક બંગલાનું નામ આપવાને ના પાડતાં હતાં અને તેને એક "ઘર" નાં ગરીબડાં નામથી ઓળખાવતાં હતાં. કાંકે તેઓ કાંપના છુટા છુટા બંગલાઓવાળા ભાગમાં નહી પણ ઘણાં ઘરોનાં એકઠાં મળવાથી બનેલા એક મોહલામાં વસતાં હતાં અને તેવો એક ગીચ મોહલો બંગલાને છાજતો હોયજ નહી તથા ત્યાં જો બંગલો બાંધ્યો હોયતો તે બંગલો કેહવાયજ નહી એવું સર્દા કુટુંબનું મત હતું. વળી દોરાબજી દારૂવાળા અને તેની બાયડીએ પુણાના મુખ્ય પારસીઓને એક દાહડે ખાના ઉપર બોલાવ્યા નહી હતા, તેઓ ખાવે ખવાડવે બાહદુર નહી હતાં અને ઉઘરાણાંઓમાં નામ ભરી આપતાં નહી હતાં. તેઓ નહી પોતાનાં "ઘર" માં પુણેગરાઓને બોલાવતાં કે નહી પોતે તેઓને ઘર જઇ તેમની સાથ ભેળાતાં હતાં. તેઓ સંસાર અને મંડળીને પોતાથી બનતાં સુધી દૂર ને અલગાંજ રાખતાં હતાં.

સર્દા અને દોરાબજી ગુતાવાળા પછી, પૈસાદારની પદવીમાં બીજા ધંધાદારી વર્ગોનાં નામ ઉતરતાં બોલાતાં હતાં. તેઓમાં એક તો સોહરાબશાહ વકીલ હતા, જેવણ ઘણાં વર્ષથી સરકારી જુના વકીલ હતા. બીજા કાવસશાહ કેમીસરીવાળા સરકારી કેમેસરી ખાતાંના કંત્રાકટર હતા. ત્રીજા દીનિયારજી દસ્તુર હતા, કે જેવણના બપાવાએ આગળાં વર્ષોમાં મુંબઇના "ચસુકા" અને "પાનચુકા" દસ્તુરોની જોસભરી જીકરોમાં ભાગ લીધેલો હતો, અને જેવણ અસલ નોશારીનાં મીનોચેહર આશાનાં પોતાનાં દસ્તુર ખાનદાનની વંશાવલી, ઉપર વડાઇ લેતા હતા. કાંપ છોડીને શેહર તરફ જતાં શેહરનાં પરાંઓ જે "પેંટ" ને નામે ઓળખાયછે, અને જે દરએક "પેંટ" ને અઠવાડિયાંના દરએક વારનું નામ આપેલું છે—જેમકે "શુકરવાર પેંટ," "શનિવાર પેંટ," "આર્દાતવાર પેંટ" ઇત્યાદી—તે દૂરનાં શેહરમાં પારસીઓનાં ચાર પાંચ ગરીબ કુટુંબો વસતાં હતાં, જેઓને કાંપનાં માતબર કુટુંબો સાથ ઝાઝો સંબંધ નહી હતો, અને તે આમ લોકોને ખાસ લોકો ગામડિયા ગમાર ગણતા હતા. પણ આ જાતની તેઓની એકેકની પિછાણ અરસપરસની હતી. "બુધવાર" અને "શનિવાર" પેંટોના જુજ પારસીઓ કાંપના પારસીઓને અને પાછલાઓ પેહલાઓને ગામડિયા ભુખરી સમજતા હતા. તેમને મનથી કાંપના ગુત્તાવાળાઓ અને કંત્રાકટરોનાં ઘેરજ કાંદા પટેટા અથવા મોવડાં અને ખજુરથી ગંધાતાં હતાં—પછી મરને તે પૈસાના પ્રકાશથી ગમે એવાં રંગ કે રોગાણ મારેલાં કાં નહી હોય? કાંપના શેઠિયાઓ પોતાની ભપકાદાર ફૈટનોમાં બેસી ફરતા ત્યારે શેહરના પારસીઓ તેમના ઇંગ્રેજી પોશાકોને હસતા અને શેહરના પારસીઓ ઘણું કરીને ઘોડેસવારીના પોતાના શોખ થકી ખંડાલા કે

માથેરાનના ઘાટી ટટ્ટુઓ ડપટાવતા ફરતા ત્યારે કાંપના પારસીઓ તેમના ગામડિયા દેખાવને હસતા હતા. શેહરમાં દેશી નાટકશાળા અને ગાયનશાળા વગેરે હોવાથી કાંપના પારસીઓ નાટકો અને જલસામાં આવતા ત્યારે શેહરના પારસીઓ પોતાની નાની દૂરબીનો વગેરેથી તેઓને ટીકી ટીકીને કંટાલો આપતા અથવા ઘણીસરખી ગડબડ કરીને કાંપના "સુધરેલા જાંગલાઓ" ને શેહરના "જંગલીઓ" નાટક કે જલસાની આજી મોજ ભોગવવામાં ભંગ કરતા હતા.

પુણાની આમને બાદ કરીયે તો ખાસ પારસી પ્રજામાં આપણી ખટલીના મામા ડાકટર મેહલાશાહ મુકાદમને આજું માન નહી હતું. "ખાસ" સાહેબો તેને મળતા ત્યારે તેને સલામ કીધા અગાઉ, પેહલાં તેની સલામની વાટ જોતા હતા અને તે સલામ કરે તો ઘણા રોબથી તેના તરફ હોકું હલાવતા અથવા એક સલામની ટપલી મારતા હતા. ડાકટર મેહલાશાહની ઘરાકી મુખ્ય કરીને ગરીબડા આમ લોકોમાં વિશેષ હતી. સુખી સંતોષી એક સાધારણ શેહરી એ મેહલાશાહ મુકાદમની આબરૂ હતી. તે ગરીબ ગુરબાંઓને દવા દારૂની મદદ પોંહચતી કરવાનો પોતાનો ધંધો ખંતથી બજાવતો હતો, એટલે ગરીબોમાંજ તેની આબરૂ વધારે હતી. મોટા લોકોને તે ઘણો કામનો નહી હતો—મોટા લોકોના તો મોટા ડાકટરો હતા—એટલે તેઓ તેને ગરીબોનાં જેટલું માન આપતા નહી હતા. તેને રોજના બે પાંચ રૂપીયાનો વકરો થતો હતો, તેટલાં ઉપરજ તે રાજી હતો, કાંકે તેના ખાલી ખીસાએ તેને ખાતરી કરી આપી હતી કે કરિયાતાં અને કિવિનિનનાં પડીકાં બાંધી આપવા અથવા જોલાબ અને મીથાંના ઘુંટારા ઘુંટી આપવા એ કાંઇ પૈસાદાર થવાનો રસ્તો નહી હતો. ગમે એવો અસરાફ અને લાયકીવાળો પોતે ગૃહસ્થ હોવાં છતાં પુણાના "ખાસ" પારસીઓ તેને પોતાના વર્ગનો ગણવા ચાહતા નહી હતા, કાંકે તેતો ભવાણીપેંટના રસ્તા ઉપર એક ઝૂપડાં સરખા લાલ ઈંતરદીના બાંધેલા "લાલ કીલ્લા" નામના બેઠા બંગલામાં ગરીબ સંસારે રેહતો હતો. તેના ગાડી કે ઘોડા, નોકર કે નફરો આજા નહી હતા, તેનાં દવાખાનામાં સંગેમરમરની ટેબલ કે સોનેરી હરફથી ચલકતું બિલોરિ બોર્ડનું પાટિયું નહી હતું, તેના ધંધામાં તેને મદદ આપવાને કોઇ કંપાઉંડર નહી હતો, તે દવાદારૂ પોતાને હાથેજ બનાવી આપતો હતો અને તેથી કંપાઉંડર જેવા મેલા ઘેલા પોશાકમાં તે પોતે ફરતો હતો. ટુકમાં ડાકટર મેહલાશાહ મુકાદમ પુણેગરા ખાસ વર્ગના પારસીઓ કરતાં વધારે સુખી, પણ ઓછી ચલકતી જીંદગી ગુજારતો હતો—એટલે તે "ખાસ" નહી પણ "આમ" ના ગરીબડા ધંધાદારી વર્ગનો એક રઇસ હતો.

ખરૂં છે કે તેણે પોતાની ત્રણ ભાણેજોને પોતાનાં છાપડાં તલે પોતાનો ગરીબડો આશ્રય આપ્યો હતો. તે બિચારાં ત્રણ માબાપ વગરનાં અનાથ બચ્ચાં હતાં, કે જેઓની જીંદગીની કીસ્તી આ સંસારના ભવસાગરમાં માબાપનાં છત્રનું લંગડ ખોહી દઇને ઘસડાતી પડ્યાથી તેમના આ મામાએ તે ત્રણે કન્યાઓને પોતાના આશ્રય તલે લઇને રખડતી ભીખારી હાલતમાંથી ઠેકાણાંસર ઠર પાડી હતી; પણ પેલા પૈસાદાર પારસીઓના "ખાસ" વર્ગને મનથી એ ઉદારતામાં મેહેલાશાહ મુકાદમની કાંઇ મોટી ખુબી નહી હતી. પોતાની ત્રણ જુવાન ભાણેજોને ઉછેરીને મોટી કરવાનું ખર્ચનું કામ હતું અને તે ખર્ચ તેણીઓના આ મુરબી મામાએ સુગે મોહડે આપ્યો હતો, કે જે ખર્ચ ગાડી ઘોડા અને કંપાઉન્ડર રાખવામાં તે રોકી શકત. પણ મેહલાશાહ મુકાદમની એ ઉદારતાની પિછાણ કરનારા પુણેગરા પારસી ખાસ વ આમમાં થોડાઓજ હતા. આ ગમે એવી કીમતી પણ નાની સખાવત તેઓને મનથી ઘણી નજીવી હતી. તેઓ જેમ એક ઘરની પિછાણ કરે તેમ એક માણસની પિછાણ કરતા હતા? એટલેકે બાહારનો દેખાવ તેમની પિછાણ કરવાનું માપ હતું. ગાડી ઘોડા અને કંપાઉન્ડર તે સંસારમાં દરજ્જો પામવાનું એક સાધન હતું, અને જે ડાકટર ગ્રાહકોને પોતાને હાથે દવા બનાવી આપે તે તેમને મનથી મોટો અને ચહડતો ડાકટર કેહવાયજ નહી.

ડાકટર મેહલાશાહ મુકાદમ "ડાકટર" તો માત્ર સભ્યતાથીજ હતો. તે ખરેખર તો એક જુનો જી. જી. એમ. સી. હતો, અને તે એટલો સંતોષી હતો કે કાંપમાં વસનારા

"ખાસ" પુણેગરાઓના ભપકાસપકાની તેને જરા અદેખાઇ લાગતી નહી હતી. શેઠ શેહરયારજી સદા અને તેવણનાં ધણીયાણી ધનબાઇજી, દોરાબજી દારૂવાળા, સોરાબશાહ વકીલ, કાવસશાહ કેમેસરીવાળા અને દીનયારજી દસ્તુર વગેરે સાથ મેહલાશાહ મુકાદમને ઠીક ઘરોબો હતો. તેમને ઘેર તેની આવજાવ હતી અને ઓળખપાળખ પણ સારી હતી. જેમ સેતારાઓ આકાશમાં પોતાના નિયમિત ચક્રાવામાં પ્રકાશ પામેછે, તેમ આ દુનિયાઇ સેતારાઓને તેમના સંસારી ચક્રાવાઓમાં પ્રકાશતા જોઇને ડાકટર મેહલાશાહ મુકાદમને કાંઇ બલાપો થતો ન હતો. તેઓ તેને પોતાને ત્યાં ખાના પીનામાં સામેલ કરતા નહી હતા. તેઓ તેને ઝાઝા "કેહ બોલાવ" કરતા નહી હતા તેથી પણ એ સાદા ડાકટરને કશું લાગતું નહી હતું. તે તેઓ સર્વને તેમના માર્ગસર રેહવા દઇ પોતે પોતાને માર્ગે રેહવાનું પસંદ કરતો હતો.

પણ તેની આ સંતોષી સાદાઇ ઉપરથીજ પુણાનાં પારસી ખાસ વ આમે તેને એક "કાકા ચક્રમ" નું નામ આપ્યું હતું. "કાકા સારા માણસ છે, પણ જરા મગજે ચસ્કેલા છે" એ ડાકટર મેહલાશાહ મુકાદમ વિષે પુણાનો સામટો અભીપ્રાય હતો.

પ્રકરણ ૧૯ મું.

બેહન બેહનો વચે ટપાટપી.

ચોમાસામાં પુણા શેહર એક બાગે બેહસ્ત પેઠે ખીલેછે. પુણાની મોસમજ ચોમાસાંમાં રેહછે. ઉણાળાની આખરીથી ગવરનર, તથા બીજા મોટા મોટાઓ મહાબળેશ્વર અને માથેરાનનો શિતલગીરીનિવાસ છોડીને પુણે આવેછે અને તે પછીનાં ચોમાસાંના ચાર મહીના પુણામાં મંડળીની સઘળી મલાહી એકઠી થઇને રેહછે એટલે મંડળીનો બાહાર કેવો ખીલેછે તે પુછવુંજ શું ? ચોમાસાંમાં પુણાની હવા ઘણીજ ખુશનુમા હોવાથી આદમીને એક જાતની એવી તરોતાજગી બક્ષેછે કે તેથી તેનાં દિલને તાકાત અને તનદરોસ્તીવાળું બનાવેછે અને તેનો લાભ લેવાને જેટલાં જણથી જવાય તેટલાં જણ પુણે જાયછે. પુણાનો વર્શાદ કાંઇ મુંબઇના વર્શાદ જેવો મારમારનો પડતો નથી. મુંબઇ શેહર મોટા લોકોને અગર ઉણાળામાં રેહવા લાયક લાગતું નહી હોય તો ચોમાસાંમાં વર્શાદના મારાને લીધે તે વધારે ઓછું રેહવા લાયક થઇ પડેછે. તેવા મોજીલા શ્રિમંતોને મારે તો ચોમાસાંમાં પુણુંજ રેહવા લાયક હોયછે. મુંબઇમાં વર્શાદ શરૂ થાયછે તેની અગાઉ ઘાટ ઉપરના દારૂણ વગડાઓ વર્શાદનાં વાદળાંઓને પોતાનાં બુલંદ શિખડ ઉપર ખેંચેછે, અને તેથી પુણામાં વર્શાદ વેહલો વર્શેછે, પણ મુંબઇ કરતાં ઘણો થોડો વર્શેછે અને તોપણ ગરમ હવાને ઘણી લેહજતદાર થંડીથી સુધારેછે.

એવાં ચોમાસાંની શરૂઆતનો એક શાંત અને શિતલ દાહડો હતો, કે જયારે ભવાણી પેંટના રસ્તા ઉપરનો "લાલ કીલ્લો" ડાકટર મેહલાશાહ મુકાદમનું "ઘર" અથવા "બંગલો"—જે કહો તે—પોતાના જુના પુરાના ઠાઠ સાથ, સૂર્યના તાપમાં તપતો ઉભેલો હતો. દોરાબજી દારૂવાળાનાં ધણીયાણી ધનબાઇના શબ્દોમાં એ "ડાકટરનું ઘેર જુનું ખખ થઇ ગયું હતું," કાંકે આજ કેટલાંક વર્ષ થયા ડાકટર સાહબે તેની મરામત પાછળ કાંઇ ખર્ચ કીધો નહી હતો તે એટલા સુધી કે વખતેવખત તેની દિવાળોને ચુનાનો તથા લાકડ કામને રંગનો જે હાથ મારવો જોઇયે તે પણ માર્યા વગર રહી ગયલો હતો. તે "ઘેર" ડાકટર મેહલાશાહ મુકાદમની પોતાની મતા હતી—જો ભાડેનું "ઘેર" હોત તો ડાકટર સાહબ ઘેરવાળા ઉપર તેનાં "વાહિટવાશ" વગેરેનો તકાજો કરત, પણ આ મીલકત તો પોતાની પડી અને મરામતના પૈસા જોઇયે એટલે ડાકટર સાહબે સેહલાઇથી તે ખર્ચ કેટલાંક વર્ષ થયાં માડી વાલ્યો હતો.

મોસમ ઉંઘડવાની સાંજ હતી, એટલે "લાલ કીલ્લા"ના રસ્તા ઉપર આવજાવ ઝાજી હતી. ગવરનર તે દાહડે આવનાર હતો અને ગવરનરની સાથે મહાબળેશ્વરથી દખ્ખણના ઘણાક રાજાઓ અને સરદારો પણ પુણામાં એકઠા મળવાના હતા, કે જેઓ સર્વની સ્વારીઓ ડાકટર

સાહેબનાં ઘરના ભવાણી પેંટના રસ્તા ઉપરથી કાંપમાંથી થઇને શેહરમાં પસાર થતી હતી—કાંકે તે દક્ષણી સરદારો ઘણાખરા શેહરમાં રેહતા હતા—અને તે સ્વારીઓ આવતી જતી જોવાનો એ રસ્તા ઉપર સારો, રચનાપુર્વક તમાશો થતો હતો. અંહી રેહનારાંઓ ઘણાંખરાં એ રચના જોવાને રસ્તા ઉપર નિકળતા હતા. ડાકટર મેહલાશાહ મુકાદમને અથવા તેવણની સાથે રેહતી તેવણની ભાણેજોને રસ્તાની બાહાર નિકળવાની જરૂર નહી હતી. તેમને તો પોતાનાં "બંગલા" ના અથવા "ઘેર" ના દરવાજા ઉપરજ નિકળીને બેસવાનું હતું, કે જયાંથી મોસમ ખોલવાનો દિવસ હોવાથી ગાડી ઘોડા, હાથી, ઉંટ વગેરેની ઘણી આવજાવનો સારો રેલો ચાલતો તે જોવાથી બે ઘડી મન વેરાતું હતું અને વખત સોહવાઇ જતો હતો. રેલવે સ્ટેશન ઉપરથી શેહરમાં જવાનો રસ્તોજ ડાકટર સાહેબનાં "ઘેર" અથવા "બંગલા" ઉપરથીજ હતો, જેથી તે દાહડે સાંજે તે રસ્તા ઉપર સારી વસ્તીની રચના હતી.

મારે એ સાંજે આપણા ડાકટર સાહેબે, પોતાની ભાણેજો સાથે એ સઘળી રચના આવતી જતી જોવાને પોતાના દરવાજા ઉપર નિકળીને બેસવાનો ધારો હતો. સાંજના ચાર વાગતેથી તેઓ બાગમાં એકઠાં મળ્યાં હતાં અને મેહરી તથા નાજાં (આપણી ખટલીની બેહનો) બાગમાં ફુલોના કયારાઓ વચે કાંઇ રોકાયલી હતી. મેહરી તો અલબતાં ફુલો વીણતી હતી, પણ નાજાં ઝાડોને પાણી સીપવાનાં વધારે મેહનતનાં કામમાં રોકાયલી હતી. મેહલાશાહ મુકાદમનાં "ઘેર" નો બાગ મોટો નહી હતો—પુણામાં શું મોટા કે શું નાના દરએક બંગલા અને દરએક ઘેરને બાગ હોયછે, કે જે બાગ ઉપર ઘરધણીઓ પોતે અને તેમનાં કુટુંબીઓ સારૂં ધ્યાન આપેછે. બાગબાનીની માહેતગારી એકલા માલીઓનેજ નહી પણ તેમના શેઠ શેઠાણી સર્વને થોડી ઘણી હોયછે, અને માલીનાં કામમાં માલીનાં બૈરાં છોકરાં સાથે શેઠ શેઠાણીઓ પણ અવારનવાર મદદ લાગેછે. મેહલાશાહ મુકાદમે પોતાના બાગમાં એકજ માલી રાખેલો હતો—વધારે માલીઓ રાખવાના તેવણ પાસે પૈસા નહી હતા—પણ તે માલીને તેવણની ભાણેજો બાગનાં કામકાજમાં કેટલીક દેખરેખનીજ નહી પણ પોતાને હાથે બાગબાનીની કરવાની મદદ આપતી હતી.

"લાલ કીલ્લા" ના બાગમાં એકાદ બે નવાઇનાં ઝાડ હતાં—જેમકે એક સુખડનું, એક એલચીનું, એક સોપારીનું અને એક લવંગનું પણ ઝાડ હતું. તે ઝાડો ઉપર ડાકટર મેહલાશાહ મુકાદમ જેટલી વડાઇ લેતા, તેટલું તેમના ખીલતા ઉધરભાવ ઉપર ધ્યાન આપતા હતા. મારે આજે તેવણ પોતાની નોજવાન ભાણેજ મેહરી સાથ ઉભા રહીને સુખડનાં ઝાડની હેઠલનો સુંદર, સિતલ છાંયડો વખાણેછે, તેવામાં મેહરીની પીઠેથી હવામાં અચળુચ પાણીની એક મોટી ધાર છુટી અને મેહલાશાહ તો ઝપાટામાં ખીસી જવાથી બચી ગયા, પણ મેહરીનું માથું મોહડું અને અંગ તે વર્શતી વાછટ તળે ભીંગાઇ ગયું અને તે બૂમ મારી ઉઠી.

શું આ વર્શાદ આવ્યો કે? નહી, તે દાહડે કાંઇ વાદળાં નહી હતાં અને વર્શાદ પણ નહી હતો. એ તો મેહરીની નાની બેહન નાજાંએ બાગમાં સીપવા માહેલાં પાણીનો મારો હતો. બાગમાં સીપણું કરવા માટે પાણીનો નળ લીધેલો હતો અને તે નળને એક સુંઢ લગાડીને ઝાડો ઉપર દૂરથી પાણી છોડવામાં આવતું જેથી ઝાડોનું ધૂળ મતોડું ધોવાઇ જવાથી, ઝાડો અને દર્ખો સઘળાં સ્વચ્છ તથા લીલોતરીથી ખીલતાં હતાં. આમ પાણીની સુંઢ વડે પાણી સીપવાનું કામ જોકે મેહનતનું હતું પણ ઘણું ખુશનુમા અને રમુજી હતું, તેટલાજ મારે નાની નાજાંને તે કામ કરવા ઘણું ગમતું હતું અને તેટલાજ મારે સુખડનાં ઝાડ હેઠલ ડાકટર મેહલાશાહ મુકાદમ પોતાની ભાણેજ મેહરી સાથે ઉભેલા હતા, તેટલામાં નાજાંએ તે ઝાડ ઉપર પોતાની પાણી સીપવાની સુંઢ છોડી મેળી હતી. પણ તે વખતે તેની વડી બેહન અને મેહલાશાહ મામા ઝાડ હેઠલ ઉભેલા હતા તેની નાજાંને ખબર નહી હતી.

"અરે! એ શું ફેસ્તો? સંભાળ! સંભાળ, નાજાં!" તેના મેહલાશાહ મામાએ બૂમ મારીને ચેતવણી આપી. "તું પાણી સીપે

તે જોઇને સીપની તો, પેલી બિચારી તારી બેહનને બધી ભીંગવી નાખી!"

"તું જ્યારેબી કામ કરેની ત્યારે કામ કરતી ના પણ સામુ કામ વધારતી આવજે," મેહરીએ ચીહીરડાઇને પોતાની નાની બેહનને મામાના ઉપલા ઠપકામાં પોતાની તરફના ઠપકાના શબ્દુનો ઉમેરયા. "તારૂં એવું કામ કીધા વગર ચાલશે, સમજી કેની નાજાં? કામ કરવાની રીત કરવાની હોય તો કામ કર પણ કામ સામુ બિગાડવાની હોય તો, અમોને એવું તારૂં કીધેલું નથી જોઇતું, બેવકુફ છોકરી."

"અંહ! હું કામ કરૂં તેબી તારીથી તો દેખી શકાવાનું નથી" નાની બેહને વડી બેહનને તાણો માર્યો. "સુખડનાં ઝાડને પાણી સીપ્યા વગર મરી જવા દઇયે તે તુને તો પસંદ આવશે? તું તેમજ કરવાની, પણ હું તેમ નહી કરૂં તે કામ બિગાડેલું ગણાય કે? તું તો 'મોટે ઘેરની મેહરબાઇ' થઇ ખરી કની તે તારીથી કામ થાય નહી ને તારી બેહન કામ કરે તે તુને ગમેબી નહી."

"ચાલ, દીકરી નાજાં, વડી બેહનની સાંમે નહી બોલીયે" તેણીના મામાએ તેણીને શિખામણ દીધી. "જોની બિચારી મેહરીની સાડી બધી ભીંજવી નાખી, તે તેને લાગેજતો. એ તારી ભૂલનું પરિણામ છે, દીકરી."

"પણ એ ફુકતી પોતાની ભૂલ કબૂલ કરવાની નથી." મેહરીએ પોતાના ઠપકાનો મારો ચાલુજ રાખ્યું. "ચોરીની ઉપર સરજોરી તે એનું નામ. આપણું નુકસાન કરીને સામુ આપણનેજ દંડવાની, એજ નાજાંનીતો રીત."

"પણ હું સુખડનાં ઝાડને પાણી સીપવા આવી ત્યારે તું કયાં મને નડવા તે ઝાડનીજ હેઠળ આવીને ઉભી મેહરી?" નાજાંએ પોતાનો બચાવ કીધો. "અને તું ત્યાં આવીને ઉભી તે હું શું જાણી બેઠેલી હતી કે? મેં શું જાણીજોઇને તુને ભીંગવી કે તું મને ઠપકો આપેછ?"

"જોયું કેની, મામા?" મેહરીએ નાજાંની આ ચાલને મારે મેહલાશાહ મામાનેજ અપીલ કીધી "જોયું કેની નાજાં મંને થયલાં નુકસાનની માફી કેવી રીતે માગેછ તે? પોતે વાંક કરીને સાંમી મનેજ ગળે પડેછ."

"દીકરી નાજાં, મેહરીની સાડી ભીંજવી નાખવા સારૂં તારે તો લાયકીને અર્થે બેહનની માફી માંગવી જોઇયે." મેહલાશાહ મામાએ તેને લગાર ધીરજથી શિખામણ દીધી.

"માફી માગું!" નાજાં છછણી પડી. "એ 'મોટે ઘેરનાં મેહરબાઇ' સાથ મને શું કે હું એની માફ માગું? મામા, તમે મારી બેહનને ચહડાવી આપીને ઘણી છકાવેછ. તેમાં, મેહરી માકામામાને ઘેર રેહવા ગઇ હતી, ત્યાં રહી આવીને તો એ છેકજ છકી ગઇછ. માકામામાને ત્યાં એ ગઇ તેની અગાઉથીજ એ છકી ગયલી હતી, પણ માકામામાને ત્યાં રહીને પાછી આવ્યા પછી તો એ છેકજ છકી ગઇછ. માકામામાને ત્યાં તું રેહવા ગઇ, મેહરી, તો ત્યાંજ સેવટની રહી કાં નહી? ને એક ખોટો રૂપીયો ખખડયા કરે તેમ તું ખખડી ખખડીને પાછી શું કામ આવી? તારા વગર અમોને અંહી ઘણું ચાલતે? તારા વગર હું ને મેહલાશાહ મામા બેહુ જણ અમે ઘણાં સુખી હતાં. તું મામાને ત્યાં રહીને કેવી બિગડી આવીછ તે એ ચીનાઇ.ઢાંખરાને ખબર નથી, પણ એ ઢાંખરો મામો તારી ચાલ જાણે તો ફરીથી પોતાનાં ઘેરમાં તુંને બોલાવેજ નહી."

માણકશાહ મુકાદમ ચીનથી આવ્યા પછી, તેવણને ત્યાં મેહરી માત્ર થોડાજ દાહડા રેહવા ગઇ હતી, તેવણે ખામખ્વા પોતાની એ ભાણેજને ચાહીને ચીનીબાગમાં પોતાની આગળ બોલાવીને ઉતારો આપ્યો હતો. પણ નાજાંને તેથી એક બેહન દાખલ કેટલો બળાપો થયો હતો તે તેના આ બળતરાના બોલોજ બતાવી આપેછે.

ખરી વાત એ છે કે નાજાં એક ઘણી નાદાન અને ઉછાછલી છોડી હતી. મેહલાશાહ મામાને ત્યાં તે લાડમાં ઉછેરેલી હોવાથી તે ચીબાવળી નાજનીન મિજાજની ઘણી બળેલી હતી, અને જોકે મેહરી તેના કરતાં ઉમરે વડી હતી—ખટલી કરતાં તે ઉતરતી ઉમરની હતી તો શું થયું?—તોપણ મેહરી સાથ નાજાંને ઝાઝો બનાવ નહી હતો. તે તેમની આ ગોફતેગો ઉપરથી માલમ પડેછે. બેહુ

બેહનો ત્રણપાંચ કરીને અથડી પડે તેથી મેહલાશાહ મામાને ઘણી રમુજ મળતી, માટે તેવણ આ બેહન બેહનોની મારામારીને કાંઇ પણ શખ્તાઇથી અટકાવી શકતા નહી હતા.

નાજાં મેહરીની ઉપલી નાફરમાનીજ કરીને રહી નહી, પણ એક કોકટ કર્કશાની પેઠે એવાતો હાથ પગ અફાલીને તે આ તાણાજણીના શબ્દો બોલી કે મેહરી તો બેહનની આવી તુંડાઇથી જાણેકે ડઘાઇજ ગઇ.

"એ શું બકેછ, નાજાં ?" તે ડઘાઇને બોલી "માણકશાહ જેવા મામાજીને 'ચીનાઇ ઢાંખરા' કેહછ. એક સારી ખાનદાની છોકરીનાં મોહમાં એ તે કેવા શબ્દ ?"

"અંહ ?" નાજાંએ ચેષ્ટા કીધા. "મામાને ઢાંખરો કહ્યો તેનું તુને એટલુંબધું લાગી ગયું કે ? પણ એક બુઢાને ઢાંખરો કેહવામાં શું મોટી આબરૂ જતી રહી ? ઢાંખરા તો ઢાંખરા, પણ તારા કરતાં તો વધારે આબરૂદાર છે ?"

"નાજાં, નાજાં, એમ નહી બોલીયે દીકરી." મેહલાશાહ મામાએ તેને ઠપકો આપ્યો. "ત્યારે તો એક દાહડે ખીજવાઇને તું મને બી ઢાંખરો કેહ ખરી કે ?"

"નહી, મામાજી. તમે મારા મુરબી છો, તમોને મારાથી કાંઇ કેહવાય નહી, પણ માણકશાહ મામા સાથ મને શું કે તેવણને હું ઢાંખરા કહું નહી ? તેવણ મને ઓળખતા નથી, મને કશું પુછતા પરછતા નથી. તેવણનું મેહરીને એટલુંબધું લાગેછ તો લાગવા દેવોની, મને તેના શા ભાર પડયાછ ?"

"પણ, દીકરી, મેહરી તારી વડી બેહન થાયછ તેટલું તો યાદ કર." મામાએ યાદ આપી.

"વડી બેહન થાયછ તો મને ભાર પડયાછ !" નાજાંએ ટકોર કીધી. "એ મારા કરતાં વડી છે, તેનું અંહી કોણને ? એ વડી છે તો મને શિખામણ દેવા આવીછ કે ? એને શિખામણ દેવી હોય તો બેહન ખટલીની પેઠે કોઇ સ્કૂલમાં છોકરાં ભણાવવા કાં નથી જતી ? ત્યાં શિખામણ દે એવાં અને એની શિખામણ સાંભળે એવાં ઘણાં છોકરાં એને મળશે."

"મામાજી, એ કુકતીને ના વટારો," મેહરી વચે પુરાઇ "જુવોની, મને ગાળ દેતી દેતી, બિચારી હવે ખટલીનો ઘડો પખોડી લેયછ તે ! હવે બિચારી તે બેહનને નકામી વાતની વચે તાણેછ."

"દીકરી નાજાં, ખટલી મુંબઇમાં શિક્ષકનો ધંધો ચલાવેછ, તે હું તો પસંદ કરતો નથી." મેહલશાહ મામાએ મત આપ્યું "ખટલીને જે વારસાની વકી છે, તે જોતાં એ દીકરીને કાંઇ પણ નોકરી છાજે નહી."

"વારસાની વકી ? શી મોટી વકી ?" ઉછાછલી નાજાંએ એ વાત ધિક્કારી કાહડી. "આઇતાંપર કોઇતું મારવાની વાટ જોતાં બેસી રેહવું, તેમાં શી મોટી બાહદુરી આવી ? હું જો ખટલીની જગ્યાએ હોવું તો એવા આઇતા દલ્લાને તો આડી નજરેબી નહી જોવું."

"એટલે દીકરી નાજાં ? તું ખટલીની જગ્યાએ હોય તો. એટલે ?" તેના મામાએ બોલાસો પુછયો.

"એટલેકે તમેજ કહોછ તેમ ખટલી જો કોઇની વારસ હોય તો." નાજાંએ આઇતા વારસાનો તુચ્છકાર બતાવ્યો. "પણ, મામાજી, ખટલી વારસજ કોણની બળેલી છે ? તમે તે બિચારીને વાસ્તે વારસાની વકી રાખોછ, પણ એને વારસો મળવાનોજ કયાં છે ? કહોની વારૂં. એને કોણનો વારસો મળવાની વકી છે ?"

નાજાંના આ પાધરા પ્રશ્નનો મેહલાશાહ મામાથી પાધરો જવાબ દેવાઇ શકાયો નહી. ખટલીને સારો દલ્લો મળવાની વકી છે, એમ તેવણજ કેહતા નથી, પણ બધાં લોક કેહછે એજ તેવણનો એક ભેદી અને અંધન જવાબ હતો, પણ તેમાં કાંઇ તેવણની વડી ભાણેજનું ભવિષ્ય નકી નહી ઠર્યું. એવી ઠાલી વકીપર જીવવું એ કાંઇ નકી નહી કેહવાય.

"મામાજી, કદાચ તમે માકામામાની મોટી દોલતપર ભૂલતા હશો," નાજાંએ તર્ક ચલાવી. "બીજાઓ એમજ ભૂલેછ કે માકામામા ચીનથી મોટી દોલત લઇ આવ્યાછ, તે બધી તેવણ ખટલીને આપી જશે, પણ એમ ભરૂસો બાંધશો તો સેજમાં રોજા ખોહી બેસશો. માકામામા ખટલીને દલ્લો આપી જવાના છે, તે તમે કેમ જાણ્યું વારૂ ? શું માકામામાએ પોતાનો એ ભેદ તમોને કહ્યોછ ? માકામામાએ હજીતો ખટલીને દીઠી નથી, કે તે મરેછ કે જીવેછ તેટલું જાણતા નથી; અને તેટલામાંજ તેવણ બધી દોલત ખટલીને આપી જશે એમ

સમજવુંજ કેવું ? હું તો એવા ભરૂસાપર કદી ભૂલું નહી, મામા."

"બરાબર છે, બરાબર બોલી, નાજા" તેની બેહન મેહરીએ ટેકો આપ્યો, પણ આ વખતે તે તો નાજાંની ટકોરમાં ટેકો આપતી હતી, કે જ્યારે તે બોલી કે "તું જાણેછ કે તારા જેવી એક ચવીત્રી ચડેલને કોઇ વારસો આપવાનુંજ નથી, એટલે તું કોઇના ભરૂસા પર ભૂલવાજ ના કેહેછ તે બરાબર છે."

"નહીજ તો મેહરી," નાજાંએ તેને પાછો તાણો માર્યો. "મને કોઇના વારસાની વકીબી હોય, તોપણ મારી વકીની વચે તુંજ વડી બેહન લેખે મને નડેછ, ને તું સારી પેઠે જાણેછ કે તુને છોડીને મને કોઇ કશું આપવાના નથી. માલબર માકામામાને ત્યાં તું રહી આવી તેથી એવી લાલચ પરજ રહી આવીછ તે હું સારી પેઠે સમજુંછ. પણ જોની મેહરી, તું સુધલાભાગીને કાંઇ વારસો મળે કેની તો હું દિલગીર નહી થઇશ હો કે. હું જાણુંછ કે તુને કોઇની સખાવતની જરૂર છે. અને તુને કોઇ એમ ભીખ આપી જાય, તે જાણે કે આંધરાં લુલાંને સખાવત કરી જાય તેમજ હું સમજીશ. તુને વારસાની વકી હશે એટલે દુનિયાંમાં એક અપટ તો રખડતી બચશે, ને ફર બચશે."

પ્રકરણ ૨૦ મું.

ખટલીનું આગમણ.

પોતાની બેહનને માંથાના તાલકથી પગનાં તળિયાં સુધી લાગે એવો આ ચટકો લગાડીને નાનકડી નાજાં તેનો જવાબ સાંભળવા ઉભી રહીજ નહી. તે ઉપલા શબ્દુનો બોલીને લાગલીજ ઝાડોને પાણી સીપવાનાં પોતાનાં કામ ઉપર બાગનાં એક ખુણામાં દોડી ગઇ. નખરાંની ભરેલી અને નાજોઅદાવાળી એ નાદાન નાજનીનની જેટલી જીભ દોડી જતી હતી, તેટલીજ તેના પગલાં પણ હરણીના જેવાં ચપલ હતાં. તે કદી પણ પગ ઠેરવીને ઉભી તો રેહતીજ નહી હતી, અને કદી પણ ચાલી તો શકતીજ નહી હતી. જ્યારે ચાલવાનું હોય ત્યારે તે દોડી જતી હતી, અને જ્યારે તે દાદરા ઉપરથી ઉતરે ત્યારે કોઇએક ભારી દાગીનો નાખી દીધો હોય તેમ તે નખાવી દેતી હતી. ડાકટર મેહલાશાહના દાદર ઉપરથી નાજાંનું ચહડવું ઉતરવું આખાં ઘેરને ઓળખાઇ આવતું હતું, એટલું તે ગડબડયું હતું.

નાજાં આ ટપાટપી કરીને દોડી ગઇ. તે વેળા મેહરી મેહલાશાહ મામા સાથે બાગના દરવાજા ઉપરજ ઉભેલી હતી. નાજાંની આ શખત તાણાજણીથી તેને ફફડાટ તો ઘણો લાગ્યો, પણ તે ખમી જઇને પોતાના મામાની આગળ એટલુંજ બોલી કે "હા ! મને એવું થાયછ કે જાણે હમણા એની પછવાડે દોડીને એ દુકતીનો કાન ચીમટીને એક લપડાક લગાવી આવું. પણ પેલી ભૂતખંડીના રાજાની સ્વારી આવેછ તે જોવાનો તમાશો અંહીથી જોવાનો મને છોડવા ગમતો નથી."

આ બાહને મેહરી નાજાંનું અપમાન તામોશ કરી ગઇ તો ખરી, પણ તેનાથી મેહલાશાહ મામા આગળ બળાપો કીધા વગર તો રેહવાયું નહી કે

"મામા, મામા, એ દુકતી તો બિગડીને ધૂળ થતી જાયછ ! તોપણ તમે તો એને કાંઇ કેહતાજ નથી. તમે એને હાથે કરીને લાડ લડાવીને બિગડવા દોછ."

"દીકરી મેહરી, હું એને તારા કરતાં વધારે લાડ શો લડાઉંછ કે જેથી એ બિગડી જાય?" મેહલાશાહ મામાએ પોતાનો બચાવ કીધો. "અગરજો મારા લાડથી એ બિગડતી હોય તો એના જેટલીજ હું તુનેબી ચાહુંછ ત્યારે તું કાં નથી બિગડી જતી ? નાજાંના સ્વભાવને માટે તું એમ મને ના ગળે પડ, મેહરી."

આ વાત ખરી હતી. નાજાં સ્વભાવેજ છાલકી અને ઉછાછલી હતી અને તેથીજ તે મેહરી જેવી વડી બેહન સાથ તાણમાં ને તાણમાં આમ તરકડી થતી હતી. મેહરીએ તે વાત કબૂલ કીધી અને મામાથી માફી ચાહી.

"મને માફ કરો મામા, હું તમોને ગળે પડતી નથી, પણ એ તો સેજ સુચના કરૂંછ

કે બેહન નાજાં જેમ મોટી થતી જાયછ તેમ બરાબર કેળવાતી ને સુધરતી જતી નથી."

"હજી નાજાં બચ્ચું છે, દીકરી," તેના મામાએ જવાબ દીધો, "હજી તો બાર તેર વર્ષનું બચ્ચું છે. એ તારી પેઠે મોટી થશે એટલે એ પણ સમજુ ને વિચારવંત થશે."

"ત્યારે મામાજી હું બાર તેર વર્ષનું બચ્ચું હતી તે વખતે હું પણ શું એના જેટલી નાદાન ને ઉછાછલી હતી કે?" મામાની તકરાર હજી મેહરીનાં ધ્યાનમાં ઉતરી નહી. "બાર તેર વર્ષની તે બચ્ચું કેહવાય કે? મામા, તમે નાજાંનો ઘણો વાંક નાખતી કરીને લઇ ચલાવોછ. બીજું શું?"

"નહી, દીકરી મેહર, નાજાં તું ધારેછ એટલી નઠારી નથી. એ જરા સ્વભાવે ઉછાછલી છે, પણ એનું મન ઘણું સાફ છે. એ દિલની મોટી છે."

"મોટી! એનાંમાં દિલજ કયાં બળ્યુંછ કે વળી મોટું હોય." મેહરી બડબડી.

"નહીં, મેહરાં, તું તારી બેહનને ગેરઇનસાફ કરેછ," તેના મામાએ ભૂલ ભાંજી. "નાજાં, એના જેટલી બીજી છોકરીઓ પેઠે કાંઇ આલસુ યા હરામખોર નથી. જોની પોતાને મનને જાણ્યું કામ કેવું કરેછ? આજનો પાણી સીપવાનોજ દાખલો લે. એણે પાણી સીપવા જતા તારાં કપડાં છાંટી નાખ્યાં, પણ એને કોઇએ પાણી સીપવા કહ્યુંછબી વારૂં? હું તો જોઉંછ કે દીકરી નાજાં ઘણી મેહનતુ છે. એ એક ઘડીબી આળસુ બેસ્તી નથી. એ ઘણી કામની છે."

"કામની તો કેવી! જોયું કેની આજે કામ કીધું તે? મારી નવીને નવી સાડીની ધૂળધાણી કીધી." મેહરીએ બડબડવાનું ચાલુ કીધું.

"એ તો અજાણપણે ભૂલ થઇ તે માફ કર મેહરી," મામાએ વડી ભાણેજની નાની ભાણેજ તરફથી માફી માગી. "બિચારી નાજાંથી એક ભૂલ થઇ તે તું ભૂલતીજ નથી કે? યાદ કર દીકરી કે એ તારીજ બેહન છે. તારીજ સાથે વસેલી, રમેલી ને ઉછેરેલી છે. એ જો સારી ચાલની હશે તો તુનેજ સારૂં લગાડશે અને એને જો તું નઠારી કેહશે તો તુનેજ નરસ લાગશે. એ જેવી છે તે તારીથી છે, મારી દીકરી. મારે તું એને વાસ્તે બુરૂં બોલશે, તે તુનેજ બુરૂં લગાડશે. તું નાજાં વિષે બોલે ચાલે તે જરા જોઇ વિચારીને બોલ. એનામાં ખામીઓ છે, હું તે ના પાડતો નથી, પણ ખામી વગરનાં આપણુ કોઇ નથી, અને અગર નાજાંમાં ખામીઓ રહી જશે તે આપણોજ વાંક ગણાશે. એક બચ્ચાંની ખામીઓ આપણે સુધારવી જોઇયે. નાજાંમાં સ્વભાવની જે ખામીઓ તું જોયછ તે સુધાર અને એ સુધરશે એટલી તુને શોભા લગાડશે."

"એ સુધરી! સુધરી! મામા તમે પોતેજ જરા એને સુધારી જોવની" મેહરીએ પોતાની બેહનની સુધરવાની આશા છોડી દીધી. "એ ફુકતી કોઇના સુધારવાથી સુધરે એવીજ નથી. એને સુધારવા શું જઇયે કે તુર્ત તરિયાપાવ નાખેલાજ છે. મારે હાથે તો એ નથી સુધરતી, તમે એને સુધારો તો કોણ જાણે?"

"પણ કયાં છે? પેલી રાજાની સ્વારી આવવાની હતી તે કયાં છે? આપણે તો અંહી નકામાં વાટ જોતાં બેસી રહ્યાંછ" મેહરીએ વાત ઉલટાવી નાખી.

"હું ધારૂંછ કે એ તમાશો આપણાં ઘેરપરથી નહી જવાનો હશે. હવે તો રાત પડવા આવીછ, ને હવે કાંઇ સ્વારી આવે નહી." મેહલાશાહે જવાબ દીધો.

"આપણે બંગલોજ ગામમાં આવેલો તે એમજ તો." મેહરી બડબડી. "બળ્યું જોવા જાવાનું કાંઇ મળે નહી. કાંપના બંગલાઓમાં એમ દરવાજાપર બે ઘડી જઇને બેસીએ તો કેટલુંબધું જોવાનું મળે. શેહસ્વારજી સદાંની ભપકાદાર ફૈટન અથવા દોરાબજી દારૂવાળાની ચારટનું ખરખર્યું અથવા કાવસશાહ કેમીસરીવાળા કોઇને કોઇ ઓળખીતાં મળતાંને મળતાંજ રેહવાનાં. અંહી છેક ગામની પાસે કોણ આવે? અંહી તો કાંઇ સોહવાતુંજ નથી."

"મેહરી, મેહરી, તું ઘણી નાસબુરીવાન થઇ ગઇછ હો દીકરી" મેહલાશાહે મામાએ તેને ચોંકાવી. "આ મારાં ગરીબડાં છાપડાં તળે તારો બધો જન્મારો ગયો તે છતાં હવે તુંને અંહી સોહવાતું નથીની? હું જોવુંછ કે તું તારા માતબર માકામામાને ત્યાં રહી આવીછ ત્યારથી તારી નજર ફરી ગઇછ. પણ દીકરી, ચીનાબાગ કયાં ને આપણે આ

નાનો, સાદો બંગલો ક્યાં ? મોટાંની હવેલી જોઇને તું આપણું ઝુંપડું તોડી પાડેછ, પણ તું ભૂલી જાયછ, દીકરી, કે મારા ભાઇ માણકશાહના જેટલા મારી પાસે પૈસા નથી. તારા માકામામા તો એક મોટા વેપારી છે, ને હું તો એક ગરીબ ડાકટર છું."

મેહલાશાહ મામાની આ ટીકાથી મેહરી જેવી શાણી અને કાંકવાળી કન્યાને કેટલીક કુદરતી લાજ લાગી. એ ઉપરથી તે માકામામાને ત્યાં જે થોડા દિવસની "મોજ" કરી આવી હતી તે તેને યાદ આવી. પણ તે ખરેખરી કેવી "મોજ" હતી તે વિષે તેને થોડોક બળાપો બખાળવાની તક મળી.

"મને માફ કરો મામાજી." તે બોલી "તમે ધારોછ કે હું માકામામાને ત્યાંની મોજથી અંજાઇ ગઇછ. પણ તેમ કાંઇજ નથી. મારૂં ખરૂં ઘેર તો તમારૂંજ આ મકાન છે, અને એ મકાનને હું મારાં પ્યારાં બાપીકા ઘરસમાન ગણુંછ. માકામામાનો ચીનાબાગ તો એક ફરવા હરવાના બગીચા સમાન છે. માકામામાએ મારી ઘણી પહરોણાગત કીધીછ ને ઘણી મેહરબાની દેખાડીછ, માટે હું તેવણની સામે કાંઇ બોલવા ચાહતી નથી. તોપણ એટલું કહુંછ, કે જો તમારે ત્યાંને બદલે માકામામાને ત્યાં મને બધા દાહડા રેહવાનું હોય તો ત્યાં મને રેહવા ગમેજ નહી. માકામામા પાસે ઘણા પૈસા છે અને તેવણે મને અવારનવાર પૈસા આપ્યા કીધાછ, તોપણ એવા તો સાંકડાં મનથી હાથ સંકોચી સંકોચીને તેવણે મને પૈસા આપ્યાછ કે તેવણ મારા કરતાં પૈસાને વધારે ચાહેછ એતો હું જોઇ શકીછ. એટલુંજ કે માકામામાને ત્યાં રેહવાથી આપણે જરા મોટા માણસમાં ખપીયેછ અને મોટા લોક સાથ મળીયેછ ભેટીયેછ. તમેજ વિચાર કરોની કે તમે તમારો બધો ભવ અંહી રેહવા છતાં પેલા શેહરયારજી સર્દા ને તેની ધણીયાણી ધનબાઇજી એકબી વખત તમારે ત્યાં નથી આવી ગયાં પણ માકામામા તો ચીનાબાગમાં એક અઠવાડિયું આવીને રહેલા નહી તેટલામાં શેહરયારજી સર્દા, ને દોરાબજી દારૂવાળા ને કાવસશાહ કેમેસરીવાળા ને બીજા બધા શેઠીઆઓ તેવણને મળીબા ગયા."

"અરે! પણ સામેથી પેલી ગાડી કોણની આવેછે?" મેહરીએ તુર્તજ એક ગાડી આવતી જોઇને મામાની આ વાત બદલી નાખી.

પુણામાં ભાડેની ગાડીઓ ઘરઘટુ ગાડી ઘોડાના જેવીજ ભપકાદાર હોયછે, અને તેમાંની એક ગાડી ખરેખરજ મેહલાશાહના બંગલા ભણી આવતી હતી. તે રસ્તા ઉપર બીજાં કોઇનો બંગલો નહી હતો, કે જેથી ત્યાં કોઇ આવે, માટે આ ગાડી તેમની તરફજ આવતી હતી એ તો મામા ભાણેજ બેહુએ નકી માન્યું.

અને ખરેખર તેમજ હતું. આ ગાડી મેહલાશાહના દરવાજા ઉપરજ ઉભી રહી અને ઘોડાવાળાએ જેવું ગાડીનું બારણું ઉંઘાડયું તેવીજ એક બાઇ ગાડીમાંથી ઉતરી પડી.

મેહલાશાહ અને મેહરીએ તુર્તજ તેણીને દૂરથી દેખતાંજ ઓળખી.

"અરે! કોણ? એ તો બેહન ખટલીછે!" મેહરી અચરત થઇ બોલી ઉઠી.

"કોણ? દીકરી ખટલી?" મેહલાશાહ મામાએ પણ તુર્ત ઓળખી અને ઓળખતાં વારજ તેવણ તેને ગાડી ઉપર લેવા દોડયા.

"હા! મામા હું ખટલીજ છું" ખટલી પોતાના મામાને અને બેહનને ચાંપીને કોટી કરી બોલી. "તમે મારી ઉપર કાગળ લખી મને પુણે બોલાવી અને તમારા હુકમ મુજબ હું અંહી આવીછ. માણકશાહ મામાના પુણે આવવાની તમે મને વધામણી લખી જણાવી તેજ કાગળમાં મિસિસ સાવક્ષાની સ્કૂલમાંથી એક મહીનાની રજા લેવાની તમે મને ફરમાસ કીધી હતી, તે મુજબ એક માસની રજા લઇ હું તમોને મળવા આવીછ."

"ઓ આવરે મારી દીકરી! આવી તો ભલે આવી" મેહલાશાહ મામા તેને પ્યારભર્યો આવકાર આપી, પોતાના બાગમાં લઇ ગયા. ખટલો ને મેહરી બેહું બેહનો એકેકની પાંખડી વલગીને ચાલતી હતી, મેહલાશાહ મામા છુટા પોતાની આ માનીતી ભત્રીજીઓનાં નાજુક પગલાં નિહાલતા ચાલતા હતા.

"પણ ખટલી, એ તારામાં કેટલો બધો ફેરફાર?" તેવણ અચરત થઇને બોલ્યા. તું કાંઇ આજારી બાજારી પડીતી કે શું? તું એટલીબધી નખાઇ કેમ ગઇછ? તવાયલી ને સુકાયલી કેમ? તું સિક પડી તો મને લખ્યું કેમ નહી?"

"નહીરે મામાજી, સિક શું ને વાત શું!" ખટલીએ ખાતરી આપી. "હુંતો સારીપેઠે હતી. બસ એટલુંજ કે મુંબઇની ગરમી ને કામની ઝુસરીથી મને થાક ઘણી લાગી હતી. મારી સ્કૂલનું કામ કરતાં કરતાં હું ઘણી થાકીને કંટાળી ગઇતી. ને તેથીજ તમારો કાગળ આવ્યાથી બે ઘડીની નિરાંત પસંદ કરીને હું એકદમ તમારે ત્યાં આવવા નિકળી પડી."

"પણ બે મહીનાની છુટીમાં સ્કૂલ શું બંધ નહી હતી?"

"બંધ તો હતીજી, પણ જ્યાં સ્કૂલ ને રેહવાનું ઘેર બેહુ એકજ ત્યાં રોજનું કામકાજ કીધા વગર કાંઇ ચાલે મામાજી?" ખટલીએ બાહનું કાહાડયું, અને તેના મામાએ તે ખરૂં માન્યું.

ખટલીની હાલતમાં આ ફેરફાર થવાનું ખરૂં કારણ બિચારા મેહલાશાહ મુકાદમ કશું જાણતા નહી હતા, અને ખટલીએ તે કશું જાણવા દીધું પણ નહી હતું. બે મહીનાની છુટીના દિવસો ઉપર તો ખટલી છુપાછુપ પરણી ગઇ હતી અને ધરીતી બારીતી, સંસારી સ્ત્રી બની હતી તે વાત જો તેવણ જાણતા હોત તો પોતાની ભાણેજને એક ગુરીબડી કન્યા દાખલ આ મામાએ જે આવકાર દીધોછે, તેવો દિલોજાન આવકાર તેને દેત કે નહી તે એક સવાલ હતો કે જે સવાલનો ખુલાસો ખટલીને તુર્ત વેળા મળી શકતો નહી હતો.

તેણે ઉતાવળમાં પરણીને જે ભૂલભરેલું પગલું ભર્યુંછે, અને જે ભૂલનો તેને ફુરસદે એટલો પસ્તાવો થઇ ચુકયોછે કે પરણ્યા પછી છ સાત મહીનામાં પોતાનું પરણ્યું ઘર તજીને તેને અંહી આવતી રેહવું પડયુંછે, તે પગલાંથી તેનાં અંહીનાં સગાંવ્હાલાં વાકેફતો નથી, પણ એવાં નાવાકેફ તેઓ કયાં સુધી રેહશે? અને તેઓ કદી તેના એ ભેદથી વાકેફ થશે કે નહી? તથા જો વાકેફ થશે તો પછી તેઓ આ ખટલીનું શું કરશે? અથવા તેને વિષે તેઓ શું વિચારશે? એ સઘળી તેની રાત દીસની દેહશત હતી, અને એ સઘળા તેનાં મનના મોટા ગુચવાડા હતા, કે જેમાંથી પોતાના મામાને ત્યાં આવીને વસ્યા છતાં તેને છુટવાનો કશો રસ્તો જણાતો નહી હતો. પોતાનો આ મોટો છુપો ભેદ છુપાવવો કેમ એ ખટલીની મોટી ફિકર ચિંતા હતી અને તે સુકાઇને નખાઇ, ગઇ તેની એવી હાલતમાં કાંઇજ નવાઇ નહી હતી.

પ્રકરણ ૨૧ મું.

"ઘેર આવી, ઘેર ભલે રે આવી!"

"અંતે ઘેર પાછી આવી!" ખટલી પોતાના મેહલાશાહ મામાનાં મકાનમાં રાતની વખતે આસાયશ લેતાં બોલી.

તે સારીપેઠે જાણતી હતી કે આ મકાનને તે "ઘેર" કેહછે, તે માત્ર નામની ખાતર કેહ છે. પુણામાં મેહલાશાહ મુકાદમનો "લાલ કીલ્લો" એકવાર ખટલીનું પોતાનુંજ રેહવાનું ઘેર હતું, પણ આજે તો તેણે જુદું "ઘેર" કીધું હતું. ખટલી મુંબઇમાં મિસિસ સાવક્ષાની સ્કૂલમાં નોકરીએ ગઇ ત્યાંસુધી આ "લાલ કીલ્લો" ખટલીનું ઘેર ખરૂં હતું, પણ આજે તો તેનું "ઘેર" મુંબઇની મરઘાસેરીનાં એક અંધારાં ખુણામાં છે, કે જે "ઘેર" કોઇને કહ્યા કહાવ્યા વગર તે એકદમ છોડી આવીછે, જયાં તેનો વ્હાલો ભર્તાર તેની વાટ જોતો અને તે કયાં ગઇ હશે તે વિષે ગભરાતોજ બેઠોછે.

પણ ખટલી પાછી ફરી તે લાલ કીલ્લામાં ખુશાલીની રાત્રી હતી. તેને મેહલાશાહ મુકાદમે ફરી ફરીથી કાગળો લખી બોલાવી હતી ખરી, પણ આજે ખટલી કશી ખબર આપ્યા વગર, જયારે તેના આવવાની કોઇને વકી નહી હતી, ત્યારે અચબુચ આવી લાગ્યાથી સર્વની ખુશાલી જીયાદા વધી હતી. ખટલી "ઘેર આવ્યા" નો ખુશાલીમાં મામાના વિશ્વાસુ બબરચી હુસેનમીયાંએ આજે બટકનું એક ખાસ વાણું પકાવ્યું હતું અને લાલ કીલ્લાનાં પાછલાં દિવાનખાનામાં ખટલી તે ઉપર ખુશી સાથે ખાવાના હાથ ચલાવવા બેઠી હતી. ખાનાની તે ટેબલ ઉપર અલબતાં ખટલીની

બેહુ ઉછાછલી બેહનો પણ હાજર હતી, જેઓ-ની છેલી ટપાટપીનો ગુસો તુર્તનો તાજો નરમ પડેલો હતો, પણ તે ટપાટપીની ખટલીને ખબર નહી હતી. મેહલાશાહ મુકાદમ ટેબલનાં "હેડ" ઉપર બેઠા હતા અને ખટલીને તેવણે પોતાના જમણા હાથ ઉપર પોતાની પાસેજ બેસાડીને મોટા પ્યાર સાથ બટકની ટાંગ તેની પ્લેટમાં ખાવા મુકી હતી.

"આ હા! મામાજી, મારાં અસલી બાપીકાં ઘેરમાં આજે પાછી ફરવાથી અને અંહી મને આવો પ્યારો આવકાર મળવાથી મને એવો તો હરખ ઉપજેછ, કે એ મને કોઇ નવીજ જાતની ખુશાલી લાગેછ. એ ખુશાલી તો જેને લાગે તેજ સમજે."

"ઓ! હારે મારી દીકરી!" મેહલાશાહ જોસભર બોલ્યા "તું મારે ઘેર આવી તો ભલે આવી રે મારી દીકરી! વાટ જોવડાવી જોવડાવીને અંતે તું આવી ખરી, એજ ગણિ-મત છે. લે દીકરી જરા આ બટક સાથ તરકારી લે. શરમાતી ના હો મારી દીકરી! તારી મા હોતે તો તુને અમારાથી કાંઇ જુદોજ પ્યાર દેખાડતે. પણ એટલુંજ માન કે તું આવી, દીકરી, તો ઘણી ભલે આવી એમ અમે તો બધાં સમજીયેછ, ને તારા આવ્યાથી જાણે કે અમોને નવો જીવ આવ્યોછ. પણ તું ખાતી કેમ નથી! હાથ ચલાંવની તો. લે જરા આ કોલમીના કવાબ છે તે ચાખ!"

"હું ખાઉંછની તો મામા મારી ભુખ જેટલું હું ખાઉંછ. હમણા હમણા મારી ભુખજ એટલી ઓછી છે." ખટલીએ ખાનું ચંચેર્યા કીધું, પણ ખરેખર ખાવાની કશી રૂચી બતાવી નહી? "તે છતાં પણ, મામાજી, આજે તો હું પેટ ભરીને ચાંપવા પડીછ."

"અરે તેં ખાધું! ખાધું!" મામાએ તકોર કીધી. "તારા જીવમાં જીવ કેટલો? તારી કાયનાત શું કે તું ખાય? તવાઇને દાંડા જેવી કોણ જાણે કયાંથી થઇને આવીછ? તે તારાથી ખવાય તે કેટલું?"

મેહલાશાહ મુકાદમ ગમે એવા અનુભવી ડાકટર હતા, તોપણ ખટલી એવી નખાઇ કેમ ગઇછે તે સમજી શકયા નહી હતા. તે કંતાઇને ઘણી પતલી થઇછે, તે ઉપરથી તેને કાંઇ પણ તુર્તનું દુઃખ છે એટલું તેવણ જોઇ શકતા હતા, પણ તે શું દુઃખ હોય તે પોતે ગમે તેવા ડાકટર હોવા છતાં તેવણ પામી ગયા નહી હતા.

"આ હા!" ખટલી મસાલેદાર કવાબ ખાતાં ખાતાં હુસેનમિયાંના હુનરમંદ હાથની તારીફ કરવા લાગી. "હુસેન મિયાંના હાથને શું મઝાનો હુનર ચહડી ગયોછ! આ કોલમીના કવાબમાં ગીધું ને મરચાં એવાં તો જાણેકે માપીને લીધાંછ કે ઘણે વર્ષે ખાતાં ખાતાં મને અંહીની મારી આગળી મોજ બધી પાછી યાદ આવેછ."

"તુને અમારૂં ઘેર એટલું બધું ભાવેછ, ખટલી, તો આટલાબધા દાહડા બાહારની બાહાર કેમ પડી રહી? મામાએ તેડાવી તેવીજ, આવી કાં નહી?"

'આ ઠપકાના શબ્દો ખટલીની બેહન મેહરીના હતા અને એ ઠપકામાં બમણો ભેદ હતો—ખટલી આ "ઘેર"ને ચાહેછે તે જાણેકે મેહરી માનતી નહી હોય અને ખટલીના ખાલી ઢોંગ સમજતી હોય તેવો આ શબ્દોનો ભેદી ભાવાર્થ હતો, જે ખટલી તુર્ત સમજી ગઇ અને તેથી મેહરીના આ તીખા શબ્દો તેને ગમ્યા નહી.

જોકે નાની બેહન નાજાં નાદાન હતી, તોપણ મેહરી તેના કરતાં ઉમરે વડી હોવા છતાં તેનામાં ઝાઝી અકલ નથી એ ખટલીની હમેશની ફરિયાદ હતી, અને આજે પણ ખટલીએ મેહરીની આ તીખી, તમતમતી ટીકામાં તેણીની એટલીજ ઓછી અકલનો પુરાવો જોયો.

"મારો જલદી છુટકારો થાય તોજ હું આવી શકુંની?" ખટલીએ ખરેખરો પણ ભેદી જવાબ દીધો. "હું બીજાંને ત્યાં બંધા-યલી તેઓને એકદમ છોડીને કેમ આવું? મારાથી જેમ જલદી અવાય તેમ હું આવી."

"હોવે! હોવે! તું મોટાં કામની માણસ પડી ખરી કેની? લવંગની લાટીપર વેપારમાં રોકાઇતી કની? તેથી બાઇથી જલદી અવાયું નહી?" મેહરીએ વડી બેહનને મશખરીથી મેહણાં મારવાં ચાલુ રાખ્યાં.

"મેહરી, મેહરી, વડી બેહનનાં આવતાંની વારજ તેની સાથ વઘેરી લેવા બેઠી કે?" મેહલાશાહ મામા વચે પડયા. "દીકરી, જરા

સલુકાઇથી વાત કર. તારા ઠપકાનાં બાણો છોડવા અગાઉ ખટલીને જરા આસાયશ તો લેવા દે."

"ફિકર નહી, મામાજી, ફિકર ના કરો." ખટલીએ ધીરજ દેખાડી. "મેહરીના ઠપકાથી હું કાંઇ બ્હીવાની નથી. હું તો ધારતી હતી કે હું પુણેથી ગઇ ત્યાર પછી મેહરી સમજુ ને ડાહી થઇ હશે, પણ હું જોઉંછ કે એ બિચારી તો હજી જેવીને તેવીજ અકલની કોતા રહીછ."

ખટલીના ફરિયાદ કરવા મુજબ મેહરી મોટાં મનની નહી હતી. તે કાંઇ પણ મોટું કામ કરવાને અશકત હતી, તે એટલા સુધી કે તેને હાથે કાંઇ મોટી ભૂલો પણ થતી નહી હતી. એ ખટલીનો અગાઉનો વિચાર હતો અને તેજ વિચાર તેણીએ હમણા પણ પોતાના મામા આગળ તેના કાનમાં જાહેર કીધો.

"મામા, મેહરીની ખામીઓ સોજાં પાણીમાંના ઝીણા જીવડાઓના જેવી છે, કે જે જીવડા સાદી આંખે દેખાય નહી એટલા બારીક હોયછ અને તોપણ મોટા, ઝેરી જીવડાઓની પેઠે સોજાં પાણીને ઝેરી બનાવેછ."

"પણ ખટલી, તું કેહછ કે તું બીજાંઓની રોકાણમાં મુંબઇ રોકાઇ પડી?" હવે નાની બેહન નાજાંએ પુછ્યું "પણ એબી તારામાં એક ફેરફારજ થયો તો! આગળ તું પોતાનાંઓને વાસ્તે એમ બીજાંઓની દરકાર કરતી નહી હતી, પણ હવે તો તું કાંઇ બીજાંઓની દરકાર કરતાં શિખ્ખીછ?"

"આગળ હું નાદાન બચ્ચું હતી, પણ દુનિયાંદારીમાં પડયા પછી, મુંબઇ જવા પછી એટલું હું શિખ્ખી શકીછ" ખટલીએ પોતાનો બચાવ કરતાં વડાઇ લીધી.

"પણ દીકરી તારો સામાન કયાં છે?" મામાએ તેને ખાલી હાથે આવેલી યાદ કરીને પુછ્યું. "તારો કાંઇ સામાન ગાડીમાં રહી તો નથી ગયો?"

"નહીરેજી, હું મારી સાથે મારો કોથલો લેતી આવીછ."

"તે તો હું જાણુંછ. પણ તારો કાંઇ બીજો સામાન હોય તો તે વિષે હું તો પુછુંછ."

"મારો બીજો સામાન કાંઇ નથી. જે છે તે આ કોથલામાં છે."

"પણ બેહન ખટલી, બસ એટલુંજ કેમ?" નાદાન નાજાં અચરતો બતાવીને ખટલીને વધુ શરમાવવા લાગી. "તારાં બધાં કપડાં કયાં ગયાં? તું અંહીથી ગઇ ત્યારે કબાટ ભરીને કપડાં લઇ ગઇતી ને આવી ત્યારે બસ એક કોથલો લઇને કેમ આવી? તારી નવી સાડીઓ કાંઇ હશેની?"

"સાડી, બાડી, સહુ જે છે તે આ કોથલામાં છે." ખટલી લજવાઇને બોલી. "સ્કૂલની નોકરીમાં કપડાં કેવાં વપરાઇને ઘસાઇ પીસાઇ જાયછ, તેનો તમો બેહનોને ખ્યાલ નહી હશે. મસ્તીખોર છોકરીઓની વચે વસવું અને કપડાં નવાંને નવાંજ રેહવા દેવાં એ બેહુ સાથે બની શકે એવાં કામ નથી. એક છોકરી સાડીને અંહીથી ખેંચશે, ને બીજી ત્યાંથી તાણશે. એકના આચકાથી સાડીપર ચાનું કપ ઉંધું વળી જશે અને બીજીના આચકાથી યા અટકચાળાથી મોહડામાંનો ભૂક કપડાંપર પડશે. એવી હાલતમાં મહીનાના મહીનાઓ સુધી એકનાં એક કપડાં કેટલો જવાબ દઇ શકે? કપડાં મેલાં થાય, ડાઘ પડે, ગમે તે થાય તોબી મેં જુનાં ને જુનાંજ કપડાં ચલાવ્યા કીધાં અને જયારે ઘણાં જુનાં થયાં ત્યારે મેં મારી સાડીઓ મિસિસ સાવક્ષાની આયાઓને આપી દીધી. નવી સાડીઓ ખરીદવા પાછળ મેં ખર્ચ રાખ્યો નથી. મારા જેવી એક ગરીબડીને નવી સાડીઓની ફિસ્યારી ચાલે નહી. ને વળી મારી સાડીઓની પેટી ભરીને લાવું તો રેલવેનું ભાડું કેટલુંબધું પેસી જાય? તેના કરતાં હું મારાં જરૂર જોગાં કપડાંજ આ કોથલામાં ભરીને નિકળી પડી."

આ જવાબમાં ખટલીએ કેટલીક સહરાગાત કીધીછે. તેણીએ જેમ પોતાનો પરણ્યો સંસાર તેમજ તે સંસારની ગરીબાઇ છુપાવીછે, પણ એ જવાબમાં તેના મેહલાશાહ મામાને ખટલીનું ઘણું ડાપણ તથા શાણપણ જણાયું અને તે પ્રમાણે તેણે પોતાની ભાણેજને શાબાસી પણ આપી.

"જુની સાડીઓ કાહડી નાખીને ગાડીભાડું બચાવ્યું એ તો ઠીક કીધું." મેહરીએ ટાહુકો પુર્યો. "પણ બેહન ખટલી અંહી લાલ કીલ્લામાં અને માકામામાના ચીના-

બાગમાં નવી સાડીઓ પેહરીને ફરશે નહી ત્યાંસુધી તારો કાંઇ ભાવ પુછાવાનો નથી. તું મુંબઇથી નવી આવી ત્યારે મુંબઇની નવી નવી ફાશિનો સાથે લેતી આવી એમ લોકો તો તારી પાસેથી જાણવા માંગશે."

"તમારા પુણાના શેઠિયા લોકો અને શેઠાણી લોકો મારાથી નાસિપાસ થશે તેની તમારે ફિકર નહી કરવી. બેહનો," ખટલી હસી, અને એટલીવારમાં તો ખાનું પુરૂં થવાથી ડાકટર મેહલાશાહ ખાઇ ઉઠયા તેની સાથે ખાનાની આ મિજલશ બરખાસ્ત થઇ.

દિવાનખાનામાં મેહલાશાહ ડાકટર પોતાની આરામ ખુરશી ઉપર આસાયશ લેતા આલોટયા. આજના ખુશ ખાનપાનથી તેનો સંતોષી જીવ ખુશ હતો તેમાં પોતાની ખુબસુરત ભાણેજ ખટલીનાં દીદાર જોવાથી તેની ખુશીમાં વધારો થયો હતો. ખટલીની ખુબસુરતીથી મેહલાશાહ મામા આગળા દિવસો ઉપર મગરૂર હતા, તેજ ખુબસુરત ચેહરો મનમોહન સ્વરૂપમાં ખીલતો જોવાથી તેને આજે પાછી ખુશી ઉપજી હતી. ખટલી ગમે એવી આજારી, નખાયલી, લેવાયલી કાયર અને કંતાયલી હતી, ખટલીનાં રોણકદાર કપાલ ઉપર કોઇ સંકટની યા કોઇ ફિકર ચિંતાની ગમે એટલી કરચલીઓ વળી હતી, તોપણ તેના સુંદર ચેહરાની મનમોહન શોભા હજી ઓછી થયલી નહી હતી—હજી તેના ગોરા ગાલ ઉપરના તાજા ગોલાબ કરમાયા નહી હતા—એ ડાકટર મેહલાશાહ ઘણા હર્ષભેર જોતા હતા.

મામાની પાસે ભાણેજ ખુરશી લઇ વાતે બેઠેલી હતી. આગળ જયારે ખટલી અંહી રેહતી હતી ત્યારે પોતાની રીતભાતના મીઠાસથી અને પોતાની રમુજી બટકબોલોથી તેણીએ મેહલાશાહ મામાના પ્યારમાં સર્વથી પેહલી જગ્યા રોકી હતી, અને આજે તે પણોતી પુતલી પાછી આવીછે ત્યારે પણ તેનો તેજ મીઠો આવાજ, તેજ નાજુક નાજોઅદા, તેજ મધુર કોમળતા પોતાનું દિલ જીતી લેતું જોયછે. પોતાની બીજી ભાણેજ બેહન બેહનોની ટપાટપીથી મેહલાશાહને જરા રતિ નાખુશી ઉપજી હશે, પણ તે તો રોજની ટપાટપી ઓર તેને રમુજ આપેછે અને તેઓની તેને આદત પડી ગઇછે, અને ખટલીના આવ્યાથી તો દિલનો એટલો પણ ખટાસ ઓછો થવા મારે તે ખુશી છે.

"કેમ ? મામાજી કાંઇ વાત કરોની ? વિચાર શું કરયા કરોછ ?" તેને પોતાની ખુશાલીમાં ચકચૂર અને ચૂપ બેસી રેહવાથી ખટલીએજ વાત કરાવી.

"દીકરી, તું પાછી આવ્યાથી હું એટલો તો ખુશ છું કે હું તારોજ વિચાર કરયા કરૂંછ." મામાએ જવાબ દીધો. "ખટલી, ખટલી, પેલા માણકશાહ મામા ચીનથી કેટલા દાહડાના આવ્યા ત્યારે તેં એટલા દાહડા મુંબઇ રેહવું નહી હતું. તું જલદી આવી હતે તો એ વડા મામાને જલદી મળી હતે—તેવણે તારે વાસ્તે કેટલી વખત પુછયા કીધું ને તું નહી આવી તેથી તેવણ ખીજવાયા કીધા."

"પણ હવે અંતે આવી તો ખરી, મામા ? હવે તો માકામામાને મળાશે, અને હું મળીને તેવણનો ખીજવાટ બધો નરમ પાડી નાખીશ."

"હું તો ધારૂંછ દીકરી કે તેવણને તું કાલને કાલ મળવા જા." મેહલાશાહે સુચવ્યું.

"પણ કેમ જશે ? પૈસાદાર મામા ઘણે વર્ષે ચીનથી આવ્યા તેવણને આવાં મેલાં ને ફાટાં તુટાં કપડાંમાં મળવા જશે કે ?" મેહરીએ ખટલીનાં અંગમાંનાં જુનાં કપડાં દેખાડીને ચેતવણી આપી.

"બસ, બસ, મેહરી," તેના મામાએ ઠપકો આપ્યો. "દીકરી ખટલીનાં જુનાં કપડાંપર એમ ઘડી ઘડી તાણો મારયા ના કર."

"પણ જી, માકામામાને જુનાં ને મેલાં કપડાં ગમતાં નથી તેથી હું તો બોલીછ. હું તેવણને ત્યાં રહી આવીછ, તેપરથી કહુંછ કે તેવણને છોકરીઓનાં દિલમાં મેલાં કપડાંની ઘણી છીટ છે."

"પણ તું તારી એક નવી સાડી પેહરવા આપજે, તે પેહરીને ખટલી કાલે ચીનાબાગ જશે." મામાએ એટલું કહી આ પંચાતી માડી વળાવી અને પછી પાછો ખટલીને નહી ગમતો પ્રશ્ન પુછયો. "પણ ખટલી, દીકરી, તું એટલી નબળી કેમ લાગેછ ? તુને શું હતું ? હું ધારૂંછ કે તું આજથીજ કાંઇ 'ટાનિક' (કૌતીનું ઓશડ) પીવું શરૂ કર."

"નહી, નહી, મામા, મને કાંઇ નથી." ખટલીએ ઓશડ પીવાની આનાકાની બતાવી.

"હું તમારે ઘેર આવી, એજ મારૂં ઓશડ પુરતું છેજી."

"પણ મારી વ્હાલી દીકરી, તું આ ગરીબડાં ઘેરમાંજ સબડયા કરવાની નથી. તુંને મારાં આ કંગાલ ઝુપડાં કરતાં વધારે સારાં ઘેર ઉપર હક છે અને તે તુંને જલદી મળશે. મારી ખાતરી છે કે તારા માતબર માણુકશાહ મામા તુંને પોતાને ત્યાંજ રાખવા માગશે અને જેમ મેહરીને થોડા દાહડા પોતાની આગળ રેહવા દીધી તેમ બોહસ કરીને તુંને મારે ઘેર આવવા નહી દેશે. મેહરીબી હવે મારે ઘેર એક થોડા દાહડાની પહરાણી જેવી છે. એ ઘણીખરી તો માણુકશાહ મામાને ત્યાંજ રેહછ, પણ હું જાણુંછ કે એ દીકરીને મારૂં ગરીબ છાંપડું વધારે વ્હાલું લાગેછ."

"હાજતો મામાજી," મેહરીએ મેહલાશાહનાં ઘર તરફ દિલસોજી દેખાડી આપી. "ચીનાબાગથી અંહી તમારે ઘેર આવતાં મને કેટલીબધી ધીરજ મળેછ ! માકામામાને ઘેર મઝા તો ઘણી પડેછ, પણ ત્યાં તો આંકોશ રાખવો પડેછ, ભપકામાં ને રોબમાં રેહવું પડેછ, અને અંહી આવુંછ, ત્યારે જાણેકે પોતાનાં ઘેરમાં પાછી આવવા જેટલી મને છુટી મળેછ. માકામામાના ચીનાબાગમાં તો એક મેહલનું સુખ ભોગવવા છતાં ઘણી ધાકમાં રેહવું પડેછ, તેના કરતાં તમારા 'લાલ કીલ્લા' માં તો મામા છુટાપણું મળેછ તે મને વધારે ગમેછ."

એક કલાકમાં તો મેહલાશાહ મામાને પોતાની આરામ ખુરશીમાં ઉંઘ આવવા લાગી, જેથી તેવણ પોતાની ભાણેજોને તેમના ઓરડામાં ઉંઘવા મોકલી પોતે પણ ઉંઘવા ગયા.

ખટલી એકવાર પાછી પોતાના જુના સુવાના ઓરડામાં પોતાની બેહનની સાથે એકઠી મળી. તે જુની પટી ટેબલ, ઓરડામાં બિછાવેલી જુની સેત્રંજી, ખુણામાં ગોઠવેલી જુની ડગડગતી કબાટ, વચોવચમાં ટાંગેલી એક બોહિયાં પેઠે ઉપસી આવેલી મોટી હાંડી અને તેમાં એક ભાગેલા ગલતા ડબામાં બળતો ઝાંખો દીવો, વગેરે વગેરે સઘળો જુનો સરસામાન ખટલીની યાદમાં જેવોને તેવો તાજો થયો.

આજે આ એકાંત અંધારા ઓરડામાં સુવાનું ખટલીને ઘણું વ્હાલું લાગ્યું, કાંકે એ ઓરડાએ અને તેમાંની પોતાની બેહનોની હાજરીએ તેની બચપણની આગળી રમતિયાલ જીંદગીની ઘણી વ્હાલી યાદદાસ્તોને તાજી કીધી, એટલુંજ નહી પણ તેને લાગ્યું કે મેહલાશાહ મામાનો લાલ કીલ્લાનો આ ઓરડો ગમે એટલો જુનો હોવા છતાં, મુંબઇની મરઘા સેરીમાંનાં તેનાં કંગાલ પોતાનાં "ઘેર" ના પોતાના ઓરડા કરતાં તો વધારે મોટો અને વધારે સુખકારી હતો.

પ્રકરણ ૨૨ મું.

માકામામાના પૈસા કોણને મળશે ?

"ઓ ! મારા ખોદાય ! ખટલી, તારાં દિલમાં હાડકે હાડકાં કેવાં બાહાર નિકળી આવ્યાંછ !" ખટલીએ સુતી વેળા અંગમાંના કપડાં ઉતારતાંજ તેનું હાડપિંજર જેવું સુકાયલું શરીર જોઇને મેહરી બૂમ મારી ઉઠી. "શું થયું, ખટલી ? આટલાબધા દાહડા કાંઇ ખાવાનું લેતીતી કે ભુખી રહીતી ?"

"હવે અંહી આવીછ તો તારી સાથે ખાઇ પીને હું ઢોંગી બનીશ. પણ તું તે ક્યાં વળી ફરખે બનીછ, કે મને ઠપકો આપેછ ? મેહરી હું તારા જેવી પતલી તો રેહવાની નથી."

"ખટલી, તારો કોથલો ખાલી કરૂં ?' રમતિયાલ નાજાં તલપગાર થઇ. "તું મારે સારૂં મુંબઇથી સારૂં સારૂં શું શું લાવીછ તેતો જરા દેખાડ."

"સારૂં સારૂં મારી પાસે કાંઇ નથી, નાજાં. હું ગરીબ માણસ શું લઇ આવું ?" ખટલી હસી.

"એં હે ! તું પચાસ રૂપીયાનો પગાર પાડતીતી ને મુંબઇ વેરથી આવી તો મારે વરે કાંઇજ નહી લાવી ? હું તારી જગ્યાએ હતેતો પચાસ રૂપીયાના પગારમાં તો તરેહવાર ચીજો લાવીને તુંને આપતે. સુનાનું ઘડિ-

પાળ, ને રૂપાંની પેન્સીલ, ને મખમલની પર્સ, ને મોતીનાં બટન, ને કાર્ડકેસ, ને ગ્લવબાક્ષ,——"

"અરે બસ બસ! તારૂં એ બધું મને પોંહચી ચુકયું." ખટલી ઠપકાની ઢબમાં બોલી "પણ છોકરીઓ તમારી પાસે કપડાં ચપડાં ને લેટસોગાદ સિવાએ કાંઇ બીજી વાતજ નહી મળે કે શું? જરા એવી હલકી ચીજોમાંથી ધ્યાન કાહાડીને કાંઇ ગાબગપાટાની સારી સારી વાત તો કરો. કાંઇ ખબર અંતર તો કહો."

"હા, હા, મારી ખટલીબાઇ મોટી મુંબઇની સુધરેલી માસટરણ આવી કની તે એની આગળ ડાહી ડાહી વાતો કરીયે!" નાજાંએ તિખાસથી નસ્કોરૂં ચહડાવીને ટકોર કીધી.

"પણ ખટલી, તું અંહીથી મુંબઇ ગઇ ત્યારે તુને કપડાં ચપડાંનો ઘણો શોખ હતો," મેહરીએ યાદ આપી "તેથીજ મેંબી કપડાંની વાતો કરયા કીધી. હું તો મકુંજે તું મારાં નવાં કપડાં જોવા માગશે એમ ધારીને તુંને જલદી હું અંહી લઇ આવી."

"મને દેખાડવા લાયક એટલાંબધાં નવાં કપડાં તું કયાંથી લાવી?" ખટલીએ સેજ પુછયું.

"મને તો એ બધાં માકામામાએ અપાવ્યાં." મેહરીએ વડાઇ લીધી અને કેટલાંક કપડાં પેલી દદરતી કબાટમાંથી કાહાડી લાવીને બતાવ્યાં. "આ વાટરસિલ્કની ગાજ જોઇ કે? એ મેં સેહરયારજી સર્દાને ત્યાં જમવા જતાં પેહરીતી!"

"સેહરયારજી સર્દાને ત્યાં પેહરી ગઇતી?" ખટલીને આ નામ સાંભળતાં ઘણી અચરતી ઉપજી. "તે મિજાજનાં ખોરિયાંએ આખરે તુને જમવા બોલાવી ખરી કે?"

"તે નહી બોલાવે કે શું? શેહરયારજી સર્દાએ ને તેની બૈરી ધનબાઇએ માણકશાહ મામાને ખાનું આપ્યું ત્યારે હું ચીનાબાગમાં રહેલી હતી, તેથી મનેબી તેડી."

"હું! એમ કેહની ત્યારે?" ખટલીને હવે ખોલાસો થયો. "માકામામાને પૈસાદાર જોઇને જમવા બોલાવ્યા અને બિચારા મેહલાશાહ મામાને તો નહીંજ."

"હજી સુધી નહી." મેહરી બડબડી "એ મુવાં નીચ નસાબંદાઓ હજી મેહલાશાહ મામાને તો દૂરના દૂર રાખેછ, પણ માકામામા ચીનથી આવ્યા તેની બીજે દાહડે મોરો લપકો કરીને તેવણને ચીનાબાગમાં મળવા ગયાંતાં."

"માકામામા વુતંના નવાસવા આવેલા તેથી મળવા ગયાં હશે." ખટલીએ તે "નસાબંદાઓ" ની જરા કદર ખાધી.

"નહી, નહી, માકામામા પૈસાદાર થઇ આવ્યા તેથી એ મુવાં પૈસાનાં નીચ ગુલામો તેવણની ખુસામદ કરવા ગયાંતાં." મેહરી ભાર મુકીને બોલી.

"પછી? પછી? તે દાહડે તું આ ગાજનો ગારો પેહરી ગઇતી કે?"

"હા. એ સાડી મને માકામામાએજ અપાવીતી. મને એક દાહડો અગાઉ કેહજે 'મેહરી, તુને કાલે શેહરયારજી સર્દાને ત્યાં જમતા જવા સારૂં નવી સાડી જોઇશે.' એમ કહીને મને એક પચાસ રૂપીયાની નોટ કાહાડી આપી. નોટ આપવાની અગાઉ તે પોતાના હાથમાં રાખી મુકી, ને ટીકી ટીકીને નોટને એવી જોયા કીધી કે જાણેકે તે આપવાની મરજીજ નહી હોય. તે નોટ હાથમાં ધરીને પેહલાં એક ઉંડી નિશોશ મુકીને પછી મને આપતી વખતે બીજી એક નિશોશ મુકી. એ નોટ જોઇને હું ખુશી થઇ ગઇ ને ઉપકારના ઉભરામાં માકામામાને એક કીસી કરવા ગઇ, પણ મામાએ તો મને આચકો મારીને મોહડું ફેરવી નાખ્યું ને કહ્યું કે 'કાંઇ નહી, દીકરી, બસ, બસ.' બુઢાજીએ મારી કીસની દરકાર નહી દેખાડી."

"બુઢો પાકો ખરો હો!" ખટલીએ મત બાંધ્યું. "કેહશે કે કીસી કરવા દઇશ તો લાલચ લાગશે ને વધારે નોટ કાહાડી આપવી પડશે! પણ મેહરી, માકામામાએ તુને એ પ્રમાણે નોટના કટકા કેટલાએક કાહાડી આપ્યા?"

"ચાર કટકા." મેહરીએ તાબડતોબ જવાબ દીધો, જે દેખાડેછે કે માણકશાહ મુકાદમની આ મુબારક નોટો તેણે સારીપેઠે યાદ કરીને ગણી રાખી હતી. "પણ ખટલી, મામા તો દરએક નોટ આપતી વખતે હાય અફસોસની નિશોશ મુકતાતા જો! જાણેકે એકેક

નોટ એકઠી કરતાં પોતાનો જીવ ગયો હોય, અને તે કાહાડી આપતાં પાછો જીવ જતો હોય એમ દેખાડતાતા."

"પૈસાવાળા બધા એવાજ હોયછ" ખટલીએ પોતાનો અનુભવ કહી સંભળાવ્યો. "પણ માકામામા પાસે તો પૈસાના અખુટ ભંડાર ભરેલાછે. પણ, મેહરી, માકામામાને ત્યાં તેં તારા દાહડા કેમ કાહાડયા?"

"ખુશ મઝાથી." મેહરીએ મગરૂરી બતાવી "માકામામાને ત્યાં હું તો મોજ કરી આવી. એવણુની બે ઘોડાની ભપકાદાર ફૈટનમાં રોબથી બેસી ફરતાં, આખું પુણા શેહર આપણને જોવા મળે તેનો ભપકોજ કેવો સુંદર હતો! ચીનાબાગમાં હવા શું ખુશનુમા! ને ઓરડા કેવા મોટા ઢંઢાર મેહલ જેવા! સહવારના પોહરમાં કાફી, પછી નાસ્તો, વળી દસ વાગતામાં ટીફીન, બે વાગતે 'લંચ,' સાંજે ચાર વાગતે ચા સાથ કેક, રાત્રે સારીપેઠે ચાંપુવાનું, બસ આખો દાહડો મેંતો ચગડયાજ કીધુંછ. ને વળી નોકર નફરો કેટલા બધા! આપણો પડયો બોલ ઉંચકી લેય તેવા. મને પેહલા દાહડાપરતો આવી ભપકાદાર જીંદગી ગુજારતાં બ્હીક ને શરમ લાગ્યા કીધી, પણ પછી ટેવ પડી ગઇ અને એમ કરતાં કરતાં હું બંદી પણ મોટા લોકનો રોબ ને મરોર કરતાં શિખી."

"વારૂં મેહરી, તું માકામામાને ત્યાં આટલીબધી રહી આવીછ, ત્યારે તું, હું એક સવાલ પુછું તેનો પાધરો જવાબ દેશે?"

"હા પુછની, શું પુછેછ, ખટલી?"

"માકામામા પોતાની દોલત આપુણે આપી જશે કે?"

ખટલીએ આ પ્રશ્ન એટલો તો પાધરોજ પુછયો કે મેહરીનાં મનમાં જોકે એ વાત ઘણુંની રમી રહેલી હતી, તોપણુ તે લગાર આ સવાલના અચબુચપણા ઉપરથી એક દમ ડઘાઇ ગઇ.

"કાંઇ નહી, વિચાર કર, વિચાર કરીને ધીરજથી જવાબ દે" ખટલીએ તેને ધીરજ આપી.

"પણુ તે હું શું કહી શકું, ખટલી!" મેહરીએ આ જવાબના અખાડા કરવા માગ્યા.

"માકામામા સાથ એવણના પૈસા વિષે તુને કાંઇ વાત થઇ હશેની?" ખટલીએ પુછવાની હુજત કીધી. "કદાચ એવણુથી કાંઇ બોલ બોલાઇ ગયા હશેની! મોહમાંથી કાંઇ વાત નિકળી આવી હશેની?"

"માકામામા મોહડું ઉંઘાડીને બોલ્યા તો કાંઇ નથી, અને તોપણુ એવણુના ચેનચાલા ઉપરથી હું કાંઇ ધારણા બાંધી શકુંછ."

"તે શું? તે શું? મારી પ્યારી બેહન" ખટલીએ ઘણી આતુરતાથી પુછયું.

"હું ધારૂંછ કે માકામામા પોતાના બધા પૈસા યાતો બાજરોજગાર કરવાના ધર્મમાં અથવા તો આપણુનેજ આપી જશે. પણુ તે કયારે?—"

"કયારે? કયારે?"

"જો આપણાથી એ મામા રાજી રેહશે તો." મેહરીએ ઝટ જવાબમાં શરત મુકી દીધી. "જો એવણુને આપણે ખુશીના ખુશી રાખીશું તો મને લાગેછ કે એવણુ પોતાની દોલત આપણુ બાણુજો સિવા બીજા કોઇને વેંહચી આપવાના નથી. અગર નહી તો કે બાજરોજગારના અંધ્યારૂઓના ધકેલા પંછાડા ખાવાને એ દોલત આપી જશે."

"એમ છે, મેહરી, ત્યારે તો આપણે માકામામાને ખુશી કરવાને આપણાથી બનતું કરીશું" ખટલીએ પોતાનો ઠરાવ જાહેર કીધો "અને એવણની સેવા ચાકરીના બદલામાં એવણુના પૈસા આપણેજ મેળવીશું. જ્યારે આપણુ જેવાં ઐતલગનાં સગાંવ્હાલાંઓને પૈસાની જરૂર છે, ત્યારે એવણુ પોતાના પૈસા બાજરોજગાર કરાવવા અને અંધ્યારૂઓનાં હોજરાં ભરવામાં આપી જાય તો તે એક મોટી નાલેશી અને શરમીંદગી થઇ પડશે. જો મામાની દોલત પછવાડેથી આપણુને નહી મળવાની હોય તો એવા એક માતબર મામાનાં ઘરમાં રેહવા, તેની ચાકરી સેવા કરવા, તેની પાસેથી અવાર નંવાર એકેક નોટનો કટકો કહાડી લેવામાં આપણું કાંઇ વળવાનું નથી. તેમ કીધાથી તો આપણી ગરીબી આપણુને પછવાડેથી વધારે લાગવાની અને આપણુ દુનિયામાં લોકોના વધારે ધિક્કારમાં આવવાનાં. નહી, મેહરી, મામાની દોલત આપણુનેજ મળવી જોઇયે. નહી તો કે આપણે એવા એક મખીચુસને મામા લેખે અને આપણુ તેના ભાણેજ લેખે ગણાતાંજ બંધ પડવાં જોઇયે."

ખટલી આ શબ્દો એવા જોસથી બોલી કે તેની આંખ્યો ચલકતી અને પ્રકાશિત થવા લાગી, તેના હોઠ ધ્રુજવા લાગ્યા, તેના ચેહરાનો રંગ બદલાઇ ગયો અને આ એક જુવાન નાજનીને પોતાના મામાના વારસા ઉપર કેવું, જો નાઉમેદ થાય તો તદન ભાગી જાય એવું દિલ બાંધ્યુંછે તે દેખાડી આપ્યું.

"ઓ ખોદા! ખટલી! ખટલી! કેવી ઉસ્કેરાઈને તું બોલેછ" તેનાં બોલવાનાં આ જોસ ઉપરથી મેહરી તો અચરત થઇ ગઇ. "જાણેકે તું તો માકામામાના પૈસા ઉપરજ જીવતી હોય અને જાણેકે માકામામાનો આઇતો વારસો આજને આજ લેવાજ આવી હોય તેમ તું તો બોલેછ. પણ મેં કહી તે શરત યાદ રાખ. મામા એવા લેહરી ને ફાટેલ છે કે જો આપણી ઉપર ખુશી થશે તોજ આપણને દોલત આપી જશે, નહીં તો કે નહીંજ હો."

આટલી વાત કરતામાં તો ખટલી થાકી ગઇ, હાંફવાલાગી અને તેની આંખ્યોમાંથી આંસુનાં ટીપાં ટપકવા લાગ્યાં, અને મેહરી ઉપર તેની એટલી અસર થઇ કે ખટલી ઘણે મહીને પેહલીજવાર આજે આવી ત્યારે તેને આટલી ઉસ્કેરાયલી જોવા મેહરીને ગમ્યું નહી.

"ધીરી થા, બેહન, જરા ધીરજ રાખ. એટલીબધી ગભરાયછ કાં?" મેહરી તેને ધીરજ આપવા લાગી. "અલબત માકામામાના પૈસા આપણને મળવાજ જોઇયે. અગરજો પોતાની દોલત આપણને વેંહચી આપવા નહી હોય તો એ ડાંખરાને આખી જીંદગીને છેડે ચીનથી અંહી વેર પાછો ફરવાની જરૂરજ શી હોય? માકામામાની બધી મતલબજ આપણને મળવા અને સારીપેઠે આપણી ઓળખ કરવાની છે એમ તેઓ ઘણી વખત બોલી ચુકયાછ અને તે ઉપરથીજ હું કહુંછ કે એવણને આપણે ખુશી કરવાની જરૂર છે."

"ઠીક ઠીક ત્યારે તો, મેહરી આપણે માકામામાને જેમ બને તેમ ખુશીને ખુશી રાખીશું. એવણને આપણા ઉપર નાખુશ થવાનું કાંઇ કારણ નહી આપીશું. આજની આપણી વાત પછી મને માકામામાને મળવાની ઘણીજ ઉલટ થાયછ. મેહલાશાહ મામા કાલે મને માકામામાને ઘેર મોકલવા માગેછ તો હું આવતી કાલની કાગડે ડોળે વાટ જોઉંછ અને ચાહુંછ કે કાલ જલદી ક્યારે પડશે, કે જેથી હું માકામામાને ઘેર જાવું."

આ ત્રણ બેહનોમાંની નાંની, જે હજી એક બચ્ચું હતી, તેને કાંઇ આ વાતચીતમાં રસ લાગ્યો નહી, માટે તે અત્યારમાં તો ઉંઘી ગઇ હતી, અને હવે આ બે વડી બેહનો ખટલી અને મેહરી પણ એટલી વાતમાં પોતાના જીવને ધીરજ આવી ને ઉંઘવા પડી.

પણ ખટલીને આજની ઉસ્કેરણી વચે ઉંઘ આવી નહી. તે મુંબઇનું પોતાનું વ્હાલું ઘેર અને પોતાના વ્હાલા વરને મુકીજ શા માટે આવીછે? પોતાની ગરીબાઇનું સંકટ ટાળવા, પોતાના પૈસાદાર મામાના આઇતા પૈસાથી પોતાની હાલત સુધારવા સારૂં તો તેણીએ આજે આટલુંબધું ખમ્યુંછે અને આટલો બધો ભોગ આપ્યોછે. માટે પોતાના એના એજ વિચારોથી ખટલીને ઉંઘમાં આસાયશ નહી હતી. તેનો વ્હાલો વર, જેને તે છુપાછુપ પરણી હતી, તેનેજ છુપાછુપ તે છોડીને આવતી રહીછે, તે બિચારો ખટલી વગર શું કરતો હશે, કેવો રંજીદા અને આજાદ થતો હશે તેના વિચારોથી ખટલીનું મગજ ગોયા ભમી ગયું. તેને થોડી ઘણી ઉંઘ આવી તો ઉંઘમાં પણ તેને પોતાની એ ચાલના સ્વપ્ના આવ્યાં કીધાં—તથા સ્વપ્નામાં પણ તે પોતાને દોષ દેતી અને પચાતાપ કરતી પડી રહી. ઉંઘમાં તેના મોહમાંથી "જમસુ"—અને "દારા" નાં નામો નિકળ્યા કીધાં "ઓ જમસુ! મને માફ કરો!"—"હું મારીજ ખાતર નહી, પણ તમારી ખાતર"—"મને માફ કરો"—"હું ફરીથી એમ નહી—" એમ ખટલી કાંઇ ફાટું ફાટું બકતી રહી અને મેહરી જે તેનાં પાસાંમાંજ સુતેલી હતી તે એકવાર તેનાં આ ફાટાં ફાટાં બકવાથી જાગી વટીક ઉઠી પણ તે ખટલીના એ બોલોનો ભેદ કશો સમજી શકી નહી. તે એટલુંજ સમજી કે બિચારી કાંઇ સ્વપ્નું જોયછે અને સ્વપ્નામાં ફાટું ફાટું બકેછે, અને એમ સમજીને મેહરી પણ પાછી ઉંઘી ગઇ.

પ્રકરણ ૨૩ મું.

શેઠ માણુકશાહ મુકાદમ.

બીજી સહવારે માણુકશાહ મુકાદમ પોતાના ખુશનુમા ચીનાબાગમાં નાસ્તો કરીને બાગના ક્યારાઓમાં ફરવા નિકળ્યા હતા. ચોમાસાંની મોસમ ઉપર પુણામાં સહવારના દસ અગ્યાર વાગતા સુધી તડકાનો તાપ લાગતો નથી, અને ઝાડોના છાંયામાં હવા ઘણી શિતલ રેહછે. માટે સહવારનો નાસ્તો લીધા પછી શેઠ માણુકશાહ મુકાદમને પોતાના રળિયામણા બાગના સીધાને સીધા, રેતી પાંથરેલા રસ્તા ઉપર ફરીને લટાર મારવાનો તથા સહવારની શિતલ હવા ઘેરવાનો ધારો હતો.

બાગ મોટો અને લીલોતરીભરેલો હતો. નાની નાની લીંગુરીઓ અને એવાજ બીજા ઠીંગણાં ફળઝાડોથી તે મોટા મોટા આંબાનાં ઉંચાં ઝાડોની સુંદર ઘટા ઉગી નિકળી હતી. ફળપાનના સણગાર સાથ ફુલોના બાહારની પણ કાંઇ મણા નહી હતી. માણુકશાહ મુકાદમને બાગબાની અને ફુલફળોનો ઘણો શોખ હતો, પોતાના બાગ ઉપર તે ચીનાઇ શેઠ પોતે જાતે સંભાળ અને દેખદેખ રાખતા હતા, માલીઓ ઉપર પોતે જાતે હુકમો ચલાવતા તથા પોતે અને પોતાની મીલકતની વચે બીજી કશી આડત કે મારફતને તેવણે કામે લગાડી ન હતી. સઘળો હિસાબ કેતાબ, સઘળો ખર્ચ ખુટણ, સઘળી લેવડદેવડ તેવણ પોતે જાતે ચલાવતા હતા. સઘળો હિસાબ તેવણનાં નખમાં હતો, આખો બાગ તેવણને મોહડે હતો, કેરી કેટલી, પેર કેટલાં, અંજીર કેટલાં ઉગેછે તેની પોતે જાતે પરપુછ કરીને જાણ મેળવેલી હતી.

શેઠ માણકશાહ મુકાદમ બાલ પાકેલી બુજર્ગીદાર ઉમરે જેફીની જીંદગીમાં દાખલ થયલો હતો. સીતેર વર્ષની ઉપર જવા છતાં, કામકાજમાં તેવણની આટલી ઠાવકી ખંત અને ઠાવકી ઉલટ દુનિયાંનાં લોકોની એક અચરતી હતી, કે જે ખંત અને ચોકાશીથી બાગમાં જયાં જુવો ત્યાં સઘળી લીલોતરીની તાજગીજ નજરે પડતી હતી. સુકું ઝાડ કે પીલું પાંદડું એકબી શોધ્યું જડતું નહી હતું. બાગના રસ્તા ઉપર અને ક્યારાઓમાં વળી તમામ સફાઇ અછાવેલી હતી, એક પાન પગ તલે કચડાય યા આખે બાગે નાંખેલી કાંકડી સિવાએ ઝાડની એક ડાંખલી પગ તલે ખખડે તે તમે બતાવી શકશો નહીં. એવી બાહોશીભરેલી ચોકાશી પોણીસો વર્ષની ભરતીમાં આવેલા એક ઘરડામાં દેખવી એ આજના વખતના જુવાનોને લજવાવનારી બીના હતી.

ટુકમાં માણુકશાહ મુકાદમ દેશ ખાઇને દરવાજા ખાંધે બાંધેલા અને આખી દુનિયાંનો ખાધેલ એક માણસ હતો. કામ ધંધા અને ઉદ્યોગમાં તેની જીંદગી ગુજરવાથી મેહનત મસાગતમાં તેનો જન્મ ગયો હતો. દેશ દેશાવરો ફર્યાથી તે વેપાર ધંધાનો ઘડાયલો આદમી હતો. તેને ઠગવાનું સેહલ નહી હતું. નોકર નફરોથી તે અંજાઇ જતો નહી હતો. અડધીએ અડધીનો તેની પાસે હિસાબ હતો અને દરએક અડધી જે પોતે ખર્ચી હોય તે તેનો બદલો લીધા વગર ખર્ચતો નહી હતો. તેને આણાની બાર પૈમાં એક પૈ કોઇએ ઓછી આપી તો તેની કમબખ્તીજ જાણવી.

"મેં મેહનત કરીને પૈસા મેળવ્યાછ અને બીજાઓ પાસેથી મારા પૈસાના બદલામાં મેહનત મેળવવાનો મારો હક છે" એ માણુકશાહ મુકાદમનો જીંદગીનો "મોટો" હતો. માટે આળસુ અથવા હરામખોર માણસોને તેનાથી માફી મળવી મુશકેલ હતી, ચોર કે હુંયાંમેલા માણસોને તે સેવટ સુધી, જરૂર પડે તો પોલીસનાં બારણા સુધી પોહચી વળતો હતો. નોકર નફરોને પગાર કરવામાં તે સાવધ પેમાસ્ટર હતો. જેમ માણસો કને થોકીને કામ લેવું તેમ તેઓને પુરતો પગાર આપવો એ તેનો ધારો હતો, માટે માણુકશાહ મુકાદમ ગમે એવો શખત શેઠ હોવા છતાં તેની નોકરીમાં રેહવાને માણસો ખુશી હતાં.

શેઠ માણુકશાહ મુકાદમની જેફી જોતાં નબળાઇ કે નાતવાની ઝાઝી નહી હતી. પોતાની ઉમરના બીજા બુઢાઓ કરતાં તે તનદરોસ્ત અને ખડતલ હતો. બાગમાં ફરવા નિકળે ત્યારે તેઓ ખડા ને ટટાર ચાલતા હતા. તેના હાથમાં લાકડી હતી, તે બુઢાપામાં ટેકો દેવાની નહી પણ જુવાનિયાઓના ફરવાના

શોખની લાકડી હતી. તેમના પગમાં ચીનાઇ ચંપલના આકારની સપાટ હતી, અંગમાં ગરમ ફ્લાનલનો પોશાક હતો. તેમનું કદ સીધું ને ઉભું હતું. તેવણનાં ઘણાંખરાં કપડાં ઢીલાં હતાં, અંગમાં સફેદ ફ્લાનલનો ડગલો હતો તે પણ ઢીલો ને રમતો પેહરેલો હતો. છાતી ઉપર એક સોનેરી આઇગ્લાસનો ચસમો સોનાની સાંકલી વડે ઝુલતો લટકતો હતો, કે જે ચશમો ઉપયોગનાં કરતાં શોખને માટે વધારે પેહર્યો હોય એમ લાગતો હતો.

થોડાજ મહીના ઉપર શેઠ માણુકશાહ મુકાદમ પોતાનાં બાપીકાં વતન પુણામાં આવીને વસેછે, ત્યાંસુધી તેવણે પોતાના ચીનના વેપારમાં રાત ને દાહડો ઘણી હેજગારીમાં દલદેસરી કરીછે. ચીનની પોતાની પેહડી અને પોતાનો ધંધો પોતાના નાના ભાગ્યાને સપુરદ કરી પોતાના સ્વદેશમાં પોતાની જીંદગીના સેવટના દાહડા સુખચેનથી ભોગવવા તેવણ પુણે આવ્યા. તેવણની આખી જીંદગીમાં એકજ ઉમેદ હતી અને તે ઉમેદ લગભગ પાર પાડીને આવ્યા.

તેવણની એ આખી જીંદગીની નેમ પૈસા એકઠા કરવાની હતી. તેઓ અનેક સહાસ કર્મમાં પૈસાદાર થવા પડ્યા હતા અને તે ઉમેદમાં નસીબ-દેવીની તેમને સારી યારી હતી. પૈસો એકવાર પેદા કીધો કે પછી પૈસોજ પૈસાને વધારેછે. પૈસા પેદા કરવાની એ રોકાણમાં વેઠ અને જંજાલો ઘણી હોયછે, પણ પૈસા પેદા કીધા પછી એ સઘળી જંજાલનો બદલો વળી રેહછે અને એક કેહવાતા પૈસાદાર લખપતિને—પછી તે ખરો લખપતિ હોય કે નહી હોય તોપણ—દુનિયાં જે ભારી માન આપેછે, પૈસાદારની તો પુંજાજ કરેછે તેથી તે સર્વ જંજાલની પાછળ તેની વડાઇ વધેછે. એવીજ પૈસાદાર થવાની હેજગારીભરેલી વડાઇમાં પણ તેની સાથે ફિરયારીખોર મરતબાવાળી ઉમેદોમાં શેઠ માણુકશાહ મુકાદમની જીંદગી ગુજરેલીછે, અને હવે તેવણ પોતાની જીંદગીનો માનમર્તબાથી છેલે સરવાળો કાહાડવાજ પોતાને વતન આવ્યાછે, ત્યારે તેવણની એ દુનિયાંદારી ભરેલી નેમ અને મકસદને મળતાજ ઠાઠમાઠથી તેઓ ચીનાબાગની મીલકત ખરીદ કરીને રહેલા પુણાનો એક "શેઠિયો" છે.

પોતાની સીતેરમી સાલગ્રહ શેઠ માણુકશાહ મુકાદમે ચીનમાં ગુજારી હતી. તે દાહડે અચબુચ તેની આંખ ઉઘડી હતી કે પોતાની એકઠી કરેલી દોલતનો જો તેવણે કાંઇ પણ વૈભવ ભોગવવો હોય તો તેને માટે તેનાં જેટલાં વર્ષ ગયાંછે, તેટલા મહીના હવે બાકી રહ્યા નથી. પૈસાની સઘળી મોજમઝા હવે તેવણે બીજાં દસ, બાર, યા પંદર વર્ષમાં ભોગવી લેવી જોઇયે. પોતાની કાઠી સારી છે અને તનદરોસ્તી પણ સારી છે, તે છતાં હેંસી પંચાસી વર્ષ કરતાં વધારે જીવવાની તેવણને આશા નથી. પોતે ગમે એટલી સંભાળથી જીવ્યા છતાં, જે ધણીએ ચાલીસ વર્ષ ચીનમાં કાહાડેલાં હોય તેની જીંદગી એથી વધારે લંબાવી મુશકેલ છે.

એ રીતે પોતાનાં સીતેરમાં વર્ષની ઉમરે શેઠ માણુકશાહ મુકાદમે પોતાને વતન પાછો ફરવાનો અને પોતાની દોલતનો જે કાંઇ સુખી બદલો મળી શકે તે ભોગવવાનો ઠરાવ કીધો. અને એ રીતે તેમનું પુણે આવવું થયું, અને પુણામાં તેવણે ચીનાબાગવાળી મીલકત ખરીદીને એક સુંદર બગીચો અને મેહલ પોતાને માટે આરાસ્તા કેરી તેમાં સુખાકારીભરેલી જીંદગી ગુજારવાની શરૂ કીધી. તેવણે પોતાનું ઘર તે ગોયા પોતાનું એક રાજ્ય સ્થાપ્યું, જેમાં તેઓ લોહડાંની સોટી વડે તે ઘેરનાં અને બાહારનાં માણસો ઉપર પોતાનો અમલ ચલાવવા લાગ્યા. ટૂકમાં જો શેઠ માણુકશાહ મુકાદમ બંગાલ કે હૈધરાબાદથી આવેલા હોત તો તેના દોર દમામથી તે એક નવાબમાં ખપત, પણ આ ચીનાઇ પારસી તો એક ખરા ચીનાઇ માનદરીઅનમાં ખપવા લાગ્યો.

તેમની દોલતની પુણાએ કરવા માંડેલી પુંજા તેમને ઘણી ખુશી ઉપજાવનારી હતી. તેમના બાપ બપાવાને જે લોકો હીણતાં અને હસતાં હતાં, તે લોકો માણુકશાહ મુકાદમને "શેઠ—શેઠ" કહીને નમતાં થયાં અને ગોયા તેના પાંઉની ખાક ચુમવાનાં હોય તેમ વાંકાં વળતાં થયાં. માણુકશાહ પુણાની પારસી ખાસ વ આમને ઝાઝું કોઠું આપતા નહી હતા, તે પણ તેઓ તરફ તરકડા હતા અને તેમના સાથ તુંડીથી વર્તતા હતા, પણ પુણાનાં લોકો તેને એક તીસમાલખાં અને "માલેતુજાર"

ગણી તેના મીજાજની એ મગરૂરીને માફ કરતાં હતાં.

માણુકશાહ મામાએ પોતાની ભાણેજ મેહરીને પોતાની ખાસ મેહરબાનગી તલે લીધી હતી, પણ તેની આંખ્યો જે ખુબસુરતીના ખ્યાલોમાં ફસાયલી હતી, તે આંખ્યોમાં મેહરીની ખુબસુરતી મામાને ઝાઝા ખુશી કરનારી, યા મેહરીની ચાલાકી મામાને ઝાઝા પ્રસન્ન કરનારી જણાઇ નહી હતી. તોપણ એવી એક બોલકણી, મીઠી, મધુરી પોપટીને પોતાનાં ઘેરના પાઠ ભણાવવા પોતાને ત્યાં પાળી પોશીને રાખવા તથા ઉછેરવા માણુકશાહ મામાને પસંદ હતું. ચીનની ગઇ ગુજરેલી જુની વાતો અને નાલેશીઓ એ બુઢા મામાને યાદ ઘણી હતી, તે સઘળી વાતો કહી સંભળાવવાનો તેને શોખ પણ ઘણો હતો, અને મેહરી તે વાતોને ખુશીથી સાંભળતી તથા પુછી પુછીને વાતો કરાવતી તેથી મામાને એ ભાણેજ ઘણી ગમતી હતી.

કોઇ વખત માકામામાને ચૂપ રેહવા ગમતું હોય તો, પોતેબી પોતાની જીભ ખેંચી રાખવાનો હુનર મેહરી સારો શિખેલી હતી. મામાનાં સુખ અને સગવડો સાચવવાને તે સદા તત્પર હતી, અને મામા બપોરનું જમીને પોઢેલા રેહ તેટલો વખત જરા ગડબડ કરે નહી યા કોઇને કરવા દેય નહી એવી પોતાની ઉલટ મામાને દેખાડવાને તે ચુકતી નહી હતી. મામાને મળવા આવનારાંઓને મેહરી એટલા સુધી લેવા અને મુકવા જતી હતી, ઘેરનાં કે બાહારનાંઓ સાથે સભ્યતાનો વિવેક સારીપેઠે સમજતી હતી—સાદાઇ ક્યારે કરવી અને પેહરીઓઢીને ભપકો ચપકો ક્યારે કરવો, તે વિવેક પણ તે સંભાળીને જાળવતી હતી. ઘણું ખાવું નહી, ભુખ લાગી હોય તોપણ થોડું ખાવું, અને ખાવાપીવા માટે પોતાને બોહસ કરાવવી એ સઘળી "સુધરેલી" રીતભાંતનો તેણીએ અચ્છો અભ્યાસ કરેલો હતો. માટે મેહરીને પોતાનાં ઘરમાં રાખવાને—બરાબર બોલીયે તો રેહવા દેવાને—માકામામા ખુશી હતા, બરાબર બોલીયે તો તેવણને અડચણ કાંઇ નહી હતી.

પણ આ સઘળો વખત માકામામાએ મેહરીની વડી બેહન ખટલીની ખબરઅંતર ઘણી પુછ્યા કીધી હતી, પોતાની એ ભાણેજને જોવા તથા મળવાની તેવણે ઘણી ઉલટ દેખાડી હતી, અને આટલા દાહડા વહી જવા છતાં તે મામાને મળવા આવી કેમ નહી તે વિષે તેવણને નવાઇ પણ ઘણી ઉપજી હતી. પોતાના ભાઇ અને ભાણેજોનેજ મોહડે નહી પણ સર્દા, ગુત્તાવાળા, દારૂવાળા, વકીલ અને બીજા પુણેગરા "ખાસ" લોકો મળવા આવતાં તેઓને મોહડે માણુકશાહ મુકાદમ ખટલીની ખુબસુરતીનાં વખાણો સાંભળીને ઘણા ખુશી થતા હતા. ખટલી પુણે પાછી ફર્યા પછી આ સઘળા પુણેગરાં પારસીઓ તેની ખુબસુરતીથી છક થઇ ગયાં હતાં, અને તેના મામા આગળ તે ખુબસુરતીની સિફતો ગાવાને ગોયા હરીફાઇ કરતાં હતાં.

"ખટલી તો એક પરી છે, માણુકશાહ શેઠ" સર્દાનાં ધનબાઇજી બોલતાં "તેને જોઇ હોય તો, જાણેકે બે ઘડી બેસીને જોયાજ કરીયે."

"અં ! હું ! મેં એ દીકરીને મારે ઘેર બોલાવીછ, પણ હજી આવી નથી" માકામામા જવાબ દેતા હતા.

અને તેડાવ્યા છતાં ખટલી પોતાના માતબર મામાને મળવા આવી કેમ નથી, એ માણુકશાહ મુકાદમને મનથી એક મોટી અચરતીની વાત હતી. મેહરી તો જુઠાઇયે તેડાવતાં સચાઇએ હાજર થાય તેમાંની હતી. મેહરી પોતાના માતબર મામાના પૈસાપર કુદાકુદ કરતી હતી, એ તો એ પાકા અને ઠરેલ શેઠને મનથી ચોકસ હતું, પણ જે તેની સમજમાં હજી ઉતરતું નહી હતું, તે એજ હતું કે ખટલી માતબર મામાને મળવાને હજી આવી કેમ નથી ? મેહરી તો મામાને હસાવી રમાડીને તેના પૈસા નિચોવી લેવા અને પોતાનો લાભ કાહડી લેવાનાં ફાંફાં મારે છે, ત્યારે ખટલી મામાએ ઘણા દિવસની તેડયા છતાં હજી આવી કેમ નથી એ વિચારથી તેવણને ઘણો ગુચવાડો લાગ્યા કીધો હતો.

"શું ખટલી એટલી પૈસાદાર થઇ હશે ? અથવા શું એને પૈસાની કાંઇ દરકાર નહી હશે ?" શેઠ માણુકશાહ મુકાદમ પોતાનાં મન સાથ વાત ચલાવતા "ગામનાં લોકો

બોલેછ, તે ખટલીને ખબર છે કે હું ચીનથી દોલતનો દલ્લો લઇને આવ્યોછ, તોપણ મુંબઇમાં એક નિશાળની હલકી નોકરીની હેંજગારી ચલાવ્યા કરેછ. એ ઉપરથી જણાયછ કે એ છોકરી પોતાની બેહનોના જેવી પૈસાની લોભી નથી. બૈરાંના સરેસ્તા કરતાં એ કોઇ ચહડતાં ખમીરની હોવી જોઇયે."

અને એ રીતે ખટલીની આટલી લાંબી ગેરહાજરીમાં માકા મામાએ તેને માટે ઓર ઉંચું મત બાંધ્યું—એટલો ખટલીને ફાયદો થયો હતો.

અંતે વાટ જોવડાવી જોવડાવીને ખટલી માકામામાને ઘર એક ખુશનુમા સહવારે આવી તો ખરી. તે તેજ સહવાર હતી, કે જયારે ડાકટર મેહલાશાહે પોતાની એ ભાણેજને માણુકશાહ શેઠને ત્યાં મોકલવા કાહાડી હતી. મેહરી પોતે ખટલીને પોતાની સાથે લઇ આવી હતી.

માણુકશાહ શેઠ પોતાના સુંદર બગીચામાં લેહરી લટાર મારીને તુર્તનાજ પોતાના મેહલમાં ચહડયા હતા. હજી તો તેવણ પોતાના ઓટલા ઉપર ઉભા રહી સીહડીની કિનારીએ ગોઠવેલાં કુંડાઓમાંનાં ફુલોની સુગંધ અને તાજી હવા ઘોરતા હતા, તેટલામાં તેવણની નજર છેક સામેના દરવાજા ઉપર પડી, કે જે દરવાજામાં બે કોમળ નાજનીનો દાખલ થઇ.

બેહુ નાજનીનો નાજુક અને નખરાંબાજ હતી. બેહુનો સુંદર દેખાવ બાગની શોભામાં વધારો કરનારો હતો. તેઓમાંથી એક જે વધારે જુવાન અને રમતિયાળ હતી તે દોડતી માણુકશાહ શેઠને મળવા આવી અને બીજી પછવાડેથી ધીરે ધીરે ચાલવા લાગી.

"મામાજી, મામા સાહેબ," એ આગળ ધસી આવનારી મેહરી હતી, તે માકામામાને ઓટલા ઉપર દોડતી આવી મળીને બોલી "બેહન ખટલી અચબુચ પુણે આવીછ, ને તેને તમો મુરબી સાથ મેળવવાનું વાજબી વિચારીને હું તેને લઇ આવીછ."

"વાજબી વિચાર્યું?" માકામામાએ મેહરીના બોલો ઉપર ટકોર કીધી. "ખટલીને મળવાનો આજ મહીનાના મહીનાઓ થયા શું હું ઓરતો નથી કરતો કે હજી તો તેને મારી સાથ મેળવવાનું તેં વાજબી વિચાર્યું ! જા, મેહરી, તેને પાછળ શાની રાખી આવી ? બોલાવ એકદમ."

મેહરી ખટલીને તેડવા દોડી અને તેજ ઘડી નજદીક આવેલી ખટલી ઉપર માણુકશાહની નજર પડવાથી તેવણ ખુશી થઇ ગયા—

"હા. ખટલી એજ કે ? પરીસુરતની પુતલી તો ખરીજ." તેવણે મનમાં ખાતરી કીધી "આ પુણેગરાંઓ એની તારીફ કરતાંતાં તે ખોટી તો નથીજ હો."

"મામાજી સાહેબજી." ખટલી મેહરી સાથ આવીને માકામામાને પગે પડી.

"ઓ ! આવરે ! મારી દીકરી !" માણુકશાહે તેને કેટલાંક જોસભર્યાં વહાલ સાથ પોતાનાં પાસાંમાં ચાંપીને કોટી કીધી તથા મીઠું મુખચુંબણ કીધું.

ખટલી ઉપર માકામામાનું આટલુંબધું હેત મેહરીને ઘણું નવાઇ જેવું લાગ્યું. માકામામાએ ખટલીને જેવો પ્રીતભર્યો આવકાર આપ્યોછે, તેવો આવકાર તેની બેહનોને કદી આપ્યો નથી—કદી તેમને કોટી કરી નથી, કદી તેમને ચુમીઓ લીધાં નથી.

પ્રકરણ ૨૪ મું.

એક બેહનનો બળાપો.

માકામામાને ત્યાંની પેહલી મુલાકાતથી પાછી ફરી ત્યારે તેવણની ભાણેજો તરેહવાર નવા નવા વિચારો લઇને આવી.

ખટલી ઉપર માકામામા ઘણા પ્રસન્ન થઇ ગયા એ તો વગર શકની એક વાત હતી. મેહરીને પોતાને એ વાત ગમે એટલી નાખુશી છતાં કબૂલજ કરવી પડી. મેહલાશાહ મામાની ટેબલ ઉપર રાત્રે ખાતાં ખાતાં, માકામામાની નજરમાં ખટલી એટલીબધી સરસ કેમ ગણાઇ અને મેરી ઉપર તેવણે ઓછો ખાર કાં કીધો તેના બળાપાની મારેલી તે બિચારી કારણો અટકળવા પડી.

"ખટલી માકામામાને ખુશી રાખવાની ખુશામત કરેછ, તેમ મેં કોઇ દાહડે કીધું

નથી" મેહરી બડબડી. "ખટલીનાં નાજ ને નખરાં મારામાં નથી. હું તો મને જેટલો પ્યાર હોય તેટલોજ બતાઉંછ—હોય તે કરતાં વધતો પ્યાર દેખાડવાનો મારો ધારો નથી. ને માકામામા પોતેજ એવા કુજરા છે કે તેવણના કથોર ને થંડા જવાબોથી આપણા દિલમાં કાંઇ પ્યારજ થઇ શકતો નથી. પ્યાર પેદા થયલો હોય તેબી પાછો મરી જાય એવું માકામામાનું બોલવું ચાલવું છે."

"ઓતજા! ખટલી, તારી બેહનને તો માકામામાથી કાંઇ ઓછું પડયું કે?" મેહલાશાહ મામાએ તેના આ બડબડાટ ઉપરથી તેની મજાખ કીધી. "મેહરી, એટલીબધી બડબડેછ કેમ?"

"જી, મેં તો માકામામામાં કુંજરાપણું યા કથોરપણું કશું દીઠું નથી" ખટલીએ મેહરીની ફરિયાદને ખોટી પાડી. "માકામામા તો ખરેખરા માયાલુ ને મેહરબાન છેજી; તેવણે મને કેવો દિલોજાન આવકાર આપ્યો. એવણ આપણી માનાજ માયજાણ્યા ભાઇ કની? જે લોહી આપણી રગોમાં દોડેછ, તેજ એવણની રગોમાં પણ દોડેછ કની? માટે એવણને જોતાં મારૂં તો દિલજ પીગળી ગયું. જે મામાના પૈસાટકાની તારીફ બેહસ્તણ માયજીને મોહડે બચપણમાં મેં સાંભળેલી તે મામાને મારી આગળ જીવતા જોઇને મારી આંખમાં પાણી આવી ગયું."

"આહા! જ્યારેબી ગમે ત્યારે રડી પડવાનો ઢોંગ કરતાં બૈરાંને કેવો આવડેછ!" મેહરીએ પોતાની ટકોર ચાલુ રાખી. "મને તો એ હુન્નર હજી આવડતો નથી. ખટલી, તુને રડી પડતાં કેમ આવડેછ? જરા મને તો શિખવ!"

"મારી આંખમાં પાણી એમ આવી ગયાં કે હમણા હું ઘણી નબળી થયલીછું." ખટલીએ પોતાનો બચાવ કીધો. "પણ આંખમાં પાણી આવે એટલી એક મામાની દયા ખાવી એ તેવણ બિચારાની બદગોઇ કરવાના કરતાં તો બેહતર છે. મેહરી તું લાડે લાડે કેવી બિગડી ગઇછ, તે આ તારી બદગોઇખોરી ચાલ બતાવી આપેછ."

"હું ગમે એટલી બિગડી ગઇ હુઇશ, પણ તારા જેવી બેશરમ તો નથી, ખટલી?" મેહરીએ સામો તાણો માર્યો "કે તું માકામામાની આગળની ચાલ વિષે કેવું કેવું બોલતીતી, તે બધું ભૂલી જઇને આજે તેવણના પૈસાથી તેવણ ઉપર મરી ફીરેછ. આગળ તું શું શું બોલેલી તે યાદ છે કે?"

"શું બોલેલી?" ખટલી ખરેખર ભૂલી ગઇ હતી, તે તેણીએ હિંમતથી પુછ્યું.

"માકામામાએ આગળ પૈસા કેમ મેળવ્યા? પેલા પોતાના ભાગિયા જસાવાળાના જીવણજીને કેવો દગો દીધો? અને તેની દોલતનો દલ્લો હજમ કરી જઇ તે બિચારાના દીકરા જમસુ જસાવાળાનો વારસો કેવો આઇતો ચાંપી ગયા? તે બધું તુંજ માકામામાની વિરૂધ બોલતીતી, ને હવે તુંજ તે બધું ભૂલી ગઇ કે?"

જમસુ જસાવાળાનું મેહરીને મોહડે નામ સાંભળતાંજ ખટલીને ગોયા વિજળિનો એક અચાનક આચકો લાગ્યો હોય, તેટલી તે ચમકી ઉઠી.

"હં! હવે કેવી ચમકી?" મેહરીએ મેહણું માર્યું. "હં! હવે કેવી તુને યાદ આવી! હું જોઉંછ ખટલી કે જમસુ જસાવાળાનું નામ હજી તુને યાદ છે—તું તેને હજી ભૂલી ગઇ નથી. તેના બાપ સાથની માકામામાની ચાલ તું હજી ભૂલી નથી."

બેહન બેહનોની આ ટપાટપીમાં મેહલાશાહ મામાએ વચે પડીને જમસુ જસાવાળાનાં નામ ઉપર ખટલીના છુપ્યા ગભરાટમાં શાંતિ વાળી આપી.

"મેહરી, બસ કર, બિચારી ખટલી સાથે નકામું, નકામું વધેરી ના લે" મેહલાશાહે તેને ધમકાવી. "તું ખટલી ઉપર ખોટા ખોટા વાંક મેળી તેને ગળે ના પડ. માકામામાની મમતા અને મેહરબાનગીઓ ઉપર જેટલો તુને હક છે તેટલોજ ખટલીને પણ હક છે."

"હું તે ના પાડતી નથી. માકામામાની માયા ઉપરજ નહી, પણ તેવણના પૈસા ઉપરબી ખટલીનો હક પેહલો છે. મારી જાણે બળા! ખટલીને જોઇયે તો માકામામાની બધી દોલત એ લેતી કાં નથી? તેના મને શા ભાર પડયાછ? માકામામાએ ખટલીને પાછી બોલાવી તો ખરી, અને પોતાનાં ઘરમાં પોતાની આગળ ઘણા દાહડા રાખવા માગીછ ખરી,

તો સારી પેઠે પેહરી ઓઢીને એને જવા દો તેવણને ઘર. પણ સાથે લાવીછ શું કે પેહરી ઓઢીને જશે ? મુંબઇથી ચીંઠડેહાલ થઇને આવીછ, તે માકામામાને ઘેર જતાં હજી એને વાર લાગશે. હવે તો તેવણને ઘેર કરતી કાવરતી ખટલીજ, હું ખટલી આગળ કાંઇ બિશાદમાં નથી."

"પણ મેહરી, તું તો એ પૈસાદાર મામાને ત્યાં રહી આવી દીકરી," મેહલાશાહે તેને થંડી પાડી "હવે ખટલીનો વારો આવ્યો ત્યારે તેને જવા દે."

"હા. હા. જવા દઇશુંજ તો. હજી તો હું માકામામાને જરા જરા ઓળખતાં શિખી, તેટલામાં તેવણને ઘેરથી ખટલીએ મને ખરતી કીધી, તો એને જવા દો, જવા દો—પછી જે થવાનું હશે તે થઇ રેહશે."

"ખટલી ઉપર તું અદેખાઇથી બળેછ, પણ બ્હીના દીકરી મેહરી." મેહલાશાહે તેને ધીરજ આપી. "માકામામા એવા એક-સરખી નજરના છે, કે તેવણ પોતાની મેહરાં બાનગીઓ તમો બધી બેહનોને સરખી વેંહચી આપશે."

"સરખી નજરના તે કેવા! જે ધણીને હું એક ચુમી લેવા જાવું તો મોહડું ફેરવે, પણ ખટલીને ચુમી લેવા સામું મોહડું આપે અને પોતેજ તેને ચુમી લેય."

"એ બધો તારો વેહમ છે, દીકરી."

મેહલાશાહ મામાના આ ઠપકા પછી મેહરી ચુપ બેઠી અને ખટલી વિષે પોતાને ઉપજતી અદેખાઇ એટલી તો તામોશ કરી ગઇ કે પછી ઠરાવેલે દાહડે ખટલી માકામામાને ત્યાં રેહવા ગઇ, તેને સારી પેઠે ઠઠેરો કરીને મોકલી આપવામાં મેહરીએ સામી મદદ કીધી.

ખટલી માકામામાને ત્યાં ચીનાબાગમાં રેહવા ગઇ અને મેહરી પોતાની નાની બેહન નાજાં સાથે મેહલાશાહ મામાના લાલ કીલ્લામાંજ રહી.

પ્રકરણ ૨૫ મું.

ખટલીનું સ્વપ્નું.

માણકશાહ મામા ખટલીના પાછી આવવાથી એટલા તો ખુશ થઇ ગયા કે તેને પોતાને ત્યાં હંમેશનો ઉતારો આપવાની માગણી કીધી.

"દીકરી ખટલી," તેવણ બોલ્યા "તું મારે ત્યાં આવી તો ભલે આવી. જોઇયે તો હું જીવું જાગું ત્યાંસુધી મારે ત્યાં રેહજે— તારે જોઇયે તો મારે ત્યાંથીજ પરણીને બીજું ઘેર કરી જજે—તું પરણીને જાય ત્યાંસુધી મારૂં આ ઘેર તારૂંજ સમજજે."

પણ આ માયાળુ ભરૂસો ખટલીને મારે બહુ હતો. તે તો પરણી ચુકેલી હતી, તથા તેનું ઘર તો જુદુંજ હતું અને તેનો વર તેની વાટ જોતો હતો, તેની માણકશાહ મામાને ખબર નહી હતી. મારે તેવણના આ "સદાના ઉતારા" ની ઉમેદ ખટલીનાં મનમાં ઉતરી નહી.

"દીકરી ખટલી, તારા ખર્ચ ખુંટણના જેબી પૈસા જોઇયે, તે મારી પાસે માગજે." માકામામાએ ઉદાર માગણી કીધી. પણ તેની સાથે એક શરત ઉમેરી કે "તુને પૈસાની ગરજ હોય એમ હું માનતો નથી. તું કેહછ કે મિસિસ સાવક્ષાની સ્કૂલમાં તારો પગાર ૫૦) રૂપીયાનો હતો, પણ તારો ખાધા ખર્ચ બધો સ્કૂલમાંથીજ મળતો, એટલે તુને તો દર માસે એટલા રૂપીયા ફાજલ વધતા હતા, અને તે એકઠા કરતાં કરતાં અત્યાર સુધીમાં તો તારી પાસે નાની જેવી પુંજી એકઠી થઇ હશે."

"નહીરે મામાજી, હું એક ગરીબડી પાસે પુંજી શું બાકી રેહ?" ખટલીએ પોતાની ગરીબી શરમિંદગી સાથ કબૂલ કીધી.

"નહી? તારે તારા એકઠા કરેલા પગારોનું શું થયું?" માકામામા તો જાણેકે પોતાની પેહેડીના એક મેહતાનો હિસાબ પુછે તેમ ખટલીનો હિસાબ પુછવા બેઠા, અને જ્યારે ખટલી કશો હિસાબ આપી શકી નહી, પણ જવાબ દીધા વિના ચૂપ બેસી રહી ત્યારે માકામામાએ વધારે ઉદાર દિલે અટકળ કીધી કે "ખટલીએ પોતાના વધેલા પગારો પુણે મેહલાશાહના ખર્ચમાં મદદ દાખલ મોકલીને પોતાના ફાજલ પૈસામાંથી ફાળો ભર્યો હશે."

ખટલીથી કેમ કેહવાય કે ફાજલ પૈસા તો તેણીએ એક જુદાજ શોખમાં ખરચી ખાધા હુતા, અને તે તો પરણવાનો તથા સંસાર ચલાવવાનો શોખ હતો?

પણ આવી ઉદાર અટકળોથી માકામામાને પોતાની ભાણેજ ઉપર એટલી તો માયા લાગી કે તેવણે પોતાની પૈસાની ઇસ્કોત્રી ઉઘાડી તેનાં ખાનામાંથી એક થેલી કાહડી અને તેમાંથી રૂ૫૦) ની એક નોટ લીધી.

આ રૂપીયા ખટલીના હાથમાં મેલ્યા અગાઉ, મેહરીને આગળ એવીજ એક નોટ આપતાં કીધું હતું તેમ તેવણે આ નોટના કટકાને ટીકીટીકીને જોયા કીધો અને પછી એક સર્દ હાયની નિશોશ મુકીને, તે નોટ ખટલીને આપતાં બોલ્યા કે “લે, દીકરી, તારા હાલના જરૂર જોગા ખર્ચને માટે આ પચાસ રૂપીયા રાખ, પછી બીજા જોઇયેન્ત્યારે મારી પાસે માગજે, શરમાતી ના.”

“જી, તમારી કેવી મેહરબાની છે, મામા. પણ એટલાબધા રૂપીયાની મને શી જરૂર? હું એ પૈસાનું શું કરીશ?” ખટલીએ આ બક્ષેશ લેવાને આનાકાની દેખાડી.

“નહી, રેહવા દે.” માકામામાએ બોહસ કીધી. “હું જોઉંછ, દીકરી, કે તુંને નવાં કપડાંની જરૂર છે, તો એ પચાસ રૂપીયાના તારે માટે નવાં કપડાં સીવડાવજે. આજે તું લાલ કીલ્લામાં જાય તેવીજ તારાં એ કામમાં મેહરીની મદદ લેજે. મેહરીને કપડાં ચપડાંનો સારો અનુભવ છે. તે નવાં કપડાં વેતરવા સીવડાવવા તું ગમે તો બે દાહડા ત્યાંજ રેહજે અને પછી નવાં કપડાં થાય ત્યારે તે લઇને મારે ઘેર રેહવા આવજે.”

તે દાહડે તો ખટલીએ પાંચ દાહડાની મેહતલ માંગી લીધી અને મેહલાશાહ મામાને ત્યાં જઇ તેને તેમજ પોતાની બેહનોને માકામામાની આ બક્ષેશ જાહેર કરી પોતાનાં નવાં કપડાં સિવાડવામાં તેઓની મદદ માગી.

મેહરીએ પોતાની મદદ ખુશીથી આપી અને માકામામાને ત્યાં ખટલીને ભપકાથી રેહવા જવા માટે જોઇતાં નવાં કપડાં મંગાવી, વેતરાવી અને સીવડાવી આપ્યાં. પચાસ રૂપીયા કરતાં થોડોક ખર્ચ વધારે થયો, પણ કાપડિયાઓ તથા દુકાનદારોએ ચીનાબાગવાળા શેઠ માણકશાહ મુકાદમને નામે ખુશીથી ઉધાર માલ આપ્યો. તેની ભાણેજોને અંગ ઉધાર ધીરધાર કરવાને તેણીઓના માતબર મામાનું નામજ બસ હતું.

અને એ રીતે પોતાનું ઘેર બદલવાના આ દાહડા—મેહલાશાહને બદલે માણકશાહ મુકાદમને ઘેર જઇ રેહવાને પોતાને મળેલી મેહતલના આ દાહડા—ખટલીએ પોતાની ફેરવાયલી હાલત ઉપર મનની ઘણી મસલતમાં અને ઘણી ઇનતેજારીભરેલા અંદેશાઓમાં ગુજારી. લાલ કીલ્લાના માળા ઉપરનાં જુનાં ખખ દિવાનખાનામાં ફાટેલી લેલીનના ખટારા જેવા સોફા ઉપર લેટીને વિચાર કરતાં ખટલીએ ઘણીવાર પોતાના છુપ્યા પણ વ્હાલા વરને યાદ કીધો હતો અને ઘણીવાર કાંઇક નીચલી મતલબની મુરાદો મન સાથ બાંધી હતી.

“આહા! માકામામા મારા ઉપર કેવા મેહરબાન થઇ ગયાછ! તેવણને પૈસા કાહાડવા ગમતાતો નથી, તેવણ પૈસા જોઇ જોઇને સુંઘ્યા તો કરેછ અને તોપણ તેવણ મારી ઉપર કેવા કુરબાન કરવા માગેછ! એવીને એવી તેવણની મેહરબાની મારા ઉપર ચાલુ રેહશે—અને હું તેવણની મેહરબાની મેળવવાની સદા કોશેશ કર્યાજ કરીશ—તો થોડા વખતમાં મારો વખત કેવો બદલાઇ જશે! અને હું પૈસે ટકે કેવી સુખી થઇશ! અને એમ કરતાં માકામામા મને પોતાની દોલત લખી આપશે અને મારાં નામ ઉપર મોટો વારસો કાહડી જશે તો પછી મને મારા પરણ્યા સંસારમાં જીવવું એટલું સેહલ થશે કે હું મારા વ્હાલા ભર્તારને પાછો બોલાવીને મારી સાથે રાખીશ. મારા બોલાવ્યાથી મારો જમશેદ મને તાબડતોબ આવી મલશે અને અમે પાછાં સાથે રહીશું ને અમે પરણ્યાની પેહલી બારીમાં જેવા સુખી દાહડા ગુજાર્યા હતા, તેવાજ સુખી દાહડા અમારા હમેશના થશે. પ્યારને ગરીબાઇ સાથ વેર છે. ગરીબાઇથી સંસાર ચાલી શકતો નથી, પણ મારા ઘણાસરખા પૈસા થયા પછી વરનો ઘણો સરખો પ્યાર પણ હું મેળવીશ અને પ્યાર તથા પૈસાતો જીવતું બેહેસ્તજ છે.”

ઉછાછલી છોડી! આ કેવા શેખચલ્લી શાહી સ્વપ્ના જુવેછે! વાંચનાર ખટલીની

આ હવાઇ બેવકુફીઓને હસ્યા વિના રેહશે નહી. તે ગરીબાઇથી બ્હીને પોતાનો સંસાર તજી આવીછે અને પોતાના હકમાં ઘણીક ખરાબી કરી આવીછે ખરી—જાણેકે ગરીબ માણસોથી પરણેલા સંસાર ચલાવી શકાતાજ નહી હોય—પણ તેના ઉપર જે કાંઇ વીત્યું છે તેથી તેનાં મનમાં ઘેર કરી વસેલું ઘેલાપણું હજીસુધી તે જોઇ શકી નથી, હજી સુધી તો તેની જીંદગીના બનાવો એવા બન્યાછે કે જેથી તેના ઘેલા વિચારોને સારુ ઉત્તેજન થયું છે. પૈસાટકાની લાલચે તે પોતાના પતિનો પ્યાર છોડીને પોતાની સંસાર સ્થીતિ સુધારવાની આશા ઉપર નિકલી આવીછે, અને પોતાના માતબર મામા માણકશાહ મુકાદમની મુલાકાતથી તેનાં એ ઘેલાપણાંને ટેકો માત્ર થયોછે. હવે તેની એ હવાઇ ઉમેદો કેટલી અને કયારે ખરી પડેછે અને ખોહવાયલી ખટલી, પોતાના ખોહેલા ભર્તારને કેવી સ્થીતિમાં તથા કેવા સંજોગો વચ્ચે પાછી મળેછે તે આપણે જોવાનું છે.

પ્રકરણ ૨૯ મું.

ખટલી ઊપર કોણ કોણ ખેંચાયલાછે!

પૈસાટકાનાં સુખ સાથની સઘળી નાની નાની પણ નવી નવી મેહરબાનીઓથી ખટલીને માકામામામાં એક જેવો જોઇતો હતો તેવો મુરબ્બી મળ્યો. પોતાનું સઘળું ભવિષ્ય જે ખટલીને આજ સુધી શીહા ને શીહાજ દીસ્યા કીધુંછે, તે આ માતબર મામાથી ગોયા સઘળું જાણેકે બદલાઇને ચલકતું ચલકતું થઇ જવાનું હોય, એ મામાને તો જાણેકે પોતાની ભાણેજનું ભવિષ્ય નવું બનાવવા માટેજ ખોદાયજીએ ચીનથી મોકલ્યા હોય એમ ખટલીને દીસવા લાગ્યું અને પોતાની એ તકનો પોતાના લાભમાં બનતો ઉપયોગ કરવાનો ઠરાવ તો ખટલીએ કેવો કીધોછે, તે આપણે આગળ જોઇ ચુકયાં છીયે.

આવતા વારસાની આશા ઉપર માકામામાને ખુશીને ખુશીજ રાખવા એ ખટલીનો ઠરાવ છે, અને તે પોતાની પેહલીજ મુલાકાતમાં તેવણને ખુશી કરી શકીછે, એ ખટલીનો સંતોષ છે. તે જોયછે કે માકામામાનાં મનમાં પોતા વિષે તે સારૂં મત બેસાડી શકીછે, અને તેજ મત જાળવી રાખવાનું તેને ઘણું સેહલ લાગેછે. ખુબસુરતીનાં જે થોડાંક બળવાન ખેંચાણોથી એક ઓરત લોકોનાં દિલ જીતી શકેછે, તે ખેંચાણો ખટલીમાં કેવાં છે, તે તે સારી પેઠે જાણેછે, લોકોએ પોતે તેણીનાં તે ખેંચાણો વિષે તેની ખાતરી કરેલીછે. એ સઘળાં નાજ નખરાંની નાજુકી થકી તો ખટલી પોતાનાં બેહુ મામાઓની માનીતી થઇછે, તે સર્વ કોઇની માનીતી છે—અને તેબી લોકોને માનીતી થવાની કાંઇ ખાસ કોશેશ કીધા વગર માનીતી થઇછે. બિચારી મેહરી મેહલાશાહ મામાને ખુશી કરવાને ઇનતેજારીથી ફાંફાં મારેછે, તે છતાં પણ તે મામાનાં ઘરમાં ખટલી થોડાજ દિવસમાં મેહરીના કરતાં બમણો પ્યાર જીતી શકીછે, ત્યારે મેહરી તો મામાને ત્યાં એક વેઠ અથવા એક બોજા જેવી પડી રહીછે.

માકામામાના બોલાવ્યાથી તેવણને ત્યાં ચીનાબાગમાં રેહવા જવા અગાઉ પોતાનાં કપડાં વગેરેની તૈયારીઓ કરવા ખટલી જે થોડા દિવસ મેહલાશાહ મામાના લાલ કીલ્લામાં રહેલીછે, તેટલા ટુક અંતરમાંબી માકામામા તેણીને વિસરી ગયા નહી હતા. ખટલીને તેની બેહનો સાથે પુણાની ખુશનુમા "કાંપ" માં ફેરવી લાવવા માકામામાની બે ઘોડાની ઇસકી અને ફાંકડી ચારટ રોજ સાંજે આવતી હતી, જેમાં એ નાજનીન બેહનો ભપકો કરીને આજે બંદ ગાર્ડનમાં તો કાલે "સોલજર્સ ગાર્ડન" માં એમ જુદા જુદા બાગ બગીચાઓમાં બેંડ સ્ટાંડ ઉપર મ્યુજીકના મધુર શરોદોની સેલ કરી આવતી હતી. માણકશાહ મુકાદમના ગાડી ઘોડા ઘણા હતા, પણ તે તેવણના વપરાસના થોડાજ હતા. એ બુઢો શેઠિયો પોતાના ચીનાબાગની વિશાળ દિવાલોની બાહાર કોઇજ દાહડે નિકળતો હતો. તેને ફરવા હરવાનો અને જોવા જાવાનો શોખ નહી હતો. જાહેર તમાશાઓ કે બીજા દેખાવોના મોજ જોખથી તે પરવારી ચુકેલો

હતો, અને પુણાના મોટા જાહેર બાગોમાં ગમે એટલી રચના કરેલી હતી, તોપણ માણકશાહ મુકાદમના પોતાના ચીનાબાગની રચના કાંઇ ઓછી નહી હતી, કે જેથી પોતાની એ સરહદ મુકાવીને બાહાર જવાનું તેને કાંઇ પણ મન થાય.

ભવાનીપેંટના રસ્તા ઉપરથી સદર બજારમાં આવતાં નાળાંનો પુલ વળાવ્યા પછી, સદર બજારવાળી મેન સ્ટ્રીટનો મોટો, સીધો ને સીધો અને લાંબો રસ્તો માકામામાની ફડફડ કરતી રંગીન ફૈટનમાં અથવા રૂપેરી શણગાર સાથની ચકચકિત લેનડામાં દપટાવી જવાની ખટલીને અને ખટલીનેજ લીધે તેની બેહનોને ખુબ મઝા પડતી હતી. ક્ાંકે મેહરી અને નાજાંનાં નસીબમાં આ ફેરફાર ખટલીના પુગે આવ્યા પછીજ થયો એતો ચોકસ હતું. મેહરી અને નાજાં જ્યાંસુધી રહેલાં હતાં, ત્યાંસુધી માકામામાએ તેઓને ફરવા લઇ જવા આમ પોતાની ગાડી રોજને રોજ મોકલાવી નહી હતી—મેહરીએ પેહલાં માકામામાની ફૈટનની આ મોજ ભોગવેલી હતી ખરી, પણ તેતો જયારે તે ચીનાબાગમાં રેહવા ગઇ હતી ત્યારેજ હતી—લાલ કીલ્લામાં માકામામાથી દૂર રેહવા છતાં, તે મામા પોતાના ભાણેજોને એટલી યાદ કરે કે તેઓને ફેરવી લાવવા રોજને રોજ પોતાની ફાંકડીમાં ફાંકડી ગાડી આપે એતો ખટલીના આવ્યા પછીજ, ખટલીની ખાતરજ અને ખટલીને લીધેજ થતું હતું.

અને એ રીતે સદરબજારની સીધી લાંબી સડક ઉપરથી ફાંકડી ફૈટન ફફડાવી જતાં શેહરનો રાહઘાટ અને શેહરીઓની હાલતમાં ફેરફાર જોવાની ખટલીને ઘણી સારી તક મળી હતી. પેહલાં જુપડાંઓ, પછી નાનાં નાનાં ઘેરો, પછી મોટી હવેલીઓ, છેલે છુટા છુટા બંગલાઓ અને સેવટે ખુશનુમા મિનારાઓ તથા મેરાબોવાળા મેહલો એ રીતે ગરીબાઇથી તવંગરી સુધીના જુદા જુદા તબક્કાઓ ગાડીમાં બેસીને પસાર કરવાથી ખટલીને દુનિયાંદારીનો ઘણો અભ્યાસ કરવાનો મળતો હતો.

આ રોજીંદી સેલઘામાં ખટલી ઉપર આખા પુણાની આંખ્યો ખેંચાઇ હતી એમ કેહવામાં કશી સહરાગાત નથી. પોતાની બેહનો સાથ બેસીને ખટલી પસાર થતી ત્યારે એ ખુબસુરત ખેંચાણથી લોકો ઘેરની બારીએ દોડી આવતાં અને રાહદારીઓ ચાલતાં ચાલતાં ઉભા રહીને આ પરીસુરતની પુતલીઓને ટીકવા પડતા હતા. પુણાના પેલા પારસી "ખાસ વ આમ" લોકો જેઓ મેહલાશાહ મામાની પાલખીરોકી એક ઘોડાની સીગરામના ખટારામાં ખટલીની બેહનો તરફ તુચ્છકારની સિવાએ બીજી કોઇ નજરે જોતા નહી હતા, તેઓ માણકશાહ મામાની ખુલ્લી ફાઇટનમાં એજ બેહનોને અગત્ય કરીને ખટલીની સોડે બેઠા પછી હસી હસીને નમતા તથા વાંકા વળી વળીને સલામો કરતા, તથા તેઓ તરફ મરડાટ દેખાડવાનો હવે મેહરીનો વારો આવ્યો હતો, પણ તે તેવો મરડાટ દેખાડે એટલી મિજાજી નહી હતી. તે એટલુંજ જોઇ શકી કે પુણાના તે માલેતુજાર માતબરો હવે તેણી તરફ મમતાં માયા રાખવા લાગ્યાં હતાં—કે જે સઘળા માકામામાના ભપકાદાર ગાડી ઘોડાના તથા તેમાં ખુબસુરત ખટલીની સુશોભિત હાજરીના પ્રતાપ હતા.

ખટલી પોતાની આ ચહડતી પદવીની પરીક્ષામાં ઘણા ભારબોજથી ભારખમ થવાને શિખી હતી. અગળ જેમ આ ખાસ વ આમ લોકો ખટલીની બેહનોને થંડી નજરે ટીકતા હતા, તેમ ખટલી પણ જાણેકે તે લોકોને ઓળખતી નહી હોય તેવી બેદરકારીથી તેઓની બાનુઓ અને બેટીઓને ટીકયા કરતી હતી. તે તેમને ખરેખર ઓળખતીજ નહી હતી અને ઓળખવા માગતી પણ નહી હતી—માકામામાના પૈસાના પ્રતાપથી તે સર્વને ઓળખવાનો તેનો વખત પાસે આવેછે એટલું તે જોતી હતી અને એટલીજ તેને ધીરજ હતી.

અને પુણાના પારસી મંડળમાં ઉમેરાયલી આ નવી અલબેલી વિષે તેઓ વચે અત્યારથીજ ચર્ચા તો ચાલી ચુકી હતી.

"ધન, ધન, પેલી માકા મુકાદમની નવી ભાણેજ ચાલી" આ ફાંકડી ગાડી તેમાંના ખુબસુરત ઉતારૂઓ સાથે શેહસ્યારજી સદાંના બંગલા ઉપરથી પસાર થતાંજ તેવણ પોતાની

બાનુને બોલાવીને તે સુંદર દેખાવ વખાણ સાથ દેખાડતા હતા. "ધન, છોકરી રૂપવંતિ તો ખરી જો. શું મઝાની હાંસના જેવી રોણકદાર ગરદન! ને શું મઝાનું એનું અણિયાળું નાક! હું તો એનો બેસવાનો દમોજ જોયા કરૂંછ. બુઢા ચીનામામાના વારસામાં એ છોકરી મોટો ભાગ લેવાની. એને આપણી વહુ કરીયે. આપણા જાંહગીરને લાયક ઘેર શોભિત વહુ એના જેવી બીજી મળશે નહી જો."

સર્દારનાં ધનબાઇજી, જે બીજી કોઇ પણ નાજનીનને પોતાના કરતાં વધારે ખુબસુરત માનવાને ખુશી નહી હતાં, તેવણને પણ ખટલીનાં મનમોહન સ્વરૂપની શોભા એકવાર સ્વિકારવી પડી અને એ છોકરી જાંહગીરની બાયડી થવાને લાયક હતી, તે વિષે ધનબાઇજી પણ પોતાના વર શેહસ્યારજી સર્દારને એકમત થયાં.

જાંહગીર, શેઠ શેહસ્યારજી સર્દારનો અને બાઇ ધનબાઇજીનો જુવાન, જોબનવંત અને જોરેમંદ બેટો હતો. તે કદાવર નહી હતો, પણ મજબુત બાંધાનો હતો; તે આસુદો કેહવાય એટલો ભરેલો અને માતેલો નહી હતો, પણ પતલા હાથ પગનો અને પતલી ગરદનવાળો હતો. પણ તે મોજીલો શોખીલો હતો. શરત રમનારો, રમાડનારો અને કસરતબાજ હતો. ક્રિકેટમાં એકો, ઘોડેસવારીમાં ચુનંદો અને બીજા ખેલવતઘાઓમાં સારો ખેલાડી હતો. તેની જોબનવંત જુવાનીના ખીલતા બાહારના ઉઘરભાવ પ્રમાણે તેનાં માબાપ તેને માટે એક લાયક વહુ મેળવવાની શોધમાંજ હતાં, અને તે દીકરાને કોઇ ઘટતે ઘર ઠેકાણે પાડવાની ઉલટમાં હતાં. તેઓને પોતાના સપુતના હાથને લાયકની વહુ આખા પુણાની નાજનીનોમાં કોઇ મળતી નહી હતી, પણ ખટલીમાં તેઓને જેવી જોઇયે એવી નાજનીન નજર આવી—તો જોકે તે અત્યાર અગાઉની પરણી ચુકીછે તેની બીજાં બધાંની સાથે તેઓને કશી ખબર નહી હતી.

ખટલી તેઓની વહુ થવાને લાયકની ખુબસુરત હતી ખરી, પણ ધનબાઇજીને વાંધો તેનાં ખાનદાનનો હતો. ધનબાઇજી પોતાના સર્દારનાં ખાનદાન ઉપર મગરૂર હતાં, અને ખટલી તેવાં ઉંચાં ખાનદાનની નહી હતી. મુકાદમનાં ખાનદાન અને ઓલાદ સર્દારની ઉંચી બુનિયાદને નહી પોંહચે.

"અરે બાળી નાખ તારી બુનિયાદ અને ઉંચાં ખાનદાનને!" શેહસ્યારજી સર્દારે પોતાનાં બાનુનો એ વાંધો હસી કાહાડયો. "પેલો બુઢો ચીનો સોનાં રૂપાંપર પઠારી માડી પડેલોછે, તેની પાસે દોલતનો મોટો ભંડાર ભરેલો છે ને તે બધો આ ભાણેજને આપી જશે. પાસે પૈસાટકા નહી હોય તો ઉંચું ખાનદાન શા ખપનું? ખાનદાનથી કાંઇ રેહવાનાં ઘેરબાર મળવાનાં છે? યા ગાડી ઘોડા બનવાના છે? યા ખાનદાન કાંઇ ભુખ્યાં પેટનો ખાડો પુરો કરેછ? પેહલા પૈસા ટકા ને પછી ખાનદાન બનેછ. ઘણાસરખા પૈસા ટકાથીજ મોટાં ખાનદાન આબરૂદાર થઇ ગયાંછ. ગરીબી હાલતમાં કોઇબી ખાનદાન વખણાયું હોય તેનો મને દાખલો તો આપ. જેટલાં મોટાં ખાનદાનો આપણે યાદ કરીયેછ, તે બધાં મોટાં એટલાજ માટે થઇ ગયાંછ કે તેઓ પાસે ઘણાસરખા પૈસા હતાં. આજે તો મુખ્ય આબરૂ વેપાર વંધામાં છે, ને આ છોકરીનો મામો મોટો ચીનનો વેપારી છે, તે તું જોતી નથી, ધન? મારૂં કહ્યું માનીને તું એ છોકરીપર તારો વિચાર બાંધ."

"પણ જાંહગીરને એ છોકરી ગમશે કે નહી? જાંહગીરની મરજી પુછવાની છે જો." ધનબાઇએ જરા ઢીલ કરવાની યાદ આપી.

"છટ!" સર્દારજી છછણી પડયા "છટ, જો જાંહગીરને આવી પુટલી અને પરી નહી ગમે તો જાણવું કે એ છોકરો ગવેડો છે, ને એ કરતાં સરસ છોકરી બીજી એને કયાં મળવાની છે? હું તો કહુંછ ધન, કે તું જરા વિચાર કર ને એ છોકરીને આપણે ઘેર લાવવાની કાંઇ પેરવીમાં રેહ."

"હું માકા મુકાદમને ઘેર જઇને તરવેર કરીશ." ધનબાઇજીએ કબૂલાત આપી.

"પણ તે કયારે?" શેહસ્યારજી સર્દારે તાકીદ કીધી. "જો તું ઢીલ કરશે તો બીજાંઓ એ છોકરીને મેળવવા તુટી પડશે, ને આપણા હાથમાંથી બાજી જતી રેહશે."

"હું આવતાં અઠવાડિયાંમાંજ ચીનાબાગ જઇને કાંઇ પેરવી કરૂંછ" ધનબાઇજીએ કબૂલાત આપી.

પ્રકરણ ૨૭ મું.

ચીનાબાગમાં ખટલીની સરફરાજ સરદારી.

ખટલીને પણ માકામામાને ત્યાં રેહવા જવા અગાઉ એક અઠવાડિયાંની મેહતલ મળેલી હતી. તે મુદ્દત જલદી પુરી થઇ અને ઠરાવેલા રવિવારને રોજે સહવારથી ખટલીને લેવા માકામામાની ગાડી આવીને દરવાજા ઉપર ઉભી.

લાલ કીલ્લામાંથી ખટલી ખાલી કરી જવા બાબે તેની બેહનોના વિચાર હેરફેર હતા. ખટલીથી ઘણા દિવસ છુટી પડવાને મેહરી ખુશી હતી, પણ ઉછાછલી નાજાં દિલગીર હતી, અને તે ખટલીની ખાતર નહી પણ પોતાની ખાતર દિલગીર હતી. મેહરી વડી બેહન દાખલ નાજાં ઉપર હુકમો ચલાવતી હતી, પણ ખટલી મેહરી કરતાં પણ વડી બેહનના આવવાથી મેહરીનો મર્ડાટ ભાંગ્યો હતો, અને નાજાંને તેથી નિરાંત મળી હતી. ખટલીના જવા પછી મેહરી નાજાં ઉપર પાછો જોરોબરો ચલાવશે તેની તેને બ્હીક હતી.

માકામામાની ગાડી દરવાજાપર આવીને ઉભી તેજ વેળા નાદાન નાજાં, પોતાની એ નિરાશા અને બ્હીક કહી સંભળાવવાને ચુકી નહી. "બેહન ખટલી, તારા જવાથી મારો પાછો મરો થવાનો. પેલી મેહરી મારા ઉપર પાછો જુલમ ચલાવવાની. એના હુકમો સાંભળતી સાંભળતી હું તો બેજાર થઇ ગઇછ. 'નાજાં, મારી કુંચી લાવ—'નાજાં, મારાં કપડાં ક્યાં છે'—એમ બધી વેઠ મને આપીને મારી પાસ વહીતું કરાવ્યા કરેછ તેનો કંટાળો મારાથી નથી ખમાતો. ને વળી થોડાંમાં બોડું મેહલાશાહ મામા, મને મારી સ્કૂલેથી ઉઠાડી મુકેછ, કાંકે તેતો છોકરીઓની સાથે ઇંગ્રેજોના છોકરાઓનીબી સ્કૂલ છે અને મામા મેહરીનાંજ ઉસકેરવાથી ધારેછ કે હું એ સ્કૂલમાં બગડીને ધૂલ થઇ ગઇછ? મામા મને હવે ઘેરમાંજ રાખવા માગેછ, ને મેહરી મને શિખવવા માગેછ. તો એ મને શું શિખવવાની હતી? અને એના હાથ નીચે હું શું શિખીને પાર પડવાની હતી! મહાબળેશ્વર પુણાથી કેટલું દૂર છે, અથવા પુણાનો છેલો પેસવા કોણ હતું તેટલુંબી મેહરી શિખેલી નથી, તે મને શિખવીને શું ધોરશે?"

"નાજાં, એમ નાસબર ના થા." ખટલીએ તેને શિખામણ દીધી. નાજાંના ઉછાછલાંપણાથી અને મેહલાશાહ મામાની એ સંબંધી નાખુશીથી ખટલી સારીપેઠે વાકેફ હતી, મામાએ ખટલી સાથ એ બધી વાત કરી મુકેલી હતી, માટે નાજાંને એ વિષે શિખામણ દેવાને ખટલી આગમચથી તૈયાર થયલી હતી. "તારી સ્કૂલને વિષે મામા ફરિયાદ કરેછ તે ખોટી નથી, અને મેહરીની કેળવણીને તું એમ તોડી પાડેછ તે વાજબી નથી. મેહરીથી તું ઘણું સારૂં શિખી શકશે, બેહન."

"હા. ચીનાબાગમાં મોજમઝા કરનારને મનથી એ બધું કેહવાનું ઘણું સેહલ છે" નાજાં બડબડી. "ખટલી, માકામામાએ તારી સાથ મનેબી ચીનાબાગમાં રેહવા બોલાવી હતે તો કેવું સારૂં! હું એ બુઢાજીને ક્યાં ભારી પડવાની હતી?"

"પણ તું રોજ સ્કૂલમાં જાયછ, એમ સમજીનેજ તેવણે તુને બોલાવી નહી હશે" ખટલીએ નાની બેહનને સધ્યારો આપ્યો. "પણ હું જઇને એવણને કહીશ, અને તેં સ્કૂલ છોડી દીધેલી એવણ જાણશે તો, પછી તુનેબી એવણ મારી સાથે રેહવા બોલાવશે."

ખટલીને પોતાની બેહનોથી અને અગત્ય કરીને પોતાના મેહરબાન મુરબી મામા મેહલાશાહથી એકવાર ફરી છુટી પડતાં ઘણું અસિંકું લાગ્યું, પણ તે એટલાજ ખ્યાલથી ધીરજ પામી કે જોકે તે તેમનાથી જુદી પડતી હતી, તોપણ એકનાં એકજ શેહરમાં રહેવાની હતી અને તેના વ્હાલા વરનું જેમ ઘેર ગામ છોડીને સેંકડો માઇલને અંતરે એટલી દૂર પડીછે કે એકવાર ફરી તેનો ચેહરો જોવા અથવા તેના દીદાનાં દર્શન કરવાનો પણ તેને ઓરતો રહી ગયોછે, તેટલી બધી કાંઇ મેહલાશાહ મામાથી યા પોતાની બેહનોથી જુદાઇ તેને લાગવાની નથી. ચીનાબાગમાં રેહવા છતાં ખટલી ચાહશે ત્યારે લાલ કીલ્લામાં આવતી જતી રેહશે અથવા પોતાની બેહનોને અને મુરબીને તોલના મામાને મળતી ભેટતી રેહવાને તેને અડચણ કાંઇ નહી નડશે.

પણ વળી જે ઉમેદ—પૈસાની—ને સારૂં ખટલી માકામામાના ચીનાબાગમાં રેહવા જાયછે, તે ઉમેદના ખ્યાલે ખટલીની આ જુદાઇની ગમીમાં ઘણો ઘટાડો કીધો. માતબર માકામામાને ત્યાં રેહવા જવામાં ખટલીનો પોતાનો લાભ અને પોતાની મતલબ હતી, એટલે ત્યાં જવાને બીજા કોઇ ખ્યાલો તેને અટકાવી શકેજ નહી.

સેવટે બેહુ બેહનોને તથા મેહલાશાહ મામાને પ્રિતભર્યું મુખચુંબન કરીને ખટલી માકામામાની ગાડીએ ચહડી બેઠી, કે જે ગાડી ઓર તેના બેઠાથી બિરાજતી હોય એવો તે દેખાવ હતો. ગાડીને બે સફેદ, તેજી આરબી ઘોડા જોતેલા હતા, કે જે ઘોડાઓ પણ પોતાને ઘસડવાના આ સુંદર બોજાને સારૂં મગરૂર હોય તેમ ખાસ મરોડથી પોતાનાં કમાનદાર પગલાં દપટાવતા હતા.

અને તેઓ ખટલીને લઇને કાંપ તરફ ભપકા સાથ દોડયા, તેવોજ ખટલીનાં મનમાં જે વિચારો દોડયા તે અતરે ખાસ યાદ રાખવાજોગ છે. તે મનથી બોલી કે—

“હા! અંતે હું સુખ શોધવા અંહી આવી, તે સુખ મને મળ્યુંછ અને હજી હું વધારે સુખી થઇશ. આજ પછી, ઓ! મારી ગરીબાઇ, તુંને છેલી સલામ! અગરજો માકામામા પોતાનાં વિલમાં અત્યારથીજ મારૂં નામ લખી ચુકયા નહી હશે તો મારી કમબખતી જાણવી.”

દસ મિનિટમાં ખટલીને લઇને ગાડી ચીનાબાગના દરવાજામાં દાખલ થઇ. માણકશાહ મુકાદમ બાગમાંજ લટાર મારવા નિકળેલા હતા, માટે ખટલી બાગમાંજ ઉતરી પડીને મામાનાં પાસાંમાં ચંપાઇ, કે જેના પ્રીતભર્યા આવકાર પછી તે ચીનાબાગમાં જલદી પળોટાઇ પોતાની નવી જીંદગીમાં નવી જુની થઇબી ગઇ.

જાણેકે ખટલીને ખોદાએ ચીનાબાગમાં રેહવાજ પેદા કીધી હોય તેવી છુટથી ચીનાબાગની જીંદગી ખટલીને સદી અને માફક આવી ગઇ. માકામામાએ તેને પોતાનાં ઘેરની કારભારિણિ બનાવી, તેના હાથમાં ઘણો વહિવટ સોંપ્યો, કુંચીનો જુમખો તેના હાથમાં મેલ્યો. ખાનાપીણાના હુકમ ખટલીજ આપવા લાગી. ખાનાની ટેબલ ઉપર તે માકામામાના જમના હાથ ઉપર બિરાજવા લાગી. તે મામાની આગળને આગળજ રેહતી થઇ. તરેહવાર વાતોથી તે મામાનું મન રિજવવા લાગી. મામાનાં ન્યુસપેપરોજ નહી પણ કાગળપત્રો આવે તે પણ તેવણને વાંચી સંભળાવાનું કામ ખટલીનું થઇ પડયું અને રોજ રાત્રે ખાનુ ખાધા પછી માકામામા આગળ ગીત ગાઇ વગાડીને તેવણને મીઠી ઉંઘમાં પોરાઢવા એ પણ ખટલીનું કામ થયું. બુઢાપો એક બીજું બચપણ છે, અને ખટલીનાં ગાયલાં ગીતના શરોદથી માણકશાહ મુકાદમને બુઢાપામાં કેવી મીઠી ઉંઘ આવી, તે તેના બુઢાપાને બીજાં બચપણ લેખેજ પુરવાર કરતી હતી.

પણ ચીનાબાગની આ સઘળી ચેલમેહલ અને પૈસાની જાહોજલાલીની આ સઘળી મોજંમઝા વચે ખટલી મુંબઇમાં મરઘાસેરીમાં ગુલી ગોરાણીનું પોતાનું ગરીબડું ઘર અને તેમાં પોતાના વર જમસુ જસાવાળા સાથનો પોતાનો પરણ્યો સંસાર ભૂલી ગઇ નહી. હવે ખટલી મરઘાસેરીનાં તે કંગાલ કારતરિયાંને બદલે એક ખુશનુમા બગીચા સાથનાં સુંદર દિવાનખાનામાં વસેછે, તે બારીએ બેઠીછે, ત્યાં બારીની બાહાર ઝુમખાદાર ફુલફળોવાળાં તાજગીદાર ઝાડોની એક ઘટા લાગીછે, તેની આસપાસ આયાઓ અને નોકર નફરો તેની સેવા ખીજમતમાં હાજરના હાજર છે, તેની લાવ લઇજાવને માટે એકથી એક સરસ ઘોડા અને ગાડીઓ તબેલામાં ખોટી છે. ટુકમાં ચીનાબાગમાં ખટલીની ચારે બાજુએ સુખચેન અને અમન ચમન છે, પણ એ સર્વ મોજમઝા વચે તેના વ્હાલા વરની વ્હાલી યાદ તેનું દિલ ભાંગી નાખેછે, કે જે તેનાં સુખ દુ:ખનો સાથી તેનાં આ નવાં સુખમાં ભાગ લેવાને હાજર નથી. વરવહુ બંને એકમેકનાં સુખદુ:ખમાં ભાગ લેવાના વચનથી બંધાયલા છે, પણ આજે ખટલી એકલીજ એવાં સુખમાં આલોટિયાં મારેછે કે જે સુખથી તેનો સદાનો ભાગિયો કેવળ બેનસીબ છે.

આ યાદથી ગમે એટલી આસાયશ અને આરામ વચે ખટલી અચબુચ ખેદયુક્ત થતી હતી. સઘળી મોજ વચે તે જાણેકે પોતાનો

એક ભોગ આપતી હોય એવો તેનાં મન ઉપર ભાર પહેલો હતો. આસપાસના સઘળા પ્યાર વચે તેણીએ એક જણને કેવાં વ્હાલથી ચાહ્યો હતો અને હજી પણ ચાહેછે, પણ તે હમણા કેમ છે? કયાં છે? અને શું કરતો હશે? તે વિષે કશી પણ ખબર મેળવવાથી તે બેનસીબ રહીછે તેથી હાલના ગમે એવાં સુખ વચે તેનું દિલ તેને ડંખેછે અને તે અચબુચ દુખી થાયછે.

"પણ એ બધું હું એનાં ભવિષ્યનાં સુખને વાસતે ખમુંછ" ખટલી પોતાનાં મનને ધીરજ આપતી. "જમસુ જસાવાળાની બાયડી લેખે હું જે વારસો ખોહી બેસતે, તે માણકશાહ મુકાદમની ભાણેજ લેખે હું મેળવીશ, અને પછી હું મારા વરને મળીને એ વારસામાં ભાગ આપીશ અને અમે સાથે સુખી થઇશું."

અને માણકશાહ મુકાદમની માનીતી ભાણેજ દાખલ ચીનાબાગમાં વડી કરતી કાવરતી અને પગભર થવા પછી, ખટલી ઉપર પુણાના ઘણાં "ખાસ" લોકોનું ખેંચાણ થયું. ખટલીનો ભાવ વધી ગયો, તેનો ભાવ ઘણો પુછાયો. તેની ઓળખાણ પિછાણ ઘણી વધી ગઇ. રોજને રોજ નવા નવા મોટા લોક તેની ઓળખાણ કરવાને આવવા લાગ્યાં, અને તેઓમાં શેહસ્યારજી સર્દાનાં ધનબાઇજી ખટલીને માન આપવાને નહી ભૂલ્યાં. આઠ દાહડામાં ચીનાબાગ જઇને તરવેર કરવાની તેવણે પોતાના વરને જે કબૂલાત આપી હતી તે કબૂલાત પાળવામાં તેવણ પછાત પડયાં નહી. તેવણે પેહલાં તો પોતાના ધારા પ્રમાણે ખટલી સાથ પોતાથી ઉતરતાં એક માણસ લેખે લગાર ભાર બોજથીજ વાત ચલાવી, પણ જ્યારે તેવણનાં ભારખમપણાને ખટલીથી કાંઇ કોઠું મળતું નથી એવું તેવણે જોયું, ત્યારે માણકશાહ મુકાદમની એ સુંદર ભાણેજને પોતાને "સરખે સરખી" એકજ સપાટી ઉપર ગણવાને તેવણ અચકાયાં નહી. અને પછી આ ખુબસુરત ખટલી વિષે શેહસ્યારજી સર્દા અને ધનબાઇજી એ ધણી ધણીયાણી વચે ઘણીક વાતો ચાલી. જેમકે—

"છોકરીમાં તાપ ખરો હો!" ધનબાઇજી બોલ્યાં. "એ પોરીનું ખાનદાન કે બુનિયાદ કાંઇ નથી એટલું જોતાં એ ભારકરાશી સારી રાખેછ." ધનબાઇજીને મનથી એટલું બોલવું એ તો ખટલીની તારીફ થઇ!

"ખાનદાન ગમે તે કેહ, પણ માકા મુકાદમે પોતાના પૈસા પાધરા રાખ્યા હોય તો સારૂ." સર્દાજીએ પોતાની નજરે જે શક ઉપજીયા તે કહી સંભળાવ્યા. "આપણે તો એટલુંજ જોવાનું છે કે એ ચીનાઇ ઢાંખરો ચીનમાં કોઇ ચીનીને પેટનાં બચ્ચાં છોકરાં મુકી નહી આવ્યો હોય અને તેઓ પાંચે દાહડે એ બુઢા ઢાંખરાના પૈસાનો દાવો નહી કરે તો સારૂં."

"એ તમે શું બકોછ, શેહસ્યારજી?" ધનબાઇએ અચરતી બતાવી. "માણકશાહ મુકાદમ, હમકારે હમકારે આતશબેહરામ જાયછ, રોજ ભણેછ ગણેછ ને ભણાવેછ ગણાવેછ, ગરીબગુરબાંમાં ધરમધ્યાન કરેછ, સુખડની માચીને માચીઓ ચહડાવેછ, તે માણસ એવો હોય?"

"ઘણા ભણનાર ગણનારજ તેવા પાપી હોયછ." શેહસ્યારજીએ બોંહસ લીધી અને વળી પોતાની બોંહસનો ખોલાસો પણ કીધો "દેશ દેશાવરોમાં કાળાંધોળાં કીધાં હોય, તેજ ઘડપણમાં પોતાને પસ્તાવો લાગ્યાથી ભણવું ગણવું ઘણું કરાવેછ. માકો મુકાદમ ચીનમાં કોણ હશે ને કેવો હશે તે કોણ જાણેછ? ચીનમાં ચીનાઓને ઠાર માર્યા હશે ને ચીના ચીનીઓનું એક બચરવાલ કુટુંબ મુકી આવ્યો હશે. પણ તે ઘણાસરખા પૈસા લઇને આવ્યોછ. એટલુંજ આપણે તો એને વિષે ઘણામાં ઘણું જાણીયેછ."

માણકશાહ મુકાદમની ચીનાઇ જીંદગી વિષેના પોતાના સઘળા શકમંદ વેહમ અને ખતરા છતાં, શેઠ શેહસ્યારજી સર્દા અને તેવણનાં ધણીયાણી ધનબાઇજીએ તો ચીના બાગને અને તેમાંના વસનારાંઓને જેવુંને તેવુંજ માન આપવાનું ચાલુ રાખ્યું. તેઓએ માણકશાહ મુકાદમને મોટી મોટી જીયાફતો આપી અને તે જીયાફતોમાં તેવણને તેવણની ભાણેજ સાથે બોહસાબોહસીનાં તેડાં કીધાં, તેઓને પોતાના જમના હાથ ઉપર બેસાડયા, અને ખાના ઉપર પૈસા ટકાનીજ વાતો ચલાવવાને દોરાબજી દારૂવાળા, તથા કાવસાહ

ક્રેમીસરીવાળા અને સોહરાબશાહ વકીલ સરખા શેઠસાહુકારોને પણ નોત્રાં દીધાં.

ખટલીને તો આ સદા઼ ધણી ધણીયાણી ધણીજ આબરૂ ઇજ્જત આપવા લાગ્યાં. તેની સાથ તેઓ હસી હસીને વાતો કરતાં અને ઘણા પ્યારથી તેની બેહનો મેહરી અને નાજાં-ની ખબરઅંતર પુછતાં, કે જે બેહનોની તેઓએ અત્યાર અગાઉ તો કશીબી કનવાર દેખાડી નહી હતી.

સદા઼ માટી બૈયર ઉપરાંત તેઓનો જુવાન દીકરો જાંહગીર પણ ચીનાબાગમાં આવતો જતો થયો હતો. તેનાં માબાપ પોતેજ તેને ચીનાબાગમાં લાવ્યાં હતાં અને માબાપેજ તેને ખટલી સાથ ઓળખ કરાવી હતી. જયારે ખટલી પોતાના મામા સાથ સદા઼ને ઘેર જમવા જતી, ત્યારે જાંહગીર તેણીની ઘણી જતન લેતો હતો, અને એમ કરતાં તેણે ખટલી સાથ પોતાનાં માબાપની ખુશી વચ્ચે વધારે પળોટાઇને ખાસી દોસ્તી બાંધી. ચીનાબાગમાં ખટલીને મળ્યા વગર પોતાને એક દાહડો ચાલતું નહી હોય એવું તે દેખાડવા લાગ્યો.

ચીનાબાગમાં એક ઉંચી ફરમાસુ બિલિયર્ડ ટેબલ હતી. માણકશાહ મુકાદમે એ ટેબલતો અમસથી શોભાની રાખી હતી, પણ જાંહ-ગીરને બિલિયર્ડનો ઘણો શોખ હતો અને તે રમવાને બાહને એ કસરતબાજ જુવાનિઓ ચીનાબાગમાં દરરોજ આવવા લાગ્યો. માણક-શાહ મુકાદમે પોતે ચીનમાં ઘણો બિલિયર્ડ ખેલેલો માટે જાંહગીરે પેહલો ડાવ તો તેવણ સાથેજ માડયો, પણ પછી મામાએ પોતાની ભાણેજને એ રમત સેજ શિખવવા ચાહી, કે જે શિખવવાનું જાંહગીરે ખુશી સાથ કબૂલ કીધું. તે દિવસથી જાંહગીરની ચીનાબાગમાં રોજીંદી મુલાકાતો થઇ અને તેની સંગતમાં મામા તથા ભાણેજ બેહુને ઘણી ગમત મળવા લાગી.

એમ કરતાં કરતાં એક રાત્રે માણકશાહ મામાએ ખટલી સાથ આ જુવાન જાંહગીર વિષે વાત છેડી. તે બિલિયર્ડ રમીને જવા પછી માણકશાહ અને ખટલી બેહુ જણ હજી તો બિલિયર્ડ રૂમમાં હતાં, તેટલામાંજ એ ચીનાઇ શેઠે બિચારી ખટલીને નીચલા સવા-લથી ચોંકાવી.

"દીકરી ખટલી, તું શું ધારેછ? મને રોજને રોજ એક વાત યાદ આવ્યા કરેછ?"

"શી વાત, મામાજી?"

"તું શું ધારેછ? આ છોકરો જાંહગીર આપણે ત્યાં રોજને રોજ શું કામ આવેછ?"

"શું વળી? બિલિયર્ડ રમવા? એના બાપને બંગલે બિલિયર્ડ નથી, ને એને રમ-વાનો ઘણો શોખ છે ત્યારે આપણાં ઘેર જેવું એ શોખ પુરો પાડવાનું એની પાસે બીજું ઠેકાણું નથી."

"પણ એમ તો પુણાનાં હાટલોમાં અને બીજા ઘણા ઘણા બિલિયર્ડ રૂમો છે" માકા-મામાએ સુજ પાડી.

"પણ ત્યાં રમવા જવાના પૈસા પડેછ મામાજી, અને પોંહચખાનાઓમાં રમવા જવાનું સદા઼ જેવા આબરૂદાર શેઠિયાના દીક-રાને મારે આબરૂદાર ગણાય નહી."

"નહી, તેમ નથી દીકરી," માકામામાએ ફરીને તર્ક બાંધી. "મને એ છોકરાની મત-લબતો જુદી ભાસેછ. હું ધારૂંછ કે એ છોક-રાને તારી મોહની લાગીછ. અને તેથીજ તારાંજ દિલનું ખેંચાણ કરવા એ છોકરો રોજ ને રોજ આપણે ત્યાં બિલિયર્ડ રમવાને બાહને આવવા લાગ્યોછ."

"અરે! મામા—મામાજી!—" ખટલી બ્હીક અને લાજની મારેલી આ વાકય પુરૂં કરી શકી નહી.

"બિલિયર્ડ તો એ છોકરાનું એક બાહનું છે. પણ એના ચેનચાળા ઉપરથી હું એટલું તો પામી ગયોછ કે એ છોકરો તુનેજ મળવા આવેછ."

"ગરીબ બિચારો!" ખટલી કળવાઇને બોલી "હું એટલુંજ ચાહુંછ, મામાજી, કે તમારી અટકળ ખોટી ઠરે."

"કાં? શું કામ?" માણકશાહ મામાએ તુર્તજ તડને ફડ જવાબ દીધો. "અગરજો એ છોકરાએ તારી ઉપર દિલ બાંધ્યું હોય તો તેમાં ખોટું કાંઇ નથી. અને હું પણ તુને ખાતરી આપવા માગુંછ કે જો તેમ હોય તો હું કાંઇ દિલગીર થવાનો નથી. સદા઼ના જાંહગીર સાથ દીકરી તારૂં જોડું સારૂં બંધાશે. હું પોતે એ જોડું પસંદ કરીશ. એ સદા઼વાળાંઓ મોટા લોક છે. પુણામાં એ

લોકોની આબરૂ ભારી છે. તારાં નસીબ મોટાં હશે તોજ તું એ ખાનદાનમાં પરણશે."

"પણ હું પરણવાની હોવું તો કની મામાજી ?" ખટલી હિમત એકઠી કરીને બોલી. "ખાતરીથી માનજો મામાજી કે હું પરણવાનીજ નથી."

"પરણવાની નથી ? એ શું બકેછ છોકરી ?" માણકશાહ મુકાદમે અચરતીથી નેણ ફેરવીને પુછ્યું.

"હું એટલુંજ કહુંછ, મામાજી, કે હું અંહી છું ત્યાંજ સુખી છું, મારે બીજું ઘર કરવાનો મારો મુદલ વિચાર નથી. હું તો મારા માકામામાની સાથેજ રહીશ ને મામાનીજ ચાકરી કરયા કરીશ, અને મામા કંટાળીને મને કાહડી મેલશે નહી ત્યાંસુધી હું મારા મુરબી મામાની સોડમાંથી ખીસવાની નથી."

આ જવાબ આપીને ખટલી જરા ધીરજ પામી અને પોતાનાં માંથા ઉપરથી આફતનું એક પાહાડ જેવું વાદળ ઉંચકી નાખ્યું હોય એમ તેને લાગ્યું.

પણ એ વાતચીતથી ખટલીને એક નવાં વાદળના નવા જોખમની સુધિ આવી. તે માકામામાના પૈસાની આશાપર અંહી રહીછે ખરી, પણ અંહી એક કુમારી કન્યાનું ખોટું હોળ ઘાલીને રેહવામાં તે કેટલો મોટો જોખમ ખેડેછે તે વિષે હવે તેને કાંઇ ખ્યાલ આવ્યો. તે પોતાની અપાર ખુબસુરતી વિષેની મગરૂરીમાં ખુશી છે ખરી, પણ એ ખુબસુરતીને લીધે તે પોતાને મારે કેટલા ઉમેદવારો ઉભા કરશે અને એ સઘળી જુદી જુદી ઉમેદવારીઓ તેના છુપ્યા પરણ્યા સંસારને મારે કેટલી નવી ધાસ્તીઓ ઉભી કરશે તે આજે હવે ખટલીને કાંઇક માલમ પડયું. તે પરણેલીછે અને માકામામાનાજ એક કટ્ટા શત્રુને પરણેલીછે એમ કેહવાની તેની હિમત ચાલતી નથી, ત્યાંસુધી પોતાને પરણવાના જે દાવાદારો ઉભા થાય તેઓને અટકાવવાનો ઉપાય તેના હાથમાં નથી. પણ વળી તેને પરણાવવાને માકામામા પોતેજ આજે જાંહગીર વિષે બોહોસ કરેછે તેમ બોહસ કરે તો તે પરણેલીનું શું થાય, તેના કેવા બુરા હાલ થાય તે સમજી શકતી નથી. મારે આ નવી વાતથી તે એક મોટા અને ભયંકાર ભયમાં પડી. માકામામાને ત્યાં રેહવાનું અને તેના પૈસાની આશાપર અંહી પડી રેહવાનું તેને પાલવવાનું નથી એમ તેને લાગ્યું. પોતાને માથે એક જબરૂં વાદળ લટકી રહેલું તેને જણાયું કે જે વાદળમાંથી બચી જવાનો તેને મારે કશો રસ્તો રહેલો નથી.

પોતાનાં વહાલાં વડિયલો અને મુરબીઓની રાજી રજાવંદી વગર છુપી પરણવાનો ખટલીને આજે જેટલો ભયભીત પસ્તાવો થયો તેટલો પસ્તાવો તેને આટલાબધા દાહડામાં આગળ કોઇ દાહડે થયો નહી હતો.

પ્રકરણ ૨૮ મું.

મામાને ત્યાં ત્રણ મહીનાનો ધામો.

માણકશાહ મુકાદમનું ઘર ખટલીને ઘણું માફક આવ્યું અને ખટલી પણ એ ઘરને ઘણી માફક આવી. ખટલી માકામામાના ચીનાબાગમાં ત્રણ મહીના રહી અને તે પછીબી લાલ કીલ્લામાં રેહવા જવાની તેની કાંઇ વાતજ નહી નિકળી. મેહરી તો કોઇ દાહડે આવતી અને કોઇ દાહડે જતી, પણ ખટલીનું તો આ ચીનાબાગમાં ગોયા જાણુકનું રેહઠાણજ થઇ પડયું. માકામામાને ખટલીની સંગત અને ખટલીની વસતી વગર ચાલ્યું નહી.

એક મોરે ઘેરનાં સુખના આ લાંબા સહવાસમાં ખટલી સુખી તો ઘણી થઇ. પણ તે સુખની સાથે તેને પરણાવવાની ચર્ચાથી તે નવાં દુઃખની જંજાલમાં પણ પડી. શેહરયારજી સર્દારનો સુંદર અને સ્વરૂપવાન દીકરો જાંહગીર ચીનાબાગમાં બિલિયર્ડ રમવા આવેછે, તે ઉપરથી તે દાહડે માકામામાએ ખટલી આગળ જે અટકળ ચલાવી હતી કે એ છોકરાનો ખટલીમાં ડોળો પેઠેલોછે અને તે ખટલીને પરણવાનું માગું કરશે તે અટકળ તેવણે એકાએક અને જલદીથી છોડી દીધી નહી. તેવણે તે પછી ફરી ફરીથી ખટલી આગળ પોતાની એ અટકળ ચલાવ્યા કીધી.

માકામામા ખટલીને પોતાનાં ઘેરમાંથી

કાહાડવા બેઠાછે એવો ખટલીએ એકવાર સેજ તાણો મારીને તેવણને એ વાત કરતા બંધ પાડવા માંડ્યા ત્યારે માકામામાએ તેથી તો એ વાતને વધારે વધારી આપી.

"દીકરી ખટલી, હું શું કાંઇ તારીથી થાકી બાકી ગયોછ કે તુને મારાં ઘરમાંથી દૂર કરૂં?" તેવણ બોલ્યા "નહી દીકરી, તું મારાં ઘરમાં રેહવાથી હું કાંઇ એકાએક કંટાળવાનો નથી. પણ હું તારાં પોતાનાં ભલાંને માટે ચાહુંછ, કે એક સારી તક બને ત્યારે તું પરણે તો સારૂં."

પણ આ શબ્દોની સાથે માકામામાએ એક બીજો અગત્યનો ખુલાસો ઉમેર્યો, અને બતાવ્યું કે તેવણ શેહ્‌રિયારજી સર્દારના દીકરા વિષે કાંઇ આજ ખંતી નહી હતા.

"પણ દીકરી," તેવણ બોલ્યા કે "હું તે દાહડે સર્દારના જહાંગીર વિષે બોલ્યો તે તો માત્ર મજાખમાંજ બોલ્યોતો હું. એ છાલકો છોકરો જાણેકે અંહીની બધી જમીન પોતાના બાપની મતા હોય તેમ ગમે ત્યારે આવેછ ને ગમે ત્યારે જાયછ, પણ જેના ગજવામાં તું માગે તો એક ખોટો રૂપીઓ જડે નહી, તે છેલછબીલો કાંઇ તારા હાથને લાયકનો નથી હો કે મારી દીકરી! પણ હું આશા રાખુંછ કે તારી આવી રૂપાળી અને સોહામણી સુરત સાથે તુને જોઇએ તેવો લાયક વર જલદી મળી આવશે. જેની પાસે મગજ અને પૈસા બેહુ સલામત હોય એવો એક વર તુને મેળવતાં વાર નહી લાગશે; અને તેવો કાંઇ તારા હાથનો ઉમેદવાર તુને મળે કે તું તેને પરણતાં જરાબી વાર નહી લગાડશે."

"હું તુને રાખવા ને તારી સંભાળ લેવાને જીવતો છું ત્યાંસુધી તો સહુ ઠીક ચાલશે," પોતાની વાત ઉપર ખટલીને છછણી પડેલી જોઇને માણકશાહ મુકાદમે તેની વધુ ખાતરી કરવા માટે એક વધુ દલીલનો ઉપયોગ કીધો. "પણ મારી કજારજાએ——"

"ખોદા ન કરે ને તમારી કજારજાએ તમો મુરબીના પૈસા મારી પાસે રેહશે ને તેટલાંથીજ હું સુખી થઇશ." ખટલી વચમાં બોલી ઉઠી અને પોતાનાં મનમાં જે વાત ઘોલાયા કરતી હતી તેજ બોલી ઉઠી. મામાના પૈસાની આશા ઉપર તો તે અંહી પથારી માડીને પડીછે, પણ મામાના આટલાબધા પ્યારની સાથે મામાના પૈસા તેને મળશે કે નહી તે હજી સુધી તે કશું નકી જાણી શકી નથી. તે મામા આગળ તેવણના પૈસાની આ વાત છેડવાનો લાગ શોધ્યાજ કરતી હતી, તે લાગ તેને માકામામાના ઉપલા શબ્દોથી મળ્યો, માટેજ તે બોલી ઉઠી.

એટલુંજ નહી પણ પોતાના આ શબ્દોની સાથે ખટલી મામાની આગળ જે સોફા ઉપર બેઠેલી હતી ત્યાંથી ઉઠીને તેનાં બિછાણા પાસે ગઇ અને જેમ એક પાળેલા બંગાલી વાઘ યા ચીનાઇ વાંદરને પટાવીને પસવારે તેમ તે પોતાના આ ચીનાઇ મામાને હલકે હાથે પસવારતી ઉભી.

"ખરૂં કહુંછ, દીકરી ખટલી" ભાણેજના આ મીઠા પ્યારનો મામાએ તેવાજ મીઠાસભર્યા શબ્દોનોથી ઉત્તર વાળ્યો "મારી આંખ્યો મીંચાય તે અગાઉ એક લાયક ઘેર તારૂં ઠેકાણું લાગે એવું હું તો જોવા ચાહુંછ."

"વળી મામાજી તમે એમ બોલ્યા?" ખટલીએ હવે તો મામાને જરા ધમકીના સાદે કહ્યું. "તમે જાણોછ, મામાજી, કે તમે નેવું વર્ષના થાવો ત્યાંસુધી અંહી જીવતા રેહવાની તમે મને કબૂલાત આપેલીછે, અને તે ભૂલી જઇને હવે તમે—દુશમન—મરવાની વાત ના કરો."

આ લાંબા અંતરમાં ખટલી માકામામા સાથ ઘણી છુટ લેતાં શિખી હતી, અને વખત આવે ત્યારે તેવણને ધમકાવવા એ તેણીને એક ગોયા છુટજ મળેલી, તે તેણે આ છુટ વાપરી હતી. આ ત્રણ મહીનામાં ખટલી માકામામા સાથ એવા તો પ્યારમાં પળોટાઇ ગઇ હતી, કે એ કર્ડા ચીનાઇ ઘરડા સાથ જેમ બીજાં કોઇ ચાલી શકે નહી, તેમ ચાલવાની ખટલીની હિંમત વધી હતી. મામાની પોતાની મરજીથી ખટલી તેવણ આગળ ગાતી વગાડતી અને તેવણને અનેક રમતગમતોથી રીઝવીને રાજી કરતી હતી અને માકામામા તેથી ખટલી ઉપર ખુશ ખુશ હતા. દુનિયાંના બીજાં બધાં માણસો તરફ કરડો કઠોર તેનો સ્વભાવ હતો. વેહવારમાં કોઇબી માણસ તરફ જરા નમવાનું તેનું ખમીર નહી હતું. પોતાથી ચહડતા, પોતાની બરોબરિયા કે પોતાથી ઉતરતા બધા

તરફ વેહમી રેહવાનો તેનો સ્વભાવ હતો. પોતાના નોકરો ઉપર તો કઠણ અને જુલમી થવાની તેવણુની આદત હતી, પણ ખટલી તરફ માણુકશાહ મુકાદમ અજબ માયા મેહરબાનીથી નરમ અને મીઠાસવાળો માણસ હતો. તેની જાતી કનેષ્ટાઇ, તેનું સ્વભાવિક નીચપણું, સખી જીવથી કાંઇ પણ આપવાનું તેનું કુદરતી અસમર્થ એ સઘળા દુર્ગુણો વટીક ખટલીના વગવશિલા આગળ દૂર થઇ ગયા હતા. પોતાની આ બે ભાણેજોમાં વટીક તેવણ ખટલીને જે કાંઇ ખુશીથી આપતા તે મેહરીને આનાકાનીથી સુંઘી સુંઘીનેજ આપતા હતા. જ્યાં ખટલીને સુખી કરવાનો સવાલ હોય ત્યાં પોતાના કયાશ બાક્ષમાંથી થોડીક રોકડ ઓછી થયલી તેને બીજાંઓનાં જેટલી લાગતી નહી હતી, અને જોકે ફાશિનોની ફિસ્યારીનાં ખર્ચાલાપણાં ઉપર તેવણનો ધિક્કાર તો રોજનો હતો, તોપણ પોતાની "દીકરી ખટલી" ની ખર્ચાલી ફિસ્યારીઓથી તે ઘરડાજી એટલા ખુશી થતા, કે જાણે ખટલીના વસ્ત્રાલંકાર સઘળા પોતાનાંજ આભૂષણો હોય તેમ, પોતાનાં રૂપાંકામ, યા ચીનીકામ યા પોતાના ઘોડાગાડીથી તેને જેટલી ખુશી ઉપજતી હતી તેટલીજ ખુશી ખટલીના સોલેશણગારથી તેવણને ઉપજવા માંડી હતી.

પણ ખટલી સાથના પોતાના આ સઘળા સુખી સહવાસમાં માકામામાએ તેણી આગળ પોતાની આગળી પાછળી જીંદગીની કશી વાત કીધી ન હતી, પોતાની જુવાનીમાં પોતે શી શી મોજ કીધી હતી, પોતાની જીંદગીમાં પોતે લીલી સુકી શી દીઠી હતી, તે વિષે માકામામાએ એકબી વાર એક એસારો વટીક કીધો નહી હતો. ચીનની પોતાની ચીનાઇ કથા કાહણીઓ તેવણે ખટલીને ઘણીક કહીછે, ચીનાઓના ગુણદોષની ઘણીક રમુજી વાતો સંભળાવીછે, ચીનાઇ ચામાં કેવાં કમકમાટભરેલાં તરકટો થતાં હતાં અને ચીનાઓની ચીનાઇ ઇંગ્રેજી કેવી રમુજી હતી, ચીનાઇ પારસીઓમાં "માસા" અને "પોશા" (શેઠ અને વાણોતર) ના કેવા બે વર્ગો હતા અને "માસા" ઓ (જેમાં માણુકશાહ મુકાદમ પોતેજ એક "માસા" હતા) તે પોશાઓ ઉપર કેવો જુલમ જાપતો રાખતા હતા, કે જે સઘળો જાપતો આ ચીનાઇ પારસી "માસા" અંહી આવ્યા પછી અંહી પણ ચલાવવા માગેછે, તે વિષેની ઘણીક રમુજી વાતો માકામામાએ ખટલી આગળ ખાધા પીધા પછી, કાંઇ ફાંટાની લેહરમાં આવીને કીધી હતી. પણ પોતા વિષેની કશી પણ વાત કેહવામાં તેનું મોહડું તો જાણેકે સીવી લીધેલુંજ હતું. જુવાનીથી ઘડપણ સુધી પોતે ચીનમાં શું ઘેર્યું, પોતે આટલાબધા પૈસા કયાંથી અને કેમ મેળવ્યા તે વિષે કાંઇ વિગતો સાંભળવાની ખટલી ગમે એટલી ખાયશ રાખે, પણ માકામામાની જીભ તો જાણેકે સીવી લીધેલીજ હતી.

"જસાવાળા" નું એકવાર અણગમતું નામ માકામામાનાં મોહમાંથી નિકળતું જોવાની ખટલી આગમ્ય કરીને ઇનતેજારીથી વાટ જોતી હતી. અને આ ત્રણ મહીના સુધી તેની સાથે રેહવા પછી આ ઘરડો માસો એકબી વખત જીવનજી જસાવાળા અથવા તેના દીકરા જમસુ જસાવાળાની વાત છેડેછે કે નહી, ખટલીના તે માનીતા ખાવિંદને અને તેનાં ખાનદાનને માકામામા જરાતરાબી ચાહેછે કે નહી અથવા નહી ચાહતા હોય તો તેને માટે શું વિચારેછે, તે તેવણને મોહડેથી જાણવાની ખટલીએ ઘણીબી ઉમેદ અને ઘણીબી તલપ કીધી હતી, પણ એકબી વખત માકામામાએ જસાવાળાનું નામ પણ ઉચ્ચાર્યું નહી હતું.

અગરજે લાંબા કાળના અંતરમાં—જમાનાના જમનાઓ વહી જવા પછી—જે માણસનું એકવાર પોતે બુરૂં કીધેલું, જેની ઉપર પોતે પોંહચી વળેલા, તે માણસ સાથનું પોતાનું આગળું વેર માકામામાએ વિસારી દીધું હોય અને તે માણસના ખટલીના ચાહેલા અને વરેલા દીકરાને માટે અગરજે માકામામાએ પોતાનીજ બદ દાનત પછી પોતાનાં દિલમાં દયાનો એક કતરોબી દાખલ થવા દીધો હોય, તો ખટલી તેના પગપર માથું મુકીને તથા તેજ જુવાનિયાને ચાહવા અને પરણવાનો પોતાની છાતીમાં છુપાવેલો ભેદ એકદમ કબૂલ કરીને તે ભેદનો ભાર છાતીપરથી ઓછો કરવાને કેટલી ખુશી થાય !

એકવાર માકામામા જમસાવાળાના જીવનજીની અને જમસુની વાત છેડીને તેઓ તરફની નરમાસ બતાવે તો ખટલી સઘળો ભેદ ફોડી આપવા, અને તેજ જમસુ સાથનાં પોતાનાં લગ્ન છુપાવવાની સઘળી વેઠ અને મુસીબતમાંથી છુટવા તથા તે અત્યાર સુધી મામા આગળ પોતાનાં કુમારાપણાંનું જે જુઠું હોળ ઘાળતી રહીછે તે જુઠાંનાં પાપમાંથી છુટી થવા અને મામાની એકવાર માફી મેળવવાને ખટલી કેવું પળે પળ ચાહતી હતી! પોતાનાં આ પાપને માટે મામાની એકવાર માફી મેળવ્યા પછી પોતાના વ્હાલા વરને એકવાર ફરી પોતાની બોરફુએ બોલાવીને પોતાની પાસે રાખવા, તેની સાથ જાહેરમાં પોતાની સુખી જીંદગી શરૂ કરવા, દુનિયાંની નજરમાં વફાદાર અને ઇમાનદાર ઠરાવા તથા ખોદાતાલાની નજરમાં ભલી રેહવાને તે કેવી તત્પરતાથી તલપી રહેલી હતી.

તે આગળી વાત વિષે માકામામાની લાંબી ચૂપકીદીથી ખટલીને પણ ચૂપજ રેહવું પડયું હતું.

પણ એક દાહડે અચબુચ આ સઘળી તેની તત્પરતા તૃપ્ત થઇ, અને જે લાંબા કાળની વાત ખટલી માકામામા આગળ આ લાંબા સહવાસમાં છેડવા ચાહતી તેજ વાત એકાએક નિકળી આવી.

પ્રકરણ ૨૯ મું.

ખટલીએ માકામામાને ત્યાં પેહલીજ પતેતી કેમ ગુજારી?

ડોસલાંના દાહડા હતા. ગાથા ગાહમબારને પવિત્ર હિગામ પતેતીની આવતી ધામધૂમોની યાદને લીધે ચીનાબાગમાં વિશેષ અગત્યતા પામ્યો હતો. માણકશાહ શેઠે આ વર્ષની પતેતી કાંઇ ખાસ ધામધૂમથી ગુજારવા ચાહ્યું હતું—ખટલી જેવી ખુબસુરત લક્ષ્મી પોતાનાં ઘરમાં રહેલી હતી તેથી કદાચ હોય—પણ એ ધામધૂમ પતેતીની આગમચના ગાહમબારોથી શરૂ થઇ હતી. એ ધામધૂમ તેવણે ખટલીની ખાતર ખાસ ફરમાવી હતી, તે સઘળી ધામધૂમ કરવાનું કામ ખટલીનેજ સોંપેલું હતું, અને ખટલી એ સર્વ ઘરસંસારી ફરજોને ચાલાકી સાથ પુરી પડી હતી.

ઘરમાં શણગાર અને ખાણાપીણા કરવા, શેઠ અને નોકરથી તે ઘોડાવાળા, મસાલ, સર્વનાં નવાં કપડાં સીવડાવવાં, એ સઘળી ખટલી હસ્તક તૈયાર થતી તિખલો હતી. પતેતીની સહવારે ખોરશેદ યજદ પોતે પણ જાણેકે નવાં વર્ષના સોનેરી સાજનો પ્રકાશિત શણગાર સજીને પૂર બાહારમાં ઉગ્યો હતો. મુંબઇમાં પતેતી ઘણીવાર વર્શાદથી ધોવાયલી ભીંગી અને સર્દ ગુજરેછે, પણ પુણાની પતેતી ઘણું કરીને ખીલતા આફતાબનાં ખુલતાં કીરણોમાં કોરડી જાયછે.

તેવોજ આ પતેતીનો ખુશનુમા દાહડો હતો, કે જ્યારે માકામામા ખટલીની સાથે પેહલા પ્રહરનો નાસ્તો કરી બાગની લીલોતરીમાં તાજી હવા ચોરવાને નિકળ્યા હતા. ક્યારાઓમાં ઘાસ માલીઓએ તાજું કાપીને લીલોતરીભરેલું એક ખુશનુમા મેદાન બનાવ્યું હતું, જે ઘાસનાં એક સફાઇદાર કુંડાળાંની વચે એક મોટાં ઝાડના છાંયા નીચે માણકશાહ મામાએ પોતાની આરામ ખુરશીની આગળ ખટલીને તે દાહડાનું ન્યુજ પેપર વાંચવા બેસાડી. માકામામાએ તરોતાજગીથી પોતાની ખુરશી ઉપર પગ લાંબા કીધા હતા અને ખટલી વર્તમાનપત્રમાં તાજી ખબરો વાંચતી તે સુતાં સુતાં સાંભળતા હતા.

પણ આ વાંચ્યાની વચે માકામામા અચબુચ કાંસ્યાથી ખટલીએ જોયું તો મામાને કાંઇ જરા તાણુતોડની બેચેની થતી જણાઇ.

"શું છે, મામા?" ખટલીએ ગભરાઇને પુછ્યું.

"બંધ કર, દીકરી, વાંચવાનું બંધ કર. તારા આવા કોમળ આવાજથીબી મારૂં માંથુ દુખેછ."

"રાતનો માંથાનો દુખારો હજી ગયો નથી મામાજી?"

કાલે "નોરોજ" ની રાત્રે માકામામાએ માંથુ દુઃખવાની ફરિયાદ કીધી હતી.

"જાય શું! દુખારો તો સામો વધ્યોછ, દીકરી! પણ આવે સપરમે દાહડે તમો લોક

અમસથાં ગભરાવો યા દિલગીર થાવો નહી તેથી હું બોલ્યો નહી હતો. ચીનની થંડી કરતાં પુણાની સર્દી મને માંથાપર વધારે અસર કરેછ."

ખટલીએ તુર્તજ પોતાના નાજુક હાથે પોતાની પાસે રાખેલી નાની ઇસ્કોત્રીમાંથી એક "કોલોનવાટર"ની સીસી કાહાડીને મામાના ખોળા આગળ ભાંયપર બેસી જઇ કપાળ ઉપર રૂમાલ વડે તે ફેરવવા લાગી.

"બસ, બસ, દીકરી, મોટી મેહરબાની થઇ. બસ કર, મને તારા કોલોનવાટરનાં ખેળુકોતક નથી જોઇતાં."

મામામામાએ આ સઘળી વિશેષ ધરપચ જાણેકે નાપસંદ કીધી અને ખટલીને એક ધીમો આચકો મારીને પોતાની આગળથી ખીસાડી મુકી.

પણ "કોલોનવાટર" ચોપડતાં ચોપડતાં ખટલીએ મામાના નીદાર ઉપર રૂપેરી ગુચ્છાથી ઢંકાયલો એક રૂઝાયલો લાલ જખ્મ દીઠો, કે જે કાંઇજ નહી પણ એક લાંબો, કાપ અથવા ચીરો હતો. આ શોધથી ખટલી ઘણી અજબ થઇ.

"મામાજી, તમે કદી લડાઇમાં ગયાતા ?" ખટલીએ પુછ્યું.

"લડાઇમાં ? ઘેલી છોકરી, એ શું પુછવાનું?"

"લડાઇમાં નહી તો કોઇ બળવામાં. ચીનમાં ચીનાઓ બળવા ઘણા કરેછ. તેવાં કોઇ હુલડમાં વખતે તમે ગુછવાઇ ગયા હોય."

"છટ, છટ, છોકરી, મેં લડાઇ બડાઇ કોઇ દીઠી નથી."

"પણ ત્યારે તમારા નિદાર ઉપર આ જખ્મ કેમ લાગ્યો ? કોલોનવાટર ચોપડતાં મેં એક લાંબો ને લાંબો, બ્હીક લાગે તેવો ચીરો જોયો, તે કાપ તમોને ક્યાં લાગ્યોજી ?"

"એ તો, દીકરી, એક ખૂનીને હાથનો ઘાતકી જખ્મ છે. જે ચંડાલે મને જન્મ-ભરનો જખ્મી કીધો, તેનું એ કામ છે."

"કોણ ? તે કોઇ ચીનમાં હતો કે ? એવો કોણ તમારો તે દુશમન હતો ?"

"નહી તે તો અંહીનો મુંબઇનો પારસી હતો." મામામામાએ ખોલાસો કીધો. "ખટલી, તારી માએ કોઇ દાહડે તારી આગળ જસા-વાળાના જીવનજીની વાત કીધીતી કની ?"

આ નામ સાંભળતાંજ ખટલી ચોંકી. એ તો જે વાતની તે વાટ જોયા કરતી હતી અને જેને માટે તે તલ્પી રહી હતી તેજ વાત નિકળી.

"મને બેહસ્તણ માયજીએ કહ્યુંતુંજી," પોતાની અચરતી દાબી નાખીને ખટલી બોલી "કે જીવનજી જસાવાળા તમારી સાથ સારી ચાલ ચાલ્યો નહી હતો."

"અંહ ! તારી માયે એટલું તો તારી આગળ કબૂલ કીધું હતું ?" મામામામાએ એ એકરાર ઉપર ખુશી બતાવી. "દુનિયાંના લોકો તેમ બોલતાં નહી હતાં. લોકો તો કેહતાં કે હું જીવનજી સાથ સારી ચાલ ચાલ્યો તો નહી. તેનો બાપ મને પૈસા આપી ગયો હતો, પણ લોકો કેહતાંતાં કે એ પૈસા ઉપર મને કાંઇ હક નહી હતો, અને હું તો જીવનજીના પૈસા પચાવી બેઠો હતો. વાત તો પચીસ ત્રીશ હજાર રૂપરડીની હતી, પણ લોકવિચાર પ્રમાણે તો મારે તે પૈસા જોવા નહી હતા, અને મને ઘેર બેઠાં મળ્યા છતાં તે મારે છોડી દેવા હતા અને જીવનજી જસાવાળાને આપી દેવા હતા. મારે તેને કેહવું હતું કે 'લે ભાઇ લે, આ પૈસા મને ઘેર બેઠાં વગર માગવે મળ્યાછ, તોપણ તે હું નથી લેતો. તે તું લે. તું તારા બાપના વખતમાં આળસુ અને બેદરકાર હતો, તેં તારા બાપના ધંધાની ધુલધાણી કીધી હતી, પણ હું તારા બાપનો વિશ્વાસુ કારભારી હતો, તારા બાપની જે દોલત તારે સુધારવી વધારવી હતી, તે મેં મારી ઇમાનદારીથી સુધારી વધારી અને જ્યારે મારો વખત આવ્યો ત્યારે તારા બાપે મને પોતાને હાથે તે ઇમાનદારીનું ઇનામ મને આપ્યું, પણ લોકો કેહછ કે મારે તે લેવું નહી જોઇયે, તો લે ભાઇ તે તું લે અને તે મને જોઇતું નથી. મેહનત બધી મેં કીધી, વેઠ બધી મેં કીધી, વહિવટ બધો મારો હતો, દોલત બધી મેં બચાવી, પણ તું તારા બાપનો દીકરો છે માટે પૈસા બધા તુને મળવા જોઇયે' એમ કહીને તે પૈસા બધા હું પાછા આપી દેવું એવી દુનિયાંના લોકોએ મારાથી વકી રાખી હતી. દુનિયાંના લોકો જ્યારે પારકાના પૈસાની વાત હોય ત્યારે એમજ બોલેછ, પણ

જ્યારે પોતાના પૈસા આપવાના હોય ત્યારે તેથી ઉલટીજ રીતે ચાલેછ. કેટલાક હિમતવાન નિંદાખોરો તો અંહી સુધી બોલ્યા હતા કે જીવનજીના બાપે જે વિલ કરેલું હતું અને જે વિલની ખુબીથી તેનો વારસો મને મળેલો હતો તે વિલ ખોટું 'ફાર્જ' કરેલું હતું અને તે વિલની 'ફાર્જરી' કરનારો હુંજ હતો. સારાં ભાયગે જીવનજીના બાપની ધારણા પોતાના પૈસા પોતાના દીકરાને બદલે મને આપી જવાની હતી, તે તેવણે દુનિયાંથી છુપાવી નહી હતી, પણ પોતાની તે ધારણા તેવણે ઘણા જણને કહેલી હતી, કાંકે મુંબઇમાં જયારે મોટાં દીવાળાંઓ નિકળ્યાં હતાં ત્યારે તેવણની પેહડીને મેં દીવાળાંના તુફાની વમલમાંથી સલામત બચાવી લીધી હતી."

"ત્યારે હું ધારૂંછ કે જીવનજીના બાપ તમોને ચાહતા હતા, મામાજી?" ખટલીએ પુછ્યું.

"ચાહે શું? તે પોતાના પૈસા સિવા બીજા કોઇને ચાહતા નહી હતા. પણ તેવણ પોતાના દીકરાને તો ધિક્કારતાજ હતા, કે જે છોકરો ઉડાઉ, લખલૂટ અને દીવાળ્યો હતો, અને બુઢા બાપનો મહા મેહનતે એકઠો કરેલો એકે એક રૂપીયો તે દીકરો ઉરાડી નાખશે એવું તેવણ નકી માનતા હતા. તેવણનો મારી ઉપર વધારે વિશ્વાસ હતો. પોતાની દોલતની જાળવણીને માટે તેવણ મારી તરફજ જોતા હતા અને કેહતા કે 'ભાઇ માકા, તું મારો દીકરો હતે તો મારા મુવા બાદ મારી આ દોલત અને વેપાર ધંધાની બરબાદી થવાના ત્રાશ રાત દીસના ભયમાંથી હું છુટયો હતે?' તે દાહડાથી મેં તો જાણ્યું કે બેહસ્તીનો વિચાર પોતાના સગા દીકરાને રખડાવી મને વારસ કરવાનો હતો. તે વિચારમાં તેવણને જીવનજી જસાવાળાની લુછાઇ લફંગાઇઓએ મદદ આપી ત્યારે મારી ઇમાનદારી અને લાયકીએ મને યારી આપી."

"તે ઉપરથી, મામાજી, જીવનજી અને તમો વચે કાંઇ મારામારી થઇ, કે જેમાં તેણે તમોને આ જખમ કીધો?"

ખટલીએ આ સવાલ માકામામાને ઘણી બ્હીતાં બ્હીતાં પુછયો. તે આ વાત વચે જસાવાળાઓ તરફનું માકામામાનું અત્યંત વેર અને જોસ, તેના ઉસ્કેરાયલા ચેહરામાં જોયા કરતી હતી અને તે વેરનાં ઝેરમાં પોતાના નાશ અને ખરાબીની નિશાનોજ ગોયા વાંચ્યા કરતી હતી.

"હા" માકામામાએ તે આગળી તવારીખ બાકી રહેલી પુરી કીધી "જયારે જીવનજીના બાપનું વિલ વંચાયું, ત્યારે તેણે પોતાને રખડતો થયલો જોયો—જો તેનામાં જરા સાદી અકલ હતે તો તે અગાઉનો જાણી ચુક્યો હતે—પણ જીવનજીએ તો આ શોધ પેહલીજ કીધી અને તેવુંજ તેણે મારી ઉપર વેર લીધું. એના બાપનો મેહમમાં બંગલો હતો, ત્યાં વિલ વંચાયું ત્યારે હું હાજર હતો અને વિલ વંચાયા પછી હું મારે ઘેર જવા નિકળ્યો તેવોજ એ મારી પુઠે નિકળ્યો. એને તેની અગાઉનો પણ મારી ઉપર એક ખાર હતો. એણે એક છોકરી ઉપર ઉમેદ બાંધી હતી, પણ તે બાઇએ તો એ વેપારીના દીકરા કરતાં મને તે વેપારીના કારભારીને પસંદ કીધો, તેનો એને અગાઉનો દાંત હતો, તેટલામાં મારે લીધે પોતાને જેમ એક બૈરીએ તેમજ વારસાએ ખરતો કરેલો જોવાથી તેનું વેર ઘણું વધી ગયું. હું મેહમનાં સ્ટેશન ઉપર જાઉં, તે અગાઉ રસ્તાની બાજુએ પથરની એક ખાણ ખોયેલી હતી, જેથી જમીનમાં મોટો ખાડો પડેલો હતો. એ ખાડા ઉપર હું આવી પુગ્યો તેટલામાં સાંજનું ઝઝખલું થઇ ચુકયું હતું. તેના અંધારાંની તક લઇને જીવનજીએ એકદમ મારા ઉપર હુમલો કરી મારો ટોટો એવો તો જબર પીસ્યો કે હું તદન ગુંગલાઇ ગયો અને મારી તેવી હાલતમાં તેણે મને એક લાત મારીને તે ખાણના ખાડામાં નાખી દીધો, કે જ્યાંના પથર ઉપર મારૂં માથું અફળાયાથી મારૂં નિદાર કપાઇ ગયું અને હું લોહીછટ બેશુદ્ધ થઇ પડયો."

"ઓ ખોદા! કેવો ભયંકાર બનાવ? દાદારજીએજ દીઠું કે આવી આફતમાંથી તમે સલામત જીવતા રહ્યા." ખટલી દયાથી કકલવા લાગી.

"રાત સુધી હું ત્યાંજ પડી રહ્યો, પણ પછી અચબુચ હું બેશુદ્ધિમાંથી જાગી ઉઠીને જોઉંછ, તો મારાં માંથાની ઉપર શુકરનો સિતારો ચલકતો હતો. પેહલાં તો હું અંહી કેમ આ-

વીને સુતો તે સમજી શકયો નહી, પણ પછી માંથા અને કમરની કલતરથી મને યાદ આવી, ત્યારે હું ખોહમાં પડયો પડયો બુમો મારવા લાગો. મારો શોહર સાંભળીને આસપાસથી અંજાણા લોકો દોડી આવ્યા, તેઓએ મારી ભારી રડારોળ અને કકલાટ વચે મને ઉંચકીને બાહાર કાહાડયો અને તેઓજ મને સ્ટેશન ઉપર લઇ ગયા. આ વખતે મારો એક પગ તદન લુલો લબડતો અને જરા ઉંચકી નહી શકાય એવો જોઇને પછી માલમ પડયું કે તે ભાગીને ચુરો થઇ ગયો હતો. સ્ટેશન ઉપરજ ડાકટરને બોલાવી લાવીને તે લોકોએ મારી સારવાર કીધી અને પછી મને ત્રેનમાં નાખી મને મારે ઘેર પરેલ પોંહચાડયો. ખાણમાંના પથર સાથ અફળાયાથી મારૂં કપાલ ફાટી ગયું હતું. તેની પીડાકારીમાંથી હું ત્રણ મહીને સાજો થયો. પણ આજસુધી તે ધાનો.ઘસો મારાં નિદાર ઉપર રહી ગયોછ. તેં જે રૂજાયલો ચીરો જોયો તે એ છે દીકરી."

"અરે અફસોસ!" ખટલીએ હાય મારીને પુછયું. "પણ પછી મામાજી? પછી તે જીવનજીનું શું થયું?"

"તે નાહસી ગયો. તેની ધરપકડતો ઘણી ચાલી, પણ તે પોલીસને હાથ નહી લાગ્યો અને પછી તે મુવો જીવતો કેથે કશો જણાયોજ નહી. ત્યારબાદ ચાર વર્ષે હું પેહલવેહલો ચીન ગયો ત્યારે તે બાહારગામ કેથે રખડી રઝલીને મુવેલો ધારવામાં આવતો હતો. હવે તે બધી વાત વીસરાઇ ગઇછ."

"પણ જો તે આજે આવે મામાજી તો તમે તેને માફ કરો કે?"

"માફ કરૂં? શાને માટે? મારો લગભગ જીવ લીધો તેને માફ કાં કરૂં?"

"ત્યારે શું મામાજી, આટલાંબધાં વર્ષમાં તેને તમે માફ કીધુંજ નથી?" ખટલીએ ખંતથી પુછયું—જસાવાળાના જીવનજીને અને તેનાં ખાનદાનને માકામામાએ જવા દીધું છે અને માફ કીધું છે એટલુંજ જાણવાની તેની એ સઘળી ઉલટ અને ખંત હતી. પણ માકામામાએ તો તેથી ઉલટોજ જવાબ દીધો—

"અગરજો માફીનો અર્થ સદા કાળનો ધિક્કાર હોય, અગરજો એક કદી માફ નહી થાય એવી ખરાબીના સદાના વેહતા જખમની દુઃખભરેલી યાદને તું માફી કેહતી હોય, દર વર્ષો વર્ષ અને મોસમે મોસમ માંથાના આ ઘામાં અને આ નબળા લુલા પગમાં કલતર થઇ આવેછ અને આગળ મારી ઉપર પડેલા મારનો કોહવાટ મારાં મગજને સબડાવ્યા કરેછ, તે ચાલુ યાદને જો તું માફી કેહતી હોય, તો જીવનજી જસાવાળાને અને તેની આલ-ઓલાદને તેવી જાતનીજ માફી હું આપી ચુકયોછ."

"તેની સાથે તેની ઓલાદને પણ?" ખટલીએ અચરતીથી પુછયું. "એક પાપીએ પાપ કીધું તો તેનાં બચ્ચાંનો શો વાંક?"

"તેનાં બચ્ચાં બાળાં સર્વને હું ધિક્કારૂંછ." માકામામા દાંત પીસીને બોલ્યા. "ઝેરી સાંપનાં બચ્ચાં ઝેરીજ હોયછ અને ફાડી ખાનાર વાઘનાં બચ્ચાં ફાડીજ ખાયછ. જીવનજી જસાવાળાનું પછી શું થયું તે હું જાણતો નથી. પણ તે એક પૈસાદાર પારસણને પરણ્યો હતો એમ મેં સાંભળ્યું હતું. તે મુવેછ કે જીવેછ, તેની બૈરી છોકરાં કોઇ મુવાં જીવતાં છે કે નહી તે મેં સાંભળ્યું નથી. પણ તેને યા તેનાં છૈયાં છોકરાં કોઇને હું જોવા ચાહતો નથી. તેમને હું કદી મારા માર્ગમાં આવવા દેવાનો નથી. જો તે જીવનજી જસાવાળો જીવતો હોય તો તેણે સંભાળવું કે મારા સપાટામાં સપડાય નહી. જો તેના કોઇ દીકરા દીકરી જીવતાં હશે તો હું ચાહુંછ કે તેઓ ખાખાવરખાં થઇ પાયમાલીમાં ભીખ માગવાના છેક છેલા છેડા ઉપર આવ્યાં હશે. જીવનજી જસાવાળાના મારી સાથનાં પાપની હાય તેનાં બચ્ચાંઓ ઉપર પડશે અને મારાં દુઃખે મારા એ મુજી મુદઇના દીકરા દીકરીઓ રીબી રીબીને, મરશે."

આ બોલો ઉપર માણકશાહ મુકાદમે જાણેકે જીવપર આવી જઇને બૂમ બરાડા માર્યા, જેની હેબતથી બિચારી, ખટલી તો તદનજ હેબતીજ ગઇ.

"ઓ મામા! મામાજી! દયાની ખાતર કોઇને એમ ગાળ ના દો!" ખટલી આંખોમાં પાણી લાવીને ટટળવા લાગી. "આપણા દુશમનનુંબી આપણે તો સારૂંજ ચાહવું જોઇયે."

"નાદાન છોકરી, તુને ને તે જસાવાળાઓને

શું કે તું એટલીબધી રડેછે? ચૂપ! રડ ના. મુગી રહી જા. તેંજ તે લોકોની વાત છેડી તેથી હું બોલ્યો, પણ તેં મને એ વાત કરવા લલચાવવોજ નહી હતો."

આ વાતચીતથી ખટલી ઘણી દુખી થઈ. તેની તે દાહડાની બાકીની પતેતી ઘણી કંગાળિયતમાં ગુજરી. તેણે પોતાને માટે ઘાતકીમાં ઘાતકી શોધ કીધી; અને જેની સાથે પોતાની સૂજત જોડીને તેણીએ છુપ્યો સંસાર બાંધ્યોછે તેને માકામામાએ કાંઇ પણ માફી બક્ષવાને બદલે તેની ઉપર, તેનાં બચ્ચાંનાં બચ્ચાં ઉપર માકામામાને શ્રાપ વર્શાવતાં સાંભળી ખટલીની તો જાણેકે છાતીજ ફાટી ગઇ. તેના વહાલા જમસુ જસાવાળાને માકામામા સાથ મેળવવા અને સુખી થવાની તેની સઘળી આશાજ મરી ગઇ.

તેને આમ કંગાળ જોઇને માણુકશાહ મુકાદમ તેનો કશો ભેદ સમજી શકયા નહી. તેવણે એટલુંજ માની લીધું કે આ નાજુક છોકરી નાદાન છે. અને આગળી ખૂનરેજીની આજની વાતથી તેનાં દિલમાં બ્હીક ભરાઇછે તેથી તે ઘરમાં હેબતેલી ને હેબતેલી રહીછે.

પ્રકરણ ૩૦ મું.

ચહડતું શું?—મરઘાસેરીનું દુઃખ કે ચીનાબાગનું સુખ?

પતેતીના તે દાહડા પછી ખટલીએ ફરીથી માકામામાનાં છાપરાં હેઠલ "જસાવાળાઓ" નું નામ ઓચરવાની હિંમત કીધી નહી.

તેણે જોયું કે તે મુંબઇથી પોતાના વ્હાલા જમસુથી વિહલી પડી તે અગાઉ જમસુએ માકામામા વિષે જેટલો ધિક્કાર બતાવ્યો હતો, તે કરતાં વધારે ધિક્કાર જસાવાળા વિષે માકામામાનાં મનમાં વસેલો હતો. એવા અરસપરસના ધિક્કાર વચે તેઓમાં સુલેહ અથવા સમજુતી થવાની ખટલીને કશી આશાજ રહી નહી. અગરજો માણુકશાહ મુકાદમનાં મગજમાં જસાવાળાઓ વિષે જરાબી માયા ઉતરી, તોપણ તેઓ સાથની તેવણની સુલેહનો આધાર જમસુનાં મનમાં માકામામા વિષે જરાબી માયા ઉતરે તે ઉપર છે. પણ જે ધણીને પોતાની અને પોતાના બાપના પૈસાની વચે નડેલો તથા જે ધણીને પોતાના બાપની અને તેની પ્રિયાની વચે નડેલો જમસુ માનેછે, તે ધણી ઉપર તેણે એવોતો ધિક્કાર બતાવ્યોછે કે એ બે વચે કાંઇ પણ સમજુતી યા સુલેહભરેલો મેલાપ કરવો એ તેલ અને પાણી વચે મેલાપ કરવા બરાબર ખટલીને લાગ્યું અને તેઓ બે વચે સુલેહ થયા વગર ખટલીએ જે સંસારનો રસ્તો પકડયો હતો, તે સંસારમાં સુખી થવાનીતો તેને આશાજ રહી નહી.

હવે ત્યારે એનો સાર શો? સાર એટલોજ કે જો ખટલીએ પોતાના મામાની મેહરબાનગી તળે રેહવું હોય અને મામાનો વારસો મેળવવો હોય તો તેણીએ જસાવાળાનાં ખાનદાનમાં પોતે પરણવાનો ભેદ એ મામાથી છુપ્યોજ રાખવો જોઇયે. બીજા બોલોમાં ખટલીએ જોયું કે જુઠા અને ઠગાઇના જે જોખમભરેલા રસ્તા ઉપર તેને ચાલવું પડયુંછે તેજ રસ્તાને હજી વળગી રેહવું પડશે, કાંકે તે રસ્તો છોડી દેવાનો હજી તેને કશો માર્ગ હાથ લાગ્યો નથી. અને એક નાજુક બદની જે જાતે ઠગ નથી, જેને ડગાઇ અને જુઠું પસંદ નથી, તેને ઠગાઇનો રસ્તો લેવાનું કેટલું ભારી અને કઠણ કામ થઇ પડવું જોઇયે, તે પણ તે જોવા લાગી.

માકામામાનાં દ્રવ્ય કે દૈવતની ખટલીને હજી તો પુરેપુરી ખબર મળી નથી. તે દોલત કયાં રોકીછે, બલકે તે દોલતજ કેટલી છે, અને તેની ઉપજ કેટલી છે તેનો સેજ સુમાર વટીક માકામામાએ મોહડું ખોલીને ખટલીને કોઇ દાહડે કહ્યો નથી. આજે ખટલીએ ચાહીને માકામામાની "કજારજાએ" તેના પૈસા લઇને રેહવાની વાત છેડી, પણ તેટલાંમાં જસાવાળાઓની વાત નિકળી આવ્યાથી એ પૈસાટકાની વાત પાછી રહી ગઇ. માટે માકામામાના પૈસાટકાનાં ખરેખરાં ગ્યાનની કશી ગણત્રીની ગેરહાજરીમાં ખટલી માત્ર બાહારના દેખાવ ઉપરથી ભોળવાઇ. માકામામાની દોલત લોકો કેટલી ગણેછે તેટલીજ ખટલી પણ ગણતી આવી. એટલીજ કે આગળા જમાનાના કાહરૂણ યા આજના

જમાનાના રાથસ્ચાઇલ્ડની પેઠે માકામામા પાસે ખાતાં ખર્ચતાં કદી ખુટે નહી એવો કાંઇ અખુટ ખજાનો ભરેલો છે, યાને તે ખજાનો એટલો મોટો છે કે કેટલો છે તેની તેના માલેકને પોતાને પણ ખબર નથી, યા પોતાના ધનમાલનો કાંઇ પણ હિસાબ આપવાને તે ધનમાલનો ધણી પોતે પણ શક્તિવાન નથી. ખટલી એટલુંજ માનેછે કે માકામામા પાસે સોનાની લગડીઓના લાથાને લાથા પડેલાછે, અને પૈસો પૈસાને વધારેછે માટે જેમ વખત વધતો જાયછે તેમ એ દોલત ચાજે વધતી જાયછે.

અને દુનિયાંના લોકો માકામામાને જે ભારી માન આપેછે, તે ઉપરથી તેવણની દોલતના પોતે કાહાડેલા ઉપલા સુમારમાં ખટલીને મજબુતી મળી હતી. આવા એક માણસને પુણાના મગરૂર ખાસ વ આમ માન આપે તે તેની પાસે ઘણા સરખા પૈસા ટકા હોયા વગર આપે નહી એજ ખટલીનું અનુમાન છે.

અને વળી માકામામાના રેહવા વસવાનો તથા જીંદગી ગુજારવાનો ભપકો સપકો પણ ખટલીના એજ ખ્યાલને મજબુતી આપેછે. ટુંકમાં કહીયે તો માણકશાહ મુકાદમ ચીન ગયા ત્યારે કેવી હાલતમાં હતા તે તો ખટલીએ જોયું ન હતું, પણ તેવણ ચીનથી પાછા ફર્યા પછી ચીનાબાગ જેવા મેહલમાં પાદશાહી ઠાઠ અને દબદબાથી રેહેલા છે, એટલું તો ખટલી ખુલ્લે ખુલ્લું જોઇ શકેછે. ચીનાબાગની અંદર અને બાહારના ઠાઠની આખા પુણામાં કોઇ પણ પારસીના બંગલાવાળાથી બરોબરી થતી નહી હતી. પુણાના આમ શું પણ ખાસ લોકો અને પારસી શું પણ ઇંગ્રેજો વટીક માણકશાહ મુકાદમના જેટલા ભપકાથી વસેલા નહી હતા. લોકો કેહતા હતા કે ચીનાબાગવાળો બંગલો આગળ કમાનડર ઇન ચીફનું મકાન હતું. પણ માણકશાહ મુકાદમ તેમાં કમાનડર ઇન ચીફ શું પણ ગવરનરના કરતાંબી વધારે રોબ અને ડોળદમામ સાથ રેહતા હતા. ચીનાબાગની અંદર જ્યાં જોઇયે ત્યાં સોનેરી સાજ ઠેઠ ભીતથી તે સીલિંગ સુધી ચહડાવેલો હતો. થાંભલાઓ અને આરકાંઓનો કીનારી કીનારીએ સોનાનો ઢોળ ચહડાવેલો હતો. જમીન ટુર્કી અને ઇરાની ગાલીચાઓથી તમામ નરમ અને પોચી પોચી હતી તથા બેઠકો સાટીન અને મખમલની સફાઇદાર ગાદી તકિયાઓથી બેસનારને આરામ આપે એવી નરમાશવાળી હતી. બારણાઓ અને મેહરાબોની વચે નેટના પડદાઓ અને અતલસની ઝાલરો ને કલાબટુની દોરીઓ અને સોનેરી દોરડાં વડે રૂપેરી રેસમી બુટ્ટાઓ જડેલા હતા. અને એ સઘળા શણગારની સાથે ખાસ ચીનાઇ રાચરચીલાંની વચે ઓરડે ઓરડે વિલાતથી ખાસ મંગાવેલાં બિલોરી ઝુમરો દિવસે પોતાની રંગબેરંગી રોશનીના ઓળા પાડતાં હતાં, ત્યારે રાત્રે મીણબતીઓના પ્રકાશ વચે ઝલકી રહીને રાતની ગોયા દીસ બનાવે એટલું અજવાળું નાખતાં હતાં. એ તો ચીનાબાગની અંદરની રચના થઇ— બાહારની રચનાનું બયાન આગળ આપણે જોઇ ગયાં છીયે.

ચીનાબાગના મુગા પણ પ્રકાશિત રોબ સાથ મેહલાશાહ મામાના લાલ કીલ્લાની સાદાઇ અને નીચા અંધારા ઓરડાઓની ગરીબાઇ સરખાવવાની ખટલીને ઘણી તકો મળતી હતી, અને તેનો સરવાળો એજ હતો કે માણકશાહ મામાના કરતાં મેહલાશાહ મામા અતિ ગરીબ માણસ હતા. અંહીના મામાની સેવામાં ચાલુ રહેલા ચાકરોની તિખ્લ અને ધમાલ, ઘોડાવાળાઓની ધાંધલ ધરપચ અને ધરપકડ, સવારોની દોડાદોડી, બબરચી અને આયાઓની ચાલુ આવજાવ, જે સઘળું ચીનાબાગ પોતેજ જાણેકે એક નવી નોખી દુનિયા હોય એવું દેખાડતું હતું, તે સઘળું મેહલાશાહ મામાના લાલ કીલ્લામાં કાંઇ નહી હતું.

ખટલીને મનથી ચીનાબાગનો આ સહવાસ તો જીવતાં જીવત બેહેસ્તખાનામાં વસવા સરખો હતો. પણ તેની સઘળી મોજ અને તેનાં સઘળાં એશઆરામ અને અમન ચમન વચે તેની ઉદાસી એટલીજ હતી કે આ મોટા ઢંઢાર મેહલમાં તે એકલી હતી અને સઘળી જાહોજલાલી વચે તે એકાંતવાસમાં જાણેકે ઝુરી મરતી હોય એમ તેને લાગતું હતું. માકામામાની સંગત ગમે એટલી રાખવા

છતાં, અને મામાએ પોતે તેની સંગત ગમે એટલી પસંદ કરવા છતાં અંહી ખટલીનો અડધો સહવાસ એકલી પડવામાં ગુજરતો હતો, અને તે એકલી પડતી ત્યારે તેની પાછલી જીંદગી તથા તે જીંદગીના વિચિત્ર બનાવોની વ્હાલી યાદથી તેનું મન ઘેરાયા વગર રેહતું નહી હતું.

આ મેહલનાં સુખ સાથ વળી મુંબઇમાં મરઘાસેરીના ગરીબ સંસારે રેહવાનું દુઃખ તે ઘડીએ ઘડી સરખાવી જોતી. અંહીનાં ખાણા પીણા સાથ મરઘાસેરીનાં પોતાનાં ગરીબડાં ઘરમાં પોતા ઉપર ગુજરતો ભુખમરો, ચણા મરમરા અને ભજીયાં ચટણી ઉપર કરેલો ગુજારો, ફરીને આવતાં દોહડિયાં બે દોહડિયાંનું પાઉં અને ગરમ ગરમ ભજીયાં વેચાંતાં લાવીને તે ઉપર પોતે પોતાના વર સાથ કરેલી કેહવાતી "મોજ" પણ તેને યાદ આવ્યા કરતી હતી. અને અંહીના એકાંત ઝુરણ સાથ પોતાના વ્હાલા વરની ખુશ વાતચીત તથા હસવા મશખરીના રમુજી ટોળટપાઓ સરખાવાની તેને ઘણી તક મળતી હતી. એ સઘળી યાદમાં તે સુખી નહી હતી. અંહીની જાહોજલાલીમાં વસવાનું સુખ વ્હાલા વરની સંસાર સુખની યાદથી તે સઘળું ભૂલી જતી હતી.

પણ ખટલી આ માતબર મેહલમાં પૈસાનું સુખ ભોગવવાને ખામખા જે પરણ્યા ખાવિંદને ખોહીને ગરીબાઇની બ્હીકથી નાહસી આવીછે, તે ખાવિંદની યાદમાં વધારે દુખી થતી હતી. તેની ગરીબાઇમાં તે ખાવિંદનો હીસો હતો, પણ ખટલીની આજની તવંગરીમાં તેનો ભાગ નથી. તે ખાવિંદને ગરીબ સંસાર એકલા જીવે વેઠવા માટે ખટલી તેને એકલો નાખીને વેગલી નિકળી આવીછે—તો તેવા એક ખાવિંદની યાદનું દુઃખ તેના ગમે એવાં સુખની વખતે તેને કેમ છોડી જાય? યાદ અને પસ્તાવોજ ગોયા ખટલીનું આજકાલનું ખમીર હતું. તે પોતાના આજના સુખી દિવસોથી દિલાસો મેળવતી તો આગળી યાદથી તે ઘણો ગભરાટ ભોગવતી. જમસુ જસાવાળાને, કાંઇજ નહી પણ તેની ગરીબાઇની ખાતર તજી આવવાની પોતાની અવિચારી ઉતાવળને અગરજો ખટલી જરા પણ વાજબી ઠરાવવા જતી તો તે ઉતાવળનું પરિણામ કેવું આવ્યું હશે અને કેવું નહી આવ્યું હશે તેના ભયથી તેનું મગજ ભમી જતું હતું. એ સઘળી યાદ ખટલીનાં સુખ વચે તેની પોતાની ઘોર ખોધવાના દુઃખ જેવી હતી.

પણ આ સઘળી યાદથી હવે ખરૂં સુખ શું તે ખટલી સમજવા શિખી હતી. ખટલી ખરી સુખી કયારે હતી? મરઘાસેરીનાં તે ગરીબ ઘરના એકજ ઓરડામાં તે વસતી હતી, પણ જયારે તેના ભર્તારની પ્યારી બાજુની તેને કુમક હતી ત્યારના ભુખમરા અને વાખા વચે તે સુખી હતી, કે આજે એક મામાના મેહલમાં પારકા આધાર ઉપર તે ખાણાપીણા ચલાવેછે ત્યારે તે વધારે સુખી છે? ખચીત હવે ખટલીની ખાતરી થઇ કે વરનું સુખ તેજ ખરૂં સુખ હતું. પૈસાટકાનાં સઘળાં સુખ કરતાં એક વ્હાલા વરની હાજરીનું સુખ તે તેની આસપાસની સઘળી ગરીબાઇ છતાં ખરૂં સુખ હતું. ખટલીએ પોતાના વરને ખરાં દિલથી ચાહ્યોછે, તે તેને છોડી આવ્યા છતાં હજી તેને ચાહેછે, તે તેને છોડી આવી તે કાંઇ ચાહ નહી હોવાથી છોડી આવી નથી, તે તેને ચાહેછે માટેજ તેના ઉપર એક નકામો બોજો નહી નાખવા સારૂં તેને છોડી આવીછે. પણ ખટલી આજે જોયછે કે તે તેને છોડી આવી તેમાં તેણે મોટી ભૂલ કીધીછે.

"આજે પણ" તેણીએ વિચાર્યું "અંહી રેહવાનું સઘળું સુખ અને મોજમઝા તથા આજે પણ એક માતબર મામાના વારસાની આશાને બદલે મરઘાસેરીમાં ગુલી ગોરાણીનું ઘરનું ઝુંપડું અને મારા વરની હાજરી મને અદલાબદલામાં મળે તો કેવું સારૂં?" ખરેખર ખટલીને એવું લાગ્યું કે જાણેકે આસમાનપરથી કોઇ ફરેસ્તો ઉતરી આવી તેને આ રળિયામણા મેહલમાંથી ઉપાડી તેના મરઘાસેરીનાં ઘરમાં તેને પાછી લઇ જઇને મેલે તો તે ત્યાં રેહવાને ના પાડે નહી.

પણ ખટલી અંહી દુખી થઇ, તે વિશેષ કરીને તો પોતાના ખોહેલા ભર્તારની કશી ખબર નહી મળવાથી થઇ હતી. તે તેને છોડીને આવી ત્યારથી આજસુધી તેને તેના વ્હાલા વરની કશી ખબર અંતર મળી નથી, અને જમસુ જસાવાળો હમણા કયાં હશે, શું કરતો

હશે, પોતાની બાયડીના જવાથી કેવા ગુચવાડામાં હશે, તે બાયડી અંહી મોજ મારેછે ત્યારે તે બિચારો રોટીના એક કટકાને માટે કેવી વેદના વેઠતો હશે તે સર્વ વિચારોથી ખટલી વધારે દુખી હતી.

અગરજો જમસુ જસાવાળો સુખી અને સહીસલામત હોય તો ખટલી આજના પોતાના ફેરવાયલા વખતમાં ખરેખરી ખુશી થાય. ખટલીને ખોહી બેઠા પછી જમસુ કાંઇ ઘણો દુખી થયો નથી, તેના દાહડા કાંઇ દુ:ખમાં ગયા નથી, એટલીજ જો ખટલીને ખબર મળે તો તે અંહીઆ ચીનીબાગનાં અમનચમનમાં જે બેચેનીથી રહીછે તેને બદલે તેના જીવને કાંઇ વધારે ચેન પડે. પણ પોતાના ખોહેલા ખાવિંદની તેવી કશી ખબર નહી મળ્યાથી ખટલીના ઉચિત જીવને વધારે ચટાપટી લાગ્યા કીધી હતી.

સારાં ભાગ્યે તેની એ સઘળી બેચેનીનો પણ એક દિવસે અચબુચ અંત આવવા જેવું થયું.

પ્રકરણ ૩૧ મુ.

ખટલીનો "એસકો."

ચીનાબાગમાં ઘણા દિવસ કાહાડયા પછી ખટલી એક દાહડે લાલ કીલ્લામાં મેહલાશાહ મામાને ત્યાં તેવણુની વર્ષગાંઠનો દિવસ ગુજારવા ગઇ.

ચીનાબાગમાંથી લાલ કીલ્લામાં ખટલીનું આવવું એ તો જાણેકે મામાની ઉપર તેની એક ખાસ મેહરબાની મનાઇ. ચીનાબાગમાં રાજકર્તી રાણી જેવી તેની પદવી થયા પછી, તથા સર્દારવાળાં અને ગુત્તાવાળાં અને દારૂવાળાં અને વકીલવાળાં, જેવાં ખાસ ખાનદાનોમાં ખટલી માન પામ્યા પછી ડાકટર મેહલાશાહ મુકાદમ જેવા ગરીબ માણસને ત્યાં રેહવા આવી, તે તો તેવણને મનસે પોતાનાં ગરીબ ઘેરમાં એક મોટા માણસનું આગમન હોય તેટલું આવકારદાયક ગણાયું.

મેહલાશાહ મામા પોતાની લાડકી ભાણેજને ઘણાં માન અને હેતથી ભેટયા. ખટલી લાલ કીલ્લામાં પેહલે દાહડે આવી તેની ખુશાલીમાં ત્યાંના પાકા પુરાણા શાહબબરચી હુસેનમિયાંએ ખાસ ખાણું પકાવ્યું હતું તો આજે જ્યારે ખટલી એક "મોટા લોક" લેખે આવી અને તેબી શેઠની વર્ષગાંઠ જેવે દાહડે આવી તો હુસેનમિયાંના પાક શાસ્ત્રના હુન્નર વિષે તો પુછવુંજ શું હોય? તેણે આજે તો ખાસ બટકના સાસ અને રોસ્ટ કીધેલું હાંસ અને ટર્કીનાં વાનાં એવાં સરસ રાંધ્યાં કે ખટલી ઉપર એટલી ચેલમેલ થતી જોઇને ખટલીની બેહનોનું તો "ગરી ગયું" અને પાછી આવ્યું.

"આજનાં જેવું સરસ ખાણું તો હુસેનમિયાંએ કોઇ દાહડે રાંધ્યુંતું નહી." મેહરીએ ટીકા કીધા. "એ મેહલાશાહ મામાની વર્ષગાંઠને વડે કે ખટલી મોટે ઘેરથી ખાવા આવીછ તેને વડે?"

"નહી નહી; તું ભુલેછ મેહરી." નાજાંએ ટકોર કીધી "એતો બાંઇ સાહેબ ખટલીબાઇની ખાતરને વડે હુસેનમિયાં આજે એટલા ઘરૂપરૂ થઇ મુવાછ. મામાની વર્ષગાંઠ તો વર્ષોવર્ષ થાયછ, પણ તે વખતે કાંઇ ચીનાબાગનાં વસાંનારાં આ મોટાંબાઇ આપણે ઘેર આવતાંતનહી. એતો એવણે આજે આપણે ઘેર પધારવાની મેહરબાની કીધી તેથી એટલીબધી ચેલમેલ ચાલીછ."

"હું હું! એ તો માતબર માણકશાહ મુકાદમની વારસ થવાની છે કની તેથી!"

"બીલકુલ નહી" ખટલી આ મેહણાના ખોલાસામાં બોલી "મેહરી માકામામાના પૈસાની જેટલી તું કે નાજાં વારસ હશે તેટલીજ હું પણ હોઇશ. વધારે કાંઇ નહી?"

"કેમ વારૂં ખટલી? તું માકામામાના પૈસાની આશાપર તો તેવણને ત્યાં પડી રહીછ."

"નહી, નહી." ખટલી છછણીને બોલી.

"શું નહી?"

"માકામામાના પૈસા બધી ભાણેજોને મળશે એતો આખું ગામ બોલેછ," ખટલીએ જવાબ દીધો.

"પણ તેમાં સહુથી મોટો ભાગ તારો ગણાશે જો, ખટલી" મેહરીએ ટાહુકો પુરયો. "માકામામા મને તારી અગાઉના બોળ-બેછ, તોપણ મોટો હીસો તારે કપાળે થેકાશે."

"બળ્યારે એ ચીનાઇ હાંખરાના પૈસા!" નાદાન અને ઉછાછળી નાજાં તિરસ્કારથી બોલી "એ ચીનાઇ વાંદર મરશે ત્યારે એના પૈસાની ફાલાફુલી થશે તે જોવાની મઝા પડશે. એના પૈસા મને આપે તોબી હું તો લઉં નહી. જેણે જીવતાં જીવત મને એક દાહડે પોતાને ઘેર બોલાવીને રાખી નથી, તેના મુવા પછી તો તેના પૈસા લીધેલા શા ખપના?"

નાજાંના આ શખ્ત તિરસ્કાર ઉપરથી અને તેની ચેંચી ચલાવવાની આ તરકડી તોછડાઇ ઉપરથી બેહુ બેહનો તેના ઉપર ઉલટી પડી.

"નાજાં, નાજાં એ શું બકેછ? તું એ તારી સુફિયાણી બોલી કયાં શિખી આવી? તુંને કેળવણી આપનારી તારી શિક્ષક તો મેહરી છે, ત્યારે મેહરીથી તું એ બધું શિખીછ કે?"

"ટુટી પડે મેહરી મને કેળવણીની આપ-તી!" નાજાંએ તો મેહરીના શિખવ્યાનો પણ તિરસ્કાર કીધો. "એ મને શું શિખવેછ? સહવારના દેવળના ટકોરા પ્રમાણે એક કલાક ચોપડીમાંથી ભરડાવેછ તેજ તો. ને એનું નામ તે મેહરી કેળવણી આપેછ?"

"ભરડાવેછ? એ કેવું બોલવાનું?" ખટ-લીએ હજી નાખુશી બતાવી. "એ બોલ તું નર્મ કોશના કયા ભાગ ઉપરથી લાવી!"

"ઓ હો! ખટલી. તું તો બિચારી ગુજ-રાતી ભણવામાં પથરનો ભાઇ ભમરડોજ રહી ગઇ કે 'ભરડાવવું' એ બોલજ નથી સમ-જતી? કોઇ દાહડે એ બોલ તેં સાંભળ્યોજ નથી કે શું?"

"નહી, મેં તો નથી સાંભળ્યો, તું સમજાવની?"

"જો ત્યારે સાંભળ, ખટલી, ભરડાવવું એટલે કે ઘંટીની અંદર જેમ છાળાંને ભરડે કની તેમ નિશાળની અંદર છોકરાંઓને ભદરરર ભદરરરર ભરડાવવું. પણ ગધેડાનાં ભુંકવા યા કુત્રાનાં ભોંસવા સાથે છોકરાંઓને ભરડાવવાનું તું ભેળી નાખતી ના, હો ખટલી! ભુંકવાનું જુદું, ભોંસવાનું જુદું અને ભરડાવવાનું પણ જુદું. ગધેડાં ભુંકે, કુત્રાં ભોંસે અને છોકરાં ભરડે. સમજી?"

આ તકરાર વચે મેહલાશાહ મામા આવી ગયા. તેવણને નાજાંના છેલા બોલોથી ઘણી રમુજ ઉપજી.

"નાજાં, નાજાં, વળી એ શું તુફાન! તું તારો મિજાજ કદી ઠેકાણે રાખવાની નથી કે?"

"હં! હવે વળી નાજાંપર ધાડ આવી!" નાજાં બડબડી. "નાજાંનો મિજાજ ઠેકાણે રેહતો નથી, ને બીજાં બધાંનો રેહછ. મને સામુ પુછે ને બોલાવે તોબી હું નહી બોલું? મને પુછયું તેનો જવાબ દીધો તેનું એટલું બધું દુઃખ?"

એતો બેહન બેહનો વચે બપોરની ટપાટપી થઇ. પણ સાંજે વળી લાલ કીલ્લાના બાગ-માં ફરતાં ફરતાં ત્રણડે બેહનો વચે એક બીજી ટપાટપી ચાલી, જેથી મેહરી રિસાઇને જતી રહી, અને નાજાં એકલીજ ખટલીની સાથે ફરયા કીધી. નાજાંને પણ મેહરીના કરતાં ખટલી વધારે ગમતી હતી.

"હવે ખટલી તારી પુણાની મોજમઝાની વાત તો જરા અમો લોકને કેહ." બાગમાં બે જણાં એકલાં પડેલાં જોઇ નાજાંએ વાત ચલાવી.

"તમો લોક, એટલે કોણ? નાજાં તારી સાથે બીજું કોણ છે કે જેને લિધે તું 'અમે લોક' કરીને બોલી."

"ખટલી, તુંતો બોલ બોલતાંજ દંડેછ!" નાજા બડબડી. "તારા કરતાં તો મેહરી ભલી. તુંતો બોલેબોલ લઇ પડેછ. હું તુને સેલસુજે પુછુંછ, તેનો જવાબ ઉડાવાની હોય તો ખુલ્લે ખુલ્લું ના કેહ."

"એટલે? તારૂં પુછવાનુંબી એવડું મોટું અગત્યનું ખરૂં કની તે હું તેનો જવાબ ઉડાઉં! તું શું પુછેછ તેજ પેહલાં તો પાધરૂં પુછતી નથી."

"હું એ પુછુંછ" નાજાંએ વધારે વિગ-તથી પુછયું કે "તું માકામામાને ત્યાં રહીને મોટા લોકોને ઘેર ખાવા પીવા જાયછ ત્યાં રાહઘાટ કેમ ચાલેછ? પેલા સદ્દાવાળાંઓને ત્યાંના ખાણા પીણાં કેવાં હોયછ? તે લોકોનાં ઘેરબાર કેવાં હોયછ?"

"સર્દાવાળાંબી આપણા જેવાં માણસ છે." ખટલીએ હેવાલ ચલાવ્યો. "તે લોકો આપણાં જેવાં ઘેરમાં રેહછ. તે લોકોને આપણા જેવા હાથ પગ, આંખ, કાનને મોહડું ખોદાયજીએ આપ્યાંછ. તે લોકોનાંબી ઘેરને આપણા જેવાં બારી બારણા છે. તે લોકોબી આપણી પેઠે ટેબલે બેસીને ખાયછ પીયેછ."

"બસ એટલુંજ ?" નાજાં નાકનું નસ્કોરૂં ચહડાવીને બોલી "એ સર્દાવાળાં તો મુવાંઓ આપણને ઉતરતાં જાણીને હીણેછ, તે નસાબંદાંઓબી શું બધી વાતે આપણા જેવાંજ છે ? આપણાંથી ચહડતાં કાંઇ નથી ?"

"આપણાંથી જુદી એ લોકોની એક રીત છે, તે મને ગમતી નથી, અને તે એટલીજ કે ખાઇ પીને રે' થયા પછી પાર પહોશીઓની પીઠ પાછળ તેઓની નિંદા ચલાવેછ. ટીકાઓંબી શું ? કોઇના પૈસા, કોઇનાં કપડાં કોઇના ગાડી ઘોડા, બસ એટલુંજ."

"પણ એ લોકને ત્યાં ખાણાપર શું શું આવેછ ? તેબી બધું આપણા જેવુંજ કે ?"

"નહી. ખાણું તો આપણા કરતાં વધારે. પણ તોબી જયારે જઇયે ત્યારે એકનું એકજ. મરઘી, ને બટક, ને હાંસ, ને કરી ચાવલ, એવુંને એવુંજ."

"પણ કાંઇ કંત્રી કપટાન ? કાંઇ કોલમીના કવાબ ? કાંઇ ખીમાના સમુસા ?" નાજાંએ પાણી છુટતાં મોહમાં સ્વાદ લઇને મસાલેદાર વાનાંઓ પુછયાં.

"નાજાં, નાજાં, વિલાતી ખાણું ખાનારાં એ મોટા લોકને ઘેર એવાં ગામઠી વાનાંઓનાં તો નામજ નહી લેવાનાં."

"હવે સર્દાને ત્યાંનાં ખાણાંપીણાં તો રહ્યાં પણ ત્યાંનાં માણસોની વાત કરની." નાજાંએ અધીરાઇથી સવાલ પુછવાના જારી રાખ્યા ?

"ખટલી, ખટલી, પેલો તારો એસ્કો કેમ છે? પેલો સર્દાને ત્યાંનો તારો એસ્કો જાંહગીર?"

"મારો એસ્કો ? એ શું બકેછ છોકરી ?" ખટલી ખીજવાઇને બોલી.

"ત્યારે નહી કે શું જે?" નાજાં તેને વધારે ખીજવનારૂં બોલી. "શેહરયાર સર્દાનો દીકરો જાંહગીર તારો માનીતો એસ્કો નથી કે શું ? એ તો આગળ આપણી મેહરીને ચાહતો હતો, પણ મેહરી પોતેજ બિચારી બળાપો કરેછ કે તું આવ્યા પછી તે મેહરીને છોડી હવે તુંને ચાહેછ."

"દુકતી, દુકતી, તું ભાંજે નહી તેટલાં ખોખરાં કરે તેમાંની છે. મેહરી મૂર્ખ છે, અને તું બેહન બેહનો વચ્ચે વેર પડાવાની વાતો કરેછ."

"પણ હું તો મને જે લાગેછ તે કહુંછ, જે આખું ગામ ઘેર બોલેછ તે હું બોલુંછ." ખટલીના આ ઠપકાથી નાજાં ઉપર કાંઇ અસર થઇ નહી હોય, તેમ તે ભડભડ બોલવાજ પડી. "તું જાણેછ, ખટલી, કે તું આપણા ખાનદાન વચ્ચે સહુથી ખુબસુરતમાં ખપેછ ? અને તારા જેવી એક અલબેલી પછવાડે તો ઘણા માટીડાઓ ભમતા રેહવા જોઇયે. તું અંહી આવ્યા અગાઉ મેહરીપરબી એમજ માટીડાઓની ચેલમેલ ચાલતીતી, પણ તું આવ્યા પછી હવે મેહરીનો ભાવ પુછાતો નથી તેથી તો મેહરી બળેછ. મેહરી પોતાને માટે ઘણીજ વડાઇ લેપછ—"

"હું તુંને કહુંછ કે તું બેહન બેહનો વચ્ચે અંટસ પડે એવી વાત ના કર. મેહરીની કાંઇબી વાત હું પુછુંછ કે તું તેની વાત કરવા બેઠીછ ?" હવે તો ખટલીએ તેને શખત ધમકાવીને આગળથી ઉઠી જવા માગ્યું. "તું એવી એવી ભટાઇ ચલાવશે તો હું તારી આગળ બેસવાનીજ નથી."

"વારૂં ત્યારે મેહરીની વાત છોડી દઇને તારી વાત કરીયે, ખટલી" નાજાં તેને તાબે થઇને બોલી.

"મારી શી વાત ?"

"તારા માટીડા દોસ્તદારોની વાત."

"ચૂપ ! ચૂપ ! એ વાત મારે નથી કરવી. મારા કાંઇ માટીડા દોસ્તદારો છેજ નહી."

"નહી, નહી, છે, હું જાણુંછ કે એક જણ તુંને ચાહનારો હતો" નાજાં ભાર મુકીને બોલી.

પ્રકરણ ૩૨ મું.

ખટલીને જમસુનો કાંઇ પતો મળેછે.

"પતેતીનો દાહડો હતો," નાજાંએ હેવાલ ચલાવ્યો. "તે દાહડો મને ખાસ યાદ રહી ગયોછ, કાંકે પતેતીનો દાહડો મને ગમતો નથી. બીજાંઓને તે દાહડે મોજ પડતી હશે, પણ અંહી લાલ કીલ્લાનાં કેદખાનામાં મારી ઉપર તો એ દાહડે જુલમ ગુજરેછ, તેથી હું એ દાહડો ધિક્કારૂંછ, સહવારના ઉઠીને ભણવાનું ને પછી એક થંડા નાસ્તા ઉપર મન મનાવાનું ને મેહલાશાહ મામા બે ચાર બાહારના દોસ્તદારોને નાસ્તાપર જમવા બોલાવેછ, તેથી બાહારના માટિડાઓની આગળ મુગાં મુગાં ભપકામાં બેસી રેહવાનું, બપોરે ઉંઘવાનું ને સાંજે કોઇ મદારીનો કે કબુતરીનો નાચ નહી આવે ત્યારે એકલાં ઝુરી મરવાનું એ મારી પતેતી જાણવી."

"પણ પેલો અજાણો માટિડો એ દાહડે તુને મળ્યો કે?" નાજાંનો આ લંબાણ ભટાઇને ખટલી એક મથાળાં ઉપર લાવી.

"હા" નાજાં તુર્તજ તે મથાળાં ઉપર આવી. "સાંજે કાંઇ સોહવાયું નહી ત્યારે હું પાછલા બાગને નાકે દરવાજા ઉપર ગઇ. ત્યાં દરવાજાની બાજુએથી લાલ કીલ્લાની દિવાલે દિવાલ ગલી આવેલીછે તે તો તેં જોઇછની?" એટલું બોલીને નાજાં ખટલીને પુછવા ઉભી રહી.

"હા, જોઇછ, જોઇછ, તું ચલાવની." ખટલીએ જાણવાની તલપ કીધી. "તે ગલીનાં નાકા ઉપર તું આવીને ઉભી પછી?"

"ત્યાં પેલો એકાએક મારી નજરે પડયો." નાજાં બોલી.

"પેલો? તે કોણ?" ખટલીએ પાછું પુછયું.

"પેલોજતો—તારો દોસ્તદાર—જેની વાત કરીયેછ તે—"

"તે ગલીને નાકે આવીને ઉભેલો હતો કે? પછી? પછી?"

"તે પેહલાં તો મને ટીકી ટીકીને જોતો ઉભો રહ્યો" નાજાંએ હેવાલ ચાલુ કીધો. "પછી આસ્તે આસ્તે થોભતો થોભતો ચાલીને મારી તરફ આવ્યો, અને ટુકી દિવાલની બાહાર ઉભો રહી, દિવાલ ઉપરથી ડોકિયું કરી મને ઇસારતથી બોલાવવા લાગ્યો. પેહલાં તો હું બીધી કે વખતે ચોરબોર હોય તો? પણ પછી મને હિમત આવી. મારી પાસે હતું શું કે તે ચોરી લેતે? વાસ્તે હું સાહુચેતીથી સંભાળી, સંભાળીને તેની આગળ ગઇ. પછી મેં તુર્ત જોયું કે તે કોઇ રખડતો લુછો નહી પણ કોઇ દેખીતો સારો માણસ હતો. પણ તે એવા કંગાલ દેખાવનો હતો કે તું તો તેને બે દોહડિયાંબી નહી આપે."

"પણ પછી, તેણે તુને બોલાવીને શું કહ્યું?" ખટલી વળી પાછી આ લાંબી ભટાઇને એક અણીએ લાવી.

"મને તેણે પેહલાં તો પુછયું કે 'માય તમો ખજુરિયાનાં ખાનદાનનાં છો?' ઘણી સલુકાઇથી 'પુછયું હો! 'માય' ને 'જી—હો' થી પુછયું. મેં તુર્તજ જવાબ દીધો કે 'હાજી, ખજુરિયા એજ અમારી બાપીકી અટક છે.' ત્યારે મને પુછયું કે 'એક ખરશેદબાઇ નામની તમારી બેહન છેનીજી?' મેં હા કહ્યું પણ હા કહીને હું પસ્તાઇ."

"કાં? પસ્તાવાનું શું કારણ હતું?"

"વખતે કોઇ લુછો, કાંઇ ગર લેવા આવ્યો હોય તો? તેની આગળ તારી બધી વાત ખરેખરી કેહવાની શી જરૂર? મેં વિચાર કીધો કે ફરીથી પુછે તો તેને ઉડાવનારોજ જવાબ દેવો."

"અને તેણે તુને તુર્તજ ફરીથી પુછયું ખરૂં કે?" ખટલીએ ઘણી આતુરતાથી પુછયું.

"હા—તુર્ત ને તુર્તજ પુછયું કે 'માય, તે તમારી બેહન કયાં છે?' મુવો ચોર! તું 'ગમે ત્યાં હોય, તેની એ બેગાનાને પુછવાની શી ગરજ?"

"પછી? તેં જવાબ કીધોજ નહી કે?"

"મેં જવાબ દીધો પણ જવાબ દઇને તેને ઉડાવ્યો કે 'જી મારી બેહન તો મુંબઇ રેહછ.'—'હું મુંબઇમાં?' તેણે પાછું પુછયું 'વારૂં એલ્ફિનસ્ટન સર્કલમાં મિસિસ સાવક્ષાની સ્કૂલમાં ખરસેદબાઇ નામની શિક્ષક છે તેજ કે?'—'હાજી તેજ,' મેં જવાબ દીધો. 'પણ જી તમોને તેનું શું કામ છે? તમે તેને વાસ્તે શાનું પુછોછ?' મેં ઓંહસ કરીને પુછયું

ત્યારે તેણે મને પણ સીધો જવાબ નહી દીધો. તેણે મને સાંભું પુછ્યું કે 'તે તમારી, બેહન હમણાં ક્યાં છે?' મેં પાછું કહ્યું કે 'મુંબઇ-માં.' ત્યારે તેણે મારૂં કહેલું માન્યું નહી, ને બોલ્યો 'પણ તેવણ મુંબઇમાં તો નથી, ત્યારે ક્યાં હશે?' હવે મેં તેનું કહેલું નહી માન્યું હોય એવું ડોળ ઘાલ્યું. મેં તેને પાછું પુછ્યું કે 'વળી મારી ખટલી મુંબઇમાં નહી તો બીજી ક્યાં હોય? અને કેથે આવી ગઇ હોય તો હું શું જાણું?' આ મારા જવાબથી તે નાસિપાસ થયો હોય એવું જણાયું. પછી જરા-વાર રહીને તેણે પાછું પુછ્યું કે 'વારૂં તમે જાણોછ, માય, કે તમારી એ બેહન હમણાં કેમ છે?' મેં કહ્યું કે 'મારી ખટલી તો મુંબઇ-માં સારીપેઠે છેજી.' ત્યારે તેણે મને પુછ્યું કે 'તમે કેમ જાણ્યું કે સારીપેઠે છે?' આ સવાલથી હું તો પકડાઇ, પણ મેં તુર્તજ જોડી કાહાડયું કે 'હું જાણુંછજી, બેહન ખટલીના અંહી અમારી ઉપર કાગળો આવેછ, તેનાં છેલાં કાગળમાં લખેલું હતું કે તે સારીપેઠે છે.' મેં ફરીથી જાણવાની ખોહસ કીધી કે 'શેઠ, તમે મારી બેહનને વાસ્તે શાનું પુછોછ? તમે કોણ, કે તેની એટલી તલાશ કરોછ?' ત્યારે તેણે એટલુંજ કહ્યું કે 'કાંઇ નહી માય, કાંઇ નહી, તમે કહોછ કે તમારી બેહન સારીપેઠે છે, તો હશે—એટલુંજ જાણીને હું ખુશી છું. અને હવે તેને વિષે હું વધારે પુછવાનો નથી.' એટલું કહીને 'હશે! સાહેબજી' એમ સલામ કરીને તે ચાલી ગયો. તેનો દેખાવ ઘણો દિલગીર ને નાસિપાસ થયલો જણાયેતો અને હાથ એમ તેમ ફેરવતો જતો હતો તે ઉપરથી મને લાગ્યું, ખટલી, કે તે તારે વિષે કાંઇ ઉંડા વિચારમાં પડેલો હતો."

"ગરીબ બિચારો!" તેના આ હેવાલ ઉપર ખટલી દયા ખાઇને બોલી.

"ખટલી, તું તેની દયા ખાયછ, ત્યારે તું તેને ઓળખેછ?" નાજાંએ નવાઇથી પુછ્યું. "તે સરિયામ કોઇ તુને શોધવાજ નિકળેલો હતો, ત્યારે તે કોણ હશે?"

"હું કેમ કહી શકું કે તે કોણ હશે! તેણે તુને પોતાનું નામ તો નહી કહ્યું?"

"મુદ્દલ નહી."

"અને તેં તેને તેનું નામ પુછ્યુંબી નહી?"

"હું પુછતાં ભુલી ગઇ. તેણે તારે વિષે મને એટલા બધા સવાલ પુછ્યા કીધા કે બધાં-ના જવાબ આપતાં, હું તેનું નામ પુછવાની હતી તેબી ભુલી ગઇ."

"પણ જયારે તે ચાલી ગયો ત્યારેબી તેં તેનું નામ પુછ્યું નહી?"

"એ અકલ મને પછવાડેથી આવી, કે મારે તેનું નામ પુછવું હતું."

"અને તેણે બીજા સવાલપર સવાલ શું પુછ્યા?" એટલા હેવાલથીજ ખટલીની ઇનતે-જારી ટળી ગઇ નહી, માટે તેણે વધારે પુછ્યું.

"તું અંહી પુણે આવીછ કે નહી? આવવાની છે કે નહી? તારા આવવાની અમે કાંઇવકી રાખીયેછ કે નહી? એમ તારા અંહી આવવાનું એકનું એકજ ઠરડેકાણું પુછ્યા કીધું. મેં તો જે જવાબ દીધો, તેથી વધારે હું કાંઇ બોલી શકી નહી. મેં ઘણામાં ઘણું એટલુંજ કહ્યું કે મારી ખટલી તો, જી, અંહી મેહલા-શાહ મામાપર કાગળો લખેછ, તે કાંઇ હું હંમેશ વાંચતી નથી અને મામા મને હંમેશ વંચાવતા નથી, તેથી હું વધારે કાંઇ જાણતી નથી; મારા એ જવાબ ઉપરથી 'વારૂં ત્યારે હશે' એમ કહી, તે જરા ચેહરો કરમાવીને ચાલી ગયો. એટલું તો મને ખરૂં લાગ્યું કે એ કોઇ તારો દોસ્તદાર હશે. હવે ત્યારે ખટલી તું નાકે જીભ લગાડતી હતી, પણ મેં કહ્યુંતું તે શું ખોટું હતું કે મુંબઇમાં તારા ઓળખીતા માટિડા દોસ્તદારો છે?"

"હોયજતો—મુંબઇ જેવાં શેહરમાં ને એક સ્કૂલ જેવા જાહેર ખાતાંમાં રેહવાનું હોય, ત્યાં તરેહવાર લોકો આપણને ઓળખે તેમાં નવાઇ શું?"

ખટલીના આ બચાવનો નાજાં પાસે કાંઇ જવાબ રહ્યો નહી.

"પણ નાજાં, તેં તે અજાણ્યા માટિડા આગળ મેહલાશાહ મામાનું નામ કહ્યું તેમ માણકશાહ મામાનું નામબી કહ્યુંતું કે?" નાજાંને ચૂપ જોઇને ખટલીએ પુછ્યું.

"નહીંજતો." ખટલીએ ખોલાસો કીધો "મને શી ગરજ પડી કે એક પરાયા માટિડા આગળ આપણા પૈસાદાર મામાનું નામ દેવું! વખત છે કોઇ કેવો હોય, કેવો નહી. માણકશાહ જેવો પૈસાદાર આપણો મામો

થાય એમ જાણીને તે આપણે ત્યાં યા તેને ત્યાં કાંઇ ચોરી બોરી કરવા જાય તો ? પણ ખટલી હું કાંઇ તારા તે દોસ્તને બદનામ કરતી નથી હું ! તે ચોર જેવો લાગતોતો નહીં. તે વાતચીત પરથી તો કોઇ સારોજ માણસ હતો. પણ ચોર લોકબી વાતચીતમાં સારાજ માણસ લાગેછ—ખરા ચોર હોય તે વાતચીતપરથી કાંઇ પકડાઇ આવે નહીં."

નાજાંનાં આ ડાપણ ઉપર ખટલીને રમુજ ઉપજી, અને તે જરા હસીને ચૂપજ રહી.

"ખટલી, તે કોણ હતો ? મને કેહ ? મારા સમ મને કેહ" હવે નાજાં કરગરીને પુછવા લાગી. "તે કોઇ તારી ઉપર પ્યાર રાખનારો હતો ? તે કોઇ તુને મિસિસ સાવક્ષાની સ્કૂલમાં મળેલો હતો ? અને તુંને મુંબઇથી આવતી રહેલી જોઇને પોતાના પ્યારની નાસિપાસિમાં તુને અંહી શોધવા આવેલો હતો ? મને ખરેખરૂં કેહ."

"પણ હું કેમ કહી શકું ? તે કોણ હતો અને કોણ નહીં તે કશાં નામ નિશાન વગર હું કેમ પિછાણી શકું ?" ખટલીને છેક પુણા વેર આમ પુછવા આવેલો તે પુરૂષ ખચીત તેનો વહાલો વર જસાવાળાનો જમસુજ હોવો જોઇયે, એમ ખટલીનાં મનમાં તો ખાતરી હતી, પણ તે કેહવાની તેની હિમત ચાલી નહીં અને તે પોતાનું સંભવિક અજાણ-પણુંજ માત્ર બતાવતી રહી.

'તું કેહતી હોય તો તે મરદ કોણના જેવો હતો તે હું તુને કહી સંભળાઉં ?" નાજાંએ આગળ્યું કીધો "તેનો ચેહરો અને ઘાટઘટમ હજી મારી નજરમાંથી ખીસ્યો નથી. તે લાંબો ને સીધો સોટા જેવો હતો, કદે જરા પતળો હતો, હોઠ જરા ઉપસેલા હતા, તોપણ મોહડું ઉઘાડે ત્યારે તેના સફાઇદાર"સફેદ દાંત દાડમની કળી જેવા હારબંધ દેખાઇ આવતા હતા. તે જેમ ચેહરાથી તેમજ વાતચીતથી ઘણો મીઠો હતો અને ઘણી માયાથી તેણે મને છેલો જવાબ દીધો હતો કે 'બાઇ માય, તમે મારી ગમ જોવોછ, ત્યારે તમારો દેખાવ નકરો તમારી બેહન ખરશેદબાઇના જેવોજ લાગેછ.' એટલો તે તારી ઓળખાણવાળો હતો, વાસ્તે હવે તેં તેને ઓળખવો જોઇયે— તો કેહ કે તે કોણ હતો ?"

તે બેગાનાંનું આ બયાન જે નાજાંએ કીધું તેતો સઘળું જમસુના ચેહરા અને ઘાટઘટમને મળતુંજ હતું, તોપણ—

"તે કોણ હશે, તેનો મને તો જરા ખ્યાલ પણ આવતો નથી." ખટલી નાજાંની બોહસ ઉપરથી કંટાળો દેખાડીને બોલી.

"હું ? તું તેને ઓળખતી નથી, તો હું તેને વિષે તારી આગળ પેહલાં બોલી ત્યારે એટલીબધી ઉસ્કેરાઇ કાં ગઇતી ?" નાજાંએ જાણે કેવીક મોટી શોધ કીધી હોય તેવી પક્કાઇથી પુછ્યું.

"હું ઉસ્કેરાઇ ગઇતી ?" ખટલી નાસુકેર ગઇ "કાં ? હું શું કામ ઉસ્કેરાઉં ? હું કાંઇ ઉસ્કેરાઇતી નહીં."

"હં હવે નાસુકેર જા ! નાં કેહની, કોણ પુછેછ ?" નાજાં તેને ગળે પડી. "વડી બેહન થઇને નાની બેહનને વાહી કાહાડેછ ? મારા જેવા એક બચ્ચાંને ઠગેછ ? તું તો શિખેલી ભણેલી માસ્ટરણ થઇ. તે તારાં શિખતાં બચ્ચાંઓનેબી એમ ઠગાઇ કરતાં ને જાહું બોલતાં શિખવેછ કે ?"

"મુગી મર નાજાં ! રાન બેઅદબ દુકતી ! મારી આગળ તારી એ તુંડાઇ નથી ચાલ-વાની." ખટલીએ નાજાંને ધમકાવી કાહાડીને બેઅદબ, બેસમજ બુબખ કહી.

"સારૂં ! સારૂં ! ખટલી ! તારો ભેદ મેં છુપાવી રાખ્યો તેનો આ બદલો કે ?" નાજાં બડબડી. "તુને તારા ઓળખીતાઓ પુણેવેર પુછતા ને શોધતા આવે તે વાત મેં છુપાવી રાખીને કોઇને તે વાત કહી નહીં, તેનું આ ઇનામ તું મને આપેછની ? પણ બાઇસાહેબ જરા યાદ કરો, તમે કહોછ તેવી હું બેવકુફ ને નાદાન હતે કની તો તમારો એ ભેદ જઇને આખાં ગામને કહી આવતે, સમજયાં કની ?"

ખીજવાયલી ખટલીને આ યાદથી ખરેખર પાછી શુદ્ધી આવી. હવે તે નાજાં આગળ નરમ પડી ગઇ અને પટાવી ફુસ્લાવીને બોલી "ખરૂં છે, તું કેહછ તે ખરૂં છે, બેહન નાજાં. જો તે અજાણો તારે બદલે મેહરીને મળ્યો હતે તો તે એક નજીવી વાત ચુંથી ચુંથીને ઘણી વધારી દેતે. તેં એ વાત વધારી નહીં, એટલી તું ડાહી ખરી ત્યારે,

ચાલ, હવે એ વાત માંડી વાલ. ગલીને નાકેના તે અજાણાની વધારે યાદ ના કર, મારી 'વ્હાલી બેહન હશે, કોઇ બેવકુફ બેગાનો, તેની આપણને શી પંચાત પડીછ? ચાલ હવે તું એ વાત વીસરી જશે અને સુધરી જશે તો, તુંને બાહાર પેહરી ફરવા નવી ફ્લાવર ઓંજરિયાંની સાડી જોઇયેછ, તે હું તુંને મારી સાડી આપીશ, હો મારી દીકરી!"

ખટલીની આ ફેરવી તોલેલી વાત ઉપર નાજાં ખુશાલ થઇ ગઇ અને હવે પોતાનાં કપડાં અને પોતાની મોજનીજ વાત કરતી રહી.

"ઓ મારી વ્હાલી બેહન" તે ખટલીને ગળે વળગીને બોલી "તારૂં મારી ઉપર કેવું હેત છે! ફ્લાવર ઓજરિયું મને કેવું પેહરવા ગમેછ, ને હું તેમાં કેવી શોભી નિકળીશ. બસ હવે મને એક નવાં બુટનીજ ગરજ છે, ને મેહલાશાહ મામાનો જરા હાથ ફરતો થાય ને તેવણ મને એક નવાં બુટની જોડી અપાવશે તો પછી પીળાં બુટને ફ્લાવરનાં ઓજરિયાંમાં હું સદાંની ધનબાઇના જેવી કેવી મજાની બિરાજી રહીશ!"

"તુંને નવાં બુટ જોઇયેછ, તેબી હું અપાવીશ, હો, મારી દીકરી," ખટલી નાજાંનો બરડો પસવારતી બોલી "મેહલાશાહ મામા બિચારા ગરીબ છે, તેવણ પાસ કદાચ એટલો ખર્ચ કરવાની શકિત નહી હશે, તો હું માકામામાને કહીને તુંને તે ખર્ચ અપાવીશ. હવે તો બસ? જા ખુશી થા, મારી ડાહી દીકરી. હવે તું જરા સારાં સોજ સલુક રાખ, જરા તારા બાલને ઓળીને રોજ ઝુચરાપલા પીખાપલા નહી પણ સોજા ને સફાઇદાર રાખીને ફર. તું કાંઇ હવે છેક નાનુ બચ્ચું નથી. તું હવે બૈરી થવા આવીછ, તો જરા સુધરેલી હાલતમાં ફરશે તો ગામના લોકો તુંનેબી ચાહશે ને માન આપશે. તું કેહછ કે માકામામા તુંને બોલાવતા નથી, પણ તું સાણસોગતથી ફરશે ત્યારે માકામામા તુંનેબી બોલાવીને રાખશે અને નહી બોલાવશે તો હું માકામામાને કહીને તુંને ચીનાબાગમાં તેડાવીને રખાવીશ."

પ્રકરણ ૩૩ મું.

નવી પંચાતીઓ.

નાજાં એટલી તો નાદાન હતી કે એક પંચાતી પુરી થયા પછી, બીજી પંચાતી ઉભી કરતાં તેને વાર લાગતી નથી. વાંચનારી બાઇઓ કેહશે કે એ બધો નાજાંની બેલગામ બોલકણી જીભનો વાંક હતો. તે બોલવામાં ભમરડો ગુમાવતાં આડું અવળું કાંઇ જોતીજ નહી હતી.

ખટલીના કોઇ "વ્હાલા" ને "માનીતા"-ની પંચાતી નવાં કપડાં ચપડાંની લાલચ ઉપર ખટલીએ માડી વળાવી એટલે નાજાંએ વળી એક નવી પંચાતી ઉભી કીધી.

પેહલાં તો તે ખટલીની માયા મેહરબાનીને માટે ઉપકારના શબ્દો બોલી, અને તેનીજ સાથે તેણીએ પોતાની જીભની કાતર ચલાવીને એક નવી પંચાતી વેત્રી કાહાડી.

"તારી મોટી મેહરબાની છે, મારી વ્હાલી, બેહન" નાજાં ખટલી ઉપર ખુશ ખુશ થઇને પ્યારભરેલી પ્રસન્નતાથી બોલી. "હું તારી શિખામણ માનુંછ, ને હવે હું તું કેહશે તેમજ ચાલીશ, હો મારી જાન. પણ ખટલી, માકામામા આપણી મેહરીને પાછી બોલાવતા નથી કે? જયારથી તું અંહી આવીછ ત્યારથી તારા ઉપર મેહરીનો તો મિજાજ જતો રહ્યોછ જો."

"કાં? હું મેહરીનું શું બુરૂં કરૂંછ?" નાજાંએ વળી આ નવી પંચાતી ઉભી કરવાથી ખટલીએ પુછયું.

"હું તો કહુંછ કે તું આવીછ ત્યારથી મેહરીનાં નાકનાં નસ્કોરાંનેજ કાંઇ એવી લચક ભરાઇછ કે તે દાહડનું એનાં નાકનું ટીચકું વાંકું ને વાંકુંજ રહ્યુંછ."

"પણ છે શું? મેં મેહરીનું શું બિગાડયુંછ?"

"એટલુંજ, કે માકામામાને ત્યાં જઇને તું એકલી એકલી મોજ કર્યા કરેછ, ને માકામામા મેહરીને બોલાવીને રાખતાતા, પણ તું આવીછ તેથી તેવણ હવે તેને બોલાવતા નથી."

"નાજાં, માકામામા મને વધારે ચાહતા હોય તો તેમાં મારો વાંક નથી."

"વારૂં ખટલી, માકામાંમાની મેહરબાનીથી તું પરણશે, ને જુદું ઘેર માંડશે, ત્યારે મને તારે ઘેર બોલાવશે ને 'અને તારી સાથે રાખશે કે?" નાજાંએ ખરેખરી નવી છેડતી તો આ શોધી.

"મને પરણાવે? વળી એ વાત કયાંથી લાવી?" ખટલીએ અચરતી બતાવી.

"તું ઉડાવ ના ખટલી, અમે બધાં એમ જાણીયેછ. માકામાંમાનું તારી ઉપર આટલું બધું હેત છે, તો શું તેવણ તુને પરણાવશેજ નહી કે? તેવણનો બધો પ્યાર તારાં કપડાં ચપડાં ને ખાણાં પીણામાંજ અટકશે કે? નહી નહી, અમે બધાં જણે નકી કીધુંછ કે તુને પરણવાનો ખર્ચબી માકામાંમાજ આપશે અને તુંને કોઇ સારે ઠેકાણે લગાડયા વગર એવણ નહી રેહશે."

"પણ હું પરણવાનીજ નથી, નાજાં." ખટલી મિજાજથી બોલી.

"નહી? કાં નહી? આજે ભલી ભલી છોકરીઓને પરણવાના પૈસા જોઇયેછ, ને તુને માકામાંમા પૈસા આપે તોબી તું પરણવાની નથી?"

"નહીજ તો, માકામાંમા જીવતા છે, ત્યાંસુધી હું નથી પરણવાની. હું તો તેવણનાં ઘેરમાં રહી તેવણની હૈયાતી સુધી તેવણનું ઘેર ચલાવવાની છું."

"પણ માકામાંમા તો કદાચ હજી બીજાં વીસ, પચીસ વર્ષ સુધી જીવશે, ત્યાંસુધી તું કુમારીજ રેહવાની કે? ને પછી તેટલાંમાં તો તું ચાલીસ પીસ્તાલીશ વર્ષની અઢેર થયા પછી તુને કોણ પરણવાનું હતું? 'નહી, વ્હાલી બેહન, હમણા તુંને પરણવાની તક સારી છે તેટલાંજ તારે પરણીને સુખી થઇ જવું જોઇયે. મેહલાશાહ મામાબી તારે સારૂં રોજને રોજ એમજ કેહછ. એવણ તો ધારેછ કે જ્યારે હશે ત્યારે તારૂં શેહરયારજી સર્દાના જાંહગીર સાથ ગોઠવાઇ જવાનું. ખરૂં કેહ, ખટલી, તુને એ જાંહગીર ગમેછ કે નહી?"

"બળ્યોરે! હું તેનું મોહડું જોતાંની વારજ તેને ધિક્કારૂંછ!" ખચીત ખટલીનાં મનમાં આ વખતે સર્દાનો જાંહગીર નહી હતો, પણ જે પેલો "સીધો સોટા જેવો જુવાન" ખટલીની શોધમાં અંહી આવીને નાસિપાસ પાછો ગયલો તેણે હુંમણાજ સાંભળ્યોછે, તે જુવાને આ વખતે ખટલીનું મગજ તો રોકી રાખ્યું હતું.

તે કયાં હશે? હમણા શું કરતો હશે? તે પતેતીને દાહડે ખટલીની શોધમાં નિરાશ થઇ પાછો ફર્યા પછી કેવી હાલતમાં હશે? શું તે બિચારો ભુખે મરતો નહી હશે? અથવા વધારે ખરાબ ભીખારી હાલતમાં બિચારો ઠાર મર્યો ગયો નહી હશે? જેને ખટલી કશી આશા વગર, ભુખમરાના અંત ઉપર છોડી આવેલી, તેનાં ભવિષ્ય વિષે એવો દુષ્ટમાં દુષ્ટ ભય રાખવાને શું ખટલીને કારણ નથી?

નાજાંએ જ્યારથી ખટલીની શોધમાં નિકળેલા એક જુવાનિયાની આ વાત છેડી, અને જ્યારથી તે કોઇજ નહી પણ તેનો વરેલો વ્હાલો વર જમસુ હોવો જોઇયે એમ ખટલીએ પોતાનાં મનમાં નકી કીધું, ત્યારથી તેનો વિચાર તેનાં મગજમાં ભમ્યાજ કીધો. તે પુણે આવીને પરપુછ કરી જવા પછી તો અને ખટલી પુણે આવેલી નથી એમ નાજાંએ તેને ભૂલાવો ખવાડીને પાછો વાળ્યા પછી તો તે બિચારો વધારે નિરાશ થયો હશે, તેનું દુઃખ ખટલી પોતાનાં મનમાં અટકાવી શકી નહી. હવે, કાંઇ નહી તો ખટલી પુણામાં છે અને જીવતી છે એટલોબી સધ્યારો, તેની ઉમેદવાર ચિંતામાં તેને પોંહચાડવાને ખટલી ખાયશમંદ થઇ, અને એવો સધ્યારો તેને પોંહચાડવાને શું કરવું તેનો કોઇ ઉપાય યોજવાને તે ઘણી ખંતી થઇ.

ઘણો વિચાર કરતાં કરતાં પોતાનો પેગામ જમસુને પોંહચાડવાનો ખટલીને એક ઉપાય સુજ પડયો. તે ઉપાય વર્તમાનપત્રોનો આશ્રય લેવાનો હતો. ખટલી માકામાંમાની આગળ ન્યુજપેપરો વાંચતી હતી, તેમાં કોઇવાર પરણવા કરવાની જાહેર ખબરોની પારસીઓમાં નવી ફાશિન ચાલેલી તેણે જોઇ હતી. તે ઉપરથી પોતે પણ જાહેર ખબરની મારફતે જમસુને પોતાનો પેગામ પોંહચાડવાનો ઉપાય ખટલીને સુજ પડયો.

મુંબઇમાં મિસિસ સાવકશાહની સ્કૂલમાં ખટલીની એક વિશ્વાસુ સહી હતી તે આપણે આગળ જોયુંછે. ખટલીએ પરણ્યા પછી પોતાનું છુપ્યું સરનામું "મિસિસ દારાશા

હોલીદાદીનાનાં" છુપ્યાં નામથી આપી રાખ્યું હતું, કે જે નામે તે ખટલીના કાગળો તેણી ઉપર તેના મરઘાસેરીનાં ઘેરમાં મોકલી આપતી, એટલી તે ખટલીની વિશ્વાસુ સહી હતી.

એજ પોતાની જુની અને પ્રિય સખીને ખટલીએ પોતાના આ નવા સહાસ વિષે પોતાના વિશ્વાસ તળે લીધી અને તેની મારફતે "જામે જમશેદ" માં જાહેર ખબર છપાવવા મોકલી ખટલીની સખીએ તે જાહેર ખબર જામે જમશેદમાં છપાવી અને તેના પૈસા વટીક ચુકવી આપ્યા તે જાહેર ખબર નીચે મુજબ હતી.

"**જમસુને ખબર**—હું તમોને ભૂલી ગઈ નથી. હું હરરોજ મારાં હરએક કામમાં તમોને યાદ કરૂંછ, અને તમારાજ લાભનો વિચાર કરૂંછ. આપણુ પાછાં જોડાવાની હું ઘનતેજારીથી આરજુ રાખુંછ. હું આશામાં ને આશામાં સારા વખતની વાટ જોઉંછ તેમ તમેબી જોજો. તમે કયાં છો અને કેમ છો તે મને લખી જણાવજો. તમારો કાગળ બોરીબંદરની પોસ્ટ આફીસમાં 'ખટી' ને સરનામે બીડજો."

જામે જમશેદમાં આ જાહેર ખબર ત્રણ વાર છપાવી અને તેનો કાંઇ જવાબ બોરી બંદરની પોસ્ટ આફીસ હરતફ આવ્યો હોય તે લેવાને ખટલીની ફરમાસથી તેની વિશ્વાસુ સહીએ ઘણા દિવસ સુધી માણસ મોકલ્યા કીધા, પણ કશો કાગળ મળ્યો નહીં. જમસુએ જાહેર ખબર જોઇ હશે કે નહીં તે વાત પણ શકમાં રહી ગઇ.

એ અંતરમાં ખટલી ચીનાબાગમાં પાછી રહેવા ગઇ, માકામામાને ખટલીની વસ્તી વગર ચાલ્યું નહી. તેવણે તેને મેહલાશાહ મામાને ત્યાંથી બે દાહડામાં પાછી બોલાવી લીધી, અને ખટલી ત્યાં ગઇ ત્યારે જમસુ વિષે પોતાનાં મન ઉપરનો સઘળો ભાર લઇને પાછી ગઇ.

માણકશાહ મુકાદમ પોતાની ત્રણ ભાણુજો-ને પૈસા કેમ આપી જવા ધારેછે, તે હજીસુધી તેવણે કોઇની આગળ કહ્યું નહી હતું. પણ તે દોલત ખટલીને મળવાની છે, એટલું તો પુણાની પારસી ખાસ વ આમે પોતાનાં મન-માં મુકરર કરી રાખ્યું હતું. બીજી બે બેહનોને કદાચ કાંઇ મળે, પણ તે થોડુંજ મળવાનું છે, અને માણકશાહની મીલકતનો મુખ્ય ભાગ તો ખટલીનેજ મળવાનો છે એટલું લોકો નકી માનતા હતો.

"બીજી બેહનોને તો પંદર વીસ હજારનો વારસો મળે તો ભાયગ" સદીનાં ધનબાઇજી પોતાના "બંગલા" ના "બાગ" માં દોરા-બજી "ગુત્તાવાળા" (દારૂવાળા) નાં ધણી-યાણી આગળ ડફાંસ મારતાં હતાં. "અને જે છોકરીઓનો કદી લગનમાં ઉઠાવ થવાનો નહી હોય, એવી છોકરીઓને પંદર વીસ હજારનો વારસો કાંઇ થોડો નથી. પણ મારે-શખુન યાદ રાખજો, દીનબાઇ, કે એ બેહનો નો નાનો વારસો બાદ જતાં, બાકીની બધી દોલત ખટલીને મળવાની. ખટલીપર તો બુઢો મામો ખુરબાન ખુરબાન છે."

"ખટલી ખુબસુરત ઘણી છે, હો, માય ધનબાઇજી."

"ખુબસુરત તો સમજયાં!" સદીના ધન-બાઇજી પોતાના કરતાં બીજી કોઇનીબી ચહ-ડતી ખુબસુરતી કબૂલ કરવાને ખુશી નહી હતાં. "તોબી પુણાનાં બીજાં પારસી બૈરાંઓ સાથ સરખાવતાં ખટલીનું સ્વરૂપ ચહડે ખરૂં."

"ને વળી એ છોકરીના શાણુસલુક ઘણાં સરસ છે." ગુત્તાવાળાનાં દીનબાઇએ ચહ-ડાવી આપ્યું "માય ધનબાઇજી તમે શું કામ ચુકોછ! એવી એક છોકરી તમારી વહુ થવાને લાયક છે. અખઇ રહ્યા દીકરા જાંહગીર સાથ તેનું ગોઠવી રાખો."

"હારેજી, અમારો વિચાર તેમજ છે, ને હું ધારૂંછ કે ખટલીને અમારા કરતાં બીજું સારૂં ઘર મળવાનુંજ નથી."

એ ઉપરથી ખટલી સદીવાળાંઓની વહુ થવાની છે, એ વિચાર પોતાનાં મનમાં નકી લઇને દીનબાઇ પોતાને "ઘેર" ગઇ અને ત્યાં પોતાના નકી એતેકાદ લેખે એ વાત તેણીએ પોતાના વર દોરાબજી દારૂવાળાને જાહેર કીધી.

દોરાબજી દારૂવાળા દોલતમંદ હતા માટે બીજાઓની દોલતનો પોતાને નખમાં સુમાર હોય એમ ડોળ દેખાડતા હતા.

"એ પૈસામાં પૈસા ભરાવાની વાત. ખટલીને વારસો મળશે, તે સદીવાળાંઓમાં

પરણવાથી બધો પૈસો સદર્ના પૈસામાં જઈને જાશે."

"ત્યારે શું એ ચીનવાળાં મુકાદમ પાસે પૈસા ઘણા છે?" દીનબાઈએ પુછ્યું.

"હાજતો" દોરાબજી દારૂવાળાએ ખાતરીથી જવાબ આપ્યો. "મા઼કા મુકાદમ પાસે કમમાં કમ પચીસ લાખની પુંજી છે."

આ સર્વનો સાર એ કે પુણાના પૈસાદારો જેમ મધ ઉપર માખ બમે તેમ માણકશાહ મુકાદમના પૈસાપર પુશ્કલ બમતાને બમતા રહ્યા. તેઓએ માણકશાહને અને તેવણની બાણેજ ખટલીને ખુશામતખોરું માન આપવામાં કાંઈ બાકી રાખ્યું નહી. સદર્વાળાઓ તો જાણેકે મરી ફીટવા લાગ્યાં ત્યારે ગુત્તાવાળાઓ તો તેમના ગોલામ હોય તેમ તેઓની કદમબોશી કરવા લાગ્યાં.

સદર્વાળાંઓને ચીનાબાગવાળાંઓ ઉપર આટલી ચેલમેલ ચલાવવાની મતલબ ઉંઘાડી હતી. તેઓ પોતાના દીકરા જહાંગીરને આપીને મા઼કા મુકાદમની બાણેજ ખટલીને પોતાની વહુ કરવાનાં હતાં—એ તેઓની મતલબ તો બધાં જાણતાં હતાં; પણ "ચેહલમિનાર" ના વસનારા ગુત્તાવાળાઓની એ બધી ચેલમેલ કરવામાં શી મતલબ હતી? પારસી ખાસ વ આમે એવું મત બાંધ્યું હતું કે ગુત્તાવાળાંએ દારૂના ધંધામાં ઘણી દોલત એકઠી કીધી હતી, તે દોલતમંદોની મતલબ મા઼કા મુકાદમની ચીનાઈ દોલત કોઈ રસ્તે પોતાના કબજામાં લેવાની હતી. ને કેમ? અને કાં? તે કોઈ કશું કહી શકતાં નહી હતાં.

આ સઘળી ખાતરદારીનો લાભ ખટલી ઘણાં થંડાં દિલથી લેતી હતી. તે આ પૈસાદારોના લાડ અને નાજનખરાંમાં લપટાઈ જવાનો કેટલો જોખમ છે, તે સારીપેઠે સમજતી હતી—પોતે એક પરણેલી અબળાએ બાહારવાળાઓ વચ્ચે પળોટાઈ જતાં કેટલો અંતર રાખવો જોઈયે, તે સમજીને તેઓને બનતાં સુધી દૂરનાં દૂર રાખતી હતી, પણ તે તેઓને દૂર રાખેછે એવું તેમને દેખાડતી નહી હતી, અથવા તેઓ ખટલીને "કેહ બોલાવ" કરે યા તેને માટે ભેટ સોગાત મોકલ આકલ કરે તે સઘળી ના પાડવાની તેની હિમત ચાલતી નહી હતી. તે માત્ર પોતાની હાલત સંભાળીને રહેલી હતી—તેનાં એ થંડાપણ ઉપરથી પુણાના "ખાસ" પારસીઓમાંથી તેને કોઈ કુંજરી તો કોઈ મગરૂર અને મિજાજી સમજતાં હતાં. પણ પોતાના સ્વભાવ વિષે તેઓની એ ભૂલ ખટલી કોઈબી રીતે સુધારવાને તત્પર નહી હતી. તેઓ તેને કુંજરી યા મગરૂર વિચારે તો તેવીજ તેમને વિચારવા દેવામાં ખટલીનો લાભ હતો.

અગત્ય કરીને સદર્વાળાંઓ ખટલીને બાહાર ફરવા હરવા લઈ જવાને ખાસ ખુશી બતાવતાં હતાં. માણકશાહ મુકાદમથી જૈફી અને નાતવાનીને લીધે હવામાં બાહાર નિકળાતું નહી હતું, તેથી ખટલી પણ ચીનાબાગમાં ગોંધાઈ રેહ તેની જાણે કે. આ માતબર પારસી પડોશીઓને દયા લાગતી હતી. તેઓ ખટલીને બંડ ગાર્ડનમાં બેંડ સ્ટાંડ ઉપર અથવા રમતગમતોમાં લઈ જવાની ઓહસ કરતાં હતાં અને મા઼કામામા પોતે પણ ખટલીને તેમની સાથે મોકલવાને ચાહતા હતા.

"મામાજી, મને બેંડ સાંભળવાનો ઘણો શોખ છે," ખટલી જવાને ના પાડવાને બાહનું કાહાડતી, "પણ, જી, તમોને ઘરમાં એકલા રાખી મને તમારી વગર જવા ગમતું નથી."

"પણ દીકરી એક સીતેર વર્ષના ઘરડામાં અને વીસ વર્ષના જુવાનમાં ઘણો તફાવત છેની તો?" મા઼કામામા ખટલીને સમજાવતા હતા. "તારીથી મારા જેવા એક બુઠા બુબખની સરખેસરખી થવાય નહી. તુને જરા છુટી જોઈયે, આસાયશ જોઈયે, ફરવું હરવું જોઈયે."

"પણ તમારી સંગતમાં મને પુરતું સોહવાઈ જાયછ, મામાજી."

"દુકતી મારી ખુશામત કરેછ. રાન મારા પૈસા લેવાની થઈછ તેથી મારી પુઠ છોડતીજ નથી." માણકશાહ મુકાદમે મનમાં સાર કાહાડયો.

"પકી છોકરી! પોંહચેલી બુટ્ટી!" સદર્નાં ધનબાઈજી જેવાં મોટાં માણસને એ દુકતી દૂરની દૂર રાખેછે તે જોઈને દારૂવાળાનાં દીનબાઈએ પોતાનાં મનમાં સાર કાહાડયો અને પોતાનું એ મત ધનબાઈજીને કહી પણ સંભળાવ્યું.

"હાજતો માય, એ છોકરી આપણને ઉડાવેછ કેવી!" ધનબાઈજી એકમત થયાં "એ

બધી એના મામાના પૈસાની કુમકપર જો માય! મામાનો વારસો ખાવાની છે કે કાંઇ મશખરી છે? મામાની અરધીએ અરધી એને મળશે ખરી કેની?"

"ત્યારે તો માય ધનબાઇજી ચુકો ના." એક પૈસાવાળાં મોટાં બાઇને બીજાં પૈસાવાળાં મોટાં બાઇએ સલાહ આપી. "તમે તમારા જાંહગીરનું એની સાથ કારજ કરવામાં ઢીલ ના કરો. એવું પૈસાદાર ઠેકાણું આખા પુણામાં બીજું મળશે નહી"

"હુંબી તેજ વિચારમાં છું." ધનબાઇજીએ દીનબાઇ ઉપર વિશ્વાસ દેખાડયો. "પણ જોવની માય એ છોકરી ખટલીની જાત બુનિયાદ કાંઇ સારી નથી. ખાનદાન કાંઇ નથી. 'ખજુરિયા' તે કાંઇ ખાનદાન કેહવાય કે?"

ખરી વાત એ હતી, અને તે દારૂવાળાની દીનબાઇ જાણતી હતી કે ખટલીને મળવાના મામાના વારસાની આશાપર સર્દાવાળાંઓ તેને પોતાની વહુ કરવાને ખંતી હતાં, તે છતાં ખટલીએ તેવાં એક ખાનદાનમાં પોતાની સગાઇ ના પાડી હતી. માટે પોતાને ના પાડવાની નામોશી ઢાંકવાને એ સર્દાવાળાંઓએ હવે ખટલીનાં હલકાં ખાનદાનનો બુરો બનાવી કાહાડયો હતો, તે કાંઇજ નહી પણ "દ્રાક્ષ ખાટી છે" તેમાંની વાત હતી. અને દારૂવાળાની દીનબાઇએ સર્દાનાં ધનબાઇજી આગળ તેવો કાંઇક એસારો વટીક કરી બતાવ્યો.

"પણ માય તમે એ ખટલીનું ખાનદાન હલકું ગણોછ," દીનબાઇએ કહ્યું "ત્યારે ગામમાં તો વાત ચાલીછ કે તમે તમારા દીકરાને વડે એ છોકરીનું માગું વટીક મોકલ્યુંતું, પણ એ છોકરીએજ તમારૂં માગું ના પાડયુંછ. હું એ વાત માનતી નથી, તોપણ પુછુંછ કે એમાં કાંઇ પણ સચાઇ છે કે?"

"મુદલબી નહી." ધનબાઇજી છછણી પડયાં "એક સર્દાવાળાંની સગાઇ કોઇબી ના પાડે એમ તમે માનતાંજ ના, માય દીનબાઇ."

"ત્યારે તો હજીબી તમે જાંહગીરનું એ ઠેકાણે ગોઠવો તો સારૂં." દીનબાઇએ આ સગાઇ ઘણીજ પસંદ કીધી અને તેનું કારણ શું બતાવ્યું? "કે માણુકશાહ મુકાદમ જેવાના પૈસા તમારે ત્યાં આવે."

"હં! પૈસા! હં!" પણ સર્દાનાં ધનબાઇજીનાં નાકમાં તો એ પૈસાબી ખુંચ્યા કે "ચીનમાં સપાટા ઝપાટામાં આડાઅવળા હાથ મારીને મેળવેલા પૈસા, તેની બિસાદ શી?"

માણુકશાહ મુકાદમની મોટી દોલતની વડાઇ લઇને વાતો કરનારાં અને તે પૈસાદારની ખરખુશામદ કરનારાં તથા તેની આશાપર તેની ભાણેજ સાથ પોતાના દીકરાનું માગું મોકલનારાં તો આ સર્દાવાળાંઓ પેહલવેહલાંજ હતાં, તે છતાં ખટલીએ તેમને ના પાડીને નાસિપાસ કીધા પછીજ તેઓ હવે તેનાં ખાનદાનને હસેછે, અને તેના પૈસાને હીણેછે, એ દારૂવાળાનાં દીનબાઇ સારીપેઠે સમજતાં હતાં, પણ સર્દાનાં ધનબાઇજીને મોહડાંપર ને મોહડાંપર તે કહી આપવાની તેવણમાં હિમત નહી હતી.

પૈસાવાળાંઓ મનમાં એક વાત વિચારે અને મોહડાંપર મીઠાં રેહવા બીજી વાત કરે, તેના દાખલાઓની દુનિયાંમાં કાંઇ નવાઇ છે વારૂં!

અને તોપણ દીનબાઇથી એટલું તો બોલ્યા વગર રેહવાયું નહી કે "માય ધનબાઇજી તમે માણુકશાહ મુકાદમની દોલત ચીનમાં આડાઅવળા હાથ મારીને મેળવેલી કહોછ તે વાત તો ખરી છે, પણ બીજાં બધાં પૈસાવાળા કેમ થાયછ? આડાઅવળા હાથ મારીનેજ તો? ને આડાઅવળા હાથ માર્યા વગર કોઇથી પૈસાદાર થવાતું નથી."

પ્રકરણ ૩૪ મું.

ચીનાબાગની ખટલી.

અને એ પ્રમાણે ત્યારે ખટલીના દાહડા માણુકશાહ મુકાદમના ચીનાબાગની શકભરેલી મોજમઝાઓમાં ગુજરવા લાગ્યા. ચીનાબાગની ખટલીની એ જીંદગી એવી તો બાહારના ઠગારા દેખાવની હતી, એવીતો અકુદરતી અને હુનરમંદી ભરેલી હતી, એવીતો ખુશામતખોરી અને ફિસ્યારીખોરી હતી, કે અગરજો એ જીંદગીમાં મોકામામાના પૈસાની લાલચ

નહી હોત, તો ખટલી એ જીંદગીનાં એકનાં એકજપણાથી કંટાળી ગઇ હોત. ખટલી પુણાના મોટા લોકોની સંગત ધિક્કારેછે, તેમની સાથ ફરવા હરવાની મોજમઝાઓ ના પાડેછે અને માકામામાના ચીનાઇ એકાંત વાસનાં એકાંત ખુણામાં જે એકની એક મોજમઝા મળી શકેછે તે ઉપરજ સબુરી પકડીને રહીછે, તેનું મોટું કારણ તે મામાના પૈસાની લાલચ છે. તે માકામામાને ખુશી રાખવા પોતાની મોજમઝાનો ભોગ આપતી હોય એવું દેખાડેછે—તે સર્વનો બાતેન ભેદ પૈસાનો—પૈસાના ચીઓડાનો અને "કાળાં ઠીકડાં" નો છે.

ખટલી માકામામાની સંગત વગર એકલી બાહર બરવાસ જવાને ના પાડતી હતી, પણ માકામામા જ્યાં જાય ત્યાં તેવણની સાથે જવાને તૈયાર હતી. અને તે મામાની ઘણીખરી સાંજ અને રાત્રીઓ તો ચીનાબાગની બાહાર ગુજરતી હતી, એટલુંજ ખટલીને માટે બસ હતું. બાહાર એમ કે માણકશાહ મુકાદમને પોતાને ઘેર જમવા બોલાવીને માન ભરેલી મોજ કરાવવાને પુણાનો પારસી "ખાસ વર્ગ" જાણેકે હરીફાઇ કરવા પડયો હતો. આજે શેહરયારજી સર્દા, તો કાલે દોરાબજી દારૂવાળા, તો પરમ દાહડે સોહરાબશાહ વકીલ, અને ચોથે દાહડે કાવસશાહ કમેસરીવાળાનો વળી પાંચમે દાહડે દીનયારજી દસ્તુર અને એવા એવાઓ પોતાને ત્યાં માણકશાહ મુકાદમને જમવા બોલાવતાં જાણેકે પરવારજ પામતા નથી, એવું દેખાડતા હતા.

ખાનાની ટેબલ ઉપર બધાઓને ત્યાં ધામધમ અને ભપકો તો ૧ લા નંબરનોજ થતો હતો—આજે એક જાણે ફુલોનો શણગાર અચ્છો કીધો તો કાલે બીજાની ટેબલપર રૂપાંકામનો ઠાઠ જોઇ લ્યો, આજે એક જાણે વિલાતથી પોતાને માટે ખાસ વર્દીથી મંગાવેલું બિલોરકામ દેખાડવા મેલ્યું, તો કાલે બીજાએ પોતાનું બાપીકું સોનેરી રૂપેરી પ્લેટ ટેબલપર બતાવવાને બાહાર કાહાડયું. ટુકમાં દરએક માતબર મેજબાનની નેમ પોતાના માતબર મેહમાન માણકશાહ મુકાદમ આગળ પોતાના પૈસા ટકાનો બનતો દમદબો અને રોબ રજુ કરવાની હતી. માણકશાહ મુકાદમ તે સઘળું રોજને રોજ જોતા અને તે સઘળું ખાનગી વાતચીતમાં ખટલીને દેખાડી પોતે પણ વડાઇ લેતા હતા. માણકશાહની નબળી દેહ પ્રમાણે તેવણથી ઘણું ખાઇ પી શકાતું નહી હતું, તોપણ તેવણના મેજબાનો ખાણાપીણાની હમા ચીજ તેવણની ખીજમતમાં હાજર કરતા હતા અને જાણેકે આ ચીનાઇ શેઠિયો કેવો ખાધરો ખુલિયો હોય અને કેવો અથંગ પીનારો હોય તેમ તરેહવાર જાતના મિષ્ટાનો અને નાના પ્રકારના જુના દારૂઓ તેવણ આગળ લાવીને મેલતા હતા. તે અલબતાં તેવણને ખવાડવા અથવા પીવાડવા માટેજ નહી, પણ તેવણની ખુશામત અને પોતાની વડાઇને માટે તેવણની નજર પાડવા લાવીને રજુ કરતા, અને માણકશાહ મુકાદમ તે સઘળાં ખાણાપીણા ખાતા કે પીતા તો નહી પણ તેવણની તે ઉપર નજર પડતી અને તેવણ તે પસંદ કરતા અથવા વખાણતા એટલાંથીજ તેવણના મેજબાનો રાજી થતા હતા.

પુણાના આટલાબધા "ખાસ" લોકો એક માતબર શેઠિયાની આટલીબધી મેહમાનદારી કરેછે, તેમાં તેવણના પૈસાથી પોતે પોતાનો કાંઇ લાભ કાહાડી લેવાની મતલબ રાખતા હતા એમ સમજવાનો ગેરઇનસાફ તો પ્રિય વાંચનાર તે સાહેબોને કરશો નહી. માણકશાહ મુકાદમને આટલાંબધાં ખાનપાનનું માન આપવામાં તેઓની કોઇ ખાનગી આપમતલબ તો હતીજ નહી. પણ પોતાના ઘરની ટેબલને તેઓ એક શેઠિઆથી શણગારવા ચાહતા હતા, માણકશાહ મુકાદમ જેવા શ્રિમંત શેઠની દોસ્તીના તેઓ ભુખ્યા હતા, અને આવો એક શેઠિયો તેમનો દોસ્ત છે એમ દુનિયાને દેખાડવાને, તે શેઠિયાની સંફમાં પોતાને ઘુંસાડવાને તેઓ મગરૂર હતા.

પાપડી યા કેરી, અંજીર કે દ્રાક્ષની મોસમ નહી આવી હોય તેની અગાઉ કમોસમનાં ફુલ, ફળ તરતરકારી કે મેવો એક પૈસાદાર મોઘી કીમત આપીને પોતાની ટેબલ ઉપર શા માટે હાજર કરેછે? ફક્ત વડાઇ અને ફિસ્પારીને માટે અને તેજ પ્રમાણે પુણાના પૈસાદાર પારસીઓ જે કારણસર કમોસમના ફુલફળાદી મંગાવતા તેજ કારણસર આ એક પૈસાદાર શેઠિયાને પોતાની ટેબલ ઉપર બિરાજમાન કરી પોતાની વડાઇમાં વધારો કરતા હતા. માણકશાહ

મુકાદમના પૈસા અને આબરૂનો ઉછીકો પ્રકાશ એ પૈસાદારોની ટેબલોને પ્રકાશિત કરતો હતો. તેવણનાં માનમાં તેઓનું માન અને તેવણની કીર્તિમાં તેઓની કીર્તિ હતી. એક માતબર શેઠિયાના પૈસા સાથ પોતાની પિછાણ કરવી એ તેઓ પોતાનો એક ખાસ હક સમજતા હતા. માણુકશાહ મુકાદમના પૈસા તે જાણે કે પોતાના બાપિકા પૈસા હોય, તેવી તેઓ એ પૈસા સાથે બોલવા ચાલવાની છુટ લેતા હતા. તેઓ ચાહે તેમ તેવણના એ પૈસાને તેવણનાં સગાવ્હાલાંઓમાં વેંહચી આપી ચુકયાં હતાં અને ચાહે તેવો તે પૈસાનો પોતાનાં મોહડાંથી ઉપયોગ કરી ચુકયાં હતાં. જાણેકે માણુકશાહ મુકાદમે પોતાના પૈસાનો બધો ભેદ તેઓને અથવા તેઓમાંના એકને કહી મુકયો હોય તેમ માણુકશાહ પાસે કેટલા પૈસા છે, તે શામાં રોકયાછે, અને તે કોણ કોણને આપી જવાના છે, તે સઘળું આ પૈસાદાર પુણેગરાઓએ તો ખચીતાઇથી નકી કરી રાખ્યું હતું. માણુકશાહ મુકાદમનું મોહડું પોતાના પૈસા ટકા વિષે આજ સુધી તાળું મારીને જાણેકે બંધ કરી રાખેલું હતું. બીજાઓ પોતાના પૈસાની ગમે એટલી બડાઇ મારે પણ માણુકશાહ મુકાદમ પોતાના વહીવટ વિષે ચું કે ચાં ચવડયા કે વવડયા નહી હતા. અને તે છતાં પણ પારકાઓના પૈસાટકાના ભેદ શોધી કાહાડવાના હુન્નરમાં આ પૈસાદાર પુણેગરા પારસીઓ પાહવરડા હતા, અથવા પોતાને પાહાવરડા સમજતા અને સમજાવતા હતા.

પ્રકરણ ૩૫ મું.

મામાની ભાણેજો.

ધામધૂમ અને ગડબડસડબડની વચે વખત જાયછે, તે આપણુને માલમબી પડતો નથી, તેમ પુણા ખાતે આવી પડેલી ચીનાઇ જીંદગીમાં ખટલીનું એક વર્ષ વહી ગયું તે તેણે જાણ્યુંબી નહી, અને વર્ષ વીતી ગયા પછીજ તે તેને જણાયું. આસપાસનાઓમાં ખટલીની જે ચેલમેલ થવા લાગી, તેથી તે છાલકી છોડી કાંઇ ઓછી છાપડે ચહડી જવી નહી જોઇયે. બધાં વખાણ કરે—બધાં "કેહુ બોલાવ" કરે—બધાં મોકલ ચાકલ કરે—બધાં "ચાહેના" ચલાવે અને માન આપે—ત્યારે એક ફરેસ્તાનું મગજ પણ ચેરવાઇને ચળી જાય, તો પોતાની ખુબસુરતી ઉપર ખટલી જેવી મગરૂર અને ખટલી જેવી એક નાદાન નાજનીન ઉપર તેનું મન બિગાડનારી એ સઘળી ચેલમેલની કેવી અસર થાય તે વાંચનારજ વિચારી લેશે.

આ એક વર્ષના અરસામાં ખટલીનું અંતઃકરણ તો જાણેકે ઉંઘી ગયું હોય એમ તે વર્ષને છેડે લાગ્યું. ખટલીએ પોતાના મન સાથ ઘણીક મસલતો પછી જે નકી કીધું તે એટલુંજ છે કે તેના વ્હાલા જમસુએ પોતાનો રસ્તો કેથે કરી લીધો હશે—જેમ ખટલી અંહી ગોઠવાઇ ગઇછે, તેમ જમસુ પણ દુનિયાંનાં એકાદ ખુણામાં ગોઠવાઇને અમનચમન કરતો હશે—કદાચ કોઇ મોટા વેપાર યા ધંધા, માં પૈસા પેદા કરવા પડયો હશે—અને માણુકશાહ મામા હવે ઘણા વર્ષ જીવવાના નથી-તેના મુવા બાદ કોઇ શુભ સંજોગો વચે જમસુ ઘણા સરખા પૈસા એકઠા કરીને ખટલીને પાછો આવી મળવાનો હશે.

"અને આ લાંબી જુદાઇથી અમે બેહુ જણે જે જે ખમ્યુંછ, ને જે જે ભોગ આપ્યાછ, તેનો બદલો પછી શેવટના સુખમાં અમે બેહુ જણ સાથે રહીને ભોગવીશું." એ ખટલીએ એક હવાઇ સ્વપ્નું પોતાના મજબુત ઠરાવ રૂપે પોતાના મનમાં બાંધી રાખ્યું.

પણ માણુકશાહ મુકાદમની જીંદગી, જેના ખટલી આ છેલા દાહડા સમજતી હતી, તે તો ઘણાં સુખચેનમાં ગુજરવા લાગી હતી. તેવણના ઘરમાં સઘળાં તેવણથી બ્હીતાં હતાં અને તેવણને માન આપતાં હતાં અને ઘેરની બાહાર સઘળાં તેવણની ખુશામત બરામત કરવા પડેલાં હતાં. બીજા હાથ ઉપર એ ચીસા ચીનાઇ શેઠ પોતે જોકે કડી અને શખત દિલના ગણાતા હતા, તોપણ પોતાની આસપાસનાં માનઅકરામનો પોતાને પુરતો લાભ આપવા પડયા હતા. પુણાના પારસી ખાસ વગનું માન તેવણે ના પાડયું નહી હતું. જેમ

જેમ લોકો જમવા બોલાવતા તેમ તેમ તેવણ ખુશી સાથે તેમને ત્યાં જમવા જતા હતા, લોકોમાં છુટથી ભળાતા હતા, તેઓને પોતાના ચીનાઇ અનુભવની આગળી વાતોથી ખુશ કરતા હતા, લોકો તેવણને જે માન આપેછે તે તેવણના પૈસાનું માન છે તે ઉપર પોતે વડાઇ લેતા, અને પોતાની ભાણેજની સાથે દરએક દોસ્તને ત્યાંથી પાછાં ફરતાં તે ઠેકાણેની રીતભાત અને ખુશામત બરામત ઉપર ખટલીને બોધ આપતા હતા.

"એ લોકો આજે બધા મારા પૈસાને વખાણેછે અને મને 'શેઠ—શેઠ' કરેછ, પણ જો કાલે મારૂં નામ નાદારીનાં લિસ્ટમાં છપાય તો એ લોકો અચરતી બતાવવાના નથી. એ લોકો આજે બધા મને પૈસાવાળો જાણેછ, પણ મારૂં નામ 'ગવરમેંટ ગેઝેટ'માં છપાયા પછી તેબી એ લોકો 'જાણતા' એમજ કાલે કેહવાના. આજે એ લોકો મારા ખર્ચખુટણને વખાણેછ, પણ કાલે મને એવા ખર્ચ રાખવા સારૂં એ લોકો ગધેડો કેહવાના, એવા એ લોકો છે, દીકરી ખટલી, દુનિયાંજ ઠગારી છે—માણસ જાતેજ જુઠો છે." માકામામાએ ખટલી આગળ સાર કાહાડયો.

"નહી નહી, મામાજી; જો ખોદા ન કરેને કાલે તમારૂં કાંઇ માઠું થાય તો એજ લોકો તમારી દયા ખાશે અને ખરાં દિલથી દિલગીર થશે."

ખટલીના આ વિશ્વાસુ વચનો ઉપર માણક-શાહ શેઠે હસીને ગાડીમાંજ ખટલીનો બરડો ઠોકયો અને એટલુંજ કહ્યું કે "નાદાન છોકરી, હજી તું બચ્ચું છે. હજી તેં દુનિયાં જોઇ નથી. તું કેહછ કે એ લોકો કાલે મને ગરીબ થઇ ગયલો જોય તો દિલગીર થશે.' હા—એ લોકો દિલગીર તો થશે, પણ તે શા ઉપર? મારી ઉપર નહી પણ પોતાની ઉપર થશે—એક સુખલા નાદેઉને મોટો શ્રિમંત સમજવામાં પોતે ઠગાયા એમ દિલગીર થશે. પણ મારી પોતાની તો એ લોકો એક રતિ ભારબી દરકાર નહી કરશે. આ પૈસાવાળા-ઓની મંડળી પૈસાના કુત્રાઓનાં એક કલબ જેવી છે, કે જેમાં કોઇનેબી દાખલ થવાની શરત એટલીજ છે કે તે પૈસાવાળો હોવો જોઇયે. પૈસાદારનેજ એ લોકો પોતાની મંડ-ળીમાં દાખલ કરેછ, પણ તેના પૈસા ગયા કે પછી તેને ધિક્કારેછ."

"પણ તમારી ઉપર દાદાર હોરમજદની મેહર છે, મામાજી, તે સાહેબ તમારે એ લોકોને કશી જોવાની એવી નાખુશ ફરજ નહી નાખશેજી." ખટલીએ એટલીજ દુવા ચાહી, પણ તેમ ચાહતાં દોરંગી દુનિયાંની દગાબાજીની તકરાર તો જાણેકે તેણે કબૂલ રાખી.

"નહીંજ તો, દીકરી," માકામામાએ ખટલીને ખાતરી આપી "અને એ લોકો એવી કોઇ દગાબાજી કરે તેટલાં અને ત્યાર સુધી એ લોકો સાથે દોસ્તી રાખવામાં આપણને નુકસાન કાંઇ નથી."

આ ઉભાં વર્ષમાં માકામામાએ ખટલીને પોતાની સોડમાંથી ખીસાડી નથી, ત્યારે મેહ-રીને તો એકબી વખતે ચીનાબાગમાં બોલાવીને રાખી નથી. મેહરી કોઇ કોઇ વાર ચીનાબાગ આવી ગઇછે ખરી, પણ તે તો ખટલીના બોલા-વ્યાથી—માકામામાના હુકમથી તો નહીંજ—મળવા આવી હતી. અને તોપણ પોતાને આમ પડતી મેલાવા માટે મેહરી બળાપાની મારેલી સઘળો વાંક ખટલીનોજ કાહાડતી હતી. ખટલીનાજ કોઇ "પથરા આપવાથી," કોઇ "ચપટાં આપ્યા" થી માકામામા મેહરીને બોલાવતા નહી હતા, એમ તે સમજતી હતી. ખટલીના બોલાવ્યાથી મેહરી ચીનાબાગમાં આવતી જતી તો ખરી, પણ એક માતબર મામાને બદલે એક બેહનની એવી "કેહ બોલાવ" કરવાની મુરબીગીરી ઉપર મેહરી મનમાંને મનમાં બળ્યા વગર રેહતી નહી હતી.

અને તોપણ માકામામાએ ભાણેજ મેહરીને હમણા હમણા પડતી નાખી, તે ભાણેજ ખટ-લીની ખાતરજ નાખીછે એમાં તો કાંઇ શકજ નથી. ખટલી તો, જાણેકે માકામામાએ દીકરી કરી લીધી હોય તેમ, ચીનાબાગમાં રહેલી હતી, એટલુંજ નહી પણ એક દાહડો મેહરી મળવા આવેલી હતી ત્યારે "મારા ઘેરમાં મને મેહરીના કરતાં ખટલી વધારે માફક આવેછ," એમ માકામામાએ પોતે મેહરીની આગળ કહી સંભળાવ્યું હતું.

પણ તેની સાથે "ખટલી પરણી જશે ત્યાંસુધી

મારાજ ઘેરમાં રેહશે" એ વાકય પણ માકામામાએ ઉમેર્યું હતું.

"ખટલી, માકામામાના બોલવાપરથી મને લાગેછ કે હું એવણુને ગમતી નથી." ઉપલી વાત સાંભળાને મેહરીએ બાગમાં ફરતાં ફરતાં એકાંતમાં પોતાની એ ફિકર ખટલીને કહીબી સંભળાવી અને તેની ગોયા સલાહ પુછી. "માકામામા મારી ઉપર કાંઇ નારાજી થયલાછે?"

"નહી, નહી," ખટલીએ બેહનને ધીરજ આપી. "તેવણ તારી ઉપર ખફા થાય એટલું-બધું કાંઇ નથી બેહન. પણ એટલું ખરૂં કે તું અંહી રહી તેટલાં તેવણને ખુશી કરી શકી નથી."

ખટલીનો એટલોજ જવાબ મેહરીના મિજાજને ઉસ્કેરી આપવાને બસ હતો.

"એ મામા ચાહે શું પીયેછ? પોતાની ભાણેજોને તે કાંઇ ગોલામબોલામ ગણેછ કે શું? હું અંહી એક ગોલામડીના અવતારે રહીતી. એના કપડાં કાહડી આપતી; એનાં બૂટ સપાટ વટીક લુછતી; એ રાત્રે ઉંઘી જાય ત્યાંસુધી એની આગળ ન્યુસપેપરો વાંચતી અને મને ઉંઘ આવે તેની હું દરકાર પણ નહી કરતી હતી; એનાં કપડાં કાહડી આપતીતી ને બહારથી ફરીને આવે ત્યારે દોડીને એની સપાટ લાવી આપતીતી; હું એને વાસ્તે ખાના ઉપર બદામ ભાંજી આપતીતી ને મારા હાથ દુખે ત્યાંસુધી સુડી વચે સોપારી ભાંજી આપતીતી—એટલીબધી મેં એની ચાકરી ને ગોલામગીરી કીધી, ને તોબી એ ચીનાઇ ઢાંખરાને હું ગમી નહી!"

"બસ, બસ, મેહરી, મારાં મોહપર ને એવણનાંજ ઘેરમાં એવા એક મેહરબાન મુરબીને ગાળ ના દે!" ખટલીએ મેહરીની આ જીભાનદરાજીને તુર્તજ અટકાવી.

"મુરબી તારો હશે, પણ મારો તો નહીંજ. માયા મેહરબાનગી વિષે તો માણકશાહ મામો મેહલાશાહ મામાનાં ખાસ્ડાંનાં તળિયાંનેબી નહી પુગે."

"ઠીક છે. ત્યારે" ખટલી મેહરીનો બોલ પકડી પાડીને બોલી "હું અંહી સુખી છું, ને તું મેહલાશાહ મામાને ત્યાંજ સુખી છે. તુને એ મામાનો લાલ કીલ્લો મુબારક છે. અને તું ત્યાં રેહેલી છે, તો હું કાંઇ તારી અદેખાઇ તો નથી કરતી! ત્યારે તું મારી અદેખાઇ શાંની કરેછ?"

"હું અદેખાઇ નથી કરતી," મેહરી નામુકેર ગઇ અને તેની સાથેજ અદેખાઇના બોલો બોલી. "પણ હું એટલુંજ કહુંછ કે માકામામા તુને ચાહે ને મને નહી ચાહે એ એક શરમભરેલી રાખરખાવત છે."

એટલી વારમાં એક જણના આવવાથી બે બેહનો વચેની આ ગરમાગરમ શખુનદરાજી બંધ પડી.

એ નવો આવનાર કોઇજ નહી પણ શેઠ શેહરયારજી સર્દાનો દીકરો જુવાંન જાંહગીર હતો.

જાંહગીરને જોઇને મેહરી પોતાનો સઘલો મર્ડાટ ભૂલી ગઇ અને બે બેહનોના ઉસકેરાયલા તાતા ચેહરા જાણેકે કાંઇ બન્યુંજ નહી હોય તેમ હંમેશના હસમુખો ભાવ બતાવવા લાગ્યા.

બાગમાંથી તેઓ જાંહગીરને લઇને બંગલામાં આવ્યાં અને ચીનાબાગના ભાયતળિયાંના ખુશનુમા દિવાનખાનામાં નાની નાની નકસીદાર જાપનીસ ટેબલો ઉપર મુકેલાં ચીની પ્યાલાઓમાં ખુશબોદાર ચીનાઇ ચા પીવાને મખમલના નરમ કોચો ઉપર તેઓ વાત કરતાં બેઠાં.

એક ભીખારીની હાલતમાં પોતાનું ઘરબાર તજીને નાહશી આવેલી એક છોડીના આ સઘળા ભપકાનો આ સઘળો પોકલ ઠાલો દેખાવ હતો ખરો, પણ એક ઓરડો જે તે માહેલાં ફુલ પાનોથી બગીચો બની રહેલો, તેનાં સોહામણા દિવાનખાનામાં મોઘી ને મીઠી ચા પીતાં મીઠી મીઠી વાતો કરવાનું, નવી ભપકાદાર સાડીઓ પેહરવાનું, અને પોતાની તથા પોતાનાંઓની ચોતરફથી તારીફપર તારીફો સાંભલવાનું ઘણું મનગમતું અને મજાનું લાગતું હતું.

પ્રકરણ ૩૧ મું.

ખટલી અને જાંહગીર.

દારૂવાલાના દીનબાઇની, અટકલ ખોટી હતી. તેણે સદીના ધનબાઇજી આગળ એવી તર્ક બાંધી હતી કે તેવણના દીકરા જાંહગીરનું માગું માણેકશાહ મુકાદમની આ રૂપાળી બાણેજે રદ કીધું હશે, તે તર્ક એક ખાલી તોપ માત્ર હતી. જાંહગીરે હજી સુધી ખટલીનું માગુંજ ક્યાં કીધું હતું કે ખટલી તે રદ કરે?

જાંહગીર અને ખટલી વચે ઘણોક એખલાસ જોઇને તે બેજણ જાણેકે પરણવાનાં હોય એમ બાહારથી લાગતું હતું; અને તે પછી ઘણું સુધી તેઓ પરણ્યાં તો નહી, તે ઉપરથી તેણે જાણેકે માગું પણ કીધું હોય અને ખટલીએ તે રદ પણ કીધું હોય એમ પારકી કનવાર કરનારાં કુથલાકરૂ લોકોએ તર્ક ચલાવી હતી. પણ એ બેમાંનુ કશું ખરૂં નહી હતું.

જાંહગીરના માબાપ ખટલીનું માગું કરવાનું પોતાના દીકરા ઉપર દબાણ કરતાં હતાં ખરાં. તેઓએ તેને સમજાવવાને કાંઇ બાકી રાખ્યું નહીં હતું કે ખટલી જેવી રૂપાળી અને વળી પૈસાના જબરા ચીકાશવાળી બીજી બાયડી તેને મળવાની નથી, માટે આ બાજી તેણે ચુકવી નહી.

પોતાનું માગું મોકલવાનું જાંહગીરના માબાપે દીકરાની મુનસફી ઉપર રાખ્યું હતું, પણ જાંહગીરે માગું મોકલવાની હિંમત ચલાવી નહી હતી. તે હજી ધચુપચુ હતો, આનાકાની કર્યા કરતો હતો. તે હજી નકી કરી શકયો નહી હતો.

"શું ખટલી તુને પસંદ નથી? યા તે તુને પસંદ કરતી નથી?" જાંહગીરના માબાપ તેની ઢીલનું કારણ પુછતાં.

"હું ધારૂં છ કે હું એને ગમુછ તો ખરો" જાંહગીર જવાબ દેતો "પણ તમે જાણોછ, જી, કે આવી બાબતમાં ઉતાવળ ઠીક નથી. મારાં માબાપ દાખલ મને પરણાવવાની તમારી ઉતાવળ કદાચ વાજબી હશે, પણ પરણવાનું કામ મારૂં છે—પરણવું અને પડવું એકસરખુંજ છે, તો કુદકો મારવા આગમચ વિચારીને કુદકો મારવાનો છે. આપણે લંડન પુગવું હોય તો વચમાંનો આખો દરિયો પસાર કરવાનો રેહછ, પણ તમે તો ચાહોછ કે દરિયો પસાર કીધા વગર એકદમ લંડન પુગવું તે કેમ બનશે?"

"પણ ભલામાણસ, વિચાર કરતાં કરતાં પછી મોડુ થઇ જશેની તો?" શેહર્યારજી સદી પોતાના દીકરાને સમજાવતા "તું વિચાર કરતો હશે, તેટલામાં કોઇ બીજા વિચાર કરી ચુકયા હશેની તો? અને તારી અગાઉ કોઇ બીજો ઇનામ જીતી જશેની તો?"

"એ બાબતમાં મારા કોઇ બીજા હરીફ ઉમેદવાર માલમ પડતા તો નથી." જાંહગીર બાપને ધીરજ આપતો. "એ છોકરી ખટલી ઘણી શરમાળ ને કાંકવાળી છે. તેની સાથ એ વાત કરવાની ઉતાવળથી વખતે વાત બિગડી જાય. અને જો એક વખતે એણે મારો હાથ ના પાડયો, તો પછી ફરીથી હા કેહવાની નથી. વાસ્તે સંભાળીને, વખત જોઇને, તક લઇને આપણે એ વાત કરવાની છે."

"પણ ગોટિ નિકળ્યા ઘેલા, વાટ જોતાં જોતાં રહી જશે." તેની મા ધનબાઇજી ઉતાવળ કરાવતાં. "એ છોકરીનાં પૈસાની લાલચપર કોઇબી બોલ્લુ બીડું ઝડફી લઇ જશે તો તું વાટ જોતો રહી જશે."

"હું તેની સંભાલમાંજ છું, માયજી, ને તક મળવે હું ચુકીશ નહી. પણ તમે એ છોકરીના પૈસાની લાલચ દેખાડોછ, તો એ છોકરીના પૈસાજ કયાં છે?"

"એના મામાના પૈસાતો છે."

"પણ એના મામાના પૈસા એને મળવાનાછે, એવી જામીનગીરી શી છે?"

"ઓવાય! ખટલીના મામાના પૈસા ખટલીને નહી તો બીજાં કોણને મળવાના છે?" ધનબાઇજીએ પકી વકી દેખાડી. "ને તું જાણેછ, જાંહગીર કે તુને પૈસાની જરૂર છે? તારી પાસે બીજો કામ ધંધોજ શો છે? ને તું પૈસા કયાંથી મેળવવાનો છે? તુને કશી

નોકરી તો ગમતી નથી, ને વેપાર ધંધો તુને આવડતો નથી."

"એજ માકામુકાદમની પેઠે હું ચીન જઇશ તો ચીનાઓમાં સટા પંજા રમીને પૈસાનો સારી પેઠે હાથ મારી લાવીશ." જાંહગીરે ઉમેદ બતાવી.

"પણ પરણવાથી આઇતા પૈસા અંહીને અંહીજ હાથ લાગેછ, ત્યારે છેક દૂરવેર ચીન જવાની કાંઇ જરૂર?" બાપ શેહસ્યારજી સદા સમજાવતા.

"હું તો કાંઇ મારા દીકરાને મારી નજરથી દૂર જવા દેવાની નથી જો!" મા ધનબાઇજી ધમકી આપતાં.

"તું લાંબી ટુકી વાત માડીજ વાળ, જાંહગીર, ને જા—એ ચીનાઇ મુકાદમની ભાણેજને પરણી લાવ. ખટલી જેવી ઘેર શોભિત વહુ અમોને બીજી કોઇ મળવાની નથી." માબાપ એકમત થઇ કેહતાં.

"ખરેખર ખટેલી તો એક પરીજ છેજી." જાંહગીર તેમને એકમત થતો.

અને ખટલી એક પરી છે એમ તો આખું પુણા કેહતું હતું. એમ તો બીજી ઘણી સ્વરૂપવાન સજનીઓ વિષે બોલાતું હતું.

એમ તો મજનુની લૈલા, ગુલવાળી બકાવલી અને બેજનની મનીજેહબી "એક પરી" હતી.

પણ પરીઓ હાથ આવવી મુશકેલ હતી.

અને આજે ઉપલે દિવસે જાંહગીર ખટલીના દિવાનખાનામાં ગપસપ ચલાવતો બેઠો ત્યારે પોતાનાં માબાપ તરફથી એવુંજ ઉસ્કેરાયલું મગજ લઇને આવ્યો હતો.

પ્રંકરણ ૩૭ મું.

શરતમાં જવાનું એક નોત્રું.

પુણામાં શરતની મોસમ ચાલેછે. જેને "પુણાની મોસમ" કેહછે, તે મોજમઝાના ચોમાસાંના ચાર મહિનામાં સપટેમબરમાં ઘોડદોડની શરતનું અઠવાડિયું સર્વથી મોટી ગમત અને ધામધુમના દાહડા ગણાયછે. એ દિવસો ઉપર મુંબઇના જેટલા મોજીલાઓથી જવાય એટલા પુણે જાયછે અને શરતનાં મેદાન ઉપર મોટી રચનાનો ઠાઠ મળેછે.

પતેતીની પારસી ધામધૂમના જે દિવસો ઉપર ખટલીને તેના માકામામાને ત્યાં અમનચમનની આલસાઇમાં આપણે સબડતી જોઇ હતી, તેજ હિગામ ઉપર પુણાની શરતના દિવસો આવેછે. એ તે દિવસો છે કે જ્યારે પારસી ખાસ વ આમ સઘલા એક મોટો તેહવાર પાળેછે, જ્યારે ખાસ સાહેબ લોકો પોતાનો આંમ સાથનો અંતર ગોયા ભૂલી જઇને તેમના સાથે ભેળાયછે—બરાબર બોલીયે તો પોતાની સાથ તેમને ભેળાવા દેયછે.

ઘોડાની શરત એક ઇંગ્રેજી શોખ છે, પણ "સુધરેલા" પારસીઓએ ઇંગ્રેજોની નકલ કરતાં કરતાં—તેમના બીજા સારા ગુણોની હધડી નકલ તો નહીજ પણ તેમના મોજ શોખોની સેહલ નકલ કરતાં કરતાં—ઘોડદોડની શરત વિષે પુણા શેહરમાં તો પોતાનો શોખ ઘણો વધારી દીધોછે. શું ગરીબ કે તવંગર સઘલા પારસીઓ શરત જોવા દોડી જાયછે, પણ શરત "જોવાની" તો માત્ર નામનીજ છે, તે "જોવામાં" તેમની ગમત થોડીજ છે, પણ તેઓની વધારે ગમતતો ત્યાં જુગાર રમવામાં છે. ઇંગ્રેજો ઘોડદોડમાં યાહોમ જુગાર ખેલેછે, તો "સુધરેલા" પારસીઓ તે ખેલવામાં એક ખાસ ખુબી કાં નહી સમજે? અને જુગારબી કેટલી હદ સુધી? પારસી પુરૂષોજ નહી પણ પારસી સ્ત્રીઓ વટીક દોડતા ઘોડાઓ ઉપર રૂપીયાના રૂપીયાની શરત બકેછે, અને રકમની રકમોની હારજીત ચલાવેછે.

ખટલીએ કોઇ દાહડે ઘોડદોડની શરત જોયલી ન હતી. એક દાહડે વાતચીતમાં—અને પુણામાં શરતની મોસમ ઉપર બધી વાતજ શરત વિષે ચાલ્યા કરેછે—ખટલીથી એમ બોલાઇ જવાયું તે ઉપરથી શેઠ શેહસ્યારજી સદાના ધનબાઇજીએ તેને શરત દેખાડવા લઇ જવાની મેહરબાનગી ભરેલી માગણી કીધી. ખટલીની કેટલીક આનાકાનીથી તે માગણી ના પાડી, પણ ધનબાઇજી કાંઇ એક વખત ના કેહવાથી ચૂપ બેસી રેહ તેમાંના બૈરાં નહી હતાં. ત્રીજી

શરતને દાહડે "ગવરનરનાં કપ" ની શરતમાં એકદમ સોલ સત્તર ઘોડા દોડવાના હતા, અને ધનબાઈજી તે ધામધૂમની ધમાલમાં પોતાનો ભપકો દેખાડવાને ખંતી થઇ રહેલાં હતાં, એટલુંજ નહી પણ ખટલી જેવી મનમોહન મૂર્તિને પોતાની ગાડીમાં બેસાડીને "ખુબસુરતીનું બેંઆણ" વધારી દેવાને તેવણ વિશેશ ખંતી હતાં. માટે તેવણે ખટલીને તે દાહડે પોતાની સાથે શરતમાં લઇ જવાનું નોત્રું લખી મોકલ્યું. સાંજે શરત જોઇ આવીને ખટલીને રાત્રે ધનબાઇજીના "બંગલા" માંજ જમવાનું ઇજન કરેલું હતું અને એ નોત્રું ખટલી ના નહી પાડે એવી આગ્રહપુર્વક આજીજી કીધી હતી. ધનબાઇજીની બે પ્રિય પુત્રીઓ જર અને ગુલ—જેઓને તેવણ "ઝવેર" અને "ગુલેગુલાબ" નાં લાડકાં નામે બોલાવતાં હતાં તેણીઓની સુંદર સંગતની વટીક.આ આમંત્રણમાં લાલચ દેખાડેલી હતી. "જો તમે અમારૂં નોત્રું ના પાડશો અને અમારી સાથે નહી આવશો તો મારી દીકરીઓ ઝવેર અને ગુલેગુલાબ ઘણી નાસિપાસ થશે—" એ ધનબાઇજીના શબ્દો હતા.

"જતી કાં નથી છોકરી?" આ ચીઠી ઉપર ખટલીને આનાકાની કરતી જોઇને માણકશાહ મામાએ પણ તેને જવાને ઉત્તેજન આપ્યું. "બિચારાંઓ કાલાવાલા કરીને તુને તેડેછ ત્યારે જા—એક દાહડો પુણાની શરતની મોજ તો જોઇ આવ."

"મામાજી, જે મોજમાં તમે ભાગ નહી લઇ શકો એવી મોજ કરવા મને ગમતું નથી."

"છટ છટ!" માકામામાએ ખટલીનો આ પ્યારો જવાબ હસી કાહાડયો. "હું ચાહું તો હુંબી એ મોજમાં ભાગ લઇ શકું. મને શરત જોવા જવાને કોઇ અટકાવનાર છે કે? પણ મને એ મોજ ગમતી નથી. પેહલાં તો ઘોડા દોડે તેમાં જોવાની મોજ શી છે તેજ હું સમજતો નથી. લોકો ત્યાં જીવ લઇને જોવા ઝીપલાવી પડેછ, તે શરત જોવાની મોજની ખાતર નહી પણ ત્યાં જુગાર રમવાના ચડસ ખાતર નખાવી દેયછ. અને પૈસા કમાવાની લાલચ ઉપર જુગારથી પૈસા જોખમમાં નાખવાનો ચડસ નહી હોય તો એ લોકો શરત જોવા જાયબી નહી. પૈસા કમાનારાઓ શરતની 'મોજ' સમજે તે હું સમજી શકુંછ, પણ બીજા અલક્ષાતુઓ બેઠાં બેઠાં ઘોડા દોડતા જોઇને કોઇ મોટી 'મોજ' મેળવે એ હું માનતો નથી, અને તેથીજ હું શરતોમાં જતો નથી."

"મારા જન્મમાં એક વખત ઘોડાની શરત મને જોવા તો ગમેછ મામાજી." ખટલી ચીનાબાગના ખુણામાં એકની એક જીંદગીથી કેવી કંટાળી ગઇછે અને તેમાંથી કાંઇ નવું જોવાનું બને તો પોતાનાં કંટાળેલાં મગજની રાહાતને માટે તે તક લેવાને કેટલી ખુશી છે, તે તેણીએ આ જવાબમાં જાણેકે કહી સંભળાવ્યું.

અને અહીં ગમે એવાં ચમન ચેનમાં તોપણ એકાંત ખુણામાં પડી રેહવાથી ખટલી ખરેખર કંટાળી તો ગઇજ હતી. ચીનાબાગની જાહોજલાલી અને મોજમઝા છતાં અહીં એક ચીહીડયલ મામાની ચાકરી કરતી પડી રેહવામાં જે એકની એક જીંદગી ગુજારવાનું હતું તે ખટલી સરખી જુવાનને મનસે તો ઝુરી મરવા બરાબર હતું એકનું એક રેહવાનું, એકનું એક બાગમાં ફરવા કરવાનું, એકનું એક જાતનું ખાનુ ખાયા કરવાનું, અને એકનાં એક માણસોને મળ્યા કરવાનું, એવી જીંદગીનાં કરતાં તો જુદી જુદી નવાઇઓ વચે થાકેલાં મનને વધારે નિરાંત મળેછે, તેવી નિરાંત ખટલીને જોઇતી હતી.

હજી પુણાના ઘણા પારસીઓ ખટલીની જાણપિછાણ વગરના રહી ગયા હતા. ખાસ લોકો આમ લોકોની દરકાર કરતા નથી, તેમજ આમ લોકો ખાસ લોકોનો ભારબોજ રાખતા નથી. ખટલી ખાસ વર્ગમાં દૈવયોગે વશીને ભારખમ થતાં શિખીછે, પણ તે ગરીબમાં ગરીબ આમ વર્ગની છે એ વાત ખટલી ભૂલી ગઇ નથી. ખટલી પોતે એક ગરીબ માણસ છે, તેનો તજેલો ભર્તાર એક ગરીબ માણસ છે, અને તેની ગરીબાઇમાંજ તેને તે તજી આવેલી છે, માટે ગરીબ આમ વર્ગને ધિક્કારવાનું જે સર્દાવાળાં અને ગુસ્તાવાળાં જેવા ખાસ પારસીઓ ડોળ ઘાલેછે, તેવું ડોળ અને તેવો મગરૂર મનપવન, ખટલીના મગજમાં હજી કશો દાખલ થયો નથી. જેમ જેમ આ પૈસાદાર પુણેગરા પારસીઓ

ગરીબોને હીણતા હીણતા, બિચારા ખટલીના મામા મેહલાશાહ ડાકટરને પણ હીણેછે, તેમ તેમ એ પૈસાદારોના મર્ડાટને ખટલી ધિક્કારતાં શિખીછે. ચીનાબાગના દરવાજા ઉપરથી સહવાર સાંજ ઘણા ગરીબડા પારસી જુવાનો ચાકરી ધંધાને અર્થે પસાર થાયછે. તેઓ ખુબસુરત ખટલીને આંખ્યો ખેંચી ખેંચીને જોયછે અને ખટલી પણ તેઓને જોઇને અચરતી સાથ ખુશી થાયછે કે પુણામાં પારસીઓની હજી કેવી સારી વસ્તી પડેલીછે, અને હજી કેટલાબધા જાતભાઇઓ વસેછે કે જેઓને માણકશાહ મામા ઓળખતા નથી કે નથી તેઓ માતબર મામાને ઓળખવાની દરકાર કરતા. ગરીબો માલેતુજાર માતબરોની મગરૂરીને કેવી ધિક્કારે છે અને તેમની સાથ ભેલાવાથી દૂરના દૂર રેહછે તે સઘળો ભેદ ખટલી થોડોજ જાણેછે.

માટે અગરજો એકવાર શરત જોવા જાય તો પુણાની આખી પારસી આલમ ત્યાં ભેગી મળવાથી તેમને જોવાની અને મળવાની તેને સારી તક હતી, અને એ સર્દીના ધનબાઇજીનું નોત્રું કબૂલ રાખવા ખટલીને એક સારી લાલચ હતી.

આવી રીતે લોકોની ભીડભચડ વચ્ચે જવામાં, પોતાના પ્રિય અને માનિતા ભર્તારને છોડી આવેલી અબલા જાહેર થઇ જવાના કેવા જોખમમાં જાયછે તે વાત ખટલી આ વખતે ભૂલી ગઇ હતી—કદાચ લોકોની એક મોટી ઠઠ વચ્ચે તેનો વ્હાલો જમસુજ તેને મળી આવે, તે બિચારો પગે રખડતો હશે ત્યારે પોતાની બાયડીને ફાંકડી રથોમાં ભપકાથી મોજ કરતી કદાચ અચબુચ જોય, કદાચ તેઓ બંનેની નજર સાથ નજર મળે તો શું થાય તેનો પણ વિચાર કરવાને ખટલી થોભી નહી.

અને અગર તેમ થાયબી તો શો મુઝાખો છે? ખટલી તો જમસુનો પત્તો મેળવવાને આરજુમંદજ છે. જમસુ કયાં છે, કેમ છે, તે જાણવાને ખટલી તલપી રહેલીજ છે. તેનો પત્તો મેળવવા ખાતરતો તેણીએ "જામે જમશેદ" માં જાહેર ખબર છપાવીછે, તેનો હજી તેને કશો જવાબ વટીક મળ્યો નથી. માટે અગર ખટલી આજે શરતનાં ઠઠમાર સ્થલ ઉપર ગઇ અને ત્યાં તેના જમસુની મુલાકાત થઇ તો, કાંઇ પણ સારૂંજ થશે. ખરાબ કાંઇ થવાનું નથી.

"ખટલી, વિચાર શું કર્યા કરેછ, દીકરી?" માણકશાહ મામાએ તેને બોહસ કીધી. "ધનબાઇજીનાં નોત્રાંનો જવાબ લખવામાં ઢીલ ના કર. એકદમ નોત્રું કબૂલ રાખવાનો જવાબ લખ."

"અને જો હું તમોને એકલા મુકીને જાઉં તો તમે મારા ઉપર ગુસે તો નહી થાવો, મામાજી?" ખટલીએ કળવાઇને પુછયું. "મને એકલપેટીતો નહી સમજો?"

"બિલકુલ નહી. ઓર તું મને આવી એક શકભરેલી મોજમાં ઘસડી લઇ જવાની બોહસ કરે તો હું તુને એકલપેટી વધારે સમજું."

માણકશાહ મામાના આ જવાબે શરત જોવા જવાને સર્દાવાળાંઓનું નોત્રું કબૂલ રખાવવાને ખટલીને પુરતું કારણ આપ્યું. અને તેણીએ ઉપકાર સાથે તે નોત્રું બાહાલ રાખ્યું.

અને સાંજે સરતનાં મેદાનમાં સઘળાં બડેખાંઓ ભપકાદાર પોશાકો પેહરી ભપકાદાર ગાડી ઘોડાઓમાં આવેછે, માટે "જરા સારાં કપડાં પેહરીને જવા" ની માકામામાએ પોતાની ભાણેજને સલાહ આપ્યાથી ખટલીએ સદર બજારમાંથી જુસબ મિલિનરને ચીઠી લખી નવી ફાશીનનાં કપડાં સાથે બોલાવ્યો—તાકા તેમજ આઇતાં સીવેલાં કપડાં લઇને જુસબમિયાં આવ્યો અને તેની સાથ તરેહવાર મસલતો કરીને ખટલીએ એક કસબી ફુલાવરની ઝીણી ગાજની સાડીનો તાકો અને રેસમી લેસનો સીવેલો પોલ્કો પસંદ કીધો, કે જેની ટુકી બાંહે હિંદવાનીઓની ચોળીની પેઠે છેક બાજુ સુધી ચહડાવેલી હતી, અને જેની કોરેથી સોનેરી સુંદર ઝાલરનાં ફુમતાં લટકતાં હતાં.

માણકશાહ મામાએ જુસબ મિલિનરનો રૂ૩૦૦ નો આંકડો ચુકવી આપ્યો અને એ રીતે આ નવા સાજમાં સજ્જ થઇને આજની શરતમાં સર્દાવાળાંઓની સાથે જવાને ખટલી ઉલટમંદ થઇ.

ભોગજોગે બપોરે જમવાની વખતે ખટલીની બેહનો તેને મળવા આવી—તેઓને આવ-

વાની વકી નહી હતી, પણ તેઓ અચક્ષુચ આવી લાગી. લાલ કીલ્લામાં સહવાર પછી બેહનો મેહરી અને નાજાં વચે એક ગરમાગરમ ટપાટપી થઇ હતી. ઉછાછળી નાજાંએ મેહરીનું અપમાન કરવાથી મેહલાશાહ મામાએ વચે પડી બંને બેહનોને થંડી પડવા સારૂં ચીનાબાગ ખાતે ખટલી ઉપર મોકલી આપી કે ત્યાં જઇ તેઓ ખટલીને વચે નાખી કજીયાનું સમાધાન કરી આવે. તે મુજબ એક માણસની સાથે બેહુ બેહનો ચાલતીજ ચીનાબાગ આવી. ખટલી બાગમાંજ ફરતી હતી, તે પોતાની વહડકણી બેહનોને જોઇને અચરત થઇ અને તેઓ વચે કાંઇ વધેરાયલું હતું તે તેમના દેખાવ ઉપરથીજ પામી ગઇ.

પ્રકરણ ૩૮ મું.

મેહરી વાદી—નાજાં પ્રતિવાદી—ખટલી ન્યાયાધીશ.

ચીબાવલી નાજાંને મેહલાશાહ મામાએ ચીનાબાગમાં માતબર મામામાને ઘેર "સુધરવા" મોકલી, તો તેના સુધારાનું પેહલુંજ પગળું એ હતું કે લાલકીલ્લામાંથી ચીનાબાગમાં રેહવાના ફેરફારને લાયકનાજ પોશાકમાં એ મિજાજી છોકરીએ જવું જોઇયે. નાજાંને મેહરી સાથ પેહલી ટપાટપી તો સોજાં કપડાં પેહરવા વિષે થઇ, કાંકે નાજાંને હમેંસના જેવી "મેલીઘેલી" હાલતે ચીનાબાગમાં લઇ જતાં મેહરીને ઘણી લાજ અને બ્હીક લાગતી હતી.

અને બેહુ બેહનો અંહી આવી પુગ્યા પછી ખટલીની આગળ એકેકની રાવ જે લાવ્યાં તે આ પેહરવાસના સવાલ ઉપરજ હતી.

"બેહન ખટલી, એ દુકતીનાં બૂટ ને મોજાંના સકાર તો જો." વાદી મેહરી ફરિયાદ કરતી ઉભી. "એ દુકતીને મેહલાશાહ મામાએ અંહી સુધરવા કાહાડીછ, પણ એનાં કપડાંના હાલ જોઈનેજ મને તો એના સુધરવાની સુગ લાગેછ. એનું બદિયાન એને તાઇટ પડી ગયુંછ, એટલી એ જાડી થતી જાયછ, અને તોબી તંગતરબંધ બદિયાન પેહરવાની ફાશિનની ખાતર બોહસ કરેછ. વળી એનાં બદિયાનની બાંહેપર ખીચડી ને પાટિયાનો છાપ મારેલોછે તેતો જરા જો. ને એતો એનું બાહાર પેહરી ફરવાનું બદિયાન થયું, ત્યારે એનાં ઘેરમાં પેહરવાનાં કપડાંના હાલ તું શું વિચારશે? હું મેહલાશાહ મામાને કહુંછ કે એ દુકતી કદી નહી સુધરે—મારે હાથે તો નથી સુધરવાની—તારામાં એને સુધારવાની શક્તિ હોય તો કોણ જાણે ખટલી!"

"તંગ બદિયાન તો તંગ પેહરવા દેની," ખટલીએ પ્રતિવાદીનો બચાવ સાંભળ્યા વગર ચુકાદો આપ્યો. "તંગ બદિયાન પેહરતાં પેહરતાં તે ઝપાઝપ ફાટશે ત્યારે એઁ પોતાની મેળે બરાબર દિલને બેસતાં કપડાં પેહરવા શિખશે. ને પછી હુંજ મારી બેહનને નવાં કપડાં અપાવીશ."

"ઓ! મારી મેહરબાન બેહન, તારી કેવી માયા મારી ઉપર છે!" પ્રતિવાદી નાદાન નાજાં એકદમ ખટલીને ભેટી પડીને બોલી "તું જેવી ડાહી બેહન મને મળી હોય તો તારા હાથ નીચે હું કેવી સુધરી જાઉં! મેહરી મને સુધારવા માગેછ, પણ હું કહુંછ કે એના જુલમ તળે રેહવાથી હું નથી સુધરવાની. એને મારી ચાકરી ને સારવાર કરતાં કાંઇ આવડતીજ નથી."

ન્યાયાધીશ દાખલ ખટલી આગળ પ્રતિવાદી દાખલ નાજાંનું આ દોષસ્વિકારણું એકે લેખે વાંક કબૂલ કરવા સરીખું અને બીજા હાથ ઉપર વાદી મેહરી ઉપર સામો વાંક મેળવા સરખું હતું.

"નગુણી કંગાળ! આજે અડધો કલાક સુધી ખડે પગે ઉભી રહીને મેં લીખ્યા વડે એના બાલ ઓળ્યા તે બધી ચાકરીનો એ મને કેવો બદલો આપેછ તે જોયો કની?"

"બાલ ઓળ્યા કે ખેંચી તાણીને પીખ્યા? ઘોડાને ખરેરો કરે તેમ મારાં માથાંનો ખરેરો તો કીધો!" નાજાં મેહરીને તેની આ ચાકરીને માટે ગળે પડી "કાંસકીને બદલે મારા માથાં ઉપર છરી ફેરવી હતે તોબી મારૂં માથું છોલાતે નહી એટલું મેહરીએ મારા બાલ ઓળતાં મારૂં માથું દુખવ્યું."

"આહા! શું મન્જેનો મારો ઉપકાર માનેછ!" મેહરી હસી.

"ઉપકાર સારૂં કરવા માટે હોય!" નાજાં બોલી. "તું મારાં માથાના બાલ પીખી નાખે, તેનો તારો સામો ઉપકાર માનું એવી શું તું મારાથી વકી રાખેછ?"

"ચાલો હવે પંચાતી માડીવાળો." ખટલીએ માડવાળ કરાવી "પેલા માકામામાને બાગમાં ફરવાનો વખત થયોછ, તેવણ આવી લાગશે તો બેહન બેહનોને મારામારી કરતી જોઇને ગુસે થશે. વાસતે હવે કાંઇ બીજી સારી સારી વાતો કરો."

"ખટલી, માકામામા આજે શરતમાં નથી જવાના કે?" મેહરીએ પુછયું.

બધાં જણ ગામમાં શરતની ને શરતનીજ વાતો કરેછે, તેનો ખટલીને આ એક બીજો પુરાવો મળ્યો, કે જયારે તેની ગરીબડી, માબાપ વગરની બેહનોને "સારી સારી વાત" કરવા કહી ત્યારે તેઓ પણ શરતનીજ વાત કાહાડી બેઠી.

"હા ખટલી," નાજાંએ ટેકો આપ્યો. "હુંબી એમ સમજીનેજ અંહી આવી, કે માકામામા શરતમાં જવાના હશે તો આપણને લઇ જશે."

"માકામામા શરતમાં જવાનું ધિક્કારેછ" ખટલીએ ખોલાસો કીધો "પણ હું સદાનાં ધનબાઇજી સાથ જવાની છું."

"અંહ!" મેહરીએ હસીને ખટલીને ખીજવી. "માકામામા જયાં નહી જાય ત્યાં તું પણ નહી જવાની હતી, તેનું હવે કેમ?"

"કાંઇ બીજું રોજનું ઠેકાણું હતે તો હુંબી તેમજ કરતે, પણ શરત કાંઇ રોજ આવતી નથી, વર્ષમાં એક વખત જવાનું, તો મેં તે માકામામાના કેહવાથીજ કબૂલ કીધુંછ. જયાં જઇયે ત્યાં શરતની ને શરતનીજ વાત, ત્યારે મેં ધાર્યું કે એક વખત જઇને જોઇ તો આવું કે તે કેવી હોયછ?"

"મેં પણ શરત વિષે ઘણું સાંભળ્યુંછ અને મને પણ તે ઘણી જોવા ગમેછ" નાજાંએ પોતાનો શોખ બતાવ્યો "તું તો મુંબઇની રેહનારી તે શરતો જાણતી હશે. પણ પુણામાં તો મુંબઇનાં કરતાં વધારે સરસ શરતો રમાયછ, માટે મેં પણ એકવાર તે જોવા જવાનું મન કીધુંછ બેહતર તો એ છે, બેહન ખટલી, કે માકામામાની ગાડી માગી લે ને આપણ બધી બેહનો સાથે જોવા જઇયે."

"શરતમાં જવાના એજ તારા હાલ કે નાજાં?" ખટલીએ નાજાંના ચીકટે હાલ દેખાવ ઉપર તાણો મારવાની તક લીધી "આવાં મેલાં અખતર કપડાં પેહરીનેજ શરતમાં જવાનું હશે કે?"

"ત્યારે તું તે કયા નવ વાગા પેહરી જવાની છે?" નાજાંએ પુછયું.

"અલબત, અલબત, મારે મારે તો માકા મામાએ આજે ત્રણસો રૂપીયાની નવી સાડી ને પોલકો લીધોછ, સાડી ફલાવર ગાજની છે, ને પોલકો લેસનો છે, જેની બાંહેને સોનેરી ફુમતાં શીવેલાંછે."

"હવે ગમે તે છે, પણ બેહન ખટલી તું માકામામાને સમજાવ કે આપણને શરતમાં જવા પોતાની ગાડી આપે" મેહરીએ પણ એ મદદને માટે ખટલીની મારફતજ પસંદ કીધી.

"પણ હું તે સદાના ધનબાઇજી સાથ જવાનીછું તે! મેં તેવણનું નોતરૂં કબૂલ કીધુંછ તે? હવે પાછું કેમ ફેરવાય?"

"હં! હં! તમે તો મોટે ખાંચરે ઘુસ્યાંછ તે?" મેહરીએ મેહણું માર્યું. "ગરીબ બેહનો સાથ જવાને બદલે મોટે ખાંચરે જવાનું તુને પસંદ પડેછ! એમ કરીને પોતાની સગી બેહનોને ખરતી કરેછ?"

"પણ હું શું જાણું કે તું શરતમાં જવાની છે? તમે લોકો આજે શરતમાં જવા અંહી આવવાનાછો એમ હું આગમચથી જાણતીતી કે મારી સાથે તમારીબી જગ્યા કરી રાખું? તમે મને આગમચથી જણાવ્યું કાં નહી?"

ખટલીનો આ જવાબ ખરો હતો, પણ જ્યાં બેહન બેહનો એકેકનો વાંક કાહાડવા પડી ત્યાં બાહનાંઓનો શો ટોટો હોય?

"હા એમજતો. બેહનપર ખરો પ્યાર હતે કેની તો કેથે મોજ કરવા જયા અગાઉ તું બેહનને યાદ કરતે." મેહરીનું બાહનું તૈયારજ હતું. "તારી જગ્યાએ કોઇ બીજી દયાળુ બેહન હતે તો પોતાનાં ગરીબ સગાંઓને પોતાની સાથે લઇ જવાનો વિચાર કરતે."

"પણ બેહન ખટલી, શું માકામામાએ તારાં આજના કપડાંને વાસ્તે ખરેખર ત્રણસો રૂપીયાનો ખર્ચ કીધોછ ?" નાજાંનાં મનમાં એજ વાત ઘોળાયા કીધી હતી, તે તેણીએ પાછી પુછી અને ખટલીએ હાનું ડોકું હલાવ્યાથી તેણે વધારે અચરતી બતાવી કે "માકામામા તારી ઉપર કેટલોબધો ખર્ચ કરવા પડયાછ ખટલી !"

"નહી, હું કાંઇ મામાજીને આવો ખર્ચ ઝાઝો કરાવતી નથી. એ તો એવણે જીસબ મિલિનરને ત્યાં પોતાનું ખાતું રાખ્યુંછ અને મને ગમે તે મંગાવવાની છુટ આપીછ, એટલુંજ. બીજું શું ?"

"શરતમાં જવું એબી દીવાળી કે પતેતીની પેઠે નવાં કપડાં સીવાડવાનું એક ટાંકણું છે, એમ જો હું જાણતી હતે તો હુંબી આજે મેહલાશાહ મામા ઉપર મારો જીવ કાહાડી આપતે." મેહરી બોલી.

"જીવ કાહાડી આપવાનું બોલવે સેહલ છે, પણ તે કાંઇ કાહાડી અપાતો નહીની." ખટલી બોલી.

એટલીવારમાં તો માકામામાએ ખટલીને માણસ મોકલીને બંગલાની અંદર બોલાવી અને તેની બેહનોએ અંદર જવાને બદલે પાછી પોતાને ઘેર જવા માગ્યું. ખટલી આજે શરતમાં જવાની હતી, વાદી પ્રતિવાદી મેહરી અને નાજાં શરતનીજ આ ખુશ વાતચીતથી પોતાની વઢવાઢ ભૂલી ગઇ હતી અને તેઓ વચે પાછી સુલેહ થઇ હતી—એ બેહેનો માકામામાની હાજરીથી બ્હીતી હતી, અગત્ય કરીને તે માતબર મામાની પાસે જવા લાયક નાજાંનો પોશાક નહી હતો, માટે બંગલાની અંદર જવાનો વિચાર માંડીવાળીને તેઓ બાહારથી ને બાહારથીજ પાછી ફરી.

અને ખટલીએ પણ તેઓને ચીનાબાગમાં રેહવાની કશી બોહસ કીધી નહી. ઓર તેઓની સાથે લાલ કીલ્લા સુધી જઇ તેઓને મુકી આવવા ખટલીએજ દરવાજા ઉપરથી એક માણસ આપ્યો અને એ રીતે બેઉ બેહનો સુજી સમજીને પાછી ગઇ.

તેઓને સમાધાનીથી પાછી આવેલી જોઇને મેહલાશાહ મામા પણ ખુશી થયા કે ખટલી કેવી ડાહી દીકરી હોવી જોઇયે કે જેની સંગતથી તેની બેહનો પોતાની વઢવાઢ વીસારી દઇને સુલેહસંપજ ભરેલી પાછી ફરી. બિચારી પોતાની માબાપ વગરની ભાણેજોનું મેહલાશાહ મામાને ઘણું લાગતું હતું. તેણીઓને હસતી ને સુખી રાખવાને તેવણ ઘણા ખંતી હતા અને તેણીઓને ખુશી જોવામાં ડાકટર મેહલાશાહ મુકાદમ પોતે હંમેશ ખુશી રેહતા હતા.

ખરી વાત તો એ હતી કે ખટલી શરતમાં જવાની છે એવું જોઇને આ વહડકણી બેહનોને પણ શરત જોવા જવાનો શોખ થઇ આવ્યો હતો અને તે વિષે મેહલાશાહ મામાને સમજાવી પટાવીને તેવણ સાથે એ મોજ કરવા જવાની અરજ કરવાનો બેહુ બેહનો વિચાર કરી આવી હતી. પોતાની સામાન્ય મરજીની વાતને માટે તેઓ સંપીલી થઇ હતી અને તેઓની સુલેહનું મુળ કારણ તો એજ હતું.

પ્રકરણ ૩૯ મું.

એક માઠા વર્તમાન.

બંગલાની અંદર માકામામા નાસ્તો ખાધા પછી પોતાના સરેસ્તા પ્રમાણે તેજ સહવારનું ન્યુસપેપર વાંચવા બેઠા હતા, તે દિવાનખાનામાં ખટલી દાખલ થઇને જોયછે તો તે બુઢાજીના ઉપર કાંઇક નવો બનાવ બન્યો.

તેવણે વર્તમાનપત્ર વાંચતાં વાંચતાં "અરરરર ?" કરીને કાંઇ અચરતીનો પોકાર માર્યો, તે પોકારમાં અચરતીના કરતાં દુઃખ વધારે હતું અને એવી તો કળ ખાઇને તેવણે આ "અરરરરર !" કીધું હતું કે તે ઉપરથીજ તેવણને કાંઇ અચબુચ દુઃખ થયલું માલમ પડયું. ખટલી પેહલાં તો બીધી કે તેના પોતાના દેખાવમાં એવું કાંઇ હતું કે જે જોઇને માકામામાને આ અજાયબી ઉપજી હશે, પણ પછી ખટલીને જોતાં કશી વાર લાગી નહી કે આ પોકાર તો તેવણે પેપરમાં કાંઇ વાંચ્યું તે વિષે હતો.

"અરરરરર ! અફસોસ! એ શું થયું !" માણુકશાહે પાછો અફસોસ કીધો.

"શું છે ? મામાજી શું છે ?" ખટલી તેની આગળ ગભરાટથી દોડી જઇ પુછવા લાગી. "કાંઇ જીવબીવ ફરેછ ! શું છે ? મને કહો."

"કાંઇ નહી, દીકરી, તારે જાણવા લાયક કાંઇ નથી." મામાએ ખટલીને ખોલાસો કીધો. "એ તો પેપરમાં વાંચતાં વાંચતાં એક માઠાં વર્તમાનથી મને લાગી આવ્યું."

"માઠાં વર્તમાન !" ખટલી ગભરાઇને પુછવા પડી. "સહુ સારૂં તો છેની, મામાજી ? કોઇના મુવાની ખબર આવીછ કે શું ?"

"હા, ખટલી, મૃત્યુકની ટીપમાં તે ખબર છપાયલીછે" ખટલીનો ઇનતેજાર દેખાવ જોતાંજ તેના પુછવાની વાટ જોયા વગર માણુકશાહે ખટલીને સઘલી ખબર એકદમ કહી દીધી "ચીનમાં મારો એક જુનો દોસ્ત ગુજરી જવાની ખબર આવીછ. ઘણે મહીને મેં તેનું નામ વાંચ્યું અને મૃત્યુકની ટીપમાં તે નામ જોઇને હું ડઘાઇ ગયો. પણ તે એક ઘરડો માણસ હતો તેના મોત ઉપર મારે અચરત થવાનું કારણ નહી હતું. મારા સરખા એક ઘરડાએ તો મારી ઉમરે મારા જુના દોસ્તોને એક પછી એક મરતા જોવાને તૈયારજ રેહવું જોઇયે. દીકરી, તું તારે કામે જા. તુને એ વિષે કાંઇ ચિંતા કરવી નહી."

ખટલીએ મામાના હાથમાંના વર્તમાનપત્રમાં આંખ્યો તાણી તાણીને જોયું કે કોણ મરી ગયુંછે, તેનું નામ માલમ પડે. પણ માણુકશાહે પેપરનું પાનું એવું ફેરવી મુકેલું હતું કે મૃત્યુકની ટીપ તેમાં હતીજ નહી.

"એ કોણ હતો મામાજી ?" ખટલીએ પુછ્યું.

"તું નહી ઓલખે, દીકરી."

"ગમે તે હોય, પણ તમારા એ દોસ્તના ગુજરવાથી હું કેવી દિલગીર છું."

"અને હું પણ દિલગીર છું. એતો જે બનવાનું હતું તે બન્યું. પણ હવે, તું તારે કામે જા; ખટલીને એ વાતની વધારે કનવાર ના કર."

મામા તે મરનારનું નામ કેહવાને ખુશી નથી એવું જોઇ ખટલી તુર્ત વેળા તો અંદેશાભર ચાલી ગઇ. થોડીવાર પછી પાછી આવીને જોયછે તો માણુકશાહ મામા હેઠલા દિવાનખાનામાં પોતાની વાંચવાની ખુરશી ઉપર નહી હતા. તેવણ ઉઠીને માળા ઉપર ગયા હતા. એ ઉપરથી ખટલી કોણ મરી ગયુંછે તે જાણવા મારે ન્યુસપેપર જોવા આવી. પણ તે વળ્યું નહી. માણુકશાહ મામા તે પેપર પોતાની સાથે માળા ઉપર લઇ ગયા હતા. આમ પેપરો લઇ જવાનો તેવણનો ધારો નહી હતો, તેવણ વાંચેલાં પેપરો હેઠલજ નાખી જતા હતા, પણ આ પેપર ખામખા પોતાની સાથે લઇજવા જેટલું અગત્યનું તેવણ સમજયા હતા.

માકામામા તે મરનારનું નામ ખામખા છુપાવવા ચાહતા હતા કે શું ?

તેવણ માળા ઉપર ગયા ત્યાંથી પાછળા પ્રહર સુધી પાછા હેઠલ આવ્યાજ નહી. તેવણને ખટલી સાથે વાતો કીધા વગર એક ઘડી ચાલતું નહી હતું, પણ આજે તેવણે ખટલીને પોતાની પાસે બોલાવીજ નહી. તેવણ બપોરનું ખાનું લેવા હેઠલ આવતાં હતા, પણ આજે તેવણે માળા ઉપરજ પોતાનું ભાણું મંગાવ્યું હતું. ખટલીએ પુછાવ્યું કે "કાંઇ કામ હોય તો હું આવું ?" પણ મામાએ તેનો જવાબ કેહવડાવ્યો કે "મને મારા ઓરડામાં ખાનગી કાગળો લખવાના છે, વાસ્તે તું આવતી ના."

એ રીતે માળા ઉપર મામા એકલા પડયા અને ભાંયતળિયાંમાં ખટલી એકલી પડી.

આ બિચારૂં કોણ મરી ગયું હશે, કે જેને મારે માકામામાને એટલું બધું દુઃખ લાગ્યુંછે, તેનો વિચાર કરતાં કરતાં ખટલી પોતાના આગલા પાછલા વિચાર ઉપર ગઇ. એક વાર ફરી તેને પોતાનું મુંબઇની મરઘાસેરીમાંનું ગુલી ગોરાણીનું ઘર અને તેમાં પોતાના ભર્તાર સાથ ગુજારેલો સંસાર યાદ આવ્યો, કે જે ભર્તારનો મીઠો સ્વભાવ અને હસમુખો જીવ, ગરીબાઇના ગમે એવાં સંકટમાં સંતોષીપણું શિખવતો હતો અને જેની હાજરીજ સંસારનાં અંધારામાં સુખનો પ્રકાશ પાડનારી હતી.

"અરે ! જેમ એ બિચારો ગરીબાઇ વેઠેછ," ખટલી પોતાના વ્હાલા વરની પસ્તાવાથી

યાદ કરતી બોલી "તેમજ જો મેંબી ગરીબાઇને વેઠી હતે, તો હજી સુધી અમે બેહુ જણે સાથે ભવ ગુજાર્યો હતે. પણ ત્યારે તો મામા-મામાના પૈસા મને ખોહવાજ પડતે."

મામાના પૈસાની યાદે ખટલીના પસ્તાતાં દેમાગને પાછું ઠંડું પાડ્યું.

પણ તેવણુનો ચીનમાં ગુજરેલો એ "જુનો દોસ્ત" કોણ હશે? તેવણે કોઇ દાહડે ખટલી આગળ ચીન દેશમાં પોતાના એકબી દોસ્તને મુકી આવવાની વાત કીધી નથી. ચીનના પારસીઓ અને ચીનાઓ વિષે તેવણે ખટલીને તરેહવાર ગપાટા કહ્યાછે, પણ એવો કોઇ દોસ્ત હોય કે જેનાં મરણથી તેવણુને આજનાં જેટલું દુઃખ લાગે તે તેવણે કદી કહ્યું નથી.

આજ દોહડ વર્ષ થયું તેવણ ચીનથી અંહી આવ્યાછે, પણ આજ સુધી તેવણુનો કોઇ ઓળખીતો ચીનો કે કોઇબી ચીનાઇ પારસી તેવણુને મળવા આવ્યો નથી.

ત્યારે તે મરનાર કોણ હશે? કેમ મરી ગયો હશે? કયાં મરી ગયો હશે? અને ખબર કેમ આવી હશે?

બપોર પછી સદ્દરના ધનબાઇજી મળવા આવવાથી ખટલીને તેવણુંની સાથે મામા-માનાની આગળ માળા ઉપર જવાની તક મળી. માણેકશાહ શેઠ દિલગીર અને ઠંડે ચેહેરે બેઠેલા હતા.

ધનબાઇજી ખટલીની સાથે શરતમાં જવાના પોતાના માથે ઉઠાવેલા મોટા સહાસ વિષે મસલત કરવા આવ્યાં હતાં.

"હું ચાહુંછ, શેઠ, કે તમેબી અમારી સાથે પધારવાનું મન કરો." ધનબાઇજીએ અરજ કરી.

"તમારી એટલી મેહરબાની છે, બાઇ સાહેબ," શેઠે સભ્ય જવાબ દીધો. હું ઘોડાની શરતોનો શોખીન નથી તો નથી, પણ ખુદ ઘોડાઓનોબી મને શોખ નથી. સારા કે ખરાબ ઘોડાની મને કશી પરખ નથી. ઘોડાના પગ ચાર હોયછ કે છ, તેટલું વટીક હું જાણુતો નથી. આરબી ઘોડાથી આસ્ત્રેલિયન ઘોડાને હું પીછાણી શકતો નથી તો મારા જેવા એક ગધેડાએ ઘોડાઓની શરત જોવા જવું એજ હસવા સરખું છે."

"તમે સરસમાં સરસ ઘોડાઓના ધણી થઇને એમ શું બોલોછજી?" ધનબાઇજીએ શેઠના ઘોડાના શોખની વાખવાખી ગાઇ. "તમોને ઘોડાનો શોખ નથી તેથી આવાં સરસ જનાવરો તમારા તબેલામાં રાખેલાં છે કે જી?"

"પણ જી મારા ઘોડાગાડી કાંઇ હું લેવા ગયો નથી. એતો મને દલાલોએ જે ભલામણ કરીને અપાવ્યા તે મેં લીધા."

"ચાલોજી હવે હું રજા લઉંછ." એટલી વડાઇની વાતો કરી ધનબાઇજી જવા ઉઠયાં.

"હું બરાબર ચાર વાગતે તમારા દરવાજા ઉપર આવીશ, હો દીકરી ખટલી. તમે તૈયાર રેહજો માય. મારો જાંહગીર આપણી ગાડીની સાથે ઘોડાપર આવનાર છે."

"તમે ગાડી કઇ લાવશોજી?" માણેકશાહ શેઠે પુછ્યું.

આ સવાલથી સદ્દરનાં ધનબાઇજીને તો શરમાવું પડ્યું. માણેકશાહે તેવણુને ખામખા શરમાવવા સારૂંજ આ સવાલ પુછયો હોય એવું તેવણને લાગ્યું, અને તેવણને ઘણા શરમાઇ શરમાઇને જવાબ દેવો પડયો.

"અમારા ઘોડાને તો આજે નહવાડેલાછે, તેથી મેં મેઘજી મેલ કંત્રાકટરની બાહેની ગાડી મંગાવીછજી. મુવા ઘોડાવાળાઓએ અમોને પુછયા પરછયા વગર આજે ઘોડાઓને નહવડાવી દીધા."

"પણ મેઘજીની બાહેની ગાડી મંગાવવાની શી જરૂર છે?" માણકશાહ શેઠે માગણી કીધી "મારી ફૈટન ને મારા ઘોડા તમારી હાજરીમાં હાજર છે, તેજ લઇ જાવો.

"તમે કેવા મેહરબાન છો, શેઠ!" ધનબાઇજી ખુશ થઇને બોલ્યાં. "તમારી એ મેહરબાની માગવાનો તો મેં વિચારજ કીધો નહી હતો. મને ઓસક લાગ્યા કરતીતી."

"શાબાશ રે! તમોને, માય ધનબાઇજી!" ખટલી વચ્ચે પડી. "તમારી ગાડી મેં કાંઇ થોડી વાપરીછ કે મામાજીની ગાડી માગી લેતાં તમે ઓસ્કાયાંછ? મામાજી કાંઇ પોતાની ગાડી આપવાને કદી ના પાડેછ?"

ખટલી સદ્દરવાળાંઓની સાથે તેમની ગાડીમાં ઘણું ફરેલીછે, તે વિષે તેણીએ આ એસારો કરેલો હતો. સદ્દરવાલાંઓ ખટલીને

પોતાની ગાડીમાં બેસાડીને બધેબધ ફેરવી લાવવા—ટુકમાં તેની સાથ પોતાનો સ્નેહ વધારવાને ઘણાં ખંતી હતાં—કે જેમ આજે તેઓ તેણીને શરતમાં લઇ જવા માગેછે—અને તેમાં તેઓની મતલબ પણ હતી, તે વાંચનાર વિચારી શકશે.

ધનબાઇજીએ માણકશાહ શેઠની ગાડીની માગણી કેટલાક કાલાવાલા કરાવીને કેટલાંક ભારી થઇને કબૂલ કીધી. તેવણે ગાડી એટલીજ શરતે કબૂલ રાખી કે માણકશાહ શેઠે તે રાત્રે તેવણને ત્યાં જમવું. માણકશાહે પણ ઘણીક આનાકાનીથી એ શરત કબૂલ રાખી.

"હું સારીપેઠે હઇશ તો તમારે ત્યાં જમવા આવીશ." માણકશાહે કબૂલ કીધું "પણ હમણા મારી તબીયત જરા ઠીક નથી."

"તમારી તબીયતને જી, દાદારજી સહુ સારૂંજ કરશે" ધનબાઇજીએ દુવા કીધી.

"ધનબાઇજી માય, આજે મારા મામાજીના ચીનમાં એક જુના દોસ્તના ગુજરવાની ખબર આવીછ" ખટલીએ ખબર કહી, "તેથી મામાજીનો જીવ જરા ઉદાસ થયોછ, ને એવણને ચેન પડતું નથી."

"ખરેખર?" ધનબાઇજીએ દિલસોજીનાં ઘણાક ડોળથી અટકળ ચલાવી. "બલા જાણે રે! બિચારો કોણ હશે? ચીનનો કોઇ મોટો વેપારી કે વછિયાત હશે."

"મારો દોસ્ત વેપારીબી નહી હતો કે વછિયાતબી નહી હતો." માણકશાહ વળી કશું ખુલ્લું કીધા વગર ભરમમાંજ બોલ્યા.

બીજા ગામ ગપાટાની વાતો કરી સર્દીના ધનબાઇજી ઘેર સિધાવ્યાં. તેવણનો અંહી આવવાનો ફેરો ફળ્યો. તેવણ માણકશાહ શેઠની ગાડીજ માગવા આવ્યાં હતાં, પણ મોહડે ચહડીને માગ્યા વગર, માણકશાહ પોતેજ ગાડી આપે, તે ભારી થઇ થઇને કબૂલ રાખી ગયાં.

પ્રકરણ ૪૦ મું.

ખટલી શરત જોવા કેમ ગઈ?

સાંજે માણકશાહ શેઠની મોકલેલી ફેટનમાં સવાર થઇ ધનબાઇજી પોતાની દીકરીઓ "ઝવેર" અને "ગુલેગુલાબ" ની સાથે ચીનાબાગના દરવાજા ઉપર ખટલીને લેવા આવ્યાં. ખુબસુરત ખટલીના ભપકાથી પોતાની દીકરીઓને ઝાંખ નહી લાગે માટે તેવણ તે દીકરીઓને ખુબ ઠઠેરામાં બનીઠણીને લઇ આવ્યાં હતાં, પણ ખટલીનો ઠઠેરો તે સઘલા ઠઠેરાને ખરેખર ઝાંખ લગાડનારોજ હતો. કસબી ફુલાવરની ગાજની સાડી, અને સોનેરી ફુમતાંની ઝાલરવાળી ટુકી બાંહેની બાડિસમાં ખટલી ગાડીની વચે બિરાજી નિકળી. ખટલી ફેટનમાં સામેની સાઇડની બેઠક ઉપર બેસવા જતી હતી, પણ ધનબાઇજીએ બોહસ કરીને ખટલીને પોતાની પાસે જમણા હાથ ઉપર બેસાડી; અને પોતાની દીકરીઓને સામી બાજુએ બેસાડી.

અને હવે આ ભપકાદાર સ્વારી "શરતના બંગલા" ના રસ્તા ભણી ચાલી. કાંપના રસ્તાઓ ઉપર કાંઇ ઝાજી ભીડ નહી હતી, પણ સદર બજારની વચોવચમાં કેનટાનમેંટ માજીસ્ટ્રેટની કોર્ટ અને પોલીસ થાણાની પાસેની ગલીમાં ગાડી વળતાંજ શરતના રસતા ઉપર જવાની સીધી ને સીધી સડક આવેછે, તે ભણી આ મનમોહન નાજનીનોને લઇને હજારો નજરોને ખેંચતી આ સુંદર રાજરથ પોતાના બે તેજી ઘોડાઓની મરોડદાર મંજલ કાપતી દોડવા લાગી.

જુવાન જાંહગીર એજ રસ્તા ઉપરથી પોતાના મા બેહુનની ગાડી સાથ જોડાયો. જાંહગીર એક બદામી ઘોડા ઉપર સવાર થયલો હતો, તે ગાડીની સાથેનો સાથેજ રહ્યો. ઘડીમાં તે ગાડીની જોડેજોડ ઘોડો હાંકતો ત્યારે ખટલી સાથ ખુશ વાતો ચલાવતો અને પોતાની મા બેહનોને આસપાસની જગ્યાઓ ઓળખાવતો હતો—ઘડીમાં પાછળથી આવતી ગાડીઓ અને માણસોની મોટી મેદનીને રસ્તો આપવા માટે પોતાનો ઘોડો પછવાડે ખેંચી અથવા આગળ દોડાવીને ખટલીને તે અથવા ખટલી તેને જોયા કરે એવી રીતે સાથેનો સાથેજ રેહતો હતો.

દશ મિનિટમાં "શરતનું સ્ટાંડ" જેને લોકો

શરતનો બંગલો કેહછે, તે વાવટાઓની રંગબેરંગી તોરણોથી શણગાર સાથ નજરે પડયો. અને ખટલી એટલું તો જોઇ શકી કે તેનો નવી નવાઇઓ શોધવાનો શોખ તેને તરેહવાર પચરંગી લોકોની એક ભારી ગીરદી તરફ ઘસડી લાવ્યોછે.

"એ પેલી દારૂવાળાની દીનબાઇની ગાડી પસાર થાયછ." ઝવેર એક સામા રસ્તા ઉપરથી પસાર થતી ચારટ બતાવીને બોલી. "આજે આપણને દેખાડવા એ ચીનાઇ ઓજરિયું પેહરી આવી હશે હો!"

"પણ હંમેશના કરતાં જરા ખુલ્લા રંગનું હોય તો સારૂં" ગુલેગુલાબે મજાખ ચલાવી. "દારૂવાળાની દીનબાઇની સાડીના ઘેરા રંગ જોઇને મારૂં તો માથુંજ ફરી આવેછ. દીનબાઇ કાંઇ શોકમાં હોય તેમ રાંડીરાંડ જેવી લાગેછ."

સદ્રાવાળાંઓ અને દારૂવાળાંઓ વચે કેવી ધાડી દોસ્તી હતી, તે તો વાંચનાર જાણેછે. એ લોકો પોતપોતામાં મળતાં ત્યારે તો એકેક ઉપર "ધરૂપરૂ" થતાં હતાં, પણ પીઠ પાછળ એકેકની આ પ્રમાણે ઘોર ખોદતાં હતાં.

દીનબાઇના સાડીના શોખ ઉપરથી હવે ઝવેર અને ગુલ ખટલીના પોશાકની વખાણ કરવા પડયાં. તેઓ પાસે કપડાં ચપડાં અને પેહરવા ઓઢવા સિવાય બીજી કશી વાતજ નહી હતી. તમે કેહશો કે એ છોકરીઓ જાણેકે ભપકાદાર પોશાકો પેહરવા માટેજ આ દુનિયામાં જન્મી હતી.

પ્રકરણ ૪૧ મું.

"રેસકોર્સ" ઊપરની રચના.

"રેસકોર્સ" યાને શરતના રસ્તાની બાજુમાં સ્ટાંડની આગળ મોટા લોકોને માટે રિજર્વડ રાખેલી જગ્યામાં જાંહગીરે સઘળી રમત બરાબર દેખાય તેમ છેક મુખડા ઉપર પોતાની મા બેહનોની ગાડી લેવડાવી. ફૈટનના ધમન પડાવી નાખ્યાં, ઘોડા છોડાવી નાખ્યા, અને વધારે ઉંચી બેઠક લેવા માટે ધનબાઇજી ઘોડાવાળાઓના કોચબાક્ષ ઉપર ચહડી બેઠાં, જ્યાં પોતાની પાસે ખટલીને પણ છેક ઉંચે બેસાડી. આવી એક ખુશનુમા ખુબસુરતીને પોતાની જોડેજોડ બેસાડવા ધનબાઇજીને ઘણી વડાઇ ઉપજી હતી—પોતાની દીકરીઓને તેવણે પોતાની પાછળની બેઠક ઉપર કોચબાક્ષને ટેકીને ઉભી રખાવી. તે નાજુક બદની નાજનીનો સ્વરૂપવાન ચેહરાઓની સુંદરતા સાથે તરેહવાર રંગીન સાડીઓના ખુશનુમાં રંગોની મેળવણીની વચે વચે ભાંતભાંતના ડોળઘાટની છત્રીઓની વિચિત્ર ફાશિનોથી આ ગાડીનો દેખાવ ખુબ ખીલી નિકળેલો હતો.

ખટલીએ કોચબાક્ષ ઉપર ઉંચે ચહડતાંની વાર નજર કીધી તો આખું મેદાન હજારો આદમીઓની પચરંગી ઠઠથી ચિકાર ભરાઇ ગયલું તેને જણાયું લોકોની એક ઠઠ યુરોપના કરતાં એશિયા ખંડમાં અને અવશ્ય હિંદુસ્તાનમાં બહુજ રમણિક દેખાયછે. યુરોપમાં સઘળા કાલા ડગલા અને કાલા માંથાના માણસોથી આખી ઠઠનો કાળો કાળો, જાણે કે શાહી રેડી હોય તેવો શીહા દેખાવ દેખાય છે. પણ હિંદુસ્તાનમાં તો રંગબેરંગી પોશાકો, તેમાં અગત્ય કરીને રંગબેરંગી પાઘડીઓના મહા સમુદાયથી આખું મેદાન ફુલોના એક ગંજાવર ગજરા પેઠે દીપી નિકળેછે અને દૃષ્ટિ મર્યાદાની છેલી હદ સુધી માણસોનાં માંથા અને પાઘડીઓના એક મોટા દરિયાવ જેવો દેખાવ થઇ પહેછે.

ખટલીએ આવો ખુશનુમા દેખાવ આગળ કદી દીઠો નહી હતો, માટે જોકે કોઇ ચોકસ નજરો તેના તરફ ચાંપીને ટીકે તો તે નજર અટકાવવાને ખટલીના હાથમાં એક ખુબસુરત છત્રીનો ઓથો હતો, તોપણ તે ઘણી વાર આ છત્રીનો ઓથો કાહાડી નાખીને આસપાસથી તીરોની માફક ટિકાતી તિક્ષણ નજરોને પોતા તરફ ફેંકવા દઇને આ સઘળી ખલકતની મોટી મેદનીનો દેખાવ ભારી અચરતી અને ખુશાલી સાથ જોવા પડી હતી.

એ સઘળો વખત જુવાન જાંહગીર, પોતાના ઘોડા ઉપર તેની આગળનો આગળ રહ્યો હતો અને સઘળું દેખાડતો તથા ઓળખાવતો હતો. પૂર્વ બાજુએ રેસકોર્સના રસ્તાનું લંબાચું ગોળ ઇદારોકું કુંડાળું, તુર્તનું પાણી છાટીને

આખો રસ્તો સ્વચ્છ કરી નાખેલું હતું. પશ્ચિમે પ્રકાશિત સૂર્યના ઓથામાં પાર્વતિનો પર્વત અને મંદિર તેના નાના પડારોકા મિનારા અને ગુંબજો સાથ પ્રકાશિત હતાં. જાંહગીરનાં ગળાંમાંથી જમણી બાજુએ એક દૂરબીન લટકાવેલું હતું અને ખટલી જોતી હતી કે ગાડીમાં બિરાજેલાં ઘણાખરાં માતબરોના હાથમાં ડબલ કાચની દૂરબીનો હતી, કે જે ધનબાઇજીએ સમજાવ્યું તેમ "રેસકોર્સ" ઉપર રમતા ઘોડાઓ છેક દૂર જાય ત્યારે જોવાને કામની હતી. તે દૂરબીન જાંહગીરે ખટલીને પુણાની આસપાસના દેખાવો જોવા માટે ઘણાજ માનપુર્વક પ્યાર સાથ આપી હતી, અને તેમાંથી શું દેખાયછે તે ખટલીને પુછતો તથા સમજાવતો રહ્યો હતો.

ટુંકમાં જુવાન જાંહગીર આ એક બે કલાકના અંતરમાં ખટલીની ગાડીની આગળ ને આગળજ એટલો તો ભમતો રહ્યો હતો અને તેણે ખટલીની ઉપર એટલું તો ધ્યાન આપી રાખેલું હતું કે આસપાસનાં જોનારાંઓમાં તેની મતલબ વિષે એકથી બીજું મત હોઇ શકેજ નહી. એ છોકરાનો ડોળો આ સુંદરીમાં પેઠેલોછે, તે આસપાસનાં સર્વજણ કહી શકતાં હતાં, તો જાંહગીરની મા ધનબાઇજી તે ખુશી સાથ જોતાં હતાં, અને તેવણની શિખામણ ઉપર ચાલીને પોતાની જુની ઉમેદ તેવણનો જોબનવંત બેટો જાંહગીર ખરી પાડવા ચાહેછે, તેની આ નજરનોધ લેતાં ધનબાઇજીનું હૈડું હડખાતું ચાલ્યું હતું.

પ્રકરણ ૪૨ મું.

નવી ઓળખાણો.

આખા પુણાની પારસી આલમને મળવા તથા જોવા અને તેઓમાં પોતાનો બનતો ભપકો દેખાડવાનો સદાના ધનબાઇજીનો સઘળો શોકીન અભખરો આજની શરતમાં પુરેપુરો પાર પડયો. જોકે તેવણ તો માણકશાહ મુકાદમની ઉછીકી ગાડીનાં ઉછીકા પ્રકાશથી પ્રકાશમાન થયલાં હતાં; અને જે ગાડીમાં તેવણ મોટો ઠઠેરો કરીને ભપકો મારતાં હતાં, તે ગાડી તેવણની નથી એટલું તો ઓળખીતાંઓ સઘળાં સમજતાં હતાં—કાંકે પુણાના ખાસ પારસીઓ જાણેકે એકેએક ગાડી અને એકેએક ઘોડાને ઓળખવાનું અને તેના ધણીના નામ સાથે કહી આપવાનું ગુમાન ધરાવતા હતા—તોપણ માણકશાહ મુકાદમ જેવા મોટા શેઠની ઉછીકી ગાડીમાં બિરાજવામાં પણ ધનબાઇજી વડાઇ અને માન સમજતાં હતાં, અને તે શેઠની સ્વરૂપવાન શોભાની બાણેજની જોડેજોડ સાથે પોતાને બિરાજમાન દેખાડવામાં ધનબાઇજીની મોટી મગરૂરી હતી. તે સઘળી વડાઇ અને મગરૂરી તેવણે પોતાના દેખાવથીજ નહી, પણ કેટલીબધી વખત તો ખટલીને પોતાને ખુલ્લે ખુલ્લું કહીને દેખાડી હતી.

અને જેમ આ ભપકાદાર રાજરથની પાસે તથા "રેસ કોર્સ" ની પેલી પાર બરાબર સામી બાજુએ, મોટા મોટા શેઠિયાઓની ફાંકડી ગાડીઓ આવીને ઉભી રેહતી, તેમ તેમ ધનબાઇજીની વડાઇ વધતી ચાલી હતી. એક તરફથી સરની ચાર ઘોડાની ગાડી તેના યુરોપીયન કોચમેન સાથ આવીને ઉભી, જેમાંથી નામદાર સર સાહેબની પોતાની તરફ નજર ખેંચવા ધનબાઇએ ચાર વાર ડોકિયું હલાવ્યું, ત્યારે એકવાર તે અકાબર સાહેબની નજર ખેંચાઇ શકી અને ડોકિયાના જવાબમાં તેવણે પણ ડોકિયું કીધું એટલે ધનબાઇજીનું હૈડું હર્ખાઇ ગયું. તેવણની સાથે ખટલીએ પણ સર સાહેબને ડોકિયું કીધું અને તેથી ખટલીનો જાણેકે આજે અચબુચ ભાવ ચહડી ગયો હોય એમ તેને જણાયું. પુણાના મોટા બડેખાંઓ ત્રણ ચાર ગાડીને અંતરે દૂર હતા. દોરાબજી દારૂવાળા અને દીનબાઇ જેઓએ દૂરથી હસીને નમન કીધું હતું, તેમનો ઠઠેરો જબરો હતો, અને પછવાડેની બાજુએ કોણ હતું ?

"હા. હા" ધનબાઇજીએ ખટલીને સંભળાવવાની ખાસ મતલબથી પોતાની દીકરીઓને ઓળખાવ્યાં. "એ તો કાવલો કેમેસરીવાળો એની બૈરી સાથ આવેલોછે." ધનબાઇજી

ખામખા સારાં સારાં માણુસોને ખટલી આગળ પોતાની વડાઇ દેખાડવા, તોછડાં નામથી ઓળખાવતાં હતાં. "એ કાવલા કેમેસરીની કુમલી રાન આજે શું સાડીનું ચીઠડું પેહરી આવીછ ? રાન પીલી તાનછોઇ શાની પેહરી નિકળીછ ?"

"નહીં રે માયજી, એ તો સોનેરી ગાજ છે, તે આપણુને દૂરથી પીલી પીલી લાગેછ." ધનબાઇજીની દીકરી જરે પોતાની માની ભૂલ ભાંજી.

"હરેરે! રાન ગાજની પેહરતી! એ જાડાં ખોરિયાંને ગાજ કોણ કેહવું હશે?" ધનબાઇજીએ "કાવલા કેમેસરી" ની બાનુનાં પોશાક ઉપર ધિક્કાર બતાવ્યો.

"હું તો મરી જાઉં તો આવા મોટા મેહમારની વખતે એવું ખોરિયું પેહરૂં નહી" ધનબાઇજીની દીકરી ગુલેગુલાબ પોતાની માની સાથે એકમત થઇ—એ તેની માની પોતાની દીકરીઓને મળતી કેળવણીનો નમુનો જાણવો.

પણ આ સઘળાં બડેખાંઓ—ધનબાઇજીના બોલોમાં "મોટાં મોટિયારો"—સાથ ખટલીને આજે પેહલીજ પિછાણ થઇ અને તે પિછાણનાં માનને માટે ધનબાઇજીને આભારી હતી, કે જે આભારના શબ્દો ખટલીને મોહડે સાંભળતાં સદીવાળાંનાં એ મોટાંબાઇની છાતી ખુશાલીમાં ખીલી રહી હતી. જેમ ગાડીઓ આવતી ગઇ તેમ ધનબાઇજી ઓળખાવતાં ગયાં—"આ તો ફલાણાં ચીનાં"—આ તો "સોહલીના બેહલીશેઠ"—"આ તો કાઉબાઇ કચકડાંવાળા"—ઇત્યાદી.

એમ કરતાં લાલ લેબાસમાં શણગારેલા ઘોડાવાળાઓના બૂમ અને શોહરની ધાંધલ વચ્ચે એક એસ્કી ગાડી બીજી ઘણીક ગાડીઓને હટાવીને ધનબાઇજીની ફેટનની લગોલગ પાસે આવી ઉભી, જેમાં એક જુવાન પારસી શેઠિયાનો દીકરો હતો અને બે જુવાન નાજનીન બેહનો હતી. તેઓની ગાડી દૂરથી આવતાં ધનબાઇજીએ ખટલીને દેખાડી કે તે તો "હાનરેબલ હીરાજી શેઠની ગાડી હતી" અને તે ગાડીએ ઉભી રહી મુકામ કીધા પછી તેમાંબેઠેલાં ત્રણે જુવાનોએ ધનબાઇજીને નમીને ડોકિયું કીધું જેઓની સલામનો ધન બાઇજીએ રોબમાંને રોબમાંજ નમીને જવાબ વાળ્યો.

કેટલીકવાર સુધી તો બેહુ ગાડીવાળાંએ આમનસામન ટીકી ટીકીને ચેહરા ચિતર્યા કીધા, અને પોતપોતામાં અરસપરસ એક બીજાંના કપડાં અને દેખાવ ઉપર ટીકા ચલાવ્યા કીધા. બેહુ ગાડીવાળાંઓ જાણેકે પેહલાં કોણ બોલાવેછે તેની વાટ જોતાં હોય તેમ એકેકની વાટ જોતાં બેસી રહ્યાં, પણ અંતે વાટ જોતાં જોતાં ધનબાઇજી થાકયાં હોય તેમ પોતેજ તેઓને બોલાવ્યાં—

"આજે કાંઇ સારી શરત રમાવાની છે કે સોલીશેઠ ?" ધનબાઇજીએ મરડાઇ મોરાઇને પુછ્યું.

"જી. હાજી. આજે ગવરનરનાં કપની શરત છેનીજી." સોલીશેઠ ધનબાઇજી તરફ હદથી જીયાદા માનની લાગણીથી ગાડીમાંથી જવાબ દેતાં ઉતરી પડયો અને ધનબાઇજીની ગાડીની આગળ આવીને ઉભો.

સોલીશેઠના આ માનથી ધનબાઇજી ઘણાં વધારે મરડાયાં. સોલીશેઠ જોકે મોટાં ખાનદાનનો અને હીરાજી શેઠ સરખા કાઉન્સીલના મેમબરનો દીકરો છે, ઘણો મીઠો અને મિલનસાર છે, તોપણ તેને બોલાવ્યાથી તે ધનબાઇજીને ઘણું માન આપેછે એમ તેવણ જાણતાંજ હતાં, માટેજ તેવણે ખટલી આગળ પોતાની વડાઇ દેખાડવા તેને વાત કરાવી અને તે ગાડીમાંથી ઉતરીને લાગલો તેવણની આગળ ચાલી આવ્યાથી, ધનબાઇજીની નજરમાં ખટલી આગળ તેવણનું માન ઘણું વધી ગયું.

"કેમ છો, સોલીશેઠ, સારીપેઠે છો કે? તમારા હાનરેબલ બાવાની તબિયત કેમ છે ?"

"હુંબી સારીપેઠે છુંજી, ને બાવાનીબી તબિયત ઠીક છેજી." સોલીશેઠ ધનબાઇજીનો ઉપકાર માનીને બોલ્યો.

"પણ બાવા આજે જણાતા નથી. તેવણ શરત જોવા આવ્યા નથી કે ?"

"નહીજી, તેવણ કામમાં ઘણા રોકાઇ પડયા. આજે કાઉનસીલની એક કમીટિની મિટિંગને લીધે કાઉનસીલ હાલમાં બપોર સુધી ગવરનરની સાથે રોકાઇ રહ્યા, ત્યાંથી બપોરે ઘેર આવ્યા તે થાકીને આવ્યાથી, ને વળી ખુલ્લી હવામાં બેસવાને ડાકટરે એવણને મના કીધાથી એવણ આવી શકયા નથી, તેથી અમોને એકલાંજ મોકલ્યાંજી."

આ વાત ચલાવતાં સોલીશેઠની સઘળી નજર તો જાણેકે ખટલીની ખુબસુરત સિકલમાં જડી લીધેલીજ હતી. એ જુવાન શેઠિયો ધનબાઇજી સાથે વાત કરતો જતો હતો, પણ ખટલીનેજ જોયા કરતો હતો. ખટલી તેને માત્ર દૂરથી ઓળખતી હતી, કેમકે તેને બે ચાર વખતે ગાડીમાં પસાર થયલો જોયો હતો, પણ ખટલી સાથ તેને અંગત ઓળખ કશી નહી હતી, માટે અજાણી થઇને બેઠી બેઠી વાત સાંભળ્યા કરતી હતી. તેઓએ એકેકને મુગાં મુગાં જોયા કરવાથી અંતે ધનબાઇજીને ફરજ પડી કે તેઓને અરસપરસ ઓળખાવવાં અને તે ફરજ તેવણ ઘણાક નાજ નખરા સાથે બજા લાવ્યાં.

"તમે અમારી આ નવી દોસ્ત ખટલીબાઇને ઓળખોછ કે?" તેવણે ઘણેક પ્યાર બતાવીને સોલીશેઠને પુછ્યું. "એવણ ખરશેદબાઇ તે આપણા શેહરના ચીનાબાગવાળા શેઠ માણકશાહ મુકાદમનાં ભાણેજ થાયછ."

સોલીશેઠે આ ઓળખને માટે ખુશી દેખાડનારૂં ડોકિયું કીધું અને ખટલી પણ તેને નમી.

"માણકશાહ, શેઠને ત્યાં મુંબઇનાં પહરાણાં આવેલાં હશોજી?" સોલીશેઠે માનભરેલી ઢબમાં પુછ્યું.

"હાજી" ખટલીએ જવાબ દીવો.

"અમારૂં ગરીબડું પુણા શેહર તમારાં મુંબઇને નહી પોહચેજી." સોલીશેઠ હસ્યો, "તોપણ તમોને પુણા પસંદ આવેછ કેજી?"

"અરે! હારેજી! હુંબી અસલ પુણાનીજ છું." ખટલી એક લટકો કરીને બોલી અને તેના લટકાની સાથે તેના હાથની ગોરી ગોરી બાજુ ઉપર ઝુલતાં બાડિસની બાંહેના સોનેરી ફુમતાં સાંજના સૂર્યના પ્રકાશમાં કાંઇ અજબ ચલકાટથી ચલકી રહ્યાં.

"તો ખરશેદબાઇના ખજુરિયા ખાનદાનના માબાપ અસલ પુણાનાંજ હતાં" ધનબાઇજી મોટી મેહરબાની કરતાં હોય તેમ આ વાતની વચે પુરાયાં. "સોલીશેઠ તમે અંહીના મેહલાશાહ ડાકટરને તો ઓળખતા હશો? પેલા લાલ કીલ્લાવાળા, શેહરમાં ભવાની પેંટમાં રેહછ, તેવણ."

જાણેકે શેહરમાં વસવું તે કેવુંક હલકું હોય તેમ મોહડું કુમલાવીને ધનબાઇજીએ વધારે ઓળખને માટે ખટલીના મામાની ઇધાણી આપી.

"જી. હા. ઓળખ્યા" સોલીશેઠે તેવાજ અસ્કાથી હા કહ્યું.

"તે ડાકટર એવણના મામા થાયછ. બિચારા છે તો ગરીબ માણસ. પણ પોતાની માબાપ વગરની ભાણેજોને કેવી પાળીપોશીને મોટી કીધી." સદાનાં ધનબાઇજીએ આ શબ્દોમાં ખટલીનાં ગરીબ "ખાનદાન" તરફની પોતાનાં નસ્કોરાંની લાગણી દયાના ડોળથી દેખાડી આપી.

પણ એટલામાં તો શરતના રસ્તાની સામી પારેથી "ચલે બાજુ! પોઇસ! પોઇસ!" એવી કાંઇક ગડબડ સંભળાઇ અને તે શું છે તે ઘસળાં હસીને જોવા લાગ્યાં. મુખ્ય કરીને ઘોડાવાળાઓ તે દેખાવ ઉપર ખુબ હસતાં હતાં.

"એ લેવો! ખરશેદબાઇ, વાત કરતાંનીવાર તમારા ડાકટર મામાજ આવી લાગ્યા." સોલીશેઠે તેજ દેખાવ ભણી ખટલીનું ધ્યાન ખેંચ્યું અને હસવા લાગ્યો.

ખટલી જોયછે તો ખરેખર તેના મામા મેહલાશાહની ગાડી આવી લાગી હતી, તે ઉપર આ સઘળી હસાહસી અને ગડબડ ચાલી હતી. તે એક ખટારા ખરખરિયાં જેવાં ભારી મોટી "મેલકોચ" ગાડી હતી, જેને ગાડીના કદ કરતાં એક ઘણુંજ નાનું રેંડિયાલ અને અડિયલ ટટુ જોતેલું હતું, તેથી તે ગાડીનો અપ્રમાણ દેખાવ ઘણોજ હસવા જેવો લાગતો હતો. વળી તે મેલકોચમાં સમાય તે કરતાં વધારે માણસો ચહડી બેઠાં હતાં, જેઓમાં એક તો ડાકટર મેહલાશાહ પોતે, જુના પુરાના પોશાકે વચોવચમાં બેઠેલા હતા અને તેવણની બે બાજુએ તેવણની બે ભાણેજો મેહરી અને નાજાં હતી જેઓના કપડાં પણ એજ પ્રમાણે કંગાલ અને જુનાં હતાં—બીજા બોલોમાં બોલીયે તો મોટા લોકોની પેઠે તેઓનાં કપડાં આજના દાહડાને માટે નવાં સીવડાવેલાં તો નહીંજ હતાં.

આ ચીથડિયા કંગાળ દેખાવમાં જાણેકે અધુરાંમા પુરૂં કરવાનું હોય તેમ ચીબાવળી અને મસ્તીખોર નાજાંને મેહલાશાહ મામાએ

પોતાની ભારી ને મોટી ગાડીનો ખટારો હાંકવા બેસાડી હતી, જેને વળી બરાબર હાંકતાં આવડતું નહી હતું, તેના હાથમાં ટટુની લગામ જે ઢીલી ઝાલી રાખેલી હતી તે, તેથી ખટારાને સુંદર ગાડીઓની વચે ઘુસાડતાં ગાડીઓ સાથ તેણીએ અથડાવી મારવા ઉપરથી જણાઇ આવતું હતું. ગાડીના આ ચાર ઉતારૂઓ ઉપરાંત વળી મેલકોચની પછવાડેની બેઠક ઉપર ઘોડાવાળાઓ ચહડી બેઠેલા હતા, જેઓના ડગલા કે ફેંટાનું કાંઇ ઠેકાણું નહી હતું. અને કાંઇજ નવાઇ નથી કે ડાકટર સાહેબનીએ સ્વારીના કંગાલ અને ચીથડયા દેખાવ ઉપરથી આખી ભીડમાં હસાહસ ચાલી હતી.

સઘળો દેખાવ એક ભાડુતી ખટારાના જેવો હતો. જેમ આપણા મુંબઇમાં કોઇવાર છાકટા સેલરબાવાઓ એક ભાડુતી ગાડીના ખટારા ઉપર ચહડી બેસેછે અને ગાડીના હાંકનારને પડતો નાખી ખટારો પોતે જોસથી હાંકવા પડેછે, ઘોડાને પુષ્કળ મારેછે અને પોતાના બૂમબરાડાથી આખો રસ્તો ગજાવી મુકેછે, તેવો, સેલરબાવાઓના સરખો આ ગાડીમાં ડાકટર મેહલાશાહ મુકાદમ અને તેવણુની ગરીબડી ભાણેજોનો સઘળો દેખાવ હતો.

ખરૂં છે કે આ મેલકોચ ગાડી ડાકટર મેહલાશાહ મુકાદમની પોતાની હતી અને તેમાં જોડેલું રેડિયાલ ટટુ પણ તેવણુનું પોતાનું હતું—કે જે બારકસ તેવણુ પોતાનાં ગ્રાહકોને ત્યાં ઉતાવળમાં જવું હોય ત્યારે પોતે હાંકીને વાપરવામાં લેતા હતા. ખટલી આજે પોતાની બેહનોને લીધા વગર શરત જોવા જવાનીછે એમ જાણીને તે બેહનોએ પણ ખટલીની બોંહસપર મેહલાશાહ મામાના કાલાવાલા કરી શરતમાં જવા સારૂં તેવણુની એ ગાડી માંગી લીધી હતી અને તેવણે પોતે પણ પોતાની ભાણેજોને એકલી મોકલવાને બદલે તેણીઓની સાથે શરત જોવા જવાનું તેણીઓના ઘણા આગ્રહથી કબૂલ કીધું હતું.

નાજાંને કાંઇ ઘેરથી નિકળતાંવાર ગાડી હાંકવા બેસાડેલી નહી હતી, પણ અંહી "રેસકોર્સ" ઉપર ફરીને આવતાં ઘણીક લેડીઓને પોતાની ડાગકાર્ટ વગેરે રથો પોતે હાંકતી જોવાથી, નાજાંએ મામાની ગાડી પોતે હાંકવાની ખાયશ કીધી, અને મેહલાશાહ મામા, જે નાજાંને એટલો લાડ લડાવતા હતા કે તેની કોઇ પણ અરજ નાકબૂલ રાખતા નહી હતા, તેવણે નાજાંનો આ ભડભશાહી શોખ પોતાની નજર અને દેખરેખ તળે તૃપ્ત કરવા દીધો. એ રીતે નાજાં કેટલીક મેહનતે અને મુશકેલીએ આ ભીડભચડની વચે ગાડી અથડાવતી અથડાવતી અને ઘોડાવાળાઓની પેઠે પોતેજ "ચલે બાજુ પોઇસ!"ની બૂમો મારતી હંકાડી લાવી. દેખીતું હતું કે નાના ટટુને માટે તે ગાડી ઘણી ભારી હતી, તે તેનાથી ખેંચી શકાતી નહી હતી. માટે નાજાં તેને સારી પેઠે ચાબુક લગાવતી હતી, જેના ફટકાથી તે ગરીબ પ્રાણી લાતો ઝાડતું અને તુફાન કરતું હતું. આ ટટુ જેટલું તુફાની તેટલું અડિયલ હતું, તે મોટી ભીડ જોઇને અડી બેસ્તું તો તેને ચલાવવા માટે ઘણા ચાબુકના ફટકા જોઇતાજ નહી હતા, પણ નાજાંના નાજુક હાથો તે ચાબુક લગાવવાને વટીક અશકત હતા. ગાડી ચાલતાં ચાલે નહી તેમ કીચલની વચે ખુંચી બેસતી હતી. આવી હાલતમાં "મોટા મોટિયારો"ની વચે ગાડી હાંકીને લાવતાં તેના ઘોડાવાળાઓના બૂમબરાડાથી, ચાબુકના આવાજથી અને ટટુની લાતોથી એક ઘણો હસવા જેવો ફેસતો થઇ પડયો અને અગત્ય કરીને બીજી ગાડીઓના ઘોડાવાળાઓ તે દેખાવ જોઇને મોટા સાદે હસવા પડયા તેમાં નવાઇ જેવું કાંઇજ નહી હતું.

આ સઘળો રકાસ ખટલીની ગાડીની બરાબર સામેજ આવી ઉભો, કે જે ગાડીના ઘોડાવાળાઓ પણ હસવા પડયા હતા અને વળી તે તો ઓળખીને હસ્તા હતા, કાંકે શેઠ માણુકશાહ મુકાદમના ગાડીઘોડાના રખેવાલો તેવણુના ભાઇ ડાકટર મેહલાશાહ મુકાદમના કંગાળ ખરખરિયાંને ઓળખે નહી એ તો બનેજ નહી. તેને તેઓ ખરખરિયાંને નામેજ ઓળખતા હતા, અને માકામામાની ગાડી નાજાંએ પણ તેવણુના ઘોડાવાળાઓના બલુ ડગલા તથા રંગીન ફેંટા ઉપરથી ઓળખી હતી અને તેથી ખટલીની ગાડીની આગળ નાજાં ખામખા ખટલીને પોતાની બડાઇ દેખાડવા પોતાનું ખરખરિયું પણ હાંકી

લાવેલી હતી. તે ખરખરિયાંના કંગાલ દેખાવથી, અને અદિયલ ટટુની લાતો તથા અડથી અને અવશ્ય આસપાસના લોકોની હસાહસીથી બિચારી ખટલીને તો જાણેકે ભાંયમાં ભરાઇ જવું પડે એટલું નીચું લાગ્યું.

"ઓહોહો! આ તો તમારા મામાજીની ગાડી આવીને ઉભી" હાનરેબલ હીરાજીનો સોલીશેઠ બતાવીને હસ્યો. "એ ગાડીમાં કોણ છે? ડાકટર સાહેબ પોતે છે ને એ હાંકેછ કોણ? એ હાંકેછ તે બાઇ તમારી બેહેનજ કે, વારૂં ખરશેદબાઇ? હમણા ધનબાઇજી તમારી જે ગરીબ બેહનો વિષે બોલ્યાં તે બેહનો એજ કે?"

"હાજી તે એજ," ખટલીએ લજવાઇને જવાબ દીધો અને તેની સાથે મનમાં બડબડયા વિના પણ નહી રહી કે "એ બધી આ દુકતી મેહરીની મોહકાણ હોવી જોઇયે. આજે હું શરતમાં આવવાની તે મારાથી આજે સહવારે કયાંને કયાં એની આગળ બોલાઇ જવાયું, કે જેથી મારી બોહસ ઉપર મેહલાશાહ મામાને સમજાવી પટાવીને લઇ આવીને અમારો રકાસ કરેછ."

પણ બિચારી તે બેહનોને એમાં રકાસ જેવું કાંઇ લાગતું નહી હતું, અને આ દેખાવમાં પોતાનો રકાસ થાયછે એવું જો તેઓ સમજતી હોત તો જાણીબુજીને રકાસ કરવાને આવે એવી તેઓ કસમજ મૂર્ખ નહી હતી. તેઓ એટલુંજ સમજતી હતી કે માકામામા પાસે પૈસા છે, અને મેહલાશાહ મામા પાસે પૈસા નથી, માટે એ મામાના ગાડી ઘોડા માકામામાના ગાડી ઘોડા જેવા ફકડ અને ભપકાદાર નથી. એટલુંજ તેણીઓ જાણતી હતી, તોપણ તેઓના દેખાવમાં નબોજું કે હસવા જેવું હતું તે તેઓ સમજતી નહી હતી. તેમના એ ગરીબડા દેખાવ ઉપર બીજાંઓ હસે તે ઓર પૈસાના અદેખા ચેષ્ટા અને હાલા ઠઠા મશખરી સમજી તેઓ વધારે ખીજવાતી હતી અને તે ખીજવાટની બોહસે કરીને તેઓ તેજ ચાલે ચાલવાને વધારે ઉસ્કેરાતી હતી.

નાદાનોને બેખડ અને શખત બનાવવાની રીત તે આવી હાંસી મશખરી છે, અને સારા માણસો ખોટી રીતે ઉસ્કેરાઇને બેખડ યા બોથડ થઇ પડેછે તેનું કારણજ દુનિયાંની એવી ખોટી દેખાદેખીની ઠઠા મશખરીઓ છે. પણ દુનિયાં તે કયાં સમજેછે? અને એ સમજ પ્રમાણે દુનિયાંમાં કોણ ચાલેછે?

ખટલી અને તેનાં મોટાં ખાનદાનને ખરાબ લગાડનાર આ સેલરબાવા સરખો રકાસ કરીનેજ તેની બેહનો રહી નહી. તેઓ ગાડીમાં બેઠી બેઠી દૂરથી ખટલીને જોવા તથા તરેહવાર ટીકા કરવા અને મોટે સાદે બૂમો મારીને ખટલીને બોલાવવા તથા તેઓ તેની બેહન થાયછે એમ દુનિયાંને દેખાડીને નહી જાણતાંને જણાવવા લાગી.

"ખટલી! હે બેહન ખટી! કેમ છે?" નાજાંએ પેહલાં સાદ મારવાની નાદાની કીધી.

"કેમ છો? મોટા લોક બેહન? કેમ છો? આજે તો કાંઇ ખુબ ઠઠેરો કીધોછ હો બેહન!" મેહરીએ મશખરી ચલાવી.

ખટલી જાણેકે કશું સાંભળતીજ નહી હોય તેમ ભારમાંને ભારમાંજ બેસી રહી, ત્યારે વળી તેની આસપાસનાંઓએ તેનું ધ્યાન ખેંચીને તેને વધારે શરમાવી.

"જોયું કે ખરશેદબાઇ," તમારી બેહનો તમોને બોલાવેછ." સોલીશેઠે ખામખા ખટલીનું ધ્યાન ખેંચ્યું.

"ખટલીબાઇ, પેલી સાંબેની ગાડીમાં તમારા મામા તમારી બેહનોને લઇ આવ્યાછ, તેઓને કાંઇ જવાબબી નથી દેતાં કે?" સદાનો જાંહગીર પોતાનો ઘોડો ડપટાવતો આવીને ખટલીને ખબર કરવા લાગ્યો.

"છેડો નાની, જવા ધો, નાદાન છે, એ બેહનો તો મારી મશખરીપર બેઠીછ." ખટલીએ જાંહગીરને અખાડા કરવા ફરમાસ કીધી.

"પણ વાય વાય, પેલા બુઢા મેહલાશાહનીબી અકલ કયાં જતી રહીછ, કે છોકરીની જાતને બોલવા ચાલવાની એટલીબધી છુટ આપેછ!" સદાના ધનબાઇજીએ ખટલીના મામાને ઉતારી પાડયા.

પણ ધનબાઇજીનો આ ટપકો ખોટો હતો. ગાડીમાં બેસીને દૂરથી આમ બૂમો પાડવાની સામે મેહલાશાહ મામાએ પોતાની ભાણેજોને ઘણી વારી હતી, પણ તેઓએ તેવણનું કહ્યું માન્યું નહી હતું. પોતાની બેહન ખટલી અગર મોટે ખાંચરે ઘુસી ગઇ હોય તો ભલે,

તોપણ પોતે ગરીબ થઇ માટે શું આ બેહનો તેની સાથ જરા હસે બોલે નહી કે? એમ તે સાદી છોકરીઓ બાહનુ કાહાડીને મામાની શિખામણની સામે થઇ અને તેથી તેઓએ રકાસમાં રકાસ વધારી આપ્યો.

એટલી વારમાં તો શરતની રમત ચાલી. ઘોડા છુટયા અને સઘળાં લોકો કયો ઘોડો આગળ જાયછે, તથા કયો ઘોડો પેહલો આવેછે, તે ઉપર ઉભાં થઇને દુરબીનો વડે ઘણીક ખુશાલી અને અચરતી વચે જોવા પડયાં. ખટલી પણ જોવા પડી અને તેની ગડબડમાં સાંમેનાં ખરખરિયાંનો રકાસ સઘળો ભૂલી જવાયો.

સદાંના ધનબાઇજી પણ ઉભાં થઇને જોતાં હતાં. પણ તેવણની નજર તો "રેસકોર્સ" ને બદલે "રેસ સ્ટાંડ" ઉપર એકઠાં મળેલાં બડેખાંઓમાં પેહલી હતી. ગવરનર અને તેની બાનુ આવ્યાંછે કે નહી, તેઓ કયાં ઉભાંછે, અને તેઓ ધનબાઇજીનો ભપકો જોયછે કે નહી તે તપાસવામાં ધનબાઇનું સઘળું ધ્યાન રોકાયલું હતું. બે મિનિટમાં ઘોડાઓની હારજીત નકી થઇ અને તેનું પરિણામ ખટલીને સમજાવવાને એક બાજુએ સદાંનો જાંહગીર તથા બીજી બાજુએ "હાનરેબલ હીરાજી" નો સોલીશેઠ ખટલીની આગળને આગળજ રહ્યા.

સૂર્યાસ્ત થતાં સુધી અને ત્યાર પછીના ઝઝખલાં સુધી શરત ચાલુ રહી. આ અરસામાં બેંડના કાંઇ કાંઇ સુંદર શરોદો નિકળ્યા અને કાંઇ કાંઇ ગડબડ સડબડ થઇ. સોડા લેમનેડ-ની બાટલીના બૂચ ફટાફટ ફુટવા લાગ્યા, અને ચા કાફી તથા ગામડી મીઠાઇ, તથા કેલાં, પેર, અંજીર, દાડમ વગેરે મેવો વેચનારાઓ તરેહવાર આવીને પુછી ગયા કે જેમાંનો કશો પણ બાજારૂ માલ ધનબાઇજીએ લેવાને ના પડયો. અગત્યની વખતે કામ લાગવા માટે તેવણ પોતાને ઘેરથી એક સુંદર ટોપલીમાં કેટલુંક સુકું પાકું ખાણું પીણું સાથે લેતાં આવ્યાં હતાં. જેમાંથી તેવણે પોતે ખાધું પીધું, ખટલીને ખવડાવ્યું, પીવડાવ્યું, અને જાંહગીર તથા સોલીશેઠને પણ આપ્યું. સ્ટાનડની પાસે એક પોંહચખાનાવાળાએ વેચાતાં રિફ્રેશમેંટનો તંબુ મારેલો હતો, તેમાંથી જાંહગીર અને સોલીશેઠ ખટલીને તથા ધનબાઇજી અને તેવણની દીકરીઓને માટે આઇસ્ક્રીમનાં ગલાસો લાવ્યા, જે તેઓએ બૈરાંના ધારા પ્રમાણે પેહલાં હા—નાથી આનાકાની કરી, પછી માટીડાઓની બોંહસ ઉપરથી ચાંપી આપ્યાં.

શરતોમાં કાંઇ ઘણો દમ નહી હતો. એકબી શરતમાં ઘણા ઘોડા દોડયા નહી હતા, અને તમાશા દાખલ જોવાજોગ કશું નહી હતું. તોપણ ઇંગ્રેજો મોટી ઉલટથી ઉસ્કેરાઇ ગયા હતા અને ઇંગ્રેજોને જોઇને પારસીઓ તથા પારસણો પણ જાણેકે સઘળું સમજતાં હોય તેમ મોટી ઉલટમાં ઉસ્કેરાઇ ગયાં હતાં. ઇંગ્રેજોના ઉસ્કેરાવામાં તો મોટી રકમોની હારજીતનું કારણ હતું. પારસીઓના ઉસ્કેરાવામાં તો તેટલું પણ કારણ નહી હતું. ખટલીને ખુદ શરતથી કશી મઝા પડી નહી. એક મોટી રચનાનો મોટો તમાશો જોવાની તથા થોડુંક ખાવા પીવાની ખટલીને મઝા પડી તેજ.

ખટલીને બીજી વધુ ખુશાલી હાનરેબલ હીરાજી શેઠના સોલીશેઠ જેવા "સાહેબજાદા"-ની નવી ઓળખ થવામાં ઉપજી.

પ્રકરણ ૪૩ મું.

માંકામામાની તબીયતનું એકાએક બિગડી આવવું.

"ખરશેદબાઇ, તમો મારી બેહનોને ઓળખોછ કે?" હાનરેબલ હીરાજીનો દીકરો સોલીશેઠ શરત પુરી થવા પછી ઘેર જતાં જતાં તેણીઓની ઓળખને બાહને વધારે ઓળખ વધારનારી વાત કરવા ગાડી આગળ ઉભો રહ્યો. "મારી બેહનોને તમારી ઓળખનું એક વખત માન આપો તો તેઓ તમારૂં સહીપણ ખચીત પસંદ કરશે અને ઘણી ખુશી થશે. હું ચાહુંછ કે મારી બેહનો અને બાવાને મળવા તમે એક દાહડે અમારે 'ઘેર' આવો તો મોટી મેહરબાની."

"હાનરેબલ હીરાજીનો 'બંગલો' તમારા ચીનાબાગથી દૂર નથી, માય ખટલીબાઇ." ધનબાઇજીએ "ઘેર" બોલની ભૂલ તુર્તજ

"બંગલા" કહીને સુધારી "સોલીશેઠ કેહછ તેમ તમે એક વખત એવણને બંગલે જઇ આવો."

ખટલીએ તો સાદું "હાજી" કીધું, પણ જ્યારે સોલીશેઠે એ માન સર્દાના ધનબાઇજીને આપ્યું કે "ધનબાઇજી એક દાહડે તમેજ તસ્દી લઇને ખરશેદબાઇને અમારે ગરીબ ઘેર લઇ આવો" ત્યારે ધનબાઇજી તો "હારેજી, મોટી ખુશી સાથે" એમ ઉલટાનર એ ફરજ બજાવવાને તૈયાર થયાં.

અને હવે છેક સાંજે શરત પુરી થઇ, રાજ-ગીત વાગી રહ્યું, સઘળી ગાડીઓના ઘોડા પાછા જોત્રાઇ રહ્યા અને તમામ ઠઠ મેદાન-માંથી પુણાના શેહર તરફ પાછી ચાલતી થઇ. એટલે સઘળાં ઓળખીતાંઓ છુટાં પડયાં અને ધનબાઇજીએ પોતાની ફૈટન પણ પોતાને બંગલે લેવડાવી. તેવણનો દીકરો જાંહગીર આખે રસ્તે ઘોડા ઉપર સંગતમાં રહ્યો.

"મઝાનો, ગરીબ ને નમાનો છોકરો છે" ગાડી ફરતાં અને સોલીશેઠે પોતાની ગાડીમાં બેઠક લેતાં ખટલીએ થોડીક વધુ પરપુછ કીધાથી ધનબાઇજીએ ખટલી આગળ તેનીજ વાત છેડી "એ હાનરેબલ હીરાજીનું ખાનદાન પુણાના જુના પાપ છે જો માવ ખટલી, ઘણા પુરાણા પુણેગરાઓ છે, જરા મિજાજ વધારે છે, ને ટેહકરાઇ ઘણી કરેછ, તોપણ માણસ સારા ને આ છોકરોબી મઝાનો માણસ છે. એ તુને ગમેછ કે દીકરી ખટલી?"

"દેખાવે તો સારો છોકરો લાગેછજી" ખટલીએ જવાબ દીધો "નકરો તમારા જાંહ-ગીરનો જોડિયો લાગેછ."

"પણ તોબી એ મારા જાંહગીર જેટલો શિખેલો નથી અને જાંહગીર જેટલો સુખી ને હસમુખો બોલકણોબી નહીંજ" ધનબાઇએ મમરો ભભરાવ્યો.

સોલીશેઠ સાથ ખટલીના ઓળખાણ કરતાં તો કરાઇ તથા તે જુવાનનાં વખાણ પોતાને મોહડે કરતાં તો કરાઇ ગયાં, પણ ખચીત ધન-બાઇને તેથી ધાસ્કો પડયા વગર તો રહ્યો નહી. ખટલી તેવણના દીકરા જાંહગીરને ઓળખે અને જાંહગીરનેજ પસંદ કરે તથા ચાહે એ જેટલી તેવણની ખાયશ હતી, તેટલી જુવાન સોલીશેઠ વિષે ખટલીમાં કાંઇ પણ પ્યાર કે માન પેદા કરવાનું તેવણને ગમતું નહી હતું. માટે સોલીશેઠ સાથ ખટલીની ઓળખાણ કરા-વવા થકી ધનબાઇજીને ઘણો ખાનગી બળાપો થયો હતો, કે રખે ખટલી જાંહગીરને બદલે તેને પસંદ કરે અને એવી એક માતબર મામાની સુંદર ભાણેજને પોતાની વહુ કરવા-ની ઉમેદમાં રખે તેવણ નિરાશ રહી જાય. વળી તેટલામાં સોલીશેઠે ખટલીને પોતાના "ઘેર" અથવા "બંગલા" નું નોત્રું કીધાથી તો ધનબાઇજીને વધારે ધાસ્કો પડયો, પણ તેવણને પાછી ધીરજ એજ રહી કે કાંઇ નહી. "ખટ-લીને એને 'ઘેર' લઇ જવાનું એણે મારી ઉપરજ સોંફી રાખ્યુંછ, તો હું એને લઇ જઇશ ત્યારે એ જશે કેની? હું એને લઇ જવાનુંજ ઢીલ કરીને એવું મુલતવી રાખીશ કે એ છોકરીને સોલીશેઠ સાથ દોસ્તી બાંધી શકાયજ નહી, ને તેટલામાં મારા દીકરા જાંહગીરનું સારું વધારી મુકીને એ મારા દીકરાનેજ ફાવતું કરી આપીશ."

ધનબાઇજી "હસતાં રમતાં" શરત જોઇને પરવાર્યાં. અને હવે તેવણ ખટલી સાથે પાછાં પોતાને "બંગલે" ગયાં, તે વખતે દીવા થઇ ચુકેલા હતા, જેથી સર્દાજીનો "સર્દાબાગ" રોશનીથી દીવાળીની દીપક મારતો હતો. આજે સાંજે માણકશાહ શેઠ શરતમાં નહી આવી શકયા, તોપણ ધનબાઇને ત્યાં જમવા આવવાના હતા અને તેવણના માનમાં સર્દા-જીએ આખા બંગલા તથા બાગને રોશનીથી પ્રદીપ્ત કરાવ્યો હતો, જે જોઇને ખટલીના જીવને ઘણીક ખુશાલી ઉપજી હતી.

પણ ઘેર પોંહચતાં વાર ધનબાઇજીને એક નાસિપાશી થઇ. તેવણની ગેરહાજરીમાં તેવ-ણને નામનો એક કાગળ તેવણની, રાહ જોતો પડેલો હતો. જે ઉકેલીને વાંચતાં તો માલમ પડયું કે માણકશાહ શેઠ આજ રાત્રે જમવા આવવાનાજ નહી હતા. તેવણે લખ્યું હતું કે—

"મેહરબાન બાઇ સાહેબ ધનબાઇજી,

લખવાને દિલગીર છું કે આજ બપોર પછી એકાએક મારો જીવ જરા બિગડી આવ્યોછે અને વળી એક ઘણા અગત્યનાં કામસર એક બાહારનો માણસ મળવા આવ્યોછે તેની સાથ હું રોકાઇ પડેલોછું, માટે તમારે ત્યાં ખાનાં ઉપર હું આવી શકતો નથી તે માફ કરજોજી. રાત્રે ૧૦॥

ક્લાકે હું દીકરી ખટલીને લેવા માગી ગાડી મોકલીશજી.

લા૦ સેવક,

માણકશાહ પે. મુકાદમ."

આ ચીઠી ધનબાઇજીએ બધાંની આગળ મોટે સાદે વાંચી સંભળાવી, કાંકે તે ઉપરથી તેવણને ખટલી આગળ પોતાનું કેટલુંક ડાપણ લગાવવાની તક મળી કે—

"મને લાગેછ દીકરી ખટલી, કે તારા મામા હવે લથડતા જાયછ. આજ સહવારે હું મળવા આવી ત્યારેજ એવણનો ચેહરો જોઇને હું તો ગભરાઇ ગઇ. આગળના કરતાં હમણાનાં ચેહરામાં કેટલોબધો ફેરફાર ! તે ઉપરથી હું ધારૂંછ કે એવણ બિચારા લખેછ તેમ આજે એવણનો એકાએક જીવ બિગડી આવ્યોછ, તેમાં નવાઇ નથી."

"તોબી મને તો ઘણી નવાઇ લાગેછ, ધનબાઇજી." ખટલી અજબ થઇને બોલી "હું એવણના ઘેરમાં જેટલા દાહડા રહીછ, તેટલાબધા દાહડામાં એકબી વખત મેં એવણનો જીવ બિગડી આવેલો દીઠો નથી. એવણ એકબી વખત પોતાના ઓરડામાં યા પોતાને બિછાણે બંધ પડી રહ્યા નથી."

"એમ તો એવણ ત્રાંબાની દેહના માણસ છે રે!" ધનબાઇજીએ વળી વાતને ઉલટાવી નાખી "અને ખોદા રાખે પાંચ પૈસે સુખી છે, તેથી એવણને આજારી પડવા અથવા આજારી પડે તો તેમ દેખાડવા ગમતું નહી હશે. પણ તોબી હું ધારૂંછ કે એવણ હવે લથડયા તો ખરા, અને એવીને એવી હાલતમાં એવણ હવે ઝાઝા દાહડા નહી કાહડે. આખી જીંદગી ચીનમાં કાહાડયા પછી એવણના સરખી ઉમરે, દીકરી, એવણ હવે તારી સાથ ઘણા મહીના રેહવાના નથી."

ખટલીએ પોતાના માનીતા મામાને જલદીથી ખોહવાની આ ભવિષ્ય વાણીથી પોતાના ચેહરાને ગંભીર કીધો, તો જોકે તેવણનાં હવે ઝાઝાં જીવવાની ખટલીને પોતાને પણ આશા નહી હતી—તેવણની જીંદગીનો છેડો આવવામાં ખટલીનો પોતાનોજ લાભ હતો—અને એવી રીતે તેવણના મરવાની ઘણાં જણ રાહ જોતાં હતાં—તે અનુમાનનેજ સર્દાનાં ધનબાઇજીએ આ વખતે ટેકો આપ્યો.

એટલું છતાં પણ માણકશાહ મુકાદમ જલદી મરે એવા કોઇને લાગતા નહી હતા. તેવણની જીંદગીની સંભાળ, તેવણની મિતાહારી ખાસિયતો, તેવણની બારીક પહરેજીઓથી અને તેવણના મજબુત બાંધાથી હજી તેવણ આ દેહનો માચરો જલદી ખાલી કરે એવો કશો સંભવ નહી હતો. તેવણે દેશાવરોમાં ગુજારેલી જે ખડતલ જીંદગી તેવણનાં જલદી શેવટના કારણ લેખે સર્દાવાળાંઓ સમજતાં હતાં, તે જીંદગીનું ખડતલપણુંજ ખટલીને મનથી તેવણના લાંબા આયુષ્યનું ભવિષ્ય બતાવતું હતું. તેવણે હજીતો સીતેર વર્ષ પુરાં કીધાંછે, પણ આ હિસાબે તેવણ એંસી નેવું વર્ષ સુધી જીવ્યા કરે એમ છે, અને તેટલામાં તો ખટલી પોતાની આ સઘળી ધીરજનું મામાના વારસા રૂપે ઇનામ મેળવવા અગાઉ ઘરડી ડોસી થશે એવો સંભવ છે અને એટલાબધા લાંબા વખતમાં તો હજી એ બિચારી ઘણું ખમતી આવેલી ખટલી ઉપર, કોણ જાણે બીજું શું શું વીતશે ? એટલાંબધાં વર્ષો સુધી હાલ તે પોતાના વ્હાલા વરથી જુદી રહેલીછે તેમ જુદી ને જુદીજ કેમ રહી શકશે ? એટલા વખતમાં તો શું જસાવાળાનો જમસુ કદાચ પોતાની બાયડી ઉપર દાવો કરી ખટલીને પાછી નહી લઇ જશે ? અને માણેકશાહ મુકાદમ જેવા પોતાના બાપીકા દુશમનની દોલતનો જે વારસો ધિક્કારી કાહાડેલોછે તે તે પોતાની બાયડીને તે મળવાજ કેમ દેશે ?

માકામામાના મરવાની વાટ જોનારા આવા આવા વિચારો વચે એકાએક તેવણનો જીવ બિગડી આવવાની આ ચીઠી મળવાથી ખટલીના જીવને ઘણી ચટપટ થઇ અને તેણે જલદીથી ચીનાબાગમાં પોતાના મામાની પાસે જવા ચાહ્યું. પણ ધનબાઇજીએ તેને જલદીથી જવા દીધી નહી.

"ઓવાય માય ખટલી ! ખામખા તમારે સારૂં અને રખઇ રહ્યા તમારા મામાને સારૂં તો આજે અમે આટલીબધી ખાનાંની તૈયારી કીધીછ, ને તમે તે ખાનું લીધા વગરજ પાછાં સિધારો તે કેમ ચાલે ? જીબરાયા મામા નહી આવ્યા તો નહી પણ આજનાં અમારાં ખાનાંપરથી શું તમારી સંગતબી અમે ખોહીયે

કે? નહી માય નહી, તમારા મામાને બધા જી. દાદારજી એ મામાને લાંબા આવરડા આપે, ને તમારે માથે એવણ ઘણા વર્ષ જીવતા રેહ. જરારતિ એવણનો જીવ બિગડી આવ્યો તેમાં બીહવાનું શું? કાંઇ તબિયતનો સેન-સાન બિગાડ હશે. તમે બીહો ના. અમારી સાથે જમી લ્યો—દાદારજી સહુ સારૂંજ કરશે—અને બે બુકા ખાઇ, અમારા નોત્રેલા મેહમાનો બધાં ઘેર જાય ત્યારે તમેબી સિધા-રજો. તમારા મામા પોતેજ તમોને કયાં ઉતાવળ કરીને તેડેછ? જોવોની આ ચીઠી-માંજ તેવણ સાડા દસ વાગતે તમારે સારૂં ગાડી મોકલવા લખેછ, તે ગાડી આવે ત્યાંસુધી તો તમે થોભો?"

સદ્દાનાં ધનબાઇજી જેવાં મોટાં માણસને બોંહસ કરાવવી ઠીક નહી. માટે તેવણની આ સઘળી આજીજીથી ખટલીએ પોતાના જીવની ઘણીક બેચેની બતાવ્યા છતાં ખાના ઉપર થોભવાનું કબૂલ કીધું અને તે જમવા રહી.

પ્રકરણ ૪૪ મું.

ગાડીની ઢીલ—એક "કવાબમાં હાડકું."

શેઠ શેહર્યારજી સદ્દાના અને બાઇ સાહેબ ધનબાઇજીના "બાગ"માં આજે શરતની રાત્રીનું ખાનું તો ખરેજ. ઘણો ભપકાદાર એક બનાવ હતો.

લક્ષાપતિ શેઠ માણકશાહ મુકાદમને આજે જમવા બોલાવેલા હતા તેવણના માનને માટે ધનબાઇજીએ પુણાના સઘળા "ખાસ" પારસીઓને આજે જમવા બોલાવ્યા હતા. અને તેઓમાં હાનરેબલ હીરાજી શેઠ તેવણનો દીકરો સોલીશેઠ, શેઠ દોરાબજી ગુત્તાવાળા અથવા ધનબાઇજીના શબ્દોમાં બોલીયે તો "દોરાબજી દારૂવાળા," શેઠ સોહરાબશાહ વકીલ અને શેઠ કાવસશાહ કેમેસરીવાળા વગેરે સઘળા બડે-ખાંઓ હાજર હતા, સઘળા માણકશાહ શેઠને મળવાની આરજુમાં આવ્યા હતા, પણ સઘળા તેવણનો એકાએક જીવ બિગડી આવવાની ચીઠીથી નાસિપાસ થયા હતા, તોપણ તેઓની એ નાસિપાસિથી તેમના ખાનાંપીનાંની મોજ-માં કશી ખલલ થઇ નહી હતી.

હાનરેબલ હીરાજી શેઠના દીકરા સોલીશેઠે આ જીયાફતનું નોત્રું ના પાડેલું હતું અને તે બાહાર જનાર હોવાથી આવનાર નહી હતો, પણ આજનો શરતમાં ખુબસુરત ખટલીની ઓળખાણ થવા પછી, તેણે ધનબાઇજી આગળ કબૂલ કીધું હતું તેમ, ખટલીની ખાતરને માટે તેણે પોતાનું બાહાર જવાનું મુલતવી રાખ્યું હતું અને "સદ્દાબાગ"ની આ મોટી જીયાફતમાં આવવાનું મન કીધું હતું અને તે પોતાના બાપની સાથે આવ્યો હતો.

સોલીશેઠ પોતાની ખુશીથી નોત્રેલો મેહમાન હોવા છતાં તેનાં આવવાથી ધનબાઇજી ખુશી નહી હતાં. ખટલીની સાથે તેની પોતેજ ઓળ-ખાણ કરાવી આપ્યા પછી ખટલીને માટે પોતાનાં દીકરાની ઉમેદવારીમાં સોલીશેઠ પાંચે દાહડે એક નવો હરીફ થઇ પડવાની ધનબાઇ-જીને જે નવી ધાસ્તી ઉપજવા લાગીછે, તે ધાસ્તીમાં સોલીશેઠનું આજનાં ખાનામાં ના કહ્યા પછી સામેલ થવું તો એક બેઆનું હતું. તેના જમવા આવવાથી તો સોલીશેઠે ખટલી સાથ વધારે દોસ્તી માંડવાનો સંભવ હતો, અને પોતાના દીકરાની ઉમેદવારીની ખાતર ધનબાઇજીનો સઘળો લાભ તો એ સંભવને જેમ બને તેમ અટકાવવામાં હતો. સોલીશેઠ મળતાવડા સ્વભાવનો હતો, તે ખટલી સાથ જલદી મળી જાય એવો હતો, પણ ધનબાઇ-જીનો દીકરો કાંઇ એટલો ભેસરાઉ સ્વભાવનો નહી હતો. કોઇબી અજાણાંની સાથ અવશ્ય બૈરાં સાથે, ભેલાઇ જતા સામે જાંહગીરનું શરમાળપણું તેને નડતું હતું.

પણ ધનબાઇજીને પોતાની આ ધાસ્તીમાં એક વાતની ધીરજ હતી. સોલીશેઠ આજે ખાનાં ઉપર આવ્યો તો ખરો, પણ તે ખટલી સાથ ઘણો મળી શકવાનો નથી. કાંકે ખાનાં ઉપર માટિડા બૈરાંએ સાથે બેસવાનો ધન-બાઇજીનાં ઘરમાં ધારો નહી હતો. સુધરેલી જીંદગીનાં તેવણનાં સઘળાં ડોળ છતાં અને ફરવા હરવામાં તથા પેહરવાસમાં ઇંગ્રેજોની નકલ કરવાના સુધારાની સઘળી છુટ છતાં,

શેહરીઆરજી શેઠનાં ઘરમાં અસલી રીત પ્રમાણે પુરૂષોએ જુદા અને સ્ત્રીઓએ જુદાં જમવાનો ધારો હતો. આજે તેવણે પોતાના દીકરા જાંહગીરની ખાતર એ ધારો તોડીને માટીડા બૈરાં સઘળાંને સાથે એકજ ટેબલે જમાડવાની ગોઠવણ કરેલી હતી, અને તેમાં જાંહગીરે ટેબલપર ખટલીની પાસેજ બેસવું એમ ઠેરવી રાખેલું હતું, પણ સોલીશેઠના આવ્યાથી તેવણે એ વિચાર માંડીવાળીને માટીડા બૈરાંને જુદા જમાડવાનો પોતાનો આગલો ધારો પાછો પકડયો હતો. પુરૂષ મેહમાનો સાથે મેજબાન શેઠ શેહરીઆરજી સઘળા માળા ઉપરના દિવાનખાનામાં જુદા જમવા બેઠા હતા અને બૈરાં મેહમાનોને માટે મેજબાન બાઈ સાહેબ ધનબાઈજીએ હેઠલાં દિવાનખાનામાં જુદી ટેબલ મંડાવી હતી, જ્યાં તેવણ તેણીઓ સર્વને લઈને જમ્યાં હતાં. તોપણ ત્યાં કામને બાહને તેવણે પોતાના દીકરા જાંહગીરને વખતે વખત ખટલીની પાસે તેડયા કીધો હતો, અને જ્યારે સોલીશેઠ ખટલીનો ચેહરો પણ જોવા નહી પામે ત્યારે જાંહગીરને ખાનાં ઉપર ખટલીની આગળને આગળજ રાખ્યો હતો.

નવ વાગતાના સુમાર ઉપર ખાનું થઈ ચુકયા પછી માટિડા બૈરાં એકવાર પાછાં એકઠાં મળવાનો પ્રસંગ આવ્યો. ખાનું ખાઈને એકદમ છુટાં પડવાનું તો બનેજ નહી. જમ્યા પછી, વાત વગત, ગાવા વગાડવા, વગેરે ગમતોથી પોતાના મેહમાનોનું મન રિજવવાની ધનબાઈજીએ ગોઠવણ રાખી હતી, માટે તેવણ પોતાની મુખ્ય પહેરોણી ખટલીને લઈને પોતાની દીકરીઓની સાથે માળા ઉપર ગયાં. ધનબાઈજીનો વિચારતો વધારે ઉંડાં પાણીમાં ફરતો હતો. તેવણ જેમ ખટલીને પોતાની વહુ તેમજ સોલીશેઠને પોતાનો જમાઈ કરવાની ગતમાં લોટતાં હતાં. સોલીશેઠ જેવો જુવાન, તેવણની "ઝવેર" કે "ગુલેગુલાબ" એ બેમાંની એકબી દીકરીનો હાથ કબૂલ કરે તો તેવણનો જીવ અડધો બેહેસ્તમાં ગયો એમ તેવણ સમજે. માટે સોલીશેઠની ખટલી સાથની દોસ્તી બંધાવામાં તેવણની બેવડી ફિકર હતી—એકતો એકે ખટલીને વહુ દાખલ તેવણ ખોહી બેસે અને બીજું એકે સોલીશેઠને પોતાના જમાઈ દાખલ તેવણ ખોહી બેસે. પણ જો સોલીશેઠ અને ખટલી વચે કશો એખલાશ નહી બંધાય તોજ ખટલી જાંહગીરને કબૂલ કરે અને તોજ સોલીશેઠ બાઈ "ઝવેર" યા બાઈ "ગુલેગુલાબ" ને પસંદ કરવાથી ધનબાઈજીની બેહુ ઉમેદો પાર પડે.

માળા ઉપરનાં શણગારેલાં દિવાનખાનામાં રંગબેરંગી ઝુમરોની વચે સોનેરી રાચરચિલાં ઉપર આખી મિજલશ એકઠી મળ્યા પછી ધનબાઈજીનો દીકરો ખટલી ઉપર અને દીકરીઓ સોલીશેઠ ઉપર ઘણું ખરૂં ધ્યાન રાખી મુકે તેવી કળાબાજ તજવીજો ધનબાઈજીએ સઘળી તૈયાર રાખી હતી.

"ચાલો છોકરીઓ, કાંઈ ગીત ગાવો." ધનબાઈજીએ પોતાનીજ દીકરીઓને નહી પણ ખટલીને ગાવા વગાડવાની અરજ કીધી. ખટલીએ "પિયાંનો" ઉપર અને દીકરીઓએ "વાયોલિન" ઉપર ગાઈ વગાડીને આખી મીજલશને ખુશ કીધી. ગાયનકળામાં તેમજ વાજીંત્રકળામાં ખટલીનો હુનર સઘળા બેહનો "ઝવેર અને "ગુલેગુલાબ"ના હુનર કરતાં ઘણો ચહડતો હતો, તોપણ ધનબાઈજી જયારે જાંહગીરના મોહડાં ઉપર ખટલીના હુનરને વખાણતાં ત્યારે સોલીશેઠના મોહડા ઉપર પોતાની દીકરીઓના હુનરને જાબજા તારીફથી ચહડાવી આપતાં હતાં.

ખટલી આ સઘળો વખત ખુશ ખુશાલ નહી હતી. પોતાના મામાની માદગીની ચીઠીથી તેનો જીવ બેચેન થયો હતો, અને તેથી આજની ખુશાલીમાં તેનું ધ્યાન નહી હતું. જાંહગીર તેની પાસેનો પાસે રહ્યો તે છતાં ખટલીના જીવને કાંઈ ઘાણું ગમ્યુ નહી અને સોલીશેઠે ખટલીને ખુશ ટોળટપાઓથી હસાવવા બોલાવવાની ઘણી પેરવી કીધી પણ તે ઝાઝી હશી બોલી નહી. ખટલીની બેચેનીનું કારણ જાંહગીર જાણતો હતો, માટે તેને કાંઈ નવાઈ લાગી નહી—જાંહગીર સાથ તો ખટલી સેજસાજબી હસી બોલી—પણ સોલીશેઠને તો તેણીએ ઝાઝો વટાસ્યો નહી યા કશું કોહુંજ આપ્યું નહી—તેનું કારણ "સોલીશેઠ" કશું સમજી શકયો નહી, તેથી કરીને ખટલીને "મિજાજી" અને "કુંજરી" સમજયો.

એમ કરતાં ૧૦ વાગયા અને ખટલી હવે ઘેર જવા ઉઠી પણ ધનબાઈજીએ તેને જવા

દીધી નહી. "કેમ? કેમ? માય એટલું જલદી જવાનું કારણ? અમારાં ગરીબ ઘેરની રમત ગમત તમોને ગમતી નથી?"

"નહીરે, ધનબાઇજી!" ખટલીએ ખોલાસો કીધો "પણ મારો જીવ બધો મામામામામાં ભરાયોછ. બિચારાનો જીવ આજે બિગડી આયોછ, તેવણને મારા વગર સોહવાતું નહી હશે."

"પણ તેવણે તમોને લેવા, સાડા દસવાગતે ગાડી મોકલવા ચીઠીમાં લખ્યુંછ, તેટલો વખત તો થોભો, માય" ધનબાઇજીએ યાદ આપી.

ખટલી, ૧૦॥ વાગતે ગાડી આવે ત્યાં સુધી થોભવાને કબૂલ થઇ.

પણ કલાક ૧૦॥ વાગતાં કાંઇ વાર લાગી નહી, અને ઘડિયાળમાં ટકોરી થતાંની વાર ખટલી જવાને ઉભી થઇ, તથા મામાની ગાડી આવી હોય તે માણસ મોકલીને જોવાડવા માંગ્યું. ધનબાઇજીએ પોતાના દીકરા જાંહગીરને જ એ ખબર કાહાડવા મોકલ્યો. તેણે આવીને કહ્યું કે માણકશાહ શેઠની ગાડી કાંઇ આવી નથી.

ખટલી તો ગાડીની વાટેવાટ જોતી બેસી રહી. જાંહગીરે ખબર કીધી કે "હું દરવાજા ઉપર રામોસીને કહી આયોછ, કે જેવી તમારી ગાડી આવે તેવીજ આપણને ખબર કરે. વાસ્તે ગભરાવો ના, ખરશેદબાઇ, તમારી ગાડી આવ્યા પછી તમોને અંહી ખોટી થવું પડશે નહી."

"પણ માણકશાહ મામા વખત તપાસવાની બાબતમાં ઘણા ચોકસ છે." ખટલી અચરત થઇ "તેવણ ગાડી મોકલતાં મોડું કાં કીધું હશે તેની મને સમજ પડતી નથી."

"હશે, ગાડી હમણા આવતી હશે" શેહસ્યારજી શેઠે આશા આપી.

"તમોને સમજ નથી પડતી, ખરશેદબાઇ," સદાનો જાંહગીર હસ્યો. "પણ એની સમજ એજ કે માણકશાહ શેઠ તમોને અંહી અમારે ઘેર વધારે વાર રાખવાનું પસંદ કરેછ અને તેથીજ તેવણ તમારે વડે ગાડી મોકલતાં મોડું કરેછ."

"પણ, વાય, શું કાંઇ આંગણે બાંગણે પડયાંછ કે?" ધનબાઇજીએ ખટલીની અધીરાઇ ઉપર ટણકો કીધો. "ગાડી આવતાં વાર લાગી તેમાં એટલી અધીરાઇ શાની?"

"પણ મારી ગાડી લ્યોની, બાઇ ખરશેદબાઇ," હાનરેબલ હીરાજી શેઠે પોતાની ગાડી આપવાની માગણી કીધી અને તેની સાથે તે બાપ દીકરા પણ જવા ઉઠયા "ધનબાઇજી હવે અમે પણ જઇયેછ, રજા આપશો? અને અમારી સાથે ખરશેદબાઇને લઇ જઇ એવણને ચીનાબાગમાં ઉતારતાં જઇશું."

"અરે પણ ઉતાવળ શી પડીછ? હીરાજી શેઠ, ખટલીબાઇને જોઇને તમેબી શાના ઉતાવળમાં પડયાછ? અસતો સાડાદસ વાગાછ. બેસો, બેસો, ધીરે ધીરે જવાશે. નાહસા નાહસી શું પડીછ?"

"નહીજી માફ કરો, અમોને જવા દેવો." હીરાજી શેઠને કાલ રાત્રીનો ઉજાગ્રો હતો, મારે તેવણ ઉતાવળ કરીને ગયા અને પોતાની સાથે પોતાના દીકરા સોલીશેઠને પણ લેતા ગયા, અને એ કબાબમાં હાડકું વચમાંથી દૂર થવા મારે ધનબાઇજીને ધીરજ આવી.

હીરાજી શેઠના જવા પછી બીજા મેહમાનો પણ જવા ઉઠયા, સઘળાઓએ ખટલીને પોતાની સાથે ગાડીમાં લઇ જવા માગી. પણ ખટલીએ સઘળાઓની માગણી ઉપકાર સાથ ના પાડી કે "જી, મારા મામા ગાડી મોકલશે તેમાંજ હું તો જવશ."

હવે નોત્રેલા મેહમાનો વચ્ચે ખટલી એકલી પડવાથી તેને જવાની વધારે તલપ થઇ. જાંહગીર ફરીથી બે વાર ગાડી આવીછે કે નહી તે વિષે દરવાજા ઉપર ખબર કાહાડવા ગયો પણ બે વાર ખબર લાવ્યો કે ગાડી નથી આવી. અને ઓર હસ્યો કે "ખરશેદબાઇ, હું ધારૂંછ કે તમારા મામા ગાડી મોકલતાં ભૂલી ગયાછ. હવે તો એમબી ને એમણી તમે અંહીંજ, અમારા ઘરમાંજ રહો. મારી બેહનો પોતાના ઓરડામાં તમોને માનથી ઉતારો આપશે અને સહવારે આ પીનેજ જજો."

"નહી, નહી, મારા મામાજી ગાડી મોકલવાને ભૂલે એવા નથી. તેવણની ગાડી આવતી હશે અને તેમાંજ હું જઇશ."

પણ એમ વાટ જોતાં જોતાં તો કલાક ૧૧॥ ની ટકોરી થઇ. હવે તો શેહસ્યારજી શેઠને પણ આંખ્યોમાં ઝુંપણ આવવા લાગી. અને

દરવાજા ઉપર જોવડાવી તો ખટલીની ગાડી હજી આવેલી નહી હતી, માટે હવે તો ધનબાઇજીએ પોતે પોતાની ગાડી આણવા માગી.

"જાંહગીર આપણી પાલખી રોકી શિગ્રામ જોતરાવ દીકરા, ને તું પોતેજ ખટલીબાઇને તેવણને ઘેર પોંહચાડી આવ."

જાંહગીર ખુશીથી ખટલી સાથ જવાને તૈયાર થયો, પણ ખટલીએ એ માન પણ ના પાડયું. "અરે કાંઇ જરૂર માય ? મનેતો ચાલતી જવા ગમેછ, હું મારે એક માણસને લઇને ચાલી જઇશ. ચંદની રાત છે, હવાબી ખુશનુમા છે, વાસ્તે ચાલ્યાથી જીવને તાહાડક થશે."

એ વિચાર ધનબાઇજીની દીકરીઓએ પણ પસંદ કીધો. "અરે હા માયજી હા. અમે બેહુ બેહનોબી જાંહગીરની સાથે ખટલીબાઇને ચીનાબાગ સુધી પોંહચાડવા જઇએ. અમોનેબી જરા ચંદનીમાં ફરવાની મઝા પડશે."

જાંહગીર ખટલીને એકલો મુકવા આવે, તેના કરતાં તેહની બેહનો પણ સાથે આવે તે ખટલીને વધારે પસંદ પડયું, અને એમ ભાઇ બેહનોની સાથે ખટલીએ જવાને કબૂલ કીધું. ચીનાબાગ કાંઇ "સદાબાગ" ના બંગલાથી દૂર નહી હુતો અને ધનબાઇજીએ સહુથી ટુકે રસ્તે તેમને જવાની સલાહ આપી તથા રાત મોડી થઇ હતી માટે પોતાના દીકરા દીકરીઓને સંભાળીને વેહલાં પાછાં વળવાનો આગ્રહ કીધો. ખટલીની સાથે એકાંતમાં ફરવાની પોતાના દીકરાને આ તક આપવાને તેવણ અંદરખાનેથી ખાસ ખુશી થયાં.

અને એ રીતે હવે જાંહગીર, ઝવેર, ગુલેગુલાબ અને ખટલી મળી ચારે જણનું એક નાનકડું સરઘસ, ખુશી થતું થતું સદાબાગના દરવાજાની બાહાર ચીનાબાગના રસ્તા ઉપર ચાલ્યું.

ઝાડો અને બંગલાઓની સફેદ દેવાલો ઉપર ચંદ્ર પ્રકાશે શુધ્ધ સફેદ રૂપેરી ચાદર બિછાવેલી હતી અને હવાની ખુશનુમા લેહકીમાં આ જુવાનોને બગલગીરી કરતાં ચાલવાની બહુ ગમત પડી હતી. ખટલીની બે બાજુએ બેહુ સદાવાળી બેહનો બગલમાં હાથ લઇ ચાલતી હતી અને જાંહગીર રૂપેરી મુઠની પોતાની ચલકતી લાકડી ફેરવતો તથા એ ત્રણડે નાજનીનોને હસાવતો બોલાવતો કોઇ વાર આગળ અને કોઇ વાર પાછળ ચાલીને કોઇ વાર ખટલી તેને જોય અને કોઇ વાર તે ખટલીને જોયા કરે એવી રીતે ચાલતો હતો.

ઝટવારમાં તેઓ ચીનાબાગ ઉપર આવી પોંહચ્યાં. એ બાગની લાંબી દેવાલે તેમને યાદ આપી કે જે મકસદે મંજલ તેઓએ માથે ઉઠાવી હતી, તે મંજલનો વાત કરતાંમાં છેડો આવ્યો હતો.

"ઓ ! કેટલીવારમાં આપણ આવી પોંહચ્યાં !" ખટલી અચરત થઇ. "વાતમાંને વાતમાં વખત ગયો તે જરા માલમબી નહી પડયો !

"હું ચાહુંછ કે ચીનાબાગ હજી દૂર હતે" જાંહગીરે ખાયશ બતાવી.

"જાબા ! એમ ચાહવામાં કાંઇ તમારૂં હેત નહી જણાતું" ખટલીએ મજાખ કીધી "ચીનાબાગ તમારા ઘરથી વધારે દૂર હોય ત્યારે તો તમો અને અમો વચે લાંબો અંતર તમે, ચાહોછ."

"નહી, નહી, ખટલીબાઇ" જાંહગીરની બેહનોએ ખટલીની ભૂલ ભાંજી, "મારા ભાઇની કેહવાતી મતલબ એજ કે ચીનાબાગ જરા વધારે દૂર હતે તો આપણને અહીં સાથે ફરવાનું વધારે મળતે અને આજની આપણી આ સેલઘાની મોજ વધારે લંબાતે."

"એમજ કે, જાંહગીર !" ખટલીએ આ અર્થનાં ખરાંખોટાંનો જાંહગીરથી ખોલાસો પુછયો.

"એમજ, ખરશેદબાઇ, મારા કેહવાનો અર્થ એજ કે તમારો ચીનાબાગ જલદી પાસે આવી ગયાથી હવે આપણ જલદી છુટાં પડી જઇશું, કે જેમ છુટાં પડવા મને ગમતું નથી."

"ને અમોનેબી નહી ગમતું." બેહુ બેહનો બોલી.

"તમો બધાં મને કેવી ચાહોછ !" ખટલીએ ઉપકાર માન્યો "મારા ઉપર તમારી કેટલીબધી મેહરબાની છે !"

એટલીવારમાં તો તેઓ ચીનાબાગના દરવાજા ઉપર આવી લાગ્યાં, કે જ્યાંથી તેઓને—ગમો કે ના ગમો તોપણ—હવે છુટાં પડવાનું હતું.

"ગંગાદીન !" કરીને ખટલીનાં હાંક મારવા ઉપરથી તુર્તંજ દરવાજાના રખેવાલ પુરબૈયા

રામોશીએ દરવાજો ઉઘાડયો અને હવે આ સરઘસ છુટું પડયું. તેઓએ બાગમાંથી બંગલાના બારણા સુધી ખટલીની સાથે આવવા માંગ્યું, પણ ખટલીએ તેઓને તેટલી તસ્દી દેવા ના પાડી, અને દરવાજા ઉપર બાહરો બાહરથીજ વળાવી દીધાં. સદાં બેહનો ખટલીને ભેટી તથા મુંખચુંબન કરીને છુટી પડી, જાંહગીર માત્ર જોસથી ચાંપીને શેકહેંડ કરીનેજ છુટો પડયો. "એ સુંદરીને વધારે પ્યારથી ભેટવાનો મારો વખત હજી પછી આવશે." ઉછાલાં મારતાં જોબનવાન આ જુવાને પોતાને માટે ધીરજ ધરી.

સદાં ભાઈબેહનો જ્યાંથી આવ્યાં તે રસ્તે પાછાં ચાલ્યાં અને ખટલી રામોશીની સાથે બાગની અંદર વાત કરતી ચાલી. મધરાત્રીએ સઘળું શાંત ચુપચુપાટ હતું. શું ચીનાબાગની વસ્તી ઉંઘી ગયલી હતી? નહી.

પ્રકરણ ૪૫ મું.

એક "બાહારનો માણસ."

ખટલી ચીનાબાગના લાંબા કંપાઉંડમાં એકલી પડી તેવીજ રાત્રીનાં એકાંતપણાંમાં ઉતાવળાં તોપણ મુગાં પગલાંથી એટલી ઝડપથી માકામામાના મેહલ ભણી ચાલવા લાગી કે તે દોડતી ગઈ એમ કહીયે તો ચાલે.

અને ગમે એટલી ઝડપથી ચાલવા છતાં તેણે પોતાનાં પગલાંનો આવાજ થવા દીધો નહી. તે આટલી મોડી રાત્રે બાગની બાહાર રેહવા માટે જાણેકે મામાના ઠપકાથી બહીતી યા લજવાતી હોય તેમ, કશો આવાજ નહી કરતાં તે બાગમાં બિછાવેલી ખડખડ આવાજ કરતી રેતીમાં સંભાળીને ચાલવા લાગી, જોકે તે જાણતી હતી કે આટલી મોડી રાત્રી સુધી બાગની બાહાર રહી જવામાં વાંક તેનો નહી, પણ માકામામાનો પોતાનોજ હતો—તેવણે ખટલીને લેવા ગાડી નહી મોકલવાથી ખટલીને આવતાં આમ મોડું થયું હતું.

ખચીત માકામામા અત્યારે ઉંઘી જવા જોઈયે. અગત્ય કરીને આજે જ્યારે તેવણનો "એકાએક જીવ બિગડી આવ્યોછે," ત્યારે તેવણ આટલી મોડી રાત્રી સુધી જાગી શકે તો નહીંજ. કદાચ ઉંઘ નહી આવી હશે. તોપણ તેવણ ઉંઘવા તો ગયા હશેજ—અને અમસ્થી આંખ્યો મીંચીને બિછાનામાં પડી રહ્યા હશે.

માટે ખટલીએ માકામામા જાગી ઉઠે તેવા પોતાનાં પગલાંના આવાજથી બંગલામાં જવું નહી એમ ઠરાવ કરવાનું તેને કારણ હતું. વળી મામાની તબીયત વિષે તેને થયલી ચટપટ તેને ઉતાવલે બાગમાં ઘસડી લઈ જનારૂં બીજું કારણ હતું. વાત તો તેથી ઉલટીજ માલમ પડી.

બાગમાં માણકશાહ શેઠના બાંયતલીયેના દિવાનખાનાની બારી આગળ આવતાંજ ખટલીને ખુબ ભભકપુર રોશની જણાઈ. દિવાનખાનામાં માત્ર દીવો જલદ બળતો નહી હતો—રાત્રે શેઠના સુતી વખતે સરેસ્તા પ્રમાણે તે દીવો ઝાંખો કરેલોજ નહી હતો—પણ વધારે ઉજાસને માટે કાંઈ ખાસ વધારે બતી કરેલી હોય એટલી ભકભક ઓરડામાં "લાઈટ" બળતી હતી.

આ રોશનીનું જોસ જોઈને ખટલી બાહારથીંજ અજબ થઈ ગઈ. આવી રોશની વચ્ચે માકામામા ખચીત જાગતા હોવા જોઈયે. પણ શામાટે જાગતા હશે? શું કાંઈ તબીયત વધારે બિગડેલી હશે? શું કાંઈ ડાકટર આવેલો હશે? કાંઈબી ખાસ કારણ હોવું જોઈયે, કે જે કારણે ખટલીની ફિકરમંદીને એટલીબધી વધારી મુકી હતી.

માકામામાનાં બાંયતલિયેનાં દિવાનખાનામાં બાહારથી દાખલ થવાની એક ઉંચી સીહડી હતી, તે સીહડી ઉપર ખટલી કયારે ચહડી ગઈ તેની તેને ગોયા શુદ્ધિ પણ રહી નહી. તે ઝડપથી સીહડી ચહડીને દિવાનખાનાની બાહારની એક લાંબી ચાલમાં પેઠી, કે જે ચાલમાં કાચનાં બારણા વડે માણકશાહ શેઠના દિવાનખાના મધે જવાનું હતું.

આ કાચનું બારણું બંધ કરેલું હતું, અને બારણાની બાહાર શેઠનો વિશ્વાસુ ચાકર કાવળો શેઠનાં જાચણની સાથે પોતાનાં જાચણની તપ કરતો હતો. શેઠને સુતી

વખતે હાજર રેહવાનું કાવળાનું કામ હતું. શેઠને બિછાનામાં પોઢાડી, મોસમ પ્રમાણે સુજની યા બરનુસ ઓઢાડી, શેઠને માટે પીવાનું થંડું પાણી ઢાંકી તથા દીવો ઝાંખો કરીને જવાનું કાવળાનું રોજનું કામ હતું. કાવળાનું એ કામ આજે બજાવવાનો વખત થઇ ગયલો હતો, પણ શેઠ હજી ઉંઘવા ગયા નહી તેથી કાવળો બિચારો બારણાની બાહાર ઉંઘનાં ઝોંકાં ખાતો બેસી રહેલો હતો, કે જે તે ગરીબ માણુસને મનથી એક જાતની તપશ્ચાર્યાંજ હતી.

ખટલીનાં પગલાંનો ગમે એવો ધીમો આવાજ સાંભળી કાવળો ઉઠીને બાહારની સીહડી ઉપરજ ખટલીને આવી મળ્યો, અને ખટલીને ગડબડ નહી કરવાની ગુપચુપ ઇશારત કરવા લાગ્યો.

"કેમ કાવળા? શું છે? શેઠ હજી પોઢયા નથી?" ખટલીએ પુછયું.

"નહી બાઇ, શેઠ જાગેછ, તમે આવાજ ના કરો, ગડબડ ના કરો, પણ તમે મુગાં મુગાં માળા ઉપર જઇને પોઢી જાવો." ચાકરે એવી આતુરતાથી આ અરજ ગુજારી કે ગભરાયલી ખટલી વધારે ગભરાવા લાગી.

"પણ છે શું?" તેણીએ પુછયું "શેઠ કાંઇ વધારે સિક થઇ ગયાછ કે? ડાકટર બાકટરને બોલાવ્યોછ કે?"

"નહીરેજી! સિક શાનાં ને વાત શું? શેઠ તો તદન સારીપેઠે છે."

"પણ ત્યારે હજી પોઢવા કેમ નથી ગયા?" ખટલીએ ઘણું હલુસે પુછયું.

"શેઠ તો કામમાં રોકાયલા છે." કાવળાએ ખટલીના કાનપર પડીને ખોલાસો કીધો. "કોઇ એક બાહારનો માણુસ મળવા આવેલો છે તેની સાથે શેઠ તો કામે લાગેલા છે, તેથી બારણા બંધ કરીને બેઠાછ અને મને ફરમાવી ગયાછ કે કોઇએ બારણાં ઉંઘાડવાં નહી યા અંદર આવીને ગડબડ કરવી નહી."

"અત્યારે બાહારનો માણસ! અને શેઠ કામમાં છે!" ખટલી ઘણી અજબ થઇ. "શેઠે અત્યારે જાગીને કામ કરવાનો તો ધારોજ નથી અને આજ સુધી એવણને કોઇ રાતની વખતે મળવા આવ્યુંજ નથી."

એટલીવારમાં તો અજબ થતી ખટલી કાચના બારણા આગળ જઇને ઉભી હતી અને કાચની અંદરથી દિવાનખાનાંની અંદર જોતી હતી.

અને ખટલી શું જોયછે?

માણકશાહ શેઠની પીઠ બારણા તરફ ફરેલી હતી, એટલે બારણા ઉપર તેવણની કશી નજરજ નહી હતી અને બારણા ઉપર કોઇનુંબી આવવું જવું તેવણ જાણી શકતાજ નહી હતા.

ખટલી જોયછે તો માકામા દિવાનખાનાના વચલા મેરાબની દિવાલની કોરે પોતાની લખવાની ટેબલ ઉપર વાંકા વળીને વાંચવા બેઠેલા હતા. તેવણની આગળ એક અજાણ્યો માણુસ ઉભેલો હતો. ટેબલને મથાલે મોટો મુનલાંપ ભકભક બળતો હતો અને ટેબલની ઉપર મોટા મોટા ચોપડાઓ ખોલેલા હતા, કે જેની અંદર માણકશાહ શેઠ પોતાનો અસમો ચહડાવી ઉપરથી હેઠે સુધી હિસાબ તપાસતા અને સરવાલા બાદબાકી ગણતા હતા, અને પાછળ ઉભેલો તે બેગાનો માણુસ તેવણની ગણત્રીમાં સામેલ થઇ મદદ આપતો હતો.

એ "બાહારનો માણુસ" ઉમરે જુવાન અને કદે પતલો હતો. તેની ચામડીનો રંગ જરા પીલાસપર હતો. તે મધ્યમ કદનો હતો અને હિસાબોના આંકડા • ઉપર આંગળીઓ ચલાવવામાં એટલો ચપલ હતો કે તે કોઇ ચાલાક મેહતો હોય એમ જણાતું હતું.

એ બાહારના માણસનો ચેહરો ખટલીને બરાબર દીસ્યો નહી હતો. જ્યાં ખટલી ઉભેલી હતી, તે બારણા તરફ તે બેગાનાની પીઠ હતી, તોપણ તેના પોશાક ઉપરથી ખટલીએ જોયું કે તે કોઇ બાહારગામથી આવેલો મુસાફર હતો. હજી તેના મુસાફરીનાં કપડાંજ તેના અંગમાં હતાં—તે ઇંગ્રેજી ઢબનાં કપડાં હતાં, પણ તે શખસના માથાં ઉપર હિંદુઓના સરખી કાંઇક ચોટલી ઝુલાતી હતી—તે છતાં તે હિંદુ તો નહી હતો. તેમજ પારસી જેવોબી લાગતો નહી હતો. તેનો સઘળો ચેહરો કોઇ ચીનાને બહુ મળતો હતો, તેટલામાં તેણે માથું ધવડવા જ્યારે પોતાની ટોપી ઉંચકી ત્યારે તેની ચોટલી બાહાર નિકળી પડી. એ ચોટલી નહી

પણ એક લાંબો ચોટલો હતો, તે તેને ચીના દાખલ બતાવી આપવાને બસ હતો. અને તેનું ચપટું નાક તથા તેની કલમતરાસ આંખ્યો પણ તેને કોઇ ચીના દાખલજ ઓળખાવતાં હતાં.

ખટલીએ એક વેપારી ચોપડા કદી દીઠા નહી હતા, અને એ ચોપડા શાના છે તે તે સમજતી નહી હતી. પણ તેણીએ અટકળ કીધી તે ખોટી નહી હતી કે એ કાંઇ વેપારના ચોપડા હશે અને તે આ "બાહારનો માણસ" આજે પોતાની સાથે તપાસવા લાવ્યો હશે

માકામામાએ સર્દાના ધનબાઇજી ઉપરની આજ સાંજની પોતાની ચીઠીમાં "મને એક બાહારનો માણસ મળવા આવેલોછે" એમ લખ્યું હતું ખરૂં. ખટલીને તે "બાહારનો માણસ" કોણ છે તેની હવે સમજણ પડી. ખટલીએ હવે તે બાહારના માણસને દીઠો અને સમજી કે માકામામાએ ધનબાઇનાં ખાનાં ઉપર ગેરહાજર રેહવા માટે આ કાંઇ ખોટું બાહનું કાહાડેલું નહી હતું. માકામામા આજે ખરેખર કામમાંજ હતા.

માકામામાની તબીયત કાંઇ બિગડેલી જણાતી નહી હતી. તેવણની તનદરોસ્તી તો સારી જણાતી હતી. ખુરશી ઉપર તેવણ અઠેલ્યા વગર ખડાને ખડા હોસ્યાર બેઠેલા હતા. તેવણના ડાવા હાથ આગળ એક મોટો પોથો—"લેડજર"—ખોલેલો હતો અને તેવણનો જમણો હાથ એક બીજા પોથામાં હિસાબોની કાલમ ઉપર ફરતો હતો, કે જે હિસાબના આંકડાઓ સાથ તે "લેડજર" માં તેવણ ફરી ફરીને જોતા અને સરખામણી કરતા હતા, તથા તે હિસાબમાં ભૂલો બતાવતા હોય, તેમ પાછા ફરીને પોતાની પછવાડે ઉભેલા તે બાહારના માણસ તરફ જોતા હતા, તે વખતે તેવણના ડોળા તેના તરફ ધુરકતા હતા અને તે બેગાનો તેવણથી બ્હીતો દેખાતો હતો, તે ઉપરથી ખટલીએ ધાર્યું કે એ બેગાનો શેઠના હાથ તળેનો કોઇ નોકર હતો.

માકામામાનો ચેહરો ક્રોધાયમાન હતો. તેવણ ગુસાથી લાલ થયલા હતા, કે જે લાલ રંગ રાતના ફિકાસમાં ઘેરો કાળો દીસતો હતો અને તેથી માણકશાહ શેઠના ચેહરા ઉપર કાંઇ તુફાની વાદળ ઘેરાઇ આવ્યું હોય તેમ તેવણની સિકલની સ્થિરતા સઘળી ખોળાયલી અને ખળભડાયલી અસ્વસ્થ દીસતી હતી.

કોઇવાર તેવણ તે બેગાના તરફ ડોળા ધુરકીને હિસાબ ઉપર આંગલી બતાવીને મોટે સાદે પુછતા કે "આ શું?" તેવણ ગુજરાતીમાંજ પુછતા. અને તે બેગાનો ગુજરાતી ભાષા સમજતો લાગતો હતો, પણ તેનો જવાબ ખટલીને સમજાતો નહી હતો.

"એ કોણ હશે?" ખટલી અજબ થઇ વિચારવા લાગી "માકામામાનો કોઇ ચીનો ફ્રેંડ યા ઓળખીતો હશે. આજે સહવારે ચીનની આગબોટ આવીછ, તેમાંજ કદાચ કોઇ આવ્યો હશે. પણ તેને મામા સાથ શું કામ હશે? અને એટલાબધા ચોપડા તપાસવાનો સબબ શો હશે? પણ વળી એવણ એટલાબધા ગુસે કાં થતા હશે? તે દાહડે મારી આગળ જમાવાળાઓ વિષે વાત કરતાં એવણ જેવા ચીહીરડાઇ ગયલા હતા, તેવાજ ચીહીરડાયલા આજે આ બાહારના માણસ તરફ જણાયછ! એ કોણ હશે! અને તેના ઉપર ચીહીરડાવાનું શું કારણ હશે?"

આ લોકોને જોતાં જોતાં અંતે ખટલી થાકી અને માળા ઉપર જવાના દાદર ભણી પાછી ફરી.

"કાવળા, આજે શેઠે મને લેવા ગાડી કાં નહી મોકલાવી?" તેણીએ માળા ઉપર જવા આગમચ કાવળાને પુછ્યું.

"હું નથી જાણતો બાઇ." કાવળાએ કાનપર હાથ મેલ્યા, અને સામુ પુછ્યું "શેઠે ગાડીની વર્દી આપીતી કે?"

"વર્દી આપી તો હશે. એવણ મને ઘેર લાવવા સર્દાબાગ ઉપર ગાડી મોકલવાના હતા. સર્દાને ત્યાં એવણે ગાડી મોકલવા ચીઠીબી લખીતી."

"પણ સાબ શેઠે વર્દી આપી હોય તો ઘોડાવાળા ભૂલે કેમ?" કાવળાએ પોતાના ભાઇબંધ ચાકરોનો બચાવ કીધો. "હું તો ધારૂંછ, બાઇ, કે શેઠ ગાડીની વર્દી આપતાંજ કદાચ ભૂલી ગયા હશે. કદાચ આજે એવણ કામમાં છે તેથી ભૂલ્યા હશે. કદાચ આ કોઇ સાહેબ અચબુચ મળવા આવ્યાછ તેની રોકાણમાં શેઠ ભૂલી ગયા હશે."

"હોયબી. પણ એ સાહેબ કોણ મળવા

આવેલોછે, કાવળા ?" ખટલીએ સેજ પરપુછ કરવાની આ તક લીધી. "તું એને ઓળખેછ કે ?"

"નહીજી, હું નથી ઓળખતો. એવણ નામ આપ્યા વગર અંદર જઇનેશેઠને મળ્યા. હું ધારૂંછ કે એ કોઇ મુંબઇથી આવેલો સાહેબ છે. મુંબઇની ટ્રેન આજે ૯ વાગતે આવ્યા પછી, એ સાહેબ અંહી આવ્યા અને આવ્યા ત્યારના શેઠની સાથેજ રોકાયલા છે."

"તું 'સાહેબ' કરીને કેહછ ત્યારે એ શું કોઇ ઇંગ્રેજ છે કે ?"

"નહીજી સાહેબ લોકનાં કપડાં પેહરેલાં છે, પણ જાતે તો કોઇ સાહેબ જણાતા નથી. આપણા જેવો કાળો માણસ છે, અને આપણી બોલીમાંજ વાત કરેછ."

"તે શું રાતે અંહીજ રેહવાનો છે કે ?" ખટલીની પરપુછનો તો જાણેકે છેડોજ આવ્યો નહી.

"હું નથી જાણતો બાઇ, પણ શેઠે આયાને કહીને, પાસેનો ઓરડો તૈયાર કરાવી રાખ્યોછ, તે ઉપરથી હું ધારૂંછ કે કદાચ એ સાહેબને રાતે અંહીજ ઉતારો આપવાનો હશે."

પ્રકરણ ૪૬ મું.

"બાહારનાં માણસ"નો ભેદ.

ખટલીને આજના ઉજાગ્રાથી ઉંઘની અવાચી ઉપર અવાચી આવવા લાગી, તે હવે તુર્તજ માળા ઉપર ગઇ, તે ઘણી બીવેલી અને ગુચવાતી તથા અજાયબી સાથે ગઇ.

ઘડિયાલમાં રાતના ૧ વાગતાંની ટકોરી થઇ, તોપણ માણકશાહ શેઠ આ બાહારના માણસ સાથ કામે રોકાયલાજ રહ્યાથી ખટલીને અત્યંત બેચેની અને ચટપટ થઇ. ખટલીનો સુવાનો ઓરડો શેઠના નીચલાં દિવાનખાનાના માંથા ઉપરજ હતો, અને ખટલી જરાવાર પોતાની બારીએ ઉભી તો હેઠલાં દિવાનખાનાની બારીએથી સઘળો ઉજાસ બાગમાં પડતો રહ્યો હતો, કે જે ઉજાસે બાગમાંથી આવતાં ખટલીનું પેહલું ધ્યાન ખેંચ્યું હતું.

ખટલી કેટલીકવાર સુધી વિચારમાંને વિચારમાં બારીએ ઉભી રહી, તો હજી હેઠળનો તે ઉજાશ જારી રહેલો જણાયો, એટલે હેઠલાં દિવાનખાનામાં હજી દીવો બળ્યાજ કરતો હતો, એટલે કે શેઠ હજી ચોપડાઓ તપાસવામાં તે અજાણા સાથે રોકાયલાજ હતા.

"કેટલુંબધું કામ !" ખટલી અંદેશો કરવા લાગી "લોકો સમજેછ કે વેપારીઓ સુખી હોયછ, પણ આ તો બિચારા માકામામા ઉપર કેવું દુઃખ, કે જે દાહડે જીવ બિગડી આવ્યોછ તેજ દાહડે ચોપડાઓ સાથ મોડીરાત સુધી માંથાકુટ કરવા બેઠાછ ! પણ માકામામા કાંઇ આજે વેપાર કરતા નથી. આગળ એક વખતે એવણ વેપારી હતા—તે છતાં એવણને આટલી માંથાઝીખ કરવી પડેછ, તો જે લોકો આજે વેપારી હશે તેઓને કેટલી વેઠ કરવી પડતી હશે !"

પણ ધંધો છોડીને "રિટાયર" થયલા એક વેપારીને કામધંધાને એટલો કુથલો શાનો જોઇયે ? તે ખટલી સમજી શકી નહી.

"તોબી બિચારા મામા શું કરે ? બાહારગામથી કોઇ કામ લઇ આવ્યો, ત્યારે તેને કાંઇ પાછો વાળે ? ગમે તેવી અડચણ છતાંબી તેની સાથ રોકાઇ રેહવુંજ જોઇયે !"

પણ કેવી અજાયબી ! એટલીવારમાં તો ખટલીને માકામામાની એક મોટી બૂમ સંભળાઇ ! ખટલી હેઠે હતી, ત્યારે તેવણ ગુસાથી વાતો કરતા હતા, પણ હવે તો તેવણ બૂમો મારીને કજીયો કરતા હોય, એવા કંકાસના આવાજો ખટલીને કાને પડયા. તે ચોંકીને બારીએ ઉભી થઇ, પણ તે "બાહારના માણસ"ના કશા જવાબો ખટલીને સંભળાયા નહી.

"જેવો એ બેગાનો બાહારના દેખાવમાં છે, તેવોજ તેનો આવાજબી દેખું." ખટલીએ અનુમાન બાંધ્યું "ચેહરે નરમ, મીઠો, ઠંડો ને ઠાવકો છે, તેમ આવાજમાંબી ધીરો ને નરમ લાગેછ, એટલોબધો એ કોઇ પાકો ઠગ હશે ! કોઇ કલેજાંફરેશ દોસ્ત હશે."

તે બેગાનો પોતાનું કામ પુરૂં કરીને

બાહાર જાય, તેને બાહાર જતો જોવા ખટલી પોતાની બારી ઉપર બળતી જીરાશા સાથ બેસી રહી.

પણ પછી બારીએ બેસીને વાટ જોતાં જોતાં તે કંટાળી ગઇ અને બારીપરથી ઉઠીને સુવા જતાં જતાં બોલી—

“શી ધાડ! કેટલી લાંબી રોકાણ!” તે બડબડી “ખચીત આ ચીનો આખી રાત અંહીજ કાહાડવાનો હશે. આવી મોડી રાત્રે મામા એક મુસાફરને બાહાર જવાજ કેમ દેશે? ને તે અજાણો કેમ જશે! અને કયાં જશે!”

આજના પોતાના આ નવાઇજેવા અનુભવના અંદેશામાં ખટલી સુવા ગઇ. વાંચનાર વિચારશે કે માકામામાની આ રોકાણ ઉપર ખટલીને એટલીબધી ગભરાવાનું કારણ શું? પણ ખટલી માકામામાના પૈસા બધા પોતાના સમજતી આવીછે, અને આ કાંઇ પૈસા ટકાને લગતીજ રોકાણ છે—વળી ખટલી અને બીજાંઓ તો એવું સમજતાં આવેલાંછે કે એ શેઠ ધંધોધાપો બંધ કરી અને પૈસાના કોથલા ભરી ચીનથી આવ્યાછે, પણ આતો જાણેકે હજી એ શેઠની કાંઇ ધંધાના ભાગલાગની જંજાલખોરી રોકાણો નજર આવીછે, કે જે કામકાજને દરમ્યાન માકામામાના પૈસા જેમ વધવાનો તેમ ઘટવાનોબી સંભવ છે. એક વેપારી જયાંસુધી વેપારમાં રોકાયલોછે, ત્યાંસુધી તે પૈસા કમાવા અને ખોહવાના જોખમમાં એકસરખો રેહછે. ઘડીની વચમાં તેના પૈસા આવેછે અને ઘડીની વચમાં પૈસા જાયછે. પણ માકામામાના પૈસા જતા રેહવાનું આજે હવે નહી પાલવે, અને આજનો તેવણનો ગુસો તથા ખળભલાટ પૈસા ખોહવાના ખળભલાટના સરખોજ છે. એ સર્વેનો ભેદ નહી સમજવાના ગુચવાડાથી ખટલીનું આજનું મુંજવન સમજી શકાયછે.

એમ કરતાં અંતે ખટલી પોતાનાં નરમ, સુંદર બિછાના ઉપર ભર ઉંઘમાં પડી, પણ તે અડધીજ ઉંઘ હતી, અને ઉંઘમાં માકામામાની સઘળી જંજાળ ભુલી ગઇ હોય યા તે જંજાળો સ્વપ્ના રૂપે પાછી તેની ઉંઘતી આંખ્યો આગળ જાગતી ઉભી રહીબી હોય.

પણ ખટલીની આજ રાત્રીની ઉંઘ મજબુત તો નહી હોય, કાંકે તે મધરાત પછી મોડી સુતા છતાં બીજી સહવારે તેની ઉંઘ વેહલી પાછી ગઇ અને તે વેહલી જાગી ઉઠી.

અને જાગતાંનીવાર પેલા “બાહારના માણસ”ના વિચાર સાથેજ તે પાછી જાગી.

“પણ એ અજાણો કોણ હશે?” તે સહવારે ઉઠતાંજ અંદેશામાં પડી. “અને માકામામા તેના ઉપર ખીજવાયા કાં હશે? કોઇ એવણનો ચીનનો વેપારી હશે, તેને પોતે પૈસા ધીરેલા હશે અને તે પૈસા જતા રેહવાનો આ ખીજવાટ હશે.”

“પણ માકામામાને પૈસાની શી ખોટ છે?” ખટલી પાછી જીવને ધીરજ આપવા લાગી. “એવણના લાખો રૂપીયાના ખજાનામાં બે પાંચ હજાર આવે યા જાય તેનો શો મુજાખો છે? તે છતાં એવણ આજે ઘણા ખીજવાયા, ત્યારે તો કોઇ મોટી રકમની ખોટ ગઇ હશે! બેપાંચ હજાર તો શું, પણ બેપાંચ લાખની ખોટ હોય તોજ મામા એટલા ખીજવાયલા રેહ!”

અને માકામામાના ખીજવાટનો પોતાના મન સાથ એટલો સાર કાહાડીને હવે ખટલી વેહલી વેહલી ઉઠી અને કાંઇ પણ ખોલાસો મેળવવાની આશાવંત થઇ. તેણીએ ઝડપથી ઉઠીને હાથ મોહડું ધોઇ કપડાં પેહરી લીધાં અને રાત્રીનું પોતાનું જાગ્રણ બાહારની સપાટી ઉપર છુપાવીને ઠીક ઠાક થઇ તે હેઠલ મામાના ઓરડા તરફ ગઇ.

માકામામાની પણ અડધીજ ઉંઘ હતી. તેવણને રાત્રીની પોતાની રોકાણ પછી દેખીતી બરાબર ઉંઘ આવેલી નહી હતી. તેવણનો ચેહરો ફુલેલો અને આંખ્યો સુજીને લાલ થઇ આવેલી હતી. તેવણ પોતાનો નાસ્તો લેવા સારૂં જમવાના દિવાનખાનામાં જવાને પોતાના ઓરડાનું બારણું ઉંઘાડી જોવા બાહાર નિકળ્યા તેવાજ ખટલીને બારણા ઉપરજ મળ્યા અને ત્યાંથી ખટલીની સાથે ખુશ ચેહરે વાતો કરતા નાસ્તો લેવા ચાલ્યા. રાત્રે જાણે કાંઇ બન્યુંજ નહી હોય તેમ તેવણ પોતાનો ખીજવાટ સઘળો ભુલી ગયલા હતા અને જાણેકે કાંઇ જાણતાજ નહી હોય તેમ તેવણ ખુશીના ખુશી દેખાયા.

જમવાના દિવાનખાનામાં ખુશનુમા સહુવારની થંડી લેહકી આવતી હતી, જેથી પોતાનો જૈફ તનની સંભાળને માટે માકામામાએ માત્ર એક કાનિયા ટોપી અને ગરમ બદિયાન પેહરીને ખાંધ ઉપર શાલ નાખેલી હતી. ખટલીએ રોજ સહુવારના માકામામાને એકેક કિસી લેવાનો ધારો પાડેલો હતો, પણ આજે તેવણ નાસ્તાની ટેબલ ઉપર પોતાની સરેસ્તાની બેઠકે બેઠા પછી ખટલીએ તેવણના ગાલનું ચુંબન કરતાં તે કાંઇ અજબ થંડો થઇ ગયલો તેના હોઠને લાગ્યો, અને તે ગાલનો રંગ પણ જરા ફીકો મારી ગયલો જણાયો. માકામામાએ સરેસ્તા પ્રમાણે પોતાની ભાણેજનાં પ્યારાં ચુંબણનો બદલો તેના બરડા ઉપર પોતાનો હાથ ઠોકીને વાળ્યો, પણ તે વખતે ખટલીને લાગ્યું કે તેવણના હાથજ નહી પણ જાણેકે તેવણનું આખું અંગ જરા જરા ધ્રુજતું હતું. આ તેવણના હાથની ધ્રુજરી તો તેવણે નાસ્તા ઉપરના ધારા પ્રમાણે સહવારનું પેપર પોતાના હાથમાં વાંચવા ઉંચકયું અને તે પેપરનું પાનું ફેરવ્યું ત્યારે ખટલીને ખુલ્લી જણાઇ આવી, કે જે પ્રમાણે આગળ તેવણના હાથ કોઇ દાહડે ધ્રુજતા નહી હતા.

અને તોપણ પોતાનાં દિલની ભિતરની બેચેની છુપાવીને સઘળું સારૂં સારૂં હોય તેમ પોતાની ભાણેજને દેખાવાની માકામામાની કોશેશ દિસ્તીજ હતી.

ખટલી પણ જાણેકે કાંઇ જાણતી નહી હોય તેમ ખુશચેહરે કીટલીમાંથી ચા નામવા બેઠી અને રોજના ધારા પ્રમાણે મામાની ચાનું કપ તેમાં દુધ અને સકર ભેળીને નાજુક હાથના નખરાંબાજ લેહકા સાથે મામાની આગળ મેલ્યું. તેવણે ખુશી સાથે અને ચા પીવાના ચીનાઇ ચડસ સાથે કપ ઉઠાવ્યું.

માણકશાહ શેઠ પોતાનો ચાનો શોખ ચીનથી લઇ આવ્યા હુતા. તેવણને ઉંચી, ફરમાસુ ચીનાઇ ચાનો શોખ હતો—બલકે ચાનું એક ખુશ કપ એજ તેવણની મોજ હતી. તેવણ લેહજતદાર દારૂઓને નહી તેટલા ચાના એક કપને ચાહતા હતા. તેવણના "બાગ" માં ચાની ઉકમાઇ હતી, અને પારસીઓને ચા બનાવતાં આવડતીજ નથી એ તેવણનો અભિમાની અભિપ્રાય હતો. જયાં સુધી મેહરી ચીનાબાગમાં રહેલી હતી, ત્યાંસુધી તેને મામાને ગમતી ચા બનાવતાં આવડી નહી હતી, પણ ખટલી આવ્યા પછી મામાને ગમતી ચા બનાવતાં જલદી શિખી ગઇ હતી. ચા પાઇને મામાને ખુશ કરતાં મેહરી કદી ફતેહ પામી નહી હતી—અને ખટલી કદી નિશફળ થઇ નહી હતી.

પણ ચાનું આ કપ ઉઠાવતાં માકામામા પોતાના હાથની ધ્રુજરી છુપાવી શકયા નહી. ખટલી તે ખુલ્લી જોઇ શકી અને તે ઉપરથી પોતાના ગુચવાડાનો ખોલાસો મેળવવાની તેને તક મળી.

"અરે ! અરે ! આસ્તે ! આસ્તે !" તે મામાના ધ્રુજતા હાથને ટેકો દેતાં અકળાઇને બોલી "મામાજી પ્યાલું પડી જશે. વ્હાલા મામાજી કોઇ દાહડે નહીને આજે તમારા હાથ કેમ ધ્રુજેછ ? કાંઇ જીવને બેચેની વધારે છે ? તમે થાકેલા છો ? કાલ રાતની રોકાણથી તમોને જરા નબળાઇ થયલી છે ?"

"રાતની વાત તેં કેમ જાણી ?" પાધરો જવાબ આપવાને બદલે મામાએ ઉડાવનારો જવાબ આપ્યો. "હું જયારે રાત્રે રોકાયલો હતો, ત્યારે તું તો ઉંઘી જવી જોઇયે."

"નહી મામાજી, હું રાત્રે સકાલે ઉંઘીતી નહી. હુંબી છેક મધરાત પછી ઉંઘીતી."

"કેમ ? કેમ ? તુને જાગવાનું શું કારણ હતું ?"

"તો મામાજી, હું તો રાતે સદ્દાવાળાંઓને ત્યાં જમવા ગઇતીની. ત્યાંથીજ છેક બાર વાગતે મોડી આવીતી."

"ત્યાં એટલું મોડું કાં કીધું ?"

"તમે ગાડી મોકલવા કહ્યુંતું તે ગાડી આવ્યાની વાટ જોતી હું બેસી રહીતીજી."

"ગાડી ?" હવે માણકશાહને યાદ આવી. "અરરરર ! હા જો ! હું તો ગાડી મોકલવા તદન ભૂલી ગયો. હું ઘણો દિલગીર છું."

"અરે ! કાંઇ નહીરેજી !" ખટલીએ મામાની આ માફી વિષે ન ફિકરાઇ દેખાડી "ગાડી નહી આવી તો શું થયું ?"

"ત્યારે તું કેમ આવી ?"

"હું તો ચાલતી આવીજી."

"કાં વારૂં? સદાવાળાંઓએ ગાડી કાં નહી આપી? એ લોકોના ઘોડા મરી ગયાતા કે? ને ગાડી ઘસાઇ જતીતી કે?"

"નહીરેજી, ગાડીનો શો ટોટો?" ખટલીએ ખોલાસો કીધો. "જેટલાં જણ જમવા આવેલાં હતાં તે બધાંની ગાડી હતી અને તોપણ ધનબાઇજીએ પોતાની ગાડી જોત્રાવી આપવા માગી હતી. પણ મેંજ ના પાડી. મેં ચાલવાનો શોખ બતાવ્યો. ખુશનુમા ચંદની રાત હતી, તેથી ચાલવાની મઝા પડી."

"ત્યારે તું રાતની વખતે એકલી ચાલી આવી કે?"

"નહીજી. એકલી નહી, પણ મારી સાથે સદાવાળાંઓની બેહુ છોકરીઓ મને આપણા બાગવેર મુકવા આવ્યાં હતાં અને વળી સાથે એ છોકરીઓનો પેલો ભાઇ કંગાલ જાંહગીર પણ હતો."

"અંહં! એ જાંહગીરને તું કંગાલ કેહછ!" માકામામાએ અચરતીનો હુંકારો પુર્યો. "ત્યારે એ છોકરો તુને નહીજ ગમતો?"

ખટલીએ કશો જવાબ દીધો નહી. તે તોરમાં ને તોરમાંજ બેસી રહી, અને જાણેકે પોતાને એ વાત નહી ગમતી હોય તેમ પોતાની ચુપકીદીથીજ મામાને જાણવા દીધું.

"ચાલ વારૂં કાંઇ. નહી. તું બ્હીના દીકરી ખટલી." મામાએજ તેને ધીરજ આપી. "એ છોકરો જાંહગીર તુને ગમતો નથી તેથી હું ખુશી છું. કેમકે એ એક ભીખારી છે. એ છોકરો તારે લાયકનો નથી. તુને તો એના કરતાં કોઇ વધારે સારો વર મળવો જોઇયે."

પરણવાની વાત ઉપર ખટલી પાછી ફીકી પડી ગઇ. તેનું દિલ અંદરથી ધ્રુજવા માડ્યું. તે બોલી—

"મામા, મને પરણવા નથી ગમતું. હું તમારી સાથે રહેલીછું તેમાંજ વધારે સુખી છું."

"છટ છટ!" માણકશાહ શેઠ છછણી પડયા. "બૈરાંનું આ દુનિયાંમાં, પરણવા સિવાએ બીજું કામજ કાંઇ નથી. તું બૈરી અવતરીછ તો તારે પરણવું જોઇયે. તારી ખુબસુરતી અને તારા રંગ રૂપથી તો તું કોઇ ઘણા પૈસાદાર પુરૂષને પરણશે."

"પણ મામાજી, તમે મને ફક્ત ઘણા સરખા પૈસાપરજ પરણાવા નહી ચાહશો?" ખટલીએ આશામંદ સવાલ પુછ્યો. તેની ખાતરી હતી કે માકામામા જેવો પૈસાપર પથારી માડી બેઠેલો શેઠિયો પૈસાનાં ભાડુતી લગ્નને પસંદ નહી કરશે.

"પણ તેમજ હું તુંને પૈસા વગરને ઠેકાણે પરણાવા ચાહીશ નહી" માકામામાએ પોતાનો ઠરાવ જાહેર કીધો. "તારા સરખી છોડીને ઝુપડાંનો ગરીબડો સંસાર છાજે નહી. તું એવી શોખીલી છે કે એક ગરીબડાં સાસરાંથી તું જલદી કંટાળી જશે."

મામાનો આ ટીકો તો ખટલીને આબાદ લાગુ પડતો લાગ્યો. તે ગરીબ સંસારથી કંટાળી ચુકેલીજ છે, અને તેજ બોલ તેના મામાના મોહમાંથી નિકળવાથી ખટલી તો તદન ડઘાઇજ ગઇ. પણ તેનો તેણે કાંઇ જવાબ દેવો તો જોઇયે. માટે અંતે તે કરગરીને બોલી.

"મામાજી, હું પગે પડીને માગી લઉંછ કે મારી આગળ તમે પરણવાની વાત ના કરો. હું મારાં લગ્નની વાતને ધિક્કારૂં છ."

"એમ છે! ત્યારે તો હું ઘણો દિલગીર છું." માકામામાએ અચરતીનાં ડોળ સાથ દિલગીરીથી મોહડું કુમળાવ્યું, અને ખટલીએ જોયું કે જે મામાને તેના પૈસાની ખાતર તે દિલગીર કરવા નહી ચાહતી હતી, તે મામાને અંતે આ લગ્ન સરખી નાજુક બાબત ઉપર તેણે દિલગીર કીધો.

માણકશાહ શેઠ હવે વાત કરતાજ બંધ પડયા અને ગુપચુપ પોતાનું ન્યુજ પેપર વાંચવામાં મશગુલ થઇ ગયા.

પણ ખટલીને આ ચુપકીદી ગમી નહી. તે રાતની વાત કરાવવા માગતીજ હતી.

"મામાજી, હું તો આજે નાસ્તાપર એક બીજા બાહારના માણસને જોવાની વકી રાખતીતી." તેને બોલવાની ફરજ પડી.

"કેમ? તેં કોઇને નાસ્તાપર બોલાવ્યોછ કે?" માકામામાએ પુછ્યું.

"નહીરે જી, તમારી રજા વગર હું બાહારનાં કોઇનેબી નોતરવાની છુટ કદા લઉંજ નહી." ભાણેજે વાત વધારી. "પણ હું તો જે ગૃહસ્થ રાતના તમારી સાથે હતો તેને

વિષે બોલી. હું સમજતીતી કે તે નાસ્તા ઉપર બેસશે."

"નહી. તે તો કાલે કામને વાસ્તે આવ્યો તો અને કામ પુરૂં થયા પછી તે પાછો ગયો." મામાએ લગાર મિજાજથીજ જવાબ દીધો.

ખટલીએ જોયું કે તે રાતવાળા "બાહારના માણસ" ની વાત ઉપર મામા ખુશી નહી હતા. તેની વાત સાંભળીને તેવણે એવા ડોળા ધુરક્યા કે જેવા ડોળા ધુરકેલા ખટલીએ આજ સુધી કદી દીઠા નથી.

"ખટલી, તું મારાં ખાનગી કામકાજની જેમ કનવાર નહી કરશે તેમ તુંબી સુખી થશે ને હુંબી સુખી થઇશ." મામાએ ગંભીર ટાહુકો પુર્યો.

"અરે હારે જી! હું તો માત્ર મનમાં અજબ થતીતી તેથીજ મેં પુછ્યું કે—"

"તું અજબ થાજ ના." મામા ખટલીનું વાક્ય પુરૂં કરવા પણ ન દેતાં તેની વચે બોલી ઉઠયા. "મારા કામમાં તુને અજબ થવાની જરૂર નથી. જરા જરામાં અજબ થવાનું નાદાન છોકરીઓને માટે સારૂં નથી."

પણ એ શિખામણના શબ્દોની સાથેજ મામાએ ખટલીને સામું પુછ્યું કે "રાતે મારી સાથે એક માણસ હતો તે તુને કોણે કહ્યું ?"

"કોઇએ કહ્યું નહીજી. તેને મેં પોતે દીઠો તેથીજ પુછ્યું."

"તેં તેને દીઠો ? કેમ દીઠો ?"

"રાતે હું સદ્દાવાળાંઓને ત્યાંથી આવી ત્યારે તમારા ઓરડા આગળની સીહડી ઉપરથી રોશની જોઇને આવી, ત્યારેજ મેં જોયું, કે તમે ઓરડામાં એકલા નહી હતા, પણ કોઇ બીજા માણસ સાથે લખવાના કામપર બેઠેલા હતા."

"હા. બરાબર" હવે માકા મામાની જાણે કે મનપતીજ થઇ હોય તેમ તેવણે ધીરજનું ડોકું હલાવ્યું, અને ખટલીના પુછયા વગરજ તે "બાહારનો માણસ" કોણ હતો તેની પોતેજ વાત ચલાવી. "તેં જેને જોયો, તે તો એક ચીનનો વેપારી છે. મારી સાથે તેને જુની ઓળખાણ છે. તેને પોતાના ધંધામાં બારીક વખ્ત આવી લાગવાથી મારી સલાહ જોઇતી હતી, સલાહ પુછવા આવ્યો હતો અને તેની મસલતમાં હું રોકાયલો હતો."

એટલો ખોલાસો કહીને વળી મામાએ ભાણેજને સામો સવાલ કીધો કે—"હવે તો બસ ખટલી ? તે અજાણા વિષે તારે બીજું કાંઇ મને પુછવું છ ?"

"નહીજી, નહી." ખટલીએ શરમાઇને ના પાડી.

"તેને વિષે તારે જેટલું જાણવું હતું, તેટલું જાણ્યા પછી, હવે ત્યારે તેને માટે વધારે અજબ થતી ના." એટલું કહી માણકશાહ શેઠ પોતાની ચા ગોટ ગોટ પીવામાં અને ન્યુશપેપર વાંચવામાં મુગું મુગું માથું ઘોસીને રોકાયા.

પણ ખટલીને આટલી ગોફતેગોથી નાસિપાસિ લાગી. તે બેગાનો કોણ હતો, શા કામે આવ્યો હતો, અને માકામામાને તેના ઉપર રાત્રે એટલાબધા ઉસ્કેરાવાનું કારણ શું હતું તે સઘળું જાણવાને તખંતી હતી, પણ તેવણે તો વાત એટલીજ કરીને બંધ પાડી અને તે વાત સામે ખટલીને પોતાનો અણગમોજ બતાવ્યો. એટલે હવે તે વધારે વાત કરવા પામી નહી.

પ્રકરણ ૪૭ મું.

ભવિષ્યની આશાઓ.

વધારે વાત કરવા જેવું કાંઇ નહી રેહવાથી ખટલી મામાને એકલા મુકીને બાગમાં નિકળી પડી. નાસ્તા પછી બાગમાં રોજ ફરવાનો તેનો ધારો હતો, પણ આજે તે રોજના જેવી ખુશી નહી હતી.

રોજતો મામાજીની સાથે બાગમાં ફરવાનું હતું, પણ આજે ખટલીને એકલું ફરતાં ઝુરવા જેવું લાગ્યું કાલની થાક અને જાગ્રણથી તે થાકેલી અને કંટાળેલી પણ હતી, માટે બાગમાં ઝાઝું ફરવાને બદલે તે મોટાં ઝાડના છાંયડા તળેની લોખંડની આરામ ખુરશી ઉપર લેટી બેઠી.

અંહી તે પાછી તરેહવાર આગલા પાછલા વિચારોમાં રોકાઇ ગઇ, કે જે અંદેશાઓમાં તેને તેનાં એકાંતપણાંએ ઘણી મદદ આપી.

આસપાસના ખુશનુમા દેખાવે વળી, અંહીની મોજમઝાએ, ગઇ કાલના તમાશાની રચનાએ અને આજના આ બાગના મેહલ જેવાં મકાનના ચલકતા અને પ્રકાશિત દર્શને ખટલીની આગળી જીંદગીની સઘળી યાદ પાછી તાજી કીધી.

તેની આગળી ગરીબાઇ, તેનું મરઘાસેરીવાળું ગરીબ ઘર, તેનો ગરીબડો પણ વ્હાલો વર અને તેનો તે ગરીબડો સંસાર સર્વ તેને પાછું યાદ આવ્યું.

ખટલી અંહી સુખી તો છે, સુખ ભોગવવાની તેની ઘણી મુરાદ પાર તો પડી ચુકીછે. પણ હજી તેને બીજું ઘણું જોઇયેછે.

અને જે જોઇયેછે તે હવે પછી તેને કયારે મળશે? જે વારસાની આશાને માટે તે આમ ધીરજથી ખોટી થતી પડી રહીછે તે વારસો તેના હાથમાં હજી કોણ જાણે કયારે આવશે?

સર્દાનાં ધનબાઇજી ગઇ કાલે બોલ્યાં હતાં કે માણુકશાહ શેઠની તબીયત હવે લથડી ગઇછે, અને ખટલીએ આજે સહવારે પણ તેવણની લથડતી દેહની નિશાનીઓ દીઠીછે. ત્યારે શું એ જૈફ મુરબીનો અંતકાળ હવે પાસે આવ્યોછે, અને શું ખટલી તેવણના મરવાની વાટ જોયછે?

પોતાને વિષે આવો ખ્યાલ ખટલીને પસંદ તો નહીજ હતો. તે માકામામાના મરવાની માત્ર વાટ જોયછે, એમ પોતાને માટે પોતે ધારવા અથવા બીજાઓ તેને માટે ધારે તે તેને ગમતું તો નહીજ હતું. એ ખ્યાલ ઘણો નીચ, ભાડુતી હતો. તોપણ પૈસાની લાલચ, કે જે લાલચને લીધે તે પોતાનો પરણ્યો સંસાર તજીને અંહી આવી પડીછે, તે લાલચ ખટલી જેવી એક નબળી લાલચુ અબળાને માટે અતિ મજબુત હતી. અને આ સઘળાં તે લાલચ સામે લડવાનાં તેનાં મનનાં વલખાં હતાં.

અગરજો માકામામાનો અંતકાળ જલદી આવેતો પોતાનું શું થાય તે ઉપરનાં આ મનનાં વલખાં ખટલી અટકાવી શકતી નહી હતી. તે ભવિષ્ય, કે જેમાં તે પોતાના વ્હાલા જમસુને પાછી જોડાવાની આશા ઉપર ટોવાઇ રહેલી હતી, અને દુનિયાઇ સુખના નવા દરવાજા ખોલીને તે મુફસીલનાં એક ગામડાંની વચમાં આ તાબેદાર ખુશામતખોરી જીંદગીમાંથી છુટકારો કરી પછી શેહરની સુધરેલી, ખુલ્લી અને આબરૂદાર હવામાં જઇ વસવાની આશા ઉપર ગોયા તે અધર લટકી રહેલી હતી, તે ભવિષ્યનાં પાસે આવવાનો પોતાનો અનિવાર વિચાર તે મનમાં નિવારી શકતી નહી હતી.

તે જાણતી હતી કે તે એકલીજ પોતાના માતબર મામાની માનીતી હતી. મેહરી ચીનાબાગમાં કોઇ કોઇ વખત આવતી જતી હતી, અને મામા તેને આવવા જવા દેતા હતા, પણ તેવણે મેહરી ઉપર કોઇ દાહડે હસ્તું મોહ અથવા માયાળુ ચેહરો દેખાડયો નહી હતો—અને બીજી બેહન નાજાંને તો માકામામા તદન નાદાન લેખે છેકજ ધિક્કારતા હતા. માટે ખટલીએ અનુમાન બાંધ્યું હતું કે જોકે માકામામા એ છોડીઓને છેક રખડાવી જાય એવા ઘાતકી અને ક્રુરતો નહી હતા, જોકે તેવણ મેહરી અને નાજાંને માટે તેમના ગુજારા જેટલા થોડાક હજાર રૂપીયા આપી જશે તો ખરા, તોપણ તેવણની દોલતનો મોટો ભાગ તો સઘળો ખટલીને મળશે. જે મોટી દોલતથી તેવણ આખાં પુણાં શેહરને પોતા ઉપર પગે પડાવેછે, તે દોલત શેવટે ખટલીનીજ થશે, અને જે દોલતને લીધેજ પુણાના લોકો આજે તેના ઉપર મરી ફીટેછે, તે દોલત તેના હાથમાં આવ્યા પછી, સર્દાવાળાં અને બીજાં સઘળાં "મોટાં મોટિયારો" શેવટે તેનેજ પગે પડશે.

"ગરીબ બિચારા માકામામા!" ભવિષ્યના આ વિચારો કરતાં કરતાં શેવટે ખટલી હવે માકામામાની દયા ખાવાના અંત ઉપર આવી. "એક ઘરડા માણસના પૈસાટકા શા કામના? પૈસાટકા મળ્યા પછી ઘરડાં થવામાં શો સાર? ઘડપણમાં ધન માલ કવખતે આવેછ. આટલાબધા પૈસા છતાં માકામામા શું સુખ ભોગવેછ? મેહલમાં વસેછ, પણ એ રેહઠાણ એક ચલકતા સન્યાસ કરતાં વધારે નથી. વાડી બંગલા શું ઓઢવા

કે પાંથરવાના છે? બિચારા પોતાના ગાડી ઘોડા વટીક પોતાના જીવસે વાપરી શકતા નથી! લાખો રૂપીયાની દોલત છતાં એક લખપતિની જીંદગીમાં અને એક પચાસ કે શો રૂપીયાના કમાનારની જીંદગીમાં શો મોટો તફાવત છે? પૈસાટકા છતાં કરકસરેજ જીવવું પડેછ!"

"પણ તફાવત એટલોજ" ખટલીએ છેલો સાર કાહાડયો "કે એક લક્ષાપતિને દુનિયાં મોટું માન અને ઇજ્જત આપેછ, કે જે માન મરતબો એક ઓછા પૈસાદારને મળતું નથી. એક મધ્યમ શક્તિનો માણસ પોતાની અડધી દોલત સખાવતમાં આપી દેય, તોપણ એક તંદુરસ્ત પૈસાદાર વધારે માન મેળવેછ."

આ સઘળી ઉંડી દરિયાફતને દરમ્યાન ખટલીએ ઘણામાં ઘણું ભવિષ્ય જોયું તે એટલુંજ કે મામામામાના પૈસા મળ્યા પછી પોતાના વ્હાલા વર જમસુ જસાવાળા સાથ 'પોતાનું' જોડાણ પાછું સ્થાપવાનો વખત પાસે આવતો તેને જણાયો? પણ શું તે ભવિષ્ય પાર પડશે કે? જમસુ પોતાની ખોવાયલી ખટલીને પાછો મળશે કે? ખટલીને તે માફ કરશે કે? તેને છોડી આવવાનો ગમ તે ભૂલી જશે કે? અને માણકશાહ મુકાદમ જેવા પોતાના દુશમનના પૈસા તે કબૂલ કરશે કે? તથા તેવે પારકે પૈસે સુખી થવાનું તે પસંદ કરશે કે?

પણ જમસુને પાછી મળવાની આશાને માટે ખટલી પાસે આધાર શો છે? જમસુ કયાં છે તેટલુંબી ખટલી જાણતી નથી, ત્યારે હવે પછી તે કયાં આવશે અને કયાં મળશે તે માનવાનું કારણ શું છે? કાંઇજ નહી. જમસુને છોડી આવ્યા પછી ગુજરેલાં આ એક વર્ષની લાંબી મુદતમાં તેનાં નસીબે તેને કેવી યારી આપીછે તે વિષે ખટલી તદન બેખબર રહીછે, અને એ બેખબરી તથા અગ્નાનપણું તેનાં મનને બહુ મુંજવેછે.

અલબતાં તે કેથે પોતાનું ગુજરાન કુટી કાહાડવાની કડાકુટમાં પડેલો હશે. કદાચ તે મુંબઇમાં હશે યા કદાચ બાહારગામ ગયો હશે. તે કમાઇની શોધમાં દેશાવર જવાનું ખટલી આગળ બોલ્યો હતો ખરો.

મારે કદાચ તે દેશાવર ગયો હોય. પણ ત્યાં શું તે સલામત ગયો હશે? શું તેને નસીબ અને જીંદગી બેહુએ યારી આપી હશે? શું તે જીવતો હશે? અને કેમ જાણ્યું કે તે બિચારો હાડમાર અને નાસિપાસ થઇને મરણ પામ્યો નહી હશે?

અરે અફસોસ! આ પાછલું અનુમાન ખટલીનાં મનમાં આવવું કુદરતી હતું. એ અનુમાનને તે ગમે એટલું અટકાવવા માગતી હતી, પણ તે અટકી શકતું નહી હતું.

હવે ત્યારે જો ખોદા ન કરેને જમસુ બિચારો દુનિયાંદારીની આ જંજાલો વચે જીવથી મારર્યો ગયો હોય તો પછી ખટલીનું શું થાય? પોતાનાં અંતઃકરણથી ચાહેલા અને પોતાનો પ્રાણ અર્પણ કરેલો એવા એક ખાવિંદને ખોહવાનો સિતમ ખટલીથી કેમ ખમાશે?

આવા આવા વિચારોથી તેનું નાજુક મગજ ભમી આવ્યું. તેણે પોતાનું મોહડું માંથુ પોતાના હાથથી ઢાંકી દીધું. તેનો જીવ ગભરાયો. તેની આંખ્યો આંસુથી તર થઇ. જો એવો કોઇ માઠો બનાવ બને તો ખટલીએ બાંધેલી ઉપલી સઘળી આશાઓનો નાશજ—તેનાં સઘળાં ભવિષ્યની ધુલધાણીજ તો.

પણ નહી, પોતાનું આવું ભયંકાર ભવિષ્ય ખટલીના માનવામાંજ નહી આવ્યું. પોતાના વર તરફ તે વફાદાર હતી—પતિ પ્રત્યેનો પ્રેમ સાચો હતો—તો તેના સરખી એક પતિવ્રત નારને શું દુનિયાં દગો દેશે? શું આવા એક વફાદાર વરને તે આ જીહાનથી ખોહી બેસશે! અને શું એક ગમે એવાં છુપ્યાં તોપણ સદાનાં વિધવાપણાના શીહા અંધકારમાં તે બિચારીને દુનિયાં ડુબાડી મારશે? અફસોસ! તે કેમ બનશે અને જો બનશે તો ખટલીથી કેમ ખમાશે?

પ્રકરણ ૪૮ મું.

મોટા લોકોનું સીપલાપણું.

આ ઉંડો ગોર કરવામાં ગરકાવ થયલી ખટલીને થોડીજવારમાં એક છુટકારો થયો. તે ઘણાંજ ગંભીર મનથી બેઠેલીછે તેટલામાં કોઇ માણસોનાં પગળાં આવતાં સંભળાયાં

અને દૂરથી સદ્દ'નાં ધનબાઇજીનો ઝીણો સાદ સંભળાયો. તેવણુ અચબુચ ખટલીને મળવા આવી ઉભાં.

"કેમ છે, માય ખટલી ? માફ કરજે, હો દીકરી, મારૂં અચબુચ આવી લાગવું માફ કરજે. કેહશે કે રાન ધતુરાની માય ધનબાઇ તો મારો પીછો છોડતીજ નથી, પણ હું એક સહવાર જેવે કવખતે તમોને હરકત કરવા મારી મેળે આવીજ નથી હો કે દીકરી ! મને તો આ સોલીશેઠ ઘસડી લાવ્યા. આવો સોલીશેઠ."

ધનબાઇજીની આ માફીની સાથેજ હાનરેબલ હીરાજીનો જુવાન દીકરો સોલીશેઠ, એક ઝાડની પછવાડેથી નિકળીને ખટલીની આગળ આવી ઉભો, અને

"માફ કરજો ખરશેદબાઇ, અમે તમોને કઢંગે વખતે આવીને 'ડીસ્ટર્બ' કર્‌યેછ તે માફ કરજો."

ખટલીએ જરા હસીને ધીરજ આપી કે તેને મનથી દિવસનો બધો વખત સરખો હતો, માટે આ કાંઇ કઢંગો વખત નહી હતો.

"હું ફરવા ગયલી, ફરીને આવતીતી" ધનબાઇજીએ કાંગલાં થઇને ખોલાસો કીધો. "તેટલામાં સામેથી જોઉંછ તો સોલીશેઠ લાંબી લાંબી ફલાંગ ભરીને આવતાતા. મને મળતાં ને વાર મને બસ ગળેજ પડયા, કે ચીનાબાગમાં સાથે ચાલો ને ચાલો. એવણને અંહી તમારે ત્યાં લાવનાર એક માણસ જોઇતુંતુંજ, તેની શોધમાં મને પકડી કાહડી."

સોલીશેઠને અંહી તેડી લાવવાનો પોતાનો અણગમો ધનબાઇજીએ તો ટકોરમાં અને જાણેકે ખરો નહી હોય, તેવું ડોળ ઘાલીને દેખાડયોછે—તોપણ તે ખરાં દિલનો અણગમો હતો તે તો વાંચનાર સારી પેઠે જાણેછે.

અને આ માફીમાં સોલીશેઠે પણ પોતાની તરફના શખુના ઉમેર્‌યા. "ખરી વાત છે, ખરશેદબાઇ અને હું પણ માફ માગુંછ. ધનબાઇજીનીજ મેહરબાનીથી કાલે તમે સરખાં નાજનીન સાથ અચબુચ ઓળખાણનું મને માન મળવા પછી, તે ઓળખાણ તાજી કરવા અને તે માન જારી રાખવા હું આજે તલપી રહ્યો અને તેટલામાં ધનબાઇજી મળી જવાથી, તમારાં આ ખુશનુમા મકાનમાં ધામો નાખવા હું ધનબાઇજીને પણ મારી સાથે ઘસડી લાવ્યો."

એક જુવાનદરાજ જુવાનની આ ચાલાકી ભરેલી ફસાહતનો ખટલીએ લાયકીથી એટલોજ જવાબ આપ્યો કે "મકાન તમારૂંજ છે, અને તેમાં તમારી આવજાવ જ્યારે ગમે ત્યારે મુબારક છે."

"આહા ! કેવો મીઠો જવાબ ! કેવી લાયકીવાળી દીકરી !" ધનબાઇજી તેને ચાંપીને ભેટયાં અને ખુશખુશ થઇને બોલ્યાં "પણ ઓવાય ખટલી ! તેં પેલા મારા દીકરા જાંહગીરને શું કીધું ?"

"શું કીધુંજી ?" આ નવી વાત છેડવા માટે ખટલીએ અજાયબીથી પુછ્યું. "મેં શું કીધુંજી ? મેં તો કાંઇ કીધું નથી."

"ત્યારે દીકરી, તે રાતે તુને મુકીને આવ્યા પછી ખબરેલો ને ખબરેલો કેમ છે ? હું મકુંજે તું દીકરીએ તેને કાંઇ કોહુંબોહું આપ્યું નહીં તેથી એ દિલગીર ચેહરે ફરતો હશે. તારીથી મારા દીકરાને કાંઇ અપમાન બપમાન થયુંછ કે શું, માય ખટલી ?"

"નહી નહી ધનબાઇજી" અંહી સોલીશેઠ વાતની વચ્ચે પુરાયો. "ખરશેદબાઇ જેવાં અસરાફ બાનુ જાંહગીરને શું પણ કોઇ ગમે એવા હલકા માણસનેબી કદી અપમાન આપે એવાં નથી—જાંહગીરને તો કાંઇ બીજુંજ હશે. કાલે શરતમાં આખો વખત ઘોડો ડપટાવવાની થાક લાગી હશે. તેથી તમારી સાથ બોલતો ચાલતો નહી હશે."

"નહીરે વાય !" સોલીશેઠની એ વાત ધનબાઇજીનાં ધ્યાનમાં ઉતરી નહી. "શરતમાંથી બંગલે આવ્યા પછી તો મારો દીકરો કેવો મજેનો હસતો, બોલતો ને રંગીલો હતો, રાતે અંહી ખટલીબાઇને મુકવા આવ્યો ત્યાંસુધી ખુશીમાં ને ખુશીમાંજ હતો, પણ બસ અંહીથી પાછો ફર્‌યો, ત્યારેજ કાંઇ ધુખરાયલો ને ધુંધવાતો આવ્યો અને આજે સહવારે પણ તેવોને તેવોજ રહ્યોછ."

"હું ધારૂંછ કે એ મારીજ ભૂલ થઇછજી" ખટલીએ સઘળો વાંક પોતાને માથે ખુશીથી ખેંચી લીધો. "રાતે જાંહગીર મને મેળવા આવ્યા ત્યારે મારીથી એવણ સાથ બરાબર સલુકાઇથી વાત થઇતી નહી અને અમે છુટાં

પડતી વખત હું એવણુને 'સાહેબજી' કરવા પણ ભૂલી ગઇતી. એવણુ પોતેબી મને સલામ કીધા વગરજ ચાલી ગયા, તે હું ધારૂંછ કે મારી બેઅદબીથી એવણુને ગુસો લાગ્યો હશે."

"જાંહગીર દીકરો સલામ કીધા વગર ચાલી ગયો!" ધનબાઇજીએ પુછતાં ગુસો કીધો "એમ હોય નહી? મારો દીકરો એવો બેઅદબ નથી જો માય. તમે તેને માન અકરામ નહી આપો, તોબી તે પોતાની અદબઅદા ભૂલે એવી અમે તેને કેળવણીજ આપેલી નથી."

"અરે! જાંહગીરની ઉદાશીનો ભેદ હું કહુ" સોલીશેઠે વળી પાછી પોતાની અકલથી અટકળ ચલાવી. "હું ધારૂંછ કે ગઇ કાલે શરતમાં સવારીની થાકથી એનું દિલ અકરશી આવ્યું હશે, ને તેથી એ અકરવકર કરતો હશે. કાલે એને ઘોડો સારો નહી મળ્યોતો. ધનબાઇજી તમે એને એ ઘોડો કયાંથી અપાવ્યોતો? બે વખત ઘોડાની નીચે આવી જતાં બચી ગયો તો આજની એની બેચેનીનું બધું કારણ એજ સમજજો."

હાનરેબલ હીરાજી શેઠ જેવા એક બડેખાંનાં કુટુંબમાં પોતાના લાગવગનો પઠીંગો જાળવી રાખવા અને તેજ વખતે ખટલીની નજરમાં તે શેઠના દીકરાને ઉતારી પાડી પોતાના દીકરા જાંહગીરને ચહડાવી આપવાની બે એકેકથી ઉલટી મતલબો વચે ધનબાઇજીનું ધ્યાન એવું તો વેંહચાઇ ગયલું હતું, કે સોલીશેઠની આ ટીકાથી તેવણુને ચટકો તો લાગ્યો, તોપણ તે ટીકા કેવા શબ્દોમાં તુચ્છકારી કાહાડવો, તે તેવણુને સુજ પડયું નહી. ધનબાઇજી પાસે પોતાના દીકરાને માટે સવારીનો એક સારો ઘોડો નથી, એ વિચારજ ખટલીની નજરમાં ધનબાઇજીની આબરૂને ધોકો લગાડનારો હતો અને એ ચટકાનો ચમચમાટ તેવણુની ચામડી ઉપર જાણેકે આખો દાહડો ચમચમ્યા કીધો હતો.

"પણુ ઘોડાઓ વિષે વાત કરતાં મને યાદ આવેછ બાઇ ખરશેદબાઇ" તુર્તજ સોલીશેઠે ખટલીને છાપડે ચહડાવનારી વાત છેડીને ધનબાઇજીને એ ચટકાનો ચમચમાટ લાગવાનો વખત વટીક આપ્યો નહી. "કે તમે અમારાં ગરીબ ઘેર કયારે પધારશો? મેં કાલે તમોને ઇજન દઇ રાખ્યુંછ, તે ઉપરથી ધારૂંછ કે એક વખત અમારે ત્યાં બિરાજવાનું અમોને માન આપો તો, ત્યાં હું તમોને અમારા તબેલામાં ઘોડા દેખાડીશ. મારા હાનરેબલ બાવાજીને ઘોડાનો ઘણો શોખ છે, અને ધનબાઇજીને ઘટારત હતું કે જાંહગીરને કાલે શરતમાં એક ભાડુતી ઘોડું અપાવવાને બદલે અમારી પાસેથી એક ઘોડો માગી લેવો હતો. હું મારો આરબ આપતેતો બિચારા જાંહગીરને આજે ખમવું નહી પડતે."

"પણુ એમાં ધનબાઇજી માય શું કરે?" ખટલીએ તેવણુનો બચાવ કીધો "શરતમાં જવાનાં હતાં તેની એવણુના ઘોડાવાળાને ખબર નહી હતી, તેથી ઘોડાઓને નહવાડેલા તેથી એવણુ બિચારાં પોતાનાં ઘોડા વાપરી નહી શકયાં અને તેથીજ જાંહગીરને ભાડુતી ઘોડાપર જવું પડયું."

"એમ તો કાલે શરતમાં જવાની ગાડીબી મેં માણુકશાહ શેઠની માગી લીધીતી" ધનબાઇજીએ ખસ્યાનાં પડીને ખટલીની આ વાતને ટેકો આપ્યો. "હું, મારી દીકરીઓ અને ખટલીબાઇની સાથે એવણુનીજ ઉછીકી ગાડીમાં શરત જોવા ગયાં તેનું કારણુબી તેજ હતું. વાત ત્યારેકે અમે એવણુને મોજ કરાવી, પણ ખરૂં તો એ કે એવણુનાજ મામાની ગાડીમાં અમે મોજ કરવા ગયાં!"

"શાબાશ રે! શું મોટી વાત કે માય ધનબાઇજી તમે એમ બોલોછ?" ખટલીએ વધારે લાયકીની વાત કીધી. "તમારાં પગળાં કોણુને ત્યાં છે? ગાડી અમારી હતી તો અમારી, પણુ તમારી મેહરબાનીથી મેં ગઇ કાલે કાંઇ થોડી મોજ કીધી નથી."

"પણુ ધનબાઇજી તમોને કાલે અડચણુ પડી તો અમારી ગાડી કાં નહી મંગાવી?" સોલીશેઠ ડાહ્યો થયો. "મારી બે ફૈટનો ને બીજા ચાર ઘોડા ફાલતુ પડેલા હતા. એટલી તમે અમારી સાથ જુદાઇ રાખોછ કે, અમારા ગાડી ઘોડા માગવાને તમો શરમાયાં."

"ઓ વાય! હવે શું કરૂં? પૈસાવાળાં મેહરબાનોની તે કેટલીક મેહરબાની માગ્યા કરૂં?" મોટાલોકનાં આ ચાપલુશીખોર સિપલાં કરતાં કરતાં હવે ધનબાઇજીએ વધારે સિપલાપણું ચલાવ્યું. અને તુર્ત આ વાત

ફેરવી તોલી "પણ હવે માય ખટલીબાઇ સોલીશેઠ તમોને પોતાને ઘેર બોલાવેછ, તેમ તમે હાનરેબલ હીરાજી શેઠને ત્યાં કયારે આવોછ? હું મારી પોતાની આંખ્યોને જોરે તમોને એવણને ત્યાં મારી સાથે લઇ જઇ લાવીશ."

આંખ્યોને જોરે! ધનબાઇજીની એ સઘળી ઉલટમંદી તો ખોટી, મોહડાં ઉપરની માત્ર ડોળધાલુજ હતી. ખરેખર તો તેવણ ખટલી અને સોલીશેઠ વચ્ચે દોસ્તી વધારવાને નાખુશીજ હતાં, કેમકે એ બે વચ્ચે દોસ્તી બંધાય તો તેવણના દીકરા વિષે ખટલી સાથનાં સાટાંમાં ખલલ થાય; અને તોપણ મોહડાંપરને મોહડાંપર મીઠું પિરસવાનાં તેનાં ચાપ લુસિયાં સીપલાપણાંને મારે "મોટે ઘેરની" આ સીપલી સ્ત્રી પોતાની મરજી અને ઉમેદોનો પણ ભોગ આપવા સરખી વાતો કરેછે.

"જી મારા મામાજીની રજા પુછીને તેવણ મને એક દાહડે હુકમ આપશે તે દાહડે હું હીરાજી શેઠને ત્યાં ખુશીથી આવીશ" ખટલીએ સભ્યતાથી જવાબ દીધો.

"હીરાજી શેઠ! ખટલી, દીકરી એ શું બોલી? કેહકે 'હાનરેબલ હીરાજી શેઠ'?" ખટલીએ "હાનરેબલ"ના ખેતાબનું પુછડું નહી વાપરવા મારે કેવોક મોટો ગુનાહ કીધો હોય તેમ ધનબાઇજીએ ખટલીને ખખડાવી કાહાડી.

"હું માફ માગુંછજી," ખટલી સુધારીને બોલી. "હાનરેબલ હીરાજી શેઠને બંગલે જવાને મામા કેહશે તે દાહડે ધનબાઇજી માય તમોને તસ્દી આપીશ."

"પણ ખરશેદબાઇ, તમે હજી તમારા મામાજી સાહેબ સાથ મારી ઓળખાણ તો કરાવી નથી." સોલીશેઠ હવે સીપલો થયો. "એ મોટા શેઠ અમોને ઓળખતા નથી, ત્યારે અમારે ગરીબ ઘેર તમોને કેમ આવવા દેશે?"

"હા દીકરી ખટલી, સોલીશેઠ છતા અંહી વેર તમારે ત્યાં આયાછ, ત્યારે તો હંમણાજ મામા સાથ એવણની ઓળખાણ કરાવો." ધનબાઇજી વળી વધારે સીપલાં થયાં, કે જેમાં કાંઇજ નહી પણ એકવાર ફરી માણકશાહ શેઠની પાસે પોતે જઇને ડાહ્યાં થવાની મતલબ હતી. "ચાલોની હમણાં હું આવેલી છું તેટલાંજ સોલીશેઠને મામા પાસે લઇ જઇયે."

"હાજી. પણ મામા આજે ઘણાં કામમાં છે. કાલ રાતનાજ કાંઇ વેપારનાં કામમાં રોકાયલાછે. રાતે હું તમારે ઘેરથી જમીને આવી——"

"અમારા બાગમાંથી" ધનબાઇજીએ તુર્ત સુધાર્યું.

"હાજી; તમારા બાગમાંથી આવી" ખટલી સુધારીને બોલી "ત્યારેબી મામાની તબિયત બિગડેલી હોવા છતાં છેક મોડી રાતવેર કામ ઉપર લખવા બેઠેલા હતા."

"અરે ત્યારે ઉતાવળ શી છે? હું બીજી વખત એવણને મળવા આવીશ." સોલીશેઠે દેખાડયું કે માકા મુકાદમ સાથ તેને મેળવવાની જેટલી ધનબાઇજીને તલપ હતી, તેટલી તેવણને મળવાની તેને પોતાને તલપ નહી હતી.

"હા. હા. જા, માય જા," ધનબાઇજીને એ વિચાર ઘણો પસંદ આવ્યો. "તું મામાને રજા પુછી આવ કે તેવણની રજા હોય તો હમણાજ સોલીશેઠ સાથ એવણને મેળવીયે."

પણ માકામામાની રજા પુછવા જવાની ખટલીની મેહનત બચી, કેમકે એજ વખતે માણકશાહ શેઠ તો રોજના સરેસ્તા મુજબ બાગમાં ફરવા નિકળેલા હતા, તેવણ આ તરફજ આવતા જણાયા.

"એ લ્યો! તમારા મામાજી તો અંહીજ આવેછ." સોલીશેઠ દેખાડીને બોલ્યો અને જાણેકે ખટલીએ તેવણની કામનું રોકાણનું બયાન કીધું હતું તે ખોટું હોય તેમ તે ખટલીને ખોટી પાડવા લાગ્યો. "ખરશેદબાઇ, તમે કેહ્યુંજે, તમારા મામા કામમાં ને કામમાં રોકાયલાછે; તે કયાં છે? તેવણ તો ખુશ મઝાથી બાગમાં લટાર મારેછ."

"ગમે એવાં કામ છતાં, સહવારના એક વખત બાગમાં ફેરો માર્યા વગર એવણના જીવને ચેન પડે નહી." એ ખટલીનો બચાવ હતો, પણ એ બચાવની ધનબાઇજી પોતેજ પોતાની તર્કબાજ અકલમંદીથી આબાદ તર્ક બાંધી ઉઠયાં.

અને આ ખુશ વાતચીતની સાથેજ એ ત્રણડે જણ હવે માણકશાહ શેઠ આવતા હતા,

ત્યાં પાધરાજ મળવા ગયાં. તેવણે ધનબાઇજીને દિલોજાન આવકાર દીધો, અને સોલીશેઠે વાંકો વળીને તેવણુને સલામ કરતાંજ ધનબાઇજી-એજ તેને "ઇનટ્રોડયુસ" કીધો તેના ઉત્તરમાં તેવણે સોલીશેઠને ચાંપીને શેકહેંડ કીધી. તેવણે સોલીશેઠને આજે કાંઇ નવો યા પેહલવેહલો દીઠો નથી, તો જોકે તેની સાથની પોતાને જાતી ઓળખ આજે પેહલીજવાર થઇછે—એ વાત તેવણે સોલીશેઠને કહી સંભળાવી, એટલુંજ નહી પણ તેજ વખતે બપોરનાં ખાનાંનો ઘંટ થવાથી તેવણે ધનબાઇજીને તથા સોલીશેઠને પોતાની સાથે બપોરનાં ખાનાં ઉપર બેસાડવા માગ્યાં.

"જમતી વખતે કોણ આવે? જે ઘણાં અતલગનાં હોય તેજ" તેઓએ આનાકાની કીધા ઉપરથી માણુકશાહ શેઠે તેઓને સાથે જમવા બેસાડવાની બોંહસ કીધી. "હું તમોને બોંહસ નથી કરતો, પણ એ કામ દીકરી ખટલીને સોંપુંછ."

"હાજી હા, માય ધનબાઇજી, સોલીશેઠ, અમારી સાથ જમવા બેસો." હવે ખટલી બોંહસ કરવા લાગી. "મારા મામાજીનો શખુન પાછો ના ફેરવો."

"હેં! એ શું બકેછ ખટલી?" અંહી વળી માણુકશાહ શેઠબી જરા સીપલા થયા, તે કે જે આ મોટા લોકના સીપલાંઓને ધિક્કારતા હતા, તેવણુને પણ સીપલો થવાની ફરજ પડી. "ખટલી તારો માકોમામો કોણ એવો મોટો આયો કે સોલીશેઠ, જેવા શેઠ લોકને તેનો 'સુખન પાછો નહી ફેરવવા' તું કેહછ? હું એવણુને જમવા બેસવાની બોંહસ કરવા તુંને કહુંછ, ત્યારે તું એવણુ સાથ બોંહસ એવી કરેછ કે? શાબાશ! છોકરી શાબાશ! બોંહસ કરતાં નહી આવડે તો ના કહીયે. પણ શું મોટી બોંહસ કીધી કે શેઠ તમે 'મામાનો સુખન પાછો ના ફેરવો!!' મામો મોટો ગવરનર આયો કેની?"

આ શબ્દો સોલીશેઠને શરમાવનારા થઇ પડયા. ખટલીની બોંહસમાં ધનબાઇજી પણ સામેલ થયાં અને અંતે હાનરેબલ હીરાજી શેઠનો દીકરો બપોરનું ખાનું અંહી ચીનાબાગમાંજ લેવાને કબૂલ થયો.

અને હવે સઘળું સરઘસ બાગમાંથી બંગલાની અંદર ચાલ્યું.

માણુકશાહ શેઠ ધનબાઇજીની સાથે વાત કરતા આગળ ચાલ્યા.

તેઓની પછવાડે સોલીશેઠ ખટલીની સાથે ચાલ્યા. આવા એક શેઠિયાના "સાહેબજાદા"ની દોસ્તી જીતવા મારે ખટલી મનમાં મલકાવા લાગી—તો જોકે તે જાણતી હતી કે તેના સરખી એક પરણેલી સ્ત્રીને એક ફાંકડા અને ઇસ્કી જુવાન સાથ આવી દોસ્તી બાંધવાનું છાજતું નહી હતું.

પ્રકરણ ૪૯ મું.

"જમણા"નો ઊતારૂ.

આપણી આ વાર્તાના નાયક નાયકાઓને આપણે છેલા દીઠા ત્યારે પુણામાં ચોમાસાંના બાહરાંનનો બાહાર ચાલતો હતો, જે વખતે ઝરમર ઝરમર વર્શતા વર્શાદની સર્દ રૂતુમાં શરતની અને બીજી રમતગમતોની મોસમ ચાલી રહી હતી અને કોઇની ખુશી તો કોઇની ગમી, કોઇની આશા તો કોઇની નિરાશા વચે દુનિયાંનું ગાડું ગબડતું રહ્યું હતું.

ત્યારપછી એક બીજા ઉનાળાની ગરમી ઉપર આપણ આવીયે છીયે, કે જ્યારે એપ્રેલ મહીનાનો ગરમ સૂર્ય પોતાનાં તેજી તાપથી મુંબઇના ચુનો ધોરેલી ઇમારતોના તથા પોરબંદરના પથરના ઉજલા મિનારાઓ તથા દિવાલોના ધોતા દેખાવને ઉષ્ણતામાં ધકધકાવેછે, તથા જ્યારે એક ધકધકતા આફતાબનો આતશી તાપ આલમનાં લોકોને દાંતમાં ખાસડું આપી ત્રાહી ત્રાહી બોલાવેછે, શેહરના લોકોમાંજ એ વર્ષની ગરમીનો ટપોરો ત્રાશ વર્તાવેછે, તો થંડા દેશાવરોથી બાહારના આવનારાઓને આ ઉગ્ર ટપોટાનો ઉકલાટ જીવને નહી શું ઉકળાવે? શેહરની અંદરજ આદર મહીનાના સૂર્યનો આતશી તાપ લોકોને તોબાહ બોલાવતો નથી, પણ શેહરની બાહાર સમુદ્રનાં થંડાં જળમાં વસનારાં જળ-

ચર માનવીઓ પણ આ વર્ષના તાપના પરિતાપથી બેજાર બેજાર બોલેછે.

એવા ઈંગ્રેજોના એક એપ્રેલ અને જરતોસ્તીઓના એક આદર મહીનાની ધકધકતી ગરમી વચે મુંબઈનાં બારાંમાં હુબાશ અને બીજાં દરિયાવૃધિ લોકોનાં ડોળા તણાવનારી એક આગબોટ "જમણા"નો સિગનલ થઇ અને લાગતાવલગતાઓ પોતપોતાના નિયમીત કામોએ તે આગબોટ ઉપર દોડયા.

બામદાદ ઉગતાંજ આગબોટ બારાંમાં દાખલ થઇ અને ઉતારૂઓ બંદરની ગડબડથીજ નહી પણ ઉનાળાની ગરમીથી અને કિનારે ઉતરવાની ઉલટથી રોજના ધારા કરતાં વેહલા ઉંઘમાંથી ઉઠીને આગબોટના તુટક ઉપર બારાંની પશ્ચિમે શેહરની સુંદર અને સોજી સફેદ સફીલનો પૂર્વ દિશાથી ઉગતા સૂર્યનો પ્રકાશ પામેલી જોવાને મઝા લેવાને તુટકની પારે હારદોર સફ સમારીને ઉભા હતા. સહવારના ઉગતા સૂર્યમાં મુંબઇ નગરીના મેહલો અને મિનારાઓનો તેજસ્વિ દેખાવ વિશેષ રળિયામણો દેખાયછે અને અગત્ય કરીને બંદરમાંથી તેની રચના નિહાળવાની વિશેષ મઝા ઉપજેછે.

સમુદ્રમાં એક સર્પની પેઠે વિટલાતી અને પોતાનાં ઇનજીનમાં એક સિંહની પેઠે ફુંફારા મારતી આ આગબોટ ચીનથી આવી હતી. તે ચીનથી હાંગકાંગનાજ નહી પણ સુમાત્રા, જાવા, પિનાંગ અને સિંગાપોરી ટાપુઓ વગેરે ચીનની તરફના સમુદ્રવાળા બંદરોના ઉતારૂઓની સાથે ચીનની પેલી પારના જાપાન અને આસ્ત્રેલિયાના ઉતારૂઓને પણ લઇને આવી હતી. જે રળિયામણી નગરીમાં આ આગબોટે બંદર કીધું, તે નગરીની આખી દુનિયાંમાં કેથે નહી મળે એવી પચરંગી અને પરચુરણ કોમોની વસ્તી પ્રમાણે આ આગબોટ ઉપરના ઉતારૂઓની વસ્તી પણ વિચિત્ર હતી. તેમાં સઘળી વરણના અને સઘળા રંગના ઉતારૂઓ ચહડેલા હતા. તેમાં ગોરા ઇંગ્રેજો અને યુરોપીયનોની સાથે, કાળા હબસીઓ, પીલા મલાઇઓ, ચપટા નાકવાળા ચીનાઓ, રાતા અમેરીકનો તથા ઘઉંને વરણના હિંદુસ્તાનીઓ એ સર્વ હાથ સાથે હાથ મેળવતા અને ખભાં સાથે ખભાં ઘસતા આ આગબોટે ચહડેલા હતા—તે સઘળા એકેકને નહી ઓળખતા છતાં લાંબી મંજલ વચે એકેકને ઓળખી ચુકેલા હતા—તે સઘળા અરસપરસના અંટસખોરા અંતરો અને તફાવતો ભૂલી જઇ એકેક સાથ સુલેહ ભરેલી સંપજમાં મળી ગયા હતા—હવાની ગરમી અને ઉષ્ણતાની આગ આગબોટ ઉપર સઘળાઓને સરખી લાગી હતી અને તેથી સઘળાઓ સરખા કંટાળ્યા હતા, જેથી સઘળા એકસરખો ધડો લઇને રાત્રે ઉંઘ્યા હતા કે જોકે તેઓ દુનિયામાં ન્યાત જાતના નામે જુદા જુદા હતા, તોપણ ખોદાની નજરમાં તેઓ સઘળા એકજ ન્યાતના માણસજાત હતા—તેઓ સઘળા એકજ પેદા કરનારના પેદા કરેલા બંદાઓ હતા—તેઓ સઘળાની લાગણીઓ અને શક્તિઓ તથા ખામી ખુબીઓ એકની એકજ હતી, માટે ખ્રિસ્ટિ કે જરતોસ્તી, ઇસ્લામી કે હિંદુ અથવા યુરોપીયન કે અમેરીકન, આસ્ત્રેલિયન કે હિંદી, ચીનાઇ કે જાપાનિસ, તોપણ સઘળા એકેકના ભાઇબંધ માત્ર હતા.

એ સઘળા ઉતારૂઓ રાત્રે મુંબઇની પાસે આવી પોંહચવાની ખબર ઉલટભર સાંભળીને સુતા હતા, અને સહવારે મુંબઇનાં બારાંમાં આવી પુગ્યાથી ઉમેદભર ઉઠીને તથા ઉલટભર પોતાનું ચા પાણી કરી લઇને આવ્યા હતા. આસ્ત્રેલિયાથી મુંબઇ સુધીની આખી લાંબી મંજલ તેઓએ ઘણી ખાસ ખુશાલી અને મોજમઝામાં ગુજારી હતી—સઘળાઓ તરેહવાર જુદી જુદી ઉમેદો અને આશાઓથી ભરેલાં જીગરો સાથે તુટક ઉપર ખેંચાઇ આવ્યા હતા—કોઇને નોકરી અને ધંધારોજગારની ઉમેદ હતી, કોઇને ઘરબાર અને છૈયાં છોકરાંની ઉમેદ હતી, તો કોઇ પૈસા ટકા અને માલ ખજાનાની ઉમેદોથી ઉસ્કેરાઇ રહેલા હતા.

પણ આ તરેહવાર ખુશાલીઓ, તરેહવાર ઉમેદો અને તરેહવાર મોજમઝાઓમાં અવશ્ય એક ઉતારૂએ કશો ભાગ લીધો નહી હતો—કશો ભાગ લેવા સરખું તેણે બતાવ્યુંજ નહી હતું. તે એક પારસી ઉતારૂ હતો અને આગબોટ ઉપર જે એક નાનકડી દુનિયાં એકઠી મળેલી હતી, તે દુનિયાંમાં

બીજાઓની ખુશીથી તે ખુશી થયો નહી હતો કે બીજાઓની ગમીથી તે ગમગીનબી થયો નહી હતો. તે બીજા ઉતારૂઓથી ઘણોખરો અલગ રહ્યો હતો, તેની સાથે તેઓના અનેક જુસાઓના ખ્યાલોથી પણ અલગનો અલગ રહ્યો હતો. તેણે મુંબઇની ટિકિટ લીધી હતી ખરી, તે મુંબઇ આવ્યો હતો ખરો અને મુંબઇ સલામત પોંહચવાની તેની ઉમેદ હતી ખરી, પણ તે સિવાએ બીજા ઉતારૂઓને ઉસ્કેરનારી જે તરેહવાર ઉમેદો તેમની છાતીમાં બળતી હતી, તેવી કોઇ પણ આશાઓની આ ઉતારૂમાં કશી આગ સલગેલી જણાતીજ નહી હતી. તેને અવાર નવાર ભાઇબંધ ઉતારૂઓએ, અને તેનું એકાંતપણું જોઇને એકવાર તો આગબોટના કપટાને વટિક તેને સવાલો પુછ્યા હતા, પણ તે સઘળાંના જવાબનો સાર એજ હતો કે તે મુંબઇનો વતની હતો ખરો અને પોતાને વતન જતો હતો ખરો, પણ નહી તેને કાંઇ નોકરી ધંધાની ઉમેદ હતી—કે નહી તેને કોઇ બૈરી છોકરાંને મળવાની આગ હતી—તેને આગબોટ ઉપર હર્ષભેર લેવા આવે અથવા તે મળતાંનીવાર ઉલટભર ભેટી પડે એવાં તેનાં માબાપ, બાયડી છોકરાં, કે સગાં વ્હાલાં કોઇ નહી હતાં.

અને તોપણ આ એકલો ને અટુલો પારસી ઉતારૂ કિનારે ઉતરવાની ઉતાવળમાં હોય તેમ સહવારના પ્રહરમાં "જમણા" બંદરે આવતાંનીવાર તુટક ઉપર નિકળ્યો હતો. આગબોટ મુંબઇની પૂર્વ કિનારે બારાંમાં માર્ગ લેતી મોદીખાના અને બોરી બંદરની પછવાડેથી વેહતી વેહતી કરનાક બંદર વળાવીને પ્રિન્સિસ ડાકની ગોદી ઉપર આવી, જયાંથી તેને દોરડાંની પાગળો બાંધી ગોદીના ધકાને અડોઅડ લેવાની ધામધુમ ચાલી; ગોદીનાં ધકા ઉપર ઉતારૂઓને લેવા આવેલા ઓળખીતા પારખીતાઓની પિછાણ પરખ થવાથી અરસપરસની સલામો વગેરેના પોકાર ચાલ્યા; ઉતારૂઓનો માલ કિનારે ઉતારનારા મજુરો અને હેલકરૂઓની એક નાની સરખી ફોજની ફોજ આગબોટ ઉપર ધસારો કરી ગઈ; અને ઉતારૂઓને શેહરમાં પોંહચાડવા માટે ગાડી ઘોડાઓની ધમાલનો ધુજારો ચાલી રહ્યો; પણ પેલો શાંત પારસી ઉતારૂ પોતાના અસબાબનો કોથલો ગુપચુપ પોતાના હાથમાં ઉઠાવી ગુપચુપ એકલોજ કિનારે ઉતર્યો અને ગુપચુપ એક ભાડેની ગાડીમાં ચહડી બેસીને શેહર ભણી હંકાડી ગયો.

આ ઉતારૂની પેટી ઉપર તેનું નામ "દારાશા દોલીદાદીના" કરીને લખેલું હતું. એ નામે તેને આગબોટના ઉતારૂઓ ઓળખતાં શિખ્યા હતા, પણ મુંબઇ શેહરમાં તેને એ નામથી ઓળખનારૂં કોઇ નહી હતું. "દારાશા દોલીદાદીના" એટલેકે આપણી ખટલીનો ખાવિંદ જમસુ જસાવાળો તે દાહડે નજદીક બે વર્ષે આસ્ત્રેલિયાથી મુંબઇ પાછો ફર્યો, ત્યારે મુંબઇના ગીચ મોહલાઓમાંથી તેની ગાડી પસાર થતાં થતાં તેને ઘણુંક નવું નવું લાગ્યું, પણ તે નવા દેખાવોએ તેનાં મનમાં કશી નવાઇ પેદા કીધી નહી. બે વર્ષ ઉપર પથરનાં આ શેહરમાં તે રોજી અને રોટીને માટે કેટલો રખડતો ફર્યો હતો, પણ તે જ્યાં ગયો ત્યાંથી એ ગુલજાર નગરીએ તેને. મોટા મોટા રોટલાને બદલે મોટા મોટા પથરા આપ્યા હતા. મુંબઇની સઘળી આબાદી અને જાહોજલાલી છતાં આપણા જમસુને મનથી મુંબઇમાં "વાલકેશ્વરના પથર" સિવાએ બીજું કાંઇ નહી હતું. તેને પોતાના રોટલા રળી ખાવા માટે દૂર દેશાવરો ભટકવાં પડયાં હતાં. ત્યાં નસીબ દેવીએ તેને "વાલકેશ્વરના પથરા" કરતાં વધારે સારો આવકાર અને સારી યારી આપી હતી. તે મુંબઇથી ગરીબ હાલતે ગયો હતો, તેના કરતાં આજે ઓછી ગરીબી હાલતે તે પાછો ફર્યો છે. આસ્ત્રેલિયાથી તે કાંઇ મોટા કમાઇના કોથલા બાંધીને આવ્યો નથી, તોપણ ગમે એટલી મેહનત મસાગત કરવાની મરજી છતાં મુંબઇમાં તે લગભગ ભુખો મરતો હતો, તેમ આસ્ત્રેલિયામાં તે ભુખો મુવો નથી. તેણે પોતાનું ગુજરાન કુટી કાહાડયા ઉપરાંત બે પાંચ પૈસા તે પોતાની ગાંઠે બાંધીને, આ હવાથી ગરમ પણ મિજાજે થંડાં મુંબઇ શેહેરમાં પાછો ફર્યોછે, જે શેહર લોકોને મનથી હસતું, રળિયામણું અને આબાદ પણ આપણા જમસુને મનથી નબળું, નાકદર અને નાતરસ છે, તે છતાં "વતન" એ શબ્દનાં સાદાં લોહચુંબકે તેને એ શેહર તરફ પાછો ખેંચ્યોછે.

મુંબઈ પાછો ફરતાં જમસુને જેટલું એકલું અને અસીકું લાગ્યુંછે, તે કરતાં વધારે એકલું અટુલું કોઇને લાગતું નહી હશે. તરેહવાર રસ્તાઓ, મોહલાઓ અને સેરીઓમાં વેંહચાઇ ગયલા એક વિસ્તીર્ણ શેહરના બોહલા વિસ્તારમાં એકજ જણ એવું વસેછે, અથવા જમસુને મનથી એક વખત વસતું હતું, કે જે તેને હિતભર્યો હાથ લાંબો કરીને પ્રીતભર્યો આવકાર દઇ શકે. પણ આજે જમસુને આવકાર દેવાને તે એક વખતનો વ્હાલો હાથ પણ રહ્યો નથી. હવે તે એકજ જીવ પછી, બીજા જે એકજ જણ ઉપર જમસુએ પોતાને આવકાર મળવાની કાંઈ પણ આશા બાંધી હોય તે તેનો જુનો દોસ્ત ડાકટર દાદીબા લંગડોજ હોવો જોઇયે.

જમસુ મુંબઇથી ગયો ત્યારે કાંઇ બાયડીને મળીને ગયો નહી હતો, માટે પાછો આવ્યો ત્યારે તેની તે વ્હાલી બાયડીને પાછો મળવાની કોઇ મોટી આશાથી આવ્યો પણ નથી. તે મુંબઇથી ગયો ત્યારે કોટની મરઘાસેરીમાં તેનું નાનું કંગાળ રેહાણ હતું, કે જે રેહાણ એક પરણેતરની હસતી વસતીની હાજરી વગર સુહનું હતું, તો તે પાછો આવ્યો ત્યારે તે ઘર તેને માટે તૈયાર રેહવાનો કશો સંભવ નહી હતો. ગુલી ગોરાણી કાંઇ બે વર્ષ સુધી પોતાનું તે કંગાલ. કારતરિયું ભાડે આપ્યા વગર જમસુને માટે રાખી મેળે એમ બનેજ નહી. માટે જમસુ મુંબઇ આવ્યો ત્યારે તેને ઉતારાનું પણ ઠેકાણુંજ નહી હતું—જેને તે "મારૂં ઘર" કરી પોતાનું ગણી શકે એવું કાંઇજ નહી હતું.

ખટલી જયારે તેને એકાએક છોડીને જતી રહી ત્યારે જમસુનો વિચાર ધંધાની શોધમાં દેશદેશાવરે જવાનો હતો તે તો વાંચનાર જાણેછે. તે વિચાર તેણે એટલા સુધી કીધો હતો કે જો કોઇ દેશાવરની ચાકરી મળેતો પોતાની બાયડીને વટીક પોતાની સાથે લઇ જવા તેણે ધારી હતી. વ્હાલાં વાંચનાર યાદ કરશે કે ખટલી મુંબઇથી જતી રહી તેજ દાહડે જમસુ મી૦ ગ્રીન વાહિટની કું૦ની આફીસમાં પોતાની નોકરી વિષે વાત કરી આવ્યો હતો. તે આફીસના વડા કારભારી શેઠ પેસતનશાહ મુગાપારેખને પોતાના દોસ્ત ડાકટર દાદીબા લંગડાની મેહરબાનગીભરેલી ચીઠીની મદદથી તે મળી આવ્યો હતો, કે જે શેઠ દાદીબાના કાકા હતા અને પોતાના આવા ભલા ભત્રીજાની ભલામણ ઉપર તે શેઠે તુર્તજ ધ્યાન પોંહચાડી જમસુને જેવો લાગ ફાવે તેવો પોતાની આસ્ટ્રેલિયા ખાતેની શાખા પેહડી ઉપર મોકલી આપવાનું કબૂલ કીધું હતું.

ખટલી જમસુને તજી જવા પછી તથા બિચારો જમસુ દુનિયામાં એકલો વાએજાન પડયા પછી થોડા વખતમાં તેણે આસ્ટ્રેલિયા જવાનો લાગ આવી લાગ્યો હતો. શેઠ પેસતનશાહ મુગાપારેખની પાસે તે અવારનવાર આવતો જતો રહ્યો અને જેવી તે શેઠને આસ્ટ્રેલિયા ખાતે એક નોકર મોકલવાની જરૂર પડી તેવોજ જમસુ જવાને એક પગે તૈયાર થયો. તેને કોઇ લાંબી તૈયારી અને ઢીલ કરવાની જરૂર હતીજ નહી. તેને કોઇને મળવા ભેટવા જવાનું હતુંજ નહી. જેનાથી તેને છુટો પડવાનું દુઃખ ઉપજે તે પણ તેની બાજુએ હતી નહી, કે જેથી આસ્ટ્રેલિયા જેવાં દૂર દેશાવરે જવાને તેને કાંઇબી વિચાર યા વિલંબ લાગે. તે એક દાહડાની નોટીસમાં તૈયાર થઇને ઉપડી ગયો હતો, અને નોકરી ધંધાની તેની એ ઉલટ અને ખંત ઉપરથી, તેની કામ કરવાની ચાલાકી વિષે અને ઝડપ વિષે તે પોતાના શેઠોની શાબાશી અને ઉંચું મત લઇને ગયો હતો.

આસ્ટ્રેલિયા ખાતેની પોતાની આફીસમાં જમસુએ પોતાની ઝડપ, ચાલાકી અને ઇમાનદારીથી પોતાના શેઠોનું તેજ ઉંચું મત જાળવી રાખ્યું હતું. તેણે અવારનવાર પોતાના દોસ્ત દાદીબા ઉપર કાગળપત્રો લખ્યાં કીધાં હતાં, કાંકે આ નોકરીથી પોતે પોતાની ખટલીને ખોહવા સરખાં સંકટ વચેથી સમાર્ગે લાગ્યો તેને માટે તે માંથાથી પગ સુધી તે દાદીબા લંગડાનેજ આભારી હતો. જ્યારે એક માતબર માસીએ તેને હડકાટી કાહાડયો હતો, ત્યારે દાદીબા જેવા એક દોસ્તે તેને ઠેકાણે પાડયો એટલુંજ નહી, પણ તુર્ત વેળાની મદદને માટે—બરાબર બોલીયે તો હમેલદાર ખટલીની તુર્ત વેળાની ગરજને માટે—૫૦) રૂપીયાની ગરજ પણ પુરી પાડેલી હત

જમસુ પોતાના લાંબા દેશાંતરે ખટલીનાં વ્હાલની યાદ અગર વિસરી શકે, પણ પોતાના દોસ્ત દાદીબાની વ્હાલી યાદને તે કદી વિસારી બેઠો નહી હતો.

દાદીબાના ધીરેલા પેલા પચાસ રૂપીયા પણ જમસુએ આસ્ટ્રેલિયાથી વાળી દીધા હતા. દાદીબા ઉપરનાં પોતાનાં કાગળોમાં જમસુ તનદરોસ્તીની અને ગામગપાટાની અથવા કામ ધંધાની ખબર અંતરો લખતો હતો, પણ ત્યાર પછી દાદીબા જોતો હતા કે પોતાની ખટલીને તે કોઇ દાહડે યાદ કરતો નહી હતો, અથવા કોઇ દાહડે તેણે ખટલીની ખબર પુછાવી નહી હતી. પેહલા દાહડાઓ ઉપર તેણે બે ચાર વાર ખટલી વિષે કાંઇ ખબર મળી હોય તે પુછાવ્યું હતું, પણ તેની ખબર કશી નહી મળવા વિષે દાદીબા લંગડાના ચાલુ જવાબો ઉપરથી પછી તો જમસુએ તેને વિષે કશું પુછાવવાનું પણ માડી વાળ્યું હતું, અને જમસુની ચુપકીદી જોઇને તેનું દિલ નહી દુખવવા માટે દાદીબાએ પણ વધુ લખવાનું માડીજ વાળ્યું હતું. જમસુ મુંબઇથી ગયો ત્યારેજ પોતાની બાયડીને મળવાની આશા મુકીને ગયો હતો, અને તેજ નિરાશા તેનાં આ બે લાંબા વર્ષોમાં ચાલુ રહી હતી.

માટે મુંબઇ પેહલવેહલો પાછો આવ્યો ત્યારે પોતાનાં વતનમાં જમસુને જે મુખ્ય ખેંચાણ થયું તે પોતાના જુના અને વ્હાલા દોસ્ત દાદીબાને ઘર જઇ તેને ભેટવાનું એકજ ખેંચાણ હતું. જમસુ મુંબઇ આવવા ચાહતો હતો, તે તેણે દાદીબાને લખ્યું હતું, પણ કયારે આવનાર છે તે દાદીબા જાણતો નહી હતો, માટે આજે જયારે કોટમાં ધોધાના મોહલામાં પેલાંજ ગરીબડાં ઘેર આગળ જમસુની ભાડુતી ગાડીનું ખરખરિયું તેના અડિયલ ઘોડાં સાથે ઉભું રહ્યું અને જયારે જમસુ તેમાંથી કુદકો મારી દાદીબાના ઓટલા ઉપર ઉતર્યો તથા પછી જયારે તે અચબુચ દાદીબાનાં ઉંધાડાં બારણામાંથી તેના ઓરડામાં દાખલ થયાથી બેહુ દોસ્તો એકાએક મોહડે મોહડું થયા ત્યાંસુધી ડાકટર દાદીબા લંગડાને તેની વકી નહી હતી. તે આસ્ટ્રેલિયાથી નિકળી ચુકયો તે દાદીબાને તેના કાકા, શેઠ પેસતનશાહ મુગાપારેખે કહેલું હતું, પણ મેલ સ્ટીમર આજે આવવાની તે વાત દાદીબા પોતાનાં કામકાજની રોકાણોમાં ભૂલી ગયો હતો. માટે પોતાના જુના વિશ્વાસુ દોસ્તને પોતાની સોડમાં અચબુચ આવી ઉભેલો જોઇને એ ગરીબ, લંગડા ડાકટરની અચરતીનો પાર રહ્યો નહી.

પ્રકરણ ૫૦ મું.

"તે" અને "પેલી".

"મારા વ્હાલા દોસ્ત!" પોકારતો જમસુ એકદમ દાદીબાને ગળે વળગ્યો.

"ઓ હો હો હો! જમસુ! કેવી અચબુચ મુલાકાત! અને વળી તુને આવો તનદરોસ્ત, ને હસ્તો રમતો ને ખુશખુશાલ જોવો એ કેવી ખુશાલી! જમસુ, જમસુ, આગળના જેવોજ રંગીલો ને જોસવાળો તું કયાંથી આવ્યો! તારાં એટલા જલદી આવવાની મને વકી નહી હતી."

"દોસ્ત દાદીબા, હું આવનાર હતો તેની તુને ખબર હતી કે નહી?" પેહલી અચરતી નરમ પડયા પછી બેહુ દોસ્તો વાતે બેઠા.

"ખબર તો હતી રે, પણ તું એટલો જલદી પાછો ફરે એમ મેં ધાર્યું નહી હતું." દાદીબાએ ખોલાસો કીધો. "હું તો ધારતો તો કે તુંને સારીપેઠે પૈસાની ચરબી ચહડયા વગર તું પાછો ફરશે નહી અને દોલતમંદીથી એક ફરખે શેઠિયો થઇનેજ આવશે, ત્યાંસુધી હું તારાં આસ્ટ્રેલિયાથી એટલો જલદી પાછો ફરવાની વકી રાખતો નહી હતો."

"બે વર્ષે પોતાને વતન આવવું એ શું જલદી કેહવાય કે?" જમસુએ ખુશ મજાખ કીધી.

"એક ઘેરબારના સુખિઆરાને માટે તો બે વર્ષની મુદત 'જલદી' નહીજ કેહવાય" દાદીબાએ પણ ખુશ ટકોરમાં જવાબ દીધો. "પણ તારા સરખા એકલા અટુલાને એટલી ઉતાવળ કરીને દોડી આવવાનું કાંઇ કારણ

વારૂં ? કેમ ભાઇ આસ્ટ્રેલિયાની હવા કાંઇ પાળવી નહીં કે શું ? યા શેઠ લોકો પાળવ્યા નહીં કે શું ?"

"પૈસાટકા સહુ તો ઠીકજ છે," જમસુએ ખોલાસો કીધો "અને મારા શેઠ લોકની મારા ઉપર મેહરબાની પણ પુરતી છે. હું કાંઇ આસ્ટ્રેલિયાની આફીસ એકદમ છોડીને આવ્યો નથી, પણ માત્ર થોડી મુદ્દતની રજા લઇ આવ્યોછ. હું તો બે ચાર મહીના અંહી રહીને પાછો જવા માગુંછ. હું કબૂલ કરૂંછ કે આસ્ટ્રેલિયામાં મને કાંઇ ઘણું સહવાયું નથી, અને જો ધંધાની રોકાણો નહી હતે તો હું આટલાં બે વર્ષબી ત્યાં ટકી શકતે નહી. ત્યાં ગમે તેમ રહું, પણ મને નવરૂં ને નવરૂં અને મારાં જીગરમાં કાંઇ ખાડો પડયો હોય કે જે પુરવાની જરૂર હોય એમ લાગ્યા કીધું, તે ખાડો પુરવા માટે મેં આ તરફ નિકળી આવવાની પેહલી જોગવાઇ લીધી, તો જોકે મારાં જીગરનો એ ખાડો અંહી હું કેમ પુરી શકીશ તે તો ખોદાનેજ ખબર છે. મારી તબીયત સારી ચાલી નહી, ને મને ડાકટરે દરિયાની લાંબી સફરની ભલામણ કીધા ઉપરથી મેં મારા શેઠોની રજા માગી. તેઓએ મને ખુશીથી મુંબઇ જવાની રજા આપી. અંહી વળી સિલાનમાં એક નવી પેહડી ઉંઘાડવા વિષે મસલત ચલાવવાની છે, તે મસલતને માટે પણ શેઠોએ મને અંહી ખુશીથી બોલાવ્યોછ."

"પણ શું તું ખરેખર બિમાર હતો કે? તુંને શું હતું?" દાદીબાએ એક ડાકટરની નજરે તેની નાડી હાથમાં ઝાલીને પુછયું.

"મેં મારા શેઠોને ખોટું સમજાવ્યું નથી. જયારે જીવજ બેચેન રેહ ત્યારે તનદરોસ્તી બિગડે એમાં નવાઇ નથી. મારી ભુખ મરી ગઇ, ઉંઘ ઉડી ગઇ, મને રાત્રે ખરાબ ખરાબ સ્વપ્ના આવવા લાગ્યા, ત્યારેજ મને મારૂં વતન યાદ આવ્યું. મેં ધાર્યું કે એકવાર મુંબઇ જવા વગર મને આરામ થશે નહી. હું મારી છાતીની ખલાસી મેળવવા ઉલટભર આવ્યોછ, તે ઉપરથી દોસ્ત દાદીબા તુંને મળતા વાર મારે પેહલવેહલોજ સવાલ તુંને શો પુછવો છે તે તું પામી ગયો હશે. હું પેલી ઓરત વિષે પુછુંછ. તેની શી ખબર? તુંને કાંઇ તેની ખબર મળીછ કે દોસ્ત?"

એ રીતે જમસુએ પેહલી ખબર ખટલીની પુછી, પણ તેબી તેનું નામ દીધા વગર પુછીને દેખાડયું કે તે નામ હવે તેની છાતીમાં કેવું અકારૂં હતું.

"હું તેની ખબર જાણનારો સહુથી છેલોજ હોવો જોઇયે," દાદીબાએ પોતાનું કેવળ અજ્ઞાનપણું બતાવ્યું "હું એક ગોફેનશીન સાધુની પેઠે છઠે ખુણે પડેલો એકમાગી માણસ, 'તેની' ખબર મારા જાણ્યામાંજ કેમ આવે?"

પણ "પેલી" ની ખબર દાદીબાને હોય તે વિષે જમસુનાં મનમાં એક કારણ હતું તે તેણે કહી સંભળાવ્યું.

"મારી ગરીબાઇના વખતમાં મારો એકલો મદદગાર મુરબી તુંજ હતો, દોસ્ત દાદીબા, એમ સમજીને કદાચ મારે વિષે કાંઇ ખબર કાહાડવા, તે તુંને પુછતી આવી હોય?"

"પણ તે મારી પાસ કોઇ દાહડે આવી નથી. મેં તેને કોઇ દાહડે નજરે જોયલી નથી."

"પણ કોઇ દાહડે લખીનેબી પુછાવ્યું હશેની?"

"કોઇ દાહડે તેનો મેં એક હરફ જોયો નથી."

આ જવાબથી જમસુ નિરાશ થઇને ચૂપ બેઠો અને તેને નિરાશ થયલો જોઇને દાદીબાએ તેને કહ્યું.

"જમસુ, અગરજો હું તે ઓરત વિષે કાંઇ કડવું બોલું તો મને માફ કરજે, પણ મારી તુંને સલાહ એટલીજ છે કે તું હવે તે બૈરીનો વધુ વિચાર ના કર અને તેને ભૂલી જવું એજ તારે માટે ડાપણભરેલું છે. જયારે તુંને તેના અને તેને તારા પ્યારની ઘણીજ અગત હતી, અને જયારે તેણે તુંને બાજીને રેહવું હતું, તેવા વખતમાં જે બૈરી તુંને છોડી ગઇ તેને તું ભૂલી જા."

જમસુ આ શિખામણથી ખફા થયો નહી. તેણે કબૂલ કીધું કે—

"હું કબૂલ કરૂંછ, દાદીબા, કે એ બૈરી એકલપેટી, હીચકારી અને નીચ ચાલ ચલાવી ગઇછ. અમે બેહુ જણ સાથે એક ખાડામાં પડયાં ખરાં, પણ તેમાંથી એ બૈરી ફાંફાં મારીને

નિકળી જવા પામી, અને મને તે ખાડાના કીચલમાં નાખીને ગઇ. તે પોતે નાહસી જવાની પોતાની ધારણામાં મને પોતાનું હથિયાર બનાવવાની હીકમતમાં હોસ્યારી બતાવી ગઇ. તે મારી ગરીબાઇથી દૂર નાહાસવાની હતી, ત્યારે તે નાહાસવા મારે પોતાને જોઇતા પૈસા સારે કે માંઠે કોઇબી રસ્તે મેળવવા તેણે મને ઘેરની બાહાર મોકલ્યો, અને તું જેવા મેહરબાનની મદદથી તે પૈસા મેં તેને લઇ જઇને આપ્યા, તેવીજ તે મને છોડીને જતી રહી."

"બસ, ત્યારે હવે તેનો વિચાર કરીને તું તારાં મનને મુન્જવ્યા ના કર." દાદીબાએ ટુકમાંજ કહ્યું.

પ્રકરણ ૫૧ મું.

જમસુ કોણને શોધેછે?

"નહી દોસ્ત, હું એવી એક બેઇમાન બૈરીની શોધમાં ફરૂંછ એમ તું સમજતો ના," જમસુએ પોતાનો બચાવ કીધો. "હું એવી એક દદાની દરકાર કરૂં એવો બેવકુફ નથી. હું એકવાર તેનાથી ઠગાયો, તો બીજી વાર કદી ઠગાવાનો નથી. તું શું એમ ધારેછ, દાદીબા, કે હું ફરીથી કદી તેનો વિશ્વાસબી કરીશ? અગરજો નસીબદેવીએ મને યારી આપી અને મારા સારા વખતમાં એ ઓરતે કદી મને ચાહવાનું ડોળ દેખાડ્યું તો હું શું તેના પ્યારને કદીબી સાચો માનીશ? નહી, કદી નહી."

"પણ ત્યારે તેં આવતાંની વાર પેહલવેહલોજ સવાલ તેને વાસતે કેમ પુછયો?" દાદીબાએ તેના આગળા બોલોની તેને યાદ આપી. "તું તારાં જીગરમાં ખાંચો પડેલો કેહછ અને તે ખાંચો પુરવા આવેલો કેહછ, તે એ બૈરીથી નહી તો કોણથી પુરવા માગેછ?"

"નહી નહી." જમસુએ જોસબંધ પ્રોટેસ્ટ કીધો. "મારાં દિલનો ખાડો હું એ બૈરીના પ્યારથી પુરવાનો નથી. ખાંચો પુરવાનો છે ખરો, પણ તે એણીથી નહી. હું કાંઇ એને શોધતો નથી. હું તો મારાં બચ્ચાંને મળવા માગુંછ—જ્યારે મારી ઘાતકી બૈરી મને તજીને જતી રહી, ત્યારે મારૂં જે બચું જન્મવાનું હતું તેને ખોહવાનો મારાં જીગરમાં ખાંચો પડયોછ, તે હું તો મારાં હકદાર ફરજંદથી પુરવા માગુંછ."

"પણ તે બચ્ચું જીવેછ કે નહી તેબી તું તો જાણતો નથી."

"હું બચ્ચાંને મેલવું એટલામારે તેની માને મળવા માગુંછ, એ સિવાય વધારે હું કશું જાણતો નથી."

"પણ ધારા પ્રમાણે તે બચ્ચું તુને મળી શકશે નહી" દાદીબાએ ધારાની યાદ આપી. "એવાં એક નાજુક બચ્ચાં ઉપર ધારો તો તેની માનો હક પિછાણેછ—બાપનો નહી."

"ધારાની મને કશી દરકાર નથી." જમસુએ ધારાને તુચ્છકારી કાહાડયો. "સચાઇ ધારા કરતાં વડી છે, અને સચાઇજ શેવટે ફાવશે. એવી એક નાકદર બૈરી, બચ્ચાંની લાયક માતા ગણાય નહી, અને તેવી માની નિમકહરામીના બદલામાં હું બચ્ચાંની કીમત મેળવીશ. આવી એક માતાએ જેમ નીચ પૈસાની ખાતર મને વેચ્યો તેમ પોતાનાં બચ્ચાંને તો ઘડીની વચમાં વેચીબી નાખે. એવી એક માના હાથમાં બચ્ચાંની સંભાળ રેહવી નહી જોઇયે. જ્યારે હું મુંબઇ છોડી ગયો ત્યારે હું એ ઓરતની ચાલથી જીવપર આવીને છોડી ગયો હતો, હું કદાચ ઘેલો થયો હતો, નહી તો કે જે સરજમીને મારાં બચ્ચાંને જન્મ આપેલો તે સરજમીન હું છોડી જતે નહી. આસ્ટ્રેલિયાની નવી દુનિયાંમાં મને સઘળું નવરૂં નવરૂં લાગ્યા કીધું તેબી એ બચ્ચાંની ગેરહાજરીથીજ હતું. જે માણસ એકલો પડી ગયો હોય તેને મારે દુનિયાં કેવી નકામી છે, તેવા એકલા માણસની જીંદગીજ દુનિયાંમાં કેવી રદબાતલ છે, દુનિયાં તેની આગળ એક ઉજડ વેરાણ જેવી છે, કે જેમાં લીલોત્રીનું એક મેદાન, અથવા તાહાડક આપનારો એક ઝરો નથી, તેને પોતાનાં પગલાં લઇ જવા મારે દૂરનું એક બારૂં યા એક રળિયામણું શેહર નથી, બચ્ચાં વગરનાં

માણસની જીંદગી એક નવરી અને ઠેકાણા વગરની જાત્રા સમાન છે, એ મેં આસ્ત્રેલિયામાં જોયું અને તેથી હું મારાં બચ્ચાંની શોધમાં અંહી આવ્યો."

"અને એ શોધ તું કેમ ચલાવવા માગેછ ?" દાદીબાએ વેહવારૂ સવાલ પુછીને દેખાડયું કે જાણેકે જમસુના આ અસરકારક બોલાસાથી તેણે માંથે ઉઠાવેલાં આ કામનું વાજબીપણું તે સમજયો હોય.

"એ શોધ મારે કેમ ચલાવવી, તે વિષે અંહી આવતાં આવતાં આગબોટ ઉપર મેં ઘણો વિચાર કીધોછ." જમસુએ જવાબ દીધો "અને કયાં જવું તે વિષે મને કાંઇ ઝાઝા રસ્તા સુજતા નથી. તુંને યાદ છે, દોસ્ત દાદીબા, કે મેસ્યર્સ ગ્રીન વાહિટની કુંo તરફથી હું આસ્ત્રેલિયા ગયો તેની અગાઉ હું મારી બૈરીની શોધમાં પુણે ડાકટર મેહલાશાહ મુકાદમના લાલ કીલ્લા તરફ દોડી ગયો હતો, કે જયાંથી એ ઓરત મુંબઇ મિસિસ સાવક્ષાની સ્કુલમાં નોકરીએ આવી હતી. ત્યાં હું એ દુકતીની નાની બેહન નાજાંને મળ્યો હતો, અને તેની સાથ પરપુછ કરતાં તે દુકતીએ મને કહ્યું હતું કે તેની બેહન તો મુંબઇમાંજ હતી અને લાલ કીલ્લે તેને કોઇએ જોઇજ નહી હતી. એ ઉપરથી આપણે જાણ્યું હતું કે મારી બૈરી કાંઇ પોતાના ગરીબડા મામાને ત્યાં તેના ઉપર બોજો થઇ પડેલી નહી હતી. નહી, નહી, તે તો મારે ત્યાં જે કાગળ લખી ગઇ હતી, તે કાગળમાં તેણે લખ્યા પ્રમાણે કોઇ પૈસાદાર સગાવહાલાને શોધી કાહાડેલો હોવો જોઇયે, કે જેનાથી કોઇ આઇતી દોલતના દલ્લાની તેણે આશા રાખી હોય. લાલ કીલ્લામાં તેની બેહનો અને મામો તો હજી એ બૈરીને મુંબઇમાં મિસિસ સાવક્ષાની સ્કુલમાં નોકરી કરતીજ સમજતા હતા. તેનાં મારી સાથનાં લગનની તેઓને કોઇને ખબર નહી હતી. તે પુણે તો ગઇજ નહી હતી અને પોતાના મુકાદમ મામા ડાકટરની તેણે કશી મદદ લીધીજ નહી હતી. એ ઉપરથી સાફ જણાયછ કે એ ઓરત મારે ઘરથી ગઇ તે મને કાંઇ સાફ હાથ તાલી આપીને જતી રહીછ. ત્યારે તે કયાં ગઇ હશે ? તે પોતાના કાગળમાં એસારો કરેલા કોઇ પૈસાદાર દોસ્ત યા સગાવ્હાલાને મળી હશે, અને તે પુણાના લાલ કીલ્લામાં તો કોઇ નહીજ હશે. નહી મારે ઘેર કે નહી પોતાના જે મામાએ તેને પાલી પોશીને મોટી કીધી તેને ઘેર તે જણાઇ, ત્યારે મેં એનો પત્તો મેળવવાની આશાજ છોડી દીધી. મને મુકીને એ દેખીતી કોઇ ભેદભરેલી રીતે નાહસી ગઇ એટલું તો મેં નકી કીધાથી, અને એના જતા રહેવામાં કાંઇ ધંગધડો કે નિયમ નહી જોવાથી, મને ગરીબી હાલે આમ નાખી જવા સારૂં એના ઉપર મને ધિક્કાર ઉપજયો અને એવી એક બેવફા બાયડીનાં નામપર પુરો મુકીને હું પુણેથી પાછો ફર્યો. તે દાહડ પછી મેં એનો વધુ વિચારજ માડી વાળ્યો, અને દૂર દેશાવર ખાતેનાં દેશનિકાલપણાનાં મારાં એકાંતપણાંમાં મારી બધી ઉમેદોને મેં બીજી એકજ મારી મૂર્તિ તરફ ઘસડાવા દીધી—મારાં જે બચ્ચાંનો મેં ચેહરો કદી દીઠો નથી, તેની શોધ કરવા ઉપર મેં મારૂં મન લગાડયું. હવે એ શોધનાં હું બે સાધનો વિચારી શકુંછ. એક તો પુણામાં ડાકટર મેહલાશાહ મુકાદમને ત્યાં જઇને ફરીથી પુણાના લાલ કીલ્લામાં એની તલાશ કરૂં, કે જ્યાં કદાચ એ ઓરતે પેહલાં જવાનું પસંદ કીધું નહી હશે, પણ હવે આ બે વર્ષમાં તો તે ખચીત ત્યાં ગઇજ હશે અને અગર હજી નહીબી ગઇ હોય, તોપણ તે કયાં છે, તે આ બે વર્ષમાં લાલ કીલ્લાવાળાંઓએ તો હવે જાણ્યુંજ હશે. અથવા તેમ નહી તો ત્યાં જવા અગાઉ મુંબઇમાં તો મિસિસ સાવક્ષાની સ્કૂલમાં એ ઓરતની એક મીઠીબાઇ મધમાખી નામની ઓળખીતી સહી છે, તેને મળું, કે જે એણીના કાગળો "મિસ ખરસેદબાઇ" ને નામનાં આવતાં તે "મિસિસ દારાશા દોલીદાદીના" ને નામે સરનામું બદલીને એણી ઉપર મોકલતી હતી—એટલેકે એ ઓરત પરણેલીછે તે એકલી એજ એની વિશ્વાસુ સહી જાણતી હતી, અને પોતાનો પરણેયો સંસાર છુપાવવાની એ ઓરતે ચાલુ રાખેલી ઠગાઇમાં તેની મદદગાર હતી ત્યારે હમણા એ ઓરત કયાં છે, તે તેની એ સહી જાણતીજ હશે. તેને મળીને મારી બોહવાયલી ખટલીનો ભેદ હું મેળવવા આહુંછ."

આટલીવાર સુધી જમસુએ પોતાની પરણેતરનું ખરૂં નામ દીધું નથી, અને "તે" ને "પેલી" ઓરત કહ્યા કીધું છે, પણ હવે તેનું ખટલી નામ દઇને જમસુ બોલ્યો, એ દેખાડેછે કે તેનું દિલ હવે જરા જરા પોતાની ખોહેલી પ્રિયાની તરફેણમાં પીગલતું જાયછે.

"પણ તું હમણા આવ્યો ને શું હમણાને હમણાજ જવા માગેછ શું, દીકરી જમસુ?" દાદીબાએ તેને ધીરજ આપી. "હમણા તો તું બેસ, જરા આ નાસ્તો લે, આસાયશ લે, અને પછી જે ફરમાસુ શોધ ઉપર તું નિકળ્યોછ તે શોધ કરવા પછી ધીરે ધીરે જજે. તું મુંબઇમાં રેહશે કયાં? તું મારે ત્યાંજ ઉતારો લે. મારૂં ગરીબડું ઝુપડું તુને મુબારક ગણ."

"થેંક યુ, દોસ્ત દાદીબા, તારી મદદ મને સદાનીજ લખી આપેલી છે," જમસુ ઉપકાર માની બોલ્યો. "તું આહીંને મને રાખવા માગેછ, તો હું અંહીંજ રહીશ, પણ આવતી કાલે તું મને પુણે જવા દેજે. આજે તો મારા આ નાસ્તાની તું ફિકર ના કર. હું આગબોટ ઉપર પેટ ભરીને નાસ્તો લઇ આવેલોછું. આજે તો હું તાબડતોબ એલ્ફીનસ્ટન સર્કલમાં મિસિસ સાવક્ષાની સ્કૂલમાં ખટલીની પેલી સહીને મળવા જાઉંછ, અને તે મને શો પત્તો આપેછ, તે ઉપર બપોરે ખાતાં ખાતાં આપણે મસલત ચલાવીશું અને આપણી આગળી દોસ્તી, કે જયારે હું એક સુખી કુવારો હતો, તે વખતની નવી જુની યાદને તાજી કરીશું. પણ દોસ્ત હું કેવો એકલપેટો છું કે હું આવ્યોછ, ત્યારની બધી મારીને મારી વાતોજ કરયા કીધીછ, અને તારી તો કશી વાત કીધીજ નથી. હવે કેહ, પ્યારા ભાઇ, તારી શી ખબર છે? અને તારૂં કામ કેમ ચાલેછ?"

"સરસા સરસ. મારી સાથ દુનિયાં સારી દોસ્તી રાખેછ, મારા જેવા એક દર્દી લંગડાને જો દુનિયા ચાહે નહી તો પછી જાણવું કે થઇજ ચુકયું. પણ તેમ નથી. ખોદાતાલાએ મને પાંચ પૈસે સુખી કીધોછ, અને સુખીની સાથે શોખીલોબી કીધોછ. હું આ ઘરમાં ભાડે રહેલો હતો, તે ઘર મેં વેચાતું લીધુંછ અને ઘરના પાછળા ચોકમાં મેં એક બાગબી બનાવ્યોછ, જો, આ રહ્યો તે."

એટલું બોલીને દાદીબાએ પોતાની પાછળી તરફની બારી ઉંઘાડીને એક નાનો સરખો બાગ જમસુને બતાવ્યો. સર જમશેદજી જીજીભાઇ બેરોનેટ પોતાના "મજગામ કાસલ"ના બાગ ઉપર જેટલા મગરૂર નહી હશે, તેટલી મગરૂરી દાદીબા લંગડાએ પોતાના નાનકડા બાગ વિષે બતાવી.

"હા! તું દોસ્તની હાલતમાં આ ફેરફાર જોવાથી હું ખુશી છું." જમસુ બાગ તરફ એક નજર ફેરવીને સંતોષથી બોલ્યો, "હું ખુશી છું કે આપણા શિખેલા ડાકટરોના માખ મારવાના દાહડા હવે પુરા થયાછ. આગળાં વર્ષોમાં આપણા વધી પડેલા ડાકટરોને મારે કામ ધંધો નહી હોય એમ મને લાગતું હતું, પણ તારી હાલતનો સુધારો બતાવેછ કે ડાકટરો આજે ભુખે મરવાનો ભય નથી."

એટલી ગામગપાટાની વાતો કરીને આ બે દોસ્તો હવે છુટા પડયા, અને જમસુ લાગલો, પાધરોને પાધરોજ એલ્ફીન્સ્ટન સર્કલમાં મિસિસ સાવક્ષાની સ્કૂલ ભણી ચાલ્યો.

પ્રકરણ ૫૨ મું.

એક ગામડિયણના શક.

કેટલાક લોકો એવા હોયછે, કે જેઓ પોતાનું મકાન બનતાં સુધી બદલવા ચાહતા નથી. શું ઘેર કે શું દુકાન કેટલાંક જયાં હતાં ત્યાંને ત્યાંજ જેવાંને તેવાંજ રહેલાંછે. એક મીઠાઇવાળા યા એક તંબોલી યા એક ફુલ વેચનાર માળીની દુકાન જમાનાઓ સુધી આપણે એકની એકજ જગ્યાએ જોયા કરીયે છીયે. મિસિસ સાવક્ષાની સ્કૂલ એજ પ્રમાણે જયાં પેહલાં હતી ત્યાંની ત્યાંજ ચાલ્યા કીધીછે. વખ્ત વખ્ત જગ્યા ખાલી કરવી એ ચોકસ લોકોમાં આબરૂદાર ગણાતું નથી અને મિસિસ શાવક્ષા એવીજ એક આબરૂદાર સ્કૂલ મિસ્ત્રેસ હતી. એલ્ફીનસ્ટન સર્કલમાં જયાં તેવણની સ્કૂલ ચાલેછે, ત્યાં દસ વર્ષ ઉપર પેહલી સ્થાપી ત્યારથી ત્યાંની ત્યાંજ ચાલતી આવી હતી. વર્ષો વર્ષ ઉનાળામાં તેવણે

ખંડાલા, માથેરાન કે ઇગતપુરીના શિતલગીરીનિવાસ ઉપર પોતાની સુંદર શિખનારીઓ સાથ જવાનો ધારો હતો, તોપણ તેવણ મુકરર વખ્તે એજ ઘરમાં પાછાં ફરી પાછી સ્કૂલ ચલાવતાં હતાં.

માટે આજે ઉનાળાના ભર ટપોટામાં જ્યારે જમસુ જસાવાળો પાછો ફર્યોછે, ત્યારે જે શોધની તલાશે તે નિકળ્યોછે, તે શોધમાં આજની મોસમે તેને સવળતા કરી આપી. મિસિસ સાવક્ષા આ ઉનાળામાં સ્કૂલને લઈને માથેરાન જવાથી એલ્ફીન્સ્ટન સર્કલમાં સ્કૂલ બંધ હતી. પણ તે ઉપરથી જમસુની ખોહવાયલી ખટલીની ખોળ ચલાવવાને ત્યાં સારી તક હતી. જમસુ મિસિસ સાવક્ષાને મળવા ચાહતો નહી હતો, અને તેવણ ઘરમાંજ નહી હતાં, તેવણની ગેરહાજરીમાં પેલી મીઠીબાઇ મધમાખીથીજ ખટલી વિષે પરપુછ ચલાવવાની આ સારી તક હતી.

મીઠીબાઇ મધમાખી પોતે એક જુવાન છોકરી હતી. તે ખટલી કરતાં કાંઇ 'જાજી વધારે ઉમરની યા વધારે અકલ હોસ્યારીવાળી પણ નહી હતી. વાંચનાર વિચારશે કે ખટલીનાં છુપ્યાં લગ્ન છુપાવી રાખવામાં જે મદદગાર થયલી તે અલબતાં ઘણી નાદાનજ હોવી જોઇયે. તે એક માબાપ વગરનું નાવારસ બચ્ચું હતું ત્યારથી મિસિસ સાવક્ષાએ તેને પોતાના આશ્રય તળે ઉછેરીને તથા શિખવી ભણાવીને મોટી કીધી હતી. મોટી થવા પછી એજ સ્યાણી અને સમજુ બાનુએ મીઠીને પોતાનીજ સ્કૂલમાં એક નાનો પગાર આપતો કરી છોકરીઓની આયા સરખાં વહિવાંનાં કામ ઉપર રાખી હતી. તે છોકરીઓને ઘેર તેડાં કરવા જતી, અથવા છોકરીઓને ઘેર મુકવા જતી, અને એવાંજ બીજાં ફેરા આંટીનાં કામો કરતી—વળી સ્કુલમાં બપોરે ને રાત્રે છોકરીઓનાં ખાનાપીનાની મેનીજ તથા ટેબલનું સઘળું કામ પણ એજ સ્ત્રીને સોંપેલું હતું, કે જે સઘળાં હલકાં કામોથી તે સ્કૂલમાં સઘળાંને માનીતી હતી—ખટલી જ્યારે સ્કૂલમાં રહેલી હતી, ત્યારે મીઠી મધમાખીને ઘણી માનીતી હતી, અને એ તેની વિશ્વાસુ થઇ પડેલી હતી. માટેજ જમસુએ ધાર્યું કે ખટલી કયાં છે, તે કદાચ મીઠી જાણતી હશે. તે જાણતી હતી તે તો વાંચનાર જાણેછે, કેમકે ખટલીએ "જામે જમશેદ" માં "જમસુ જોગ" જે પેલી છુપી જાહેરખબર છપાવી હતી તે મીઠી મધમાખીની મારફતેજ છપાવી હતી, માટે ખટલીનો કાંઇ પણ પત્તો આપી શકે એવું જો કોઇ પણ હોય તો તે મીઠી મધમાખીજ હતી.

વળી જમસુ જાણતો હતો કે મિસિસ સાવક્ષા ઉનાળાની છુટીમાં સ્કૂલ બંધ કરીને શિતલ પાહડો ઉપર જતાં હતાં, ત્યારે મીઠીને લઇ જતાં નહી હતાં, પણ તેને સ્કૂલની સંભાળ સોંપીને જતાં હતાં. તેથી પણ જમસુને પોતાની ધારેલી ખોળ ચલાવવાને આ તક સારી હતી.

ઘોઘાના મોહલામાંથી નિકળીને દેવળના રસ્તા ઉપરથી એલ્ફીન્સ્ટન સર્કલમાં જઇ પોંહચતાં જમસુને પાંચ મિનિટખી લાગી નહી. તે પાધરોજ સર્કલના બગીચાની સામેના એક ગોળ મેરાખોવાળાં મકાન ઉપર ગયો કે જયાં સ્કૂલનાં નામનું પાટિયું મારેલું હતું. જમસુ જોવછે તો મકાનનું બાહારનું બારણું બંધ હતું, પણ તે ઉપરથી તેની અંદર કોઇ રેહતું નથી એમ ઠરતું નથી. અંદરથી જવાબ મેળવવા માટે બારણું ઠોકવાનીજ ખોટી હતી.

બારણા ઉપર એક પરદેશી રામોશી બેઠેલો હતો. જમસુએ પેહલાં તેનાથી તલાશ કીધાથી જાણ્યું કે સ્કૂલવાળી શેઠાણી બાઇતો ગરમીની છુટીમાં સ્કૂલ બંધ કરીને માથેરાન ગયલી હતી.

"પણ અંહી અંદર મીઠીબાઇ છે કે?" જમસુએ રામોશીને હિંદી ભાષામાં પુછ્યું.

"કોણ? ભીખીબાઇ? મેં કહ્યુંની કે ભીખીબાઇ તો માથેરાન ગયાંછે." રામોશીએ જવાબ દીધો. મીઠીબાઇને બદલે ભીખીબાઇ નામ તેણે સાંભળ્યું અને ભીખીબાઇ તો મિસિસ સાવક્ષાનું નામ હતું.

"ભીખીબાઇ નહી, હું મી–ઠી–બા–ઇ–વિષે પુછુંછ" જમસુએ એ નામ ઉપર ભાર મુકીને પુછ્યું.

"મી–ઠી–બા–ઇ–?" રામોશીએ પણ નામપર ભાર મુકીનેજવાબ દીધો. "એ નામની કોઇ બાઇને હું ઓળખતો નથી. હું તો, સાબ, આ મકાનમાં સ્કૂલ બંધ થવા પછી

એક મહીનાનોજ નોકરીએ આવેલોછું, માટે હું કોઇનાં નામ જાણતો નથી."

પણ વળી આ જવાબની સાથેજ રામોશીએ ખબર આપીકે મકાનની અંદર "વીલર વલસાડી" નામની એક બુઢી ચાકરડી હતી તેને કદાચ ખબર હશે. જમસુના પુછવા ઉપરથી રામોશી તે વીલર વલસાડીને તેડી લાવ્યો અને જમસુએ વધુ પુછપરછ હવે તેનાથી ચલાવી.

"બાઇ, અંહી સ્કુલમાં મીઠીબાઇ હતી, તે છે કે?"

"મીઠીબાઇ? મીઠીબાઇ કોણ?" વીલર વલસાડીએ શકની નજરે જમસુને જોઇને પુછયું "મીઠી મધમાખીને તું પુછેછે?"

"હા, તેજ, તેવણજ" જમસુ બોલી ઉઠયો. "હું તેવણને મળવા માગુંછ."

"તે—છે—અંહિ છે. પણ તુને તેનું શું કામ છે? અંહી ભલતા માણસોને આવવા દેવાનો મારી બાઇનો હુકમ નથી. તારા હરખા ભામતાઓતો અંહી ઘણા આવેલા."

"હું કોઇ રખડતો ભામતો નથી, બેહન. પણ મને મીઠીબાઇ સાંથ કાંઇ અગતની વાત કરવાની છે. હું તેને કાંઇ પુછવા માગુંછ અને બે ચાર મિનિટથી વધારે હું કાંઇ તેને પુછવાનો નથી."

"હા, પણ શું કામ છે, તે મને કેહ, હું તેને પુછી આવું"

"બીજાંને કેહવાય એવું મારૂં કામ નથી,"

"એટલે? પણ તારે મને ભરૂસો કેમ આવે કે તું કોઇ ચોર બોર આવેલો નથી? જોની ભાઇ, હમારી ટીજોરીતો ખાલી છે. ને જે કાંઇ ફાજલ પૈહા હોયની તે તો ઘરમાં રાખવાનો મારી બાઇનો ધારો નથી. તે તેથી ભીખીબાઇ બેંકમાં મોકલી ગયલાં, વાહતે તું કાંઇ પૈહા લેવા આવેલો હોયતો હમણાતો તારો રહતો લે, ને ૧ લી તારીખે મારી બાઇ 'માથેરામ' થી પાછાં આવે ત્તારે આવજે."

"નહી બેહન, હું કાંઇ ચોર કે માગનાર નથી. તું મીઠીબાઇને બોલાવ, તેવણ પોતેજ મને ઓળખીને તારી ખાતરી કરશે કે હું તો એક સારો માણસ છું."

આ સાદી માગણી કોઇથીબી ના પડાય એવી ન હતી. માટે વીલર વલસાડી "ઉભો રેહ" કહીને બારણું અલગું બંધ કરી માળા ઉપર ગઇ, અને તે મીઠીને ખરેખર તેડવાજ ગઇ કે નહી તે જમસુને ખ્યાલી અટકળ કરતો ઓટલા ઉપરજ મુકીને ગઇ.

પ્રકરણ ૫૭ મું.

મધમાખીના ચટકા.

ત્રણ મિનિતમાં બારણું પાછું ઉઘડયું અને જમસુ જોયછે તો મીઠી મધમાખી ખરેખર ઓટલા ઉપર નિકળી આવી. પણ તે આ વખતે એકલી નહી હતી—વીલર વલસાડીને તરહેવાર શક ગયા હતા, માટે તે પછવાડે ચિમાંઇને માજણું જોવા આવેલી હતી.

"ઓ હો હો હો! આવો શેઠ" મીઠી જમસુને એકદમ ઓળખીને ઘણે વર્ષે જોવાથી અચરત થઇ ગઇ. "તમે કયાં હતા? કયાંથી આવ્યા? હુંતો સમજતી હતી કે તમે તો ગુજરી ગયા?"

"કેમ વારૂં મીઠીબાઇ? તમે જોવોછ કે હું કાંઇ મરી ગયો નથી, પણ હપતો ખપતો જીવતો છું, ત્યારે મને મુવેલો સમજવાનું કાંઇ કારણ વારૂં?"

"કારણ એજ કે તમે પેલી જાહેરખબરનો કાંઇ જવાબ આપ્યો નહી. ને મેં ધાર્યું કે તમે જીવતા હતે તો તે જાહેરખબરનો જવાબ આપ્યા વગર રેહતે નહી."

"જાહેરખબર?" જમસુને ઘણી અચરતી લાગી. "જાહેરખબર શાની? કોણની જાહેરખબર?"

"એજતો—ખરશેદબાઇની. પેલી તમારો, તમારી—" "બાયડી" બોલ ઉપર મીઠી સંભાળથી અચકીને ઉભી રહી ગઇ.

જમસુ સમજી ગયો કે એ તેની ખટલી વિષે બોલેછે, માટે તેણે એકદમ વચે બોલી ઉઠીને મીઠીને તે વાકય પુરૂં કરતીજ અટકાવી.

"મારી—કોણ તે બોલવાની કાંઇ જરૂર નથી, મીઠીબાઇ. કાંઇ નહી, તે મારી ગમે તે હોય પણ તેની શી વાત છે? ખટલીની શી ખબર છે?"

"પણ તેવણે તમારે માટે જાહેરખબર છપાવી તેનો જવાબ કયાં છે?" મીઠી પાધરો જવાબ આપવાને બદલે જમસુને સામી ગળે પડી. "મારા સાહેબ, તમે તેના—તેના—"

"હું તેનો ગમે તે હોવું, પણ તમે કેહવા શું માગોછ?"

"તમે તેની જાહેરખબરનો જવાબ કાં નહી આપ્યો? તમે ખોદાના હુકમથી જીવતા છો, તો તે બીચારીને જવાબ દેતે કે નહી?"

મીઠી મધમાખી મિજાજે તીખી હતી અને તે તીખી તીખી ટીકાઓ કરી લોકોને ચટકો લગાડવે ચપલ હતી, તે ઉપરથી તો તેને "મધમાખી"નું નામ આપેલું હતું. પોતાની તે ખાસિયત મુજબ તેણીએ જમસુને આ એક ચટકો લગાડયો.

"હવે તે તો ગમે તે હોય, મીઠીબાઇ, પણ હું પુછુંછ તેનો જવાબ દેવોની કે હમણા ખટલી કયાં છે?"

"તે તો છુપી વાત છે. મને તે છુપી રાખવા કહી ગઇછ, તે હું તેની રજા વગર કોઇને કેહવાની નથી."

મીઠી જાણેછે કે જમસુ ખટલીનો ખાવિંદ થાયછે, તે છતાં તે ખટલીનું ઠેકાણું તેનાથી છુપાવેછે એતો જમસુને જબરો ચટકો લાગ્યો. તેણે ઠેકાણું જાહેર કરવાને તેણીને ઘણીબી સમજાવી, પણ તેનું કાંઇ વળ્યું નહી.

મીઠી મધમાખીનો જવાબ એકનો એકજ હતો "હું ખરશેદબાઇને પુછાવી જોવું કે તમે તે કયાં છે તે જાણવા માગોછ, તે તમોને કહું કે નહી? જો ખટલીબાઇ મને હા કેહશે તો હું તમોને કહીશ—ના કેહશે તો નહી કહીશ."

"બેવકુફ છોકરી, તું જાણેછ કે હું તેનો કોણ થાઉંછ તે?" જમસુએ એકદમ મિજાજ ખોહીને તેને પુછયું.

"હા, હા, હું બધું જાણુંછ," મીઠીએ પણ એકસરખો તોરમાં જવાબ દીધો "તોપણ ખટલીબાઇ મને સમ સોગંદ આપીને ગઇછ, તેથી તેને પુછાવ્યા વગર તો હું તમોને કશું કેહવાની નથી."

"ચાલ ત્યારે તેને જલદી પુછાવ" જમસુએ તાણમાં તકાજો કીધો. "એકદમ તેના ઉપર તાર કર કે તારો વર તુને મળવા માગેછ—"

"નહી, નહી, હું કાંઇ તાર બાર કરવાની નથી. તાર કરૂં તો તેનું ઠેકાણું તમે જાણી લેવો, અથવા બીજાંઓ તાર વાંચીને તેની ખરાબી કરે. હું તો માત્ર કાગલ લખીને પુછાવવાની."

"પણ હઠીલી છોકરી, કાગળ લખવાથી કાંઇ તુર્ત જવાબ મળવાનો નથી." જમસુએ ઇનતેજારીથી ફુસલવણી ચલાવી. "તાર કરશે તો એકદમ જવાબ મળશે, પણ કાગળ લખશે તો તે ગમે એટલી નજદીકમાં નજદીક હોવા છતાં ચોવીસ કલાક અગાઉ તેનો જવાબ મળશે નહી. મારાથી એટલોબધો વખત કેમ થોભાશે?"

"તેમાં શું થયું? મારા સાહેબ તમે બે વર્ષ તેનાથી દૂર રહ્યા ને થોભ્યા તો શું બીજા બે દાહડા તમારીથી થોભાય નહી? જો વાત લાવ્યાછ તે!" મધમાખીએ એક બીજો ચટકો લગાવ્યો.

"હું તેનાથી દૂર નાઠો, કે તે મને છોડીને નાહસી ગઇ?" જમસુએ તકરાર લીધી.

"વારૂં, તે ગઇ તો તે ગઇ, પણ તે બધાંનાં ભલાંને માટે ગઇ કની? તે પોતાનું ને તમારૂં બધાનું સારૂં કરવાને ગઇ હતી" મીઠીએ ખટલીનો આ બચાવ કરીને, હજી તે પોતાની જુની સખીને કેવી ચાહેછે અને તેને માટે કેવું ઉચું મત ધરાવેછે, એટલુંજ નહી પણ હજી સુધી તેના કેવા સાચા અને પ્રેમી વિશ્વાસ તળે છે તે દેખાડી આપ્યું.

મીઠી તો કશો મુદો આપતીજ નથી, એવો તેનો પાકો ઠરાવ જોઇને જમસુ નરમ પડી ગયો અને તેને કાંઇ લાલચ આપીને ભેદ મેળવવા ચાહ્યો.

"મીઠીબાઇ, તું મારી ખટલીની ખરેજ કેવી મીઠી ને માનીતી છે. શાબાશ, તારી વફાદારીને! પણ જો માય આવતી પતેતી ઉપર હું તારાં નવાં કપડાંના આ દસ રૂપીયા આપુંછ, તે લે, અને મને કેહ કે મારી ખટલીનું હાલ ઠેકાણું કયાં છે? હું તેને

મળવા માગુંછ, અને તું જાણેછ તો ખરી કે તેઓ મને મળવાને ઇનતેજાર છે."

"નહી, નહી, કેમ જાણ્યું કે ખટલીબાઇ તમોને મળવા માગેછ ?" મધમાખીએ તેને વળી એક અટકો માર્યો.

"શું નહી ?" જમસુએ પુછ્યું "તુંજ કેહછ કે ખટલીએ મને મળવા સારૂં જાહેર ખબર વટીક છપાવીતી ?"

"નહી, નહી, જાહેરખબર કાંઇ મળવા સારૂં નહી છપાવીતી." મીઠીબાઇ તડતડ બોલી ઉઠી, "તે તો તમારા જીવને ધીરજ ને સધ્યારો આપવાની જાહેરખબર હતી. તે તમે વાંચી નથી ?"

"નહી મેં તે જાહેરખબર વાંચીજ નથી" જમસુએ ખરેખરો એકરાર કીધો. જમસુ દેશાવર ગયલો એટલે તે છાપો તેના જોવા વગર રહી ગયલો હતો.

"ત્યારે તો ઉભા રહો, હું હમણા તે જાહેર ખબર લાવીને તમોને દેખાડું. મેં તે પેપર સંભાળીને રાખી મુકેલુંછે." એટલું કહી મીઠીબાઇ એકદમ માળા ઉપર દોડી ગઇ અને આ છોકરી શી ઉંડી ખટપટમાં ફરેછે તે વિષે વીલર વલસાડી અને પરદેશી રામોશી ઇસારતથીજ પોતપોતા વચે અટકળ કરેછે, તેટલામાં તે જમસુને તરેહવાર અટકળો બાંધતો ઓટલા ઉપર એકલો મુકી ગઇ.

જમસુને એટલી તો ધીરજ ઉપજી કે એક વાર તે બીધો હતો તેમ તેની ખટલી કાંઇ મરી ગઇ નથી, અથવા તેના જીવને કાંઇ અલવલ આવી નથી—તે જીવતી ને સલામત છે, એટલુંજ નહી પણ પોતાની આ જુની વિશ્વાસુ સખી સાથ હજી સંદેશો રાખેછે એટલી બીનાથી જમસુને ઘણો દિલાશો મળ્યો.

પણ વળી તે જમસુને ભૂલી ગઇ નથી અને એક જાહેર છાપામાં જાહેર ખબરથી તેને યાદ કરવા જેટલી જાહેર હદ સુધી હજી તેને ચાહેછે એ વાતથી જમસુને ઘણું વિસ્મય લાગ્યું.

મીઠી મધમાખીને તે પેપર લઇને આવતાં કશી વાર લાગી નહી. તે છાપો તેણીએ પેહલાજ માળા ઉપરના પોતાના ઓરડામાં પોતાની પેટીમાં સાચવીને મુકેલો હતો, જે એકદમ લઇ આવીને તેણીએ જમસુના હાથમાં મેલ્યો અને તેમાં જાહેર ખબર છાપેલી દેખાડી.

પ્રકરણ ૫૪ મું.

જમસુનો જવાબ.

"**જમસુને ખબર**—હું તમોને ભુલી ગઇ
"નથી. હું દરરોજ, મારાં દરએક કામમાં
"તમોને યાદ કરૂંછ, અને તમારાજ લાભના
"વિચાર કરૂંછ. આપણ પાછાં જોડાવાની હું
"ઇનતેજારીથી આરજુ રાખુંછ. હું આશામાં
"ને આશામાં સારા વખતની વાટ જોઉંછ, તેમ
"તમેબી જોજો. તમે કયાં છો, અને કેમ છો
"તે મને લખી જણાવજો. તમારો કાગળ
"બોરીબંદરની પોસ્ટ આફીસમાં 'ખટી'ને
"સરનામે નાખજો."

આ જાહેરખબર જમસુએ ફાટફાટ થતાં જીગર સાથ વાંચી. ઉપલું એકેક ટુકું વાક્ય જાણેકે મોહડે કરતો હોય તેમ તેણે ફરી ફરીથી ગોખી ગોખીને વાંચ્યું.

"જોયુંજી ?" મીઠીએ ફતેહના ડોળથી એક નવો ચટકો માર્યો. "મારી બાઇ કાંઇ તમોને મળવા માગતીજ નથી, પણ તમારી તરફથી કાગળની વકી રાખેછ, ને એ છપાયા પછી દરરોજ 'ખટી' ને નામનો કાગળ આવ્યો હોય તે લેવા હું દરરોજ પોસ્ટ આફીસમાં ખબર કહડાવ્યા કરૂંછ, પણ તમે તો કશો જવાબ લખ્યો નહી તેની નિરાશા દર આઠ આઠ દાહડે મારી બાઇને જણાવતી રહુંછ."

"નાદાન છોકરી !" જમસુ જાહેરખબર વાંચીને પોતાનાં મન સાથ બડબડયો. "ગમે એટલી નાદાન છે તોપણ હું ખુશી છું કે મને યાદ કરેછ, અને મારૂં શું થયું તે જાણવાની આરજુ રાખેછ."

એટલું પોતાનાં મનમાં બડબડી, જમસુએ મીઠી મધમાખીને કહ્યું "મીઠીબાઇ, ખટલી આ જાહેરખબરમાં જે જવાબ માગેછ, તે હું લખી આપું તે તમે એના ઉપર બીડશો ?"

"હા. પણ તે એવી શરતે કે કાગળ ઉપરનું ખટલીબાઇનું સરનામું તમે વાંચો નહી. હું

તે મારે હાથે લખીને હુંજ ટપાલમાં નાખી આવું."

"મારે કબૂલ છે." જમસુએ એકદમ કબૂલ કીધું "હું મારો જવાબ એક કોરાં આનવેલોપમાં બીડીને લાવું અને પછી તે ઉપર તમે તમારે હાથેજ સરનામું લખીને પોસ્ટમાં નાખજો."

એટલું કેહતાંજ જમસુ પાસેની એક ઓળખીતી દુકાનમાં ગયો અને ત્યાં કાગળ કલમ માગી લઇને પાંચ મિનિટમાં ખટલી જોગો પોતાનો જવાબ લખી તથા કોરાં પરબિડાંમાં બીડી લાવ્યો.

આ જવાબ લખતાં લખતાં જમસુનું દિલ ઘણું પીગલી ગયું. ખટલી તેને છોડીને જતી રહી ત્યારે, અને તે પછીના આ લાંબા અંતરમાં તેણે ખટલી તરફ જે ધિક્કાર ધરાવ્યો છે તેમાં અને આજે તે ખટલી ઉપર લખવા બેઠો, તે વખતના તેનાં મનના જુસ્સામાં ઘણો ફેર પડી ગયો. આગળો ધિક્કારની જગ્યા જમસુના આગળા પ્યારના જુસ્સાએ આ જવાબમાં લીધી. ખટલીને ખોહવાથી જમસુનું જીગર જખમી થયલું તો હતું, પણ ખટલીની આ જાહેરખબર અને તેમાં પ્યારભરેલો પેગામ વાંચ્યાથી જમસુના જખમ જાણેકે રૂજ વાળ્યા હોય એમ તેને લાગ્યું. નહી તેના લાંબા દેશવટાએ કે નહી ખટલીનાં એ તેને છોડી દેવાએ જમસુનાં જીંગરમાંથી તેણી તરફનો પ્યાર કશો ઓછો કીધો. તેણે ખટલીને ચાહવાનું બંધ કીધુંછે, એમ તે પોતાના જીવ સાથ અને પોતાના દોસ્ત દાદીબા આગળ ગમે એટલું બોલ્યોછે, પણ તેવા ધિક્કારનું ડોળ ઘાલવામાં તે ઠગાયોછે. તે દાદીબા લંગડા આગળ આજે બોલ્યો હતો કે તે પોતાની ખોહવાયલી ખટલીની ખોળમાં નિકળ્યો નથી, પણ પોતાનાં ખુદરતી અને વ્હાલાં બચ્ચાંની શોધમાં નિકળ્યોછે, કે જે કુમલાં બાળકની પ્રીતીવાન ગોદ તે પોતાની ગોદમાં ચાંપવા માગેછે. પણ ખટલી ઉપર જવાબ લખતાં લખતાં પોતાનું એ સઘળું ગુમાન તે એકદમ ભૂલી ગયો, અને બચ્ચાંના કરતાં, તેની માને મળવાની પોતાની બળતી જીગ્નાસા તેણે આ જવાબમાં વધારે લખી જણાવી. પોતાની તરફનો ખટલીના અપુર્વ, અમાપ પ્યારનો પુરાવો જે તેણે આ જાહેરખબરમાં વાંચ્યો, તેનો જવાબ તેણે એવાજ પ્યારનાં મીઠાં અને નરમ વચનોમાં લખી કાહાડયો તોપણ આ જવાબ તોરમાં શખત અને ઢબમાં ઘણો કરડો હતો. તેણે લખ્યું કે—

"તું હમણા ગમે એવા ઊંચા દરજ્જા ઉપર ચહડી હોય, ગમે એવાં માતબર ઘરમાં તું રેહતી હોય, તોપણ તું જાણીને ખુશી થશે કે તું મને છોડીને જતી રેહવાથી હું કાંઇ મરી ગયો નથી. જોકે તારાં ઘાતકીપણા સામેના મારા તિરસ્કારે મારાં જીગરને ફાડીને ચુંથી પીખી નાખ્યુંછે, અને જોકે મને તજી જનારી બાયડી ઉપરનો મારો પ્યાર મારાં દિલમાં એક નિરૂપાય રોગ થઇ પડયો છે, તોપણ હું જેમ તેમ માથાકુટે જીવતો રહ્યો છું. હું ભુખે મુવો નથી અથવા બીજા ભર્તારોની પેઠે મેં ગળાંમાં ફાંસો નાખી આપઘાત કીધો નથી. હું દુનિયાંની પેલી બાજુએ ગયો હતો, ત્યાંથી પાછો આવ્યોછું, તે એટલામાટે કે જે ઓરતે ખોદાને હાજરનાજર જાણી મને ચાહવા, માન આપવા અને તાબે થવાના સોગંદ લીધા હતા, અને તોપણ જે ઓરતે મારી હાજતમંદીને કંગાલિયાતના કાળામાં કાળા કાળમાં મને તજી દઇને પોતાના સોગંદને ખોટા પાડયાછે, તે ઓરતનું શું થયું, નસીબદેવીએ તે ઓરતનું શું કીધું તેટલુંજ જાણવાને માટે હું આવ્યોછું. કેહ મને ખટલી, કે તું કયાં છે? અને કોણ સાથ રહેલીછે? મને તજી જવા માટે તુંને શો બદલો મળ્યોછે? તેં ભરેલું પગળું ડાપણવાન નિપજયુંછે કે નહી? તું સુખી થવાની આશામાં ગઇ હતી તો તારી આશા બર આવીછે કે નહી?

"ખોદાવંદતાલા અને માણસજાતની નજરમાં જે સગાઇની ગાંઠે આપણ બેને એક બનાવ્યાંછે, તે સગાઇની જો તુંને કાંઇ પણ કદર હોય તો આ મારા સઘળા પુછેલા સવાલોનો ખરેખરો અને ખુલ્લે ખુલ્લો જવાબ લખજે. આપણાં બચ્ચાંની સર્વ બીના મને લખજે. જે કોમળ બાળક જન્મેલું જોવાને હું ઉમેદવાર હતો, પણ જેને મેં કદી દીઠું નથી, અને જેના સ્વપ્નાએ મને મારી ઉંઘમાં ઘેર્યા કીધો, તે બચ્ચું કેમ છે, તેનું તેં શું કીધું, તે સઘળું મને જણાવજે. તે બચ્ચાંને તેના હકદાર બાપની સંભાળને બદલે તેં કોઇ બેગાનાઓની સંભાળમાં સોંપ્યું હશે. તોપણ હું ઉમેદ રાખુંછું કે તે સારી જતનથી જીવતું હશે અને તેને સુખી રાખવાની તેં સંભાળ લીધા હશે.

"બીજું—તું જે સુખી જીંદગીની શોધમાં ગઇછે, તેવી સુખી જીંદગી તુંને મળી હોય તો તું

જ્યાં હોય અને જેવી સુખી હોય તેવી હાલતમાં શું કોઈ વખત એવો ખી આવ્યોછે, કે જ્યારે તારાં જીગરે તારા એક વખતના આગળા ચાહેલા વર સાથ પાછું જોડાવા ચાહ્યુંછે કે જાણી તે મને જણાવજે. પણ જો તું તેને ચાહતી નહીજ હોય તો, હું તુંને સેહલ રસ્તો એ બતાઉંછું કે કશો જવાબ લખતીજ ના.

"ખટલી, તારાં ખરાં દિલમાંથી મારાં ખરાં દિલને લખજે. પણ ખરૂંજ લખજે, અને ખોટું લખવાની હોય તો લખતીજ ના. 'તમે આવો' એટલા બેજ બોલ તું લખશે તો હું વધુ લખ્યા વગર યા વધુ લખવાની તુંને તસ્દી આપ્યા વગર હું એકદમ તુંને આવી મળીશ. ગઇ ગુજરી બીના, અને ગુજરેલા બનાવો જેમાં મેં ઘણું ખમ્યુંછે, તે સઘળું, આપણાં પાછાં જોડાણના હરખમાં હું ભૂલી જઇશ,

લા૦ જો તું ચાહે તો સદાનો તારો

જમસુ."

અલબતાં આ કાગળ લખતી વખતનાં જમસુનાં મગજની ઉસકેરાયલી હાલતનું તો વાંચનાર પોતેજ તોલ કરી શકશે.

જેને એક ચોકસ વખત વેહતાં જીગરના જોસભર પ્યારથી ચાહેલી, પણ પછી જેને બેવફા લેખે તેટલાજ વખત સુધી ધિક્કારેલી, તેના પ્યારનો પુરાવો આ જાહેરખબરમાં જોઇને તેનું દિલ કેવું સીથિલ થઇ ગયું, તે તેનાં આ એકજ કાગળમાં પેહલાં ઝનુની તીખાસ અને પછી જીવતા જાગતા પ્રેમના જુસાઓની ઉથલપાથલનાં વચનો કહી આપેછે. જમસુએ પોતાનો આ જવાબ જુસામાંને જુસામાં જેમ મનમાં આવ્યો તેમ ચિત્રી કાહાડયો. તે તેણે ફરીથી વાંચવાનીબી હિંમત કીધી નહી, પણ ઉતાવળમાં એક કોરાં પરબિડાંમાં બંધ કરી લઇને એલ્ફિનસ્ટન સર્કલમાં મિસિસ સાવક્ષાની સ્કૂલવાળાં મકાન ઉપર ધસ્યો.

આ વખતે તેને તે મકાનમાં દાખલ થવાને કશી અડચણ રહી નહી. તેના દાખલ થવા સામે વીલર વલસાડીના હવે કશા શક તેને નડયા નહી. જમસુના જવાબની વાટ જોતી મીઠી મધમાખી હેઠલાં બારણામાંજ ઉભેલી હતી. તેણીએ જમસુનો જવાબ ખુશીથી લીધો અને તે ઉપર ખટલીનાં ઘટતાં સરનામાં સાથે તેજ સાંજના ટપાલમાં નાખવાની તેણીએ કબુલાત આપી.

"એ કાગળ ખટલીને કયારે મળશે ?" જમસુએ પુછવાની આતુરતા બતાવી.

"તે મારીથી નહી કેહવાય." મીઠી મધમાખી હજી તેના તરફ જોવીને તેવી તીખી તમતમતી રહી હતી. "ખટલીને કાગળ કયારે પુગશે તે જો હું તમોને કહું તો તે હમણા કયાં છે, તે તમે તુર્ત પામી જાવો, માટે એમ કેહવાથી તમે જે પત્તો મેળવવા માગોછ, તે પત્તો હુંજ તમોને આપી દેવાની તકસીરવાર થાવું."

"અરે! વારૂ બાઇ નહી કેહતી તો નહી." જમસુએ નાખતી કીધી. "પણ હું ધારૂંછ કે જો ખટલી ઘણી દૂર ગઇ નહી હશે—ચીન બંગાલા કે હેધરાબાદ નહી ગઇ હશે, અને ત્યાં જવાનાં તેનાં ઠેકાણાંજ નથી—પણ જો પુણે, સુરત, અમદાવાદ, નાશિક કે એવાંજ બીજાં કોઇ નજદીકનાં ઠેકાણામાં હશે, તો આ કાગળ એને એક દાહડામાં પુગી જશે. અને જો તે તેજ દાહડે જવાબ લખવા બેસશે, તો પરમ દાહડે તેનો જવાબ આવશે, વાસ્તે મીઠીબાઇ, હું પરમ દાહડે એનો જવાબ લેવા તમારી આગળ પાછો આવીશ."

એટલું કહીને જમસુ હજી ચાલી ગયો નહી. તે તો ઉભો રહ્યો અને તેણે લાગલીજ રૂ૧૦ ની એક નોટ મીઠીમધમાખીના હાથમાં મેળી, જેમ કરતાં બોલ્યો કે "મીઠીબાઇ, આ તમારી બધી મેહનતના બદલામાં તમારાં આવતી પતેતીનાં કપડાંને સારૂં મેં કબૂલેલા રૂ૧૦ કબૂલ રાખો."

"અરે જમશેદજી શેઠ, તમારી કેટલીબધી મેહરબાની!" મીઠીએ ઉપકારનો ઉભરો જાહેર કીધો. "તમારી એટલીબધી મેહરબાનીને લાયક હું પોતાને માનતીજ નથી."

"તમે નહી માનો તો ના માનતાં." જમસુએ લાયકીથી ખોલાસો કીધો. "પણ તમે માનો—નહી માનો, તોબી મેં જે ધારી રાખેલું હોય તે હું તો બજાવવાનો. તમે મારી ખટલીનાં કાંઇ ઓછાં વિશ્વાસુ નથી અને તેટલામાટે તમે મારાં પણ વિશ્વાસુ છો, કે જે વિશ્વાસના બદલામાં હું તમોને જે આપું તે થોડું છે, અને હું દિલગીર એટલોજ છું કે તમારી લાયકીનો બદલો લાયક રીતે વાળી આપવાને હું શક્તિવાન નથી."

એટલું કહીને જમસુ ત્યાંથી ચાલી ગયો. મીઠી મધમાખી, તેની લાયકી અને અસરાફી ઉપર અચરતીમાંજ ઉભી રહી. તેના કાનમાં "મારી ખટલી" એ જમસુના બોલો ઘણા વાજ્યા કીધાથી તેણે વમાસ્યું—"હજી એ એને ચાહેછ! હજી એને 'મારી ખટલી' કરીને કેહછે! કેવો સારો માણસ! અને ખટલી એવા એક વરને છોડીને ગઇ તો કેટલી નાદાન! હજીબી ખટલી તેને આવી મળે તો કેવું સારૂં! હું એને એ પ્રમાણે લખી જણાવું."

અને આ ઠરાવ મીઠી મધમાખીએ પુરેપુરો પાર પાડયો. તેણે આજે જે અજાયબજેવો અનુભવ મેળવ્યો, એટલેકે ખોહવાયલી ખટલી પોતાના જે વરને ખોહવાયલો સમજતી હતી અને જેને મળવા માટે એટલીબધી આરજુમંદ બની હતી, તે વરનો પોતાને આજે અચબુચ પત્તો મળ્યો તેનો સઘળો વિગતવાર હેવાલ બૈરાંની રીત પ્રમાણેની કેટલીક સહરાગાત સાથે મીઠી મધમાખીએ ખટલીજોગા એક કાગળમાં લખી કાહાડયો, અને તે કાગળમાં જમસુનો ઉપલો જવાબ બીડીને ખટલીના ખોહવાયલા ખાવિંદનો હસ્ત લેખિત પુરાવો તે કાગળમાં મોકલાવી દીધો.

પ્રકરણ ૫૫ મું.

"ખોહવાયલી ખટલી"નો ખોહવાયલો ખાવિંદ.

પેલી મેરથી જમસુ મીઠી મધમાખી આગળથી પાછો ફર્યો, ત્યારે પોતે પોતાના આજના અનુભવ વિષે ઉંડા અંદેશામાં ગીરફતાર થઇ પડયો હતો. ખટલીની છપાવેલી જાહેર ખબર તેનાં મનમાંને મનમાં ભમ્યા કીધી અને તેણે આટલું તો પોતાનાં મન સાથ મુકરર કીધું કે ખટલી તેને છોડી ગઇછે, તોપણ તેને ચાહવાનું તેણે છોડી દીધું નથી. પોતાના વરને છોડી જવામાં તે ઘણું શખત દિલ બતાવીને ગઇછે ખરી, તોપણ જવા પછી ખટલીએ તે ખોહેલા વરને ચાહ્યોછે ખરો કે જેમ જો તે નહી ચાહતી હોત, તો આવી કાકલુદીભરેલી જાહેરખબરથી તેને યાદ કરત નહી. જો ખટલીએ જતી રેહવા પછી પોતાના વ્હાલા વરની યાદજ વિસારી દીધી હોત તો આવી ભેદભરેલી રીતે, લોકોમાં તરેહવાર વેહમ અને વશ્વસો પેદા થાય એવી રીતે, પોતાની આસપાસનાઓ વચે પોતે જોખમમાં આવી પડે એવી રીતે, તેણી જમસુની ખબર કાહાડત નહી, તેનું શું થયુંછે તે જાણવા માગત નહી, અને એકવાર ફરી પોતાનું દિલ તેનાં દિલ સાથ જોડવાની આવી ઉમેદવારી કરત નહી. અગરજો ખટલી તેને ચાહતીજ નહી હોત, તો એકવાર તેની મોહજાળમાંથી છુટી પડવા પછી, તેને સદાનો અને સદનતર છોડી ગઇ હોત, અને આવી છુપી જાહેરખબરથી પોતાના છુપ્યા પ્યારનો છુપો પેગામ તેને પોંહચાડવાની કાલજી કરત નહી. પણ આ તો તેણીએ અચુક ઇધાણી આપીછે કે તેણીનું દિલ હજી તેના વ્હાલા વરની સાથેનું સાથેજ છે—ગમે એટલી જુદી પડીછે, પોતાની જીંદગીમાં સુખી થવાને તેણે ગમે એવી બાજી માંડીછે, પણ તેનો જીવ જાન સઘળો તેના વરમાં ભરેલોછે. ખટલી પોતાના ખાવિંદ તરફ સાચા પ્રેમથી વફાદાર રહીછે.

આ વિચારથી પોતાના જીવને ઘણો દિલાશો આપીને જમસુએ એકવાર ફરી ખટલી વિષે સારૂં મત બાંધ્યું— તેની ભેદભરેલી ચાલ જો તે નિર્દોષિત સાબેત કરે તો તેને પુરેપુરી માફ કરવાનો તેણે ઠરાવ કીધો અને તેટલા માટે ખટલીના જવાબની ઇનતેજારીથી રાહ જોવા લાગ્યો.

પોતાના દોસ્ત દાદીબાને ઘર તે ઘણાં હલકાં દિલે અને ખુશ ચેહરે પાછો ફર્યો. આજે સેહવારે જમસુ ગયો ત્યારે જેવા દુખી અને કડવા મિજાજમાં હતો, તે કરતાં તે પાછો આવ્યો ત્યારે તેનો મિજાજ તદન બદલાઇ ગયલો હતો. તેનામાં આટલોબધો સારો ફેરફાર એટલોબધો જલદી થવાની દાદીબાએ વકીજ રાખેલી નહી હતી. માટે એ વિષે દાદીબાએ પોતાની અચરતી દેખાડી ત્યારે જમસુએ પોતાનો આજનો મેળવેલો સઘળો અનુભવ માંડીને કહી સંભળાવ્યો. તેને ખટલીનો પતો મળ્યોછે, એટલુંજ નહી,

ખટલીનાં તેને આહવા અને યાદ કરવાનો એક જુનો દસ્તાવેજી પુરાવો ("જામે જમશેદ" માં "જમસુને ખબર" મથાળાં હેઠલની જાહેરખબર રૂપે) મળ્યોછે એટલુંજ નહી, પણ જમસુએ તેનો જવાબ વટીક મોકલાર્યો અને એ રીતે ધણી ધણીયાણી વચે પત્રવેહવાર પાછો શરૂ થયો તેની ખુશ ખબર વટીક દાદીબાએ ઘણીક અચરતી વચે સાંભળી. સેવટે દાદીબા મુંબઈમાં વસવા છતાં એ જાહેરખબર તેની જાણમાં કેમ નહી આવી તે વિષે જમસુએ અચરતી બતાવી, ત્યારે દાદીબા બોલ્યો.—

"હું એ છાપો કદી વાંચતો નથી. તેમાં એવા ખાનગી કુથલા છપાયછ, તે મને વાંચવા ગમતા નથી, અને તેથી જે કારણસર તારી ખટલીએ પોતાની જાહેરખબર છપાવવા માટે એ પત્ર પસંદ કીધું, તેજ કારણસર હું એ મત્ર કોઇ દાહડે મારા હાથમાં ધરતો નથી. તો હું તેની જાહેરખબરથી અજાણો રહી ગયો તેમાં શી નવાઇ!"

પોતાના દોસ્ત દાદીબા આગળ પોતાનું દિલ ખાલી કીધા છતાં જમસુનાં ભારી દિલને ખલાશી મળી નહી. તેણે ખટલી ઉપર લખેલાં કાગળનો જવાબ આવતાં બે દાહડાની ઢીલ છે, તે ઢીલ સુધી તેના જીવે ધીર ખાંચી નહી. તેને એ બે દાહડા કાંઇ સહવાયું નહી, મારે વખત જેમ તેમ ગુજારવા સારૂં તેણે પોતાનું ધ્યાન કાંઇક ધંધા ઉપર પણ લગાડયું. તે સંસારના એકલાજ વિચારમાં રોકાઇ રહ્યો નહી, પણ પોતાના શેઠની આફીસમાં પણ તે વખત ગુજારવા લાગ્યો.

પોતાનાં મનના અંદેશાની રોકાણોમાંથી જરા જેવી ફુરસદ મળી તેવોજ જમસુ મેસ્યર્સ ગ્રીન વાહિટની કુ. ની આફીસમાં વડાને તથા વડા કારભારી શેઠ પેસ્તનશાહ મુગાપારેખને મળવા ગયો. આફીસના સિનોરો આસ્ટ્રેલિયા ખાતેનું પોતાનું કામ વધારવા માગતા હતા અને તે મસલત ચલાવવાને જમસુનો ત્યાં મેળવેલો જાતી અનુભવ ઘણો કામનો હતો.

વડા ભાગિયા મી૦ ગ્રીને જમસુને ઘણો સારો આવકાર આપ્યો. એ ગૃહસ્થ ઘણો માતબર હતો. તેનો લાખો રૂપીયાનો વેપલો હતો, તેનાં મોહમાં લાખોને લાખોનીજ રકમો રમી રહી હતી, તે ઘણા ભપકાથી રેહતો હતો અને તેની દોલત, વાડી ગાડી વગેરેથી તે આસપાસની દુનિયાંમાં ઘણો જાણીતો અને માનીતો થઇ ગયો હતો. જમસુએ પેહડીનો વેપાર વધારવાની જે જે સુચનાઓ કીધી, તે સાંભળી લઇને મી૦ ગ્રીન ઘણો ખુશ થઇ ગયો.

"મેં મારી પેહડી ઉપર મોકલેલા બધા જણા ઓમાં એકલા તમેજ એવા છો" મી૦ ગ્રીન બોલ્યો "કે જેણે આસ્ટ્રેલિયાનો વેપાર બરાબર તપાસ્યો હોય. તમે મારા ધંધાને ઘણો ખોલવ્યોછે, તેનો બદલો હું ભૂલીશ નહી. મી૦ જમશેદજી, ખાતરી રાખજો કે હુંજ તમોને ધંધામાં આગળ વધારીશ."

મી૦ ગ્રીનં જેવા એક ફુલ્લા દિલના ઈંગ્રેજ બચ્ચાની આ ઉદાર કબૂલાતને મારે ઉપકાર માનતો અને ઉપકારના ઉભરાથી ખુશી થતો જમસુ મી૦ પેસ્તનશાહ મુગાપારેખને મળવા તેવણના ઓરડામાં ગયો. તેવણ તો જમસુને જોઇને• ખુશજ નહી પણ અચરત થઇ ગયા.

"ઓહોહો ભાઇ જમસુ! તારામાં કેટલો બધો ફેરફાર!" મી૦ પેસ્તનશાહ મુગાપારેખ જમસુને પોતાની પાસે બેસાડીને બોલ્યા. "તું તો આજારીની રજા લઇને આસ્ટ્રેલિયાથી આર્યો-ની? હું તો તુને એક હાડપિંજર જોવાની વકી રાખતો હતો, તેને બદલે તું તો પેહલાં હતો તે કરતાં બમણો તનદરોસ્ત થઇને આર્યોછ!"

"એ સંધા ખારી હવાના પ્રતાપ, સાહેબ" જમસુ બોલ્યો. "હું જ્યારે સિડની બંદરેથી આગબોટ જમણામાં ચહડયો ત્યારે હાડ-પિંજરજ બનેલો હતો, પણ ડાકટરે દરિયાની હવા ફરમાવી તે લાંબી ખેપમાં ખારી હવાએજ મને તાજો કીધો."

મી૦ ગ્રીને તેને કેવો સારો આવકાર આપ્યો અને તેને આફીસની ચાકરીમાં આગળ વધારવાની કેવી ખાયશ બતાવી, તે સઘળું પોતાની તરફના ઉપકારના ઉભરા સાથે જમસુએ પેસ્તનશાહ શેઠને કહી સંભળાવ્યું. પેસ્તનશાહે પણ એ વાતને ટેકો આપ્યો અને જમસુને ખાતરી આપી કે "મી૦ ગ્રીન એક માયાળુ અને વચનપાળક સાહેબ છે; તેને તેના માણસો જેમ પોતાનાં કામકાજથી ખુશી કરશે તેમ

પોતાનું ભલું થવા સાથ પોતાના માણસોનું ભલું કરવાને એ સાહેબ કદી ભૂલશે નહી."

જમસુએ શેઠ મુગાપારેખનો એ સધ્યારો કબૂલ રાખ્યો. તેને તેનું ભવિષ્ય હવે આગળનાં જેવું શિહા લાગતું નથી. તે એક પચાસ રૂપરડીની નોટને માટે મુંબઇના મોહલાઓમાં ભીખારીની હાલતમાં રઝલતો ફર્યો હતો, તે સ્થીતિ કરતાં આજે જમસુએ પોતાની સ્થીતિ જુદીજ જોઇ. તેણે ચાહ્યું કે હવે પછી આસ્ત્રેલિયા ગોયા તેનું હંમેશનું રેહઠાણ થાય અને ત્યાં એક મોટા હાઉસવાળાની હાલતમાં તે રેહ. અને હવેનો જો તે આસ્ત્રેલિયા જાય તો પોતાની બાયડી અને છોકરાને સાથે લઇને જાય તો એક સંસારી માણસ લેખે કેટલો સુખી થાય એ ખ્યાલ તેનાં મગજમાંથી જરા ખીસ્યો નહી. પણ તેની બાયડી છોકરો છે કયાં કે તેમને પોતાની સાથે લેતો જાય? એ ગુચવાડાનો નિકાળ પણ જરા જરા નજદીક આવતો દેખાયછે. તેની "ખોહવાયલી ખટલી" સાથ તેને પાછો પત્રવેંહવાર ચાલ્યોછે અને ખટલીને લખેલા કાગળનો જવાબ મળવા માટે હવે એકજ દાહડાની વાર છે.

તે બીજે દાહડે પોતાની પ્રિયા ઉપરનાં પત્રનો જવાબ લેવા મિસિસ સાવક્ષાની સ્કૂલનાં મકાનમાં પાછો ગયો. ત્યાં તેને મીઠી મધમાખીને મળવા માટે બારણું થોકવું યા ખોટી થવું પડયું નહી. મીઠી જમસુની રાહજ જોતી હતી, અને પોતાના માળા ઉપરની બારીએથી જમસુને આવતો દેખી તે પોતેજ લાગલી નીચે ઉતરી આવી. તેણે જમસુને ભાંયતળિયાંનું બારણું ઉઘાડી ખડકીમાં દાખલ કીધો અને ખટલીનો જવાબ આવી ચુકેલો હતો, તે જમસુના હાથમાં મુકી દીધો.

કાગળનાં સરનામા ઉપર ખટલીના તેજ બાળક છોડી સમાન પ્યારા પરિચય અક્ષર જમસુએ તુર્ત પિછાણ્યા અને કાગળ લેતાંની વાર એકબી વધુ બોલ બોલ્યા વગર તે મીઠી મધમાખીનો ઉપકાર માની એકદમ ઘરની બાહાર રસ્તા ઉપર નિકળી ગયો. ખટલીનો કાગળ મિસિસ સાવક્ષાની સ્કૂલમાં અથવા મીઠીની હાજરીમાં તેને વાંચવા ગમ્યોજ નહી. એ આગળા પ્યારનો પેગામ તો તેણે એકલો એકલોજ અને છુપ્યોજ વાંચવો જોઇયે.

પણ રસ્તા ઉપર નિકળ્યા પછી આ કાગળ વાંચ્યા વગર તેને ધીરજ રહી નહી. એલ્ફિનસ્ટન સર્કલના બાગ મધે દરવાજામાંથી દાખલ થતાંનીવાર પેહલાજ બાજટ ઉપર બેસીને તે કાગળ ઉકેલીને તેણે વાંચી લીધો—તેજ બાગમાંનો તેજ બાજટ કે જે ઉપર તેણે ખટલી સાથે પોતાની પેહલી ઓળખાણની શરૂઆતના વખતમાં પોતાની પ્રીતીનાં વચનો કહ્યાં હતાં, તે બાજટ અને તે બાગ તેની આગળી મીઠી ઓળખો સાથ તેને આ વખતે પાછા યાદ આવ્યા. તે પેહલી ઓળખનાં પરિણામમાં તેઓ પરણ્યાં, માટીબૈયર દાખલ વસ્યાં અને પછી છુટાંબી પડયાં, અને અંતે આજે તેજ બાજટ ઉપર અગર મોહડે મોહડું નહી તો પત્રદ્વારાએ તેઓ વચ્ચે પાછો એખલાસ ચાલવાનો સંજોગ બનો. આજે આ કાગળ પોતાના હાથમાં રાખવાની સાથે, જમસુને હવે ખટલી ખોહવાયલી લાગી નહી. તેનો પત્તો મળ્યોછે અને તેને પોતાને મળવાની હવે થોડીજ ખોટી છે એમ તેને લાગ્યું.

અને તે કાગળ ઉકેલીને વાંચતાં તેમાં શરૂઆતજ કેવી કીધેલીછે?

"મારા વ્હાલા, અતિ વ્હાલા, અતિ વ્હાલા, જાન જમસુ."

આ કેવા અનંત પ્યારનોજ ખરો પેગામ! કલમ અને શાહીની મારફતે આ કેવા જુસાનો પ્રવાહ ચડચડ ચિત્રી કાહાડેલો! બચ્ચાં સમાન સાદાઇ અને ભોળાપણાંમ! આ કેવાં નાદાનિયત જેવાં ચેડાં! જમસુ જોયછે કે ખટલી પેહલાં જેવી બચ્ચાં સમાન ભોલી નાદાન હતી, તેવીને તેવીજ તે હજી જુસાવાળી નાદાન રહેલીછે. જો તે ઠાવકી અને વિચારવંત હોત તો પેહલાં તો જમસુ જેવા એક સુખલા નાદેઉને તે પરણતજ નહી. વળી જો તે સમજુ અને પાકી બુદ્ધિની હોત તો ગરીબાઇના વખતમાં પોતાનું ભવિષ્ય કશું નકી કીધા વગર તે જેમ એકાએક તેને છોડીને જતી રહીછે તેમ જાત નહી. અને જો તે આગળ પાછળનો વિચાર કરનારી દૂરઅંદેશ હોત તો પોતાના તજેલા ભર્તારના પેહલા અક્ષર જોતાંનીવાર તેણે જેમ અચબુચ

જુસામાં આવી જઇ જવાબ લખ્યોછે તેમ તે લખતજ નહી.

પણ "વ્હાલા, અતિ વ્હાલા, અતિ વ્હાલા જાન જમસુ" એમ જુસાબર શરૂઆત કરી તેણે જવાબ શો લખ્યોછે તે તો જરા જોઇયે ! જમસુએ તે પ્યારનો પેગામ આખો વાંચી જોયો ત્યારે તે નીચે મુજબ નિકળ્યો—

"તમારા મુબારક દસ્કતથી હું ખુશાલ થઇછું અને પાક દાદારનાં હજારો હજાર શુકરાના કરૂંછું. તમે મારી ઉપર શખ્ત ઠપકાના બોલોમાં લખ્યુંછે, તોપણ શુગર પરવરદેગારના કે તમે તેમાં કાંઇ ઘાતકીપણું દેખાડયું નથી. તમે મારી ભૂલચુક માફ કરવાનું લખોછો એજ બસ છે—એજ ઘણું છે. તમે દાદારની રેહમથી જીવતા અને સલામત છો, એમ જાણવાથી મને નવો જીવ આવ્યોછે. મારી જાહેરખબરનો તમે જવાબ નહી આપ્યો ત્યારે હું ઘણી ફિકરમંદ અને ચિંતાતુર થઇ પડી હતી.

"તમે પુછોછો કે મેં જીંદગી ગુજારવાનો જે પ્લાન રચ્યો હતો તે પાર પડયો કે નહી? જે આશાઓ બાંધીને હું અંહી આવી તે આશાઓ ફળી કે નહી? એ તમારા બેહુ સવાલોના જવાબમાં હું હા કહુંછુ અને એમ હા કેહતાં હું ઘણી ખુશી થાઉંછું. નસીબ ઉઘડવાના અને મોટી દોલત મેળવવાના રસ્તા ઉપર હું મુકાયલીછું, અને જેટલી હું તમારી તરફ સાચી ને વફાદાર રહીછું, તેટલાજ જો તમેબી મારી તરફ સાચા અને વફાદાર હશો તો તે સઘળી દોલત આવતા સારા વખતમાં આપણ બેહુ જણ સાથે ભોગવીશું. મારી ઘણીજ ધનતેજારી ભરેલી ઉમેદવારી પાર પડવાને હવે ઘણા દાહડા રહ્યા નથી. થોડા વખતમાં મારી સઘળી ઉમેદો પાર પડશે. પેસાદાર થવાની મારી આશાઓ પાર પડવાનો વખત એટલો તો પાસે આવ્યોછે કે હવે આટલું બધું ખમ્યા પછી જરાને માટે સઘળી આશા ભંગ કરવી એ મૂર્ખાઇ ગણાશે. અગરજો હું હમણાજ તમોને તાબે થાઉં અથવા અગરજો હમણાજ તમે ને હું સાથે મળીયે તો આપણી જુદાઇમાં મેં જે મુદત ગુજારીછ અને જે મુદતમાં મેં આટલું બધું ખમ્યુંછ, તે બધું ફોકટ જાય અને હું બેવકુફમાંજ ખપું.

"હું તમ વ્હાલા ભર્તારને મળવાને ઘણીજ આતુર છું. તમારી જુદાઇથી મારૂં જીગર જખમી થાયછે. આપણા પાછા મેળાપને માટે હજી થોડા વખત આપણે થોભવું પડશે એ વિચારથી મારૂં માથું દુખેછે અને મારો જીવ ફરી આવેછે. પણ મારૂં ધારેલું ઇનામ મારા હાથમાં આવેલું મુકી દેવું એટલી હું નાદાન નથી. વાસ્તે મારાં જીગર જાન, આપણે હજી થોડા વખત થોભવું જોઇયે—હજી આપણે થોડીવાર જુદાઇ ખમવી જોઇયે. હું તમારામાં માત્ર ધીરજ અને વિશ્વાસની આરજુ રાખુંછું. હું દરરોજ તમોને યાદ કરૂંછું. હું દર કલાકે કલાક તમારી દુવા માગુંછું, રાતદિન તમે મારા ખ્યાલમાં હાજર છો અને ઊંઘમાં, સ્વપ્નામાંબી તમેજ મારી આગળ ને આગળ છો. મેં મારી જીંદગીનો જે પ્લાન રચ્યોછે, તેમાં કાંઇબી ખરાબ ધારેલું નથી. મેં કોઇનું બુરૂં ચાહ્યું નથી—તેમાં તમોને તો હું કદી બુરૂં ચાહુંજ નહી. ફકત હું તમારી જીંદગીના સંસારમાં મારો ભાગ આપવાથી થોડો વખત અલગ થઇછું અને તેબી એટલામાટે કે આમ અલગ રહીને હું તમારૂં ભવિષ્ય સુધારવા માગુંછું, તમારો હવે પછીનો સંસાર સુખી સુખિયારો કરવા માગુંછું, તેથીજ હું હાલ થોડા વખત આમ અલગ રહેલીછું.

"મારી ઊપર આજે તમે લખ્યુંછે તેમ મારા વ્હાલા ભર્તાર, મુજ તમારી તાબેદાર દાસી ઉપર હંમેશ લખતા રેહજો અને મને પણ તમારી ઉપર લખવા દેજો. પણ એટલુંજ કે આપણા કાગળપત્રો પેલી મારી વિશ્વાસુ સણી મીઠી મધમાખીની મારફતેજ ચાલુ રાખજો. તમારી ઉતાવળી ખાસિયત હું જાણુંછું અને તેથીજ મારાં ઠેકાણાનું સરનામું હું તમોને લખતી નથી! કાંકે હું કયાં છું તે જો તમો જાણો તો તમે એકદમ અહીં મારી ઉપર દાવો કરવાને દોડી પોંહચો અને મારા ધારેલા પ્લાન સઘળા ઉંધા વાળો, વાસ્તે હાલ તો જયાં તમે છો ત્યાંજ રેહજો અને હું જયાં છું ત્યાંજ મને રેહવા દેજો. હું જયાં છું ત્યાં લોકો હજી મને 'ખજુરિયાની ખટલી' ના બાપીકાં નામથીજ બોલાવેછે અને અંહી તો 'મિસ ખજુરિયા', લેખે કુમારી કન્યા દાખલજ ઓળખાઉંછું. હું જો જમસુ જસાવાળાની બાયડી દાખલ અહીં જાહેર થાઉં તો મારી સઘળી ધારણા ઉંધી વળેછે. પણ ખાતરી રાખજો કે આમ તમારાં નામની મારી ઓળખ છુપાવી રાખવામાં મેં તમારૂં કશું બુરૂં કરવા ધારેલું નથી. આપણ બેહુનાં ભલાંને માટેજ હાલ આપણાં લગ્ન મેં છુપાવ્યાંછે. આપણ પેહલાં પરણ્યાં ત્યારેજ છુપ્યાં પરણ્યાં હતાં અને આપણાં લગ્ન છુપાવવાનું તમેજ પેહલેથીજ કબૂલ કરેલુંછે. હું તેજ પ્રમાણે રેહેલીછું અને તમે પણ તેજ પ્રમાણે રેહેજો.

"તમે આપણા બચ્ચાંને વિષે મને પુછોછ. તેનો જવાબ એટલોજ આપુંછું કે આપણું બચ્ચું જીવતું, સલામત છે અને મેં તેને સુખથી ઉછેર-

વાનો બંદોબસ્ત રાખેલોછે. હાલ હું એ કરતાં વધારે કશું લખી શકતી નથી. એજ અરજ.

"હું છું, સઘળી મુસીબતો અને વેદનાઓ વચ્ચે
તમારીજ સાચી અને તમારીજ સતી સ્ત્રી
ખટલી."

"એ દુકતી ઘેલી થઇછ કે શું !" ખટલીનો આ જવાબ વાંચીને જમસુ વિચારવા પડયો. "જે ઘેલછામાં એ મને તજીને ગઇ તે ઘેલછા હજી એનાં મગજમાંથી ગઇ નથી, અને તેજ ઘેલછામાં એક ઘેલીની પેઠે મને કેવું ઘેલું ગાંડું લખેછ ! આવા પ્યારના અને વફાદારીના વિશ્વાસુ વચનોથી એ મને વાહી કાહાડવા માગેછ કે શું ! એ શું એમ ધારેછ કે પોતાનું ઠેકાણું છુપાવી રાખવાથી અને એક હલકી ચાકરડીની મારફતે મારી ઉપર કાગળ પત્રો ચલાવ્યાથી એ મને દૂરને દૂર રાખી શકશે ! નહી, નહી. એ જ્યાં હશે ત્યાંથી હું એને શોધી કાહાડીશ. એને શોધી કાહાડવાની મારી ફરજ રેહશે અને એ જ્યાંસુધી મને પાછી મળશે નહી ત્યાંસુધી હું પગ ઠેરવીને રેહવાનો નથી. હું એકદમ જાઉં પુણે; અને એના પેલા મામા ડાકટર મેહલાશાહ મુકાદમને મળીને આ ભેદ ખુલ્લો કરૂં. પેલા એના માતબર મામા માણકશાહ મુકાદમનું તો હું મોહડું જોવા ચાહતો નથી, પણ મેહલાશાહને મળવામાં મને કાંઇ હરકત નથી."

પ્રકરણ ૫૯ મું.

"હીરા કાસ્ટલ" નું નોત્રું.

હાનરેબલ હીરાજીના દીકરા સોલીશેઠે શેઠ માણકશાહ મુકાદમની ભાણેજ ખટલીની દોસ્તીને માટે કાંઇ અજબ દિલસોજી દેખાડી દીધી.

પેલે દાહડે તે ચીનાબાગમાં છેલીવાર સર્દારનાં ધનબાઇજીની સાથે ખટલીને મળવા આવ્યો અને ત્યાંજ તેના માતબર મામા સાથે ઓળખાણ પિછાણ કરવા ઉપરાંત નાસ્તો લઇ ગયો તે વખતે તેણે પોતાની બેહનો સાથ ખટલીને ઓળખાણ કરાવવા માગી હતી, તે કબૂલાત એ શેઠિયા કુટુંબનો સાહેબજાદો ભૂલી ગયો નહી.

તે પછીનાં એક અઠવાડિયાંમાં સોલીશેઠે ચીનાબાગમાં મુલાકાતનો બીજો "કાલ" આપ્યો અને આ વખતે તો પોતાની વડી બેહનને સાથે લઇ આવ્યો. તે પીરોજબાઇ નામની એક લગાર કાંગલી કન્યા હતી, કે જે પીલાઇનાં પરિચય નામથી લાડકાં ભાઇ બેહનોમાં ઓળખાયલી હતી.

હવે આ વખતે સોલીશેઠને ચીનાબાગમાં તેડી લાવવાને સર્દારનાં ધનબાઇજીની મદદની જરૂર પડી નહી. સોલીશેઠ અને ખટલી વચ્ચે પેહલવેહલી ઓળખાણ થઇ તે ધનબાઇજીથી થઇ હતી ખરી, પણ પછવાડેથી તેવણ આ બે જુવાનો વચ્ચે વધતી જતી દોસ્તીમાં વચ્ચે પડવાથી ખીસી ગયાં હતાં. તેમ કરવાનું તેવણનું કારણ તો પ્રિય વાંચનાર જાણેછે. ખટલી તેવણના દીકરા જાંહગીર ઉપર દિલ બાંધે અને જાંહગીરને પરણે એવી તેવણનાં અંતઃકરણની મુરાદ હતી, પણ ખટલીએ તે મુરાદને કાંઇ ઝાઝી મચક આપી નહી, અને તેથી ઉલટું સોલીશેઠ તરફ ખટલીનું વધારે ખેંચાણ થવા માડયું, એટલે ધનબાઇજીને તે અણગમતું થવા લાગ્યું. સોલીશેઠ ધનબાઇજીની ધારણા વચ્ચે કવાબમાં હાડકું થઇ પડયો, તો ચીનાબાગમાં ખટલી સાથ તેની વધારે દોસ્તી બાજવા દેવાથી ધનબાઇની ધારણા કેમ પાર પડે અને તેઓ વચ્ચે એ મતલબી બૈરી એખલાશ વધેલો કેમ શાંખી શકે ?

"ખરશેદબાઇ, મારી બેહનો તમારી દોસ્તી કરવાની ઇન્તેજારીથી તલપી રહીછ." સોલીશેઠે પીલાઇ સાથ ખટલીની પિછાણ કરાવીને સહરાગાત ચલાવી. "તમારી ખુબસુરતીની અને તમારી ખુબીઓની વાતો કીધા વગર એ દુકતીઓનો એક દાહડો પસાર થતો નથી. 'ભાઇ ચાલોની, ભાઇ ચીનાબાગમાં અમારી સાથે ચાલોની,' એમ એ લોકોની રોજની રોજ આજીજીઓથી હું તો કંટાળી ગયો અને અંતે આજે તમારી મુલાકાતથી મારી બેહન પીલાઇને માન આપવા તમારી રજા વગર હું તેડી લાવ્યોછ, તે માફ કરજો."

"અરે નહીરે જી. એમાં માફ શાની માગવાની છે!" ખટલીએ લાયકી બતાવી. "એ તો તમારી એટલી મેહરબાની છેજી. તમારાં બેહનોને મળવા હું પણ ઇનતેજાર રહેલીછુ અને એવાં મોટા લોકને મળવામાં હું પોતાને માન મળેલું સમજુંછ."

પણ ખટલીને મળવા વિષે પોતાની બેહનોની અતિઅંત ઇનતેજારીનું સોલીશેઠે જે ચિત્ર ચિતાર્યુંછે, તેના સરખું કશું પીલાઇના ચેહરામાં નહી હતું. તેને મળવાને તેની બેહનો જેવા જુસાથી તલ્પી રહેલી કેહવાતી હતી, તેવા કશા જુસાથી પીલાઇ ખટલીને ભેટી નહી, યા તેણીએ પોતાના ભાઇના આ જોસભર્યાં ભાષણને કશા હુંકારાનો ટેકો વટીક આપ્યો નહી. પોતાની બેહનોની આ સિફત સોલીશેઠ બોલ્યો જતો હતો ત્યારે પીલાઇ ઉભી ઉભી ખાલી હસતી *હતી, એટલે આ સઘળાં બોલવામાં "મોટા લોકોનાં સીપલાં" ના એક નવા દાખલા* કરતાં વધુ કાંઇ નહી હતું.

પીલાઇ આ સઘળી વાતચીતમાં કશો ભાગ લીધા વગર ખટલીનાં આરાસ્તા કરેલાં દિવાનખાનાનો ભપકો અને ઠાઠ બારીક નજરે નિહાલવા પડેલી હતી. પોતાના પગ તળેના નરમ સુંવાળા બસરાઇ ગાલીચા, પોતાની સામેના નકસીદાર સાટિન અને ડ્માસના સુંદર સોફા, સુંદર સાઇડબોરડો ઉપરનાં ચીનાઇ અને જાપનિસ ફલાવર વાઝ, વગાડયા વગરની એક ભપકાદાર પિયાનો, અને વાપડવા વગરની હારબંધ ચોપડીઓ એ સઘળું જોવા અને મુગે મોહડે તપાસવામાં પીલાઇનું ધ્યાન રોકાયલું હતું. તમે કેહશો કે કદાચ ચીનાબાગના આ ભપકા સાથ પોતાના "કાસ્ટલ" ના સરસામાનના ભપકાને સરખાવવામાં અને વધારે ભપકો કોણનો છે, ચીનાબાગના ચીનાઇ રાચરચીલાંનો કે હીરાજી શેઠના "હીરા કાસ્ટલ" નો? તે તપાસવામાં જાણેકે તેનું મન રોકાયલું હતું.

અને ખરેખર તો તેમજ હતું, કાંકે આ દિવાનખાનામાં દાખલ થયા પછી પાંચજ મિનિટમાં પીલાઇ પોતાનાં મન સાથ નીચલું વાક્ય બોલી—

"બધો નવો સામાન છે, તેથીજ એટલો ભપકો મારેછ. માકા મુકાદમના પૈસાજ નવા છે, ને તે નવા લઇને પુણામાં નવા શેઠિયા લેખે ઉગી નિકળ્યોછ, તેથી નવા ભપકામાં નવો રોબ મારેછ, બીજું શું?"

થોડીક વાતચીત કીધા પછી ખટલી સોલીશેઠની અરજ ઉપરથી પોતાના આ બેહુ દોસ્તોને માળા ઉપર પોતાના મામાના ઓરડામાં મુલાકાતે લઇ ગઇ. માણકશાહ શેઠનો તે મુલાકાત લેવાનો વખતજ હતો, મારે તેવણ પોતાના શણગારેલાં દિવાનખાનામાં ન્યુજપેપરો વાંચવા બેઠેલા હતા. આ ઓરડામાં ચીનાઇ રાચરચીલાંની ઇધાણીઓ વધારે હતી. ખુરસી, ટેબલ, ટીપાઇ, સઘળાં કાળું રોગાન મારેલાં પણ સોનેરી નકશીવાળાં હતાં. સોફા નેતરના હતા, પણ પોહલી અને ઉંચી પીઠના હતા, જે ઉપર સાટીનના કવરની ગાદીઓ નાખેલી હતી. આ દિવાનખાનાંનો સાજ શણગાર પીલાઇને પોતાના બાપીકા "કાસ્ટલ" ના શણગાર કરતાં જુદોજ અને વિચિત્ર લાગ્યો ખરો.

માણકશાહ શેઠે આ બે દોસ્તોની મુલાકાત ઘણા માનભરેલા પ્યાર સાથ લીધી. તેઓને શેકહેંડ કરવા માટે ચાંપીને હાથ હલાવ્યો, અને પોતાની આરામ-ખુરશી ઉપરથી જલદી ઉઠી નહી શકાવા છતાં, તેવણ તેઓને શેકહેંડ કરવા માટે ઉઠીને ઉભા થયા, કે જે આ જુવાનોને મનથી કાંઇ થોડું માન નહી હતું. તેઓને આવો સારો આવકાર દેવા ઉપરાંત માણકશાહ શેઠ તેઓ સાથ વાતચીત કરવામાં પણ વધારે છુટા અને લોકો ધારતાં હતાં તેવા મગરૂર નહી પણ વધારે હસમુખા અને બોલકણા જણાયા.

"મારી ભાણેજ દીકરી ખટલીને તમે પુણાના શેઠલોકો એટલી ચાહોછ અને માન આપોછ તે જોઇને હું ખુશ છું. દીકરી ખટલી અંહીના મોટા લોકમાં પોતાની ઓળખ વધારે એ હું કેવું ચાહુંછ. પુણાના પારસી ખાસ સાહેબો મારી દીકરીપર ઘણા મેહરબાન છે. અગત કરીને સર્દારશેઠવાળાં ધનબાઇજી મારી દીકરીને એક પોતાની દીકરીના જેટલી માના પ્યારથી ચાહેછ. પણ સર્દારબાગવાળાં ઉપરાંત તમો હીરાકાસ્ટલવાળા સાહેબોની ઓળખને

હું વધારે કીમતી ગણું છ. મારી દીકરી એટલી દુનિયાં વધારે જોતાં શિખેછ."

"જી. હાજી." પીલાઇ પોતાનાં નામ અને ખાનદાનનાં આ વખાણથી મગરૂર થઇને બોલી. "તમે કહોછ તે ખરૂં છેજી. સદીનાં ધનબાઇજી ઘણાં સારાં માણસ છેજી, ને એઓનું ખાનદાનબી હું ધારૂંછ કે ઉંચું છેજી"

આ "હું ધારૂંછ કે" બોલો પીલાઇ ખામખા જાણીબુજીને બોલી, તે જાણેકે એવું બતાવવા કે સદીવાળાંઓનાં ઉંચાં ખાનદાન વિષે કાંઇ બે મત હોય અને કેટલાક લોકો— પુણાના ખાસ પારસીઓ—કાંઇ શક ધરાવતા હોય, અને કદાચ તે શક ખરા હોય.

"હવે માણકશાહ શેઠ, તમે ખરશેદબાઇ સાથે એક વખત અમારા કાસ્ટલમાં કયારે પધારોછ ?" સોલીશેઠ તો આજે તેઓને પોતાના "હીરા કાસ્ટલ" નું ખામખા નોતરૂં દેવાને આવ્યો હતો, તે તેણે એકદમ પોંહચાડી દીધું "જરા જલદી આવો તો અમારા બાગમાં નવી દરાખ ઉગેલીછે તે તમોને દેખાડીયે. હમણા દરાખની મોસમજ છે, પછી વેલો સુકાઇ જશે. કેમ બેહન પીલાઇ ?"

"અરે નહીંરે ! દરાખનો વેલો સુકાવાને તો હજી એક મહીનાની વાર છે," સોલીશેઠે પીલાઇનો ટેકો શોધ્યો ત્યારે બેહને તો પોતાના ભાઇને લગભગ ખોટો પાડયો અને તેમ કરતાં એવું બતાવ્યું કે જાણેકે માણકશાહ અને તેની ભાણેજને કાસ્ટલમાં ઉતાવળે આવવાની જરૂર નહી હોય, અને ધીરે રહીને એકુ મહીનો વાર લગાડીને આવે તોપણ ચાલશે.

"તુંબી બે મોહડે બોલેછ, પીલાઇ." સોલીશેઠે પોતાને ખોટો પડેલો નહી ગમવાથી પીલાઇને યાદ આપી "આજે સહવારેજ બાગમાં ફરતાં ફરતાં તું માલી સાથ વાત કરતીતી કે હવે આપણી 'હીરા દરાખ' આપણા બાગમાં પંદર દાહડાના પહરાણા છે. તે તું એટલી વારમાં ભૂલી જાયછ કે ?"

"હીરા" તે હીરા કાસ્ટલમાં ઉગાડેલી એક નવી જાતની દ્રાક્ષનું નામ હતું. હાનરેબલ હીરાજી શેઠનું કુટુંબ પોતાની દરએક ચીજને પોતાનું બાપીકું નામ આપવામાં વડાઇ લેતું હતું. બંગલાનું નામ "હીરા કાસ્ટલ," તેમજ રસ્તાનું નામ "હીરા રોડ," બાગનું નામ "હીરા બાગ" અને બાગમાંની પેદાયશોને પણ તે નામ આપેલું હતું. જેમકે એક ફરમાસુ આંબો જોકે મુંબઇના આફુસને તો કદી નહી પોંહચે તોપણ તે કેરીને "હીરા આંબો" નામ આપ્યું હતું અને આ વર્ષની ઉગેલી કેટલીક રસીલી, તથા લગભગ પારદર્શક હોય એવી પાસાદાર અને પ્રકાશિત દ્રાક્ષને પણ "હીરા દરાખ" નું નામ આપેલું હતું.

"ત્યારે ખરશેદબાઇ, કહોની અમારા હીરા કાસ્ટલમાં તમે કયારે પધારોછ ?" સોલીશેઠે પાછી પોતાની બોહસ ચલાવી. "કાલે બુધવારે ? કે ભૃસ્પતવારે ? કહો, કયે દાહડે ?"

ખટલી આ તાકીદ જોઇને ગુચવાડામાં પડી ગઇ, અને કયો દાહડો પસંદ કરવો તે વિષે પોતાના મામાનો ચેહરો જોવા લાગી.

"ભાઇ, સોલી, તમે ભૂલોછ. ભૃસ્પતવારે તો બાવાજી કાઉન્સીલમાં જવાના છે ને શુકરવારે ગવરનરને મળવા જવાના છે."

"હા, હા, હું ભૂલ્યો." સોલીશેઠે પોતાની બેહનની આ બડાઇખોરી યાદ ઉપરથી પોતાની ભૂલ સુધારી. "હા માણકશાહ શેઠ, ભૃસ્પત ને શુકરવારેતો બાવાજીને રોકાણ છે, ત્યારે તો બેહતર કે કાલે બુધવારેજ અમારે ત્યાં સહવારથી તસ્દી લઇ, અમો ગરીબોને માન આપો."

"જી મારા મામાજી, નબળી તબીયતને લીધે સહવારના કેથે બાહાર જતા નથી." ખટલીએ મામાની તરફથી જવાબ દીધો.

"નહી નહી, ફિકર નહી." તેના મામાએજ તેને ખોટી પાડી. "સોલીશેઠ, આ તમારાં નોત્રાંની લાલચ હું અટકાવી શકતો નથી. મને તાજી દરાખના વેળા જોવાનો ઘણો શોખ છે, અને તમારી હીરા દરાખની મેં ઘણી તારીફ સાંભળેલીછે. વાસ્તે હું ધારૂંછ કે હું આવી શકીશ."

"હં ! ત્યારે તમે કાલેજ અમારે ત્યાં પધારશો ?" સોલીશેઠે ઘણો હર્ષ બતાવ્યો.

"હા. કેમ દીકરી ખટલી ?"

"હાજી. હું તૈયાર છું" મામાના હા કેહવાથી ખટલીને પણ હા કેહવાની ફરજ પડી.

જોકે તે દાહડે શરતના રસ્તા ઉપર સોલીશેઠ જેવા એક સાહેબજાદા સાથ પોતાને

ઓળખાણ થવા માટે ખટલી મગરૂર થઇ હતી, તોપણ તે દાહાડ પછી એ સાહેબજાદાએ ખટલી ઉપર જે ધ્યાન આપવા માંડયુંછે, તે તેને ઘણું ગમતું નહી હતું. તેણીએ સોલીશેઠનું દિલ પોતાની તરફ જીતી લીધુંછે એમ તે સમજતી હતી, પણ એવું વિચારવાનો તેના સરખી એક પરણેલી ઓરતને કશો હક નથી, તે પણ તે સમજતી હતી અને એ વિચાર પોતાનાં મનમાંથી તે ઘણો દૂર કરવા ચાહતી હતી. એવીજ કોઇ બ્હીકને લીધે તે "હીરા કાસ્ટલ" માં આ લોકોને ઘેર જવા ચાહતી નહી હતી. તેના સુગાંતરા મામા તે લોકોને ત્યાં જશેજ નહી અને તેથી એ લોકોને ત્યાં પોતે જવાનું પણ દૂર કરી શકશે એવી તેનાં મનમાં ખાતરી હતી. પણ આજે માકામામાએ તો તેની એ વકીનેજ ખોટી પાડી. તેવણે હીરા કાસ્ટલમાં જવાનું નોત્રું એક બોલે કબૂલ રાખ્યું, એટલે ખટલીને માથે પણ ત્યાં જવાની ફરજ આવી પડી તેથી તે ઘણી નાસિપાસ થઇ.

"કોઇ માતબર સાહેબજાદાનું દિલ જીતી લઇ તેને પરણવાનો મારાં બચપણનું સ્વપ્નું હતું. તે ખરૂં પડવાનું હોય એવું આ તો દીસવા લાગેછ." ખટલી પોતાનાં મનથી મુજાવા લાગી અને શેવટે ઠરાવ ઉપર આવી "પણ હું તો મારા વરની પસંદગી કરી ચુકીછ, અને તે એક માતબર સાહેબજાદાને બદલે એક ગરીબડો જુવાન મને મળી ચુકયોછ. હવે ગમે તે થાય પણ મારી એ પસંદગી હું કદીબી ફેરવવાની નથી. અને મારો વર ગમે એવો ગરીબ છે, તે છતાં તેની બોરદુમાં ઉભો રેહવાનો જયારે મારો વખત આવશે ત્યારે તેને બાજી રેહવાને હું મગરૂર છું."

પ્રકરણ ૫૭ મું.

નોત્રું કબૂલ રાખવામાં માકામામાની ઉંડી મતલબ.

માણકશાહ શેઠે સોલીશેઠને તેની બેહન સાથ પોતાના નાસ્તા ઉપર બેસાડવા માગ્યું, પણ પીલાઇને ઘેરમાં કામનું બ્હાનું હતું—હજી તેને ઘણું કામ હતું—અને કાલે આવાં માનવંત પહરાણા આવવાનાં હતાં તેઓને માટે હીરા કાસ્ટલમાં હજી ઘણી તૈયારીઓ કરવાની હતી—માટે પીલાઇએ જલદી ઘેર જવાની બોહસ કીધી. સોલીશેઠની મરજી અંહી નાસ્તા ઉપર બેસવાની હતી—તે ખટલીની સંગતમાં વધારે વખત ગુજારવાને ખુશી હતો. પણ તેની બેહનની બોહસ આગળ તેનું કાંઇ ચાલ્યું નહી, અને જાણેકે નાખુશીથી પોતાને જવું પડયું હોય એવું બતાવીને તે પીલાઇની સાથે રવાના થયો.

"છોકરી,! છોકરી,!! છોકરી!!!" તેઓના જવા પછી માણકશાહ શેઠ ખટલી સાથ હસીને કાંઇ ભેદભરેલી રીતે આ બોલો બોલ્યા.

"કાં? મામાજી શું છે? કાંઇ મારે વાસ્તે બળાપો કરોછજી?"

"નહી હું બળાપો નથી કરતો, પણ હું તો અજબ થાઉંછ, દીકરી? હું તો તારે વિષે ખોદાના આ ખેલ ઉપર અજબ થાઉંછ."

"મારે વિષે અજબ થવા જેવું શું છે, મામાજી?" ખટલી મામાના આ માર્મિક વચનો કશાં સમજી શકી નહી, માટે તે ભેદ પુછવા પડી.

"તું બડી પકી છે, હો છોકરી! તું ખરી ભાયગવાન મને નજર આવેછ!"

આ તો મામાનાં મોહમાંથી કાંઇ વધારે ભેદભરેલા શબ્દો નિકળ્યા અને તેનો ભેદ જાણવાની ખટલીની જીગ્નાસા તેથી ઘણીજ વધી પડી.

"શું ખોદાનો ખેલ છે!" માણકશાહ બોલ્યા "હું જોઉંછ દીકરી કે તેં અંતે આ છોકરાનું દિલ જીતી લીધું!"

"જા બા! એમ શું બોલેછ મામાજી." ખટલીએ એક નરમ પ્રોટેસ્ટ કીધો. "ખોદાની ખાતર મારે કોઇનાં દિલ જીતવાની વાત ના કરો. હું કોઇનું દિલ જીતવાની નથી. કોઇનુંબી દિલ જીતી લેવું તેવી હું નથી."

"નહી, નહી, તું તેવીજ છે" તેના મામાએ તો એજ વાત ચલાવવાની બોહસ લીધી. "હું જોઉંછ કે ખોદાએ તુને તેવીજ બનાવીછ, ખટલી. તારી ખુબસુરતીનાં ખેંચાણથી ભલા

ભલા જુવાનોનાં દિલ તારી ઉપર ખેંચાઇ આવેછ. પેલા સદાનો જાંહગીર તુને જોતાંની વાર તારી ઉપર મોહી પડયો અને હવે એજ પ્રમાણે આ સોલીશેઠને તેં શેકાર કીધોછ. "દેખીતી રીતે એ પોસ્ત્રો તુને ચાહેછ."

"અને તે તમે કેમ જાણ્યું, મામાજી ?"

"એના ચેનચાલાજ તે કહી આપેછ." મામાએ એકદમ ખટલીની ખાતરી કીધી. "જોની એ છોકરો કેટલો તારી પુઠેપુઠ ફરેછ ? ને તારીજ સોડ સાંધેછ ? એ છોકરો તારી સાથ કેટલો ભેળાવા માગેછ ? ને તુને પોતાને ઘેર કેવી પહરાણી બોલાવવા માગેછ ?"

"અને એમતો સાથે તમોનેબી એણે બોલાવ્યાછ મામાજી. તમારા પૈસાને એ માન છેજી, અને તમોને બોલાવ્યા ત્યારે તમારી ખાતરને વરે તમારી ભાણેજ દાખલ મનેબી એને તેડું કરવું પડયુંછ."

"નહી, તેમ નથી, દીકરી. મને એણે બોલાવ્યોછ, તે તારી ખાતર બોલાવ્યોછ. પેહલું તેડું એણે તુનેજ કીધું. પેહલી દોસ્તીબી એણે તારીજ કીધી અને મારી પાસે તારી મારફતેજ આવ્યોછ. જો એને મારી દોસ્તી કરવી હતી તો આટલા દાહડા અગાઉનો હું અંહી આવેલોછું, ત્યારે એ મને કાં નહી મળ્યો ? પણ તેમ નથી એતો મારે ઘેર તું લાડલી આવીને રહી, તે પછીજ તારી ખાતરને મારે મારે ઘેર એબી આવતો થયોછ, ને તારી સાથે તારા એક લટિંગ્યા દાખલ મને પોતાને ઘર બોલાવેછ."

"મને માફ કરજો મામાજી" ખટલીએ માંગી લીધું, "પણ તમે એ લોકોને ઘેર જવાનું એ લોકોનું નોત્રું કબૂલ કીધું, તેથી હું તો અચરત થઇ. તમે એવા કોઇ બડેખાંઓને ઘેર જવા ચાહતા નથી, તેથી મેં ધાર્યુંતું કે તમે એ નોત્રુંબી નાજ પાડશો, અને તેમ મેં બોલીબી સંભળાવ્યું, પણ તમે તો જી એકદમ હા કહ્યું તેથી હું અચરત થઇ."

"મેં હા કહ્યું, તેબી તારી ખાતરજ હા કહ્યું, દીકરી."

"એટલીબધી મારી ખાતર રાખવાની તમોને શી જરૂર, મામાજી ?"

"તુને સુખી કરવા. બીજું શું ? જ્યારે હું ખુલ્લું જોઉંછ કે આ સોલીશેઠ જેવા આબરૂદાર અને ખાનદાની જુવાનનું તેં દિલ જીતી લીધું, ને જ્યારે તુને તેનો લાભ મળેછ, અને તેથી તુને સુખી થવાનો વખત જ્યારે હું પાસે આવેલો જોઉંછ, ત્યારે હું વચે પડીને તારાં સુખમાં ખલલ કરવા કદી ચાહું નહી. એવા મોટા લોકને ત્યાં તુને દોસ્તી વધે અને તેમાંથી એ લોકોને ત્યાં તારૂં ઠેકાણું થાય તો તેમાં મારે શું કામ હરકત કરવી વારૂં ? મારે મસે તારૂં પણ ત્યાં જવાનું થાય એટલા વાસ્તેજ મેંબી ત્યાં જવાનું કબૂલ કીધું. પેલા સદાવાળાના ફુકતા જાંહગીરે તારો પીછો છોડી દીધો તેથી હું ખુશી છું, પણ આ સોલીશેઠ તો જાંહગીરથી જુદોજ જુવાન છે, અને તેની સાથ તારૂં ઠેકાણું થાય તો તેમાં હું દિલગીર નથી."

"મામા સાહેબ, હું માગી લઉંછ કે તમે એ વાત ના કરો." ખટલી કાલાવાલા કરીને બોલી.

"છટ, છટ, છોકરી" મામાસાહેબ તો છછણી પડયા. "એ વાત કાં નહી કરવી ! તારા સરખા દાહડેનાં બચ્ચાં વિષે તો એ વાત કરવીજ જોઇયે. હું એ વાત કરવાનો. તુને કોઇ સારે ઠેકાણે પાડીને પરણાવી દેવાની વાત કરવાની મારી મરજી છે અને હું એ વાત કરવાને ખુશી છું. મારે તું ખુશી નહી હશે તોબી હું એ વાત કરવાનો."

હવે ખટલીથી વધારે બોહસ કરી શકાઇ નહી. તેણે જોયું કે લોકોને ત્યાં જમવા જવાનો માકામામાનો ધારો નહી હતો. તે છતાં તેવણે "હીરા કાસ્ટલ" વાળાઓનું નોત્રું કબૂલ રાખ્યું તેમાં તેવણની તો મતલબ કાંઇ ઉંડીજ અને જુદીજ હતી અને તેવણ તો સોલી શેઠ સાથ સગાઇ કરવાનાં કાંઇ ઉંડા પાણીમાં ફરતા હતા.

"ખટલી, હું તુને મોટે ખાંચરે પરણાવા માગુંછ. હું મરી જાઉં તે અગાઉ—"

"ઓ મામાજી, મામાજી એવું ના બોલો." મરવાની વાતને બાંહને ખટલીને એ વાત બંધ પડાવવાની સારી તક મળી.

"એટલે ? હું મરવાની વાત શું નહી બોલું ? છોકરી તું મને અમર કાયાનો સમજેછ કે શું ! શું તું એમ ધારેછ કે હું કદી મરવાનોજ નથી ? તું જોયછ કે હું ઘરડો

ખખ થઇ ગયોછ. દાહડે દાહડે હું લથડતો જાઉંછ. હવે મારે જીવવાના જેટલાં વર્ષ ગયાંછ તેટલા દાહડા જવાના નથી. ત્યારે મારે તારાં ભવિષ્યનો વિચાર કરવો જોઇયે. હું ચાહુંછ, દીકરી ખટલી, કે મારી આંખ્યો મિંચાય તે અગાઉ હું તુને કોઇ મોટે ઠેકાણે ધામધૂમથી પરણાવવાની ભલાઇ લઇને જાઉં."

"ને હું નહી પરણી તો તેમાં દમ શું મામાજી?"

ખટલી મામાની આ ઓંહસીલી અને જીતી જીકરથી હવે તો થાકી ગઇ. તેણે એ વાત બંધ પાડવાનાં ઘણાંબી ફાંફાં માર્યાં પણ તેથી કાંઇ વાત બંધ પડી નહી. અંહી પોતાના લાખો રૂપીયાના પૈસાપર પથારી માડી બેઠેલો એક ઘરડો ડોસો છે, કે જે તે દોલતનો મોટો ભાગ પોતાની આ ભાણેજને આપી જવાનો છે. તે પોતાની દોલત આપી જવા ઉપરાંત તેણીને એક તેવુંજ દોલતમંદ સાસરૂં અપાવવાની શા માટે જીદ લઇ બેઠોછે, તે ખટલી જેવી એક નાદાન છોડીની સમજમાં ઉતરી શકે એવું નથી. શું માકામામાના પૈસા ખટલીને માટે બસ નથી કે તે ઉપરાંત તેવણ એક પૈસાદાર વર તેને માટે મેળવી આપવા માગેછે? શું એક જણને એકને બદલે બબે દોલતની જરૂર છે!

"મારા મુરબી મામાજી, હું કહુંછ તે ખરૂં માનજો" ખટલી એક સેવટનો જવાબ બોલી "કે હું પરણવાનો વિચારજ પસંદ કરતી નથી. હું કદીબી પરણવાની નથી. આ સિપલા સોલીશેઠને તો હું ચાહતીજ નથી. હું તેને ધિક્કારૂંછ."

જયારે તે આમ પરણવાની વિરૂધ પોતાના "મુરબી મામાજી" આગળ કરગરેછે, ત્યારે ખટલીની આગળ પોતાના ખોહેલાં ભરતારની વ્હાલી યાદ તાજી છે. તેના વ્હાલા ભર્તારે મોકલેલો છેલો કાગળ તેના ખીસામાંજ પડેલોછે, કે જે કાગળ હજીતો હમણાજ તેણે આસ્ત્રેલિયાથી આવ્યા પછી મીઠી મખમાખીની મારફતે મોકલાવ્યોછે. અને પોતાના તે ચાહેલા વરનાં વ્હાલાં સ્મરણ વચે કોઇ બીજા પરપુરૂષને ચાહવાની વાતજ તેને કમકમાવેછે. આહા! આ વખતે જો પોતાનો તે છુપો ભેદ પોતાના મામાને જાહેર કરી શકત તો કેવું સારૂં! સઘળું ખરેખરૂં કબૂલ કીધાથી ખટલીની છાતીને કેવી ખલાશી મળત! અને તેના "મુરબી મામાજી" વટીક એ ભેદ જાણ્યા પછી ખટલીને બીજો વર વરવાની ઓહસજ કેમ કરી શકત?

પણ આ ભેદ તે મામા આગળ બોલીજ કેમ શકે? તેવણના ધિક્કારેલા દુશમનના દીકરાનું નામજ તે મામા આગળ કેમ દઇ શકે? તે તેવણનો એક દુશમનજાદોજ નહી હોતતો કેવું સારૂં! જમસુ જમસાવાળાનું માકામામા આગળ કોઇ બેગાનુંજ નામ હોત તો આજે ખટલીનું કામ કેવું સેહલ થઇ પડત!

"એ શું બોલી ખટલી?" તેના છેલા શબ્દો ઉપર માકામામાએ એવો ખીજવાટ બતાવ્યો કે જેટલા તેવણ ખટલી ઉપર આજ સુધી કોઇ દાહડે ખીજવાયા નહી હતા. "શું તું આ સોલીશેઠને ધિક્કારેછ? આવા એક જુવાન, સોહામણા અને ભલા ઉમરાજાદાને તું ધિક્કારે એ કેમ બને? આખ્ખાં શેહરમાં જેના જેવો એક સારો જુવાનિયો નહી મળે, જેની ઉપર આખી ગામની કન્યાઓ ટુટી પડેછ અને તોપણ જે તારી ઉપર આટલું બધું ધ્યાન આપવાની મેહરબાની કરેછ, તેને તું ચાહવાને ના પાડેછ? ખટલી, તારો એ જવાબ શરમભરેલો છે, તુનેજ નહી પણ મનેબી શરમ લગાડનારો છે."

પણ માકામામા ખટલી ઉપર એટલોજ ખળભળાટ કાહાડીને મુગા બેઠા નહી. તેવણે ઉપલા ઠપકાના શબ્દોમાં બીજા કેટલાક બોલો ઉમેર્યા કે જે વળી ખટલીનાં હાડેહાડ ધ્રુજાવનારા હતા. તેવણે ઉમેર્યું કે—

"રખે તારી નજર કાંઇ બાહાર ભમતી હોય, ખટલી? પણ હું આશા રાખુંછ કે આ પંચાતીની પછવાડે બીજું કોઇ નહી હશે, ને મુંબઇના કોઇ બીજા રમતા પંખી સાથ તું રોકાયલી નહી હશે. મુંબઇમાં જુવાન છોકરીઓને ફસાવનારા એવા પોરિયાઓ ઘણા રખડેછ, ને તું મુંબઇ ઘણાં વર્ષ રહી આવીછ, ત્યારે રખે કોઇ એવા રખડતાને હાથ ફસી આવી હોય? મેં તુંને તેડાવ્યા છતાં, તું ઘણા મહીના સુધી અંહી આવી નહી, તેનું કદાચ એજ કારણ હોય કે તું કોઇ ઠેકાણે ફસી હોય."

"મારાં મનમાં બીજો કોઇ નથી મામાજી" ખટલી પણ હવે કંટાળીને બોલી અને ખીજવાટના ખળભળાટમાં તેનાથી જુઠું બોલાઇ ગયું. એક વાંક કરનારનો એક વાંક તેને બીજા વાંક ઉપર લઇ જાયછે. તેમ ખટલીએ જમસુના હાથ ઉપર ફસીને જે ખોટું પગળું ભર્યું, તે તેને બીજાં જુઠાં ઉપર લઇ ગયું.

"તમે મને પરણાવાની પંચાતી કરોછો, ત્યારે હું તમારી આગળ કોઇબી એક જણને વાસ્તે બોલીછ, મામાજી? હું બોલી બોલીને એટલુંજ બોલીછ કે મને પરણુવા ગમતું નથી, વાસતે મને પરણવાની વાત પસંદ નથી. અગરજો તમે મને કાહાડવાજ બેઠા હોવ, અગરજો તમે મને એકલી અને છડી તમારાં ઘરમાં જોતાં જોતાં મારાથી થાકી ગયા હોવ તો મને કાહાડી મેળો. અગરજો હું તમારાં ઘરમાં એક બોજો થઇને તમારે માંથે પડેલી હોવું તો મને બાહાર મોકલી દેવો. હું મારે મેહલાશાહ મામાને ત્યાં જઇને પડીશ અથવા મુંબઇમાં છોકરાં ભણાવવાનો મારો ધંધો પાછો ચલાવીશ. પણ તમો મને જુલમથી પરણાવવા કાહાડશો તે તો મારાથી નહી ખમાશે."

ખટલીનો આ છેલે પાટલેનો જવાબ હતો. તે માકામામાની સામે થવા, તેવણને ખીજવવા સારૂં તેવણના પૈસાની લાલચ થકી બ્હીતી હતી. ત પાંચે દાહાડે તેવણનો વારસો લેવાને ટાંપેલી હતી, મારે બનતાં સુધી તેવણની સામે બોલતી નહી હતી અથવા તેવણને ગુસે થવા દેતી નહી હતી. પણ આજના આ જવાબમાં તો ખટલી છેક છેલે પાટલે બેઠી હોય તેમ છેડાઇ પડી, અને પોતાની હંમેશની નરમ, તાબેદાર, માયાળુ તથા હસ્તા સ્વભાવથી તદ્દન ઉલટીજ પ્રકૃતિની તે ઉસ્કેરાયલી, ગરમ, તપી આવેલી અને મિજાજી બની ગઇ.

અને ખટલીનાં આ સ્વતંત્રપણાથી તેના મામાનાં મન ઉપર પણ લગાર અસર થઇ. તેને આવી તપેલી જોઇને માણકશાહ શેઠ થંડા પડી ગયાં. તેવણે નરમ પડીને ભાણેજને ધીરજના શબ્દુનો કહ્યા—

"ચાલ વારૂં, મુંગી બેસ ચીહીરડાઇ ના જા. ધીરજ ધર, થંડી થા. તુને પરણુવા વિષે હું હવે વધારે વાર તુને ચીહીડવવાનો નથી. હવે તો બસ? હું તો તુને શિખામણ દઉંછ અને એટલુંજ કહુંછ, મારી દીકરી, કે તુને પરણુવાનો સારો લાગ મળે, ત્યારે તે લાગ તેં ખોહવો નહી જોઇયે."

ખટલીએ તુર્ત પોતાનાં આંસુ લુછયાં અને તે થંડી પડી. માણકશાહ જેવા માતબર મામાની સામે થઇ તેવણને ગુસે કરવાનો તેને ડર હતો, તેથી ઉલટું માકામામાએ તો તેને વધારે પ્યાર બતાવ્યો તેથી તે ખુશી થઇ અને હવે તેને ધીરજ આવી.

"ચાલ ઉઠ, હાથ મોહડું ધોઇ આવ, જરા રડતી આંખ્યોમાં થંડું પાણી છાંટ અને નાસ્તાનો વખત થયોછ, ત્યાં મારી સાથે જમવા ચાલ."

ખટલી અંહીથી ઉઠી જવાને તત્પરજ હતી. તે હાથ મોહડું ધોઇ આવીને મામા સાથ નાસ્તો લેવા ગઇ.

નાસ્તા ઉપર તેઓએ થોડીજ વાત કીધી. તેને થંડી પડેલી જોઇને તેના મામાએ તેને શિખામણ દેવાની તક લીધી.

"અરે નાદાન! નાદાન! તમે જુવાનો હંમેશ એવાં નાદાન ને નાદાનજ રેહવાનાં? પણ કાંઇ નહી. હું તારા જેટલો હતો ત્યારે તારા કરતાં પણ વધારે ઉસ્કેરાઇ આવતો હતો. જરા જેટલી નજીવી વાતને વાસ્તે આટલો બધો ગુસો?"

"મામાજી, એક માણુસ સાથ આખા સંસારને મારે બંધાઇ જવું એ શું તમે જરા જેવી ને નજીવી વાત ગણોછ?" ખટલીએ પાછી વાત ચલાવી.

"ચાલ વારૂં માડી વાળ, વળી આપણે તેજ વાત ઉપર આવીયેછ." એ વાત તેને ગમતી નથી તોપણ પાછું એજ વાત ઉપર આવવાનું થાયછે એમ જોઇને માણકશાહ શેઠે તે વાત બંધ પાડી અને તેથી ખટલી વધારે ખુશી થઇ. "એ વાત તુંને ગમતી નથી તો હું કરવા માગતો નથી. પણ દીકરી, મારો આ છેલો બોલ યાદ રાખજે, કે તારા સરખાં એક બચ્ચાંને એટલોબધો તાપ ને મિજાજ સારો નહી લાગે. એ તારા સરખી એક નાજનીનને છાજે નહી."

"મુરબ્બી મામાજી મને માફ કરો. હું કદી તમોને નાખુશ કરવા ચાહતી નથી,

મારાથી મિજાજ ખોહવાઇ જવાયો તેને માટે હું માફ માગુંછ."

અને એ રીતે ખટલીએ પોતાનાં નખરાંબાજ નાજોઅદાથી "મુરબી મામાજી" નું પોતાની તરફ દિલ જીતી લેતાં વાર લગાડી નહી. નાસ્તા ઉપરનાં વાણાઓ તેણીએ પોતાને હાથેજ પોતાના રોજના રાબેતા પ્રમાણે મામાને પિરસ્યાં અને ટેબલ ઉપર એવું તો સરસ રાજ્ય ચલાવ્યું કે આવી એક ઘેર-શોભિત રાણીની ચાલાકી અને નાજોઅદાથી માણકશાહ મામા ખુશ ખુશ થઇ ગયા અને સઘળું ભૂલી ગયા.

પ્રકરણ ૫૮ મું.

મેહરીનાં મેહણાં.

"ખટલી, આજે તું ઘેરમાંજ રેહવાની છે કે કેયે જવાની છે, દીકરી ?" નાસ્તા ઉપરથી ઉઠતાં ઉઠતાં મામાએ ભાણેજને પુછ્યું.

"જી, તમારી રજા હોય તો સાંજે હું જરા જવા ધારૂંછ." ખટલીએ જવાબ દીધો.

"ક્યાં? પેલા બિચારા ગરીબડા મામા મેહલાશાહને ત્યાં જવાની હશે ?" માણકશાહ પોતાના ભાઇ વિષે એવી રીતે બોલ્યા કે જાણેકે તે ભાઇની પોતાને દયા લાગતી હોય.

"હા, મામાજી." ખટલીએ કબૂલ કીધું. "મારા મેહલાશાહ મામાને મળવા જવાની મારી ફરજ છેજી, અને હું ત્યાં મળવા નથી જતી તો મારી બેહનો ઘણો બળાપો કરેછ. મેહરી ને નજી બેહુ મારી ઉપર બળેછ."

"મેહરી નાદાન છે. તારી બેહનો બળેછ તો તેઓને ભલે બળવા દે." મામાએ તિરસ્કાર બતાવ્યો. "આપણને તો આપણા જીવ સાથે કામ છે, આપણે કોઇ બીજાના જીવે જીવતા નથી, વાસ્તે બીજાંઓ ગમે તેટલું બોલે પણ આપણે તો આપણી રીતસર જીવવું જોઇયે!

"પણ લાલ કીલ્લામાં કેમ જશે ?" માણકશાહ મામાએ પુછવાની યાદ રાખી. "ચાલતી ના જતી. ઘોડાઓ બેઠા છે. આંપણી ગાડી લઇ જજે."

"ગાડીની જરૂર નથીજી." ખટલીએ ગાડી લઇ જવાની આનાકાની બતાવી "ગાડી નકામી ખોટી થયા કરશે. હું મારી બેહનો સાથ થોડા કલાક રેહવાની છું. તોપણ રાત્રે જમવાની વખતે હું પાછી આવીશજી."

"પણ ત્યારે ગાડીને ખોટી કરવાની જરૂર નથી. સાંજે આવતી વખતે તુને લેવા સારૂં ગાડી પાછી મંગાવજે."

આ ગોઠવણ મુજબ પાછળા પ્રહરના ચાર વાગ્યા પછી ખટલી મામાની ગાડી જોતરાવીને લાલ કીલ્લામાં જવા નિકળી. તેણે પોતાની કપડાં ચપડાંની શોકિન બેહનોને મળવાનું હતું, માટે તે એક" નવી રેસમી ગાજ પેહરીને ગઇ, જે જુસબ મિલિનરને ત્યાંથી ખટલીએ ગઇ કાલેજ મંગાવેલી હતી. ખટલીએ જુસબને ત્યાં પોતાના નામનું ખાતું પડાવેલું હતું, તેમાં મોટી મોટી રકમના આંકડા ચહડાવેલા હતા, અને પગાર કરનાર શેઠિયો સધર મિલ્લુ હતો એટલે તે મેમન મિલિનરે રકમો ચહડવા દેવાને વાંધો લીધો નહી હતો. આ આંકડો એટલો વધતો ચાલ્યો હતો કે કોઇ વખતે તે ચુકવી આપતી વખતે રખે માકામામા ગુસો કરે અથવા ધમકાવી કાહાડે તેની ખટલીને ઘણી બ્હીક લાગતી હતી, પણ મોટે ઘેર રહેલી અને મોટા લોકોમાં ફરતી ફરેલી તેને જથાબંધ નવાં કપડાં વગર કાંઇ ચાલે નહી, અને કેટલીક વાર તો માકામામાએ પોતેજ તેને નવી સાડીઓ લેવાની બોંહસ કરેલી, એટલોજ આ પોશાકો સંબંધી ઉડાઉપણા સામે ખટલીનો બચાવ હતો.

મેહલાશાહ મામાના લાલ કીલ્લાના દરવાજા ઉપરજ ખટલી ઉતરી પડી અને નાના બાગમાંથી પગે ચાલતીજ ગઇ. શરતને દાહડે તે મામા અને તેની ભાણેજોને મળ્યા પછી, આજ સુધી તેઓને ઘેર ગયલી નહી હતી, માટે તેની બેહનો તેના ઉપર ઉતરી પડશે અને તેની ઝાટકણી કાહાડશે એવી તો તેને વકીજ હતી અને તેઓને શો જવાબ દેવો તે વિષે ખટલી મનમાં તૈયાર થઇનેજ ગઇ હતી.

મેહરી ઓટલા ઉપરજ એક જુના પુરાણા ચામડાંના સોફા ઉપર વાંચવા લેટેલી હતી. તે ખટલીને ઓટલાપર ચહડીને અંદર આવેલી જોતાંજ ચોંકી ઉઠી અને ખટલી ઉપર શબ્દોનો મારો ચલાવવા પડી.

"ઓ હો હો હો! તું છે કે ખટલી? હું જકુંજે મોટાંબાઇની પેઠે લટકો કરતી કરતી કોણ આવેછ? જોઉંછ તો મારી બેહન ખટલી. પણ તું અંહી અમો ગરીબને ઘેર અમોને મળવા આવે તેની તો અમે વકીજ રાખી નહી હતી."

"કેમ વારૂં? કેમ નહી આવું?"

"તું મોટા લોક! મોટા લોકોમાં ફરનારી! તું શેઠ શેઠાણીઓમાં વસનારી! તું ગાડી ઘોડે બેસનારી! તે તું વળી અમો ગરીબોને યાદ કરે? વારૂં એવાં કયાં કચોઘડિયે તુંને અમારે ઘેર ફેરો ખાવો પડયોછ? કાંઇ ઘેર ભૂલીછ કે શું? અથવા કાંઇ માકામામાએ કાહડી બાહડી મેળીછ શું કે અમારે ઘેર ધકો ખાવો પડયોછ?"

"બસ. બસ. મેહરી, લાહેરી ના કર." ખટલી ધમકાવીને બોલી "નાદાન ના થા. ઘણે દાહડે આવી તેનો તું મને આવો આવકાર આપેછ કે? તમો લોકના એ દુઃખે તો મને અંહી આવવા ગમતું નથી."

"તું ઘણે દાહડે આવી તેથીજ મને દુઃખ લાગેછ. તું અમો ગરીબ બેહનોને અને ગરીબડા મામાને રોજ મળતી હોય તો અમોને બીજું શું જોઇયે?"

"રોજ આવવા નિકળુંછ, પણ પરવાર નહી મળતી, તો ઘણા દાહડે આવી, તેથી તું ખુશી થવાને બદલે સામી મનેજ સતાવેછ. ગડબડ કરશે તો હમણા પાછી ચાલી જઇશ."

"ઓ હો! વાહરે બાઇ સાહેબનો ઠસો! બાઇ તો કેથાં ઠસે ને ઠસેજ આવ્યાંછ હો!"

"અંહ! હું! હું! મુઇરે હું! હું, કયાં ને કયાં તમો લોકોની દયા ખાવા આવી!" ખટલીએ બેહનની આ વધામણીઓ વિષે કંટાળો દેખાડયો.

"ખટલી તુંને અમારી દયા લાગેછ કે?" મેહરીએ મશખરીના ચોબા ચાલુ રાખ્યા. "હાજતો! તુંને અમારી દયા લાગેજ તો! અમે કાંઇ તારાં જેવા મોટે ખાંચરે પડેલાં નથી! અમારી પછવાડે કાંઇ સદાનાં ધનબાઇજી, ને હાનરેબલ હીરાજી શેઠવાળાં 'બાઇ, બાઇ,' કરતાં પુઠેપુઠ ફરતાં નથી! અમારો કાંઇ જુસબ મિલિનરનાં ખાતાંમાં કપડાંનો આંકડો ચહડાવેલો નથી! અમે તો જેવાં ને તેવાં ગરીબ રહ્યાં, અને તમે મોટા લોક થયાં એટલે અમારી તમોને દયા લાગેછ તો! તમારી એ દયાને માટે અમે કમતરીન, ખાકસાર, મોટો ઉપકાર માનીયેછે! તમારી એ તો મોટી મેહરબાની થઇછ, મારાં મોટાં બાઇ!"

"તું હવે મુગી રેહછ કે નહી? ને કાંઇ બીજી સારી સારી વાત કરેછ કે નહી?" ખટલીએ ખીજવાઇને પુછયું.

"સારી સારી વાત! અમે ગરીબ ગામડિયણ અને ચરેલી ચુરેલ નાદાનોને સારી સારી વાતો શું આવડે?" મેહરીએ મેહણું માર્યું "નહી, નહી, એ તો તમે મોટાં શેઠાણી બાઇનેજ આવડે. તમે અમોને એજ પ્રમાણે ધિક્કારતાં રેહજો; અમારેથી એજ પ્રમાણે મોહડાં મરડજો અને અમોને દૂર કરતાં રેહજો."

"પણ મારાથી તુને ઓછું શું પડયું તે તો જરા કેહ?"

"હજી તો પુછેછ કે શું ઓછું પડયું? તે દાહડે શરતના રસ્તા ઉપર તેં અમારીથી કેવું મોહડું મરડયુંતું તે ભૂલી ગઇ કે? અમારી તરફ જરા ઝાંખીને જોયુંબી નહી? કે અમોને જરા ડોકિયુંબી નહી કીધું? ને હજી તો વળી પુછેછ કે મેં શું કીધું?"

"શરતના બંગલા આગળ તમોને કોઠું નહી આપ્યું તેના બખાળા કાહાડેછ? હું?" હવે પોતાની બેહનો ઉપર બખાળા કાહાડવાનો ખટલીનો વારો આવ્યો "તે દાહડે શરતના રસ્તા ઉપરની તમારી ચાલ જરા યાદ કરો. આપણાં નામ, ખાનદાન અને બુન્યાદ બિરાજી નિકળે એવી તમારી ચાલ જોઇને તમે કુકતીઓએ જરા શરમાવું હતું. મેહલાશાહ મામાની મેલકોચનું ખરખરિયું ત્યાં હાંકીને આવતાં સેલરબવાઓ અને છાકટા સોજરડાના જેવો દેખાવ કરતાં રાનોને જરા શરમ નહી લાગી? બધાં ગામના

લોકો તમારા એ દેખાવપર હસવા લાગ્યાં. ઘોડાવાળાઓ અને નોકર નફરોમાં તમારી રેવડી થઇ, ત્યારે તમોને કોહું કોણ આપે? રાનો તમારી ચાલથી લજવાઇને મને ભોંયમાં નીચું જોવું પડયું, ત્યારે વળી તમોને કોહું શું આપે! મારૂં જો ચાલતું હતે તો તમો લોકોને કોહું એટલુંજ આપતે કે છાકટા સેલર જેવાં તમારાં તે ખરખરિયાંને પોલીસની મારફતે ત્યાંથી બાહાર હાંકી કહડાવતે."

"હં!" મેહરીએ ચસ્કા કીધા. "અમારી મેલકોચ ગાડી તે તો ખરખરિયું થયું કે? ને તમે માકામામાની બે ઘોડાની ચ્યારટમાં બેસીને આઇતાં પર કોઇતું મારેલું તે તે ભપકો કે? હા! માય હા! અમારી પાસે કાંઇ એક માતબર મામાની મુફતની ફૈટન ને બ્રહોમ મળે નહી, માટે અમે તો એક મેલકોચનાં ખરખરિયાંમાંજ બેસીયે તેઓને તો બધાં ગામે હસવાંજોઇયે અને તમે માકામામાની આઇતી ફૈટનમાં બેસી ફરો તો તમોને તો ગામે આબરૂ ઇજત આપવી જોઇયે."

પણ એટલા ચસ્કાખોર ચેનચાળા કરવામાંજ મેહરીએ પોતાનો મિજાજ જાળવ્યો નહી. મજાખ મશખરી કરનારનો મિજાજ તો થંડો હોવો જોઇયે. પણ મેહરીએ આ મશખરીનાં મેહણાં મારતાં મારતાં તો મિજાજ ખોહી દીધો, જે તેના એ પછીના શબ્દો ઉપરથી જણાશે.

"તું અમોને અમારી ચાલ ઉપર શરમાવા કેહછ, પણ અરે! રાન ઇતર! રાન પતરાજીખોર! તું પોતેજ જરા શરમા? મુંબઇમાં પચાસ રૂપરડીના પગારપર રખડતી રખડતી ભલાકાજે એક માતબર મામાને ત્યાં મુફતની મોજ કરવા પડી કે અમોને શિખામણ દેવા આવીછ. રાન હજીતો હાનરેબલ હીરાજીની વહુ થઇ નથી, તેટલાંમાંજ પોતાની સગી બેહનોને ધિક્કારેછ, તો સોલીશેઠ જેવા શેઠિયાના દીકરાને પરણ્યા પછી તો ફાલીફુલીને ફાટીજ મરવાની. અને મારૂં જો ચાલતું હોયની તો સોલીશેઠ સાથનાં તારાં એ લગનજ અટકાઉં!"

બેહુ બેહનો વચે આ તો ટંટાખોરી ટપાટપી થઇ પડી. મેહરીના ગરમ મિજાજવાળાં ગળે પડવાથી ખટલી તો જરા ડઘાઇજ ગઇ. તેણે હસીને થંડી પડવાની કોશેશ કીધી.

"મેહરી, તું તો નરી જાણે નાદાન બચ્ચુંજ".

"હા, હા, હું તો બચ્ચુંજ, અને તું સોલીશેઠની બૈયર થઇને મોટી શેઠાણી બાઇ થજેની એટલે બસ! તે દાહડે શરતના રસ્તાપરનો તારો દેખાવજ તું મોટી શેઠાણી બાઇ તરીકે અમોને ગણકાવવા નહી ચાહતી હોય તેવો હતો."

"હાજ તો! હતોજ તો! તમારા તે દાહડના ફેસ્તા પછી તો જાણેકે તમો બેહુ કુકતીઓનું મોહડુંજ નહી જોવું એવી તમારી તે ચાલ હતી."

ખટલી સોલીશેઠને પરણવાની છે, એવી તેની બેહનની ટકોરને આ જવાબમાં તેણીએ ખોટી પાડી નથી. તે "હાજ તો" બોલી એનો અર્થ તો જાણેકે તે સોલીશેઠને પરણવાની હોય એવોજ થયો, તો જોકે તે "હાજ તો" બોલ તેની બેહનોની ચાલ ઉપરના ધિક્કારને લાગુ પડેછે, અને ખટલી સોલીશેઠ સાથ પરણવાને પોતાના માતબર મામા આગળ ના પાડી ચુકીછે એમ આપણુ જાણીયે છીયે.

આ ટપાટપી અંહી એટલુંજ દેખાડવાને અગત્યની છે કે ખટલી સોલીશેઠ સાથ પરણવાની છે એમ લોકોમાં વાત ચાલી રહીછે, કે જે વાત તેની બેહનો પણ માનેછે અને જોકે તે ખોટી વાત છે; તોપણ તે ખોટી પાડવાને ખટલી તરફથી કશી ના પાડવામાં આવી નથી.

એક જુવાન અબળાને તેવાજ કોઇ જુવાન મર્દ સાથ ફરતી હરતી જોઇને લોકો તે બે વચે પરણવા જેવો પ્યાર બાનવાની નિંદા ચલાવવા પડી જાયછે, તેમ ખટલીની આ નિંદા પણ ઉભી થઇ હતી. તે દાહડે શરતના રસ્તા ઉપર સોલીશેઠ ખટલીની ગાડી ઉપર ભમતો રહ્યો હતો અને ત્યારપછી તે ખટલી પછવાડે ભમતો ને ભમતોજ રહ્યોછે, તે ઉપરથી આ પરનિંદાને પાયો મળ્યોછે, કે જે ખોટારાંમાં ખટલી પોતાની બેહનોને વટીક ભાગ લેતા જોયછે.

અલબતાં આ નિંદા સદાનાં ધનબાઇજી જેવાં પરવારતાંઓથી જન્મ પામી હશે, પણ તે ખટલી થોડુંજ જાણતી હતી.

પણ હવે આપણુ આ બેહનબેહનો વચેની ટંટાખોર ટપાટપી ઉપર પાછાં આવીયે.

"ખટલી, શરત જોવા તું એકલીજ જવા ધારતીતી, તે અમે પણ તારી બોહસ પર જોવા ગયાં, તે જોઇ તું બળેછ!" મેહરી ખટલીને ગળે પડી. "મેહલાશાહ મામાની મેલકોચ ગાડીમાં અમારૂં જવાનું તુને નહી ગમતું હતું, તો તું અમોને માણેકશાહ મામાની ફૈટનમાં તારી સાથેજ કાં નહી લઇ ગઇ?"

એટલુંજ નહી પણ મેહરીનો મર્ડોટ તો વધારે ફાટું ફાટું બકવા ઉપર આડો ફાટયો. જેમકે—

"માણકશાહ મામાના પૈસાની બધી મોજ તું એકલીજ ભોગવ્યા કરશે કે? તું એવણની ભાણેજ છે, ને અમે શું એવણની ભાણેજ નથી કે? ને એવણ શું તારાજ મામા છે અને અમારા નથી કે? તું કસબી ફલાવરની જીણી ગાજ અને સુનેરી ફુમટાંની બાંહેવાળી ઝાલરની લેસનો પોલકો પેહરીને શરત જોવા મામાની ફૈટનમાં મુફત જાય, અને અમે તારી સગી બેહનોએ મેહલાશાહ મામાની મેલકોચમાંબી નહી જવું? ખાશી મજાની વાત લાવીછ!"

"તારે જોઇએ એટલો પટપટારો કર્યા કરની" ખટલી કંટાળીને બોલી "તું આજે મારી સાથ ઘણે દાહડે કજીઓ શોધવા બેઠીછ. પણ મારે તુને જવાબજ દેવો નથીની. હું મારે જઇને નાજાંનેજ મળુંની."

એટલું બોલીને ખટલી મેહરી આગળથી ચાલી ગઇ અને પોતાની વધારે નાની પણ વધારે નાદાન બેહન નાજાંને શોધતી તેની પાસે, તેના કાંઇ વધારે સારા આવકારની આશામાં ગઇ.

પ્રકરણ ૫૯ મું.

"ચામંડતોડ" નાજાં.

નાજાં બાગમાં રમવા ગઇ હતી. તેતો ખટલીને ભાવતુંજ થયું, કાંકે આજે તે નાજાંને ખામખા એકલીજ મળવા આવી હતી. નાજાંને આગળ જે પેલો બેગાનો પુરૂષ ખટલી વિષે ખોળ કરવા આવેલો મળી ગયો હતો, તેને લગતી કાંઇ વધારે વાત ખટલી આજે નાજાં સાથ કરવા આવી હતી. પોતાના પરણ્યા ખાવિંદનો પોતાને પત્ર મળ્યા પછી નાજાં સાથ એ વાતની તલાસ ચલાવવાને ખટલી વધારે ઉસ્કેરાઇ હતી.

માણકશાહ મામાના ચીનાબાગ કરતાં મેહલાશાહ મામાનો લાલ કીલ્લાનો બાગ જુદોજ હતો—તેમાં પગળે પગળે ગરીબાઇ અને પૈસાની તંગીની ઇધાણીઓ હતી. પણ તે છતાં ખોદાતાલાની ખુદરત પૈસાનો ફરક સમજતી નથી. જેબી બંદો ખેતીવાડી કરવાની મેહનત કરે તેને તેની મેહનતનો બદલો વાલી આપવાને ખુદરત ખુશીથી ખુરબાન થાયછે—પછી તે ગરીબ હોય કે તવંગર હોય. તેમજ લાલ કીલ્લાના બાગ ઉપર પણ ખુદરત પોતાની પેદાયશોથી પ્રસન્ન થયલી હતી. બાગમાં ચોમેર લીલોતરીની લીલાલેહર પંથરાયલી હતી. ગોલાબ, ચંમેલી અને મોઘરા- જીરેનિયમો અનેહેલિયા માતબર ચીનાબાગ,ના જેટલીજ છુટથી ગરીબડા લાલ કીલ્લામાં પ્રફુલી નિકળ્યા હતા.

નાજાંને તો બાગમાં ખેલવાનું ગોયા એક લેખે ચેટક લાગેલું હતું. બાગમાં કામ કરવાને બાહને તે રમ્યા કરતી હતી અને પોતાની બેહનોની ખફગી તથા ખીજવાટ વચે પોતાનાં કપડાં ચપડાં બિગાડીને મેલાં ધુલ કરી નાખતી, અથવા તો ફાડીને ચીંઠડાં ચાક ચાક કરતી હતી. બાગમાં ઉગેલાં લીંબુ, બોર અને પેર તોડીને ખાઇ જતી હતી તથા મેહલાશાહ શેઠ જયારે બાગની ધુલધાણી ઉપર માલીને ઠપકો આપતા ત્યારે માલી બધી બદનામી નાજાંને માથે નાખતો, તે ઉપરથી મેહલાશાહ મામા નાજાંને નરમ ઠપકો આપતા રેહતા હતા—તેવણ પોતાની માબાપ વગરની ભાણેજોની દયા ખાઇ તેણીઓ તરફ કદી પણ કરડો ડોળો યા શખત વચન દેખાડતા નહી હતા—અને તેમ તેમ નાજાં વધારે બોહસપર ચહડીને વધારે બિગાડના માર્ગ ઉપર જતી હતી. અગત્ય કરીને નાજાંનાં લુગડાંના ફાટાંટુટાં ચીંઠડાં

ઉપર મેહલાશાહ મામા વિશેષ ખીજવાતા હતા, કાંકે નાજાંના આવા ફાટાટુટા હાલ અવતાર ઉપરથી લોકોમાં મામાને પોતાને ખરાબ લાગવાની બીહીક હતી, કે મામા તેણીને બરાબર પેહરવાનાં વસ્ત્રો આપતા નથી, એમ લોકોમાં રખે બોલાય. મામા મેહરીને ઠપકો દેતા કે નાજાં બાગમાં કામ કરતાં પોતાનાં કપડાં ફાડી નાખેછે ત્યારે તે સાંધવાં જોઇયે તે મેહરી સીવી સાંધી આપતી નથી—ત્યારે મેહરી તેમ કરવાને ના પાડતી હતી, કે "એ દુકતી કપડાં ફાડયા કરે અને હું તે સીવ્યા કરૂં તો એને ફાડવાની વધારે ટેવ પડે—તેના કરતાં તો બેહતર કે એનાં કપડાં એને હાથે સીવવાની ફરજ પાડવી, કે જેથી પોતાને સીવવાની મેહનત પડવા માટે એ ચામડતોડ છોકરી કપડાં સંભાળથી વાપરે અને ફાટવા ટુટવા દેય નહી."

ખટલી તેની આગળ ગઇ ત્યારે નાજાં બાગના એક કયારાની વચે ભોંયપર ફસડાઇને ધુલ અને મરોડાંમાં બેઠેલી હતી. તેનાં માંથા ઉપરથી માંથુબાનું સડી ગયલું હતું અને તેના લાંબા બાલનાં લટિયાં સઘળાં તેની મરોડદાર ગરદન ઉપર વીખરાઇ પડેલાં હતાં. તેનાં પગમાં મોજાં પેહરેલાં હતાં, પણ તે મોજાં પીલી મરોડીના રંગથી સઘળાં પીલાં થઇ ગયાં હતાં, અને ધુંટી સુધી ઉતરી પડેલાં હતાં, જેથી ધુંટણથી ધુંટી સુધીના તેના ઉંઘાડા પગ નાગા દેખાયા કરતા હતા, પણ તે મોજાં ચહડાવીને પોતાના પગ ઢાંકવા જેટલી પણ એ બેદરકાર છોકરીએ સંભાળ રાખી નહી હતી. નાજાં કાંઇ ઘણી ખુબસુરત છોડી નહી હતી, પણ તેનામાં ખુદરતે જે થોડીઘણી ખુબસુરતી મુકી હતી તેની પણ તેણીને દરકાર નહી હતી, તો જોકે આગળ ચાલતાં તે એક મનમોહન પુતલીના સ્ત્રીવેશમાં ખીલી નિકળવાની તેનામાં સઘળી ખુબીઓ ખુદરતે મુકેલી હતી.

નાજાંનો આજનો જંગલી દેખાવ ખટલીને કાંઇ ગમ્યો નહી, તોપણ તે આજે નાજાં સાથ પોતાની મતલબની મીઠી મીઠી વાતો કરવા આવેલી હતી, એટલે તેણીએ પોતાની બેહનને કાંઇબી કડવો સુખન કેહવા ચાહ્યો નહી.

"કેમ નાજાં? કેમ છે? એ તારા આ શા અવતાર? બધી તડકાંમાં ફરી ફરીને કાળી કેમ થઇ ગઇ?" એટલુંજ ખટલીએ પુછવાની હિમત કીધી.

"હાજી." નાજાં ટણકો કરી બોલી. "હું કાંઇ ખુબસુરત ખટલી નથી, ને મારામાં કાંઇ ખજુરિયાની ખટલીના જેવી ખુબસુરતીના ખોદાયજીએ રેલા રેડયા નથી. હું કાંઇ 'વિનસ' દેવીની પેઠે સંગેમરમરની બનાવેલી નથી કે તેથી મારી ચામડીપર સુરજનાં તડકાંનો તાપ નહી લાગે."

નાજાં આ પોતાનો નખરાંબાજ જવાબ બેઠાં બેઠાંજ બોલી. તે પોતાની બેહન આગળ ઉઠીને ઉભી થઇ નહી અથવા બાગમાંની બોરડી ઉપરથી તુર્તનાં તોડેલાં બોરને ટાળી ટાળીને ગણવા બેઠેલી હતી ત્યાંથી તેણીએ પોતાની મોટા લોક બેહન તરફ જોવાની વટીક કનવાર કીધી નહી.

"પણ નાદાન છોકરી, જરા ઉઠીને ઉભી તો થા, અને રમતમાંથી ધ્યાન કાહડી જરા વડી બેહન મળવા આવીછ તેને મળતો ખરી."

"ઓ હો હો હો! વડી બેહન મળવા આવીછ કે? કેવી મોટી મેહરબાની મુરબી સાહેબ!" નાજાં ચેષ્ટા કરતી ઉઠી, અને એવું બોલી કે જેથી ખટલીએ જોયું કે એ નાનકડી બેહનને પણ પેલા શરતના દાહડાનુંજ દુઃખ લાગેલું હતું. "આજે તમે નાની બેહનને યાદ કીધી કે? તે દાહડે શરતના રસ્તાપર તો અમારી તરફ જોવાર્નાબી તમોને તો શરમ લાગીતીની? તે દહાડે ખટલી તુને એટલો બધો મર્ડાટ કરવાની કાંઇ જરૂર નહી હતી. તું જેમ ગાડી ઘોડે આવેલી હતી, તેમજ અમેબી ગાડીમાંજ આવેલાં હતાં, અને ગાડી બધી સરખીજ."

"ફનેતો ને ફેરતો કરતી ગાડીમાં આવી તેના કરતાં તો ચાલતીજ આવી હતે તો વધારે સારૂં લાગતે" ખટલી ખીજવાઇ પડી.

"હાજી. અમે કાંઇ તમારી પેઠે બબે ઘોડાની ચારટમાં આવેલાં નહી, તેથી તમો મુરબી સાહેબની આબરૂ જતી રહી, તે માફ કરજોજી. આપણે બે ઘોડાની ગાડીમાં બેઠાં હોય કેની ત્યારે આપણા ગરીબ સગાંવ્હાલાંઓ તરફ ફરીને જોઇયેબી નહી, ને માતબર મામાનેત્યાં જઇને રહ્યાં કેની તેથી ગરીબડા મામાને જરા નમીયેબી નહી કે સલામબી નહી કરીયે."

આ સઘળા ચેષ્ટાના ચાળા ઉપર ખટલી મુગી મુગી ઉભી રહી હસવા લાગી તે જોઇને નાજાંને વધારે ચેષ્ટા કરવાને ઉત્તેજન થયું.

"તું આપણા ગરીબ મામાને ગમે તેમ હસ, પણ જોની, બેહન ખટલી જરા યાદ કર, કે બિચારા મેહલાશાહમામા આપણે માંથે વાસે નહી હતે કેની તો આપણ માબાપ વગરની ગરીબડી બેહનો અત્યારે તો કોણ જાણે ક્યાં રખડી મુઇ હતે! જ્યારે મેહલાશાહ મામાએ આપણને પોતાના આસરા તળે લીધી, ત્યારે માકામામાએ તો આપણો ભાવબી નહી પુછયોતો. પણ હવે માકામામા આપણને વારસો આપી જવાના હશે, તેના પાડમાં આપણ આગળું સઘળું ભૂલી જઇયે! અને હવે તે માકામોમાનેજ વળગી રહી આગળા મુરબ્બી મેહલાશાહ મામાને ભૂલી જઇયે!"

આ ટકોરની ટીકા ખટલીથી નહી ખમાયાથી તે પણ હવે મિજાજ ખોહીને બોલી.

"નાજાં? નાજાં! હવે બસ કર! રે બસ કર! હું ખામખા ચાલી, ચલાવીને તુને મળવા આવીછ, મને તારી સાથ અગતની વાત કરવીછ, તો હવે તારી આગળથી તું શું મને કાહાડી મુકવા માગેછ? હું બેસું કે જતી રહું? તારી ચાલપરથી તો એવી ઝાંજ ચહડેછ કે જાણે હમણા તુને મુકીને ચાલી જાઉં."

"નહી રે નહી, ના જતી ખટલી" હવે નાજાં વધારે આગ્રહથી બોલી. "મારો બધો અબખરો મેં ખાલી કીધોછ, તે મને માફ કર બેહન. હવે વધારે હું નહી બોલીશ. તે દાહડે શરતના રસ્તાપર મને બળાપો લાગ્યા કીધો, તે તુને જયારે મળું ત્યારે કેહવાનો મારો ઠરાવજ હતો, તે કહી દીધું, એટલે હવે મારો જીવ હેઠો પડયોછ. વાસ્તે હવે હું વધારે બોલવાની નથી. ચાલ હવે પંચાત માડીવાલ, ને કેહ બેહન તું મારી સાથ શી વાત કરવા આવીછ?"

પણ એટલીવારમાં તો નાજાં અંહીથી ચાલી જવાને તૈયાર થઇ.

"અરે પણ સબુર, ચાનો વખત થયોછ, ને તુને ચાની તરસ લાગી હશે. ઉભી રેહ બેહન, હું તારે માટે ચાની વરદી આપી આવું."

નાજાં આ શબ્દોની સાથે પોતાની ફાટેલી સપાટ વડે નહી દોડાવા છતાં ઝપાટામાં દોડી ગઇ, અને પોતાની આટલી ખાતરદારીને માટે ખટલી તેને ના કેહ અથવા તેનો ઉપકાર માને તેટલું સાંભળવાને વટીક તે ઉભી રહી નહી.

અને રસોડાં તરફ દોડી જઇને ફિરંગી બોય પાસે એક નાનું ટિપાય મોકલતાં તથા એક જીપાનિસ ત્રેની અંદર ચાનું કપ અને પાંઉ માખણ, કેક વગેરેની રકાબીઓ મેળીને ઝપાટામાં પાછી આવતાં એ મેહનતુ બેહનને પાંચ મિનિટની પણ વાર લાગી નહી.

અને ખટલીએ ઘણા ઉપકાર સાથે પોતાની નાનકડી બેહનની આ મેમાનદારી કબૂલ રાખી. બિચારા મેહલાશાહ જેવા ગરીબ મામાનાં ઘરમાં સાંજની ચાની વખતે કેક બિસ્કિટ જેવાં મિષ્ટાંણોની લેહજત ચાખવાની ખટલીને વકી નહી હતી, અને તેમાં વળી નાજાં જેવી ઉછાછળી બેહનથી ખાતરદારી થવાની તો તેને જરાબી વકી નહી હતી.

પણ ખટલીને આ વખતે મેહલાશાહ મામાના આગળા શબ્દો યાદ આવ્યા કે નાજાં ગમે એટલી ઉછાછલી નાદાન અને મસ્તીખોર ચાબડતોડ હતી, તોપણ કામકાજમાં ચપલ અને મેહનત કરવાનાં ખડતલપણાંમાં ખુશી ને રાજી રેહતી હતી. તેના એવા ભલા ગુણ થકીજ તે મામાને પ્યારી લાગતી હતી અને તેટલામાટેજ ડાકટર મેહલાશાહ મુકાદમ પોતાની એ લાડકી ભાણેજને લાડ લડાવતા હતા.

"પણ ખટલી, તું બધો વખત અંહી મારાં આગળ બેસી રહીછ, ત્યારે મેહરીને મળતી નથી કે?" ખટલી સ્વાદ લઇને ચા પીવામાં રોકાયલી હતી, તેટલાંમાં નાજાં બોલી "તું અંહી ચા પી, તેટલાં હું મેહરીને તેડી લાવું."

"નહી, નહી—મેહરીને તો હું કયારની મળી આવીછ" ખટલીએ નાજાંને મેહરી પાસે જતી અટકાવી. "નાજાં, મને તારી સાથ એકલી વાત કરવાની છે. હું ખામખા કાંઇ અગતની વાત કરવા આવીછ, તે મેં તુંને કહ્યું તે શું?"

"અરે હા! હું ભૂલી ગઇ." નાજાં યાદ કરીને બોલી. "અગતની શી વાત છે, બેહન? કેહ. કાંઇ પેલા એરકાની વાત છે?"

"એસ્કો ? કયો એસ્કો ?" નાજાંની અટકળ કરવાની તત્પરતા ઉપરથી, બેહનો તેનાં ભવિષ્ય વિષે કેટલી કાલજી રાખેછે તે ચેતી જઇને ખટલીએ પુછ્યું.

"પેલોજ તો ? પેલો તારો દોસ્તદાર ? જે તુને શોધતો અંહી આવી ગયો તો તે ?"

"નહી, અંહી કાંઇ હું તે માટિડાની વાત કરવા આવી નથી." ખટલી બોલી.

"તે નહી ત્યારે કોઇ બીજા માટિડાની વાત કરવાની હશે ?" નાજાં અટકળ કરવામાં અધીરી થઇ રહી. "પેલા તારા સોલીશેઠ વિષ વાત કરવાની હશે ?"

"મારો ?" ખટલી છછણી પડી "મુવો સોલીશેઠ, મારો શાનો ?"

"તારો દોસ્તદારજ તો ! બધાં કેહછ કે સોલીશેઠ તારો મોટો દોસ્તદાર થાયછ. ને તેનો ભેદ શું તે બધાં સમજી ગયાંછ."

"એ શું બકેછ, રાન ઘેલી ! તુંને એ બધી વાતો કોણ કેહછ, નાજાં ?"

"બધાં ગામના લોક કેહછ." નાજાં હુજતથી બોલી ઉઠી. "જેને મળીયેછ તે પુછેછ કે તમારી બેહન ખટલી સોલીશેઠ સાથ અમદરાઇ કે ? ને કયારે પરણેછ ?"

"ગામનાં લોક મુવાં નિંદાખોર થઇ ગયાંછ, પણ તમે મારી બેહનોએ એવી નિંદા સાંભળવી નહી જોઇયે."

"લોકો બોલે ત્યારે આપણે સાંભળીયે નહી તો બીજું શું કરીયે ? શું કાંઇ કાનમાં કલ્લાઇ રેડીને ફરીયે ?"

નાજાંએ આ નિંદા સાંભળવા સામે બચાવતો કીધો, પણ હજી તેના કાચા કાને એ નિંદા કેટલી ખરી માનીછે તે નાજાંના પુછેલા બીજાજ પ્રશ્ને બતાવી આપ્યું—

"હવે ખટલી, કે દાહડે ? બેહન, કેહની કે દાહડે ?" એ આતુરતાભર્યો સવાલ હતો.

"શું કે દાહડે ? નાજાં, તું શા વિષે પુછેછ ?"

"તારાં લગન ? સોલીશેઠને તું કે દાહડે પરણેછ ?"

"ચુપ ! ચુપ ! હું એ વાત કરવા ના પાડુંછ." ખટલીએ ભપકામાંજ કહ્યું.

"તું ના પાડશે. પણ હું તો હાજ પાડીશ." નાજાંએ એજ વાતની હુજત ચલાવી. "લગનની વાત કોણને નહી ગમે ? ખટલી, મોટે ખાંચરેનાં તારાં એ લગનની વાત મેં સાંભળીછ, ત્યારથી મારાં તો મોહમાં પાણી છુટયા કરેછ, ને તે ભલાઇ જોવાનો દાહડો કયારે આવેછ, તેની હું તો વાટ જોયા કરૂંછ. બેહન, મને તારાં એ લગન વખત યાદ કરશે કેની ? મને તારાં લગનમાં તેડશે કેની ? સોપારાની સેસની થાળી તો હું મારે હાથે લઇ જવાની જો."

"ભરૂસે બેસી રેહજે. હું પરણવાનીજ નથી, ને તું જો એવી વાત કર્યા કરશે તો હું તારી પાસે ફરીથી આવવાનીબી નથી." ખટલીએ બેહનને ગોયા છેડો છોડવી આપ્યો.

"એ એમ શું બકેછ ખટલી ?" નાજાં તેના આ જવાબથી અચરત થવા લાગી. "આજના વખતમાં છોકરીઓનો ઉઠાવ થવો ભારી પ્રડેછ, ને તું સામી પરણવા ના પાડેછ ? શું તું એમ કેહછ, ખટલી, કે આ સોલીશેઠ મોહડે ચહડીને તારૂં માગું મોકલશે તોબી તું તેને પરણવા ના પાડશે ?"

"અલબત ! અલબત !" ખટલી હુજતથી બોલી.

આ વાત કરતાં કરતાં બેહુ બેહનો હાથમાં હાથ ભેરવીને બાગમાં ઝાડોની એક ઘટાની નીચે ફરતી હતી. તે વેળા નાજાં જોતી હતી કે પરણવાની આ વાત ઉપર ખટલી ખુશ નહી દેખાતી હતી, પણ ઓર નાજાંના ખભાં ઉપર માંથુ નાખીં દઇને કાંઇ અજાએબ ડસ્કાં ખાતી અને તેના હાથ ધ્રુજતા હતા.

"અરે ! શું છે ? શું છે !" પોતાની બેહનને આ હાલતમાં જોઇ નાજાં ગભરાઇ ગઇ.

"ઓ નાજાં ! નાજાં ! હું કેવી કંગાલ છું ! મારી હાલત કેવી માઠી છે !" ખટલી દુખી દેમાગથી નાજાંની ખાંધ ઉપર હાથનો ટેકો દઇ બોલી.

"પણ શાની કંગાલ ? બેહન, તું ચીનાબાગમાં પૈસાની ચેલમેલ કરનારી પોતાને કંગાલ કેમ કેહછ !"

"હું તુને હમણા બધું કહીશ. ને તે વાત કરવાજ હું તારી આગળ આવીછ" ખટલી એકાએક પોતાનો ભેદ કેહવાનાં જોસપર આવી ગઇ. "બેહન નાજાં, હું તુને

કેવી ચાહુંછ, ને તારો ઉપર હું કેવો વિશ્વાસ રાખુંછ!"

"તારી કેવી મેહરબાની! તું મારી ઉપર બેધડક વિશ્વાસ રાખ, બેહન! મારી જીબને કોઇ ડાહામ દેશે, તોબી હું તારો વિશ્વાસ તોડીશ નહી. મારાં દિલનો ભેદ કોઇ મરતાં જાણવાનું નથી."

"હા હું જાણુંછ, નાજાં, કે તું પેહલાંથી મારી વિશ્વાસુ છે."

"એ હું નહી જાણતીતી, પણ તે દાહડે પેલો બેગાનો મરદ તારે વિષે પુછવા આવ્યો તેની વાત મેં છુપાવી રાખીછ, ને કોઇને કહી નથી તેથી તું મને તારી વિશ્વાસુ ગણેછ?"

"હા, મારી ડાહી દીકરી, હું જાણુંછ કે મારે લગતો તે ભેદ તારી છાતીમાં સલામત છુપાયલોછે અને તું તેને હંમેશ સલામતીથી જાળવી રાખશે, અને તેના બદલામાં હું તુને હંમેશ ચાહતી રહીશ."

"હં! જ્યારે તું મને એટલીબધી ચાહેછ, ત્યારે મને તારાં લગ્નમાં સોપારાની સેસની થાળી આપવામાં વાંધો કેમ લેયછ?" નાજાં ખટલીનો બોલ પકડીને પુછવા પડી.

"પણ મારા સોપારાની સેસ થવાનીજ નથી."

"એટલે? કાંઇ સમજ નથી પડતી, ખટલી?" નાજાંએ ગુચવાડો બતાવ્યો "તું શું એમ કેહવા માગેછ કે તું સોપારાના વાગા વગરજ પરણી શકશે?"

"હા. હા. આજના સુધરેલા વખતમાં તો એમ ઘણાં લગ્નો થાયછ." ખટલીએ ભેદી જવાબ દીધો. "એમ તો હું એક લગ્નની વાત જાણુંછ કે જેમાં સોપારોબી નહી હતો અને વરણીબી નહી હતી."

"ત્યારે શું હતું? ત્યારે તે લગ્નમાં કોણ હતું?"

"બસ આશિર્વાદ સારનાર અંધ્યારૂ સિવા બીજા કોઇ નહી."

"બળ્યા રે! ધામધૂમ વગરનાં એવાં વેહાવાજન બળ્યાં રે! જાણે કોઇનો સોગ હોય તેમ મુગાં મંતર લગ્ન કરવાની શી ગરજ?"

આ વાત કરીને ખટલી પોતે જે વાત કરવા માગતી હતી તે વાત ઉપર નાજાંને લઇ આવી.

પ્રકરણ ૬૦ મું.

એક છુપ્યા વિશ્વાસની વાત.

"હવે નાજાં હું મારો ભેદ કહુંછ, તે સાંભળ" ખટલી પોતાની વાત ઉપર આવી.

"હા. મારા કાન બધા તારી વાતપરજ ધરેલાછે."

"બે વર્ષ ઉપર પેલો એક અજાણો માણસ અંહી તુને મળ્યોતો અને મારે વિષે તુને પુછવા આવ્યો તો તે તુને યાદ છે કે?"

"હા છે—એ વાત કદી ભુલાય એવી નથી. પણ તેની શી વાત છે?"

"અગરજો તે બેગાનો પાછો આવે અને મને મળવા માગે તો તું તેને શો જવાબ દેશે?"

"તે તો તે શું કામ મળવા માગેછ અને કેવી હાલતમાં મળવા આવેછ તે જોઇને પછી જવાબ દેવાનો. તે દાહડે તે ચીઠડિયા ભીખારી જેવો આવ્યોતો, તેવી ને તેવી કંગાલ હાલતમાં પાછો આવે તો હું તેને કાંઇ તાલ લગાવીને પાછો વાહી કાહડું. રસ્તેના રખડતા ભીખારીઓ લાલ કીલ્લામાં તુને પુછવા આવે તે ખચીત તુને ગમવાનું નથી."

"નહીંજતો. તારા એ જવાબથી હું ખુશી છું. નાજાં, તું કેવી અકલમંદ છોકરી છે? મેહરી તુને ગમે એટલી નાદાન ગણેછ, તોપણ મારે મનથી તો તું ખરેખર અકલમંદ છે." ખટલીએ તેને છાપડે ચહડાવી.

"મેહરી તો મારી અદેખાઇથી એમ બોલેછ." નાજાંએ માગી લીધું. "પણ બેહન ખટલી, તું મને ઇનસાફ આપેછ, એટલે બસ."

"ચાલ, ત્યારે હવે મારી વાત સાંભળ મારી દીકરી." ખટલીએ મીઠાસથી વાત આગળ ચલાવી. "અગરજો તે ગરીબડો જુવાન બેગાનો પાછો આવે અને મારે વિષે તારી સાથ પરપુછ ચલાવે તો તું તેને એવો ખ્યાલ આપીને પાછો વાળજે કે હું કાંઇ

પુણામાં નથી, પણ પુણાથી બમણી દૂર છું. પુણાને બદલે જોઇયે તો સુરત, અમદાવાદ, કલકતા, બંગાલ કે ચીન છું એમ કેહજે. તારે ગમે તે કેહજે, પણ હું અંહી ચીના-બાગમાં રહેલી છું એમ તો તું તેને કદી કેહતીજ ના. અને ગમે તે વાત થાય તોપણ તેની આગળ માણકશાહ મામાની તો વાતજ કરતી ના."

"તું ના કહેછ તો હું તેની આગળ માકા-મામાનું નામજ નહી દેવશ—વારૂં પછી."

"પછી કાંઇ નહી. બસ એજ. તું મારા કહ્યા પ્રમાણે ચાલજે અને હું તુને ખુશ કરીશ. તુને ફલાવર ગાજની સાડી અને સોનેરી ફુમટાંવાળી લેસની બાંહેનો પોલ્કો ગમેછ, તે હું જુસબ મિલિનરને ત્યાંથી તારે માટે મંગાવી તુને ભેટ આપીશ, હો મારી દીકરી."

ખટલીએ નાજાંને પોતાની તરફેણમાં વશ કરવા તેના માર્ગમાં આ એક લાલચ મુકી. માકામામાના પૈસાથી તે જે મોજ કરેછે, તેજ પૈસાનો પોતાની બેહનને પણ આ એક લુમકો દેખાડયો.

"હા. હા. મોકલજે, બેહન ખટલી, મોકલજે." નાજાં ખુશ થઇને બોલી "અને હું તે પોશાક પેહરી નિકળીશ, ત્યારે મેહરી મારી ઉપર અદેખાઇથી વધારે બળશે."

"મેહરી, જો મારી સાથ પાધરી ચાલે તો હું મેહરીનેબી સારી સારી ચીજો ભેટ આપું." ખટલીએ વડાઇ લીધી. જાણેકે વરની ગરીબાઇ થકી વરને મુકીને નાહસી આવેલી એક છોકરી જે ચાહે તે કીમતી ભેટો આપી શકે એટલીબધી શક્તિવાન થઇ હોય!

"પણ વળી આપણે આપણી વાતથી દૂર ગયાંછ, નાજાં." ખટલી પાછી પોતાની વાત ઉપર આવી. "એમ સમજ કે કદાચ તે બેગાનો માટોડો પાછો આવ્યો અને મારી ખબર કાહડવા તારી આગળ મારે વિષે કાંઇ નવાઇજેવી વાતો કીધી તો શું જવાબ દેશે?"

"નવાઇ જેવી વાતો તે કેવી?"

"કાંઇ પણ સારી સારી વાતો-તું ખુશી થાય એવી કાંઇ વાતો કરશે?"

"તો હું કાંઇ તેની ખુશ વાતોથી અંજાઇ જવાની નથી."

"ઠીક. ઠીક. તે ધણી ગમે તે વાતો બોલે, પણ તું કાંઇ અજબ થતી ના, દીકરી. તું તારા જવાબથી તેને મારો પત્તો નહી આપે તો તારા કાંઇ ચેનચાળાથી તે પામી જાય એમ કરતી ના. તું એક વાત કેહ અને તે તારા દેખાવ ઉપરથી જુદું સમજે એમ ચાલતી ના હો! પણ સહુથી અગતની વાત એ યાદ રાખજે કે તે ધણી આગળ માકામામાની કાંઇ વાત કરતી ના."

"પણ તેની આગળ એટલોબધો ભેદ રાખવાનું કાંઇ કારણ?" નાજાંએ ખોલાસો માગ્યો "એવો તે કોણ મોટો આવ્યો કે તેની આગળ તારી વાત નહી તો નહી, પણ માકામામાની વાતબી નહીજ કરૂં!"

"હું આપણ બધાંનાં સારાંને વાસ્તે તુને એટલી તાકીદ કરૂંછ, દીકરી નાજાં." ખટલી તેને ગળે વલગીને પ્યારથી બોલી. "તું એટલો મારો ભેદ જાળવશે તો હું તુને હંમેશની કેવી ચાહીશ! તું મારો એટલો ભેદ રાખશે તો મને એક મોટી મુશકેલીમાંથી છોડવશે એમજ જાણજે. વાસ્તે હું કહુંછ તે ખુબ યાદ રાખજે, અને મારા કહ્યા પ્રમાણેજ તે બેગાના સાથે ચાલજે."

"પણ શું તે પાછો આવવાનો છે? શું તું જાણેછ?"

"નહી. કદાચ તે નહીંબી આવે. પણ તે એક વાર મારી ખબર કાહાડવા આવી ગયો, તો સાર એ નિકળેછ કે કદાચ બીજી વાર પાછો આવે અને તે આવે તો તારે મારો ભેદ તેને કશો કેહવો નહી એટલીજ હું તારાથી આરજુ રાખુંછ."

"તે પેહલાં આવ્યો ત્યારે પોશાકમાં કંગાલ ભીખારી જેવો હતો, પણ બીજી વાર સારાં કપડાં પેહરીને આવે તોબી શું મારે તેને ખરેખરો જવાબ નહી દેવો?"

"નહીજ તો. તેનાં કપડાં ઉપર તારા જવાબનો કશો આધાર નથી."

"પણ, ખટલી, તે અજાણનાં કપડાં ગમે એવાં હોય તોબી તે દેખાવે જુવાન, કદાવર અને સોહામણો છે," નાજાં તેના ઉપર હવે દયા કરવા લાગી. "અને સારા માણસ જેવો લાગેછ, ત્યારે તેવા એક ગૃહસ્થને ખરેખરૂં

કેહવાને શું અડચણ ?" નાજાંએ આનાકાની બતાવી.

"તું પોતેજ કેહતીતી કે તે કંગાલ ભીખારી જેવો હતો ?"

"પણ તે ખરેખર તો શોભિતો ગૃહસ્થ છે."

"હા. તે ખુબસુરત તો છે" ખટલીએ નાજાંનાં અનુમાનને ટેકો આપ્યો.

"ત્યારે ખટલી તે માટિડો તુને ગમેછ કે ?" નાજાંએ ભેદ પુછ્યો.

"હા, વ્હાલી બેહન, તારી આગળ કબૂલ કરવાને હું શરમાતી નથી કે હું તેને ચાહુંછ, ખરાં જીગરથી ચાહુંછ."

"હં ! હં !" નાજાં જાણેકે સઘળો ભેદ પામી ગઇ હોય તેમ હવે બોલી "અને તેને તું ચાહેછ, તેથી તું સોલીશેઠને પરણવા ના પાડેછ કે ?"

"હા. નાજાં, તેને મેં પેહલાંથી મારો પ્યાર આપેલો છે." ખટલીએ ખુલ્લે ખુલ્લો ભેદ કહ્યો, "તે ગરીબ છે, પણ ઘણો સારો માણસ છે, પ્યારને લાયકનોજ છે અને હું તેને હંમેશ સુધી ચાહવાના પ્યારનાં વચનથી બંધાયલી છું."

"એટલુંબધું, ત્યારે તું તેનાથી અંહી છુપાવા કાં માગેછ ?"

"તે હું તુંને બીજી વખત કહીશ. હમણા મેં તુને જેટલો ભેદ કહ્યોછ તેટલોજ છુપાવી રાખજે." ખટલીએ તેની વધુ વાત અટકાવી.

"પણ ખટલી, તું તે શખ્સ વિષે એટલી ખંતી થાયછ, તેથી પુછુંછ કે કદાચ તે શખ્સ પાછો આવીને મને નહી મળે, પણ મેહરી યા કોઇ બીજાનેજ આપણાં ઘરમાં મળે અને તારી ખોળ કાહાડે તો તે લોક શું તારો ભેદ જાણે ? અને તે લોક તો તેને ખરેખરૂં કહીજ દે ? કદાચ મારે બદલે મેહલાશાહ મામાજ તેને મળ્યા તો ?"

અંહી વાંચનાર જસાવાળાના જમસુનો છેલો ઠરાવ યાદ કરશે કે ખટલીની ભાળ કાહાડવાં માટે તેના મામા ડાકટર મેહલાશાહ મુકાદમ પાસેજ આવવાનો તેણે પાકો ઠરાવ કીધો હતો.

"નહી, તેમ નહી થવું જોઇયે નાજાં." ખટલીએ ચોંપથી કહ્યું "તે ધણીને તું સિવાય આપણાં ઘરનાં બીજાં કોઇ સાથ મળવા દેવો નહી જોઇયે. તે એક વાર તુને મળી ગયલોછે, વાસ્તે બીજી વાર પણ તુનેજ મળેતો સારૂં. તે પોતે પણ કદાચ તુનેજ પુછતો આવશે, તે બીજાં કોઇને આવી મળે તેની તું સંભાળમાં રેહજે અને બીજાં કોઇનીબી અગાઉ તુનેજ જોઇને તે તારી પાસે આવે તેની સાહુચેતીમાં રેહજે."

"પેહલી વખત તે આવી ગયો ત્યારે પાછલે બારણે આવીને ગલીની દિવાલ આગળથી મને મળ્યો હતો, પણ હવે તો મારે પાછલાં અને આગળાં બેહુ બારણા તપાસવાં પડશે."

"આગળે કે પાછલે કોઇબી બારણે તે મેહરીને યા મામાને મળે નહી, યા મારી બધી પરપુછ કરીને પત્તો મેળવી જાય નહી, તે વિષે તારી ચાલાકી ઉપર હું વિશ્વાસ રાખુંછ, નાજાં." ખટલીએ કરગરીને માગી લીધું.

"ઠીક ! ઠીક ! પણ ખટલી તું આટલીબધી વાર મારી સાથ વાત કરેછ, તેથી મેહરીને વળી અદેખાઇ લાગશે, ને કેહશે કે બે બેહનો ભરાઇને હરૂસેની કાંઇ ઘુસઘુસ ચલાવેછ. પણ આપણા વચે આ છુપો ભેદ છે, તેનો મેહરીનાં મનમાં શક આવવો નહી જોઇયે. વાસતે ચાલ હવે મેહરીને મળીયે" નાજાંએ દરખાસ્ત કીધી અને વળી તેજ ઘડીએ વિચાર બદલી નાખ્યો કે "નહીતો કે તું અંહીજ રેહ, તારી આ અધુરી રહેલીછે, તે પુરી કર તેટલાં હુંજ મેહરીને તેડી લાવું."

ચપલ પગલાંની નાજાં એક હરણીની પેઠે મેહરીને તેડી લાવવા દોડી અને તેટલી વાર ખટલી બાગની તેજ પાછલી દિવાલ ભણી લટાર મારવા લાગી, કે જ્યાં તેનો વ્હાલો વર જમસુ નાજાંને મળીને પુછી પરછી ગયો હતો.

પણ ખટલીને અંહી ફરવાનું સલામત નહી હતું..તે બીહતી હતી કે તે અંહી ફરેછે તેટલામાંજ તેનો જમસુ કદાચ અંહી આવી લાગે અને તેને જોઇને પકડી કાહાડે તો શું થાય ? ખટલી હજી સુધી જમસુને મળવા ચાહતી તો નહીજ હતી અને તેને એકાએક અંહી મળવાનો સંભવ હતો.

થોડી પલમાં નાજાં મેહરીની સાથે પાછી આવી અને હવે ત્રણુંડે બેહનોએ કેવી ખુશ ટપાટપીમાં બાકીની સાંજ ગુજારી તેની વિગતથી વાંચનારને કંટાલો આપીશું નહી.

મોડી સાંજે આ બેહનો છુટી પડી. ખટ-

લીના માગ્યા મુજબ દીવા કરતી વખતે માણુકશાહ મામાની ગાડી આવી અને ખટલી પોતાની બેહનોને મળી ભેટીને ચીનાબાગ ગઇ.

મેહલાશાહ મામા પોતાનાં ગ્રાહકોને ત્યાં ફરવા ગયલા હતા, માટે ખટલી આ મુલાકાતમાં તેવણુને મળવા પામી નહી.

પ્રકરણ ૧૧ મું.

હીરા કાસ્ટલમાં મુલાકાત.

બીજે દાહડે બપોરના બાર વાગતે હાનરેબલ હીરાજીનાં નોત્રાંને માન આપીને ખટલી પોતાના મામા સાથે તેવણુના હીરા કાસ્ટલમાં દાહડો ગુજારવા ગઇ.

હીરા કાસ્ટલ છેક બામબદ્રાનો રસ્તો મુકયા પછી, ગણેશખીણુની સડક ઉપર દૂર આવેલો હતો, ત્યાં પોંહચતાં માણુકશાહ શેઠના તેજી ઘોડાઓની જોડી છતાં તેઓને ખાસો અડધો કલાક લાગ્યો.

સોલીશેઠ તેઓની રાહ જોતો દરવાજામાંજ ખોટી થતો હતો. દરવાજાની બે બાજુએ ચોકીબાનની બે નાની બંગલીઓ હતી, જેઓમાંની એકમાં સોલીશેઠ ખુરશી મંગાવી બિરાજેલો હતો. માણુકશાહ શેઠને માનભરેલો આવકાર દેવા માટે તેણે પોતાના પોશાકમાં સારો ભપકો કરેલો હતો. ડગલા પાટલુન સાથ રોગાણુનાં બૂટ પેહરેલાં હતાં તથા કકડતી ઈસ્રી કરાવેલો કાલર અને રંગીન નેકટાઇ તેનાં ગળાંમાં લટકતા હતા. માંથા ઉપર ચકચકિત રોગાણુ મારેલું બોખું ચલકતું હતું અને તેના ગોરા ગાલની વચેનાં અણિયાળાં નાક ઉપર સોનેરી ફ્રેમના બે પ્રકાશિત કાચોનો ચશમો બે એકસરખી પ્રકાશિત ચશમોને ઢાંકતો હતો.

માણુકશાહ શેઠની ગાડી દરવાજામાંજ ઉભી રહી અને તેઓ દરવાજા ઉપરજ ઉતરી પડયાં, કાંકે સહુથી પેહલાં તો તેઓએ હીરા કાસ્ટલનો બાગ જોવાનો તથા તે બાગમાં ફરવાનું હતું. "હીરાબાગ" માંહેલી "હીરાદરાખ" જોવાની માણુકશાહ શેઠે ખાસ ખાયસ બતાવી હતી તે તેઓને દેખાડવાની હતી. એટલુંજ નહી પણ હાનરેબલ હીરાજી શેઠ ઘોડાઓના ઘણા શોકિન હતા, તેઓના ઘોડાઓની આખાં ગામમાં તારીફ થતી હતી, અને પુણાના ઘોડાઓનાં પ્રદર્શન ("હાર્સ શો") માં તેવણુના આરબી અને આસ્ત્રેલિયન ઘોડાઓએ મોટાં ઇનામો મેળવ્યાં હતાં, તે સઘળો જાનવરી સંગ્રહ પણ માણુકશાહ શેઠને અને ખટલીને દેખાડવાનો હતો, એટલે તેઓને ગાડીમાંથી દરવાજા ઉપરજ ઉતરવાની જરૂર હતી.

"બાગમાં પધારશો સાહેબ?" સોલીશેઠે તેમને બાઇજત આવકાર દઇ પુછ્યું. "જરા ચાલવાની તસ્દી પડશે, તો સાહેબથી ચાલી શકાશે કે નહી? નહી તો હાથે ચલાવવાની ગાડી મંગાવું? તેબી મેં સાહેબને માટે તૈયાર રખાવેલીછે." આ શબ્દોની સાથેજ —

"રઘુવીર! જીનરિક્ષા બોલાવ!" એમ સોલીશેઠે પોતાના ભૈયાને હુકમ કીધો, તેવીજ રઘુવીરનો સાદ મારવાથી બે ઇસ્કી મજુરો લાલ કમરબંદ અને લાલ ટોપી સાથની ધોતી ડગલીમાં એક "જીનરિક્ષા" (હાથે ચલાવવાની ગાડી) ઘસડી લાવ્યા.

"અરે! નહીરે મારા મેહરબાન? શું કામ એટલીબધી તસ્દી લેવોછ?" માણુકશાહ શેઠે બાગમાં ને બાગમાં ગાડીમાં બેસીને મજુરોને હાથે ઘસડાવાની ના પાડી. "ગમે એટલો લાંબો બાગ હશે, તોપણ હું ચાલી શકીશ."

"મારા મામાજીને અમારા બાગમાં રોજ ફરવાનો મહાવેરો છે જી" ખટલીએ પણ એ વાતને ટેકો આપ્યો.

અને એ રીતે જીનરિક્ષા પાછી ફેરવીને આ બે નામીચા પરોણાઓનું સરઘસ ચાલતું ચાલ્યું.

"પેહલાં શું જોશો, સાહેબ? અમારા તબેલાંમાંના ઘોડા કે અમારા બગીચાની રચના?" પેહલાં શું તે સોલીશેઠે તેમની મરજી ઉપર રાખ્યું.

"અલબતાં પેહલાં તમારાં ઘોડાનાં થાણુ જોઇશુંજી. તમારી દરાખના કરતાં તમારા ઘોડાઓની તારીફ ગામમાં કોઇ થોડી નથી થતીજી." સોલીશેઠ ઘોડાઓનો ઘણો શોકીન

હતો, તે ઉપરથી માણકશાહ શેઠે તેની મરજીને મળતો જવાબ દીધો.

બાગની બાહરો બાહારથી તેઓ એક સાંકડા ક્યારાને રસ્તે હીરા કાસ્ટલના તબેલાઓ તરફ ગયા, કે જ્યાં એક ચોખુંડ ચોકને ફરતા, જાલીદાર બારણાંવાળા સોજા અને સફાઇદાર તબેલાઓ ઉભેલા હતા. આખા ચોકની વચે એક શોભીતા ઘાટની પથરની કુંદ બાંધેલી હતી, કે જે કુંદમાં એક ફુવારામાંથી નિર્મળ પાણી વેહતું હતું. તબેલાઓની આસપાસ એટલી તો સફાઈ હતી કે કચરામાં એક ઘાસનું તણખું પણ જણાતું નહી હતું. તબેલાનાં બારણાં અને બીજું સઘળું લાકડકામ સફાઇથી પાલિશ કરેલું હતું અને છાપડાં ઉપર નવાંજ નળિયાં ચારેલાં હતાં. દરએક થાણને એકેક બારણું હતું અને દરએકને ચહડ ઉતર નંબરો આપેલાં હતાં, જે ઉપરથી ઘોડાઓને તે નંબર પ્રમાણે ઓળખવામાં આવતા હતા.

ખટલીને આ તબેલા માહેલા કીમતી જનાવરો સાથ એક પછી એક ઓળખાણ કરાવવામાં આવી. કેટલાક સુંદર આરબો અને આસ્ત્રેલિયનોને ચોકમાં બાહાર કાહાડી, તથા ફેરવીને તેમની ગરદનની મરોડ, તેમનાં પુઠની પોહલાઈ, તેમના થાપાનું જોર વગેરે દેખાડવામાં આવ્યાં. માણકશાહ શેઠને ચોકસ ફરબે જનાવરો ઘણાં પસંદ આવ્યાં કે જે ખરેખર તેઓએ મેળવેલાં ઇનામને લાયકનાં હતાં. સર્વથી શોભિતી કેપની ઘોડીઓની જોડી હતી, કે જે પોતાના શેઠને એવી પ્યારથી પિછાણતી હતી કે સોલીશેઠનો આવાજ સાંભળતાંજ પોતાની બારીએથી મુડું કાહાડી ચોકમાં જોવા નિકળતી અને શેઠના બોલાવ્યાથી તેની આગળ છુટીજ ચાલી આવતી હતી.

બેશક આ ઘોડાંઓ અને તેમનાં થાણો સંભાળ અને ચોકાશીવાળી જતન તથા પૈસાની રેલછેલનાં સુખની એવી ગવાહી આપતાં હતાં કે જેથી માણકશાહ શેઠે ખટલીના કાનમાં છુપ્પું કહ્યું તેમ "જેઓનાં જનાવરો અને જનાવરોના તબેલા એટલા સુખકારી છે, તેઓ પોતે અને તેઓનાં પોતાનાં રેઠાણો કેવાં સુખવાસી હશે."

અંતે ઘોડાઓની તપાસ, જે એક વાર ખટલીને છેડા વગરની લાગતી હતી, તેનો છેડો આવ્યો અને આ તપાસ પુરી કરીને તેઓ આગળ ચાલ્યાં. બાગમાં ઝાડોની રચના અને ક્યારાઓની બાગબાની ખટલીને ખરેખર ઘણી સુંદર અને મનોરંજક લાગી. તેણીએ જોયું કે તેણીના મામાની સઘળી સંભાળ છતાં ચીનાબાગમાં બાગની રચના આ હીરા કાસ્ટલની રચના આગળ તદન પછવાડે હટી જાયછે. બાગમાં એક ઘણું વિશાળ સરોવર તાજાં પાણીથી ભરેલું હતું, જેમાં મરોડદાર ડોકીનાં હંસો તથા બરફ જેવાં સફેદ બટકાંઓ અપસ અપસમાં નાચ અને ગેલ કરતાં હતાં. ચીનાબાગમાં આ ગમતની ખુટ ઉપર ખટલીએ પોતાના મામાજીનું ધ્યાન ખેંચ્યું, જે ઉપરથી ઘેર જવા પછી એ ખુટ પુરી પાડવાને માણેકશાહે કબૂલ કીધું—જાણેકે બાગમાં એક મોટું તળાવ ખોદાવવું અને તેમાં ગેલ કરતાં ચરંદાં પરંદાંઓની વસ્તી કરવી એ સઘળું એકજ દાહડાનું કામ હોય!

અને અંહી બાગની તપાસ દરમ્યાન સોલીશેઠ તેઓને પોતાના દ્રાક્ષના વેળા વચે તેડી ગયો, કે જે દ્રાક્ષના માડવાનો ઝુલતી દ્રાક્ષોના ઝુમખાદાર દેખાવજ ખટલીની તલશી આંખ્યોને તાહાડક આપનારો હતો. આ માડવાની અંદર ચાલતાં એક જાતની અજબ થંડક દિલને લાગતી હતી, કે જે થંડક શું રસાલ જમીનથી હશે કે સૂર્યના ઓછા તાપથી હશે કે માંથા ઉપર ઝુલાતી રસીલી દ્રાક્ષોના ઝુમખાના મીઠાસથી હશે તે ખટલી સમજી શકી નહી. તેના તરેહવાર સવાલોના સોલીશેઠે આપેલા ચાલાકીભર્યા જવાબો કહી આપતા હતા કે હીરા કાસ્ટલવાળાંઓએ દ્રાક્ષની ખેતી ઉપર પુષ્કલ ધ્યાન આપ્યું હતું અને પુષ્કલ પૈસો ખર્ચ્યો હતો. અંહી કાબૂલી દ્રાક્ષો હતી, અને માલટીસ દ્રાક્ષો પણ હતી, અંહી બસરાઇ દ્રાક્ષનો વેલો જુદો હતો અને ઇરાનની શીરાજી દ્રાક્ષ ઉગાડવાની પણ કોશેશ કીધી હતી, જે હજી સુધી સફળ થઇ નહી હતી. ઉગેલી દ્રાક્ષો પાકેલી હતી, માટે ખટલીને કેટલાક ઝુમખા તોડી આપીને તેમની લેહજત ત્યાંને ત્યાંજ ચખાડવામાં આવી. પણ સર્વથી સરસ લેહજત તો નવી "હીરા દરાખ" માં હતી

કે જેના ચલકતા પાસાદાર દેખાવ ઉપરથી તેને હીરાનું નામ એક લેખે લાગું પડતું હતું અને જેના સાકર સરખા મધુર રસની ખટલીને ઘણીજ લેહજત લાગી હતી.

હવે બાગમાંથી તેઓ હીરા કાસ્ટલનાં સુંદર મકાન ઉપર આવ્યાં. તે તેની બાંધણીના ઘાટ ઉપરથી ખરેખર એક કીલ્લા જેવોજ હતો. તેની ઉભરણી ઘણી ઉંચી હતી અને મેરાબો તથા મિનારાઓવાળી અગાસી અને અગાસી ઉપરની નકસીદાર કંગાઇ, તેના ઓટલા ઉપરના ઉંચા આરકાં અને બુલંદ થામલાઓ એ સઘળાં એક જોનારની આંખે ચિત્રી ચહડાવે એટલા વિચિત્ર હતા.

બંગલાના ઓટલા ઉપરજ સોલીશેઠની બેહુ બેહનો પીલાઇ અને દીની આ "માતબર" પરોણાઓને આવકાર દેવા ઉભેલી હતી. તેઓ માણકશાહ શેઠને માનભરેલી હાથ હલાવણી કરીને 'તથા ખટલીને પ્રિતભર્‍યું આલિંગન તથા ચુંબન કરીને માહેલાં દિવાનખાનામાં લઇ ગયાં, જ્યાં સંગેમરમરની લાદી જડેલી એક સુશોભિત ચાલની વચોવચ હાનરેબલ હીરાજી શેઠ પોતે તેમને આવકાર દેવાને ઉભેલા હતા. તે આવકાર દિલોજાનીભરેલો હતો તે વિષે પોતાનાં આ પરોણાઓની ખાતરી કરી આપવાને તેઓએ કશું બાકી રાખ્યું નહી હતું.

બંગલાની બાહારની રચનાની મનોહર શોભાએ બંગલાની અંદરના ઠાઠ અને શણગારનું ગોયા બાહારથીજ બેઆનું આપ્યું હતું. જેમ બાગની અંદરના તબેલાઓ અને બગીચાઓનો શણગાર જોવામાં આ પરોણાઓનો કીમતી વખત ગયો, તેમજ બંગલાની અંદરનાં ચિત્રો અને રાચરચિલાં ઉપર પણ તેઓએ ફરીહરીને બારીક તપાસ ચલાવી. દિવાનખાનામાં બીલોરી ઝુમરો અને ઉમદા ફરમાસુ આઇનાઓ ઉપર તેમજ નામીચા ચિતારાઓને હાથનાં હુન્નરમંદ ચિત્રો અને તરેહવાર યાંત્રિક રમકડાંઓથી હીરાજી શેઠે પોતાનાં દિવાનખાનાને એક નાનું જેવું સંગ્રહસ્થાન બનાવી દીધું હતું. એ સઘળું જોતાં ખટલીનો અને તેના મામાનો ઘણો વખત નિકળી ગયો તે માલમબી પડયો નહી. એ સઘળાં ચિત્રો અને યાંત્રિક કળાકૌશલ્યો સમજાવવામાં સોલીશેઠ ઘણો શાની અને ખબરદાર જણાયો. જેમ દરએક યંત્રની ચાવી તેના હાથમાં હતી તેમજ દરએક કળાની બનાવટની સઘળી વિગતો પણ ગોયા તેનાં નખમાં હતી અને તે એક શિખવી રાખેલા પોપટની પેઠે સંઘળું પડપડ ભણી ગયો તેથી તેની ખબરદારી માણકશાહ શેઠે ખટલીની આગળ ઘણી વખાણી.

એમ કરતાં બપોરના બારની ટકોરીની સાથેજ નાસ્તાનો ઘંટ વાગ્યો અને હીરાજી તથા સોલીશેઠ પોતાના પરોણાઓને નાસ્તા ઉપર લઇ ગયા. નાસ્તાની ટેબલ પણ સોના રૂપાંકામ અને બિલોરકામ તથા કોડીકામથી એક હીરા મોતીના ખજાના સરખી દીપક મારતી હતી. તે ઉપર પકવાનો અને મિષ્ટાણો વટીક કેટલાંક તો ખટલીએ કદી નહી ચાખેલાં એવાં હતાં. માણકશાહ શેઠે પોતાની તબીયત પ્રમાણે થોડુંજ ખાધું, પણ ખટલીને તેનાં જુવાન લોહી પ્રમાણે પેટ ભરતું ખવાડવા પીવાડવાને સોલીશેઠે તથા તેની બેહનોએ બનતો આગ્રહ જારી રાખ્યો હતો.

ખાનું ખાઇ રહ્યા પછી સઘળાં પાછાં દિવાનખાનામાં ગયાં, ત્યાં ઘરના નોકરોએ રમતગમતનાં સઘળાં સાધનો તૈયાર ગોઠવી રાખ્યાં હતાં. ચોપટનું પાટિઉં, તથા પાના અને શેત્રંજની ટેબલો માડી રાખેલી હતી—પિયાનાફાર્ટનું વાજું ઉઘાડી રાખેલું હતું તથા મોટી આર્ગનની પેટીને ચાવી આપી મુકેલી હતી, કે જેથી તેઓ દિવાનખાનામાં દાખલ થયાં તેવોજ એક મોટાં બેંડના સરખો બુલંદ પણ મધુર શરોદ ચાલુ થયો. હીરાજી શેઠે પોતાના પરોણાઓને જે ગમે તે રમવાની માગણી કીધી, જે ઉપરથી માણકશાહ શેઠ અને હીરાજી શેઠ શેત્રંજની રમત ઉપર એક અકલમંદ બાજીમાં એકેક સાથ હાથ અજમાવવા બેસી ગયા અને ખટલીને સોલીશેઠ તથા તેની બેહનો પિયાનો અને આર્ગનનાં વાજાં ભણી લઇ ગયાં.

"આહા! આ એવું મકાન છે, કે જેની તેની શેઠાણી થશે તે એક રાણીના જેવો દમામ કરશે." ખટલી વાજાંની રોણકદાર કબાટ આગળ ઉભી ઉભી વિચાર કરતી હતી. તે વાજું બારીની પાસેનાંજ ખુણામાં ઉભું

કરેલું હતું, કે જે બારીમાંથી ખટલીને આખો બોહલો બાગ અને પછવાડેનું વિશાળ મેદાન તથા જમીનો દેખાતાં હતાં—અને તે સઘળી હાનરેબલ હીરાજી શેઠની, એટલેકે આવતા જમાનામાં સોલીશેઠની મીલકત હતી.

આ કીમતી મીલકતનો ધણી અગરજો ખરેખર ખટલીને પરણવા ચાહતો હશે—કે જેમ ગામના લોકોએ તો ખટલીની આગમચથી નકી કરી રાખ્યું છે—તો તેણીએ એક કેવું મોટું દોલતમંદ દિલ જીતી લીધું છે, અને એક જુવાન, માબાપ વગરની, ગરીબડી નાજનીનને મારે એ એક કેવી મોટી ફતેહ ગણી શકાય, તેના વિચારવંત અંદેશાઓમાં આ વખતે ખટલીનું ચિત રોકાઇ રહ્યું. તે તો આ વખતે પરંણી ચુકેલી હતી, કે જે પરણવાનું પરિણામ ગરીબાઇનાં સંકટને લીધે પોતાના પ્યારા પતિની જુદાઇમાં આવ્યું હતું. પણ આ વખતે ખટલીને લાગ્યું કે જો તે આમ ઉતાવળ કરીને પરણી ગઇ નહી હોત તો આજે આ મોટા મેહલમાં પરણીને એ મોટી મતાની રાણી થવાનું તેને બની આવત—અને એક મોટા "સાહેબજાદાને પરણવાનું" તેનાં બચપણનું સ્વપ્નું આ વખતે ખરૂં પડયું હોત.

પણ આ અંદેશાઓમાં ખટલીને તેની સહીઓએ ઘણીવાર ઉભી રેહવા દીધી નહી. પીલાઇ અને દીનીએ ખટલીને પીયાનો ઉપર ગાવા વગાડવાની બોહસ કીધી, અને ખટલી ઘણી આનાકાનાથી તે મધુર શરોદના વાજાંના શરોદમાં પોતાના કોમળ કંઠનો શરોદ મેળવતી બેઠી. મિસિસ સાવક્ષાની સ્કુલમાં પોતે "પ્રાકટીસ" કરેલું ઘણુંક "મ્યુજીક" તેને યાદ આવ્યું અને હાનરેબલ હીરાજી શેઠનું કુટુંબ તેના ગાવા તેમજ વગાડવાના મીઠાસ અને નરમાસથી છેક છક થઇ ગયું. સોલીશેઠ જે પોતાના જીગર જાનથી ખટલી ઉપર ફીદા થયલો હતો, તેને તો હવે પોતાના જીગર અને જાન કરતાં બીજું શું ફીદા કરવું તે પણ સુજયું નહી.

હીરાજી શેઠે માણકશાહ શેઠને જરા લેટીને "બરડો નાખવા" ઘણી બોહસ કીધી, અને એક વાર ખટલીએ પણ તેવણની આગળ આવી તેવણને લેટાડવાની યાદ રાખી, પણ તેવણને આ ગમત વચે લેટવા ગમ્યું નહી અને તેવણ સઘળો વખત ખડા ને ખડા બેસી રહ્યા તથા ગમત મેળવવા લાગ્યા. અગત્ય કરીને ખટલીની અરજ ઉપરથી તેના ગાઇ વગાડી રેહવા બાદ સોલીશેઠની બેહનો બાઇ પીલાઇ અને દીની ગાવા વગાડવા બેઠી, તેમાં માણકશાહ શેઠનું મગજ વધારે રોકાયલું રહ્યું. તેવણની ભાણેજ ખરેખર કેવી ઉમદા કેળવણી પામેલી હતી તે તેવણે સરખામણીથી જોઇ લીધું. કેમકે પીલુ અને દીનુના કરતાં ખટલીનું ગાવું વગાડવું ખરેજ તોફો અને ઉમદા તેવણને જણાયું. "મારી ભાણેજ ખટલી તો એક ખરેખરૂં નંગ છે." તેવણે મનમાં વિચાર્યું "આ પોર્યો સોલીશેઠ એના ઉપર જીવ પ્રાણ કાહાડી આપેછ તે ખરેખર વાજબી છે."

એમ કરતાં ચાનો વખત થયો, કે જે ચા લીધા પછી હીરાકાસ્ટલના આ પરોણાઓ પોતાના ચીનાબાગમાં પાછાં વિદાય થવાનાં હતાં. તેઓએ માવાના સમુસા તથા જેલીના "પાનકેક" વગેરે મિષ્ટાંનો સાથે ચા લીધી અને એ રીતે તાજાં થઇને મામા ભાણેજ બંને પોતાને ઘેર જવાને તૈયાર થયાં.

મેજબાનો તેમજ મેમાનોને એકેકથી છુટું પડવા ગમ્યું તો નહીજ. પીલી અને દીની બેહુ બેહનો તેમજ તેમના ભાઇ સોલીશેઠને ખટલીથી છુટાં થવાનું ઘણું અસીકું લાગ્યું. પણ જયા વગર કાંઇ ચાલે નહી. તેમની ગાડી ઓટલા આગળ આવીને ઉભી અને તેઓ ઘણા પ્યાર સાથ મળી ભેટીને છુટાં પડયાં.

ગાડીમાં જતાં જતાં મામા ભાણેજ પોતાની આજની થયલી પરોણાગત વિષે ઘણી ખુશ વાતચીત કરવા લાગ્યાં. માણકશાહ મામા સોલીશેઠની અને તેના બાપની તથા ખટલી બેહુ બેહનો પીલાઇ અને દીનીની તારીફ કરવા લાગ્યાં, કે જેઓએ પોતાની લાયકી અને અસરાફી વિષે ખટલીનાં મન ઉપર કદી નહી ફીટે એવો છાપ બેસાડયો હતો.

પ્રકરણ ૧૨ મું.

પહેરોણાગતનો ભેદ.

પણ હજી આ સઘળી ખાતરદારીના ખરેખરા ભેદની ખટલીને ખબર નહી હતી.

એ ભેદ તો જુદોજ હતો.

પીલી અને દીનીએ ખટલીની જે ખુબ ખાતરદારી કીધી તે તો તેઓના ભાઇ સોલીશેઠની શિખવણીનું પરિણામ હતું. અને તે શિખવણી બરાબર સમજવા માટે હીરા કાસ્ટલમાં એ ભાઇ બેહનો વચે થયલી ગઇ કાલની વાતચીતજ આપણે સાંભળવી બસ થશે. તેઓ વચે નીચલી સમજુતી ચાલી હતી—

"માકા મુકાદમની સાથે એની ભાણેજ ખટલી આપણે ત્યાં આવનારી છે ખરી," સોલીશેઠ બોલ્યો હતો "પણ તમે મારી બેહનો, એ નાજનીનને હજી ઓળખતાં નથી. તમે એને જોશો ત્યારેજ જાણશો કે ખટલી તો એક ખરેખરી પુતલી છે અને કોઇ પણ પાદશાહના મેહલને રાણી લેખે દીપાવે તેવી પરીજાદ છે."

"કેમ ભાઇ, એ છોકરી એટલીબધી ભાવેછ, ત્યારે એ ખટલી ઉપર કાંઇ ખાટીમીઠી તમારી મરજીછે કે શું?" વડી બેહન પીલીએ પુછ્યું હતું.

"હાજ તો." સોલીશેઠે એકદમ કબૂલ કીધું હતું. "બેહનો, હું ધારૂંછ કે એ નાજનીન મારા હાથને અને આપણાં ઘેરને ઘણી લાયક છે."

"પણ બાવાને ગમશે? બાવા કેમ કબૂલ રાખશે?"

દીનીએ અડચણ સુજાડી હતી.

"બાવા શા વાસતે ના પાડે?" સોલીશેઠને કશી હરકત દીસી નહી. "કાલે બાવા એ છોકરીને જોશે એટલે પસંદ કરશે."

પણ હરકત બુન્યાદ અને ખાનદાનની હતી અને વડી બેહન પીલાઇએ તેજ હરકત સુજાડી હતી.

"આપણાં નામને લાયકનું ખાનદાન નથી તે?" દીની બોલી હતી.

"ખાનદાનને શું રડે?" સોલીશેઠે આ હરકતનો ચુકાદો તડ ને ફડ આપી દીધો હતો. "આપણાં ઉંચા ખાનદાન છતાં કેટલાં સગાંવહાલાંઓ રખડતાં ફરેછ. જોઇયેછ, જોઇયેછ, ને પૈસા જોઇયેછ. પૈસા ખાનદાન બાનદાન સહુ કરતાં સરસ છે."

"પણ ભાઇ સોલી, આપણી પાસે પૈસાનો શો ટોટો છે?" બેહનોએ ભાઇને યાદ આપી હતી.

"છે એમતો આપણા બાવા પાસે માગી ખાવા જેટલા પૈસા છે, પણ તે આ માકા મુકાદમના પૈસાને નહી પોંહચે." સોલીશેઠે લોભી ધારણા કીધી હતી. "તે પોતાના બધા પૈસા પોતાની આ ભાણેજને આપી જવાનો છે, અને એ છોકરી જો મારે હાથ આવી તો આખાં પુણામાં હું કરોડપતિ થઇ શકીશ. ડાપુલીનું એસ્ટેટ વેચવા કાહાડેલું છે તે હુંજ વેચાતું લઇશ. તે કયારે? આ ખટલીને પરણીને તેનો અને તેના પૈસાનો ધણી થઇશ ત્યારે."

"પણ ભાઇ સોલી, તું હીરા કાસ્ટલનો વડો આવી એક રખડતી છોકરીને પરણી લાવે તેના કરતાં તારા હાથને વધારે લાયક તો હીર વાડિયાની હીલ્લા છે." હીરવાડિયાની હીલ્લા લગનનાં બાજારમાં એક બીજી તેનાં માબાપે વેચવા કાહાડેલી પુતલી હતી અને સોલીશેઠને ખટલી સાથ પિછાણ થઇ તે અગાઉ હાનરેબલ હીરાજીનાં કુટુંબમાં તેને વહુ કરવા વિષે ઘણી મસલતો થયલી હતી.

"હીર વાડિયાની હીલ્લાનો હાથ તો હું કદીબી કબૂલ નહી રાખું." સોલીશેઠે પોતાની બેહનોને પોતાનો નકી ઠરાવ જાહેર કરી મુકયો હતો. "એ હીલ્લા તો નાકપર માખ નહી બેસવા દેય એવી મિજાજ ને મર્ડાટની ભરેલી, તે આ ખુબસુરત ખટલી આગળ તો પાણી ભરેછ, પાણી!"

આ વાતચીત કાલ રાત્રે ભાઇ બેહનો વચે થયલી હતી, અને તેથીજ હીરા કાસ્ટલમાં આજે તે બેહનોએ ખટલીની આટલીબધી આગતાસ્વાગતા કરી હતી.

અને એજ પ્રમાણે "હીરા કાસ્ટલ" થી પાછા ફરતાં માણકશાહ શેઠે ગાડીમાં ખટલી

સાથે જે વાત ચલાવી, તે પણ તેને સોલીશેઠ સાથે પરણાવાને લગતીજ વાતચીત હતી.

"મામાજી, આખો દાહડો બેસી રેહતાં રેહતાં તમો થાકી ગયા હશો. આપણે ઘેર જઇને હવે સાંજ સુધી લેટીને આશાયશ લેજો." ખટલીએ મામાની દયા ખાધી.

"થાક લાગે, નહી લાગે, પણ સહુ ખમવીજ તો દીકરી" મામા બોલ્યા. "તારી ખાતર એ બધી થાક મેં ખુશીથી ખમી."

"મારી ખાતર? એટલે? એમાં મારી ખાતર રાખવાની શી હતીજી?" ખટલીએ નવાઇથી પુછ્યું.

"તું સમજી નહી દીકરી? તારી ખાતર એટલેકે તુંને આ હીરા કાસ્ટલની રાણી બનાવવા ખાતર" મામાએ ઝટ જવાબ દીધો. "તું આ સોલીશેઠને પરણીને એના મેહલ અને મીલકતની ધણીયાણી થાય તે જોવાને હું કેવો ઇનતેજાર છું. તુંને એવી ચહડતી હાલતમાં જોવી એ મારી જીંદગીમાં સહુથી મુબારક રોજ હું સમજીશ, દીકરી."

ખટલી આ વાત નિકળતાંજ ચૂપ બેસી રહી.

"આજની બધી માવજત, મસાગત, મારી ઉપર નહી પણ તારી ઉપર થયલીછે." મામાએ વાત ચાલુ રાખી "એ બધું તું નહી સમજી હશે, પણ હું તો તુર્ત સમજી ગયોછ. અને હું તો વાતેવાત તારૂં માગું થવાની વકી રાખતોતો અને તારી માગણી કરવામાં આવશે તો હું જવાબ શો દઇશ તેના વિચારમાં ને વિચારમાંજ હતો."

"ત્યારે તો સારૂં થયું મામાજી કે એ લોકોએ એવી કોઇ માગણી કીધી નહી, કે જેથી તમારો ગુચવાડો મટી ગયો."

"ખરૂં, પણ હીરાજીએ મને એકાંતમાં શેત્રંજ રમવા બેસાડયો ત્યારે હું એમ સમજતોતો કે હવે તુને તેની વહુ કરવાની વાતનો લાગ મળ્યો. પણ તેણે એ વાત છેડીજ નહી."

"અને છેડી હતે તો તમે શું જવાબ દેતે મામાજી?"

"હું અલબતાં હા કેહતે." મામા એકદમ બોલી ઉઠયા. "હું જાણુંછ કે સોલીશેઠને તું પરણવા ચાહતી નથી, તોપણ હું તો તારી તરફથી હાજ કેહતે, કાંકે હું સારી પેઠે સમજુંછ દીકરી કે તારે પરણવા માટે એના જેવું લાયક ઠેકાણું બીજું એક નથી. અને તે તો આજે હીરા કાસ્ટલની મુલાકાતમાં તારી નજરો નજર જોયુંછ."

ખટલી ગમગીન ચેહરે ચૂપ બેસી રહી અને તે આ વાતથી દિલગીર છે, એવું તેણે પોતાની ચુપકીદીથી દેખાવા દીધું.

ખટલી શું કરે? તે આ માતબર મામાના પૈસાની આશાપર વાટ જોતી બેસી રહેલીછે. નહી તો કે જેમ તે પોતાના પરણ્યા. વરને મુકીને નાહસી આવેલીછે, તેમ આ મામાને મુકીને છોડી જાત.

હવે બેહતર તો એજ કે મામાને આ ઉમેદમાં ને ઉમેદમાંજ રેહવા દેવો. સદાનાં ધનબાઇજીએ કહેલું છે કે હવે તેવણ ઘણાં વર્ષ જીવવાના નથી, અને પરણેલી ખટલીને પરણાવવાની પોતાની આ ઉમેદ તેવણ પાર પાડશે તે અગાઉ તો તેવણની જીંદગીનોજ અંત આવશે એમ છે.

અને એ ઉમેદમાંને ઉમેદમાંજ તેવણ ખટલીને વધારે સારો વારસો આપી જશે. તે મોટે ઘેરની વહુ થવાની છે, એવા ભરૂસા ઉપર તેને મોટે ઘેરને લાયકનો મોટો વારસો આપી જવાને તેવણ વધારે ખુશી થશે.

"પૈસામાં પૈસો વધારવો એ આવા પૈસાદાર ઘરડાઓનો લોભ હોયછ," ખટલીએ ધીરજ ધરી. "તેમ એવણનાં અંતકાળે થશે અને તે પછીજ મારો છુટકો થશે."

પ્રકરણ ૬૩ મું.

નાજાંનો નવો લાડ.

એક બીજા ક્રિસ્ટમસના થંડા હિગામ ઉપર આપણ આવીયે છીયે, કે જે હિગામમાં પુણાની સહવાર અને રાત્રી કકડતી થંડીમાં પણ બપોર અને પાછળા પ્રહરનો સમય સેનસાન સેહવાતી ગરમીમાં ગુજરેછે. એ તે ખુશનુમા હિગામ છે, કે જ્યારે શેહરસુખાકારી સુધારવાના સબબે આપણા મેહલાશાહ મુકાદમ જેવા ગરીબ ડાકટરોની ઘરાકીમાં ઘટાડો થાય-

છે અને ખાંસી, સલેખ્મ, નજળો, તથા સંધીવા જેવા સર્દીના રોગો જે થંડીમાં ઉભરી નિકળતા હોય, તે સિવાએ તાવ વગેરે ગરમીના રોગોનાં દર્દીઓ ઘણા ઓછા થઇ જવાથી મેહલાશાહ જેવા તબીબોનું શેહરમાં ઓછુંજ કામ પડેછે.

એવી ફુરસદની એક સિતલ સાંજે ડાકટર મેહલાશાહની લાડકી ભાણેજ નાજાં, તેવણનાં દવાખાનાંવાળાં દિવાનખાનામાં પોતાની આળસમાં એકલીજ વખત ગાળતી બેઠી હતી. ડાકટર સાહેબનાં દવાખાનામાં "ઘેરનાં છોકરાં" એ બેસવાનો ધારો નહી હતો, અને "ઘેરનાં છોકરાં" તે ધારાને માન આપી ચાલતાં હતાં, પણ નાજાં ધારાને માન આપનારી તાબેદાર છોડી નહી હતી. તે મેહલાશાહમામાના લાડથી છકાવેલી એક લાડકી હતી, તે જેમ મામા કેહ તેમ નહી કરવામાં અને નહી કેહ તેમ કરવામાં પોતાની મોજ સમજતી હતી. તે મામાના હુકમથી ઉલટી રીતે ખામખા દવાખાનાનાં દિવાનખાનામાં વખત ગુજારવાનો ગોયા નવો લાડ કરતી હતી.

એક દવાખાનું કાંઇ આળસુ, રમતિયાળ યા મસ્તાન છોકરાંઓને લાયકનું રમતખાનું કેહવાય નહી. જ્યાં કપુર કે ક્વિનિન, રૂહુબાર્બ કે અફીણનો જલદ વાસ નિકળ્યા કરે, અથવા જ્યાં જમાલગોટાની ગોળીઓ વણાય અથવા જોલાબના ઘુંટારાઓ ઘુંટાય તેવી જગ્યામાં છોકરાંઓને બેસવાજ ગમે નહી. પણ નાજાંના શોખ બીજાં છોકરાંઓના શોખથી જુદાજ હતા. બીજાં બચ્ચાંઓ કડવાં કડવાં ઓશદોથી પોતાનાં નાક દાબે ત્યારે નાજાંને તે ઓશદોનો સોહરમ સુંઘવા ગમતો હતો. તેને મનથી અફીણનો વાસ તે પાન સોપારીનો મુખવાસ હતો અને એક ગાંધીની દુકાનનો ઘુંટાળો (તથા ડાકટર મેહલાશાહનું દવાખાનું એક ગાંધીની દુકાન કરતાં ચહડતું નહી હતું) તે તો એલચી, લવંગ, તજ, ધાના, જીરૂં અને બીજા ગરમ મસાલાની લેહજત આપનારો હતો. માટે નાજાં એક દવાખાનાંના વસાણાંઓના એવા મસાલેદાર મુખવાસની શોકીન હતી અને તે શોખથી આ દવાખાનામાં વખત ગુજારવાનું બાહનું કાહાડતી હતી.

પણ તેનું ખરૂં કારણ તો જુદુંજ હતું અને તે ઉપર કહ્યું તેજ હતું કે છોકરાંઓને દવાખાનામાં બેસવાનો મેહલાશાહ મામાનો હુકમ નહી હતો, તેથી નાજાં તેવણની બેઅહેસપર તે હુકમથી ઉલટી ચાલવાનો લાડ કરતી હતી. વળી પોતે જેટલું શિખેલી નહી હોય તે કરતાં વધારે હોશ્યાર હોવાનો નાજાં દાવો કરતી હતી, માટે નાજાં દવાદારૂનાં કામમાં પોતાને હોશ્યાર દેખાડવા સારૂં મામાનાં દવાખાનાંમાં બધી દવાની સીસીઓનાં નામ ગોખી રાખતી હતી, અને જેમ એક ઘેરની લાઇબ્રેરીમાં એક ચાલાક બચ્ચું સઘળી ચોપડીઓ ગણી રાખેછે અથવા હરએક ચોપડીનાં નામ જાણી મુકેછે અને જે ચોપડી માગી હોય તે ઝટ દોડીને લાવી આપેછે, તેમ નાજાં આટલીબધી સીસીઓનાં નામ કેમ મોહડે રાખી શકેછે અથવા ઠેકાણાં કેમ યાદ રાખી શકેછે, તે ડાકટર મેહલાશાહની અજાયબી હતી. પોતાની ભાણેજને એટલી ચાલાક જોઇ એ ડાકટર સાહેબ ખુશી થતા હતા. તેવણ પોતાનાં દવાખાનાંમાં એક કંપાઉંડરનો પગાર આપી શકે એટલા પૈસાદાર નહી હતા, પણ એક દાહડો એવોબી આવશે કે જ્યારે તેવણની આ લાડકી ભાણેજ તેવણના કંપાઉંડર પોર્ટુગીજનું કામ પૈસા યા પગાર લીધા વગર મુફત કરશે. અને તે ખુશીની લેહરમાં હુકમ ઉપરાંત દવાખાનામાં બેસવાનો તેનો વાંક તેવણ માફ કરતા હતા.

અને એમ કરતાં કરતાં નાજાંને કોઇવાર દવાખાનાંમાં વખત ગુજારતાં લાભ પણ હતો. અંહી જેમ કડવાં ઝેરો એકઠાં કરેલાં હતાં, તેમજ મીઠાં શરબતો પણ હતાં. અંહી મીઠાં લીંબુ, તથા દ્રાક્ષો, તથા મધ અને શાકર વગેરે હતાં, જેઓના રસથી નાજાં મીઠાં શરબતો બનાવતાં શિખી હતી, એટલુંજ નહી પણ કોઇવાર મેહલાશાહ મામા પોતાની લાડકી ભાણેજ ઉપર ખુશ લેહેરમાં આવેલા હોય ત્યારે નાજાં તેવણને મધુર શરબતો આઇસમાં થંડાં બનાવીને ચખાડતી તેથી મેહલાશાહ ડાકટર ઘણો આરામ પામતા હતા. અને એ રીતે દવાખાનાંમાં બેસવા તથા વખત ગુજારવાનો વાંક તેવણે નાજાંને તદન માફ કીધો હતો—તો જોકે તેવણ તેને ગંભીર ચેતવણી

આપવાને કદી ચુકતા નહી હતા કે "દીકરી, દવા નામે ઝેરી હોયછ—એક દવાખાનું તે ઝેરોનાં સંગ્રહસ્થાન જેવું છે—મારે એવી ઝેરી દવાઓની આસનાઇ ઘણી જોખમભરેલી છે—અને તું એ દવાઓને હાથ લગાડતાં ઘણી સંભાળ રાખજે દીકરી." ડાકટર મેહલાશાહને ધીરજ એટલીજ હતી કે દરએક ઝેરી દવાની સીસી ઉપર "ઝેર" એવી લીલા રંગની ચીઠી વળગાવેલી હતી, કે જેથી મીઠું શરબત બનાવતાં, કડવું ઝેર ભેળી દેવાની કોઇની પણ ભૂલ થવાનો કોઇ દાહડે પણ ભય નહી હતો.

મારે નાજાંને આમ દવાખાનામાં વખત ગુજારવાનો જોખમ જેમ જેમ તેની વડી બેહન મેહરી વધારે સમજતી તથા નાજાંને સમજાવતી હતી, તેમ તેમ નાજાં જાણેકે મેહરીને ખીજવવા હોય તેવી રીતે બોહસે કરીને દવાખાનામાં વધારે બેસી રેહતી, અને મામા આગળ નાજાંની એ નાફરમાનીની રાવ જેમ જેમ મેહરી લઇ જતી હતી તેમ તેમ મામા તે વાંક વધારે દરગુજર કરતા હતા.

પણ વળી આ ચોકસ હિગામ ઉપર નાજાંએ મેહલાશાહ મામાનાં દવાખાનાંમાં વધારે વખત ગુજારવાનું એક બીજું ખાસ કારણ હતું. તે પેલા "બેગાના મર્દ" ને મળવાની નાજાંએ પોતાની બેહન ખટલીને આપેલી કબુલાતનું કારણ હતું. તે "અજાણો માટીડો" ખટલીને પુછતો એકવાર આવ્યો હતો, તેમ બીજી વાર આવે—અને હવે તે ખચીત પાછો આવશે એમ ખટલીને જમસુના છેલા કાગળ ઉપરથી વધારે સંભવ હતો—તે જો પાછો આવે તો નાજાંએ તેને કેમ મળવું અને કેવો જવાબ દઇને ઉડાવવો તે વિષે ખટલીને પોતે જે જે કબૂલાતો આપી હતી, તે કબૂલાત પાળવાની ઉલટમાં તે આ દવાખાના મધે વધારે આવી બેસતી હતી.

તે બેગાના પરપુરૂષ વિષેનો પોતાનો છુપો ભેદ ખટલીએ નાજાંને છુપ્યા ભરૂસા ઉપર કહીને જે વિશ્વાસ દેખાડયો હતો, તે વિશ્વાસ જાળવવા અને તે વિશ્વાસ બજા લાવવાની એ નાદાન છોકરી નાજાંની ઉલટ જબરી હતી અને તે ઉલટમાં ને ઉલટમાં નાજાં દવાખાનાંની બારીએ કલાકના કલાક બેસીને વાટ જોયા કરતી હતી.

ડાકટર મેહલાશાહ મુકાદમનું દવાખાનું તેવણના બંગલા "લાલ કીલ્લા" ના આગળા ભાગ ઉપર હતું, અને પેલો "અજાણો માટિડો" જોકે આગળ પાછળે રસ્તે આવ્યો હતો, તોપણ આ વખતે આગળે રસતે આવે એવો દરએક સંભવ હતો. વળી જો તે બીજીવાર આવે તો બીજીવાર પણ નાજાંએજ તેને મળવું, તથા નાજાંએજ તેને જવાબ દઇ પાછો વાળવો અને ઘરમાંનાં બીજાં કોઇ સાથ તેને વાત કરવા નહી દેવી એ ખટલીની નાજાંને તાકીદ કરેલી હતી. વાસ્તે પોતાની વ્હાલી બેહનની એ તાકીદની મારેલી નાજાં "લાલ કીલ્લા" ના આગળા ભાગ ઉપર દવાખાનાંમાં વધુ વખત ગુજારવા લાગી હતી.

એ રીતે તે બેગાના મર્દની વાટ જોતાં જોતાં એક દાહડે ક્રિસ્ટમાસની થંડીના ખુશ હિગામના જે પાછળા પ્રહર ઉપર આજે આપણ આવ્યાં છીયે તે વખતે વાટ જોતી નાજાંની વકી ખરી પડી. તેણે દવાખાનાની બારીએથી જોયું, તો દરવાજાની બાહારના રસ્તા ઉપર એક ભાડુતી ગાડી આવીને ઉભી અને તેમાંથી એક પુરૂષ નિકલીને ઉતર્યો, કે જે જુવાન પારસીને જોતાંવારજ નાજાંએ ઓળખી કાહાડયો અને ઓળખતાંવારજ તે બોલી ઉઠી કે—

"હા! એજ! તેજ! પણ આજે તો કેવો મજેનો ધોતો ધોતો થઇને આવ્યોછ! અને આજે લાગેછબી કેવો આબરૂદાર!"

નાજાં બાહાર ઓટલા ઉપર નિકળી ઉલટભર તે બેગાનાની હીલચાલ નિહાલતી ઉભી. આગળ જેમેં તે અજાણાને જોઇને બીધી અને છુપાઇ જવા કરતી હતી, તેમ આજે તે બીધી યા છુપાઇ ગઇ નહી. પણ તે અજાણા વિષે ખટલીએ પોતાનો ખાર કબૂલ કીધા પછી આજે તો તેને મળવા તથા જવાબ દેવાની નાજાંને વધારે હિંમત આવી. અને તેથીજ તે ઓટલા ઉપર આવી ઉભી, કે જેથી તે બેગાનો તેને જોય અને તેની નજદીક આવે.

જમસુ જસાવાળાએ નાજાંને જોઇ નહી. તોપણ તે ખરેખર અંહીજ આવતો હતો અને નાજાં જોયછે કે લાલ કિલ્લાથી તે અજાણો

હોય તેમ જરાવાર વિચારમાં ઉભો રહ્યો, પછી દરવાજા ઉપર આવી તેણે ડાકટર મેહલાશાહનાં નામનું પાટિયું વાચ્યું અને તેવોજ તે દરવાજામાં દાખલ થયો.

ખટલીનો ખત પોતાને મળ્યા પછી જમસુએ અંહી ડાકટર મેહલાશાહને લાલ કીલ્લામાં મળવા જવાનો ઠરાવ કીધો હતો તે પ્રિય વાંચનાર યાદ કરશે. આજે તે પોતાનો ઠરાવ બજા લાવ્યો.

પણ આજે તે આગળના કરતાં ખરેખર ફેરવાયલી હાલતમાં હતો. આજે તેનો દેખાવ આગળના જેવો કંગાલ અને ચીઠડેહાલ નહી હતો. બે વર્ષ ઉપર તે અંહી લાલ કીલ્લાની પાછળી દિવાલે પોતાની ખટલીની ખોળ કરતો આવ્યો હતો ત્યારે થાકેલો, અને લેવાયલો, લુટાયલો જેવો તેનો દેખાવ આજે નહી હતો. એ બે વર્ષમાં તો તેની જીંદગીમાં મોટા ફેરફારો થઇ ગયાછે. એ બે વર્ષમાં તે આસ્ત્રેલિયા જઇ પાંચ પૈસા કમાઇ આવ્યોછે, જેની અસર આજે નાજાંએ તેના ધોતા ધોતા પોશાક તથા ગાડી ઘોડા સુધાંની મુલાકાતમાં જોઇછે.

તેને બાગની અંદર આવતો જોઇ નાજાં, તેને સામી મળવા ગઇ અને વિચારતી ગઇ કે "સારૂં થયું કે એ એકલો છે અને હું પણ એકલીજ છું. મેહરી, કે મેહલાશાહ મામા, કે બીજાં કોઇ એને મળ્યાં હતે તો વાત કેવી બિગડી ગઇ હતે."

ડાકટર મેહલાશાહતો બપોરના બાહાર કોઇ ઘરાકને ત્યાં રોકાયલા હતા, મેહરીતો તે સાંજે એક સહીને ત્યાં મળવા ગઇ હતી અને ઘેરમાંના બીજાં માણસો પાછલા ખણમાં કામે રોકાયલા હતા.

"ઓ હો! આવોજી! આવોજી!" જમસુ જસાવાળાએ નાજાંને સામો આવકાર દીધો. "હું તમોનેજ શોધતોતો, ને મારાં કેવાં સારાં બાયગ કે તમેજ પેહલાં મળી ગયાં!"

"જી, તમે કોણને પુછોછ?" નાજાંએ અજાણી થઇને પુછ્યું "તમે મારા મામાના કોઇ ઘરાક હશો! જો ડાકટર સાહાબને પુછતા હોય તો તેવણ તમોને હમણા મળશે નહીજી. તેવણ તો બાહાર ગયલાછે. તેવણનો મેળાપ દરરોજ સહવારના ૭ થી ૯ અને સાંજના ૬ થી ૮ વાગતા સુધીમાંજ થાયછ."

"નહી બાઇ, હું કાંઇ ડાકટર મેહલાશાહને મળવા આવ્યોજ નથી, હું કહુંછની કે હું તો તમોનેજ પુછુંછ?"

"પણ મને શું પુછોછજી? તમે કોણ છો?"

"હું કોણ છું તે શું તમે મને ઓળખતાં નથી? આપણ આગળ મળેલાં છીયે, ખચીત હું તમોને યાદ હોવો જોઇયે."

નાજાંએ તો જાણેકે ઓળખતીજ નહી હોય તેમ શકનું ડોકીયું ધુનાવ્યું.

"બે વર્ષ ઉપર હું તમોને મળ્યો હતો, તેના કરતાં આજે હું વધારે આબરૂદાર માણસ તમોને દેખાતો હોઇશ. પણ જરા યાદ કરો, બાઇ સાહેબ. હું તમોને તમારા આ લાલ કીલ્લાના પાછળા બાગની દિવાલે મળ્યો હતો. હું તેજ શખ્સ છું કે જે તમારી બેહન ખરશેદબાઇ વિષે તમોને પુછવા આવ્યો હતો. હવે કાંઇ યાદ આવેછ, બાઇ?"

"કાંઇ જરા જરા સેજ યાદ આવેછજી." નાજાં બોલી. "પણ જી તે વાત તો તે દાહડે થઇ ગઇ. પણ હવે——"

"હવે હું તમોનેજ પાછાં પુછવા આવ્યોછ," જમસુ વચે બોલી ઉઠયો.

"હં! તમે મને મળવા આવ્યાછ, ત્યારે તો, જી, બાહાર ઉભા રહીને કેમ વાત કરશો? અંદર આવો, મારા મામાજીનાં દવાખાનામાં બેસો."

પ્રકરણ ૬૪ મું.

દવાખાનાંમાં બંનેવી.

જમસુએ આ નોત્રું એકદમ કબૂલ રાખ્યું, અને તે આલોજી કેહતો બંગલા ભણી ચાલ્યો. નાજાં તેનો ખુબસુરત અને આબરૂદાર દેખાવ નિહાલતી પછવાડે પછવાડે ચાલી અને મનમાં ખુશ થવા લાગી કે "ખટલી એ ધણીને ચાહેછ, એમ કેહતી હતી, તો હવે તે એને પરણશે અને એતો મારો બંનેવી થશે."

દવાખાનામાં પુગ્યા પછી નાજાંએ તેને ઘરાકોના બેસવાની ખુરસી આપી અને પોતે તેની સામી બાજુએ મામાના લખવા બેસવાની ટેબલ આગળ બેઠી. બીજા બોલોમાં ડાક્ટર મેહલાશાહની જગ્યા નાજાંએ લીધી અને ઘરાકની જગ્યાએ જમસુને બેસાડી મામા પોતાનાં ઘરાકો સાથે જેવી ઢબથી વર્તે છે તેવી ઢબની નાજાંએ નકલ કીધી !

જમસુએ બેઠાં બેઠાં આ દવાખાનામાં આસપાસનો સઘળો રાહઘાટ જોઇ લીધો, અને તેના પુરાણા દેખાવ તથા જુના ખખ ફરનીચર સાથે પોતાનાં મુંબઇનાં મરઘાસેરીનાં ઘરની કંગાલિયત અને પુરાણા રાચરચીલાંની સરખામણી કરી લીધી કે જો ખટલી તેને છોડીને અંહી આવી રહી હોય તો જે ગરીબાઇને તે છોડી આવીછે, તેના કરતાં કાંઇ વધારે સુખમાં અંહી રહેલી નહી હોય.

આસપાસ બીજાં કોઇ નથી, પણ નાજાં એકલી છે, એટલું જોઇને જમસુએજ વાત ચલાવી.

"જી, હું તમારાં બેહન ખરશેદબાઇ વિષેજ પાછો પુછવા આવ્યોછ. તેને લગતું જે કાંઇ જાણવાનું હોય તે બધું હું જાણવા માગુંછ. પેહલાં તો મને કહો કે તેવણ અંહી છે કે ?"

આ પ્રશ્નનો પાધરો ઉત્તર દેવાને બદલે નાજાં દિલગીર ચેહરો કરીને એક નિશોશ મુકીને ચૂપ બેસી રહી અને જમસુને પાછું પુછવાની ફરજ પડી કે—

"કેમ જી? તમારી બેહન ખરશેદબાઇ આ ઘરમાં નથી ?"

"અરે શેઠ ! તમે તો ત્યારે મારી ખટલી વિષે પુછવા આવ્યાછ ?" નાજાં ચેહરા ઉપર ઢોંગી દેખાવ કરીને બોલી. "તો હું શું કહું ? હું તો ધારતીતી કે તમે સામી ખટલીની કાંઇ ખબર લાવ્યા હશો અને તે હું તમોને પુછવા જતીતી, ત્યારે સામું તમેજ મને પુછોછ ?"

"તમેજ નહી જાણતાં હોય તો હું કેમ જાણું ?

"અરે સાહેબ ! એક વડી બેહન દુન્યામાં ક્યાં ક્યાં ફરતી ફરે, તે નાની બેહન જાણે નહી એ કેવું દુઃખભરેલું છે ! હું મકુંજે તમે ખટલીનો કાંઇ પત્તો લાવ્યા હશો !"

"ત્યારે તે હમણાં ક્યાં છે તે શું તમે કાંઇ જાણતાં નથી ?" જમસુએ ઇનતેજારીથી પુછયું.

"ખટલી તો, જી, મુંબઇમાં એલ્ફિનસ્ટન સર્કલમાં મિસિસ સાવક્ષાની સ્કૂલમાં છોકરાં ભણાવવાનાં કામ ઉપર રહેલી હતી—"

"તે તો હું જાણુંછ. પણ તે વાતને તો બે વર્ષ થઇ ગયાંછ. પણ ત્યાર પછીની તે ક્યાં ગઇછ ?"

"પછી તો—પછી તો—" નાજાં પોતાના મનમાં ગોઠવતી ગોઠવતી બોલી "પછી તો, સાહેબ, તે કરાંચીમાં શિક્ષકનાં કામ ઉપર રહેલી સંભળાઇ હતી."

"સંભળાઇ હતી ? તે શું તમોને લખતી નહી હતી કે ?" જમસુ આ સવાલ પુછતાં અધીરો થઇ ગયો.

"કરાંચીથી તો ખટલીનાં કાગળ આવતાંતાં ખરાં, જી. પણ તે વાતનેબી આજે દસ મહીના થઇ ગયા."

"કરાંચીમાં તે કોણને ત્યાં નોકરીએ રહીતી ?"

"સિંધી જેઠમળ પરબતની ગર્લ્સ હાઇ સ્કૂલમાં, જી." નાજાંના મોહપર જે નામ આવી ગયું તે તેણીએ કહી દીધું.

"વારૂં તેનાં કરાંચીના કાગળો તમારી પાસે છે ? ને હોય તો મને જરા દેખાડશો ?" જમસુએ મુદ્દો માગ્યો.

"જી, કાગળો તો બધાં ફાડી નાખ્યાંછ." નાજાંએ તેને ઉડાવ્યો. "ખટલી મેહલાશાહ મામા ઉપર કાગળો લખતીતી, ને મામા કોઇના કાગળો રાખતા નથી પણ વાંચે તેવાંજ ફાડી નાખેછ."

"પણ પોતાની ભાણેજ ક્યાં છે, તે શું તમારા મામા જાણતાબી નથી ? તે જાણવાની શું એવણને કાંઇ કાલજીજ નથી ?"

"કાલજી તો ઘણી છેજી, પણ તેવણ જાણે કેમ વારૂં ?" નાજાંએ ઢોંગ લગાવવા ચાલુ રાખ્યા. "બિચારા મેહલાશાહ મામા આવતાં જતાં બધાંને પુછતા ફરેછ, કે મારી ભાણેજ ખટલી ક્યાં છે ? પણ કોઇથી કશો પત્તો મળતો નથી, ત્યારે તેવણ ફિકર કર્યા કરેછ, કે ખટલી ક્યાં હશે ? ને હમણાં શું કરતી હશે ?" આ શબ્દોની સાથે વળી નાજાંએ થોડા વધારે ઢોંગ ઉમેર્યા. "મારી બેહન તો એક અજબ

પંખેરૂં છેજી. તે વા પેઠે ઉડતી ફરેછે. એકજી ઠેકાણે ઠરીને બેસવાનો તેનો ધારોજ નથી."

"તે તમે કેમ જાણ્યું? તમોપર તે કાંઇ લખેછ?"

"અવાર નવાર લખશે ખરી. અમે ધારીયેછ કે થોડા મહીના જશે ને પછી તે પાછી અમોને યાદ કરશે. તેના કાગળની અમે રોજ વકી રાખીયેછ. કોઇ દાહડે અચબુચ તેનો કાગળ આવી લાગશે અને છેક ઉંધાડે માથેના બંગાલી બાબુઓના કે મધરાજના અડધા નાગા માપલાઓના મુલકમાં જઇ પડેલી ને તરેહવાર દેશો દેશનાં પાણી પીતી અથવા દેખાવો જોતી સાંભળવાની વકી રાખીયેછ."

ખટલી વિષે આ સઘળું સાંભળવાની તેને વકી નહી હતી, માટે આ સઘળો જવાબ જમસુએ ડાચાં વકાસીને સાંભળ્યા કીધો. તે મુગો મુગો ધ્યાનમાં ને ધ્યાનમાં બેસી રહ્યો.

"કદાચ ડાકટર મેહલાશાહ વધારે જાણતા હશે." તે સેવટ ઉપર આવ્યો. "મારે તેવણને મળવું જોઇયે. તેવણ ખટલીની કાંઇ નવી ખબર મને કેહશે."

"અરે શેઠ! મામા બિચારા કાંઇ જાણતા નથી. તેવણ તમોને કશું વધારે કહી શકવાના નથી."

"પણ એક જુવાન જમાન અબળા ઘેરબાર મુકીને જતી રહે અને ખોહવાઇ જાય તે વિષે એમ અંધારાંમાં પડી રેહવું સારૂં નથી." જમસુએ મત આપ્યું.

"સારૂં તો નથીજતો. પણ એ મારી ખટલી ખોહવાઇ જવાથી જો ખરાબ થાયછ તો અમોને ખરાબ થાયછ. તમોને એમાં કાંઇ નથી." નાજાં એવું બોલી ઉઠી કે જે આ અજાણાને તેનો ખરો ભેદ કહી દેવાને લલચાવ્યા વિના રેહ નહી. "અમેતો ખટલીને ચાહનારાં છીયે. પણ તમોને શું લાગે વળગે? તમો કોણ કે જેથી મારી બેહન ખટલીના ખોહવાઇ જવાનો તમોને બળાપો લાગે? જેવું અમોને લાગેછ, તેવું તમો અજાણાને કાંઇ નહી લાગે."

"નહી શું લાગે?" જમસુ આ તાણાજણીથી ઉસ્કેરાઇને બોલવા પડયો. "નહી બાઇ, હું કાંઇ તમારી બેહનથી છેક અજાણો નથી. વારૂં બાઇ, જો હું તમોને કહું કે તમારી એ બેહનનું જેટલું મને લાગેછ, તેટલું બીજાં કોઇને નથી લાગતું તો તમે મારે વિષે શું ધારશો? તમારી એ બેહનની શોધમાં હું બબે વખત અંહી રખડતો આવ્યોછ તે ઉપરથીજ તમે મારે વિષે શું કેહશો? હું કહુંછ કે તમારી ખોહવાયલી ખટલીનો પત્તો મેળવવાનો મેં પાકો ઠરાવ કીધોછ તો પછી તમે મારે વિષે શું વિચારશો?"

"હું શું ધારૂંજી? હું તો કાંઇ ધારી શકતી નથી."

"ત્યારે હું તમોને ખુલ્લે ખુલ્લું કહુંછ બાઇ કે ખટલી તો મારી બાયડી થાયછ. હું તેનો વર છું, અને સરકારના ધારા પ્રમાણે તેમજ ખોદાતાળાના ઉતરી આવેલા ધારા પ્રમાણે મારી બાયડીનો કબજો લેવાનો મને હક છે."

"ઓ ખોદા! શેઠ, એ તમે શું બોલોછ!" નાજાં આ એકરાર ઉપર એકદમ ડઘાઇને બોલી. "શું મારી બેહન ખટલી પરણેલીછે!"

"હાજી હા!" જમસુ હિમતથી છાતી ઠોકીને બોલ્યો. "તે પરણેલીછે અને મનેજ પરણેલીછે. તે મારીજ બૈયર છે, પણ નિમકહરામ બૈયર છે. હું ગરીબ માણસ હોવાથી તે મને તજીને જતી રહેલી છે અને તોપણ હું તે દગલબાજને ચાહુંછ એટલો બેવકુફ છું. તેનો કબજો મેળવવાનો મને હક છે અને મારો હક લેવા તે મને મળશે નહીતો તેની શોધમાં હું દુનિયાના છેડા સુધી તેને શોધી વળીશ."

"ઓ! આ કેવો ભયંકાર ભેદ! શું તમે મારા બંનેવી થાવો?" નાજાંએ ફરી ફરીથી એકજ સવાલ પુછ્યા કીધો.

"હા, અને એ ઉપરથી તમારી બેહનનો હાથ મેળવવા અને તમારા મામાઓને મળવાનો મને કેટલો હક છે તે તમે સમજશો."

"અરે નહી નહી! તમે મામાજીને ના મળતા!"

નાજાં હવે કરગરવા લાગી. "તમારા ભેદનો એક બોલબી તેવણને ના કેહતા. નહીતો કે અમે બધી બેહનોનું નખોદ વળી જશે. હું અને મારી બેહન મેહરી મેહલાશાહ મામાની મેહરબાનીથી પળાંયાં જઇયેછ. પણ બેહન

ખટલી તેવણની મરજી વગર પરણી ગઇછ એમ જો તેવણ જાણશે તો ખટલી ઉપર ગુસાનાં વેરમાં અમોનેબી ઘેરની બાહાર કાહાડશે. મારા મામાનો મિજાજ તમે જાણતા નથી. તેવણ જેટલા દયાળુ ને મેહરબાન છે, તેટલાજ ફેરાવણ ને ગુસાવાળા છે. તેવણ જેટલી માયા કરેછ તેટલીજ શખત સજા પણ કરેછ. અમારામાંની એક બેહન આડી નિકળેલી જાણશે તો અમો બધી બેહનોથી એવણ અળગા થઇ જશે."

"તે તો ઘણું ઘાતકી કામ કેહવાશે. તમારા મામા એવા ઘાતકી છે તે હું જાણતો નથી."

"શું મારા મામાનો મિજાજ ખટલીએ તમોને કોઇ દાહડે કહ્યોજ નથી? હું તો ધારતીતી કે એક માટીડો એક બૈરીને પરણે ત્યારે એકેકનાં બધાં સગાંવ્હાલાંઓને ઓળખીને પરણેછ."

"પણ હું તો તમારા મામા મેહલાશાહ ડાકટરને ઘણા સારા માણસ ને દયાળુ મુરબી સમજતો આવ્યોછ."

"ખટલીએ તમોને એમ સમજાવ્યું હશે. પોતાના વરને પોતાનાં સગાંવ્હાલાઓ વિષે બુરૂં કેમ કેહવાય? અને હું મામાજીના કરડા મિજાજ વિષે બોલુંછ ત્યારે હું પણ કાંઇ તેવણનું બુરૂં બોલતી નથીજી. મારા મામા અમારૂં પાળણ કરેછ, અને અમોને નિમકરોટી પુરી પાડેછ, ત્યારે જેબી તાહડી રોટી યા જે સુકું પાકું કે વાસી ખાનું પીણું અમોને મળે તોપણ અમારે તો તેના સુકરાના કરવા જોઇયે, જી."

"ત્યારે બેહન, શું તમે મને મારી બૈયર વિષ કાંઇજ વધુ ખબર આપવાને ના પાડોછ?" જમસુ પાછો ખટલીની વાત ઉપર આવ્યો. "ત્યારે શું ખટલીની ખબર મેળવ્યા વગર જેવો આવ્યો તેવોજ મારે પાછો જવું?"

"હું જેટલું જાણુંછ, તે કરતાં વધારે તમોને શું કહી શકું?" નાજાં નિર્દોષ્ટાનો ઘુમટો ચેહરે ચહડાવીને બોલી "તમોને ખટલીની વધારે ખબર કાહાડવી હોય તો કરાંચી જાવો."

"પણ તમેજ કહોછ કે ખટલી કરાંચીમાં તો દસ મહીના ઉપર હતી, અને હાલ તે ત્યાં નહી હશે."

"હું એમ ધારૂંછ. એકને એક ઠેકાણે પડી રેહવાનો ખટલીનો સ્વભાવ નથી, તેપરથી હું અટકળ કરૂંછ કે તે આજે કરાંચી નહી હોય, જો ત્યાં હોય તો અમોને અવારનવાર લખતી રેહ. તે કરાંચીથી લાહોર કે કલકતે કેથેબી જ્યાં છોકરાં ભણાવવાનાં મળે ત્યાં ગઇ હશે."

"ત્યારે તમે મને કરાંચીમાં મોકલવા માગોછ તે શો ફાયદો?"

"કરાંચીથી કદાચ તમોને કાંઇ પાકું ઠેકાણું મળે."

"ત્યારે શું તમારી બેહન મુંબઇમાં મિસિસ સાવક્ષાની સ્કૂલમાં નોકરીએ ગઇ ત્યારની કદીબી અંહી પુણામાં પાછી ફરીજ નથી?"

"નહી—કોઇ દાહડેબી નહી." નાજાં જુઠું બોલી, અને તોપણ રખે તેનું જુઠું પકડાઇ આવે તે વિષે બીહતાં બીહતાં બોલી.

હવે જમસુ લાચારીથી જવા ઉઠયો અને નાજાં પણ તેને વળાવવા ઉઠી અને બોલી "કેમ જી? જાઓછજી?"

"હા. હવે રહીને શું કરૂં? તમેજ કહોછ કે તમારા મામાને મળ્યાથી મને કાંઇ ફાયદો થવાનો નથી."

"પણ ઓર અમોને નુકસાન થશે."

"ત્યારે મારે અંહી બેસી રેહવામાં કાંઇ સાર નથી. હવે તો હું પોતેજ જઇને કાંઇ મારી ખાનગી ખોળ કીધાથીજ મારી ખોહવાયલી ખટલી મને મળેછ કે નહી તે જોવું.'

"હાજી—ફતેહ કરો. ને ખટલીને શોધી કાહડો તો મારી દુવા કેહજોજી." નાજાંએ તેને ઉલટ આપી.

"અને હવે જતી વેળા હું એક છેલી અરજ કરૂંછ" જમસુએ છેલીવાર માગી લીધું "કે અગરજો કોઇબી દાહડે તમારી બેહનનું તમોને કાંઇ ઠેકાણું માલમ પડે તો મેહરબાની કરીને મને તે પોસ્ટમાં લખી જણાવજોજી."

"પણ તે ક્યાં લખુંજી? તમારૂં નામ ને ઠેકાણું શું છે?" નાજાં પોતાના આ અજાણા બંનેવીનું નામ નિશાન જાણવાને તલપી રહેલી હતી, તે પુછવાની તેને આ તક મળી.

"મારૂં નામ દારાશાહ દોલીદાદીના છે, એ નામે મુંબઇના કોટમાં મરઘાસેરીને સરનામે લખશો તો મને પુગશેજી."

જમસુએ પોતાનું ખરેખરૂં નામ કેહવાનો જોખમ સમજીને પોતાનાં લગન જે ખોટાં અને છુપ્યાં નામે કરીને જે ખોટું નામ ચાલુ રાખ્યું હતું તેજ નામ અંહી પણ કહ્યું.

"શું નામજી ? મને યાદ નહી રેહશે, હું લખી લેવું." એમ કહીને નાજાં, જે મામાની ટેબલ ઉપર બેઠી હતી, તેજ ટેબલ ઉપર પડેલાં કાગળોમાં "મી૦ દારાશાહ દોલીદાદીના, મરઘાસેરી, કોટ, મુંબઇ" એમ સરનામું લખી લીધું.

"વારૂં હવે સાહેબજી, બેહન." તે સલામ કરીને ઉઠયો.

"જી, મારૂં નામ નાજાં છેજી, ને તમે મારા બનેવી થાઓછ, તો મારાં ખરાં નામેજ મને બોલાવોજી."

પ્રકરણ ૬૫ મું.

લીલી ટિકિટવાળી દવાની સીસી.

"સાહેબજી નાજાંમાય." જમસુએ હવે જતાં જતાં ટકોરમાં તાણો માર્યો. "તમે મને એવો ખુશ ખુશ કરી પાછો વાળોછ, નાજાં, કે તમારી આ મુલાકાત હું કદી ભૂલી જઇશ નહી."

"તમોને ખુશી કરવા અથવા તમારૂં સારૂં કરવા બીજો કાંઇબી ઉપાય હોય તો મને ફરમાવોજી." નાજાં આ ટકોર સમજી જઇને પોતાના મામાનાં દવાખાનામાંની અભડાઇઓ બતાવવા લાગી. "આ દવાની સીસીઓ છેજી, એ સીસીઓમાંની દવાથી મારા મેહલાશાહ મામાએ ઘણાં જણનાં દુઃખ સાજાં કીધેલાં છેજી, અગરજો એમાં કાંઇ તમારાં દુઃખનો ઇલાજ હોય તો તેબી અજમાવવાને હું ખુશી થઇશ."

"દુઃખની દવા ? મારાં દુઃખની દવા કાંઇ નથી, નાજાં," જમસુ અભડાઇ ઉપરની દવાઓમાં નજર દોડાવીને બોલ્યો. "પણ, આ અભડાઇનાં છેક ઉપરનાં ફાંડિયાંપર આ લીલી ટિકિટ મારેલી દવા શું છે ? તે, હું ધારૂંછ, કે મારાં દુઃખનો ઇલાજ કરશે."

જમસુએ દવાખાનામાંની અભડાઇને છેક મથાળેની એક સીસી દેખાડી.

"ઓ ખોદા ! એ તો 'પ્રુસિક આસિડ'નું ઝેર છેજી." નાજાં તે સીસી જોઇને બોલી ઉઠી.

"હા ! માય નાજાં !" જમસુ હાય મારીને બોલ્યો "મારા સરખા એક દુખિયારાનાં સંકટોનો એ સીસી એક દાહડે સેહલ ઉપાય કરશે."

"ને તમે શું ઝેર ખાવા ધારોછ ?" નાજાંએ ગભરાઇને પુછયું.

"નહી, નહી, હું તો અમથી વાત કરૂંછ. હું જાણુંછ કે જે ઘણી એવા ઉપાયથી દુઃખનો છેડો લાવવાનો વિચાર કરેછ, તે હીચકારો બાયલો હોયછ. હું તેવો નથી—તોપણ સેજ કહુંછ કે હું જો મારાં દુઃખનો અંત લાવવા માગું તો એ ઉપાય છે."

"અરે શેઠ ! શેઠ ! મારા બનેવી જેવાના આ બોલોથી હું ઘણી દિલગીર છું. તોપણ ખોદા તમારૂં સારૂં કરશે અને હું ખાતરીથી ઉમેદ રાખુંછ કે તમારી બૈયર જ્યાં હશે ત્યાંથી તમોને જીવતી પાછી મળશે."

આટલી વાતમાં તો તેઓ દવાખાનાંમાંથી ઉઠીને બાહાર ઓટલા ઉપર આવી ચુકયાં હતાં. માટે હવે જમસુ નાજાંથી છુટો પડયો, અને તેની ગાડી જે દરવાજા ઉપર આવેલી હતી તેમાં સવાર થઇ પાછો ઉપડી ગયો, અને નાજાં તરેહવાર વિચારોમાં ગરકાવ થઇને દવાખાનામાંથી પાછી પોતાના ઓરડામાં ગઇ.

આજ પછી નાજાંએ દવાખાનામાં બેસવાની પોતાની ઉલટ છોડી દીધી અને મેહરીની તથા મેહલાશાહ મામાની નજરમાં હવે તે ડાહી દીકરી દીસવા લાગી.

ખટલીની ખોળમાં અત્યાર સુધી નિષ્ફળ થઇ, પાછો ફર્યા બાદ હવે પછી શું કરવું તે તેના "વ્હાલા, અતિ વ્હાલા વર" અને "જીગર જાન જમસુ" ને કશું સુજ પડયું નહી.

પોતાની ખોળમાં જ્યાં ફતેહ પામવાની આશાથી આવેલો ત્યાં સિકસ્ત પામીને તે ગયો અને હવે પોતાની ખોહવાયલી ખટલીનો પત્તો મેળવવાનો તેનો બીજો કશો ઉપાય રહ્યો નથી એમ તેને લાગ્યું. ખટલી મળવાને બદલે ખટલીની બેહન તેને મળી; અને તેની તે નાનકડી, નાજુકડી સાલીએ ખટલીના શિખવ્યા મુજબ ખરો પત્તો આપ્યા વગર તેને એવોતો વાહી કાહાડયો કે ખટલી પુણે હોવા છતાં પુણે નથી એવું જે તેણીએ તેને જુઠું સમજાવેલું તે તે ખરૂં માનીને ગયો. નાજાંના નાદાન દેખાવમાં અને સાદી સુરતમાં શક લાવવા સરખું જમસુને કશું જણાયું નહી. એક ગેટાંનાં સરખાં કોમળ બચ્ચાંમાં એક સરપના સરખી ઠગબાજી તે કેમ વિચારી શકે ?

નાજાંને ખટલીએ ખુબ તરાંહથી ચેતાવી રાખી હતી કે આ અજાણો મર્દ ફરીથી ખોળ કરવા આવે ત્યારે તો પુણામાં નથી એમ તેને માત્ર વાહીજ કાહાડવો નહી, પણ નાજાંના નિર્દોષ દેખાવ ઉપરથી તે કાંઇ ઉલટું પામી જાય, યા તેને જરાબી શક જાય એવું પોતાના ચેહરા ઉપરથી તેણે જરા લાગવા દેવું નહી. વડી બેહનની એ શિખવણીનો ભાગ નાની બેહને કેવી ચાલાકીથી બજાવ્યોછે, તે આપણે ઉપર જોયુંછે, કે જેનું પરિણામ એજ કે જમસુ જસાવાળો ગમે એવો ચાલાક અને બાહોશ છતાં પોતાની બાયડી ખટલીની ખોળમાં ઠગાઈનેજ પાછો ગયો.

હવે તેણે શું કરવું ? શું નાજાંએ સુજાડયું હતું તેમ કરાંચી જવું ? કરાંચીમાં ખટલીને મળવાનો સંભવ શો છે ? અને તે કરાંચી ગઇ હોય તો કયાં રહી હશે ? સંભવ હોય કે નહી હોય તોપણ અને તેની ખટલી ગમે ત્યાં હશે તોપણ જેઠમળ પરબત નામના આતબર સિંધીની નાજાંએ જે ઇધાણો આપીછે, તેનું ઘેર પુછતો જવાથી કદાચ જમસુને કાંઇ પત્તો જડે એમ લાગ્યું.

એ વિચાર એક વખતે તેનાં મગજમાં ભરાયો તો તેણે એકદમ ઉંચકી લીધો. અને આગગાડીમાં મુંબઇ પાછો ફરતાં પુણેથી પાધરોજ, બાહરોબાહારથીજ કરાંચી હંકાડી જવાનો તેણે ઠરાવ કીધો.

કેહવત છે કે "જ્યાં મરજી હોય ત્યાં રસ્તો પણ હોયછે." પુણેથી બાહારોબાહાર કરાંચી જવાનું બને એમ નથી. તોપણ મુંબઇમાં પગ મુકવા વગર ઠેઠ કરાંચી ઉપડી જવાનો જમસુ જસાવાળાને માટે એક રસ્તો તૈયાર હતો.

તે પણવેલીનો રસ્તો હતો, કે જ્યાંથી આજના રેલવેની અગાઉના જમાનામાં દરિયાને માર્ગે આવનારા સોલજરો વગેરે લોકો ખુસકીને માર્ગે પુણે અને દખણમાં કુચ કરી શકતા હતા.

ખ્રિસ્ટમાસના તેહવારની જે સાંજે જમસુ જસાવાળો નાજાંને મળીને પુણેથી પાછો ફર્યો, તે એક રવીવારની સાંજ હતી. તે દિને રાત્રે મુંબઇમાં વિલાતનો મેલ આવવાની વકી હતી, અને વિલાતનો મેલ આવ્યા પછી બાર કલાકે બ્રિટિશ ઇંડયા કંપનીની કરાંચીની આગબોટ મુંબઇનાં બારાંમાંથી ઉપડી જવાનો ધારો છે, તે જમસુ જાણતો હતો. તે સ્ટીમરથી તે ચાહે તો પાધરો ને પાધરોજ કરાંચી પુગી જાય એમ હતું. તેના ખીસામાં થોડાક રૂપીયા ખડખડયા કરતા હતા, માટે તેને આ દરિયાઇ મુસાફરીના ખર્ચની કશી અડચણ નડે એમ નહી હતું.

પ્રકરણ ૬૬ મું.

પણવેલીનો રસ્તો પકડયો.

આ ઠરાવ ઉપર આવીને જમસુએ પુણેથી પાછો ફરતાં, આગગાડી ઉપર મુંબઇ સુધીની ટિકિટ લીધી નહી, પણ પુણાથી માત્ર કરજત સુધીનીજ ટિકિટ લીધી અને રેલવે ટ્રેન બોરઘાટ ઉતરીને એ પાહાડની ટલેટીએ કરજત સ્ટેશન ઉપર ઉભી રેહતાંજ જમસુ ત્યાં ઉતરી પડયો.

કરજતથી પણવેલી જવાની પાકી સડક બાંધેલીછે, જે કલ્યાણીની પછવાડેના માથેરાનના અને બીજા રળિયામણા પાહડોની ખુદરતી રચના વચેથી પસાર થાયછે. કરજતનાં સ્ટેશન ઉપર ખબર કાહાડતાં જણાયું કે ત્યાં આવતી દરએક ટ્રેનની સાથેજ ભાડેના ટાંગા તૈયાર

ઉભા રહેછે, ને કરજતથી પાધરાજ તમોને પણવેલી લઇ જવાને મળી શકેછે. જમસુએ તુર્ત જ કરજતથી પણવેલી જવાનો એક ભાડુતી ટાંગો લીધો, અને પૈસાની આજી પહણુ કીધા વિના તેજ સાંજે ને સાંજે પણવેલી જવા નિકળી પડયો.

સાંજ પડી ગઇ હતી, એટલે બે કલાકને પગરસ્તે તે પણવેલી આવ્યો ત્યારે રાત પડી ગઇ હતી. અને રાત્રે ને રાત્રે પણવેલીથી મુંબઇ તેનાથી પોંહચી જવાય એમ નહીં હતું. મુંબઇનાં બારાંમાં આરપાર હાજી કાસમની (શેપર્ડ કું૦ ની) આગબોટો ફરેછે, માટે જમસુ સમજતો હતો કે કોઇબી વખતે જ્યારે ચાહે ત્યારે પણવેલીથી મુંબઇ ઉપડી જવાનું સેહલ હતું. પણ પણવેલી પોંહચ્યા પછી તેને જણાયું કે તેણે આ ખ્યાલથી ભૂલાવો ખાધો હતો અને ખોટી ગણત્રી કીધી હતી.

પણવેલી અને તેની આસપાસ અવારનવાર પારસીની ઠીક વસતી છે. અંહી મુંબઇના એક પારસી ગૃહસ્થ શેઠ માણકશાહ જાંહગીરશાહ તાલેયારખાંએ પણવેલીનું આગળું ઇંટ બનાવવાનું કારખાનું ખરીદી લઇને મોટી જમીન ઉપર પોતાની મીલકત બનાવીછે અને ત્યાં મોટા પાયા ઉપર ખેતીવાડી ચલાવીછે. થાણા અને કોલાબા, જીલ્લાના આ તરફના પારસીઓ ઘણાખરા દારૂનો ધંધો ચલાવેછે. પણવેલીમાં એક પારસીનું પીઠું આજ સાઠ વર્ષનું જુનું છે, જેનો આજનો વારસ એક મી૦ બેજનજી નામનો બુઢો ગૃહસ્થ છે. મી૦ બેજનજીનું પીઠું, પણવેલીનાં બંદરના રસ્તા ઉપરજ છે અને બંદરના ધકાથી આસરે માઇલેકને છેટે છે. કરજતથી આવ્યો તેવો આપણા મુસાફર જમસુ જસાવાળાએ આ પીઠાંમાં ઉતારો લેવા માગ્યો; અને મુફસીલના પારસીઓ પોતાના હમજાતની પહરોણાગત કરવાને જીવ પટકી નાખીને મેહનત કરેછે, તે સદાની જીવતી પારસી ખાસીયત મુજબ પીઠાંના માલેક અને તેનું રાંક કુટુંબ એક જરતોસ્તીને જોઇને ખુશ થઇ ગયાં અને તેઓએ તેને પોતાના ગરીબ ઉતારાનો આશ્રય આપવાને એકદમ કબૂલ કીધું.

અંહીથી આપણા મુસાફરને મુંબઇ પોંહચી જવાની ઉતાવળ હતી, કાંકે આવતી કાલે કરાંચી ઉપડી જતી આગબોટ તેણે પકડવાની હતી. પણ અંહી બુજર્ગ મી૦ બેજનજીનાં પીઠાંમાં વાતચીત કરતાં તેને જણાયું કે તેની ગણત્રી ખોટી હતી અને તેની ધારણા પાર પડવી મુસ્કેલ હતી.

મુંબઇનાં બારાંમાં ફરતી હાજી કાસમની આગબોટો કાંઇ પણવેલીમાં બંદર કરતીજ નથી. એ આગબોટો ફરતી થયા પછી, અને પુણેથી મુંબઇનો રેલવે બંધાયા પછી પણવેલીનું બંદર ઘણું ટુટી ગયુંછે અને તેનો જળ માર્ગેનો વેપાર વેહવાર બંધ પડી ગયોછે. મી૦ હાજી કાસમની આગબોટો તો પણવેલીથી નવ દસ માઇલ દૂર ઉલવા નામનું બંદર છે ત્યાંસુધી આવેછે અને ત્યાંથીજ ઉતારૂઓને લેઇ જાયછે. તેબી કાંઇ રાત્રે વેહવાર થતો નથી અને સહવારે પણ નહી. ઉલવામાં મુંબઇથી આગબોટ પાછળા પ્રહરે આવેછે અને પાછળાંજ પ્રહરે મુંબઇ જતી આગબોટ પણ બંદર કરેછે. માટે જમસુએ જોયું કે તેને આજની રાત્રે અથવા કાલ સહવારે વટીક આગબોટ મળવાની નથી. અને જો કાલને કાલ બારાંમાં નહી પોંહચાય તો કરાંચીની આવતી કાલની મેલ સ્ટીમર પણ તેનાથી પકડી શકાવાની નથી. હવે તો તેને તે આગબોટ જતી મેળવીજ પડી અને મેલ પછી બીજે ત્રીજે દિને જે બીજી આગબોટ કરાંચી જાયછે, તેજ લેવાનો તેને ઠરાવ કરવો પડયો.

એ રીતે કાલને કાલ કરાંચી ઉપડી જવાનો વિચાર પડતો મેળ્યાથી જમસુને આજની રાત્રી પણવેલીમાંજ કાહાડવાની ફરજ પડી, અને રાત અંહી રેહવાનું મી૦ બેજનજીનું નોત્રું તેણે ખુશી સાથે કબૂલ રાખ્યું. આ પીઠું જોકે એક ઝુંપડાં જેવું છે, તોપણ હવાવાળું અને કુસાદે એક માળાનું ઘર છે. પારસીઓના સુઘડાઇભરેલા રેહવાસ મુજબ તે એવું સોજું અને સફાઇદાર છે કે ગમે એવા શેહરી પારસી ભાઇને આ એક ગામડિયાં ઘરનો ઉતારો પસંદ આવ્યા વગર રેહ નહી. એક પારસી ઘરસંસારની સફાઇ સુઘડાઇ વિષેની જતનની પેહલવેહલીજ ઇંધાણી— ઘરનાં આંગણામાં મોતીના દાણા સરખા

પુરેલા સુનાના ચોક—એજ પેહલાં તો જમસુને પારસી રેહવાસની પરીચય યાદ અને પિછાણ કરાવી, અને અંહી ઉતારો લઇ તથા ગામડેનાં સાદાં અને સુકાં પાકાં પકવાનોના લેહજત ચાખીને તે મી૦ બેજનજીના માળા ઉપરના ઓરડામાં છત્રપલંગ ઉપર સુવા ગયો, ત્યાંસુધી તેને આ ગામડાંની મોજ ઘણી પ્યારી લાગી. આ મોજ મુદ્દલ વકી નહી રાખેલી હતી તેથી તેને વધારે પ્યારી થઇ પડી. આજ સહવારે મુંબઇ, બપોરે પુણે અને સાંજે પણવેલી—એ હવાનો ફેરફાર તેના ઉપર નહી ધારેલો અને અચબુચ આવી પડયો, અને હજી તો બે ત્રણ દાહાડામાં પોતાને કરાંચી જવાનું છે તે વળી બીજા નવા મુલકમાં તેને નવો ફેરફાર થવાનો છે.

પણ એ સઘળી ઝેમત તે કોણુને માટે વેઠેછે? તેની પોતાની પ્રિય પરણેતર સ્ત્રી જે હજી તેને ચાહવાનો કાગળ લખેછે, જેનો કાગળ હજી તેના ખીસામાંજ છે, તેની અને તેને પેટે અવતરેલાં પોતાનાં બચ્ચાંની શોધમાં તે આ સઘળી જંજાલમાં પડેલોછે, એ વિચાર તેને આ સંકટ તથા તરેહવાર ફેરવાતાં ઠેકાણાંઓની હવા પાણીના અને દેખાવોના આ ફેરફારો ખમવાને ઉસ્કેરેછે.

આવા આવા વિચારોમાં જમસુ જસાવાળાને મી૦ બેજનજીનાં પીઠાંના માળા ઉપર આસપાસની ખુલ્લી થંડી હવામાં મીઠી ઉંઘ આવી. સહવારે સૂર્યનાં અજવાળાંએ તેને ભર ઉંઘમાંથી જગાડયો, તેવો હેઠલ ઉતરી, નાહીધોઇને તે નાસ્તા પાણીથી ફારગ થયો, તેવોજ આ પરાયાં ઘરમાંથી પોતાનો ડેરો ઉઠાવીને પોતાની મંજલમાં આગળ વધવાનો મનસુબો કરવા પડયો. બપોરે પણવેલીથી ઉલવા જવાનો ભાડેનો ટાંગો પટ્ટી રાખ્યો અને બપોરનું ખાનું લઇ તથા પોતાના ગરીબ પણ અસરાફ મેજબાનોનો જાબજા ઉપકાર માની તે તેમનાંથી છુટો પડયો. પોતાની ખોહવાયલી ખટલીની ખોળમાં કરાંચી જવાની તેની ધારણા આજે ઉંધી વળી અને બે ત્રણ દિવસ ઉપર મુલતવી રાખવી પડી એજ તેની નાસિપાસી હતી, પણ એ નાસિપાસી આવતી શોધની ઉલટમાં સેહવાય એવી હતી અને બુજર્ગ મી૦ બેજનજીની પારસી પહરોણગતે તે વધારે સેહવાય એવી કરી આપી હતી.

પ્રકરણ ૧૭ મું.

માણસ ધારેછે, પણ ખોદા બજાવેછે.

પણવેલીથી બપોરના બાર વાગતે ઉપડેલો જમસુ જસાવાળાએ બે કલાકમાં ઉલવાના ધકા ઉપર પોંહચી જવાનું હતું અને ત્યાંથી હાજી કાસમની આગબોટે મુંબઇ જવાનું હતું. કરાંચીની આગબોટ તો ચુકી જવાઇ ત્યારે હવે બીજા જે બે ત્રણ દાહડા તેને મુંબઇમાં ગુજારવાના હતા તે તો અલબતાં મરઘાસેરીમાં ગુલી ગોરાણીનાંજ ઘેરમાં રેહવાનું હતું.

પણ માણુસ ધારેછે શું અને ખોદા બજાવેછે શું! જમસુ જસાવાળાની સૃજત સર્વના તે સૃજનહાર કીરતારે કાંઇ જુદીજ કરેલી હતી.

સાંજના કલાક પાંચેકનો સુમાર હતો. સૂર્ય અસ્ત પામવાને પશ્ચિમના આકાશમાં કિનારીએ આવી રહેલો હતો, તેટલામાં પણવેલીના બુજર્ગ મી૦ બેજનજી પીઠાંવાળાને એક નવી અચરતી મળી.

બેજનજી પોતાનાં પીઠાંના ચોકમાં બેસીને બાહારની ખુલ્લી હવા ઘોરતાં દૂરથી જોયછે, તો જે ભાડુતી ટાંગો તેવણના આજના પહરાણાને બપોરે લઇ ગયો હતો તેજ ટાંગો તેજ પહરાણા સાથે પાછો તેવણના વાડ ભરી લીધેલા ચોકના દરવાજામાં દાખલ થયો.

પોતાનો જે પહરાણો ઉલવેથી મુંબઇ જવાની ઉતાવળમાં ઉપડી ગયો હતો તેને પાછો આવેલો જોઇ મી૦ બેજનજી ઘણાજ અચરત થયા. તે બિચારાને પણવેલીથી ઉલવે જતાં માર્ગમાં કાંઇ અકસ્માત થયો કે શું? કાંઇ ગાડી ઉંધી વળી યા કાંઇ હાડકાં ભાગ્યાં કે શું?

પણ નહી—તે પહરોણો તો જેવોને તેવો રાતોમાતો ને તાજો તાજો ગાડીમાંથી ઉતરીને તેવણને હસીખુશી સાથે આવી મળ્યો, અને તેના દેખાવેજ બુજોર્ગ મી૦ બેજનજીની ધાસ્તી ખોટી પાડી આપી.

પછી તેના કહેલા હેવાલથી વધારે ખોલાસો

માળ્યો. જમસુ જસાવાળો પણવેલીથી ઉલવે હેડ જવા પામ્યોજ નહી. ઉલવે જતાં રસ્તા ઉપર ઉરણ જવાનો રસ્તો આવેછે, ત્યાંથી આગળ ચાલતાં થોડાક માઇલ ઉપર તે ઉતરી પડયો અને તેને આસરે કલાકેક સુધી ખોટી થવું પડયું.

ત્યાં ખોટી થવાથી આગબોટનો વખત થઇ ગયો, જે ઉપરથી તેને તેજ સાંજે મુંબઇ જવાનો વિચાર માંડી વાળવો પડયો. બીજી આગબોટ, મછવો કે હોડી તેને મળવાનો સંભવ નહી હતો, માટે તે આજનો બીજો દિવસ પણ પણવેલીમાંજ પાછો ફરી રેહવાની તેને ફરજ થઇ પડી.

પણ આમ અધરસ્તે તેને ઉતરી પડવાનું કારણ શું ? એ સવાલ આ વાર્તાની વચમાં એક નવી નાની ઉપવાર્તા દાખલ કરેછે, તે અતરે વિગતથી તપાસવાની જરૂર છે.

એ વાર્તા જમસુએ પણવેલીમાં મી૦ બેન્જનજીને સઘળી વિગત સાથ કહી નથી, પણ આપણ તે સઘળી વિગતસિકે જાણીશું. એ વિગતો બુઝર્ગ મી૦ બેન્જનજીને માટે અગત્યની નહી હતી, પણ આપણે તે જાણવા માટે ઘણી અગત્યની છે.

જમસુ જસાવાળાને જે ભાડુતી ટાંગો પણવેલીથી ઉલવે લઇ ગયો હતો તે ટાંગાનો હાંકનાર ત્યાંનો એક જુનો રેહવાસી હતો. તે કાદરમિયાં નામનો એક મેમન હતો, અને જમસુ જસાવાળા જેવા એક આબરૂદાર ઉતારૂને માટે ટાંગો હાંકતાં હાંકતાં મગરૂર દેખાતો હતો. જમસુએ તેની સાથ પણવેલી અને આસપાસને લગતી વાતચીત ચાલુ રાખી હતી, અને કાદરમિયાં તેની વાતચીત ઉપરથી પણવેલીનું જુનુ પાપ માલમ પડયો, જેની આગળી પાછલી યાદ રાખેલી વાતોથી જમસુને ઘણી રમુજ પડી. ઉલવે જતાં રસ્તા ઉપર કાંઇ પણ રસ્તાની વલાણ કે વાંક આવતી તો ત્યાંથી કયાં જવાયછે તે જમસુ પુછતો અને કાદરમિયાં જે કાંઇ કેહતો, તે સઘળું રસ્તાની દરએક વલાણ ઉપર મારેલાં સરકારી પાટિયાં ઉપરનાં નામ વાંચ્યાથી જમસુ ખરૂં પડેલું જોતો હતો.

એ રીતે ઉરણ જવાના રસતાની વલાણ વળાવીને આગળ ચાલતાં પણવેલી અને ઉલવા એ બંદરોની વચે એક નાનું ગામડું આવ્યું તે કાદરમિયાંએ "પાહારગામ" નામે ઓળખાવ્યું. પણ અંહી વળી રસ્તાની બાજુએ એક લાંબી દિવાલ લંબાયલી દેખાઇ, કે જે દિવાલની વચે એક દરવાજો હતો, અને તે ઉપર સંગેમરમરની એક તખ્તી ઉપર **જસવાડી** એવું બાલબોધમાં નામ કોરેલું જમસુએ વાંચ્યું. આ નામ તેને ઘણું નવાઇ જેવું લાગ્યું, તે ઉપરથી જમસુએ તે વિષે કાદરમિયાંથી ખોલાસો પુછયો, ત્યારે તેને નીચે મુજબ ખોલાસો મળ્યો.

"એ 'જસવાડી' તો સાહુબ એક પારસીની મોટી મીલકત છે" કાદરમિયાંએ કહ્યું.

"પણ તેને 'જસવાડી' કેમ કેહુછ ? 'જસવાડી' નો અર્થ શું ?" જમસુએ પુછયું.

"એ તો સાહેબ 'જસાવાડી' ઉપરથી 'જસવાડી' થઇ ગયું છે" કાદરમિયાં બોલ્યો. "જસાવાળા નામના મુંબઇમાં પારસી શેઠિયા થઇ ગયાછે, તેઓના બાપદાદાની અંહી વાડી હતી, તેને તેઓએ 'જસાવાડી' નું પોતાનું ખાનદાની નામ આપ્યું હતું."

"કોણ? જસાવાળા?" જમસુ અંહી જંગલની વચે પોતાનું અસલી, બાપીકું ખાનદાની નામ જાણીતું જોઇને ચોંકી ઉઠયો અને ફરીથી પુછવા પડયો.

"હા, સાહુબ, 'જસાવાળા' તેઓનું નામ છે?" કાદરમિયાંએ ખોલાસો કરીને વળી સામુ પુછયું "શું, સાહેબ, તમે મુંબઇના રેહવાસી અને તમેજ એ ખાનદાનનું નામ સાંભળ્યું નથી?"

"હા, હા, મેં સાંભળેલું છે, પણ તું વાત ચલાવ કાદરમિયાં?"

પણ કાદરમિયાં વાત શું ચલાવે? આ વાડી એક મોટી, અસલી, જુની મીલકત છે, અને તે જસાવાળાની "જસવાડી" ને નામે ઓળખાયછે એટલુંજ કાદરમિયાં જાણતો હતો તે તેણે કહી સંભળાવ્યું. એથી વધારે તો કાંઇ જમસુ પુછે તોજ ખબર પડે.

"પણ એ કયા જસાવાળાની વાડી છે? તેનું નામ શું?"

"એ વાડીવાળાં તો એક બાઇ હતાં સાહેબ, તેવણનું નામ જસાવાળાનાં આઇજીમાય કરીને હતું." કાદરમિયાં બોલ્યો.

"હું ! હું ! ઓળખ્યાં !" જમસુને આ નામ તુતજ યાદ આવ્યું. "જસાવાળાનાં આઇજીમાય" તે જમસુના બેહસ્તી બાપનાં અપાઇ થઇ ગયાં હતાં, અને તેવણ પૈસે ટકે દોલતમંદ હતાં તથા પણવેલી તરફ તેવણની મોટી મીલકત હતી, તે તો જમસુને બચપણથીજ ખબર હતી. હવે તેને યાદ આવ્યું કે તે તો ભોગજોગે આજે બરાબર તેજ મીલકત ઉપર આવી લાગ્યો હતો. આજે તે મીલકત કોણના હાથમાં છે અને ત્યાં કોણ વસેછે, તે જમસુ કશું જાણતો નહી હતો. કદાચ કાદરમિયાંને ખબર હોય એમ ધારીને તેણે પુછ્યું.

"તે જસાવાળાનાં આઇજીમાય જીવેછ કે, મિયાં કાદર ?"

"નહી સાહેબ, તેવણ તો બિચારાં ઘણાં વર્ષનાં મરી ગયાં" કાદરમિયાંએ ખોલાસો કીધો "અને હમણા તો એ વાડીમાં જસાવાળાં કોઇ રેહતાં નથી."

"શું કોઇજ નહી, ત્યારે વાડી ખાલી પડીછ કે ?"

"હા સાહેબ, મરહુમ આઇજીમાયનાં જુનાં માણસો, કારભારી, મેહતા, મસાલ, વગેરે વાડીમાં રહેલા છે. ખાનાર પીનાર અને વાડીના વસનાર વાપરનાર કોઇ મળે નહી. આહા ! આઇજીમાય જીવતાં હતાં ત્યારે એ વાડીમાં કેવી મોજમઝાની ધુમ પડતી હતી !"

"તેં આઇજીમાયને જોયાં હતાં ?"

"હા સાહેબ, તેવણ બિચારાં મને ઓળખતાં અને આ જસવાડીમાં જેબી પહરાણા આવે તેઓને મારે પણવેલીથી મારોજ ટાંગો મંગાવીને ભાડે રાખતાં હતા. આઇજીમાય કેવાં નેક માણસ થઇ ગયાં ! તેવણ દેખાવે ફરેસ્તો હતાં, પણ ખસલતેબી ફરેસ્તોજ હતાં. કેવાં સખી ! ગુજરવાની એક મહીનો અગાઉ બધાં માણસોને પોતાને હાથે પૈસા વેંહચી આપ્યા. મને પણ પચાસ રૂપીયા આપ્યા હતા."

"તુંને શાના પાડમાં આપ્યા ?"

"આગળી ઓળખ મારે. તે દાહાડે બાઇ સાહેબનાં કોઇ સગાંવહાલાંની વર્ષીની જીઆરત હતી તેથી ગરીબ માણસોને પૈસા વેંહચ્યા હતા."

આટલી વાતમાં તો ટાંગો જસવાડીનો ઘણો આગળ ચાલી ગયો હતો. પણ આ કોઇ પોતાના બાપદાદાનીજ મીલકત અચબુચ માલમ પડવાથી જમસુનું તે જોવાને એવું તો મજબુત મન થયું કે તેણે ટાંગો ઉભો રખાવ્યો અને "જસવાડી" તરફ પાછો ફેરવાવ્યો.

"પણ સાહબ, ઉલવેથી આગબોટનો 'ટેમ' થઇ જશે અને આગબોટ ઉપડી જશે," કાદરમિયાંએ સુચવ્યું.

"ઉપડી જશે તો ઉપડી જવા દે, પણ હું અંહી સુધી આવ્યો, ત્યારે તો આ વાડી જોયા વગર મને ચાલે નહી." જમસુએ મજબુત ઠરાવ બતાવ્યો.

અને પાંચ મિનિટમાં કાદરમિયાંનો પાછો ફેરવેલો ટાંગો "જસવાડી" ના દરવાજા ઉપર ઉભો. દરવાજો બંધ હતો, પણ કાદરમિયાંના હાંક મારવાથી અંદરથી માલીએ તે ઉઘાડયો અને જમસુ તેની સાથે અંદર ગયો.

"સાહેબ ગાડી રાખું કે ?" કાદરમિયાંએ વર્દી પુછી. "હવે કાંઇ આગબોટ મળશે નહી ?"

"હા, કાદર, હવે તો આજનો દાહડો મને પાછો પણવેલીજ રેહવું પડશે."

અને પણવેલીથી ઉતાવળે મુંબઇ જવાની ધારણા કરી નિકળેલો આ મુસાફર પણવેલીજ પાછો ફર્યો તેનું કારણ જસવાડી જોતાં થયલી એ ઢીલનું હતું.

પ્રકરણ ૯૮ મું.

"જસવાડી."

જોકે જસવાડીની આ મીલકત માલેક વગર વેરાણ પડેલી હતી, તોપણ જમસુએ ખુશી સાથે જોયું કે તે જતન વગર જંગલની હાલતમાં નાખી મુકેલી હતી. દરવાજાની સામે છેક અંદરથી એક બેઠી બાંધણીનો બંગલો હતો, તે બંગલા સુધી એક ખુશનુમા બાગ હતો. બાગમાં ફુલના કયારા જેવું કાંઇ નહી હતું, પણ દરવાજાથી બંગલા

સુધીના લાંબા રસ્તા ઉપર બેહુ બાજુએ મોટાં મોટાં સરોવરનાં અને બીજા બુલંદ દરખ્તો ઉગાડેલાં હતાં, કે જેઓના છાંયડા તળે શીયાળાની શીતલ હવા જમસુને પુણાના જેવાં ખુશનુમા લાગી હતી.

રસ્તા ઉપર કચરો કે ઝરોડું કાંઇ નહી હતું, અને ધણી ધોરી વગરની આ મીલકત ઉપર પણ દેખરેખ વગર આવી સફાઇથી સઘળું સાફસુફ કેમ રાખવામાં આવેછે, તે વિષે જમસુ પોતાનાં મનથી ઘણો અચરત થવા લાગ્યો.

પણ તેની આ અચરતી થોડી પળમાં દૂર થઇ, કે જ્યારે કોઇ એક શેઠ વાડી જોવા આવેલોછે એવું જોઇને વાડીનો કારબારી, જે કાવસજી નામનો પણવેલીનોજ એક પારસી હતો, તે તથા આપારાવ નામનો મીલકતનો એક મરાઠો મેહતો અથવા કારકુન વગેરે માણસો તેને એસ્તેકબાલ આવી મળ્યાં. તેઓ સાથ પરપુછ કરતાં જમસુને જણાયું કે તેઓ આ વાડીનો વહીવટ ચલાવતાં હતાં અને વાડી તથા મીલકતનો હિસાબ રાખતાં હતાં તથા વકીલ સાહેબના હુકમ તળે સઘળી સફાઇ રખાવતાં હતાં.

"વકીલ સાહેબ?" આ નામ સાંભળતાંજ જમસુએ અચરત થઇ પુછયું. "વકીલ સાહેબ કોણ?"

"ડોસુબા વકીલ. મુંબઇમાં ડોસાભાઇ દાદાભાઇ વકીલ છે, તેવણ." કાવસજી કારબારીએ ખોલાસો કીધો.

"તે વકીલ સાહેબના હાથમાં આ મીલકત કેમ ગઇ?" જમસુએ પાછું પુછયું.

"ડોસુબા વકીલ, બેહેસ્તણ આઇજીમાય જસાવાળાના ત્રસ્ટી છે, અને પોતાનાં વસીહતનામાથી જસવાડીનો વહીવટ બધો તેવણને સોંપી ગયાંછ. તેવણના હુકમ તળે અમે અંહી મીલકત તપાસીયેછ અને કામ ચલાવીયેછ."

"તેવણ અંહી આવેછ કે?"

"હા સાહાબ, મહીને પંદર દાહડે તેવણ કોઇવાર પોતાની ફેમીલી સાથ, તો કોઇવાર દોસ્તો સાથ અંહી આવેછ, મીલકત જોયછ, તપાસેછ અને અમોને કાંઇ હુકમ આપવા હોય તે આપી જાયછ."

આ વાતચીત કરતો જમસુ બંગલાની અંદર ગયો. ત્યાં જઇને જોયછે તો બંગલાની બાહારની સફાઇ કરતાં અંદર વધારે સંભાળ તેની નજરે પડી. દિવાનખાનામાં નરમ ગાલોચાઓ બિછાવેલા હતા, તે ઉપર સુંદર સોફા અને સિલીંગે ટાંગેલાં હાંડી ઝુમરો સઘળાં સફાઇદાર હતાં. જમવાના ઓરડામાં ટેબલ ખુરસીઓ ઉપર ધુળની એક કગરસ નહી હતી.

દિવાનખાનાની બાહાર ફરતો એક ઓટલો ચારે બાજુએ હતો. તે ઓટલો પોહોલો અને કુસાદે હતો તથા તેને તમામ ફરતી બારીઓ હતી, કે જે બારીઓમાં રંગીન કાચ જડેલા હતા, અને આખા ઓટલા ઉપર બિલોરી હાંડીઓની હાર લટકાવેલી હતી. આ ઓટલા ઉપર એક ખુણામાં એક લાલ પડદાની પછવાડે મીલકતોના મેહતા આપારાવની આફીસ હતી. તે કાંઇજ નહી પણ જમીન ઉપર ગાદી તકિયા સાથની એક પેહડી બિછાવેલી હતી, કે જે ઉપર કાગળિયાં વગેરેની પેટીઓ હતી અને આ કારકુન સાહેબ સઘળી કીરકુલ લખવા ત્યાંજ બેસતો હતો. જમસુના પુછવાથી આ કારકુને ખોલાસો કીધો કે મીલકતનો વિસ્તાર ૭૫ એકરનો હતો. આખો વિસ્તાર બાગાયત અને જીરાયત જમીનનો હતો, જેની ઉપજ વર્ષ દાહડે ૨૦ હજાર રૂપીયાની હતી. સઘળો હિસાબ ડોસુબા વકીલ તપાસતા હતા અને સઘળો વહીવટ પણ તેવણનાજ હાથમાં હતો.

પણ શું મીલકતના કોઇ વારસ નહી હતા? જસવાડીના આ માણસોથી જમસુને ખબર પડી કે આ મીલકતને કોઇ લાયક વારસ મળવાનીજ ખોટી હતી—આઇજીમાય ગુજર્યાં ત્યારે તેવણને પોતાનાં ખાનદાનનો કોઇ હૈયાત વારસ માલમ નહી હતો—કોઇ લાયક વારસ મીલકતનો દાવો કરે ત્યાંસુધી તેવણ એ મીલકત ડોસુબા વકીલના હવાલામાં સોંપી ગયાં હતાં, પણ વસીહત કીધું હતું કે જસાવાળાનાં ખાનદાનનો કોઇ વારસ દાવો કરે તો પછી એ મીલકત તેને આઇજીમાયના વારસા દાખલ આપી દેવી. આઇજીમાય જુવાનીથી વિધવા થયલાં હતાં, તેવણના કોઇ દીકરા જીવ્યા નહી હતા. તેવણના એક દીકરાને ત્યાં દીકરો થયો હતો તેની તેવણને ખબર હતી, પણ તે કયાં હતો અને તે દીકરાના દીકરાનું શું થયું તે

વિષે તેવણ ગુજરયાં ત્યાંસુધી તલાશ કીધા છતાં તેવણ અજાણ્યા રહ્યાં હતાં. પોતાનું વિલ કીધું ત્યાંસુધી તેવણે પોતાના એ દીકરાના દીકરાની વાટ જોયા કીધી હતી, પણ કોઇ તેવણને મળ્યો નહી, ત્યારે તે યા તેના કોઇ વારસ વકીલ પછવાડેથી મળી આવે ત્યારસુધી મીલકત સંભાળી રાખવાની શરતે તેવણ આ મીલકત ડોસુબા વકીલના સ્વાધીનમાં સોંપી ગયાં હતાં. તેવણની ઘણી મરજી હતી અને તેવણ ઘણીવાર બોલ્યાં હતાં કે "મારી આ જસાવાડી કોઇ જસાવાળાનાજ હાથમાં જળવાઇ રેહ" પણ તેવો કોઇ નહી મળી આવ્યાથી તેવણ હકદાર વારસ વગર જેટલાં નાવારસ તેટલાંજ નાઉમેદ મરી ગયાં હતાં.

આ સઘળો હેવાલ જમસુએ કેવી ઉલટભર ધડકતી છાતીએ સાંભળ્યો, તે શું અતરે કેહવાની કાંઇબી જરૂર છે વારૂં? ખરૂં છે કે આ સઘળી બીના જમસુ જસાવાળાને મારે નવી નહી હતી. તેના બાપની બપાઇ જીવતાં હતાં અને પણવેલી પાસે તેવણની મોટી મીલકત હતી તે જમસુએ પોતાનાં બચપણમાં પોતાના બાપથી સાંભળ્યું હતું ખરૂં, પણ ત્યારપછી તે સઘળું ભૂલી ગયો હતો અને આજે એ સઘળું તેના કાન ઉપર નહી ધારેલું અને નવાં જેવુંજ આવી પડયું હતું.

એટલુંજ નહી પણ તે સાથે વળી આજે જમસુને યાદ આવ્યું કે ખટલી સાથ પરણ્યા પછી એક દાહડે તેણે ખટલી આગળ પણ જસાવાળાનાં આઇજીમાય વિષે વાત કીધી હતી. તેનાં કોઇ પૈસાદાર સગાંવ્હાલાં છે કે નહી તે સવાલ તેના પરણ્યા સંસારમાં એકથી વધારે વખત ઉભો થયો હતો. વાંચનાર યાદ કરશે કે ખટલીને સુવાવડના રૂ૫૦) જોઇતા હતા, ત્યારે જમસુ પોતાની ગરીબી હાલતે પોતાની દીનમાસી આગળ મદદ માગવા ગયો હતો, ત્યારેજ નહી, પણ તેનીબી અગાઉ ખટલી સાથ વાત કરતાં તેણે પોતાના બાપની આ પૈસાદાર બપાઇને યાદ કીધી હતી, કે જેવણ પાસે પણવેલીમાં મોટી બાપીકી મીલકત હતી એમ પોતાના બાપથી સાંભળેલું તેણે ખટલીને કહ્યું હતું. તેજ વખતે જમસુને તેની આ માતબર દાદીની મુલાકાતે જવા અને તેવણનો કોઇ વારસો મળવાની આશામાં તે બાપનાં બપાઇ આગળ જાહેર થવાની ખટલીએજ જમસુને ભલામણ કીધી હતી, પણ જમસુ પોતાની સંસારી જીંદગી ગુજારવાની જંજાલોમાં તે સઘળું ભૂલી ગયો હતો અને પછી તો આઇજીમાય તેનાં ધ્યાનમાંથી તદનજ ખીસી ગયાં હતાં.

આજે તે સઘળી આગળી યાદ અચબુચ તાજી થવાના અચાનક સંજોગ વચ્ચે જમસુને કેવું આશ્ચર્ય લાગ્યું!

"આહા! શું આ મીલકત મારી પોતાનીજ તો નહી હોય?" તેને વિચાર ઉપજ્યો. "શું હું આ પગળાં ભરૂંછ તે જમીન મારી પોતાનીજ હશે? મારી નહી તો મારા બાપદાદાઓની તો એ છેજ. મારી અગાઉ આજ બસો વર્ષથી અમો જસાવાળાઓના હાથમાં એ મીલકત ચાલતી આવેલીછે અને આજેબી કોઇ જસાવાળાને મારે તે જળવાઇ રહેલીછે, ત્યારે તે જસાવાળો હુંજ કાં નહી હોવું?. અને મારેજ મારે તે રહી કાં નહી હોય?"

સઘળી મીલકત ફરી વળીને જોઇ લીધા પછી આ વિચાર જમસુને ઉપજ્યો, અને એજ વિચારની પાછળ આ બીજો વિચાર ચાલ્યો કે—

"ઓ! ખટલી! ખટલી! તું હાલત સુધારવાના ખયાલમાં મને છોડી ગઇ તેની અગાઉ એક બેજ વર્ષ થોભી હતે! આ મોટી મીલકત તેની વર્ષ દાહડે વીસ હજાર રૂપીયાની આવક સાથે મારે મારે ખોટી છે, તે મારે હાથ આવે તેટલીજ વાર તું થોભી હતે તો કેવો સુખી થતે! તું દોલત શોધવા ગઇ, તે દોલત હજી તુને તો મળી નથી, પણ અંહી આ દોલત વગર શોધવે મારે મારે ખોટી થાયછ."

આખી મીલકત ફરીને જોતાં જમસુનો ખાસો એક કલાક ભાગી ગયો—ઝાડો અને જમીન, તેમાં ચાલતી ખેતી, તેમાંના કુવાઓ તથા ફુલફલો અને ઝાડપાનો વગેરે ઉપર નજર ફેરવીને તે કારભારીને ઘણીક શાબાશી આપીને પાછો ફર્યો તથા માલીને તેણે ઇનામમાં રૂ૧) આપ્યો. દરવાજા ઉપર ખોટી થતા ટાંગા ઉપર તે પાછો સવાર થયો ત્યારે તેનાં મનની હાલતજ જુદી હતી.

"કેમ કાદરમિયાં? હવે કાંઇ ઉલવે આગબોટ તો મળે નહી કે?"

કાદરમિયાંએ ના કહ્યું, ત્યારે જમસુએ ટાંગો પાછો ફેરવાવ્યો અને પણવેલી ભણી લેવડાવ્યો. તે પણવેલીથી આવતી વખતે ટાંગામાં છુટથી પુછતો પરછતો અને વાત ચીતથી ખુશી જણાતો હતો—પણ પણવેલી પાછો ફરતાં તે વિચારમાં ને વિચારમાંજ રહ્યો અને કાદરમિયાં સાથ કશું બોલ્યા વિના ગુપચૂપ બેસી રહ્યો.

"આ હા! ખોદાતાલા! શું જમાનાનો ફેરફાર!" કાદરમિયાંએજ વાત ચલાવી. "કેવી મીલકત, કેવા વાડી વજીફા, નહી તેના કોઇ વસનાર મળે કે નહી કોઇ વાપરનાર મળે. લોકોને ગજ ગજ જગા મળતી નથી, તેઓ ગજ ગજ જમીનને સારૂં લહેછે વહડેછે, ત્યારે અંહી ગામનાં ગામ લાંબી મીલકત તેના કોઇ ધણી ધોરી વગર વેરાન પડેલીછે."

"નહી કાદર, એ મીલકત ધણીધોરી વગરની નથી." જમસુ આખે રસ્તે એકજ વાક્ય બોલ્યો. "એ મીલકતનો વહીવટ ડોસુભા વકીલ ચલાવેછ, અને અગર કોઇ બીજો દાવાદાર નહી નિકળી આવે તો ડોસુભા વકીલ તો તેનાં માથા ઉપર છેજ.'"

"પણ સાહેબ, મીલકતના માલેક જસાવાળા શેઠલોક કોણ? ને એ ડોસુભા વકીલ કોણ? કોણની મીલકતના કોણ ધણી! એબો ખોદાનોજ ખેલ!"

જમસુ આ વાત ઉપર કાંઇ બોલ્યો નહી. "જસવાડી" જોયા પછી તેનાં મનમાં કાંઇ અજબ ફેરફાર થયલો કાદરમિયાં પોતે જોઇ શકયો, પણ તેનો ભેદ સમજી શકયો નહી. પણવેલી મી૦ બેજનજીનાં પીઠામાં જમસુ પાછો જઇ ઉતર્યો ત્યાંસુધી તેનું મગજ પોતાની આ બાપીકી મીલકત ઉપર દાવો કરવો કે નહી, અને કરવો હોય તો કેમ કરવો તેના ને તેનાજ પ્લાન અને મસલત કરવામાં રોકાઇ રહ્યું.

પણવેલી ખાતેના પોતાના ઉતારામાં પાછો ઉતરતાં તેણે મી૦ બેજનજીને પણ જે કહ્યું તે એટલુંજ કે "ઉલવે જતાં અધવચમાં જસાવાળાઓની જસવાડી જોવા હું ઉતર્યો અને તેમાં વખત થઇ જવાથી આગબોટે ઉપડી જવાનો વિચાર માંડી વાળી હું પાછો ફર્યો."

પોતાનો વધારે ભેદ જમસુએ આ બુજર્ગ પારસી બેજનજીને કહ્યો નહી. તેણે તેવણને ત્યાં એક બીજા દિવસનો ઉતારો માગ્યો અને આવતી કાલની આગબોટમાં ઉલવેથી મુંબઇ જવા માગ્યું. મી૦ બેજનજીએ એક બીજા વધુ દિવસને માટે પોતાનાં પીઠાંમાં તેને ખુશી સાથે ઉતારો આપ્યો.

અને જમસુએ જમીને ઉંઘવા જવા માટે જે થોડી રાત બાકી રહેલી હતી તેટલાં આ મેજબાન અને મેહમાન વચ્ચે "જસવાડી"ની મીલકત તથા તેના મરહુમ માલેક જસાવાળાનાં આઇજીમાય વિષેજ વાત ચાલુ રહી.

બેજનજીએ આઇજીમાયને સારીપેઠે જોયલાં અને ઓળખેલાં હતાં, બલકે "જસવાડી" માં બેજનજી આઇજીમાયની ઘણીક પહરોણાગત ભોગવી આવેલા હતા, જેથી પોતાનાં એ બાપની બપાઇ વિષે સઘળી માહીતગારી મેળવવાને જમસુને આ ઘણી ઉમદા તક મળી ગઇ.

"કેમ શેઠ, જસવાડી જોઇને ખામખા અટકી પડયા અને તેને વિષે એટલુંબધું પુછોછ, ત્યારે કાંઇ સાહેબનું ખારૂંમોઠું મન થાયછ કે શું?" મી૦ બેજનજીને પુછવાની ઘણી નવાઇ લાગી. "કાંઇ જસવાડી વેચાતી લેવાનો વિચાર કરોછ કે શું?"

"વારૂ એ મીલકત કેરી? જો મળી શકે તો રાખવા લાયક ખરી કે?" જમસુએ પુછ્યું.

"ઓહ! વાડી તો ધનેતર! ઘણીજ ફરમાસુ! ને વળી લાયગવાન મીલકત છે. અસલ ૧૦ હજારની વાડી હતી તે આઇજીમાયે સુધારી વધારીને ૩૨૦ હજારની વાડી કીધી સાહેબ."

"આઇજીમાય ઘણાં કસરિયાં હતાં ત્યારે તેવણ સારી રોકડ પણ રાખી ગયાં હશે?" જમસુએ પુછ્યું.

"હશેજતોજી" બેજનજી બોલ્યા "ગમે એવાં શોકીન અને ફુલ્લા જીવનાં હતાં, તોપણ આઇજીમાયને ખર્ચ ઘણો નહી હતો. અને વળી ખેતીવાડીને લીધે ગાય ઢોર, બકરાં મેંઢાં પોતાનાં, દુધ, દહી, ઘી, માખણ સહુ

ઘેરનું ને ઘેરનુંજ, કેલાં, અંજીર, દાડમ, જમરૂખ અને મોસમ ઉપર ફરમાસુ આંબા સઉ પોતાના બાગનાંજ, એટલે ખાવાપીવાના-બી ઘણો ખર્ચ ઓછો, તેથી બેહસ્તાણુ ઘણું નાણું બચાવી ગયાં, અને કોણ જાણે કોણ ભાયગવાનનાં નસીબનું તે હશે!"

જમસુ તે રાત્રે ગઇ રાત્રી કરતાં પણ વધારે નિશ્ચિંત ઉંઘ્યો, ઉંઘ્યા અગાઉ તેણે કાલને કાલ મુંબઇ જઇ ડોસુભા વકીલને મળવાનો અને જસાવાળાનાં ખાનદાનના એક નબીરા લેખે તથા બેહસ્તાણ આઇજીમાયના દીકરાના બીજી પેહડીના હકદાર વારસ લેખે પોતાને જાહેર કરવાનો ઠરાવ કીધો.

મરનારાંઓના વારસાની આશા ઉપર જીવનારાંઓમાંનો જમસુ જસાવાળો નહી હતો. તે પોતાની આખી જીંદગાભર કદી પણ કોઇના વારસાની આશા ઉપર જીવ્યો નથી અથવા વાટ જોતો બેઠો નથી. એવી વારસાની આશામાં તેની બાયડી ખટલી તેનાથી ખોહવાઇને બેઠીછે, પણ જમસુએ પોતે કદી એવી આશા રાખીજ નથી. તોપણ હવે આ એક આઇતી દોલતનો હલો તેનેજ માટે તૈયાર જળવાઇ રહ્યોછે, ત્યારે તેણે તે દોલત કાં નહી હાથ કરવી? એ દોલત તેનીજ છે, તે વગર માગવે મળે એવી છે, તો તે લેવી નહી એટલો બેવકુફ તે નહી હતો.

અને આ ઠરાવ તેણે પોતાની ખોહવાયલી ખટલીની ખાતરને માટે વધારે કીધો. ખટલી તેને એક ગરીબ ભીખારીની હાલતમાં નાખીને ગઇછે, પણ તે પાછી આવવાનું લખેછે, તે પોતાના વરને એક પૈસે પુર જમીનદાર અને મીલકતદારની હાલતમાં પાછી આવીને મળશે. ખટલી દોલતમંદીને ચાહનારી છે. પૈસાદાર થઇ તે પોતાની હાલત સુધારવા ગઇછે, તે આવીને જોશે કે તેનો ભર્તાર કાંઇ આગળના જેવો ગરીબી હાલતમાં વેવલાં વીણતો રહ્યો નથી. તે જેવી પોતે પૈસાદાર થઇને આવશે, તેવીજ પૈસાદાર સ્થીતિમાં પોતાના વરને જોવાથી તે વધારે ખુશી થશે અને જમસુ ફકત બૈરીના પૈસા ઉપર ગુજારો કરનારો નથી, પણ પોતે પૈસે પગભર થઇને પોતાની પ્રિયાના પૈસાથી સ્વતંત્ર છે અને તે પ્રિયાનું પાળણપોષણ પોતાની ગાંઠનું કરવાને સામર્થવાન છે, એવું તેને દેખાડવાની વડાઇએ જમસુનાં જીગરમાં ઘણી મગરૂરીભરેલી ઉલટ પેદા કીધી.

પોતાની આ નવી ઉલટમાં ને ઉલટમાં જમસુએ ખટલીની ખોળને માટે કરાંચી જવાનો પોતાનો ઠરાવ પણ ફેરવી નાખ્યો, અને ખટલીની ખોળ કરવા પેહલાં પોતે આ મીલકતનો દાવો કરવા મુંબઇ જવાનો ઠરાવ વધારે અગત્યનો વિચાર્યો.

પ્રકરણ ૧૯ મું.

"જસવાડી" ઊપરનો દાવાદાર જસાવાળો.

બીજી બપોરે મી૦ બેજનજીનાં પીઠાંમાંથી જમસુને પણવેલીથી ઉલવે આગબોટ ઉપર લઇ જવાને કાદરમિયાંનો ટાંગો તૈયાર આવી ઉભો અને બે કલાકમાં તો ઉલવાના ઉતારૂઓના પુસ્તાપર તેને ઉતાર્યો.

માર્ગમાં જમસુએ પોતાની બાપીકી "જસવાડી" તરફ નજર કરવાની વિશેષ યાદ રાખી, અને કાદરમિયાંને તે ઉપરથી વાત ચલાવવાની તક મળી કે "શેઠજી, આ વાડી વેચતી લઇને તેના ધણી થવા લાયકની છે. સાહેબ એ વાડી લ્યો તો ગરીબ સેવકને યાદ કરજોજી."

"હું એ વાડી વેચતી લેવું એટલો પૈસાદાર નથી, મિયાં કાદર, પણ જો કદીબી હું એ વાડીમાં આવવા પામું, તો તમે પણવેલીના વફાદાર અને આબરૂદાર ગરીબોનો મારા ઉપરનો પાડ હું કદી ભૂલું એવો માણસ નથી."

"ખોદા, તમારૂં ખાતું આબાદ કરો સાહેબ" કાદરમિયાંએ પોતાના ઉતારૂથી છુટતો પડતાં તેને છેલી દુવા દીધી, અને આગબોટ ઉલવાના ધકા ઉપર આવી ચુકેલી હતી, તે ઉપર જમસુ એકદમ ચહડી બેઠો.

મુંબઇમાં તેણે મરઘાસેરીવાળાં પોતાનાં મકાનમાં તે સાંજ અને રાત્રી ઇનતેજારીભરેલી આશામાં ગુજારી, અને સહવારે ઉઠીને કામકાજથી ફારગ થવા પછી દસ વાગતામાં

લાગલોજ ડોસુબા વકીલની આફીસ ઉપર દોડયો. ખ્રિસ્ટમાસના તેહવારની છુટીને લીધે આફીસ બંધ હોવાની તેને બ્હીક હતી. પણ તે જોવાથી ખુશ થયો કે તે આફીસ તો તે દાહડે ઉઘાડી હતી અને ઓર તેહવારની છુટીને લીધે મી૦ ડોસુબા વકીલને વધારે અવકાશ હતો.

ડોસુબા વકીલ સાથ જમસુને ઓળખાણ નહી હતી, માટે તેણે પેહલાં તો પોતાનાં નામનો કાર્ડ તેવણ ઉપર મોકલી આપ્યો, તે ડોસુબાએ નીચે મુજબ વાંચ્યો—

જમશેદજી જીવણજી જસાવાળા
મેમ્બર્સ ગ્રીન વાહાટની કું૦ નો એજંટ,
સિડની,
આસ્ટ્રેલિયા.

ડોસુબા વકીલે જમસુને ઘણો માનભરેલો આવકાર દીધો. તેને પોતાની ખુરસી ઉપરથી ઉઠીને શેકહેંડ કીધી અને પોતાની સામે ખુરસી આપીને બેસાડયો તથા તેના સાથ ઘણા મીઠાસથી ઘણી સભ્ય વાત ચલાવી.

"તમે જસાવાળાનાં ખાનદાનના એક નબીરા છો?" ડોસુબાએ પુછ્યું "ભલે, ભલે, પણ મેહરબાની કરી તમે જરા તમારી ઓળખ આપશો કે તમે કોણના દીકરા થાવોછ, અને જસાવાળાનાં ખાનદાનમાં કઇ પેહડીએ ઉતરી આવેલાછો?"

"જી, મરહુમ આઇજીમાય જસાવાળાં, કે જેવણની મીલકતના તમે ત્રસ્ટી છો, તેવણના દીકરાના દીકરા જીવણજી જસાવાળાનો હું દીકરો જમશેદજી છું. હું મારા બેહસ્તણ બાપના બપાઇનાં વિલ વિષે તમોને પુછવા આવ્યોછ. હું આજ બે વર્ષ ધંધાને સર આસ્ટ્રેલિયા ગયો હતો, માટે મને આઇજી-માયનાં ગુજરવાની ખબર નહી હતી, તે વિષે મને અકસ્માત ગઇ કાલેજ ખબર પડી અને તેથી તેવણના ત્રસ્ટી દાખલ હું તમોને તસ્દી આપવા આવ્યોછ."

"આ વાત ઘણી ગંભીર છે, ભાઇ." 'ડોસુબા' જે અધોર ઉમરના અડધા ઘરડા હતા, તેવણ પોતાના ચસમાની બાહારથી ડોળા કાહાડીને જમસુ તરફ ઘુરકતા બોલ્યા. "વારૂં જરા મને કેહશોજી કે આઇજીમાયના ગુજર-વાની ખબર કાલેજ તમોને અચબુચ કેમ મળી?"

"તેનું કારણ ઘણું સેહલ છેજી," જમસુએ ઝટ જવાબ દીધો. "ગઇ કાલે મને કામને સર પણવેલી જવું થયું, ત્યાં રસ્તામાં જસવાડીમાં હું ઉતર્યો અને ત્યાંથી મેં મારા બાપના બપાઇનાં બેહસ્તનશીન થવાની વાત સાંભળી."

"હં! ત્યારે કાલે તમે પણવેલી ગયા ત્યાં તમે જાણ્યું? હં!" ડોસુબાના આ સઘળા હુંકારા એવા હતા કે તેવણને આ મળવા આવનાર જાણેકે કોઇ ઠગારો હોવાનો તેવ-ણને શક ગયો હોય. "વારૂં મેહરબાની કરીને મને જણાવો કે બેહસ્તાણના ગુજરવાની ખબર તમોને આસ્ટ્રેલિયામાંજ કેમ નહી મળી? શું તમોને કોઇ સગાંવ્હાલાંએ લખ્યુંજ નહી હતું?-અને શું તે ખબર સાંભળીને તમે આસ્ટ્રેલિયાથી મુંબઇ આવ્યા નથી?"

"ડોસુબા શેઠ, સાંભળો." આ સવાલો ઉપર જમસુ પણ ગંભીર થઇને બોલ્યો "ત-મારી આ ઉલટપાલટ તપાસ મને ગમતી નથી. એ એક વકીલસાહી હશે, પણ એક ગ્રૃહસ્થને એવા શકભરેલા સવાલો શોભા-ભરેલા નથી. અગરજો સાહેબને મારા ઉપર કાંઇ શક આવતા હોય અને અગરજો તમે મને કોઇ ઠગારો સમજતા હોયતો મને એમ ભરમમાં ને ભરમમાં પુછવાને બદલે ખુલ્લે ખુલ્લું કહી દેવોજી."

"પણ ભલા માણસ મેં કહ્યુંની કે આ વાત ઘણી ગંભીર છે? તમે ધારતા હોય તે કરતાં ઘણી વધારે ગંભીર છે. બેહસ્તણ આઇજીમાય મારે માથે મોટો જોખમ મુકી ગયાંછે, અને તેટલામાટે અગરજો હું ભૂલ કરૂં તો વધારે સાહુચેતી ને સલામતીની તરફ ભૂલુંતો સારૂં."

"પણ સાહેબ, હું કાંઇ સઘળી મીલકત મને એકદમ આપી દેવા તમોને કેહતોજ નથી કે તમોને બીહવાનું કાંઇબી કારણ હોય. હજીતો હું મારી ઓળખ તમારા પુછવાથી આપુંછ તેટલાંજ તમે સાહેબ, મારા ઉપર શકની નજરે જુવોછ, ત્યારે આપણી વાત આગળ કેમ ચાલશે?" જમસુએ મુશકેલી બતાવી.

"તમારી ઓળખ પુરવાર કરવાનું કામ તમારૂં છે, મી૦ જમશેદજી."

"પણ તેની આગમચ, સાહેબ, મને મારાં બાપના બપાઇનાં વિલની કેફીયત જાણવી જોઇયેછ. હું પુછુંછ કે આઇજીમાય પોતાનો વારસ કોણને નેમી ગયાંછ?"

"એવણ કોઇ પણ વારસનું નામ લખી ગયાં નથી, પણ જસાવાળાના વંશવેલામાં જેબી પુરૂષ પેહલો અતલગનો ઉતરી આવેલો હોય તેને એવણનો વારસ ગણવો અને તેનો એ મીલકત ઉપર હક પોંહચેછ એમ એવણ ફરમાવી ગયાંછ."

"ત્યારે તો, સાહેબ, એવણની બીજી પેહડીના એકપુરા દીકરા દાખલ, હું ધારૂંછ કે મારો હક તમે કબૂલ કરશોજી?" જમસુએ પુછયું.

"જો તમે તેવણની બીજી પેહડીના વારસ દાખલ પોતાને પુરવાર કરો તો—" ડોસુબા વકીલે શરત કીધી.

"એ પુરવાર કરવાના જેવું સેહલ બીજું કાંઇ નથી, સાહેબ" જમસુએ તાબડતોબ જવાબ દીધો. "મારા બેહસ્તી બાવા જીવનજી જસાવાળાના વકીલો મેસ્યર્સ ઉડ એંડ ગ્લાસ હતા, તેઓ મારી જીંદગીના દરએક તબક્કાથી વાકેફ છે, જસાવાળા ખાનદાનના વંશવેલાની આખી ટીપ તેઓને ત્યાં સત્તા સાથ નોંધેલીછે. તેઓ મને સારીપેઠે ઓળખેછ, વાસ્તે મારે વિષે જો તમોને કાંઇ પણ ખાતરી જોઇતી હોય તો તેઓને ત્યાં પુછાવશો, એટલે તમોને બધો ભરૂસો મળશેજી. એ પુરાના વકીલો ઉપર તો તમોને વિશ્વાસ છે કેનીજી?"

"હા. હા. મેસ્યર્સ ઉડ એંડ ગ્લાસ ઘણા આબરૂદાર વકીલોનું ફર્મ છે," ડોસુબાએ ખાતરી આપી. "તેઓ અમારા જુના મિત્રો છે, અને તેઓ જે કાંઇ અમોને દેખાડશે તે અમે માનપુર્વક જોઇશુંજી."

"ત્યારે હું અરજ કરૂંછ સાહેબ, કે મારી ઓળખ વિષે તમે એ વકીલોને પુછાવજોજી." જમસુએ અરજ કીધી. "અને બીજું એ કે મેહરબાની કરીને આઇજીમાયનાં વિલની એક નકલ તેઓને પોંહચતી કરશો તો મારા ઉપર તમારો મોટો ઉપકાર થશે. હું તેઓને લાંબી મુદતનો મળેલો નથી, પણ હવે આજને આજ તેઓની મુલાકાત લઇશ, અને તેઓની સલાહ તળે હું મારૂં સઘળું કામ લઇશ."

એટલી મસલત કરીને જમસુ જવા ઉઠયો, તેને જતાં જતાં ડોસુબાએ દિલગીરી દેખાડી કે "શેઠ, ધંધાની રૂએ મને જે વાજબી લાગે તેવી મેં વાત કીધીછ, તેથી તમોને કાંઇબી માઠું લાગ્યું હોય તો હું દિલગીર છું અને તમારી માફ માગુંછ."

"અરે! કાંઇ નહીરે મારા મેહરબાન!" જમસુએ લાયકી દેખાડી. "એમાં માઠું શું ને અપમાન શું? હવે હું રજા લઉંછ, સાહેબજી! પણ એકવાર ફરી અરજ કરૂંછ કે આઇજીમાયનાં વિલની નકલ મોકલવામાં ઢીલ નહી કરશોજી."

"વિલનો અસલ દસ્તાવેજ તો કોર્ટમાં રેજીસ્ત્રારને ત્યાં છેજી." ડોસુબાએ સુચવ્યું.

"એમ કે? ત્યારે તો સાહેબને તસદી લેવાની જરૂર નથી, મેસ્યર્સ ઉડ એંડ ગ્લાસ પોતેજ રેજીસ્ત્રારને ત્યાંથી વિલની નકલ મંગાવી લેશેજી."

જમસુ ખુશાલીથી બાગ બાગ થતાં દિલે અંહીથી વિદાય થયો. તેને જે જાણવું જોઇતું હતું તે સઘળું તેણે જાણ્યું.

તેનું નસીબ હુઘડયું! તેનું જે ભવિષ્ય સદાનું કંગાળ ભાસ્તું હતું, તે ભવિષ્ય વિષે ભાગ્યદેવીએ એક અચાનક ચક્ર ફેરવીને તેને એક મોટી મીલકતનો માલેક બનાવી દીધેલો તે પોતાને જોવા લાગ્યો.

પ્રકરણ ૭૦ મું.

જસવાડીમાં જાહોજલાલી.

પોતાના બાપીકા વકીલો મેસ્યર્સ ઉડ એંડ ગ્લાસની મદદથી જમસુ જસાવાળાને પોતાની બાપીકી "જસવાડી" ઉપરનો પોતાનો દાવો આગળ વધારતાં વાર લાગી નહી. તેઓએ પોતાના કૂલના આ વારસને ઘણી મમતાથી પોતાની 'પાર્ચમેંટ'ની પાંખ તળે લીધો, અને "જસવાડી" ઉપરનો પોતાનો દાવો સાબેત કરવાને જસાવાળાના એ કૂલ-

દીપકને વારસા ઉપરના દાવાદારોની સરેસ્તાની હરકતો કશી નડી નહી. જેમ જમસુના પોતાના વકીલો મેશ્યર્સ ઉડ એંડ ગ્લાસ તેમજ "જસવાડી" ના વારસ વકીલ મી૦ ડોસુભા બેહુ અને બેહુની પેહેડીઓ આબરૂદાર હોવાથી, અને એ મોટી મીલકત તેના હકદાર ધણીને આપવા તથા અપાવવાને બંને બોર્ડવાળાઓ એકસરખા તત્પર હોવાથી જમસુનો દાવો ચલાવવાને કોઇ કોર્ટ દરબારના કે વારસ વકીલોના કશા વાંધા વીસ્તી નડયા નહી. "જસવાડી" નો બંગલો અને બાગ જેમ શોભાયમાન અને સુંદર હતાં તેમજ આજુબાજુનું ગામ અને જમીન તે ઉપરની ખેતી અને ખેતી કરનારા ખેડુતો, તે ઉપરનાં ઢોરો અને ઘાસચારો એ પણ સઘળાં વિસ્તારમાં મોટાં હતાં. મીલકતનાં ભાડુતોને તેમની જમીનો મરહુમ આઇજીમાયે લાંબે પટે આપેલી હતી કે જેથી તે જમીનો એક લેખે તેમની પોતાની મતા જેવી થઇ પડી હતી, તથા તેમને સુધારી, વધારીને ખીલવવા સારૂં જોઇતો ખર્ચ તેઓ ખુશીથી કરતાં હતાં. "જસવાડી" નો બંગલો, બાગ, તબેલા વગેરે આઇજીમાયની હૈયાતીમાં જેવાં સંભાળથી રચેલાં અને ગોઠવેલાં હતાં તેવીજ હાલતમાં તેમને પાછાં મુકવાને સેજ ખર્ચની ખૂટ હતી અને તે ખર્ચ કરનારો કોઇ સમજુ શેઠિયો એ મીલકતને મળી આવે તો એ સઘળી જાગીર તેના ધણીનાં સુખ અને મોજનુંજ નહી પણ દોલતને વધારનારા નફાનું મોટું સાધન થઇ પડે એવી હતી.

જમસુ જસાવાળાએ આ મીલકત ઉપર જઇ રહેતાં વારજ આસપાસ પોતાનું નામ અને માન વધારવાને એક ઘણો અસાધારણ ઉપાય લીધો, કે જે મોટી મીલકતોના બીજા માલેતુજાર માલેકો કોઇજ લેતા હશે. તે ઉપાય એટલોજ કે બેહેસ્તણ આઇજીમાયના વખતના જુના પુરાણા નોકર નફરો, જે ત્યાં પણવેલીમાંજ અને તેની આસપાસજ વસનારાં હતાં, પણ જેઓ આઇજીમાયનાં મરણથી પોતાની નોકરી ગુમાવીને ઘર બેઠાં હતાં, તેઓને જમસુએ ખાસ બોલાવીને પાછાં નોકરીમાં લીધાં. અલબતાં એમાં ઘણાંક તો એ નવા શેઠના કરતાં ઉમરે વડાં અને ઘરડાં ખખ થઇ ગયલાં માણસો હતાં, તોપણ એક તરફ તેઓનો આગળો અનુભવ અને ઓળખાણ પીછાનથી તથા બીજા હાથ ઉપર આઇજીમાય તરફની તેઓની વફાદારીથી મીલકતનો વહીવટ ચલાવવામાં જમસુને ઘણી મદદ થઇ પડી હતી. પ્રિય વાંચનાર પુછશે કે પણવેલીથી પેહેલો ઉલવા જતાં જતાં જે ધણીએ એક ત્રાહિત મુસાફર લેખે આ "જસવાડી" ની મુલાકાત લીધી હતી તેજ ધણીને મીલકતના માલેક લેખે આવેલો જોઇને તેને એ મીલકત બતાવનારા માળીઓ અને માળણો તથા મેહતાઓ અને કારકુનો સઘળાં કેવા અચરત થયાં હશે? ખરેખર તેમ થયું હતું, પણ જેને એક વખતે "જસવાડી" માં ફેરવતી વેળા તેજ ધણી પાછો શેઠ થઇને આવેલો જોવાની તેમને વકી નહી હતી, તેને બચપણના જન્મ-હકના એક દાવાદાર લેખે ઓળખ્યા વગર એકાએક મોટી અને પુખ્ત ઉમરે વારસ લેખે આવી ઉભેલો જોવાથી એ સઘળાં માણસોની અચરતીનો અંત નહી હતો.

પણ સર્વથી મોટી અચરતી તો જમસુના પેલા ટોંગાવાળા કાદરમીયાંને ઉપજી હતી કે પોતાની ગાડીના જે ઉતારૂને એક વખતે એક કેવળ અજાણ્યા માણસ લેખે તે આ વાડી આગળ ફેરવી લાવ્યો અને લઇ ગયો હતો, અને જે ઉતારૂએ એક ભોળાભટાક બેગાના લેખે પોતાની મીલકતના અજાણપણામાં સઘળી મીલકત જાણેકે સહેજ જાણવા સારૂ હોય તેમ જોઇ લાધી હતી તેજ ઉતારૂ આજે તેજ મીલકત ઉપર હકદાર ધણી પેઠે આવી રહ્યો તોપણ પોતાના જુના ગાડીવાનને આઇજીમાયની પેઠેજ તે ભૂલી ગયો નહી, પણ તેને પોતાની જસવાડીમાં બોલાવી પોતાના બાપીકા ગાડીઘોડાઓના અને તબેલાઓના ઉપરીની નોકરી આપી. બેહેસ્તણ આઇજીમાયના ટટુના ટોંગા અને બળદના ખટારાજ માત્ર નહી હતા. પણ એક અસલી ફેશનની ફૈટન અને તેના બે બરફ સરખા સફેદ આરબી ઘોડાની જોડી હતી, કે જે પોહળી અને કુશાદે રાજરથ ઉપર તબેલામાં તેના બીલોરી ફાણસ સુધાં તમામ ટર્કીરેદનો લાલ ગલેફ ચહડાવી મુકયો હતો. પોતાની મીલકત સાથે તેનો આ સઘળો સરસામાન જમસુએ પોતાને સ્વાધીન લીધો

અને દરએક વિખરાઇ પડેલી વસ્તુને તેને વગેવગ ગોઠવવામાં મગરૂરી લીધી. મરહુમ આઇજીમાયે પોતે પોતાનો કીમતી સરસામાન કેવી સારી સમજણથી ગોઠવી રાખેલો હતો, દરએક દાગીનો તે ઉપરના નાનાં નાનાં વાસણો સાથે એકએકની સામ સામે જવાબ આપવાને હોય તેમ મુકવા મુકાવવાનો આઇજીમાયને ઘણો શોખ હતો, તે શોખને જમસુએ મુંબઇ શેહરથી આણેલા પોતાના સુધરેલા શોખથી ઘણો દીપાવી મેલ્યો. તેનાં પાસેનાં ખેતરોમાં તેણે પોતાના શેકારના શોખને પણ ખીલવવાનું બાકી રાખ્યું નહી, કે જયાં મીઠી વાણીની મેણાઓ, પટપટબોરા પોપટો, અને મુંબઇના બારાં તરફથી ઉડી આવેલાં બટકો વગેરેને વસાવીને પોતાંના અને પોતાના મિત્રોના શેકારબાજીના શોખને તૃપ્ત કરવાને પણ તે પછાત પડયો નહી હતો.

"જસવાડી" નો કબજો લેવાની ઉતાવળમાં આપણા જમસુ જસાવાળાથી એક ભૂલ થઇ હતી. તે એટલીજ કે પોતાનાં નસીબનાં આ ફેરવાયલાં ચક્ર વિશે પોતાના માનીતા મિત્ર ડાકટર દાદીબા લંગડાને વાકેફ કરવાને તે ભૂલી ગયો હતો. તે મુંબઇની મરઘાસેરીમાંનું પોતાનું કંગાળ ઘર મુકીને "જસવાડી" માં રેહેવા આવ્યો ત્યારે પણ દાદીબાને મળ્યા વગર આવ્યો હતો. પણ અહીં આવીને રહ્યા પછી પોતાની એકલી અને એકાંત જીંદગીમાં જયારે તેને ઘણું સોહવાયું નહી, અને જયારે તેને સોબતીની અગત્ય માલમ પડી ત્યારેજ તેણે એક હાથ ઉપર જેમ પોતાની ખોહવાયલી ખટલીને તેમ બીજા હાથ ઉપર પોતાના દોસ્ત દાદીબા ડાકટરને યાદ કીધો.

"હું મારા એ દોસ્તને બોલાવીને અંહી મારી સાથે રાખું," તે પોતાનાં મન સાથ બોલ્યો. "હું એને અંહીજ રહેવાનું ઘર બંધાવી આપીશ અને બિચારાને દવાની સીસીઓ તથા ગોળીઓ તથા મલમપટાના પાટની જંજાળમાંથી છોડવીશ." આમ વિચાર કરીને તેણે દાદીબા ઉપર એક લાંબો કાગળ લખી કાહાડયો, કે જે કાગળ ઉપર "જસવાડી" ના માર્કાનો છાપ હતો. તેમાં પોતાની હાલતના આ સઘળા ફેરફારનો હેવાલ ઘણા ખુશ શબ્દોમાં ચિત્રી કાહાડયો, અને પોતાની નવી મીલકત ઉપર આવીને વસવાનું તેને નોત્રું દીધું. "મારૂં જે મકાન તે તારૂંજ સમજજે. મારા ગાડી ઘોડા, વાડી વજીફા સૌ તારાજ સમજજે. મારાં જનજનાવરો, મરઘાં, બટકાં, મેણાં, પોપટ સૌનો તું શેકાર કરજે. દોસ્ત દાદીબા, આવીને જોજે અને તારી નજરો નજર ખાતરી કરજે, તારી બંદુક લેતો આવજે અને એક વખત શેકારબાજીમાં હાથ અજમાવજે." તેણે લખ્યું.

આ નોત્રું ડાકટર દાદીબા લંગડા ઉપર કેવો વિસ્મય પમાડનારી એક નવાઇ લેખે આવી પડયું તે અત્રે જણાવવાની જરૂર નથી. એટલુંજ કહીશું કે તેને પેહેલાં તો એ વાત એક મશ્કરી જેવી લાગી, પણ પછી પોતાની ખાતરી કરવા ખુશી સાથે હાજી કાસમની આગબોટે ચહડી બેઠો, અને ઉલવેથી પણવેલી જતાં પાહાડગામમાં "જસવાડી" ઉપર મોટા હર્ષ સાથ આવી ઉતર્યો. પોતાના આવવાની તેણે આગમચથી ખબર લખ્યાથી જમસુએ પોતાની ફેટનની ચાર્ટ ઉલવાનાં બંદર ઉપર તેને એસ્તેકબાલ લેવા મોકલી હતી, અને કાદરમિયાંએ તેનાં નામની ચીઠી બતાવીને તેને ગાડીમાં બેસાડયો ત્યારેજ દાદીબાની જે ખાતરી થઇ તે "જસવાડી" ના દરવાજા ઉપર ઉતરતાં જસાવાળાનો જમસુ તેને વાટ જોતો ઉભેલો મળ્યો તેને જોવાથી વધારે પુરી ખાતરી થઇ.

પ્રકરણ ૭૧ મું.

બાયડી વગરનું સુખ.

પોતાનો એક વખતનો ગરીબ દોસ્ત, જે પોતાની બાયડીની સુવાવડના પચાસ રૂપિયાને મારે હાથ ઓળતો રખડતો ફર્યો હતો, તેને આજે એકાએક આબાદાનીના આફતાબી તાપના પ્રકાશ તળે દોલતની રેલછેલમાં આવી પડેલો જોવાથી દાદીબા પેહેલાં જેટલો અચરત થયો તેના કરતાં તેની ખુશાલીનો હર્ષ તેની છાતીમાં સમાયો નહી.

"કેમજી ! હું કહેતો હતોનીજ કે તમે નસીબના મોટા છો, મી૦ દારાશાહ દોલીદાદીના !" દાદીબા તેને ભેટીને બોલ્યો.

"દાદીબા, એમ તમે અમેથી માનઅક્રામની શાની વાતો કરેછ ? હું તો જે આગળો જમસુ હતો તેજ છું, અને મને દારાશાહ દોલીદાદીનાનાં નામથી બોલાવ ના. અંહી મારૂં ખરૂં નામ છુપાવવાની અગત્ય નથી, અને ખોટાં નામે રહેવાનો ફાયદો પણ નથી. અંહી તો હું જસાવાળાનો જમસુજ જસાવાળાઓની 'જસવાડી' ને માફક આવતો થયોછ."

"મુબારક મારા દોસ્ત ! તારી આ જાહોજલાલી તુંને હંમેશની મુબારક થાઓ !" દાદીબાએ દુવા દીધી. "તારા દેખાવમાંજ એક એવો રોબ હતો કે જેથી હું હંમેશ ધારતો હતો અને તુંને કહેતો પણ હતો કે તું મુફલેસીની દળદેશરીમાં પડી રહેવાનો નથી. ગમીનાં વાદળનો કાળો ઓથો તારે માંથે સદાનો હોય અને પૈસાના તાપના પ્રકાશમાં તું કદી નહી આવે એમ હું માનતોજ નહી હતો."

"બસ, બસ, દાદીબા. પેહેલી ખુશાલીના બાહારમાં એમ મસ્કા લગાડ્વાનું મોકુફ કર. તું જે કાળાં વાદળનો ઓથો કહેછ તે કાળો ઓથો કાંઇ મારી ઉપર થોડો ઝુળાઇ રહ્યો નથી. હમણાંબી મારી જંજાળ કયાં ઓછી છે ? આવાં જંગલની વચે એકાંત જીંદગીમાં જાહોજલાલી શા ખપની ? આ સુંદર મકાનનો ધણી થવું અને તોપણ બચ્ચાં છોકરાં વગર મોહોતથી માર્ગે લાગવું એ કેવી માઠી વાત છે. હું બચરવાળ થવા છતાં આ મકાનમાં મારૂં બચ્ચું નહી મળે કે જેને મરણ બાદ આ વાડીનો વારસ હું નેમી શકું. એ વિચાર કરતાં હું થોડો દુઃખી થતો નથી."

"હા દોસ્ત, એ વાતની તો મને યાદજ નહી હતી. પણ જમસુ તારાં નસીબનો ફેરફાર તેં તારી બાયડીને લખી જણાવ્યોછ કે નહી ?" દાદીબાએ તેનો બરડો પસવાડીને પુછ્યું.

"એક બોલ પણ નહી," જમસુએ રોબમાંજ જવાબ દીધો. "તે તો મને જે ભીખારી લેખે છોડી ગઇછ તેજ ભીખારી લેખે મને ઓળખશે; અથવા ઘણું થશે તો એક વેપારીની આફીસના વહિત્રા કલાર્ક લેખે મને જાણશે. દાદીબા, અગરજો અમે કદીબી પાછાં જોડાઇશું તો તે દદા મારી દોલતમંદીમાં નહી પણ ગરીબાઇમાંજ પાછી આવશે."

"નહી દોસ્ત, એમ ના બોલ," દાદીબાએ તેને સમજાવ્યો. "આવાં સુંદર ઘરને એક સુંદર ઘરધણીયાની કેવું શોભાવે તે તુંજ યાદ કર. તારાં ખાનાની ટેબલને ખટલીજ ખીલવી શકશે."

જમસુએ નાસ્તો તૈયાર રખાવેલો હતો તે ઉપર પોતાના દોસ્તને તે ઝટવારમાં લઇ ગયો, અને બિલોરી ડીકાંટરોના બિલોરી ગ્લાસ તંબલરો સાથના ભપકાદાર ખણખણાટથીજ દાદીબાને ખટલીની આ યાદ તાજી થઇ, કે જેના જવાબમાં પોતાની પ્રિયાની ગેરહાજરીમાં જમસુએ એટલુંજ કબુલ કીધું કે,

"હા ભાઇ, તું કહેછ તે વાતતો ખરી, પણ દાદીબા, તેં તેને કદી નજરે જોઇ તો નથી. ખટલી ખુબસુર્ત તો ખરેખરીજ જો. આ મેહેલમાં એક મોરની પેઠે, અથવા આ સરોવરના હંસની પેઠે તેની મરોડદાર ગરદનની રોણક તો બિરાજીજ નીકળતે. કેવી ખુબસુર્ત ! તેને ગરીબાઇની જંજાળ અને વહિત્રાંને મારે નહી, પણ આબાદાનીનાં સુખને મારેજ ખુદાએ એવી ખુબસુરત બનાવીછ. પણ તે મને પરણી તે મુફલેસી અને જંજાળનેજ પરણી. કેવી બિચારીની કંગાળ જીંદગી ! મારે તેનો પરણતી વખતેજ વિચાર કરવો હતો. પણ આ વહિત્રી જીંદગીથી તે જલદી કંટાળી ગઇ અને મારી મુફલેસી સાથે જે ગાંઠ બાંધ્યો હતો તે ગાંઠ તેણે તોડી નાખ્યો તેમાં શું કાંઇબી અચરતી છે ? ગરીબ બિચારી !"

"તેના કરતાં તો તું ગરીબ બિચારો, કે એવી એક એકલપેટી મોહિનીની જાળમાં તું ફસી પડયો !"

"નહી દાદીબા, તું તેની ઉપર એટલો સખત દિલનો ના થા." જમસુએ અંતે પોતાની બાયડીની દવા ખાધી. "તે દહાડાજ દળદેશરીના હતા. અમારૂં ભવીષ એવું તો શીહા હતું કે જો તેમાં આશાનું એક જરાબી કીરણ હતે તો હું ધારૂંછ કે તે સેવટ સુધી મને વળગી રહી હતે. પણ હવે કેવો ફેરફાર ! બિચારી કોણ જાણે કયાં કોઇ સ્કુલના છઠાં ખુણામાં છોકરાં ભણાવવાનું વહિત્રું કરીને એક

નાનકડો પગાર પાળતી હશે, ત્યારે હું આ પુરાણી મીલકત ઉપર અમન ચમન કરૂંછ ! એ કેવી ઘાતકી સૂજત ! નહી વારૂં ?"

"એ તો ખુદાને ઘરનો ઇનસાફ." દાદીબાએ મજબુતીથી મત આપીને પુછયું. "પણ જમસુ તે કયાં છે તેની કાંઇ ખબર ? તેં કેમ જાણ્યું કે તે હજી છોકરાં ભણાવવાનો ધંધો ચલાવેછ ?"

"એનાં છેલાં કાગળ ઉપરથી હું એમ માનુંછ. તે મને લખેછ કે હું તો પૈસા કમાવા પડીછ. પૈસા તેની પાસે આવેલાછે કે જે પૈસામાં તે મને ભાગ આપવાની છે. હું એની બેહેનને મળી આવ્યોછ. તેણે મને જે કાંઇ કહ્યું તેની સાથે એના કાગળની આ હકીકત સરખાવતાં હું ધારૂંછ કે એ કોઇ માતબર આસામીની નોકરીમાં રહેલીછે, કે જે આસામી એને પૈસા આપી જવાની આશાછે."

"કેવી હલકી આશા ! કોઇના મરવાની આશા ઉપર બેસી રહેવું !"

જમસુને પોતાને એ વાત ગમતી નહી હતી. એવી રીતે વારસાની આશા ઉપર બેસી રહેવાનું તે પોતેજ ધિક્કારતો હતો. તેને પોતાને એક મોટો વારસો મળ્યોછે ખરો, પણ તે વકી નહી રાખેલો અચબુચ મળ્યોછે, માટે દાદીબાની આ છેલી ટીકા ઉપર તે કશું બોલ્યો નહી. પણ ચુપ બેસી રહીને મરહુમ આઇજીમાયના ભંડારમાં જાળવી રાખેલા જુના ફરમાસુ ગેલાબ અને ચંમેલીના બેવડાનું એક ગલાસ ભરીને દાદીબા આગળ મુકયું.

"પણ દીકરી, જમસુ તારી ખટલીને ખોળી કાહાડવા હવે તું શું કરવા ધારેછ ?" દાદીબાએ બેવડાનું ગલાસ ઉપકારથી જરા જરા 'સિપ' કરતાં પુછયું.

"મેં તો એ ખોળ એક ખબરદાર જાસુસના હાથમાં મુકીછ." જમસુએ ખોલાસો કીધો. "મેં મારા વકીલોની મદદ માંગી તેઓએ મને પોલીસની ફોજમાંથી એક હોશિયાર જાસુસ મેળવી આપ્યો. બચ્ચાં છોકરાંની બાબતમાં એમ જાસુસ રાખવાનું હું ધીક્કારૂંછ, પણ બીજો કશો ઉપાય નથી. તે માણસ કાંઇબી કરીને ખટલીનું ઠેકાણું શોધી લાવશે. એકવાર ઠેકાણું મળ્યું કે હું તેને મોહોડે મોહોડું મળીશ, અને તેની અકલને ઠેકાણે લાવતાં મને વાર લાગશે નહી. હું ધારૂંછ કે ખટલી હજી મને ચાહેછ. પોતાના કાગળમાં એણે ઘણાં પ્યારનાં વચનો લખ્યાંછ. તે મારી સાથે આવવાને ના પાડશે નહી. પણ જો ના પાડશે તો તે ઘણી ફેરવાઇ ગઇછ એમજ હું સમજીશ."

"પણ શું તુંને ખટલીની હજી સુધી ખબર મળીજ નથી ?"

"નહી દોસ્ત, હું પુણામાં તેના મામાને ઘર વેર જઇ આવ્યો, તોપણ તેનું ઠેકાણું શોધી કાહાડવાને નિશફળ થયો. એની બેહેને, તો મને કરાંચીનો હવાલો આપ્યો અને પુણેથી કરાંચી બાયડીને શોધવા જતાં પેહેલાં આ મીલકતને શોધી કાહાડી અને તેથીજ હું અટકી પડયોછ."

આ શબ્દો ઉપર દાદીબા ચૂપ બેઠો. તેને તેના દોસ્તની બાયડી કોઇ સખત અને સંગદિલ જણાયછે, અને એવી બાયડીને તેનો ભર્તાર દૂરને દૂરજ રાખે તો વધારે સારૂં એમ તેને લાગ્યું. આ પુરાણા વજીફા ઉપર, આ જંગલની જીંદગી, આ ખુશનુમા મેદાનો અને આ લીલોતરીભરેલો બગીચો દાદીબા જેવા એકાંત પુરૂષને તેનાં એકાંતપણાને મારેજ વધારે ગમ્યો. તેને લાગ્યું કે અહીં એક બાયડીની જરૂરજ નથી. ઓરતજાતનાં પગલાં તે નવી પંચાતીનાં પગલાં જેવું લાગ્યું. જેમ તે વધારે ખુબસુરત છે તેમ બાયડીની પંચાત વધે એમ તેને લાગ્યું.

જમસુ જસાવાળાની "જસવાડી" ની જીંદગી એટલી તો ખુશ જાહોજલાલીભરેલી છે કે જો તે એકવાર પોતાની ચાહેલી બાયડીને ભૂલી જાય, અથવા પોતાના જે દીકરાને તેણે કદી દીઠો નથી તે દીકરાને અહીં લાવી રાખવાનો ખયાલ તે છોડી દે, તો આ એકાંત જીંદગીની શાંતિમાં તે વધારે સુખી થાય એમ હતું. "જસવાડી" ની મીલકત દાદીબા અને જમસુ જેવા છરાઓને જેવી જોઇએ તેવીજ મળીછે. અંહી પુષ્કળ ફરવા હરવાનું છે, પુષ્કળ શેકાર મળેછે, ખુશ્નુમા હવા છે, ખુશ્નુમા ખોરાકી છે, આબરૂદાર પડોસીઓ છે કે જેઓ "જસવાડી" ના માલેકને માન આપેછે, એટલુંજ દાદીબાને લાગ્યું કે જમસુનાં સુખને માટે બસ છે.

પ્રકરણ ૭૨ મું.

"જામે જમશેદ" માં જમસુ.

"જસવાડી" ના પારપડોસમાં કાંઇ વસ્તી મોટી નહીં હતી અને તેમાં પારસીની વસ્તી તો કાંઇજ નહી હતી. પારસી પડોસીઓ જેવાં કોઇ પણ હોયતો તેઓ ફકત ત્રણ ચાર માઇલ ઉપર પણુવેલીમાં હતાં. તેઓ "જસવાડી" ના માલેક જેવાં માતબર કોઇ નહી હતાં. તેઓની ગરીબાઇ છતાં જમસુ જસાવાળો તેઓ વચે મોહોબતથી ભેળાયો હતો. અગત્ય કરીને પણુવેલીના પોતાના આગળો મેજબાન બુજર્ગ બેજનજી વગેરેને તેણે ઘણું માન આપીને બોલાવ્યા હતા, અને પોતાની આગળી ગરીબ મેહમાનદારીનો બદલો પોતાની ખાસ દિલસોજીથી વાળી આપ્યો, ત્યારે તે બુજર્ગ દારૂવાળાને પણ પોતાનો આગળો મેહેમાન આવો એક માતબર સાહેબજાદો નિકલવા માટે ઘણી મગરૂરી ઉપજી હતી. પણુવેલીની પારસી વસ્તીમાં મુખ્ય દારૂના ફડવાળાઓ અને એવાજ ટુંક ભંડોળ્યા દુકાનદારો હતા. પોતાની ગમે એટલી ગરીબી છતાં તેઓ આબરૂદાર અને બચરવાલ હતા. તેઓ જમસુની આગળી પાછલી બીના જાણવાને ખંતી હતા. તેઓ સઘળા તેના નવા દોસ્તો થયલા હતા. એકાદ બે બાપો મોટી મોટી જુવાન દીકરીઓના બાપ હતા. તેઓએ એક આવા માતબર પડોસી સાથ દોસ્તી બંધાવાથી પોતાની દીકરીઓના ઉઠાવ થવાની આશા બાંધી હતી, કેમકે તેને બાયડી નથી અને તે કુવારો છે એવું સમજવાથી તેઓ તેની સાથ વધારે એખલાસથી ભેળાયા હતા. પણ જમસુથી એક વેળા પોતાના એક નવા દોસ્ત આગળ કેહેવાઇ જવાયું કે તે તો પરણેલો છે પણ કાંઇ કુટુંબી કંકાશને લીધે બાયડીથી જુદો પડેલો છે, જેની સાથ તે પાછો જોડાવાની આશા રાખેછે. એ વાત તેણે જોકે છુપી કહી હતી તોપણુ થોડા દહાડામાં તે વાત આખી પણુવેલીની પારસી વસ્તીમાં પસરી ગઇ હતી, અને એ વાતપર કોઇએ તેની તરફ દયાથી તો કોઇએ છુપ્પા તિરસ્કારથી જોવા માડયું હતું. "જસવાડી" વાળાં મરનાર આઇજીમાય કોઇને એલજામ પહોંચે નહી એવું કરનારાં એક અસરાફ બાનું, તેવણનો વારસ—"જસવાડી" નો નવો માલેક—પોતાની પરણી બાયડીને તજી બેઠેલો એક લટખટ પારસી છે એ ખ્યાલથી તે પાર પડોસમાં લગાર અળખામણો થયો, અને એ બીના કાંઇ સેજસાજ તેને જણાઇ તોપણ તેણે કાંઇ દરકાર કીધી નહી.

પોતાની આ નવી જીંદગીમાં જમસુને એવું લાગ્યું કે જાણેકે તે આગળ કદી ગરીબ થયોજ નહી હોય. પોતાનું સેજસાજ કરજ હતું તે તેણે આઇજીમાયની રોકડ પુંજીમાંથી વ્યાજ સુધાં પગાર કીધું, અને કોઇના પણ નાણાં ડુબાડવાનો તેની ઉપર ડાઘ રહ્યો નહી. "જસવાડી" માં તે એવો તો વસી ગયો, કે જાણેકે ત્યાંજ જનમ્યો હોય અને અસલથીજ એ તેનું ઘરબાર હોય એવું તેને દીસવા લાગ્યું. તેણે સરસામાનમાં ઘણોએક વધારો કીધો; જનજનાવરોમાં નવાં ખરીદીને ઉમેર્યાં, અને પોતાના દોસ્ત દાદીબાની સાથે પોતાની આ ફેરવાયલી હાલત ઉપર ઘણીએક શુકરગુજારી કરતો રહ્યો.

ખટલીની ખોળને માટે રાખેલા છુપા જાસુસ તરફથી તેને કેટલાક કાગળ મળ્યા, પણ તેમાં નકી પત્તો મળે એવું કાંઇ જણાયું નહી. કોઇ વેહેમભરેલી વાત તો કોઇ તે વેહેમને ટેકો આપનારી અને કોઇ તે વેહેમને તોડી પાડનારી વાતો મળી આવી ખરી. પણ સઘળું જોતાં તેમાંથી કશો સાર નિકળ્યો નહી; અને પોતાની હાલની સઘળી જાહોજલાલી વચે ખટલીની ખોળ એજ તેનાં મગજમાં ખતરો પાડનારી મુખ્ય બાબત થઇ પડી.

જ્યારે કશાથી નહી વળ્યું ત્યારે એકવાર ફરી જાહેર છાપાની મારફતે જાહેરખબરનો ઉપાય તેણે અજમાવી જોવાને ઠરાવ કીધો, "રાસ્ત ગોફતાર" કે "મુંબઇ સમાચાર" એવી ઘેરસંસારી તારી મારી છાપવાને ના પાડે છે. માટે તેણે ખટલીની પેઠે એકવાર પાછો "જામે જમશેદ" નો આશ્રય લીધો અને તેણે "જામે જમશેદ" માં નીચલી જાહેરખબર છપાવી :—

મુંબઈની મરઘાસેરીમાંથી—લા૦ દા. દો. દા. હું ખબર આપું છું કે એ. સ. વાળી મધમાખી જેવી એક નોકરની મારફતે તારી સાથે વેહેવાર ચલાવવાને હું ના પાડું છું. એવો આડકતરો વેહેવાર તુંને અને મને હલકું લગાડનારો છે. તું જે ભરૂસાની વાતો કરેછે તમાં મને દીલસોજી કાંઈ નથી. તું જે દોલતની આશા આપેછે તેવી રીતે મેળવેલા પૈસામાં ભાગ લેવાનું હુ ધિક્કારૂં છું. તારો હકદાર ભર્તાર લેખે હું તારો દાવો કરૂં છું. તું કાંઇ ભુખે મરવાની નથી અથવા ગરીબાઇ તુંને લાગવાની પણ નથી. મે એવી નોકરી મેળવીછે કે જેથી મારી બાયડી અને બચ્ચાંને સુખથી રાખવાને હું શક્તિવાન થયલો છું. વાસ્તે પાછી આવ, અને મારો અને મારા દીલીજાન વ્હાલનો વીશ્વાસ રાખ. જોઇયે તો આપણી જુદાઈ ચાલુ રાખ, પણ એમ જાણજે કે તે જુદાઇ હંમેશની થઈ પડશે."

આ જાહેરખબર છપાવા ઉપરજ જમસુ સબુરી પકડી બેઠો નહી. કદાચ એ જાહેર ખબર ખટલીના વાંચ્યામાં નહી આવે તો તેનો પણ તેણે ઉપાય એ કીધો કે ગુલાબી રંગના જે છુંછા સરખાં છાપા ઉપર એ જાહેર ખબર છાપેલી હતી તેના ઘડી વાળીને તથા પરબીડાંમાં બીડીને તે એલ્ફીનસ્ટન સર્કલમાં મિસિસ સાવક્ષાની સ્કુલમાં મીઠી મધમાખીને હાથોહાથ આપી પણ આવ્યો કે ખટલી જયાં હોય ત્યાં તેની ઉપર સરનામું કરીને તે કાગળ તપાળમાં બીડી દે. . એ પછી જાહેરખબરના જવાબનો તે આરજુમંદ રહ્યો, અને તેટલા માટે મજકુર પત્ર જે તે કદી હાથમાં નહી ધરતો હતો, તેનો તે ખાશ ઘરાક થયો, અને તે કાગળ્યું પોતાને ત્યાં આવતું કીધું, તથા દરરોજ જાહેરખબરોની કટારમાં કાંઇ જવાબ આવેતો તે જોવા લાગ્યો. એમ કરતાં ત્રણ દહાડામાં નીચલી જાહેરખબર છપાયલી તેના વાંચ્યામાં આવી કે જે મરઘાસેરીની ઇધાણી ઉપરથી તેનોજ જવાબ છે એમ તેની પેહેલી નજર ખેંચી શકી :—

"મરઘાસેરી ખાતે પોંહોચે.—જરા થોભો. જરા ધીરજ રાખો, અને આપણે પાછાં જોડાઇશું. પાછું મળવાને માટે મારા કરતાં વધાર ઉમેદવારી તમારી નહી હશે. આજ હડી વર્ષ થયાં જે આશાની ઇમારત ઉઠાવીછે તે ઇમારતનો એક ઘડીની અધીરાઇથી નાશ કરી દેવો નહી જોઇયે."

આ જાહેરખબરનો જવાબ બીજેજ દહાડેના "જામે જમશેદ" માં જમસુએ નીચલી જાહેર ખબરથી પાછો વાળ્યો, અને તે આગળીજ મારફતથી ખટલીને પાછો પોંહોંચાડયો :—

"મુંબઈ મરઘાસેરીમાંથી—લા૦, દા. દો. દા. તું મને ધીરજ રાખવા કહેછે તો હું ધીરજ ધરવા તૈયાર છું. પણ પેહેલાં મને આપણા દીકરાનો કબજો આપ, અને પછી હું ધીરજ ધરીશ."

આ જાહેરખબરનો જવાબ વળી ત્રીજે દહાડે એકજ લીટીમાં મળ્યો. અને તે લીટી આ પ્રમાણે હતી :—

"તમે માંગોછો તે તો કોઇ દહાડે નહી બને."

આ જવાબ વાંચીને જમસુનો મિજાજ જતો રહ્યો. તેના પ્યારની જગ્યા ધિક્કારે લીધી.

"કમબખ્ત કસાઇ!" તે પોતાનાં મનથી બડબડયો. "મારા કરતાં પૈસાને વધારે પ્યારા કરેછ. પોતાની ફરજ અથવા પ્યાર કરતાં કોઈ પોતાની બુઢી કાકી મામીના પૈસા ઉપર ટીંગાઇ રહીછ. મેં એને વાસ્તે જે કાંઇ ખમ્યું તો શું એ તેને લાયકની છે ? અથવા મારી આટલી બધી વફાદારીને એ શું લાયકની છે ?"

અલબતાં જમસુનાં મનમાં આ સવાલોનો જવાબ "નહી"થી મળ્યો. પોતાની પ્રિયા ઉપરનો તેનો સઘળો પ્યાર તેને બેવકુફાઇભરેલો એક કમઅકલ જુસ્સો એક નાલાયક ચીજ ઉપર ફોકટ ગુમાવેલો લાગ્યો. એવી એક થંડી, ઘાતકી ઓરતને વિસારી દેવાનો અને પોતાની નવી જીંદગીની સઘળી મોજમઝા એકલે હાથે એકલીજ ભોગવવાનો તેણે ઠરાવ કીધો. અને એમ કરતાં તેનાં ગામડાંના એકાંતવાસમાં તેના બાકીના દહાડા એક બીજો ઉનાળો આવ્યો ત્યાંસુધી શાંત સફાઇથી ગુજરવા લાગ્યા. ખટલી તેને છોડી જવાને ત્રણ વર્ષ પુરાં થયાં, અને પોતાના એકાંતવાસમાં ઝુરી નહી મરવા માટે દાદીબાની દોસ્તી છતાં તેણે મુંબઇથી અવારનવાર ઓળખીતાઓને પહરોણા બોલાવવાનો નવો રસ્તો પકડયો. અવારનવાર બે ચાર દોસ્તો આવીને રહી જવા પછી એક દહાડે મી૦ ડોસુબા વકીલને જમવા બોલાવવાનો તેણે વિચાર કીધો, કે જેથી આ "જસવાડી" ના પેહેલા ત્રસ્ટી અને કારભારી દાખલ મરનાર આઇજીમાય જસાવાળાં તેવણુને ઠરાવી જવા પછી નવા વારસના હાથમાં

મીલકતનો કારભાર કેમ ચાલેછે તે તેવણને જોવાને બની આવે.

જમસુએ ડોસુબાને આ નોત્રૂં બાઇજત દિલસોજી અને આબરૂથી કીધું. પણ ડોસુબાએ જવાબ મોકલ્યો કે તેવણને ત્યાં પુણેના કોઇ પારસી ગૃહસ્થ પહરોણા આવ્યા હતા તેમને છોડીને તેવણથી અવાય એમ નહી હતું. જમસુને એતો વધારે સારી તક મળી. પુણાના પારસીઓમાં પોતાની પિછાણ તે અવશ્ય વધારવા ચાહતો હતો, માટે તેણે ડોસુબાને ખાસ ઈજન કીધું કે, "તમારા પુણેગરા પહરોણાને લઇને અહીં પધારશો તો મોટો ઉપકાર થશે. પુણાના પારસી ગૃહસ્થો સાથ મને કશી પિછાણ નથી માટે તમારા પહરોણા સાહેબને મારાજ પહરોણા સમજો, અને તેવણને સાથે લઇને અતરે પધરામણી લાવી મને માન આપો અને નાસિપાસ નહી કરો એવી અરજ હું ગુજારૂં છું."

આ અરજ મી૦ ડોસુબા વકીલને ઘણી લલચાવનારી થઇ પડી. "જસવાડી" જુદા ધણીના હાથમાં જઇ પડવા પછી તે જોવાની તેવણને તક મળી નહી હતી, જેથી આ તક ખોહવા જોગ નહી લાગી. તેવણ પોતાના પહરોણા સાથે બીજે દિનેજ પણવેલી આવવાને નિકળી પડયા અને આગમચથી આપેલી ખબર મુજબ જમસુ જસાવાળાએ તથા તેના દોસ્ત દાદીબા લંગડાએ ઉલવા બંદરે હાજર થઇ તેઓને બાઇજત આવકાર આપ્યો.

પ્રકરણ ૭૩ મું.

"પુણેગરી પરી."

મી૦ ડોસુબા વકીલ "જસવાડી" માં એકજ દહાડાના પહરોણા હતા. તેવણના પુણેગરા દોસ્ત શેઠ પાહલનજી પસ્તાકયા પુણાના એક જાણીતા શેહેરીમાં ખપતા હતા, અને પુણાની પારસી મંડળીમાં આબરૂ તથા દરજ્જો ભોગવવાનું ગુમાન ધરાવતા હતા. તેવા એક ગૃહસ્થ દાખલ મી૦ ડોસુબાએ જમસુને તથા દાદીબાને ઓળખાણ કરાવ્યા પછી, જમસુને લાગ્યું કે તે ગૃહસ્થ ખરેખર કોઇ વગવાળો પુણાનો પારસી હોય કે નહી તોપણ થોડી ઘણી ગપસપ સાંભળવાની તેનાથી ગમત પડશે. શેઠ પાહલનજી પસ્તાકયાનું નામ જમસુએ કદી સાંભળ્યું નથી તે કદાચ એટલાથી હોય કે જમસુ કાંઇ પુણાનો રેહવાસી નથી પણ એમ તો શેહેરોઆરજી સદો તથા દીનશાહજી દારૂવાળા વગેરે બીજા ખાસ પુણેગરાઓ કે જેઓને વાંચનાર ઓળખેછે, તેઓની પણ જમસુને ઓળખ નથી. ઓળખમાં ઓળખતો જમસુને ખટલીના માતબર મામા માણેકશાહ મુકાદમ સાથે છે. પણ તેબી ફકત નામનીજ ઓળખ છે; અને પોતાના બાપદાદાના વખતનાં વેરની તથા પૈસાટકાના કજ્યાની ઓળખ છે. જમસુએ માણેકશાહ મુકાદમને નજરે તો કદી જોયોજ નથી, પણ નામ સાંભળ્યુંછે. તેમજ પુણાના બીજા એકજ ગૃહસ્થને પણ તે નામેજ ઓળખેછે. તે ગૃહસ્થ હીરાબાગવાળા ઑનરેબલ હીરાજી શેઠ છે, કે જેવણનું વખતે વખત વર્તમાન પત્રોમાં નામ વાંચેલું જમસુને યાદ છે.

"જસવાડી" માં જઇ પોહચ્યા પછી પેહલી મુખ્ય વાતચીત તો જમસુ અને ડોસુબા વકીલ વચેજ ચાલી, અને તે "જસવાડી"ની મીલકત, તેની પેદાયશ, તથા કારભારને લગતી હતી. એમ કરતાં રાત્રે જમવાનો વખત થયો ત્યારે જમસુએ પોતાના પહરોણાઓને જમવા બેસાડયા. એટલીવારમાં તો તેનો પુણેગરો પહરોણો પોતાના મિલનસારપણાથી જમસુ સાથ ઘણો પલોટાઇ ગયો, અને ખુશ રમુજથી તોલટપા તથા મજાખ મશ્કરીમાં ભાગ લેવા લાગ્યો.

"ભાઇ જમશેદજી, તમે આવા મજેના વાડી વજીફાના ધણી થયા પછી તમારી આ જીંદગીમાં એકજ ખુટ છે," ડોસુબા વકીલે મત આપવાની હિમત ચલાવી, "અને તે ખુટ એક ઘરધણીયાણીની છે. તમારા સંસારને શણગાર આપવા તમોને બાયડી જોઇએ. તમોએ પરણીને બચરવાળ થવાનો અગર આજસુધી વખત નહી હતો તો હવે તે વખત આવીોછ."

"હાજી, હુંબી તેજ વિચારમાં છું. પણ કોઇ લાયક ઓરત શોધી કાહાડવાનીજ વાર છે."

"અરે ભલા માણસ, આજના જમાનામાં છોકરીઓનો શું ટોટો છે?" ડોસુબા વકીલે પુછયું "તમારા નવા પૈસાપર તો સેંકડો જણીઓ તુટી પડશે."

"તે સાહેબ મુંબઇમાં હોય," જમસુએ જવાબ દીધો. "અહીં જંગલની વચે મારા જેવાને ઓળખે કોણ? અને છોકરીઓ આપવા આવે કોણ?"

"શેઠ, તમેજ કોઇ સારી જેવી સુંદરી મારા દોસ્તને વાસ્તે શોધી કાહાડોની," દાદીબા ડાકટરે ટકોર કીધી. "એ બિચારાને ખુબસુરતીની કાંઇ પરખ નથી અને એના શોખ ઉપર રાખીશું તો કોણ જાણે કેવું એક ગોદરૂં ઓઢી આવશે! વાસ્તે ડોસુબા શેઠ જેમ તમે આ સુંદર મીલકત એને અપાવીછ તેમજ તે મીલકતની એક સુંદર ધણીયાણી પણ તમેજ મેળવી આપો તો સારૂં."

આ મજાખ ઉપર સઘળા દોસ્તો હસી પડયા. પણ જમસુ ધારતો હતો તેમ આ સુચનાથી ડોસુબા વકીલને કાંઇબી અપમાન લાગ્યું નહી, તો જોકે દાદીબાની મતલબ કાંઇ તેવણને માઠું લગાડવાની નહી હતી.

"હા, મોટી ખુશી સાથે," ડોસુબા વકીલે તો સામી આ માગણી કબૂલ રાખી. "આજે છોકરીઓની કશી તંગી નથી. મારી જાણ પિછાણમાંજ મી૦ જમશેદજીને લાયકની દજણએક લાડકીઓ છે."

"અને અમારાં પુણા શેહેરમાંબી તેમજ છે, સાહેબ," શેઠ પાહલનજી પસ્તાકીયાએ આ વાતમાં ટાપસી પુરી.

"શું પુણામાં ખુબસુરતી ઘણી છે?" દાદીબા લંગડાએ ટકોર કીધી. "દખણી બ્રાહમણીઓની ખુબસુરતી વખણાયછ તે ઉપરથી પુણાની પારસણો પણ ખુબસુરત હોય એ વેહવારસર છે."

"અરે સાહેબ! અમારાં પુણામાં ખુબસુરતીનું પુછવુંજ શું? અગત્ય કરીને હમણાં અમારાં ગામમાં એક જુવાન પારસણ મંડળીમાં દીપી નિકળીછ તે એક પરીજ છે, અને તેની શોભા ઉપરથી તે કોમનું એક ગહવેરજ ગણાયછ."

આ તોલટપામાં નવાઇ જેવું કાંઇજ નહી હતું, પણ જમસુ જે આ વાત બેધ્યાનપણે સાંભળતો હતો તે લગાર ઉસ્કેરાઇને ચોંકયો. પુણામાં તો તેના મામાસસરા માકા મુકાદમનું મકાન હતું. તે ઉપરથી જમસુને તેની ખટલીની ખુબસુરતી યાદ આવી. તે પોતાના દોસ્તો આગળ ગ્લાસમાં દારૂ રેડયોજ જતો હતો, પણ દાદીબાએ જોયું કે આ વખતે તેનું મગજ ઓરજ ઉસ્કેરાયલું હતું, અને તેના હાથ જરા જરા ધ્રુજતા હતા.

"તે બાઇને તમે ઓળખોછ કે, શેઠ?" જે સવાલ જમસુનાં મનમાં પુછવા માટે રમ્યા કરતો હતો તેજ સવાલ દાદીબા ડાકટરે પુછયો. "તેનું નામ નિશાન કાંઇ હશેની, સાહેબ?"

"હાજી. હું તેને પોતાને ઓળખતો નથી, પણ તેને મેં ઘણી વખત જોયલીછે, અને બીજા પુણેગરા પારસીઓની સાથે તેની અપરમપાર ખુબસુરતીને મેં વખાણેલીછે."

"શેઠ તેનું નામ શું વારૂ?" દાદીબાએ પુછવાનું ચાલુ રાખ્યું અને તેજ વખતે જમસુના ચેહેરા ઉપર ફેરવાતા રંગ તરફ જોયા કીધું તે એવું દેખાડવા કે જાણેકે તારાં મનમાંનો ભેદ હું સમજુંછું.

"તે બાઇનું નામ તો કાંઇ ખરશેદબાઇ કરીને છેજી. ખજુરિયાની ખટલી કરીને ઓળખાયછ," પાહલનજી પસ્તાકયાએ ખબર આપી. "કોઇ પૈસાદાર પુતલી છે. કોઇએક દોલતમંદ ચીનના વેપારીની સાથે ફરેછ, અને તેપરથી બધાં ધારેછ કે તેને તેના પૈસા મળવાના છે. આનરેબલ હીરાજીને ત્યાંનાં ખાના ઉપર મેં તેને જોઇ હતી. હીરાજીનો દીકરો સોલીશેઠ તેની પછવાડે ખુબ ભમેછ, અને એમ કેહવાયછ કે સોલીશેઠ તેને પરણવાનો છે."

આ ખબરથી જમસુએ પોતાનાં જીગરમાં ઉઠતા આગના સોલા દાબી નાખવાની ઘણી તજવીજ કીધી અને તે તજવીજમાં બીજા દોસ્તો આગળ ફાવી ગયો તોપણ દાદીબા સમક્ષ તે ફાવી શકયો નહી. શું આ ખજુરિયાની ખટલી તેની પોતાની પરણેલી બાયડી નથી અને શું તે બીજાને પરણીને બેવફા તથા બે વર કરનારી ગુનેહગાર થવાની છે? અથવા શું આ ખજુરિયાની છોકરી કોઇ બીજી છે? તે ખટલીનીજ કોઇ બેહેન કાં નહી હોય? પણ

તે માતબર ચીનનો વેપારી કોણ છે? કોઇજ નહી પણ તેનો મામો અને જસાવાળાઓનો જુનો દુશ્મન માણેકશાહ મુકાદમજ કાં નહી હોય?

"શેઠ તમે તો આ પુણેગરી પરીની વાતથી અમે મુંબઇગરાઓને કાંઇ અજબ ઉસ્કેરી મેળશો." જમસુએ જેમ તેમ બોલવાની હિમત કીધી "પણ એ બાઇ કોણ છે, કેવી છે, તેનું જરા બયાન તો કરો સાહેબ."

"હા. હા—પાહુલનજી શેઠ" જમસુની આ દરખાસ્તને દાદીબાએ ટેકો આપ્યો. "પુણાની આ પારસણ પુતલી વિષે થોડુંક વર્ણન મને પણ ઘણું સાંભળવા ગમેછ."

દાદીબા લંગડો કાંઇ પરણવાનો ઉમેદવાર નહી હતો, તોપણ જાણેકે પોતે પોતાને વાસ્તે પુછતો હોય તેવી ઉલટથી પોતાના દોસ્ત જમસુને વાસ્તે તે આ સવાલો પુછતો રહ્યો.

"ખજુરિયાની ખટલીની ખુબસુરતીનું કાંઇ પણ બયાન કરવું એ મારા જેવાથી નહી બને એવું છે." શેઠ પાહુલનજી પસ્તાકિયાએ પોતાની અશકયતા બતાવી. "એક ખુબસુરતીનું વર્ણન કરવાને તો એક કવિની કલમ જોઇયે અને હું કાંઇ કવિ નથી."

"અને તોપણ સાહેબ અમે કાંઇ સાયરીની સહરાગાત તમારી પાસેથી માગતા નથી." જમસુએ આગ્રહ કીધો "અમે તો સાદું સાદું બયાન પુછીયેછ કે જે બાઇને તમે એટલીબધી વખાણોછ તે કેવી છે, કોણના જેવી છે?"

"કોણના જેવી, તે હું કેમ સરખાવી શકું?" શેઠ પાહુલનજીએ પુછ્યું. "તેના જેવી કોઇ નથી એટલે કોણના જેવી છે તે કેહવુંજ મુશકેલ છે."

"વારૂં સાહેબ તે કદે કેવી છે? લાંબી છે કે ઠીગણી?" જમસુએ અને તેના દોસ્ત દાદીબાએ જોયું કે એમ સાધારણ રીતે પુછવાથી આ પુણેગરી પરીની કાંઇ નિશાન મળતી નથી, ત્યારે તો વિગતે ઉલટપાલટ સવાલ પુછવાનું તેઓએ શરૂ કીધું.

"કદે ઠીગણીબી નથી ને બટકીબી નથી." શેઠ પાહુલનજીએ હવે વિગત આપવા માંડી. "ઉંચી, પતળી ને સીધી સરોવર જેવી છે."

"અને ચેહરો કેવો છે? લંબાચો છે કે ગોળ?"

"ચેહરો તદન ગોળબી નહી અને તદન લંબાચોબી નહી, પણ ઇડારેકો ગોળાકાર તેનો ચેહરો છે."

"અને નાક ચીનીના જેવું લગાર ચપટું છે વારૂં?"

"નહી—નાકતો સુંદર અણિયાળું છે. ગાલ બતાસા જેવા ખાસા ઉપસેલાછે, જે ગાલોની વચોવચ સુરખીદાર ગોલાબી રંગ તાજાં ગોલાબનેબી હરાવે એવો છે. દાંત દાડમની કલી જેવા છે, અને મોહડાંનો ડાબળો નાનો, સુંદર, જાણેકે એક ઝવેરાતની પેટી છે. મોહડાંની હેઠે બદામી ઘાટની સુંદર હુંડડી છે, અને ગોરા ચેહરાને લીધે તેનો એ ઘાટઘટમ કોઇ ઇંગ્રેજ મડમના કરતાં એક મોગલાણી અથવા સરકાસિયન સુંદરીને વધારે મળતો આવેછ."

એ રીતે શેઠ પાહુલનજી પસ્તાકિયાએ બાકીનો સઘળો હેવાલ પુછ્યા વગર પોતેજ પુરો કીધો અને જમસુ જસાવાળાનાં મનમાં નકી થયું કે તે કોઇજ નહી પણ તેની ખટલી હતી, કે જેના ચેહરાની સઘળી ઇધાણી તેને આ બયાનમાં મળી આવી.

"અને શું સાહેબ એ નાજનીન એક પૈસાદાર વરને પરણવાની છે?" દાદીબા ડાકટરે અંકે કરાવવા વધારે પુછ્યું.

"એમ અમારા પુણામાં વાત ચાલીછ અને હાનરેબલ હીરાજીનો દીકરો સોલીશેઠ, જે તે બાઇની પુઠે એક ઘેલા બાવરાની પેઠે ભમતો ફરેછ, તે ઉપરથી બધાં ધારેછ કે એ સુંદરીને તે પરણવાની મતલબ રાખેછ."

"અને સાહેબ એ બાઇનો એક માતબર મામો છે, જે તમે કહોછ કે ચીનથી આવેલો છે." જમસુ જે આ વાતચીતમાં અત્યાર સુધી ભાગ લઇ શકતો નહી હતો, તેણે હવે આ સવાલ પુછવા જેટલી હિમત કીધી. "અને તે મામાનું નામ માણુકશાહ મુકાદમ છે વારૂં?"

"હા—હા—તેજ—તેજ મને બરાબર યાદ આવ્યું." પાહુલનજી શેઠે યાદ કરીને ટેકો આપ્યો. "એક મખ્ખીચુસ ચીનાઇ ઢાંખરો, જે પૈસાપર પથારી માંડીને ખાઇબદેલા એક ખુલ્યા ખાધરાની પેઠે પડી રહેલો છે. ઘણે વર્ષે ચીનથી આવીને પુણામાં જાણેકે ચીન

દેશનેજ લેતો આવેલો છે. પોતાના બંગલાનું નામ ચીનાબાગ આપ્યુંછ, સરસામાન બધો ચીનાઈ વાપરેછ, ગાડીઘોડા ચીનાઈ ઢબનાજ ચલાવેછ, ચીનાઈ પંખા ચીનાઓ પાસે ડોલાવેછ, જ્યારે નજળાથી અકેછ ત્યારે ચીનાઈ જીનરીક્ષાની ગાડીમાં બેસાડીને ચીના મજુરો તેને ઘસડી જાયછ, ચીનાઈ ચા પીયેછ અને ચીનાઈ મુરબ્બો મીઠાઈઓ ખાયછ."

"ત્યારે તેની ભત્રીજી તે આ ખટલી છે સાહેબ! અને તે પોતાના એ મામાને ત્યાંજ રહેલી છે?" જમસુ જસાવાળાએ સેવટનો સવાલ પુછ્યો.

"હાજી, તેજ અને ત્યાંજ" પુણેગરા પહરોણાએ જવાબ આપ્યો. "છોકરી મામાપર ઘણી ખુરબાન થઈ ગઈછ, તે કોઈ કેહછ કે મામાના પૈસાની આશાપર છે, અને કોઈ કેહછ કે મામા ઉપરના ખરા પ્યારથી ખુરબાન છે. બેમાંનું ગમે તે હોય અથવા બેહુ કારણો ખરાં હોય, પણ આ છોકરીને તો મામાનું છાપડું છોડવા ગમતુંજ નથી. એમ તો તેનો બીજો એક મામો છે, જે મેહલાશાહ ડાકટર કરીને કેહવાયછ, તેણે ખટલીની બીજી બે નાની બેહનોને પોતાને ત્યાંજ બચપણથી રાખીને પાળીપોશીને મોટી કીધીછ. પણ તેની આ વડી ભાણેજને એ મામાનું આ નાનું ઝુપડું ભાવતું નથી અને તે માકામામાનો ચીનાબાગનો મેહલ છોડીને જવા માગતીજ નથી."

આ વાતચીતમાં રાત્રી ઘણી ગુજરી ગઈ અને જમસુના પહરોણાઓ ઉંઘવા ગયા, પણ જમસુને પોતાને તે રાત્રે ઉંઘ આવી નહી.

આ કેવો ભયંકાર હેવાલ તેણે પોતાની પરણેતર પ્રિયા વિષે પોતાના પુણેગરા પહરોણાને મોહડે સાંભળ્યો, તેના વિચારમાં ને વિચારમાં તે પોણી રાત સુધી બિછાનામાં તડફડયા કીધો. તેની બાયડી તેને છોડીને જતી રહી એટલોજ તેનો કેહર નહી હતો, પણ તે કેમ ગઈ અને કયાં ગઈ તે તેને ખીજવનારાં વધારે કારણો હતાં. તે ગઈ તો ગઈ પણ વળી પોતાના વ્હાલા વરના હડહડતાં બાપીકા દૂશમનને ઘેર જઈને રહીછે—જે ધણીનાં જુઠા લુત્રાંથી અને ઠગાઈઓથી જમસુનો બાપ બિચારો પોતાના પૈસા ટકા ખોહી બેઠો તથા જમસુ પોતે નાવારસ અને રખડતો થયો—જે ધણીનું નામ સદાનું ડાટી દેવાનો જમસુનો ધર્મ હતો અને જેનાં નેહસ્ત નામને નાબુદ કરવાનો તેનાં માબાપનો પવિત્ર કોલ હતો—તે ધણીને ઘેર તેના પૈસાની આશા ઉપર તેની એ પ્રિયા પડી રહીછે; એટલુંજ નહી પણ વળી તે ત્યાં નથી એમ તેને સમજાવીને ઠગેછે. તે પોતાની પ્રિયાની પરપુછ કરવા ખામખા પુણે ગયો ત્યારે તેની નાદાન બેહને તેને કરાંચીનો ખોટો હવાલો આપીને વાહી કાહાડયો, અને તે દુકતીએ તેના ઉપર જે આ પાપી ઠગાઈ ચલાવી તે શું ખટલીના શિખવ્યા વગર ચલાવી હશે? તેમ કરવાનો તે દુકતી નાજાંને સબબ શો હોય? પોતાની બેહન ખટલીની ખબર જમસુથી છુપાવવાને તે દુકતીને જરૂરજ શી? પણ જમસુએ નકી મત બાંધ્યું કે નાજાંએ તેને ખોટી ખબરથી વાહી કાહાડયો' તેમાં ખટલી અને નાજાં બેહુ બેહનો એકસંપીથી મળી જવી જોઈયે—ખટલી પોતાનું ઠેકાણું પોતાના વરથી છુપાવવા માગેછે, તેતો જમસુ સારીપેઠે જાણેછે અને પેલી "ભોયમાંથી ફુટતી છોકરી" નાજાંની ઠગાઈથી તેને આ બીજો પુરાવો મળ્યોછે.

"અંહું! ત્યારે ખટલી પોતાની અને મારી હાલત સુધારવા માગેછ, તે તો કેથી એ મતલબની ગતમાં લેરેછ!" જમસુએ સુતાં સુતાં વિચાર કીધો. "મારા બાપીકા દુશમનનો પ્યાર મેળવવા તે મારો પ્યાર તજીને ગઈ! અને તેબી તેના પૈસાની આશા ઉપર! ત્યારે એ જે દોલતની ઉમેદ આપેછ, તેતો કેથી આ લુછાની દોલત છે! અને મને એ પાપીના પૈસાનો ભાગ,આપવા માગેછ! મને થોભાવેછ, તે તો કેથા આ માકા મુકાદમના પૈસાને સારૂં થોભાવેછ! તેની હરામ મેળવેલી દોલત ઉપર ખટલી મને ધીરજ રાખવા તથા તેના ઉપર વીશ્વાસ મેળવા કહેછ તેબી એનેજ મારે! અને તેવા એક મુજી મામાના વારસાની આશામાં એટલી ચરી ગઈછ કે અફવા તેને બીજાઓ સાથ પરણાવી આપેછ! ખચીત આ વખત મારે મુગો બેસી રહેવાનો નથી! તેની વફાદારીના ઢોંગનો છેડો લાવવાનો આ વખત છે."

પ્રકરણ ૭૪ મું.

પુણાની બીજી સેલઘા.

બીજી સહવારે "જસવાડી" ના પહરોણાઓ વેહલા ઉઠયા, પણ જમસુથી વેહલું ઉઠાયું નહી, કાંકે તેણે પોતાના પુણેગરા પહરોણાના અકસ્માતિક સંજોગથી આજે જે ભયંકાર શોધ કીધીછે, તેના ગભરાટ તળે તેને આખી રાત ઉંઘ આવી નહી. છેક પાછળી રાત્રે તેની આંખ્યો ઢંકાઇ, માટે સહવારના ઘણું મોડેથી સુજેલી આંખ્યો સાથ પોતાના પહરોણાઓની માફ માંગતો ઉભો. બપોરે મી૦ ડોસુબા વકીલ અને શેઠ પાહલનજી પસ્તાકીયા પાછા મુંબઇ જવા નિકળ્યા ત્યારે જમસુ જસાવાળાએ પણ તેઓની સાથેજ જવા માંગ્યું, અને મુંબઇથી અગત્યનાં કામનું કાગળ આવ્યુંછે એવું અડાવી દઇને ઉલવા બંદરેથી હાજી કાસમની આગબોટ ઉપર ચહડી બેઠો. મુંબઇમાં પોતાના પહરોણાઓથી છુટો પડતાં વાર તે પાધરો મસ્જીદ બંદરનાં સ્ટેશન ઉપરથી પુણાની સાંજની ત્રેનમાં ચહડી બેઠો, અને લગભગ બીજી રાત્રીના અંધારામાં તે પુણે જઇ પુગ્યો તેવો સ્ટેશનની પાસેનાંજ એક હોટલમાં તેણે ઉતારો લીધો. ડાકટર મેહલાશાહના લાલ કીલ્લામાં તેની છેલી ખેપની વખતે તેને જે રીતે ઠગવામાં આવ્યો હતો તે ઉપરથી તેણે ફરીથી ત્યાં જવાનો વિચારજ નહી કીધો, તેમજ તે વખત ઉપર તેને ખટલીનો પત્તો મળ્યો નહી હતો, પણ આ વખતે તો તેને મુદ્દાવાર પત્તો મળ્યાથી ખટલીની ખોળમાં તેણે કયાં જવું તે નકી હતું, તેથી પુણાનાં પારસી હાટલમાં રાત્રી ગુજારીને સહવારે ચીનાબાગમાં જઇને પોતાની બાયડીને મોહોડે મોહડું મળવા અને પકડવાનો ઠરાવ અમલમાં લાવવાને તેને મુસ્કેલ લાગ્યું નહી.

આગળી રાત્રીના ઉજાગરાને લીધે તેમજ આજની રાત્રીનાં મનપતીજને લીધે, તથા વળી ઉનાળાની મોસમ છતાં પુણાની રાત્રીની શીતળ થંડીથી જમસુને સારી ઉંઘ આવી. સહવારના તેણે પોતાના ઓરડામાંજ નાસ્તો લીધો, કે જયાં હાટલનો પારસી માલેક અને પારસી કારભારી તેની સારી આવજત કરવાને હાજર રહ્યા હતા. પોતાના ઉતારૂને આજે ખાવાપીવા તથા ફરવા હરવાને શું શું જોઇશે તેની વરદી આપતાં જમસુએ સહજ કહ્યું કે અંહી પુણામાં માણેકશાહ મુકાદમ નામનો ચીનનો પારસી આવેલો છે તેને ઘર જવાનું છે.

"હાજી, તેવણ અહીં ચીનાબાગ નામના બંગલામાં રેહેછ, સાહેબને ત્યાં જવા ગાડી જોઇશે?"

"તે ચીનાબાગ અહીંથી કેટલોક દૂર છે?"

"માઇલ બેએક દૂર છે, સાહેબ. હમારી ગાડી તમોને ત્રણ ચાર મિનિટમાં લઇ જશે, સાહેબ" હૉટેલવાળાએ પોતાનું ગાડી ઘોડાનું બિલ ચહડાવવા માટે તુર્તજ કારકારભારીને કહ્યું "કુંવરજી, શેઠને વાસ્તે ગાડી જોતરાવો."

"નહી, નહી, કાંઇ જરૂર નથી." જમસુએ ગાડીની વર્દી ના પાડી, "હું તો ચાલી જઇશ. મને બંગલાની ઇધાણી આપશો તો બસ છે."

"આ મોહલાને છેડેજ બંગલો છે, સાહેબ સીધાને સીધા જશો તો ચાર બાવલીનો ચકલો આવેછ તેમાં ચોથી બાવલીની સામેજ એક લાંબી દેવાલની વચે સુંદર લોહોડાંનો દરવાજો ઉભો કીધેલોછે, તે ચીનાબાગનો દરવાજો છેજી. એ તો એક મેહેલ છે, સાહેબ, અને કોઇ ચૂકે એવો નથી. તમો જોતાંની વાર ઓળખશો."

"શું એ માણેકશાહ શેઠ ઘણા પૈસાવાળા છે?" જમસુએ પુછ્યું.

"હાજી, હજારો રૂપિઆનો ખર્ચ છે. બિચારાના ખાનાર પીનાર કોઇ નથી. બસ એક ખરશેદબાઇ નામની ભાણેજ છે તેની સાથે રહેલાછે."

"તે ભાણેજ પરણેલી નથી કે?"

"નહીજી. પણ હમણા તેની પરણવાની વાત ચાલેછ," હાટલના કારભારી કુંવરજીએ વાત ઉમેરી.

"કોણ સાથે?"

"અંહીના શેઠ હાનરેબલ હીરાજીના દીકરા સોલીશેઠ સાથે. તે બાઇ ઘણી ખુબસુરત છે, સાહેબ, અને મામાને પૈસે પુષ્કળ મોજ કરેછ.

માણેકશાહ શેઠ ઘણા એકમાર્ગી છે, અંહીના લોકો તેવણને ઘણું માન આપેછ, મોટા મોટયારો તેવણને ખાનાપર બોલાવેછ, અને તેવણ ભાણેજને લઇને જવાના હોય ત્યાં ઘણા સાહેબો એકઠા મળેછ."

"તે ખરશેદબાઇનાં લગન કે દહાડે થવાનાં છે?"

"લગનનો દહાડો તો કાંઇ ઠરેલો સંભળાયો નથી, સાહેબ, પણ લગન થવાનુંબી કાંઇ નકી નથી."

"કેમ નહી વારૂં?"

"કારણ, સાહેબ, એમ સંભળાયછ કે બાઇની નજર તો કાંઇ વધારે મોટે ઠેકાણે દોડેછ. અહીં શેહેરીઆરજી સર્દાનો જાંહગીર કરોને છોકરો છે, તેનો હાથ એ બાઇએ ના પાડયોછ અને તેમજ સોલીશેઠનેબી ના પાડેછ. એકતો બાઇ પોતે ખુબસુરત પડયાં અને વળી મામાની બધી દોલત તેવણને મળવાની, ત્યારે એ કાંઇ જેવા તેવાને પરણે નહી."

"ત્યારે બીચારી કદાચ એમને એમ રહીબી જાય ખરી?" જમસુએ વધારે સાર ખેંચવા માટે ટકોર કીધી.

"રહી તે કેમ જાય, સાહેબ? પૈસાદાર બીલ્લુ જોઇને કોઇબી પકડી લેશે. જેમ જેમ મોટા મોટયારો તેને પરણવાના ઉમેદવાર થાયછ તેમ તેમ એ બાઇ ઉંચે ઉપાડે જાયછ. જો સોલીશેઠને જતો મુકશે તો હું ધારૂંછ કે એ બાઇ પસ્તાશે. કારણકે સોલીશેઠ જેવો શોભીતો અને સધર બીલ્લુ એને મળશે નહી."

"પણ ભાઇ, તમે એ બધું શાપરથી બોલોછ? તમે એ બાઇનો ભેદ જાણોછ કે?"

"આપણે તો સાહેબ, ગામમાં ગપાટા ચાલેછ તે ઉપરથી વાત કરીએછ. અહીં હાટલના અમારાં ઘરાકો બીલીયર્ડ રમવા આવેછ તે લોકો રોજ એની એજ વાત ચલાવ્યા કરેછ. સર્દાના જાંહાંગીરને તો તેના જુવાન દોસ્તદારો ચીરડવ્યા કરેછ, અને ખરશેદબાઇએ તેને ના કહેવાથી એ તો બિચારો તદન નાસીપાસ થઇ ગયોછ! કાલે રાતેજ, સાહેબ, અહીં મઝા પડીતી. અહીં એક દોસ્તે પુછ્યું કે 'કેમ જાંહગીર ખટલીને ત્યાં કાંઇ દાદ લાગી નહી કે? તે કાંઇ કોઠું આપતી નહી કે?' અને જયારે જાંહગીરે ના કહ્યું ત્યારે તે દોસ્તે ટકોર કીધી કે 'તું કોઇ પૈસાદારને પરણશે નહી તો તારૂં શું થશે તે તું જાણેછ કે જાંહગીર?' જાંહગીરે કહ્યું કે 'હું તો કાંઇ નથી જાણતો. તમે જાણતા હોય તો કહોની.' ત્યારે તે દોસ્તે કહ્યું કે 'તારૂં શું થશે તે હું કહું? તુંને ઘોડાઓનો ઘણો શોખ છે પણ ઘોડાનો ખર્ચ તુંને મળશે નહી, ત્યારે યા તો તું ઘોડાને ખાશે યા તો ઘોડો તુંને ખાશે!' આ મશખરીથી રાતે હસવાના ખુબ ભાવ પડયાતા, સાહેબ."

સર્દાના જાંહગીર અથવા હીરાજીના સોલીશેઠને ખટલી પસંદ કરેછે કે નહી તે જાણવાની આ એક હોટલની ગપસપ ઉપરથી જમસુએ દરકાર કીધી નહી તથા આશા પણ રાખી નહી. તેણે ઘણામાં ઘણું જે પુછ્યું તે ખટલીની હીલચાલ વીશે પુછ્યું, અને તેણે એટલુંજ જાણ્યું કે મામાને પૈસે ખટલીએ પુણામાં મોટો ભપકો કરી મુકયોછે, અને પોતાના દોળદમામથી તે ઘણી જાણીતી થઇ ગઇછે.

જમસુ ઉલટભર્યાં પગલાંથી ચીનાબાગમાં જવા નિકળ્યો. પુણાનો એ આખો મોહલોજ બે બાજુનાં ઝાડોની ઘટા વચ્ચે ખુશનુમા અને શોભીતા બંગલાઓની હાર લાગેલો જણાયો. મેહલાશાહ ડાકટરના લાલ કીલ્લામાં જવાને જે ગલીગુંચીઓ તેને વલાવવી પડી હતી તેવી કશી ગરીબાઇની ઇધાણી શેહેરના આ ખુશનુમા ભાગમાં તેને જણાઇ નહી. જ્યાં ગાડીને જતાં ત્રણ ચાર મિનિટ લાગવાની હતી ત્યાં તે પાંઉ ખ્યાડોજ પાંચ મિનિટમાં જઇ પુગ્યો.

"હું! ત્યારે મારી બાયડીનો એક ગરીબ મામો હતો ત્યાં હવે એક પૈસાદાર મામો મળ્યોછ, અને પોતાનાં આ વતનમાં તે ગરીબડા મામાનાં ઝુપડાંમાં ઉતારો લેવા નહી પણ આ પૈસાદારના મેહલમાં પથારી માંડવા આવીછે. પણ એ સારીપેઠે જાણતી કે એ મામો મારો દુસ્મન છે માટે મને ખરૂં કહેવાનું એનું દિલ ચાલ્યું નથી. તો મને ઢોંગધતુરાથી છોડી જવા અને આ લુછાના પૈસાને વળગવા તેણે વધારે પસંદ કીધું.

એટલા વમાસણમાં તો જમસુ ચીનાબાગના દરવાજા ઉપર ઇધાણો બંધ આવી પુગ્યો.

તેજ લાંબી દેવાળ અને તેજ લોહોડાંનો બુલંદ દરવાજો કે જેના બે છેડા ઉપર ચોકીબાન તથા દરબાનને માટે બે ચોકીઓ બાંધેલી હતી. દરવાજામાંથી સામે એક સીધા રસ્તાને છેડે ચીનાબાગના બુલંદ બુરૂજો અને બંધ્યાર ઓરડાઓ દીસ્તા હતા, કે જેનો બંધબસ દેખાવ એક બંદીખાનાના કરતાં પણ વધારે ડરામણો જમસુની નજરે લાગતો હતો.

"એ આ બંધ્યાર દેવાલોમાં શું સુખી હશે? અથવા શું એ જનાનખાનાની બીબીની પેઠે સુનેરી કેદખાનામાં ગોંધાયલી હશે?" જમસુએ વમાસ્યું. "ખચીત દોલતની આશાપર એણે સુખ વેચ્યુંછ, સચાઇ વેચીછ, અને પ્યાર વેચ્યોછ! જેમ એના મામાએ પોતાની જુવાનીમાં કીધું તેમ એણે પણ કીધુંછ."

આવી પોતાની બાયડીને મોહોડે મોહોડું જઇ મળવામાં જમસુએ વખત ખોહોવાનો નહી હતો. પણ પેહેલાં તેને માટે સાંભળેલી સઘળી અફવા ખરી છે કે નહી તે શોધી કાહાડવાની તેની ધારણા હતી. દરવાજા ઉપર ચોકીબાનની સલામ પામીને જમસુ અંદર દાખલ થયો, અને કોઇ પણ નજર પડયા વગર તથા કોઇને પણ પુછયા વગર તે સીધોજ ચીનાબાગના ઓટલા સુધી ચાલ્યો.

અંહી જમસુ કાંઇ પણ હદ યા વિચાર રાખીને આવ્યો નથી. અગરજો જરૂર પડે તો ભર્તાર દાખલની પોતાની સત્તા છેલાંમાં છેલી હદ સુધી ચલાવવા—પોતાના બાપના કટ્ટા શત્રુ માણકશાહ મુકાદમ પાસેથી પોતાની બાયડીનો દાવો કરવા— તેની મોહડે ચહડીને માંગણી કરવા, તથા પોતાની પરણેલી હકદાર ઓરત દાખલ તેને ઉઘાડી પાડવાના સર્વેથી સખતમાં સખત ઠરાવ કરીને તે અંહી આવ્યોછે. તેણીની રગોમાં વેહેતાં ખોટારાં અને ઠગાઇનાં લોહી સાથે એવી એક ઓરત તેના હાથ કરવાને લાયકની કદાચ નહી ગણાય, પણ તેનો આગળો વિશ્વાસુ પ્યાર તેની છાતીનાં ખુણામાં હજી થોડો ઘણો બાકી રહેલો હતો, માટે અગરજો તે ખુશીથી પાછી આવે, પોતાના મામાની હરામની મેળવેલી દોલત ઉપરની સઘળી આશા અગરજો તે છોડી દે, તથા આ જીંદગીની જંજાળના મોટા મધપુડા ઉપર મેહેનત કરનારી એક અદના મધમાખી લેખે હજુ પણ પોતાની સૂજતને પોતાના વરની સૂજત સાથ પાછી જોડે તો જમસુ દિલોજાનીથી પોતાનાં દિલ સાથ તેનું દિલ જોડવાને અને પોતાની જીંદગી સુધી તેને ચહાવાને તૈયાર થઇને આવ્યોછે.

પ્રકરણ ૭૫ મું.

મોહડે મોહડું મળ્યો.

એક આબરૂદાર ગૃહસ્થને બંગલામાં આવતો જોઇને ઓટલા ઉપરનો રખેવાલ માણસ સીહડી ઉતરીને જમસુને સામો આવી મળ્યો તથા સલામ કરીને ઉભો.

"માણકશાહ શેઠ ઘરમાં છે કે?" જમસુએ તેને પુછ્યું, "હું એક ખાસ કામને વાસ્તે આવ્યોછ. તેવણ મને મળી શકશે કે?"

આ માણસતો એક સાધારણ પુણાનો રામોસી હતો તેને શેઠનાં ઘરની અંદરના કારભારની ખબર નહી હતી માટે તેણે એક ધીમો સાદ મારીને શેઠના ખાનગી નોકર કાવલાને બોલાવ્યો અને જમસુનો સવાલ તેને કહી સંભળાવ્યો.

"શેઠની તો સાહેબ તબીયત બીગડેલી છે." તે બોલ્યો "તેવણ પોતાના ઓરડામાંથી આજે બાહાર આવ્યાજ નથી, પણ જો સાહેબનું કામ કાંઇ અગત્યનું હોય તો તે શું છે તે મને કહેશો તો હું તેવણને તમારો પેગામ પોંહોંચાડીશ."

"કાંઇ નહી, ત્યારે ખરશેદબાઇ ઘરમાં છે કે? જો તેવણ મને મળી શકે એવું હોય તો હું તેવણનેજ મળીશ અને મોટા શેઠને તસદી નહી આપીશ. મેહેરબાની કરીને મારો આ કાર્ડ લઇ જશો?"

કાવલો એક ત્રેમાં કાર્ડ મુકીને ઓટલા ઉપર ચહડયો અને અંદરનાં દિવાનખાનામાં એક સોફા ઉપર લેટીને ખ્પટલી વાંચતી હતી ત્યાં તે લઇ ગયો.

"બાઇસાહેબ, બાહાર એક શેઠ આવ્યાછ તે માણકશાહ શેઠને મળવા માગેછ, પણ

મેં કહ્યું કે તેવણની તબીયત સારી નથી ત્યારે તેવણે તમોને મળવા ચાહ્યું. તમો થોડી મિનિટ તેવણને મળી શકશો ?"

"આ કાર્ડ તેનો છે કે ?" ખટલીએ પુછ્યું.

"હા, બાઇસાહેબ."

ખટલીએ તે હાથીદાંતસરખા સુંવાળા કાર્ડનો કટકો પોતાની નાજુક આંગળી વડે નખરાંથી ઉચકયો અને કશી પણ નવાઇ વગર પોતાની સરેસ્તાની નફિકરાઇથી કોણ છે તે નામ વાંચી જોયું. પેહેલાં તેને એવું લાગ્યું કે છેલી શરતને દહાડે જે બેગાનો માણસ મામાનાં કામને માટે અચબુચ આવીને મામા સાથે ઉંડી મસલતમાં રોકાઇ ગયો હતો, પણ જે કયાંથી અને શું કામ આવ્યો હતો તે ત્યારપછી જણાયું નહી હતું અને ત્યારપછી તે ફરીથી આવ્યોજ નહી હતો, તેજ ધણી કદાચ આ પાછો આવ્યો હશે. માટે સાધારણ રીતે નામ વાંચી જોતાં ખટલી નામથી તો એકાએક ચોંકી અને કાવલો ચેતી નહી જાય તેવી રીતે પોતાની અચરતી અટકાવીને તેણીએ હરખના ચમકારા વચ્ચે જોયું કે જે ધણીને તે હંમેશ ચાહેછે તેજ તેની પાસે આવ્યો હતો.

"તેવણ કયાં છે ?" ખટલીએ ઝપાટામાં સોફા ઉપરથી ઉઠીને પુછ્યું. પણ રખે કાવલાને કાંઇ શક જાય તેને માટે ઘણી ઈંતેજાર રહી.

"તેવણને મેં ઓટલાપર બેસાડયાછ બાઇ, અંદર બોલાવું ?"

"ખચીત જલદી બોલાવ."

"આ વખતે મામામામા નથી તે કેવું સારૂં !" કાવલો તેડવા બાહાર ગયો તેટલાં પોતાના ભર્તારના અચબુચ આવવાથી મામામામાની સાથે મોહડે મોહોડું થાત તો શું પરિણામ નિપજત તે વીષે તે ગભરાવા લાગી.

શેઠ માણેકશાહ મુકાદમનું આ અઠવાડિયું માંદગીમાં ગુજર્યું હતું. વાંચનાર કહેશે કે મોટા લોકો પૈસાની ખુમારીમાં આજારી નહી પડતા પડેછે. પણ તેમ નહી હતું. માણેકશાહ શેઠની માંદગી જોકે સખત નહી હતી તોપણ તે સેજસાજ મંદવાડ ખરેખરો હતો. ડાકટરને બોલાવવો પડયો હતો, અને પુર્વ દિશાના પવનને બાહાર કાહડવા માટે બારીઓ ઢાંકીઢુંકીને તેવણને પોતાના બંધ્યાર ઓરડામાં એક કેદીની હાલતમાં ગોંધાઇ રહેવું પડયું હતું. આવી સેજસાજ ચાલુ માંદગીથી આ ચીનાઇ વેપારી ઘણું ખમતો આવ્યોછે. સલેખમ, સંધીવા, અને બીજા સર્દીના રોગોનો તેના ઉપર અવારનવાર હુમલો થતો આવ્યોછે, અને સર્દાનાં ધનબાઇજીની અટકળ ખરી પડવા જેવો સમય આવતો જાયછે કે "માણેકશાહ શેઠની દેહ લડડીછે અને હવે એવણ ઝાઝા દહાડા કાહડે નહી."

કાવલો જમસુને દિવાનખાનામાં તેડી લાવીને તેની બાયડીની સનમુખ મુકી ગયો, કે જયાં વર વહુ બંને થોડા વારને અંતરે એકએકની સામસામે ઉભાં.

પ્રકરણ ૭૬ મું.

પૈસા વધતા કે પ્યાર ?

જમસુને જોઇને ખટલી ખુશી થઇ તે કરતાં અચરત વધારે થઇ. આ સુંદર દિવાનખાનામાં સર્વથી સુંદર દેખાવ એકલો તેણીનોજ હતો. સોનાં રૂપાં અને રંગબેરંગી સાજ શણગાર વચ્ચે સર્વથી પ્રકાશિત એકલી એજ હતી. આટલા મીઠાસથી ચાહેલી અને તોપણ આટલી મુદતની ખોહવાયલી અને આટલા કડવાસથી તજાયલી એ બાયડી ગમી યા ચિંતાથી કશા ફેરફાર વગરની, ગરીબાઇના વખત કરતાં વધારે ખુબસુરત, તે પોતાના ગાળો ઉપર ખીલતા ગુલેગોલાબ પોતાના ભર્તારની ઓચીંતી હાજરીમાં સંગેમરમર જેવી ફીકી થઇને તેને પોતાનો હાથીદાંત સરખો હાથ લંબાવતી ઉભી થઇ.

"ઓ જમશેદ, જમશેદ મારી બધી ચિંતા અને સંભાળ છતાં તમે મને શોધી કાહાડી અને તેબી કેટલી વેહલી શોધી કાહાડી !" તે બોલી.

પોતાના ભર્તારની છાતી ઉપર પોતાનું માથું નાખી દઇને પોતાનો દબાઇ રહેલો પ્યાર

ડસકાંઓ અને બોસાઓમાં બાહાર કાહાડી નાખવાને તે તૈયાર હતી, પણ તેણીનો એટલો બધો જુસ્સો દેખાડવાને તે ભર્તારનો કરડો દેખાવ તેને અટકાવનારો હતો. તેના દેખાવમાં ધિક્કાર અને ગુસો બંને મળી ગયલાં હતાં.

"હા. અંતે મેં તુને શોધી કાહાડી ખરી!" તે બોલ્યો. "મારીથી અને ભુખમરાથી પીઠ ફેરવીને પોતાને વાસ્તે જે મખમલના અસ્તરવાળો નરમ અને સુખ્યારો માળો તેં શોધી કાહાડયોછ તેમાંજ મેં તુંને શોધી કાહાડી. મારા બાપના કત્તા દુશ્મનનાં ઘરમાંજ મેં તુને જોઇ. જે મારા બાપનો દુશ્મન છે તે મારો પણ છે, કાંકે તું જાણેછ કે હું તારી સાથ વાતચિતના વેહેવારમાં આવ્યો તેની અગાઉ એ ધણીને ધિક્કારતો હતો. હા, બાઇ સાહેબ, તમે મને મળ્યાં, અને તમારો નાહસી જવાનો ભેદ પણ મને મળ્યો."

"ઓ જમશેદ, એમ ના બોલો! હું જેટલી મારી પોતાની તેટલી તમારી ખાતરને વાસ્તે અંહી આવીછ. ખોદા સઘળું જાણનારો અને ઇનસાફ કરનારો છે તેની હાજર નાજર કહુંછ કે મારાંજ નહી પણ તમારાં સુખનો મેં વિચાર કીધોછ. જ્યારે મારા મામાની દોલત મારા દાવાને માટે ખોટી થયલીછે, ત્યારે આપણે બેહુ જણે ભૂખે શા વાસ્તે મરવું જોઇતું'તું? હું જાણતીતી કે મામા બીચારા ઘરડા છે, ઘણાં વર્ષ જીવવાના નથી અને આપણને ઘણાં વર્ષ ખોટી થવાનું નથી."

"અને એક છાંડાવાળા મામાના મરવાની વાર જોતી બેસી રહેવાની આ પાપી બાજી તું રમવા આવી, ત્યારે તું મારી નજરમાં નિમકહરામ, બેવફા, ઠગારી અથવા મુવેલી ગણાય તેનીબી તેં દરકાર નહી કીધી?"

"તમે મારે વાસ્તે એવું નઠારૂં ગમે એટલું વિચાર્યું તેમાં મારો શો વાંક? મેં તો તમારૂં ઘેર છોડી જતી વખતે મારાં છેલાં કાગળમાં મારો જવાનો સબબ ખુલેખુલો લખ્યોતો? મારા મામા તરફની તમારી દુશ્મની સમજીનેજ મને છુપાછુપ કામ લેવાની ફરજ પડી."

"મારા ધિક્કારને ખાલી દુશ્મનીનું નરમ નામ ના આપ. એ ધણીને હું માત્ર ધિક્કારતોજ નથી પણ તેનાં નામ ઉપર સદહજાર લ્યાનત નાખુંછ."

"પણ મારા મામા તો મારી ઉપર કેવા મેહેરબાન રહ્યાછ, વ્હાલા જમશેદ," ખટલીએ મામાની પક્ષ તાણી.

"બેશક, બેશક," જમસુએ તકોર કીધી. "સાંપ, વિચ્છું, અને અજગરો બીજાંઓ તરફ ઝેરી હોયછ, પણ પોતાની ઓલાદને ઝેર દઇ મારી નાખતા નથી. તું તેનાજ ઠગારાં લોહીની બનેલીછે, એટલે તેની ને તારી વચે મામાની મેહેરબાનગીજ છેતો."

"જમશેદ, તમે કેવા ઘાતકી છો. તમે શું મને તમારા આ ચસ્કાના ચોબા દઇ રીબાવા સારૂંજ અંહી આવ્યા?"

"નહી, તું હજી મારી બાયડી છે કે નહી તે શોધી કાહાડવા હુંતો આવ્યોછ. હુંતો આ માકા મુકાદમની દોલત (કે જે યાદ રાખજે કે ઠગાઇથી મેળવેલીછે) તે દોલત અને મારી મોહોબત એ બે વચે તું શું પસંદ કરેછ તે જાણવા આવ્યોછ. તારીથી મેં જે જે ખમ્યુંછ, તું મને મારી ગરજના કડવા વખતમાં તજી ગઇ. છેલાં ત્રણ વર્ષની ઇંતેજારી અને આતુરતા, એ બધું ભૂલી જવા અને તુંને માફ કરવા હું તૈયાર છું, તે એકજ શરતે કે તું આજે તારો હાથ મારા હાથમાં મુકે ને આ ધિક્કારભરેલું ઘેર ને તેના ધણીની હરામની દોલત તદન છોડી દઇને મારી સાથે પાછી આવેતો."

ખટલી ચૂપ બેસી રહી. તે એટલુંજ વિચારવા લાગી કે મામાતો બીચારા આજારી છે, લઠડી ગયાછ, અને બધાં ધારેછ કે એવણનું એ બીછાનું મોતનુંજ બીછાનું છે. એવણનો વારસો મારા હાથમાં આવવાને હવે થોડાજ દાહડા બાકી છે.

"કેમ શો વિચાર કીધો?" બેમાંની એક ચીજ તેને પસંદ કરવાની છે તેને માટેની તેની ચુપકીદી જોઇને જમસુએ સવાલ કીધો. "તારી પસંદગી વાપરવાનું કામ મુશ્કેલ તો નથી. એક બાજુએ તારા મામાની હરામની દોલત છે—કદાચ લાખ બે લાખ રૂપીયા હશે—જેણે એક વખતે બદદાનત કીધી તેને તેની જોગવાઇઓની પછી કાંઇ હદ નથી—તેમ બીજા હાથ ઉપર મારો પ્યાર છે. હું તારો ભર્તાર છું, કે જેને ચાહવાનું તું એક વખત જુઠું ડોળ ઘાલતી હતી."

"જુઠું ડોળ ઘાલતી હતી ?" ખટલી રડમસ થઇને બોલી. "ઓ જમશેદ ! મારા પ્યાર કરતાં વધારે સાચું શું છે ? મેં તમોને ચાહવાનું ક્યારે બંધ કીધુંછ ? અગરજો તમે એટલુંજ જાણો——"

"હું બીજું કાંઇ નહી પણ એટલુંજ જાણુંછ કે ત્રણ વર્ષ સુધી મને તજ્યા પછી હું તુંને મારા દુસ્મનનાં ઘેરમાં તેની કરી લીધેલી દીકરી દાખલ જોવુંછ. અને આ સઘળા નજીવા શોભાશણગાર, કે જેને સાંકડાં મનની ઓરતો ઘણા કિમતી ગણેછ, તેની વચ્ચે તુંને એક પરીની મિસાલ બિરાજતી હું જોવુંછ. મારી આગમચ ઘણા વરોએ ઘણી બાયડીઓને જે સવાલ પુછ્યોછ તેજ હું તુંને પુછુંછ કે તું મારી ખાતરને વાસ્તે એ બધો ખોટો દમામ છોડી દેવા માગેછ કે નહી ? તું ખાતરી રાખજે કે હું કાંઇ તુંને ભુખમરામાં લઇ જવા માંગતો નથી. મેં મારૂં ગુજરાણ શોધી કાહાડયુંછ, વાસ્તે આજ પછી હું તુંને ગરીબાઇનો ચમરો લાગવા દેવાનો નથી. હું મેહેનત કરીને મારૂં પેટ ભરી શકુંછ, વાસ્તે હવે તું શું કહેછ ? મારી સાથે આવેછ કે નહી ?"

"તમારી તનદરોસ્તી ખુદા ન કરેને બીગડે નહી અથવા તમે ઘરડા થાવો નહી ત્યાંસુધી તો નહીંજ." ખટલીએ જવાબ દીધો. "મેહેનત કરીને પેટ ભરનારાંઓ કેવાં હોયછ અને કેવી રીતે જીવેછ તે હું જાણુંછ. તે બધાં બિચારાંઓને સેપટના તે દહાડાની ફિકર રહેછ. ઘરડે ઘડપણ તેઓનું શું થાયછ ? સેવટે ધર્મખાતાંનો આશ્રો લેવો પડેછ. તેમતો આપણે નહી કરશું ? હું માગી લેવુંછ, જમશેદ, કે જરા અક્કલ વાપરીને દયા કરો. અગરજો તમે કહોછ તેમ માકામામાના જે પૈસા છે તે પેહેલાં તમારા બાપનાજ હતા—પણ યાદ રાખજો કે એવણ તો તે ના પાડેછ અને એવણતો તમારા બાવાની કાંઇ જુદીજ વાત કરેછ—ત્યારેતો એવણની કજા રજાએ તે તમુને અને મને મળે તો વધારે કુદરતી કહેવાય. એવણ હવે પોણાસો વર્ષની ભરતીમાં આવ્યાછ અને એવણની દેહ ઘણી લથડતી ચાલીછ. એવણ હવે ઘણા દહાડા કાહાડશે નહી; અને મારી ખાતરી છે કે એવણ પોતાની બધી દોલત મને આપી જશે. ત્યારે એવી સારી તક શું આપણે ખોહવી જોઇએ ? અને તે મારી તક શું તમે ખોહવા માગોછ ?"

"હા." જમસુએ એકદમ જવાબ દીધો. "અને તે એટલાજ માટે કે એવી રીતે એક જણના મરવાની આશા ઉપર તેના વારસાની વાટ જોયા કરતાં કરતાં મેળવેલા પૈસાને હું ધિક્કારૂંછ, તેમજ તેં પણ ધિક્કારવા જોઇએ. છોકરી, તું જેટલી મારી તરફ બેવફા થઇછ તેટલીજ તારા મામા તરફ પણ બેવફા થાયછ. તું તેનાં આ ઘેરમાં ઠાગાથી રહેલીછે. તું મારી સાથનાં તારાં લગનને તેનાથી છુપાવેછ, અને તેને કેવળ ઠગેછ; કાંકે તું સારીપઠે જાણેછ કે જીવનજી જસાવાળાનાં ખાનદાનમાં પરણેલી તેની ભાણેજને એ એક અડધીબી આપી જવાનો નથી."

"ખરેખર તેમતો નહીંજ," ખટલી અચકી અચકીને બોલી. "પણ મારા મામાના પૈસા જીવનજી જસાવાળાનાં ખાનદાનમાં પાછા આવે તે તમારા કહેવા પ્રમાણેતો એક ઇનસાફજ કહેવાય, અને કોણ જાણેછ તમારા એ ઇનસાફનેજ વાસ્તે ખોદાતાલાએ મને આંહી મોકલી હશે ? એ ખોદાને ઘેરનોજ ઇનસાફ હશે."

"ચૂપ, ચૂપ. ખોદાનો ઇનસાફ એવા નાપાક રસ્તે થતો નથી. જુઠું અને ઠગાઇ એ કાંઇ ખોદાઇ ઇનસાફના રસ્તા નથી. માકા મુકાદમનો પૈસો બધો તરકટ અને જુઠાંથી અપવિત્ર થયલોછે તે મને જોઇતો નથી. હુંતો તુંને જેવી ગરીબી હાલતમાં ત્રણ વર્ષ ઉપર પરણ્યો હતો તેવીજ ગરીબીમાં લઇ જવા માગુંછ. ખટલી, મેં તુંને મારી બાયડી કીધી ત્યારે પૈસાની આશા બાંધી નથી અને હમણાં હું આઇતો પૈસો માંગતો નથી."

"નહી જમશેદ, એમ ના બોલો. તમે હંમેશ બેદરકારજ હતા, અને તમારી બેદરકારીથી આપણે ભુખમરાની અણીએ આવી પુગ્યાંતાં અને હવે પાછા જો તમે તમારી રીતસરજ ચાલવા માગોતો એકવાર ફરી તેમજ થશે."

"વારૂં ઘડીભર તેમ થયું, તો શું તું મારી સાથે આવવા ના પાડેછ ? તારા પરણેલા

ભર્તારના કરતાં માતબર મામા સાથ જોડાવાનું તું વધારે પસંદ કરેછ ?"

"જમશેદ, મારૂં માન, પ્યાર, મારૂં જીગર મેં બધું તમુને આપેલું છે. તમે મારા વિચારમાંથી કદી દૂર નથી. સેવટે આપણે પાછાં જોડાવાનાં, એ એકજ આશામાં હું ટોવાઇ રહેલીછું."

"તું જો આજને આજ તારો હાથ મારા હાથમાં મુકીને કહે, 'કે ચાલો મારા ધણી, જે થાય તે ખરૂં, પણ હું તમારીજ છું' તોજ હું તારી એ બધી ભટાઇ ખરી માનું. તું જાણેછ કે આપણાં લગ્નની સર્ટિફીકેટ મારાં ગજવામાં છે અને હું ચાહુંતો આજે ધારાની મારફતે તારો દાવો કરી શકું. જેમ એક મારી પેટી યા મારાં વાસણ કુસણપર તેમ તારી ઉપર હક માગી શકું. પણ એવું કરવામાં મારી આબરૂ નથી. તું તારી ખુશીથી આવેંતોજ હું તુંને લઇ જવા માંગુછ, નહી તો બિલકુલ નહી. મેં તારી પસંદગીપર વાત મેળીછ તો બોલ હવે શું કહેછ ?"

"થોડા મહીનામાં મામાજી ગુજરશે ને પછી હું આવીશ." ખટલી દગદગતાં દિલથી બોલી, કાંકે તે જાણુતી હુતી કે આ બોલો તેને બોલવા નહી જોઇએ એવા હુતા.

"પણ તે વખતે હું તુંને લેવાનો નથી. તુંનેબી નહી ને તારા હરામના પૈસાનેબી નહી. તું બેલાશક અંહીજ રહેજે. ખુબ તરેહથી મામાના પૈસા ખાજે. તારો જીવ ચાહે તેવી મોજ કરજે. પણ તું આજને આજ મારી સાથે આવે નહી તો આજ પછી તું મારી બાયડી નથી."

"ધારેલી આશા પાર પડવાનો વખત એટલો નજદીક આવ્યો ત્યારે બધું એકદમ છોડી જવામાં મારી મુર્ખાઇ ગણાશે."

"ત્યારે શું વરને છોડીને તારા પૈસાદાર મામા સાથે રહેવાનું તારૂં ડાપણ ગણાશે ?"

"ઓ જમશેદ! મને માફ કરો ! તમે સમજતા નથી કે હું પૈસાદાર થવા માગુછ તે જેટલી મારે વાસ્તે તેટલીજ તમારે વાસ્તે થવા માગુંછ ?"

"હા, એ હું નથી સમજતો, કાંકે મેં તુંને ખુલેખુલું કહ્યુંછ કે એવી રીતે મેળવેલા પૈસાને હું ધિક્કારૂંછ." આ વખતે જમસુ ઘણુંજ સખ્ત હૈડું કરીને બોલ્યો, "તું તારી પસંદગી કરી ચુકી એટલે મારે હવે વધારે કશું માંગવું નથી, પણ તારી પસંદ કરેલી પૈસાદાર જીંદગીમાં તુંને છોડી જવા આગમજ એક ચીજ માગવાનો મારો હક છે તે એજ કે આપણું બચ્ચું કયાં છે ? તે બચ્ચાંનું તેં શું કીધુંછ ? તેને કયાં નાખ્યુંછ ?"

"તેતો સલામત છે." ખટલીએ બિહતાં બિહતાં જવાબ દીધો.

"સલામત હશેજતો પણ તે કંઇ બસ નથી. હું તે બચ્ચાંનો કબજો લેવા માગુંછ."

"અરે ! પણ એટલાં નાનાં બચ્ચાંનું તમે શું કરશો ? હજીતો હમણાંજ ત્રણ વર્ષનું થયું તેને તમે કેમ રાખશો ?"

"હું તેની પુરતી સંભાળ રાખશ."

"પણ તે તમારીપર બોજો થઇ પડશે."

"પોતાનું બચ્ચું કદી બોજો કહેવાયજ નહી."

આ ઠેકાણે ખટલી તદન ફીકી પડી ગઇ, અને તેના ચેહેરામાં તે કાંઇ તરેહવાર વામાટામા કરતી હોય એવું દીસવા લાગ્યું, અને બોલી કે, "જમશેદ! મને માફ કરોતો ખરેખરૂં કહું. મેં તમોને ઠગ્યાછ. ખરેખરૂં તમને કહેવા મેં નહી ચાહ્યું તેથી મેં તમોને જુઠું કહ્યું."

"ત્યારે આપણું છોકરૂં સલામત છે એમ તેં કહ્યું તે શું ખરૂં નથી ?" જમસુએ અધીરાઇથી પુછયું.

"નહી. તે કાંઇ જીવતું નથી. ગરીબ બિચારૂં તે બાળકતો ગુજરી ગયું. જનમ્યા પછી એકજ અઠવાડયાંમાં પાછું થયું."

"કંગાળ ઓરત ! તું મને ખોટી આશાઓપર ઉડાવેછ ? મારાં હવે પછીનાં સુખની ઇમારત મેં એ બચ્ચાંની આશાપર ઉઠાવીછ, અને તેને મુવેલું કહી તું મારી આશાનો નાશ કરેછ, હવે હું ખરૂં શું માનું ? તેના જીવવાની વાત, કે તેના ગુજરવાની વાત ?"

"હું તમોને જાણીજોઇને શું કામ ઠગું ? તમોને ખામખા ઠગવાનું મારી પાસ કારણ શું હોય ? તમે તો ઓર મારા હાથમાંથી તે બચ્ચાંને છોડવીને મારો ભાર ઓછો કરવા માગોછ, ત્યારે જો તે મારા હાથમાં હોયતો તે ખુશીથી મારે આપી દેવું જોઇએ."

"નહી, નહી. બાયડી દાખલની તારી સચ્ચાઇ જેટલી ઠગારી છે તેટલોજ માતા દાખલનો તારો પ્યારબી ઠગારો છે."

"ઓ જમશેદ !" એટલા બોલોમાં ખટલી રડી પડી. તેણીએ જમસુના હાથમાં પોતાનું માથું નાખી દીધું, અને પ્યાર તથા પૈસાના લોભની વચ્ચે પોતાનાં જીગરમાં ચાલતા ઝઘડાથી ગુચવાડામાં પડીને તે ડુસ્કે ડુસ્કે રડવા લાગી. પૈસાનું ચલકતું ઇનામ, છોડી નહી દેવા જેટલું પાસે આવી લાગ્યું છે. માટે જે પૈસાની આશા ઉપર તેણે આટલું બધું ખમ્યું છે તે પૈસાને "જા" કરીને તથા વરની મોહોબતને "આવ" કરીને કહેવાની તેને હિંમત રહી નહી. જાણેકે પોતાના વરથી કદી છુટી પડવા માંગતી નહી હોય તેમ તે તેને વળગી રહી, અને તોપણ પોતાના માકામામા ઉપર અને તેના પૈસા ઉપરનો પોતાનો ઠરાવ છોડવાનીજ નહી હોય તેમ તે કાલાવાલા કરવાં લાગી.

"પ્યારા જમશેદ, જરા ધીરજ ધરો. મને મારા મામા સાથે સેવટ સુધી રહેવા દેવો. હવે તે સેવટ દૂર નથી. બધાં કહેછ કે હવે એવણ ઘણું જીવવાના નથી. તમારી ઉપરની મારી વફાદારી ઉપર જરા વિશ્વાસ રાખો."

"તારી વફાદારીમાં વિશ્વાસ રાખું ?" જમસુ હસ્યો. "ખાસી વાત ! ગામની ગપસપતો આનરેબલ હીરાજીના છોકરા સોલીશેઠ સાથે તુંને પરણાવી આપેછ ત્યારે તું મારી તરફની વફાદારીનું વચન આપેછ ?"

"કેવો જુઠો ગપાતો ! સોલીશેઠે મારા ઉપર ઘણું ધ્યાન આપ્યુંછ ખરૂં, અને મારા મામાએ તેની ઉમેદને થોડું ઘણું ઉતેજન આપ્યુંછ ખરૂં, તોપણ જમશેદ, તે અથવા બીજા કોઇ પણ હરીફથી તમુને બીહીવાનું નથી. મારૂં દિલતો તમારૂંજ છે. મારો પ્યાર કદી હીલ્યો નથી, પણ એકમાંજ જડેલોછે."

"અને તે નહી હીલતા જડેલા પ્યારના પુરાવામાં તું આ ઘેર છોડી જઇ, આ સાટીન ને મખમળ, ને સોનેરી સરસામાન છોડી જઇને મારાં ગરીબડાં ઝુંપડાંમાં આવવાને ના પાડેછ ?"

"નહી, તેમ નથી," ખટલી ઘણાં જોસથી પોકારી ઉઠી. "જે દોલત ખોહવી તે એક દેવાનાનું કામ હોય, તે દોલત નાખી દઇને ચાલી આવવા હું ના પાડુંછ."

એજ ઘડીએ માણકશાહ શેઠનો વિશ્વાસુ કાવલો ઓરડામાં દાખલ થયો. બાઇની વાતચીતમાં ખલલ નહી થાય તેમ તે ગુપચુપ અને ધીમા કદમે આવ્યો હતો. ખટલી એ વખતે ઉસ્કેરાયલી હતી અને તેનો ચેહેરો આંસુથી ધોવાયલો હતો, અને તેને મળવા આવનારનો ચેહેરો ફીકો, પણ ક્રોધાયમાન હતો, તે સઘળું કાવલો જોઇ શકતો હતો.

"હવે હું જાવુંછ, બાઇ સાહેબ," કાવલો ઓરડામાં એક ટેબલનું ખાણું તપાસતો હતો તેવામાં જમસુ જાણે કે તેને સંભળાવવા માગતો હોય તેમ મોટેથી બોલ્યો. "મેં મારૂં કામ શું છે તે તો તમોને કહ્યું. તે ગમેતો અને તેવણની તબિએત સારી હોયતો તમારા મામાજીને સમજાવજો. હવે હું રજા લઉંછ."

"હાજી, આવજોજી. તમે શું પુણામાં રહેવાના નથી ?"

"નહીજી, હુંતો સહવારનીજ ત્રેનમાં ઉપડી જનાર છું."

અંહી વર વહુ છુટાં પડયાં. ખટલીતો હજી બીજું ઘણું કહેવાની હતી, જમસુને ધીરજ ધરવા, તથા આવતા સારા વખતમાં જોડાવાની આશા આપવા, તથા માકામામાની દોલતની સોના રૂપાંની અંબારીઓ પોતાની ખાંધ ઉપર લાધીને તે પાછી આવે ત્યારે તેની સાથ જોડાવાને તેને ખટલી હજી ઘણા કાલાવાલા કરવાની હતી, પણ તેને મળવા આવનારો વાત પુરી કરીને જાયછે એવું સાંભળીને કાવલો તેને રસ્તો બતાવવા સારૂં ઉભો રહી ગયો હતો, તેથી કરીને ખટલીથી વધારે કશું બોલી શકાયું નહી. જમસુને કાવલાએ રસ્તો બતાવ્યો, અને તેના બતાવવા મુજબ જાણેકે એક બંદીખાનામાંથી સીપાઇના ચોકી પાહરા તળે બાહાર જતો હોય તેમ જમસુ દિવાનખાનાની બાહાર નિકળી ગયો. તે પોતાની સુધરેલી હાલતમાં પોતાની બાયડીને પાછી લઇ જવાની ઉમેદભર આવ્યો હતો તેને બદલે ખાલી હાથે જતાં તેનું દિલ ભાગી ગયું. પણ માણકશાહ મુકાદમ ઉપરનાં જુનાં વેર અને જસાવાળાનાં પોતાનાં ખાનદાન ઉપરની તેની જાતી મગરૂરીએ આવું દુ:ખ ખમવાને તેને

ઘડેલો હતો તેથી પોતાની આ નાસીપાસીને પણ તેણે કશા વટાવમાં લેખી નહી.

" આવી એક નાલાયકને મેં નાહી તેથી હું પોતે કેવો નાલાયક ઠરૂં છું !" તે જતાં જતાં પોતાનાં મનમાં બડબડયો. " એનાં જીગરમાં બધો પૈસાનો લોભ ભરેલોછે. પ્યારના જોડા જુસ્સાની એક ચિંગારી નહી મળે ! હુંબી પૈસાવાળો થયોછું એમ જો મેં કહ્યું હતે તો કદાચ એ મારી સાથે આવતે, અને માકા મુકાદમની વધારે મોટી દોલતબી છોડી દેતે. પણ સારૂં થયું કે મેં મારા પૈસાટકાની વાત એને કહીંજ નહી, અને એવી નાલાયકને બાયડી દાખલ હું લાવ્યો નહી. વાસ્તે હવે 'જસવાડી' માં ઘર માડીને સંસાર ચલાવવાની મારી આશાજ ગઇ, અને 'જસવાડી' માં મારી પછવાડે મારો એક વારસ મુકી જવાને મારા દહાડાજ પુરા થયા ! આજથી હું એકલો પડયોછું ! છતી બાયડીએ બાયડી વગરનો, અને છતાં બચ્ચાંએ બચ્ચાં વગરનો થઇ પડયોછું ! જોકે મારૂં બચ્ચું જનમ્યું તોપણ તેના ચેહેરો જોવાને હું બેનસીબ રહી ગયો !"

પ્રકરણ ૭૭ મું.

માકામામાની સાદગી અને તેની વચ્ચે "એક જુઠી બનાવટ જેવી વાત".

પોતાના ભરતારના જવા પછી તેનાથી આમ એકાએક છુટી પડવાનો ખરો અર્થ જ્યારે ખટલીએ વિચાર્યો ત્યારે જીંદગીનાં સુખનું તેનું સર્વ સ્વપનુ જાણેકે નાબુદજ થઇ ગયું હોય એમ તેને લાગ્યું.

પણ વર સાથે જવાને તેણે ના પાડ્યું તે પક્કા ઠરાવમાં તેને કાંઇ પસ્તાવો થયો નહી. અગરજો જમસુ એકવાર ફરીથી આવીને તેને પૈસાદાર મામા સાથે કે ગરીબડા વર સાથ રહેવાની પસંદગી પુછેતો ખટલીએ એકવાર જે જવાબ દીધોછે તેનાથી બીજીવાર બીજો જવાબ દે એવું કાંઇ નહી હતું. તેની જીંદગીના આ માહાભારત સવાલ ઉપર જે સાંકડી હદમાં તે જોતી હતી તે સાંકડી હદમાં તેને બીજા કશા ઠરાવ ઉપર આવવાનું નહી હતું. આવી મોટી એક દોલત જે તેના ખોળામાં આવી પડવાને તૈયાર છે, જે દોલતને માટે તે ધીરજથી વાર જોતી બેઠીછે, અને જે દોલતને માટે આજ નજદીક ત્રણ વર્ષ થયાં તે પોતાનાં તનમનના ભલા જુસ્સાએને દાબી નાખીને એક બુઢા મુરબી આગળ એક ખોટી અને ઠગારી જીંદગી ગુજારેછે, તે દોલત મળવાના અંતની ઘડીએ તેને છોડી દેવી એતો ખટલીને મનસે એક સરફ દીવાનાપણું હતું. તે અજબ થતી હતી કે જમસુ જેવો દુનિયાદારીથી ઘડાયલો માણસ આવી મોટી દોલતનો ભોગ કબૂલ કરે, અથવા બાપીકા ધિક્કારના એક બેવકુફ જુસ્સાને વળગી રહે—અને તેથી એટલાબધો કે એક દુસ્મનના આવતા પૈસાનેબી ના પાડે— એ વાત ખટલીના માનવામાંજ નહી આવી, અને તેને માટે ઘણામાં ઘણું એટલુંજ ધાર્યું કે જમસુની પૈસા સામેની આ સઘળી સુગ બાહારના દેખાવનો એક ઢોંગ માત્ર છે અને એમાં કાંઇ જમસુ ખરેખર ગંભીર દેખાતો નથી. માણકશાહ મુકાદમના પૈસાનો વારસો જસાવાળાના જમસુની બાયડીને મળે એતો તેવણના એક જુના કરજનું ઘટતે રસ્તે ઠેકાણે પડવા સરખું હતું. તેને લાગ્યું કે માકામામાએ જમસુના બાપ જીવનજી જસાવાળાને મળતો વારસો અટકાવ્યો તે તો કદાચ વાજબી હશે—જીવનજી જસાવાળો ઉદાઉ ખાઉ પડાઉ હતો, તે પોતાની બાપીકી દોલત સઘળી આડે રસ્તે બરબાદ કરે એવો હતો—પણ માકામામાએ તે દોલત પડાવી લઇને ઓર વ્યાજે વધારી હશે—કદાચ બેવડી ચોગણી અથવા દસ ગણીબી કીધી હશે—અને માકામામાના એવા કરકસરયા હાથમાંથી જીવનજી જસાવાળાની તે દોલત તેના હકદાર દીકરાના હાથમાં પાછી જવાની હશે તેટલા માટેજ ખટલી તેને પરણી હશે, અને તે લેવા માટેજ ખટલીને ખુદાએ માકામામાને ત્યાં મોકલી હશે.

માટે માણકશાહ મુકાદમનાં મરણ પછી તેવણની દોલત લઇને ખટલી પાછી છુટી થશે

ત્યારે તેનો વ્હાલો જમસુ હાલના સરખો હઠીલો રહેશે, અથવા ખટલી સાથે જોડાવાને ના પાડશે એમ તેણીના માન્યામાં આવ્યુંજ નહી.

"ખોદા છે, હજીબી કાંઇ છેક આશા ગઇ નથી," ખટલીએ પોતાનાં મન સાથ વિચાર્યું, અને મોટા સોનેરી ફ્રેમના આરસાના બિલોર-માં પોતાનો ફીકો ચેહેરો જોઇને પોતાની રડતી આંખ્યો લુછતાં લુછતાં તે બોલી. "જમસુ આજે મારાપર ગમે એવો ઘાતકી થઇ ગયોછ તોપણ મને એટલીબધી આહેછ કે વખત જતાં જ્યારે હું એને પાછી મળવાને છુટી થઇશ ત્યારે એ મારો ઇનકાર કરશે નહી. ગરીબ બિચારો મારો જમસુ! જે દોલત મારીજ ગણાશે—અને મારીજ દોલત હું એને ખુશીથી આપીશ—તે ના પાડવાને એનું હૈડુંજ કેમ ચાલશે? મારે ખાતર ગરીબાઇના ચટકા એને કેવા ખમવા પડયાછ! કેવો બિચારો પોતાનાં રોજીંદાં ગુજરાણને વાસ્તે મેહેનત કરેછ? પણ માકામામાના પૈસા મને મળ્યા પછી જે નવી જાહોજલાલીભરેલી જીંદગી એને મળશે તે ભોગવવાને એ ના કેમ પાડશે? આ "બીનાબાગ" જેવાં એક ખુસ્તુમા કેદખાનાની જાહોજલાલી નહી, પણ મને અને મારા વરને જયાં ગમે ત્યાં ફરવા હરવાનાં છુટાપણાંની જાહોજલાલી, ફિકર ચિંતા વગર અથવા જંજાલના એક કતરા વગર જુવાની, દોલત, અને છુટાપણું જેવી જાહોજલાલી બક્ષેછ તેવી જાહોજલાલી ભોગ-વવાને શું એ ના પાડશે?"

આવાં આવાં ભોળ્યાં શેખચલ્લીપણાથી પોતાના ઉસ્કેરાયલા જીવને ધોરજ આપીને તથા પોતાના વ્હાલા વરની આ બે ઘડીની મુલાકાતમાં થયલી ઉસ્કેરનારી તરછોડને સારૂં પોતાનું મન મનાવીને ખટલી પાછી માકા-મામાના ઓરડામાં તેવણનાં બિછાના આગળ તેવણની ખબર લેવા ગઇ. તેવણના ચાલુ મંદવાદથી તેવણનો સ્વભાવ દહાડે દહાડે ઘણો બીગડતો ચાલ્યો હતો, માટે એવા એક મામાની માવજત કરવાનું ખટલીનું કામ આગળના જેવું હવે સેહેલ નહી હતું.

અગરજો માકામામા આવી પોતાની બીગ-ડેલી તબિયતમાં ખટલીના વરને મોહોડે મોહોડું મળત—વિચારો કે આજેજ એ બંને સાથે મળ્યા હોત—તો શું થાત તેની ધાસ્તીથી ખટલીનું જીગર ધ્રુજતું હતું. આવો એક પૈસાદાર ઘરડાનો પ્યાર ઠગાઇથી જીતી લેવા-માં આવ્યોછે અને તે પ્યાર જીતી લેનારી તેની ભાણેજ તેના હડહડતા શત્રુને પરણેલીછે એમ જો તેણે જાણ્યું હોત તો તેના ગુસ્સાની હદજ કયાં રહેત? પછી તે ભાણેજને તેના સોનેરી સ્વપ્નાની આશાજ શી રહેત? અને જે દોલત આજે તે પોતાની હથેલીમાં આવવા સરખી સમજેછે તેવી તેની આશાનો કેવો ભંગ નહી થયો હોત વારૂં?

માણકશાહ મામા પોતાનાં બિછાણા ઉપર-થી ઉઠેલા હતા, અને આરામ ખુરસી ઉપર અઢેલીને આળસુ બેઠેલા હતા. તેવણનું રોજીંદુ ન્યુસપેપર જે ખટલી રોજ તેવણ આગળ વાંચી સંભળાવતી હતી તે કાપ્યા વગર તેવણની સામે પડેલું હતું, માટે એ કામની ઢીલથી મામા તેને ઠપકાથી ખાઇ જશે એમ બ્હીતી બ્હીતી ખટલી ઓરડામાં દાખલ થઇ.

"અરે ચાલની ખટલી, તું એટલીબધી વાર કયાં હતી?•ન્યુસપેપર વંચાવવાને વાસ્તે એક કલાક થયો તારી વાર જોયા કરૂંછ."

"મામાજી તમો ખોટી થયા તેથી ઘણી દલગીર છું. મેં તો ધાર્યું કે તમે પોઢી ગયલા હશો."

"હું ઘોંટાયલોછું કે જાગુંછ તે જોવા વટીક તું આવી નહી. સહવારે કાવલો કાંજી આપી ગયા પછી મારી આંખ્યો જરા ઢંકાઇ નથી. વરૂં બેસ ને મને કેહ કે તુંને મળવા કોણ આવ્યુંતું, અને તેણે તુંને એટલી વાર ખોટી કેમ રાખી?"

ખટલી તો આ સવાલથી ડઘાઇજ ગઇ. તેને કોઇ પણ મળવા આવેલું તે મામા જાણે એવી તેને વકીજ નહી હતી.

"એ તો એક પારસી મળવા આવ્યોતોજી."

"હા હા. તે પારસી તો ખરોજ તો. મને તેજ વખતે કાવલાએ કહ્યુંતું કે કોઇ એક પારસી ગ્રૃહસ્થ કોઇ ખાસ કામ સારૂં મને મળવા આવતોતો પણ હું બ્માજાર છું તે સાંભળીને તે કામ તુંને કહી ગયો. તે શું માગેછ?"

"એ તો ફ્રેનીજી—તે પુણામાં—" ખટલી અચકતી અચકતી બનાવટ કરવા લાગી. તેણીએ કાંઇ પણ જુદું શોધી કાહડવું તો જોઇયે, પછી તે ગમે એવું હડહડતું કાં નહી હોય? "એક નવી અગ્યારી બાંધવાનું ફંડ થાયછ. કેહેંજે ઇરાનીઓની વસ્તી ઘણી વધી ગઇછ તેથી ઇરાનીઓને વાસ્તે ઇરાનના જેવીજ અગ્યારી બાંધવાની છે, તેને વાસ્તે ફંડ ઉભું થયુંછ તે મારે તમારી પાસે રૂપીયા ભરાવવા આવ્યોતો. મેં જવાબ દીધો કે તમે કાંઇ એવાં એવાં ફંડોમાં રૂપીયા ભરતા નથી તોપણ તમે સાજા થયા પછી એ ધણીને જોઇયે તો પાછો આવે એટલુંજ કહીને મેં તેને જવા દીધો."

"હં! છોકરી, તું પકી ખરી!" માકા મામા જરા હસ્યા. "પણ ત્યારે તેં તેને ખુલ્લીજ ના કાં નહી કહી? અગ્યારીઓ ગામમાં ઘણી છે, અને તોપણ નવે નવે બાહાને અગ્યારીઓ કાહાડનારા એવા અક્કલના હીણુ તો ઘણા આવેછ તો હું કાંઇ તેઓનાપર પૈસા ખર્ચી નાખું એવો નાદાન નથી. તોપણ ખટલી, એટલી વાતને વાસ્તે તે પારમી તારી સાથ ઘણીવાર રૈકાઇ રહ્યો. તેં તેંણે એકદમ ના કહીને કાહાડયો કાં નહી?"

"મેં તોજી ઘણાંબી બાહાનાં કાહાડયાં, પણ તે નીથતાં નીદ્યોજ નહી. આ લીસ્ટ જુવો, અને આ પ્લાન જુવો, ને આ ઇરાનીઓની અરજી જુવો એમ કહી કહીને તરેહવાર કાગળ્યાંઓ દેખાડવા લાગ્યો. ને વળી ઇરાનીઓની એક અરજી લાવ્યોતો તે તો જુદી. વળી તે વાંચવાની મને બોંહોંસે બોંહોંસ કરવા લાગ્યો."

"એવા રખડતાઓતો ઘણા આવેછ. તેં એવાઓને દૂરને દૂર રાખતાં શિખવું જોઇએ. કાવલાના કહ્યા પ્રમાણે તું તેની સાથ એક કલાક રોકાઇ રહી."

"મામાજી, ન્યુસપેપર વાંચી સંભળાવું?" ખટલીએ પુછીને વધારે વાત ઉડાવી.

"હા, વાંચ, વાંચ, દીકરી. પણ એમ પછવાડે ભરાઇને કયાં વાંચવા બેઠી? મારી સામે આવીને બેસ."

રખે પોતાની ચેહેરાની ઉસ્કેરાયલી હાલત મામા પામી જાય, તેથી બ્હીને ખટલી તેવણુની જરા પછવાડે વાંચવા બેઠી હતી. તેને તેવણે ખામખા પોતાની સામે તેડીને બેસાડી.

ખટલી લગાર નાખુશી સાથે આવીને બેઠી, અને તે વાંચતી જતી હતી તે વેળા માણકશાહ શેઠ ટીકી ટીકીને તેનો ચેહેરો નિહાલતા હતા. તે મુલાકાતે આવનાર અજાણ્યા વિષે તેવણનાં મનમાં વેહેમ ભરાયો હતો, કાંકે કાવલાને પુછવાથી તેવણે જાણ્યું હતું કે તે તો એક આબરૂદાર દેખાવનો ખુબસુરત જુવાન્યો હતો; મારે આ ઇરાનીઓની અગ્યારીની વાત તેવણુને બનાવટ જેવી લાગી. એક નાદાન છોકરીની એવી કલ્પિત બનાવટોથી પોતે છેતરાઇ જાય એટલા તેવણ કાચા નહી હતા. પોતાની જુવાનીમાં એવું તો ઘણું જુદું જુદું તેવણે જોડી કાહાડેલું હતું.

તોપણ તેવણ કાંઇ વધારે બોલ્યા નહી. તેવણે વેહેમ લાપવો ચાલુ રાખ્યો, અને પોતાના વેહેમ પોતાનાં મનમાજ રહેવા દીધા.

તેવણુની આ માદગી થોડાક દિવસ ચાલ્યા કીધી. ડાકટર બકસ્ટન ઇસ્પીટાલનો મોટો ડાકટર હતો તે તેવણુની દવા કરતો હતો. તેના કહેવા મુજબ તેવણને જરા નજલાનું જોર થઇ આવ્યું હતું, અને ખટલી અજબ થતી હતી કે સર્દાનાં ધનબાઇજીએ આપેલી ધાસ્તી ખરેખર ખરી પડવાનો વખત આવ્યો હતો કે શું!

પણ તેમ નહી હતું. ડાકટર બકસ્ટને કહ્યું તેમ માકામામાતો થોડા દહાડામાં પાછા ઉઠતા બેસ્તા અને ફરતા હરતા થયા. એટલુંજ નહી પણ પાછા હેઠલ આવવા લાગ્યા અને જરા જરા બાગમાં ફરતા થયા.

માણકશાહ શેઠને તો ડાકટર બકસ્ટન ઉપર વિશ્વાસ હતો. તેવણના ભાઇ મેહેલાશાહ પોતે ડાકટર હતા, પણ આવા એક લક્ષાપતિ અથવા એક કરોડપતિનો જીવ મેહેલાશાહ જેવા એક કાળી ચામડીના અને સાધારણ હકીમ જેવા ડાકટરના હાથમાં વિશ્વાસ ઉપર સોંપવા જેવો નહી હતો. ડાકટર મેહેલાશાહ તો એક હલકાં ખડખડયાં જેવી મેલ ફાઇટનમાં ફરતા હતા ત્યારે ડાકટર બકસ્ટનની બે ઘોડાની બ્રોહેમ ફડફડ કરતી "ચીના બાગ" ના ઓટલા આગળ આવી ઉભી રહેતી તેથી શેઠ માણકશાહ મુકાદમનો મેહેલ

ઘણો બિરાજી નીકળતો હતો. તેના ભપકાદાર ગાડી ઘોડાજ તેની કાબેલ્યતનું માપ હતું. અગરજો તે કાબેલ નહી હોયતો તેનાં એટલાં બધાં ઘરાક કેમ હોય? અને ઘણાં ઘરાક નહી હોયતો તે એવા ભપકાદાર ગાડી ઘોડે કેમ ફરે?

ડાકટર પોતે માણકશાહ શેઠના બાંધા ઉપર અચરત થતો હતો. તે છેલી મુલાકાતને દહાડે શેઠની તબિયતનો સુધારો જોઇને ખટલી આગળ ઘણી ખુશી બતાવી ગયો કે "જોયું બાઇ, તમારા મામાનો બાંધો કેવો સરસ છે! કેવા જલદી પાછા તતાર થયા! ચેહેરાનો રંગ પાછો આવ્યોછે, આંખ્યો ખુલી થઇછે, અને લિવર તનદરોસ્ત થયું છે. એવણતો કેઠી ગલાડસ્ટનના જેટલી લાંબી આવર્દાના છે, અને એવા એક ખડતલ અને તનદરોસ્ત મામાનું છત્ર તમારે માથે છે માટે હું તમોને મુબારકબાદી આપુંછું. ખુદાતાલા એવણને હજી તમારે માથે ઘણાં વર્ષ જીવાડશે."

ખટલીએ ખુશી થવાનો ચેહેરો ઉપર દેખાવ કીધો. પણ તે માત્ર દેખાવજ હતો. મામામામાની આવી લાંબી જીંદગી જમસુને મળવાનો સ્વપ્નો લાંબે દૂર લઇ જાયછે તેથી ખરેખરતો તે નાઉમેદ થઇ.

"બળ્યું મારૂં કંગાળ જીવતર!" તે મનમાંજ સેવટ ઉપર આવી. "મારા બાપ તોળના મુરબીને વિષે આવા આવા કડવા વિચારો મારાં મનમાં આવ્યા કરેછ એ કેવું નિચ, પાપી જીવતર! તેના કરતાં તો હજી મને મારી બેહેન મેહરી થવા ગમેછ, કે જે લાલ કિલ્લામાં નાદાન્યતની નચિંતાઇમાં કાંઇ ફિકર કે અંદેશા વગર કેવા મજેના આસાન દિવસ ગુજારી શકેછ!"

પ્રકરણ ૭૮ મું.

સોલીશેઠ વાર કેમ લગાડેછે?

પોતાના વર સાથની મુલાકાત પછી ખટલીની જંજાલો અલબતાં વધવી જોઇયે, અને વધી. અલબતાં એ જંજાલો વધવાનું મૂળ કારણ તેણી ઉપર હાનરેબલ હીરાજી શેઠના દીકરા સોલીશેઠની સંભાળભરેલી જતન અને સિપલાંપણાંથી વધી હતી. સોલીશેઠ સરખો એક સાહેબજાદો ખટલી સરખી એક પોતાની ખુબસુરતી ઉપર મગરૂર અબળાને એટલું બધું ધ્યાન આપે તે ખટલીની મગરૂરીને પેહેલાં ગમે એટલું ખીલવનારૂં હોય પણ હવે તો તે સઘળાં ધ્યાનપણાને કંટાળાથી ધિક્કારવા શિખી, તે અગત્ય કરીને એટલામાટે કે જેમ જેમ એ તવંગર સાહેબજાદો ખટલીને ચાહાવાનું દેખાડતો હતો તેમ તેમ તેના તવંગર મુરબી મામા વધારે ખુશી અને ખુશીજ દેખાતા હતા. હજીસુધી તો સોલીશેઠે યા તેના બાપે મોંહોડે ચહડીને ખટલીનું માગું મોકલ્યું નહી હતું. હજીસુધી તો તેની એવી કોઇ ધારણા પરવારતાં લોકોને ગિબતખોરે મોંહોડેજ માત્ર નિકળ્યા કરતી હતી. પણ એ સઘળાં સિપળાંપણાનું સેવટ તો સોલીશેઠે મોંહોડે ચહડીને માગું મોકલવામાંજ આવવાનું, અને ખટલીને તે માગું તુચ્છકારી કાહાડવું પડવાનું એટલું તો તેનાં મનમાં નક્કી થયું હતું.

પણ એમ કરેવાનું પરિણામ કેવું આવશે તે ખટલીની આ વધી પડેલી જંજાલોનું કારણ હતું. સોલીશેઠનો હાથ ના પાડવાથી, મામામામા પોતાની ભાણેજ ઉપર ખીજવાયા વગર રહેવાના નથી. તેઓની મેહેરબાનગી અને મમતા તેણીએ સઘળી ખોહવી પડવાની, કદાચ સદાનીજ ખોહવી પડવાની. એક બજિયલ અને ચીઢયલ સ્વભાવના ઘરડાને પસવારી પસવારીને રીજવવા તથા નરમ હાથોથી ખુશી ને ખુશી રાખવાની ખટલીની સઘળી ખુશામત તે વખતે રદ જવાની. અગરજો આવી રીતે માણકશાહ શેઠની ગેરમેહેરબાનગી તળે ખટલી આવવાનીજ હોય તો તેણીએ આટલી લાંબી મુદત સુધી તેવણને એક બચ્ચાંના સરખા પ્યારથી પંપાળવાનું કારણ શું હતું? અને તેથી તેની મતલબજ શી પાર પડવાની હતી?

એક તરફથી ખટલીએ પોતાના મામાનું માતબર રહેઠાણ અને પૈસાનો દલ્લો પસંદ કરીને ત્યાંજ રહેવા માટે પોતાના વ્હાલા વરને ગુસે કીધો અને હવે બીજી તરફથી

તેજ માતબર મામાને પણ ગુસે કરીને તેણીએ તેની ગેરમેહેરબાનગી તળે પડવાનો વખત આવ્યો. એ રીતે આ નાદાન પણ નબળાં મનની અને પૈસાની લોભી ઓરત બેતરફથી ફસી પડેલી પોતાને જોવા લાગી. જે વરનો પ્યાર મેળવવાની ઉમેદવારીમાં તેણીએ આટલું-બધું ખમ્યું છે, તે પ્યારનું દિવાળું તે ફુકી ચુકી અને હવે જે પૈસાદાર મામાની દોલતનો હલો મેળવવા માટે તેણીએ આટલું-બધું ખમ્યું છે તે દોલતનું પણ દિવાળું કાહાડવાનો વખત આવ્યો. સોલીશેઠ ખટલીને પરણવાનો એક વખત નકી ઠરાવ કરીને તેનું માગું માકામામા ઉપર મોકળશેજ એ ધાસ્તી જેમ ખટલીની નજર સામે નજદીક આવીને ઉભી તેમ તેજ વખતે જમસુ જસાવાળો ખટલીના પરણેલા ખાવીંદ તરીકે માકામામા ઉપર પોતાનો દાવો મોકળશે એ ધાસ્તી પણ ખટલીનું જીગર ધ્રુજાવતી ઉભી રહી. ખટલીની આ જીંદગીમાં કેટલાક કલાકો એવા પણ આવ્યા હતા કે જયારે જેમ તે એક વખતે ગરીબાઇથી નાહસી આવી હતી તેમ બીજી વખતે તવંગરીથી નાહસી જવાની તેને લાલચ આવ્યા વગર રહે નહી. અને તેના વરની હાલતમાં પછવાડેથી જે જાહોજલાલીએ ફેરફાર કીધોછે તે ફેરફાર જો ખટલી જાણતી હોત તો તે મામાની જાહોજલાલીમાંથી નાહસીઓ ગઇ હોત એ વાંચનારને એક બનવા જેવો સંભવ લાગશે. પણ ખટલીનો ખાવંદ તો જાણેકે ખટલીની જાણમાં હસ્તીથીજ નાબુદ થયો હતો. તે કયાં હતો અને કેવી હાલતમાં હતો તે ખટલી જાણતીજ નહી હતી. પોતાની હાલતમાં સારો ફેરફાર થયોછે એવા તેણે ખટલીની છેલી મુલાકાતમાં તેણીના કાન ખોલ્યા હતા, પણ તેને અચબુચ મળવાના અને ચીનાબાગનાં અકારાં મકાનમાંથી દૂર કરવાના ગભરાટમાં ખટલી તે વિષે વધુ પુછવાને તદન ભૂલી ગઇ હતી, અને જમસુ હમણા કયાં રેહછે તેટલુંબી તેને પુછવા પામી નહી હતી. અગરજો એટલું તેને પુછયું હોતતો હાલના સરખી જંજાલના વખતમાં તે પોતાના વર પાસે પાછી જવાનો વિચાર કરી શકત કે ?

આવી રીતે પોતાની આ જંજાલમાંથી નાહસી જવાની અવાર નવારની લાલચ વચે એક લાંબી ગરીબાઇથી પૈસાટકાની જે પુંજા માણસને લોભાવેછે તે લોભે તેમજ કાંઇ ઉતાવળું પગળું ભરવાના જોખમે ખટલીને આ જંજાલો વચે જેમની તેમ રેહેવાને શિખવવાનું જેમનું તેમ જારી રાખ્યું. તેને સલામત રસ્તો એટલોજ સુજયો કે સોલીશેઠ તરફ થંડું દિલ દેખાડયા કરવું અને તે તેણીના હાથનું માગું મોકલવાને લલચાય નહી એવી રીતે પોતે તેને કોઠું આપતી નથી એમ તેને જોવા દેવું. તેમજ વળી તે સમજતી હતી કે તેનાં દિલની રીતભાતના એ થંડાપણથી સોલીશેઠે હજીસુધી માગું મોકળવાનું ઢીલમાં રાખ્યું હતું. જે નાજનીનને આહવાનું તે ઘણું ડોળ દેખાડતો હતો તે નાજનીનથી તે હજી શરમાતો હોય એવું પણ તે દેખાડતો હતો, અને કાંઇ નહીતો તે પોતાનું માગું મોકળવાની ઉતાવળમાંતો નથીજ એટલું તો તેની ધીરજવાન ઢીલ ઉપરથી ખટલી જોઇ શકતી હતી. પણ વળી ખટલી તેનો હાથ ના પાડશે એવી કોઇ ધાસ્તી સોલીશેઠનાં મનમાં નહી હતી. તે પોતાની જુવાનીના બાહાર ઉપર અને પૈસાટકા ઉપર એટલો મુસ્તાક હતો કે કોઇ તેનો હાથ કદી ના પાડે નહી એટલી તેનાં મનમાં ખાતરી હતી. માટે "હીરા કાસ્ટલ" અને "હીરા" ઘોડાગાડી તથા "હીરા" દ્રાક્ષ વગેરેના ધણીનો તથા હાનરબલ હીરાજી શેઠના વારસનો હાથ પોતાના મામાને આશ્રે પળાતી એક માબાપ વગરની પુતલી ના પાડે એવું તો તેના ખ્યાલમાંજ નહી હતું. ખટલીનાં થંડાપણાએ તેને દૂરનો દૂર રાખ્યો ખરો, પણ તેને કાંઇ નાઉમેદ કીધો નહી હતો.

"મને ઉતાવળ શી છે?" સોલીશેઠે પોતાનાં મનમાં ધીરજ ધરી હતી, અને એ ધીરજ ધરવાને લોકને મોહડે ચાલતી ચર્ચાથી તેને વધારે કારણ મળ્યું હતું. તે બોલતો હતો કે એક ઓરતને મારી બૈરી કરવા માગું તેની અગાઉ મારે તેણીને વિશે કાંઇ જાણવું તો જોઇયે? તે મારી કાંઇ દરકાર કરેછ કે નહી તેટલી તો મારાં મનમાં ખાતરી થવી જોઇયે? એટલીબધી છોકરીઓ તરફથી મારો હાથ મેળવવાની તુટાતુટ પડીછ કે આ એક જણી

એવી અધીરી નથી તે મને ગમેછ, અને તેમજ હું પણ અધીરાઇ દેખાડવા ચાહતો નથી. જેમ તે મારી માગણી કરવાની ઉતાવળમાં પડી નથી તેમ તે મારી સાથે વધારે રહેશે એવું દેખાયછ, અને તેની એવી ધીરજ વચે હું અધીરો થઇને પોતાને બેવકુફમાં ખપાવીશ. હું કાંઇ એકદમ ધસારો કરીને તેનો હાથ ઝીતી લેવા માગતો નથી. તે જેમ બેસીને વાર જોયછ તેમજ હું પણ બેસીને વાર જોઇશ, અને તે જેમ થંડા દિલે ચાહતી હશે તેમજ હું પણ થંડાં દિલે મારો રસ્તો કરીશ."

એ પ્રમાણે સોલીશેઠે પોતાના જીવને ધીરજ આપીને પોતાનાં ધારેલાં પગલાંને ઢિલમાં રાખ્યું હતું, અને તે ઢીલનાં કારણો આ ઉપર જણાવેલાં હતાં.

"હજી મારે એ છોકરીને વધારે ઓળખવી જોઇયે." સોલીશેઠે પોતાની ધીરજને મજબુતી આપી, "એના પેલા ઢાંખરા મામાને જમવા બોલાવ્યાથી અને તેને ત્યાં જમવા જયા કીધાથી કાંઇ વળવાનું નથી. એમ તો એ છોકરી સાથની મારી મતલબ કદી સરવાની નથી. એમ કોઇ કોઇ દહાડે મળ્યાથી તો ઓર અમો બે વચે જુદાઇ વધેછ. એકએક બબે અઠવાડિયે મળવાથી તો જાણેકે પેહલવેહલીજ ઓળખ થઇ હોય તેમ અજાણ્યા રહીયેછ, વાસ્તે બેહતર તો એજ છે કે થોડા દહાડા એ લોકોની સાથે સંગતમાં રહેવું. બેહતર તો એ છે કે બાવાને સમજાવીને એ મામા ભાણેજ બેહુને આપણાં ઘરમાં થોડા દહાડા રાખવાં. એક ઘરમાં થોડાજ દહાડા સાથે વસવાથી એ છોકરીનો મિજાજ કેવો છે અને વિચારો કેવા છે તે બધું એક વર્ષ સુધી દૂર વસવાના કરતાં વધારે જલદી જણાઇ આવશે."

એ પ્રમાણે ઠરાવ કરીને સોલીશેઠે એ ઠરાવ અમલમાં મુકવાને વિલંબ લગાડયો નહી.

પ્રકરણ ૭૯ મું.

એક અગત્યની મસલત.

સોલીશેઠની બે બેહનો પીલાઇ અને દીની પોતાના ઓરડામાં એક અગત્યની મસલતમાં મશગુલ હતી ત્યાં તે ગયો. તે મસલત એટલીજ કે બે દિવસ માં પુણા ખાતે "કમાન્ડર ઇન ચીફ" ના આવવાથી એક મોટી કવાયદ થનાર હતી અને તેને માટે ઘણી ધામધૂમ ચાલતી હતી, તે તકે થોડાંક ઓળખિતાં પારખિતાંઓને પોતાના "હીરા કાસ્ટલ"માં પરોણા બોલાવીને મેહમાનદારીની મોટાઇ ભોગવવાની જે તક મળી તે તકનો લાભ લઇને કેટલાંક શેઠ શેઠાણીઓને પરોણા બોલાવવાની પોતાના બાપના હોકમથી ચીઠીઓ લખવા માટે બેહેનો રોકાયલી હતી. ચીઠીઓ લખેલી તૈયાર તેમનાં સરનામા કરીને પરબીડાંમાં બીડેલી હતી, અને બેહેનોએ કોણ કોણને બોલાવ્યાંછે તે સોલીશેઠ પરબીડાંઓ વાંચતો જોવા ઉભો. તેમાં ઘણાંએક નામો જોવા છતાં માણકશાહ મુકાદમ અને તેની ભાણેજનું નામ પહરોણાઓની ટીપમાં નહી જોવાથી સોલીશેઠે પોતાની નાસિપાસિ બતાવી, અને આ બે મામા ભાણેજને પણ 'હીરા કાસ્ટલ' માં રહેવાનું નોત્રું દેવાની ભલામણ કીધી. એ ભલામણ કાંઇ તેણે એકાએક કીધી નહી, કાંકે ખટલીની તે ખામખા કાંઇ ઘણી દરકાર કરતો હોય એવું દેખાડવાની તેની ધારણા નહી હતી. માટે આસ્તે આસ્તે વાત ઉપરથી વાત કાહાડીને તે એ પોતાની વાત ઉપર આવ્યો.

"બસ તમારાં તેડાં એટલાંમાં પુરાં થયાં કે,બેહેનો ?", તેણે પુછ્યું.

"હાજતો. બીજાં કોણને બોલાવીયે ?" પીલાઇએ જવાબ દીધો. "એમ તો આપણાં ઓળખિતાંઓ બીજાં ઘણાં છે, પણ તે બધાંને બોલાવતાં કાંઇ પરવડે, ભાઇ ?"

"વારૂં, સોલીભાઇ, તમે કોઇ તમારાં બીજા ઓળખિતાંઓને તેડવા માગોછ કે? અમે તો સમજતાંતાં કે તમે પુછવાની દરકાર કરો એવાં બધાંને આપણે લખી ચુકાં હોઇશું."

"પણ હું નહી દરકાર કરૂં તેવાં ઘણાએકને તમે બોલાવ્યાંછની."

"ત્યારે તો ભાઇ, તમો બીજાં કેટલાંએકને બોલાવવા માંગોછ? આપણા ફાલતુ ઓરડા એ તો બધા ભરાઇ ગયાછ," બેહુ બેહેનોએ તકરાર લીધી.

"ત્યારે બેહેતર કે થોડાક ઓરડાઓ ખાલી કરાવો ને હું કહું તે લોકને તેમાં ભરો," સોલીશેઠે સુચવ્યું. "મેહેરબાની કરીને તમે શેહેરબારજી સુદાંને, તેનાં સિપલાં ધણી-યાણી ધનબાઇજીને તથા તેઓના લાડકા દીકરા જાંહાંગીરને ના ભૂલો. જાંહાંગીરને તેના અડીયલ ઘોડાપર આવવા દેવો, તેથી આપણને ઘણી મઝા પડશે."

આ મોટા લોકોનાં નામ સોલીશેઠની બેહેનોને રૂચ્યાં નહી. "સદાંની ધનબાઇ તો ધડપર ધડ રાખે નહી તેવી છે. તેવી એક ઘરપચખોરીને 'હીરા કાસ્ટલ' ના મેહેમાનોમાં બોલાવેલી કેમ ચાલશે?"

પણ સોલીશેઠે બોંહોસ કીધી કે "એમ તો તમે બોલાવ્યાંછ તેઓમાં કેટલાંબધાં ઘર-પચખોરાંઓ છે."

"અને તેમાં વળી પેલા જાંહાંગીરને તેના અડીયલ ઘોડા સાથે તમે બોલાવવા માગોછ, ભાઇ, કે જે તે ઘોડા ઉપરજ જરાબી બીરાજી નિકળેછ અને ઘોડા વગર તો કશાં કાટનો નહી એવો દેખાયછ." પીલાઇએ પોતાનો મોટે ઘરનો તિરસ્કાર દેખાડયો. "એ લોકોને એક સાંજે 'ટી' પર જમથવા એક રાતે ખા-નાપરજ માત્ર બોલાવ્યે તે ચાલે, પણ પુણા-માંને પુણામાંજ રેહતાં હોય તેવાં લોકોને બે ચાર દહાડા સુધી આપણે ઘર રેહવા બોલાવ્યે તેમાં શું મોટો 'ચેન્જ' આપ્યે? બહારગામ રેહતાં હોય ને બોલાવ્યે તો તેબી ભલું કેહવાય."

વધારે નોત્રાં કાહડવાની બેહનોની આના-કાની સોલીશેઠની ધારણાને પેશ પડતી નિકળી નહી, અને તેણીઓની આ તકરાર પણ તેનાથી જવાબ દેવાય એવી નહી હતી. સદાંવાળાઓને પરોણા બોલાવવાને જે વાંધો લાગુ પડયો તે મુકાદમવાળાઓને બોલાવવાને તો વધારે લાગુ પડતો ગણાય. તોપણ સોલી-શેઠે પોતાની હઠ છોડવા આહી નહી. તે પોતાની બેહનો આગળ ખાસ ધારણા કરીનેજ આવેલો હતો, માટે એ ધારણા તેણે તોડી નહી. હવે તે જરા બોહસીલો થયો કે "બેહનો તમે બધું તમારી મરજીનુંજ કરશો, કે મારી મરજીબી જરા સાંભળશો? હું કાંઇ તમારી માફક ફાંટાખોર નથી, પણ એમ સમજો કે જાણુંકે હું જે નામો આપુંછ તે એક મારો ફાંટો છે તો શું તમે મારૂં કહેલું નહી કરશો? તમે સદાંવાળાઓને તેડવા ના પાડોછ ત્યારે તો માકો મુકાદમ ને ખટલી પણ પુણાનાજ રહેવાસી છે તેથી તે લોકનેબી તેડવા તમે ના કેહશો. પણ ચાલો, હવે ડાહયાં થાવો, અને જેમ ધનબાઇજીપર તેમજ ખટલીની ઉપર મજેની જેવી ચીઠી લખી કાહડો, કે પોતાના મામાને લઇને કવાયદનાં અઠવાડિયાંમાં આપણે ત્યાં ખાવા પીવાજ નહી પણ પરોણા દાખલ રહેવા આવે."

"હું, હું! ભાઇજી, તમારી એ મતલબ છે? એતો અમારે જાણવુંજ જોઇતું હતું, અને અમે એટલાં ભોલાં કે તે અગાઉથી સમજયાં નહી," એ સોલીશેની પકી બેહેનોનો જવાબ હતો.

સોલીશેઠની મતલબ ખટલીને ઘેરમાં બો-લાવીને રાખવાની શું હતી તે એ વડી બેહેન પીલાઇ પામી જવાને ચુકે એવી નહી હતી. તે ત્રિસ વર્ષની ઉમરની ભર્તિમાં આવેલી હતી, અને "હીરા કાસ્ટલ" કુટુંબમાં વડી કારભારણી સરખો દરજ્જો ભોગવતી હતી, પણ તેને ઘણી વખત લાગ્યા કીધું હતું કે ભાઇ સોલીશેઠ પરણ્યા પછી તેનો એ હક જળવાઇ રહેશે નહી, પણ ઘરધણીયાણી દાખલ તો વડી ભોંજાઇ રાજ ચલાવતી થશે, અને જે કુંચીનો ઝુમખો અત્યાર સુધી પીલાઇએ પોતાના હાથમાં રાખ્યોછે તે ભોંજાઇના હાથમાં મુકવો પડશે. તે ભોંજાઇબી વળી કોણ? આ એક માતબર મામાને માથે પડેલી ખટલી સરખી એક નાદાન છોકરી! એવી એક છોકરી ઉપર સોલીશેઠે જે ઉમેદવારીની ઇમારત ઉઠાવી તે વડી બેહેન પીલાઇને પોતાની પદવીને ખાતર પસંદ પડતું નહી હતું. કાંકે એ છોકરીમાં એક ખુબસુરતી ચેહેરો અને એક મામાના પૈસા સિવાય બીજી કશી ભલામણ નહી હતી. પણ પોતાની ગમે એટલી ના પસંદગી છતાં પીલાઇને તો ખટલી ઉપર ચીઠી લખવીજ પડી, કાંકે તેનો ભાઇ તે લખે

તેની વાર જોતો પછવાડે ઉભેલો હતો, અને તે શું લખેછે તે એવીતો બારીકીથી સંભાળતો હતો કે તેને ખુશી રાખવાને ખાતર ખટલી ઉપર પીલાઈને ખામખા એક ઘણું પ્યારભર્યું નોત્રું લખવું પડયું.

એટલુંજ નહી પણ વળી તે કાગળ લખાઈ રહ્યા પછી સોલીશેઠે પીલાઈને હાથનો બીડેલો પત્ર પોતેજ પોતાનાં ગજવામાં મુકયો અને બોલ્યો કે "એ કાગળ હું મારે હાથોહાથ ખટલીને પોંહોંચાડીશ. આજે સાંજે હું 'ચીનાબાગ' માં જવાનો છું, ત્યાંથી ખટલીનો ને તેના મામાનો મોંહોડે મોંહોડું જવાબ લઈ આવીશ. પણ જુવો બેહેનો, એ લોકોને રાખવાને વાસ્તે સરસમાં સરસ ઓરડા જોઈશે, હો! કદાચ આપણું સોનેરી દિવાનખાનું એ લોકને વાસ્તે રાખશું."

"હેં! હેં! બાઈ સોલી, તમે શું બોલોછ?" બેહનો છછણી પડી. "એ કોણ એવાં મોટાં આવ્યાં કે જેઓને માટે સોનેરી દિવાનખાનું આપીયે. હાલ તુર્ત તો એ લોકોને વાસ્તે પીળી દુમાસનું દિવાનખાનું બસ થશે," પીલાઈ બોલી. "સોનેરી દિવાનખાનાને લાયકનાં તો બીજાં ઘણાં પહરોણાઓ આપણે ત્યાં આવવાનાં છે."

"વારૂં કાંઈ નહી, જેમ તમારી મરજી." સોલીશેઠે જાણેકે ઢીલી દોરી મુકીને પોતાની બેહનો આગળ હુજત છોડી દીધી. પણ તેમ કરતાં તે તેઓને ધમકી આપવાને ભુલ્યો નહી કે "ફિકર નહી બેહનો, હમણા તો તમો ગમે તેટલો દોર ચલાવો, હમણા તમે ખટલીને ગમે તે ઓરડો આપો, પણ યાદ રાખજો કે થોડા દહાડામાં એ છોકરીને તમારા સૌથી સરસ ઓરડા આપી દેવા પડશે."

એટલું બોલીને સોલીશેઠ ચાલતો થયો, અને ખટલીને પરણવાની પોતાની મુરાદો વિષે પોતાનો પકો વિશ્વાસ એવા ભરમમાં બતાવી ગયો કે પોતાની આવતી ભોજાઈ, વિષે એ ધારેલી નણંદો તરેહવાર ઉંડા વિચારમાં પડી.

પ્રકરણ ૮૦ મું.

મેહરીનો દરજજો કેમ વધ્યો?

સોલીશેઠ જાણેકે પોતાનાં લગ્નના વરઘોડાનું કાંઈ બેઆણું આપતો હોય તેમ તુર્તજ પોતાનો માનીતો ઘોડો મંગાવીને ઘોડેસ્વાર થઈને પોતાનાં ધારેલાં સાસરાં તરફ ચાલ્યો તેણે ખામખા જાણેકે ઘોડાવાળો દેખાવું હોય તેમ રંગીન ડગલો પેહર્યો, અને ઘણાએક ખુશબોદાર અતરથી મઘમઘતો અને સુગંધોમાં બેહેક બેહેક થતો "ચીનાબાગ" ગયો.

માણેકશાહ મુકાદમનો આ પીવાનો વખત હતો. આ વખતે તેની બે ભાણેજો તેની સાથે હતી. હમેશની ખટલી ઉપરાંત મેહરી મળવા આવેલી હતી, તેને પણ મામાએ આ પીવા બેસાડી હતી, અને "હીરા કાસ્ટલ" નું સોનેરી દિવાનખાનું સોલીશેઠે ધારેલું તો બાજુએજ રહી જાય તેમ સોલીશેઠે જોયું કે જે દિવાનખાનામાં આ મામા ભાણેજો ચાપર બેઠાં હતાં તે તેમાંના સાજશણગારથી કરીને ખરેખરૂંજ એક સોનેરી દિવાનખાનું હતું.

સોલીશેઠનું આવવાનું સાંભળીને ખટલીના કરતાં મેહરી વધારે ખુશી દેખાઈ. ખટલી મામાના પૈસાથી જે લાડ કરેછે તેથી મેહરીના બળાપાએ તેનાં મગજમાં ઘણી જગ્યા રોકી હતી, અને તેમાં આજે ખટલીની નવી સાડીઓ અને બીજાં કપડાંચપડાંના ઢગલાથી તો એ બેહનની અદેખા આંખોમાં કાંઈ નહી ધારેલું વેર વસ્યું હતું. વળી એવા લાડમાં ઉછેરેલી ખટલીનો સોલીશેઠ જેવો સાહેબજાદો જે સપારો ચલાવેછે તેના ખ્યાલથી મેહરી વધારે મુઝાતી હતી! અમાવા એક માતબર સાહેબજાદા સાથે પોતાની ઓળખાણ કરવાને તે ઘણી તલપી રહેલી હતી, અને ખટલી ખામખા તેને સોલીશેઠ સાથે મળવા દેતી નથી એમ સમજતી હતી, માટે આજે સોલીશેઠ એકાએક આવી લાગેલો જાણીને મેહરી ઘણી ખુશી થઈ.

માણકશાહ શેઠે સોલીશેઠને માનભર્યો આવકાર દીધો. તેવણે "આવો, આવો" કરીને

તેને પોતાની પાસે બોલાવી તથા ઉભા થઇ "શેકહેન્ડ" કરીને ચાની ટેબલ ઉપર પોતાની પાસે બેસાડયો, એટલુંજ નહી પણ પોતાની ભાણેજ મેહરીને ઓળખાવી, અને મેહરી પાસેજ સોલીશેઠને માટે ખાસ ચાનું કપ મંગાવીને અપાવ્યું, કે જે કામ મેહરીએ ખામખા જાણેકે ખટલીની બોહોંસપર કેટલાંએક ખાસ નખરાંથી બજાવ્યું. એમ કરતાં તેઓ વચ્ચે અરસપરસની વાતો ચાલી, અને ખેરઆફીયત પુછતાં પુછતાં તેઓ પુણા શેહેરના ગામ ગપાટા ઉપર આવ્યા. આજે પુણામાં "કમાન્ડર ઇન ચીફ" ની આવતી કવાયદને લગતી ધામધૂમો વાતચિતની મુખ્ય બાબદો થઇ પડી હતી. જયાં જાવો ત્યાં સઘળાં એજ વાત કરતાં હતાં. આ ધામધૂમના મોટા તમાશામાં ભાગ લેવાની સઘળાંઓને ઉલટ થયલી હતી. ખટલીતો માકામામાની ગાડીમાં સઘળી રચના જોવા જશેજ, પણ મેહરી કેમ જશે તે એક વિચાર હતો. માટે સોલીશેઠના આવ્યાથી તથા એજ વાત નિકળવાથી એ વિષેની મેહરીની ઉલટ પણ અજબ ઉસ્કેરાઇ હતી અને તે અજબ ઉલટથી આ ગપસપમાં ભાગ લેવા લાગી.

"સાહેબ તો કવાયદ જોવા જવાનાજ હશો!" સોલીશેઠે માણકશાહને પુછ્યું. તેવણે પોતાની લડડતી તબિયતને બાહાણે જવાની નાખુશી બતાવી, પણ તેમ કેહેતાં તેવણની બીજી ઉંડી મતલબ હતી અને તે એટલીજ કે તેવણના ના કેહેવાથી સોલીશેઠ ખટલીને અને કદાચ તેની બેહનને પોતાની સાથે લઇ જવાની માંગણી કરે, કે જેમ તેઓ વચ્ચે એખલાસ વધેલો જોવાને તેવણની ખરાં દિલની ખુશી હતી.

"નહી શેઠ, આ તક ચુકવા જેવી નથી. અને અગરજો સાહેબને ખુલ્લી હવામાં બાહેર નિકળવા નહી ગમતું હોય તો અમારા 'હીરા કાસ્ટલ' માંજ આવશો તો બસ થશે, કાંકે કવાયદનું મેદાન અમારા 'કાસ્ટલ' થી પા માઇલબી દૂર નથી અને અમારા હાલની બારીઓથી સઘળી કવાયદ તમો જોઇ શકશો."

"ત્યારે તો તમે બીજાં ઘણાં જણને બોલાવ્યાં હશે?" માણેકશાહ મુકાદમે આ મોટા લોકોનાં સિપલાંપણાને છાજતું સેજ પુછ્યું.

"હાજી. મારા બાવાએ ને બેહનોએ આખાં ગામને 'હીરા કાસ્ટલ' માં બોલાવ્યુંછ એમ કહીએ તો ચાલે, અને હું પણ અંહી ખામખા તમો લોકોને તેડું કરવાજ આવ્યોછ. ખરશેદબાઇ, હું તમારે વાસ્તે મારી બેહનો તરફથી ખાસ ચીઠી લાવ્યોછ. તે બિચારીઓ તમોને મળવાને તલપી રહીછ, અને આજ ઘણા દહાડા થયા તમારાં દર્શન નહી થયાથી એ છોકરીઓનો તો બધો જીવ બળી જળી જાયછ. વાસ્તે મેહેરબાની કરીને હા કેહેજો. માણકશાહ શેઠ અમોને ના પાડી નાસિપાસ ના કરતા."

"પણ જી, મામાજીની તબિયત હાલ એવણે ઘરની બાહર જવા જેવી નથી." ખટલીએ પોતાના મામાની તરફથી જવાબ દીધો. "હમણા તો કેટલા દહાડા થયા બિચારા ઓરડામાં ને ઓરડામાંજ ગોંધાઇ રહ્યાછ તે તમે જાણતા નથી, સોલીશેઠ."

"હં! ત્યારે તો એવણને જરા 'ચેન્જ' આપવાની વધારે જરૂર છે. અમારો બંગલો જરા ચહડાણપર આવેલોછે તે તો તમે જાણોછ, કે જયાંની હવા શેઠને ઘણી માફક આવશે. અલબતાં અમારા ગરીબ ઝુપડાંમાં અમે ગરીબ ભાઇબેહનોની સંગત તો શેઠને સોહવાવાનું કરવાને પુરતી નથી, પણ ત્યાં તમે ખરશેદબાઇ, અને ગમે તો તમારાં બેહન—"

"મેહરી—મેહરબાઇ," માણેકશાહે નામની જગ્યા પુરી આપી.

"હાજી, એવણ મેહરબાઇબી સાથે આવશે તો હમારી ઉપર ઉપકાર થશે એટલુંજ નહી, પણ મામાજીની ખીજમત જેવી અહીં તેઓ કરેછ તેવીજ ત્યાં પણ કરી શકશે, અને તેથી એવણને 'ચેન્જ' નો કશો ગેરફાયદો લાગશેબી નહી. મેહરબાઇને તો અમે ધારેલાંજ નહી હતાં, પણ એવણના આવ્યાથી, મારી બેહનો અને બાવા વધારે ખુશી થશે."

આ તો મેહરીને જેવું જોઇતું હતું તેવુંજ થયું. તે આ નોત્રાંથી તદન હરખાઇ ગઇ, અને હર્ષભેર બોલી, "મને 'કમાન્ડીંગ ચીફ' ની 'પરેડ' ઘણીજ જોવા ગમેછ, બધું ગામ લોક જોવા જાયછ અને હું નહી જવશ એમ સમજીને હું તો તવખાન કરતીતી."

"હું જાણુંછની કે તું તો આવી એક તક મળવાપર કુદીજ પડશે," ખટલીનો તાંણો તૈયારજ હતો.

મેહરીએ સોલીશેઠનું નોત્રું ખટલીની અગાઉ કબૂલ રાખ્યાથી તે ખીજવાયલી હતી. જે નોત્રું કબૂલ રાખવાને ખટલી પોતે અચકાતી હતી અને દૂરને દૂર રાખવા ચાહતી હતી તે નોત્રું મેહરીએ કબૂલ રાખીને સામી તેને ફસાવી મારી, કે જેણીના ખાતર ખટલીને પણ જવું પડે એમ લાગ્યું. સોલીશેઠ તો એવો અર્થ એકદમજ લઇ ઉભો.

"હં ! ત્યારે તો વધારે સારૂં. ત્યારે તો હું ધારૂંછ કે, બેહન મેંહરબાઇ તમો અમારે ત્યાં આવશોજ, અને તમારી ખાતર ખરશેદ-બાઇ પણ આવવાની મેહેરબાની કરશેજ. બેહન બેહનોના વિચાર સરખાજ હોયછ. જયાં એક બેહન જાય ત્યાં બીજી બેહન કંદી ના પાડેજ નહી વાસ્તે હવે એકલા માણકશાહ શેઠનીજ હા પાડવાની ખોટી રહી."

"તમો મેહેરબાનોનું નોત્રું ના પાડીને બિચારી આ મારી ભાણેજોની મોજ છીણવી લેવાનું હું પસંદ કરતો નથી," માણકશાહ શેઠે પણ એકદમ હા ભણી દીધું.

"શાબાશ! શાબાશ ! ત્યારે તમો ત્રણે જણ કાલથી અમારે ત્યાં પધારશો. અમે તમોને ચાર પાંચથી વધારે દહાડા રાખ-વાના નથી."

"શું કાલ ને કાલજ ?" મેહરીએ ગભ-રાઇને પુછ્યું, કાંકે તેને આવે મોટે ઠેકાણે જવા સારૂં નવાં નવાં કપડાં જોઇયે તે કાંઇ તૈયાર નહી હતાં અને તેની જોગવાઇ કરવાની હતી.

"મામાજી, તમે અમ ગરીબ ભાણેજોનો વિચાર ના કરો," ખટલીએ માગી લીધું. "મને કવાયદ જોવાની કાંઇ દરકાર નથી. એવા તમાશા અમે ઘણા જોયલાછે. સોલી-શેઠની મેહેરબાનગીભરેલી મેહેમાનદારીને હું પુરતી પિછાણુંછ. પણ ગડબડ અને થાકથી તમારી તબિયતનો બગાડો થાય તેની મને બ્હીક લાગેછ, અને તેથી હું ધારૂંછ કે આ-પણે નહીંજ જઇયે તો વધારે સારૂં."

"રાન પક્કી, રખે હું સાથે જાઉં તેની અદેખી બ્હીકથી ના કેવું કેહેછ !" મેહરીએ મનમાં વિચાર્યું.

"રાન પક્કી, એ છોકરાને દૂરને દૂર રાખવાને વાસ્તે તેનું ખાસ નોત્રું ના પાડેછ !" ખટલીના મામાએ મનમાં વિચાર્યું.

"ખરશેદબાઇ, તમારા મામાને વાસ્તે એટલાંબધાં ના બીહો. અમારે ઘેર આવ્યાથી એવણની તબિયત નથી બિગડવાની. આપણે બધાં સાથે મળીને એવણની પુરતી માવજત કરીશું," સોલીશેઠે આગ્રહ કીધો.

"અને હું પણ મારી ભાણેજ ધારેછ તેટલો હજી મરવા પડેલો નથી," માણકશાહ શેઠે પણ બોંહસ લીધી. "હું કાંઇ બાહાર નહી જઇ શકું એટલો લંગડો લુલો થયો નથી. હું ધારૂંછ કે 'હીરા કાસ્ટલ' ની મોજ થોડા દહાડા હું પુરેપુરી ભોગવી શકીશ."

"ખાસું ! ઘણું મજેનું કહ્યું, સાહેબ." સોલીશેઠ ખુશ થઇ ગયો. "અને હવે ખર-શેદબાઇની બોંહસ નહી ચાલશે. બાઇઓ, તમારાં બાહાર ફરવાનાં કપડાં લેતાં આવજો આપણે ગાડીમાં સાથે બેસીને જઇશું, અને મેહરબાઇને ગાડી હાંકવાનો શોખ છે તો હું મારી ગાડી એવણનેજ હાંકવા આપીશ."

"ઘણું સરસ! હું તો ગાડીની હાંકણી ઉપર ફીદા ફીદા છું. મેહેલાશાહ મામાની ગાડી હાંકવાને મારી કેવી મરજી થતીતી, પણ ખરખરીઆં જેવી ગાડીને જોઇને લોકો હસે તેથી હું અટકી રહી."

એ રીતે આ મેહેમાનોની મુલાકાત નકી કરીને અને બે કપ ભરી ચાહા પીને સોલીશેઠ ત્યાંથી વિદાય થયો. તે કાંઇ ચાહાનો ઘણો શોકીન નહી હતો, તોપણ આ બીજું કપ ખટલીના નાજુક હાથે મળ્યું તે ના પાડી શકયો નહી; અને તેમ કરતાં જે ધણીને પોતે ચાહતી નથી તેને ત્યાં રેહેવા જવું પડવાને માટે ખટલીને ખરેખરા અંદેશામાં, તેમજ આવે મોટે ઠેકાણે ભેળાવાની પોતાની વડાઇને માટે મેહરીને મોટી ઉલટમાં રાખીને સોલીશેઠ ત્યાંથી રવાને થયો.

હજી તો પોતાને મળેલાં આ માનને માટે મેહરી ઘણું બોલી શકત. પણ માકામામાની બીહીકથીજ તે પોતાની ઉસ્કેરાયલી વડાઇને દાબીને બેસી રહી, તોપણ ચાહા પીને ઉઠયા

પછી માકામામા પોતાની આરામ ખુરસી ઉપર અઘેલતાં લેટી ગયા, તેટલાંમાં બેહુ બેહનો એકલી પડતાં વારજ મેહરી પોતાની ઉલટ ખટલીને જાહેર કરવાને ચુકી નહી.

"ખટલી, મારી બધી ચીજોનું હું શું કરીશ ?" મેહરીએ પુછયું.

"વળી ચીજો શાની ? કઇ ચીજો ?"

"એજ તો કપડાં, બૂટ ઇસ્તાકીન, સાડી. 'હીરા કાસ્ટલ'માં પેહેરવા લાયક તો મારી પાસે એક ચીઠડુંબી નથી."

"અને તે છતાં તુંને ત્યાં જવાનું નોત્રું એકદમ કબુલ કરી દેતાં કાંઇ શરમબી નહી લાગી ? પાસે પેહેરવાનાં કપડાંની ખાખ નહી મળે ને મોટે મોહોડે ભર દઇને હા શાનું કહી દીધું ? તારે લાયકીથી ના કેહેવું હતું." ખટલીએ તાણો માર્યો.

"ના કેહેવું હતું ? વાહવારે ! મારી બેહન જેવી બેહન થઇને મને કેવી શિખામણ દેછ ! તું બધે ફરે હરે તેનું કાંઇ નહી, અને મને કોઇ તારી સાથે બોલાવેતો મારે ના કેહેવું જોઇએ ? 'લાલ કિલ્લા'નાં કેદખાનામાંથી બાહાર નિકળવાની અને જરા દુનિઆદારી જોવાની મને પેહેલવેહેલીજ તક મળી, અને 'લાલ કિલ્લા'માં મારી પદવી જરા વધે એવી રીતે પાંચ સારાં માણસોમાં ફરી હરીને માન મરતબો મેળવવાની મને તક મળે તે ખોહી દેઉં ? ને પેલાં મુવાં સિપલાં સદાવાળાંઓ ને દીનશાહ દારૂવાળાંઓ જે તુંને બોલાવેછ ને મને ધિક્કારેછ તે લોકોની આગળ મારો ભપકો વધારવાનો દાવ આવ્યો તે હું જતો મુકું ? વાહવારે, ખટલી ! એક બેહન દાખલ તું તો કેવી શિખામણ દેવા નિકળીછ ! તું જેમ જેમ તારી ચહડતી હાલત થતી જાયછ તેમ તેમ મારી અદેખાઇ કરતીજ જાયછ, અને મારી ગરીબાઇમાં મને હિણતી જાયછ."

આટલું બોલતાંમાં તો મેહરીનું નરમ હેડું પીગળી ગયું. અને તેના ગાલોના રોખસાર આંજુ ભરી આંખોથી ધોવાવા માડયા.

"એ કેમ થયું, ઢુકતી, રડી શાની મરેછ ?" ખટલી ખીજવાઇને ગોસાથી બોલી ઉઠી. "મેં તુંને શું કહ્યું કે એટલું બધું દુઃખ લાગી ગયું ?"

આ ગડબડથી મામામા જે સામેને છેડે ખુરસી ઉપર ઉંઘતા હતા તેવણ જાગી ઉઠયા, અને બોલ્યા, "એ શું છે મેહરી ? રડેછ કાં ? તુંને મારાં ઘેરમાં મેં રડવા બોલાવી નથી. તારી ઉપર શું દુઃખ પડેછ ? જો અંહી કાંઇ તારી ઉપર દુઃખ હોય તો તું અંહી આવ ના."

માણકશાહ શેઠ પોતાની સાંજની ઉંઘમાં એક બડબડતી બાણેજની ગડબડથી ખલલ થવા દે એવા નહી હતા. અગરજો તેવણનાં જુવાન સગાંવહાલાંઓએ તેવણની મેહેરબાનગી મેળવવી હોય તો તેવણનાં ઘરમાં હસી ખુશી સાથેજ રહેવું જોઇયે. એ તેવણની શરત તોડવા માટે તેવણે મેહરીને પાધરોજ સવાલ જે પુછયો તેનો તે બિચારીને પાધરોજ જવાબ દેવાની ફરજ પડી. "નહીરે મામાજી, તમારાં ઘેરમાં મને શું દુઃખ હોય ?" તે બોલી.

"પણ ત્યારે તું રડતી શાની ઉભીછ ?"

"એ તો બધી ખટલીની મોહકાણ છેજી," મેહરીને જવાબ દેવાની ફરજ પડી. "એ બેહન જેવી બેહનનાં દિલમાં જરા દયાજ નથી. જ્યારે સોલીશેઠ જેવા મોટા માણસે મને અને આપણે બધાંને તેડું કીધું ત્યારે ખટલી મારી ગરીબાઇને મારાં મોહડાંમાં મારેછ ને કેહેછ કે મારો ચીજોને વાસ્તે મારે તે નોત્રું ના પાડવું હતું."

"એટલે ? ચીજો શાની ?" મામાએ પુછયું.

"એ તો મામાજી મેં એને જરા શિખામણ દીધી કે 'હીરાકાસ્ટલ' જેવા એક મેહલમાં જવા લાયકના એની પાસે કપડાં નથી ત્યારે એણે હા કેહેવું નહી હતું," ખટલીએ મામાને ધીરજ આપી. "એટલી મારી સેજ શિખામણનું એને દુઃખ ભરાઇ ગીયું."

"કપડાં નથી એટલુંજ કે ? પણ તેનું શું છે ?" માકામામાએ ધીરજ આપી. "એ તારી તંગી દીકરી મેહરી, તારી મોજમાં વચે આવી શકશે નહી. કાલે 'હીરા કાસ્ટલ'માં જવા માટે તુંને જે કાંઇ જોઇતું હોય તે બેલાસક જુસબ મીલીનરને ત્યાંથી એકદમ મંગાવ. તેના ચોપડામાં ખટલીનું ખાતું પાડેલું છે તેના ખાતાંમાં બધું ઉધાર લખાવ."

"ઓ મારા મેહેરબાન મામાજી ! તમે

કેવા સખી જીવના છેવો ! તમો જેવા મુરખીના તો ખાસડાંનો હાર કરીને પેહેરીયે તોબી થોડું છે !" મેહેરી ઉપકારનો ઉભરો કાહાડવા લાગી, અને તોપણ જે મામાને તેમાં નેહેસ્તપણા વિષે બે દીવસ અગાઉ ગાળે ગાળે ધોતી હતી તેના આજે ખાસડાંનો હાર કરી પેહેરવા તૈયાર થઇ !

"હવે બસ, બસ છોકરી, તારે ગમે તે મંગાવ, પણ એટલુંબધું બોલવાની લાહેરી ના કર," તેને માણેકશાહ શેઠે ધમકાવી અને પાછી ઉંઘમાં આંખ્યો ઢાંકી.

મેહેરી એકદમ જુસબ મિલિનર ઉપર નવી સાડીઓના ટાકા મંગાવવાને ચીઠી લખવા દોડી, ત્યારે ખટલી નાસિપાસ જીગરે પોતાનાં મનનો બળાપો કરવા બેઠી. "હીરા કાસ્ટલ"ની આ મુલાકાત અટકાવવાને જો તેને કાંઇ રસ્તો મળેતો તે કેવી ખંતી હતી ! તે સમજતી હતી કે તે જેટલી સોલીશેઠને મળેછે તેટલી તે પોતાના વર તરફ બેવફા થતી જાયછે. ખરૂં છે કે એ જુવાન સાહેબજાદાએ હજીસુધી તેની તરફ કશો પ્યાર જાહેર કીધો નથી. પણ ગામના લોકો તો એટલી વારમાં તે બે જણાઓનાં લગન નકકીબી કરી ચુકયાંછે, અને એ ખોટા ગામગપાટાએ તેણીના વરનાં મગજમાં વેહેમ બેસાડયોછે, તે તે પોતે છેલો મળવા આવ્યો ત્યારે જાહેર કરી ગયોછે. માટે હવે તો ખટલી માકામામા ઉપર ખીજવાવા લાગી, અને તેમજ મેહરી ઉપર પણ તેને ધિક્કાર ઉપજયો. તે ત્યાર પછી આખો વખત મેહરી સાથે રીસાયલી રહી, અને મેહરી તેમાં એક બેહનની અદેખાઇ કરતાં વધારે કશું સમજી શકી નહી.

"એ રાન મનમાં ચાહે શું પીએછ ?" મેહરી બડબડતી રહી. "એ એમ બીહેછ કે સોલીશેઠ રખે થોડોઘણો મારીપરબી પ્યાર રાખે. હા, ખટલી ખુબસુરત તો છે, એમ બધાં કેહેછ, પણ મારામાં થોડી ઘણી વધારે હુશિયારી છે એમબી બધાં કેહેછ. અને સમજુ માટીડાઓ એક છોકરીની ખુબસુરતીના કરતાં હુશિયારીને વધારે પસંદ કરેછ. ખચીત તેથીજ એ મારી અદેખાઇ કરેછ અને પોતાની સાથે મને 'હીરા કાસ્ટલ'માં લઇ જવાને બીહેછ".

પ્રકરણ ૮૧ મું.

"હીરા કાસ્ટલ"માં જતાં જતાં.

ખટલીનો મિજાજ થોડા વખતમાં નરમ પડયો, અને જે કાંઇ બનાવ બનવાનો હોય તેને તે લાચારીથી તાબે થઇ. 'હીરા કાસ્ટલ" માં જવાની તે મુગે મોહોડે તૈયારી કરવા લાગી, એટલુંજ નહી પણ હવે તો થોડા વખતમાં મેહરી સાથ સુલેહ કરીને તેની તૈયારીઓમાં પણ પોતાની સલાહ આપવા લાગી. સાડીઓ તથા બદિયાનોની તરાંહ અને રંગો વિષે મેહરીના ઉછાછલા અને બેહેકી ગયલા શોખને ખટલીએ પોતાના નરમ અને મધ્યમ શોખથી ઘણા સુધાર્યા. તેણે સંભાળ લીધી કે તેની બેહન એક મોટાં ઘરમાં છકેલ અને રંગીલી-છબીલી "ડૉલી" ના કરતાં એક સભ્ય, સાદી અને સાવધ બાનું સરખી વધારે દેખાય, અને તેવી મતલબથી મામાના ગમે એવા દુલ્લા હાથની છુટ મુકયા છતાં મેહરીએ તેવણના પૈસાનો આ પેહેલવેહેલો લાભ કેવી કરકસરથી લેવો તે વિષે ખટલીએ ઘણી સાહુચેતીથી મેહેરીને મદદ કીધી. દુકાનદારો પોતાનો માલ વેચવા માટે તો તરેહવાર નવી નવી લાલચોથી આપણાં મગજને ચલિત કરે, પણ ખટલીએ શિખવ્યું કે નવા રંગ અને નવી તરાંહમાંજ હંમેશ શોભા નથી, પણ ખરી શોભા જુની સાદાઇમાંજ છે.

"ખટલી, તું તો મને ગામડિયન જેવીજ બનાવવા બેઠીછ," મેહરીને આ સઘળી સાદાઇ નહી ગમવાથી તેણે "પ્રોટેસ્ટ" કીધો.

"પણ હું જે પસંદ કરૂંછ તે જુસબ મિલિનર પોતે પસંદ કરે તો બસ કની ?" ખટલીએ મજબુત તકરાર લીધી.

"મુવા મોટા મિલિનર શોધી કાહાડયાછ ! તારાં જેવાં એક ગબર ઘરાકની ખુશામત કરતાં તેને ઘણું આવડેછ. તે તો જે તું કેહેશે તે બધુંજ હા કેહેશે તો."

"ઠીક છે મેહેરી, ત્યારે તુંને ગમે તેમ

કર ને તું ખુશી થા" ખટલીએ જરા મિજાજ બોહી દીધો.

"પણ અંહી તો પસંદ કરવાનું એટલું બધું છે કે શું પસંદ કરૂં ને શું રાખું તે મને તો કાંઇ સુજતું નથી." મેહરીએ પોતાનો ગુચવાડો દેખાડયો.

"તારેથી નહી બનતું તો કોઇ બીજાં સલાહ આપે તેમ કર, નહી તો કે તારે ગમે તેમ માથું ફોડ," ખટલીએ છેલો જવાબ દીધો.

અંતે આ તકરારનું સેવટ એજ આવ્યું કે મેહરીને ખટલીનું ડાહાપણ કબુલ રાખવું પડયું અને તેના સુચવેલા સાદા પોશાકો કેટલાક નવા શણગાર સાથે ચુંટી કાહાડીને બેહુ બેહનો જુસબ મિલિનરને ત્યાં ગઇ, કે જેણે ખટલીના સુધરેલા "તેસ્ટ" ને ઘણો ટેકો આપીને એ વડી બેહનની ચહડતી કરી આપી.

હવે મેહરીએ "લાલ કિલ્લા" માં મેહેલાશાહ મામાને મળવા જવું હતું, અને પોતાને મળેલાં આ મોટાં માનની વધાઇ ઉપર ત્યાં જઇને ઘણીક વડાઇ લેવાની હતી. તથા પોતાનાં નવાં કપડાં ત્યાંજ પોતાની પેટીમાં સીંચવાના હતા કે જે કારણસર ખટલી પોતાનીજ ગાડીમાં મેહેરીને "લાલ કિલ્લા" સુધી પોંહોંચાડવા ગઇ.

"ખરેખર ખટલી, હવે તું કેવી વ્હાલી લાગેછ?" ગાડીમાં જતાં જતાં તેઓ વચે વાત ચાલી "તું આજે સાંજે મારીપર એટલીબધી ખીજવાઇ કેમ ગેઇ?"

'મને "હીરા કાસ્ટલ' માં જવા નથી ગમતું, અને તોપણ ત્યાં જવાનું નોત્રું તેં અને મામાએ કબુલ કીધું તેથી હું એકદમ ખીજવાઇ ગઇ."

"નથી જવા ગમતું ! એ શું બકેછ, ખટલી?" મેહેરી ઘણી અચરતીથી બોલી, કાંકે તેને લાગ્યું કે આવે મોટે ઠેકાણે જવા સારૂં ના પાડવામાં ખટલી માત્ર ઢોંગ કરતી હતી. "તારી આખી જીંદગીમાં સૌથી સરસ તક તુંને મળે તેજ તુંને લેવા નથી ગમતી ? આખું ગામ કેહેછ કે તું મિસિસ સોલીશેઠ થવાની છે, અને તુંને નથી શું ગમતું?"

"ગામના લોકતો પરવારતાં બેવકુફ છે ! મારે મિસિસ સોલીશેઠ અથવા બીજા કોઇનીબી મિસિસ નથી થવું."

"બેઅદબી માફ કરજે ખટલી, પણ હું ધારૂંછ કે તું એમ બોલેછ તે અમથા ઢોંગ કરેછ."

એટલાંમાંતો તેઓની ગાડી "લાલકિલ્લા" ના દરવાજા ઉપર ઉભી અને મેહરી તેમાંથી ઉતરીને પોતાનાં કપડાંની ગાંસડીઓ લઇને અંદર જતી રહી. તેને નાનકડા બાગમાંથી આવતી જોઇને નાજાં તેને દોડતી સામી આવી મળી. મેહરી પોતાના આજના નવા ભપકાની ધડપચમાંજ હતી. તેણીએ "હીરા કાસ્ટલ" મા જવા સુધીના પોતાના નસિબના ઉઘડવા વિષે નાજાંને ધડપચમાં કહ્યું, અને નાજાં તેથી કેટલીક બળવા અને બખાળવા પડી, કાંકે કપડાં તૈયાર કરવા, સિવવા અને સીંચવાને પુરતો વખત રહ્યો નહી હતો, અને તેટલા વખતમાં મેહરીની મદદે નાજાંને પણ ઘણી મજુરી કરવી પડવાની હતી.

"ધકેલા ને પછારા ! બળ્યું એવું મોટા લોકને ઘેર આવવાનું ને જવાનું !" નાજાં બડબડી "એક બે દહાડા જવાનું તેમાં કેટલા દહાડા સુધી અટવાઇ મરવાનું !"

"તારે જોઇએતો કામ કર ને જોઇએ તો રહેવા દે. તું મારી ઉપર એક દહાડો પાર કરશે તો બધા જનમ બડબડયા કરશે !" મેહરીએ તેને ઠપકો આપ્યો.

"મારી પોતાની મરજી પુછે મેહરી, તો હું એ કામ નહી કરૂં," નાજાંએ બચાવ કીધો. "પણ શું કરૂં ! મને આપણાં કુટુંબની આબરૂને વાસ્તે કરવું પડેછ. ફાટાંતુટાં ચીંથડાંમાં તુંને એક મોટે ઘેર જતી અટકાવવાના વિચારથીજ તારી આબરૂને વાસ્તે હું તુંને કામ નહી લાગુંતો કયાં જાઉં ?"

"તારી આબરૂની વાતતો સંતાડીજ રાખ. મારૂં કામ સમારવાને બદલે સાઝું બગાડ ના. તું મોજાં સિવવા બેઠીછ કે સામાં આંગલાં ખોસીને ફાડવા બેઠીછ ?" નાજાં કામ થોડું અને બીગાડ વધારે કરતી હતી તેને મેહરીએ પોતાના ધારા પ્રમાણે સરેસ્તાનો સખત ઠપકો આપ્યો.

"ભલાઇની દુનિયાજ નથીની !" નાજાં

ઉઠી જતાં જતાં બડબડીને પાછી કામ કરવા બેઠી.

પોતાની ભાણેજ એક મોટે ઘર મોજ કરવા જાયછે તે વિચારથી ડાકટર મેહેલાશાહ ઘણા ખુશી થયા. જોકે મેહરીની "હીરા કાસ્ટલ" ની મુલાકાતથી બિચારા એ ગરીબ મામાને એકુ બે રૂપિઆનો ઘસારો લાગ્યા વગર રેહશે નહી, અને તે ઘસારો તેવણુની ગરીબી હાલતમાં તેવણુનાં નાણાં સંબંધી હિસાબમાં ખલલ કીધા વગર રેહશે નહી. પણ ડાકટર મેહેલાશાહ મુકાદમ ઘણું ખમનારા અને થોડું બોલનારા ભલા માણસોમાંના એક હતા. તેવણુ બીજાંનાં સુખમાં સુખી અને દુઃખમાં દુઃખી હતા, તથા એકલપેટાં માણસો જે સઘળું લેવા માગેછે તેઓને મુગે મોહોડે તાબે થનારા, પારકાંના લાભને માટે પોતાનો ભોગ આપનારા ગરીબો માહેલા તેવણુ એક હતા. પોતાનું મન મારીને પોતાના જીવસે હાયવેળા ભોગવવાનું જેથી બીજાંઓનું દિલ દુઃખાય તેથી આ ભલા ગરીબ ડાકટરનું દિલ દુઃખાતું હતું. તેવણુનાં મગજમાં હંમેશની એક શાંતિ અને જીગરમાં હંમેશનો એક સંતોષ વસ્તો હતો, કે જે તેવણુની ગરીબાઇનું સુખ અને તેવણુની નબળાઇનો કુવતમંદ દારૂ હતો.

"હીરા કાસ્ટલ" માં જવાની તૈયારીઓમાં તે દહાડો નિકળી ગયો તે માલમબી પડયો નહી. બીજી સહવારે ઉલટમંદ મેહરી ઉલટમાં ને ઉલટમાં વેહેલી ઉઠી અને માણકશાહ મામાની ગાડી "લાલ કિલ્લા" ના દરવાજા ઉપર તેને લેવા આવી ત્યારે તેની ખુશાલીનો કાંઇ પાર રહ્યો નહી. ગાડીમાં માણકશાહ શેઠ અને ખટલી બેઠેલાં હતાં કે જેઓ "હીરા કાસ્ટલ" માં રહેવા જતાં રસ્તા ઉપર "લાલ કિલ્લા" નો દરવાજે હોવાથી, મેહરીને લેવા આવ્યાં હતાં. મેહરીને તેના નવા પોશાકમાં ભપકાથી વળાવવા સારૂં અને તેને એક ભપકાદાર રાજરથમાં બેસીને જતી જોવા સારૂં તેનો ડાકટર મામો અને તેની બેહેન નાજાં દરવાજા સુધી તેની સાથે આવ્યાં હતાં. આવી લાયકીભરેલી સભ્યતાથી મેહરીનું હૈડું પીગળી ગયું. તે ઘણાં જોસથી તેવણુને ભેટીને બોલી કે "ઓ મારા મુરબી મામા, તમે કેવા મેહેરબાન છો! હંમેશ એવા ને એવા મેહેરબાન રહોછ, ને હું હંમેશની નગુણીને નગુણીજ રહેલી છેઉં."

"નહીરે મારી દીકરી, તું કાંઇ નગુણી નથી, અને તુંને મારો ગુણ જાણવા જેટલુંબી કાંઇજ નથી."

"ઘણુંબી છે. મામા!" મેહેરી ઘણાંજ નરમ હૈડાંથી બોલી. "હું તમોને કદી ભુલશ નહી, હો કે. ગમે તેટલા દહાડા 'હીરા કાસ્ટલ' માં રહેવશ, પણ તેટલા દહાડા તમુનેજ યાદ કર્યા કરશ, અને ખાનાપીનાની વચ્ચે તમેબી અમારી સાથે સામેલ રહો એમ હું કેવું આશા કરશ!"

"ઠીક છે, ઠીક છે. તું હવડાં તો સિધાર દીકરી." તેના મામાએ જાણેકે તેની કાસર પતાવી, અને તોપણ ઉમેર્યું કે "હું પણ તુંને રોજ યાદ કર્યા કરશ, અને મારાં ઘરમાંના કારભારમાં તારી જરૂર મને ઘણી માલમ પડયા કરશે."

"અરે કાંઇ નહી મામા, જવા દઓ," આ ઠેકાણે નાદાન નાજાં ઉમેરાઇ. "મેહરીની બદલીએ ઘેરનો કારભાર ચલાવનારી હું કેવી છું! હવે મને કોંઇ ધાક ધમકીમાં રાખનાર રેહશેજ નહી. હું તમારી ચાહે કરી આપશ. તેમાં મારે ગમશે તેટલી ખાંડ નાખશ તો મેહરી મને કયાં પુછવા આવવાની છે? અને હવે મારાં કપડાં ફાડી નાખવા અથવા મોજાંમાંથી આગલાં બાહાર કાહાડવા સારૂં મને મેહરી શું ખીજવવાની છે?"

માકામામા પોતાની ફૈટીનમાં ધમણ ચહડાવીને તથા પુણાની થંડી હવાના હુમલા સામે શાળ ડપોતા ઓઢી પોઢીને બેઠા હતા. તેવણુના પગ ઉપર વાઘનાં ચામડાંનો એક રગ ઓઢાડેલો હતો. કોચબાકસ ઉપર તથા ગાડીની પછવાડે મેહરીનાં કપડાંના પેટી પેટારા ચહડાવ્યા પછી મેહરી મેહેલાશાહ મામા તથા નાજાંને જોસભર કોટી કરીને તેમાં ઉલટભર ચહડી ગઇ અને મામા તથા ખટલીની સામેની બેઠક ઉપર બેઠી.

"મામાજી, ચીનમાં વાઘ હોય કે?" કાંઇ પણ વાત કરવી જોઇએ તે ઉપરથી મેહરીએ જાણેકે પોતાની હુસ્યારી દેખાડવા વાઘનાં ચામડાંના રગ ઉપરથી વાત ચલાવી.

"કેમ વારૂં ? એ શું પુછવાનું, છોકરી ?" "તે આ વાઘનાં ચામડાંનો રંગ તમે ઓઢ્યોછ તે ઉપરથી પુછુંછ. મામાજી, હું મકુંજે ચીનમાં વાઘ મળતા હશે અને તમે પોતેજ તે વાઘ માર્યો હોશે."

"વાઘ મારવાના કરતાં તો વધારે સારાં કામો ઉપર હું ચીનમાં રોકાયલો હતો."

એ પછી વળી મેહરીએ ખટલી સાથે વાત ચલાવી. "ખટલી, ખટલી, તું જાણેછ કે ? કાલે ઘેર આવ્યા પછી મારી ઉપરતો 'હીરા કાસ્ટલ' માંથી નોત્રાંની ખાસ ચીઠી આવીછ જો. સોલીશેઠે જઇને મારે વિષે વાત કીધી હોશે તે ઉપરથી તેની બેહેન પીલઇએ જુદી ચીઠી લખીને મને પોતાના ભાઇનાં નોત્રાંમાં પોતાની તરફનું નોત્રું વધાર્યુંછે." ખટલી આ વાતથી કશી ઉલટમાં આવી નહી. તેની બેહેન અને બીજાંઓ આમ મોટે ખાંચરે ભેળાવાની ગમે એટલી ઉકમાઇ લે પણ ખટલીનાં મનમાં તેવી ઉકમાઇ કશી નહી હતી.

"હીરા કાસ્ટલ" ઉપર જવાનો રસ્તો ઘણો ખુશનુમા હતો અને તે ખુશાલી મેહરી જેમ ઉલટથી તેમજ માકામામા પોતાની ગંભીરાઇથી ભોગવતા હતા. પણ ખટલીને તેથી કશી ખુશાલી ઉપજી નહી. મુંબઇમાં મરઘાશેરીનાં ખુણામાં પાંઉં અને કવાબ સેકવાના કરતાં, અથવા મિસિસ શાવક્ષાની સ્કુલમાં વ્યાકરણ અને ગણિતના કાયદાઓ ઉપર માથું ઝીકવાના કરતાં માકા મામાની ફાંકડી ફૈટીન ફડફડાવીને જવામાં મજાહતો ઘણી હતો, પણ ખટલીને મનથી એ માત્ર તેની જીંદગીમાં પડેલો એક ખાંચો પુરવા જેવું હતું. એ ખાંચો પુરો થશે કે પછી તે એકવાર પાછી પોતાના વ્હાલા જમસુને જઇ મળશે અને તે વખતે એજ મામાના પૈસાથી તેઓ પોતાની આખી જીંદગીનું સુખ ભોગવશે. જમસુ આમ આઇતા પૈસા લેવાને ગમે એટલું ના પાડેછે તો શું થયું ? પણ ખટલીની ખાતરી છે કે પૈસા જોઇને તેનું મન લલચાવા વગર રહેવાનું નથી. અને તેટલો વખત સુધી તેણીએ પોતે બળાપો કર્યા કરવામાં શો ફાયદો છે ? કાંઇજ નહી. એવા વિચારથી તેણીએ પોતાનું મન મોટું કીધું અને જે નવા મેહેલમાં તે મોજ કરવા જાયછે ત્યાંની મોજ ખુલ્લાં દિલની ખાલેશીથી ભોગવવાનું તેણે મન કીધું.

"હીરા કાસ્ટલ" માં ઘણાં જણને પહરોણા બોલાવ્યા હશે તે કોણ કોણ હશે ?" ખટલીએ ગાડીમાં માકામામા સાથે સેજ વાત ચલાવી.

"કોણ કોણ હશે તે આપણે શું જાણીએ ?" માણકશાહ શેઠે જવાબ દીધો. "સોલીશેઠે કાંઇ આપણને પોતાનાં પહરોણાઓનાં નામ નથી કહ્યાં."

"અરે, પણ ઘણાં જણ હશે તો એ લોકોનાં નામ પ્રમાણે બધાં મોટાં મોટાંઓજ હશે તો. કોઇ સર નાઇટ હોશે તો બધા ગાડી ઘોડા ને વાડી વંતરવાળાઓ હોશે." મેહરીએ પોતાની ફીસ્યારી પ્રમાણે અટકળ ચલાવી.

"પણ મોટા મોટયારો મુવાછ કોણ કે આવે ?" માકામામાને પોતાના કરતાં કોઇ બીજા મોટા હોય એમ માનવા ગમ્યું નહી.

"મોટા લોકો તેઓનાં ભપકા ઉપરથીજ જણાઇ આવે. કેવી મજેની સાડીઓ, ને તરાહ તરાહના લેબાશો જોવાની મજાહ પડશે," મેહરી ઉકમાઇથી બોલી.

"ધુળ ને ઢેફાં ! જાણેકે સાડીઓ ને કપડાંના તોટા પડયાછ ! આજે તો સાધારણ દુકાનદાર અને સુથારંડીઓ કે કુભારણની ભપકાદાર પોશાક પેહેરી ફરેછ" ખટલીએ અકલ આપી.

પ્રકરણ ૮૨ મું.

"હીરા કાસ્ટલ" ના પહરોણાઓ અને તેઓની પહરોણાગત.

એમ કરતાં તેઓ "હીરા કાસ્ટલ" માં જઇ પોંહચ્યાં કે જે મકાનની બુલંદિ જોઇને મેહરીની તો ફીફડીજ ફાટી ગઇ. તે બાહારથી એ મકાનને રસ્તે કેટલીકવાર પસાર થઇ હતી, પણ અંદરથી તે આવું ગંજાવર, ખુશનુમા અને રળિયામણું હોવાનું, અંદર આવીને તે નજરે જોયા અગાઉ, તેને ખ્યાલ આવ્યો નહી હતો. તે સરેસ્તાની પટપટબોરી છોકરી આ મેહલના દેખાવથી તો ગોયા એટલી દબાઇ ગઇ કે તેની બોલવાની છાતીજ

ચાલી નહી, અને તેણે ચુપકીદીમાંજ ડહાપણ વિચાર્યું. સોલીશેઠ પોર્ટિકો સુધી તેઓને લેવા આવ્યો, તેઓનો સામાન ઉતરાવ્યો અને પોતાની બેહનોને બોલાવી તેઓ સાથે મેહરીની ઓળખાણ કરાવી. તે વખતે પણ એ ઉછાછલી છોડીનું મોહડું ગોયા સિવાઇ ગયું હોય તેમ પોલીનાં સિપલાં વચનોના જવાબમાં 'હા' કે 'ના' સિવાય વધારે કશું બોલવાનું તેને આવડયુંજ નહી.

"બેહેન પીલાઇ, આ બાઇઓને તેઓનો ઓરડો દેખાડ," સોલીશેઠે ફરમાવ્યું, અને એ કામ બેહેન પીલાઇની પદવીથી ઉતરતું લાગ્યું માટે તેણે પોતાની આયાને બોલાવીને તેઓની સાથે તેઓનો ઓરડો દેખાડવા મોકલાવી. મોટા સંગેમરમરના તોપણ ગાલીચો બિછાવેલા દાદર ઉપરથી ખટલી અને મેહરી રંગીન સાડીમાં બની ઠણીને આવેલી આયાની સાથે માળા ઉપર ગયાં અને ઓરડાઓની એક લાંબીને લાંબી પણ શોભિતી ચાલી જેવી હાર પસાર કરતાં બંને છેડેનાં બે બારણાં ઉઘાડીને તે આયા તેઓને બે ઓરડાઓમાં લઇ ગઇ કે જયાં પાંખે ખુલી અને હવાવાળી બારીઓ હતી. આ ઓરડાઓની જમીન ઉપર સાદરી જડેલી હતી તથા સઘળો નવી ફાશીનનો સામાન ગોઠવેલો હતો કે જે સર્વેની સફાઇ અને સુગમતા આ બેહુ બેહેનોને પસંદ આવ્યા વગર રહી નહી.

"બાઇએ કહ્યુંતું કે તમે બેહુ બેહનોને વાસ્તે બે પાસે પાસેની ઓરડી લેવી તેથી મેં આ બે ઓરડા તમારે વાસ્તે રાખ્યાછ. તમુને એમ સાથે રહેવા ગમતું હશે તો આ બે ઓરડાની વચ્ચે બારણું છે તે સુતી વખતે ઉઘાડું રાખી શકશો."

ખટલીતો ભપકામાં કાંઇ બોલીજ નહી. પણ મેહરીની જીભલી ચાલ્યા વગર રહી નહી.

અને તે શું બોલી? એટલુંજ કે "હા, હા. મને મારી ખટલીની પાસે રહેવાનું ઘણું ગમતુંતું. એક અજાણાં ઘેરમાંના અજાણા ઓરડામાં મારીથી એકલી કેમ રહેવાશે તેની મને બ્હીક લાગ્યા કરતીતી."

મેહરીના બોલવાની આ સાદાઇ આયાને એક ગામડયાં જેવી લાગી. તેણે ધિરજ આપી કે "બાઇ આ ઘરમાં બ્હીવાનું કાંઇ નથી. આવા મોટા મેહલમાં કોઇ ચોર ચોરી કરવા આવવાની હિમતજ નહી કરે."

"પણ ચોર નહીતો ભૂતનો ભય ખરો કની? ચોકીદાર અને પાહરાગીરોની નજર ચુકાવીને કોઇ ચોર લૂટારા નહી આવી શકે, પણ ભૂતઆમાતો એવાં સો માણસોની વચેથી પસાર થઇ આવે તે કોઇ જોયબી નહી."

આયા એક સાદી ગામડિયન ગોઆનીસના કરતાં કાંઇ વધારે સમજુ ને હિમતવાન હોય તેવા દેખાવથી હસીને બોલી.

"આવાં વસ્તીવાળાં ઘરમાં ભૂત કેવો હોય, બાઇ? મુવા ભૂતઆમાતો ઉજડ ને ખાલી ધંધાર ઘરમાં હોય."

"ને આ ઘેરબી તેવુંજ મોટું ને ખાલી ખાલી છે કની? જોની બોલીએછ ત્યારે આપણા સાદનો પડઘા કેવો આવેછ!" મેહરીએ પોતાના બોલવાના ટેકામાં તરેહવાર અવાજના "એકો" સંભળાવ્યા.

આયાએ કબૂલ કીધું કે આ ઘર લગાર એકાંત હતું પણ શેહેરના ગડબડયા, ધામધુમ્યા રસ્તાઓ ઉપર વસવાનાં કરતાં તો આવાં એકાંતપણામાં વસવાની આયાએ વધારે પસંદગી દેખાડી.

"અને તોપણ બાઇ, હીરાજીશેઠે આ ઘરમાં ઘણાં માણસોને રાખ્યાંછ પણ કોઇ ભૂતબૂતને રાખ્યો નથી. બાઇ સાહેબોની આગળ મારીથી તો ભૂતનું નામજ દેવાય નહી. કાંકે બીબી સાહેબો ઘણાં બીહકણ છે, અને તોપણ અંજાણાંઓ આ ઓરડામાં બીહયેલાં છે ખરાં. કદાચ તે ઉંદરથી બીહધાં હશે, અથવા પવનના અવાજથી હશે, કેમ હશે તે હું નહી જાણતી, પણ શેઠનાં સગાંવ્હાલાઓ અહીં આવેછ ત્યારે આ ઓરડાઓમાં રેહવા ચાહતાંજ નથી. એક હજાર રૂપિયા આપો તોબી રહે નહી એવા એકાંત ઓરડા છે."

આ શબ્દો સાંભળીને ખટલી કાંઇ બીહધી નહી. પણ મેહરીને તો ખરેખર બ્હીક લાગી, અને તેણીએ વિચાર્યું કે એવી બ્હીકમાં રેહવાના કરતાં તો "લાલ કિલ્લા" ની પડી ભાગેલી દિવાળો અને જુના ખખ સામાન વચ્ચે રેહવાનું બેહતર. તોપણ આવા શોભિતા

સરસામાનને પસંદ કીધા વગર તેને આલ્યું નહી. તે બોલી "શું મજેની અંહીની રચના છે!"

અને આ વખતે તેની બેન ખટલીની સંગત જેટલી તેને વ્હાલી લાગી તેટલી બીજી કોઈ વખતે લાગી નહી હતી. બેહુ ઓરડાઓમાં બેહુ બેહનોને મારે સુવાનાં જુદાં જુદાં બીછાનાં હતાં, બેહુ ઓરડાઓમાં વળી ખુશનુમા ગાળિચાઓ તથા ગોળ ટેબલો ઉપર ખુશનુમાં કુંદાઓમાં ખુશનુમા ફુલોના શણગાર, ખુશનુમા ઝુમરોની હેઠલ દીસ્તો હતો. લખવાની ટેબલો જુદી હતી, કે જે ઉપર લખવાનો સઘળો સામાન ઉંચા ફરમાસુ કાગળ અને સાહી કલમ સાથે તૈયાર હતો. કપડાં પેહરવાની ટેબલ આગળ બિલોરી આઇનાઓ, ધોતા તુવાલો, સુગંધી સાબુઓ વિગેરે સાજ સાથે ગોઠવેલા હતા. ઘરની આયા મીઠી હસ્તે ચેહરે મુબારકબાદી આપવાને તૈયાર હતી. પણ તેતો વળી વડી આયા હતી અને તેણે ચેતવણી આપી કે આ બે બાઇઓની ખીજમતમાં એક ખાસ ઉતરતી આયાને જુદી રાખી હતી કે જેને પાસેના એક નાના દાદરની હેઠે એક જુદી ઓરડી આપેલી હતી કે જયારે આ બાઇઓ બોલાવે ત્યારે તે હાજર રહી શકે.

ખટલીએ આટલીબધી ખાતરદારીને મારે નાખુશી દેખાડી તથા તેને કાંઇ આયાની જરૂર નથી એમ દેખાડયું, પણ મેહરીએ આયા રાખવાનો વિચાર પસંદ કીધો.

થોડીકવારમાં બેહુ બેહનો પોતાના ઓરડામાં એકલી પડી, તેવુંજ મેહરીએ કહી સંભળાવ્યું કે જાણેકે તે નવી સવી નિશાળે આવી હોય એવું ત્યાં તો લાગતું હતું. 'હવે આપણને થોડી વારમાં હેઠે જવાનો હુકમ આવશે' 'અને પછી આપણને પોત પોતાના કલાસમાં બેસી જવું પડશે.'

મેહરીની આ સઘળી મજાખ મશ્કરીમાં ખટલીએ કશો ભાગ લીધો નહી, પણ તે જેવીને તેવી ગંભીરજ રહી. થોડી મિનિટમાં બપોરના નાસ્તાનો ઘંટ વાગ્યો, અને આયા તેઓને બોલાવી લાવીને જમવાનાં દિવાનખાનામાં તેડી ગઇ. દિવાનખાનાના દરવાજા ઉપર સોલીશેઠ તેમને એસ્તેકબાલ લેવા ઉભેલોજ હતો, તેણે બેહુ બેહનોને તેમની બેઠક ઉપર લઇ જઇ બેસાડી. માણકશાહ શેઠતો હીરાજી શેઠની પાસે ટેબલ ઉપર આગમજનાજ બિરાજેલા હતા. સર્દાનાં ધનબાઇજી ઘણોક ભપકો કરીને હસ્તે ચેહરે નખરાબાજ લાડ કરતાં હતાં, અને દારૂવાળાનાં દીનમાય પણ પોતાના વર દીનશાહ સાથે પહરોણા ઉતરેલાં હતાં. સર્દાનો દીકરો જાંહગીર પણ હાજર હતો, તે ખટલીને શેકહેંડ કરવા ખાનાની ટેબલ ઉપરથી ખામખા ઉઠી આવ્યો, અને તેણીની સાથની ઓળખમાં જાણેકે બીજાઓ આગળ મગરૂરી લેતો હોય એવું દેખાડયું. સર્દાનાં ધનબાઇજીએ એ છોકરીઓને ઝાઝું કોઠું આપ્યું નહી. ખટલીને જોતાં તેવણે સેહજ ડોકું હલાવ્યું પણ મેહરીની તો કશી દાદજ નહી લીધી. સર્દાનાં ધનબાઇજી અને દારૂવાળાનાં દીનમાય સાથેજ બેઠેલાં હતાં, તેઓ મોટે મોટે વાતો કરીને બીજાઓને વાતો કરાવતાં તથા હસીને હસાવતાં હતાં. તે વખતે ખટલી અને મેહરી તો જાણેકે કોઇ મુગાં જનાવરો આવીને બેઠાં હોય તેમ ચુપચુપજ બેસી રહ્યાં.

વાતચિત સઘળી ગામગપાટાની અને હાજર રહેલાંઓના સગાંવ્હાલાઓની, અંગત નિંદામાં ચાલી હતી. કોઇનાં માબાપ, કોઇનાં ભાઇબેહેન અને કોઇનાં વહુ દીકરાં વિષેના શબ્દરૂપી ગપાટના ગોળાઓ આખી ટેબલે ગબડી રહ્યા હતા.

જેઓ જરા છેટે બેઠેલાં હતાં તેઓ વચે અલબતાં ખટલી ગપાટાનો મુખ્ય વિષય થઇ પડી હતી. ખટલીને સર્દાનો જાંહાંગીર પરણશે કે હાનરેબલ હીરાજીનો સોલીશેઠ પરણશે તે હજી તેઓનાં મનમાં નકી નહી હતું એટલે તરેહવાર અટકળના ફાટિયા તેઓ વચે ભણાતા હતા.

પ્રકરણ ૮૩ મું.

"કેહરે મોહડાં શું ભાવેછે?"

ખાના ઉપરથી ઉઠયા પછી સઘળાં પહરોણાંઓ આજુબાજુએ વિખરાઇ ગયાં, અને મોટાં દિવાનખાનામાં છુટાં છુટાં ટોળાં વળીને વાતે વળગી ગયાં. હાનરેબલ હીરાજી શેઠ માણુકશાહ શેઠ સાથે, સોલીશેઠ જાંહાંગીર સાથે, એમ બુઢાઓ બુઢા સાથે અને જુવાનો જુવાન સાથે ટાહેલે બેસવાનો જે દેખાવ માટીડાઓમાં થયો તેજ દેખાવ ધનબાઇજી દીનમાય સાથે, તથા ખટલી અને મેહરી, પીલાઇ અને દીની સાથે ગુસગુસ કરવામાં થયો. અલબતાં સોલીશેઠ સઘળાં ટોળાંઓ વચ્ચે ફરતો રહ્યો, અને સઘળાં મેહેમાનોની ખાતરદારી કરતો હોય તેવા દેખાવથી સઘળાંઓની વાતચિત થોડી થોડી સાંભળતો રહ્યો.

અને તેઓની વાતચિત શી હતી તેનો થોહોક નમુનો તપાસી જોઇએ.

"માકોમામો ખટલીને લાખએક રૂપિયાનો દલ્લો આપે ખરો," દારૂવાળાનાં દીનમાય બોલ્યાં. "માય ધનબાઇજી, તમે શું કામ ચુકોછ? અખાઇ રહ્યા જાંહાંગીરને ઠેકાણે પાડી દેઓ. મારો જો દીકરો હોયતો હું તો નહી ચુકું."

"અરે માએ, મારા જાંહાંગીરના ખર્ચાલા સ્વભાવ આગળ લાખ રૂપરડી તે શી બિસાદમાં?" ધનબાઇજીએ વડાઇ લીધી. "લાખ રૂપિઆતો એક વર્ષમાં એ પુરા કરી આપે, ને પછી શું થાય?"

"અલબતાં માય તમારાં બચ્ચાંની વાત તો તમેજ વધારે સમજો તો," દીનમાયે તડ ને ફડ ચુકાદો આપીને વાત પુરી કીધી.

બૈરાંઓનાં બીજાં એક કુંડાળાંમાં પણ ખટલીનીજ વાત ચાલતી હતી. ખટલી ખુબસુરત છે, એતો સઘળાંએ કબુલ કીધું, પણ તેઓમાંની એકું જણી થોડુંક વૈદકશાસ્ત્ર વાંચનારી હતી તેણે મત આપ્યું કે "આવી ઘણી નાજુકી ભરેલી ખુબસુરતી તો ખહીની નીશાની હોયછ, માટે સોલીશેઠ જો એવી એક ખહીથી ખવાયલીને પરણુશે તો ભૂલ કરશે."

"એમાં વળી ભૂલ તે કેવી હોય, વાય?" એક મોટાં માયે પુછ્યું. "ખાસી લાખ બે લાખની ધણિયાણી લાવે, તે ભૂલને ભૂલ સૌ ચાલી જાય."

"લાખ બે લાખની ધણિયાણી લાવે તો ખરો, પણ સાથે લાગી ખહીવાળી માયના દમીયલ ને ખહીયલ છોકરાંબી લેતો આવે."

"વાય! બળા જાણેરે બિચારાં એવાં બચ્ચાં જણુવાને!" એક બીજાં મોટાંમાય ખટલીનાં બચ્ચાં જનમ્યા અગાઉ તેઓની દયા ખાવા લાગ્યાં. "એમ હોય ત્યારે તો એક ખહીવાળી છોકરીએ પરણવું એજ ભૂલ છે."

"હું તો ધારૂંછ મોટાંમાય," પેલું વૈદુ વાંચી આવેલી છોકરી બોલી, "કે ખહીવાળાં છોકરાંઓને પરણાવવાની સામે સરકારે ધારો બાંધીને મનાઇ કરવી જોઇયે."

વળી આ વાતચિતમાં એક બીજી ઉમેરાઇ, તે બોલી કે "ખટલીનાં નાજ ને નખરાં તો જાણે જોયાજ કરીયેતો. પણ તોબી હું ધારૂંછ કે એ છોકરી દેખાયછ તેવી ભોલી નથી જો. ઘણી પકી ને પોંહચેલ બુટી લાગેછ, કેમ વીરબાઇજી તમે શું ધારોછ?"

"હારે માએ, હા," વીરબાઇજીએ ટાહુકો પુર્યો, "છોકરી ઘણી ઉંડી, બારે ગાંઠ સલામત છે. એનાં પેટમાં ઉંડા કુવા છે. કોણુ જાણે બિચારા સોલીશેઠને કયાંનો કયાં વેચી આવશે."

"પણુ એ સોલીને પરણવાનીજ નથી તે?" એક ત્રીજી પરવારતી પરોણી વાતની વચે પુરાઇ, "જોતાં નથી માય કે તેને કેવો દૂરનો દૂર રાખેછ? તે આવા એક સધર, બીલ્લુને વર કરવાનો જયારે વખત છે ત્યારે બૈરાંઓની સંગતમાંજ વધારે ભેળાયછ તે?"

"ને તેબી બિચારા બુઢા મામાની બોંહસ ઉપર! બોંહસ ઉપર જો, માય! માકો મુકાદમ જો એ છોકરીનું સોલીશેઠ સાથ કાજ કરવાનો નહી હોય તો એ વળી તેને અંહી લાવેબી? ને એ બિચારાની સાથે એટલીબધી ભેળાવા દેબી? એ બુઢાએ તો બસ એજ સગાઇ કરવાનું મન પક્કું કીધુંછ, ને પોતાની બધી

દોલતજ એકલી એને આપી જશે. ને તેથી વળી તેની બીજી બેહનોને રખડાવીને! એ કેવું ખોટું!"

"ખોટું કે, માય! ઘણુંજ ખોટું!" સઘળા ડોસાં ડોસાંઓ આ પરવારતી પરનિંદામાં એકમત થયાં.

સાંજે પહરોણાઓ બાગમાં ફરવા નિકળ્યાં. ખટલી અને મેહરી જુવાન સહીઓ સાથે ફરતી રહી. રાત્રે ખાના ઉપરથી ઉઠયા પછી કેટલીક ગાવા વગાડવાની ગમત થઇ. ખટલીનાં ગાયનથી આખી મિજલસ ખુશ થઇ. "ચીના-બાગ" ના એકાંતવાસમાં તેનો એકલો સોબતી તેની પ્યાનો હતી, કે જે મધુર વાજીંત્ર ઉપરના કોમલ શરોદથી ખટલીએ પોતાના ખોહવાયલા વર વિષેના વિચારોનો ઘણો ગમ માર્યો હતો. આગળા વખતની યાદદાસ્ત અને આગળા વખતની ઉમેદોનો દિલાસો તેણીએ ગંભીર અને જોશભર ગાયનોમાં શોધ્યો હતો, તે તેનો હુનર આ વખત તેને કામ લાગ્યો.

ગાયનનાં ગ્યાનમાં સોલીશેઠતો કોલીફુઇઓ કહે તેમ પારખનું પુછડુંજ હતો! તેને ગાયન-ના કકા ખખાની ખબર નહી હતી, અને જેટલો તે ઘોડાઓના ખંખાર, ફુલોના સું-ઘાર, અથવા ફળોના રસને પીછાણતો હતો તેટલી પણ ગાયનના સુસ્વરોની તેને ભાણ નહી હતી. તેના જેવા એક અભણ સાહેબ-જાદાની તો ખટલીનાં થોડાંઘણાં ગાણુતાણથી છાતીજ ખીલી ગઇ હતી. તેની હવે પછીની ધણિયાણી ઘણી હુસ્યાર હોવી જોઇએ, અને તેણે ખુશી વચ્ચે જોયું કે તેની બેહેનો પીલાઇ અને દીની જે બિચારીઓએ મ્યુઝીક માસ્ટર પાસે માથું ફોડવાને કાંઇ બાકી રખ્યું નહી હતું, તેણીઓના કરતાં આ એક માબાપ વગરની સાદી છોકરી ખુદરતે વધારે નવા-જેલી હતી.

સઘળું સામટું લેતાં ખટલી "હીરા કાસ્ટલ" ની આ ધામધુમોમાં સર્વથી દીપી નિકળી. તે બધાંને ગમતી થઇ પડી, તેમાંતો કોઇને કાંઇ શક હતોજ નહી. પોતાની આવી થતી પુંજા તે કેવા મર્યાદશિળ રોબથી ખમેછે તે મેહરીતો અચરતી વચ્ચે જોવાજ લાગી, તથા પોતાનાં ઘરના ખુણામાં બોલકણી અને પટપટબોરી એ છોકરીને આ મોટા લોકોની વચ્ચે "હા" કે "ના" એવા બે બોલ કરતાં વધારે કાંઇ વાતચિત ચલાવીને મંડળીને રીજ-વતાં આવડયું નહી, ત્યારે ખટલીએ પોતાની ખુરસુરતીના—અને કેટલાક પોતાની ખબરદારી ના—તાપથી સર્વની વચ્ચે પોતાનો કેવો છાપ બેસાડયો તે મેહરી ઘણી ખુશાલી વચ્ચે જોઇ શકી. પણ પોતાનાં એ પછાતપણા વિષે મેહરીનું મન પોતાની સમજ પ્રમાણેનો ખો-લાસો મેળવવાથી દૂર નહી હતું.

"એ બધું મુંબઇ જેવાં શેહેરમાં રહેવાની ખુબી," તે મનમાં સમજી. "અમે બે જ-ણીઓ લાલ કિલ્લા જેવાં એક ગામડાંનાં ઘરમાં સબડયા કરીએ. જો એવાંને એવાંજ રહી જઇએ તો હું ધારતીતી કે મિસિસ સાવક્ષાની સ્કુલમાં છોકરાં ભણાવવાનું વહિત્રું કરતાં ખટલી સારાં સારાં લોકો વચ્ચે તો ધોંડાના ભાઇ પથર જેવીજ રહી ગઇ હશે, પણ એતો જયાં જાયછ ત્યાં બિરાજી નિકળેછ, ને હું જ્યાં, ને ત્યાં જેવીને તેવી પડી રહુંછ!

જેમ ખટલીની બેહેનનાં તેમજ બીજાં સઘળાં પહરોણાઓનાં મનમાં પણ ખટલી વિષે તરેહવાર વિચારોની આવજા ચાલુ રહી હતી. સોલીશેઠે ખટલીનું માગું મોકળવામાં ઢીલ શાનીછે એ મુખ્ય અને પેહેલો સવાલ તેઓને ગુચવાડો પેદા કરનારો હતો. ઘણાં-ખરાંઓ એમ સમજતાં હતાં કે માગું મોકલી ચુકાયુંછે અને ખટલીએ કબુલ પણ રાખ્યુંછે, અને માકો મુકાદમ ખામખા લગન-નો બંદોબસ્ત કરવા સારૂંજ "હીરા કાસ્ટલ" માં પરોણો આવ્યોછે. અગરજો કારજ નકી થયું હોયતો સોલીશેઠની બેહેનો પીલાઇ અને દીનીએ તે જાણવું જોઇએ, માટે કેટલાંક પહરોણાંઓએ તેમને પુછી જોવાની સુચના કીધી, પણ તેમ બીજાંઓએ અટકળ બાંધી કે બેહનોને ઘરમાં એવી નખરાંની ભરેલી ભાભી આવેલી ગમતી નથી, માટે તેઓ આગળ એ વિષે વાત કરવી ઠીક નથી.

એટલુંતો ખરૂં હતું કે સોલીશેઠ ખટલીને આ મેહેલની માલેક કરવા ચાહેછે તે તેણે કોઇથી છુપાવ્યું નહી હતું. પણ હજીસુધી ખટલીની પોતાની ઉપર અથવા તેની મામા ઉપર પોતાનો પેગામ મોકળવાથી તે અટકી

રહ્યો હતો અને લગાર મજબુતીથી અટકી રહેલો હતો. ખટલીને એવી કોઇ ધારણા થકીતો તેણે ખામખા પોતાના મેહલમાં બોલાવી હતી, અને તે જાણતો હતો કે ખટલી તેને ના પાડે એવો સંભવ કાંઇ નહી હતો, માટે તેનાં મનમાં ધીરજ હતી.

બીજા હાથ ઉપર ખટલી પણ તેની ધારણા ચેતી જઇને તેની સંભાળમાંજ રહેલી હતી. તે હંમેશ બીજાઓની સાથેની સાથેજ બેસતી હતી. તે એકલી પડે તોજ આ માતબર સાહેબજાદો તેની આગળ આવીને વાત કરી શકે, પણ ખટલી કદી એકલી પડતીજ નહી હતી, અને સોલીશેઠને એકાંતમાં વાત કરવાની તક આપતીજ નહી હતી. રમતાં રમતાં અથવા ખાતાંપીતાં, કોઇ બીજાનાં દેખતાં સોલીશેઠથી આ વાત કરાય તેવી નહી હતી. માટે તે તકની વાર જોયા કરતો હતો, પણ તે તક તેને મળી નહી હતી.

પ્રકરણ ૮૪ મું.

એક અકસ્માત.

એમ કરતાં કરતાં દાહડા નિકળી ગયા અને કવાયદના મોટા તમાશાનો દાહડો આવ્યો. કવાયદ જોવા માટે કવાયદનાં મેદાન ઉપર સઘળા મેહેમાનોએ જવાની મરજી બતાવી એટલે તેઓને માટે ગાડી ઘોડાની તૈયારી ચાલતી હતી. ખટલીને હાનરેબલ હીરાજી શેઠે પોતાની ગાડીમાં તેના મામાની સાથે લીધી, અને તે ગાડીમાં ચોથું માણસ જોઇયે તે સોબતી તેઓને સોલીશેઠમાં મળી આવ્યો.

મેહરીને ગાડી હાંકવાનો શોખ હતો તે જોતાં સોલીશેઠે પોતાની કબુલાત મુજબ પોતાનો એક તીખો ઘોડો અને એક હલકી ગાડી તેને માટે તૈયાર કરાવી અને તેમાં મેહરીની સંગત રાખવાને શેહેરિયારજી સર્દારના જાંહગીરને સાથે મોકળી આપ્યો. જાંહગીરની સંગત મેહેરીને ગમતી નહી હતી, તોપણ તેના ભોગ્યા દાખળ સર્દારવાળાઓનો એ લાડકવાયો દીકરો આવેછે એ વિચારથી મેહરીનાં મનમાં તેનો ભાવ વધી ગયો અને એ નેહેસ્ત નસાબંદાઓને મેહરીની દોસ્તી કરવી પડી તેથી તે મગરૂર થઇ.

સોલીશેઠની મોટી ઉંચી ગાડીના કોચબાક્ષ ઉપર મેહરી ભપકાથી ચહડી ગઇ તો ખરી પણ પછી તેની છાતી ગભરાવા લાગી. ગાડી ઉપર ચહડી બેસવું તે એક છાપડાં ઉપર ચહડી બેસવા જેવું તેને લાગ્યું, અને જોકે તે બ્હીક દેખાડવા નહી માગતી હતી તોપણ તેની બ્હીક જણાયા વગર રહી નહી.

"બીહો ના મેહરબાઇ, ઘોડો બુનિયાદ છે, તે તમોને મેહનત આપશે નહી." સોલીશેઠે ધીરજ આપી.

"હું કાંઇ બીહતી નથી," મેહરીએ પોતાની બ્હીક છુપાવી "ને વળી મારી પાસે જાંહગીર બેઠેલાછે તેવણ મારી સંભાળ લેશે."

ઘોડાએ તો મેહરીના હાંકયા અગાઉથીજ દોડવા માડયું. ઘોડાવાળાઓએ જેમ તેમ તેને થોભાવ્યો, અને આવા એક જનાવરને હાંકતા મેહરીને પોતાની સલામતી વિષે એટલી તો ધાસ્તી લાગી કે જાણેકે તેનો જીવ તેનાં ગળાં સુધી આવીને અટકી રહ્યો હોય.

એમ કરતાં આખું સરઘસ ઉપડયું. પેહલાં હીરાજી શેઠની ગાડી ચાલી અને મેહરી તથા જાંહગીરવાળી ગાડી જે લગભગ પેહલી હતી તે છેક પછવાડે રહી ગઇ. જે ઘોડો પેહલાં ઘણો તેજી જણાતો હતો તે પછવાડેથી એક ખચર જેવો ઠોઠ માલમ પડયો, અને તેને હાંકીને આખી સ્વારીની સાથે ને સાથે રાખવા માટે મેહરીને ચાબુકનો છુટથી ઉપયોગ કરવો પડયો, તો જોકે ઘોડો ચાબુક ખમતો નથી એમ ઘોડાવાળાએ બે ચાર વાર ચેતવણી આપી મુકી હતી.

સ્વારીનું સરઘસ ઝપાટાથી આગળ વધી ગયું અને મેહરીની ગાડીતો એક ખટારા પેઠે પછવાડે રહી ગઇ, તે ઘોડાની ચાલથી હતું કે મેહરીને હાંકતાં નહી આવડવાથી હતું તે વિષે ઘોડાવાળાઓમાં મતફેર ચાલતો હતો.

એમ કરતાં શેહરના રસ્તા મુકીને તેઓ મેદાનના રસ્તા ઉપર આવ્યાં કે જયાં રસ્તો

સાંકડો હતો અને ફરતી બે બાજુએ નિચાણમાં એક ઉંડી ખાહી જેવું મેદાન પડેલું હતું. આ રસ્તા આગળ મેહરીની ગાડી બે વખત ઉંધી વળી જતી હતી, પણ જાંહગીરે લગામ પકડી લઇને તેને બે વખત થોભાવીને બચાવી લીધી હતી. પોતાને બરાબર હાંકતાં આવડતું નથી એમ કબુલ કરવાને મેહરી શરમાતી હતી, ત્યારે જાંહગીર તેની હાંકણીની ભૂલ દેખાડતાં નાજુકીના ખ્યાલોથી અટકતો હતો. પાછલા દહાડાઓ ઉપર પોતાની કસરત ઓછી હોવાનું મેહરી બાહાણું કાહાડતી હતી, અને તેની લાહેરી જોઇને જાંહગીર જાણેકે રમત કરતો હોય તેમ ઘોડાને આબુકની ચીમકીથી ભડકાવતો હતો.

પણ આ રમત મેદાનના ખુલ્લા રસ્તાની એક વળાણ ઉપર ભારી પડી ગઇ કે જ્યાં ઉંચી ગાડીને કાવો આપતાં આપતાં, તે એટલીતો વાંકી વળી ગઇ કે તેના ઉંચા કોચબાક્ષ ઉપરથી જાંહગીર એકજ અચબુચ આચકાથી ઉડી ગયો અને ગભરાટમાં મેહેરીના હાથમાંથી લગામ છુટી ગઇ તેવોજ ઘોડો એકદમ ગાડી લઇ નાહઠો. તે આંખ્યો મીચીને રસ્તો કે મેદાન, માણસ કે જનાવર, દીવાળ કે ગટર કશું પણ જોયા વગર સઘળાંને અથડતો અને આસપાસ સર્વનો કચ્ચડઘાણ વાળતો નાહાસવા લાગ્યો. મેહરી કોચબાક્ષ ઉપર એકલી પડી ગઇ અને આસપાસનો કશો દેખાવ તો તે જાણે જોવા પામીજ નહી એટલીબધી તે શુદ્ધ બુદ્ધ ખોહી બેઠી હતી.

આસપાસના લોકોએ દોડાદોડી તથા બુમરાણ કરીને ગભરાટમાં ઘણો વધારો કીધાથી, ઘોડો વધારે ભડકયો અને કવાયદનાં મેદાન ઉપર જઇ પુગ્યાની અગાઉથીજ ગાડી ઘોડાઓને હાંકવાના હુનરથી અજાન એક ઓરતજાતની ફીસ્યારીખોર દેખાદેખીનો આ એક તમાશો લોકોને જોવાનો મળ્યો.

કોચબાક્ષ ઉપરથી કેટલેક દૂર જાંહગીર ઉડી પડવાથી એક ઘોડાવાળો ગાડી ઉપરથી કુદી પડીને તેની સારવાર કરવા પછવાડે પહેલો હતો અને બીજો ઘોડાવાળો ઘોડાને થોભાવવાની ગડબડમાં ઉતરી પડેલો મેહરી સાથ સેવટ સુધી રહેલો હતો, કે જે સેવટ થોડીવારમાં મેહરીના પણ કોચબાક્ષ ઉપરથી ઉડી જવામાં આવ્યું. અને તે જમીન ઉપર એકદમ એક મુરદાં પેઠે અફડાઇ પડી.

એ પછી શું થયું તેની મેહરીને કશી ખબર રહી નહી, પણ તે થોડીવાર પછી બેશુદ્ધીમાંથી જાગીને જોયછે તો તેની આસપાસ લોકોનું એક મોટું ટોળું વળેલું હતું કે જે ટોળાંએ ઘોડાને થોભાવ્યો હતો. પણ ઘોડાવાળો દોડતો જઇને કવાયદનાં મેદાનમાં સોલીશેઠને ખબર પોંહોંચાડી આયાથી સોલીશેઠ, ખટલી વગેરે સઘળાં પોતાની ગાડીઆં પાછાં દોડી આવ્યાં હતાં અને ગાડીમાંથી ઉતરી પડીને મેહરીને હુસ્યાર કરવાની માવજતમાં રોકાયલાં હતાં.

થોડીવારમાં મેહરી હુસ્યાર થઇ ત્યારે "હું કયાં છુ" કરી સઘળાને પુછવા લાગી. સારા ભાગ્યે આ અકસ્માતથી કોઇનાં હાડકાં ભાગ્યા નહી હતાં, કેમકે જાંહગીર જે પછવાડે તુટી પડયો હતો તે જેવોને તેવો સલામત મેહરીની મદદે દોડી આવ્યો હતો, અને મેહરીએ પણ કબૂલ કીધું કે તેને કાંઇ વાગ્યું નહી હતું.

કવાયદનું મેદાન પાસેજ હતું ત્યાં ઉભી કરેલી રીફ્રેશમેંટની દુકાનમાંથી તુર્તજ થોડો બ્રાંડી વેચતો મંગાવીને સોલીશેઠે તે પીવાનો આગ્રહ કીધાથી મેહરીએ એક બે ચમચાં દારૂ પીધો, તેથી તેનાં અંગમાં ગરમી આવી અને પછી અકસ્માત શું થયો તે યાદ કરતાં તેણીએ ખોલાસો કીધો કે તેણી કાંઇ ઉડી ગઇ નહી હતી, પણ ઘોડો એકદમ ગાડી લઇ નાહસ્તો જોઇને તે ગાડીના પાવડા ઉપર પગ મુકીને કુદી પડવા જતાં જમીન ઉપર પટકાઇ પડી હતી. મેહરી જાણેકે એક મોટું સ્વપ્નું જોઇને ઉઠી હોય એવું તેને લાગ્યું, અને અકસ્માત જાણે ગઇ કાલે થયો હોય એટલો દૂર તેને જણાયો, તો જોકે તે અકસ્માતની જગ્યા ઉપરજ પડેલી હતી એટલી પણ તેને ભાણ નહી હતી.

"મારી ભૂલ થઇ કે મેં તમોને એવો ખરાબ ઘોડો હાંકવા આપ્યો મેહરબાઇ," સોલીશેઠ માફ માગવા લાગ્યો, "પણ હું તો એ ઘોડાને ઘણો ગરીબ ધારતો હતો અને આજસુધી મેં તેનામાં એવી મસ્તી કોઇ દહાડે જોઇ નથી."

"સાહેબ, ઘોડાનો વાંક શું ?" ઘોડાવાળાએ પોતાના ઘોડાનો બચાવ કીધો. "નાંચતાં આવડે નહી ત્યારે કેહજે આંગળી વાંકી. ઘોડોતો ગરીબ ગાય જેવો છે, પણ જાતવન જનાવર, તેણે કદી ચાબુક ખાધેલો નહી. મેં બાઇને ચેતવેલાં કે ચાબુક નહી મારવો તોબી તેને ચાબુકે ચમકાર્યો, પછી બિચારો ઘોડો શું કરે ? બાઇએ દોડાવા માગ્યો તો તે દોડયો."

"અરે કાંઇ નહીરેજી, એતો ઘાત હતી તે વહી ગઇ." સોલીશેઠને માફી ઉપર માફી માગતો જોઇને મેહરીએ ધીરજ આપી. "એતો બનવાનું હતું તે બની ગયુંજી."

આ અરસામાં એક ઘાટીના છોકરાએ એક ખોટા બાલનો ચોટલો દોડતો લઇ આવીને સર્વના દેખતાં મેહરીના હાથમાં આપ્યો અને કહ્યું કે "બાઇ આ તમારા બાલ પડી ગયલા મને મળ્યાછે તે લ્યો." આથી ફિસ્યારીખોર મેહરીનો ફેસ્તો અધુરો હતો તે પુરો થયો, અને મોટા લોકની સંફમાં ઘુસવાને ખોટા બાલ ખોસવાની મોટે ઘરની ફિસ્યારીમાં પણ તે ફસી પડેલી હતી તથા તેના લાંબા બાલની શોભા બાહારના દેખાવની એક હુનરમંદ હીકમત હતી માત્ર એવું સર્વને જાહેર થઇ ગયું.

હવે જવાનો વખત થયો માટે સઘળાં પાછાં જવા નિકળ્યાં. મેહરીએ ખાતરી આપી કે હું તદન સારીપઠે છું," એટલે તેને પાછી ગાડીની ઉપર બેસાડવાની માગણી કરવામાં આવી, પણ હવે તેણીએ તે માગણી ઉપકાર સાથ ના પાડી. તે આ ગાડીના કોચબાક્ષ ઉપર ચહડી બેસવાને હવે બીધી, અને જોકે ઘોડો તદન થંડો પડી જવા વિષે તેને ધીરજ આપવામાં આવી, તોપણ તેણે હવે ગાડીની માહે બેસીને જવા માગ્યું, અને સોલીશેઠ, જાંહગીર તથા બીજાંઓ તેને તથા ખટલીને ગાડીમાં બેસાડીને કવાયદનાં મેદાનમાં લઇ ગયાં, કે જયાં હાનરેબલ હીરાજી પોતાના નવા દોસ્ત માણકશાહ મુકાદમની સાથે ગાડીમાંજ બેસી રહેલા હતા અને તેવણની લાડકી દીકરીઓ પણ ગાડીમાંથી જરા ઉતરી નહી હતી.

મેહરીને સલામત આવી પુગેલી જોઇને સઘળાંઓએ ખુશી દેખાડી તથા તેને માટે ધાસ્તીથી મરી ગયાં હોય એવું દેખાડયું.

"અમે જાણતાંતાંજ કે અમે આગળ જઇને કાંઇ કામ લાગી શકશું નહી અને ઓર ગભરાટમાં ગભરાટ વધારશું એમ સમજીનેજ અમે ગાડીમાં બેસી રહ્યાં," સોલીશેઠની બેહનોએ મેહરીની મદદે નહી જવાની પોતાની બેદરકારીનો બચાવ કીધો.

"આપણને ગાડી હાંકતાં નહી આવડે ત્યારે નહી હાંકીયે," માણકશાહ મામાએ મેહરીને નરમ ઠપકો આપ્યો, અને તેથી બિચારી મેહરીનેતો બરડે પાણી ઉતર્યું.

પોતાની થતી માવજતથી અત્યારસુધી મેહરી મનમાં ઘણી ફુલાતી હતી, પણ હવે તેણીએ પોતાને ફજીયત થતી જોઇ.

"બધો વાંક મારા સોલીનો છે," હાનરેબલ હીરાજી શેઠ મેહરીની તરફદારીમાં બોલ્યા. "આવો ઘોડો એક બાઇ માણસને હાંકવા આપવોજ નહી હતો."

મેહરીને કબૂલ કરવાની ફરજ પડીકે વાંક સોલી શેઠનો નહી પણ તેણીનો પોતાનો હતો. તેણીએ આવો તેજી આરબ હાંકવા માગવું નહી હતું.

એટલીવારમાંતો સઘળાં કવાયદ જોવા પડી ગયાં અને વાત વિસરાઇ ગઇ. કવાયદ ઘણી દબદબાભરેલી હતી. તે રમાઇને પુરી થઇ, અને તે પુરી થયા પછી સઘળાંઓ ઘર તરફ પાછાં ફર્યાં. પાછાં ફરતી વખતે મોટા શેઠની ગાડીમાં મેહરીને બેસાડી, એક જણ વધ્યું તેને માટે એક જણે ગાડીમાંથી ઉતરવું જોઇએ તે ગોઠવણ મુજબ માણકશા શેઠે ખટલીને ગાડીમાંથી ઉતારી. ખટલી ઘર જવાને એકલી પડવાથી માણકશાહ શેઠે તેની સાથે જવાનેસોલીશેઠને ફરમાસ કીધી અને તેથી સોલીશેઠને જે તક જોઇતી હતી તેજ મળી.

પ્રકરણ ૮૫ મું.

એક નહી ધારેલું છુટાપણું.

ખુલ્લી ગાડીમાં તેઓ સાથે બેઠાં અને ખટલીને એ જવાન તરફનાં પોતાનાં સઘળાં ચૂપકીદાપણા છતાં તેની સાથ સાધારણ સભ્યતાને માટે તેને ગમતી વાતો કરવાની

ફરજ પડી. ગાડીમાં ઘેર જતાં જતાં પેહેલાં તો મેહરીને થયલા અકસ્માતની વાત ચાલી. તે ઉપરથી મેહરીના ઉછાછલા સ્વભાવની વાત ચાલી અને તે તક લઇને સોલીશેઠે ખટલીનાં શાનપણ અને સલુખવાન લાયકીની તારીફ કીધી. ખટલી મેહરીના જેવી ઉછાછલી નથી, પણ સંભાળથી કામ કરનારી અને વાજબી બીહીક રાખનારી છે એમ તેના દેખાડવા ઉપરથી સોલીશેઠે પુછયું કે, "વારૂ તમે આજે મારી સાથ બેસીને જતાં તો કાંઇ બીહીતાં નથીની? આપણને ઘેર પાછાં જતાં જરા મોડું થયુંછ પણ તમોને બીહીક લાગતી હોયતો હું ગાડી જલદી દોડાવા કહું."

"નહી નહી, સોલીશેઠ તમારી સંગતમાં બીહીવાનું શાનું હોય? તમારી સંભાળ હેઠલ તો હું પોતાને પુરતી સલામત સમજુંછ."

"તમારા એ સખુનોથી હું ખુશ છું," સોલીશેઠે જવાબ દીધો. "ખટલાં, તમે મારી ઉપર એટલો વિશ્વાસ બતાવોછ એ મારાં મોટાં ભાગ્યની વાત છે."

ખરશેદબાઇને બદલે ખટલાં કરીને બોલવામાં સોલીશેઠે ખટલી સાથે આ પેહેલુંજ છુટાપણું દેખાડયું અને તે સમજવા છતાં ખટલી ચૂપ બેસી રેહેવાથી તેને વધારે છુટાપણાથી વાત કરવાની તક મળી.

"હા, પ્યારાં ખટલાં," તે બોલ્યો, "તમારા એ વિશ્વાસથી ખુશ થઇને કહુંછ કે હું તમારી આખી જીંદગી સુધીની સંભાળ લેવાને ચાહુંછ. હું આ તમારો નાજુક સુંદર હાથ મારો પોતાનો કરવા માગુંછ. હું ધારૂંછ કે હું તમોને કેવાં સાચાં વ્હાલથી ચાહુંછ તે તમો અત્યાર અગાઉનાં જોઇ ચુકાં હશો. મેં તમારા ઉપરનો મારો ખરો પ્યાર છુપાવ્યો નથી. મારા 'હીરા કાસ્ટલ' ની શેઠાણી કરવા મેં ચાહેલી એકજ બાનું તે તમે છેઓ, અને મારી બૈયર થવાની માગણી કરવાને જે એકજ ઓરત મેં ચાહીછ તે તમેજ છેઓ."

"અરે ચૂપો, ચૂપો, સોલીશેઠ એ વાત ના કરો" ખટલી બોલી ઉઠી. "હું માગી લઉંછ કે મને માફ કરો."

સોલીશેઠનાં ઉપલાં ભાષણ વચ્ચે ખટલીએ આ કટોકટ વખતે કેમ વર્તવું તે પોતાનાં મનમાં નકી કરીને હવે જે એકજ હિંમતભરેલો માર્ગ લેવો હતો તે લઇ લીધો. એકજ માર્ગ તેને માટે રહેલો હતો અને તે એ કે સોલીશેઠ જેવા આબરૂદાર, ઉંચી તાખમના અને ઉદાર દિલના ગૃહસ્થ આગળ વિશ્વાસ સાથે વાત કરવી.

"હું તમોને માફ કરૂં, ખટલાં? તમે શું કીધું કે હું તમોને માફ કરૂં?"

"હા, હા, હું માગી લઉંછ કે મને માફ કરો! અત્યારસુધી હું ખોટી ચાલીછ. અત્યારસુધી મેં ઘણી હલકાઇ બતાવીછ તેની હું માફ માગુંછ. મેં તમારી ધારણા પેહેલેથી સમજવી હતી. મારે તમોને ખરેખરૂં પેહેલેથીજ કેહેવું હતું, તેમ મેં નહી કીધું અને તમોને તમારી આશામાં ઉમેદભર ચાલવા દીધા તે મારી ભૂલ હતી, તેની હું માફ માગુંછ. તમે મારીથી જે માગણી કરોછ તે તમારી એટલી મેહેરબાનગી બતાવેછ. પણ હું દલગીર છું કે મેં મારી ખુશી ઉપરાંત તમોને તમારી એ સખી જીવની ધારણામાં પેહેલેથીજ અટકાવ્યા નહી."

"સખી જીવ કોણના બાપનો?" સોલીશેઠ બોલી ઉઠયો. "એક ગમતી માંગણી કરવામાં સખી જીવ શાનો બળ્યોછ? ખટલાં, મને આડે રસ્તે ચલાવવાની વાત ના કરો. અલબતાં મારો તમારી ઉપરનો પ્યાર છુપ્યો નથી. તે બધાં લોકો જાણેછ અને તમે પણ જાણીને તે ચાલવા દીધો તેમાં કાંઇ આડે રસ્તે ચાલવાની વાત નથી. જેમ આપણે ચંદ્ર કે સેતારાઓની ખુબસુરતીને વખાણીએછ, તેમ તમોને વખાણવાનો બીજાઓની સાથે મને પણ હક હતો તે હક મેં બજાવ્યોછ. પણ હવે શું તમે મારી માંગણી રદ કરોછ? તમે ના પાડો એવું હું માનતો તો નથી."

ખટલી ચૂપ બેસી રહી, અને તેની આનાકાની ઉપરથી સોલીશેઠે મજબુત એતેકાદ બાંધ્યો કે ખટલી તેને ના પાડવાની નથી. "હીરા કાસ્ટલ" જેવા મેહલવાળી મિલકતનું માલેકપણું લેવાને ના પાડે એવી કોઇ પણ છોકરી તેના માનવામાં આવતી નહી હતી.

"કેમ ખટલાં તમારો શું જવાબ છે?" તેને ચૂપ જોઇને સોલીશેઠે પાછું પુછયું.

"હું દલગીર છું, સોલીશેઠ, કે મારો કશો આરો નથી. મારી પાસે એક સિવાય બીજો જવાબ નથી."

અને તે શું છે? હા છે કે ના?"

"ના!"

"આ જવાબથી સોલીશેઠ તો ડઘાઈજ ગયો. તે કળવાઈને બોલ્યો કે, "ખચીત, ખરશેદબાઈ, તમે મશ્કેરી કરોછ. તમે ખરેખરૂં કેહેતાં નથી."

"નહી, હું જે ધારૂંછ તે ખરૂંજ બોલીછ."

"ત્યારે તમારી ઉમેદ કોઈ બીજા ઉપર છે? પેલા બેવકુફ ગધેડા જાંહગીર સર્દાને તો તમે ચાહાતાં નથી?"

"અગરજો સર્દાનો જાંહગીર મારાં ધ્યાનમાં હોય તો હું એટલુંજ કહુંછ કે હું તેને ધીક્કારૂંછ."

"પણ ત્યારે તે બીજો કોણ છે?" સોલીશેઠ હુજતથી પુછવા લાગ્યો, અને તેની આ હુજતથી ખટલીને બોલવાની વધારે હિંમત આવી.

"સોલીશેઠ, હું તમોને એક ભેદ કહેવા માગુંછ તે તમે છુપો રાખશો?"

"તમે મને ગૃહસ્થ ગણોછ કે નહી? તમારો વિશ્વાસ હોયતો કહો."

"હા, હા. મને વિશ્વાસ પુરતો છે."

"ત્યારે બેલાસક કહો."

"જુઓ, સાંભળો. સાંભળો સોલીશેઠ," ખટલી ધીરા પણ મજબુત અવાજે બોલી. "હું ધારૂંછ કે તમે મારી આગળી હાલત કાંઈ જાણતા નથી. જોકે તમે મારી માગણી કરીને મને મોટું માન આપોછ, તોપણ મને ના પાડવાની દલગીરીભરેલી ફરજ પડેછ. તમે ઘણામાં ઘણું એટલુંજ જાણતા હશો કે માણકશાહ મામાએ મને દીકરી કરી લીધેલીછે, અને પોતાની બધી દોલત મને આપી જનાર છે. તેવણ તેમ કરશે કે નહી તેની મને કશી ખાતરી નથી. તોપણ એમ માનવાને કારણ છે."

"હા. હા. એતો હું બધું જાણુંછ, પણ તેની શી વાત છે?" સોલીશેઠે વાતની વચ્ચે અધીરાઈ દેખાડી.

"પણ તમે આ વાત નથી જાણતા," ખટલીએ વાત આગળ ચલાવી, "કે મારા મામા ચીનથી આવ્યા ત્યારે હું પુણે રેહતી નહી હતી. હું તો મારૂં ગુજરાણ શોધી કાહાડવા મુંબઈ ગઈતી, ને ત્યાં છોકરાં ભણાવતાં ઝરી ભરવાનો ધંધો ચલાવતીતી. મારી તે જીંદગી ઘણી કંટાળાભરેલી હતી, પણ એક બનાવે મને તે જીંદગી ગમતી કીધીતી. તે બનાવ એટલોજ કે એક ગરીબ આસામી, જેની પાસે મારા નિભાવની અડધી નહી મળે, તેવા ધણીને ચાહવાની મેં નાદાની કીધી."

"અરે! નાદાન તે નાદાનજ! ચોપડીમાંની વાર્તા વાંચીને કાહણી કિસ્સાઓ પ્રમાણે ચાલનારી આજકાલની છોકરીઓ એમજ કરે!" સોલીશેઠે—પોતે એક મોટો બુઢો ફીલસુફ હોય તેમ—શિખામણ દેવાની હિંમત કીધી. "તોપણ હું ધારૂંછ, ખટલાં, કે એ બધાં નાદાનીનાં ચેડાં હવે વિસરાઈ ગયાં હશે."

"એ વિસરાય એવું નથી, કાંકે અમે તે પ્યાર ઉપર લગનનો છાપ મારવાની બમણી નાદાની કીધી," ખટલીએ ખુલ્લો જવાબ દીધો. "મારા બે મુરબી મામાઓની કશી પણ રજા વગર હું તે ગૃહસ્થને પરણી; તે તો પછવાડેથી મારા માણકશાહ મામાનો કટ્ટા દુશ્મનનો દીકરો માલમ પડયો! ત્યારે હવે મામાનો વારસો મેળવવાનો મારો રસ્તો એજ રહ્યો કે મારે મારાં લગન છુપાવવાં. એટલા વાસ્તે મેં તે આજવેર છુપ્યાં રાખ્યાંછ. મારો ભેદ પેહલવેહલો તમોનેજ જાહેર કીધોછ. અગરજો તમે કોઈને જાહેર કરો તો મારૂં નખોદ વળી જશે!"

"હું જાહેર કરૂં? કદી નહી! તમે મારે વિષે શું ધારોછ?" પેહલા જુસામાં સોલીશેઠે ઝડપથી પુછી દીધું, પણ પછી તેણે પોતાનો ગભરાટ બતાવ્યો કે "તમે એક પરણેલાં બાનું! તમારો ધણી હૈયાત છે? એ સઘળું જાણીને હું તો અજબ થાઉંછ."

"હા, તેમ છે તો ખરૂં," ખટલી નિસોસ મુકીને બોલી.

"ને શું તે ધણી તમુને આ ઠગાઈ ચાલુ રાખવા દેયછ?" સોલીશેઠે જુસ્સાથી પુછયું. "પૈસાની લાલચ ઉપર પોતાની બાયડીને જુદી રેહેવા અને એક માતબર મામાને ઠગવાની નિચ વિદ્યા શું તે તમોને શિખવેછ? માફ કરજો, બેહન, મને તો ખરૂં બોલવાની ફરજ પડેછ."

"તમોને જે ખરેખરૂં લાગેછ તે તમે બોલોછ તે હું ખુશીથી માફ કરૂંછ." ખટલીએ કહ્યું. "મારી ચાલ નિચ તો છે ખરી, અને તેને વાસ્તે તમોને ગમે એટલી સખત ભાષા વાપરવાનો હક છે, ને તોપણ માણકશાહ મામાની દોલત ઉપર મેં દિલ બાંધ્યું તેની અગાઉ હું કેવાં કંગાળ ભીખારીપણામાં ડુબેલી હતી તે જો તમે જાણતા હોયતો મારીપર દયા કીધા વગર રહો નહી."

"દયા ? હા, ખટલાં, હું ખરાં જીગરથી તમારી દયા ખાવુંછ. પણ તોબી મારીથી તમારા ભર્તારની ચાલ ધિકાર્યા વગર રેહવાતું નથી."

"અરે, તેને ના ધિકારો, સોલીશેઠ ! મેં જે કીધુંછ તે કાંઇ તેવણની મરજી યા જાણથી કીધું નથી. હું તો તેવણથી છુપી અંહી આવીછ. થોડાજ દહાડાપર તેવણે મને અંહી શોધી કાહાડી ત્યારે મને સાફ કહી ગયા કે મારા મામાના પૈસા મળ્યા પછી તેવણ મને કદી કબૂલ રાખવાના નથી, અને મને ઉઘાડી પાડશે. મારો આ લોભ તેવણને પસંદજ નથી."

"ને તોપણ તમે આ ઠગાઇ ચાલવા દેવોછ, ખરશેદબાઇ ?"

"હવે બોહોત ગઇ ને થોડી રહી, ને જયારે ધારેલું સેવટ છેક પાસે આવ્યું ત્યારે વિચાર છોડી દેવામાં હું કેવી મૂર્ખ ગણાઉં ! મારા મામા હવે ઘણાં વર્ષ જીવશે તો નહીજ ?"

"બિચારા બુઢાજી લઠડયાછ તો ખરા," સોલીશેઠે પણ ખટલીની અટકળને ટેકો આપ્યો. "હું ધારૂંછ કે બિચારાને કાંઇ લિવરનું દરદ હશે."

"ત્યારે તમેજ વિચારો, સોલીશેઠ, કે આવી એવણની હાલતમાં એવણની દેહને ગોદો લાગે એવો મારો ભેદ એવણ આગળ કેમ ખુલ્લો કરાય ?" ખટલીએ પુછ્યું. "તેથી નહી એવણને ફાયદો થાય કે નહી કોઇ બીજાંઓને થાય. તોપણ સેવટે હું ધારૂંછ કે જેમ હું મારા વરને ચાહુંછ તેમ જો તેવણ મને ચાહતા હશે તો તેવણ મને કબૂલ રાખશે, અને ધીરે ધીરે સહું સારૂં થશે."

"અને એમ ઠગીને તમે બિચારા બુઢાના પૈસા લેશો ?" સોલીશેઠ હસ્યો. "બૈરાં કેવાં ગટીલાં હોયછ. ઓ બાપરે ! હુંબી બોદાના આપેલા પાંચ પૈસાથી સુખી છેઉં તો હુંબી ઘરડો થવશ ત્યારે બૈરાંનાં ચરિત્રોથી સંભાળીને રહીશ."

"મેં તમોને મારો ખરો ભેદ કહ્યો ત્યારે તમે મને ધિક્કારોછ, સોલીશેઠ, ?" ખટલીએ કરગરીને પુછ્યું.

"નહી, નહી, મુદલબી નહી," સોલીશેઠે ખાતરી આપી. "એતો જયારે પૈસાની વાત હોયછ ત્યારે એક જણથી એમ બોલી જવાયછ. હું તમોને, ખરશેદબાઇ, એક ફરેસ્તો સમજતોતો ને તમે કાંઇ ખોટું કામ કરોજ નહી એમ ધારતોતો, પણ જયાં રૂપીઆ, આના ને પૈની વાત આવી ત્યાં ફરેસ્તાઓનાં મગજબી કેવાં ફરી જાયછ તેટલુંજ જોઇને હું તો બોલ્યો."

"વારૂં ત્યારે તમે મારો ભેદ છુપાવશો કે ?" ખટલીએ આજીજીથી પુછ્યું.

"ખરાં જીગરથી. ખરશેદબાઇ, એમ જાણજો કે તમારો ભેદ મારી છાતીમાં મારા મરવા બાદ મારી સાથેજ લઇ જવશ."

"પણ હું ધારૂંછ તેમ જો તમે મારી ચાલ વાજબી રીતે ધિક્કારતા હોય," ખટલીએ માગી લીધું "તો હું એટલીજ અરજ કરૂંછ કે ગરીબાઇ શું ચીજ છે તે તમો કદી જાણતા નથી ત્યારે તે જાણવાની જરા કોશેશ કરજો. ભૂખમરો કેવો હોયછ, આવતી કાલે ખાવાનું શું કરશું તે વિષેની ધાસ્તી અને ફીકર ચિંતા કેવી હોયછ, બીજા એક દહાડામાં રસ્તાનો ઉપર ઘેરની બાહાર ભૂખ્યાં ને તરસાં કાહાડી મુકવામાં આવે, ચીઠડાં વીણતી હાલતમાં આવી પડીયે, અથવા આંધળાં લુલાંની ધર્મશાળામાં જવું પડે એવી હાલતમાં મારા જેવી એક લાચાર ઓરત શું કરવાને લલચાય તેનો તમે જરા વિચાર કરજો. તમે એ ચીજ જોઇ નથી, પણ મેં જોયલીછે. મારી આ ઠગાઇ તેમાંથીજ ઉઠેલીછે. એ ધાસ્તીને લીધેજ મને જુઠું બોલવું પડેછ. અગરજો હું સાચું બોલુંતો આવતી કાલે પાછા મારા એજ હાલ થાય. પણ જો હું સેવટ સુધી મારી ધારણા હિમતથી બજા લાઉં તો મારૂં ને મારા ખાવિંદનું બેહુંનું સુખ મેળવવાની હું આશા રાખુંછ."

"ખરેખર, ખરશેદબાઇ, તમે જે કહોછ તે ઘણુંજ વિચારવા જોગ સંકટ છે, ને મને તો ખરાં જીગરથી તમારી દયા લાગેછ. પણ હું એટલુંજ ચાહુંછ કે આ સચાઇ હું આગમચથી જાણતો હોતે કે જેથી મેં તમારીપર ઉમેદ બાંધીને તમારૂં દિલ દુખવ્યું ને મારી નાઉમેદી કીધી તે નહી થતે. તોપણ તમે છેલી ઘડીએ મારીપર એટલોબધો વિશ્વાસ મુકીને વાત કીધીછ તેને માટે હું તમારો ઉપકાર માનુંછ."

"તમે કેવા મેહેરબાન છો, સોલીશેઠ!"

એટલીવારમાં ગાડી "હીરા કાસ્ટલ" ઉપર આવી પુગી અને આ ગંભીર ગોફતેગોનો છેડો આવ્યો. તેઓએ ગાડીમાંથી ઉતરવાનો વખત થયો અને ઘોડાવાળો ગાડીનું બારણું ઉઘાડવા આગળ આવી ઉભો, તોપણ ખટલીએ ગાડીમાં બેસી રહીને વાત ચલાવ્યા કીધી. "હવે મારી એક છેલી અરજ છે, સોલીશેઠ. મારા માકામામા તમારી સાથનું મારૂં કારજ ઘણું પસંદ કરેછ, પણ મેં તમુને પરણવા ના કહીછ એમ જો તેવણ જાણશે તો મને કદી માફ કરશે નહી; વાસ્તે જાણેકે તમે મારૂં માગું હજી કીધુંજ નથી ને મેં તમોને હજી કાંઇ જવાબ દીધોજ નથી તેમ ભરમમાં ને ભરમમાં સઘળું મેહેરબાની કરીને રેહેવા દેજો."

"હા, બેલાશક. તમારા મામા તમારી સાથ આમ છુટથી ફરવા હરવા માટે અને તોપણ તમારૂં માગું નહી કરવા માટે જોઇયેતો મને ગમે એટલો ધિક્કારે, મને ગમે એટલો કથોર અને બેઅદબ સમજે તે હું ખમીશ, પણ તમારી ઉપર તેવણની ગેરમેહેરબાની ઉતરે તે મારાથી ખમાશે નહી. એ બુઢાજીનો બધો ક્રોધ મારાં શિરપર ખેંચી લેવાને હું તૈયાર છું. ખાતરી રાખજો, ખરશેદબાઇ, કે આજથી હું તમારો ખરો દોસ્ત છું. મારી આ નામુરાદી છતાં તમે મારીપર વિશ્વાસ રાખજો. તમુને જયારેબી કાંઇ મદદ જોઇતી હોય ત્યારે મારી પાસ માગજો, ને યાદ રાખજો કે હાનરેબલ હીરાજીનો દીકરો સોલીશેઠ મરતા સુધી તમોને મદદ કરવાને બંધાએલોછે."

એટલી વાત કરીને તથા પોતાનાં દિલનો અરસપરસ ખોલાસો આપીને તેઓ બંગલામાં ગયાં, અને તુર્તજ પછવાડે મોટા શેઠની તથા બીજી ગાડીઓ આવી લાગ્યાથી સઘળાંઓ મળી ભેટીને વાતચીતની ગમતે બેઠાં.

પ્રકરણ ૮૯ મું.

મામાની આશા ભંગ.

"હીરા કાસ્ટલ"માં તે રાત ઘણી ખુશનુમા ગુજરી. કમાનડીંગની કવાયદનો ખરો દહાડો તે હોવાથી હીરાજી શેઠે પુણેગરા પારસી "ખાસ" સાહેબોને ખાસ ખાણું આપ્યું હતું, જેથી "હીરા કાસ્ટલ"માં ખાનાપીના અને રંગરાગની મોટી ધુમ પડી હતી. સઘળી બાનુઓ પોતપોતાના ઓરડામાં જઇને ઉંચા પોશાકો પેહરી આવી. ગરીબ બિચારી મેહરી વટીક એક ગરમ ગરમ ચાનાં કપે કરીને સાંજના પોતાના અકસ્માતની અસરોમાંથી તાજી થઇને મામાની અપાવેલી સાડી આજને માટે રાખેલી પેહરી આવી અને પોતાના નેવા ભપકામાં ઘણી ખુશ થવા લાગી.

અલબતાં આ અકસ્માતને લીધે મેહરીનો ભાવ વધારે પુછાયો. સઘળાં તેની આસપાસ ફરી વળીને તેની ખબર અંતર પુછવા લાગ્યાં, અને ઘોડા કેવા ચોંકયા, ઉડીને એક પથરની મીસાલે પોતે કેવી ગબડી પડી, તે વખતે મગજને કેવો ધપકારો લાગ્યો એ સઘળું "રોગ"માં કેહેતાં કેહેતાં મેહરી એવો રોબ ને મરડાટ કરવા લાગી કે તે પોતાનો વધારે ભાવ પુછાયાથી વડાઇ લેવાના ઢોંગ કરેછે એમ ઘણાં જણ સમજી ગયાં. અને આ વખતે તેની બેહન ખુબસુરત ખટલીનાં નાજ અને નખરાંનું તો પુછવુંજ શું? "હીરા કાસ્ટલ"ની આ લાંબી મેહેમાનદારીમાં આજસુધી ખટલી સઘળાંઓને ઘણી ગંભીર અને એકાંત સ્વભાવની લાગ્યા કીધી હતી તે એટલે સુધી કે પીલાઇ અને દીનીની નજરમાં તે કુંજરી ઠરી હતી. પણ આજની

ખુશ મિજલશ વખતે ખટલી કાંઇ અજબ ખુશાલ ચેહેરાથી અને બોલકણાંપણાથી મળતાવડા સ્વભાવની દીસવા લાગી. છેલાં પ્રકરણમાં તેનાં મનની જે શાંતિનો હેવાલ આપ્યોછે તે વાંચ્યા પછી પ્રિય વાંચનાર કેહેશે કે સોલીશેઠનાં કારજનું માગું થવાની તેની બીહીક હવે જતી રહીછે, તે ભેદનો ખોલાસો થવા પછી ખટલી ખુશાલ બની તેમાં નવાઇ કાંઇ નથી. પણ આ મિજલશના મેહેમાનો કાંઇ તે ભેદનો ખોલાસો જાણતાં નથી. ત્યારે તેઓ વચે ખટલીના સ્વભાવનો આ ફેરફાર કાંઇ અજબ જેવો દીસવોજ જોઇએ, અને તે દીસ્યો. ખટલીના ખુબસુરત ગાળો ઉપર તાજા ગોલાબ ખીલી નિકળ્યા હતા કે જે બીજાં બૈરાંઓના હાથથી રંગેલા હુનરમંદ પણ ખોટા અને બનાવટી ગોલાબ કરતાં વધારે કુદરતી હતા.

ખટલીના ચેહેરાની આ ખુશબખ્તી તેના જેફ મામા ઉપર પણ અસર કીધા વિના રહી નહી. શેઠ માણકશાહ મુકાદમ જોતા હતા કે તે જયારે તે રાતની ગરમીમાં પોતાના નાજુક હાથે સુંદર સફેદ પીછીનો પંખો હલાવતી હતી ત્યારે તેનાં નાજુક આંગળાં જરા જરા ધ્રુજતાં હતાં. કવાયદનાં મેદાનમાંથી બંગલે પાછાં ફરતાં ખટલી સોલીશેઠની સાથે આખે રસ્તે આવી હતી તે માણકશાહ શેઠ જાણતા હતા—તેવણે પોતેજ એ બેહુ જણને ગાડીમાં સાથે મોકલ્યાં હતાં—અને તેઓના એમ સાથે જવા ઉપર આસપાસનાં બીજાં પહરોણાંઓમાં વાતચીતની કચાકચી ચાલતી તેઓએ સાંભળી હતી. એ ઉપરથી ત્યાર પછીના ખટલીના ખુશાલ દેખાવ અને આંગળાંના ખલભલાટ વિષે એ ચ્ચીનાઇ શેઠ પોતાનું અનુમાન કાહાડી ચુકયા હતા. તે એટલુંજ કે "હીરા કાસ્ટલ" ના જુવાન નબીરાએ તેવણની ભાણેજનું માંગું ખચીત કીધું હશે, ખટલીએ ખચીત તે કબુલ રાખ્યું હશે, અને આ નામીચા મેહલની તેને ધણીયાણી બનાવવાનું સઘળું નકી થયું હશે. આવી રીતે ખટલી ઠેકાણે પડયાથી માણકશાહ શેઠ પોતાને માથેનો એક મોરો લોચો પટી ગયો હોય તેમ નિરાંતથી ધીરજ પામવા લાગ્યા. તેવણ પોતાની ભાણેજ ઉપર ખાશ ખુશ ચેહેરે હસ્તા દેખાયા, અને રાતના જમવા જવાનો વખત થાય તે અગાઉ ખટલી જરા એકલી પડે તો તેને પુછી જોવાનો તેવણે નકી ઠરાવ રાખ્યો.

આ ઠરાવ અમલમાં લાવતાં માણકશાહ મુકાદમને વાર લાગી નહી. ખટલી પિયાનાફોર્ટ ઉપર એક સુંદર શરોદ વગાડી રહીને એક ખુણામાં એકલી ઉભેલી હતી તેટલાંમાં માણકશાહ શેઠ તેની પાસે ગયા અને પુછવા લાગ્યા.

"કેમ દીકરી, આજે તો તું કાંઇ ઘણી ખુશ દેખાયછ ! જરા વધારે ઉસ્કેરાયલીછે. હું સમજુંછ એ બધું શું છે તે. હું ધારૂંછ કે તું મારી આગળ વાત કરવા માગેછ. ખરૂં કની ! જે હોય તે ખરૂં કેહેજે."

"કાંઇબી નહી. મામાજી," ખટલીએ ભોળાં દિલથી ના કહ્યું. "તમારી આગળ વાત કરવા જેવું કાંઇજ નથીજી."

"શું નહી ! હમણાં ઘેર આવતાં આવતાં કાંઇ વાત બનીજ નથી ! ચાલ, ચાલ, દીકરી, મારેથી શરમા ના. હું જોઉંછ કે તું એક જણનો શેકાર કરી ચુકીછ," મામા હસ્યા.

"પણ આજે કાંઇ, મામાજી આપણે શેકાર પાર્ટીપર ગયાંતાં નહી, ને મને કાંઇ શેકાર કરતાં આવડતો નથી," ખટલીએ હસીને જવાબ દીધો.

મામાનાં મનમાં ખટલીનો આ શેકાર તે સોલીશેઠ હતો, અને ખટલી સાથે આમ એકાંત વાત કરતી વેળા તે અંહી આવી લાગીને આ ખુશ વાતમાં ભાગ લેશે એવી તેવણને વકી હતી. પણ એજ કરોકટ વખતે જયારે તેવણની અને ખટલીની બેહુની સઘળી નજર સોલીશેઠ ઉપર તીકેલી હતી ત્યારે તેણે અંહી નવરૂં જોઇને તેમની આગળ આવવાની જરા દરકાર પણ દેખાડી નહી, અને તે જુવાન્યો તો આ મામા ભાણેજને જોયા છતાં બીજી છોકરીઓ વચે હસ્તો બોલતો ઉભો રહ્યો. સોલીશેઠે આ મામા ભાણેજને જાણે કે પડતાં કીધાં હોય એવું લાગ્યું કે જે નાસિપાસી માણકશાહ શેઠને એક વિચ્છુના ચટકા જેવી પણ ખટલીને તો ખરેખરી ખુશાલી જેવી થઇ પડી.

પ્રકરણ ૯૭ મું.

"પેસુ ચીનો."

"હીરા કાસ્ટલ" માં જ્યારે લોકો મળવા આવેલાં હોય ત્યારે કોઇ પણ અજાણ્યો આવવા માગે તો બાહાર દરવાજા ઉપર ઉભેલા ચાકરે તેનાં નામનો પેગામ અંદર લઇ આવવો અને સઘળા દોસ્તોના દેખતાં તે નામ મોટેથી પોકારવું એવો ધારો હતો. આ ધારા પ્રમાણે જે વખતે ખાણાનો ઘંટ વાગ્યો અને સઘળાં પહરોણાંઓ ખાણા ઉપર જવાને ઉઠયાં તેજ ઘડીએ એક ચાકર દોડતો દિવાનખાનામાં દાખલ થયો, અને કોઇ નવા આવનારનું નામ પોકાર્યું, જેથી સઘળાંઓ જમવા જતાં જતાં અચકીને ઉભાં રહી ગયાં.

તે નામ શું હતું ? "શેઠ પેસ્તનજી ચીના."

"શું પેસુ ચીનો ? એ કયાંથી આવ્યો ?" માણુકશાહ શેઠ અચરતીથી પોકારી ઉઠયા.

સઘળાંઓ અચરતોથી જોવા લાગ્યાં. પેસુ ચીનાનું નામ "ચીના બાગ" વાળા એકલા માકા મુકાદમ સિવાય બીજાં સર્વને અજાણ્યું હતું. "હીરા કાસ્ટલ" ના ધણી હાનરેબલ હીરાજી યા તેનાં કુટુંબનું એકબી જણ તેને ઓળખતું નહી હતું. માટે હીરાજી શેઠે ચાકરને ખામખા પુછયું કે એવણ કોણને મળવા આવ્યા હતા ?

"જી, માણુકશાહ શેઠને," ચાકરે જવાબ દીધો.

"અરે, ત્યારે તો જલદી બોલાવ. શેઠને કોઇ મળવા આવ્યા હોય તેને પાછા વળાય નહી." જોકે મિજલશ ખાણાને માટે ખોટી હતી તોપણ હીરાજી શેઠે માણુકશાહ શેઠ તરફ લાયકી દેખાડી.

ચાકર દોડતો તે નવા આવનારને બોલાવવા ગયો, અને એક ઝપાટામાં તેને તેડી લાવ્યો. સઘળાંઓએ જોયું તો પેસુ ચીનો આબરૂદાર દેખાવનો અને ભપકાદાર પોશાકનો એક જુવાન પારસી હતો. તેના ચેહેરા ઉપરનું ચપટું નાખ અને તેની અણીદાર આંખોથી તેને "ચીનો" નામ આપેલું ખોટું નહી હતું એમ સઘળાંઓએ જોઇ લીધું. તેનો તમામ દેખાવજ જાણેકે કોઇ ચીનો વટલીને પારસી થયો હોય એવો હતો. પણ તેનું બોલવું ચાલવું સઘળું પારસી સહી હતું.

માણુકશાહ શેઠ એકદમ તેને ભેટવાને બારણા તરફ ગયા કે જયાં હાનરેબલ હીરાજી, સોલીશેઠ અને બીજા ગૃહસ્થો પણ તેની આગળ હાજર હતા.

"કેમ, પેસુ ? અત્યારે આવો મોડે કયાંથી આવ્યો ?" માણુકશાહ શેઠે તેને શેકહેન્ડ કરી સઘળાંઓ સાંભળે તેમ મોટે સાદે પુછયું.

"જી, હું એક ધાઇખોરા પેઠે અચબુચ આવવા માટે માફ માગુંછ," પેસુ પણ સઘળાંઓ સાંભળે તેમ મોટે સાદે બોલ્યો; "પણ સાહેબ, એક વેપારીનો દીકરો પોતાના લાભની વચે વખત કે જગ્યા નહી તપાસે એ, એકલપેટાપણું મારો બચાવ છે. મુરબી માણુકશાહ શેઠ હું એક અગત્યનાં કામસર તમોને પુછવા આવ્યોછ, અને મારાં કામની તે ઉતાવળને લીધેજ મને અંહી દોડી આવવું પડયુંછ. હું આજ સાંજનીજ ત્રેનમાં પુણે આવ્યો, ને આવ્યો તેવોજ મારતી ગાડીએ 'ચીનાબાગ' દોડયો. ત્યાં ખબર મળી કે તમે સાહેબ તો અંહી 'હીરા કાસ્ટલ' માં રેહેવા આવેલાછો; ત્યાં મેં સાંભળ્યું કે તમોને પાછા ફરવાની કાંઇ વકી હતીજ નહી, માટે હું તેજ ગાડીમાં અંહી સાહેબને મળવા દોડી આવ્યોછ. રસ્તો લાંબો હોવાથી, અંધારૂં થવાથી, ને વળી ભાડુતી ગાડીનો ઘોડો લોથ હોવાથી મને આવતાં વાર લાગી તેથી માફ માગુંછુ, સાહેબ, કે મને તમારા જમવાના ટાઇમે આવવું પડયું."

"પણ ભલા માણુસ મારા 'ચીનાબાગ' માં એક રાત રેહેતે, બીજે દહાડે મળવા આવતે તો ચાલતે કે નહી ?" માણુકશાહ શેઠે પુછયું.

"નહી સાહેબ, નહી ચાલતે. મારૂં કામ વધારે ઉતાવળનું છે, માટે આશા રાખુંછ કે આ હરકત કરવા સારૂં હીરાજીશેઠ અને સોલીશેઠ મને માફ કરશે."

"અરે નહીરે સાહેબ ! તમે આવ્યા તો ભલે

આવ્યા !" હાનરેબલ હીરાજી શેઠે ખુશી બતાવી.

"અમારા માણકશાહ શેઠના જે દોસ્ત હોય તે અમારા પણ દોસ્તજ કેહેવાય," સોલીશેઠે ઉમેર્યું. "તમોને અંહી આવતાં રસ્તામાં જરા સર્દી લાગી હશે."

"જી, હાજી. પુણાની હવા જરા સર્દ તો ખરી. મારા જેવા ચીનમાં જનમેલા એક શખ્સને માટે મુંબઇની ગરમીમાંથી આવતાં પુણાની હવા જરા સર્દ થઇ પડે ખરી."

"અરે, પણ તું જમીને આવ્યોછ કે પેસુ ?" માણકશાહ શેઠે પુછ્યું.

"જી, મેં સ્ટેશન ઉપર કાંઇ સેહેજસાજ ખાધુંછજી."

"પણ ત્યારે ચીનાબાગમાં તમો આવ્યા હતે તો જમતે કની ?" સોલીશેઠે મેહેમાનદારીના મીઠાસથી પુછ્યું. "ત્યારે તો અમો તમોને જવા દેવાના નથી. પેસ્તનજી શેઠ આજની રાત તમે અંહી અમારી સાથેજ રહો. હમણાજ અમે જમવા જતાંતાં. તમેબી અમારી સાથે જમો. જમ્યા પછી માણકશાહ શેઠ સાથ તમે પુરતી વાત કરી શકશો. હું તમારે વાસ્તે ઓરડો તૈયાર કરાઉંછ."

"પણ છોકરા, તારી પાસે કપડાં નથી. તારી કપડાંની પેટી કયાં છે ?" માણકશાહ શેઠે સુજાડયું. "ત્યારે તો તારાથી રેહેવાયજ નહી. ચાલ, હમણાંજ હું તારી સાથે વાત કરી લેવું, ને પછી 'ચીનાબાગ' માં જઇને સુજે. સાહેબો, મને એક પા કલાક રજા આપશો ? મારે લીધે તમોને ખાણાને વાસ્તે ખોટી થવાની જરૂર નથી. તમો સઘળાં જમતાં થાવો, હું પા કલાકમાં તમોને આવી મળીશ."

એટલું બોલતાંજ માણકશાહ શેઠ પેસુ ચીનાને પોતાના ઓરડામાં લઇ ગયા, અને બારણું ઢાંકી તેની સાથ વાતે બેઠા. આ એક ચપટાં નાકવાળા પારસી ચીનાના જવાથી પહરોણાઓના જીવને જાણે કાંઇ ધીરજ આવી હોય તેમ તેઓ ખુશ થયાં. તેમની ખુશાલી વચ્ચે આ એક બેગાના શખ્સની હાજરી તેઓને ગમતી નહી હતી.

"કેવો નવાઇ જેવો ચેહેરો !" સર્દાનાં ધનબાઇજી નાકનું નસ્કોરૂં ચહડાવીને બોલ્યાં. "નકરૂં જાણે ચીનાઇ કુકર !"

"મને તો વાંદરા જેવો ચેહેરો લાગેછ," દારૂવાળાનાં દીનમાયે પોતાના બોલકણા સ્વભાવથી "હસવાનું કીધું."

"દીકરી ખટલાં, તું એને ઓળખેછ કે, માય ?" ધનબાઇજીએ પુછ્યું.

"જી, મેં એને એક વખત જોયલોછે, ખરો. મારા મામાનો કોઇ ચીનાઇ દોસ્ત છે જી. એ એક વખતે અમારાં ઘેરમાં મામાને મળવા આવ્યોતો ખરો."

"પણ એ કોઇ દહાડો તમારે ત્યાં રહેલોછે કે, દીકરી ?" ધનબાઇજીએ પોતાના ખણખોધ્યા સ્વભાવ પ્રમાણે ખણખોધ જારી રાખી.

"નહીજી, રહ્યોતો નથી. પણ એકજ વખત 'ચીનાબાગ' માં કાંઇ કામે આવ્યોતો," ખટલીએ યાદ આપી. "પેલી શરતને દહાડે હું તમારે ત્યાં જમવા આવીતીનીજી, જે દહાડે મામાજીબી આવવાના હતા પણ આવી નહી શકયાતા, તે દહાડે રાતના જઇને જોઉંછતો એજ આવેલો હતો, અને પોતાનાં કાંઇ કામ સારૂં બિચારા મામાજીને આખી રાત એણેજ રોકી રાખેલા હતાતો."

"ત્યારે એ ઘણી અંહીજ કેથે રેહેતો હશે ?" ધનબાઇજીએ પુછ્યું.

"નહીજી, એ તુર્ત વેળા રેહેછ તો મુંબઇ. પણ એનું જાથુકનું રેહેઠાણ તો ચીનમાં છે." ખટલીએ ખબર આપી.

"ઓવાય, ધનબાઇ ! તમે શું રોયન ગારોછ ?" દારૂવાળાનાં દીનમાયે ભૂલ ભાંજી. "એ બોલ્યો તે તમે સાંભળ્યું કની કે સાંજની ત્રેનમાં મુંબઇથી આવ્યો ?"

ટુકમાં આ વાતચીત દેખાડી આપેછે તેમ આ બેગાનાના આવવાથી આજની મિજલશમાં ઘણી નવાઇ પેદા થઇ, અને આ ચર્ચાખોરાં "મોટા લોકો" ની કાતર પેઠે ચાલતી જીભો ઘણીક ચાવાચીવી કરવા પડી. ખરેખર, પેસુ ચીનાના દેખાવે તેની સામેની આ ચર્ચાને કારણ આપ્યું હતું. પણ વળી તેના અચબુચ આવ્યાથી માણકશાહ શેઠને ઉપજેલો ખિજવાટ પણ આખી મિજલશને જણાયા વગર રહ્યો હતો નહી.

સઘળાંઓ માણકશાહ શેઠ વગર જમવા ગયાં, અને ખાણાપીનાની અચ્છી ધૂમ પડી. માણકશાહ શેઠ આશરે બે ત્રણ કલાક સુધી

પેસુ ચીના સાથે કામે બેઠા, કે જે અરસામાં સોલીશેઠે તેમને માટે ખાણુંપીનું તેમના ઓરડામાં મોકલવાની ખાશ યાદ રાખી, અને ચાકરોથી જાણ્યું કે શેઠે પોતે ખાણુંપીનું લીધું તથા પેસુ ચીનાને તે લેવા દીધું હતું.

ખાણું ખાઇ રહ્યા પછી આખી મિજલશ દિવાનખાનામાં રમતગમત ચલાવતી હતી તે વેળા આશરે કલાક અગ્યારને સુમારે બાગમાંથી એક ગાડી પાછી ફરવાનો ખખડાટ સંભળાયો, ત્યારે જણાયું કે પેસુ ચીનો માણકશાહ શેઠ સાથનું પોતાનું કામ પુરૂં કરીને પાછો ગયો હતો.

"એ બેગાનો પારસી કાંઇ માણકશાહ શેઠના હુકમનો ફરમાવેલો હોય એમ લાગેછ," સદીનાં ધનબાઇજીએ અટકળ ચલાવી. "ખામખા તેને અંહી રેહેવા નહી દીધો તે જોયુંકની?"

"ચીનનો કોઇ ચાકર બાકર હશે." દારૂવાળાનાં દીનમાયે તર્ક બાંધી.

"નહીરેજી, ચાકર હોય તો મારા મામા તેને શેકહેંડ કેમ કરે?" ખટલીએ ખોલાસો કીધો. "આવતાંને વાર તેને શેકહેંડ કીધી તે જોઇ કેનીજી?"

"ગમે તે હોય, પણ તે બિચારાને અંહી રેહેવા દીધો ને આવી સદીમાં તેને પાછો વાળ્યો એ શું કેહવાય?" હીરાજી શેઠ અને સોલીશેઠ બેઉ બાપ દીકરાઓએ નાપસંદગી દેખાડી.

"માકા મુકાદમને બલ ફિકર પડીછ!" દારૂવાળાનાં દીનમાયની તર્ક તૈયાર હતી, "તેની ગાડી ગટરમાં ઉંધી વળી યા તે થંડોથી સીજી જાય તેની એવણને શી દરકાર? એ માણસજ કોઇ એવો કદરબિહામણો લાગેછ કે શેઠે તેની કાંઇ દયા કીધીજ નહી. એની આંખો જોઇ કેની કોઇ ખુનીના જેવી હતી તે? કોઇ ચીનાઇ વાટપાડો હશે."

દારૂવાળાનાં દીનમાયે કાંઇ ચીનાઇ ઠગોને દીઠા નથી, તોપણ જાણેકે ચીન દેશનો પોતાને કેવો અનુભવ હોય તેમ તેવણને પોતાનાં ઉંડાં રાનથી આ ભમરદો ગુમાવતાં જરા બીહીક લાગી નહી.

આવી રીતે રાત કાહડીને સઘળાં ઉંઘવા ગયાં. ખટલી અને મેહરી પોતાના ઓરડામાં ગઇ. મેહરીને સાંજે જે કાંઇ લાગ્યું હતું તે ઉપરથી ખટલીએ સુતી વખતે તેની ઘણી ખાતરદારી કીધી અને તોપણ સદીનાં ધનબાઇજી અને દારૂવાળાનાં દીનમાય જેવાં "મોટા લોકો". કેવા નીચ નિંદાખોરો છે અને અંજાણાંઓને કેવાં હીણેછે તે વિષે એ બે બેહનો ઘણોક તિરસ્કાર અને ધિક્કાર દેખાડયા વીના ઉંઘી નહી.

પ્રકરણ ૮૮ મું.

માકા મામાની અચણુચ રવાનગી.

બીજી સહવારે સઘળાં નાસ્તા ઉપર એકઠાં મળ્યાં ત્યાં માણકશાહ શેઠ પોતાની હંમેશની ખુશીમાં જણાયા નહી. તેવણની તબિયત સારી પડે છે તે વિષેની પરપુછના જવાબમાં તેવણે એક અજબ એકરારથી સર્વેને અચરત કીધાં. તે એકરાર એટલોજ હતો કે તેવણ તે દહાડે પાછા ઘર જવા ધારતા હતા. તેવણને તે દહાડે ઘણું કામ હતું—તેવણને ચીનથી અગત્યનાં કાગળો મળ્યાં હતાં કે જે ઉપર તાબડતોબ ધ્યાન આપવાનું હતું. શેંઘાઇમાં તેવણની કેટલીક મીલકતો હતી કે જે ચીનાઇ સરકારે ખરીદી લેવા માગી હતી, અને તે વેચાયતો તેવણને ફાયદો હતો. એ બાબત ઉપર તેવણે ઘર જઇને પોતાના ચોપડા વગેરે તપાસવાના હતા.

"આવી ખુશ મુલાકાત ટુકી કરી નાખવાને હું ઘણો દલગીર છું." તેવણે ઉમેર્યું, "અને અગત્ય કરીને મારી આ દીકરીઓની મોજ ઓછી કરવાને હું વધારે દલગીર છું. 'હીરા કાસ્ટલ' ની આવી પાદશાહી પહરોણાગત છોડીને જવાનું મને ગમતું નથી તો બિચારી મારી આ ભાણેજોને કેટલું વધારે નહી ગમશે!"

માણકશાહ શેઠ એટલું બોલીને ચુપ બેઠા, અને જાણેકે તેવણનાં મેજબાનો તેવણને રેહેવાની ઓહસ કરે તેની વાટ જોવા લાગ્યા. પણ કોઇએ તેવણને ઓહોસતો કીધી નહી.

હાનરેબલ હીરાજીએ અને તેમજ સોલીશેઠે તથા તેની બેહેનોએ તેમનાથી છુટાં પડવાની દિલગીરી દેખાડી, તોપણ તેમને યા તેમની ભાણેજોને રાખવાની તેઓએ કશી બોંહસ દેખાડી નહી. બીજાં પરોણાંઓ માકો મુકાદમના તથા તેની ભાણેજોનો આમ એકાએક જતાં રેહેવાના ઠરાવ ઉપર તરેહવાર અટકળો કરવા પડયાં, તથા સોલીશેઠે ખટલીની વ્હાલી સંગત એકાએક જતી કેમ મેળી તે વિષે તેઓને વધારે અચરતી પુગવા લાગી.

"બધું સેટલ થયું હશે રે માય! બધું સેટલ થયું હશે!" દારૂવાળાનાં દીનમાયે તર્કબાજ ટિકો લગાવ્યો. હું ધારૂંછ કે સોલી માગું કરી ચુકોછ ને ખટલી કબુલ કરી ચુકીછ તેથી હવે એ લોક જવા નિકળ્યાંછ કે ઘેર જઈને માકો મુકાદમ રીત પગરણના પૈસાની મેનજિ કરે ને વકીલો સાથે 'ડીડ' કરવાની મસલત ચલાવે. પોતાની ભાણેજને પરણાવતી વખતે એ બુઢો એક સારી જેવી રકમ કાહાડી તો આપશેજ."

"હીરા કાસ્ટલ" માંથી જવાને ખટલી તો ખરેખર ખુશી થઇ તો જોકે તુ રેહવા આવી ત્યારે સોલીશેઠની સંગત વિષે તેને જેટલી બીહીક હતી તેટલી બીહીક હવે જતી વેળા તેને રહી નહી હતી. પણ આવી મોજમઝા અને આવા માન મર્તબાનું ઠેકાણું મુકીને જવાનું મેહરીને ગમ્યું તો નહીજ; અને સાથે લાવેલાં નવાં કપડાં અપડાં પેહેરીને ભપકો કરવાનું પણ રહી ગયું. તેથી તેને વધારે નાસિપાસી લાગી, તથા એટલા થોડા દહાડાને માટે આટલાબધા ભપકાનો ખર્ચ રદ જવા માટે તે બડબડતી રહી. તોપણ "લાલ કિલ્લા" ના ઇતરડી અને મટોડીંના ધૂળ ખાતા ઢગળા વચે જઇને "હીરા કાસ્ટલ" ની પોતાની મોજ વિષે વડાઇ લેવા માટે અને પોતાની નિર્દોષ બેહેન નાજાં આગળ રોબ મારવા માટે તે એટલી તલપેલી હતી કે તેણીએ ખટલીની મદદથી પોતાના પેટી પેટારા કેટલીક ઉલટ સાથ "પેક" કીધા, અને સાંજે માણકશાહ શેઠને લેવા માટે તેવણે આગમચથી મંગાવેલી તેવણની ભપકાદાર ગાડી બારણા ઉપર આવી ઉભી ત્યારે તેવણને ખટલીને માટે તો ખોટી થવું પડયું નહીજ, પણ મેહેરીનેબી બોલાવા જવું પડે એમ નહી હતું.

છુટાં પડતી વખતે સઘળાંઓ માણકશાહ શેઠને અને તેમની ભાણેજોને સીહડી સુધી વલાવા આવ્યાં. બૈરાંઓ કાંઇ ઝાઝાં દિલગીર દીસતાં નહી હતાં, પણ માટીડાઓ દિલગીર દેખાતા હતા, અને તે પણ આ રળિયામણા આસ્માનમાંથી ખટલી જેવા એક ખુબસુરત સેતારાના ગુમ થવાની દિલગીરી હતી. આમ જતી વેળા મેહરીનોતો કોઇએ ઝાઝો ભાવજ નહી પુછયો, તો જોકે સર્દાનો જાંહાંગીર તેને યાદ કરવાને ભૂલતો નહી હતો કે "મેહરબાઇ, હું તો કાલની પેઠે તમારી સાથે ગાડીના કોચબાક્ષ ઉપર ફરીથી ફરવા જવાની ઉમેદમાં રહીજ ગયો. હું તો તમારી બીહીક ભાંજવા માંગતોતો તે એટલાં સુધી કે તમોને ઘોડેસ્વારી પણ શિખવવાનો હતો. પણ દિલગીર છું કે તમારૂં એટલું જલદી પાછું જવું થાયછ."

પેટી પેટારા સર્વે ગાડી ઉપર ચહડાવ્યા પછી અને મામા ભાણેજો તેમાં ચહડી બેઠા પછી સોલીશેઠ છેલી સલામ કરવાને ગાડી ઉપર ટીંગાયો. તેની માવજત મસાગતને માટે માણકશાહ શેઠે તેનો ઘણોક ઉપકાર માનતાં માંગી લીધું કે "અમોને ભૂલી જતા ના, પણ મારે ત્યાં આવતા જતા રેહજો સોલીશેઠ, અને હું બોલાવું ત્યારે જમવા આવજો."

કયારે જમવા આવવું તે માણકશાહ શેઠે ખામખા જણાવ્યું નહી, પણ જાણેકે પોતાનાં મનમાં કાંઇ ભરમ હોય તેમ દહાડો ઠેરવવાનું રેહેવા દીધું. પોતાનાં મનનો આ ગુચવાડો માણકશાહ શેઠે ગાડીમાં જતાં જતાં આખે રસ્તે જારી રાખ્યો. તેવણ એટલાબધા ચૂપ છે તે તેવણની ભાણેજો પણ જોઇ શકી. પણ ચૂપ કાં છે તેનો ભેદ જાણી શકી નહી.

ખટલી સોલીશેઠની ખુસામત બરામતથી છુટી પડવાને ખુશી થઇ, પણ "ચીનાબાગ" ની એકાંત જીંદગીમાં એક મામાને ઠગવાનાં વહિત્રાંની વેઠ પાછી કરવી પડશે તે વિષેના કંટાળાના અંદેશામાં ચૂપ બેઠી. "હીરા કાસ્ટલ" માં ખટલીને બેદીલ થવાના કશા વિચારો આવ્યા નહી હતા, પણ "ચીનાબાગ" માં જવા પછી તેના વરની વ્હાલી યાદ, તે યાદ છુપાવવાની જંજાલ, અને તે

યાદ જાહેર થવાના જોખમો એ સઘળું પાછું તાજું થતાં તે સાંખવાને કેટલું ભારી પડશે તેના વિચારમાં તે બેસી રહી. પોતાની આસપાસનાઓની વખાણથી તેની વડાઇ ઘણી પુરી પડીછે, અને "હીરા કાસ્ટલ" ની મોજ મઝાઓથી તેનું મન ઘણું તૃપ્ત થયુંછે, પણ એ સઘળાંનો અંત કેમ આવશે તે વિષે હજી તે પોતાનાં મનમાં ઘણી બાહેછે અને ઘણો અંદેશો કરેછે.

ગાડીમાં જતાં જતાં મેહરો એટલી ચુપ નહી રહી. તે હંમેશની માફક પુણાના "મોટા લોકો" નાં નસ્કોરાંનાં ટીચકાં અને પોશાકની ફિસ્યારી ઉપર પટપટખોરી ટીકા ચલાવતીજ રહી. માકામામાએ કે ખટલીએ મેહરીની ટીકાઓને કશો ટેકો કે જવાબ નહી દેતાં અંતે ગાડી પેહલાં મેહરીને ઉતારવા માટે "લાલ કિલ્લા" ના દરવાજા ઉપર આવી ઉભી.

નાજાં ગાડીની ગડબડ સાંભળીને લાગલીજ દરવાજા ઉપર દોડી આવી અને હાલહવાલ કપડાંમાં તથા ફાટેલાં મોજાં અને ફાટેલી સપાટ સાથે ગાડી ઉપર ચહડી જઇને મામાને તથા પોતાની બેહેનોને ખુબ ખુશીથી ભેટવા તથા ચુમીઓ લેવા પડી. ગાડી મધે અત્યારસુધી જળવાઇ રહેલી ચુપકીદીમાં આથી કેટલીક ગડબડ અને ચકચાર થઇ ગઇ માટે મેહરી પોતાના પેટી પેટારા સાથે ઉતરી ગયા પછી તેના મામાને જાણેકે એક રીતની ધીરજ આવી. તેવણ ખટલી સાથે ગાડીમાં હવે એકલા પડયા અને ગાડી એકદમ "ચીના બાગ" તરફ હંકાડી.

મામા ભાણેજ બેહુ ચુપ બેસી રેહતાં જાણે કંટાળ્યાં હોય તેમ માણકશાહ શેઠેજ વાત છેડી.

"ખટલી, આજે તો તુને આપણાં ઘરમાં એક પહરાણો મળશે. તે એક પહરાણો છે કે જેની તારે ખચીત કરીને ખાસ સારી ખાતરદારી કરવી એવું હું ચાહુંછ, કાંકે તે મારો ખાસ ફ્રેન્ડ થાયછ."

"તે કોણ છે, મામા? પેલો પેસુ ચીનો કે?" ખટલીએ પુછ્યું.

"હા દીકરી. પણ તેને 'પેસુ ચીનો' ના કેહેતી. પેસ્તનજી કેહેજે. પેસુ કરીને હાંક મારવાનો મને હક છે, પણ તારે તો તેની સાથ લાયકીથીજ બોલવું ચાલવું જોઇએ. મારી ખાતરને વાસ્તે 'હીરા કાસ્ટલ'ની મેહેમાનદારીનો તે અકસ્માત લાભ ભોગવે તે મને ગમ્યું નહી તેથી મેં તેને કાલે રાતે જવા દીધો. તોપણ આપણાં ઘેરમાં તેને રેહવાનો હક છે, વાસ્તે આપણી મેહેમાનદારી ચાખ્યા વગર તેને જવા દેવો નહી એમ ચાહીને મેં તેને આપણાં ઘેરમાં રાખ્યોછ. તે એકુ બે અઠવાડિયાં સુધી આપણી સાથે 'ચીનાબાગ' માં રેહેશે."

"હં! અને તેટલા સારૂંજ તને 'હીરા કાસ્ટલ'માંથી જલદી આવતા રહ્યા કે, મામા?"

"હા, તે અને બીજાં કારણો પણ. ચીનની મારી મીલકત વેચવાની વાત મેં આજે સહવારે નાસ્તા ઉપર કહીની?" મામાએ ખોલાસો કીધો. "પણ દીકરી ખટલી, મારા જલદી આવતાં રેહેવાથી તુંને તો મેં નાખુશ કીધી નથી?"

"મુદ્દલ નહી, મામાજી."

"શું નહી? તારૂં કારજ થતું અટકી પડ્યું ને તું ના શું કેહેછ? તુંને 'હીરા કાસ્ટલ'ની ઘણીયાણી કરવાની હું તો પુર વકીમાં હતો તેમાં હું નાસિપાસ થયો તો તું નહી શું થાય?" મામાએ ખટલીને અણગમતી વાત પાછી ચલાવી અને તેને ચુપ બેઠેલી જોઇને બોલ્યા. "ખટલી દીકરી, તું તારાં મનમાં ભેદ ના રાખ. મારી સાથ ખોલાસાથી વાત કર. સોલીશેઠે તારા હાથનું મોહડે ચહડીને માગું કીધુંછ કે નહી? અને તેં તે કબુલ રાખ્યુંછ કે નહી? જે બનાવનો હું પુર ઉમેદવાર છું, અને જે બનાવથી તું જાણેછ કે મને ઘણી ખુશી ઉપજશે, તે બનાવની ખુશ ખબર મને કેહવાની તારે ઢીલ કરવી નહી જોઇયે."

"ઓ! મારા મુરબી મામાજી!" ખટલી તેનાં ગલાં ઉપર પડીને બોલી. "મારે એટલું કેહવા જોગ કાંઇ નથી. સોલીશેઠની બૈરી થવાનું મારૂં ભવિષ્યજ નથી. એ ભવિષ્ય તો હંમેસના જેટલુંજ હજી દૂરને દૂર છે."

"એમ છે? હું સાંભળીને ઘણો દિલગીર છું, દીકરી." માકામામાએ ખટલીને ખરાં દિલથી ખેદ દેખાડયો. "પણ ત્યારે કાલે તું એ પોસ્યાની સાથે ગાડીમાં એકલી આવી તે વખતે એણે શું વાત કીધી? પરણવાની કાંઇ

વાત શું કીધીજ નહી? તમે એ જણાં બધાંની અગાઉ ગાડી લઇને નિકળી ગયાં તે ઉપર સર્દારની ધનબાઇએ તેજ વખતે મારૂં ધ્યાન ખેચ્યું'તું. ત્યારે તમો વચે શું વાત ચાલીતી?"

"કાંઇજ નહીજી, હંમેશની સાધારણ વાત થઇતી. ઘોડા, ગાડી, વાડી વગેરે, અને એવી એવી વાત, બીજી કાંઇ નહી."

"એમ થયું!" માણકશાહ શેઠે ઘણીજ અચરતી બતાવી. "હું તો ચોકસ ધારતોતોજ કે તારૂં સારૂં કરવાની એ પોસ્ચાએ તક ખામખા લીધી હશે."

"મામાજી, તમોને એટલા નાસિપાસ જોઇને હું દિલગીર છું," ખટલીએ બાહીતાં બીહીતાં વાત વધારી. "અને તોપણ તમે મને પરણાવવાની એટલીબધી ઉતાવળ શું કામ કરોછ, તે હું સમજી શકતી નથી."

"તારે સમજવું, જોઇએ, છોકરી." મામાએ ધાકભરેલી ધમકીના ઘાડા સાદે કહ્યું. "તું જોતી નથી કે મારો વખત હવે પુરો થવા આવ્યોછ? ને હું આ દુનિયા છોડી જાઉં તેની અગાઉ તુંને પૈસાદાર ઠેકાણે પાડવાને હું ઉમેદવાર છું?"

"જી, તમારી પૈસાની પુણાઇથી તમારી પછવાડેબી મને પૈસાની શું ખુટ પડવાની છે, મામાજી? પણ ઓ મુરબી મામાજી! તમે મને એમ મુકીજવાની વાત ના કરો," ખટલીએ આસુંભરી આંખ્યોએ આજીજી કીધી. "તમારી પાછલ એકલી પડવા મને ગમતું નથી, હું એવો કાંઇબી પછવાડેનો વિચાર કરવા માંગતીજ નથી. તમે હજી ઘણાં વર્ષ જીવશો એજ મને બસ છે. તમારા પસાતું સુખ મારે માટે પુરતું છે."

એટલીવારમાં તો ગાડી "ચીનાબાગ" માં દાખલ થઇ, અને ઓટલા આગળ આવી ઉભી. ઓટલાનાં બારણા ઉપર પેસુ ચીનો માણકશાહ શેઠને અને તેની ભાણેજને એસ્તેકબાલ લેવા આવ્યો. ખટલીએ તેને ખુશીથી હાથ આપીને શેકહેન્ડ કીધી. તે હાથ તેને કાંઇ ઓર તરેહનો થંડો, જાડો અને ખબડાયલો લાગ્યો. કોઇ એક માણસના હાથ કરતાં કાંઇ બંગાલી વાઘ યા ચીનાઇ વાંદરાનો તે પંજો હોય એવું તેને લાગ્યું.

"આવો મુરબી સાહેબ અંતે તમે વેહેલા પાછા આવ્યા?" પેસુ ચીનો બોલ્યો. "હું તો ધારતોતો કે 'હીરા કાસ્ટલ'ની મોજમઝા તમોને જલદી છોડવા ગમશેજ નહી."

"પેસુ, તું જાણેછ કે હું એક બોલનો માણસ છું," માણકશાહે જવાબ દીધો. "ને મેં તુને કહ્યું કે હું તુને જલદી મળીશ તો મારે આવવાની ફરજ હતી. પેસુ, આ મારી ભાણેજ ખરશેદબાઇ. એબી તારી ખીદમત કરવા મારી સાથે આવીછ," માણકશાહે પેસુને ખટલીની ખાશ ઓળખ આપી.

"મોટી મેહરબાની થઇજી. હું ખરશેદબાઇની ઓળખાણ કરવાની તકને મારે તલપી રહેલો હતો."

"ચાલ હવે ખોટી ખુસામત ના કર, પેસુ," માણકશાહે તેને વધુ વાત કરતો અટકાવ્યો. "તું એની સાથ ટાહેલું કરશે તો એ આપણને જમવાને વાસ્તે ખોટી રાખશે."

તેઓ વચેની વાત અંહીજ અટકી. ખટલી માળા ઉપરના પોતાના ઓરડામાં દોડી ગઇ, કે જે ઓરડો મુંબઇની મરઘાશેરીના ગુલી ગોરાણીના ભાડેના અંધારા ઓરડા કરતાં જુદીજ કીસમની રોશની અને રચનાથી બિરાજી રહેલો હતો. ત્યાં ખટલીને દીવો કરવા માટે એક દીવાસળીની પણ ખુટ હતી ત્યારે અંહી મીણબતીની રોશનીના ઝલેહદાર ઝુમરો સાથે કામ પાડવાનું હતું. અને તોપણ માણસજાતની કેવી ઉલટી ખાસ્યત હશે કે અગરજો નસિબનું ચક્ર એકવાર પાછું ફરે અને ખટલીના ભર્તારનો વ્હાલ અને વિશ્વાસ તેને પાછો આપે તો તે આજે આ સુંદર દિવાનખાનાને બદલે એક અંધારાં ઘરનો ભાડુતી ઓરડો કબૂલ કરવાને નાખુશ નહી હતી!

પેસુ ચીના સાથે પોતાને જે ઓળખ અને મુલાકાત થઇ તેથી ખટલીને જાણેકે કાંઇ એક જાતની સુગ લાગી હતી, અને તે સુગથી આ માળા ઉપરનાં દિવાનખાનામાં તે હજી સુધી કમકમ્યા કરતી હતી. આ સુગનું કારણ શું તે કાંઇ તે સમજી શકતી નહી હતી, પણ પેસુ ચીના તરફની માણકશાહની વર્તણુકમાં અને તેવણ તરફની પેસુ ચીનાની વર્તણુકમાં શક અને બદગુમાન લાવવા જેવું ખટલીને

કાંઇ લાગ્યા કીધું હતું, તો જોકે એમ સમજવાનો ભેદ તેને કશો માલમ પડયો નહી હતો.

"હીરા કાસ્ટલ"ની ધામધુમ અને નાચરંગની ગડબડો પછી "ચીના બાગ"ની આજ સાંજની એકાંત જીંદગીમાં ખટલીને ઝુરી મરવા જેવું લાગ્યું. માણકશાહ શેઠ સાંજે બહાર ગયા પછી પોતાના ચીના દોસ્ત સાથે કામ ધંધાની ખાનગી મસલતે રોકાઇ પડયા અને ખટલી પોતાને ગમે તેમ વખત ગુજારવાને એકલી પડી. આ વખતે તેને કાંઇ સોહવાયું નહી. અગરજો તેનો વ્હાલો વર જમસુ જેમ તે દાહડે તેને એકાએક તેડવા આવ્યો હતો તેમ આજે આવે તો આઇતી દોલતની સઘળી આશા મુકી દઇને તેની સાથ જતી રેહેવાને તે તૈયાર થાય એવી આજે તેનાં મનની હાલત હતી.

પ્રકરણ ૮૯ મું.

જમસુનું વસીહત—જસવાડીનો વારસ કોણ?

"ચીના બાગ"માં પોતાની બાયડીને મળી આવ્યા પછી જમસુ જસાવાળાનો તે લોભી ઓરત ઉપરનો જુસો ઘણો કડવો થઇ ગયો હતો. તેની ઉપરના તેના પ્યારની જગ્યા ધિક્કારે લીધી હતી. જે ઓરતે વર તરફની વફાદારી સામે દોલતની આશાને વધારે ગણી તે તેના વરની નજરમાં તેના ધિક્કારના કરતાં કાંઇ વધારે વિચારને લાયકની નહી ઠરી.

જમસુ જસાવાળો પોતાની "જસવાડી"માં ગુસાભેર, ખિજવાયલો, ઉસ્કેરાયલો અને જખમી થયલાં જીગરે જઇ પોંહચ્યો. તે પોતાનાં મન સાથ પોતાની બાયડી તરફ બેદરકાર, બેપરવા, બેતુંબા થઇ ગયો. હવે પછી તેને કદીભી પાછી મળવાની તેણે આશા છોડી દીધી, અને તેનો બેવફા ચેહેરો ફરીથી કદી જોવો નહી એવો તેણે પોતાનાં મન સાથ વિચાર બાંધ્યો.

તેનું એકપુરૂં બચ્ચું તેના જોવામાં નહી આવ્યું તેથી તેનું જીગર ખાસ જખમી થયું. બચ્ચું જીવતું જોવાને બદલે તો તેને મુવેલું સાંભળી આવ્યાથી તે વધારે દુઃખી થયો. જે કુમળા બચ્ચાંનો હસતો, ખીલતો, ખુબસુરત ચેહરો—મા ખટલીના જેવી ખુબસુરતીનો વારસો પામેલો ચેહરો—જે તેણે ઘણીવાર સ્વપ્ને કલપયો હતો, જે બેટો તેની "જસવાડી"નો માલેક અને ગાદીવારેસ થવાનો હતો, જે બેટાની ખાતરને વાસ્તે એ સુંદર મીલકતમાં જમીનો વધારવાનો અને પેદાયશને ખિલવવાનો તેણે લોભ પકડયો હતો, તે સુંદર દીકરો તેના જોયા વગર જીવથી ગયો, અને જેના ઉપર તેનો ચાહ એક પણ મધુર ચુમી વગરનો રહી ગયો, તે બચ્ચું એકજ દાહડાની ઉમરે "પાછું થયા"થી જમસુને મનથી એક ગજબ જેવું લાગ્યું. એક રમત્યાલ વ્હાલો છોકરો બાપની ગરદને નરમ હાથો નાખતો જમસુને આજ સુધી સદાનો જીવતો અને જીવતો લાગ્યો હતો, તે છોકરો તેની પાસે હવે નહી હતો. તે ગયો—સદાનો ગયો હતો!

આ સદાની ખોટના જખમે જમસુનાં શરીરમાં અને સ્વભાવમાં અજાયબ જેવો ફેરફાર કરી નાખ્યો. તે આગળના જેવો બોલકણો, હસમુખો, રંગીલો, ચાલાક, અને ચપળ હવે રહ્યો નહી. પોતાની નવી દોલત અને નવા દરજ્જાની મોજમઝાને ઉલટથી ભોગવનારો ગામનો શેઠિયો હવે તે દીસવા લાગ્યો નહી. તે ગંભીર અને વિચારવંત થઇ ગયો. તે વિસરફામ અને સાવજ દેખાવા લાગ્યો. તે દોસ્ત આશનાવો ને પહરોણા બોલાવવાની સર્વે પહરોણાગત તજી બેઠો. સોબતીઓની સંગતને બદલે એકાંતવાસમાં તેની ગમત થઇ પડી. રંગરાગ અને શરાબને બદલે ઝાડીઓ અને ઝાડ ઝાંખરાંઓમાં વખત ગુજારવાનો તેને શોખ ઉત્પન્ન થયો. તેને માત્ર બેજ ચીજ ગમતી થઇ. તે મધે એક તો તેના જુના દોસ્ત દાદીબા લંગડાની હાજરી, અને બીજી તેને ઘોડેસ્વારી તથા શેકારબાજીનો શોખ લાગ્યો.

"જસવાડી"ના તબેલામાં જમસુના બે શેકારી ઘોડાઓ હતા, કે જેઓની સ્વારી કરવામાં જમસુ એવો આંખ મીંચીને ઝીપલાવતો કે જાણેકે તેને જીવની ધાસ્તીજ નહી હોય, અને તેનો જીવ જાય તે, તેને મનથી કાંઇ બિસાદમાં નહી હોય એવું તે બતાવતો હતો.

"જસવાડી," જે વાંચનાર જાણેછે તેમ, ઉલવેથી પણુવેલી જવાના રસ્તા ઉપર હતી, તે આખો રસ્તો ઝાડ ઝાંખરાંઓથી ઢંકાયલો અને લિલોતરીથી ભરેલો છે. એ રસ્તા ઉપર થોડુંક જતાં પુર્વ તરફ વળવાની એક વળાણુ આવેછે કે જે પણુવેલીથી ઉરણ જવાના વાટ લેખે ઓળખાયલીછે, અને તે પ્રમાણેના ત્યાં મુસાફરોને રાહ બતાવનારાં નામનું સરકારી પાટિયું જડેલુંછે. આ આખા લત્તા ઉપર ખુશનુમા ખેત્રો અને ઝાડીઓનાં રળીયામણાં અરંદા પરંદાઓ શેકારીઓને લાલચ આપેછે. આ તરફ મધુર ગીતો ગાતાં ચળીયાં અને પોપટો, મેણા અને કોયલો તથા મુંબઇનાં બારાં તરફથી ઉડી આવતાં દરિયાઇ બટકો અને બીજા તરેહવાર જળ કુકડાઓનો સારો જથો રમતગમતની ક્રિડા કરતો રહેછે. એ તરફ યાહોમ શેકારમાં ઝોપલાવવાનો એકાંતપણે વખત ગુજારવાનો જમસુનો શોખ તેના દોસ્ત દાદીબાને એકથી વધારે વખત બીહીવડાવનારો થઇ પડયો હતો.

"દીકરી જમસુ, તું તારા આ નવા શોખમાં કોઇ દહાડે ખતા ખાશે," દાદીબાએ એક સહવારે તેને ચેતવણી આપી. "તું ઘોડાને ચાર પગે છોડી મુકેછ તે કાંઇ જોતોજ નથી. તારો મકન ઘોડાવાળો ગઇ કાલેજ મને કેહેતોતો કે તું લગામ ઘણી ધીલી પકડેછ. અને આ ગામ તરફના નવા નવા રસ્તાઓ તારા જીવને જોખમના છે તે તું જાણતો નથી. તારો આ મોટો ઉંચો ઘોડો મને ગમતોબી નથી."

"શું દોસ્ત દાદી, મારો રૂસ્તમ તુંને નથી ગમતો?" "રૂસ્તમ" તે જમસુનો નવો ખાસ રક્ષ હતો કે જેની મુંબઇના તબેલાઓમાં સરસમાં સરસ ચાલને માટે કીર્તિ હતી. "નહી, નહી. એના જેવો બીજો ઘોડો તો લાવ? એનું મોહોડું એટલું નરમ છે કે તું ચાહે તો રેશમના તારે તું એને હાંકી શકે." જમસુએ વખાણ કીધી.

"પણ જો ભાઇ, તેં કાંઇ ઘણા ઘોડા હાંકેલા નથી. વળી તું અંહીનો રેહેવાસી નથી. વાસ્તે તું સંભાળીને ચાલે તો સારૂં."

"શું તું એમ ધારેછ દાદીબા, કે આસ્ત્રેલિયાની મારી જીંદગીમાં, કે જ્યાં એકેક ખેત્રની વચેનો ત્રિસ ત્રિસ ચાલીસ ચાલીસ માઇલનો અંતર અમારા જેવા સાહુકારોની સ્વારીને માટે બિસાદમાંજ નથી, ત્યાં શું મેં કાંઇ ઘોડા દોડાયાજ નથી?" જમસુએ પુછયું.

"આસ્ત્રેલિયાની વાત તો હું કાંઇ જાણતો નથી ભાઇ," દાદીબાએ ડાહપણ દેખાડયું. "પણ એટલું જાણુંછ કે તું કાંઇ મોટો શેકારી થયો નથી, તેટલામાંજ તું મોટો શેકારી સ્વારમાં ખપવાનું ડોળ ઘાલેછ. તું જ્યારે તારા આ મોટા ઘોડાપર ચહડીને જાયછ ત્યારે દરરોજ મને તારી ધાસ્તી લાગેછ, અને તુંને કરકટી ઉપર નાખીને 'રામબોલો ભાઇરામ' કરતા ઉંચકી લાવવાની વકીમાં હું રોજ રહુંછ."

"ને વારૂં ઘડીભર તેમબી થયું દાદીબા, તો હું 'રામબોલો ભાઇરામ' થવાથી તું સિવાય બીજા કોણને મારી ખોટ જવાની છે? તું સિવાય મારૂં બીજું કોણ છે?"

"જમસુ! જમસુ!" દાદીબા ઠપકાની ઢબે બોલ્યો.

"અરે હા, હા! હું મુવો તો દુનિયાથી ગયો." જમસુએ બેફીકરાઇ બતાવી. "મારૂં રડનાર કુટનાર કોણ છે? ઘણું તો તું દલગીર થશે પણ મારી મિલકતનો વારસ તો ખુશી થશે. હા, હા ઠીક યાદ આવી! મારા વારસ વકીલ કોણ છે? હું તો તે જાણતોબી નથી. દોસ્ત દાદીબા, મારે મારૂં વિલ કરવું જોઇએ. આ સઘળી સુંદર મીલકતનો થોડોક ભાગ મારે કોઇ એક જણને વસિયતમાં આપી જવો જોઇએ, કે જે એક જણ તેને માટે હું કાંઇબી દરકાર કરતો હોઉં એવું હોવું જોઇએ."

દાદીબા સમજ્યો કે આ "એક જણ" તે જમસુ પોતાની બાયડી વિષે બોલેછે.

જમસુએ તે દહાડે શેકારે જવાનો વિચાર માડી વાળ્યો અને પોતે કયાં જાયછે તે કેહેવા વગર તોપણ "રાત્રે પાછો આવનાર નથી" એટલુંજ બોલીને તે બપોરે બે વાગતે ઘોડો તૈયાર કરાવીને પાધરોજ સ્વારી કરતો ઉલવા બંદરે ગયો, અને ત્યાંથી મુંબઇની આગબોટે ચહડી બેઠો. મુંબાઇ કિનારે ઉતરતાંની વાર તે લાગલોજ મી૦ ડોસુબા વકીલની આફીસે ગયો, અને "જસવાડી" ની જે મીલકત પોતાને મળ્યા અગાઉ જે વકીલ સાહેબનાં ત્રસ્ટમાં હતી તે વિષે પોતાનું વિલ કરવાની તેજ વકીલ સાહેબ સાથ તે મસલત ચલાવવા

પડયો. વિલમાં વારસ દાખલ કોણનું નામ લખવું તે ડોસુબા વકીલે પુછવાથી જમસુએ જવાબ દીધો કે—

"જસાવાળાનાં મારાં બાપીકાં ખાનદાનમાં બાપ તરફથી ઉતરી આવેલી પેહેડીનો જે કોઇ નજદીકનો હોય અને જે જસાવાળાનું નામ રાખે તેને એ મીલકત મળે એમ લખજોજી."

"શું બધી મીલકત તમો તે એકલાનેજ આપવાના છો?" વકીલે પુછયું.

"નહીજી." જમસુએ ખોલાસો કીધો."આ બંદોબસ્ત તો હું મારાં બેહેસ્તણ બાપના બપાઇ તરફની વફાદારીને વાસ્તે કરૂંછ. જસવાડીની મીલકત જસાવાળાનાં ખાનદાનમાં જળવાઇ રહે એવી તેવણની ખાહેશથી તેવણ એ મીલકત મને આપી ગયાંછ તો મારે પણ મારાં વસિયતથી તેજ ખાહેશ બર લાવવી જોઇએ. એ તો 'જસવાડી' ની સ્થાવર મીલકત થઇ સાહેબ, પણ મારી બીજી અંગત પુંજી ને અસકયામત થોડી ઘણી છે તે હું મારા એક મેહેરબાન દોસ્તને આપી જવા માગુંછ કે જે દોસ્તને લીધેજ હું આ મીલકતનો વારસ થઇ શકયોછ. જ્યારે હું ભિખારીપણાના અંત ઉપર આવ્યો હતો ત્યારે તે દોસ્તની મેહરબાનીથીજ હું ટકી શકયો, ને એક લુછા, રખડતા પંચી લેખે નહી પણ ઇમાનદાર ને આબરૂદાર માણસ લેખે 'જસવાડી' નો હું માલેક થઇ શકયો તે સઘળું એ દોસ્તની મેહેરબાનીથીજ હું થઇ શકયો. તેને હું મારી અંગત અસકયામત આપી જવા માગુંછ."

આ ભરમભરયા સખુનો ઉપરથી મી૦ ડોસુબા વકીલ તે પોતાને વિષે સમજ્યા, અને જમસુના આ ડહાપણભરેલા ઠરાવને માટે તેને ઘણી શાબાશી આપી. તો જોકે જમસુ તેવણને એકાદ વીંટીનો અથવા પાંચસો હજાર રૂપિયાનો વારસો આપી જશે તે કરતાં વધારે તેવણે કાંઇ વિચાર્યું નહી. ડોસુબા વકીલ જમસુ કરતાં ઉમરે વડા છે અને જમસુ તો હજી એક જુવાન્યો છે માટે તેવણ જમસુની આગળ થઇ જાય એવું છે, અને તેથી એટલોબી વારસો તેવણ મેળવવા પામે એવી વકી રાખતા નથી, પણ ડોસુબા વકીલ સારી પેઠે જાણેછે કે જ્યારે તેવણ પોતાના જીવની સારી પેઠે સંભાળ રાખેછે ત્યારે જમસુ બીજા જુવાન્યાઓની પેઠે ખાવા પીવા અને ઘોડા દોડાવવા પડયોછે. માટે અગરજો જમસુ તેવણને કાંઇ વારસો આપી જાય તો તે લેવા સુધી જીવતા રેહવાની ડોસુબા વકીલને વકી તો છે.

પણ જમસુએ તેવું તો કાંઇ નામ લખાવ્યું નહી. તેણે તો પોતાની અંગત અસકયામત, ફર્નિચર, ઘોડા ગાડી, ચોપડી અને ચિત્રો દાદીબા લંગડાનાં નામ ઉપર લખાવ્યાં અને એ દોસ્તને નામે વારસાનો એક ભાગ આપીને તેણે ધીરજ પકડી કે "હવે મારો એ ગરીબ બિચારો સાચો દોસ્ત પોતાની આખી જીંદગીમાં સ્વતંત્રપણું ભોગવી શકશે અને હવે જો એકુ દહાડે મારો રક્ષ રૂસ્તમ મારી જીંદગીનો આંકો લાવશે તો હું મારા દોસ્તનું કાંઇ ભલું કરી જવાનો સંતોષ લઇશ."

તે દહાડો તો જમસુએ મુંબઇમાંજ ગુજાર્યો: વકીલ સાહેબે વસિયતનામુ બાજે દહાડે તૈયાર કરી આપવા કહ્યું. પણ તે સાંજે ઉલવે જવાની આગબોટ નહી હતી માટે ડોસુબાએ જમસુને પોતાને ત્યાં પહરોણો રાખવા માંગ્યો, પણ જમસુએ તે માંગણી ઉપકાર સાથ ના પાડી. તે સાંજે મરઘાશેરીનાં પોતાનાં જુનાં ઘરમાં નવાઇની ખાતર એકવાર પાછો ગયો, અને જોયું તો તેને ભાડે આપેલો પોતાનો ઓરડો તેના કોઇ દહાડે પાછા આવવાની આશા ઉપર ગુલી ગોરાણીએ હજી સુધી તેને માટેજ રાખેલો હતો, અને તેણીએ જમસુને રાખવાની ઘણીજ ખાહેશ બતાવી, તથા તેની બાયડી ઇત્યાદી ખબર અંતર પુછી.

"બાવા દારાશાહ, તમારી ખટલીબાઇની કોંઇ ખબર? તેવણ તમોને મલ્યાં તો હોંશે."

જમસુએ ઉડાવનારા જવાબો આપ્યા, અને ખટલી હજી મળી નથી એટલુંજ દેખાડયું. ગુલી ગોરાણીએ પોતાનાં ભાડુતને આગળ કરતાં વધારે સોજું અને તરદુદથી બનાવેલું સારૂં સારૂં ખાણુંપીણું લાવી આપ્યું. તેના ચાકર કાસમે જમસુનું જુનું બિછાણું બિછાવી આપ્યું, અને તે સારી પેઠે ખાઇ પીને આનજની રાત ત્યાંજ રહ્યો.

સહવારે ઉઠીને નાસ્તો પાણી કરી તથા નાહી ધોઇને પાછો જતાં તેણે ગુલી ગોરાણીને

આગળો ચહડેલાં ભાડાંના સઘળા રૂપીયા ચુકવી આપ્યા, અને એજ ઓરડો તેનાંજ નામ ઉપર રેહેવા દેવાની અરજ કરી ગયો. તે એવું સમજાવી ગયો કે જાણેકે પોતાની નોકરીને લીધે તેને બાહારગામ રેહવું પડતું હોય, પણ કોઇ કોઇ દહાડે મુંબઇમાં આવજાવ થતી હોય માટે તેને પોતાનું અસલી ઘર મુંબઇમાં હજી સુધી ભાડે રાખવા ગમ્યું હોય.

બે વર્ષના ચહડેલાં ભાડાંની આખી રકમ એક હુમલે મળવાથી ગુલી ગોરાણી તો જાણે કે પુંજીવાળી થઇ પડી અને તેનાં ઘરમાં એક હાથીનો પગ આવ્યો. તેણે આ ઓરડો દારાશાહ દોલીદાદીનાનાં નામ ઉપર ચાલુ રાખવાનું ખુશીથી કબુલ કીધું અને તેનાથી છુટી પડતાં તેને ઘણીએક દુવાઓ દીધી જેમાં એક દુવા એવી પણ હતી કે "બીજી વખત ભરયા પુરયા આવજો, અને સાથે ખટલીબાઇને લેતા આવજો."

ત્યાંથી નિકળ્યો તેવો જમસુ મી૦ હોસુબા વકીલની આફીસમાં ગયો. તેવણે તાકીદથી વિલ તૈયાર કરાવી આપ્યું કે જે લઇને જમસુ તેજ બપોરે ઉલવાની આગબોટમાં પોતાને ઘર રવાને થયો. 'જસવાડી' માં પાછો પોંહોચ્યા પછી તેણે પોતે કયાં ગયો હતો અને કયાં રહ્યો હતો તે સઘળું દાદીબાને કહ્યું અને 'જસવાડી' ની મીલકતનું વિલ કીધું છે તેબી કહ્યું, પણ તેમાં પોતાની સર્વે અંગત અકસયામત અને પુંજી દાદીબાનાં નામ ઉપર લખેલીછે તે તેને કહ્યું નહી. તે ખબર તો તેના મુવા પછી દાદીબાને અચરત કરવા માટે રેહવા દીધી. વળી તે સઘળો ભેદ કહી દઇને પોતાના ગરીબ દોસ્તને શરમાવવાનું પણ જમસુને ગમ્યું નહી. તે કેહેવાથી દાદીબા જમસુનો આભારી અથવા ઓસ્યાલો રેહે તે તેનાં જીગરને ભાવતું લાગ્યું નહી. એકવાર એ ભેદ જાણ્યા પછી કદાચ શું શું ફેરફારો બને, અને તેથી કદાચ એ દોસ્તની હાજરીની મઝા તેને ખોહવી પડે એવું પણ તેને લાગ્યું. માટે એ ભેદ વિષે "સબસે બરી ચૂપ્ચ" તેણે પસંદ કીધી.

દાદીબા લંગડાને અંહી રેહેવાનો તથા આમડાંની મોજ ઘણી પસંદ પડી. એક અંધારા ઓરડામાં દવાના ઘુંટારાઓ ઘુંટી આપતાં અને પાઉડરનાં પડીકાંઓ બાંધતાં બાંધતાં પોતાની અડધી જીંદગી ગુજરયા પછી તે સર્વે જોખમભરેલી જંજાલ સાથ સરખાવતાં અંહી વસવાનું તેને એક છુટકારા સરખું લાગ્યું, અને અંહીનાં ઉંડા જંગલો, ઉંચા ડુંગરો તથા ખુલ્લાં ખેત્રોમાં ફરવા હરવાની તેને ઘણી મઝા લાગી. જોકે તે પગે લંગડો હતો અને તેના પગની એ ખોડ બચપણથી એવી જડાઇ ગયલી હતી કે તેના ખોડા ચાલવામાંજ તે માલમ પડતી હતી, તોપણ બીજી કશી રીતે તે જણાતી નહી હતી. તેના પગમાં દુઃખ દર્દ કાંઇ નહી હતું અને તેથી કરીને તેનો ચાલવાનો શોખ આ એકાંત વણમાં ઘણો વધ્યો હતો, કે જ્યાં તે લાંબે ફરી આવતો હતો અને ચાલવાનો શોખ પુરો પાડતાં પોતાને ઉપજેલી મોજનો સઘળો હેવાલ પોતાના દોસ્ત જમસુને કેહતો હતો.

એ પ્રમાણે આજની પોતાની સેલગાહથી પોતાને મળેલા જથાબંધ શેકારની તેણે જમસુ આગળ હકીકત કહી સંભળાવી, અને તે સાંભળવાથી ખેત્રોમાં આવેલા નવા જળકુકડાઓ પકડવા બીજી સહવારે જવાને જમસુએ મજબુત મન કીધું.

તે સહવાર ઘણી ખુશનુમા પડી. વાદળ ઘણું ખુલ્લું હતું. આફતાબ ખુબ ઠાઠથી પ્રકાશી નિકળ્યો હતો, અને રક્ષ રૂસ્તમ પણ તેજી થયો હતો.

"કેમ મકન, આજે રૂસ્તમ કેમ છે?" ઘોડાવાળો ઘોડો તૈયાર કરી લાવ્યો તેવું શેઠે પુછયું.

"રૂછતમ ઘણો તાજોસે છાબ. કાલનો દહાડો કછરત આપી હોત તો ઠીક થાત. એક દહાડો બેઠેલો સે તેથી જરા મછતીમાં સે."

"મસ્તીમાં છે તો વધારે સારૂં. એની મસ્તીથી મને પણ જરા મસ્તી આવશે." જમસુ એકદમ સ્વાર થઇને હંકાડી ગયો.

"ભગવાન ખેર કરે! ઘોડો તેજી સે. છેઠની હાંકણી તેજી સે, ને રખે કોઇ દહાડે કાંઇ કામ વધારે." દાદીબા આગળ ઘોડાવાળાએ ધાસ્તી દેખાડી.

"પણ તારો શેઠ તો અચ્છો સ્વાર છે કની?" દાદીબાએ પુછયું.

"અરે છાબ ભલા ભલા સ્વારો સકર

ખાઈને ગેલાંટયાં મારેસ તો બિસારા મારા છેઠ તે છું બિછાદમાં હોય? એવણ તો નવા-છવા છે, તેથીજ મને ફીકર સે."

મકનની આ ગોફતેગોથી દાદીબાની ધાસ્તીમાં જરા વધારો થયો. પણ એજ વખતના ખુદ-રતના ખુશનુમા હિગામ ઉપરથી તેણે પણ જમસુની પછવાડે ચાલતો જવાનું મન કીધું, અને ઘોડેસ્વારીમાં હિંમતવાનના કરતાં બીહીકણાઓ વધારે ખતા ખાયછે ને જમસુ તેવો બીહીકણો નહી હતો એવી હિંમત ધરીને તે પણ ખુશનુમા ખેત્રોની હવા ઘોરવા નિકળ્યો.

પ્રકરણ ૬૦ મું.

એક ગામડિયું ઘર.

"જસવાડી" થી બે માઇલને અંતરે એક નાનું ગામડું હતું, કે જે ગામડાંમાં કોલી-ઓનાં ઝુંપડાંઓનો એક મોહોલો હતો. પણ નવાઇની વાત એ હતી કે આ ગામડાંના કોલીઓ વચે એક પારસી ગૃહસ્થનું ઝુંપડાં-રોકું ઘર હતું કે જે ઘરને લગતું એક નાનકડું ખેત્ર તરકારીની અને બીજી થોડીક ખેતીવાડીથી તાજું ઉગાડેલું હતું, અને તે સાથે તે ગૃહસ્થનું એક તાડીનું પીઠું હતું. આથી પીઠાંની બાહાર ઉંચા આંબાઓના એક ખુશનુમા ઘટાના શિતલ છાંયડાની નિચે તરવાડાઓ તાડી છેજી લાવીને ઘડયાં એકઠાં કરતા હતા અને ગામના કોલીઓ ત્યાં મુકેલા લાકડાંના વાંકા ટીકા બાંક ઉપર બેસીને ગામની ગપસપ ચલાવતા હતા.

દાદીબા ફરતો ફરતો આંબાવાડીની આ ખુશનુમા ઘટા તળે આવી પોંહચ્યો, અને ગામડયાઓની ગપસપ વચે પોતાની બે માઇ-લની મંજલથી થાકેલા પગને આરામ આપવા બેહો. અંહી કાંઇ તે પેહેલવેહેલો આવ્યો નથી. આ ઠેકાણે તે મહીના એકની વાત ઉપર પેહેલો આવ્યો હતો ત્યારે એક દેખાવે દાદીબાનું ખાસ ધ્યાન ખેંચ્યું હતું. તે દેખાવ એક ખુબસુરત નોજવાન નાજનીન ખેત્રમાં કામ ઉપર બેસ-વાનો હતો.

ગામડયણ પારસણોની નખરાંબાજ ખુબ-સુરતી એક મુંબઇગરા શેહેરીને સદાની નવાઇ ઉપજાવેછે, તો અંહી ઘાટાં ગસ્યાં, ડુબરાં કોલી-ઓની વચે એક શોભિતા ઘાટ ઘટમવાળી કન્યાને જોવી એ દાદીબા જેવા શોખીલા જુવા-નને માટે દિલ ખેંચનારો બનાવ થઇ પડે તેમાં અચરતી જેવું કાંઇ નથી.

તે પારસણ અબળાનો દેખાવ ગમે એવો ગામડયાસહી તોપણ આબરૂ ઇજત અને શાન સલૂકની બાબદમાં શેહરી બાનુઓને ટકર મારે એવો હતો. તે બાઇનાં અંગમાં બ્લુ રંગની રેસમી સાડીની કાછરી વાળેલી હતી, અને તે ખેત્રમાં કાપણી કરવાને વાંકી વળેલી હતી. તે વેળા તેનો દેખાવ લિલોતરીમાં એક મરોડદાર ઓરત સરખો ચિત્રવત હતો. તેની ચામડીનો રંગ સફેદ અને કુમાસ સુવાળું હતું. તેના ચેહેરા ઉપરનાં અણિયાળાં નાકની શોભા દીપ-કવાન હતી, અને તેનાં માથાબાનાની પાછલથી લટકતા ગુચ્છાદાર કેશના ઝુમખાએ તેની નાજુક ગરદનને નાજુકીભરેલી અદાથી ધાંકી રાખેલી હતી.

એક કુમળી કન્યાને કામ કરતી અને ખુશ ચેહરે હસ્તી જોવી તથા કામનું વહિત્રું તે એક મોજ હોય તેવી રીતે આસપાસ વાતો ચલા-વતી કામમાં મશગુલ જોવી, એ દેખાવ દાદી-બાને મનથી એક ચિતારાની પીછી અથવા એક કવીની કલમને છાજતો હતો. આવે ઠેકાણે ફરતો ફરતો પાછો આવવાનું દાદીબાને ખેંચાણ થયું તેમાં કાંઇ નવાઇની વાત નથી. તે પેહેલાં આવ્યો ત્યારે આ ગામડેની ગોરીની માત્ર નજર સાથ નજર મળી હતી. પણ બીજીવાર બીજે મહીને તે બૌનજટ ઉપર આવીને બેઠો ત્યારે તેણે તેણીની સાથે કાંઇ વાતચીત કરવાનું મન કીધું.

કાપણી કરતી કરતી એક નાહસી ગયલી બકરીને પકડવા માટે દાદીબા બેઠેલો હતો ત્યાં તે આવી લાગ્યાથી, તેણેજ તેણીને બોલાવી.

"થંડીમાં દોડવાની કસરત તો સારી થતી હશેજી." દાદીબા હસ્યો. "બકરી મરેરે, તમોને કેટલી દોડાવેછજી. હું પકડી આપુંજી?"

"નહીજી, નહી તમે તસ્દી ના લ્યો. તમે બેસી રહો. મને કાંઇ થંડી લાગતીજ નથી."

"તમે અંહી વસનારાંઓને થંડીની આસરમ પડી ગઇછ તેથી લાગે નહીજી.અમારાં મુંબઇમાં તો એટલી થંડી અમારેથી ખમાય નહી."

"જી, તમે મુંબઇના છો ! ત્યારે દિલમાં ગરમી લાવવા મુંબઇ વેરથી અંહી ચાલી આવ્યા હશો."

"નહીરેજી, નહી મુંબઇથી કાંઇ ચાલતાં અવાય કે ? હું તો અંહી ઉલવામાં રહેલોછું. 'જસવાડી' થી અંહી સુધી ચાલતો આવ્યોછ."

"તેબી બે માઇલ થયાજી. ત્યારે બેસીને અંહી આસાયશ લ્યોજી. ગમેતો અમારાં ઝુપડાંમાં આવો ને અમારા ઓટલાપર બેસોજી."

એટલું બોલતાંજ તે ચપલ પગલાંની કન્યા પોતાની બકરીને ઘસડતી પોતાનાં ઝુપડાં તરફ ચાલી અને દાદીબા તેની પછવાડે મુંબઇઞરા શેહેરી એસ્કાઓનો લેહકો કરતો તોપણ લજવાતો અને બીહીતો પાછળ ગયો. તે છોડી ઝટ ઝુપડાંનું બારણું ઉઘાડીને એક ખુરસી બાહાર લાવી અને દાદીબાએ તે ઉપર બેસતાં નજર કીધીતો ઝુંપડું બાહારથી જેટલું કંગાળ દેખાતું હતું, તેટલું અંદરથી તે કંગાલ નહી હતું. પણ બારણાની પંછવાડે એક સોજો અને સફાઇદાર ઓરડો સોજા અને સફાઇદાર સામાનથી શણગારેલો તેની નજરે પડયો. તેમાં એક ગોલ ટેબલ હતી કે જે ઉપર એક નકસીદાર લાંપ લટકતું હતું. ટેબલ ઉપર એક હાથનો ગુંઠેલો ગાલીચો બિછાવેલો હતો. છીટનાં કવરની એક સોફા અને બે ચાર ખુરશીઓ હતી, તથા એક નાના બુકકેસ ઉપર ઇંગ્રેજી ગુજરાતી ચોપડીઓની હાર ગોઠવેલી હતી, કે જે ચોપડીઓ વધારે મોટા મેહલોમાં હોયછે તેમ શોભાને માટે માત્ર દેખામણી નહી હતી પણ તેમના તુટેલાં કવરો ઉપરથી જણાતું હતું તેમ સાધારણ વપરાસની અને રોજના ખપજોગી હતી. એ નાનકડાં પુસ્તકખાનાં સાથે એકાદ બે આરસીઓથી આ ગામડયા દીવાનખાનાનું ફરનીચર પુરૂં થયું હતું. સામાન જોકે થોડો તોપણ સઘળો સાફ અને દીવા જેવો ચલકતો હતો. પીતલની સમેદાણી વિગેરે તેમજ લાંપોનાં ચકરો અને બરનરો વગેરે સઘળું ધાતુકામ તદન સફાઇદાર અને પ્રકાશિત હતું, કે જે સઘળી સફાઇ ઘરમાંની કામ કરતી કારભારિણી ઘણી ઉદ્યોગી અને મેહનતુ તેમજ સમજુ અને શિખેલી હોવા વિષની સાબેતી આપતી હતી.

એક પારસીનું ઘર શું શેહરમાં કે શું ગામમા કચરા વગરની ભોંય અને તે ઉપર લેવાયલી ચોક ચંદનની જતનના સુધરેલા છાપથી કદી ખાલી હોતું નથી. તમે ગમે એવા જુદદીનની વસ્તીમાં જાવો તો ઘાટાં ઘરયા અથવા ખારવા ગોલાઓનાં ઘરોની વચેથી પણ એક પારસીનું ઘર તેનાં આંગણાંની સફાઇ ઉપરથી તથા ચોકનાં ચિત્રામણ ઉપરથી તમોને પિછાણી લેવું મુસ્કેલ પડશે નહી તેમજ દાદીબા લંગડાએ ગામડાંની વચમાં પણ આ એક પારસી ઝુપડું જોતાંનીવાર ઓળખી કાહાડયું, અને ઓળખતાંનીવાર સુધરેલા સંસારની ઇધાણીઓ ઉપરથી ત્યાંની પારસી જીંદગીનું અનુમાન તુર્તજ કાહાડી લીધું. તે જીંદગીનું સુધરેલું સંસારસુખ આ ઝુપડાંની અંદરના દેખાવથી તેણે ખરૂં પડેલું જોયું.

દાદીબાને પોતાના ઓટલા ઉપર બેસવાને ખુરશી આપીને તે જુવાન અબળા પાછી પોતાના નાનકડા બાગમાં કામે મંડી ગઇ. તે એક લાંબી કાતર વડે ઉંચું ઘાસ કાપીને સરખું કરવા બેઠી અને દાદીબા જાણેકે કેટલાક ગાઉ દૂર બેઠો હોંય તેમ તેની કશી વધારે ખબર લેવાની તેણીએ કનવાર કીધી નહી, ત્યારે એ મુંબઇગરો જુવાન્યો આળસુ બેસી રહીને તે ખુબસુરત લાડલીના હાથ પગની મનોહર હીલચાલો ઉંડા વિચારમાં તપાસતો રહ્યો.

એજ ઘડીએ "મમા, મમા" કરતો એક નાનકડો અવાજ ઓરડાની અંદરથી સંભળાયો, અને એક ખુશનુમા બાળકનું ભુલકું તુર્તનું ચાલવા શિખેલું પોતાનાં ટુકાં કદમે દોડતું ઓટલા ઉપર નિકળી આવ્યું. તેનાં દિલમાં ફકત એક ગરમ કુરતું હતું, તેજ તેનો સઘળો પોશાક હતો. તેનો દેખાવ એક ખીલેલા ગલગોટા જેવો આસુદો હતો. તેનાં ઉંઘાડાં માથાં ઉપર જતનથી ઉઘાડેલા ચલકતા કેશના ગુચ્છાદાર ઝુમખા લટકતા હતા, અને તેના હાથ પગનાં ગોટલાં માસથી

ભરેલાં ફરફે હતાં. આ નાનકડું ગેતકું બારણામાંથી હર્ષિત અવાજ કરતું ખુશાલી ભર નિકળી આવ્યું, પણ એટલા ઉપર એક અજાણ્યા માણસને કાળા દગલામાં તથા કાળા ઉંચા ટેબ્યા સાથે બેઠેલો જોઇને તે બીહીકથી બુમો મારવા લાગ્યું. જાણેકે એ સુંદર બાળકે કાંઇ વાઘ દીઠા હોય તેવી તેને બીહીક ઉપજી. દાદીબાએ જોઇ લીધું કે આ ઝુંપડાંમાં અજાણાઓની ઘણી નવાઇ હતી. તેની ચીસ સાંભળતાંજ બાગમાં કામ કરતી છોડીએ ઝપાટામાં દોડી આવીને તે સુંદર ભુલકાંને એકદમ ઉપાડી લઇ પોતાની છાતી સાથે દાબીને તેના ગાલોને ચુમીઓથી ભરી નાખ્યા અને તે બાળક "મમા મમા" કરીને બુમ પાડતું હતું ત્યારે "બીહીજીએ નહી, બીહીજીએ નહી એ તો કાકા છે, કાકા છે," એમ સમજાવીને "કાકા"ના સાધારણ એલકાબથી તે બેગાના વિષે તે તેને ધીરજ આપવા લાગી.

દાદીબા જે અત્યાર સુધી આ છોકરીને એક કુવારી કન્યા સમજતો હતો તેને આ બાળકે "મમા" (માય) કેહવાથી તે પરણેલી સમજયો, પણ અજબ થયો કે તેનાં પરણેલાં સોહવાસણપણાંની નીશાણીમાં તેના હાથ ઉપર કાચના ચીતલ કાંઇ નહી હતાં. તે બાળકને વિટાળેલા તેણીના ખુલ્લા હાથ તે ફરી ફરીથી જોવા લાગ્યો, પણ તે હાથ ઉપર ચીતલ તો નહીજ હતાં.

"કેવું મજેનું મીઠું બાળક!" દાદીબાએ વાત કરવા માટે આ બચ્ચાં ઉપરથી તક લીધી, કે જે તક અજાણાં માટીડા બૈરાંઓ વચ્ચે વાત ચલાવવાને ઘણીવાર મળેછે, પણ એ બાળક છોકરો છે કે છોકરી તે પોતે જોઇ નહી શકવાથી "બાળક" એમ સાધારણ બોલમાં બોલ્યો.

"હાજી, એતો મારો મીઠો પોપટ છે," તે બાઇએ જવાબ દીધો.

"તમારો કોઇ ભાઇ હશેજી?"

"નહીજી, એતો અમારો કરી લીધેલો દીકરો છે." તે નાજનીન ચેહરા ઉપર રતાસ લાવીને બોલી.

દાદીબાએ આ બચ્ચાં વિષે એટલુંજ જાણ્યું. જો તે ઓછો શરમાળ હોત અથવા વધારે હિંમતવાન હોત, અને વધારે પરપુછ કરવાની અથવા તે નાજનીનના હાથમાં એ ભુલકાંને "આઇ આઇ" બતાવાની હિંમત કરત તો એ ભુલકાંની કાંઇ વધુ કાહણી તેણે સાંભળી હોત; પણ દાદીબાના કુંજરા સ્વભાવે તેને એટલી સુઝ પાડી નહી. આવાં એક ગામડાંનાં એકાંત ખુણામાં દીકરો કરી લેવા માટે એક નાનકડો છોકરો આવી કેમ લાગ્યો હશે એટલીજ તેને અચરતી ઉપજી.

એ તો આ ગામડયાં ઝુંપડાં વિષેનો દાદીબાનો અનુભવ એક મહીનાની વાત ઉપર તે પેહલવેહલો આવ્યો હતો ત્યારનો થયો. માટે આજે તેનો દોસ્ત જસાવાળાનો જમસુ પોતાના મસ્તીખોર રક્ષ "રૂસ્તમ" ઉપર સ્વાર થઇને નિકળ્યા પછી પોતે પોતાના સરેસ્તા મુજબ ફરવા જતાં દાદીબા એજ ઝુંપડાં ભણી હેર્યું લેવાને લલચાયો. તે પેહલા દહાડા પછી અંહી એકથી વધારે વાર ફરવા આવી ગયો હતો. અને ઓળખાણમાં ઓળખાણ તેણે એટલીજ પાડી હતી કે આ જુવાન અબળાનું શીરીન પેશોતન એટલું. નામ તેણે જાણ્યું હતું. દાદીબાની પોતાની રીતભાતમાં પણ શીરીન પેશોતનને કેટલુંક ગમે એવું હતું અને એટલી સહેજ ઓળખાણ ઉપરથી તેઓ વચ્ચે સહેજ વાતચીતનો વેહવાર થયો હતો. અંહી ઉલવા અને પણવેલીની વચેનો મુલક, અંહીના બગીચાઓ અને ખેત્રો અને પાહાડો અને પેદાયશો અને પાક તથા આબોહવા, જે સઘળું શીરીન સારી પઠે જાણતી હતી તે વિષે તેણીએ દાદીબાને ઘણુંક કહ્યું હતું; પણ મુંબઇ શેહેર તથા તેના મેહલો અને રસ્તાઓ અને કારખાનાઓ અને ગીચ વસ્તી વિગેરે સઘળું જે શીરીને ઝાઝું જોયું નહી હતું અને જે વિષે તેને ઘણી નવાઇ લાગતી હતી તે સઘળું દાદીબાએ તેને કહી સંભળાવ્યું હતું. એ ઉપરાંત ચોપડીઓ અને ફુલ ફળો અને કોશ કુવાઓ અને ગાયઢોરો એવી એવી બાબદો ઉપર તેમના વચે વાતો ચાલી હતી અને એ રીતે આ બે વચ્ચે એક મહીનાની મુદતમાં નવીજ ઓળખ થઇ હતી.

તોપણ આટલા અરસામાં શીરીને દાદીબાને કદી પોતાનાં ઘરની અંદર બોલાવ્યો નહી હતો. તે જયારેબી ફરવા આવતો ત્યારે તેની

થાક ઉતારવા શીરીન તેને ઓરડામાંથી ખુરશી લાવી આપીને ઓટલા ઉપરજ બેસાડતી હતી અને તેનું કારણ જે દાદીબા તેની વાત ઉપરથી ચેતી ગયો હતો તે એટલુંજ હતું કે ઘરમાં આ લાડલીનો બુઢો મમાવો હોમાજી રેહેતો હતો કે જે બળેલા સ્વભાવનો કોઇ ડોસો હતો, તેની એ મનમોહન નાજનીનને ઘણી બીહીક હતી, અને એક બેગાના જુવાન સાથે તે એટલી ઓળખ પાડે કે તેને પોતાનાં ઘરની અંદર લાવીને બેસાડે તે એ બુઢાને કદાચ ગમે અને કદાચ નહીબી ગમે એવું હતું, એટલુંજ દાદીબાની તર્ક બુદ્ધિનું અનુમાન હતું.

અને હવે આજે તે પોતાના લંગડાતા પગે લાંબું ચાલીને એજ ઓટલા ઉપર પોતાની સરેસ્તાની ખુરસી ઉપર આવી બેઠોછે ત્યારની તેઓ વચેની વાતચીત જરા સાંભળ્યે.

"તમે અમારે ત્યાં એક રવીવારને દાહડે આંવો તો મારા મમાવા સાથે તમોને ઓળખાણ થાય," તે નાજુક સુંદરી બોલી "તેવણ આડે દાહડે હંમેશ પોતાનાં પીઠાંમાં જાયછ પણ આતવારે ઘરમાં રેહેછ."

"જી આતવારે તો મારેથી નિકળી શકાતું નથી, કાંકે આતવારે 'જસવાડી' નો ઘણી આખો દહાડો ઘરમાં રેહેછ અને તેની આગળ હું પણ રેહુંછ," દાદીબાએ જવાબ દીધો. "તોપણ તમારી એવી ખાહેશ છે તો હું એકુ આતવારે તમારા બુજર્ગ મમાવાને મળવા આવીશ. તેવણ તમારા ઘણા મેહરબાન મુરબી છે, નહી?"

"અરે! જી તેવણનું હેત શું પુછોછ? એવણનો બધો જીવ મારાંમાં ભરેલો છે."

"ત્યારે તમે અંહી તેવણ સાથે કેટલાંક વર્ષ થયાં——"

"જી, હું આખી જીંદગીભર અંહી રહેલી છું. મારાં માય એવણની એક પુરી દીકરી હતાં. તેવણનાં લગન અંહીજ થયાં હતાં. અંહી એક સગાની આવજાવ હતી તેની સાથ મારાં માયને પરણાવ્યાં હતાં. લોકો કેહેછ કે મારાં માય ઘણાં ખુબસુરત હતાં."

"તમારા ચેહેરા ઉપરથીજ કોઇ કહી શકે."

"અરે નહીરેજી," શીરીન પોતાની આ તારીફને માટે શરમાઇને બોલી. "મારાં માયતો મારા કરતાં વધારે ચેહરાવંત હતાં. તેવણની એક સબી મારા બાવાને હાથની ચિતારેલી દીવાનખાનામાં છે. મારા બાવા એક સારા ચિતારા હતા. તેવણ મારાં માયને પરણ્યા તે તેવણનાં સગાંવ્હાલાંઓને ગમ્યું નહી હતું. તેઓ કેહેતાં કે એક ગામડયા દારૂવાળાની દીકરીને પરણીને મારા બાવાએ પોતાનાં ખાનદાનને ખરાબ લગાડયું હતું. પણ દાદાર હોરમઝદે તો ઘણું સુખી જોડું બાંધ્યું અને મારા મમાવાએ તેઓને અંહીજ રાખીને લાડથી ઉછેર્યાંતાં. મારો જન્મ આપ્યા પછી એક મહીનામાંજ મારાં માય ગુજર્યાં તેથી મારા બાવા ઘણા નામુરાદ થઇ ગયા. તેવણે મારા સરખાં એક બચ્ચાંને માથે પડેલું જોયું. પણ મારા મમાવા ને મમાઇએ મને પાળી પોષીને મોટી કરવા કહી તેથી મારા બાવાને ધીરજ આવી. ત્યારથીજ હું અંહી રહેલી છું. મારા બાવા મુંબઇમાં રેહેવા ગયા અને મને મુંબઇમાં મિસિસ શાવક્ષાની સ્કુલમાં શિખવા બેસાડેલી હતી ત્યારે હું બાવાની સાથેજ રહેલી હતી. હું સ્કુલમાં હતી તેટલાંમાંજ મારા બાવા બેહેસ્તી થયા અને તે વખતની હું સ્કુલ મુકીને અંહી આવી. તે વાતને હજી પાંચ વર્ષ થયાં નથી, તે વખતે મારી ઉમર પંદર વર્ષની હતી. સ્કુલમાં હું થોડું ઘણું ઇંગ્રેજી શીખીતી અને મારા બાવા મારી ઘણી સંભાળ લેતાતા, પણ તેવણના ગુજરવા પછી મારૂં કોઇ રહ્યું નહી અને તેથી મારાં મમાઇ મમાવાએ મને અંહી પોતાની આગળથી ખીસવા દીધી નહી."

પ્રકરણ ૬૧ મું.

એક કજા—"રામબોલો ભાઈ રામ" ની યાદ.

આટલીબી લાંબી વાત શીરીન પેશુતન અને દાદીબા વચે આગળ કદી થઇ નહી હતી, અને એ વાત હજી આગળ ચાલે એવો સંભવ હતો, પણ તેટલાંમાં બાહાર રસ્તા ઉપર લોકોની કાંઇ ગડબડ સંભળાયાથી એ વાત બંધ પડી. ઘણાક માણસોની મોટા સાદની

બુમ તેઓના કાને આવી કે જેવી ગડબડની આ એકાંત ઝુંપડાંમાં ઘણી નવાઇ હતી. એ શું ગડબડ છે તે જોવાને દાદીબા એકદમ દરવાજા ઉપર દોડયો, અને શીરીન પણ ગભરાઇને તેની પુઠે ગઇ. જોયછે તો ઘણાંક માણસો આ ઝુંપડાં તરફ કાંઇ બોજો ઉપાડીને દોડી આવતાં હતાં. તેઓમાં એક જણ સર્વથી આગળ દોડી આવ્યો તે એક ઘાટી મજુર હતો.

"શું છે, બાબા? કાંઇ તારે ઘરની ગડબડ છે કે?" શીરીને તેને પુછયું.

"ના બાઇ, ના મારે ઘરતો બધા સારી પઠે છે," બાબાએ જવાબ દીધો. "પણ સામેનાં ખેતરમાં કાંઇ અકસ્માત થયોછે. ત્યાં તમારા મમાવાનાં ખેતરની પછવાડેની ખાહીમાં કોઇ શેઠ શેકાર કરતાં ઘોડા પરથી પડી ગયોછે. તેને મજુરો અંહી ઉંચકી લાવેછે."

"તેને કાંઇ ઘણું લાગ્યુંછ કે?"

"તેનો એક હાથ ભાગ્યોછ, પણ અંદર કાંઇ ઇજા થઇ હોય તો કોણ જાણે? તે લોહી ઓકેછ અને બેશુદ્ધ હાલતમાં છે."

આ ખબર સાંભળતાંજ દાદીબાના તો હોશ કોશ ઉડી ગયા. તેણે ધાર્યું કે આ શેકારી શેઠ તેનો દોસ્ત જમસુજ હોવો જોઇયે. તેના ઘોડાની મસ્તી વિષેની તેની સઘળી ધાસ્તી તેણે ખરી પડેલી જોઇ. તેણે ધ્રુજતા અવાજે એટલું પુછવાની હિમત કીધી કે "એ શેઠ કોણ છે તે તને જાણોછ?"

"હા, હા, અહીંની 'જસવાડી' નો શેઠયો છે," તે મજુરે જવાબ દીધો.

આજેજ જમસુ જસાવાળો "રામબોલો ભાયરામ" થઇને કરકટી ઉપર નખાવાની વાતને માટે હસ્તો હતો અને બરાબર તેજ વાત તેના વ્હાલા દોસ્ત દાદીબાએ નજરો નજર બનેલી જોઇ. મજુર લોકો બરાબર "રામ બોલો ભાયરામ" નીજ હાલતમાં તે બિચારાને કરકટી ઉપર નાખીને ઉંચકી લાવ્યા અને તેબી તેનાં પોતાનાં ઘરમાં નહી પણ આ હોમાજી દારૂવાળાનું ઘર પાસે હોવાથી ત્યાંજ તેને લઇ આવવાની તેઓએ મેનીજ કીધી.

પણ ત્યાંની જાણીતી "જસવાડી" નો આ માલેક કાંઇ ખરેખર "રામ બોલો ભાયરામ" થયલો નહી હતો. "રામ બોલો ભાયરામ" તો મુરદાંને ઉંચકી જતાંજ કેહેવામાં આવેછે, પણ જસાવાળાનો જમસુનો હજી જીવ રહેલો હતો. હજી તે કાંઇ મુરદું થઇ પડયો નહી હતો. દરવાજા આગળ મજુરોએ કરકટી ઉતારતાંની વારજ દાદીબા તેની આગળ દોડી ગયો, અને પુછવા લાગ્યો કે "કેમ છે? એનો જીવ છે કે?"

"હા, હા. જીવેછે, જીવેછે," ગામડયા મજુરોને એટલુંજ સમજવાની અને કેહેવાની શક્તિ હતી.

"શેઠતો જીવતા છે. અમસ્થા બેશુદ્ધ થયલાછે. હું ધારૂંછું કે એઓના બિચારાનાં પાંસળાં ભાગી ગયાંછે."

"ત્યારે તમે લોકો એને અંહી શું કામ લઇ આવ્યાં? બેહેતર કે એની 'જસવાડી' માંજ લઇ જાવો," દાદીબાએ ફરમાવ્યું.

પણ "જસવાડી" તો અંહીથી બે માઇલ દુર છે, અને તેટલાંમાં કદાચ શેઠ પોતાનો જીવ મુકી દે એવું હતું. માટે શીરીન પેશુતને આ શેઠને પોતાનાં ઘરમાંજ લઇ જવાનો મજુરોને હુકમ કીધો, કે જે માંગણી દાદીબાએ પણ ખુશીથી કબુલ કીધી. મજુરો કરકટીને ઉઠાવીને ઝુપડાંમાં લઇ આવ્યા, અને દીવાનખાનાની અંદરજ શીરીને એક બિછાણું મંગાવી ગોઠવ્યું, તે ઉપર જમસુના મૃત્યતોળ શરીરને મુકયું. દાદીબા તેની સાથે પેહલવેહલોજ આ ગરીબડાં ઝુપડાંની અંદર દાખલ થયો, કે જેની પછવાડે પણવેલીના ડુંગરો અને તેની પણ પાછળ માથેરાન તથા પરબળના પાહાડો લીલોતરીના લેબાશમાં પાછળા પ્રહરના નમતા સૂર્યના પ્રકાશમાં પ્રકાશિત ઉભા હતા. આ ઝુપડું, તેની અંદરની અને બાહારની રચનામાં દરએક રીતે સુંદર હતું. અને એક જખમી થયલા દુ:ખ્યારા દર્દીના આરામને માટે તે જેવું જોઇએ તેવું હતું. પોતાના ગમે એવા ગમના ઉભરા છતાં દાદીબાએ દીવાનખાનામાં આસપાસ નજર કીધી, અને બુઢા હોમાજી દારૂવાળાને ત્યાં સુંદર શીરીનમાં એક કેવી પરીજાદ પેદા પડી હતી તે દાદીબા પોતાનાં મન સાથ વખાણ્યા વગર રહ્યો નહી. આ સાદાં મકાનનું સઘળું સુખચેન તથા સઘળો આરામ શીરીન પેશુતનના

સુધરેલા શોખ અને નાજુક જતનને આભારી હતાં.

જમસુને બિછાણાની ધોતી ચાદર ઉપર સુવાડયા પછી શીરીન તેનાં માથાંની આગળ કોલાંવાટર સુંઘાડતી અને તેને હુસ્યારીમાં લાવવા માટે બ્રાન્ડીની એક ચમચી તેના મોં આગળ ધરતી બરદાસ્ત કરવા ઉભીજ રહી.

જરા વારમાં દર્દીએ પોતાની મીંચાઇ ગયલી આંખ્યો ઉઘાડી. તે ફારેલે ડોળે આસપાસ જોવા લાગ્યો અને હુસ્યારીમાં આવતાંની વારજ દાદીબાને ઓળખીને પોતાનાં ઘરમાં આવેલો સમજ્યો.

પણ શીરીન સરખી એક નોજવાન નાજનીનને પોતાની ખીજમત કરતી જોઇને, તેના નરમ, સુવાળા અને સફેદ બરફ સરખા હાથો પોતાનાં મસ્તકને પસવારતા જોઇને તેનાં ઘરમાં આવી એક દાસી કયાંથી આવી તે તે સમજી શકયો નહી. હુસ્યારીમાં આવીને કેટલીકવાર સુધી પડી રહ્યા પછી તેણે અંતે બોલવાની હિંમત કીધી.

"દોસ્ત દાદી," તે ઝીણા સાદે બોલ્યો. "અંતે તુંજ ખરો પડયો. અંતે રૂસ્તમેજ મને પાડયો. હું તેની પીઠ ઉપરથી ચીલડાંની પડે ઉડી ગયો. હું નહી ધારતો કે મારૂં એકબી હાડકું આખું રહ્યું હોય. મને તો લાગેછ કે મારો બધો ખુરદો થઇ ગયોછ."

"ખોદાની બક્ષેશ કે તારી હાલત ઉપર એટલીબી ટકોર કરવાને તું જીવતો રહ્યોછ ભાઇ!" દાદીબાએ તેને ધીરજ આપી "પણ તું હમણાં બોલ ના, તું બીહી ના, તું સારી પડે છે, પણ તું બોલ્યાથી થાકી જશે. તારી છાતી પરથી લોહી પડેછ, વાસ્તે તું મુંગો મુંગો સુઇ રેહે."

પોતાના દોસ્તની આ સલાહ માનીને જમસુ બે ત્રણ મિનિટ તો મુગો પડી રહ્યો, અને અજાણ્યા હાથોએ પોતાની સારવાર થતી થવા દીધી કે જે પછી વળી પાછો એક સવાલ પુછવાની તેણે હિંમત કીધી.

"દાદીબા, મને અંહી ઘરમાં કોણ લાવ્યું? હું પડી ગયા પછી મારૂં શું થયું તેની મને કશી યાદ નથી."

"ઘરમાં?" દાદીબાએ હસીને પુછયું. "આ કાંઇ તારૂં ઘર નથી, એતો હોમાજી દારૂવાળાનું ઘર છે."

"ત્યારે તુંબી અંહી કેમ આવ્યો, દાદીબા?"

"હું તો અંહી તારી અગાઉ ફરતો ફરતો આવેલો હતો. અંહી તારી પુરતી માવજત થાયછ. અને હવે તું ડાકટર આવે ત્યાંસુધી બોલતો ના."

"તું પોતે ડાકટર છે, તોપણ વળી તું ડાકટરને શાનો બોલાવવા માગેછ?" જમસુએ દાદીબાને યાદ આપી.

"એક કરતાં બે સારા." એ દાદીબાનો ખોલાસો હતો. "હોમાજી શેઠના ઘેરનો ડાકટર પણવેલીમાં રેહછ, તેને તેડવા મોકલ્યોછ."

બુઢા હોમાજી દારૂવાળાને ગભરાટ કરતા મજુરોથી અકસ્માતની ખબર મળી તેવાજ તેવણ પોતાનાં ઝુપડાંમાં દોડી આવ્યા અને પોતાના ડાકટરને તેડવા મોકલવાની સાથેજ ગરમ ગરમ બ્રાંડી પાણી જે તેવણને મનસે સઘળાં દુઃખ દર્દોનો અકસીર ઇલાજ છે તે તેવણ ઝડપથી બનાવીને જમસુનાં બિછાણાં આગળ લઇ આવ્યા.

"લ્યો શેઠ, આ જરા ગરમ ગરમ પી જાવો," હોમાજી બોલ્યા. જમસુ તે ખુશીથી ઓટી જતો હતો.

"નહી નહી, મમાવા. રાખો, રાખો," શીરીન તેનો હાથ અટકાવીને બોલી "એવણની છાતીપરથી લોહી પડેછ."

"ત્યારે તો વધારે સારૂં, છોકરી. જરા છાતી સેકાયાથી શેઠને આરામ થશે."

"નહી મમાવા, હજી ગમે તો એવણને બ્રાન્ડી ને થંડું પાણી આપો."

"એ તો જેવો તારો હોકમ, દીકરી." તેના મમાવાએ ટકોર કીધી. "આ ઘરમાં ધણી તું છે અને હું તો ચાકર છું." એટલુંજ બોલતાં બુઢાજી ગરમ ગ્લાસ બદલીને થંડું ગ્લાસ લાવવા પાછા ગયા.

દાદીબા, જેણે બુઢા હોમાજીને આ પેહલીજવાર જોયા તે તથા બિછાણે પડેલો જમસુ આ બાપ દીકરીની જતન ખુશાલીથી જોતાજ રહ્યા.

"દાદીબા, મેહરબાની કરીને મારૂં એક કામ કરશે?" જમસુએ તેના કાન ઉપર પડીને પુછયું. "મારા બિચારા રૂસ્તમનું શું થયું

તેની મને ઘણી ફિકર લાગેછ. તું તેની કાંઇ સારી ખબર લાવે તો હું ઘણો ખુશી થઇશ."

"હું જઇશ, ને તારા એ નાશ કરનારની તલાસ કરીશ. પણ તારે તેની ફિકર કરવી નહી જોઇએ, જમસુ. તે મુવો હોય તો એમ જાણજે કે તારી ખેર ગઇ," દાદીબાએ શિખામણ દીધી.

"છટ, છટ, દાદીબા!" જમસુને તેનાં વ્હાલાં જનાવરની ઘણી દયા લાગતી હતી. "એમાં બિચારાં જાનવરનો શો વાંક? રૂસ્તમ તો એક બચ્ચું છે. તેના ઉપર મારે હુલડાઇ કરવી નહી હતી. વાંક બધો મારો હતો. તે નહી ચાલી શકે એવી ખરાબ જગ્યા ઉપર હું તેને હાંકવા ગયો."

દાદીબા જમસુને આવા વખતમાં છોડી જવા ચાહતો નહી હતો, તોપણ તેના જીવને ધીરજ આપવાને મારે તેના કીમતી જનાવરની શોધમાં તેને જવું પડયું. રૂસ્તમની શોધમાં તેને લાંબે જવું પડયું નહી. તે તેજી ઘોડાને તો ખેડુતોએ સલામત પકડીને પડોસનાજ એક ગાય ઢોરોના તબેલામાં બાંધેલો હતો અને ત્યાં તેને ઘાસ દાણો નાખીને તૃપ્ત કરેલો હતો.

રૂસ્તમે દાદીબાને જોઇને જાણેકે ઓળખ્યો હોય તેમ એક ખંખાર માર્યો, અને દાદીબા તેની પીઠ થોકીને તથા તેને પસવાડીને જાણે કે તે સમજતો હોય તેમ ઠપકો દેતો પાછો ફર્યો કે, "બચાજી કમબખ્ત ખૂની! આખરે તેં તારા શેઠનો જીવ લીધો હતે. તારા જેવા ખૂનીને તો ફાંસી દેવાનો ધારો કાહાડવો જોઇએ."

ફાંસી દેવાને બદલે સામી તે જનાવરની બરદાસ્ત લેવાને મારે આસપાસના ખેડુતોને તાકીદ કરીને દાદીબા ઝડપથી પાછો ફર્યો, અને હોમાજીનાં ઝુંપડાંમાં આવીને જમસુની બોરદુએ હસ્તે ચેહરે ઉભો.

"કેમ? કેમ છે મારો વ્હાલો રૂસ્તમ?" જમસુએ ઈંતેજારીથી પુછ્યું.

"સારી પડે છે. તારા કરતાં તો ઘણો સારી પડે છે, દોસ્ત જમસુ, ખાએછ, પીએછ ને મઝા કરેછ. જેણે તારાં હાડકાં ભાંજયાં તેનું એક હાડકું ભાંગ્યું નથી," દાદીબા હસ્યો. "અંહીજ પાસેના એક તબેલામાં ખેડુતોએ પકડીને બાંધેલોછે."

જમસુને પોતાનાં વ્હાલાં જનાવરની આ ખબરથી ખુશી ઉપજી, અને જાણેકે તેને વધારે હુસ્યારી આવી હોય તેમ જણાયું.

આ અકસ્માતની ખબર પડતાં વારજ બુજર્ગ હોમાજી દારૂવાળાએ પણવેલીની ડીસ્પેનસરીમાંથી ડાકટરને તેડાવી મંગાવ્યો હતો, તે ડાકટર સીતારામ તુર્તજ પોતાના ટોંગામાં સ્વાર થઇને આવી લાગ્યો. પેહલી હકીકત તો શીરીને માડીને કહી સંભળાવી. અને પછી પોતે ઘોડા ઉપરથી કેમ ઝીકાઇ પડયો તેનો ટુંક હેવાલ જમસુએ પોતેજ કહી સંભળાવ્યો. ડાકટર સીતારામે ઘણી સંભાળથી અને ધીરજથી જમસુનાં શરીરનો એકેએક અંગભાગ તપાસી જોયો, અને એ વૈદક તપાસમાં દાદીબાએ પોતાના દોસ્તને બનતો ટેકો આપ્યો.

તપાસ કરીને ડાકટર સાહેબે જમસુને ધીરજ આપી કે "કાંઇ ફિકર જેવું નથી. પરમેસ્વરે તમોને બચાવી લીધાછે."

પણ એતો દર્દીને ધીરજ આપવાની વાત હતી. ડાકટર સાહેબની પછવાડે દાદીબા, હોમાજી અને શીરીન ત્રણે જણ તેને મુકવા ગયાં, તેઓ આગળ ડાકટર સિતારામે દાદીબાને એકમત થઇ ખુલ્લું મત આપ્યું કે "કામ બેહેકેલુંછે. પાંસલીઓ જોખમાયલીછે, જેથી એક પાંસલી છાતીની અંદર ચાલી ગઇછે અને તેથીજ દર્દી લોહી ઓકેછે. તેનો જીવ જોખમમાં છે મારે હું ભલામણ કરૂંછું કે કોઇ મોટા ડાકટરને દેખાડોતો સારૂં. તેટલાં હું છાતી ઉપર મુકવાનો મલમ આપુંછું તે પાંસલી ઉપર જયાં સોજો આવેલોછે ત્યાં લગાડયા કરજો."

મોટા ડાકટરને કયાંથી બોલાવવા તે એક સવાલ હતો. મુંબઇથી મોટા ડાકટરને આવવાની આગબોટ નહી હતી. પણ કલ્યાણીમાં પગ રસ્તે જઇને આવતાં બે કલાકમાં ત્યાંની રેલવે હાસ્પીટલના વડા ડાકટરની મદદ મળી શકે એવું હતું. ડાકટર સિતારામે તુર્ત ચીઠી લખીને તે ડાકટરને લાવવા પોતાનો ટોંગો મોકલ્યો, અને તેટલીવાર દર્દીની જતન લેવા મારે કલ્યાણીનીજ હાસ્પીટલમાંથી એક નર્સને બોલાવવાની તે સલાહ આપી ગયો.

જમસુએ પોતાની આગળ એક નર્સને રાખવાની વાત હસી કાહાડી. આસ્પીટલની "ઘરડી ખખ્ખ ઢાંખરીઓ" સામે "જસવાડી" ના એ જુવાન શેઠને કાંઇ અસલનો ધિક્કાર હતો તે ધિક્કાર તેણે એવોતો મજબુત દેખાડી આપ્યો કે એક કેળવાયલી નર્સ બોલાવવાનો વિચાર તદનજ માંડી વાળવો પડયો.

"ઘરડી ડોસીઓનું મારાં બિછાણા આગળ કામ નથી. હું મરી જાઉં ત્યારે મારો સચ્કાર કરવા ઘરડાંઓ આવે અથવા જીંદગીમાં મને સારૂં સારૂં રાંધી ખવાડવા ઘરડાં ડોસાંઓ કામ લાગે, પણ માંદગીનાં બીછાણામાંતો ઘરડાં ડોસાંઓને જોઇને હું ડાકણથી બીહું તેમ બીહી ઉઠીશ. મારી આગળ મારી ચાકરી કરવાને મારો દોસ્ત દાદીબા છે તે બસ છે."

અંતે દાદીબાએ પોતાના દોસ્તની આ ચાકરી ખુશી સાથે કબૂલ રાખી, અને તેની અરજ ઉપરથી ડાકટર સિતારામે કલ્યાણીનો ડાકટર આવે ત્યાંસુધી પોતે પણવેલી ન જતાં 'દર્દી'ની આગળજ રેહેવાનું કબૂલ કીધું. તેણે દર્દીનું બિછાણું એક વધારે સારી જગ્યામાં લેવાડયું અને તેની આગળ કશી ગડબડ ન થાય તથા હાલચાલથી તેની આસાયશમાં ખલલ ન થાય તે વિષેની તાકીદ ફરમાવી.

જમસુની આ માંદગી લંબાવાની છે, તે ધારેછે તે કરતાં એ વધારે લંબાવાની ધાસ્તી છે, માટે એવા એક લાંબા મંદવાડથી જો તેને સાજો કરવો હોય તો શરૂઆતમાંજ તેને ખીજવવો અથવા નાખુશ કરવો ઠીક નથી, એમ સમજીને ડાકટરે પણ હાસ્પીટલ નર્સ બોલાવવાની બોહસ કીધી નહી, પણ આ ઝુપડાંમાં વસનારી ગામડાંની ગોરીએ પોતેજ જમસુની આગળ તેની માવજતમાં રેહવાની માગણી કીધી તે ડાકટર સિતારામે કબૂલ કીધી અને જમસુએ પણ તે માગણી ઉપકાર સાથ બાહાલ રાખી.

"પણ ડાકટર સાહેબ, એવણ સાજા તો થશે કની?" શીરીને તેને ઓટલા ઉપર એકાંત ખુણે લઇ જઇને પુછયું. "એના જીવવાની આશા તો છે કની? આશા નહી હોય તો મેહરબાની કરી આગમચથી કેહજો નહી તો કે જંગલની વચે બિચારો રવડી રેહશે."

"આશા નથી?" ડાકટરે શીરીનને જરા થથડાવી "તમે સમજુ અને શિખેલાં થઇને એક અબળ બૈરીની પેઠે હાંજા મુકી શું ધોછ? આશા નથી શું? આશા તો ઘણી છે, તોપણ હું તમારાથી ખરી બીના છુપાવતો નથી. કેસ ઘણો ખરાબ છે—કામ જોખમનું છે—દર્દી ધાસ્તીમાં તો છેજ. તેની ઘણી સંભાળ લેવી પડશે. હવે પછીની હાલત એનાં લોહીની સ્થીતિ ઉપર આધાર રાખશે. એનું લોહી આ અકસ્માતથી બિગડી નહી જાય એટલીજ દુવા માગજો."

"દાદાર કરે ને તમારી આશા ખરી પડે." દાદીબા આ દુવા ચાહવામાં શામેલ થયો. "અને એનાં લોહીના બિગાડનો અટકાવ થાય."

"પણ લોહીનો બિગાડ દર્દીની પોતાની ટેવ અને આદતો ઉપર આધાર રાખેછે" સિતારામ ડાકટરે સમજણ પાડી. "એવણની જીંદગી કેટલી મિતાહારી છે, એવણને ખાવા પીવાની કેવી ટેવ છે, તે પ્રમાણે એવણનાં લોહીનો સુધારો બિગાડો આ અકસ્માતથી થતો રેહશે. તમારા દોસ્ત ખાવે પીવે તો સાવધ છે ની? કાંઇ એવણને રોજ ઢીચવાનો શોખ તો નથી?"

આ છેલો સવાલ ડાકટર સીતારામે ખાસ યાદ રાખીને પુછયો, અને દાદીબાએ તેના જવાબમાં ખાસ ભાર મુકીને ખાતરી આપી કે જમસુ જસાવાળો સાદી જીંદગીનો માણસ હતો અને તેની જીભને ખાવા પીવાનો કાંઇ બટાકો નહી હતો.

"ત્યારે તો કાંઇ બીહવા જેવું નથી." ડાકટરે ખાતરી આપી. "ખાતરી રાખજો કે તમારા દોસ્તની આદતો બુરી નહી હશે તો આ કમનસીબ અકસ્માતથી બિચારાની દેહનો ઝાઝો બિગાડ નહી થશે, અને આપણ એવણનો એ મંદવાડ આસાન ખેંચી કાહાડીશું. પણ યાદ રાખજો કે મુખ્ય આધાર એમની માવજત કેવી થાયછે તે ઉપર રેહશે. દર્દીને અનુભવી, અને જુની 'નર્સો' ની કાંઇ અજબ સુગ છે. તેઓ કાંઇ 'ઘરડીખખ' હોતી નથી. ઇંગ્રેજ 'નર્સો' તો જુવાન હોયછે, મારે મેહનતુ હોય છે અને દર્દીની પુરતી જતન લઇ શકેછે."

"તોપણ આ ઝુંપડાંમાં વસનારી બાઇ

એમની જતન લેવા ચાહેછે તેજ 'નર્સ' હું ધારૂં છું કે પુરતી છે." દાદીબાએ ઉમેદ બતાવી.

"હા, તમારૂં એ કહેલું બરાબર છે," શીરીન પેશોતનનાં "નર્સિંગ" ઉપર ડાકટર સીતારામે પણ ભરૂસો બાંધ્યો. અને શીરીનને પોતાને પુછીને એ અગત્યની બાબત ડાકટરે નકી કરી લીધી.

"બેહન શીરીનબાઇ" ડાકટર સીતારામે તેને પોતાની મસલત ચાલતી હતી ત્યાં આગળ બોલાવી પુછયું "તમારા આ પહરાણાનો મંદવાડ જરા લંબાશે, તે સર્વ મુદત તમારાથી એમની ચાકરી કરી શકાશે કે નહીતો કોઇ 'નર્સ' ને બોલાવીયે?"

"જી હું પોતેજ એવણની માવજત લેવાને શક્તિવાન છું." શીરીને નમ્રતાથી સઘળું કામ માથે લીધું "હું મારાથી બનતું કરવાને તૈયાર છું."

"પણ, જી, ડાકટર સાહબ કેહછ કે શેઠની માદગી લાંબા દાહડા ચાલશે" દાદીબાએ પાછી યાદ આપી. "તો તેટલા દાહડા એ પારકી વેઠને તમારાં ઘરમાં તમે ચલાવી શકશો? તમે થાકી જશો યા કંટાળી જશો."

"નહીરે જી, એટલી ચાકરી મને શું ભારી પડવાની છે! એટલાબધા તે કેટલા દાહડા એવણ અમારાં ગરીબ ઘરમાં પડી રેહવાના છે!"

આ સવાલના જવાબ વિષે દાદીબાએ ડાકટર તરફ જોયું, કાંકે એ જવાબ તે ડાકટરે દેવાનો હતો.

"પાંસલી ભાગેલીછે, તે સંધાતાં કમમાં કમ ચાર અડવાડિયાં લાગશે" ડાકટર સિતારામે ખોલાસો કીધો. "અને હું ધારૂં છું કે એક મહીના સુધી એવણને બિછાના ઉપરથી હાલચાલ કરી નહી શકાશે."

"બસ એકજ મહીનો!" શીરીને આ મુદત કાંઇ બિશાદમાં રાખી નહી. "એક મહીનો નિકળી જતાં વાર નહી લાગશે અને તેટલો વખત એ શેઠની માવજત કરતાં હું કાંઇ થાકી જવાની નથી."

"બસ બસ, ત્યારે તો એજ વિચાર રાખો." ડાકટર સિતારામે ખુશોથી જુવાન શીરીનનું "નર્સિંગ" પસંદ કીધું. "શીરીનબાઇની માવજત આગળ બીજી બાહારની 'નર્સ' બોલાવવાની જરૂર નથી. આજારીની માવજત તમે કેવી સારી લઇ શકોછો તે વિષે ગયા શીયાળામાં તમારા મમાવા બિચારા હાંફણથી પડયા હતા ત્યારે તમારી માવજત જોયાથી મારી ખાતરી થઇ હતી. મી૦ દાદીબા તમારા દોસ્તની માવજતને માટે શીરીનબાઇ કરતાં વધારે સારી જતન કરનાર કોઇ મળશે નહી."

સુંદર શીરીનની આ સર્ટિફિકેટ ઉપર દાદીબાએ સંતોષ બતાવ્યો કે "એ નેક બાનુનો ફરેસ્તાઇ હાથ મારા દોસ્તને તનદરોસ્ત કરવામાં પુરતો થઇ પડશે."

"પણ શીરીનબાઇ, સંભાળજો." ડાકટરે હસીને ચેતવણી આપી "એક પારકી વેઠ કરવા જતાં તમે પોતે પટકાઇ પડશો ના. ઘરમાં એક વખતે એક જણ આજારી પડે તે પુરતું છે, એકને બદલે બે સિક માણસ આપણને ગમશે નહી."

"બેફિકર રહો ડાકટર" શીરીને કબુલાત આપી. "એ શેઠની એટલીબધી શી ચાકરી કરવાની છે કે જે કરવાથી હું સિક થવાની છું?"

"પણ તમારે માથે આ તમારાં નાનકડાં ભુલકાંની વેઠ છે તે કાંઇ ઓછી નથી." શીરીનનો કરી લીધેલો દીકરો આ વખતે રમતો રમતો ઓટલા ઉપર નિકળી આવ્યો તેની યાદ આપીને ડાકટર બોલ્યો. "તમે એ બાળકની ચાકરી કરશો કે તમારા આ પહરાણાની વેઠ કરશો?"

આ નાનકડાં ભૂલકાં વિષે બોલતાં ડાકટર સીતારામનો ચેહરો લગાર ખારો દેખાયો. જાણેકે આ બાળકની શીરીને માથે લીધેલી વેઠ તેને ગમતી નહી હોય એવું તેણે બતાવ્યું.

"મારો પ્યારો પીલુ કાંઇ મને મેહનત આપતો નથી." તે ભૂલકાંનું નામ પીલુ-પીરોજશાહ—હતું તે ઉપર શીરીન પ્યારથી હિત દેખાડીને બોલી. "ને આ બિચારા જસાવાળા શેઠની ચાકરીને તમે 'વેઠ' શું કહોછ? ડાકટર, મારે મનથી એ કાંઇ વેઠ નથી પણ મોજ છે. મારી ગરીબડી જતનથી એવણ જલદી સાજા થાય એજ મારી જતનનો મોટો બદલો સમજીશ."

"પરમેશ્વર તમારા હાથને જશ આપો!" ડાકટરે જતાં જતાં સુંદર શીરીનને આશિષ દીધા અને હવે રાત્રે પાછો આવવાનું કહીને ડાકટર સિતારામ પોતાને ઘર ગયો. તથા શીરીનને તેના બુઢા મમાવાએ હાંક મારવાથી તે દાદીબાની સાથે જમસુનાં બિછાના આગળ દોડી ગઇ.

પ્રકરણ ૬૨ મું.

લાંબી મંદવાડ વચ્ચે નવી દોસ્તી.

જમસુ જસાવાળાની મંદવાડ લંબાયા વિષે ડાકટર સિતારામે આપેલી ધાસ્તી ખોટી પડી નહી. ઘણા થાકવી નાખવાના દહાડાઓ અને ઘણી કંટાળાભરેલી રાત્રીઓમાં દર્દી જીંદગી અને મોહત વચ્ચે અધ્ધર લટકતો રહ્યો. ઘણી વખતે તેની હાલત ખરાબ દેખાઇ, અને ઘણી વખત તેની તબિયતમાં સુધારો માલમ પડયો. દુઃખના પેહલા દહાડાઓ તો તેની ચોકસ દરજ્જેની બેશુદ્ધિમાં ગયા, કે જે વખતે મગજ અને યાદદાસ્તનું કાંઇ ઠેકાણુંજ નહી રહ્યું; અને ત્યાર પછી ઘણાએક દહાડા તેને હોસ્યારી આવ્યા પછી શુદ્ધિ વગરની સમજણ-શક્તિમાં પસાર થયા. તેણે બિછાના આગળ આવતાં જતાં માણસોના ઓળા જોયા કીધા, તે કયાં આવી પડયોછે અને કેમ આવ્યોછે તેની ઘણીક બાબતો ભૂલી ગયો, અને સેવટે એક લાંબા ખ્વાબમાંથી બિદાર થયો હોય તેમ એક નવાં જન્મેલાં બચ્ચાંની પઠે પોતાની આસપાસ એક નવી દુનિયાના નવા નવા ચેહરાઓ કોઇ નવીં ભાષાના નવા નવા અક્ષરોની પઠે ઉકળાવવા લાગ્યો.

અગત્ય કરીને તેની માવજત કરનારો આ માયાળુ ચેહરો, આ સફેદ અને સુવાળા હાથો, આ નરમ અને વિચારવંત આંખ્યો, તથા આ મીઠો અને થંડો અવાજ કોણના છે તે તે વિચારીને જોવા લાગ્યો. શું તે એની બાયડી ખટલીના છે? પેહલો વિચાર કરતાં તેનું હૈડું કાંઇ અચબુચ ઉમેદના આચકાથી ધડકવા લાગ્યું. તેનેથી નહી ઉઠાય તોપણ તે ઉઠીને બિછાનામાં બેસવા ગયો, પણ એક મજબુત હાથે પકડીને અને એક ઓળખીતા અવાજે બોલીને અટકાવ્યો.

"હં! હં! ભાઇ જમસુ, સંભાળ, સંભાળ! તું ઉઠ ના. ડાકટર કહી ગયોછ કે તુંને હીલચાલ કરવી નહી જોઇએ."

થંડીના દિવસો વહી ગયા હતા અને વસંતરૂતુંની મધ્યમ ગરમી ખુદરતના ખુસ્નુમા બાહાર સાથે ખિલી નિકલી. આજારીના ઓરડામાં તાજી હવા દાખલ કરવા માટે બારી બારણાં ખુલાં કરેલાં હતાં કે જેની બાહારથી નાજુક શીરીને જતનથી ઉગાડેલાં મોઘરાં ચંપેલીની સુંગંધીદાર લપટ દરએક તાજી લેહકી સાથે ગામડાંની હવાને ખુશનુમા ખુશબોથી તર કરતી હતી. જમસુ જાગીને જોયછે તો તેની પરીજાદ મેજબાને પોતાના માદા મેહમાનની રાહાત અને આરામને માટે બાગમાંથી તોડી આણેલાં રંગીન ફુલોના સુંદર ગજરાઓ ગુંથીને ગોઠવ્યા હતા. તે ઉનાલાની હુગડતી મોસમના હલકારાઓ તેની નવી સજીવન થયલી છાતીમાં નવી ઉમેદોને સજીવન કરતા હતા.

"આખરે તું આવી હં! પણ સારૂં થયું કે આવી!" અડધી બંધ આંખ્યોએ જમસુ પોતાની ઝુમમાં ને ઝુમમાં બકતો હતો. "તું મારી માવજત કરવા આવીતો ઠીક થયું. બોલ્યું ચાલ્યું માફ કરજે. હવે આપણ ઘણાં સુખી થઇશું, ખટલી."

જમસુ બેશક આ ખ્વાબમાં બકતો હતો. તેણે સ્વપ્ને પોતાની બાયડીને જોઇ હતી અને સ્વપ્નામાં તેણીની સાથે વાત કરતો હતો. તેનો દોસ્ત દાદીબા જે આ સઘળો વખત તેનાં બિછાનાની ઓરડુએ બેઠેલો હતો, તેને આ એક અજાણ્યાં ઘરમાં દર્દીનો દિવાનો બકબકારો કઠંગો દીસવા લાગ્યો.

"જમસુ, જમસુ, એ શું બકેછ?" દાદીબાએ તેના કાન ઉપર પડીને હલુસેથી તેને હોસ્યાર કીધો. "અંહી કાંઇ ખટલી નથી. તું તેનું નામ ના દે."

"શું અંહી ખટલી નથી? મેં અંહી કોઇ બૈરીને જોઇતી. તમે લોકોએ તેને તેડાવી નથી?" જમસુએ ડોળા ફાડીને પુછ્યું.

"તે કયાં છે તે અમે જાણતા નથી ત્યારે કેમ તેડાવ્યે?"

"પણ ત્યારે અહીં મારી પાસે કોઇ બૈરીને ઉભેલી મેં જોઇછ."

"તે તો આ ઘરની ધણીયાણી શીરીનબાઇ છે. જે ભલી બાઇએ, તુંને અકસ્માત થયો ત્યારથી આજસુધી પોતાનાં ઘરમા રાખીને તારી માવજત કીધીછ તે એ બેગાની બાઇ છે.

તું તેને ખટલી ના સમજ, અને ખટલીનું નામજ અંહી ના દે.”

આ શિખામણથી જાણેકે પોતે નાસિપાસ થયો હોય તેમ જમસુએ પોતાની આંખ્યો મિચી દીધી.

“આહ! કેવી ભલી બાનુ!” તે ધીરજથી બડબડયો. “મારી ઉપર એ બાઇનો કેવો ઉપકાર થયોછ! હું કેવો મૂર્ખ કે તેને મારી બાયડી સમજ્યો! દાદીબા, તે બાઇ અંહી છે કે? તેને મને ખટલીની વાત કરતાં સાંભળ્યોછ કે?”

આ સવાલ જમસુએ એવા ગભરાટથી પુછયો કે તેની એ બકબક સાંભળવાને તે બાઇ હાજર નહી હતી એમ દાદીબાને મોહડે જાણવાથી તેને ધીરજ આવી.

બિછાના ઉપર બેચેનીભરેલી અછાડ પછાડ કીધા પછી તેણે એક વખત પાછી આંખ ઉઘાડી, અને આસપાસ જોઇને મોઘરાના સુગંધીદાર ગજરાઓ ઉપર તે મોહિત થયો.

“આહા! કેવાં ખુશનુમા ફુલો! વર્ષની આવી થંડીની રૂતુમાંબી અંહી મોઘરાં થાયછ?” જમસુએ અજબ થઇ પુછયું.

“થંડી પુછેછ!” દાદીબાએ યાદ આપી. “અરે ભલા માણસ, આતો માર્ચ મહીનોબી પસાર થઇ ગયોછ.”

“શું માર્ચ મહીનો! ત્યારે શું મને અંહી આવી પડયાને ત્રણ મહિના થઇ ગયા?”

“હા ત્રણ થયા અને ચોથો ચાલેછ.”

આ ખોલાસાથી જમસુ ઘણોજ કમકમ્યો. એક અજાણા ગરીબ માણસનાં ઘરમાં, એક અજાણી અબળાને અને તેના બુઢા બાપને તસ્દી આપવા સારૂં મહીનાના મહિનાઓ સુધી એક ઢેફાંની પડે અંહી પડી રહ્યો તે વાતની યાદથી તેને ઘણીજ શરમીંદગી ઉપજી. આટલાબધા મહીના ગુજરી ગયા તે તેને લાગ્યું પણ નહી, ત્યારે તે સમજ્યો કે તે કેવી મરણતોલ હાલતમાં પડયો હશે.

“દાદીબા, શું હું ઘણો બેહાલ હતો કે?”

“બેહાલ શું પુછેછ, છોકરા!” દાદીબાએ ખોલાસો કીધો. “તું મોહતના દરવાજાની એટલો પાસે આવેલો હતો કે કોઇબી વખતે અચબુચ બારણું ઉઘડે અને તું તેમાં દાખલ થાય એવી અમોને પળેપળની ધાસ્તી હતી. તોપણ ખોદાની બક્ષેશથી અમે તુંને તે બારણાની બાહરનો બાહરજ રાખી શકયા.”

“આહ! તારી કેવી મેહરબાની મારા દોસ્ત!” જમસુએ પોતાના દિલોજાન દોસ્તનો ઉપકાર માન્યો અને તેજ વખતે સુંદર શીરીન ઓરડામાં દાખલ થઇ.

“મારો પાડ કાંઇ નથી, બાઇ.” દાદીબા બોલ્યો, “તારી જીંદગીને માટે તો તેં આ પાકજાદ અબળા શીરીનબાઇનો ઉપકાર માનવો જોઇયેછ. મારી આખી જીંદગીમાં એવી એક ઉધોગી દાયા દીઠી નથી.”

“પણ બાઇ દાદીબા તમે તે કયાં ઓછી માવજત કીધીછ?” શીરીને દાદીબાને ઇનસાફ આપવાની લાયકી કીધી.

“નહી નહી, મેં શું કીધુંછ? હું તો માત્ર તમારા હોકમ પ્રમાણે ચાલનારો હતો. બધી અકલ હોસ્યારી તમારી હતી, અને તમારૂં કહેલું હું તો કરતો હતો.”

એજ ઘડીએ શીરીનને તેના મમાવા હોમાજીએ હાંક મારવાથી તે આ જવામર્દો આગળથી વાત કરતી ઉઠી ગઇ.

“પણ દાદીબા, મને સમજ નથી પડતી કે એ છોકરીએ મારી એટલીબધી ખાતરદારી શાની કીધી? તે કોણ છે તે હું તો મુદલ જાણતોજ નથી.”

આ વાતમાંને વાતમાં જમસુને ઉંઘના ઝોકા આવવા લાગ્યા અને તે તુર્તજ ઉંઘાઇ ગયો. તે રાત્રે દીવાને વખતે પાછો જાગ્યો. તેટલીવાર તે એકલો પડયો અને અંહી એકાંતે બેસી રેહવા કરતાં દાદીબા ઘરની પછવાડે પરચુટણ કામકાજમાં રોકાયો. જમસુ જાગીને જોયછે તો ઓરડામાં ચલકતી કોઠીનાં સફાઇદાર વાસણો રૂપાંની પેરે પ્રકાશતાં હતાં. અને સુંદર શીરીનનો સીધો સરોવર સમાન આકાર એક ટેબલ આગળ કાંઇ કામ કરતો ઉભેલો હતો.

“આહ! આ પેલી અહીંની કામ કરતી છોકરી છે,” જમસુ મનમાં વિચારવા લાગ્યો. “મને ઘણું અજબ લાગેછ કે હું અંહી કયાંથી આવ્યો? જસવાડી અંહીથી કેટલું દૂર હશે? જરા ઉઠીને બારીએથી જોઉં તો ખરો.”

આમ વિચાર કરીને ઉઠવા જતાં તેણે એક

લપેડો ખાધો. તેના આચકાના અવાજથી શીરીન તેની આગળ દોડી આવી.

"અરે જી, જી! તમે ઉઠો નાજી." તે નાજનીનનો નાજુક અવાજ પાછો નિકળ્યો. "હમણાથી તમે ઉઠ બેસ ના કરોજી."

"શું હજુ નહી? મહીનો થયો અંહી પડી રહેલોછું ને તમોને મેહેનત આપુંછ ને શું હજી હું સારો થયો નથી?" જમસુએ કલવાઇને પુછ્યું.

"નહીરેજી તમે તો ઘણા સાજા થયલાછો."

"અને તોપણ તમે મને ઉઠવા દેતાં નથી એ મારી સાજો થવાની નીશાણી કે? એમ જો મારૂં સાજો થવાનું હોય તો હજી બીજા કેટલાક મહીના જોઇશે?"

"જી તમે અધીરા ના થાવો. તમારી પાંસળી ભાગ્યાથી તમારાં ફેફસાંને હરકત થઇતી. તમારો જીવ ઘણો ધાસ્તીમાં હતો. પણ હવે તમુને કાંઇ ચિંતા નથી. હવે થોડા દહાડામાં તમો ઉઠતા બેસતા થશો."

"અને તોપણ તમે એક અજાણાં બાઇએ મારી કેટલીબધી ચાકરી કીધીછ!" જમસુએ માફ માગી.

"અજાણી! શાબાશરે! તમે મને અજાણી ગણોછ? ખોદાતાલાએ તમોને અમારે ઘર મોકળી આપ્યા અને તમે મને અજાણી શું ગણોછ? હું તો તમારી પડોશણ થાઉં."

"પડોશી ને મા બેહન બરાબર," જમસુએ શાબાશી આપી. "અને તમે એક પડોશણ દાખલ મારી મા બેહનની ગરજ સારીછ. હું તમારો પાડ કેમ માનીશ શીરીનબાઇ?"

"એમ ના બોલો, જમશેદજી શેઠ. તમારા આવ્યાથી અમોને તો લાભ છે. તમોને અમારાં ઘરમાં જોઇને હું ને મારા મમાવા કેવાં ખુશી છીએ!

"મારો દોસ્ત દાદીબા કેહેછ કે તમે મારો જીવ બચાવ્યોછ." જમસુ આભાર માનીને બોલ્યો. "પણ દાદીબા છે કયાં? એ અંહી જણાતો કેમ નથી?"

"તેવણ તો જી જરા એક ઉંઘ ખેંચી કાહાડીને આસાયશ લેવા ગયાછ," શીરીને ખબર કીધી. "તેવણે તમારી પાછલ ઘણી મેહનત લીધીછજી. તેવણને થાક પછી આસાયશની જરૂર છે ને હવે જમશેદજી શેઠ તમે જરા ચા લેશો? હું તમોને એક ચાનું કપ કરી આપું?"

"હાજી, મોટી મેહેરબાની. મારાં ગળાંમાં ચાની તરશ લાગેલીછે."

શીરીન ટેબલ આગળ ચા કરવા દોડી અને ઝટ એક ગરમાગરમ કપ લાવીને પોતાને હાથેજ તેનું માથું ઉંચકીને જમસુને સુતાં સુતાંજ ચા પાવાની કોશેશ કીધી. આ વખતે જમસુનાં આખાં અંગમાં કાંઇ અજાયબ લાગણીની ગીલી છુટવા લાગી. આ એક અજાણો ચેહરો, આ એક મીઠો અવાજ, અને આ એક ઓરતના સફેદ હાથના નરમ સ્પર્ષથી તેને કાંઇ અજાયબ વમાસણ થવા લાગ્યું.

"ખચીત જો આ ફરેશતાઇ નાર મારી પરણેલી બાયડી હતે તો તેની આ માવજત મને નવો જીવ અને નવું સુખ આપતે," જમસુએ મનમાં વિચાર્યું. એજ વખતે તેની બાયડી તેને યાદ આવી અને જયારે એક બેગાની સ્ત્રી તેની આટલી ખિજમત કરેછે ત્યારે તેની પરણેલી ઓરત તેના મંદવાડથી અંજાણી પોતાનાં એકલપેટાં સુખમાં એકલપેટી જીંદગી ગુજારેછે, એ વિચારથી તેને ઘણો ગમ ઉપજયો.

પણ એ નાજુક અબળા તેને એક બચ્ચાંની પેઠે ચા પાએ અને તે પીએ એ વિચારજ તેને ગમ્યો નહી, અને તેણે પોતાને હાથેજ ચા પીવા માંગી.

"હું ધારૂંછ કે ચાનું પ્યાલું તો હું મારે હાથે પકડી શકીશ," એમ કહીને તેણે ધ્રુજતે હાથે પ્યાલું પકડયું.

"શાબાશ! હવે તમોને શક્તિ આવતી જાયછ જો," શીરીને શાબાશી આપી.

"એમ કે? એનું નામ તમે શક્તિ કેહોછ કે" જમસુએ ટકોર કીધી. "ત્યારે તો મને શક્તિ નહી હતી ત્યારે હું કેવો હોઇશ તે મને જોવા ગમેછ. એક ચાનું કપબી ઉંચકી શકું નહી, એવી હાલતમાં હું કેવો બચ્ચાં સરખો નાતવાન દેખાયો હોઇશ!"

"ચાલોજી, હવે તમે ઝાઝી વાત ના કરો. ડાકટરે તમોને ઘણી વાત કરાવવા ના કહેલું છે, હવે જરા પોઢી ઉઠો." શીરીને જમસુને જલદી સાજો કરવા માટે ડાકટરના હોકમ

પ્રમાણે ચાલવાની પોતાની મરજીનો નવો પુરાવો આપ્યો, અને તે ઉઠી ગઇ.

જમસુ લગભગ તુર્તજ ઉંઘી ગયો. તે એક અજાણ્યાં ઘરમાં કેવળ અજાણ્યાઓના કેવા મેહરબાનીભરેલા આશ્રય તળે આવી પડયોછે તેના હેરાનમંદીભરેલા વિચારમાં ને વિચારમાં તેમજ તેની નવી સુખાકારી તેની ઉંઘ ઉપરથી માલમ પડેછે તે વિષેના ખ્યાલમાં તે સમી સાંજે પણ ઉંઘી ગયો.

આ તેની ઉંઘ ઘણી ઘણી લાંબી હતી, કારણકે બીજી સહવારની પાછલી રાત્રે તેની આંખો ઘઉંડી ગઇ ત્યારે મરઘા વાસ્તા હતા અને દીવાનાં ઝાખાં ઝઝકલાંમાં બામદાદના ઉજાશ જેવું• કાંઇ તેની નજરે પડતું હતું. તેનાં બિછાનાની પાસેની લાંબી સોફા ઉપર તેનો દોસ્ત દાદીબા જાગરૂતાવસ્થામાં તેની ચોકીબાની કરતો બેઠેલો તેને જણાયો. જમસુને જાગતો જોઇને તે તુર્તજ ઉઠયો.

"દાદીબા, પેલી બાઇ શીરીન કયાં છે?" જમસુએ પુછયું.

"તે તો બિચારી પોતાનાં બિછાનામાં ભર ઉંઘમાં પડેલીછે. જમસુ, તારી તપાસને માટે તે આખી આખી રાત તારાં બિછાના આગળ બેસી રેહેતીતી."

"કેવી મેહરબાન! એટલીબધી મારી ચાકરી કીધીછ?" જમસુએ શીરીનની ખાતરદારી વિષે પોતાનો સંતોષ બતાવ્યો.

"જમસુ, એ છોકરીતો એક ફરેસ્તો છે, અથવા આ દુનિયામાં જો કોઇ પણ ફરેસ્તાને મળતું આવેતો તે એ છે." શીરીનની જોશભર તારીફ કરવામાં દાદીબા જમસુની સાથે સામેલ થયો.

"પણ એ છોકરી છે કોણ, દાદીબા? એવાં કયાં ચોઘડયાંમાં હું એ ફરેસ્તાનાં ઘરમાં ફરેસ્તાની સેવા તળે આવી પડયો તેની મને સમજણ પડતી નથી."

દાદીબાએ આગળા બનાવોની યાદ આપીને શીરીનનાં ઘરમાં તેનું આવી પડવું કેમ થયું તેનું વર્ણન કહી સંભળાવ્યું.

"એમ છે ત્યારે?" જમસુને સઘળું યાદ આવ્યાથી તેણે પુછયું. "ત્યારે આતો 'જસવાડી' ના પડોશી હોમાજી દારૂવાળાનું ઘર છે? અને મારી આ ખુબસુરત દાસીતો તેની દીકરીની દીકરી છે? અગરજો હું કુવારો•હતે દાદીબા, તો આ બનાવ ઉપરથી કાંઇ અજાયબ નવી કાહાણીનો સફો ઉઘડતે. પણ દાદીબા, એ છોકરી એક દારૂવાળાની દીકરી• કરતાં વધારે સુધરેલી લાગેછ. એના શોખ ઘણા સારા દીસેછ."

"તેમજ છે. એને એક મુંબઇગરા કેળવાયલા બાપથી સારી મનશક્તિનો વારસો મળેલોછે," દાદીબાએ ખોલાસો કીધો.

"ત્યારે બિચારી બચપણથી નબાપી થયલી છે?" જમસુને શીરીનની દયા લાગી.

પ્રકરણ ૯૩ મું.

નવી દોસ્તીમાં નવો વધારો.

બીજા બે ત્રણ દહાડામાં જમસુ જસાવાળો બિછાનામાં પોતાની મેળે ઉઠીને બેસતો થવા લાગ્યો, અને પોતાના હાથમાં એક પ્યાલું અથવાતો ગ્લાસ ધરવાને શક્તિવાન થયો તે પછી તેણે પોતાની "જસવાડી"માં પાછો જવાને ઘણું મન કીધું. તેણે પોતાની જીંદગીનાં કામો પાછાં અખત્યાર કરવા માગ્યાં—પોતાની વાડી વજીફા તપાસવા, પોતાના બાગ બગીચાની ઉપજ ખાવા, પોતાના પાક વગેરેનો હિસાબ રાખવા, પોતાનાં ખતપત્રો અને ચોપડીઓ લખવા વાંચવા તેની ખાહેશ પાછી તાજી થઇ. પણ ડાક્ટર સીતારામે તેની એ મુરાદો ઉપર જબરો અટકાવ નાખ્યો, અને જ્યારે તેણે મત આપ્યું કે "જસવાડી" સુધી ગાડીમાં નાખીને લઇ જવાના હીલ્લા આચકાઓ ખમવાને તે શક્તિવાન થાય એટલું કુવત આવવાને હજી તેને બીજાં ત્રણ ચાર અઠવાડયાં જોઇશે ત્યારે તેની નાસીપાસીનો અંત રહ્યો નહી.

"તમારે અંહીથી જવાની ઉતાવળ શી છે?" ડાક્ટરે સમજણ પાડી. "અંહી તમારી ચાકરી તો પુરતી થાયછે."

"મારી વધારે સારી ચાકરીને માટે જો હું જવા માગતો હોઉં તો હું ઘણો નગુણો બેમર-

વત હોવો જોઇએ," જમસુએ ખાતરી આપી. "પણ તેમ નથી ડાકટર સાહેબ, અંહીના જેવી મારી ચાકરી મારે પોતાને ઘરબી થવાની નથી. પણ મેં આ ઘરમાં એટલી તો તસ્દી આપીછ કે હું અંહી રહીને ઘરમાં વસનારાંઓને વધારે મેહનત આપવા ચાહાતો નથી."

"પણ જી મેહનતની વાતતો થઇ ગઇ," ડાકટરની મસલત વચ્ચે સુંદર શીરીને પોતાનો અવાજ હુમેર્સ્યો. "જે કાંઇબી મેહનત લેવાની હતી તો તેનો વખત તો વહીબી ગયોજી. અને મેહનતબી શું હતી! માત્ર તમોને સાજા થવાની ધાસ્તી હતી તેજ."

"હોમાજી શેઠ પોતાનાં ઘરમાં મને એક પીડા થઇ પડેલી સમજતા હશે," જમસુએ હજીબી ફિકર બતાવી.

"નહી નહી, જરાબી નહી" આ ઠેકાણે દાદીબા ઘરવાળાની તરફથી હુમેરાયો. "હોમાજી શેઠ સાથે આજેજ મને વાત થઇતી, ત્યારે તેવણ બોલયાતા કે હજી તો તું બાહર ઓટલા ઉપર નિકળી શકતો નથી. અને તું જ્યારે બાગમાં ફરતો થશે ત્યારે તે દહાડો એવણ એક મોટા ખુશાલીના તેહેવાર તરીકે પાળશે."

અંતે જમસુએ થોડા દહાડા અંહીજ ખેંચી કાહાડવાનું આનાકાનીથી કબૂલ કીધું. તેનાં ચાલાક અને ચપલ મગજ ઉપર એક લાંબા મંદવાડની સંભાળ અને માવજત એક બોજાસરખી દીસવા લાગી. પણ ડાકટરની સલાહને તાબે થવાની તેને ફરજ પડી, અને શીરીન તથા દાદીબા બે સાથે મળીને તેની જીંદગીને સુખી કરવાના જે જે ઉપાયો કરતાં હતાં તેમને તેણે ઉલટ સાથ કબૂલ રાખ્યા.

પણ આ સુધરતી સુખાકારીમાં જમસુ ઝાઝો સુખી જણાયો નહી. તે મનથી વધારે ઉદાશ રેહેતો જણાયો. તેને લાગ્યું કે તેના ઉપર જે કાંઇ વિરેછે તે જોતાં તેને મરવું બેહતર હતું, અને તે પાછો જીવતો થયોછે તે કાંઇ ભૂલ થઇછે. તે જીવતો થયોછે તે કોણને માટે? તેનાં રડનાર કુટનાર કોઇ નથી—નથી બાયડી કે નથી છોકરૂં, ફકત જીંદગી ગુજારવાની જંજાળોને માટે તે પાછો જીવતો થયોછે. ગરીબાઇનું કડવું ઓસડ તેણે ચાખેલુંછે, તો તેના સરખા એક માણસે પોતાની આબાદાનીના વખતમાં જીંદગી પસંદ કરવી એ ખુદરતી છે. તે છતાંબી જેમ જેમ તેના દાહડા લંબાતા જાયછે તેમ તેમ તેને આ જીંદગી ભારી લાગતી જાયછે.

તેનાં મનની આ નબળાઇ દાદીબા અને શીરીન ચેતી ગયાં હતાં. શીરીનના કરતાં દાદીબા સઘળો ભેદ વધારે સમજતો હતો, તોપણ તેણે શીરીનને એટલુંજ સમજાવ્યું હતું કે દર્દી એકની એક જગ્યાએ પડી રેહવાથી તે કંટાળી ગયોછે.

"ત્યારે લાવોની એવણને સોહવાઇ જવાને વાસ્તે આપણે કાંઇ ઉપાયો કરીએ?" શીરીને દાદીબાને સુઝ પાડયું અને એ વિચાર અમલમાં મુકવા માટે એકદમજ તરેહવાર ચોપડીઓ લાવીને તેની આગળ વાંચવાને મેળી. દાદીબાએ તેની આ નબળી હાલતમાં તેને વાંચવા દીધો નહી, પણ શીરીન વાંચી સંભળાવે તે તેણે સુતાં સુતાં સાંભળવું એટલી દાદીબાએ રજા આપી.

શીરીન પાસે રમુજી વાર્તાઓની ચોપડીઓ હતી તેમાંથી "બોલો દોલો" તથા "બીબો બરબર્સ્યો" એવી હસવાની વાર્તાઓ જમસુએ સાંભળવા પસંદ કીધી. "દુખિયારી બચુ" વિગેરે વાર્તાઓ પણ હાજર હતી પણ તેમાં રડવાની વાતો ઘણી આવે માટે દર્દી વધારે હોસ્યાર થાય ત્યાંસુધી તે વાંચવાનું દાદીબા ડાકટરે મુલતવી રખાવ્યું.

આ વાંચણને લીધે શીરીન જમસુનાં બિછાના આગળ વધારે વખત ગુજારવા લાગી. શીરીનનો અવાજ ઘણો મધુર અને વાંચવાની રીત ઘણી અસરકારક હોવાથી, જમસુ મોટા શોખથી અને ઉલટથી તે સાંભળવા લાગ્યો અને એ અરસામાં તેને પારસી લેખકો સાથે એટલી વધારે પિછાણ થઇ કે જે આજસુધી પિછાણ કરી શકયો નહી હતો.

આશરે એક અઠવાડિયાં પછી તે કોઇના હાથનો ટેકો લઇ ઘરમાં ચાલતો હાલતો, તથા ઓટલા ઉપર બાહર નિકળીને સીડી ઉતરતો ચહડતો અને બાગમાં ફરતો હરતો થયો. હજી પણ તેણે "જસવાડી"માં પાછો જવાની વાત છેડી નહી. પોતાની હાલત તે હવે વધારે સમજવા લાગ્યો, અને ધીરે ધીરે આવતી તનદરોસ્તીને લગતી ઢીલ તે સાંખવા શિખ્યો.

"તમે મારી ઉપર એટલી માયા મેહરબાની રાખોછ અને તમારી સંગતમાં મને એવું સોહવાઇ જાયછ કે તે છોડી જાઉંતો મારા જેવો મૂર્ખ બીજો કોઇ નહી હોય," તે પોતાના મદદગારો આગળ બોલતો હતો.

આવી હાલતમાં એક ખુશનુમા સાંજે જમસુ ઓટલા ઉપર જવા નિકળ્યો, તે ઓટલા ઉપરનું આગણું રળિયામણું અને સુશોભિત કરવાને શીરીને કશી ચીજ બાકી રાખી નહી હતી. બાહરની તટી ઉપર સુંદર ફુલ સાથના વેળા ચહડાવ્યા હતા, ઓટલા ઉપર સેતરંજી બિછાવીને તે ઉપર નરમ નરમ અને સોજી બેઠકો ગોઠવાવી હતી, તથા આસપાસ સુંદર અને રંગબેરંગી ફુલોનાં કુંડાઓ ગોઠવીને એક મનોહર કયારો બનાવ્યો હતો. દાદીબાના હાથનો ટેકો લઇને જમસું બાહર ઓટલા ઉપર પોતાની આરામ ખુરશી ઉપર બેઠો તેવોજ આ સઘળી ગોઠવણથી ખુશ થઇ ગયો.

"આહા! કેવું ખુશનુમા! કેવું રળિયામણું!" તે બોલ્યો "સારૂં થયું કે હું બાહાર નિકાળ્યો! આવી મઝાની તો મને કાંઇ વકીજ નહી હતી."

શીરીન જોતી હતી કે તેની આ ગોઠવણોથી દદીંનાં મન ઉપરનો બોજો કમી થતો જતો હતો. તે ઘણો સાજો થતો જાયછે એવું તે પોતે કબુલ કરતો હતો. હોમાજી શેઠ શરેસ્તા પ્રમાણે પોતાનાં પીઠામાં ગયા હતા. તેવણ સાંજે આ પીવા ઘર પાછા આવવાના હતા, અને જમસુ તનદરોસ્ત થઇને બાહર નિકળવાની ખુશાલીમાં આજે કાંઇ ખાશ ગમત આપવાના હતા. શીરીન પણ સામેનાજ એક બાંક ઉપર બિરાજેલી હતી. અને દાદીબા બગીચામાં સેજ લટાર મારતો ત્યારે જમસુ ઘણે દહાડે અંધારામાંથી અચણુચ ઉજરડામાં આવ્યો હોય તેમ સામેના ડુંગરો ઉપરની ખુદરતી રચના નિહાળતો બેઠેલો હતો.

તુર્તજ જમસુને ઝુપડાંમાથી એક ઝીણો અવાજ સંભળાયો, તે "માયઢી, માયઢી" એવી રીતે પોતાની માને હાંક મારતાં એક બાળકનો અવાજ હતો. ઝુપડાંના ઉંબર આગળ આવીને તે બાળક ઉભેલું હતું અને ઉંબર ઓળંગતાં ઠોકર લાગ્યાથી પડી નહી જાય એટલા માટે શીરીન તેને ઝડપથી સામું લેવા દોડી ગઇ.

જમસુએ આ બાળકને આજે પેહલીજ વાર દીઠું કે જેનો સાદ વટીક તેણે આટલા દહાડા સાંભળ્યો નહી હતો. શીરીને તે બાળકને આજારીના ઓરડામાં આવતું અટકાવ્યું હતું અને કાંઇ પણ ગડબડ કરવા દીધું નહી હતું, પણ આજે તેનો પહરોણો વધારે વાર આજારી નહી હોવાથી તે મધુર ભૂલકાંને બાહર આવવાની છુટ મળી હતી.

"માયઢી, માયઢી," તે બાળક પોતાની તોતડી બોલીમાં શીરીનને ગલે વળગતાં બોલ્યું. "ટા બા, ટમે ટો મારી પાઠે બેઠતાંધ નઠી. તમે તો બધો વઠત આ થેઠ પાઠેધ બેઠી રેહોઠ. હવે ટમોને પીલો ઢમતો નઠી."

"નહીરે દીકરા, મને તો મારો પીલો ઘણો ગમેછ," શીરીન તેનો ગાલ પસવારીને સમજાવવા લાગી. "પણ જોની બાવા, આ શેઠના જીવને સારૂં નથી, તેથી તેવણની આગળ મને રેહેવું પડયું. પીલાને મારી શી ગરજ છે? પીલો તો અંહી જુનો છે અને આ શેઠ તો નવા આવેલાછે. તેવણની આગળ મને રેહેવુંજ જોઇએ."

"નહી નહી માયઠી, ટમે ટો રોધ મારી આઢલધ રેહેવું ઢોઇએ. થેઠ ટોણ મોટા આયા?"

"ચપ, ચપ, એમ નહી બોલીએ. જો તેવણ અંહી બેઠેલાછે. જા તેવણને સલામ કર, શેકહેન્ડ કર."

"હું ટેટીન નઠી ટરવાનો. એ મારી માયને મારી પાઠે આવવા દેટો નઠી."

"હં! હં! ના કેહુંછની કે એમ નહી બોલીએ!" શીરીને તે બાળકને સેહજ ધમકાવ્યું.

"પણ બાવા પીલા હવે હું તારાં માયને અટકાવી રાખવાનો નથી. મારી પાસે આવ બાવા, આપણે દોસ્તી કરીએ. જો આ મારી પાસે ચાઇ છે તે જો."

જમસુ આ બચાંનો ખુબસુરત ચેહરો, તેના ચેહરાનો અણીયાલો કલ્લો, તેના સોનેરી કેશ અને ગોલાબી ગાલ જોઇને એટલો તો ખુશ

થઇ ગયો કે તેને પોતાનાં પાસાંમાં ખેંચીને અને પોતાનું ઘડિયાળ દેખાડીને પોતાની પક્ષમાં લલચાવ્યો. ઘડિયાળ અને સોનેરી સાંકળીના છેડા વિગેરેના પ્રકાશિત દેખાવથી તે બાળક લલચાઇને તેનાં પાસાંમાં આવ્યું.

"વાહ! કેવું મહેનું ટહીપાલ! માયદી મને એ થેક નહી ધમરો પણ એનું આ ટહી યાલ લેવા ધમેક."

"કેવો ગુલે ગોલાબ બેટો!" જમસુ તેના રોખશારઉપર એક બોસો લઇ બોલ્યો. "કોઇ તમારો ભાણેજ હશે, શીરીનબાઇ?"

"નહીજી, અમોને સગાઇ કાંઇ નથી," શીરીને ખોલાસો કીધો. "એ મધુર ભૂલકાંને તો મારા મમાવાએ અને મેં દીકરો કરી લીધોછ."

"ઘણું નેક કીધુંછ. કોઇ અસલી દોસ્ત યાં સગાંવહાલાંનું બચું હશે?"

"તેમ પણ નહીજી" શીરીને વધુ ખોલાસો કીધો. "બિચારાં બચાંને ભિખારીપણામાંથી બચાવવાનેજ અમે અમારા કબજામાં લીધું."

"એટલી તમારી લાયકી," જમસુએ પાછી શાબાશી આપી "જેમ મને મોહતમાંથી બચાવવા મને અંહી રાખ્યો તેમ એ બિચારાંને ગરીબીમાંથી તમે બચાવી લીધું."

જમસુએ જોકે આ ગુલેગોલાબ બાળક વિષે વધારે સવાલો પુછ્યા નહી તોપણ તેની આગલી તવારીખ જાણવાને તેની ઉલટ અને ખાહેશ કાંઇ ઓછી રહી નહી. એ મીઠો પોપટ તેની સાથ ઘણો જલદી પલોટાઇ ગયો, અને તેનાં ઘડિયાળ તથા છેડા અને સોનેરી પેન્સીલ સાથે તુર્તજ રમવા મંડી ગયો.

થોડીવારમાં હોમાજી શેઠ કબુલાત પ્રમાણે ચા પીવાને આવ્યા, અને જમસુના સાજો થવાની ખુશાલીમાં તેવણે ઓટલા ઉપરજ ટેબલ મંગાવી ચા, પાંઉ માખણ, બિસ્કીટ, કેક, જેલી વિગેરેનો પ્રસાદ આપ્યો.

તેવણે પીલાને પોતાની પાસેજ ટેબલ ઉપર ચહડાવીને બેસાડયો, અને તે બાળક એવા ભાવથી સઘળું ખાવા લાગ્યો કે એક બચાંના નાના કોઠાને માટે જમસુને તે ઘણું ભારી લાગ્યું, પણ તેને બાળકોનો અનુભવ કાંઇ નહી હતો અને આ મોટાબાવા વધારે સમજતા હતા, માટે તે કાંઇ વચે પડયો નહી.

એ વખતથી બાળક પીલુ જમસુનો મોટામાં મોટો દોસ્ત થઇ પડયો. તે તેના ઓરડામાં તેનાં બિછાના પાસે આવતો જતો થયો. તેને માટે દાદોબાને ખાશ મુંબઇ મોકળીને જમસુએ ખાશ ચિત્રપોથીઓ મંગાવી, અને પોતે બિછાનામાં બેસીને તે ચિત્રો જોતો ગયો તેમ જમસુ તેને તરેહવાર રંગ બેરંગી ચિત્રો ઓળખાવતો અને સમજાવતો ગયો. એમ કરતાં તેના ઉપર તે બાળકનું અજાયબ હિત વધ્યું અને "માયદી" કરતાં બીજોજ પ્યાર તે જમસુ ઉપર કરવા શિખ્યો.

"પીલો તમારી પાસે ઘણું થયુંછે કે, શીરીનબાઇ?" એક દહાડે જમસુએ આ બાળકની તવારીખ પુછવાની તક લીધી.

"એના જન્મથીજ એ અમારી પાસે છેજી," શીરીને કહ્યું.

"ઓ હો! ત્યારેતો જાણે કે તમારૂંજ બચું. એનાં માબાપ બિચારાં કોઇ મરી ગયાં હશે?"

"એનાં માબાપ વિષે હું કાંઇ જાણતી નથી."

"ખરેખર? કેવું નાવારેસ ભૂલકું! જો તમારૂં એની ઉપર એટલુંબધું હેત નહી હતે તો હું એને તમારી પાસેથી લઇ જવા માંગતે અને મારો દીકરો અને મારી 'જસવાડી' નો વારસ એનેજ કરતે" જમસુએ માગી લીધું.

"પણ હું એને મારા હાથમાંથી જવા દેવું નહી," શીરીન બોલી "તમે તો અમસ્થું બોલી બતાવોછજી. પણ અગરજો તમારી ખરેખરીજ મકસદ હોય અને તમો એ બચાંનો ઘણામાં ઘણો લાભ કરવા ચાહતા હોવો તોપણ હું એને મારેથી વિહલો મુકવા ચાહું નહી. મેં એ ભૂલકાંને વાસ્તે ઘણું ખમ્યુંછ અને તેથીજ હું એને વધારે ચાહુંછ."

"તમે ખમ્યુંછ? શી રીતે?" જમસુએ અચરતીથી પુછ્યું. "તમોને ખમવાનું શું કારણ?"

"એ વાત મને ના પુછો, સાહેબ. હું એ તમોને કહી શકતી નથી. હવે હું તે બધાં ગઇ ગુજરી ભૂલી જવા માગુંછ. એ ઘણી દુ:ખભરેલી વાત છે. તે દુ:ખ મારાથી વિસરાતું નથી."

શીરીનની આ કાકલુદી ઉપરથી જમસુએ વધારે પુછવાનું માડી વાળ્યું, અને તોપણ

આ મીઠાં બાળકની તવારીખનો ભેદ જાણવાને તેની ઇંતેજારી ઘણી વધી ગઇ. તેનાં મનથી આ ભેદનો એકજ ખોલાસો હતો, અને તે એ કે કદાચ આ પોપટ પીલાથી બિચારી શીરીનને કાંઇ નાલેશી ખમવી પડી હોય. શું તે એનું પોતાનું બાળક હોય? અને જો એનું બાળક હોયતો પોતાની આબરૂ ઇજતથી તે જેવી નિર્દોષ હાલ દેખાયછે તે કરતાં કાંઇ વધારે તકસીરવાર તે થઇ હોય? પણ જો એ બાળક એનું પોતાનું નહી હોય તો તે એની પાસે કયાંથી આવ્યું? શું તે કોઇનું બાળક ચોરી લાવી હોય?

આ વેહમી વિચારોથી જમસુ ઘણો ગુચવાવા લાગ્યો, અને પોતાની બેહન અથવા પોતાની બાયડી ઉપરના એવા કોઇ વેહમથી જેવી બેચેની થાય તેવીજ બેચેનીથી આ વેહમ ઉપર વિચારમાં ને વિચારમાં પડી રેહેતાં તેની ઘણીક રાત્રીઓ ગુજરવા લાગી. આવા વિચારથી એકુ બે વખત તો એ બાળક પોતેબી તેને અણગમતું જેવું થયું, અને આ "નવા શેઠ" તેની ઉપર ઓછા મેહરબાન કેમ છે તે વિષે તે બચું રાવ કરતું થયાથી તેના ઉપર એ "નવા શેઠ"નો પ્યાર પાછો વધવા લાગ્યો.

ગરીબ બિચારૂં બાળક! ગરીબ બિચારો કોમળ જીવ!

ગમે એવી બદી અથવા ગમે એવી કંગાલ્યાત વચે જનમ્યું હોય, તોપણ તેમાં તેનો પોતાનો શો વાંક?

ગમે એવી તેની તવારીખ વચે એ નિર્દોષ જીવડાને આણા વગર જમસુને ચાલ્યું નહી.

પ્રકરણ ૬૪ મું.

એક અણગમતા પહરોણાની પીડા.

ચીનાબાગમાં ખટલીને આપણે છેલી જોયા પછી ત્યાં તેનો રેહવાસ તેને ભારી પડવા લાગ્યો હતો. આપણે તેને છેલી ત્યાં દીઠી તે પુણામાં જેનરલ કમાન્ડીંગની કવાયદનો મહીનો હતો, કે જયારે ખટલી પોતાની બેહન અને પોતાના મામા સાથ "હીરા કાસ્ટલ" માં પહરોણા દાખલ રેહવા ગઇ હતી, કે જયાં મેહરીને સર્દાના જાંહગીર સાથ પોતાની ઘોડાઓની હાંકણી વિષે દમ કરવા જતાં એક ભય ભરેલા અકસ્માતની થોકડ ખાવી પડી હતી, અને જયારે હાનરેબલ હીરાજીના દીકરા સોલીશેઠ સાથ ખટલીને એક એટલી તો ઉસ્કેરણી ભરેલી મુલાકાત થઇ હતી, કે ખટલીને પોતાના છુપ્યાં લગ્ન સોલીશેઠ આગળ પોતાના પરણેલા ખાવિંદનું નામ તેનાથી છુપાવીને કબૂલ રાખવાની ફરજ પડી હતી.

તે ઉસ્કેરણી ભરેલા વખત પછી જે લાંબા મહીનાઓ ગુજરી ગયા તેમાં ખટલીને ચીનાબાગની જીંદગી ભારી દીસવા લાગી તે કોઇજ નહી પણ પેલા કંગાલ દેખાવના પેસુ ચીનાના આવ્યાથી ભારી પડી હતી. ત્યારસુધી મામામામાની પાદશાહી પહરોણાગત અને માનભરીભરેલી માવજત ભોગવનાર ખટલી એકલી હતી, પણ પેસુ ચીનો આવ્યા પછી તો એ પહરોણાગત અને માવજતમાં તેનો જાણેકે ભાગ પડવા લાગ્યો. મામામામાનાં સુખવાસી રેહઠાણમાં આ એક બીજા ભાગિયાનો ચાલુ પહીંગો ખટલીને ગમ્યો નહી.

પ્રિય વાંચનાર યાદ કરશે કે પેસુ ચીનો પેહલવેહલો આવ્યો ત્યારે તેણે "અગત્યનાં કામને સર" શેઠ માણકશાહ મુકાદમને "હીરા કાસ્ટલ" ની મોજ બેખની વચેજ રોકયા હતા, અને ત્યાંથી એજ "અગત્યનાં કામને સર" માણકશાહ શેઠે તેને પોતાના ચીનાબાગમાં મોકલ્યો હતો, કે જયાં "હીરા કાસ્ટલ" ની ધામધુમો અધુરી મુકીને તેવણ ખટલી અને મેહરીની સાથ પાછા આવતા રહ્યા હતા. વળી વાંચનારને યાદ હશે કે તેજ દાહડે ખટલી આગળ તેના મામાએ પેસુ ચીનાને એક પહરોણા દાખલ ઓળખાવ્યો હતો, અને તેને આદરમાન સાથનો આવકાર દેવાની ખટલીને સલાહ આપી હતી.

પણ ખટલીને જીંદગી ભારી લાગવાનું કારણ એજ કે પેસુ ચીનો ચીનાબાગમાં પહરોણો આવીને પડયો, તે ત્યાર પછી ત્યાંથી પાછો ગયોજ નહી. ખટલી તો તે કયારે જશે, કયારે જશેની કાગને ડોળે વાટ જોતી રહીજ ગઇ અને ત્યાર પછીના આપણે જે મહીનાઓ

ગુજરી ગયલા દીઠાછે, તે મહીનાઓમાં પેસુ ચીનો તો ચીનાબાગમાં પડયો ને પાંથર્યો પડીજ રહ્યો.

તેની હાજરી ખટલીને નહી ગમવાનું કારણ પ્રિય વાંચનાર પેસુ ચીનાના કરૂપ ઉપરથી કહી શકશે. તે પેહલવેહલો ખટલીને મળ્યો ત્યારથીજ તેના કંગાલ દેખાવ ઉપર ખટલીને ઉપજેલો કમકમાટ આપણ ભૂલી જઇશું નહી. તે "હીરા કાસ્ટલ"માં આવ્યો ત્યારે ત્યાંનાં બોલકનાં બૈરાંઓએ તેજ વખતે પેસુ ચીનાના ચેહરાના દેખાવ ઉપર ટકોર ચલાવી હતી. તે ચેહરો તેઓને એક ચીના સરખોજ નહી પણ એક ચાકરિયા સરખો મિસ્કીન અને ભખી ખાધેલો લાગતો હતો. અને તેના ચેહરા ઉપરથીજ ખટલીને પેહલેથી જે ખળભલાટ થયો, તે ત્યાર પછીના આ લાંબા મહીનામાં ચાલુજ રહ્યો નહી, પણ ઘણો વધી ગયો હતો.

ખટલીને લાગ્યું કે પેસુ ચીનો તો જાણેકે ચીનાબાગમાં જાયુકનો રેહવાસી હોય તેમ ધામો નાખીને પડયો. તેની વિદાયગીરીની વાટ જોતાં જોતાં ખટલી હવેતો થાકીને કંટાળી જવા લાગી. તે કોઇ કોઇ વખત જવાની વાત કરતો તો ખરો, પણ કયારે જશે તે કદી ચોકસ કેહતો નહી હતો. તે કેહતો હતો કે તેને પાછો ચીન જયા વગર ચાલવાનું નથી—ત્યાં તેનું કામ ખોટી થતું હતું—માટે ખટલી તેને જે દાહડો જાયછે તેટલામાં ગાંસડાપોટલા બાંધીને વિદાય થયલો સાંભળવાની વકીમાં ને વકીમાં ઉલટભર રહેલી હતી.

પણ આ અણગમતા પહરોણાના ગાંસડા પોટલા બંધાવાનું તો હજીસુધી કાંઇ ઠેકાણુંજ નહી હતું. તે અવારનવાર કાંઇ કામને મસે મુંબઇ જઇ આવતો હતો ખરો, અને ખટલી તે દર વખતે મુંબઇથી ચીનની આગબોટ ઉપર તેણે "પેસેજ" લીધેલી સાંભળવાની વકી રાખવાને ટેવાઇ રેહતી હતી, પણ તે મુંબઇથી "પેસેજ" લીધા વગર જેવોને તેવો પુણે પાછો આવતો એટલે ખટલી વધારે ને વધારે નાસિપાસ થયા કરતી હતી.

ચીનાબાગમાં પેસુ ચીનાની હાજરી ખટલીને માથે એક બોજા સરખી થઇ પડી હતી. મામાનો ઘરસંસારનો તેણીનો મોજીલો કારભાર, મામાના સોનેરી રાચરચિલાં ઉપર તેણીનો એશ આરામ, મામાના પૈસાની આશા ઉપરની તેણીની મોજ, એ સર્વમાં પેસુ ચીનાના આવીને રહ્યા પછી ભંગ થયો હતો. અને તોપણ તેને પોતાના પહરોણા દાખલ માન આપવાનો તેના મામાનો હુકમ તે માન સાથ બજા લાવી હતી. તે પેસુ ચીના સાથ હસી હસીને વાતો કરતી હતી, તથા તેને એક ઉમરાવના સરખું માન આપવાનું ડોળ દેખાડતી હતી. એ સઘળું બાહારનું ડોળ માત્ર હતું, અને જેને એક ઝેરની મિશાલે ધિક્કારતી તેને માટે પોતાના ચેહરા ઉપર એવું ખોટું ઢોંગી ડોળ રાખવા માટે ખટલી ખાસ કંટાળતી હતી.

"હું એ પારસી ચીનાને ધિક્કારૂંછ," ખટલી મન સાથ વિચારતી "તેટલીજ જો એ મનેબી ધિક્કારતો હતે, તો મને એની હાજરી એટલી ભારી નહી પડતે. પણ મુવો તો વળી મારીથી ખુશી થવાનું દેખાડેછ, મુવો તો એવું દેખાડેછ કે જાણેકે હું એને ઘણી ગમુંછ. એનો એ ચાહ મને મુદલ ગમતો નથી. મામાએ એક બિલોરી પેટીમાં ઝેરી નાગને લાવીને રાખ્યા હોય તેવો એ મુવો તો મને લાગેછ ને તેટલી હું એનાથી બીહુંછ."

પેસુ ચીનો પુણામાં આટલી મુદત રેહવા છતાં, પુણાના પેલાં ખાનદાની "ખાસ" લોકોમાં કશી રીતે ભેળાયો નથી, તેણે લોકોમાં ભેળાવાની કશી મરજીજ દેખાડી નથી. પુણાના મગરૂર "ખાસ" લોકો માણકશાહ જેવા એક મોટા શેઠની ખાતરને માટે તેવણના આ પહરોણાને, માન આપવાને પોતાના ખટલીના જેવાજ અણગમાં છતાં, નાખુશ નહી હતાં. સટ્ટાવાળાંઓ, અને દારૂવાળાંઓ અને બીજા ઘણાકો પેસુ ચીનાને તેના કદરૂપા ચેહરા છતાં પોતાની વચે ભેળવાને તૈયાર હતાં, પણ એ ચીનાઇ પારસીએ પોતેજ તે વિષે કાંઇ ખાસ ખુશી દેખાડી નહી હતી.

લોકો સમજતાં હતાં કે પેસુ સ્વભાવેજ એકમાર્ગી હતો, અને પુણાના પૈસાદાર લોકોનાં ગડબડિયાં ઘેરોની ધામધૂમના કરતાં ચીનાબાગની એકાંત મોજ વધારે પસંદ કરતો હતો. તે ખાવે પીવે બાહદૂર હતો. અને ખાધેલું પીધેલું જેરવી શકતો હતો. બીજાઓ

એક ગ્લાસ વધારે પીવાયું કે બારોબાર લિંગેલ બની જાયછે, તેવું લેબાશુ ખમીર પેસુ ચીનાનું નહી હતું—ખાધેલા પીધેલા જીવની તેનાં મન ઉપર કસર કોઇ દાહડે દેખાઇ નહી હતી. ઘણી વાર માણુકશાહ શેઠ તેને પોતાના ઓરડામાં લઇ બેસીને કામ ધંધાની ઘણી ઉંડી મસલતો ચલાવતા હતા, પણ તેમાંની એકબી મસલત ખટલીના દેખતાં ચાલી નહી હતી—તે સઘળી મસલત તેવણ ખટલીની હરૂસે ચલાવતા હતા. એ ઉપરથી ખટલીએ કાંઇ સેજ ઉપર ઉપરનીજ અટકળ બાંધી હતી કે પેસુ ચીનો કોઇ વેપારી છે અને ચીનમાં તેની પેહડી છે, પણ તે કેવો વેપારી છે અને શાનો વેપાર કરેછે તે કશું જાણવાથી તે અત્યારસુધી અશક્ત હતી.

એક દાહડે માણુકશાહ મામાએ પોતેજ ખટલી આગળ પોતાના આ પહરોણાની વાત છેડી, અને તેબી તેના તરફની ખટલીની ચાલને માટે તેને ઠપકો દેનારી વાત હતી.

"હું ધારૂંછ, ખટલી," તેવણ બોલ્યા "કે તારી તરફ હું જે માયા રાખુંછ તે ઉપરથીજ તેં મારા દરએક પહરોણા તરફ તેવીજ માયાથી ચાલવું જોઇયે. તારા તરફની મારી પહરોણાગત ઉપરથી તેં બાજાઓ તરફ પહરોણાગત કરવાનો દાખલો લેવો જોઇયે, દીકરી. પણ તું મારા દોસ્ત પેસુ ચીના તરફ ઉલટીજ ચાલ ચલાવેછ—તું તેની તરફ ખાસ કથેરપણું દેખાડેછ."

"પણ હું જાણીબુજીને કથેર થતી નથી, મામાજી." ખટલીએ પોતાનો બચાવ કીધો.

"ત્યારે તો એક અંજાણા તરફની રીતભાંત અને શાણુ સલુકાઇ વિષેના તારા વિચારો કાંઇ ઓર તરાહના મને દીસેછ." મામાએ ઠપકો આપ્યો. "ખરેખર ખટલી તું ચાહે તો કોઇના તરફ મીઠી, ને નમનતાઇવાળી થઇ શકે, અને તોપણ આ મારા જુવાન દોસ્ત તરફ——"

"જુવાન?" ખટલી વચે બોલી ઉઠી "મામા તમે એને જુવાન કહોછ ? એ તો પચાસેક વર્ષનો અઢાર લાગેછ?"

"તોપણ એક જુવાનયોજ છે, દીકરી" માકામામાએ બોહસ કીધી. "હું પુછુંછ, ખટલી, કે એના સરખા મારા એક જુના દોસ્તના દીકરાને વાસ્તે તારી પાસે કડવો ચેહરો અને તરકડા જવાબ સિવાએ શું બીજું કાંઇજ નથી ! તારી એ કથેર ચાલથી મારૂં દિલ દુખાયછ."

"મારા મુરબી મામાજી, તમે એ પેસુ ચીનાને એટલોબધો ચાહોછ, એમ મને ખબર નહી હતી." ખટલીએ માફ માગી પણ અલબતાં તે પોતાની મગરૂર ઢબનીજ માફી હતી. "કોઇ કોઇ વખત તો મને એમ લાગતું હતું મામાજી કે જાણેકે એનું અંહી આવવું તમોને ગમતું નહી હોય. એક દાહડે તો તમે એની સાથ ડહવારો કરી પડયાતા."

"હા. એના વેપાર ધંધાના ધોંટાળાથી હું જરા તરા કંટાળ્યોછ તો ખરો. પણ એ પેસુ પોતે મને ઘણો ગમતો માણસ છે." માકામામાએ ખોલાસો કીધો.

"ત્યારે તો, મામાજી, તમારી ખાતરને વાસ્તે હવેથી હું એની તરફ વધારે મીઠી ચાલ ચલાવીશ" ખટલીએ કબૂલાત આપી.

પ્રકરણ ૬૫ મું.

એક "ચાન્સ" ખોયું ત્યારે બીજું "ચાન્સ" આવ્યું.

"પણ હું એટલુંજ તારી પાસેથી માગતો નથી, ખટલી." માકામામા તેની એ કબૂલાતથી ધરાયા નહી. "હું એ પેસુ ચીના વિષે તારીથી કાંઇ વધારે ઉમેદ ધરાઉંછ. પેલા સોલીશેઠનો તારી ઉપરનો પ્યાર, તે તારાં કોઇ છુપાં કારણસર તુચ્છકારી કાહાડયો. તું હવે ડોકિયું ના ધુણાવ—તેં મને એવું સમજાવ્યુંતું કે જાણેકે સોલીશેઠે હજી તારી માગણી કીધીજ નહી હોય, પણ હું તે માનતો નથી—"

અંહી ખટલી કાંઇ વચે બોલવા જતી હતી—તેને અણગમતી વાતની આ નવી વલાણ તે અટકાવવા માગતી હતી.

પણ માકામામાએ એજ વાતને હુજતથી વળગી રેહવા માગ્યું. "નહી તું મને બોલતો

અટકાવ ના ખટલી, મને બોલવા દે. મારી વાતની વચે ના આવ."

આ હુકમથી ખટલી મોહડું બંધ કરીને મુગી મુગી બેસી રહી અને પોતાના મામા બોલવાપર આવ્યા તો તેવણને સઘળું બોલવા દીધા. તેણીએ જોયું કે મામાને ખુશી રાખવાની તેની સઘળી તજવીજ છતાં તેવણ ખુશી થવાને બદલે તેના ઉપર ખીજવાઇ રહ્યા હતા, અને તે ખીજરાટ તેવણે નીચલાં ભાષણમાં કાહાડી બતાવ્યો—

"હાનરેબલ હીરાજીનો સોલીશેઠ તારી ઉપર જીવ કુરબાન કરે એટલો મોહી પડેલો હતો, તેને તેં કાંઇ અસ્ટમ પસ્ટમ સમજાવીને ખેરવી દીધોછ. તેને તેં થંડો પાડયા સિવાયે તે જાય નહી. તે રોજ રોજ તારી પુઠેપુઠ ભમતો હતો તે હવે મહીને પંદર દાહડે એક વખત તારી ખબર પુછેછ, એટલેજ કે હવે તેણે તારી ખોધ મુકી દીધીછ. પણ એ પ્રમાણે તેને છોડી દેવાથી, ખટલી, તેં તારા પોતાના હકમાં બેહદ નુકસાન કીધુંછ. તું ચાહતે તો તેને પરણીને આખા પુણાની પારસણોની રાણી થઇ શકતે. પણ તેં એ ઉંચી પદવીની દરકારજ કીધી નહી, તેં આંવતી લક્ષ્મીને લાત મારી અને તારૂં સરસ 'ચાન્સ' ખોહી દીધું. તે વખતે હું મુગો બેસી રહ્યો અને કાંઇ બોલ્યો નહી. પણ હવે આ પેસુ ચીનાના આવ્યાથી તુને એક બીજું 'ચાન્સ' આપુંછ. એ મને વધારે ગમતી સગાઇ છે, અને એ નવું 'ચાન્સ' હું તુને રદ કરવા દેવાનો નથી. આ પેસુનો બાપ મારા દોસ્ત——"

આટલું બોલીને માણુકશાહ શેઠ તેનું નામ બોલવા જતા હતા, પણ તેવણ અચકી ગયા અને બોલતા બંધ થઇ ગયા. પણ એ તો એક નહી ધારેલો સેંજ ખાંચો હતો. હજી તો તેવણની જીભ કેમ ખેંચાઇ ગઇ તે ખટલી જોયછે તેટલામાં તે જીભ પાછી ઉપડી અને તેના મામાએ પોતાનું ભાષણ પાછું ચાલુ કીધું.

"હું કેહવા જતોતો કે એ પેસુ એના બાપ મારા દોસ્તનો——એકજપુરો દીકરો છે. એ મજબુત દિલસોજી અને મજબુત લાગણીનો જુવાન્યો છે, અને હું જાણુંછ કે એ તુને ચાહેછ, ને તારી ઉપર ફીદા છે. તારી ઉપરતું એનું દિલ, કાંઇ પેલા સોલીશેઠનાં જેવું તકલીદી નથી. તું એક ફુંક મારીને વાહી કાહાડે તો બુજવાઇ જાય એવો એના પ્યારનો આતશ પોકલ નથી. નહી, પેસુ તો તુને ખરા, સંગીન પ્યારથી ચાહેછ મારી દીકરી, ને તે અને તું બંનેને માટીબૈયર તરીકે જોડાયલાં જોવાની મારી ઘણી મરજી છે."

માણેકશાહ મુકાદમ જાણેકે પુરતું બોલ્યા હોય, જાણેકે જે કાંઇ કેહવાનું હતું તે બધું પુરૂં કીધું હોય અને કાંઇ બોલવાનું બાકી રહ્યું નહી હોય, પણ જાણેકે ખટલી શો જવાબ દેયછે તેની રાહ જોતા હોય, તેમ હવે બોલતા મુગા રહી ગયા.

"પણ મામાજી તમે મને પરણાવવાની એટલીબધી બોહસ કાં લઇ બેઠાછ તેની મને સમજ નથી પડતી." અંતે તે બોલી. "જોબો નવો જુવાન તમોને ગમવા માડયો કે તેની સાથ તમે મને પરણાવવા નિકળોછ. પેહલાં તમે મને સદીના જાંહગીર સાથ પરણાવવા કાહડી. પછી તમોને સોલીશેઠ ગમ્યો, એટલે તેને મારો વર કરવાનું તમે મન કીધું. અને હવે આ પેસુ ચીનો તમોને ભાવી આવ્યોછ. તમેજ વિચાર કરો મામાજી કે એ પ્રમાણે તમારાજ વિચાર કેટલા ફેરવાતા રેહછ, તો તેવા વિચારને ભરૂસે એ બધામાંના જે તે એકને મારે કપાળે ઠોકયો હતે, તો પાછળથી તમારા વિચાર ફેરવાયા પછી કેવો પસ્તાવો રહી જતે!"

"નહી, નહી, મારા કાંઇ વિચાર ઘડીઘડી ફરતા નથી." મામાએ જવાબ દીધો "સોલીશેઠને મેં તારે લાયક વિચાર્યો તો તેના કરતાં હવે કાંઇ તેને ઓછો લાયક હું વિચારતો નથી. પણ તું નકી મન કરી શકતી નથી, ત્યારે એક નહી તો બીજો એમ તારે લાયક ઉમેદવારો હું તુને બતાવતો રહ્યોછ."

"મારે મનથી તો બેમાંનો એકબી મારે લાયકનો નથી" ખટલી મજબુતીથી બોલી. "એક જણ આજે લાયક જણાય, બીજો આવતી કાલે વધારે લાયક જણાય તો એમ દરરોજ જે લાયક જણાય તેને પરણવા સારૂં ઉમેદવાર થઇ રેહવું એ મારો ધારો નથી."

"છોકરી, છોકરી, પરણવા વિષે તારા વિચાર તો કાંઇ શેખચલ્લી જેવા દીસેછ." મામામામા હસી પડયા. "બધાજ તુને પરણ-

વાને લાયકના નથી, ત્યારે તું તે કેવાક જુવા નને પરણુવાની છે ? પણ એજ તારા પરણુવાના ઢંગ કે ?"

"ત્યારે બચ્ચાં પરણાવવાના તમારા ઢંગ શું છે મામાજી ?" ખટલી કોઇ દાહડે સ્વતંત્રપણાના આવેશમાં આવેલી નહી હતી તેવાં જોસથી બોલી. "એક દાહડે તમે મને સોલીશેઠ સાથ પરણાવવા નિકળ્યા, કાંકે તેનામાં અમીરી ખમીર હતું. બીજે દાહડે તમે મને આ પેસુ ચીના સાથ પરણાવવા માગોછ, કે જેનાં દિલમાં ચીનાઇ લોહી વેહછ."

"નહી. સોલીશેઠ તુને ઉંચો દરજ્જો બક્ષવાનો હતો તેથી હું તુને તેની સાથ પરણાવવા માગતો હતો. હવે આ પેસુ ચીનો મને ગમતો છે, તેની સાથ હું તુને એટલા માટે પરણાવવા માગુંછ કે તમો બેહુ જણુને હું સુખી કરવા ચાહુંછ."

"મામાજી, તમોને ગુસો લાગે તો મને માફ કરજો. પણ હું એટલુંજ કહુંછ કે આ પેસુ ચીનો મને ચાહેછ એમ તમે કહોછ, ત્યારે તો એક વાઘ યા એક નાગ મને ચાહે એમ કહો તેબી સરખુંજ છે."

મામામાને ચટકાવનારા ખટલીના ઉપલા સખુનો હતા. તે જાણુતી હતી કે જે મામાના પૈસાની આશા ઉપર તે બેસી રહીછે તેને આવા જવાબથી ગુસે કરવાના જોખમમાં તે જાયછે, તોપણુ તેણીએ ખરેખરૂં બોલવાની દરકાર કીધી નહી, કે જેવું ખરૂં તે આ મામાનાં મોહડાં ઉપર આજે પેહલીજ વાર બોલી ઉઠી. માતબર મામાનાં મોહડાં ઉપર તે જે ઢોંગ અને ઠગાઇથી, એક વિચારવા અને બીજું બોલવાનું સિપલું ચલાવતી આવીછે, તેનાંથી જુદાંજ સાચવટથી તે આજે ભડભડ બોલીછે.

"બેવકુફ, નાદાન! વાર્તાઓનાં ટાહેલાં વાંચી વાંચીને બીજી છોકરીઓ બેહકી ગયલીછે, તેઓનાં કરતાં તું કોઇ રીતે ચહડતી નથી." માણુકશાહ મામાએ ખટલીને ઠપકો આપ્યો. "તારાં મનમાં ખાલી પવન ભરાયલોછે. એ ગુમાન તું કાહાડી નાખ, અને મારા દોસ્તના આ દીકરાને બરાબર પિછાણુતાં શિખ."

"પણ મામાજી, એ તમારા કયા દોસ્તનો છોકરો છે ?" ખટલીએ પુછવાની તક લીધી. "તે દાહડે જે દોસ્તના ગુજરવાની ખબરથી તમે દિલગીર થયા હતા તેજ દોસ્ત પેસુ ચીનાનો બાપ હતો કે ?"

"કયો દોસ્ત ? તું કોણુને વાસ્તે પુછેછ ?"

"તે દાહડે સદાનાં ધનબાઇજી આપણુને મળવા આવ્યાંતાં, ત્યારે જે દોસ્તની ગુજરવાની ખબર તમે ન્યુસપેપરમાં વાંચીને દિલગીર થઇ ગયાતા, તેજ કેની ?"

ખટલીની આ યાદથી માણુકશાહ વિચાર કરવાને થોડો વખત લઇને જાણેકે કાસર પતાવવા બોલે તેમ નભરવસપણે બોલ્યા "હા, હા. તેજ, તેજ, એનો બાપ થાય."

પ્રકરણ ૯૬ મું.

નવા ગામગપાટા.

મામા ભાણેજ વચેની ઉપલી તકરારના દિવસ પછી પેસુ ચીનો ખટલી ઉપર વધારે ને વધારે ધ્યાન આપવા લાગ્યો. તે દાહડથી તો તેણીનો જાણેકે ઓળો હોય તેમ તેણે ખટલીની પુઠ પકડી રાખી. તેણી સાથ ગાડીમાં ફરવા હરવા લાગ્યો, બાગમાં ખટલીની આગળનો આગળ રેહવા લાગ્યો, તેણી સાથ રમતગમતમાં સામેલ થવા લાગ્યો, ખટલી ગાતી વગાડતી હોય ત્યારે સાંભળવા માટે તેની આગળ ને આગળ ઉભો રેહવા લાગ્યો, ખટલી જે ચોપડી વાંચે તેજ પોતે પણ વાંચવા લાગ્યો, અને દાહડાના દરએક કલાકે ખટલીની જીંદગીના દરએક કામકાજમાં પોતે જોડાવા અને પોતાની સામેલગીરીની મદદ આપવા લાગ્યો. અંતે એવું થયું કે ખટલી કોઇબી વખત એકલી પડી શકેજ નહી.

પોતાની ઉપર એક ચીનાઇ પારસીની આ સઘળી ચેહલમેહલ તેણીને કશી ગમતી નથી એવું ખટલીએ પેસુ ચીનાને પુરતી રીતે જાણુવા દીધું. તેની આટલીબધી સંગત તેણીને પસંદ નથી, એવું દેખાડવાની એકબી સાલ તળાવટ ખટલીએ બાકી રાખી નહી. તેણીએ પેસુ

ચીનાને ઝાજું કોહું આપવાના અખાડાજ કીધા. એકબી વખત તેને સીધો પાધરો જવાબ આપ્યો નહી, તોપણ એ હઠીલો ચીનો જાણેકે એક ઓરતનો થંડો આવકાર સમજતોજ નહી હોય, તેમ તેણે ખ્પટલીની પેંધ જરાબી છોડી નહી.

ખ્પટલીના એક પારસી ચીના સાથના આ નવા વેહવાર ઉપર પુણાના પારસી ખાસ-વઆમનું પણ ઘણુંક ધ્યાન ખેંચાયું. જેમ એક વખત સર્દાના જાંહગીર સાથ અને જેમ બીજી વખતે સોલીશેઠ સાથ લોકોએ ખ્પટલીનું નામ જોડીને અનેક અફવાઓ ઉરાડી હતી, તેમ હવે ખ્પટલીનાં નામ સાથ જગ-જીભલીએ પેસુ ચીનાનું નામ જોડીને તરેહવાર બુઠાઓની બનાવટો ઉભી કીધી. અફવાની જીભે ખ્પટલીનાં સાટાંખતમાંથી હવે સોલીશેઠનું નામ છેકી નાખ્યું અને ખુણારોકી આંખ તથા ચપટાં નાકવાળા આ ચીનાઇ પારસીને—કેટલાંકોને મનથી તો એક ખરોજ ચીનો પણ પછવાડેથી સદરો કસ્તી બાંધીને પારસી ધર્મમાં વટલી ગયલો—તેને લોક ચર્ચાએ ખ્પટલીનો ખાવિંદ ઠોકી બેસાડયો.

"હારે માય હા," દારૂવાળાનાં દીનબાઇ સર્દાનાં ધનબાઇજી સાથ એકમત થયાં કે "એ બે જણ એટલાંબધા સાથે ફરેછ, તે ઉપરથીજ આપણને સમજવાનું છે કે એ લોકો વચે બધું 'સટલ' થઇ ગયું હશે. 'સટલ' થયા વગર માકો મુકાદમ એ લોકોને એટલીબધી છુટથી ફરવા હરવા દેય નહી."

"હોયબી માય" સર્દાનાં ધનબાઇજીએ અટકળ બાંધી. "એ બધું છુટાપણું આજ-કાળનું વધી ગયુંછ. આપણા નાનપણના વખતમાં કાચાં કુમારાં બચ્ચાંઓને પરણાવ્યા વગર એમ સાથે ફરવા દેવાનો ધારોજ કયાં હતો? એ તો આજકાલના ટકેલા પછારા છે, તોપણ માકા મુકાદમે પોતાની ભાણેજને એક વખતે સોલીશેઠ સાથ છુટથી ફરવા દીધી, ને તેથી પોતાનાં બચ્ચાનું નામ બદનામ થયું તે જાણવા પછી બીજી વખતે એ પેસુ ચીના સાથ 'સટલ' થયા વગર તેને ફરવા દેય એવો માણસ નથી."

"ને એ બે જણનું 'સટલ' થાય તેમાં કાંઇ નવાઇબી નથી—" એ દારૂવાળાનાં દીનમાયની તર્ક હતી. "એ બધા પૈસાના ખેલ રે માય! પૈસાના ખેલ! આ પારસી ચીનો કોઇ ઘણો પૈસાવાળો લાગેછ, ને માકા મુકાદમની મતલબ પૈસામાં પૈસો વધારવાની લાગેછ, પોતાની દોલત સાથ પેસુ ચીનાની દોલત વધારીને બેવડી કરવાની બધી એ બુઢા ઝારૂસ-ની મતલબ છે."

"એ બુઢો બિચારી ખ્પટલીને પોતાની મરજી પ્રમાણે પરણવા દેતોજ નથી, તેથી બિચારાં બચ્ચાંનું નામ અમસ્તું વાયદું પડેછ." ધન-બાઇજીએ ખ્પટલીની ઘણીજ દયા ખાધી. "જો એ બિચારીને તેની મરજી પ્રમાણે પરણવા દીધી હતે તો અત્યારે તો એ મારી વહુ થઇબી હતે. મારા દીકરા જાંહગીરપર એ છોકરીની મરજી પુરતી હતી, પણ એ બુઢાએ તેને જાંહગીરનો હાથ કબૂલ કરવા દીધી નહી."

ધનબાઇજીની આ બડાઇ તો દારૂવાળાનાં દીનમાયને મનથી મોટી નવાઇ થઇ પડી. તેવણને તો એવી ખબર હતી કે સર્દાના જાંહ-ગીરને ખ્પટલીએ પોતેજ રદ કીધો હતો, ત્યારે તેની માએ એ સાટાંમાં ખ્પટલીની ખુશી અને તેના મામાની નાખુશી દેખાડી તે કેવલ એક બનાવટ જેવી હતી.

સર્દાનાં ધનબાઇજી જેવાં મોટાંબાઇને ખોટાં પાડવાની કોઇમાં હિમત નહી હતી—અગત્ય કરીને દારૂવાળાનાં દીનમાય જેવી ખુસામતખોરી ઓરતનું સીપલાપણું તેને એવી હિમતવાન બનાવી શકેજ નહી.

તોપણ દારૂવાળાનાં દીનમાયથી એટલું તો બોલ્યા વિનાં રેહવાયું નહી કે "તમે કહોછ તેમજ હશે, માય ધનબાઇજી, પણ જ્યારે ખ્પટલી ને તમારા જાંહગીર વિષે ગામમાં બોલાતુંતું, ત્યારે ખ્પટલી તમારા દીકરાને ઘણી ચાહતી હોય એમ એણે દેખાડી નહી આપ્યુંતું."

"છોકરી એટલી નાદાન છે." ધનબાઇજીએ મુકરર મત આપ્યું. "એ ભારકરાશી લઇ બેઠી, ને ભસ્યા ભારમાં ને ભારમાં મારા સુના જેવા દીકરાનું હેત ખોહી બેઠી."

"હોયબી. તમે કહોછ તેમજ હશે, ધનબા-ઇજી" દારૂવાળાનાં દીનમાય તેવણ સાથ એક-મત થયાં. "આ સોલીશેઠ જેવા મોટાંમાં મોટાં માંગાંને એ છોકરીએ હસી કાહાડયું,

તો તમારા દીકરાને તે કોઠું નહી આપે એ બનવા જોગ છે. છોકરી એટલી મગરૂર છે."

ખટલીની એટલી મગરૂરીની આ પાછલી ટીકા દીનમાયે ખામખા ધનબાઇજીને ખુશી રાખવા સારૂં ઉમેરી. તેવણે સર્દાના જાંહગીરના કરતાં સોલીશેઠનાં સારાંને જે વધારે વજન આપ્યો, તેથી ધનબાઇનાં મનમાં માઠું નહી આવે તેથી તેવણે "છોકરી મગરૂર ઘણી છે," એ ટીકામાં વાંકનો બધો જુમો ખટલીને માથે નાખ્યો.

પ્રકરણ ૯૭ મું.

રેહવું કે જવું?

પેસુ ચીના જેવા એક પારસીને માણકશાહ શેઠે પોતાને ત્યાં ઉતારો આપ્યા પછી સર્દાવાળાંઓ અને બીજાં "મોટાં મોટીયારો" એ ચીનાબાગમાં આવવા જવાના અખાડા કીધા.

તે પેસુ ચીનાં વિષેની પોતાની કોઇ વાકેફીથી હોય તેના કરતાં તેનાં કરૂપને લીધે વધારે હતું. તેનો ચેહરો અને તેનાં ચેનચાલા એ મોટાં લોકોમાં કોઇને ગમતા નહી હતા, વધારે અણગમતું તેનામાં એ હતું કે તે આ મોટા લોકોને મળતો ભેટતો નહી હતો. તે પુણાના "ખાસ" લોકો કરતાં વધારે મોટો માણસ હોય તેમ તેઓને પોતાથી દૂરનાં દૂર રાખતો હતો. અને વળી પોતાને ત્યાં એ પહરોણો આવ્યો ત્યારથી માંણકશાહ શેઠે પણ પુણાના "ખાસ" લોકોમાં મળવા, ભેળાવાનું બંધ કીધું હતું. તેવણે મોરે ખાંચરેનાં નોત્રાં "પોતાનાં ઘરમાં એક પહરોણો છે" એવું કહીને ના પાડયાં હતાં.

અને વળી આ અંતરમાં ખટલીની ખાસીયતોમાં પણ ફેરફાર થયો હતો. તેને વખાણનારાંઓ જોતાં હતાં કે ખટલી આગળના જેવી હવે ખુશ મિજાજની અને મિલણસાર રહી નહી હતી. તેનો હસ્તો ચેહરો કોણ જાણે શા કારણથી ગુમ થયો તો. તે કુંજરી ને બળિયલ દીસતી હતી, તે સુસ્ત ને ઉદાસ થવા લાગી હતી, બલકે તેના ચેહરા ઉપરની આગળી ખુબસુરતીજ ગોયા બળી જવા લાગી હતી. તેનું આગળું સ્વરૂપ કયાં ગયું એ સર્વને મનથી એક અચરતી હતી.

"મારી તો ખાતરી છે કે બિચારી ખટલી ઉપર કાંઇબી છુપો બળાપો આવી પડયોછે" દારૂવાળાનાં દીનમાયની તર્કો તૈયાર હતી. "એક ઘણા રૂપાળા ચેહરાનું હોસાન જલદી ઉતરી જાય, ત્યારે તમારે ખાતરીથી જાણવું કે કાંઇબી અંદરખાનેનું દુઃખ છે. ખટલીની ખુબસુરતી બળી જાયછ, તે ઉપરથી મને તો મજબુત શક છે કે ચીનાબાગમાં કાંઇબી કોહટાં કાવત્રાં ચાલેછ ખરાં."

"પણ કોહટું કાવત્રું તે શું હશે?" સર્દાનાં ધનબાઇજી કાંઇ સમજી શકયાં નહીં, તેવણને ઘણી નવાઇ ઉપજવા લાગી.

"કાંઇબી લગનની પંચાતી છે." દીનમાયે તુર્ત અટકળ બાંધી "જયારે જુવાન જમાન બચ્ચાંનો ચેહરો ઉતરી જાય ત્યારે તેને અદરાવા પરણાવવાની કાંઇબી પંચાતી તમે ખાતરીથી માનવી."

વાંચનાર કબૂલ કરશે કે દારૂવાળાનાં દીનમાયની આ અટકળ તદન ખોટી નહીં હતી. ચીનાબાગની હવાના ખુશનુમા બાહાર ઉપર કાંઇ અંધારો ઓથો આવ્યો હતો ખરો, અને તે પેસુ ચીનાના પગળાંના પ્રતાપ હતા, તે તો આપણે છેલાં પ્રકરણમાં જોયુંછે.

કુદરતી બનાવોથી આવી પડતી એક ગમગીની સોના રૂપાંના ચલકાટથીબી ઢંકાતી નથી. ચીનાબાગમાં પૈસાની ચેલમેહલ ગમે એટલી થાયછે, તે છતાં ખાનાપીણાં અને રંગરાગ, રોશની અને રામશનીની ઢોંગી ખુશાલી કાંઇ ગમગીનીનો ઓથો દૂર કરી શકે નહી.

પૈસાની એકજ લાલચુ ઉમેદ સારૂ ખટલી આવાં ઘરમાં પડી રહીછે. જો એ ઉમેદ તેને નહી હોત તો આ અણગમતું ઘેર અને પેસુ ચીના જેવા અણગમતા પહરોણાની સંગત ખટલી કેવી ખુશીથી છોડી જાત! પણ હજી આ લાલચે તેને અંહીથી જતી અટકાવી રાખી.

અને એ લાલચને વધારે ઉસ્કેરનારૂં કારણ તેણીના માતબર મામાના ચાલુ મંદવાડથી

મળ્યું. પેસુ ચીનો આવ્યા પછીના આ અંતરમાં માણકશાહ મુકાદમની લથડતી દેહ છેકજ લથડી ગઇ. ઉણાળાના ગરમ પવને તેવણનાં હાડેહાડ ગોયા ધ્રુજાવી માર્યાં, અને ગરમ પવનની સાથે વળી રાત્રીની સખત થંડીથી હવાના અચબુચ ફેરફારોએ માણકશાહ શેઠનાં નબળાનાં દર્દને ઘણું વધારી દીધું.

પુણાની હાસ્પીટલનો ડાકટર બકસ્ટન જેણે હજી એ માતબર શેઠની દવા ચાલુ રાખી હતી, તે હવે પોતાનાં ફરબે ગ્રાહકના લાંબા આવરદા અને મજબુત કાઠી વિષે આગળના જેવો ભરૂસા બતાવતો રહ્યો નહી. થોડાક મહીના ઉપર ખટલીને તેણે ખાતરી આપી હતી કે તેના મામા તો ગ્લાડસ્ટનના જેટલા લાંબા આયેરદાના છે, પણ હવે એ મોટા ડાકટરનાં મનમાંથી એ ખાતરીની જગ્યા વેહમ અને વસવસાએ લીધી હતી.

ડાકટરે પોતેજ ખટલીને અડછતી રીતે જાણવા દીધું હતું કે હવે તેના માકામામા ઝાજા દાહડા કાહડે એમ નહી હતું.

ડાકટર બકસ્ટને પોતાનાં દર્દીની બનતી માવજત ફરમાવી હતી. તેણે તેવણને હવા પવનથી ઘણાજ સંભાળીને ઢાંકી હુકી રાખ્યા હતા, હવામાં બાહાર નિકળવાની શખત મનાઇ કરેલી હતી, તોપણ તેવણને કોલંબો અથવા મધરાજ તરફ દરિયાની એક લાંબી સફરની ભલામણ વટીક કરી હતી. પણ પોતાના વેપાર ધંધાનો ગુચવાડો—કે જે ગુચવાડાનો એક પુરાવો તેવણના ચીનાઇ દોસ્તના દીકરા પેસુ ચીનાની હાજરીથીજ મળેછે—તેને લીધે તેવણ ઘેર છોડીને દૂર જઇ શકતા નહી હતા.

પણ એમ કરતાં કરતાં માણકશાહ શેઠ વધારે લથડતા આલ્યા હતા, તેવણ વધારે બ્હીકણ અને બલિયલ થવા માંડયા હતા, તેવણનો સ્વભાવ બિગડી ગયો હતો, તેવણ જરા જરામાં ચીહીરડાઇ જતા હતા અને નજીવાં કારણસર બધાં સાથ ચીઠડાં ફાડતા હતા. તેવણ રાત્રે ઉંઘ નહી આવવાની ફરિયાદ કરતા હતા, અને તેવણની ભુખ મરી ગઇ હતી, તે તેવણે ખાવા પીવાનું જેટલી હદ સુધી બંધ કીધું તે ઉપરથી આખાં ઘેરને જણાઇ આવ્યું હતું.

આ સઘળી શું ત્યારે સેવટ શરૂ થવાની નિશાની નથી? અને એ નિશાનીઓ મળવા પછી ખટલી ચીનાબાગમાંથી જવાનું મન કેમ કરી શકે?

“નહી, હું તો અંહી સેવટ સુધી રહીશ.” ખટલીએ ઠરાવ કીધો અને જાણેકે એ ઠરાવમાં કેવીક બાહદુરી હોય તેમ તે પોતાનાં મન સાથ વડાઇ લેવા લાગી, “એ પેસુ ચીનો ગમે એટલો મારા ધિક્કાર તળે આવેછ, તોપણ હાલ તુર્તતો હું અંહીજ રહીશ અને સેવટ શું આવેછ તેની વાટ જોઇશ. મારી ઉપર એ ઘણી જે પ્યાર બતાવેછ તે કદાચ મને ઠગવાની મતલબથી હોય. કદાચ એ પણ માકા મામાના પૈસાની આશા ઉપરજ અંહી પડી રહ્યો હોય. મામા મારી ઉપર ખીજવાઇને મને કાહડી મેલે તેની કદાચ એ વાટ જોતો હોય, કે જે પછી એ પેસુ પોતે, મારા મામા પાસે પોતાની તરફેણનું વિલ કરાવી લેવા ધારતો હોય. પણ મારે અંહીથી જઇને એ મુવાની મતલબને ફાવતું કરી આપવું નહી જોઇયે, પણ મુવાની મતલબો ઉંધી વાળવા મારે અંહીને અંહીજ, મામાની આગળ ને આગળજ રેહવું જોઇયે.”

એ રીતે ખટલીએ—પેસુ ચીનાની ધિક્કાર ભરેલી હાજરી છતાં—ચીનાબાગમાં રેહવાનોજ ઠરાવ કીધો અને તે મજબુતીથી રહી.

પ્રકરણ ૯૮ મું.

માકામામાનો “છેલો મંદવાડ.”

માણકશાહ મુકાદમના આ લાંબા મંદવાડમાં તેવણ એક જણને આગળ કરતાં વધારે ચાહવા લાગ્યા, તે તેવણનો ગરીબડો ભાઇ ડાકટર મેહલાશાહ મુકાદમ હતો. શેઠની માંદગીમાં ભાઇ તેવણને જોવા આવતો હતો અને બે ચાર વખત આવતો જતો થવાથી “લાલ કીલ્લા” વાળા એ ભાઇનો પગ ચીના બાગમાં વધારે હલકો થયો હતો, અને પોતાની આવી નાજુક હાલતમાં તેવણે પોતાના ડાકટર ભાઇને પોતાની આગળ વધારે ને વધારે આવેલો જોવા ચાહ્યું હતું.

મેહલાશાહ ડાકટરને પોતાના આ માતબર

ભાઇને ત્યાં આમ આજી આવજાવ ગમતી નહી હતી, તોપણ માદગીના વખતમાં મરજી એક કોરે મુકવીજ જોઇયે, અને પોતાના માત બર ભાઇની આવી માદગી, જે એક ડાકટર તરીકે તેવણ સેવટની માદગી સમજી શકતા હતા, તેવા વખતમાં પોતાની મરજી ગમે એવી હોય, તોપણ "લાલ કીલ્લા" ના કરતાં ચીનાબાગમાં વધારે વખત ગુજારવાની તેવણને ફરજ પડી હતી.

આ ઉણાળાની આખરીએ એક દાહડે ડાકટર મેહલાશાહે પોતાના ભાઇની હાલતમાં એટલોબધો ફેરફાર જોયો કે હવે તેના જીવવાની લગભગ આશાજ છોડી દીધી, અને એ પ્રમાણે તેવણે સાંજે પોતાના લાલ કીલ્લામાં જઇને મેહરીને કહી પણ દેખાડયું કે "બિચારા માકામામા હવે ઘણા દાહડા નહી કાહડે, આ વખતની માદગીમાંથી એવણ પાછા ઉઠવાના નથી."

"કેવી શરમની વાત!" મેહરી આમ સાંભળીને ફફડી ઉઠી.

માકામામાની માદગી આવી શખ્ત હોવા વિષે મેહરીને કશી ખબરજ નહી હતી. તેથી તે ઉપલી ટીકામાં પોતાની અચરતી પોકારી ઉઠી. માકામામાની આ માદગી "શરમની વાત" નહી હતી, પણ તે માદગી વિષેનું તેનું અજ્ઞાનપણું તેને મનથી "શરમની વાત" હતી.

અને વધારે "શરમની વાત" એ કે માકામામા આમ મોતનાં બિછાના ઉપર સેવટની માદગી ભોગવેછે, તે ખટલીએ છુપાવી રાખેલું મેહરી સમજી, અને ખટલીની એ ચાલમાં તેને "શરમની વાત" જણાઇ. માકામામા જલદીથી મરવાના છે, તે ખટલીએ મેહરીની અદેખાઇને માટે ખામખા મેહરીથી છુપાવ્યુંછે એમ તે સમજી.

"ખટલીએ મને માકામામાથી જુદી પાડી" મેહરી બડબડી, "રખે માકામામા મને કાંઇ વારસો આપી જાય, તેની અદેખાઇથી એણે તેવણનું આજારી પડવુંબી છુપાવી રાખ્યું. એવી અદેખી બેહનોનું તે ખોદા શું ભલું કરશે?"

"દીકરી મેહરી, તું ખટલી ઉપર ફોકટ ખીજવાયછ," મેહલાશાહ મામાએ તે વડી ભાણેજનો બચાવ કીધો. "મામાની અજલ પાસે આવીછ, તે બિચારી ખટલી શું જાણે કે બીજાંઓને જણાવે? મામા હજી ઘણાં વર્ષ જીવશે એવાજ ભરૂસા ઉપર ખટલી તો ભરમાતી હશે."

"અંહં! ખટલી એવી ગરીબ ને એવી ભલી છે?" મેહરીએ ટકોર કીધી. "ખટલીની આંખમાં અદેખાઇ કાંઇ નથી કે? તે બિચારીનું માથું તો એટલું નરમ છે કે તેમાં આંગળી પેસી જાય. કોણ જાણે એ દુકતીએ બિચારા માકામામાને સમજાવીને, ને તેવણનાં મગજની નબળી હાલતનો લાભ લઇને કેવું એક પોતાના લાભનું વિલ લખાવી લીધું હશે."

"પણ મેહરી, માકામામા એક છોકરીના ભમાવ્યાથી ભમાઇ જાય એવા કાચા નથી" મેહલાશાહ ડાકટરે પોતાના ભાઇની પક્ષ તાણી. "માણકશાહ પોતાનાં વસીહતમાં કોઇ પણ સગાંવ્હાલાંને ગેરઇનસાફ કરીને રડાવી જશે એમ માનવાનું આપણને કાંઇ કારણ નથી."

મામા ભાણેજ વચેની આ વાત ખટલીના અચબુચ આવી લાગવાથી બંધ પડી. ખટલી પણ હમણા હમણા "લાલ કીલ્લા" માં વધારે આવતી જતી થઇ હતી. તે માણકશાહ મામાની માદગીના વખતમાં તેવણના બળીયલ અને ચીઢીયલ સ્વભાવથી કંટાળતી ત્યારે જરા નિરાંતને માટે મેહલાશાહ મામાના લાલ કીલ્લામાં આવવા જવાનો તેણે વધારે રાબેતો રાખ્યો હતો. તેમજ વળી પેસુ ચીનાની પુઠ દૂર કરવા માગતી હોય, ત્યારે પણ ખટલી લાલ કીલ્લામાં જઇને ચીનાબાગથી પોતાને દૂર કરતી હતી, કેમકે ડાકટર મેહલાશાહનું એ મકાન એકજ તેવી જગ્યા હતી કે જ્યાં પેસુ ચીનો તેને કંટાળો આપવા તેની પુઠે જઇ શકતો નહી હતો. ખટલીની આવજાવની એ એકજ જગ્યા છે, કે જ્યાં તે પેસુ ચીનાના કંટાળા વગર એકલી જઇ શકતી હતી. ત્યાંની ઉછાછલી છોકરીઓ મેહરી અને નાજાંને પેસુ ચીનો ગમતો નહી હતો, અને તેઓ મોહડાં પર ને મોહડાંપર તેની મજાખ મશખરીઓ કરતી હતી, જેથી પેસુ ચીનો લાલ કીલ્લામાં એ છોકરીઓની આગળ જવાનો અખાડા કરતો હતો અને ખટલીએ ત્યાં વધારે વખત ગુજારવા જવાનું એજ કારણ હતું.

મેહરી તરફ ખટલી હવે વધારે મિલણસાર થવા લાગી હતી, અને નાજાંને વધારે ખ્યાર દેખાડતી થઇ હતી. "લાલ કીલ્લા"ના ધુળ ખાતા બગીચામાં અથવા ધુળારાંનાં ભરેલાં દવાખાનામાં ખટલી વધારે સુખી દેખાતી હતી. અને તેની બેહનો પોતાની વડી બેહનના એ ફેરફાર ઉપર ખુશ અને સંતોષી થવા માડી હતી.

નાજાં ખટલીનો છુપ્યો ભેદ જાણેછે—તે પરણેલી છે એટલુંજ તે જાણતી નથી, પણ કોણ સાથ પરણેલી છે તે પણ જાણેછે, અને તેને નાજાંએ નજરો નજર જોયલોછે—જમસુ જસાવાળો જ્યારે પોતાની બાયડીની શોધમાં અંહી છેલો આવી ગયો હતો, ત્યારે નાજાં આગળ એ સઘળો એકરાર ખુલ્લે ખુલ્લો કરી ગયો હતો.

'એ સઘળું વાંચનાર જાણેછે, પણ આ વાત હજી આપણને જણાયલી નથી કે નાજાં ખટલીનો સઘળો ભેદ જાણતી હતી તે એ નાદાન છોડીને મોહડે ખટલી આગળ સઘળું કેહવાઇ ગયુંછે.' તે એક દાહડે ખટલી આગળ વડાઇ લેવા લાગી અને જાણેકે વડી બેહનની મુડી પોતાના હાથમાં સપડાયલી હોય તેમ મગરૂરી લેવા લાગી.

તે વખતથી એ વાતનાં ગ્નાનથી પણ ખટલી પોતાની નાનકડી બેહનની તરફેણ એકદમ લટી ગઇ—નાજાંને જરા જરામાં જે ખંખેરી કાહાડતી, તે હવે તેની ઓશિયાળી થઇ, પોતાનો આ છુપ્યો ભેદ છુપાવવાનાં તેણે તે નાની બેહનના કાળાવાળા કીધા અને નિર્દોષ નાજાંએ તે છુપાવી રાખવાનાં હડડતા કસમ ખાઇને હડડતો કોળ આપ્યો.

એ કોળ નાજાંએ ઘણી વફાદારીથી પાળ્યો. ખટલીના ભેદ વિષે તેણીએ મેહરી આગળ કે પોતાના મામાઓ આગળ અજાણપણામાં જરાબી એસારો નહી થવાય તે બારીકીથી યાદ રાખીને સંભાળ્યા કીધું. અને નાજાંની ગમે એટલી નાદાન મસ્તીઓ છતાં તેના એટલા મજબુત ઠરાવ તથા ઇમાનદારી ઉપર ખટલીએ ખુશી થઇને નાજાં ઉપર પોતાનો ચાહ ઘણો વધારી દીધો.

પોતાની છાતીમાં છુપાવેલો એક ભેદ છુપાવતાં છુપાવતાં અંતે માણસ કંટાળેછે. તે ભેદ જાણવામાં બીજા કોઇનો ભાગ હોય તેમાં જેમ પેહલાને એક જાતના જોખમની ધાસ્તી રેહછે, તેમજ બીજાં ઉપરના વિશ્વાસથી તેને ધીરજ પણ રેહછે. કાંઇ નહી તો પોતાની છુપી વાત વિષે તે અવારનવાર થાકી જાય ત્યારે કાંઇ મસલતો ચલાવીને દિલ પરનો ભાર તો ઓછો કરી શકેછે, અને કાંઇ ધીરજ તો મેળવી શકેછે.

એવા સંજોગો વચે ખટલીનો નાજાં સાથ વિશ્વાસ અને પ્રીતિનો સંબંધ વધારે ઘાડો થયો તેથી ખટલી લાલ કીલ્લામાં વધારે આવતી જતી થઇ. એક તો પેસુ ચીનાની પીડાથી તે કંટાળી રહેલી હતી, બીજું તો ઉપલી શોધથી રખે કાંઇ આડું થઇ જાય તેની બ્હીકથી તે ધ્રુજ્યા કરતી હતી, માટે મેહલાશાહ મામાના લાલ કીલ્લા ખાતે વધારે આવજાવ રાખવામાં ખટલીનો દેખીતો લાભ હતો અને પોતાનો એ લાભ શોધવા તેણે પોતાની બેહનોમાં પોતાનો પઠિંગો વધારી મેળ્યો હતો.

અને આ મુલાકાતો વચે ખટલીના એ છુપ્યા ભેદ ઉપર નાજાં અને ખટલી વચે ખાનગી ગોફતેગો અવાર નવાર ઘણી વાર થતી હતી. તથા જુવાન જમસુ જસાવાળા સાથના હવે પછીના સંસારનાં સુખ દુઃખના ભવિસ્ય વિષે ખટલી અને નાજાં ઘણી મસલતો ચલાવતી હતી.

"હું અંહી આવતી રેહવાથી મારા વર ઘણા ખીજવાઇ ગયાછ." ખટલી બોલતી. "તેવણે મને શખત ધમકી આપીછ કે તેવણ મને કદી માફ કરવાના નથી, પણ એવણ એ ધમકી પાળે એમ હું માનતી નથી."

"નહીંજતો" નાજાં ટેકો આપતી "તારી ઉપર હવે પછી કાંઇબી જુલમ ગુજારે એવો એ માણસ નથી."

જમસુ જસાવાળાને એક વખત નજરો નજર જોયા પછી અને પોતે જાતે ઓળખવા પછી નાજાંનાં મન ઉપર તેને વિષે ઘણી સારી અસર રહી ગઇ હતી. તે પેહલાજ દેખાવે કોઇને જોવા ગમે એવો માણસ હતો અને નાજાંને પોતાનો એ બંનેવી એટલો તો ગમ્યો હતો કે છુપ્યો તો છુપ્યો, તોપણ એવો એક વર મળવા માટે નાજાં પોતાની બેહનને ઘણી ભાગ્યવાન

સમજતી હતી. માટે તેણીએ ખટલીને ખાતરી આપી કે જમસુ ખટલી ઉપર ગમે એટલો ખોજવાયો હોય, તોપણ અંતે એ માટી બૈયર સાથે મળવાનાંતો ખરાંજ અને જમસુ જેવો જુવાન વર પોતાની વહુને ચાહવાનો પણ ખરોજ.

પણ "લાલ કીલ્લા" ખાતેની પોતાની આજની મુલાકાતમાં ખટલીને બેહનો સાથની વાતચીત એટલી શાંત અને સમાધાન લાગી નહી. આજે તો માતબર માકામામાની મરણતોલ માદગીના સમાચાર ખટલીની બેહનોને પોંહચી ચુકયા હતા અને ઘણીખરી વાતચીત એ "મોટા મામાજી" ની માદગીના વિષય ઉપરજ અટકી રહી હતી.

માકામામા જાણેકે હવે ખચીત મરવાનાજ હોય એટલી ખાતરીથી મેહરી બોલવા પડી હતી, કાંકે મેહલાશાહ મામાએ ડાકટર દાખલના પોતાના અનુભવથી મેહરીને ખાનગી ખાતરી આપી હતી કે માણકશાહ શેઠની આ માદગી છેલીજ હતી અને તેમાંથી હવે તેવણ પાછા ઉઠવા પામશે નહી.

"તારો બાલ વધી જવાનો ખટલી" મેહરી બોલી "માકામામા ગુજરવા પછી તેવણને પૈસે તું તો છેક છાપડે ચહડી બેસવાની. પણ વારૂં તું ચીનાબાગમાંજ રેહશે કે એ મેહલ ભાડે આપશે ? હું તારી જગ્યાએ હોવું તો ચીનાબાગ ભાડે આપીને લાલ કીલ્લામાં મેહલાશાહ મામાને ત્યાંજ આવી રહું અને અંહી નવો સામાન લાવીને લાલ કીલ્લાને શણગારી મેળું, ને અંહી રેહતાં થાક ઉતારવા વર્ષમાં બે વાર મુંબઇ, માથેરાન ને મહાબ્લેશ્વર હવા ફેરફાર કરવા જયા કરૂં."

"બસ બસ મેહરી એમ શેખચલ્લી સહી સ્વપ્નાં જોયા ના કર" ખટલીએ તેને ધમકાવી કાહડી, "બિચારા માકામામાનાં એમ મરવાની વાટ જોયા ના કર. કોણ કેહછ કે તેવણ મરી જવાના છે ?"

"મેહલાશાહ મામા આજેજ બોલ્યા કે માકામામા હાલની માદગીમાં લાંબા દાહડા કાહાડવાના નથી" મેહરીએ એકદમ ભેદ ફોડયો. "મેહલાશાહ મામા ડાકટર છે, એટલે એવણ એક દર્દીની વાત આપણાં કરતાં વધારે સમજે. એવણની ઘણી ખરી અટકળો ખરી પડેછ."

"નહી, નહી," નાજાંએ ભૂલ ભાંજી "જ્યારે મામા ડાકટર કોઇના જીવવાની આશા આપેછ, ત્યારે તે માણસ જલદી મરી જઇને બિચારા મામાને ખોટા પાડેછ, પણ જ્યારે મામા ડાકટર કોઇના મરવાની અટકળ બાંધેછ ત્યારે તે માણસ ખચીત મરણ પામીને મામાને તદન ખરા પાડેછ."

"ત્યારે તારા કેહવા પ્રમાણે તો મેહલાશાહ મામા જીવતાંના નહી પણ મુવાંના ડાકટર વધારે છે ?" ખટલીએ મજાખ કીધી.

"હાજ તો" નાજાંએ જવાબ દીધો.

"આપણા મુરબી મામાઓની તમે બેઉ જણીઓ ઘણી ગીનસ કરતાં શિખીછ." હવે ખટલીએ ડાપણુ લગાવ્યું. "એક મામાનાં ડાકટરપણાની તમે ગિબત કરોછ અને બીજા મામાના પૈસાની તમે અદેખાઇ કરોછ."

"હં ! હં !" મેહરીએ ચેશ્ટા કીધા. "અને તુને તો માકામામાના પૈસા ગમતાજ નથી. કે ? તું તેવણના પૈસાની આશાપર બેઠું ખાવા પડીછ, ને વળી અમોને શિખામણ દેવા નિકળીછ ! માકામામાનું આ મોતનું બિછાનું તુને તો મલકાવતું હશે."

"પણ શું મેહલાશાહ મામા ખરેખર માકામામાનું આ મોતનુંજ બિછાનું સમજેછ ?" ખટલીએ ઘણી આતુરતાથીજ પુછયું.

"હાજ તો, તેવણ એમ સમજતા નહી હોય તો વળી ઘેર આવીને તેમ બોલેબી ?" એ મેહરીનો જવાબ હતો. "હવે તું ગભરાયછ કાં ખટલી ? મામા જેમ જલદી મરે તેમ તુને તો ફાયદો છે, પણ અમારી પાસે તો સોગનાં કપડાંબી નથી. માકામામા પોતેજ કાંઇ પોતાની આબરૂને વાસ્તે અમોને સોગ રાખવાની કાળી સાડીઓનો ખર્ચ વિલમાં લખી જાય તો કેવું સારૂં !"

મેહરીની આ તાણાજણીથી ખટલી કંટાળી ગઇ અને તે કંટાળો દેખાડીને દવાખાનાવાળા ઓરડામાં નાજાંની સાથે એકાંતપણું શોધવા ગઇ.

દવાખાનામાં ખટલી મેહલાશાહ મામાની આરામ ખુરસી ઉપર લેટીને એટલી ગુપચુપ પડી રહી કે નાજાં તેની ચુપકીદીથી કંટાળી ગઇ.

"કેમ થયું ખટલી? કાંઇ વાત કરની, બબ્બું મુગાં બેસી રેહતાં રેહતાં મોહડુંબી વાસ મારી આવશે."

"બસ, મને ના બોલાવ નાજાં," ખટલી દિલગીર ચેહરે બોલી "મને મુગી મુગી પડવા દે. આજે મને કાંઇ ગમતું નથી."

"પણ શું છે? તુને શું દુઃખ છે? તુને શું બળાપો છે? તુંને પેલાનો કાંઇ ગમ છે કે?"

"પેલો? તે કોણ?" ખટલીએ પુછયું.

"પેલો, મારો બનેવી. તેના વિચારથી તું બળેછ કે?"

નાજાંએ આ એવી યાદ આપી કે તેને ખુશ કરનારો જવાબ દેવાની ખટલીને ફરજ પડી.

"મારૂં અડધું દુઃખ તેને વિષે છે. અને આડધું દુઃખ બીજું છે. હુંતો જીવથી કંટાળી ગઇછ, નાજાં."

"પણ તું શું કામ કંટાળેછ?" નાજાંએ ગોયા દિલાશો દીધો! "વર વગર એકલી પડવાના તુને હવે ઘણા દાહડા નથી. માકામામા જલદી મરી જવાના છે, એટલે પછી તું પાછી સુખી થશે."

"ચૂપ! ચૂપ! નાજાં, તું એમ ના બોલ. માકામામાના મરવાની વાત ના કર."

"કાં નહી? એમ કેહવાથી કાંઇ તેવણ મરી જવાના છે કે?"

"બિચારા એ મામાના મરવાની આપણ બધાં જણ વાટ જોતાં બેસી રહ્યાં હોઇયે તેવી રીતે આપણે વાત કરવી નહી જોઇયે."

"પણ તેમ ખરેખર છે તે? જેવું હોય તેવું આપણે બોલવું જોઇયે. મનમાં ધારવું એક અને બાહારથી બોલવું જુદું, એ અમે ગરીબ માણસોનો ધારો નહી. એવું સિપલું કરતાં અમોને નહી આવડે. એવાં સિપલાં તો, માય, તમારા મોટા લોક દોસ્તદારો કરે. અમે તો માકામામા જલદી મરવાના છે, તે જેવું હોય તેવું કેહવાના."

"માકામામા બિચારા ઘણા નબળા થઇ ગયાછ અને લથડી ઘણા ગયાછ, તોપણ એવાને એવા તો એવણ કોણ જાણે કેટલાં વર્ષ કાહાડશે."

"નહી, નહી, મેહલાશાહ મામા ડાકટરે તો ખિનિટ મારીછ કે માકામામા બે મહીના નથી કાહાડવાના." નાજાં બોલી અને તે પણ મેહરીવાળી વાત ઉપરજ આવી. "ને મામા મરશે તેનો તુને તડાકો છે હો ખટલી. તારૂં તો બધું 'સટલ' થયલું હોશે, પણ જો તારામાં બેહનોપર કાંઇબી હેત હોય તો માકામામાને અમારીબી જરા યાદ આપજે."

"બસ, હવે એ બકબકારો બંધ કર," ખટલી ખીજવાઇને બોલી. "મારૂં માથું દુખેછ. મારો દાંત ઘણો દુખેછ, ને તેનાં જોરથી માથાંમાં ધોકો મારેછ."

"અરે પણ ત્યારે દાંતમાં જરા 'લાડનમ' મુકની." નાજાંએ સલાહ આપી. "મેહલાશાહ મામા, જયારેબી ઘરાકો દાંત દુઃખવાની ફરિયાદ કરેછ, ત્યારે તેઓને દાંતમાં દાબી રાખવા 'લાડનમ' આપેછ."

અંહી, છોકરીઓ દવાખાનામાંજ બેઠેલી હતી અને "લાડનમ"ની સીસી દવાખાનાની અભડાઇ ઉપર તેમનીજ પાસે મોહડાંની આગળ પડેલી હતી, તે નાજાંએ દેખાડી.

"હા—હા—ઠીક સુજ પાડી. લાડનમની સીસી કયાં છે?" ખટલીએ પુછયું.

"લાડનમ તો ઝેર છે, ને મામાએ બધાં ઝેરની સીસીઓ છેક અભડાઇને મથાળેનાં ફાંડિયાપર મુકેલી છે. જોઇ કેની પેલી ઉપરની સીસીઓની હારપર બધી લીલી ટિકિટ મારેલી છે તે? એ લીલી ટિકિટ તે ઝેરની નિશાની છે."

એમ કહી નાજાંએ બરાબર તેજ સીસીઓની હાર દેખાડી કે જે સીસીઓ ઉપરની લીલી ટિકિટે, જમસુ જસાવાળો અંહી નાજાંને મળી ગયો ત્યારે તેની નજર ખેંચી હતી. અને જેમાંની "પૃસિક આસિડ" નામનાં એક ઝેર વિષે તે બોલ્યો હતો કે મોડે વેહલે એજ ઝેર તેની કંટાળેલી જીંદગીનો અંત લાવશે.

દવાઓની અભડાઇ ઉપર ચહડીને સીસીઓ હેઠલ લાવવા માટે મેહલાશાહ ડાકટરે દવાખાનામાં એક નાનકડો લાકડાંનો દાદર રાખેલો હતો. નાજાંના ધારા પ્રમાણે મોજાં તદન ફાટીને ચીઠડાં થઇ ગયાં હતાં, નહી તો કે તે પોતે આ દાદરનાં ફાંડિયા ચહડીને ખટ-

લીને જોઇતું "લાડનમ" નીચે લાવી આપત. પણ તેણે પોતેજ તે સીહડીની પગથીઓ ચહડીને એક બાટલી નીચે ઉતારીને નાજાંની મેહનત બચાવી.

તે બાટલી બ્લુ રંગની અને તદન ભરેલી હતી. પણ ખટલીને એટલાંબધાં 'લાડનમ'નો ખપ નહી હતો. માટે તેણીએ ટેબલનાં ખાનામાંથી એક નાની સીસી કાહડી ને તેમાં થોડું "લાડનમ" પોતાને માટે ખાલી કીધું.

"અરે સબુર ! સબુર ! એ તેં કઇ બાટલી લીધી ?" નાજાંએ ચોંકીને બૂમ મારી "ખટલી, તેં તો ખોટી બાટલી લીધી. એ કાંઇ 'લાડનમ'ની બાટલી નથી. એ તો 'પૃસિક આસિડ' ઝેરની બાટલી છે."

"તેં કેમ જાણ્યું ?" ખટલીએ પોતાની ભૂલ ઉપર ખસયાણી પડીને પુછ્યું.

"એના વાસપરથીજ માલમ પડેછ. જોની એ બાટલી ઉઘાડતાંની વારજ કડવી બદામના જેવો સોહરમ નિકલ્યો તે ? 'પૃસિક આસિડ'નો સોહોરમ એવોજ હોયછ. તુંને 'લાડનમ' જોઇયેછ, તે 'લાડનમ' તો અફીણનું બનેછ અને તેનો વાસ બધો અફીણના જેવોજ નિકળેછ."

ખટલીએ જોયું તો તેની ભૂલ ખરેખરી હતી. તે બાટલી ઉપર 'પૃસિક આસિડ' ઝેરની ટિકિટ ચોહટાડેલી હતી. પણ નાજાં જેવી નાદાન તેને શિખામણ દેય તે તેને ગમ્યું નહી, તેથી તે ફફડીને બોલી "ચાલ, ચાલ, જે હોય તે હવે પટપટ ના કર. એટલીબધી તારી હોસ્યારી ના બતાવ, ને મને ખોટી ના પાડ."

"પણ તું એક ઝેરને બદલે બીજું ઝેર લઇ જાયછ, ત્યારે હું તારી ભૂલ નહી ભાંજું ?"

"પણ બેહુ ઝેરજ, એટલે પછી શું ?" ખટલીએ હુજત કીધી.

"નહી, નહી, તેં જે નાની સીસીમાં ખાલી કરી લીધુંછ તે સીસી મને દેખાડ, હું તુરત કહી શકીશ."

"પણ તેની તારે શી પંચાત ? તું તારૂં કામ કર. 'લાડનમ' અને 'પૃસિક આસિડ' વચેનો તફાવત હું સમજુંછ."

ડાકટર મેહલાશાહનાં દવાખાનામાં જુદાં જુદાં ઝેરની બાટલીઓ એકજ બ્લુ રંગની હોવાથી ખટલીએ એકને બદલે બીજું ઝેર લેવાની આ ભૂલ કીધી હતી. નાજાંએ સીહડી ઉપરથી ચહડીને અભરાઇ ઉપરની બાટલીઓ તપાસી જોઇ તો તેને જણાયું કે 'લાડનમ'ની બાટલી જેવી ને તેવી ભરેલી હતી, તેમજ 'પૃસિક આસિડની બાટલીબી કાંઇ ઝાજી ખાલી કરેલી નહી હતી. પણ એટલુંજ કે બધી બાટલીઓ ઉપર અત્યારસુધી કોઇનો હાથ નહી લાગવાથી આગળની ચહડેલી ધુળ એમની એમ પડેલી હતી, ત્યારે 'પૃસિક આસિડ'ની બાટલી ઉપર ખટલીનો હાથ લાગ્યાથી ધુળ સાફ થયલી હતી.

ખટલીએ ખચીત 'લાડનમ' લીધુંછે કે તેને બદલે 'પૃસિક આસિડ' નું કાતેલ ઝેર લીધુંછે, તે નાજાં કશું સમજી શકી નહી અને ઘણા ગભરાટમાં પડી.

"ખટલી, ખટલી, રખે તું કાંઇ આદાંની સુંથ કરી નાખે ?" નાજાંએ પોતાનો ગભરાટ કહી બતાવ્યો. "ઝેર સાથ આસનાઇ કરવી નહી, એ મેહલાશાહ મામા હંમેશ શિખામણ દેયછ જો."

"પણ મેં તો મારા દાંત દુખેછ, તેને સારૂં લાડનમનાં થોડાંક ટીપાં નાની સીસીમાં ખાલી કરી લીધાંછ." ખટલીએ ખોલાસો કીધો.

"તું એમ કેહછ, ત્યારે હું માનુંછ, બેહન, પણ તોબી જો તેં લાડનમજ લીધું હોય તો સીસીમાંથી કડવી બદામનો વાસ કેમ નિકલ્યો ? તેની મને સમજ પડતી નથી."

"એ તારાં મનનો એવો ફાંટો." ખટલીએ ઉડાવનારો જવાબ દઇ વાત ઉડાવી. "ને ચાલ વારૂં, નાજાં હવે આપણ કાંઇ સારી સારી વાતોથી જરા જીવને ખુશ કરીયે."

આ સારી સારી વાત તે નાજાંને ગમતાં કપડાંચપડાં સિવાએ બીજી શી વાતો હોય ? બેહુ બેહનો દવાખાનાની બારીએ એકેકની ખાંધપર હાથ નાખી ખુશ વાતે ઉભી તે નાજાંનાં ફાટાં ટુટાં કપડાંની વાત હતી. ખટલીએ નાજાંને માટે જુસબ મિલિનરને ત્યાંથી નવાં મોજાંનો એક બાક્ષ અને નવી ફ્રેંચ સિલકની સાડીનો એક તાકો મંગાવી આપવાની કબૂલાત આપી.

અને વાતપરથી વાત ખટલીનાં ભવિષ્ય વિષે ચાલી એટલેકે મામા મામાના ગુજરવા

પછી ખટલી પોતાના વર જમસુ જસાવાળાની સાથે જઇ રેહશે, અને મામામાના વારસામાં મળેલી દોલતના પ્રતાપથી સુખી સંસારમાં મઝા ભોગવશે, ત્યારે નાજાં ખટલીનાં ઘરમાં તેની સાથે રેહશે અને વડી બેહન પોતાની નાની બેહનને પોતાનાં સુખમાં ભાગ આપશે, ઇત્યાદી.

"અને આપણને ખાનાપર રોજ પુડિંગ મળશે કે" નાજાંએ પુછ્યું.

"છટ! ખાધરી છોકરી! સંસાર સુખના બધા તારા ખ્યાલ તો મીઠું મીઠું ખાવામાંજ ભરાઇ રેહવાના કે?"

"હાજતો. સારૂં સારૂં ખાવાનું મળે તેજ આપણી હાલત સુધરવાની નિશાની" નાદાન નાજાંએ પોતાની નાદાન અકલ દેખાડી.

પ્રકરણ ૯૯ મું.

પીલો એક નિંદાનું કારણ.

ઉળવા ખાતે હોમાજી દારૂવાળાનાં એકાંત ઝુપડાંમાં જમસુ જસાવાળાના દાહડાપર દાહડા અને મહીનાપર મહીના એવા નિકળી ગયા કે તેને માલમજ નહી પડયા.

. કેવા મઝાના દાહડા ને કેવા મઝાના મહીના પસાર થઇ ગયા! કેવી નરમાસ અને કેવા મીઠાસ સાથે, કેવી સાદી જીંદગીમાં અને કેવી કુદરતી સ્થીતિમાં, એક કોમળ બાળકની રૂમતિયાલ હાજરીના મીઠા ભાગ સાથે તે સઘળા દાહડા અને મહીનાઓ પસાર થયા!

ઉણાળાની ગરમી સાથે ખુદરત પોતાના તલેસ્માતી બાહારમાં ખીલી નિકળી હતી. રસ્તે રસ્તેના દરએક આંબા ઉપર રસીલા આંબાઓ પોતાની સોનેરી ટોપી સાથે રસરસતા ઝુમખામાં લટકી રહ્યા હતા. હોમાજીના બાગની જોડેનાં ખેત્રમાં શીરીનના કોમળ હાથે ઉગાડેલા વેળાઓ વચે મીઠાં પાણીથી ભરેલાં તરબુચોનાં વન ને વન લાગી રહ્યાં હતાં, અને બગીચાની રોણકદાર કયારીઓ સુગંધીદાર બટ મોધરાંઓના પમરાટથી મધમધી રહી હતી. એવી ખુશનુમા મોસમ, તેના ખુલાં આકાશ અને થંડી લેહકી સાથે, ખુલી રાત્રીઓ અને ખુલા દહાડાઓ લઇ આવી હતી, કે જે વચે જમસુ જસાવાળો પોતાનું ખોહેલુ ખુદરતી કુવત અને સર્વ સુખ ઝડપથી વધારતો ચાલ્યો હતો.

તોપણ અજાયબ જેવું છે કે આટલો તનદરોસ્ત થવા છતાં અને પોતાની "જસવાડી" માં જવાની ધાક ખમવાને શક્તિવાન થવા છતાં, હવે તે આ એકાંત ઝુપડાંના એકાંતવાસથી અધીરો અને પોતાને મકાને પાછો જવાને ઉતાવળો થયો નહી હતો. હોમાજીનાં ઝુપડાંમાં બિચારી શીરીનને માથે પડી રહીને પોતાની માવજત વિષે તેને તસ્દી આપવાને હવે તે આગળના જેટલો નાખુશ નહી હતો.

"મને મારા આ પ્યારા પીલાનો એવો તો પહોશ લાગોછ કે મને એને છોડી જવા ગમતું નથી," જમસુ બોલતો. "મને લાગેછ કે પીલા વગર મને મારાં ઘરમાં સોહવાશે નહી અને બધું સુહણું સ્મશાન લાગશે."

અને હવે આ મીઠી બોલીના પોપટનો પટપટારો મુકી જવાની નિરાશામાં તે ગમગીન બેસી રેહતો, અને સુંદર શીરીન પણ પોતાનાં કામમાં મુકું ખોસીને વધારે ને વધારે નિસોસ મારતી જણાતી હતી, કે જે નિસોસની હાય બીજાઓને સંભળાતી નહી હતી, પણ જમસુનો દોસ્ત દાદીબા જે પાસે બેસી રેહતો હતો તેજ સાંભળી શકતો હતો.

જમસુ ઘરની બાહાર નિકળી આસપાસની લીલોતરીમાં ફરવા જઇ શકતો હતો. તેના એક હાથમાં લાકડીનો ટેકો અને બીજા હાથ ઉપર કોઇ દહાડે દાદીબા તો કોઇ દહાડે શીરીન તેને અવારનવાર ટેકો દેવાને તૈયાર હતાં. શીરીન તેને ખેતરોમાં ચલાવીને આસપાસની ખુદરતી લીલા સઘળી બતાવતી હતી, અને ડુંગરોની દરેક ટોંચ ઉપર તેની નજર ઠેરવીને તે કયાં કયાં ચહડી આવેલી અને કેટલે ઠેકાણે લાકડીઓ ડાટી આવેલી તે ઉપર તેનું ધ્યાન ખેંચતી હતી. આ ખુશનુમા ફરહર વચે તેઓ ઝુંપડાંઓની પાસેથી પસાર થતાં એક નાળાના કિનારા ઉપર લગભગ

દરરોજ બેસતાં, કે જયાં શીરીન પોતાની ચોપડીઓ લાવીને વાંચતી, અને પથરાઓ ઉપરથી કુદતાં ફીણફીણ થતાં પાણીના નરમ સુસવાટાની લેહરથી સુવાળા પથરાઓ ઉપર અઢેલીને વિચાર કરતાં કરતાં જમસુને એટલી લેહર લાગતી કે તે પા અડધો કલાક એક મીઠી ઉંઘ પણ ખેંચી કાહાડતો હતો.

એમ કરતાં જમસુ પુરતો તનદરોસ્ત થયોછે તથા પોતાને ઘર જવાને શક્તિવાન થયોછે એવો ડાકટર સીતારામે અભિપ્રાય આપવાનો દાહડો આવી લાગ્યો.

"હું તો ધારૂં છું કે તમે આજ પંદર દિવસ ઉપર ઘર ગયા હતે તોપણ ચાલતે," ડાકટરે કહ્યું, "પણ વધારે ચોકસ થવાને માટે હું બોલ્યો નહી, કાંકે હું જોઉંછું કે આ ઘરબી તમોને તમારાં ઘર જેવુંજ છે, અને અંહી તમે ઘણા સુખી છો."

"હા ડાકટર, હું અંહી ઘણો સુખી છું."

"તોપણ જ્યારે તમે હવે અંહી એકુબે માઇલ ચાલી શકોછો, ત્યારે બે માઇલ ઉપર તમારી વાડીએ ગાડીમાં બેસીને જવાની કાંઇ અડચણ નથી, અને તમોને પોતાનું મકાન છોડી દઇ અંહી ગોંધી રાખવાનું હવે મને કશું કારણ નથી."

"ખરેખર ડાકટર, હવે મારે અંહી પડી રેહેવું નહી જોઇએ!" જમસુ જાણેકે અંહીથી જવાને દલગીર હોય તેમ ઉદાસ ચેહરે બોલ્યો.

"પણ ગયે મહીને તો તમો જવાની ઉતાવળમાં પડયા હતા અને તમોને અંહીજ રેહેવા સારૂં મારે તમોને કેટલી તાકીદ કરવી પડી હતી." ડાકટર સીતારામે યાદ આપી.

"હાજી, ગયે મહીને હું માંદો અને પાજી હતો. ગયે મહીને આ મકાન મને અજાણું હતું. પણ ત્યાર પછી મને અંહી એટલું સોહવાઇ ગયુંછ કે જાણેકે આ ઘર મારૂં પોતાનુંજ મકાન હોય એમ મને લાગેછ. હોમાજી શેઠ અને આ શીરીનબાઇ મારી ઉપર કેવાં મેહેરબાન છે! અને વળી રશ્રોસઞો મારો પડોશ વધારવા આ મીઠું ભૂલકુંબી મારી પાસેનું પાસે રહ્યુંછ."

મીઠો પોપટ પીલો જે આ વખતે અંહીજ ઉભેલો હતો તેના કરચળ્યા કેશવાળાં મખમળ્યાં મસ્તક ઉપર હાથ પસવારીને જમસુ બોલ્યો.

"હું નહી જાણતો, ડાકટર, કે મારા અંહીથી જવા પછી એ મીઠા પોપટ વગર મને કેમ ચાલશે."

"આ હા! ગરીબ બિચારૂં બચું! એની શી વાત કરવી, જમશેદજી શેઠ?" ડાકટર સીતારામને જાણેકે આ બાળક ગમતું નહી તેમ તે ચેહરા ઉપર ચીલો ચહડાવીને બોલ્યો.

"કેમ ડાકટર, આ ભૂલકાંની વાત તમોને કાંઇ ગમતી નથી?"

"ઝાઝીતો નહીજ, સાહેબ. એ બચાંએ ઘણી વાતો ઉભી કીધીછે, અને ઘણીક નાલેશીમાં ઘણીક જીભોને ચાલતી કીધીછે?" ડાકટર સીતારામ બોલ્યો.

"એટલે ડાકટર? નાલેશી શાની? કોણની નાલેશી?"

"અરે ભાઇ જમશેદજી, ગામડાંનાં ગરીબ લોકો નિંદાખોર તો ખરાંજતો!" ડાકટર સીતારામ બોલ્યો. "હું અંહીના ગામડયાઓની નાલેશી વિષે બોલ્યોછું."

"અને સાહેબ, અમારાં મુંબાઇગરાં સુધરેલાં તે કયાં ઓછાં નિંદાખોરાં છે?" જમસુએ ચેતવણી આપી.

"પણ અંહીની તો વાતજ જુદી છેની મી૦ જમશેદજી" ડાકટરે વાત ચલાવી. "જરાક કાંઇ હંમેશના સરેસ્તાથી જુદું બન્યું, જરાક કાંઇ ભેદભરેલું માલમ પડયું કે ગામનાં લોકો તેની તરેહવાર ચાવાચીવી કરવાને ચુકતાંજ નથી. એજ પ્રમાણે હોમાજી શેઠે આ છોકરાને કરી લીધો, તેમાંથી કેવી નાખુશ વાતો ઉભી થઇ હતી. સાહેબ."

"પણ એમાં વાત કરવા જેવું છે શું,? એ તો ઉલટું હોમાજી શેઠનું એટલું દયાળુ દિલ દેખાડેછ, કે એક રખડતાં નાવારેસ બાળકને આશ્રો આપી પોતે તેના બાપ થયા."

"હોયબી, હોયબી, સાહેબ એમજ હશે, તોપણ ગામનાં લોકોનો કાંઇ ધરો છે? પારકાં લોકો કાંઇ એવાં મોટાં મનથી વિચાર કરેછે? એક વખત ઉપર આ શીરીનબાઇ લોકોને કેવી માનિતી અને પ્રિય હતી! પણ આ બચું ઘરમાં આવ્યું કે આખાં પણવેલી સુધી તમારા પારસીઓમાં તેની નિંદા ચાલી."

"એ કેવું ખોટું!" જમસુએ કદર ખાધી.

"અલબતાં! ખોટું તો ખરૂંજતો."

ડાકટર સીતારામે ટેકો આપ્યો. "પણ ભોલાં લોકો બોલવા ઉપર આવ્યાં એટલે કાંઇ બોલવા વગર રેહેવાનાં છે? જુઓની સાહેબ, આ બાળક ફક્ત તુર્તનું જનમેલું અંહી એવું તો ભેદભરેલી રીતે એકાએક નિકળી આવ્યું, કે આસ્માન ઉપરથી પરમેશ્વરે નાખ્યું હોત તો તે પણ એટલું અચમ્બુ નહી લાગત. શીરીનબાઇએ તેને સીસીથી દુધ પાઇ પાઇને ઉછેર્યું, પણ આ સામેના ડુંગરા કેમ પેદા થયા તે વિષે અમે જેટલા અગ્નાન છીએ તેટલાજ આ બાળક કયાંથી આવ્યું અને કેમ પેદા થયું તે વિષે પણ છીએ."

"હું! હું! હું સમજ્યો. શીરીનબાઇએ આ બાળકને ધાવતું ઉછેર્યું તેટલાં ઉપરથી નિંદાખોર લોકો તેની આબરૂ ઉપર શક લઇ ગયાં અને તેની નીતિને ગળે પડયાં?" જમસુએ અટકળ બાંધી.

"હા સાહેબ, એમજ છે," ડાકટર સીતારામે ખબર આપી. "આ બાળક વિષે ગામમાં તરેહવાર બોલાયું. ગામડાનાં લોકો ભડભડ બોલીનાં તો ખરાંજ, તેઓની ભાષા સુધરેલી તો નહીંજ, તેઓ મોંહ ઉપરને મોંહ ઉપર જે હોય તે કહી દેવાનાંજ."

"પણ તેટલા વાસ્તે શું એક નિર્દોષ અબળા ઉપર જુઠી બનાવટ પણ કરવી જોઇએ?" આ શબ્દો જમસુ એવાં જોસથી બોલ્યો કે સ્ત્રિપંથ તરફનાં તેનાં માનની લાગણી વિષે ડાકટર સીતારામ અચરત થઇ ગયો.

"પણ હું તો સાહેબ હંમેશ શીરીનબાઇની તરફેણ હતો. હું તો એ જુવાન બાઇનો બચાવ કરતો હતો."

"પણ બચાવની જરૂરજ શી હતી?" જમસુ બખાળ્યો "અફસોસ કે એક બેગુનાહ બાનુની પવિત્રાઇ માણસો પીછાણી શકે નહી! આ છાપડાંમાં મેં જેટલા મહીના કાહાડયાછ તેટલા મહીનામાં એ બાઇની ચાલચલણ મેં એટલી ચોખ્ખી જોઇછ, કે જો તમારાં ગામડયાંઓની નિંદામાં કાંઇ પણ સચાઇ હોય તો હું કહુંછ કે એકબી ઓરત આબરૂદાર અને ચોખ્ખી કહેવાય નહી."

"ખરૂં છે સાહેબ," ડાકટર એકમત થયો. "અને તોપણ આવી નાલેશી ઉભી કરવાને એ બાળકનું અંહી આવવુંજ મને દલગીરીભરેલું લાગેછે. એ બચાંની પેદાયશ કાંઇ અજાયબ ભેદમાં છે, અને જયાં એક ચીજ ભેદમાં હોય ત્યાં નિંદાખોરોને ખોરાક મળેછે. મને બિચારી શીરીનબાઇનું ઘણું લાગેછે, કાંકે તેવણે એ બચાંને લીધે ઘણું ખમ્યુંછે."

"અફસોસ! ત્યારે શું એ નિંદા એ બાઇને કાનેબી ગઇતી?"

"હા સાહેબ, અને તેથી તે ઘણી દુઃખી થઇ હતી."

"કમનસીબ ઓરત!" જમસુ દયા ખાઇને બોલ્યો. "ને તોપણ હું અજબ થાઉંછ કે જયારે મેં પીલાને મારો દીકરો કરી લેવા માગ્યો ત્યારે તે સામી થઇ. એ બચાંથી છુટી પડવાને તે રાજી નથી."

"કેમ હોય, સાહેબ? એ બચાંને એણે એટલું તો વ્હાલું કીધુંછ કે તેને ગોયા પોતાનાં જીગરમાં સંતાડી રાખ્યુંછે. હોમાજી શેઠ ઘણાજ દયાળુ માણસ છે. તેવણને ત્યાંથી ફકીર ભીખારીઓનો હરામખોર વર્ગ વટીક કોઇ દાહડે ખાલી હાથે જતો નથી."

પ્રકરણ ૧૦૦ મું.

ગામડિયા નિંદાખોરો.

ડાકટર સીતારામ સાથની આ વાતચીતથી જમસુનાં ઉસ્કેરાયલાં મન ઉપર ઘણી માઠી અસર થઇ. તેના જીવને કાંઇ ચેન પડયું નહી. દાદીબા અને શીરીન તેની ચાને માટે ખોટી હતાં, પણ જમસુ તે સાંજની આ પીવાને પણ પોતાનો માનીતો એટલો છોડીને ગયો નહી. તે બાળક પીલાને પોતાનાં પાસાંમાં ચાંપીને બાહારજ બેસી રહ્યો. તેના સઘળા વિચારો એ કોમળ જીવની આગળી તવારીખ અને આવતાં ભવિષ્યમાં ભરાઇ રહ્યા.

અગરજો એ કુમળો જીવડો કોઇ દહાડે આ એકાંત ઝુંપડાંમાંથી છુટો પડેતો તેનું શું થાય? દુન્યામાં કોઇ ચીજ ટકાઉ નથી. મોટા મોટા મેહલોની એશઆરામવાળી જીંદગી

ટકી શકતી નથી તો આ ઝુંપડાંની એકાંત જીંદગીનો ગરીબડો સંસાર કયાંસુધી ટકવાનો છે? અને તેવા કોઇ વખતે અગરજો આ મીઠું બાળક જીંદગીની જંજાળ ભોગવવાને દુન્યામાં એકલું પડેતો નહી માબાપ કે નહી કોઇ સગાંવ્હાલાં, યા નહી કોઇ દોસ્ત આસનાવ, તેવાં નિરાધારપણામાં તેનું શું થાય?

આવા આવા વિચારોથી આ નિર્દોષ બચ્ચાંની આગળી તવારીખ જાણવાની બળતી જીગાશા જમસુનાં જીગરમાં ઘણીજ ઉસ્કેરાઇ આવી. પણ તે જાણી કેમ શકે? તેનો ભેદ શીરીન એકલીજ જાણેછે, અને શીરીન તે વિષે વાત કરવાને ખુશી નથી. એટલુંજ નહી પણ તેના સરખી એક સુંદરીને એ વાત પુછવામાં પણ જોખમ છે, કાંકે પોતાનાં મનમાં કાંઇ વેહમ હોય, શીરીન ઉપરના શક પોતે પણ ખરા માનતો હોય, એવો તેના પુછયાનો અર્થ થાય, માટે એ વાત પુછવાજોગબી નહી હતી.

આવાં અણમન્યાપણામાં જમસુએ તે સાંજે શીરીનની સંગતની દરકારજ કીધી નહી, અને સુર્યાસ્ત સમયે પોતાના રોજનાં ફરવામાં તે શીરીનના યા દાદીબાના ટેકા વગર પેહલવેહલીજ વાર એકલો બાહાર નિકળી ગયો. તે ફરતો ફરતો નાળાં ઉપરનાં પોતાના પરીચય ખેતરમાં ગયો કે જે ખેતરોમાં ગામડિયા મજુરો કામ કરતાં કરતાં ગામગપાટા ચલાવતા હતા તે તેને કાને આવ્યા વગર રહ્યા નહી. જમસુને જોઇને તેઓએ તેનીજ વાત ચલાવી. તેઓએ તેને શીરીનનો દિલદારજ ઠેકી બેસાડયો, અને શીરીન તેને લાગેલીછે એમ નકીજ માની લીધું. આ નિંદાખોર ગામડિયાઓમાં એક જણની જીભ કાંઇ ખાશ ઝેરી હતી. તેને હોમાજી દારૂવાળા ઉપર આગળો વિશેષ ખાર હતો, કાંકે તે આગળ તેઓનાં ઝુંપડામાં નોકરી હતો. પણ પછવાડેથી તેને ચોરીના વાંકને માટે બરતરફ કીધેલો હતો; માટે હોમાજી શેઠ ગરીબોના કેટલા ખેરખાહ છે તે ભૂલી જઇને આ લુચ્છા ગામડિયાની બડબડને કાંઇ હદ નહી હતી.

"અરે ભાઇ, એ પોરી પોતાના એ પારસા યાર સાથે પરણશે કેમ? એનું પેલું હરામનું પોથરૂં છે તે એ પારસાએ જોયું નહી હશેકે?"

તે લુચ્છો આ વાકય પુરૂં પણ કરી શકયો નહી. કાંકે તે છેલો શબ્દ બોલે તેની અગાઉ તો તેનાં માથાં ઉપર એક ભારી પથર આવીને પડયો હોય તેવો તેને ગોદો લાગ્યો, અને તેનાં મગજે ઘુમરી આવીને તે લપેડા ખાતો પડયો.

તે અને તેના સોબતીઓ જુવેછે તો તેનાં માંથા ઉપર કાંઇ પથર પડયો નહી હતો પણ એતો એક જબરી મુક્કીનો જોરાવર માર હતો, અને તે મારનાર કોઇજ નહી પણ તેજ "પારસો" હતો કે જેની આ લોકો વચે નિંદા ચાલતી હતી. જમસુને અચણુચ જોઇને સઘળા મજુરો તુર્તજ નાહાસી ગયા. જતાં જતાં માર ખાનારો મજુર ફોજદારીમાં ફરયાદ જવાની ધમકી આપી ગયો.

"હા, જજે, જજે," જમસુ હસ્યો. "પાંચ પચાશ રૂપ્યાનો મને દંડ થશે તોબી એ મુક્કી મને મોંઘી નહી પડશે."

પોતાની છેલી માદગી પછી જમસુ જસાવાળાને કેટલી શકિત અને કેટલું જોર આવ્યુંછે તે વિષે તેને આજની આ પરીક્ષા પુરતી લાગી. તેની એ સઘળી તનદરોસ્તી તેની નવી દોસ્ત સુંદર શીરીનની સઘળી માવજતનું પરિણામ હતું, કે જે ઉપરથી તેના ખ્યાલ એક વાર ફરી એ શીરીનના સંકટ અને સંકટ ખમવાની ધીરજ ઉપર ગયાં. તેણે આ મજુર ઉપર ચલાવેલી દસ્તદરાજી પણ એ શીરીનનીજ ખાતર હતી, કે જે બિચારીની નિંદા તેનાથી શાંખી શકાઇ નહી હતી.

"પણ એ શીરીનનાં પાક નામને થયલું અપમાન મને એટલુંબધું શા વાસ્તે લાગેછ?" તે વિચારવા લાગ્યો. "શું મને કાંઇ એ પરીજાદની મોહીની લાગીછ? અથવા હું પોતે પોતાનેજ કહી શકું તેના કરતાં કાંઇ વધારે વાર રેહેવાથી મારાં હવે પછીનાં સુખ ખ્યારે રખે મને આકર્શી લીધો હોય! મારી માદગી અને બિમારી વખતે મને આરામ આપનારા આ પનોતાં ને ખ્યારાં ઘરમાં વધારે શાંતીમાં રખે કાંઇ ખલલ થવાની હોય? પણ જોબી ખલલ થશે તે બધી ખટલીની મોહકાણમાંજ થશે. અરે ખટલી! ખટલી! એ બધો તારોજ વાંક છે! તું મારાં જીગરમાં તારી જગ્યા બીજીને આપી ગઇછ. હવે મારૂં શું થશે? પણ જોબી થશે તેનો જુમો ખટલીને

માથે રેહશે, પણ હું હાથે કરીને કાંઇબી ખરાબી થવા દઇશ નહી. જે પવિત્ર હાથે મને મોતમાંથી બચાવ્યોછ તે હાથને હું મારે લીધે કશો દાઘ લાગવા દઇશ નહી. ડાકટર સીતારામની સુચના ખરી છે કે હવે મને અંહી પડી રેહવાનું કાંઇ કારણ નથી, પણ મારે જયા અગાઉ આ મીઠાં ભૂલકાંનો બધો ભેદ જાણવો જોઇયે, કારણકે તે જાણ્યા અગાઉ અંહીથી મને જવા ગમતું નથી."

મજુરને મુક્કી મારવાથી જેટલો નહી તેટલો આ જોશભર્યા વિચારોથી જમસુએ પોતાને થાકેલો અને નબળો પડેલો જોયો. તેનાં દિલનો ધબકારો જોશથી વધ્યો હતો, તેના પગ ઢીલા થઇ ગયા હતા, અને તે ઝુપડાં સુધી ચાલી જવાની તેનામાં તાકાત રહી નહી. તે એટલો ફિકો પડી ગયો હતો કે કેટલેક વારે તે ઝુપડાંમાં પોંહચ્યો ત્યારે કોમળ શીરીન અને તેનો દોસ્ત દાદીબા બંને જણ અત્યંત અચરતીથી તાત થઇ ગયાં.

"શું છે, શેઠ? શું છે? તમે એટલા ફિકા અને નબળા કેમ દેખાઓ છો?" શીરીન તેને બેસાડવા તેની આગળ ઝડપથી એક ખુરશી તાણીને બોલી.

"બેસી જાઓ, બેસી જાઓ, જરા આશાયશ લ્યો."

"હું આજે જરા વધારે ઝડપથી ચાલ્યોછ, અને એકલો ફરવા ગયો, તેથી જરા થાક લાગીછ."

"પણ, જી, તમે વધારે કાયલી દેખાવોછ?" શીરીને આતુરતાથી પુછયું.

"હું પાછો કાયલી થઇ પડયો હોઉં તો દલગીર છું," જમસુ ઉદાસ થઇ બોલ્યો, "કાંકે કાલે સહવારે તો હું મારે ઘર જવા ધારતોતો, અને આજેજ ડાકટર સીતારામે મત આપ્યું કે મારે અંહી વધારે વાર પડી રેહવાનું કારણ નથી."

"કાલે ને કાલેજ?" શીરીને અચરતીથી પુછયું. "એટલી ઉતાવળે તમોને સીધારવાની શી જરૂર છેજી?"

"ત્યારે હું અંહી કેટલાક મહીના તમારે ત્યાં બોજો થઇને પડી રહું?"

"બોજો શાનો? તમે અમોને બોજો જેવા લાગતાજ નથી." શીરીનનો ચેહરો આ બોલો ઉપર એવો ફગલાયલો હતો કે દાદીબા જે તેની સામેજ બેઠેલો હતો અને જે શીરીનનાં મનના વિચારો પામી જતાં શિખ્યો હતો તે સમજયા વગર રહ્યો નહી કે આ છોકરીનું દિલ જમસુ તરફ કાંઇ અજાયબ સંબંધથી બાઝેલું હતું.

પ્રકરણ ૧૦૧ મું.

પીલાની કાહણી.

બીજી સહવારે જમસુ ઉછળતા દિલના જુસા સાથે અને કાંઇ સમજી નહી શકાય એવી દલગીરીના ખ્યાલ સાથે ઉંઘમાંથી ઉઠયો. એકજ બાબત ઉપર તેણે મજબુત ઠરાવ કરેલો હતો, અને તે તેની બાપીકી મિલકત "જસવાડી" માં પાછો જવાની બાબદ હતી. ત્યાં જવામાં વધારે ઢીલ કરવાની જરૂર નહી હતી. અંહી હોમાજીનાં ઝુપડાંમાં અને શીરીનની હાજરીમાં તે જોઇએ તે કરતાં વધારે વખત પડી રહ્યોછે, અને તેનાં મનની સમાધાનીને માટે તેને અંહીથી જલદી જવાની જરૂર છે.

"જો મને ગયા શિઆળામાં કોઇએ એમ કહ્યું હતે," તે વિચાર કરવા લાગ્યો, "કે મારી બાયડી સિવાય બીજી કોઇ પણ ઓરતને માટે મારૂં દિલ વધારે ધડકશે તો તેવું કેહેનારને હું તેજ વખતે ખોટો પાડતે; પણ મારી ખીદમત કરનારી આ જુવાન 'નર્સ' નું મને એટલું બધું લાગેછ અને તેનાથી છુટો પડવાનું મને એટલુંબધું ભારી થઇ પડયુંછ તે શું ફકત એની ચાલુ ચાકરીની હેજગારીથી હશે? અથવા શું કાંઇ માનથી યા શું કાંઇ પ્યારથી હશે? અથવા એ શું કાંઇ મને નહી ઘટે અને જે મને દાબી નાખવો જોઇએ એવો કાંઇ જુસો હશે? એ ગુચવાડાનો હું પોતેજ કાંઇ જવાબ દઇ શકતો નથી. ગમે તેમ હોય, તોપણ મને આ ખેંચાણ ઘણું નરમ લાગેછ. અગરજો તે પ્યાર હોય તો ઘણો નિખાલેશ પ્યાર છે. તે પવિત્ર અને માનભરેલો નિર્દોષ અને

ચોખો પ્યાર હશે. મારી એ લાગણીને કાંઇ પણ અપવિત્રાઇનો કલંક હું લાગવા દઇશ નહી, અને તોપણ જો હું આ છોકરીને ચાહવાને છુટો હતે તો મારી જીંદગીમાં કેવો નવો ચલકાટ પડયો હતે તે મને હમણાબી લાગ્યા વગર રેહેતું નથી."

આ વિચારોમાં જમસુ તે સહવારે મોડો ઉઠયો, અને જાગ્યા છતાં તેણે પોતાના ઓરડાનું બારણું બાહારથી ઠોકાયા વગર ઉઘાડયું નહી. તે બારણું ઠોકનાર તેનો પ્યારો સોબતી પીલો હતો.

"ટાલોની ઢમઢેઢી હેહ. ઢમથું ટાટા, ટાલો. માયઢી બોલાવેડ, નાથઢો ઠંઢો પરેહ, ટાહે ઠંઢી પરેહ."

"અરે હું આઉંછ દીકરા પીલા, હું આઉંછ" જમસુ ભડકી ઉઠીને બોલ્યો, અને પીલો નાચતો અને કુદતો દોડી ગયો.

જમસુ ઝપાટામાં બાહાર નિકળ્યો, અને ઝુંપડાંની સાદી જમણશાળામાં ચા નાસ્તો લેવા ગયો. શીરીન એકલીજ બેઠેલી હતી, અને પોતાના સીવવાનાં કામમાં મશગુલ હતી. જયારે પોતાના મમાવાના અથવા પ્યારા પીલાનાં કપડાં સીવવાનાં નહી હોય, ત્યારે પોતાનાં ગરીબ પડોશીઓનાં કપડાં સીવવાનું કામ તે ચુકતી નહી હતી. જમસુએ જોયું કે તે આજે ખુશ નહી હતી. અગત્ય કરીને તેના ચેહરા ઉપરના તાજા ગોલાબ આજની સહવારે કરમાઇ ગયલા હતા.

"કેમ શું છે, શીરીનબાઇ? કાલે સાંજે તો તમે મને કાયલી ને થાકેલો કેહેતાંતાં, અને આજે તમે કેમ એટલાં ફીકાં દેખાવોછ? તમારો ચેહરો ઉતરી જવાને નવો બનાવ શું બન્યોછ?" જમસુએ ચા પીતાં પીતાં પુછ્યું.

"હાજી, કાલે ખેતરમાં શું બન્યું તે સાંભળીને હું ઘણી દલગીર થઇછ," શીરીન સુકાયલે ચેહરે બોલી.

"અરે! તે તમે કેમ સાંભળ્યું? કાલે તમારા એક પડોશી ગામડીયા સાથે મને ત્રણપાંચ થઇ તેટલીબી વાત તમારે કાને આવ્યા વગર રહી નહી? તમારી આગળ બધાં લોકો રોજના બનાવ કેહેવા આવેછ કે શું? મારા જેવા એક આજારીની મશ્કેરી કરવાનો સ્વાદ મેં તે લુચ્છાને સારો ચખાડયો."

"બસ એટલુંજ કે જી? તમે તેને તમારીજ મશ્કેરીને વાસ્તે માર્યો કે?" શીરીને પુછ્યું.

"હાજતો, મારો માદો મરકટ દેખાવ તે મજુરને ગમ્યો નહી. તેણે મારી ઉપર ચેસ્ટા કીધા. પણ મારા મોંહડાં ઉપર કોઇ એમ હસે તે મને ગમે નહી."

"નહી, નહી, જમશેદજી શેઠ, વાતતો કાંઇ વધારે હતી. આજે મારૂં માણસ ગામમાં ઇંડાં લેવા ગયો, ત્યાંથી કાલે શું બન્યું તે બધું સાંભળી આવ્યોછ, અને તેનાથી મેં બધું જાણ્યુંછ. તેને તો તમે મારી નિંદા કરવા સારૂં માર્યોતો, કે જે નીચ નિંદાએ જયારથી આ નાવારસ ભૂલકું મારાં ઘરમાં આવ્યુંછ ત્યારથી મારી પુંઠ પકડી રાખીછ તે છોડીજ નથી."

આ શબ્દો બોલતાં શીરીનની આંખ્યો ભીંજાયલી જણાઇ. પણ તે કાંઇ પોતાનો ગમ ભરબર આંસુથી ધોઇ કાહાડે એટલી નરમ દિલની નહી હતી. માટે તેણે તુર્ત આંસુ લુછી નાખ્યાં, અને પોતાનો ચેહરો જેવો ને તેવો ખુશ દેખાડયો.

"હું દલગીર છું શીરીનબાઇ, કે તે બદમાશ લુચ્છાને એકજ મુક્કીમાં મેં સેહલાઇથી જવા દીધો. મારાં મોંહડાં ઉપર તમારી કોઇ નિંદા કરે તેને હું સજાનો સ્વાદ ચખાડયા વગર જવા દઉં નહી."

"અને શું તમે તે બધી વાત માની?" આ સવાલ પુછતાં પુછતાં બિચારી શીરીનનું ગળું ગુંગલાઇ જતું હોય એવું તેને લાગ્યું, અને તેનો ડીબો ભરાઇ આવેલો જણાયો.

"શું! હું તમારી સામે કાંઇબી માનું? કદી નહી, શીરીનબાઇ, પણ જો તમે એકજ મેહરબાની કરો તો હું તમારો વધારે બચાવ કરીશ. તે મેહરબાની એટલીજ કે તમે તમારો અને આ મીઠાં બાળક વચેનો છુપો ભેદ મને કહો."

"ભેદ કાંઇ નથીજી," શીરીને કશા પણ ગભરાટ વગર ખુલાં દિલથી જવાબ દીધો. "એ મીઠા પોપટની વધુ વાત તમારી આગળ કરતાં હું એટલાજ માટે અચકી ગઇતી કે એ ઘણી દુ:ખભરેલી વાત છે, અને એના આવ્યાથી મારી ઉપર જે કાંઇ વિત્યુંછ તે કદી

વેઠી નહીં શકાય એવું છે. તમે જ્યારે એ છોકરાને માગ્યો ત્યારે મને બુરૂં બોલનારાંઓની ખાતર જો એ પ્યારો પ્રાણ મેં તમોને આપી દીધો હતે તો હું ઘણી હીચકારી અને બેઅદબ કેહેવાતે અને તોપણ એ સઘળી નાલેશી ખમી શકું એટલી હું હિંમતવાન પણ નથી. ઓ! મેં કેવું ખમ્યું છ!"

"નહી શીરીનબાઇ, હું અરજ કરીને માગી લઉંછ કે મને બધું કહો. હું એ છોકરાને તમારા જેટલોજ ચાહુંછ. મારો પોતાનો છોકરો, જેને મેં કદી જોયલો નથી, તે જો આજે જીવ્યો હતે તો તે એટલોજ મોટો થયો હતે. એ વાત તમોને ઘણી અજાયબ જેવી લાગતી હશે, પણ એ બધી ખરી વાત છે માય! મારાં લગ્નની તવારીખ એક દુ:ખભરેલી કાહાણી છે, અને તોપણ હું ખુશી છું કે તેમાં મને શરમાવા જેવું કાંઇ નથી. અને હજી પણ હું મારી બાયડીને પાછો મળવાને ઉમેદવાર છું."

વાંચનાર વિચારશે કે હમેશના સાવધ અને સમજુ જમસુને એક મીઠાં બાળકની વાત ઉપરથી આટલોબધો જુસ્સામાં આવી જઇને ખટલીની વાત કહી દેવાનું શું કારણ પડયું હશે! હમણાં હમણાં ખટલીનો તે ઝાઝો વિચાર કરતો નથી, તોપણ જમસુએ તેને આજે ખામખા યાદ કીધીછે ત્યારે તેનું કાંઇ કારણ હોવું જોઇએ—તે કારણ હવે પછી જોઇશું.

"શીરીનમાય, હું અરજ કરૂંછ કે પીલાની બધી હકીકત તમે મને કહો."

"પેહલાં તમે તમારો નાસ્તો લ્યો." શીરીને શરત કીધી. "એ વાત લાંબી છે, ને તમે ખાવો તોજ હું વાત કરૂં."

આવી શરત ઉપરથી જમસુએ પોતાનાં પાઉં માખણ અને ઈંડાં ઉપર પીલાની કાહાણી સાંભળવાની લાલચથી ઝડપ ઝડપ હાથ ચલાવવા માડયા, અને તેને જમવામાં ઉત્તેજન દેવા સારૂં શીરીને પીલાની કાહણી શરૂ કીધી.

પ્રકરણ ૧૦૨ મું.

પીલો કયાંથી આવ્યો?

"જોવનીજી, આસરે ત્રણ વર્ષની વાત ઉપર ચોમાસું ઝરમર ઝરમર શરૂ થયલું હતું ત્યારે મેં પીલાને પેહલવેહલો જોયો. એક થંડી અને ખુશનુમા સાંજે હું અમારાં ખેતરમાં ફરતી ફરતી બાહાર રસ્તામાં નિકળીતી ત્યારે ત્યાં એક ઝાડના છાંયા હેઠે એક પથરને અઢેલીને એક પારસણને ફસડાઇ પડેલી મેં જોઇ. તેના હાથમાં એક બચ્ચું હતું તે તો મેં જોયલુંજ નહી, કાંકે તેને ગરમ ઢાબળીમાં સંતાડેલું હતું. મને તે આજારી જેવી દેખાઇ તે ઉપરથી મેં પુછ્યું કે 'તમે આજારી છો?' ત્યારે તેણે હા કહ્યું, અને બોલી કે તે ઘણી થાકી ગયલી હતી, કારણકે ઉલવાનાં બંદરપર તેજ દહાડે બપોરે ઉતરેલી ત્યાંથી અંહી સુધી ચાલતી આવેલી હતી. તેના સુંદર દેખાવપરથી મને તેની ઘણી દયા લાગી. વાસ્તે મેં તેને મારાં ઝુપડાંમાં ઓટલાપર આવીને આસાયશ લેવા કહ્યું. તે મારી સાથે ચાલતી ઝુંપડાંમાં આવી પણ સીહડીપર ચહડવા અગાઉજ બેશુદ્ધ થઇ ગઇ, અને જો મેં પકડી લીધી નહી હતે તો પડી ગઇ હતે. એવાંમાં તેનું ઢાબળીમાં સંતાડેલું બચ્ચું રડી પડયું ત્યારેજ તે બાળકને મેં પેહલવેહલું તુર્તનું જણેલું જોયું. તે એવું તો નાનું એક વેંહેંત જેટલું બચું હતું, કે મને તે જોતાંને વારજ તેના રડવાનો અવાજ સાંભળીને દયા લાગી. મેં તુર્ત ધાર્યું કે તે સુવાવડી હોવી જોઇએ, ને તેણીએ તેજ દહાડે આ બચ્ચાંને જન્મ આપેલો હોવો જોઇએ. પણ હું કાંઇ ગભરાઇ નહી. અંહી મારી આસપાસનાં ઝુપડાંઓમાં ઘણીક સુવાવડીઓને તુર્તનાં બચ્ચાં જણેલાં મેં જોઇછ તેથી આ બચ્ચાંની મને કાંઇ નવાઇ લાગી નહી."

"અને તેજ વખતે તમે આ મા દીકરાંને તમારાં ઘરમાં ઉતારો આપીને બચાવી લીધાં હશે?" જમસુએ પુછ્યું.

"હાજી, હું બીજું શું કરી શકું? મેં જોયું કે બિચારૂં બચ્ચું ધાવવાને માટે ટળવળતું હતું અને તેની મા ભૂખે મરતી હતી. તેણે પોતેજ કહ્યું કે તે મુંબઇથી

દરિયાને માર્ગે ઉલવે આવી, ત્યાંસુધી સહવારની આ સિવાય બીજુ કાંઇ તેણે લીધું નહી હતું.

"કેવી દુઃખદાયક કાહાણી," જમસુ બોલી ઉઠયો. "પણ વારૂં શીરીનબાઇ એ બચ્ચાંની મા કેવી હતી તે તમે કહી શકશો?"

"હું કેમ કહી શકુંજી? તેને મેં મારાં ઘરમાં લીધી ત્યારે તે કાયલી, તવાયલી, ને સુકાયલી દાડાં જેવી હતી. તોપણ તેના ચેહરા ઉપરથી હું ધારૂંછ કે તેના સારા વખતમાં તે ઘણી સોહવામણી ને ખુબસુરત હોવી જોઇયે. પણ આ વખતે તેનું રૂપ ઘણું કરમાઇ ગયલું હતું. તે બોલવા ચાલવાને ખુશી નહી હતી, ને જોકે મારી ઉપર તેનો ઘણો વિશ્વાસ વધ્યો હતો, તોપણ પોતાને લગતી કોઇ પણ વાત તે મને કેહેવા ચાહતી નહી હતી. તે કોણ હતી, કોણની દીકરી હતી, કોણની બાયડી હતી, કયાંથી આવી હતી, કયાં જતી હતી, અંહી શું કામ આવી હતી, આગળા વખતમાં તે શું કરતી હતી, અને હવે પછી શું કરવા ધારતી હતી, તે વિષે કાંઇ પણ વાત કરવાને તે નાખુશ જણાઇ ત્યારે મેં તેને વધારે પુછયુંજ નહી. તે સરીઆમ ઘણી દુઃખી હતી, અને જોકે પોતાનાં બચ્ચાંને ઘણી ચાહતી હતી, તોપણ એ બચ્ચુંજ તેનાં દુઃખનું કારણ હતું. મને લાગ્યું કે બીચારી ઉપર કાંઇ ઘાણું દુઃખ પડેલું હતું, અને તે દુઃખની મારી નાહસી આવેલી હતી. પછી મારા મમાવાજી આવ્યા અને તેવણનેબી એ બાઇની ઘણી દયા લાગી, ને તેવણે મને કહ્યું કે બીચારીની વાત કાંઇ ઘણી ખરાબ હશે, વાસ્તે તેને પુછીને પજવવી નહી. તે ઉપરથી અમે કાંઇ પુછયુંજ નહી."

"કેવાં તમે દયાળુ છો!" જમસુ વચમાં બોલ્યો. "અને તમે તેને એવી રીતે રાખી મુકી કે?"

"હાજી, રાખીએ નહી તો કોઇ બીચારાં વાખાના મારેલાં ગરીબ હમજાતીને કાહાડી મુકયે? અમારાં ખેતરમાં ગાયો ઘણી હતી. અમારૂં ઘરનું દુધ બાહાર વેચાવા જતું હતું, તે માદિકરા બેહુને કામ લાગ્યું. બે દહાડામાં તો માતા પોતે બચ્ચાંને ધવાડતી થઇ અને બચ્ચું માને ધાવીને ઘણું આસુદું થયું. એવી રીતે આંઠેક દહાડા થયા પછી જયારે તે બાઇ તનદરોસ્ત ને સાજી થવા લાગી ત્યારે તે એકુબે દહાડામાં અમોને છોડી જવાનું બોલી. તે ઉપરથી મેં પુછયું કે તમે કયાં જશો? તમારૂં કાંઇ ઘરબાર છે કે? ત્યારે તેણે એવું દેખાડયું કે જાણેકે તેનું ઘરબાર સૌ હતું, અને તે ત્યાંજ જવા માંગતી હતી. પણ આ બચ્ચાંનું શું કરવું તે વિચારથી તે મુઝાતી હતી. તેને આ બચ્ચાંની બ્હીક હતી, અને તેને પોતાની સાથે લઇ જવા ચાહતી નહી હતી. તે બચ્ચાંને રાખી જવા ખુશી હતી વાસ્તે તેણેજ મને પુછયું કે આ ગામનાં ગરીબોમાં કોઇ સારી ને આબરૂદાર બાઇ એક બચ્ચાંને સંભાળીને રાખવાને ખુશી હોય તો બતાવવી. એક બે વર્ષ સુધી તે બાઇ આ બચ્ચાંને ઉછેરે અને માતા પોતાને ઘરથી મહીને મહીને બરાબર પગાર મોકળ્યા કરે તે લેય તેવી કોઇ સ્ત્રીને પોતાનું બચ્ચું સોંપી જવા માગતી હતી. મેં તેને સમજાવ્યું કે અમારાં ગામમાં એક ભલતાં બચ્ચાંનો જોખમ માથે લે એવાં કોઇને હું ઓળખતી નથી. પેહલાંતો તેઓ એ બચ્ચું કોણનું છે અને કયાંથી આવ્યું તે જાણવા માગે. એ ઉપરથી તે બીચારી ઘણી બેચેન અને દુઃખી થવા લાગી. એક તો તેને પોતાને ઘર જવાની તલપ હતી, અને બીજું તો આ બચ્ચાંને રાખી જવાની મતલબ હતી, પણ તે બની શકે નહી એવું દીસ્વાથી પોતાનાં બચ્ચાંને ખોળામાં સુવાડીને તેને મેં રડતી અને બળાપો કરતી જોઇ. એજ વખતે મારાં મનમાં દુઃખી માતાઓ પોતાનાં બચ્ચાંઓને મારી નાખીને બાળહંત્યા કરેછ તેની ભયભરેલી વાતો યાદ આવી; અને કદાચ આ માતા ભીખારી હાલતમાં નાચાર ભટકતી ફરતાં આ બચ્ચું પોતાને માથે પડેલું જોઇને પોતાની શરમ ઢાંકવાના બચાવમાં રસ્તે ચાલતાં કોઇ કુવા તલાવમાં નાખી દે તેની મને ઘણી ધાસ્તી પેદા થઇ અને તેમ થાયતો આ મીઠાં બેગુનાહ બાળકનો પ્યારો જાન જાય તે બચાવવાની મારી ફરજ છે એવો વિચાર મારાં મગજને ઘણો વળગી રહ્યો. મેં ધાર્યું કે કદાચ આ કંગાળ માતા કાંઇ ઘાતકીપણું કરે તેના કરતાં તો તે બચ્ચું

મારી સંભાળમાં સુખી થશે. એ ઉપરથી એ બાળકને મારી પાસે રાખવાનું મારૂં મન થયું. પણ મેં તે માને સાફ કહ્યું કે મારા મમાવાજી રજા આપે તો હું રાખું. મમાવાનો મીજાસ તે એટલા દહાડામાં જાણી ચુકી હતી, માટે તે ઘણી બીહવા અને રડવા લાગી, અને મને ગળે વળગીને કાળાવાળા કરવા લાગી કે કાંઇ પણ રીતે આ બાળકને અંહીજ રેહેવા દેવાની મમાવાની પરવાનગી મેળવવી. જો હું એ બચ્ચાંને રાખું તો પોતાનો વખત સારો આવે ત્યારે મને તરેહ-વાર ઇનામો આપવાની એ બાઇએ લાલચ દેખાડી. મેં તેને કહ્યું કે બિચારાં આ બચ્ચાંને સુખી કરવા અને તેનો પ્યાર મેળ-વવા સિવાય બીજો કશો બદલો મને જોઇતોજ નહી. આવી રીતે એક બાળકને મારાં પાસાંમાં ઉછેરવાનો જોખમ હું કાંઇ સમજ-તીજ નહી હતી, અને ઘરનાં બકરાં, મરઘાં અથવા કુતરાંઓમાં એક નવું કુતલ્યું લાવી-ને રાખવાના કરતાં મને એ કાંઇ વધારે ભારી કામ લાગ્યું નહી."

"પણ શું તમારા મમાવા એ બચ્ચાંને રાખવા એકદમ રાજી થયા?" જમસુએ અજબ થઇ પુછ્યું.

"મમાવા બિચારા કેવા મેહેરબાન! તેવણે મારી મરજીની એક ચીજ મને ના પાડી નથી. એક અજાણ્યા બાળકને ઘરમાં રાખવાનો વિચાર તેવણને પેહલાં તો ગમ્યો નહીજ, અને એ કેવો મોટો બોજો માંથા ઉપર લેવાનો છે, તે વિષે તેવણે મને ઘણી સમજાવી. તેવણે કબૂલ કીધું કે એ બચ્ચું આપણું રોજનું પાશેર અચ્છેર દુધ પી જશે તે કાંઇ ભારી પડવાનું નથી. પણ તે મોટો છોકરો થયા પછી તેને નિશાળે મોકળવો પડશે અને સારો માણસ કરવો પડશે. તે કેમ બનશે તે બધું મમાવાએ મને પુછ્યું. મેં કહ્યું કે મોટો થયા પછીની ફિકરજ નથી. મોટો થયા પછી તો તે આપણા દારૂના ધંધામાં મદદ કરશે. હાલ તુર્ત તો એ બિચારા-ને ઉધારીને મોટો કરવાનીજ ફિકર છે."

"અને અંતે તમે મમાવાને સમજાવી લીધા ખરા?"

"હાજતો જી. બિચારાં બચ્ચાંના જીવની ધાસ્તી મારાં મનમાંથી ગઇજ નહી. અને આ બચ્ચું તેની દુઃખી માતાને આપવુંજ નહી, એવો મેં નક્કી ઠરાવજ કીધો. વાસ્તે મેં મમા-વાને હા કેહવાને ઘણા સમજાવ્યા, અને અંતે તેવણે એ બાળકને પોતાનો દીકરો કરી લેવાને કબૂલ કીધું. જ્યારે મમાવાજીની એ મરજી મેં એની માને કહી ત્યારે તેને ઘણી ધીરજ ઉપજી. તે મને પગે લાગી, તોપણ બચ્ચું મારા સ્વાધીનમાં આપતાંબી એ બચ્ચું કોણનું છે તે વિષે વધારે વાત નહી કીધી. ત્યાર પછી બે દહાડામાં તે અમોને છોડી જવા નિકળી. મેં તેને અમારે ત્યાં વધારે દહાડા રેહેવાની ઘણીબી ઓંહસ કીધી, પણ તે રહી નહી. બિચારીનાં કપડાં બધાં ફાટીને ચીંઠડાં થઇ ગયલાં હતાં, તે મેં સીવી સાંધીને રફુ કરી આપ્યાં. મારી પાસે પાંચ રૂપ્યા એકઠા કીધેલા હતા તે મેં તેને ખર્ચના આપ્યા અને તેને એક ભાડેનો ટાંગો કરાવીને મોકળી આપી."

"અને તે કયાં ગઇ? પાછી મુંબઇ ગઇ કે?" જમસુએ પુછ્યું.

"નહી, તે મુંબઇથી તો આવી હતી અને પગરસ્તે પુણે જવા માંગતી હતી, માટે અંહીથી કરજટનાં સ્ટેશન સુધીનો મેં ટાંગો કરાવી આપ્યો, અને કરજટથી તે પુણાની ત્રેન લેવાની હતી."

"પણ તેણે પોતાનું નામ તમોને કહ્યું હશેની?" જમસુની પુછવાની ઇંતેજારી વધતી ગઇ.

"નહી, તેનું નામ હું જાણતી નથી." શીરીને જવાબ દીધો. "મેં પુછયુંતું ખરૂં, પણ તે બોલી કે હું તમોને અમસ્થું ખોટું નામ આપું તે કામનું શું? હમણાં તો મને જેવીને તેવીજ જવા દયો. જો હું જીવતી રહીશ અને કદી મારો વખત સારો આવશે તો કોઇ દહાડે તમે બધું જાણશો."

"પણ તે પરણેલી હતી કે નહી? તેની આંગળીપર કાંઇ પરણ્યાની વીંટી કે હાથે ચીતળ બાંગડી કાંઇ હશેની?"

"વીંટી તો નહી હતી, પણ અમસ્થાં સોહોવાસણનાં ચીતળ હતાં. તે પોતેજ બોલતી

કે અંહી આવતાં આવતાં પેસેન્જરના પૈસા લેવા સારૂં તે વીંટી તેણે વેચી નાખી હતી."

"ત્યારે શું તે પોતાનાં બચ્ચાંને મુકી ગઇ તે વેળા તેને કાંઇ લાગ્યુંજ નહી?" જમસુએ સવાલો પુછવાના ચાલુજ રાખ્યા.

"લાગ્યું તો ખરૂંજ. મા જેવી માને વળી બચ્ચાંનુંજ લાગે નહી? જતી વખતે છેલી ઘડીએ તેનું દિલ ભાગી ગયું. અને બચ્ચાંને પોતાની છાતી સાથ દાબીને જારબેજાર રડી," આમ કેહેતાં શીરીનની આંખમાં પણ પાણી આવી ગયાં.

"એ વાતને તો ત્રણ વર્ષ થઇ ગયાં, પણ ત્યાર પછી તે બૈરીએ તમારી સાથ કાંઇ વેહવાર રાખ્યોછ કે?" જમસુએ પાછું પુછયું.

"પાધરાં કાગળપત્રોનો વેહવાર કાંઇ નથી. પણ બે વખત મારી ઉપર પોસ્ટની મારફતે સો સો રૂપીયાની બે નોટ બીડાઇને આવીછ. તેહું ધારૂંછ કે મારા આ દિકરાની માએ એના ખર્ચને સારૂં મોકલી હશે. તે રૂપીયા મેં મારા દીકરાને હિસાબે પણવેલીની તાલુકા તીજોરીની સેવીંગ બેંકમાં અનામત ઉંચા મુકાવ્યાછ."

"ત્યારે તે નોટની સાથે ચીઠીપત્રી કાંઇજ નહી આવી?"

"કાંઇજ નહી. નોટ ફકત પરબીડાંમાં બીડેલી આવી હતી ને હું જોતીતી કે તે પરબીડાં ઉપર પુણાની પોસ્ટ આફીસનો છાપ હતો."

"તે પરબીડું તમારી પાસે જો હોય તો મને દેખાડશો, શીરીનબાઇજી?"

"નહીરેજી, અમસ્થું ખાલી મરડાયલું મચરેલું પરબીડું મારી પાસે શું કામ રાખું? તે પરબીડાંપર મારૂં સરનામું કોઇ મેહતાના સરખા અક્ષરે લખેલું હતું, કે જે અક્ષર આ પીલાની માના તો હોયજ નહી. પણ મારી ખાતરી છે કે એ રૂપીયા પીલાની માનાજ મોકલેલા હોવા જોઇએ, નહી તો મારા મમાવાજીએ કહ્યું તેમ એ રૂપીયા બીજા કોણના હોય?"

"અફસોસ, શીરીનમાય!" જમસુએ નિરાશા બતાવી. "તમારા કહેલાં આ લાંબા દાસ્તાન છતાં પીલાને વિષે મને તો કાંઇજ અજવાળું મળતું નથી, પણ પીલો નામ કોણે આપ્યું?"

"એ તો જી, મારા મમાવાએ પછવાડેથી નામ આપ્યું'તું. જયારે દીકરો ચાર પગે ફસડયાં ભરવા લાગ્યો ત્યારે મરઘીનાં એક પીલાં જેવો દેખાવાથી મમાવાજી એને 'પીલાં પીલાં' કરી હાંક મારતાં એનું નામ પીરોજશાહ પડયું, અને ત્યારથી અમે એ પ્યારાને પીલો કહીએછ."

"ગરીબ બિચારૂં પ્યારૂં પીલસું!" જમસુ હેતથી બોલ્યો "તમે જો એને બચાવી લીધું નહી હતે તો એ મીઠાં બાળકનો આજે કોણ જાણે કેવો નાશ થઇ ગયો હતે! બિચારૂં રખડતું જનમીને માબાપથી તજાયલું, હીણાયલું કોણ જાણે કેમ ઠર પડયું હતે? પણ હવે શીરીનમાય, તમે ને તમારા મમાવાને એની કેળવણી વિષ કશી ફિકર રાખવાની જરૂર નથી. એ બચ્ચું મોટું થયા પછી આપણે એને મુંબઇ મોકલશું અને ત્યાંથી એલફીનસ્ટન યા ઝેવીયર કાલેજમાં મારે ખર્ચે એ કેળવણી લેશે. એ ફરજ હું મારે માથે લઉંછ, અને તમેને તમારા મુરબીએ બિચારાં આ બચ્ચાંની જે સંભાળ લીધીછ, તેનો એજ તમોને કાંઇ નાનો જેવો બદલો મળશે."

"તમે કેવું નેક કહ્યુંજી. પણ અમે એ બચ્ચાંનો કાંઇ બદલો માગતાંજ નથી."

"એ તો તમારી લાયકી છે. પણ વારૂંજી તમોને એ બચ્ચાંની મા તરફથી છેલી નોટ કયારે મળીતી?"

"તેને તો બે મહીનાબો પુરા નથી થયાજી. તમે અંહી અમારાં ઘરમાં આજારી પડેલા હતા ત્યારેજ નોટ આવીતી."

"આહા! શીરીનબાઇ, તમે આ ખોલાસો કરીને મારી ઉપર કેટલો વિશ્વાસ મુકયોછ! પીલાની કાહાણીથી મને ઘણુંજ લાગેછ. તેમાં તમારી માતા સમાન માયા મેહેરબાનીથી તો મારૂં હૈયુંજ ફાટી જાયછ. તમારી આવી ફરેસ્તાઇ ખસલતને માટે તમોને ગામના લોકોથી આટલુંબધું ખમવું પડયું એ તે નિચ ગામડિયાઓને કેવું શરમાવનારૂં છે."

"આખર કરે પણ બીચારા ગામડિયાજ કની?" શીરીને તેઓની પણ કદર ખાવાની લાયકી દેખાડી. "તે બીચારા ગરીબ માણસો બધી વાત શું જાણે?"

પ્રકરણ ૧૦૩ મું.

એક ટપાટપી અને એક સમજુતી.

પોતાની મુરાદ બર આવ્યા વગર ધિરજવાન ફરેસ્તાઓનો ફરેસ્તો થાકે તો "ચીનાબાગ" માં અમસ્થો પડી રેહેતાં પેસુ જેવા એક પારસી ચીનાની ધિરજ કેમ રેહે ? પોતાની ધારણા પોતાનાં મનમાં ગુપચુપ રાખી મેળવાને બદલે ખટલીને કહી સંભળાવવાનો પેસુ ચીનાનો દાહડો ખટલી બ્હીતી હતી તે કરતાં વધારે પાસે આવી લાગ્યો. તેના હાથની માંગણી કરવા માટે હાનરેબલ હીરાજીના સોલી શેઠ જેવા સુધાન પારસી બચ્ચાના કરતાં પેસુ ચીનાની રીતજ વધારે તાલમેલખોરી અને મક્કરખોરી હતી, અને પોતાના હાથના ઉમેદવારોને ઉડાવવાના ખટલીના કંટાળાઓમાં પેસુ ચીનાને લીધે વધારો થયો હતો.

એક દાહડે તો તેઓ વચ્ચે એક નાખુશ ટપાટપી થઇ.

"તમે શું મને હમેશ દૂરનાં દૂરજ રાખશો!" એક સાંજે બાગમાં ફરતાં ફરતાં પેસુ ચીનાએ પુછવાની હુન્નત કીધી. "જરા મને કેહેતો ખરાં કે મને એટલોબધો ધિક્કારવાનું તમારૂં કારણ શું ?"

છેલે દાહડે ખટલીને માકામામાએ પેસુ ચીના તરફ સારી રીતે વર્તવાની લંબાણ શિખામણ દીધા પછી, અને ખટલી તેનો હાથ કબૂલે તે વિષે પોતાનાં જીગરની બળતી જીગ્રાશા બતાવ્યા પછી, ખટલીએ આ પારસી ચીના તરફ જરા જરા વધારે સલુકવાન વર્તણુક ચાલુ રાખી હતી, તે છતાં તેનાં મનનો અંદરખાનેનો ધિક્કાર એ પારસી ચીનો પામી ગયોછે, એટલુંતો ખટલીએ તેના આ સવાલ ઉપરથી જોઇ લીધું અને બાહારના દેખાવમાં ઠગાઇભરેલું સલુક રાખવાનું કેવું ફોકટ છે તે વિષે તેની ખાતરી થઇ. આ દેખામણી ઠગાઇના મીઠાસ અને સફાઇદાર શાંનપણને તે ધિક્કારવા લાગી, માટે આજે હવે તે વધારે ખુલ્લાં દિલથી બોલવા પડી.

"તમે મારા અણગમાનું કારણ પુછોછજી તો તે કારણ દેખાઇતું છે," તેણીએ જવાબ દીધો.

"એટલે તમે એવું કેહેવા માગોછ ખરશેદબાઇ, કે તમારી આગળની મારી હાજરી તમોને ગમતી નથી ?" પેસુ ચીનાએ પુછયું.

"મારા જવાબ ઉપરથી ગમે તેવો અર્થ ઉઠાડવાને તમે મુખત્યાર છો જી," ખટલી બોલી. "મારા મામાજીના દોસ્ત દાખલ તમોને માન આપવાને હું બંધાયલી છું, પણ તમારી પોતાની ખાતરને વાસ્તે હું તમોને પસંદ કરૂં તેને વરે તમારી સંગત તમે મારી સાથે હદ બાહાર રાખોછ."

"હું બી તેજ માગુંછ, ખરશેદબાઇ. તમારા મામાના દોસ્તોને તમે માન આપો કે નહી તેની હું જરાબી દરકાર કરતો નથી. પણ મારી પોતાની ખાતરને વાસ્તે ખરા પ્યારથી ચાહવો એવી હું તો ઉમેદ રાખુંછ."

"પ્યારથી ચાહાવું ?" ખટલીએ નાકનું નસ્કોરૂં ચહડાવીને તિરસ્કાર બતાવ્યો.

"કાં ? એમાં ખોટું શું છે ? મારા સરખા ગરીબનાં મોંહમાં એ સુખનો હલકા કેમ છે ?" પેસુ ચીનો આગ્રહ કરવા લાગ્યો. "તમે જાણોછ ખરશેદબાઇ, કે હું તમોને એવાં પવિત્ર જોસથી ચાહુંછ કે એ જુસ્સો દરેક હરકત અને દરએક નડતલને જીતી શકશે. મારી મુરાદમાં આડે આવવાને તમારી પોતાની હઠીલી નામરજી સિવાય બીજું કાંઇ નથી. તમારા મામા પોતે ખરાં દિલથી તમોને મારી બાયડી કરવા ચાહેછ."

"તમે મામાજીને એમ કેહેવા શિખવ્યુંછ," ખટલી ભવાં ચહડાવીને બોલી. "પણ મામાની પોતાની એ ખરાં દિલની ખાહેશ હોય એવું હું માનતીજ નથી. તમે અંહી આવ્યા તેની અગાઉ તો મામાજી મને સોલીશેઠ સાથ પરણાવવા માગતાતા."

"સોલીશેઠના કરતાં તો મને પોતાને તમારા મામાનાં હેત ઉપર વધારે હક છે. માણકશાહ શેઠનો હું જેવો છું તેવો સોલીશેઠ કદી થઇ શકશે નહી."

"હશે. મારા મામાજી સાથ તમોને ગમે તેવો સંબંધ હશે, પણ હું એટલું જોઉંછ કે

તમારા આવ્યા પછી મામાજીમાં કાંઇ અજબ ફેરફાર થઇ ગયોછ. જ્યારથી તમે અંહી પગ મેલ્યોછ, ત્યારથી આ ઘેરમાં કાંઇ સુખજ રહ્યું નથી."

આ જવાબ સાંભળીને પેસુ ચીનાના ચેહરા ઉપર જે એક કાંઇ ખૂનના સરખો દેખાવ ચહડી આવ્યો તે ખટલી એટલી ભોળી કે તેના જોવામાં નહી આવ્યો! આ વાતચીત કરતી વખતે તે પેસુના ચેહરા તરફ જોતીજ નહી હતી, પણ સામેનાં ઝાડ ઉપર લાગેલા આંબાના ઝુંમખા પાક ઉપર ચહડતા હતા તે જોવામાં તેની નજર રોકાયલી હતી.

"ખરશેદબાઇ, તમે મને આટલાં કડવાં વચનો શું કામ કહોછ?" તે થોડોક વાર લગાડીને બોલ્યો. "એ શું તમે મારી કાંઇ પરીક્ષા લ્યોછ? અથવા તમારાં અપમાનો છતાં હું તમોને કેવાં ચાહુંછ તેની કાંઇ તપાસ લેવા તમે એ સંધુ બોલોછ?"

ખટલીએ જોયું કે આ તો મામામામાના એક માનીતા તરફ નહી ઘટે એવી તોછડાઇ થઇ, અને જો એ વાત મામામામાને કાને જાય તો તેણીના હકમાં કાંઇ સારૂ થાય નહી. માટે હવે તે નરમ પડી ગઇ, અને બોલી કે—"હું તમોને અપમાન કરવા માંગતીજ નથી, પેસતનજી શેઠ. અગરજો તમો મને મારાં ઠેકાણાંસર પડતી નાખો અને મારો એટલોબધો વિચાર નહી કરો તો હજીબી આપણે સારી રીતે રહી શકીશું. હું કાંઇ તમારી વચ્ચે આવતી નથી. મારા મામાજીની ઉપરના તમારા બોહોલા વગવસિલાની હું કાંઇ અદેખાઇ કરતી નથી; ત્યારે તમે શું કામ મારી એટલીબધી પુઠ પકડી રહ્યાછ? અને તમારી મારી ઉપર ચેલમેલ જે હું ખોલ્લું કહુંછ કે મને ગમતી નથી, તે શું કામ ચલાવોછ?

"જુઓ પેલું સામેનું સુરજમુખી ફુલ," પેસુ તે ફુલનાં ઝાડ તરફ આંગલી કરીને બોલ્યો. "ખોરશેદ ઇન્દ તે ફુલની જરાબી દરકાર કરેછ? અને તોપણ એ નજીવું ફુલ તેની તરફજ ચેહરો રાખીને કાં ફરેછ? તેમજ હું પણ ફુલ તમો ખોરશેદ તરફ મારો ચેહરો રાખીને ફરૂંછ, અને તે એટલાંજ વાસ્તે કે હું તમારો ચાહ મેળવવા માંગુંછ."

"તે કદી નહી બનશે."

"સહુ બનશે. પોતાની મેળે બનશે. તમે ને હું પરણ્યા પછી વખત અને ફરજથી એ સહુ બનશે."

"તે દાહડો કદી નહી આવશે," ખટલી ખિજવાઇને હુજતથી બોલવા લાગી.

"આવશે. તે દાહડોબી આવશે," પેસુ પક્કા ઠરાવથી બોલ્યો. "હમણાતો તમે જીતવાની અણીએ તમારો ડાવ હારવાનું ઢોળ દેખાડોછ. પણ એમ ક્યાંસુધી ચાલવાનું છે? પણ ચાલો હવે આપણે ભરમમાં બોલવાનું છોડી દઇએ, અને દુન્યાદારીની રીતે ખરેખરીજ વાતો કરીયે" પેસુ ચીનો જાણેકે વાત કરવાનો ઠરાવજ કરીને આવ્યો હોય તેમ બજીદ થઇને બોલવાજ લાગ્યો. "તમે તો ડાહ્યાં છો ખરશેદબાઇ, વાસ્તે હું મારાં મનની વાત ખોલ્લે ખોલ્લી કહું. તમે તમારા મામાના પૈસાની આશાપર બેઠાંછ કે જે પૈસા, હું કબુલ કરૂંછ કે, જીતી લેવા લાયક ઇનામ છે. તે એક એવું નંગ છે કે જે દરએક ખાણમાં મળતું નથી. તમે એ બુઢાનાં જીગરને ઘેરી લીધુંછ અને એનાં જીગરમાં તમારી જગ્યા કીધીછ. તેની બેસુમાર દોલતના વારેસ થવાનું તમે ધારોછ કે તમોને પુરતુંચાન્સ છે, અને તેવા વખતમાં હું એક રખડતો પરદેશી તમારો તે વારસો છીણવી લેવાને વચ્ચે આવ્યોછ એમ તમે સમજોછ, પણ તમે ભૂલોછ ખરશેદબાઇ. માણેકશાહ મુકાદમની મોટી દોલતપર મેં કાંઇ આશા બાંધીજ નથી, અને દોલત લેવાને હું કાંઇ તલપેલોજ નથી. પણ તેવણ અને હું વચ્ચે ધંધાનો સંબંધ છે અને એક વેપારી દાખલ તેવણ મને ઘણા કામના છે. વળી બુઢાઓના ફાંટા પ્રમાણે જેમ તેવણ તમોને તેમજ મને પણ ચાહેછ અને આપણ બેહુને સાથે જોડવાનું તેવણે મનપર લીધુંછ. તમે જો તેવણના એ વિચારની આડે આવશો તો એવણની મેહેરબાની ખોહશો. બળકે હું એટલાસુધી કેહેવાની હિમત કરૂંછ કે જો તમે તેવણની ખાહેશ ના પાડશો તો એવણ તમારી તરફનું પોતાનું વસિયતનામુ ફેરવી નાખશે."

"ત્યારે શું મામાજીએ મારી તરફેણમાં વસિયતનામુ કીધુંછ? અને તે શું તમે જાણોછ?" ખટલીએ આ સવાલ અચકી અચકીને પુછયો. બરાબર બોલ્યે તો આ સવાલ પુછ.

વાની બેવકુફી ઉપર તે દોરવાઇ ગઇ, કાંકે એ સવાલ અગત્ય કરીને પેસુ ચીના જેવા એક પારસીને પુછવા લાયક નહી હતો, એટલું તો ખટલીએ તુર્ત જોઇ લીધું અને એ સવાલ પુછવાને મારે તે શરમાવા લાગી.

પણ પેસુ ચીનાએ તો એ સવાલનો જવાબ તુર્તજ આપી દીધો કે,

"હા, હું જાણુંછ કે માણકશાહ મુકાદમે વિલ કીધુંછ અને તેમાં પોતાની બધી દોલત તમારાં નામ ઉપર લખીછ. તે એટલાસુધી કે હું તો કેહુંછ કે તમારી બીજી બેહેનો તો પોતાને કાંઇ નહી મળવા સારૂં બિચારીઓ રડી રેહેશે. પણ તેમાં તમારો વાંક નથી. તમે એકલાંજ તમારા મામાનાં માનિતાં થઇ ગયાંછ."

ખટલી આ વાતથી વિચારમાં પડી. માકામામા હવે ઘણું જીવવાના તો નથીજ. તેવણની આ માદગી છેલીજ છે, મારે આવા વખતમાં આ પારસીને પરણવાની મામાની મરજી તે ધસીને ના પાડે તો ખટલી મામાનું જે કાંઇ છે અને જેને વાસ્તે પોતે અંહી પડી રહીછે તે સઘળું ખોહી દેવાનો વખત આર્વ્યોછે. આ ભયંકાર ગુચવાડામાં ખટલીને એકજ માર્ગ સુઝયો, અને તે એ કે તેણીએ પેસુ ચીનાને પોતાનો છેલો જવાબ દેવા મારે થોડો વખત માગી લેવો—થોડાજ વખતની ઢીલ નાખવી—અને જે હશે તે એટલા વખતમાં તો માલમ પડી આવશે. એટલા વખતમાં તો મામા તાકો ઘડી વાળવાના હશે તો વાળી દેશે, અને એટલા વખતમાં પેસુ ચીના સાથે પરણવાનું ધિક્કારભરેલું લ્યાનતી લગન તો અટકી રહેલું અટકીજ રેહેશે. આ વિચાર કરીને પેસુના પ્રશ્નનો શો જવાબ"દેવો તે વિષે ખટલી એકજ ઠરાવ ઉપર આવી અને——

"કેમ ખરશેદબાઇ. હવે શું વિચાર કીધો ?" એવા પેસુના સવાલને મારે તે ખોટી રહી. પેસુએ આ સવાલની સાથે પોતાની કબુલાત વધારી કે "જુઓ બાઇ, તમે જે મને કડવા સખુનો કહ્યાછ તે બધા માફ કરવા અને ભુલી જવાને હું ખુશી છું. બૈરાંના સખત બોલો મને કાંઇ ભારી લાગતા નથી. હવે તે ગઇ ગુજરી ભુલી જઇને તમે એટલુંજ કરો કે તમે મને પરણવાને ખુશી છો એવી મને વધાઇ કહો. મને એટલીજ આશા આપો, અને પછી હું તમારા સરખી એક અમીરજાદીને એક હિંદી શાહજાદી દાખલ મારી સાથે લઇને હું મારે ચીન દેશ પાછો જાઉં. બસ મને એટલોજ જવાબ ધો."

"ત્યારે તો મને થોડો વખત મેહેતલ આપો." ખટલીએ પોતાના ઠરાવ પ્રમાણે તુર્તજ જવાબ દીધો. "હું તમોને કહી ચુકીછ કે હું તમોને બરાબર ઓળખી શકતી નથી, અને તમારો પ્યાર મને ગમતો નથી, પણ વખત છે થોડો વખત આપ્યાથી મારો વેહમ હશે તે નિકળી જશે. અને હું એક યા બીજી તરે મન કરી શકીશ. મારા મામા મારી ઉપર એટલા તો મેહેરબાન છે કે તેવણને રાજી રાખવાને હું મારી મરજીનો કાંઇ પણ ભોગ આપવાને ના પાડીશ નહી. બસ મને થોડો વખત જોઇએછે.

"ઠીક છે ત્યારે, વખત લ્યો."

પેસુ ચીનાએ છુટા પડતાં ખટલીને ખુશી થઇને પોતાનો હાથ આપ્યો. તેજ નાનો, શામળો, ખબરાયલો, થંડો, હલકો હાથ જેને પોતાનો હાથ લગાડવાને પણ ખટલી ખુશી નહી હતી.

"તમે વખત માગોછ તો વખત લ્યો, અને આપણા એકરાર ઉપર 'શેકહેન્ડ' કરીને વચન આપો. હું થોભીશ. હું કાંઇ બીજાઓના જેટલો આકળો ને ઉતાવળો નથી. અગરજો સેવટ સુધી મને પાધરૂં દેખાય તો હું કેટલી ધિરજ ધરી શકુંછ તે તમે જાણતાં નથી. મેં એક ઇનામ મનમાં ધાર્યું હોય અને તે મારે વાસ્તેજ છે એટલુંજ જો કોઇ મને કહે તો હું તે ઇનામ જીતવાનોજ. અને તે પ્રમાણે તમે તમારે ગમે એટલો વખત લ્યો, પણ સેવટે તો તમે મારાં છોજ."

"ત્યારે તમે મનેબી કબુલાત આપો કે એટલા વખત સુધી મારો પીછો છોડી ધો, અને જેથી હું કંટાળુંછ તે વાત નહી કરો," ખટલીએ શરત કરવા માગી.

"હા, એબી મારે કબૂલ છે," પેસુએ એકદમ હા કહ્યું. "આપણે ફરી એ વિષે વાતજ નહી કરીશું. હવેતો બસ ? એટલુંજ સમજીને બેસી રહીશ કે મારો અણગમો કાહાડી નાખવામાં તમારેજ લાભ છે, અને

મારો હાથ નાકબૂલ રાખવામાં તમોને એક આખી દોલત ખોહી દેવાનું નુકશાન છે. વાસ્તે સેવટે તમે તમારોજ લાભ તપાસશો, એમ સમજીને હું ધિરજ ધરી શકીશ. ચાલો હવે આપણે માકામામા પાસે જઇએ, કે જેવણ તમારા મામા તો છેજ અને અંદરોજમાં મારા મામાસસરા થવાના છે. રાત પડીછ. ઓજ પડવા માડયોછ, અને તમો પુલેગરાંઓ જેને 'ચીનાબાગ' કહોછ તે અમારા ચીનના 'ચીના બાગ' કરતાં આપણા જેવાં જુવાનોને માટે વધારે સર્દ થઇ પડેછે."

આટલી સમજુતી કરીને પેસુ ચીનો અને ખટલી બેહુ જણા બંગલાની અંદર માકામામાનાં દિવાનખાનામાં ગયાં, કે જયાં તે બુઢા શેઠ એક બિલીઆનનાં સરખાં ચકચકીત બિલોરી ઝુંમરની ભભુકદાર રોશનીમાં વાંચતા બેઠેલા હતા. જતાંની વાર ખટલીએ માકામામાનો ચેહરો કાંઇ એવી તો ડોળા ફાટેલી નજરે તીકયો કે એ જાતની નજર તેણીએ આજ સુધી પોતાના મામાના ચેહરા ઉપર કોઇ દાહડે નાખી નહી હતી. ખરેખર તે ચેહરામાં મોતનાં કાંઇ ચિન્હો શોધવાના સરખી નજર હતી. શું બધાં જણ કેહેછે તે ખરૂં હશે કે માકામામાનું સેવટ નજદીક આવ્યું છે? અને શું તે સેવટનો શિહા ઓળો તે ચેહરા ઉપર એટલા વારમાં ચહડી પણ ચુકયોછે?

માકામામાના ચેહરા ઉપર આંખોની આસપાસનો જે ભેદભરેલો કાળાશ તેના લાલમલાલ કપાળની ગોલાબી પેશાની ઉપર ઓથો પાડતો હતો, તે કાળાશ શાની નિશાન છે?—ઉમરની ભરતીની કે આવતા અંતકાળની? તે ખટલી કહી શકતી નહી હતી, પણ તે કાળાશે આજે રાતના ઝઝખલાંમાં તેની નજરને વધારે ખેદીત રીતે ખેંચી રાખી.

આ બેહુ જણ બારણામાંથી દિવાનખાનામાં દાખલ થયાં તેવાંજ માણકશાહ શેઠે, જે વર્તમાનપત્ર પોતે વાંચતા હતા, તેમાંથી ચેહરો ફેરવીને ચશમાની ઉપરથી એ બે જણાઓની તરફ જોયું.

"આવો છોકરાંઓ," તેવણ બોલ્યા—તેવણે ખટલીની સાથે પેસુ ચીનાને પણ પોતાને ઘરનાં "છોકરાંઓ" ગણ્યાં—"બાહાર ફરી આવ્યાં કે? પુણાની હવા ઘોરી આવ્યાં?"

"હાજી." પેસુ ચીનાએ પેહલો જવાબ દીધો, "આજે અમોને બાગમાં ફરવાનું ઘણુંજ ખુશનુમા હતું, મુરબી સાહેબ. હું હિંદુસ્તાન આવ્યા પછી આજે પેહલવેહલોજ બાગમાં એક ખુશ લટાર મારી શકયોછ સાહેબ. ખુશનુમા ચંદની ને ખુશનુમા લેહકીની વચે અમારી વાતો પણ આજે ઘણી ખુશ હતી, સાહેબ."

"હું! હું!" માણકશાહ શેઠ આમ હુંકારા પુરીને આજની તેમની વાત સાંભળવાને ઉલટ બતાવવા જતા હતા તેટલામાં—

"મામાજી, તમારી આગળ ન્યુજપેપર વાંચી સંભળાઉં?" એમ કહી ખટલીએ વચે પડીને તે વાત ઉડાવવા માગી.

"નહી દીકરી, હું તો, આજનું પેપર વાંચી રહ્યોછ." મામાએ તો એ બેને વધારે વાર સાથેજ રેહવાની દરખાસ્ત કીધી. "જાવો તમે બેહુ જણ શેતરંજ રમો."

માકામામાએ પેસુ ચીનાને ખટલી સાથ ઘણીવાર શેત્રંજની બાજી ખેલવા બેસાડયાં હતાં, કે જે ખેલવાને પેસુ પોતાનાં ચીન વતનથી ખાસ પાટિયું અને ખાસ ચીનાઇ મોહરાં લાવ્યો હતો, અને જે રમતમાં ચીનાઓ ઘણા કુશળ હોયછે, તેમ પેસુ પણ અચ્છો ખેલાડી હતો એમ તેણે ખટલીને એકથી વધારે વાર મહાત કરીને દેખાડી આપ્યું હતું. અને ઘણી વાર પેસુ ચીનો તેણી આગળ બેસીને પ્યારની વાતો કરે તે કંટાળાના કરતાં આ મુગે મોહડેની બાજી ખેલે એ ઓછો કંટાળો હોવાથી, ખટલીએ તેની સાથ આ જાતનું ખેલવાનું પસંદ પણ કીધું હતું.

પ્રકરણ ૧૦૪ મું.

એક ઊતાવળાં લગ્નની માગણી.

બાગમાં ઉપલી સમજુતી કીધા પછી થોડુંક સુધી તો ખટલીનાં મન ઉપર પોતાની આ જીંદગીનો ભાર ઓછો થયો, કાંકે પેસુએ તેની પુઠેપુઠ ફરવાનું ઓછું કીધું. પોતાના છેલા જવાબને માટે ખટલીની માગી લીધેલી મેહતલ પુરી થાય ત્યાંસુધી તેણીએ કરેલી

ખુલ્લી શરત મુજબ પેસુએ તેણીની સંગત રાખવાનું છોડી દીધું. તેણીને એકલીને એકલીજ ફરવા હરવા અને બાહાર બરવાસ જવા આવવા દીધી. અને એમ કીધાથી પોતાની હાલની ભયભરેલી હાલત અને ગુંછવણ ઉપર તથા એ ગુંછવણમાંથી તેણીનો છુટકારો કરનારાં તે અંતકાળ ઉપર મનમાંને મનમાં અંદેશો કરવા કરવાને ખટલીને પુરતી ફુરસદ મળવા લાગી.

પણ આમ "મુગો મંતર" રેહવાનો અંતર ઘણા દાહડા નિભ્યો નહી.

એક દાહાડે ખટલીના મામાએ કાવલાને મોકળીને પોતાની ભાણેજને પોતાની પાસે તેડી મંગાવી. ખટલી ઝટ દોડી જઇને જુવેછે તો. માકામામા પોતાની મોટી લખવાની ટેબલ સામે બેઠેલા હતા, કે જે ટેબલ ખતપત્રોથી ખીંચોખીંચ ભરાયલી હતી, અને પેસુ ચીનો પેહલવેહલો આવ્યો તે રાત્રે જે મોટા ચોપડામાં તેવણને પેસુ સાથે હિસાબ ગણતા તેણીએ દીઠા હતા, તથા જે ચોપડો કાંઇ વેપારનો રોજમેલ તે સમજી હતી તેજ ચોપડો આજે પણ માકામામાએ પોતાની આગળ ખુલ્લો કરીને મુકેલો હુતો.

આ વખતે તેવણ ઓરડામાં એકલા નહી હતા. પેસુ ચીનોબી ઓરડામાંજ હતો, પણ તે માણકશાહ શેઠથી જરા દૂર બારી આગળ ઉભેલો હતો.

"કેમ મામાજી ? શું હુકમ ?" ખટલી આવતાંની વાર પુછવા પડી.

"આવ દીકરી, હું તારી સાથ એક અગતની વાત કરવા માગુંછ. બેસ, અંહી મારી પાસે બેસ, ને વાત કહુંછ તે સાંભળ."

માકામામાએ પોતાની ટેબલ આગળ સામી બાજુએ એક ખુરશી બતાવી તે ઉપર ખટલી આતુરતાભર્યાં દિલથી બિરાજમાન થઇ.

"હાજી, શું કહોછ મામાજી?"

"મેં તુને આ વાતમાં ખામખા બેસાડીછ એટલા વાસતે, ખટલી," મામાએ વાત ચલાવી "કે આજની મારી વાત જરા લાંબી છે, તે ઉભી રહીને સાંભળતાં તું કદાચ થાકી જશે. વાસ્તે બેસ ને જરા આસાયશ લે. તું મારી વાત સાંભળવાને તૈયાર તો છેની? તું સારીપેઠે તો છેની ?"

માકામામા એવી અગત્યની તે શી વાત કરવાના છે તે વિષે ખટલીને ઘણી ચટાપટી થઇ. તેના વિચાર પેહલવેહલા તો મામાનાં વસીહતનામા ઉપર ગયા, અને જે વારસાની આશામાં તે આટલુંબધું ખમતી આટલાબધા મહીના બેસી રહીછે તે વારસાનીજ મામા કાંઇ વાત કરવાના હશે એવી તેને કુદરતી ઇનતેજારી પેદા થઇ.

"હારે મામાજી, હું તમારી વાત સાંભળવાને કંટાળો યા થાક કે દાહડે દેખાડુંછ ?" તે ઉલટથી બોલી. "કહોજી, શું વાત કહોછ, મામા ?"

"જોની દીકરી, હું આ પેસુ ચીના વિષે વાત કરવા માગુંછ." પેસુ ચીનાનું નામ સાંભળતાંજ ખટલીની છાતી ધડકવા લાગી, અને માકામામાએ પોતાનો આવાજ તથા રીતભાંતમાં ઘણો શાંત અને થંડો ફેરફાર કરીને વાત ચલાવી.

"ચીનના ગયા મેલમાં પેસુ ચીનાને તેના ચીનાઇ ધંધા વિષે કાંઇક માઠા સમાચાર— બરાબર બોલું તો કાંઇક ન ધારેલા સમાચાર— મળ્યાછ, કે જે સમાચારને લીધે એ બિચારાને અંહીથી સેતાબ ચીન જવું પડશે."

પેસુ ચીનો જે બારીની બાહાર જોતો હતો તે પોતાની આ વાત સાંભળીને બારીની અંદરની બાજુએ ફરીને વાત સાંભળતો હોય તેમ ઉભો.

પેસુ ચીનાને અહીંથી હવે જલદી જવું પડશે એ ખબર ખટલીને તો એક ખુશ વધાઇ જેવી લાગી. અંતે દાદગર દાદારે તેની દાદ લીધી અને પોતાને માથે આવેલાં એક મુસીબતનાં વાદળમાંથી તેને બચાવી એવું તેને લાગ્યું. પેસુ ચીનાનું જવું એક મોટી પીડા પતવા સરખું ખટલીએ વિચાર્યું.

"શું એ વાતમાં તુને કાંઇ અજબ લાગેછ, ખટલી?" તેના મામાએ તેની ચુપકીદી ઉપરથી સામું પુછ્યું. "નહી દીકરી, વાત તદન ખરી છે. બિચારા પેસુ ચીનાને હવે અહીંથી એકદમ જવું પડશે. એને હાંગકાંગ જતી પેહલીજ આગબોટ લેવી પડશે. સમજી કે, ખટલી?"

"જી. હાજી." ખટલીએ ટુંકમાં જવાબ દીધો.

પણ તેના મામાએ તેની આ ખુશખબરીનાં મધમાં એક ઝેરનો નવો કતરો ઉમેર્યો.

"પણ પેસુ અંહીથી જાયછ ત્યારે એકલો જવા ચાહતો નથી. તેને એકલો જવા ગમતું નથી. તું સમજી કે દીકરી?"

એટલું બોલીને માણકશાહ શેઠ ખામખા ખટલીના જવાબને માટે થોભ્યા અને જ્યારે કશો જવાબ ન દેતાં તેણી ચૂપ બેસી રહી, ત્યારે તેવણે પાછું પુછ્યું "તું સમજી કે ખટલી? હું શું કહુંછ?"

"શું મામાજી?" ખટલીએ જાણેકે સમજી નહી હોય તેમ પાછું પુછ્યું.

"હું કહુંછકે અંહીથી ચીન જતી વખત પેસુ ચીનો એકલો જવા ચાહતો નથી." માકામામા ભાર મુકીને બોલ્યા. "તે કોઇને પોતાની સાથે લઇને જવા માગેછ."

ખટલી હજી પણ ચૂપજ ઉભી રહી, ત્યારે માકામામાએ વધારે ખુલ્લું કરી આપ્યું.

"ખટલી, પેસુ તુને પોતાની બાયડી દાખલ ચીન લઇ જવા માગેછ. તેં એને પરણવાની કબૂલાત આપીછ કેની તેથી."

"નહી, મામાજી, મેં કશી કબૂલાત આપી નથી." ખટલી ફીકા ફ્યક હોઠના ફડફડવા સાથે ધ્રુજતાં દિલે બોલી. "મેં એવણને કબૂલાત એટલીજ આપીછ, જી, કે હું એવણને નહી ધિક્કારીશ અને મને ગમતા ગણવાની હું કોશેશ કરીશ."

"છટ! છટ! એ વળી એક નાદાન છોકરી સહી નાદાની દેખાડી આપી." માકામામાએ ખટલીનો આ જવાબ હસી કાહાડયો. "તમે બૈરાંઓ કદીબી એક પાકું મન કરી શકો નહી. પણ તારા એ જવાબને પેસુ પરણવાની કબૂલાત દાખલ ગણેછ, અને હું પણ તેમજ ગણુંછ. એટલે વાત નકી થઇછ. પછી પેસુ અને તું માટીબૈયર દાખલ રેહશો, તેથી પેસુના અસલીમાં અસલી દોસ્ત લેખે અને તારા અતલગના સગા લેખે મારા જીવને મરતી વખતે ધીરજ મળશે. એ રીતે તમે બેહુ જણ પરણીને મારૂં જે કાંઇછે તે બધાના ધણી થશો અને હું જે કાંઇ આપી જઇશ તે બેહુ જણ અરસપરસ વાપરી શકશો. ટુકમાં ખટલી, મેં તારાં આ લગ્ન ઉપર પાકો ઠરાવ કીધોછ, અને હવે તે કરવામાં ઢીલ નહી જોઇયે. પેસુનું ચીન જવું તુને એકદમ પરણાવી દેવાનું કારણ થઇ પડેછ. પેસુ પોતાની તરફની તૈયારીમાં વાર નહી લગાડશે. વારૂં ઉભી રેહ, આજે શો વાર? શુકરવાર કે? ત્યારે ચીનની આવતી આગબોટ મુંબઇથી કે દાહડે ઉપડશે, પેસુ?" આ સવાલ માણકશાહે ખામખા પેસુને હાંક મારીને પુછયો—એટલેકે તેને આ વાતચીતમાં ભાગ આપ્યો.

"આવતા બુધવારે જી." પેસુએ જવાબ દીધો.

"હં! ત્યારે તમે લોકો આવતા રવિવારે ચાર ચોખા છાંટો. રવિવારે હોરમજદ રોજ છે. દાહડો પાક છે, તે દાહડે પરણીને બુધવારે માટીબૈયર ચીન સિધારો. દીકરા પેસુ, તું જા જલદી દસ્તુરજીને જઇને કહી આવ કે આવતા હોરમજદ રોજે તારા આશિવાર્દ સારવા આવે."

"પણ મામાજી, એટલીબધી શું ઉતાવળ છે? એટલું જલદી કાંઇ પરણાય કે?"

મામાની આ દરખાસ્ત ઉપર ખટલી એટલી તો ગભરાઇ ગઇ કે તેને તુર્ત તુર્ત બીજો શો જવાબ દેવો તે કશું સુજ પડયું નહી.

અલબતાં આ જવાબ તેણીએ ઘણો કફોડો દીધો. તેણીએ પેસુ ચીનાને પરણવા ધસીને ના પાડી નહી, પણ એટલું જલદી પરણવાનીજ ના પાડી. એટલે જાણેકે તે પરણવાને નાખુશ નહી હતી, પણ ઉતાવળ તેને પસંદ નહી હતી એવું ઠર્યું.

આવી વખતે માણસ ગભરાઇ જાયછે, અને ગભરાટના માર્યાં શું બોલતાં શું બોલાઇ જાયછે. તેવા ગભરાટમાં ખટલીથી આવો કફોડો જવાબ દેવાઇ ગયો.

"છટ! છટ! છોકરી! મારા જેવા અને પેસુ જેવા એક વેપારી બચ્ચાને ઢીલ ચાલે નહી. પરણવા જેવી સેહલ વાતમાં ઘણો વખત શાનો જોઇયે? એના કરતાં મુશકેલ કામો અમે બે જણાંઓએ ચીનમાં એથી ઓછા વખતમાં પાર પાડેલાં છે. કેમ દીકરા પેસુ?"

પેસુ ચીનની આ યાદ ઉપર માત્ર ડોકું ધુણાવીને હસી પડયો—એજ તેનો જવાબ હતો. એટલુંજ કે માણકશાહ મુકાદમ તેની

ઉમેદનું ફળદુંપપણું આટલું પાસે લાવેછે, તેટલાં ઉપરથી પરણવાને એક બીજો ઉમેદવાર જેવો ખુશહાલ થાય તેવો ખુશહાલ આ વાત ઉપર પેસુ જણાયો નહી. ખટલીનો અણગમો તે જેટલો જાણી ચુકયો હતો, તેની યાદથી તે હજી જરા શકમંદ રહી ગયો.

"પણ, મામાજી, તમે એવા શિક પહેલા છો, કે તમારી એવી હાલતમાં હું તમોને મુકી જઇ શકું નહી." ખટલીએ વળી પાછું એક નવું બાહનું કાહાડીને વાઆટામા ચલાવ્યા કીધા.

"તું મને એટલી ચાહેછ તેથી હું ખુશી છું, ખટલી," મામાએ જવાબ દીધો "પણ તું ધારેછ એટલો હું કાંઇ આજારી નથી. હું કાંઇ એટલો જલદી મરી જવાનો નથી. પણ વળી જો હું જલદી મરી જવાનો હોઉં તો મારી મરતી વખતની ખાયશ બર લાવવાની તેં વધારે ઉતાવળ કરવી જોઇયેછ. તું મારૂં કહ્યું કરશે તેથી હું વધારે ખુશી થઇશ તો તેટલાંથીજ મારૂં દદ સાજું થશે અને દવા-દારૂ વગર હું પાછો જીવતો થઇશ."

"પણ કપડાં સીવાડવાના છે? એક તો લગનની સેસનાં કપડાં ને વળી ચીનની મુસાફરીનાં કપડાં, તે બધાં કાંઇ બે ચાર દાહડામાં બને નહી."

"હવે એવાં નાદાન બચ્ચાંનાં સરખાં બાહના કાહાડયા ના કર, ખટલી. બસ, એક વખત ધાર્યું તો પાક કામ નકી કરી નાખ. કાંઇ ઢીલની જરૂર નથી. ચાહીયે તો એકજ દાહડામાં બનાવી શકીશું. પેસુ હમણાને હમણા જઇને, દસ્તુરજીને આવતા રવિવારની સાંજને સારૂં રોકી રાખશે, ને હું આજને આજ જુસબ મિલિનરને ત્યાં કપડાંનો આર્ડર મોકલુંછ, કે જેટલાં તુને જોઇયે એટલાં કપડાં સિવાડેલાં તૈયાર મોકલી આપે. તારી આખી જીંદગીમાં ચાલ્યા કરે અને તુને ફરીથી લેવા જવાં નહી પડે એટલાં કપડાં તુને હું અપાવીશ. એટલે પછી રહ્યું શું? લગનનાં તેડાં છાપી કાહાડવાનાંજ રહ્યાં કે! તે અંહી કાંપના સરકારી સેનત્રલ પ્રેસમાં કેહવાડશું તો આજને આજ તેડાંની ચીઠીઓ છપાઇને આવશે."

હવે વાત પુરી થઇ, અને ખટલી રડમસ ચેહરે બેસી રહી, તેને માકામામાએ પોતાની પાસેથી એટલું કહીને રવાના કીધી કે "હવે, દીકરી, તું સિધાર. હવે હમણા તો મને પેસુ સાથ જરા ધંધાની વાત કરવાની છે—આ ચોપડાનો હિસાબ તપાસવાનો છે—ચાલ પેસુ, તારી બૈયરને ભેટી લે."

ખટલી ફાટફાટ થતાં જીગરે જેવી જવા ઉઠી, તેવોજ પેસુ તેનો હાથ ઝાલી તેને બારણા સુધી મુકવા ગયો. તેણે ખટલીને પોતાની પ્યારી ગોદમાં ચાંપવાને જરા તેનો હાથ ખેંચ્યો. પણ ખટલીના ચેહરામાં એવો તો ધિક્કાર અને તિરસ્કાર તેણે જોયો કે તે પાછો હઠી ગયો. ખટલીએ તેનો હાથ તરછોડીને હડકાટી કાહાડયો અને બારણું જોરથી ઠાંકીને એવા ગુસ્સામાં ઓરડાની બાહાર તે નિકળી ગઇ કે પેસુના માથાંમાં વાગતાં વાગતાં સેજ બચી ગયું અને પેસુ તો ઓરડાની અંદર ડધાઇને ઉભોજ રહી ગયો.

બધો વાંક માકામામાને પોતાની ભાણેજનો નહી પણ પેસુનો પોતાનો જણાયો. આવી એક નાજનીન તરફ પેસુને પ્યાર બતલાવતાં આવડતો નથી, તે ઘણો થંડો ને બ્હીકણ છે, એવો માણકશાહ શેઠે પેસુને સામો ઠપકો આપ્યો અને "તમારા ચીન દેશની હવાજ એવી થંડી" એમ કહીને ચીનાઇ આબો હવાનો વાંક કાહાડયો.

"નહી સાહેબ," પેસુ ચીનાએ માણકશાહ મુકાદમનો વાંક કાહડયો. "તમે મારી નજરે જોતા નથી. એ છોકરી મને ધિક્કારેછ."

"ત્યારે શું એમ છે કે એ છોકરી તુંને ધિક્કારેછ તેથી તું એ છોકરીને ધિક્કારેછ?" માણકશાહે સાર ખેંચ્યો.

"નારે મુરબી, હું તો એ છોકરીને એક ખરેખરી પરીજ સમજુંછ. કોઇ પણ પુરૂષ પરણવા લાયક અને પરણીને ખરેખરો સુખી થવા લાયક એ સુંદરી છેજી. પણ એ મારી ઉપરનો પોતાનો ધિક્કાર છુપાવતી નથી, અને તે જોયા પછી હું કબુલ કરૂંછ સાહેબ, કે હું એની ઉમેદવારીમાં આગળના જેટલો ઉલટમંદ હવે નથી."

"મેં તુંને તારા વિશ્વાસ ઉપર કેટલોક મારો ખરો ભેદ કહ્યા પછી તારી ધારણામાં એ

ફેરફાર થયોછ, નહી છોકરા ?" માણકશાહ શેઠે તાણો માર્યો. "પણ ફિકર નહી. મેં તુંને કહ્યુંછ કે હું એને તારી સાથ પરણાવી આપીશ, અને હું ફરીથી કહુંછ કે હું મારો બોલ પાળવાનો. હું ધારૂંછ કે એ છોકરીનો પ્યાર અથવા ધિક્કાર તારાં મનપર કાંઇ અસર કરવાનો નથી. તારા જેવા દુનિયાદારીથી ઘડાયલા માણસને તો એ બેહુ સરખુંજ હોવું જોઇએ. એકવાર પરણ્યા પછી તેને તાબામાં કેમ લેવી તે તું જાણેછ. હાંગકાંગમાં રોબ મારવાને તારી બોરદુએ એક ખુબસુરત બૈરી રેહેશે, અને જેમ બેવકુફ લોકોનાં મોટાં શેહરોમાં હંમેશ થાયછ તેમ ત્યાં પણ તારી બાયડીથી તારી આબરૂ વધશે. વળી તુંને મારી દોલત વાપરવાની મળશે તે તો જુદી."

"મુરબી સાહેબ, તમારી કેવી મેહેરબાની !" પેસુ ચીનાએ ઉપકાર માન્યો, અને તોપણ કશા જુસ્સા વગર જાણેકે ખાલી બોલો નામને ખાતર બોલ્યો હોય તેમ બોલ્યો, કે જે વખતે તેની નજર સઘળી માણકશાહ શેઠના ચેહરામાં નહી પણ પાસે પડેલા ચોપડામાંના હિસાબના આંકડાઓ ઉપર લાગી રહેલી હતી.

"અને હવે ચાલ પેસુ, જરા આપણે ધંધાની વાત કરીએ." માણકશાહ શેઠે વાત બદલી નાખી. "તું જાણેછ કે મેં તારો બધો હિસાબ સંભાળથી તપાસી જોયોછ. હું કાંઇ અધીરો થયો નથી, અથવા હું કાંઇ વાંકો શખુન બોલ્યો નથી, પણ હું મારૂં મત બાંધી ચુકયોછ, મારો ઠરાવ કરી ચુકયોછ અને તે ઠરાવ પ્રમાણે હું ચાલવાનો."

"તે શું ઠરાવ છે, મુરબી ?" પેસુએ ઇંતેજારીથી પુછયું.

"ઠરાવ એજ કે આવતા બુધવારે તું ચીન જાય તેની અગાઉ, અને આવતા રવીવારે તું ખટલીને પરણે તેની બે કલાક અગાઉ સુધીમાં તારે મને વીસ હજાર રૂપિઆ ચુકવી આપવા. નહીતો કે—"

"નહીતોકે શું, સાહેબ ?" પેસુએ અધીરાઇ દેખાડી.

"નહીતો કે તારી પેસ્તનજી એન્ડ કુંપનીની પેહેડીએ દીવાળું ફુકવું—તારી પેહેડીનાં બારકસે એકદમ દરીઆને તળીયે ડુબવું."

"તેમ કદી નહી બનશે." પેસુ ચીનાએ ખીજાજમાં જવાબ દીધો.

"પણ પેસુ, એક વેપારીની નજરમાં એ નહી બને એવું નથી," માણકશાહ શેઠે તેને ધમકી આપી. "મોટા મોટા સધર આસામીઓબી જાણેછકે તેઓની પેહેડીઓનું બારકસ કોઇ દાહડે ખરાબે અથડીને ભાગવાનો સંભવ તો હોયછજ."

"પણ હું મારી પેહેડીને ભાગવા નહી દઇશ, સાહેબ," પેસુએ પોતાનો મજબુત ઠરાવ જાહેર કીધો.

"નહીતો કે ત્યારે મારા રૂપિઆ ચુકવી આપ," માણકશાહ શેઠ આ બોલો ઉપર ગુસ્સામાં આવી ગયા, અને ટેબલ ઉપર જોસથી મુક્કી અફાળીને બોલ્યા, "હું લીધા વગર નથી રેહેવાનો, ને નહીતો કે તારી પેહેડી ભાગ્યા વગર નથી રેહેવાની. વિસ હજાર રૂપીયા રોકડા હું લેવાનો ને ફર લેવાનો. જોઇયે તો ઉછીનાં કહડાવ, જોઇયે તો મુંબઇનાં તારાં કોઇ ઓળખીતાં પારખીતાં પાસથી લે, પણ મને રવીવાર સુધીમાં ચુકવી આપ. જો નથી આપ્યા તો હું હાંગકાંગના મારા વકીલપર તાર કરીશ, અને પેસ્તનજી એન્ડ કંપનીની પેહેડીનો આંકોજ આવ્યો એમ સમજજે."

"તમારે વાસ્તે હું આટલાબધા પૈસા કમાયા પછી તમારી નોકરીનો તમે મને આવો બદલો આપોછ સાહેબ ?" પેસુએ કરગરીને પુછયું.

"એ તો બધી આગળની વાત થઇ ગઇ, પેસુ." માણકશાહ શેઠે મરડાટ કીધો "તું મારે વાસ્તે કમાયો તેમ તારૂં પોતાનું પેટ તેં કાંઇ ઓછું નથી ભર્યું. આજ ત્રણ ત્રણ વર્ષ થયાં એક જળોની પડે વળગી રહીને, અને મારૂં લોહી પી પીને તેં મને તદન ખાલી કરી નાખ્યોછ, પણ હું તો મારા વિસ હજાર લેવાનોજ."

પ્રકરણ ૧૦૫ મું.

બે રસ્તા.

રાતનો વખત હતો. માણુકશાહ મુકાદમ ખાણું ખાધા પછી પોતાના ઓરડામાં સુવા ગયા. તેવણ તદન થાકેલા અને કંટાળેલા હતા. આજ સાંજે પોતાના આફીસના ઓરડામાં પેસુ ચીના સાથે થયલી પંચાતની અસરથી તેમ હોય, કે કેમ હોય, પણ તેવણ આજે ખુશી ને સુખી તો નહીંજ દીસતા હતા. તેવણના એ દેખાવથી ખટલી બ્હીધી હતી, અને તેવણને લેટાડવા તેવણની પછવાડે જઇને તેવણની ઉંઘ લાવવા સારૂં તેવણની આગળ કાંઇ વાંચીને તેવણનું મન વેરવાની માગણી કીધી હતી.

"નહી દીકરી, કાંઇ નહી," ખટલીની માગણી ના પાડતાં મામા બોલ્યા. "મને ઉંઘ જોઇએછ. જોઉં કાંઇ જરા રતી ઉંઘ આવે તો. પણ જેમ એક ભીખારીને સોનું મેળવવું તેમજ એક મારા સરખા દળદરને ઉંઘ મેળવવી મુસ્કેલ પડેછ."

"એમ શું બોલોછ, મામાજી. પોતાને વાસ્તે એમ કડવા સખુન શું બોલોછ!" એટલું બોલીને ખટલી તેવણને તેવણનાં બીછાનામાં છોડી ગઇ.

ખટલી પોતે સુવા જવા અગાઉ પોતાના બેસવાના ઓરડામાં ગઇ, કે જે ઓરડો તેના મામાએ તેને ખાશ વાપરવા આપ્યો હતો, અને જેમાં ખટલીએ ચોપડીઓ, ચિત્રો, રમકડાંઓ વિગેરે બૈરાંને ગમતી નજીવી નજીવી ચીજોથી શણગાર કીધો હતો.

અંહી ખટલી પોતાની કંગાળ હાલત અને પોતાનાં કંગાળ ભવિષ્ય ઉપર અંદેશો કરતી પડી. તેણીએ ચો બાજુથી પોતાને ઘેરાઇ ગયલી જોઇ. એ ઘેરાણમાંથી બચી જવાના માત્ર બેજ રસ્તા તેને જણાયા. તેમાં એક અને વધારે સેહલો તો અંહીથી નાહાસી જવાનો હતો. ચોનાબાગમાં જેમ તે નાહાસીને આવી, તેમજ અંહીથી નાહસીને જવાનું તેના હાથમાં હતું. તે જો અંહીથી જતી રેહેવા માગે તો તેના ઉપર અટકાવ કશો નહી હતો. એટલુંજ કે જેમ ભીખારી હાલતમાં અંહી આવી તેમ ભીખારી હાલતમાં તેને જવાનું હતું અને જે દોલતની આશાપર અંહી આવી તે દોલતને છોડીને જવું જોઇએ. બીજો, પણ વધારે મુસ્કેલ ઉપાય એ હતો, કે પેસુ ચીનાને સમજાવીને તેનો પરણવાનો વિચાર માડી વળાવવો. કાંઇ નહી તો તે ચીનથી બીજી વાર પાછો આવે ત્યાંસુધી એ વિચાર તે પોતાની મેળેજ ઢીલમાં નાખે એવી રીતે તેને ફુસલાવી લેવો જોઇએ. રાતનું ખાણું ખાધા પછી પેસુ રવીવારનાં ઠરાવેલાં લગનને માટે માણુકશાહ શેઠના ફરમાવ્યાથી દસ્તુરજીને કેહેવા ગયો હતો."

વિચાર કરતાં કરતાં દશ વાગ્યા, અને તુર્તજ ઓરડાની બાહેર, બાગની રેતીમાં, એક ગાડી આવવાનો નરમ ખખડાટ સંભળાયો એટલે ખટલી સમજી ગઇ કે પેસુ દસ્તુરને ઘેરથી પાછો ફર્યોછે. હવે તેને આવેલો ધારીને ખટલી અંત્યંત ગુચવાડામાં પડી. દસ્તુરને આવતા રવીવારને માટે રોકી આવ્યોછે એવી દુષ્ટ ખબર કેહેવા રખેને તે પાધરોજ આ ઓરડામાં આવે તેની ફીકરથી તે પેસુનાં પગલાં સાંભળતી બેઠી, અને વરંડાંની બાજુએથી એક ચીનાનાં નરમ અને ધીમાં પગલાં હલુસે ઓરડા ભણી આવતાં તેને સંભળાયાં.

"એના ચીનમાં ચીનાંઇ બીલાડાઓ એમજ ચાલતા હશે" ખટલી પોતાનાં મનથી બોલી.

તુર્તજ ઓરડાનું અળગું ઢાંકેલું બારણું ઉઘડયું અને પેસુ ચીનો દાખલ થયો. તેના ચેહરા ઉપરનો ચીનાઇ પીળાસ એક ગોલાબી રતાસમાં બદલાયલો હતો. તેની હમેશાની સુસ્ત આંખો વધારે ચળકતી હતી. દસ્તુરજીને ત્યાં તે સરીઆમ બબાનું એક બીજું ગ્લાસ ઠોકી આવ્યો હતો. સાંજે ખટલીએ તેનો હાથ હરકાટી કાહડયો તે વખતનાં કરતાં હમણાં તે દેખીતો વધારે ખુશાલ અને રંગીલો આવ્યો હતો.

"બારીએથી તમારા ઓરડામાં મેં ઉજરડું જોયું," પેસુ ખટલી બેઠેલી હતી તેની પાસેજ એક ખુરશી તાણીને બેસતાં બોલ્યો, "તેવુંજ મેં જાણ્યું કે તમો અંહી મળશો."

"તેનાં કરતાં બેહતર કે તમે હેઠલ જઈને તમારે વાસ્તે કાંઇ ખાણુંજ મંગાવો તો કેવું સારૂં, પેસ્તનજી." ખટલીએ સુચવ્યું. "હમણાં અગ્યાર વાગશે. તમે ભૂખા હશો અને આખું ઘેર હમણા બંધ થઇ જશે."

"અરે આ ઘેરને શું રહોછ?" પેસુ પોકારી ઉઠયો. "મને જે ગમેછ તે આ ઘેરમાંથી શું મળેછ? મને તો તમારી ચળકતી આંખ્યો અને મનમોહન મુખડો ગમેછ! અને તમારા મામાએજ આજે સાંજે ફરમાવી તે અને તમે નાફરમાનીથી ના પાડી તે તમોને ભેટવા ગમેછ. તમોને મારી બાયડી કરી આપવાને દસ્તુરખી•કબૂલ થયાછ, અને હું કે જેને તમે દૂરનો દૂરજ રાખોછ, તે તમોને પોતાની ગણશે તેની અને આજની વચે માત્ર ચારજ દાહડા વચમાં રહ્યાછ. ખરેખર ખટલી, તમે મને ધિક્કારવાનું ઘણું ડોળ ઘાલોછ."

"શું! ડોળ ઘાલુંછ?" ખટલી વચમાં બોલી ઉઠી. "નહી, નહી, મારો ધિક્કાર તો ખરેખરોજ છે."

"ત્યારે તો વધારે સારૂં. પ્યાર ને ધિક્કાર બેહુ આતશી જુસ્સા છે, અને જેમ બે છેડા હમેશ સાથે મળેછ તેમ ધિક્કારના જુસ્સાને પ્યારના જુસ્સા સાથ મળી જતાં કાંઇ વાર લાગતો નથી. તમારો ધિક્કાર થોડો થોડો અધકચરો હોય તોજ તે નિકળી જતાં વખત લગાડે."

આજે પેસુ ચીનો ખટલી ઉપર કાંઇ ફતેહ પામ્યો હોય, એવી આપબડાઇના તુમાખમાં આવી ગયલો હતો, માટેજ આ સઘળા તુમાખી સખુનો બોલ્યો હતો. પણ ખટલી તેની છેક સામે ન થતાં તેનો વિચાર ઢીલમાં રાખવાને તેને સમજાવવા ધારતી હતી, તે ધારણા અજમાવી જોવાને તેણીએ આજ વખત સહુથી લાયક વિચાર્યો, અને તે અચકાતા અચકાતા અવાજથી બોલી.

"પેસતનજી શેઠ——"

પણ ખટલી પોતાનું વાકય પુરૂં કરવા પામી નહી. પેસુ ચીનો વચ્ચે પડીને પુછવા લાગ્યો.

"અરે એ શું! એ શું, ખટલી! પોતાનો ઓદરાયલો વર જે ચોથે દાહડે પરણ્યો વર થશે તેની સાથે વાત કરવાની એ કેવી થંડી રીત! 'પેસી' અથવા 'પ્યારા પેસી' કેહેવાને બદલે 'પેસ્તનજી શેઠ' શું કેહેવાનું?"

"હું તમોને એ સિવાય બીજા કોઇ નામથી બોલાવવાની નથી," ખટલીએ હિમતથી જવાબ દીધો. "ઓર હું તમારા વિશ્વાસ ઉપર તમારી સાથે આજે, કદી વાત નથી કીધી તેવી છુટથી અને તેવાં ખુલ્લાં દિલથી, વાત કરવા માંગુંછ. તમે જોઇએ તો મારો વિશ્વાસઘાત કરજો. જોઇએ તો બધું મામાને કહી આપીને મારો નાશ કરજો. પણ મારો બીજો ઉપાય નથી. હું જીવપર આવેલીછું. તમે મને જુલમથી પરણવા માંગોછ તેથી તમેજ મને એવી હાલતમાં હાંકી લઇ ગયાછ."

"હું જુલમ કરૂંછ, નહી? હું જુલમ કરૂંછ કે તમારા મામા જુલમ કરેછે?" પેસુ ખુરશીને અઢેલીને નિરાંતથી બેસતાં બોલ્યો અને જાણેકે આ છોકરીની સઘળી તાણાજાણી ધીરજથી સાંભળવાને તૈયાર હોય તેવો નિરાંત•મંદ દેખાવ કરી બેઠો. પણ એ વખતે તેની નજર સઘળી ખટલીનાં ખુબસુરત સ્વરૂપમાં પેસી રહેલી હતી, અને પોતાની ધારેલી પ્રિયાના નાજુક રૂપ ઉપર ખુશી થતો તે પડેલો હતો.

"પેસ્તનજી શેઠ," ખટલીએ પાછી વાત ચલાવી. "હું તમોને કેવા દૂર ને દૂર રાખુંછ તે તમે જાણોછ. તમે તેમાં મારો ધિક્કાર વિચારોછ, અને હું તમોને ધિક્કારૂંછ એવા ખ્યાલથી તમારી મગરૂરીને દુઃખ લાગેછ. એ વિચારથી તમોને મારીપર ખુદરતી ગુસ્સો ઉપજેછ, અને મારી એ હઠીલાઇનું વેર લેવા તમે જોરજુલમથી પરણીને જબરીથી મારો હાથ જીતી લેવા માંગોછ."

"એતો તમારી કેહેવાની એવી રીત છે, ખટલી. પણ હું તેવો નથી. હું તમોને ચાહુંછ તેથીજ પરણવા માંગુછ. મારી પાસે વધારે સખત કારણ કાંઇ નથી."

"નહી. પણ મને બોલવા દો. જરા મારૂં સાંભળો. તમે મારી મરજી વિરૂધ પરણવાની મજબુત બડાઇ મારોછ, તેનો સાર એજ કે તમે મને કંગાળ કરવા માંગોછ, અને મારી ઉપરના કોઇ ધિક્કાર અથવા ગુસ્સા વગર તમે એમ કરો નહી. તે ઉપરથી આ તમોને છેલુંજ કહુંછ, અને એક ગૃહસ્થ જાણીને તમોને હું ખોલ્લું કહુંછ તે માફ કરજો કે

તમારો હાથ ના પાડવા માટે જેને તમે મારો ધિક્કાર ગણોછ, તે ખરેખરો ધિક્કાર નથી, પણ કાંઇ બીજીજ ચીજ છે."

"અને તે બીજી શું ચીજ છે? વિશ્વાસ રાખો ને ખોલ્લું કહો."

"અગર વિશ્વાસ નહી રાખું તોપણ હું ખોલ્લુંજ કેહવા માંગુંછ, કે તમારી ઉપરના ધિક્કારને માટે નહી, પણ એક બીજા શખ્શના પ્યારને માટે હું તમારી સામે થાઉંછ. મારી જીંદગીના છેડા સુધી હું તેને ચાહવાનો કોલ આપી ચુકીછ, પછી અમોને છુટાં પાડવાને ગમે એટલી હરકતો વચે નડે, તોપણ હું મારા કોલથી બંધાયલી છું. મારો એ વિચાર મામાજીને નહી કેહવાનાં, અને આખી દુનિયા મારી સામે ઉલટે, તોપણ તે છુપાવી રાખવાનાં મારી પાસે મજબુત કારણો છે."

"તે કારણોનું કાંઇ ચાલશે નહી, ખટલી." પેસુ ચેહરા ઉપર હસવાનો ઘાતકી કલ્લો કરીને તથા એક કારસ્તાનીભરેલો ખૂની પોતાનાં કારસ્તાનને ફતેહમંદ સેવટ ઉપર લાવવાની વડાઈ લેતો, જેવો નાતરસ દેખાવ કરે, તેવા દેખાવથી બોલ્યો. "આવતા આતવારના એક દસ્તુરજીને હાથનાં તમારી અને મારી વચેનાં પાક આશિર્વાદની વચે તમે કેહોછ તેવાં કારણો કાંઇ ચાલવાનાં નથી."

અંહી ખટલીએ એક બીજી તકરાર અજમાવી જોઇ કે જે તકરાર પૈસાની હતી, અને તેટલામાટે તેણીએ તે સહુથી મજબુત તકરાર ધારી.

"તમે એમ કહોછ, પેસતનજી, કે મામાએ મારા લાભમાં વિલ કીધુંછ અને તેમાં પોતાની બધી દોલત મારાં નામપર લખીછ?"

"હા. તે તો નકીજ છે," પેસુ બોલ્યો, "અને તે તો માણકશાહ મામાએ પોતેજ તમોને મારાં દેખતાં કહેલું તમે સાંભળ્યું કેની?"

"હા." ખટલીએ કબૂલ કીધું. "તેવણ બોલ્યાતા કે તેવણની દોલત આપણે બેહુ જણ ભાગમાં વાપરશું. ત્યારે બેહતર તો એજ છે, કે મામાની દોલત આપણે બેહુ જણે વેંહેચી લેવી, અને તોપણ આ ધિક્કારભરેલી સગાઇ, કે જેથી હું દુઃખી થયા વગર રેહેવાનીજ નથી, તે સગાઇમાં આપણે જોડાવું નહી. તમે જો મામાના પૈસાનો ભાગ લેવાના હોવતો એ બંધણમાંથી મને છુટી કરો, અને તેટલા માટે મામાજીને સમજાવીને આપણાં લગ્ન ઢીલમાં નાખો. તેવણને કહો કે તમો ચીનથી પાછા આવશો ત્યારે પરણશો. તે દાહડા સુધી તેવણ જીવવાના તો નથીજ. બસ હું માગી લઉંછ કે મારી ઉપર એટલીજ મેહેરબાની કરો, અને પછી તમારે ગમે તેવી બીજી જામીનગીરીથી મને બાંધી લ્યો. મામાની દોલત મને મળે ત્યારે તેમાંથી અડધો ભાગ તમોને આપવાને તમો કહો તેવાં લખત ઉપર ઉપર સહી કરવાને હું તૈયાર છું."

"વાહવા રે ખટલી! કેવાં સખી દિલની અને વેપારીસહી માગણી કીધી!" ખટલીની છાતીજ બંધાઇ જાય તેવા થંડા ચેહરાથી પેસુ હસ્યો. "એટલેકે હાલ તમારા મામા મને એક સરસ બૈરી અપાવેછ, અને તેની સાથે આખી દોલત અપાવેછ, તેને બદલે મારે તે બૈરીને જતી મુકવી, અને અડધી દોલત જતી મુકવી! અલબતાં, તમોને પરણ્યાથી તે દોલતનો એક સારો જેવો ભાગ મારે તમોને આપવો પડશે. પણ તે કાંઇ મારી ખોટ ગણાશે નહી. વર પોતાની બાયડીને ઘરેણું ગાઠું જે કાંઇ કરે તે બધું સેવટે તો વરનુંજ ગણાય. પણ તેને બદલે તમે તો આ એવી માગણી કરોછ કે હું તમારા સરખી બૈરીનેબી ખોહું અને દોલતનો અડધો ભાગબી ખોહી દઉં! કેવી ખાસી વાત! પણ એમ કાંઇ ચાલશે નહી."

પ્રકરણ ૧૦૫ મું.

એક નહી તો બીજો રસ્તો—અને તે કયો?

ખટલી પેસુ ચીનાના છેલા જવાબ વખતે ટેબલ ઉપર માથે હાથ દઇને બેસી ગઇ.

પેસુ ચીનાનો આ સઘળો બકબકારો તેણે સાંભળ્યો નહી સાંભળ્યો કરીને હવે તેનું મગજ પેલા બીજાજ માર્ગ ઉપર ગયું, કે જે અહીંથી નાહસવાનો માર્ગ હતો. તેને લાગ્યું કે

હવે એથી બીજો ઉપાય તેના હાથમાં રહ્યો નથી. જો તે ચાહે તો માકામામા આગળ સઘળું કબૂલ કરી શકે. તે તેવણના દુશમનના દીકરા જમસુ જસાવાળાની સાથે કેવી છુપી પરણેલીછે, કેવી તેની સાથે આખી જીંદગી સુધી જોડાઇ રહેલીછે, કેવા તેવણના પૈસા સેવટે તેનેજ લઇ જઇને આપવાની છે, કેવા તેવણને આજ સુધી તેણીએ ઠગીને વાહ્યા કીધાછે, એ સઘળું કબૂલ કરવાનો એક બીજોબી રસ્તો રહેલોછે.

પણ એ રસ્તે તો આશા કાંઇજ નથી. આટલું સુધી મામાથી છુપાવી રાખ્યા પછી હવે તે જાહેર કરવામાં કાંઇ ફાયદો નથી. હવે તો તેણીએ વિચાર્યું કે બાજી હાથથી જવાજ દેવી જોઇયે—હવે તો મા

આવો એક વખત વિચાર અને ઠરાવ કીધો એટલે તેને પાછી હિમત આવી. સામેની ટેબલ ઉપરના સોનેરી ઘડિયાળમાં તેણીએ નજર કીધી.

"હવે તો અગ્યાર વાગી ગયા, પેસતનજી શેઠ" તે ઉઠીને બોલી. "હવે તો મને ઉંઘ આવેછ, સાહેબજી."

તે પોતાના સુવાના ઓરડાના બારણાં આગળ ગઇ.

પણ પેસુએ તેને આમ રૂસણાં સાથે, રીસાયલી, જવા દેવાને ચાહ્યું નહી.

"હું તમોને એમ મારી આગળથી ઉઠી જવા દેવાનો નથી. તમે મને હા કહીને જાઓ." પેસુ ચીનો ખટલીનો હાથ જબરીથી ઝાલી રહીને બોલ્યો. તે ખટલીના ગાળ ઉપર પોતાની એક ચુમીનો છાપ મારવા જતો હતો.

"નહી, કદી નહી," ખટલી તેનો હાથ તરછોડીને જોસથી આચકો મારી બોલી. "એ નાપાકીભરેલી વાત ના કરો. એ પાપમાંથી બચવાને હું મારો જીવ આપીશ, અને મારો જીવ કાહાડી નાખવાને હું શું કરીશ તે તમો જાણુતા નથી. જુઓ આ જોયું કે?" પોતાનાં ગજવાંમાંથી એક નાની સીસી કાહડીને ખટલીએ તે પેસુની આંખ્યો આગળ ધરી. "તમો જાણોછ કે આ સીસીમાં શું છે તે! તાબડતોબ મોત છે. તમારા હોઠ મારા હોઠને લાગે તેની અગાઉ તો એ સીસીનું ઝેર મારા હોઠને લાગશે. ખબરદાર! અંહીથી દૂર રેહો."

"અંહું! ઘાતકી ઓરત! તું જીવપર કરવા માંગેછ? આજ કાલની બીજી ચકાસેલી છોકરીઓની કાની તું આમ ઝેરી દવાઓ સાથે ઘેલાં ચેડાં કાહાડેછ, તેની મને ખબર નહી હતી." પેસુ ચીનો ગભરાટથી તેનો હાથ છોડી દેતાં બોલ્યો. "પણ એ સીસીમાં તો અમસ્થું સરબતનું પાણી ભરેલું હશે, અને તું મને બ્હીવડાવવા બોલતી હશે."

"નહી, નહી. એ તો 'પ્રુસીક આસીડ' ની સીસી છે. તે હું મારા ડાકટર મામાનાં દવાખાનાંમાંથી ખામખા લઇ આવીછ, કે કોઇ પણ જુલમ સામે, તમારા અપવિત્ર હાથ સામે, મને સેવટના ઉપાય લેખે કામ લાગે."

"અંહું! એતો ચોથે દાહડે જેની સાથે પરણવાનીછે તેને એમ બોલીને માન આપેછ કે?" પેસુએ હજી પોતાના ચેષ્ટા ચાલુ રાખ્યા, "ચાલ વારૂં, ખટલી, બેવકુફ ના થા. એ સીસી મને આપી દે, કે હું તે બારીની બાહાર ફેંકી દઉં."

"નહી, હું એ નથી આપવાની." પેસુએ સીસી ઉપર હાથ નાખ્યો હતો તે તેને ઝુંટાવી લેતો અટકાવવા ખટલીએ તે સીસી એવાં જોરથી પકડી કે તેના હાથમાંથી પડાવી લેવા સારૂં પેસુને ઘણું સખત જોર વાપરવું પડત.

"ચાલ, નહીતો રેહેવા દે," પેસુ હાથ છોડી દઇને જંગલી જોસથી બોલ્યો. "રેહેવા દે. તારો કીમતી માલ તારી પાસે રેહેવા દે, અને એનાં જે કાંઇ માઠાં પરીણામો નિપજે તે ભોગવજે. તું એક ઘાતકી, કમઅક્કલ ઓરત છે. તુંને તારાં સારાંનો કાંઇ વિચારજ નથી તો તારી મૂર્ખાઇની સજા ભોગવવી તુંને લાયકજ છે. આ કીમતી દવા તારી પાસે રેહેવા દે, પણ યાદ રાખજે કે એવી ચીજની આશનાઇ કરવાનું સારૂં નથી. હવે સાહેબજી, ખરશેદબાઇ, તમારા જેવી ચુડેલ ને ચરેલ બૈરી મને જોઇતોજ નથી. તેવીને પરણ્યાથી હું સુખી થવાનો નથી."

એટલું બોલીને પેસુ ચીનો ઓરડામાંથી ચાલી ગયો.

"હવે તો મારે નાહાસવા સિવાય બીજો રસ્તો નથી, અને નહીતો કે, અંતે આ સીસી તો છેજ." ખટલી બડબડી.

પ્રકરણ ૧૦૭ મું.

નવો ભેદ—એક ઓરતની હાજરી.

અંતે જમસુ જસાવાળો, હોમાજી દારૂવાળાની દીકરી સુંદર શીરીનની સારવારથી સારી પઠે સાજો થઇને તથા તદન તનદરોસ્ત થઇને, પોતાની જસવાડીમાં પાછો રેહવા ગયો; અને શેહરની મોજીલી ધામધુમોનાં સુખ કરતાં ગામડાંની સાદી જીંદગીની બદલી લીધેલી મોજને પસંદ કીધા પ્રમાણે, પોતાના વાડીવજીફાની ગામડયણ જીંદગીની જંજાલોમાં પાછો રોકાઇ પડયો. અલબતાં તેને આ નવી જીંદગીમાં કામથી નવરાસ અને ફુરસદ તો ઘણી મળી, અને પોતે એક વખતે કેવો હતો, પછી કેવો થવો જોઇતો હતો તથા આજે કેવો થયોછે, તે વિષેના વિચારોમાં મન સાથ મસલત કરવાને તેને આ જીંદગીમાં ઘણો વખત મળ્યો હતો. ગુલે ગોલાબ અને મોઘરાંના ગોટા તથા ચંમેલીનાં ગુછલાં બેહક બેહક થવાની આ મોસમ હતી, માટે થંડી હવામાં ફરવા હરવાની મોજ ભોગવવાના આ દાહડા હતા. એકવાર ફરી પોતાના રક્ષ "રૂસ્તમ" ની પીઠ ઉપર પોતાનાં હાડકાં ભાંજવાની લાલચ તેને કદી થઇ નહી હતી. જમસુએ પાછી ઘોડેસ્વારીની કસરત શરૂ કીધી હતી ખરી, તોપણ મસ્તીખોર "રૂસ્તમ" ની પવન વેગી પીઠ તેણે સદાની તજી હતી. તેમાં તેનું પોતાનું તેટલુંજ બિચારા "રૂસ્તમ" નું પણ સુખ હતું, કે જે પોતાના શેઠની સાથે છેલા અકસ્માત પછી પાછો તનદરોસ્ત થયો હતો.

"જસવાડી" ની આ જીંદગી સુખકારી તો ખરી, પણ આળસુ અને નકામી ઘણી હતી. જમસુને "જસવાડી" માં ઘણીકવાર એકલું અને નવરૂં લાગતું હતું. જોકે આસપાસ વસ્તી તો સારી હતી, અને "જસવાડી" નો જમસુ ગામનાં લોકોમાં ઘણો માનિતો હતો, તોપણ અગર રોજનાં ખાણાંપીણાં અને નાચરંગ સાથે જીવતર ગુજારવું હોય તોબી તેમાં થાકવી નાખનારૂં એકનું એક ઘણું હોયછે, તો જમસુ જેવા એક ના સબુર ઉછાછલાને આ એકાંત જીંદગીમાં ઝાઝું નહી સોહવાવું કુદરતી હતું. તેની સાથ તેના દોસ્ત દાદીબા લંગડાની સંગત હતી ખરી, પણ હવે તો દાદીબા પણ અંહી પડી રેહતાં થાકી ગયો હતો, અને મુંબઇ જવા નિકળ્યો હતો.

"હું તારે ત્યાં એક વર્ષ સુધી ધામો નાખીને પડી રહ્યોછ, દોસ્ત જમસુ." દાદીબા અંહીથી જવાનાં કારણમાં બોલ્યો. "વાસ્તે હવે તું મારેથી થાકી ગયો હશે."

"હું જ્યારે તારેથી થાકી જઇશ ત્યારે તુંને કહ્યા વગર રહેશ નહી. વાસ્તે ભરૂસો રાખજે, કે હું થાકો જવા પછી તુંને, અંહી રાખવાનોજ નથી," જમસુએ નિશ્ચય ઠરાવ કર્યો. "પણ હમણાં તો જવાની વાતજ ના કર, દોસ્ત દાદી. તારા વગર મને ચાલવાનું નથી. તારા જેવું મારૂં બીજું કોઇ સોબતી નથી. તારી મિસાળે હું બીજા કોઇ સાથે છુટથી વાત કરી શકતો નથી. મારા બધા છુપ્યા ભેદ તું જાણેછ."

"શું હું બધા ભેદ જાણુંછ? શું તારી બીજી કોઇ વાત મારેથી છુપી નથી?" દાદીબાએ કાંઇક ગંભિર ભાર મુકીને પુછયું.

"હા દોસ્ત, બધા," એટલું કેહતાં જમસુ અચકી ગયો, અને કાંઇ નવો વિચાર આવ્યો હોય તેમ બોલી ઉઠયો. "અરે પણ એક બીજો છુપ્યો ભરમ છે—એક ખ્યાલી ખ્વાબનું મને ઉજરડું થાયછ—તે મેં તારી આગળ હજી કહ્યું નથી, પણ તે મેં તારી ઉપરના કોઇ બેવિશ્વાસથી છુપાવ્યુંછ એમ સમજતો ના."

"એ તો હું માનુંછ દોસ્ત, પણ તોબી મારે ઘેર જવું તો જોઇયે," દાદીબા બોહસે પડી બોલ્યો. "અંહી પડી રેહવાનું થોડા દાહડા સારૂં લાગે. પણ એમ કાંઇ હંમેશ નહી ચાલ્યા કરે. અંહી આળસુ પડી રેહવાથી કામકાજની દુનિયા સારૂં હું બીગડી જઇશ."

"પણ તુંને કામકાજની દુનિયા સાથ શું કામ છે? તું બિગડતો હોય તો બિગડી જા. તુંને મેં મારા ભાઇ દાખલ કરી લીધોછ, અને આપણ બેહુએ એકજ ઝોળીમાં હીંચ ખાધી હોય, અથવા એકજ માતાના ખોળામાં ખેલ્યા હોઇયે, એટલો તું મને વ્હાલો છે.

મારૂં ઘેર તારૂં છે. મારા પૈસાટકા તારા છે અને જો કદી અજલ મને તારેથી છુટો પાડે તો તું પોતાને એક નાવારસ લાચાર જોશે નહી, પણ તારે વાસ્તે મનને સુઝયું ઘટતું કીધેલું તું જોશે. ત્યારે તું મને છોડી જવાની વાત શું કામ કરેછ ?"

"તું મારો કેવો મેહેરબાન છે, દોસ્ત," દાદીબા તેને ભેટીને બોલ્યો. "હું તારૂં હેશાન માનવાને તદન અશકત છું, પણ તોબી મારે ઘેર જવું તો જોઇયે. ખોદા ખાતર મને ના અટકાવ."

"પણ તુંને શું અહીં કાંઇ દુઃખ છે?" જમસુએ ઓનજરખાહીથી પુછયું.

"નહી," દાદીબાએ હિંમતથી જવાબ દીધો. "આ ઘેરમાં મારે વાસ્તે એકબી સુખ બકાત રહ્યું નહી હતું."

"નહી હતું ? એ તો પેહલાની વાત તું બોલ્યો. પણ હમણા તું મારે ત્યાં સુખી નથી એમ છે કે શું ? તારીથી હું નથી થાકયો, પણ તું મારીથી થાકયોછ. મારી છેલી લાંબી માંદગીએ તુંને ઘસીપીસી નાખ્યોછ. હોમાજી દારૂવાળાને ત્યાંના લાંબા રેહવાસથી તું કંટાળી ગયોછ."

હોમાજી દારૂવાળાનાં ઘરનું નામ સાંભળીને દાદીબાના ચેહરા ઉપર કાંઇ એવો અચબુય ઓથો ફરી વળ્યો, કે જે બીજા સાધારણ માણસોના જોવામાં નહી આવે, પણ પોતાના દોસ્તના ચેહરા વિષેના લાંબા અનુભવથી જમસુને તો તે તુર્તજ જણાઇ આવ્યો. હોમાજીને ત્યાંથી પાછો ફરયા પછી, દાદીબા એકાએક તેને મુકીને જવા કેમ નિકળ્યોછે તે વિષે જમસુ શકમંદ તો થયોજ હતો, તેમાં તેના ચેહરાના આ ફેરફારથી તે વધારે શકમંદ થયો.

"શું હું તારીથી થાકયોછ ?" દાદીબાએ પ્રોટેસ્ટ કીધો. "નહી, નહી, જમસુ, તું ભૂલે છ. તારી સંગત તો મને આબે હયાત સરખી છે."

"અને તેથીજ તું તે સંગત છોડી જવા માંગેછ? ત્યારે તેનું કાંઇ મજબુત કારણ હોવું જોઇયે?" જમસુએ પુછયું.

"હા, હું કબૂલ કરૂં છ કે એક કારણ છે," દાદીબાએ એકરાર કીધો. "તે કારણ મારેથી કેહવાય એવું નથી. તે કારણ મૂર્ખાઇભર્યું છે, અને મારી એવી મૂર્ખાઇ ઉપર તું હસશે."

"અને તે છતાં તું જવા માંગેછ ? એટલેકે આ ગામની તાજી હવાને બદલે તારા ઘોઘા મોહલાનાં ગંધારામાં, અને અંહીના એકાંત રેહવાસને બદલે એક મોહલાની ગડબડ અને માથાં દુઃખણમાં પાછો જવા માંગેછ? તો તે તારૂં કારણ કાંઇબી મજબુત હોવું જોઇયે ?"

દાદીબાએ કબૂલ કીધું કે તે કારણ ઘણું મજબુત હતું. ત્યારે તો તે કારણ જાણવાની જમસુએ વધારે ખેંહસ કીધી, અને દાદીબાએ કાંઇક નાજુકીભરેલી શરમાશરમીથી તે કારણ કેહવાની આનાકાની કરયાજ કીધી. ત્યારે અંતે જમસુને અટકળ કરવાની ફરજ પડી કે:

"હું સમજું છ, દાદીબા. એ બધી પેલા હોમાજી દારૂવાળાનાં ઘેરની કાંઇ મોહકાણ છે. ત્યાં હું ભાગેલી પાંસળીઓ સાથે ખાટલે પડેલો હતો ત્યારે તારા દાહડા તુંને ત્યાં વધારે સુખી લાગ્યાતા, નહી વારૂં? તે એકાંત ગામડયું ઝુંપડું મારા વાડી વજીફા• કરતાં આપણુને બેહુને એક ખરાં ઘેર જેવું વધારે લાગ્યું, હતું, નહી વારૂં ? અંહી આપણે ઘેરમાં રેહતા હોઇયે તેમ લાગતું નથી. ખરૂં કે ? અને તેનું કારણ એક ઓરતની હાજરી સિવાય બીજું કાંઇ નથી, એબી ખરૂં કે ?"

"ખરેખર ત્યાં આપણે ઘણા સુખી તો હતા." દાદીબાએ કબૂલ કીધું.

"નહી, નહી. તેમ નહી હતું," જમસુ હસીને બોલ્યો. "હોમાજી દારૂવાળાનાં ઝુંપડાંમાં આપણે રહી આવ્યા તે આપણે બેહુને મારે સારૂં નહી હતું. ત્યાંથી આપણે બેહુ જણ ઘણા સુખી પાછા ફરયા નથી."

"જમસુ, જમસુ, એ શું બકેછ? કાંઇ સુધલો રાખીને બોલ." જમસુના ઉપલા ભેદી જવાબ ઉપરથી દાદીબાએ તેને ચોંકાર્યો.

"હું ખરૂં બોલું છ, દાદી. હું તારી આગળ કબૂલ કરવાને શરમાતો નથી. તું મારો ભેદ પામી ગયોછ તે ખરો છે. તું ધારેછ કે મારા જેવા પરણી ચુકેલા અને એક જુની ગાંઠની સગાઇથી બંધાઇ ચુકેલા માણસ ઉપર આપણા એ છેલા અનુભવથી સારી અસર થઇ નથી. પણ જો, હું કેહું

છ તે સાંભળ. પૈસાની લાલચ ઉપર નાહાસી ગયલી મારી બાયડીને જ્યારે હું મોંહડે ચહડીને બોલાવવા ગયો, અને જ્યારે તેણે વરના પ્યાર કરતાં મામાના પૈસા પસંદ કરીને આવવાની ના પાડી, ત્યારેજ જો હું ચાહતે તો તેની લોભી ચાલને માટે તે ગાંઠની સગાઇ તોડી નાખતે. પણ તું બીહ ના દોસ્ત, હું કાંઇ તેમ કરવા માંગતોજ નથી. અગર મારી આખી જીંદગી સુધી હું એકલો પડું તોપણ તે પેહલો ગાંઠ બંધાયલોજ રેહશે, અને તે પેહલું વચન પળાયલુંજ રેહશે. હોમાજી દારૂવાળાનાં ઝુંપડાંમાં પડી રેહતાં, અને શીરીનની મીઠી સારવાર શાંખતાં, મને જે જે વિચારો આવ્યા હતા તે ખોદા મને માફ કરે! તે વિચારો એવા હતા કે, શીરીનને મારી ધણીયાણી બનાવવાને અગરજો હું છુટો રહ્યો હતે તો આ મારી બાપીકી વાડીમાં મારી જીંદગી કેવી સુખમાં જતે."

"હા, જમસુ, હું તારાં મનના એ વિચારો પામી ગયો હતો." દાદીબાએ કબૂલ કીધું.

"હું એક માણસ છું," જમસુએ કહ્યું, "અને ઇનસાન્યતની કુદરતી ખાસ્યત ઉપર હું દોરવાઇ ગયો હતો. જેણે એક પરણી બાયડી કરતાં મારી વધારે ચાકરી કીધી, અને જેની ખીજમતે મને મોતમાંથી જીવતો કીધો, તેની તરફ મારાં દિલનું ખેંચાવું કુદરતી હતું. ખાતરી રાખજે દાદીબા, કે મારાં ભોળાંપણાંમાં અને અજાણપણાંમાં જોકે મારૂં દિલ ત્યાં ખેંચાઇ ગયું તોપણ એકબી સખુન યા ચેહરાના એકબી દેખાવથી મેં મારાં મનનો ભેદ જાહેર થવા દીધો નહી હતો. હું કેવો ફસુંછ તે મેં જેવું જોયું તેવોજ હું હોમાજીનાં ઝુંપડાંમાંથી આવતો રહ્યો."

"તેં ડાહાપણ કીધું જમસુ, કે તું આવતો રહ્યો." દાદીબાએ તેની સારી સમજ ઉપર તેને શાબાશી આપી.

"એટલુંજ નહી દોસ્ત, પણ મારાં મનમાં એક બીજી ઉમેદ હતી." જમસુએ વાત વધારી, "અને તે એટલીજ કે જેમ તું મારો ભેદ પામી ગયો તેમ હું તારો ભેદબી પામી ગયો હતો. મને લાગતું હતું કે આ સુંદર શીરીન તો તારા હાથને લાયકની વધારે હતી, ને તેના ઉપર તારો હક ખરો અને મજબુત હતો."

"છટ, છટ, તું એવી ધાતકી મશ્કેરી ના કર. તારા જેવા એક સઘર શિકાર આગળ એ છોકરી મને કદી પસંદબી કરે?"

"કરે, કરે, ને કરશે. તારૂં ભલું, ઉદાર ને મયાળુ દિલ તો તે ઓળખી ચુકીછ. તારી બુદ્ધિ અને અક્કલમંદીને તો તે પીછાણી ચુકીછ, અને થોડા વખતમાં તે તારો પ્યાર પીછાણશે. એ મારૂં કામ છે, દાદીબા. મારી ઉપર વિશ્વાસ રાખ. હું તુંને તેની સાથે પરણાવી આપીશ."

"તે નહી પરણશે," દાદીબા હસ્યો. "તે તે ઝીતાઇ ચુકીછ, અને તેબી મારીથી નહી." દાદીબા પાછો હસ્યો.

"ચુપ, ચુપ, નાદાન! બિચારીને ગળે ના પડ." જમસુએ તેને ધમકાવ્યો. "હું પરણેલો છું તે તો તે જાણેછ."

"જાણ્યું હશે. તું તાપની ઝુમમાં બકબક કરતો હતો તે ઉપરથી તેણે જાણ્યું હશે. પણ નહી. તે વખતે હું તારી પાસે ને પાસેજ હતો, અને મેં તો તારે મોંહડેથી તારી બાયડી વિષેના કશા સખુનો સાંભળ્યા નથી. ત્યારે એ નાજનીને તારો ભેદ કેમ જાણ્યો હશે?"

"તાપની ઝુમમાં કે તનદરોસ્તીની હુશ્યારીમાં હું તો એવું કાંઇ બોલ્યો નથી, કે જેથી તે મારી પરણેલી હાલત જાણે. જ્યારે તે મારાં બીછાણાં આગળ મારી ખીદમત ને સારવાર કરવા પડેલી હતી, ત્યારે આસમાનપરથી ખુદાતાલાએ મને સુખી કરવા એક ફરેસ્તો મોકલ્યો તે સિવાય બીજા કશા વિચારથી મેં તેને જોઇ નથી. તોપણ દાદીબા, તું કહેછ કે તું મારો ભેદ પામી ગયો હતો ત્યારે તું મારી તરફ અદેખો તો નથી થયો?"

"મુદલબી નહી. હું શીરીનના ચેહરા ઉપરથીજ પામી ગયો હતો કે તેનું દિલ તારી ઉપર લાગેલું હતું."

દાદીબાના આ એકરારથી જમસુ કાંઇ અજાયબ અંદેશામાં અને વેહમના વસવસામાં પડયો. જે પરીજાદ નાજનીને તેની આટલી બધી ખીદમત કીધી હતી, તેણીએ પોતાના નાજુક હાથોથી સારવાર કરતાં પોતાની તે સઘળી જતનને ખરા પ્યારનું રૂપ લેવા દીધું

હોય, અને તે બીચારીને ભુલાવો ખાવાને પોતે કાંઈ પણ કારણ આપ્યું હોય, તો તેમાં ખરાબી અને નુકશાની સિવાય બીજું કશું તે જોઈ શકયો નહી.

"દાદીબા, દાદીબા, તું મારે વિષે એવું કાંઈ ના વિચાર," જમસુએ માંગી લીધું. "હું પરણેલો છું અને મારી બાયડી છે તે હોમાજીની શીરીન બરાબર જાણેછ. મેં પોતે એ મારી વાત તેને કહેલી છે, અને તેબી આપણા લાંબા રેહવાસ પછી છેક છેલે દાહડે કહેલી છે. હવે મારો ભેદ તે જાણેછ ત્યારે તો હું ધારૂંછ કે બધોજ ભેદ તેને કેહવો જોઈયે. તે હું તેને કેહવા માગુંછ. મારી કંગાલ્યતની કાહણી તે જાણશે ત્યારે તે મારી દયા ખાશે, અને સમજશે, કે જોકે તેના પ્યારપર મારો હક નથી, તોપણ તેની દયાનો હું દાવાદાર છું."

"અને એ બધું તું તેને કયારે કેહવા માંગેછ?" જમસુના આ ઠરાવ ઉપર દાદીબાએ અજબ થઈને પુછયું.

"હું એકવાર ફરી હોમાજીને ઝુપડે જવા ધારૂંછ. મારી બધી માવજતને મારે મારો ઉપકાર જાહેર કરવા દાખલ એ બિચારાંઓની અવારનવાર ખબર લેવાની મારી ફરજ છે. મેં શીરીનને વાસ્તે મુંબઈથી એક ભેટ મંગાવીછ તે હું તેને આવતી કાલે હાથોહાથ આપવા જવાનો છું."

"નાદાન છોકરા! તે કાંઈ તારી ભેટ સોગાદને વાસ્તે બેસી રહેલી નથી," દાદીબાએ તેને યાદ આપી.

"તે તો હું સમજુંછ. અને તોપણ બૈરાં ભેટ સોગાદથી કેવાં રાજી થાયછ તે તું જાણેછ?" જમસુએ પુછયું.

"હા, તે તો પોતે કોઈને ચાહતાં હોય તોજ તેની ભેટ લેવાને રાજી હોયછ."

"ચાહવાનોજ સવાલ નથી, પણ કોઈને વાસ્તે પોતાનું સારૂં મત હોય, અથવા કોઈને પોતે માન આપતાં હોય, તો તેવાં માણસની ભેટ તેઓ ના પાડતાં નથી." જમસુએ વાત ચલાવી. "હવે બિચારી એ શીરીન જે કંગાલ અને મોટું દફા જેવું રૂપાનું ઘડિયાળ વાપરેછ તેતો તેં જોયુંછ."

"હા" દાદીબાએ જવાબ દીધો. "તે એના મરનાર બાપનું છે, અને તેથીજ બાપની એક છેલી ઇધાણી દાખલ એણે તે પ્યારથી જાળવી રાખ્યુંછ."

"તોપણ હું ધારૂંછ કે તેને બદલે મારી તરફના આ સોનાનાં ઘડિયાળની ભેટથી તે ખુશી થશે." એટલું કહીને જમસુએ પોતાનો ખાનાંમાંથી એક સફાઈદાર ડાબળી કાહાડીને, તેમાંથી એવું નકસીદાર ઘડિયાળ દેખાડયું, કે જેના કેસનાં ઢાંકણા ઉપર શીરીનનાં નામના છાપના અક્ષર મોતીમાં મઢાવી લીધેલા હતા; અને તે ઘડિયાળની આસપાસ સોનાની એક બારીક, અને નાજુક નકસીની સાંકલી વિટાળેલી હતી.

"કેવી શોભિતી સોગાદ!" દાદીબા ઘડિયાળ ઉપર ખુશ થઈને બોલ્યો, અને પુછયું: "હોમાજીને તું કાંઈ ભેટ આપવા ધારેછ કે?"

"હા, મારા એ બુઢા મેજબાનને મારે એક સોનાનો ચશ્મો મેં મંગાવ્યોછ, તે હું તેવણને કાલ સહવારે આપી આવવા ધારૂંછ."

પ્રકરણ ૧૦૮ મું.

જમસુએ પોતાની ભેટ કેમ પોંહચતી કીધી?

બીજી સહવારે જમસુ જસાવાળો ઘોડેસ્વાર થઈને આસપાસની લીલોતરીભરેલી લેહરની લંપટમાં મજાહ લેતો "જસવાડી"ની બહાર નિકલ્યો, અને હોમાજીનાં ઝુપડાં તરફ ગયો. ઝુપડાંનો દરવાજો ખુલ્લો હતો, અને ઝુપડાંનો દેખાવ ઘણો સોજો ને સફાઈદાર હતો. દરવાજાના ખુંટા ઉપર પોતાના ઘોડાને બાંધીને જમસુ ઝુપડાંની અંદર આવ્યો. એટલા ઉપર બાળક પીળો એક નાનાં કુતલ્યાં સાથે ભોંય ઉપર ફસડાઈને રમતો હતો. તે જમસુને જોઈને ઉભો થયો, અને મોટે સાદે પોતાની કરી લીધેલી માને હાંક મારવા લાગ્યો.

"માયઠી, માયઠી, ટાટા આયાથ, ટાટા આયાઠ."

આટલીબધી ઓળખાણ થવા છતાં બાળક પીળો જમસુનું નામ દેતા શિખ્યો નહી હતો.

તેના હાંક મારવાથી શીરીન કાંઇ બાહાર આવી નહી, અને તુર્તજ પીળાને યાદ આવી કે તેની "માયઠી" તો ગામમાં બજાર લેવા ગઇ હતી.

"માયઠી હુમણા આવઠે. તેટવાં આવો હું તમોને મારો ટોમી દેકારૂં." એમ કેહતાં વાર, તે કુતલ્યું કોઇ દોસ્તીને લાયક દોસ્ત હોય તેમ, પીળાએ તેને જમસુ સાથ "ઇનટ્રોડયુસ" કીધું.

"મમાવા ટેહે ટેઢે ટોમી મોરો ઠથે," પીળાએ વાત ચલાવી. "પીળાનાં ટરતાં મોરો ઠથે."

"હં કે? પીળા દીકરા?" જમસુએ તેના ગાળ પસવાડતાં પુછયું "માયજી ઘેરમાં નથી કે? ચાલ ત્યારે તો હું અહીંજ બેસું છ." અને જે એટલા ઉપર અકસ્માતને દાહડે તેને બેશુદ્ધ હાલતમાં લાવી નાખ્યો હતો તે એટલા ઉપર શીરીનની ટેબલની પાસે તેણે પોતાની સરેસ્તાની ખુરસી ઉપર જગ્યા લીધી. તે ટેબલ ઉપર શીરીનની ભરવાની સાળ કપડું ઢાંકીને મુકેલી હતી. તે કપડું ઉચકીને જમસુએ જોયું તો શીરીને એક સુંદર તરાહની કોર માડેલી હતી કે જે હજી સુધી અધુરી પડેલી હતી. એટલા ઉપરથી જમસુની નજર ઓરડામાં ગઇ, કે જે ઓરડો તેમાંના સફાઇદાર સામાન સાથ જમસુને પોતાનાં ઘેર જેટલો પરિચય હતો. શીરીને તેની આગળ વાંચી સંભળાવેલી ચોપડીઓની તેના સાદા બુક કેસમાં હાર ગોઠવેલી હતી. શીરીને પોતાના રોજના ધારા પ્રમાણે સાદા ફલાવર વાઝોમાં તાજાં ફુલ શોભા સાથે બેસેલાં હતાં, અને તે ફુલોની પાસેજ બીછાણું બીછાવેલું હતું કે જે ઉપર જમસુને મુદડાં પડે નાખેલો હતો, અને જે ઉપરથી શીરીનની ચોકાસીવાળી સંભાળે તેને જીવતો કીધો હતો.

આ દેખાવો જોતાં જમસુને અહીંની પોતાની લાંબી માંદગી યાદ આવી, અને અગત્ય કરીને તે માંદગી પછીના શીરીનની સંગતના સુખી દાહડા યાદ આવ્યા, કે જે દાહડાનાં સુખની મુકાબેલ આજની તેની જીંદગી તેને ભારી દીસવા લાગી હતી. અહીંનું તેનું સુખ એક સ્વપ્ના પેરે વહી ગયું, અને અહીં તે સાજો થયો તે જાણે વધારે કંગાળ જીંદગીનું દુ:ખ જોવાને સાજો થયો હોય એવું તેને લાગ્યું. પણ આ સઘળી યાદથી પોતાનું મન રંજીદા કરવાને બદલે પીળા સાથની મીઠી વાતચીતથી પોતાનું મન રંજન કરવાનું તેણે વધારે પસંદ કીધું.

"દીકરા પીળા, તું મને ઓળખેછ કે?" તેણે પુછયું.

"વરી તમુને શું નહી ઓળખું? પણ તમે મને હવે ઢમટા નથી."

"કાં? કાં? હું કાં નહી ગમતો?"

"તમે માયઠીને મુટીને ઠતાં રહ્યા, તેથી માયઠી રરિયા ટરેઠ. તમે માયઠીને રરાવ્યા ટરોઠ."

પોતાની અટકળમાં પીળાની આ સાહાદતથી નવો પુરાવો મળ્યો તેને માટે જમસુ પોતાનાં દિલથી લજવાઇ ગયો, અને બોલ્યો.

"નહી રે પીળા, હું કાંઇ તારાં માયજીને રડાવતો નથી. તેવણને રડવાનું શું કારણ?"

"હા, હા. તમે ઠીયા તે દાહડે માયટી ઠરા રરિયાં. બીઢે દાહડે ઠરા રરિયાં, ને રોટ રોટ ઠરા ઠરા રરિયા ટરેઠ. ને ટેહ ટેહજે માથું દુઠે તેથી રરેઠ. પણ પીલો બઢું ઠમઢેઠ. માથું દુઠે તેથી ટોઇ રરેખી રે? પીળાનું માથું દુઠેટ તારે પીળો તો નથી રડતો?"

"હા પણ પીળો તો માટીડો છે, ને માયજી તો બૈરાં છે. ને જ્યારે માથું ઘણું દુખે ત્યારે બૈરાં રડેજતો. માયજી કાંઇ જીઠું બોલે નહી," જમસુએ સમજણ પાડી.

તે આ બચ્ચાં સાથે ખુશ વાતમાં વખત ગુજારેછે તેટલાંમાં શીરીન બાહારથી આવી: તેને જોતાં વારજ પીળો જમસુના ખોળા ઉપરથી ઉતરીને તેને મળવા દોડયો, અને બોલવા લાગ્યો.

"માયટી, માયઠી, ટાટા આયાઠ. મેં ટેવણને ટહ્યુંઠ ટે તમુને મુટીને ઠીયાઠ ત્યારથી તમોને રરાવી રરાવીને ઠીયાઠ."

"ચુપ નાદાન! તુંને એવું એવું કેહવા કોણ શિખવેછ?" શીરીને લજવાઇને તેને ધમકાવ્યો.

તેના ચેહરા ઉપરની આ લજા જમસુએ જોઇ, અને તેણે બીજું એ જોયું કે તે આ ઝુપડાંમાંથી પોતાને ઘેર ગયો ત્યાર પછીના દશ દાહડામાં શીરીનની તબીયતમાં કાંઇ મોઠો ફેરફાર થયો હુતો. તેના ચેહરા ઉપરના ગોલાબ કરમાઇ ગયા હુતા, અને તે ઉપર મુકરર ફીકાસ ચહુડયો હુતો. તે બિચારી તેને માટે બળતી હુતી, તેને માટે દુઃખી હુતી, અને તોપણ એ બીજીને બંધાઇ ગયલો કંગાળ તેની નાસીપાસીમાં ધીરજનો એક સખુન પણ કેહવાને અશકત હુતો. જેના તરફ તેણે પોતાના પ્યારની ઉમેદ બાંધેલી તે તો એક બીજીને બંધાયલોછે, એ શોધની નાસિપાસીનો જખમ તે બિચારીનાં જીગરમાં છેક ભિતર સુધી પેઠોછે.

શીરીને હસ્તી હસ્તી આવીને જમસુને આવકાર દીધો. જમસુએ ઉભો થઇને તેણીનો હાથ ઝાળી તેણીને પોતાની પાસે બેસાડી, અને ઘણી નરમાશથી વાત ચલાવી.

"શીરીનબાઇ, મારી તરફની તમારી ભલાઇ અને મારા ઉપરની તમારી મેહેરબાનગીને માટે હું તમારો પુરતો આભાર માનવાને ભુલી ગયોછ એમ મને લાગ્યા કીધાથી હું મારી એ ભૂલ સુધારવાને અને તમારી સઘળી સેવા હું મારા જન્મ સુધી કેવી યાદ રાખીશ તે વિષે તમારી ખાતરી કરવાને અંહી પાછો આવ્યોછ."

"તમે આવ્યા તો ભલે આવ્યા. પણ શાબાશ રે તમોને. તમે એ શી વાત બોલોછ?" શીરીને જવાબ દીધો. "અમારેથી તમારી કાંઇ ચાકરી બની નથી તોબી જે જરારતી અમારેથી થયુંછ તે તમારા કાંઇબી ઉપકારને લાયકનું હોય એવું હું કે મારા મમાવા ધારતાંજ નથી. ખોદાયજીએ તમોને અમારે ઘેર મોકલ્યા ત્યારે તમારી જતન અમે નહી કીધી હતે તો અમે ઇનસાનમાં ખપતેજ નહી. તમે અમારા મોટા લોક પહોશી હુતા એમ સમજીને અમે કાંઇ તમારી ચાકરી કીધીજ નથી. એક ગરીબમાં ગરીબ મજુર અમારે ત્યાં એવી હાલતમાં આવી પડયો હતે, તો અમે કાંઇ તેની તમારીથી ઓછી માવજત કરતે નહી."

"એ તો જી, હું સારીપેઠે જાણુંછ," જમસુએ જવાબ દીધો, "અને તેથીજ મારી માંદગીમાં તમોને જે મોટો ખર્ચ કરવો પડયોછ તેને વાસ્તે હું એક બોલ બોલ્યો નથી."

"શું મોટો ખર્ચ અમોને થયો, સાહેબ? એ વિચાર તો તમારાં મનમાંથી કાહાડીજ નાખજો. તમોને અમે જે કાંઇ આપ્યું તે પોણે ભાગે તો તમારે ઘેરથીજ ચાલ્યું આવતુંતું. પાઉં, માખણ, મલાહી, જેલી, કેક, બિસ્કીટ, એ સૌ તો તમારે ત્યાંનું હુતુંજી. ડાકટરે તમોને પીલાંનો સેરવો અપાવ્યો ત્યારે પીલાંબી તમારી વાડીમાંથી આવ્યાં, અને પછવાડેથી તો સેરવોબી તમારાજ ચાકરો કરીને મોકળતાતા."

"મારા ચાકરોએ જે કાંઇ કીધું તે તો તેઓએ પોતાને મળતા પગારના બદલામાં પોતાની ફરજ બજાવી. પણ તમે મારી જે ખાતરદારી કશીબી હાંસલ વગર કીધી તેની યાદ હું મારાં મરણની ઘડી સુધી ભૂલવાનો નથી, અને તે યાદ મને મારી આખી જીંદગી ઠેકાણાસર ચલાવવામાં મદદ લાગશે. જયારેબી મારી જીંદગી કોઇ ખરાબ રસ્તે દોરવાશે, ત્યારે મારી એ જીંદગી મોતમાંથી પાછી બક્ષવાને તમે કેટલું ખમ્યુંછ તેની યાદથી હું સારે રસ્તે જઇ શકીશ. હવે એ બધી તમારી યાદ જે મારા પાસે છે તેમજ મારી યાદ તમારી પાસે રેહ તેટલાં સારૂં હું એક નજીવી ચીજ તમારે વાસ્તે લઇ આવ્યોછ. તે આ એક સોનાનું ઘડિયાળ તમારાં નામના લેખ સાથનું છે. હું અરજ કરૂંછ કે તમો મેહેરબાની કરીને તે રાખો, અને મારા સરખા એક બેગાનાનાં બીછાણાંની આગળ તમે કેવી થાક અને રંજ લીધીછ તેની યાદમાં તે હંમેશ પેહરી રાખજો."

"હાજી, મોટી મેહેરબાની." શીરીન જમસુનું આપેલું ઘડિયાળ ઉપકાર સાથ બાહાલ રાખીને બોલી, કે જે બોલો સાથે તેની આંખોમાં આંસુ આવી ગયાં. "હું જીવીશ જાગીશ ત્યાંસુધી તમારી એ ભેટ પેહરી રાખીશજી."

"માયઢી, માયઢી." પાસે બેઠેલો પીળો બોલી ઉઠયો, "તમે બે ઢટીયાળ કેમ પેહડઠો? તમારી પાઠે ટમારા બાવાનું આપેલું ઢટીયાળ તો તમારાં ગંઢવાંમાં ઠે. ને બીઢું ઢટીયાળ બીઢાં ગઢવાંમાં રાખહો કે?"

"મારા બાવાનું ઘડિયાળ તો જુનું ને ઘસાઇ પીસાઇ ગયલું છે, તેના કરતાં આ નવું ઘડિયાળ બરાબર ટાઇમ આપશે."

"હું? એ તો બાવાનાં હટીયાળનાં ટરતાં આ હટીયાળ ટાટાનું છે તેથી તમોને ઠમેઠ." પક્કો પીળો બોલ્યો.

આ છેલ્લું વાકય જમસુએ જાણેકે સાંભળ્યુંજ નહી હોય, અને સાંભળ્યું હોય તો સમજ્યો નહી હોય એવું ડોળ ઘાળીને તે બેસી રહ્યો. તે શીરીનના મમાવાને ભેટ આપવા મારે સોનાના ચશમાની ડાબળી લાવ્યો હતો તેમાંથી ચશ્મો કાહાડીને તેણે શીરીનને દેખાડયો. નાના પીળાએ તે ચલકતી ચીજ હર્ષભેર લઇને પોતાની આંખ્યો ઉપર અહડાવી દીધી, અને જાણેકે પોતાને ચશમાનો શોખ હોય તેમ ખુશ થવા લાગ્યો.

"બા, નહી. બા, નહી. આંખ બીગડી જશે," એમ કહીને તેના હાથમાંનો તે દાગીનો જમસુએ તુર્ત પાછો દાબળીમાં બંધ કરી દીધો, અને શીરીનને તેના મમાવાને ભેટ આપવા સારૂં સ્વાધીન કીધો. અગરજો બુજર્ગ હોમાજીની આંખ્યોને ચશમાના કાચ બરાબર બેસતા નહી આવે તો તે બદલી આપવાની માંગણી કીધી.

"ટાંઇ નહી, ટાંઇ નહી. હું મમાવાહીના ઢટલો મોટો થવંડ ત્યારે એ ટકમો હું પેહડઠ." અને એટલું બોલી પીળો મલકાતો મલકાતો દોડી ગયો.

પ્રકરણ ૧૦૯ મું.

એક નવી શોધ.

"આહા! કેવું ચાલાક બચ્ચું!" જમસુ પીળાની આ ધીરજવંત અને આશાવંત ચાલાકી ઉપર ખુશ થઇને બોલ્યો. "શીરીનબાઇ, આ ભૂલકું મને કેવું પ્યારૂં લાગેછ! મારી 'જસવાડી'માં એવા એક વાજતા ઘુંઘરાથી મને કેવું સોહવાઇ જાય! ઉનાળાની લાંબી સાંજ અને શિયાળાની લાંબી રાત મને આવા એક પોપટના અવાજ વગર કેવી કંટાળાભરી લાગેછ."

"પણ, જી, પીળો કાંઇ તમારી રાત સોહવારી નાખશે નહી. સાત વાગતામાં તો એ પોઢી જાયછ. અરે પણ સારી યાદ આવી!" શીરીન અચબુચ યાદ કરીને બોલી. "જમશેદજી શેઠ, તમે અહીંથી ગયા પછી આ ખારાં પીલસાં વિષે મેં એક નવી શોધ કીધીછ."

"શોધ કીધી?" જમસુએ અચરતીથી પુછ્યું. "શોધ શી હોય?"

"હાજી. વાત તો નજીવી છે, વાતમાં દમ કાંઇ નથી. પણ તમે અહીં રહેલા હતા ત્યારે મારા એ દીકરાનાં માબાપ વિષે જાણવાને ઘણા ખંતી હતા, તે ઉપરથી હું ધારૂંછ કે મેં જે કાંઇ નવી શોધ કીધીછ તે કદાચ કાંઇ પત્તો મેળવી આપે."

"અરે! ત્યારે તો જલદી કહો. મેહરબાની કરીને જલદી કહો." જમસુએ ઘણીજ ઇંતેજારી દેખાડી.

"પણ જી તમે તમારી નબળી તબીયતમાં એટલા ઉસ્કેરાઇ ના જાઓ." શીરીને વાત ચલાવી, "જોવનીજી, ચોથે દાહડે હું મારી ટેબલનાં ખાનામાં કાંઇ કાગળ્યાં જોતીતી તેવામાં જે કાગળમાં પીળાને વાસ્તે ખરચની હેલી રકમની નોટ મારી ઉપર બીડાઇ આવીતી તે કોરાં કાગળનું પાનું મને મળી આવ્યું. તમે તે કાગળ્યું, અથવા તેમાંનો કાંઇબી છાપ અથવા કાંઇબી અક્ષર જોવાની ઇંતેજારી દેખાડીતી તે ઉપરથી એ કાગળ્યું મળતાની વારજ હું તેમાં જોવા બેઠી, અને જોઉંછ તો તે કાગળનાં ખુણામાં 'ચીના બાગ, પુણા' એમ નામ છાપેલું છે. તે નામ મેં આ પેહલવેહલુંજ જોયું, અને જોતાંની વાર તે કાગળ્યું મેં તમારે વાસ્તે સંભાળીને ઉંચું કીધું."

"હેં? શું?" આ નામ સાંભળતાંજ જમસુ કાંઇ અચબુચ ઉંઘમાંથી ભડકી ઉઠયો હોય તેમ ચોંકયો, અને જાણેકે તેનો દમ બંધ થઇ ગયો હોય તેમ બોલવાનાં અશકતપણાંમાં તેજ વખતે પીળો પાછો આવ્યો તેને પોતાના હાથમાં ઉંચકી લઇને પોતાની છાતી સાથે જોરથી દાબી દીધો.

"તમે શું એ નામ સાંભળ્યુંછ?" શીરીને પુછ્યું.

"હા, હા. હું બરાબર જાણુંછ. એ જાણવાનું મને કડવું કારણ છે. અને એ કાગળ્યાંમાં તમે કહોછ કે પીળાને વાસ્તે પૈસાની નોટ આવીતી?"

"હાજી. પીળાને વાસ્તે એમ લખેલું નહી હતું, તોપણ જ્યારે દર મહીને મહીને બરાબર નોટ આવ્યા કરે, ત્યારે તે પીળાની માય મને કબૂલાત આપીને ગઇતી તે પ્રમાણે તેજ પીળાને માટે મોકળતી હતી એમ ધારી શકાય."

"અરે ધારી શું શકાય? તદન નકીજ થયું," જમસુ મજબુતીથી બોલ્યો. "વારૂં શીરીનબાઇ મને કહો. જો હું તમોને એક ફોટોગ્રાફ દેખાડું અને જેને તમે તમારા ઘેરમાં ઉતારો આપ્યો હતો, કે જે આ છોકરાની મા હતી, તો તમે તેને ઓળખી શકશો? મારી પાસે જે તસ્વીર છે તે તેની ખુબસુરતીના પુર બાહરના વખતમાં લીધી હતી. તમે પીળાની માને જ્યારે જોઇ ત્યારે તે આજારી, સુકાયલી અને કરમાયલી હતી. તેથી જે સેહજ ફેરફાર થવો જોઇયે તે ફેરફાર સાથે તમે તે તસ્વીર ઓળખી શકશો?"

"હાજી, બેશક." શીરીને ખાતરી આપી. "પીળાની માનો ચેહરો મારાં મનમાં એટલોબધો ઠસી ગયલોછે કે તે ગમે એટલા ફેરફાર સાથે જોઉં તોબી હું ઓળખ્યા વગર રહું નહી."

"હં? ત્યારે તો હું એકદમ જાઉં ને તે સબી લાઉં." જમસુ તાબડતોબ જવા ઉઠયો.

"અરે, પણ એટલીબધી શી ઉતાવળ છે?" જમસુની અકળામણ જોઇને શીરીન ગભરાટથી પુછવા લાગી. "તમે એટલાબધા શાના ઉશ્કેરાઇ ગયાછ તે મને કાંઇ સમજ પડતી નથી."

"મને કાંઇ પુછો ના, બાઇ, હું ફોટોગ્રાફ લઇને આવું નહી ત્યાંસુધી મને કાંઇ પુછતાં ના. જે હશે તે પછી માલમ પડશે. મારા ઘોડાથી જેટલો દોડાશે તેટલો જલદી જઇને હું લાવીશ."

"અરે પણ જી, જરા યાદ તો કરો—"

"હાજી, મને યાદ છે," જમસુ વચે બોલી ઉઠયો, "કે ઘોડાને જોસથી દોડાવ્યાથી એક વખત મેં ખતા ખાધેલીછે. પણ શીરીનબાઇ, તમે ધીરજ રાખજો. હું ફરીથી તેવી ખતા ખાઇશ નહી. પણ આ ખ્યારા પીળાનાં માબાપને પીછાણવાની લાલચ ઉપર મારી ધીરજ રેહતી નથી"

એટલું કહીને જમસુએ પીળાને એકદમ હાથમાં ઉઠાવી લીધો, અને આટલી લાંબી ઓળખાણ વચે તેને કોઇ દાહડે નહી લીધેલી એવાં જોસથી તે બાળકને ચુમી લઇ, તેને તેની કરી લીધેલી માતાના હાથમાં આપીને દરવાજા ઉપર દોડયો, અને તેના આ ગભરાટ વિષે હજી તો શીરીન કાંઇ પણ વિચાર કરી શકે તેટલાંમાં તો તે ઘોડો દપટાવતો નજરથી દૂર દોડી ગયો એટલુંજ નહી પણ તેના ઘોડાનાં પગળાંનાં સાદ આવતા પણ બંધ થઇ ગયા.

"આ હા, હા, હા! માયટી, માયટી, ટાટાટી તો ટણી ટરબરમાઠ ઠે." પીળો હસ્યો. "તમે મને રેહતાંતાં રે ટરબર ટરવી નહી, ને હવે આગ્ગે ટાટાટી રેટલી ટરબર ટરેહ."

"જસવાડી" માં જવાની આ દોડાદોડી વચે જમસુના જીવને જરાબી ધિરજ નહી હતી, અને ગોયા તેની શુદ્ધ બુદ્ધ સઘળી જતી રહી હોય તેમ તે "જસવાડી" માં જઇ પોંહચ્યો ત્યાંસુધીના તેણે પસાર કરેલા રસ્તાની તેને ખબર પણ રહી નહી હતી.

પોતાના તબેલામાં પાછો જવાની ઉલટમાં જમસુનો ઘોડો પણ તેને સપાટાબંધ ઘેર લઇ ગયો, અને જાણેકે કોઇ શરતમાં જીતી આવ્યો હોય તેટલો ગરમ થઇને તથા હાંફતો હાંફતો ફીણ ફીણ થઇને તેણે પોતાના ધણીને પોતાની પીઠ ઉપરથી ઉતરવા દીધો.

"ચાલ એને જલદી ઘાસ દાણા ખવાડ," ઘોડાવાળો ઘોડાને લેવા આવ્યો તેને જમસુએ હુકમ કીધો. "દશ મિનિટમાં મને પાછો જવુંછ, વાસ્તે દશ મિનિટમાં તૈયાર કરીને લાવ."

તે ધસારાબંધ પોતાના લખવાના ઓરડામાં ગયો, અને એક કાગળ્યાંની પેટી ઉંઘાડીને તેમાંથી એક મખમલનો દાબડો કાહાડીને તે મધેથી એક ફોટોગ્રાફ કાહડી લીધો. એ તેની બાયડી ખટલીની તસ્વીર હતી,

અને પરણ્યા પછી વર વહુ બંને હિંદુસ્તાનમાં ફરવા ગયાં હતાં ત્યારે દિલ્હીમાં એક જાણીતા ફોટોગ્રાફર પાસે ઉતરાવેલી તે તસ્વીર હતી, તે ખટલીની મનોહર અને સુંદર તોપણ નાદાન અને નિર્દોષ સીકલનો હુબેહુબ નમુનો હતો. તેમાં તેનો ચેહરો હસ્તો અને ખુશાથી ખીલતો હતો, તથા છુપ્પા સંકટો અને પાછલી ઠગાઇભરેલી વર્તણુકથી ચેહરાની કિનારી ઉપર ચહડેલા કાળાશ અગાઉનો તે સુંદર ચેહરો હતો. જમસુએ આ ચિત્રમાંના પોતાની પ્રિયાના પ્રકાશિત ચેહરા ઉપર થોડોક વિચાર કરીને તે ફોટોગ્રાફ પોતાનાં ગજવામાં મેલ્યો.

"આહા! તે વખતે એ એવીજ ખુબસુરત હતી," તે પોતાનાં મનથી બોલ્યો, "અને ફરેબ કે ઠગાઇ કરી શકે એવી એ ચેહરામાં કાંઇ નિશાણી નહી હતી. પાછલી ગરીબાઇએ બિચારીનું મગજ ફેરવી નાખીને બિગાડયું. જીંદગીના કઠોર રસ્તા ઉપર ચાલતાં કોઇનાં મગજ મજબુત થાયછ. પણ ખટલીનું મગજ કમનસિબની કસોટી ઉપર નબળું થઇ ગયું. ખરેખર એણે કેટલું ખમ્યુંછ!"

દશ મિનિટમાં જમસુનો ઘોડો તૈયાર થઇ આવ્યો, અને તેજ ઘડીએ સ્વાર થઇને જમસુ થોડી પળમાં હોમાજીને ઝુપડે જઇ પોંહચ્યો, કે જ્યાં શીરીન પીળાની સાથે પોતાના બગીચામાં તેની વાતજ જોતી હતી.

"આવોજી. તમે આવ્યાથી હું કેવી ખુશી થઇછ!" શીરીને તેને આવકાર દીધો. "તમે સિધાવ્યા ત્યારે મને દુઃખી કરીને સિધાવ્યા હતા."

"મને માફ કરજો, શીરીનબાઇ, પણ પેલાં કોરાં કાગળ ઉપરનાં એકજ નામે મારાં જીગરમાં કેવી આગ સળગાવી મુકીછ તે જો તમે જાણો તો મારી દોડાદોડ સમજી શકો. "જુવોજી." જમસુએ પોતાના દગલાનાં ગજવામાંથી પેલી સબી કાહાડીને દેખાડી, "આ તસ્વીર તમોને કોઇ આગળ જોયલા ચેહરાની યાદ આપેછ?"

પ્રકરણ ૧૧૦ મું.

બાપનો હક અને દાવો.

શીરીને તે ચિત્ર ઘણું ચીપી ચીપીને જોયું, અને એક પળની પણ આનાકાની વગર બોલી.

"હા, બરાબર એજ પીળાની મા. તે અમારે ઘેર આવી ગઇ ત્યારે એટલી ખુબસુરત અને સુખી નહી હતી. તે થાકેલી, કંતાયલી, અને કંટાળેલી હતી. પણ કલ્લો બરાબર એજ—ઘાટઘટમ તો તેનોજ."

"અરે ત્યારે તો શીરીનબાઇ, એજ મારી પરણી બાયડી." જમસુ પીગળતી છાતીનાં જોસભર આંસુની આંખ્યો સાથે બોલ્યો. "એજ મારી પરણેલી ઓરત, અને આ પ્યારૂં બાળક પીળો, જેને તેની માની કંગાલ્યતને લીધે ઘાતકી હાથની બ્હીકથી તમે દીકરો કરી લઇને બચાવી લીધોછ તે તો મારો પોતાનો દીકરો છે."

"પણ જી, તમે તો મને કહ્યુંતું કે તમારો દીકરો ગુજરી ગયોછ?" શીરીને તુર્તજ યાદ કરીને પુછયું.

"એમ મને ખબર કરવામાં આવી તેથી મેં કહ્યુંતું જી. મારી બાયડીએ પોતાની કાંઇ મતલબને વાસ્તે મને એ ઘાતકી જુઠું કહ્યું હતું. પોતાનું બચ્ચું પારકાના સ્વાધીનમાં હોવાથી કદાચ શરમની મારી, અથવા તો ખરૂં બોલવાની બ્હીકની મારી તે એમ જુઠું બોલી હશે."

"શું તમારી ખાતરી છે?" શીરીને વધારે ચોકસ થવા પુછયું. "રખે તમે પોતાને ઠગતા હોવો, અને રખે તમારે લીધે હું પણ ઠગાતી હોવું!"

"અગરજો આ તસ્વીર પીળાની માની છે એમ તમારો ખાતરી હોય તો પીળો મારો દીકરો છે એમાં કાંઇ શક નથી."

"અરે ત્યારેતો તમે પીળાને મારી પાસેથી લઇ જવા માંગશો?" શીરીન ઘણી કરગરીને બોલી. "અને તેબી કેવે વખતે? જયારે એ મારો પ્યારામાં પ્યારો પ્રાણ થઇ પડયો ત્યારેજ? એ મીઠા પોપટને વાસ્તે મેં કેવું

કેવું ખમ્યુંછ, તે ખમ્યા પછી શું હું એને ખોહી બેસીશ?"

શીરીનના આ દયાજણા સખુનોનો જમસુએ પણ તેવોજ દયાજણો અવાજ કાહાડીને કાલાવાલાથી ભરેલો જવાબ દીધો.

"અગરજો તમે જાણો શીરીનબાઇ, કે હું એ દીકરાને વાસ્તે કેવો ઉમેદવાર રહ્યોછ; મારૂં ભવિષ ને મારૂં નામ મારા સપુતથી જાળવી રાખવાને વાસ્તે મેં કેવી કેવી આશાઓથી મારાં જીગરને તળવળતું કીધુંછ; અને તેના ગુજરવાની જુઠી ખબરથી મને કેવો કારી જખમ ને કેવો ગમગીન ઘા લાગ્યોછ, તો તે સઘળું જાણવા પછી તેને જીવતો જોવાનો મારો હરખ, અને મારાં પોતાનાં ફરજંદ લેખે, મારી એકપુરી આશા લેખે, મારાં તમામ ભવિષ્ય લેખે, ખોદાતાલાએ મને જે અચયુક્ત દોલત અને મિલકત બક્ષીછ તેના એકલા વારસ લેખે એનો દાવો કરવાની મારી આતુરતાભરેલી તલપ તમો સમજી શકશો. મારા માલ મિલકતને હું કમીનો તો તદન નાલાયક છું, પણ આ ચોખું, પ્યારૂં, પવિત્ર બાળક તેનો ધણી થવાને મારા કરતાં વધારે લાયક છે."

"હા," શીરીને આનાકાની સાથે ધીમા અવાજે કબૂલ કીધું. "તમારો દાવો કુદરતી છે, તમારો હક પવિત્ર છે. એ તમારોજ દીકરો છે."

"અને તોપણ તમે એને વાસ્તે કેટલું ખમ્યુંછ શીરીનબાઇ!" જમસુ ઘણી કદર ખાઇને બોલ્યો. "તમારી આટલીબધી મેહેરબાનીનો બદલો તમોને દગારી દુનિયા તરફથી કેવી ખરાબીમાં ખમવો પડયોછ. પણ તમે ફિકર ના કરતાં. તમારી એ નુકશાની હું સઘળી સમારી આપીશ. હું પીળાને મારા દીકરા તરીકે જાહેર કરીશ, તથા ઉલવા અને પણવેલીની આસપાસના દરએક જણ એની ખરી કાહાણી જાણશે. અલબતાં તેથી મારી બાયડીની ફજેતી જાહેર થશે, અને તે મને મુકીને નાહસી ગઇછ તે દુનિયાને આશકારા થશે; પણ તેથી હું કાંઇ બીહવાનો નથી. મારી બાયડી મારી ગરીબીમાં મને કેવી છોડી ગઇ, અને મારો દીકરો જન્મતાં વાર રસ્તા ઉપર કેવો રખડયો, તે જાહેર થવાથી હું કાંઇ શરમાવાનો નથી. ઓર તમે તે બચ્ચાંને જંગલની વચ્ચે ઉછારીને મોટું કીધું એ તમારી વાખવાખી આખાં ગામમાં ગવાશે, અને તમોને બુરૂં બોલનારાંઓ પશેમાન થશે."

ઝુપડાંનાં દિવાનખાનામાં આ વાતચીત ચાલતી હતી. તે બધો વખત બાળક પીળો તેમની પાસે ઉભો રહીને અજાયબી સાથે તેઓનો ઉસ્કેરાયલો ચેહરો જોયા કરતો હતો. પણ તેની નાદાન સમજમાં આ સઘળી ઉંડી મસલતનો ભેદ કશો ઉતર્યો નહી હતો.

"આ મીઠા પોપટને અમારી પાસેથી લઇ જવાનો તમોને પુરતો હક છે, શેઠ," શીરીન દલગીર ચેહરે બોલી "પણ તેમ કીધાથી તમે અમારાં ઘેરનો જાણેકે જીવજ લઇ જશો. અમારી ખુશાલી અને મોજ સઘળી ભાગી જશે, અમારાં ઘેરનું ઉજરડું ગુમ થશે અને ત્યાં અંધારૂં ફરી વળશે. મારી સાથે મારા મમાવા કેવા દલગીર થશે, કાંકે એ પ્યારાં બચ્ચાંનો પડોશ મારા કરતાં મારા એ મુરબીને વધારે લાગ્યોછ, અને તેવણ આખો દાહડો તેની સાથે રમ્યા કરેછ."

"તમે બીહોમના શીરીનબાઇ," જમસુએ ધિરજ આપી. "હું કાંઇ જુના સંબંધોને એકદમ તોડી નાખવાનો નથી. દીકરા પીળાને હું લઇ જઇશ, પણ તે અવારનવાર તમારે ત્યાં આવતો જતો રેહશે. એનાં બચપણના રાહાબર ફરેસ્તા લેખે એ તમોને ઓળખતાં શિખશે. પોતાનું પેહલું ઘેર એને હંમેશ યાદ રેહશે."

"હાજી," શીરીને કબૂલ કીધું. "પણ એ કાંઇ હવેથી એનું ઘેર નહી કેહવાશે."

શીરીનની આ ફરિયાદ ખરી હતી, અને તેથી જમસુ ચૂપ બેસી રહ્યો. તે આ ઝુપડાંમાં કેવે ભોગ ચોઘડયે દાખલ થયો, કે ઘેરના મોભા જેવો ઉધારેલો આધાર અને પાપોજ ઘેરમાંથી કાહાડી લઇ જવાની અને જેઓએ તેને જીવાડીને સાજો કીધો, તેઓનાંજ ઘેરની આ ગમત છીણવી લેવાની તેની સૃજત થઇ, એ વિચારના ખ્યાલથી તે ઘણો શરમાવા લાગ્યો.

પણ હવે તેણે કરવું શું? આ બચ્ચાં ઉપરનો પોતાનો હક તે કેમ છોડી દે? પોતાનાં ફરજંદને બાળપણમાંથી છોકરવન-

પણામાં ખીલતો જોવાની, તેના બાળપણના વિચારોને ખીલવવાની, તેની જુવાનીને કેળવવાની, તેની રમતગમતોમાં ભાગ લેવાની, પોતાની મોજ તે કેમ જતી મેળે?

બાળક પીળો, જે આ સઘળો વખત પાસેજ ઉભેલો હતો, તે એટલું તો સમજી શકયો કે આ સઘળી વાત તેને વિષે ચાલતી હતી. તેનાં મનમાં એટલું તો આવ્યું કે તેને આ ઘરમાંથી લઈ જવાની વાત ચાલેછે, તેને "માયદી" પાસેથી કાહાડીને "ટાટાદી"ને ઘેર લઈ જવાની મસલત ચાલેછે.

"હું નથી દવાનો. હું તો માયદી પાટે રેહવાનો," તે બચ્ચું રડી પડયું અને શીરીનના ખોળાને એવું તો વળગી રહ્યું કે જાણેકે તેને ત્યાંથી ખીસાડવાની સામે થવાનો તેણે મજબુત ઠરાવ કીધો હોય.

"'દીકરા પીળા," જમસુ તેની નાદાન હઠીલાઇ ઉપર હસીને બોલ્યો, "શું તું મારી સાથે રેહવા નહી આવશે? તુંને હું મોટા મેહલમાં રાખીશ, તુંને હીંચ ખાવાના ઘોડો આપીશ, તુંને સ્વારી કરવાનું ટટુ આપીશ, તુંને મજેનાં મજેનાં પીકચરો આપીશ, તુંને રમવાને મોટો બાગ મળશે, તુંને રોજ નવી નવી ચાઇ ચાઇની ચોપડીઓ આપીશ." અહીં એક બચ્ચું શાથી ખુશી થાયછે તે વિષના બિનઅનુભવથી જમસુની વધારે અકલ ચાલી શકી નહી, અને તે મુગો રહી ગયો.

"નહી, નહી. હું નટી દવાનો. મને બાદ નટી ઢોઇતો, મને ટટુ નટી ઢોઇટું. મને તો માયદી ઢોઇયેટ."

"દીકરા પીળા, હું તુંને કાંઇ ભેદ કહું?" શીરીન આ વખતે સમજાવવાને વચ્ચે પડી.

"હા. ટેહો, ટેહો." પીળો સમજ્યો કે ભેદ તે કાંઇ હસવાની વાત હશે, માટે સાંભળવાને ખુશી થયો.

"દીકરા, પીળા, તારે મારી સાથે રેહવા આવવું જોઇયે," અંહી જમસુએ વાત વધારી. "હું તારો બાપ છેઉં."

"નહી, નહી. તમે તો બાઢેલાં માથાંવાલા ટાટાદી હેઓ. મારા તો ટોઇ બાપ હેજ નહી. મારા તો મોટાબાવા હે. બાવા ટોઇ નહી."

"ત્યારે શું તુંને 'જસવાડી'માં આવવા નહી ગમતું? કેવો મજેનો બાગ, કેવાં મજેના ફુલ! અંજીર, પેર, બોર, દાડમ સહુ તુંને રોજ મળશે. લાંબી પુછડીનું મારૂં ટટુ મળશે."

"નહી, નહી. ટટુ બાપ્પું! ટટુપરથી પરી દવાનું, અને ટમારી ટાણી માથું બાંદવાનું."

પીળો બચપણથી જે અકલમંદી દેખાડેછે તે ઉપર તેના બાપની છાતી હરખાવા લાગી, તોપણ તેવા પક્કા ઠરાવ ઉપરથી તેને નાખુશ કરવાની નામુરાદી તેણે જોઇ લીધી.

"શીરીનબાઇ, હું જોઉંછ," તે બોલ્યો, "કે દીકરા પીળાએ તો તમારી સાથે રેહવાનો ઠરાવજ કીધોછ. એનું બાળક જીગર તમારી તરફ મજબુત ને સાચું છે. એને તમારી પાસેથી ખૂંચી લેવો એ મને એકલપેટું નગુણાપણું લાગેછ. ચાલો એમ તો એમ. અંહી રાખવાની તમારી અને અંહી રેહવાની એની મરજી છે, ત્યારે કાંઇ નહી તો થોડાં વર્ષ હજીબી તમે એને અંહી રેહવા દો. આ મકાન એનું ઘેર રેહશે, અને મારૂં મકાન એની વાડી ગણાશે. અમે નાના હતા ત્યારે વાર તેહવાર ઉપર બાવા સાથે વાડી જતા હતા, અને વાડીએ જવાની મોજ ઘણી ન્યારી લાગતી હતી, તેમ દીકરો પીળો તમારે ત્યાં જાણે રેહશે, અને મારે ત્યાં વાડીએ આવશે. તમે એને એમ અવાર નવારતો આવવા દેશો, કે નહી?"

"અરે શેઠ,? આવવા દેશો! કરીને શું પુછોછ? તમારા હક છતાં તમે એને અંહી રાખી જાવોછ એ શું થોડું સખી દિલ છે?"

"નહી જી, સખાવત તો તમારી છે, અને હું તમોને કાંઇબી ના પાડું તો ઘણો મૂજી નિમકહરામ ગણાઉં. તમે મારાં બચ્ચાંનું બાળપણ ઘણું સુખ્યારૂં અને ચલકાટભર્યું કીધુંછ. તમે તેને ગરીબાઇના દાંતમાંથી, ભીખારીપણાનાં સંકટમાંથી, અને એક એકલપેટી માનાં ઘાતકીપણામાંથી બચાવી લીધુંછ, તો હું તમારો આભાર કેમ વાળી શકીશ?"

"બસ, મારા દીકરાને થોડો વધારે વખત મારી આગળ રેહવા દયોજી. એટલોજ મને પુરતો બદલો થશે," શીરીને માગી લીધું. "જેને હું એક માબાપ વગરનું, નાવરસ,

રખડેલ બાળક સમજતી હતી, તે તમારાં જેવાં મોટાં ખાનદાનમાં જન્મેલું, અને તમારા જેવા શેઠયાનું ફરજંદ છે; એનું ભવિષ્ય ઘણું ખીલતું છે, અને દુનિયામાં એનો દરજ્જો ઘણો મોટો છે; 'જસવાડી' નો આવતો ધણી અને શેઠયો એ છે; એવા એવા વિચારોથી હું કેવી મગરૂર અને સુખી થઈશ! મારા મમાવા કેવા ખુશી થશે કે વારૂં એ બચ્ચાંને અમે ઉછેર્યું તો તે જીવીને સુખી થવા પામ્યું! મારા મમાવાજી એને પેહલાં રાખવાજ ના કેહતા હતા, કાંકે એ બચ્ચાંનું નામ નીશાણ, જાત બુનીયાદ, કે ઘેરબાર કાંઈ નથી; પણ હવે તે આવું જાતવંત ને બુનીયાદી નિકળ્યું તેથી મેં હોંહસ કરીને એને રાખવા સારૂં મારા મમાવાજીની ઉપર મેં જીત મેળવીછ."

"અલબત, અલબત, શીરીનબાઈ" જમસુ હર્ષભેર બોલ્યો. "તમે અને હું બે જણ ભાગમાં એને મોટો માણસ કરીશું.".

એટલી વાતચીતમાં આ મુલાકાત પુરી થઈ, અને પોતાનાં ભવિષયનો આ માહાભારત ભેદ શોધી કાહાડવાથી જમસુ કેટલોતો મગ્ન થયો, તેનો આજ પુરાવો બસ થશે કે "જસવાડી" નું પોતાનું માલેકપણું શોધી કાહાડવાની ખુશાલી વટીક તેને એટલીબધી લાગી નહી હતી.

હવે અંહીથી, તુર્ત વેળા તો પોતાના દીકરાને આ ઝુંપડાંમાંજ રાખીને, તે વિદાય થયો.

પ્રકરણ ૧૧૧ મું.

વકીલની સલાહ.

જમસુ "જસવાડી" માં પાછો ગયો નહી. તે આજની પોતાની શોધ ઉપરથી ઘણોજ કામમાં ને કામમાં રહ્યો. તે બપોરનું જમવાનો હતો, અને જમવાનો વખત થઈ ગયો હતો, તોપણ જમવાને વટીક થોભ્યો નહી. પોતાના દરવાજા ઉપર ફકત ઘોડાવાળાને ઉલવાનાં બંદર ઉપર ઘોડો લેવા બોલાવીને તથા "હું મુંબઈ જાઉંછ વાસ્તે દાદીબા શેઠને કેહજે કે તમે જમી લેજો, અને મારી વાટ ના જોતા," એટલો હુકમ આપીને તે પાધરોજ ઉલવા બંદરે દોડી ગયો.

બંદર ઉપર મુંબઈની આગબોટ ઉપડી જવાની તૈયારીમાં હતી તેમાં તે ચહડી બેઠો, અને મુંબઈ ઉપડી ગયો.

સાંજના પાંચ કલાકે તે મુંબઈના કિનારા ઉપર જઈ પોંહચ્યો. કિનારે ઉતરતાંવાર તે એકદમ ગાડી કરીને કોટમાં પોતાની એસ્ટેટના જાણીતા અને માનિતા વકીલ મી૦ ડોસુબાને ત્યાં ગયો, અને આફીસ બંધ થવાની આગમચ વખતસર જઈ પોંહચવાને માટે ખુશી થયો.

આફીસ બંધ કરીને મી૦ ડોસુબા ઘેર જવાની તૈયારીમાં હતા તેટલામાંજ આ ગબર ઘરાકના આવી પોંહચવાથી તેવણે તેની ખુશીથી ભેટ લીધી, અને પોતાના ખાનગી ઓરડામાં તેને આવકાર આપીને મસલતે બેસાડયો.

"જસવાડી" નો વારસ કોણને કરવો તે વિષે જસાવાળાના આ નબીરાને ખાનદાનના આ જુના ત્રસ્ટી સાથે આગળ જે જે ઇંતેજારીભરી મસલતો થઇ હતી તે સર્વે ઇંતેજારીનો છેડો આવ્યોછે, અને તે મોટી બાપીકી મીલકતનો વારસ મળી આવ્યોછે એ વાતનો અજાયબ જેવો, અને એક કાહાણી સમાન ભેદ જમસુએ મી૦ ડોસુબાને કહી સંભળાવ્યો.

વકીલ સાહેબે એક ઘુવડના સરખાં ડાહાપણનાં ડોળથી અને એક હાથીના સરખા ધિરજવાન દેખાવથી સઘળી વાત સાંભળી લીધી. તેવણે ઘણાંક ભવાં ચહડાવ્યાં, ઘણાંક નેણ ફફડાવ્યાં, ઘણાંક નસ્કોરાંનાં ટીચકાં કીધાં, અને તોપણ જાણેકે સઘળો ભેદ અગાઉથી જાણતા હોય, અને પોતાના કાંઈ ગંભીર સબબોને માટે તે ભેદ છુપાવી રાખ્યો હોય તેવાં માહ શાનનાં ડોળથી તેવણે સઘળું સાંભળી લીધું, અને જમસુ સઘળી વાત પુરી કરી રહ્યો નહી ત્યાંસુધી એક બોલ પણ તેવણ બોલ્યા નહી.

"કેવું અજાયબ જેવું, મીઠ જસાવાળા! આ બધું કેવું અજાયબ જેવું છે!" જમસુનો સઘળો હેવાલ સાંભળ્યા પછી વકીલ સાહેબ ગંભીર ડોળ કરી બોલ્યા. "સારૂં થયું કે તમારૂં એસ્ટેટ 'એનટેલ' થયલું નથી."

"એટલે! કાં સાહેબ?" જમસુએ જાણેકે "એનટેલ" શબ્દ સમજતોજ નહી હોય, તેમ પુછયું.

"તેમ હતેતો તમારા વારસ ઠરાવવાની મુશ્કેલી નડતે." ડોસુબા વકીલે સમજણ પાડી. "તમારા દીકરા અને વારસ જેવું આ બાળક આવી અજાયબ જેવી રીતે જન્મયા પછી તેને પુરવાર કરવાનું સેહલ નહી થતે. તે ખરૂં હકદાર બચ્ચું છે કે નહી તે વિષે તરેહવાર વેહ્‌મ ઉભા થતે. જો કોઇ બીજા હકદારો નિકળીને હાઇ કોર્ટમાં 'સુટ ફાઇલ' કરતે, અને તેવામાં જો એસ્ટેટ 'એનટેલ' થયલું હતે તો તમારૂં વિલ ઘણું વાંધામાં પડતે. પણ 'એનટેલ' નથી થયલું એટલે તમે પુરતા સ્વતંત્ર છો, અને કાળા ગોરા, ઠાલા ભૂલા, જેને ગમે તેને તમારૂં એસ્ટેટ આપી જવાને તમો મુખ્ત્યાર છો. વાસ્તે આ બચ્ચાંને તમારૂં વારસ ઠરાવી જવામાં 'એનટેલ'ની ગેરહાજરીથી મુશ્કેલી કાંઇજ નથી."

"તમારા આ ખોલાસાથી હું ઘણો ખુશ છું, ડોસુબા શેઠ, અને હવે મન ઘણી ધિરજ આવેછ," જમસુ બોલ્યો.

"વારૂં ત્યારે હું તમોને સલાહ આપું તેમ કરશો?" વકીલ સાહેબે ધિરજથી પુછયું.

"હા સાહેબ, એકદમ ફરમાવો," જમસુએ ઉલટથી જવાબ દીધો.

"ત્યારે મારી સલાહ એ છે, મીઠ જમશેદજી," વકીલ સાહેબે તપકીરનો એક ચમરો ભરીને વાત ચલાવી, "કે તમે આ બાળકને એકદમ તમારાં ઘેરમાં લઇ જાવો, તેને તમારૂં નામ આપો; અને તમારા દીકરા લેખે સર્વ લોકોમાં તેને જાહેર થવા ઘો. કેમ? તમે કરશો, કે એમ કરવાને શરમાશો?"

"નહીજી, હું શરમાતો મુદલ નથી," જમસુએ હિંમતથી કહ્યું. "મારો આ દીકરો છે એમ હું આખી દુનિયાને જાહેર કરીશ. પણ તેને મારાં ઘેરમાં લાવી રાખવાની એક અડચણ છેજી."

"તે શું અડચણ છે?" મીઠ ડોસુબાએ પુછયું.

"જે બાઇએ તેને પાળી પોશીને મોટો કીધોછ, અને જે બાઇએ ખોદા જાણે કેવી કંગાળ્યતમાંથી તેને બચાવી લીધોછ, તે બાઇનો એ બચ્ચાં ઉપર અતી ઘણો મજબુત પ્યાર છે. એ બાળકના પ્યાર ઉપર, અને સારાં ઉંડાં હેશાન ઉપર એ બાઇનો પુરતો હક છે. તેને એ બચ્ચું છોડવા ગમતું નથી, અને જો હું મારા હકની સત્તાથી તેને જબરીથી છીણવી લઉંછ, તો તે બિચારીનું દિલ ભાગી જયા વગર રેહતું નથી."

"અરે મારા સાહેબ, તેમાં શં મોટી વાત?" ડોસુબા વકીલે આ ગંભીર વાત હસી કાહાડી. "બૈરાંને રાજી કરવાનું તે કાંઇ મુશ્કેલ છે કે? બૈરાંનાં દિલતો ઘડી ઘડી ભાગી જાયછ ને પાછાં આખાં થાયછ. મારા સાહેબ, એક નવી સાડી, એક નવી ચોળી, અથવા ઘણું થાયતો એક નવી બાંગડી અપાવી, કે બૈરાંનો જીવ ખુશ ખુશ થઇ જશે."

"નહી સાહેબ, તમે એ બાઇને ઓળખતા નથી. કપડાં ચપડાંથી રાજી રેહ એવી તે છાલકી નથી."

"શું નહી?" મીઠ ડોસુબાએ હજી પણ ટકોર ચલાવી "તમેજ કહોછ કે તેનું દિલ છે, અને તે ભાગી જાય એવું દિલ છે, તો એક નવી સાડી અપાવો ને તે દિલ ભાંગી જતું અટકશે. આજસુધી એક બૈરી નવાં કપડાંથી રાજી નહી થાય, એવી મેં જોઇ નથી. એક ઓરત ફરિયાદી માડનાર વાદી હોય એવા હાઇ કોર્ટમાં આવતા મુકદમામાં વાદીનું મન મનાવીને માડવાળ કેમ કરવું તે પ્રતિવાદી સમજતો હોય તો, અરધા અર્ધ મુકદમા ગેરવળે પતી જાય. અને તે બૈરાંનું મન મનાવવાની રીતજ એ છે કે તેમને સારી પઠે કપડાં આપવાં."

"ડોસુબા શેઠ, તમોને બૈરાંની મજબુતી ઉપર વિશ્વાસ નથી, તે ઉપરથી હું ધારૂંછ કે તમે પરણેલા નહી હશો," જમસુ હસ્યો.

"અરે ભલા માણસ, હું પરણેલો છું, અને તે ઉપરથીજ મારા અનુભવથીજ કહુંછ તો." વકીલ સાહેબે તેને ખોટો પાડયો.

"હું ધારૂંછ, સાહેબ, કે મારે પેહલું કામ

એ કરવું જોઇએ કે મારૂં વિલ કીધેલું છે તે ફેરવવું." જમસુએ એક રસ્તો સુજાડયો.

"બેશક, બેશક," મી૦ ડોસુબાએ તે કબૂલ રાખીને મોટું ડાહાપણ દેખાડયું. "અગરજો તમારી ખાતરી હોય કે મજકુર બાળક સદરહુ નામવાળો તમારો દીકરોજ છે, તો તેના લાભમાં તમારૂં વિલ કરો તો સારૂં."

"ઠીક છે, ડોસુબા શેઠ. તમેજ એક નવું વિલ કરી આપોની. તેમાં મારા દોસ્ત દાદીબાને વાસ્તે મેં જે નામ પાડેલું છે તે એમનું એમ રેહવાજ દેજોજી. કાલે હું પાછો ઉલવે જાઉં તેની અગાઉ અને જેમ બને તેમ જલદી મને લખાવો આપો તો મેહેરબાની."

"પણ તમારો વારસ પુખ્ત ઉમરે આવે તેની અગાઉ તમારી કજારજાએ એસ્ટેટ સંભાળવા સારૂં કોઇ ટ્રસ્ટી ઠરાવવો જોઇયે."

"તે ટ્રસ્ટીબી મારા દાદીબાનેજ રાખજો સાહેબ."

"પણ એક ટ્રસ્ટીથી નહી ચાલે," વકીલ સાહેબે સુચવ્યું. "એક ટ્રસ્ટીની કજારજાએ કામ લેવાનો બીજો ટ્રસ્ટી નેમવો જોઇયે."

"માણસોની કજારજાની તમો વકીલ સાહેબોને યાદ કેવી રેહછ!" જમસુએ ટીકા કીધી. "વારૂં ત્યારે બીજા ટ્રસ્ટી દાખલ આ શીરીનબાઇનું નામ નાખો. મારી કજારજાએ મારાં બચ્ચાંને વધારે ચાહનારૂં બીજું કોઇ નથી."

"અને શીરીનબાઇ પરણી ગયાં તો?" વકીલ સાહેબે વળી અગમચેતીનાં ભવાં ચહડાવ્યાં.

"પરણી જાય તો શું મુજાકો છે, સાહેબ? પરણ્યા પછી તે કાંઇ મારા દીકરાને ઓછો ચાહવાની નથી."

આ વાત વિષે વકીલ સાહેબની ખાતરી થઇ નહી. મી૦ ડોસુબાનાં મનમાં એવો વેહમ હતો કે પરણ્યા પછી માણસના વિચારમાં ઘણો ફેરફાર થાયછે. એક જણે પરણ્યા અગાઉ વિલ કીધું હોય, તે વિલ વટીક પરણ્યા પછી કાયદાસરનું ગણાતું નથી. એટલે કે ધારાની નજરમાં એક કુવારો અને એક પરણેલો માણસ બે કેવળ જુદા જુદા પ્રાણીઓ છે.

હવે જમસુ જવા ઉઠયો, અને જતાં જતાં વકીલ સાહેબે ફરીથી સલાહ આપી કે આ બચ્ચાંના જન્મ વિષે જેટલો પુરાવો મળી શકે તેટલો એકઠો કરી રાખવો.

જમસુને એ વાત ઘણી મુશ્કેલ જણાઇ.

પણ વકીલ સાહેબને મનથી એ વાત અતિ અગત્યની હતી. તેવણે પોતાની સલાહમાં આ વધારે સાહાદત ઉમેરી કે:

"તમારા જન્મ અને જાતબુનિયાદ વિષે કોઇ વાંધો લેવાનું નથી, વાસ્તે 'જસવાડી' ની મીલકત ગમે તેમ ઠેકાણે પાડવાનો તમોને હક છે. પણ તોબી આ બચ્ચાંના જન્મને લગતા સઘળા દસ્તાવેજ સંભાળી રાખશો તો સારૂં જેમકે તમારાં લગ્નની સર્ટીફિકેટ ઘટતી સહીશાખ સાથની રાખજો."

"સર્ટીફિકેટ બળીછ ક્યાં?" જમસુ બડબડયો. "હું એવી નાહાસા નાહાસીથી દોડાદોડીમાં પરણ્યો કે કોણ જાણે સર્ટીફિકેટ ક્યાં રહી ગઇછ. કદાચ મારી બૈરી પાસે હોય, તો કોણ જાણે. પરણ્યો તે દાહડે તો આશિર્વાદ સારનાર મોબેદે ચાર ચોખા છાંટી આપ્યા એટલે સહુ થઇ ચુકયું, એમ હું સમજતો હતો, અને સર્ટીફિકેટની મેં જરા કણવાર રાખી નથી."

"ત્યારે તો બેહતર કે રેજીસ્ત્રારને ત્યાંથી તમારાં લગ્નની નોધની એક કૉપી લઇ આવો."

"હાજી કદાચ તે બની શકશે. તે કરતાં બેહતર એ કે હું મુંબઇમાં પરણ્યો તે પછી જે એક ગોરાણીનાં ઘેરમાં રેહવા ગયો હતો તે ગોરાણીને જઇને મળું. તે ઓરત જાણેછ કે મારી બાયડી જયારે મને મુકીને જતી રહી ત્યારે તેને પુરા દાહડા થયલા હતા, અને તે બચ્ચું જણવાની તૈયારીમાં હતી. હું હમણાને હમણાજ જઇને તે ગોરાણીને શોધી કાહાડુંછ, અને જો તે મરઘા શેરીમાંનાં મારાં જુનાં ઘરમાં રેહતી હોય તો તેની પાસેથી મારી બાયડીની હમેલદારી વિષેની જુબાની લખાવી લાઉં."

"તે વધારે સારૂં," વકીલે ટેકો આપ્યો.

અંહી વકીલ અને તેનું ઘરાક છુટાં પડયાં.

"અરે પણ સબુર," વકીલ સાહેબ ભૂલ્યા તે પાછો જમસુને હાંક મારીને ઉભો રાખ્યો. "તમે તમારાં બચ્ચાંનું નામ કહ્યું નથી."

"પીરો—પીરોજશાહ—નામ છેજી."

"બસ એટલુંજ કે? બીજું કાંઇ નામ? કાંઇ જન્મનામ?"

"બીજું નામ તો કાંઇ હું જાણતો નથી, સાહેબ. પણ તમે નામની જગ્યા ખાલી રાખજો, અને આપણે તે પછવાડેથી ભરીશું."

પ્રકરણ ૧૧૨ મું.

"રડાકુટાનાં લગન."

પેલો શુક્રવાર કે જે દાહડે ખટલીનાં લગન વિષેની મસલત થઇ અને પેસુ ચીનો દસ્તુરજીને આશિર્વાદ સારવા સારૂ રોકી આવ્યો, અને પેલો રવિવાર કે જે દાહડે પેસુ ચીના સાથે તે જોડાવાની હતી, તેની વચેના અંતરને વહી જતાં વાર શી લાગે? એ વચેના બેદાહડા હંમેશ કરતાં વધારે ઝડપથી ગુજરી ગયલા ખટલીને લાગ્યા.

માણુકશાહ મુકાદમની માંદગી તો ચાલુજ રહી. અને આ સઘળો વખત તેવણ પોતાના ઓરડાની બાહાર નિકળ્યા નહી હતા. ખટલીનાં લગનની તૈયારીઓ સઘળી તેવણે પોતાના ઓરડામાં પોતાની આંખ્યો આગળ કરાવી હતી. લગનની ચીઠીઓ કાહાડી, અને રવિવારની સહવારે સાજનમાં આવવાનાં નોતરાં લખાવીને અંધ્યારૂને વેંહચવા આપ્યાં. તે એ માતબર મામાએ પોતાનાં બિછાણાં ઉપરથી સઘળું ફરમાવ્યું હતું.

મોટો ડાકટર બક્ષ્ટન પોતાના ધારા પ્રમાણે આ માતબર ઘરાકને જોવા રોજ આવતો હતો, અને જોકે તેવણના ડાકટર ભાઇ મેહલાશાહ મુકાદમે માણુકશાહ શેઠની આ માંદગીમાં ધાસ્તી જોઇ હતી તથા જોકે તેવણે પોતાના "લાલ કિલ્લા" માં વસનારી ગરીબડી ભાણેજે આગળ પોતાની ધાસ્તી જાહેર કીધી હતી, તોપણ ડાકટર બક્ષ્ટને આજે શનિવાર સુધી, એટલેકે ખટલીનાં લગનની એક દાહડો અગાઉ સુધી કશી ધાસ્તી આપી નહી હતી.

આજે ડાકટર બક્ષ્ટન હંમેશના જેવોજ ખુશ મીજાજનો, બોલકનો અને મીલનસાર હતો. તે માણુકશાહ શેઠનાં બિછાણાં આગળ બેસીને તેવણને રીજવનારા તરેહવાર ગામગપાટાની વાતો કરતો હતો, અને તેવણની ખરેખરી હાલત કેવી છે તે પુછવાને ખટલી ખંતથી ખોટી થઇ રહી હતી.

"ડાકટર મારા મામા કાંઇ ધાસ્તીમાં તો નથી કે?" અંતે ડાકટર બક્ષ્ટનને ઉઠીને જવા પછી તેને ગાડી સુધી વળાવવા જતાં ખટલીએ પુછ્યું. "મને મામાની તબીયતના ફેરફારમાં કાંઇ ઠીક લાગતું નથી, ડાકટર."

"ધાસ્તી, બાઇ? હા, હા, હા, હા." ડાકટર તે વાત ઉપર હસી પડયો. "તમ્મેને એવા ખોટા વેહમ કોણ આપેછ? ધાસ્તી શાની છે? ધાસ્તી કાંઇજ નથી. જરા થાકની સુસ્તી છે. આપણા શેઠને જરા નબળાઇ થયલીછે. પણ એવણની ઉમરે એટલી નબળાઇની તો વકી રાખવીજ જોઇયે, અને તોપણ એવણની દેહ તો ત્રાંબા જેવી છે, અને જેમ કાઠી ઘસાતી જાયછે તેમ ઘસારાની પાછી પુરણી થવાનું કામ જે તનદરોસ્ત માણસોમાં હોયછે, તે એવણમાં તો તનદરોસ્ત માણસ કરતાં પણ વધારે છે. જોવોની તમારા મામાએ આવી સખ્ત માંદગી છતાં અને આટલો લાંબો ખાટલો સેહેવ્યા છતાં, હજી પોતાની કાઠી કેવી જાળવી રાખીછે. બધું સંગીન માસ છે, અને નકામું ચરબાણ કાંઇ નથી. એવણની એવી શક્તિ જોતાં, અને ખાવાપીવાની સંભાળ જોતાં કોઇ પણ એવણની લાંબી જીંદગી કહી શકે. પણ હું એટલું જોઉંછું કે એવણનું મગજ આજકાલ જરા બેચેન છે. એ ઘણી નાદાની છે. એવણના સરખા માણસે એવણના સરખી હાલતમાં મગજને શાંત રાખવું જોઇયે, અને જંજાળ રાખવી નહી જોઇયે. પણ એ તો પૈસાની જંજાળ છે અને પૈસાવાળા બધા એવાજ. તોબી બાઇ, તમે કાંઇ બીહો ના. માણુકશાહ શેઠને હજી સુધી કાંઇ થવાનું નથી."

ડાકટર બક્ષ્ટને આ સઘળો લંબાણ ખોલાસો ખટલીને ખુશી રાખવા ખામખા કહી સંભળાવ્યો. તે ભલા ડાકટરે ખટલીની પોતાના મામા વિષેની ઇંતેજારી સમજીને તેને વિષે ઉંચું મત ધરાવ્યું, અને તે બિચારી આવી જંજાળના વખતમાં પરણવાની તૈયારીમાં છે

ત્યારે તેને ધીરજ આપીને ખુશી રાખવી જોઇયે, એવા વિચારથી તેની આગળ મોટા ડાકટરે આ લંબાણ ભાષણ કરવાની વધારે અગત્ય જોઇ.

"વારૂં સાહેબ, ઠેંક યુ ડાકટર." ખટલી તેનો ઉપકાર માનીને બોલી. "હું ખુશી છું કે તમોને મારા મુરબી મામા વિષે ધાસ્તી કાંઇ નથી."

"જરાએ નહી," ડાકટરે હજી વધુ ખોલાસો કીધો. "અગરજો ધાસ્તી જેવું કાંઇ પણ હતે તો હું મારા દોસ્ત ડાકટર મીલરને કન્સલ્ટ કરવા સારૂ બોલાવ્યા વગર રેહતેજ નહી. તમારા મામા સરખા એક મોટા પૈસાદારની જીંદગી કાંઇ ડાકટરોએ એડાં કાહાડવા લાયકની નથી."

એટલેકે જાણેકે એક ડાકટરની નજરમાં પૈસાદાર અને ગરીબની જીંદગી વચે કાંઇ તફાવત રાખવાનો હોય એવું આ મોટા ડાકટરે ધાર્યું, અને વધાર્યું કે—

"પ્યારાં બાઇ સાહેબ, તમે કાંઇ ચિંતા કરશોજ ના. તમારાં મનમાંથી ધાસ્તી કાહાડીજ નાખજો. અરે પણ શું છે, મિસ ખરશેદબાઇ? તમે કાંઇ આજે ઘણાં નબળાં અને દુઃખી કેમ દેખાવોછ? તમારા હાથમાં તો જરા તાવ છે. અરે પણ તમારી નાડ કેવી નબળી છે! એમ નહી ચાલશે, મીસ, એમ નહી ચાલશે. તમારે તમારી સંભાળ લેવી જોઇયે. તમે ધીરજ રાખો. હું તમોને શાંતિ આપવાની દવા મોકલુંછ તે જરા પીજો. હમણાના જેવા સારા સપરમાં દાહડાપર તો તમારે ઘણાં ખુશ રેહવું જોઇયે. અગત્ય કરીને તમારાં લગ્ન જેવા દહાડા પર અને પરણીને લાંબી મુસાફરીએ જતી વખતે તમારા મનમાં એમ ગભરાટ રાખવો નહી જોઇયે. આવતી કાલે તમારી જીંદગીના શુભ બનાવ વિષેની તમારા મામાએ બધી વાત મને કહીછ. કેવાં અચબુચ લગ્ન! અલબતાં મી૦ પેસ્તનજીને એકાએક ચીન જવું પડવાને લીધે પરણવાની ઉતાવળની જરૂર પડીછ. અને તમારા મામાની નાદરૂસ્ત તબીયતને લીધે લગ્ન પણ ઘણાં સાદાં અને એકાંત કરવાની જરૂર પડીછ. તોપણ લગ્ન તે લગ્નજ. અને તમારી રજાથી હું પણ તેની ખુશાલીમાં ભાગ લેવાને તથા તમોને મુબારકબાદી આપવાને આવીશ. હું તો આજ સુધી મી૦ સર્દાર જાંહાંગીરને તમારો હાથ લેનાર ભાગ્યવાન નર સમજતો હતો. ત્યાર પછી વળી તમે "હીરા કાસ્ટલ"નાં ધણીયાણી થવાની વાત ચાલી હતી. પણ તમે અમો બધાંને ઠગ્યાં, હો, મિસ ખરશેદબાઇ! અને અંતે તમે પસંદ કીધો ત્યારે તો એક તદન જુદાજ ધણીને."

આ ટકોરના જવાબમાં ખટલીએ જરાં હસવાનું ડોળ ઘાલ્યું, પણ તેના એ હસતા ચેહરાનાં કાંઇ કુંજરાપણાં સરખું ડાકટર બક્ષ્ટનને જણાયું.

"વારૂં ચાલો કાંઇ નહી," તે બોલ્યો. "તમે ખુશી ને આબાદ રહો. પણ હું પેલી દવા મોકલું તે લેજો. સાહેબજી."

એટલું બોલીને ડાકટર બક્ષ્ટન વિદાય થયો. પણ ખટલીના ચેહરા ઉપરનો ઉદાસીનો છાપ તે ભૂલી ગયો નહી. તેણે પોતાને ઘેર જઇને પોતાની દીકરીઓ આગળ ખટલીનાં લગ્નની ખબર આપતાં સાફ કહ્યું કે "એ લગ્ન ખટલીની ખુશાલીનાં નથી. એ તો માત્ર હાથ જોડાયછ, પણ દિલ જોડાતાં નથી. એ બધા પૈસાના રડાકુટા છે. પૈસાવાળાઓને ત્યાં એમજ રડાકુટાનાં લગ્ન થાયછ."

પ્રકરણ ૧૧૩ મું.

ખટલીનાં લગ્ન.

ખટલીનાં પેસુ ચીના સાથનાં ધારેલાં લગ્ન વિષે ડાકટર બક્ષ્ટને બાંધેલી અટકળ પ્રિય વાંચનારને ખોટી લાગશે નહી. "ચીનાબાગ"-માં શેઠ માણકશાહ મુકાદમના આવી રહ્યા પછી લગ્નના સરખી ધરપચ સરપચના બીજા કોઇ દાહડા ગુજર્યા નથી. અને આ ઉતાવળમાં ગોઠવી કાહાડેલાં લગ્નની એકેએક મોહડે ચાલી રહેલી અક્યાર બંધ પડવાની કશી નિશાની નહી હતી. જુસબ મિલિનરને મોટા તડાકા મારવાનો એ વખત આવ્યો

હતો, અને તે પુણાના "ખાસ" પારસીઓને ઘેરેઘેર ફરીને "ચીનાબાગ" માં ચાલતી લગ્નની તીખ્ખલના તરેહવાર ગપાટાઓ મારતો હતો. ઘેરેઘેર આ લગ્ન ઉપર અનેક અટકળો ચાલી હતી, જે સર્વનો મુખ્ય ભાવાર્થ એટલોજ હતો કે માણકશાહ મુકાદમ બિચારી ખટલીને આ પારસી ચીના સાથ પરણાવવામાં તેણીના ઉપર જુલમ પાડેછે.

સર્દીનાં ધનબાઇજીનો વિચાર કાંઇ જુદોજ છે, કે જે વિચાર તે પોતાના એકેએક દોસ્તઆસનાવને ખાનગીમાં કહી આવીછે, અને તે એજ કે ખટલીની ખુશી તો તેના દીકરા જાંહગીર ઉપર એટલીબધી હતી કે જો તે બે જણા નહી પરણે તો ખટલી જાંહગીર સાથ નાહાસી જાય એવી પોતાને ધાસ્તી લાગ્યાથી મોંકા મુકાદમે તેને પેસુ ચીના સાથે ઉતાવળમાં પરણાવવા કાહાડીછે! તેનું બીજું કારણ પૈસાનું છે એ તો સઘળાંએ નકીજ કરી રાખ્યુંછે. પેસુ ચીના સરખા પૈસાદાર સાથ પોતાની ભાણેજને પરણાવવામાં પૈસાદાર મામાએ પૈસામાં પૈસો વધારવાની મતલબ રાખીછે એ આખાં પુણાએ સાર કાહાડયો હતો. અને તોપણ આ લગનમાં જવાને આખાં પુણાની પારસી પ્રજા તૈયાર થઇ હતી. જોકે લગન સહવારે થવાનાં હતાં, તથા જોકે ઘણાં ગુપચુપ થવાનાં હતાં, જોકે માત્ર પાન ગોલાબનાંજ ઇજન કાહાડેલાં હતાં, તથા જોકે ખાણાપીણાની ધામધુમ કાંઇ નહી હતી, તોપણ એક મોટા લોકને ત્યાં ભપકાની ખાતર આખાં પુણા શેહરે જવાનું કબૂલ કીધું હતું.

વખત મોતની મિશાલે કોઇને મારે થોબતો નથી. રવિવારનાં ઠરાવેલાં લગનને મારે હવે માત્ર એકજ રાત્રી બાકી રહી. તે રાત્રે ખટલી પોતાના એકાંત ઓરડામાં તેજ ટેબલ આગળ અંદેશો કરતી બેઠી, કે જે ટેબલ ઉપર પેલે દાહડે પેસુ ચીનો દસ્તુરજીને ત્યાંથી પાછો ફરીને આવતાં ખટલીને મળ્યો હતો. અંતે ખટલી તાબે થઇ, અને આ જબરીનાં લગનમાં જોડાવાને ના પાડતી નથી એવું દેખાડનારી ઇધાણીઓ આખા ઓરડામાં તેની આસપાસ પડેલી હતી. તે ઇધાણીઓ ખટલીની ધારેલી ચીન દેશની લાંબી સફરને મારે તૈયાર કરેલા અસબાબની હતી, કે જે અસબાબ સઘળો ખટલીએ પોતાને હાથે બાંધ્યો હતો, અને તે અસબાબની પેટીઓ ઉપર "Mrs. Pestonji, Hong-kong." એવું લખેલી ટિકીટો ખટલીએ પોતાનાજ હાથદસ્કતની ચોંહટાડેલી હતી. પેસુ ચીનો એકથી વધારે વાર ઓરડામાં આવીને આ સઘળા તૈયાર થતા સામાનની સરવાઇ કરી ગયો હતો, અને પોતે મેળવેલી જીતને મારે ઘાતકી ખુશાલીથી હસવાનો પ્રકાશ પોતાના ચેહરા ઉપર દેખાડી ગયો હતો. એકજ નાની ચામડાંની પેટી ખટલીએ ટિકીટ માર્યા વગર રાખી હતી. તેમાં તેણીએ પોતાના સેહજ સાહજ દાગીનાઓનો નાનકડો જથો ભરેલો હતો, અને તે ઉપરાંત મુંબઇની મિસિસ શાવકશાહની સ્કુળમાં પોતાની દરરોજની નોધની જે છુપી નોધપોથી રાખેલી હતી, અને જેમાં પોતાના આગળા દાહડાનાં લગન વિગેરે બનાવો નોધેલા હતા તે પણ સંભાળીને બંધ કીધેલી હતી. પુણામાં આવ્યા પછી એ નોધપોથી તેણીએ બંધ કીધી હતી. તેમાં કશી નવી નોધ લખી નહી હતી. મારે આ નોધપોથી તેની આગળી તવારીખ લેખે એક દાહડે તેને કામની હતી.

પણ આજની થાક અને હેજગારીથી, જંજાલ અને ઇંતેજારીથી ખટલી તદન થાકી ગઇ હતી. તેની તૈયારીઓમાં તેની બેહન મેહરી તેને મદદ કરવાને બાહને તેના ઓરડામાં તેની આગળ રહેલી હતી, કે જે સઘળો વખત એ બોલકણી છોકરીએ પોતાની બટકબોલી તાણાજાણીથી ખટલીને જેમ ઘણી ખીજવી હતી તેમ તેનો ઘણો વખત પણ સોહવારી નાખ્યો હતો.

"ખટલી, આ તારૂં સાટું કાંઇ ઘણું સરસ તો નહી જો," તે બોલી. "પણ હું ધારૂંછ કે આ પેસુ ચીનો ઘણો પૈસાવાળો છે, અને તું પૈસાપર તપેલી છે તેથી તેં તેને કબૂલ કીધોછ. હું તારી જગ્યાએ હોતે કેની તો હું તો પેલા હાનરેબલ હીરાજીના સોલીશેઠનો હાથ કબૂલ કરતે. તે તારીપર ઘણો ફીદા થયલો હતો જો, ખટલી, અને તોપણ તેનું સેવટ કાંઇ નહી આવ્યું ત્યારે આખાં પુણાને અચરતી પેદા થઇ. પણ માટીડાઓ

જાતેજ ઠગારા. મુવા માટીડાઓ બૈરાંને બેઇમાન કેહછ, પણ હું તો કેહુછ કે માટીડાઓ જેવા બેઇમાન કોઇજ નહી. દુધમાં ને દહીમાં બધેજ પગ રાખવા જાયછ. એક પગ અંહી તો એક પગ ત્યાં. બધી ગમ નજર રાખવા માગેછ, પણ એકની ઉપર પકું મન બાંધી શકે નહી."

ખટલીએ મેહરીની આ ટીકાઓની કશી દરકાર કીધી નહી. તેણીએ તેને રાતનું જમ્યાની આગમચ કાલે લગ્ન વેળાનાં નવાં કપડાંઓની તરવેર કરવાને જલદીથી તેના "લાલ કિલ્લા" માં તેને ઘેર મોકળી દીધી.

તોપણ જતાં જતાં મેહરી એટલીતો નાખુશી બતાવ્યા વગર ગઇ નહી કે—

"બળ્યું એવું ગુપચુપ પરણવાનું! પણ હું જાણુંછ ખટલી કે તું કાંઇ એમ ગુપચુપ પરણીને બાકીના દાહડા એમ ગુપચુપ ગુજારવાની નથી. તું ચીન જવા પછી ખાણાંપીણાંની મોજમજાહો કરીને એમ ગુપચુપ પરણવાનો બદલો વાળી દેશે."

"હાજ તો." ખટલીથી પણ જવાબ આપ્યા વગર રેહવાયું નહી. "તું જોજેની કે ચીનમાં હું કેવી મજાહ કરૂંછ તે."

પ્રકરણ ૧૧૪ મું.

એક નધારેલી મુલાકાત.

ખટલીએ પોતાની બેહનને આમ વાહી કાહાડી તે વખતે રાતના સાત વાગવા આવેલા હતા. તેની ટેબલને માથેનું ઝુંમર મીણબતીઓની દીપકથી ચકચકીત થઇ રહેલું હતું, કે જે ઝુંમરની હેઠલની આખી ટેબલ કાગળ્યાંઓ, ચોપડીઓ અને બીજા વિખરાઇ પડેલા સામાનથી ખચ ખચ થયલી હતી.

અને આ સઘળા સામાન વચે ખટલી ખબરાયલે ચેહરે ફીકી અને બેચેનીમાં બેદરકાર બેઠેલી હતી. જાણેકે જે થાય તે થવા દેવાનો તેણે ઠરાવ કીધો હતો. અને વધારે શું થાયછે તેનો તમાશો જોવા માંગતી હોય તેમ સેવટના અંત ઉપર આવી હોય એવો તેનો દેખાવ હતો.

આ તેનાં બેચેન બેધ્યાનપણાંમાં એક અચબુચ ખલલ થઇ.

"બાઇસાહેબ, હાનરેબલ હીરાજી શેઠના સોલીશેઠ મળવા આવ્યાછ," કાવલા આકરે આવીને ખબર કીધી.

પણ તે એટલીજ ખબર નહી હતી. તેણે વધાર્યું કે "સોલીશેઠ તમોને એકલાંજ મળવા માગેછજી. તેવણે કેહવાડયુંછ કે તેવણ તમોને ઘણો વાર રોકી રાખશે નહી."

આ અચરતી વચે ખટલીએ કાવલા આકરને પેહલોજ સવાલ એ પુછયો કે "પેસતનજી ચીના કયાં છે?" અને જ્યારે આકરે જવાબ દીધો કે "તેવણ તો માળા ઉપર મોટા શેઠ સાથ રોકાયલાછે" ત્યારે ખટલીએ સોલીશેઠને અંદર બોલાવી લાવવાનો કાવલાને હુકમ આપ્યો.

પણ સોલીશેઠના આવ્યા અગાઉ ખટલીએ સામેના આઇનામાં પોતાનો ચેહરો જોયો અને પોતાનાં મન સાથ એટલુંજ બોલી કે "ગરીબ બિચારો સોલીશેઠ. હવે એ છોકરાને મારા ફીકા ફચક ચેહરામાં ખુશી થવા જોગ ખેંચાણ કાંઇ લાગવાનું નથી."

તેજ ઘડીએ સોલીશેઠ ઓરડામાં આવ્યો. ખટલીએ ઉઠીને કશી ખુશાલી બતાવ્યા વગર તેને હાથ સાથ હાથ હલાવીને પોતાની સામેની ખુરશી ઉપર બેસાડયો, અને સોલીશેઠ ખટલીના કેહવાથી તેનો જે સઘળો છુપ્યો ભેદ જાણી ચુકેલો હતો તે મુજબ તેણીને જેવી દુ:ખી જોવાની આશામાં આવ્યો હતો તેવીજ દુ:ખી તેણે જોઇ.

"ખરશેદબાઇ, હું તો સુરત ગયલો હતો ત્યાંથી આજે બપોરેજ અહીં આવી પુગ્યો," સોલીશેઠે ગંભીરાઇથી વાત ચલાવી. "અને પુગે આવ્યા પછીજ તમારાં ધારેલાં લગનની વાત મેં જાણી. નોતરાંની ચીઠી વાંચીને હું તો ચમકયો, અને તેવોજ અહીં દોડી આવ્યો તે ખામખા તમોને પુછવા સારૂંજ કે તમારી ઉપર તમારી મરજીની ઉપરાંત આ સિતમ ગુજરતો હોવો જોઇયે. ત્યારે તેમાં તમોને કાંઇ મારૂં કામ હોય તો હું તે બજાવીને તમોને

ગરજના વખતમાં મદદ કરવાને તૈયાર છું. તમે જ્યારે તમારો છુપો ભેદ મારા વિશ્વાસ ઉપર મને કહ્યો હતો, ત્યારેજ મેં તમોને કબૂલાત આપી હતી, કે જો તમોને કોઇ દોસ્તની મદદની ગરજ પડે તો મને ફરમાવજો. તો હું ધારૂંછ કે આજે મારી બનતી મદદ આપવાનો વખત આવ્યોછ. તમારી અને જુલમગારોના જુલમની વચ્ચે મને પડવા દ્યો. અને તમોને એક ગુનાહમાંથી બચાવી લેવાનો મને હક આપો."

"સોલીશેઠ તમે કેવા સખી ને મેહરબાન છો. પણ ખાતરી રાખજો કે મને કશી મદદની જરૂર નથી." ખટલી જેવા ને તેવા ઉદાશ ચેહરાથી બોલી. પણ તે ચેહરામાં કાંઇ ઠરાવ કરેલો હતો એટલું તો સોલીશેઠ જોઇ શકયો.

"શું નહી?" સોલીશેઠે અચરતીથી પુછ્યું. "કાલે તમારાં લગ્ન છે. તમે એક જણને પરણી ચુકેલાં આ પેસતનજી ચીનાને કાલે પરણવાનાં છો તે શું તમારે કબૂલ છે?"

"નહી, કદી નહી." ખટલી બોલી. "કાલે મારાં લગ્ન ઠરાવેલાંછે, પણ તે લગ્ન થનાર નથી."

"નહી? તે તમે કેમ અટકાવશો?"

"અટકાવવાની ઘણી સેહેલ રીત છે. હું પરણવા જઇશતો પરણીશ કે? હું પરણવા જવાનીજ નથી. અને મારા વગર પેસુ ચીનો કેમ પરણશે?"

"ત્યારે તમે પરણવા નહીતો કયાં જશો?"

"હું બીજીજ જગ્યાએ જવાની છું. મારો એકજ રસ્તો રહેલોછે અને તે નાહાસી જવાનો રસ્તો છે. કાલે સહવારના દશ વાગતે પરણવાને વખતેતો હું પુણેથી છેક દૂર જઇને પડીશ."

"પણ તમે ધારોછ બાઇ, કે તમારો ઠરાવ તમે બજા લાવી શકશો?" સોલીશેઠે ગભરાઇને પુછ્યું. "શું તમોને કોઇ નડશે નહી? શું તમોને કોઇ અટકાવશે નહી? તમોને કોઇની મદદ જોઇશે નહી?"

"હું કોઇથી બીહતી નથી. આ છેલા દાહડા મેં મારૂં કામ ઘણું સંભાળીને કીધુંછ, અને પેસુ ચીનો એમ ધારેછ કે હું મુગી મુગી તેને તાબે થયલી છું. મારા પેટી પેટારા સહુ બધા બંધ કીધાછ, અને મારે હાથેજ તે ઉપર ચીનની ટિકિટ ચોંહટાડીછ."

"અને તોપણ શું તમે એ બધું બીજી ગમ જવાને મારે કીધુંછ? તમોને બીજી ગમ ઉતારો આપે એવાં કોઇ તમારાં સગાંવ્હાલાં છે?"

"હા," ખટલીએ જવાબ દીધો. "મેં બધી ગોઠવણ કરી રાખીછ. મારે કયાં જવું તે સઘળું મેં નકી કરી રાખ્યુંછ."

સોલીશેઠ હજી સમજ્યો નહી. તેની હજી ખાતરી થઇ નહી. ખટલીના આ ઠરાવથી તે હજી બીહવા લાગ્યો, અને ઘણા કાળાવાળા કરવા લાગ્યો.

"ખોરશેદબાઇ, તમે મારીથી બીહો ના. તમે મારા ઉપર એક વખત વિશ્વાસ મુકયો તો પુરો મુકો. તમે જાણોછ કે હું એક વખત તમારો દિલદાર હતો. પણ તમારા સખુનને માન આપી મેં મારી તે ઉમેદ છોડી દીધીછ. તો હવે તમે મને તમારો કોઇ દિલદાર નહી પણ સાદો દોસ્ત ગણો. આ વખત તમોને સંભાળવાનો છે. તમોને એક સાચા દોસ્તની મદદ અને સલાહનો આ વખત છે. હું અરજ કરૂંછ કે તમે કાંઇ ઉતાવળું પગળું ભરતાં ના. અને જે પગળું ભરો તેનો જોખમ સમજીને ભરજો."

"મારા તરફની તમારી એ ઇનતેજારીને માટે હું તમારી હેશાનમંદ છું," ખટલી બોલી. "પણ તમે બીહો ના. હું વગર વિચારે કાંઇ કામ કરવાની નથી. મેં ઘણું ધિરજથી ધારી વાળીને મારાં દુઃખનો ઉપાય લીધેલોછે."

"અફસોસ, ખરશેદબાઇ! તમારી નિરાશા ઉપર મને દયા લાગેછ," સોલીશેઠ કરગરીને બોલ્યો. "તમારા મામાના પૈસાની આશામાં તમે જીવપર ઘણો જોખમ ખેડયોછ. અને અંતે તમોને તે સઘળું ખોહીને જવું પડેછ. તો તેનાં કરતાં છેલી ઘડીએબી જરા વિચાર કરો બેહન, કે સઘળું મુકી છાંડીને જતાં રેહવાનાં કરતાં તમારે તમારા મામા આગળ બધું કબૂલ કરવું એ શું ડાહાપણુંભરેલું નથી? કદાચ તેવણ તમોને માફ કરશે. કદચ દયાબી કરશે. અને તેવણનો પ્યારા અને પૈસા બેહુ તમોને પાછા મળશે. તમે મામા આગળ વાત કરવાને બીહતાં હોવતો મને રજા આપો કે છેલી ઘડીએ હું તેવણને

ખોલાસો કરીને તમોને સઘળી દાદ અને ઇનસાફ અપાઉં."

"એ નહીં બને એવું છે." ખટલી સોલીશેઠની આ માગણી ના પાડતાં બોલી "મારા માણકશાહ મામાને તમે મારા જેટલા ઓળખતા નથી, સોલીશેઠ. પણ આ એક એવો વખત આવી પડયોછ કે જેમાં બીજાઓની સલાહથી કાંઇ વળે એમ નથી. આ વખત તો મારેજ મારી હિમતના આધાર ઉપર રેહવાનો છે. મારો રસ્તો એકજ છે. હું કબૂલ કરૂંછ કે એ ઘણો મુશકેલ અને જોખમભરેલો રસ્તો છે. હું કબૂલ કરૂંછ કે જો મારે એ રસ્તો લેવો હતો તો મારા મામાના પૈસા છોડીને મારે અત્યાર અગાઉથી જતી રેહવું જોઇતું હતું. પણ મારા સરખી એક પરણેલી ઓરતની વફાદારીને છાજતો રસ્તો એજ છે. હું પૈસાની મારી ઉમેદને હઠીલાઇથી વળગી રહી અને તેનું પરિણામ આ નિશફળતામાં આવ્યું."

"અગરજો તમે મારી ઉપર એટલો વિશ્વાસ મુકો" સોલીશેઠે હજી આગ્રહ જારી રાખ્યો "કે તમે કયાં જાવોછ, કોણ આગળ જાવોછ, એટલુંજ મને કહોતો—"

"હું મારા વર પાસે જાઉંછ." ખટલી એકેદમ હિમતથી બોલી ઉઠી.

"બરાબર—બરાબર—હવે ત્યારે હું વધારે કશું બોલી શકતો નથી." સોલીશેઠ રાજી થઇને બોલ્યો. "તમે તમારે ઠેકાણાસર જાવોછ એટલીજ ધીરજ બસ છે. પણ— પણ—"

એટલું બોલતાં સોલીશેઠ અચકી ગયો અને કાંઇ વેહમમાં હોય એવું બતાવવા લાગ્યો.

"શું તમોને એ વિષે કાંઇ વેહમ આવેછ?" ખટલીએ પુછ્યું.

"નહી. વેહમ નહી." સોલીશેઠે ખોલાસો કીધો. "પણ મને એક ધાસ્તી લાગેછ, જે કેહવાની શરમિંદગીથી કેહવાને મને ઓસક લાગેછ."

"ઓસક લાગેછ તો ઓસકાવો ના. પુછો, બેલાશક પુછો." ખટલીએ તેને પુછવાને ઉત્તેજન દીધું.

"તમે તમારા વર પાસે જવા માગોછ, ખરશેદબાઇ તો કદાચ તમોને પૈસાની જરૂર પડશે." સોલીશેઠે પોતાનો ભરમ ખોલ્યો. "તમારી મુસાફરી ખર્ચના યા હવે પછીની કોઇ અરીબીરીના રોકડા પૈસા તમોને જોઇતા હશે, કે જે તમારા મામા પાસેથી તો તમો માંગી શકો નહી ત્યારે તે કયાંથી લાવશો? અગરજો તમોને કાંઇ પૈસા જોઇતા હોય તો બેફિકર માગો, હું તે આપવાને તૈયાર છું. હમણાજ આવતાં આવતાં કલેકટરની ટિજોરીમાંથી હું એક એક વટાવી લાવ્યોછ. તમારે ગમેતો સો બસો રૂપીય માગી લ્યો."

આમ બોલવાની સાથેજ સોલીશેઠે નોટોથી ભરેલી એક થેલી પોતાના ખીસામાંથી કાહાડીને દેખાડી અને ખટલી કાંઇબી જવાબ દેય તેની અગાઉ તો નોટપર નોટ કાહડીને બતાવી.

"તમે ઘણા મેહરબાન છો, સોલીશેઠ" ખટલીએ આ મદદ પણ ના પાડી. "પણ મને હમણા પૈસા જોઇતા નથી. ઘુર્ત વેળાના ખર્ચ જેટલા તો મારી પાસે પૈસા છે, અને, વધુ જોઇયે તો મારી પાસે તેટલી જણસબી છે. તોપણ જો મને કદીબી પૈસાની ગરજ પડશે—એક વખતે મને અને મારા ભર્તારને જે પૈસાની હાયવેહલા પડી હતી, તેવી હાયવેહલા જો ફરીથી ભોગવવી પડશે—તો, હું કબૂલાત આપુંછ સોલીશેઠ, કે તમારી આ મેહરબાનગીભરેલી મદદનો લાભ લેવાને હું ચુકીશ નહી. મને જોઇશે ત્યારે હું તમારી મદદ મંગાવીશ. તમારા સરખા એક દોસ્ત આગળ હાથ ઓળવાને હું કાંઇ અભિમાન રાખીશ નહી."

"ઘણું સારૂં." સોલીશેઠ રાજી થઇને જવા ઉઠયો "અને હવે હું રજા લઉંછ. આપણ ફરીથી કોઇ સારાં ચોઘડિયામાં મળીયે તેટલાં છેલી સલામ. તમારી હાલની રોકાણના વખતમાં હું તમોને વધારે વાર રોકી રાખવાનો નથી. પણ જતી વખતે એટલીજ અરજ કરૂંછ, બેહન, કે તમે અંહી જે થોડા કલાક છો તેટલાંમાં અગરજો તમોને મારૂં કાંઇ પણ કામ પડે, તમારા મામા તરફથી અથવા પેસુચીના તરફથી તમોને કાંઇબી શખતાઇ ખમવી પડે તો મને બોલાવજો, હું જેમ બનશે એમ જલદીથી તમારી મદદે દોડી આવીશ."

સોલીશેઠની આ માગણી કાંઇ ઓછી મમતાળુ નહી હતી, પણ તેની એકલી એજ માગણી નહી હતી. તેની બીજી વધારે તાકીદની મદદની માગણી તૈયાર હતી.

"અથવા નહી તો કે જો તમે ફરમાવો" સોલીશેઠ વધુ બોલ્યો "તો તમારી મદદને માટે તમારી આગળ રેહવા માટે આજની રાત્રી હું અંહીંજ પાસેનાં હાટલમાં રહું કે જ્યારેબી મારી મદદ જોઇયે ત્યારે તમે મને બોલાવી શકો."

"નહીજી નહીજી," ખટલીએ આજીજીથી માગી લીધું. "એમ તમે તમારો 'હીરા કાસ્ટલ' છોડીને મારી ખાતર હાટલનાં મછરખાનામાં રેહવાની અને એટલીબધી તસ્દી લેવાની કાંઇ જરૂર નથી."

"પણ તમારી ઉપર કાંઇ જુલમ ગુજરશે તો તમે એક અનાથ અને લાઇલાજ બાઇ માણસ શું કરી શકશો?" સોલીશેઠે ઇનતેજારીથી પુછયું.

"ઘણું થશે તો હું મારાં લગ્નનો ભેદ કહી દઇશ" ખટલી મજબુતીથી બોલી. "હું પરણેલી છું એમ જાહેર કરીશ, અને તે પછી મારા ઉપર પરણવાની જબરી કોણ કરી શકવાનું છે?"

"ઠીક ત્યારે, હવે હું જાઉંછ, બાઇ," સોલીશેઠ સેવટનું બોલ્યો, અને તે પણ પોતાના સેવટના ઉભરા જેવુંજ કાંઇ બોલ્યો કે "આપણે આ હાલતમાં ફરીથી કદીબી મળવામાં હું પોતાને સુખીતો સમજવાનોજ નથી, અને તેટલા માટે આપણે ફરીથી કોઇ સુખી દિવસમાં મળીશું એમતો હું ચાહતોજ નથી. પણ તમોને તમારી બાકીની જીંદગીમાં હું મારાં ખરાં જીગરથી પુરતાં સુખ અને જાહોજલાલીની દુવા ચાહુંછ."

આ જોશભરી ભલી દુવાઓનાં હેશાનમાં નમતાં ખટલી ઉભી થઇ, અને તોપણ સેવટના તે આ બોલ બોલી કે—"હું મારાં ભવિષ્યને સારૂં હજીબી કાંઇ ઝાજી આશાવંત નથી. હું ધારૂંછ કે હું જયારે મામાના પૈસા લેવા અંહી આવી, ત્યારેજ મેં મારૂં સહુથી સરસ ભવિષ્ય ખોહી દેવાની નાદાની કીધીતી."

અને હવે અંહી તેઓ છુટાં પડયાં—સોલીશેઠ પોતાની ચાહેલી એક નાજનીનને માટે ખંતથી ભલું ચાહતો અને ખટલી એક ખરા દોસ્તની ખેરખાહીને માટે ખરી હેશાનમંદી બતાવતી—છુટાં પડયાં.

પ્રકરણ ૧૧૫ મું.

લગ્ન અગાઉની રાત.

સોલીશેઠના જવા પછી ખટલી પોતાના અંદેશા અને ગભરાટ વચે કયાં જવું તે સમજી નહી શકવાથી "ચીનાબાગ" નાં ભાંયતળિયાંનાં મોટાં દીવાનખાનામાં ગઇ, કે જ્યારે દીવાનો વખત થયલો હતો, અને સુંદર બિલોરી ઝુંમરો પોતાની ભભૂકદાર રોશનીથી દીપતાં હતાં.

ખટલી જોયછે તો પેસુ ચીનો પોતાની આવતી ખુશાલીની આશામાં હોય. કે કેમ પણ દીવાનખાનામાં એકલો એક છેડેથી બીજે છેડે ફેરા ફરતો હતો.

"તમોને તો કોઇ મળવા આવ્યું હતું?" ખટલીના દાખલ થતાંની વાર પેસુએ પુછયું.

"હા." ખટલીએ ખોલ્લાં દિલથી જવાબ દીધો. "એ તો હાનરેબલ હીરાજીનો સોલીશેઠ મારાં લગ્નની મુબારકબાદી આપવા આચો હતો."

"અંહ! ત્યારે એમ કેહોની કે તમારો આગળો ઉમેદવાર આવ્યો હતો. તમારાં લગ્નપર તમોને મુબારકબાદી આપે એટલો એ ખુશીબી થયો કે?"

"હાજ તો! તમો ધારોછ તે કરતાં સોલીશેઠ વધારે મોટાં દિલનો માણસ છે." ખટલીએ તેની તારીફ કીધી.

"એમ દીસેછ ખરૂં." પેસુ ચીનાએ ટકોર કીધી "જે ધણી એક જણીને પરણવા ચાહતો હોય તે ધણી તેણીનું બીજે ઠેકાણે પરણવાનું જાણીને ખુશી થાય તો તે ધણી કોઇ ખરેજ મહારાજસહી મોટાં મનનો હોવો જોઇયે."

આટલી વાતમાંતો જમવાનો વખત થયો,

અને તેઓ ખાણા ઉપર ગયાં. તે લગ્નની આગમચની રાતનું ખાણું હતું એટલે વધારે ભપકાદાર હતું. માણકશાહ શેઠ પોતાની બિમારીને લીધે ખાણા ઉપર આવી શકયા નહી, માટે તેવણની ભાણેજ અને તેનો ધારેલો વર એ બેજ જણાં ખાણાની ટેબલ ઉપર બીરાજ્યાં હતાં, અને ખટલી તેની સાથની ગોફતેગોમાં ઘણી ખુશાલ દેખાવા લાગી હતી. પેસુની ધિક્કારભરેલી સંગતમાંથી દૂર રેહેવાને તે ગમે એટલી ખંતી હતી તોપણ છેલી ઘડીએ પોતાની ધારણા પુરેપુરી અને વગર અડચણે પાર પાડવાને બની આવે એટલામાટે તે પોતાની ઉપર કાંઇ પણ શક લઇ જતો જોવા ચાહતી નહી હતી, અને તેજ તેની આજની ખુશાલીના બાહારના દેખાવનો ભેદ હતો.

ખટલી જેમ વધારે ખુશ થતી તેમ વધારે ખુબસુરતીમાં ખીલતી હતી, પણ તેની જે ખુબસુરતી દુનિયાની નજરમાં ખીલી રહી હતી, તે પેસુ જેવા એક કઠોર અને કુજરા માણુસ ઉપર લગભગ રદબાતલ થઇ પડી હતી. તે આખાં ખાણા વચે વિચારમાં ને વિચારમાં ગંભીર બેસી રહ્યો. તેણે ઝાઝું ખાધું નહી. પણ પીચવા ઉપર વધારે ધ્યાન આપ્યું, અને જ્યારે ખટલી જમી રહીને પાછી દિવાનખાનામાં જવા ઉઠી ત્યારે પેસુ, પોતાની ધારેલી પ્રિયાની મીઠી સંગત પસંદ કરીને તેની સાથે જવાને બદલે, પોતાની એકાંત શરાબબાજી ઉપર વિચાર કરતો બેસી રહ્યો, કે જ્યાંથી સેવરે ઉઠયો તેવો માળા ઉપર માણકશાહ શેઠના ઓરડામાં પાછો ગયો.

માણકશાહ પોતાના પલંગ ઉપર પડેલા હતા. તેવણને પુણાની સર્દીથી તાહાડ ચહડી આવ્યા કરતી હતી, માટે બનતાં સુધી ગરમ ઓઢણીમાં ઢંકાયલા રેહેવાની ડાકટરની સલાહ પ્રમાણે તેવણ સારીપઠે ઢાંકીઢુંકીને પડેલા હતા. તેવણના ઓરડાનો સઘળો દેખાવ એક હાસ્પીટલના "વાર્ડ રૂમ" ને મળતો હતો. બીછાણાની સામીજ ટેબલ ઉપર દવાની સીસીઓ, સોદાવાટરની બાટલી, ફ્રુટની પ્લેટો વિગેરે પડેલું હતું. પેસુ ઓરડામાં દાખલ થયો તેવા તેવણ ઉઠીને બીછાણામાં જરા અઢેલી બેઠા ને બોલ્યા.

"તું આવ્યો કે? હું ધારતો હતો કે તું ફરીથી મારી આગળ આવવાનોજ નથી ને મને ચેહરો દેખાડવાનોજ નથી." આ શબ્દો તેવણ એવા ખિજવાટથી બોલ્યા કે તે ઉપરથી તેવણનો પેસુ ઉપર ખળભળાટ જણાતો હતો.

"જી, હું તો મારી બૈયર સાથ રોકાયલો હતો." પેસુએ થંડે કલેજે જવાબ દીધો. "મારી ઉપર જ્યારે તે પ્યાર બતાવવા શિખીછ ત્યારે મારેથી થંડો રેહેવાય નહી."

"બસ, બસ. હવે તું બિચારી મારી ગરીબ ભાણેજના ચેષ્ટા ના કર. તું તેના હાથને લાયકનોજ નથી," માણકશાહ શેઠે તેને તાણો માર્યો, અને પુછ્યું. "પણ વારૂં, તેં મારી શરતનું શું કીધું? પૈસાની વાત છે. તેમાં તું ફાવ્યો કે?"

"હાજી, પુરેપુરો. મુંબઇ બેંક જોઇતી રકમ આપવાને કબૂલ કરેછ. મેં તેઓ આગળ બાહણું કાહાડયુંછ કે અંહી મારે પુણામાં મિલકત ખરીદ કરવીછ, તે વેચાણ કાલેજ પુરૂં કરવુંછ, તેના રૂપીયા મને તુર્ત જોઇયેછ."

"પછી તે રૂપીયા તેઓએ મોકલ્યા કે?" માણકશાહ શેઠે આતુરતાથી પુછ્યું.

"નહીજી, હજી આવ્યા નથી, પણ કાલે સહવારે આવશે. વેચાણ નકી કરવાને મેં કાલ સહવારના અગ્યાર વાગતાંનો વખત તારમાં લખી જણાવ્યોછ. અને તે તેમજ છે. કાલે એક વેચાણજ છે તે તો તમે જાણોછ, સાહેબ. તફાવત માત્ર વેચતી લેવાની ચીજમાં છે. બેંકને મેં મિલકત કહીછ તેને બદલે ખરેખરી ચીજ તો એક ખુબસુરત કન્યા છે કે જેને કાલે સહવારે અગ્યાર વાગતે વેચતી લેવાનો છું. કબૂલેલા પૈસા બધા સહવારે આવશે. હજાર હજારની વીસ નોટના કટકા કાલે ટપાલની પેહલી ડીલીવરીમાં આપણને મળશે."

"બસ, ત્યારે હવે હું ખુશી છું." માણકશાહ શેઠે ધીરજ બતાવી.

"તમો ખુશીતો થાવોછ સાહેબ, પણ યાદ રાખજો." પેસુ ચીનાએ ખુબ ભપકી આપી, "કે મારી પેહેડીમાંથી એટલી થાપણ ખેંચી લ્યોછ તે જાણેકે અમારૂં લોહી નીચોવી

લ્યોછ. એકજ હુમલે એવી મોટી રકમ પેહેડી પગાર કરી શકે નહી, અને પોતાની થાપણ ખોહીને અમારી પેહેડી ચાલુ રેહેવાની થોડીજ આશા રેહેશે."

"ત્યારે તો પેસુ, તારે પેહેડી બંધ કરવી જોઇયે," માણુકશાહ શેઠે ટીકા કીધી. "જે પેહેડી વીસ હજાર જેટલી રકમનો ખાડો ખમી શકે નહી તે પેહેડી પગભર રહી શકેજ નહી, અને તે પડી ભાગવી જોઇયે. વળી હું જો તારી એટલી થાપણ લઇ લેતો હોવું તો તુંને ફરિયાદનું કારણ રેહે ખરૂં, પણ હું તો તારી થોડી ઘણી આંટનો લાભ લઉંછ—"

"મારી આંટ?" પેસુ હસ્યો.

"હા પેસુ, તારા સરખા એક વેપારીની આંટ ઉપરતો કાંઇ હદજ રેહેવી નહી જોઇયે. જેમ એક વેપારીનું કરજ વધતું હોય તેમ તેની આંટ મોટી ગણાય, અને જેમ તેની કરજદારી વધે તેમ તેની આંટ જાળવી રાખવાને તેના માગનારાઓને પોતાને માથે ફરજ આવી પડેછ. કરજ એક વેપારીના 'હાઉસ'નો સર્વથી સંગીન પાયો છે, કે જે પાયાના થાંભલા બીજાઓના ખીસામાં નાખેલા છે. પણ તું ધારેછ પેસુ, કે બેંક તુંને ખચીત આ રૂપીયા મોકળશે?"

"હા સાહેબ. હું તો ખચીતજ માનુંછ. એટલા વીસ હજારની બીસાદ શું? જો બેંક નહી આપવાની હતે તો મને ના કેહેતે, અને મને આપવાની હા કહીને મુંબઇ બેંક જેવી સધર બેંક રૂપીયા નહી મોકળશે એમ તો બનેજ નહી,"

"ઠીક છે ત્યારે. તોપણ આ છેલી ચેતવણી આપુંછ, પેસુ," માણુકશાહ શેઠે મજબુત દમ ભરાવ્યો, "કે જો પૈસા નહી તો લગનબી નહી. અને જો પૈસા મને નહી મળશે તો હોંગકોંગના મારા વકીલ ઉપર કાલને કાલ તાર જશે કે પેસ્તનજી એન્ડ કું૦ નો ખુદો કરી નાખો."

"બીહો ના, સાહેબ. કાલે સઘળું સેવટ આવી જશે, અને તમારી મુરાદ પ્રમાણે કાલે તમારો છુટકારો થઇ જશે."

એટલી વાત કરીને પેસુ ચીનો માણુકશાહ શેઠના ઓરડામાંથી ગયો, અને શેઠ પોતાને ઉંઘ નહી આવવા છતાં જેમ તેમ ઉંઘવાનાં ફાંફાં મારતા સુતા.

પ્રકરણ ૧૧૬ મું.

ખટલીનો છેલો કાગળ.

મધરાતનો વખત હતો. આખો "ચીના બાગ" એકાંત હતો. શેઠ માણુકશાહ મુકાદમના ઓરડામાં હંમેશની પેઠે એક મુન-લાંપમાં દીવો બળતો હતો, કે જે દીવો એક આજારીના ઓરડામાં જોઇયે તે કરતાં વધારે તેજી અને પ્રકાશિત હતો. તે દીવો ખામખા શેઠના હુકમથી એટલો તેજી રાખવામાં આવ્યો હતો. અને તેનું કારણ એજ કે શેઠને રાતની પુરતી ઉંઘ નહી હતી. તેવણુના કેટલાક કલાકો જાગૃતાવસ્થામાં ગુજરતા હતા, અને કેટલીક વખતે તો માણુકશાહ શેઠ સુતા સુતા તે દીવાની રોશનીમાં વાંચીને વખત ગુજારતા હતા. કાવલો ચાકર નજદીકમાંજ નીચેની ઓરડીમાં સુતો હતો, અને ડાકટરના ઠરાવેલા કલાકે શેઠને દવા આપવાને ઓરડામાં આવ્યા કરતો હતો. શેઠનાં બિછાણાની પછવાડે એક બારણું હતું કે જે બારણાની બાહારથી ચાકરોની આવજાવનો એક પાછલો દાદર હતો, તે દાદરને બારણેથી કાવલો આવતો જતો હતો, અને શેઠનાં બીછાણાંની ઉંચી કુરટનીથી તે બારણું છુપાયલું હોવાને લીધે કાવલાની ઓરડામાંની આવજાવ, શેઠના જાણ્યામાં નહી આવે તથા તેવણુની ઉંઘમાં ખલલ નહી થાય, એવી ગુપ્તામાં, ગુપચુપ થતી હતી.

માણુકશાહ શેઠે પોતાની આટલી બારીક સંભાળ સામે એકથી વધારે વાર પ્રોટેસ્ટ કીધો હતો. ચાકરો તેવણુને માટે જાગ્યા કરે અને ઠરાવેલા કલાકે તેવણુને દવા આપવા આવે તે તેવણુને ગમતું નહી હતું. તેવણુ કેહેતા હતા કે:—"હું મારી મેળે દવા લેવાને શક્તિવાન છું, અને ઠરાવેલે વખતે દવા લઇ શકું એટલો જાગૃત રહુંછું."

પણ ડાકટર બક્સ્ટનને તેવણુ ઉપર એટલો-બધો ભરૂસો નહી હતો. શેઠને બરાબર નિયમીત

વખતે દવા આપવીજ જોઇયે, એવી ડાકટરની મજબુત તાકીદ હતી, અને તે કામ ઉપર ડાકટર સાહેબે પોતેજ કાવલાને જોખમદાર ઠરાવ્યો હતો, એટલામાટે કાવલો સુતી વખતે પોતાનાં માથા આગળ ઘડિયાળ લઇને સુતો હતો, કે જે ઘડિયાળની ઝીણી ટીકટીકથી અને વખતસર જાગવાની ચોકાસીભરેલી ચોંપથી તેને એક જબરી વેઠ અને જંજાલ લાગતી હતી.

એજ રાત્રે ખટલી પણ મધરાત સુધી જાગૃત રહી હતી. આવતી કાલનાં પોતાનાં લગ્નની ચીંતા વચે તેને ઉંઘ નહી હતી; અને તે આફત અટકાવવા માટે અંહીથી નાહાસવાનો તેણીએ કરેલો ઠરાવ તેને ટકયા ઉપર માથું નેચિંતે મુકવા દીએ એવો નહી હતો. ખટલી રાતનું ખાણું ખાઇને પોતાના ઓરડામાં જવા પછી કલાક અગ્યારથી લગભગ એક વાગતા સુધી લખવામાં રોકાયલી હતી. તેણે ઘણાં કાગળો લખ્યાં અને ઘણાં ફાડી નાખ્યાં.

તે શું લખતી હતી?

તે પોતાના માણકશાહ મામા ઉપર એક કાગળ લખવા બેઠી હતી. જે વાત તેવણને મોંહડે મોંહડું કેહેવાની તેની હિંમત ચાલતી નથી, તે વાત તેવણને લખી જણાવવાની તેણીએ હિંમત એકઠી કીધી હતી. તે જાણતી હતી કે એ કાગળ તેણીએ પુરૂં છોડયા પછી—કદાચ સેવટનું અને સદાનું છોડયા પછી—તેના મામાને મળશે. અને તે ધારેછે તેમ એ કાગળ વાંચીને જો તેવણ ઘણા ચીરડાઇ જશે તો તે ગુસ્સો તેણીના જોવામાં આવશે નહી. અગરજો તેવણ તેણીને માફ કરવા ચાહશે તો તેણીના જતી રેહેવા પછી તેવણ તેને વધારે માફ કરશે, અને તેવણનાં મન ઉપર કદાચ સારીજ અસર થશે. ખટલીએ આટલા દાહડામાં પોતાના મામાનું ઘણું દીલ જીતી લીધુંછે તે હીતનું થંડું પાણી કદાચ તેવણનાં ગુસ્સાની આગને બુજવી નાખશે. પેસુચીનો પુણે આવી પુગ્યો તેની અગાઉ એટલી નરમાશની તેણીને વધારે આશા હતી, પણ તે જાણેછે કે "ચીનાબાગ" માં એ નવો ચીનો આવ્યા પછી મામાની ચાલચલણમાં ફેરફાર થયોછે, અને મામાનાં નબળાં મન ઉપર જેમ પેસુનો કાબુ વધ્યોછે તેમ ખટલીનો કાબુ ઘટયોછે.

એવા સંજોગો વચે આ ઘેર છોડી જવું અને છોડી જતી વેળા મામા ઉપર એક કાગળ લખી જવું એજ ખટલીએ બેહેતર વિચાર્યું અને એ વિચાર તે આજે બજા લાવી.

આ કાગળમાં તેણીએ પોતાનાં લગ્નની સઘળી ખરી બીના માણકશાહ મુકાદમને લખી જણાવી, અને પરણ્યા પછી કેવળ મુફલેશી અને ભૂખમરા વચે પોતાનાં સુખની શોધમાં કેવી તે આ માતબર મામાને ઘેર નાહાસી આવી તે સઘળું તેણીએ વિસ્તારીને લખી જણાવ્યું. આ કાગળમાં તેણીએ એકજ બીના લખ્યા વગર છાણી રાખી, અને તે આ માતબર મામાના વારસાની પોતે રાખેલી આશાની વાત હતી. એ વાત વિષે તેણીએ કશું લખ્યું નહી, પણ એ સિવાય બીજું સઘળું ખુલે ખુલું લખી જણાવ્યું. તે કાગળ પુરૂં કીધા પછી તેણીએ પાછું વાંચી જોયું ત્યારે નિચે મુજબ હતું :—

"સુરબી મામાજી,

જ્યારે હું તમારાં મકાનમાં પેહલી રેહેવા આવી, ત્યારે હું એક દાહડે મારી લગ્નની બીના તમોને કેહેવાની અને મારા ભર્તાર તરફ તમારી દયા અને રેહેમનજર મેળવવાની આશા રાખતી હતી. પણ તેનાં નામ અને ખાનદાન તરફ તમારો મજબુત ધિક્કાર જોઇને, તથા તમારી છાતીમાં અસલી જખમ હજી સુધી વેહતો જોઇને, મેં હિંમત મુકી દીધી, અને એ વાત છુપી રાખી. તે એટલા સુધી કે કોઇ દાહડે તમે ખરી બીના જાણો તો મને એક લુચ્ચી, ઠગારી સમજો તેનો જોખમ વટીકમારે માથે ઓડીને હું એ વિષે કશું બોલી નહી. પણ હવે એ વાત છુપાવવાનો મારો વખત રહ્યો નથી. હવે ખરી બીના જાહેર કરવાની ઘડી પાસે આવીછે. હું તમારૂં ઘેર છોડીને મારા ભર્તારની શોધમાં તેનાં ગરીબડાં ઘરમાં ભાગ લેવાને જાઉંછું. અગરજો તમે મને માફ કરો એવી કાંઇ પણ દયા તમારાં દિલમાં ઉતરે અને તમારી આટલીબધી મેહેરબાનીને વાસ્તે હું જેમ ખરેખરી હેશાનમંદ છું તેવીજ હેશાનમંદ અગરજો હજીબી તમે મને વિચારો, અને અગરજો સઘળી ગઇ ગુજરી વાત વીસારી દઇને તમારા દુસ્મનના બેગુનાહ દીકરા તરફ તમોને મેહેરબાનગી રાખવાને કાંઇ પણ મન થાય તો મને પાછી બોલાવવાને તમારો એક સખુનજ બસ થશે.

લા૦ તમારી તાબેદાર અને સદાની
આભારી ભાણેજ,
ખરશેદબાઇ જમશેદજી જસાવાળા."

પોતાનું પરણ્યું ઘર છોડયા પછી આ પેહલીજવાર પોતાનાં આખાં, હકદાર, અને કાયદાસર નામની સહી કરતાં ખટલીને એક જાતની મગરૂરી અને ખુશાલી પેદા થઇ. હાલના સરખા અચોક્સ વખતમાં—કેમકે હજી સુધી તેનું ભવિષ્ય કાંઇ નકી નથી, અને ગરીબોના બચાવનું જે બોહોલી દુનિયામાં કાંઇ ઠેકાણું નથી તેવી દુનિયાને માથે પડવા જેવી હાલતમાં—તે ખુશી થઇ કે તેના મામાથી જે ઠગારો પરદો રાખ્યો હતો તે પરદો એકવાર અંતે દૂર થયોછે અને ફરી એક વાર તે પોતાનાં પ્રમાણિકપણામાં સાચી અને સુધ્ધી થઇછે.

કાગળ બીડીને તે ઉપર માણકશાહ શેઠનું સરનામું તેણીએ મજબુત હરફે લખ્યું. આ વખતે તેના હાથ ધ્રુજ્યા નહી. એ કાગળ પોતાના ઓરડાની ટેબલ ઉપર આસપાસ બીજી કશી ચીજ રાખ્યા વગર એકલું અને છુટું એવી રીતે મુકયું કે કાલે સહવારના પ્રહરમાં ઓરડામાં જે કોઇ પેહલવેહલું દાખલ થાય તેના હાથમાં એ કાગળ જ્યા વગર રેહે નહી.

પોતાના જીવને એટલી ધીરજ આપીને હવે તેણીએ જરા બિછાણાં ઉપર બરડો નાખ્યો. ઉંઘતો કાંઇ હતીજ નહી પણ જે નવી જંજાલમાં તે ઝીપલાવવા જાયછે તેની અગાઉ થોડીક આસાયશની તેને જરૂર હતી.

"હું મારો દાવ રમી રહી અને હારીછ." તે બિછાણાં ઉપર પડી પડી વિચારવા લાગી. "અગરજો હું જીતી હતે તોપણ જે જુઠી ઠગાઇ મેં આટલા વખત સુધી ચલાવ્યા કીધી અને દિલ અંદરથી ખવાઇ ચાલ્યું તેવાં દુઃખો દિલે સુખી દેખાવાનો 'ઢોંગી દેખાવ મેં ચાલુ રાખ્યોછ,' તે સઘળી ઠગાઇનો બદલો મને મામાના પૈસા મળવાની ફતેહથી ભાગ્યેજ વળી રહ્યો હતે!

પ્રકરણ ૧૧૭ મું.

એક નવો ગભરાટ—રંગમાં ભંગ.

રવિવાર આવ્યો, પેસુ ચીનો સાથે ખટલીનાં લગનનો ઇંતેજારીભરેલો દીવસ ઉગ્યો, કે જે દાહડે "ચીનાબાગ" માં એક મોટાં અને માતબર લગનની ધામધુમને બદલે એક નવોજ ગભરાટ શરૂ થયો.

એ ગભરાટ લગનની ખુશાલીને બદલે તો ઉલટોજ એક મરણની ગમીનો ગભરાટ હતો. લગનનાં રંગવાદ્યો વાગવાને બદલે તો મરણની માહેતમના અવાજો નિકળવાનો સમય થયો; અને રંગમાં ભંગ કેવો હોયછે તે આખાં પુણા શેહરને જોવાનો એક અચબુચ ધડો મળ્યો. આખાં શેહરમાં અચરતી, નવાઇ, અને નાસીપાસીનો હોહોકાર ફેલાઇ રહ્યો. સઘળે મોહડે ખુશાલીની વાત ચાલવાને બદલે ગમીની વાત નિકળી. લોકો "ચીનાબાગ" માં એકઠાં થયાં, તે ખટલીનાં લગન સારૂં નહી, પણ એક નહી ધારેલાં મોતની ગમી સારૂં એકઠાં થયાં. એ શું થયું? કેમ થયું? તેની સઘળી ચર્ચા જેમ બનાવનાં અચબુચપણાંને લીધે વધી તેમજ ધારેલાં એક લગનની ધામધુમ નહી ધારેલાં એક મોતની ગડબડમાં વધારે ફેલાવો પામી.

એ મરણ "ચીનાબાગ" ના માલેક, પુણાના એક માતબર રહીશ, અને "ખાશ" પારસીઓના એક ચલકતા સેતારા શેઠ માણકશાહ મુકાદમનું હતું. એ નામ સર્વ લોકોનાં મોંહડાંમાં બોલાતું થયું, પણ તે એકજ દાહડાને માટે. હવે એ નામ દુનિયામાં રહ્યું નથી, પણ દુનિયામાંથી નાબુદ થયુંછે. હવે એ નામ જીવતાંનું નથી, પણ મુવેલાંનું—દુનિયાથી સદાનાં ગયલાંનું—છે.

માણકશાહ મુકાદમ તે રવિવારની સહવારે પોતાનાં બીછાણાંમાં મુવેલા મળી આવ્યા. જેને પોતાનો જમાઇ કરવા ધારેલો હતો—તે આજના રવિવારનો વરરાજો—સહવારે નવ કલાકે પોતાના સરેસ્તા પ્રમાણે 'તેવણુને મળવા ગયો ત્યારે તેવણુને તેણે સદાની ઉંઘમાં પડેલા જોયા, કે જે ઉંઘમાંથી માણસે કદી જાગવાનું નથી, અને જે ઉંઘના ભેદની ઇનસાનના હાથમાં ચાવી નથી.

"કેવું અચબુચ!" આખું પુણા બડ-

બડવા પડયું. "બેહેસ્તી બિચારા આજારી તો હતા, પણ આવાં અચબુચ સેવટની આ વખતે વકી નહી હતી. એવણનો વખત પાસે આવેલો તો હતો. જીવની દોરીએ વળ ખાધેલો હતો, તે તુટી જતાં કાંઇ વાર લાગી નહી. જીંદગીનો શો ભરૂસો?"

"પણ શેઠનું વિલ છે કે?" બીજા લોકો પુછતાં. "એવણની દોલતનું શું થશે? બધી દોલત ખટલીને મળી કે?"

"ગરીબ બિચારી ખટલી! તેને આજે કેવો ઘા લાગ્યો હશે!" ત્રીજાં લોકો વિચારવા લાગ્યાં. "તે અને પેસુ ચીનો આજના બનાવથી શું વિચારતાં હશે? બુઢાજી ગુજર્યા એટલે હવે એ લોકો પરણવાનાં નથી."

"જા મરે! ત્યારે તો સારૂં થયું!" સદ્દાનાં ધનબાઇજીની તર્કબાજ અક્કલે ટીકો લગાવ્યો. "બિચારી ખટલી આ પારસી ચીનાને પરણવાના જુલમમાંથી છુટી."

"ત્યારે તો હવે હાનરેબલ હીરાજીના સોલીશેઠનું ભાગ્ય ઉઘડયું," દારૂવાળાનાં દીનમાયે વાત ચલાવી. "હવે તો ખટલી એ શેઠિયાના છોકરાને પરણીને શેઠાણી થશે, અને પોતાની ખુબસુરતીને લાયકનો મોભો મરતબો મેળવશે."

"પણ દુનિયાનો શો ભરૂસો? કુદરતનો કેવો અજાયબ ખેલ!" આખાં પુણાએ મત આંપ્યું.

દારૂવાળાનાં દીનમાય અને બીજી હિમતવાન બાઇઓએ શોકની કાળી સારીઓ પેહરી, અને "ચીનાબાગ" માં જવાની તયારીઓ કરવા માંડી. સદ્દાનાં ધનબાઇજીનું નરમ હયું તો આ અચાનક મરણના ખ્યાલથીજ પીગલી ગયું. તેવણે "ચીનાબાગ" માં બેસવા જવાનું બીજા દિવસ ઉપર મુલતવી રાખ્યું, અને તુર્ત વેળા તો ખટલી ઉપર એક દિલાસાપત્ર લખીનેજ સબુરી પકડી.

"વ્હાલી દીકરી, ધીરજ ધરજે. ખોદાતાલાપર સબુરી પકડજે. તારાં દુઃખનાં આસુંમાં મારાં આસું હુમેરવાને હું કાલે આવી મળીશ. ખોદા તુંને મળવા આવનારાંઓને મળવા જેટલી ધીરજ આપે! મારા દીકરા જાંહાંગીરનું તો તારી ઉપર પડેલાં આ દુઃખના ગમથી દુશ્મનનું દિલ ભાગીજ ગયું છ."

એ તો "ચીનાબાગ" ની બાહારનો ગભરાટ થયો. પણ અંદરના ગભરાટનું બ્યાન શું કરીશું? મોતનાં બીછાણાં આગળ ડાકટર બક્ષ્ટનને ઉતાવળેથી તેડી મંગાવ્યો,. પણ.તે પેસુ ચીનાએ નહી. પેસુ ચીનાને ડાકટરોનાં વેજાં ઉપર વિશ્વાસ નહી હતો.

"એક માણસ મરી ગયા.પછી ડાકટરો આવીને શું ધોળવાના છે?" પેસુએ તુચ્છકાર બતાવ્યો. "જે લોકો જીવતાને પાછા સાજા નહી કરી શકે તે લોકો મુવેલાને શું કરી શકવાના છે?"

પણ તોબી ઘરમાંનાં માણસોની દોડાદોડીથી ડાકટર બક્ષ્ટન આવી લાગ્યો. કાવલો ચાકર પણ આ દોડાદોડીમાં સામેલ હતો નહી. આવા એક માનવંત શેઠને ખોહવાના ગમથી તેનુંતો દિલજ ભાગી ગયું હતું, અને તે તો બબરચીખાનામાં ફસડાઇને બેસીજ રહ્યો હતો.

પ્રકરણ ૧૧૮ મું.

મોટા ડાકટરના શક.

ડાકટર બક્ષ્ટન તેડાવતાંને વારજ આવી લાગ્યો. પેસુ તેને ઓટલા ઉપર લેવા ગયો.

"ઘણો માઠો બનાવ બન્યોછ, ડાકટર સાહેબ." તે બોલ્યો.

"માઠો તો માઠો, પણ ઘણો અચબુચ થયોછ, મી૦ પેસ્તનજી" ડાકટરે વેહેમભરેલો જવાબ દીધો. "માણુકશાહ શેઠને મેં કાલે જોયા ત્યારે તેવણની માંદગીના આ અંતની મને જરાબી વકી નહી હતી. ગમે એવા ફિકરમંદ ડાકટરને પણ ફિકર લાગવા જેવી કાંઇ નીશાની નહી હતી."

"કાંઇ 'હાર્ટ'ને અસર થઇ હશેજી," પેસુએ તર્ક બાંધી.

"'હાર્ટ'!' શેઠનું 'હાર્ટ' તો ઘણું તંદુરસ્ત હતું, અને 'હાર્ટ' ની કસર હશે તો હમણાં તપાસ કરતાં માલમ પડશે," ડાકટરે શક બતાવ્યો.

માણુકશાહ મુકાદમના આ માઠા અંત ઉપર ડાકટર બક્સ્ટનની અચરતીનો પાર નહી હતો. એ અચરતીએ તેનાં દિલમાં મજબુત શકનું ઘર કીધું હતું, અને તે શક તેણે થોડીજ વારમાં પેસુ ચીના આગળ આ અચુક આકારમાં જાહેર કીધો કે:

"આ લાશ ઉપર કોરોનરની જુરી ભરવી પડશે. હું ધારૂંછું, મી૦ પેસ્તનજી, કે જુરી ભરવા સામે તમોને તો કાંઇ અડચણ નહી હશે. મરનારના ધારેલા જમાઇ દાખલ હું તમોને ઘેરના એક માણસ ગણુંછ, અને તેવા એક માણસ દાખલ આ સવાલ પુછુંછું કે તમોને કાંઇ વાંધો તો નથી?"

"વાંધો શાનો સાહેબ?" પેસુએ જવાબ દીધો. "પણ ડાકટર, જે માણસ લાંબા દાહડાનો માંદગીને બીછાણે પડેલો હોય, અને તે માંદગીના કુદરતી પરિણામ લેખે મરણ પામે, એટલુંજ નહી પણ જેનું મોત ગમે એટલું અચબુચ હોવા છતાં કુદરતી નિપજે, તેનાં મોત ઉપર જુરી ભરવાનો કાંઇ સરેસ્તો નથી."

"નહી, નહી! તેમ નથી?" ડાકટરે મજબુત અભિપ્રાય આપ્યો. "આ મોત એટલું જલદી, અને એટલું અચબુચ આવ્યુંછ કે તે મરનારની માંદગીનું કુદરતી પરિણામ હોયજ નહી. મરનારને હું ગઇ કાલે પુરતા તનદરોસ્ત જોઇ ગયો હતો. તેવણુની હાલત વિષે મને મીસ ખરશેદબાઇએ ખંતથી પુછયું હતું. પણ હું સાફ ખાતરી આપી ગયો હતો કે તેવણુના જીવની ધાસ્તી કાંઇજ નહી હતી. ગરીબ બિચારી છોકરી! તેને આજે કેવો ભયંકાર ઘા લાગ્યો હશે! એ બાઇ કેમ છે?"

ડાકટરની આ દયાળુ પરપુછનો પેસુથી કશો જવાબ દેવાઇ શકાયો નહી. તેણે સાફ કાન ઉપર હાથ મેળ્યા કે:

"ખરશેદબાઇ કેમ છે તે હું કાંઇ જાણુતો નથી, ડાકટર. તે કાંઇ આ ઘરમાં નથી. તે તો આજ સહવાર અગાઉની બાહાર ગઇછે અને પાછી આવીજ નથી."

"શું? ઘરમાં નથી? કેવી અજાયબ વાત!" ડાકટર બક્સ્ટન અચરત થયો. "પણ આજે તો એવણુનાં લગ્ન હતાં!"

"હાજી," પેસુએ જવાબ દીધો.

"ત્યારે પોતાનાં લગ્ન જેવે દાહડે એક બાઇ પોતાનાં ઘરમાં નહી રેહે એ તે કેવી વાત! હમણાં દસ વાગી ગયાછે, અને તોબી તે પાછી આવી નથી? એ કેમ બને?"

"એ વાત અજાયબજેવી છે સાહેબ, પણ તદન ખરી છે. ખટલી તો સહવારે બધાં સુતેલાં હતાં ત્યારની ગઇછે."

આ ભેદથી ડાકટર બક્સ્ટનનાં વેહેમમાં એટલો તો વધારો થયો કે મરનારની તપાસ કરવાનું પણ ભૂલી જઇને તે પેસુ ચીના સાથે વધારે વાતજ કરવા લાગ્યો.

"મી૦ પેસ્તનજી હું તમોને કાંઇ નાખુશ વાત પુછું તો મને માફ કરજો, અને તે એટલુંજ કે આજનાં આ લગ્ન વિષે કાંઇ જબરદસ્તી તો થઇ નથી? એ લગ્ન ઘણાં અચબુચ ગોઠવવામાં આવ્યાં હતાં, અને મિસ ખરશેદબાઇનું સાટું તો અમે પુણેનાં લોકો કોઇ બીજે ઠેકાણે થયલું ધારતાં હતાં. ગઇ પરમ દિનેજ મેં એ જુવાન બાનુ સાથે એ વાત કાહાડી હતી. ત્યારે તેનાં મનની બેચેનીની નિશાણો હું પામી ગયો હતો. એનાં દિલમાં બોખાર હતી. મગજ ઉસ્કેરાયલું હતું. તે દિલથી કાયલી દેખાતી હતી. તે ઉપરથી મને શક જાયછે કે તમારા સાથ પરણવાને કદાચ તે ખુશી નહી હોય અને કાંઇ જબરી થઇ હોય. તમો અને તેની વચે એખલાસ તો સારો હતો ની?"

"ઘણોજ સારો સાહેબ, ગમે તો કાવલાને પુછી જુવોની?" પેસુ ચીનાએ ખાતરી આપી. "રાત્રે ખાણા ઉપર અમો બે જણ સાથે હતાં અને કેવી હસીખુશીથી અમો વચે બધી વાત ચાલીતી તે કાવલો જોતો હતો."

"ત્યારે તો હું કેહુંછું તે માફ કરજો કે મિસ ખરશેદબાઇના નાહાસી જવાનું હું બીહીતો હતો તેવું કારણ કાંઇ નથી."

"મુદલબી નહી, સાહેબ અમારી ચીનની મુસાફરીને માટે એણે પોતાની પેટીઓ પોતાને હાથેજ પેક કીધીતી અને પોતાને હાથેજ તે ઉપર સરનામાં લખ્યાં હતાં. હું એમ નહી કેહેતો કે જેટલો હું એને ચાહતો હતો તેટલી એબી મને ચાહતીજ હતી. પણ તે જાણુતી હતી કે મારૂં બધું હેત મેં એને અર્પણ કરેલું હતું, અને એના મામાએ પોતાની

સઘળી ઉમેદ આ લગનમાં ભરેલી હતી. અને તેમ જાણ્યાથીજ એ છોકરી પછવાડેથી તાબે થઇ હતી."

"એમ છે ત્યારે તો હું સાંભળીને ખુશી છું." ડાકટર બક્ષ્ટને ખુશી બતાવી. "કાંકે એ છોકરી આજના જેવે દાહડે સહવારના પ્રહરથી ઘરની બાહર નિકળી જવાથી હું બીહીતો હતો કે તેના મગજના ગભરાટનું યા તેના ઉપર કાંઇ દુઃખ પડવાનું કાંઇ કારણ છે. પણ તમો કહોછો કે તે એટલી વેહલી નિકળી ગઇછે કે એના મામાનાં મરણની તે વખતે કોઇને ખબર પણ નહી હતી?"

"ખચીત, મેં એ જાણ્યું તેની અગાઉની તો તે ગયલી હતી," પેસુએ ગંભીર જવાબ દીધો.

"અને તમે સહુથી પેંહલે જાણ્યું હતું? તમારી અગાઉ તો શેઠના ગુજરવાની વાત ઘરમાં કોઇને ખબર નહી હતી?" ડાકટરે પુછીને ચોકસ કીધું.

"હાજી," પેસુએ ભરૂસો આપ્યો. "ઘેરનાં માણસો ઘેર ઉંઘાડવા જાય તેની અગાઉ તો ખટલી ગઇ ચૂકેલી હતી. માણસોએ જોયું તો તેઓએ ઓટલાનું બારણું ધારા પ્રમાણે ઉંઘાડવા અગાઉ કોઇ ઉંઘાડી ચૂકેલું હતું."

"પણ દરવાજાના ચોકીબાને તેને જવા દીધી હશે, અને જતી જોઇ હશે?"

"નહીજી. એ તો બાગને પાછલે બારણેથી બાહાર ગયલી માલમ પડેછે. પાછલાં બારણાંને અંદરથી તાળું મારેલું હતું અને તેની ચાવી એક ખીલા ઉપર ઓળવેલી હતી. તે ચાવીએ કરીને તાળું ઉંઘાડેલું અને તે તાળાં ચાવીને બારણાંના નકુચામાં મુકીને ગયલું કોઇ જણાયું તે ઉપરથી ધારી શકાયછે કે ખટલી એ બારણેથી જતી રહી હશે."

"ત્યારે તો આ ઘણું પકું કામ કીધેલું લાગેછે. દીવાનાઓ અને ઉંઘમાં ચાલનારાંઓ એમજ બેભાની છતાં ઘણું પકું કામ કરી શકેછે."

ડાકટર બક્ષ્ટનને એવો વિચાર ઉપજ્યો કે પોતાનાં અણગમતાં લગનની નાખુશીમાં ખટલીનું મગજ દીવાનું થયું હશે. અને તેથી કરીને પોતાનાં લગન જેવે દાહડે તે ઘેલાપણાંનાં જોશમાં નાહાસી ગઇ હશે.

"બિચારી શેહરમાં ઘેલીની માફક દમકતી ફરતી હશે તો તેને કાંઇ ઇજા થશે," ડાકટર દયા ખાઇને બોલ્યો, અને તે પણ તેની આ અટકળને ટેકો આપનારૂંજ હતું. અને તેથીજ તેણે પેસુને પુછયું કે "ભાઇ, તમે એ છોકરીની કાંઇ તલાસ કરાવીછે કે નહી?"

"નહીજી. મને તો આજના આ માઠા બનાવ વિષે ઉપજેલો ગભરાટજ પુરતો છે," પેસુએ ખોલાસો કીધો. "એક કલાક અગાઉ સુધી તો હું એવું ધારતો હતો કે એ છોકરી પોતાના મેહલાશાહ મામાને મળવા ગઇ હશે. આજના જેવે શુભ દાહડે પોતાની બેહનોને કાંઇ કેહેવા ગઇ હશે. પણ ત્યાર પછી એની બેહન મેહરી એને પુછતી આવી ત્યારેજ હું તો બીહીધો, અને તોપણ એ શો બનાવ બન્યોછ તે હું કાંઇ સમજી શકયો નહી. હું તમોને શું કહું, ડાકટર? આજના બનાવોથી મારો જીવ ઘણો ગભરાયછ."

"ખરેખર, હું ઘણો દલગીર છું, ભાઇ. પણ મને તો આ છોકરીના ગુમ થવા વિષે ઘણી દયા લાગેછ." ડાકટર દયા ખાઇ બોલ્યો. "મુવેલાંઓને માટે આપણે કાંઇ કરી શકતાં નથી. આ મરણનું કારણ વૈદકશાસ્ત્રની તપાસથી આપણે શોધી કાહાડીશું, પણ અફસોસ કે તે કરતાં વધારે આપણે કાંઇ કરી શકીશું નહી. પણ જે જીવતાં છે તેને માટે આપણે વધારે સંભાળ લેવી જોઇયે. હું તો તમોને ભલામણ કરૂંછું કે મિસ ખરશેદબાઇનો પત્તો મળે એવાં જે જે ઠેકાણાં હોય ત્યાં બધે તમે પુછાવો, અને પોલીસને પણ ખબર આપી મુકો. એક ગભરાટમાં નાહાઠેલી ઘેલી છોકરી શું શું નહી કરે તે કાંઇ કેહેવાઇ શકાતું નથી. એવાં વખતમાં તેણે જીવપર કરવાની ધાસ્તી વિશેષ હોયછે."

"ખરૂં છે, સાહેબ." પેસુ ચીનાએ રડમસ ચેહરે ટેકો આપ્યો, કે જે ચેહરામાં ખટલીની મોહબત, ફીકર, ઇંતેજારી અથવા એવીજ બીજી કોઇ લાગણીના કરતાં બેચેનીનો છાપ વધારે છપાયલો હતો. "હું એકદમ પોલીસને ખબર આપવા જાઉંછ અને ખટલીની શોધમાં માણસોને દોડાઉંછ."

"જરા સબુર, ભાઇ." ડાકટર બક્ષ્ટને પેસુને થોભાવ્યો, "તમે આંહીથી જાવો તેની

અગાઉ એક સવાલ મારે પુછવોછ. માણકશાહ શેઠને તમે સુવેલા જોયા તે કયારે અને કેમ જોયા તે બધું મને માંડીને કહો."

"આજે સહવારે નવ વાગતે મેં તેવણને જોયા," પેસુએ હેવાલ કેહેવા માંડયો, "બામદાદના ચાર વાગતે કાવલો શેઠને દવા આપવા ગયો તે વેળા તેવણને નિરાંતે જોઇ આવ્યો. હું છ વાગતે ઉઠયો અને મારા ઓરડામાં નાહી ધોઇને આઠ વાગતે હેઠલ નાસ્તો લેવા આવ્યો. નાસ્તો હું એકલોજ જમ્યો, પછી નવ વાગતે ટપાલ આવ્યો તેમાં એક કાગળ મારૂં અને શેઠનાં કામનું હતું તે લઇને હું તેવણને દેખાડવા માળા ઉપર ગયો. તેવણના સુવાના ઓરડાનું બારણું અંદરથી બંધ કરેલું હતું તે મેં ઠોકયું, પણ કાંઇ જવાબ મળ્યો નહી. ફરીથી ઠોકયું ત્યારેબી તેમનું તેમજ રહ્યું. આથી મને ઘણી અચરતી લાગી. કેમકે કદાચ શેઠ પોઢેલા હોય તોબી તેવણ ઠોકયાથી જાગે નહી એવી તેવણની ભરઉંઘ કદી હતીજ નહી. મેં તુર્ત હેઠલ આવીને કાવલાને બોલાવ્યો અને પાછળે રસ્તે ચાકરોના દાદરઉપરથી કાવલાના જવાને બારણેથી હું અંદર ગયો. તે બારણું કાવલાના આવવા જવાને માટે રાખેલું એટલે બંધ નહી કરેલું પણ અળગુંજ હતું. હું અને કાવલો બેહુ જણ અંદર ગયા, અને જઇને શેઠને બીછાણાંમાં પોઢેલા જોયા, પણ તે તો મોતની સેવટની ઉંઘ માલમ પડી. અમે હાંક મારી, હીલવ્યા, પણ તેવણ જાગ્યા નહી."

"કાંઇ ચેહરા ઉપર ગભરાટ હતો? કાંઇ તરફડયાંની નીશાની હતી?" ડાકટરે પુછયું.

"કાંઇ નહી સાહેબ" પેસુ ચીનાએ જવાબ દીધો.

"કેવું અજાયબ જેવું!" ડાકટર બક્ષ્ટન ને આ ખોલાસા ઉપર ગુચવાડો ઉપજયો. "શેઠના 'હાર્ટ' ને તો કાંઇજ હરકત નહી હતી. છેલી ખાંસીની વખતે મેં એવણની છાતીને ઘણીબી વખત નળી મુકી જોઇ હતી, પણ એવણનાં કરતાં મજબુત બાંધો મેં કોઇનો જોયો નહી હશે."

"વારૂં હમણાં જરા તપાસીતો જુવો, ડાકટર?" પેસુએ સુચવ્યું.

"હા ચાલો, એકદમ. હું તપાસ કરવાજ આવ્યોછું."

એમ કહીને ડાકટર બક્ષ્ટન પેસુની સાથે માળા ઉપર ગયો.

પ્રકરણ ૧૧૯ મું.

શકભરેલું મરણ.

માળા ઉપર જઇને ડાકટર જુવેછે તો માણકશાહ શેઠ પોતાના ઓરડામાં સઘળા સોનેરી સાજ વચે અને સઘળી કુદરતી શોભાની સુગંધ વચે પોતાની સેવટની ઉંઘમાં લોથપોથ પહેલા હતા. ચાકરોએ દરએક સામાન સાફ કરેલો હતો. ટેબલ ખુરશીઓ ગોઠવેલી હતી. કાગળોના ઢગલા, દવાની સીસીઓ વગેરે સઘળું ઉંચકી નાખ્યું હતું, અને સચકારની ક્રિયાને માટે આવનારા મોબેદો તથા તપાસને માટે આવનારા ડાકટરોને સારૂં સઘળી ગોઠવણ સજ રાખેલી હતી.

ડાકટર બક્ષ્ટન મરનારના ઓરડામાં એકલોજ ગયો, અને આસરે દસેક મિનિટ સુધી તપાસ ચલાવીને ઘણા દલગીર ચેહરે અને ગંભીર દેખાવે ઓરડાની બાહાર પેસુ ચીનાને આવી મળ્યો. સુવેલા માણસોને વારે ઘડીએ જોવાની આદતથી કરીને મોતનો દેખાવ તેને ગમે એટલો સાધારણ થઇ જવા છતાં આ મોત ડાકટર બક્ષ્ટનને મનથી કાંઇ ભારી અજાયબી પમાડનારૂં હતું.

"કેમ ડાકટર સાહેબ? મરણ તો ઘણું શાંતીથી થયુંછ, નહી?" પેસુએ પુછયું.

"હા."

"ત્યારે બિચારા કાંઇબી દુઃખ ખમ્યા વગર ગુજર્યાછ?"

"દુઃખ વગર મરણ થયું તેટલુંજ નહી પણ તુર્તને તુર્ત તાબડતોબ મરણ થયલું લાગેછે," ડાકટર બક્ષ્ટને અભિપ્રાય આપ્યો.

"ત્યારે તો સાહેબ કાંઇબી 'હાર્ટ'નીજ હરકત હશે?" પેસુએ મરનારની આ શાંતિ ઉપર તર્ક બાંધી. 'હાર્ટ' એકાએક ચાલતું બંધ પડી ગયું હશે?"

"નહી, નહી. એવણુને કાંઇ 'હાર્ટ ડીઝીઝ' નહી હતું. એવણનું 'હાર્ટ' તો તમારાં ને મારાં કરતાં મજબુત હતું."

"ત્યારે શું કારણ હશે?"

"જે હશે તે જીુરીની આગળ માલમ પડશે."

"ત્યારે શું તમે હજી જીુરી ભરાવવા માંગોછો, ડાકટર?"

"મરનારની તપાસ કીધા પછી તો હું જીુરીની વધારે અગત્ય જોવુંછું," ડાકટરે મત આપ્યું.

"તેનું કારણ મને કેહેશો, ડાકટર?" પેસુએ ઇંતેજારીથી પુછ્યું. "જીુરી ભરવાની એટલીબધી શી અગત્ય છે?"

"તે હું તમોને પછી કહીશ."

ડાકટર બક્સ્ટને કશો ખોલાસો આપવાની ના પાડી તે ઉપરથી જણાયછે કે તેનાં મનમાં આ મોત વિષે કાંઇ મજબુત વેહમ પડયો કે જે વેહમ પેસુ ચીનાના ગુચવાડાને વધારનારો થઇ પડયો હતો.

આ વેહમમાં ને વેહમમાં બેહુ જણે પાછા દાદર ભણી પગળાં ભર્યાં. પણ તેટલાંમાં ડાકટર બક્સ્ટન એક બારણાં આગળ ઉભો રહી ગયો.

"અરે! પણ આ બારણું કોણનું?" ડાકટર અચરતીથી યાદ કરીને બોલ્યો. "એ તો મિસ ખરશેદબાઇના ઓરડાનું બારણું છે. એ બારણેથી તે પોતાના મામાના ઓરડામાં જતી હતી, નહી?"

"હાજી. સહવારના ઉઠતાંની વાર ખટલી મામાને મળવા એજ બારણેથી જતી હતી."

"ત્યારે તો જરા એ ઓરડામાં જઇને આપણે તપાસ કરીએ. એ બાઇને જતી રેહેવાનું કારણ એ ઓરડામાંથી કદાચ મળે. કદાચ કાંઇ કાગળ હશે. તમે એ ઓરડામાં આજ સહવાર પછી ગયાછો કે નહી?"

ડાકટર બક્સ્ટનના આ સવાલનો જવાબ એટલોજ મળ્યો કે સહવાર પછી ખટલીના ઓરડામાં તેની આયા સિવાય કોઇ ગયું નહી હતું. ડાકટર બક્સ્ટને આ ઉપરથી બારણું ઉઘાડીને અંદર જવાનું વધારે કારણ જોયું. ઓરડામાંનો સામાન રાત્રે ખટલી હતી ને ગોઠવેલો હતો તેમનો તેમજ હતો. તેની ટેબલ અને તેના કાગળપત્રોને કોઇએ હાથ લગાડવો નહી એવો માણસોને તેનો હુકમ હતો. ડાકટરે આખા ઓરડામાં બારીકીથી તપાસ ચલાવી.

"કાંઇબી કાગળ મુકેલું હોવું જોઇયે," તે બોલ્યો. "બૈરાં નાહાસી જતી વખતે એમ કાગળ મુકી જાયછે."

"પણ સાહેબ, ખટલી નાહાસી ગઇછે એમ સમજવાનો આપણને હક શું?"

"હક તો કાંઇજ નથી તોપણ તે નાહાસી ગઇ હોય એમ લાગેછે ખરૂં."

ડાકટર બક્સ્ટને ટેબલ ઉપરની એકેએક ચીજ તપાસી. ખટલીની ઇસકોત્રી ઉઘાડી જોઇ, પણ કેહેથી કશો કાગળ મળ્યો નહી.

તોબી અચબુચ એક ચીજ ઉપર ડાકટરનું ધ્યાન વધારે ગયું. તે કાંઇ કાગળ નહી હતું, પણ એક નાની રેશમી અસ્તરની બાસ્કેટમાં એક નાનકડી ખાલી સીસી હતી.

"ઓહો! 'પૃસીક આસીડ'?" સીસીનો બુચ ઉંઘાડીને તથા સુંઘી જોઇને તેના કડવા વાસ ઉપર પોતાનું નસ્કોરૂં ચહડાવીને તે બોલ્યો. "એ સીસી અંહી કયાંથી? કેવું અજાયબ જેવું!"

"અજાયબ જેવું તો ખરૂં સાહેબ! પણ હું ધારૂંછ કે નાદાન છોકરીઓ ચેહરાની ખુબસુરતીને માટે એ આસીડ સાથે કાંઇ ચેડાં કાહડેછે ખરી." પેસુ ચીનો જે પાસે ઉભો રહીને બારીક નજરે ડાકટરના ચેનચાળા તપાસતો હતો તે બોલ્યો.

"કાંઇબી નહી. બૈરાંઓ એ આસીડની વાત શું જાણે?" ડાકટરે તેને તદન ખોટો પાડયો, "પણ કાંઇ નહી એ સીસી હમણાં તો હું મારી પાસે રાખુંછું, એવી સીસીઓને આમ ઓરડામાં રખડતી નાખવી નહી જોઇયે."

"પણ છો રહી, સાહેબ. ખાલી સીસીની હરકત શી?" પેસુએ વાંધો લઇ એવું દેખાડયું કે જાણેકે એ સીસી ડાકટરના લેવાથી તે ખુશી નહી હતો.

"હરકત તો કાંઇ નથી, મી० પેસ્તનજી પણ એ સીસી મારી પાસે રહેલી ભલી," ડાકટરે ચોકસ ચેતવણી આપીને સીસી પોતાના ખીસામાં મુકી. "એ સીસી આપણે

કયાંથી ઉંચકીછે તે જગ્યા તમે બરાબર યાદ રાખજો, મીo પેસ્તનજી."

"હવે ડાકટર સાહેબ, બેહેસ્તીનાં રૂવાનનું ક્રિયાકામ ચલાવવા માટે તમે એવણનાં મરણની સરટીફીકિટ આપો," પેસુએ તેને અરજ કીધી.

"નહી, નહી. હમણાં નહી," ડાકટરે વાંધો લીધો. "ક્રીયાકામ કશું હાલ કરાય નહી. જુરી તપાસે નહી ત્યાંસુધી મરનારને ઉંચકવા નહી જોઇયે, પણ જ્યાં છે ત્યાં જેમના તેમ રેહેવા દેવા જોઇયે; અને જેવી હાલતમાં મરણ થયુંછે તેવીજ હાલતમાં જુરીને જોવા દેવા જોઇયે."

"એ તો ઘણું નાખુશ થયું. સાહેબ." પેસુએ દલગીરી દેખાડી. "એ તો સારૂં થયું કે આ ઘેરમાં કોઇ વેહમી બૈરાં નથી, નહી તો કે તેઓ રૂવાનને એમ સચકાર વગર કદી રેહેવા દે નહી."

"બૈરાં હોત તોપણ હું એમજ કરત. શકભરેલાં મરણ વચે જુરીની તપાસ અગાઉ કોઇને કશો પણ હાથ લગાડવા દેવાનો ધારો નથી."

આટલી વાત કરીને ડાકટર બલ્ટન નિકલ્યો તેવોજ કારોનરને ખબર આપવા ગયો. "ચીનાબાગ" માં બનેલા આ શીહા બનાવ ઉપર બંનેએ ઘણીક વાત ચલાવી. કારોનરે તુર્તજ પોલીસ સરજ્યન ડાકટર સિમ્પસન ઉપર હુકમ મોકલ્યો કે મરનાર માણુકશાહ મુકાદમની લાશ ચીરીને તપાસ કરવી અને જુરી ભરાય ત્યારે શાક્ષી આપવાને હાજર થવું.

પ્રકરણ ૧૧૦ મું.

"લાલ કીલ્લા" માં ઊંડી મસલતો.

"લાલ કિલ્લા" માં રોજના કરતાં આજના રવિવારે વધારે ગડબડ ચાલી હતી. અલબતાં પેહલી ગડબડ ખટલીનાં લગ્નની ધામધુમ અને તૈયારીઓને લગતી હતી. પણ પાછળથી માણુકશાહ મુકાદમનાં અચબુચ અને અકાળ મરણથી તે સઘળી ધામધુમ બંધ કરવાને લગતી ગડબડ ચાલી હતી. મરનારના ભાઇ ડાકટર મેહલાશાહ સહવારના પ્રહરથી પોતાનાં ઘરાકોમાં ફરવા ગયા હતા, અને શેહરથી વધારે દૂર જવાને સબબે તેવણને આ માઠા બનાવની કશી ખબર નહી હતી. પણ ઘરમાંના નોકરનફરો અને છોકરીઓ વચે મુખ્ય વાત મરનારના પૈસા ઉપર અટકી હતી.

છોકરીઓમાંથી મેહરી તો આજ સહવારની "ચીનાબાગ" માં ગયલી હતી, કે જયાં એકાએક પોતાની વડી બેહનના ગુમ થવાથી તથા તેજ દિને પોતાના મામાના ગુજરવાથી મેહરીને કેવો ગભરાટ ઉપજયો હશે તે કેહેવા કરતાં વિચારવાનું વધારે સવલ છે.

બીજી બેહન નાજાં ખટલીનાં લગનમાં ભાગ લેવાને સહવારનાં લગ્નને વખતે જવાની હતી, અને તેટલા માટે તૈયાર થઇને મેહલાશાહ મામાના આવવાની રાહ જોતી હતી. તેજ વખતે એકાએક માકામામાના ગુજરવાની ખબર મળવાથી નાજાંને અતિષય અચંબો પેદા થયો. તે રાંધણીમાં દરાનબાજનું કામ કરતી વીલર ગોરાણી આગળ દોડી ગઇ, અને વીલરને વાકેફ કરી નાદાનીનાં જોરામાં આવા એક પૈસાદાર મામાને ખોહવા સારૂં ઘણું રડવા લાગી. વીલરે તેને દીલાસો દઇ મુગી રાખી, અને મુગી રાખ્યા પછી તેની સાથ માકામામાના પૈસાની ઘણીક વાતો કરીને તે નાદાન છોડીનું મન વેરાય એવો એ એકજ વિષય તેની આગળ કાહાડી બેઠી.

નાજાંનાં મગજમાં આજના દાહડા વિષે એક મોટો અને ઉંડો ભેદ ભરેલો હતો. તે એમજ કે ખટલી, પેલા જે અજાણ્યા ધણીને છુપી રીતે પરણેલી નાજાંને જણાવી ચૂકી હતી તે હવે પેસુ ચીનાને ફરીથી પરણવાને કબૂલ કેમ થઇ હશે, અને પરણીજ કેમ શકશે? નાજાં આજે ખટલીને એ સઘળો ભેદ પુછવાની હતી, પણ તેટલાંમાં વળી ખટલી એકાએક જતી રેહેવાની ખબરથી તેની અજાયબીના ભેદની ગોયા તેને ચાવી હાથ લાગી હતી. ખટલી આ લગ્ન અટકાવવા માટેજ નાહસી ગઇ હશે એટલી સાદી તર્ક બાંધવાની તો નાજાંને સાદી સમજણ હતી. પણ તેજ દાહડે વળી માકામામાના ગુજરવાથી પોતાને મળતો

મોટો વારસો ખટલીને ખોહવો પડશે એવા ખ્યાલથી નાજાંને તરેહવાર અચરતી ઉપજી હતી.

પણ ખટલીનો આ ભેદ છુપાવવાનો નાજાંએ કોલ આપ્યો હતો તે કોલ વફાદારીથી પાળીને તેણીએ આ ભેદ ઘણી બારીકીથી પોતાનાં મનમાંજ સાચવી રાખ્યો હતો, તે ભેદ જાહેર કરવાની આજની ગમે એવી લાલચ વચે પણ એ વિશ્વાસુ છોકરીએ પોતાનું મન માર્યું.

મેહરી બપોર અગાઉ મરનાર મામા—જેના મરવાની તે વાટ જોતી હતી તથા જેને જીવતાંજીવત ગાળો દેતી હતી—નાં મરણ ઉપર રડી રડીને લાલ બોટાં જેવી આંખ્યો લઇને "લાલ કિલ્લા" માં પાછી આવી. માકા મામાની લાશ ઉપર જુરી ભરાવાની ખબરનો ગભરાટ પણ તે પોતાની સાથે લેતી આવી હતી, અને એ ગભરાટ ઉપર બેહુ બેહનોને સાથે બેસીને વાતો કરવાની ઠીક તક મળી હતી.

માકામામાનાં વિલમાં આ બેહનોને માટે કેટલા પૈસા લખેલા હશે તે વિષેની અટકળો કરતાં તેઓનું મગજ લગભગ ચળી ગયું. નાજાંનાં મગજમાં રૂપ્યાના સેંહકડો અને હજારોનાં આંકડાજ રમ્યા કરતા હતા, કે જે હજારો તેણીએ કદી નજરે જોયા નહી હતા, પણ પોતાની અંકગણિતની ચોપડીઓમાં ખાલી આંકડાઓ શિખીને તેમનો એક ખ્યાલી ભરમ માત્ર તેનાં ભેજાંમાં ભરેલો હતો.

માકામામા કદાચ ખટલીને પોતાની આખી દોલત આપી ગયા હશે તોપણ તેની બેહનોનાં નામ ઉપર પંદર વીસ હજારનો વારસો તો લખ્યા વગર મરણ પામ્યા નહી હશે; અને મેહરી તથા નાજાં જેવી સુકી અને લુખી કન્યાઓને મનથી તો પંદર વીસ હજાર રૂપીયા એક મોટી દોલત જેવા હતા. મેહલાશાહ મામાએ તેઓને શિખવ્યું હતું કે વીસ હજાર રૂપીયા ઉપર વર્ષ દાહડે નજદીક એક હજાર રૂપીયા વ્યાજના થવા જાયછે ત્યારે વર્ષ દાહડે એટલી આવક એ નાની છોકરીઓને માટે કાંઇ નાની નહી હતી. હવે નાજાંએ મોજાને ઠીગડાં મારીને પેહેરવાની અગત્ય રેહેશે નહી, અને પેહેરવા ઓઢવામાં ગમે એવી ચામડતોડ હોવા છતાં નવાં કપડાંના તેને વાખા પડવાના નહી હતા.

મેહલાશાહ ડાકટર બપોરને વખતે ફરીને ઘર આવ્યા ત્યારે પોતાના ભાઇને લગતા માઠા સમાચાર તેવણે પોતાની રડતી ભાણેજોથી સાંભળ્યા, કે જે સમાચાર ઘણાં દુઃખ સાથ સાંભળીને તેવણ હજી તો ભાણેજો સાથે સેજ વાત કરેછે તેટલાંમાં તેવણને ખબર મળી કે ડાકટર બક્ષ્ટન તેવણને મળવા આવ્યો હતો. ડાકટર બક્ષ્ટન જેવા મોટા ડાકટરને તેવણ સરખા એક ગરીબડાનું શું કામ પડયું તે તેવણ સમજી શકયા નહી, તોપણ લાગલાજ તેવણ દવાખાનામાં તેને મળવા દોડયા.

"કારોનરે માણકશાહ શેઠની લાશ ચીરીને તપાસવાને ડાકટર સિમ્પસનને હુકમ કીધોછે અને તેની સાથે મદદમાં રેહેવાને મને ફરમાવ્યુંછે" ડાકટર બક્ષ્ટને પોતાના આવવાનું કારણ સમજાવ્યું, "તે ઉપરથી હું તમોને ખબર આપવા આવ્યોછું કે મરનારના સગા ભાઇ દાખલ તમે પણ તે વખતે હાજર રહો, તો સારૂં."

"એ તમે શું કહોછો, ડાકટર?" મેહલાશાહ આ વાતથી ઘણા અજબ થઇ ગયા અને પોતાના માતબર ભાઇ ઉપરનાં આવાં ચુથણાં વિષે નાખુશી બતાવવા પડયા. "મારા ભાઇનાં મરણમાં ભેદ જેવું તો કાંઇ નથી? એવણ ઘણા દાહડાના આજારી હતા?"

"આજારીતો હતા, પણ એવણના એટલા અચણુચ મરવાની વકી નહી હતી." મોટા ડાકટરે સમજ પાડી, "અને તેટલા વાસ્તે એવણનાં અચણુચ મરણનાં કારણ વિષે ખાતરી કરવાની જરૂર છે. પણ એ ઉપરાંત હું એક બીજી વાત તમોને પુછવા આવ્યોછું, ડાકટર મેહલાશાહ."

એટલું કહી ડાકટર બક્ષ્ટને પોતાના ભાઇબંધ ડાકટરની અચરતીમાં એક નવી નવાઇનો સવાલ ઉમેરીને વધારો કરી આપ્યો.

"પુછોની સાહેબ, શું પુછોછો?"

"હું એમ પુછુંછું કે તમે તમારાં દવાખાનામાં કાંઇ 'પ્રુસીક આસીડ' વાપરોછો?"

આ સવાલથી મેહલાશાહ ઘણા ચોંકયા, અને ફગલાઇને ડાકટર બક્ષ્ટનનો ચેહરો જોવા લાગ્યા.

"કોઇ કોઇ વખતે હું એ દવા વાપરૂંછ. પણ તેનું શું?" તેવણે પુછ્યું.

"તમારાં દવાખાનામાં એ આસીડ ત્યારે તો હંમેશ રેહતી હશે?"

"હા. છેક ઉંચી અભરાઇ ઉપર મેં બીજા ઝેરોની સાથે બ્લુ રંગની સીસીઓમાં ઝેર તરીકે ઓળખાઇ આવવાની લીલી ટીકીટ મારીને પ્રુસીક આસીડ રાખેલીછે, કે જેથી કોઇ દાહડે ભુલથી કોઇનાથી પણ એ ઝેર બીજી દવા લેખે વાપરી શકાય નહી."

"તમારી એ સાહુચેતીને માટે હું ખુશી છું," ડાકટર બક્સ્ટન બોલ્યો.

"પણ સાહેબ, એ વાતને મારા બાઇનાં મરણ સાથ શો સંબંધ?" ડાકટર મેહલાશાહે અધીરાઇથી પુછ્યું.

"એટલોજ કે મરનારને મુવા બાદ તપાસી જોતાં તેવણને 'પ્રુસીક આસીડ' નું ઝેર લાગ્યું હોય એવી બધી નિશાણીઓ મને મળીછે. ચેહરાનો રંગ, નખનો રંગ, વળી ગયલા હાથ "અને ઓરડામાંનો વાસ એ સઘળાં ઉપરથી લાગેછે કે મરનારને એ ઝેર દીધુંછે, અને તે ઉપરથી ,જલદીથી તપાસ કરવાની જરૂર છે."

"ઓ ખોદા!" મેહલાશાહ દુઃખથી બુમ મારી ઉઠયા. "પણ ડાકટર એ ઝેર કેમ દેવામાં આવ્યું તે વિષે તમે શું ધારોછો? તમે કોણ ઉપર શક લઇ જાવોછો?"

"હજી સુધી તો હું કોઇ ઉપર શક લઇ જતો નથી. સહુથી પેહલી અટકળ તો એ થાયછે કે મરનારે પોતે કદાચ એ ઝેર લીધું હોય."

"પણ એવણ શું કામ તેમ કરે? એવણે આપઘાત કરવાનું, અથવા એવણને કોઇએબી ઝેર દેવાનો સબબ શો હોય?"

"સબબ તો વિચારવો મુસ્કેલ છે. કદાચ કોઇને એવણનાં મરણથી લાભ થવાનો હોય, અને તે લાભ મેળવવા માટે એવણનું મરણ ઉતાવળે લાવવાનું તેને કારણ મળ્યું હોય."

"ડાકટર બક્સ્ટન, તમારા આ સઘળા વેહમ મને વિસ્મય પમાડેછે," મેહલાશાહે પોતાની અચરતી દેખાડવાનું ચાલુજ રાખ્યું, અને પુછ્યું "તમે જાણોછ ડાકટર, કે માણક શાહના ગુજરવાથી સહુથી વધતો લાભ તો મારી વડી ભાણેજને થાયછે, અને મોટા લાભની તો તેને વકી હતી?"

"હા, તે તો હું જાણું છું," ડાકટર બક્સ્ટને કબૂલ કીધું.

"ત્યારે શું કાંઇ તમે એવો વેહમ લાવોછો કે માણકશાહ શેઠ જે ઝેરથી મરણ પામેલા તમોને લાગેછે તે ઝેર મારાં દવાખાનામાંથી તેવણને પોંહોંચતું થયું હશે?"

"હું કોઇ ઉપર વેહમ લઇ જતો નથી. તોપણ તલાશ કરવાની આપણી ફરજ છે. માણકશાહ શેઠનો હું ડાકટર હતો. તેવણના મરવાની મને વકી નહી હતી. તોપણ આજે પોતાની વડી ભાણેજનાં લગન જેદ્ને દાહડે હું ધારૂં છું તેમ તેવણનું ઘાતકી ખૂન કીધામાં આવ્યુંછે, અને તેજ દાહડે તે વડી ભાણેજ એકાએક ગુમ થઇછે."

"તે ગુમ થવાનું કારણ તો આપણે એમ ધારી શકયે કે મરનારે એક નાપસંદ લગનની તેના ઉપર જબરદસ્તી કરવા માગી તેમાંથી બચવા સારૂં તે નાહસી ગઇ હશે," ડાકટર મેહલાશાહે આબાદ તર્ક બાંધી.

"કદાચ તેમ હશે, અને હું પણ ધારૂં છું કે તેમજ છે; તોપણ જેઓને આ બાબતની તલાશ કરવી પડેછે તેઓનાં મગજને સંકાશીલ થવાનું આ બાઇની ગેરહાજરી કારણ આપેછે. એ કયાં ગઇછે તેનો અગરજો તમોને કાંઇ ખ્યાલ હોય તો હું ભલામણ કરૂં છું કે તમે તે બાઇને જણાવો, અને તેને હિમતથી એકદમ પાછી આવવા કહો, કે જેથી તેના ઉપર કોઇ શક લઇ જાય નહી."

"ખટલી કયાં છે તે હું કાંઇ જાણતો નથી." મેહેલાશાહે પોતાનું અશકતપણું બતાવ્યું. "એના વડા મામાએ એને પોતાની દીકરી દાખલ કરી લીધી તે અગાઉ એના કોઇ સગાંવ્હાલાં નહી હતાં. ત્યાર પછીના કોઇ નવાં દોસ્તોને ત્યાં એ ગઇ હોય. પણ હું તેઓને કોઇને ઓળખતો નથી. ખટલી કયાં હશે અથવા હું તેને કયાં લખી જણાઉં તે મને કશું સુઝતું નથી."

"એ ઘણી દલગીરીની વાત છે, ડાકટર મેહલાશાહ. આપણે આપણી ફરજ બજાવવી જોઇયે, અને તે બિચારીનાં બચાવમાં કાંઇ કરવું જોઇયે."

"અરે અફસોસ! ખટલી! મારી કેવી ગરીબ ખટલી! તે કયાં ગઇ હશે? તેના ઉપર આ કેવા ઘાતકી શક!"

એટલું બોલતાં તો મેહલાશાહ મામાનું હૈયું પીગળી ગયું, અને ડાકટર તરીકેનાં તેવણનાં સખ્ત દિલ છતાં તેવણની આંખ્યોમાં પાણી ભરાઇ આવ્યાં.

પ્રકરણ ૧૨૧ મું.

ડાકટરોની તલાશ.

ડાકટર મેહલાશાહ મોટા ડાકટર બક્સ્ટનના જવા પછી થોડીકવાર સુધીતો પોતાનાં દવાખાનાંમાં અંદેશાભર એકલા બેસી રહ્યા. પોતાની ભાણેજ ઉપરના ભયંકાર શકથી તેવણની છાતીમાં સખ્ત જખ્મ લાગ્યો હતો, અને તેની ગમગીનીએ તેવણને ઘણાક વિચારમાં ગીરફતાર કીધા હતા. ખૂન જેવાં મહા પાપની ખટલીને તેવણ ગુનેહગાર માનતા નહી હતા. પણ આવાં એક ઘોર કર્મનો તે બિચારી ઉપર શક વટીક લઇ જવામાં આવે એ આ અનાથ છોકરીઓને જીગરનાં હિતથી ચાહનારા એક મુરબી સરખાની છાતી ફાડી નાખનારો બનાવ હતો.

બપોર પડયા અગાઉ શેઠ માણકશાહ મુકાદમની લાશ ઉપર જુરી ભરવામાં આવી. જુરી બેસવા અગાઉ તો ઠરાવેલા ત્રણે ડાકટરો તે લાશ ચીરીને ચુંથણાં પાડવાનાં ડરામણાં કામને માટે "ચીનાબાગ" માં એકઠા મળ્યા. કાવલો, જે પોતાના શેઠનાં મરણથી હજી પણ ફીકો અને ભખી ખાયેલો જેવો રહ્યો હતો, તેણે ઓટલાનું બારણું ઉઘાડી ત્રણે ડાકટરોને ઘરમાં લીધા. તેઓમાં એક તો મરનારનો ભાઇ ડાકટર મેહલાશાહ, બીજો તો મરનારનો તબીબ ડાકટર બક્સ્ટન અને ત્રીજો કારોનરનો સરજ્યન ડાકટર સિમ્પસન હતા. તેઓ પોતાનાં વેહતાં હથીયારોની પેટી લઇને દાખલ થયા તેવીજ કાવલાની ફીકડી ફાટી ગઇ, અને તે ડીબો તાણીને રડી પડયો. પેસુ ચીનો જોકે ચેહરે ઉદાસ હતો તોપણ તેને એટલું બધું લાગેલું જણાતું નહી હતું. તે ઘણો પકો ઠરાવવાળો માણસ આ ગમને ધીરજથી ખમનારો ગણાયો હતો. પેસુ ડાકટરોને સામો એસ્તેકબાલ લેવા આવ્યો, અને માળા ઉપર મરનારના ઓરડા સુધી તેઓને લઇ ગયો. ડાકટરોએ અંદર જઇને કમીટી ભરી કે જ્યાં બીજા કોઇને જવાનો હુકમ નહી હતો. માટે પેસુ, ડાકટરોને તે ઓરડામાં મુકીને, પોતાના ઓરડામાં પાછો આવ્યો, અને ન્યુસપેપર વાંચવા જેટલી ધીરજનો દેખાવ કરી બેઠો.

માળા ઉપર ડાકટરોની કમીટીએ પોતાનું ડરામણું કામ ધીરજથી ગુપચુપ ચલાવ્યું.

ડાકટર સિમ્પસન સરખા ચાલાક ભરજ્યનના થંડા અને ઠરેલ હાથને માટે એક માણસની લાશ ચીરવાનું કામ હંમેશનું સાધારણ હતું. તે વાહાડકાપમાં જેટલો હોશ્યાર હતો તેટલોજ રસાયણી પ્રયોગોનો પણ ખાં હતો. બીજા બંને ડાકટરોનાં દેખતાં દેખ્યત એક કાચની બરણીમાં કેટલીક સુગ ઉપજે તેવી ચીજો મુકીને તે ઉપર "સીલ" મારવામાં આવ્યું, કે જે બરણીમાંની વસ્તુઓ પોતાની રસાયણશાળામાં લઇ જઇને રસાયણી પૃથકરણની વિદ્યાથી તપાસી જોવા અને તેમાં ઝેરનો ભાગ શોધી કાહાડવાનું કામ એ વિદ્વાન તબીબનું હતું.

પણ મરનાર શેઠ માણેકશાહ મુકાદમ "પ્રુસીક આસીડ" નું ઝેર લાગ્યાથી મુવા હતા તે વિષે આ ત્રણે ડાકટરોનાં મનમાં કશો શક નહી રહ્યો, ને એ પોઇંટ ઉપર રસાયણી પ્રથકરણની જરૂર નહી હતી. મોતનો ડરામણો દેખાવ—તે નિરજીવ મુડદામાંથી નિકળતો કડવી બદામના સરખો સોહરમ, એ સિધાંત વિષે તબીબોની એક આખી "કૉલેજ" ની ખાતરી કરવાને બસ હતો.

પોતાની વાહાડકાપ પુરી કરીને ડાકટરો પાછા મુગા મુગા હેઠલ આવ્યા જેઓને પેસુ ચીનો પાછો સામો આવી મળ્યો.

"કેમ સાહેબો, તમારો શો અભિપ્રાય છે?" પેસુએ પુછયું. "મોતનું કારણ 'હાર્ટ' માં છે કે ભેજાંમાં છે?"

"બેઉમાં નહી," ડાકટર બક્ષ્ટન બેજ બોલ બોલ્યો.

"ત્યારે શું છે?" પેસુએ આતુરતા બતાવી.

"શું છે તે હાલ અમારાથી કેહવાય નહી. હમણાં જુરી ભરાશે, અને જે કેહવાનું છે તે જુરી આગળ કહીશું."

"અરે અફસોસ! તમો ડાકટર લોકો કેવાં કઠણ દિલથી ભેદ જાળવી રાખોછો!" પેસુ બડબડયો. "તોપણ આવો સાહેબો, દીવાનખાનામાં બેસો. કાંઈ મસલત કરવી હોય તો કરો. જુરી પણ અંહીંજ ભરાવવાની છે."

ડાકટર બક્ષ્ટન અને તેના સાથીઓ દીવાનખાનામાં ગયા, કે જ્યાં તેઓએ પેસુ સાથે નીચલી વાત ચલાવી.

"મી૦ પેસ્તનજી, તમે કહોછો કે ચાકર કાવલો બામદાદે મરનારને દવા આપવા ગયો ત્યારે તેણે તેવણને છેલા જીવતા જોયા હતા?" ડાકટર બક્ષ્ટને વાત ચલાવી. "તે ઉપરથી હું તેને કાંઈ થોડાક સવાલો પુછવા માગુંછું. તમે જરા તેને અંહી બોલાવશો?"

"હા, સાહેબ." એમ કેહતાંજ પેસુએ ચેતવણી આપી, "પણ હું તમોને ચેતવણી આપુંછું, ડાકટર, કે કાવલો ચાકર એક બેવકુફ ગધેડો છે. જ્યારથી શેઠ ગુજર્યાછે ત્યારથી તેણે પોતાની શુદ્ધ બુદ્ધ ખોહી દીધીછે. તે એટલો તો સાવજ બની ગયોછે કે પોતાની અક્કલ ઉપર તેણે કાંઈ કાબુ રાખ્યો નથી. માટે એની પાસેથી તમો સાહેબ કાંઈ પણ સિલસિલાબંધ હેવાલ મેળવી શકશો નહી."

"અમોને હેવાલ જોઈતોજ નથી," ડાકટર બક્ષ્ટને કહ્યું. "અમો તો એક બે સવાલના જવાબ માગ્યે છીયે. મેહેરબાની કરી તમે એ ચાકરને બોલાવો. ડાકટર મેહલાશાહ તમે અમારા સવાલો એને સમજાવીને પુછનારા દુબાસ્યા થશો?"

ડાકટર મેહલાશાહ આ પરપુછ વચે દિવાનખાનાનાં એક ખુણાંમાં અફસોસ કરતા બેઠેલા હતા. પોતાના માતબર ભાઈનું મોત ઝેરથી નીપજવા વિષે તેવણને હવે કશો શક રહ્યો નહી હતો, અને તે ઉપરથી તેવણને તરેહવાર અંદેશા ઉપજ્યા હતા. અંદેશો કરવાનો મુખ્ય સવાલ એજ હતો કે ઝેર માણકશાહ શેઠે પોતેજ લીધુંછે, કે કોઈ બીજાંએ તેવણને ઝેર આપી મારી નાખ્યાછે? અને ખટલી આ વખતે જતી કેમ રહીછે, અને કયાં ગઈછે?

પેસુ ચીનાએ કાવલાને બોલાવ્યો, અને ડાકટર મેહલાશાહ ડાકટર બક્ષ્ટનના કેહવાથી આગળ આવ્યા.

કાવલો ઝપાટામાં આવી ઉભો, પણ ઘણો લથડતો, બીહીતો, અને ફોકેફોક રડતો આવ્યો. તે ડઘાઈ ગયલા ચેહરાથી ડાકટરોને એક પછી એક જોવા લાગ્યો.

"કાવલા, તેં બેહસ્તીને આજે બામદાદે દવા આપી હતી કે?" એ ડાકટર બક્ષ્ટને ડાકટર મેહલાશાહની મારફતે પુછેલો પેહલો સવાલ હતો.

"હા સાહેબ."

"તે વખતે કેટલા વાગેલા હતા?"

"ચાર વાગેલા હતા, સાહેબ."

"તે વખતે શેઠ હંમેશના જેવાજ હુસ્યાર હતા વારૂ?"

"હા, સાહેબ."

"એવણની તબીયતમાં તુંને કાંઈ ગેરસરેસ્તાનું લાગ્યું નહી હતું?"

"શું સાહેબ? ગેર—શું? ઘેર કોણનું?" કાવલો જરા ગભરાયો.

"એટલેકે શેઠને દવા આપવા ગયો ત્યારે તેવણની તબીયતમાં કાંઈ બીગાડ થયો હોય તેવું તુંને લાગ્યું હતું?"

"બીગાડ? બીગાડ તો નહી પણ—" કાવલો ઘચુપચુ જવાબ દેવા લાગ્યો.

"તું બીહી ના, ગભરા ના. તુંને કોઈ ખાતું કરડતું નથી. તારાં મનમાં જે હોય તે તું ખોલ્લેખોલ્લું કહી દે."

"શેઠ જરા ચીરડાયલા હતા. હમણાં હમણાં તેવણ વધારે ચીહીડયલ થતા ગયા હતા. પેસ્તનજી શેઠ બધું જાણેછ—એવણને પુછો," કાવલાએ પેસુ ચીનાનો હવાલો આપ્યો.

પેસુ ચીનાએ પુછયા વગરજ "હા" નું ડોકું હળાવ્યું.

"જાણેકે શેઠનાં મગજ ઉપર કાંઈ બોજો પડેલો હોય એમજ કની?" ડાકટર બક્ષ્ટને વધુ પુછયું.

"હા સાહેબ. એમ ધારો તો એમજ."

"વારૂં કાવલા, શેઠના ઓરડામાંથી બાટ-

લીઓ અને ગ્લાસો કોણે ઉંચકયાં? મસાલે કે?" ડાકટરે વધુ પુછયું.

"નહી સાહેબ. મસાલ તો ઓરડામાં જતાં બીહીતા હતા. બીછાણાં આગળનો સામાન ઉંચકીને ઓરડો સાફ કરવાનો પેસ્તનજી શેઠે મને હુકમ કીધો તે પ્રમાણે ગ્લાસ ટંબલર હું ઉંચકી ગયો."

"ત્યારે તે ગ્લાસ ટંબલરોનું તેં શું કીધું?"

"હું તે હેઠલ લઇ ગયો, અને મારે હાથે તે બધાં ધોઇને સાફ કીધાં."

"તેમાં એક તો શેઠનું સોડાનું ટંબલર હતું નહી?"

"હા, જી."

"તે તેં નીચે લઇ જઇને ધોયું હતું?"

"હા, સાહેબ."

"તે ટંબલર તું પાછું લાવી શકશે?"

"જેવો હુકમ, સાહેબ. તે જાતનાં બીજાં ઘણાં ટંબલરો મેં એકઠાં કરીને મુકેલાંછે, પણ તોબી બેહેસ્તી શેઠનું છેલું ટંબલર મેં છેક છેડે મુકેલું હતું તે ઉપરથી હું તે ઓળખી શકીશ."

"ત્યારે તે લઇ આવ," કાવલાને તુર્તજ હુકમ થયો.

કાવલો વળી પાછો ફસડાતો, લંગડાતો દિવાનખાનાની બાહાર ગયો, અને બે ત્રણ મિનિટમાં એક ટંબલર લઇને પાછો આવ્યો. ડાકટર બક્ષ્ટને બારી આગળ જઇને તે ટંબલર રોશનીમાં જોયું, સુંઘ્યું અને બીજી તપાસ કીધી.

"કાવલા, તું બધાં ગ્લાસ ટંબલરોને ગરમ પાણીએ ધોયછે કે?" ડાકટર સાહેબે પુછયું.

"ફુકાં પાણીમાં, સાહેબ. અને કાચને બિલોર જેવા સાજા કરવા હું તે સોડામાં ઉજાળુંછ."

"હં! ઠીક. વારૂં, તારા શેઠનાં બિછાણાની આગળ તેવણનો હાથ પુગે તેવી રીતે એક ટેબલ ઉપર ગ્લાસ ટંબલર અને બાટલીઓ મુકેલી હતી?"

"ન, ન, નહીરેજી." કાવલો અચકી અચકીને બોલ્યો.

"છટ, છટ, કાવલા! ભૂલી કેમ જાયછ?" પેસુ ચીનાએ વચે પડીને તેને તુર્ત ખોટો પાડયો. "શેઠે બિછાણાની પાસેજ થોડા દિવસ ઉપર એક નાની ટેબલ, ગ્લાસો અને શીશીઓ મુકાવી હતી, કે જેથી જયારે તેવણને જોઇયે ત્યારે તેવણ તુંને બોલાવ્યા વગર પાણી, સોડા, યા પોટાશ લઇ શકે, તે તુંને યાદ નથી?"

"હા, હા. હું તે તો ભૂલીજ ગયો. શેઠે તે પોતાના હાથ આગળજ મુકાવ્યું હતું."

"અને તેં આ સોડા–ટંબલર તેજ ટેબલ ઉપરથી ઉંચકયું હતું કે?"

"હા સાહેબ," કાવલો બરાબર યાદ કરીને બોલ્યો.

"બસ હવે તું જા."

ડાકટર બક્ષ્ટને તેની વધારે પરપુછ માડી વાળી, અને કાવલો, એક મોટી આફતમાંથી બચી ગયો હોય તેમ ધીરજ પામતો દિવાનખાનાની બાહાર ગયો.

ડાકટરોની કમીટિ હવે બરખાસ્ત થઇ, અને બાગમાંથી જતાં જતાં ડાકટર બક્ષ્ટને ભાઇબંધ ડાકટરો આગળ ખાનગી તર્ક ચલાવી કે:

"અગરજો કાંઇ પણ હેતુ મળી આવે તો આ ચાકરે પોતાના શેઠને ઝર આપ્યું હોય એવો મને સંભવ છે. એના કરતાં વધારે લોભી કુતરો મેં કોઇ જોયો નથી. મરનારનું વિલ વાંચ્યા પછી માલમ પડશે. જો એનાં નામ ઉપર કાંઇ એક વારસો યા ઉંચકો લખેલો હોય તો તે લેવાની લાલચમાં આ કારસ્તાન એણેજ કીધું હોય."

પ્રકરણ ૧૨૧ મું.

ખટલી ઉપરના શક.

ડાકટર બક્ષ્ટનના છેલા શકથી ડાકટર મેહલાશાહ મુકાદમને ઘણી ધીરજ આવી. ધીરજ એટલીજ કે માણેકશાહ શેઠનું ખૂન કરવાનો શક તેવણની વ્હાલી ભાણેજ ખટલી ઉપરથી નિકળી જઇને તેવણના લોભી ચાકર કાવલા ઉપર લાગુ પડયો હતો. અગરજો

ખુન થયું હોય—અગરજો શેઠ માણકશાહ મુકાદમે પોતાની લાંબી મંદવાડના કંટાળાથી કોઇ રીતે પોતાની જીંદગીનો પોતાને હાથેજ અંત આણ્યો નહી હોય—અને અગરજો એ કીમતી પ્રાણઘાત કોઇ બીજાના હાથનું કામ હોય તો તે હાથ "ચીનાબાગ" નાં સઘળાં વસનારાંઓ વચ્ચેથી કાવલાનો હોવો જોઇયે એમ સંભવ રેહ.

તેને પોતાના શેઠની આગળ રાત દીસ જ્યારે ગમે ત્યારે જવાનો હક હતો. મોડી રાતે જ્યારે આખું ઘર નીંદ્રાવશ થયું હોય ત્યારે શેઠનાં બિછાણાં આગળ જવાની જે છુટ તેવણનાં અતલગનાં સગાંઓને નહી તે છુટ આ હલકા ચાકરડાને મળેલી હતી. તેના વિશ્વાસ ઉપર આખું ઘર સોંફેલું હતું. તે આખો મેહલ ચોરી જાય તો તેને કોઇ પુછનાર નહી હતું. શેઠનું સોનાકામ અને રૂપાંકામ તેના સ્વાધીનમાં હતું. ઝહવેરાતોની પેટીની ચાવી તેને આપેલી હતી કે જેમાંથી તેણે જેમ ગમે તેમ હાથ માર્યો હોય, અને પછી પોતાની ચોરી ઢાંકવા માટે શેઠના બેમૂળા જાન ઉપર, પણ તેણે હાથ માર્યો હોય એ સંભવિત હતું; અથવા તેમ નહી તો શેઠનાં વસિહતનામામાં તેનાં નામ ઉપર કાંઇ વારસો લખેલો હોય અને તે વાતની શેઠને મોહડે તેને ખબર પડી હોય, તો તે વારસો વેહલો મેળવવાની લાલચમાં તેણે શેઠનું કાટલું કાહડી નાખવાની તક લીધી હોય.

પોતાને ઘર "લાલ કિલ્લા" માં જતાં જતાં ડાકટર મેહલાશાહ પોતાનાં મન સાથે આ સઘળા અંદેશાઓ કરતા કરતા જઇ પોંહચ્યા. ત્યાંનાં જુનાં ધૂળ ખાતાં દિવાનખાનામાં મેહરી અને નાજાં બેહુ બેહનો વાતે બેઠાં હતાં. તેઓ પોતાના મામાનો કંગાળ દેખાવ અને ફીકો ચેહરો તથા ધાસ્તી ખાધેલો અને રંજીદા દેખાવ જોઇને દિલગીર ચેહરે ઉભાં થયાં.

"શું છે મામા, શું છે?" મેહરીએ પુછયું, "તમે એટલા બીહીવેલા કેમ દેખાવોછ? કાંઇ બીહીવા જેવું બન્યુંછ, કે શું?"

"મામાજી, બેસી જાવો, બેસી જાવો," નાજાં તેઓની આરામ-ખુરસી આગળ ઘસડી લાવીને બોલી. "જરા આશાયશ લ્યો. એક ચાનો ગોટ પીશો કે જરા હુશિયારી આવે? અમે ગરમ ગરમ ચા તૈયાર રખાવેલીછે."

"હા. દીકરી. એક તારે હાથેજ ચાનું કપ કરી લાવ."

જોકે બપોરનો ખાણાનો વખત થયલો હતો તોપણ મેહલાશાહને ખાધાં ગમ્યું નહી. તેવણે એક ચાનાં કપથીજ પોતાના જીવને ધરવ આપ્યો.

ડાકટર મેહલાશાહ સાધારણ વખતે થંડા અને ધીરજવાન હતા, પણ આજે તેવણની ધીરજ સઘળી ગુમ થયલી હતી. તેવણ ખુરસી ઉપર ફસડાઇને બેઠા. પોતાના ભાંઇ જેવા મુરબીનાં મુડદાંને તરેહવાર વાહાડકાપથી વેતરેલું જોવાની તેવણની આજની કંગાળ સજત ઉપરથી તેવણની હિંમત હારી ગઇ, અને હમણાં જો તેવણનાં ગરીબડાં ઘરાકો કાંઇ અગત્યનાં દવાદારૂ યા મલમપટાને માટે આવે તો એક ફુલ્લો ફોડવાને પણ તેવણના હાથ ચાલે એવું તેવણને લાગતું નહી હતું.

"મામાજી, ખટલીની કાંઇ ખબર?" નાજાં ચાનું કપ લેવા ગઇ તેટલાં મેહરીએ વાત ચલાવી.

"કાંઇજ નહી. કોણ જાણેજે એ કયાં ગઇછ," મેહલાશાહ નિસાસ મુકીને બોલ્યા.

"કેવું અજાયબ જેવુ!" મેહરી અચરત થઇ. "એક તો મામાજીનું મોત અજાયબ જેવું થયું તેમાં વળી ખટલીનું ગુમ થવું વધારે અજાયબ જેવું થયું."

"મને તો બિચારી મારી ભાણેજ વિષે ઘણી ફિકર લાગેછ. એને જતી રેહવાનું કારણ શું મળ્યું હશે? અને તેમી કેવે વખતે!"

એટલામાં તો નાજાં મામાને માટે ચાનું કપ લઇ આવી અને આ મસલતમાં શામેલ થઇ.

"અત્યારે જો મોટા મામા જીવ્યા હતે તો ખટલી લગ્નની ખુશાલીમાં કોડી કકડતી તીલીની સાડી પેહરીને ફરતી હતે. અથવા જો મામા ગુજરયા હતે તો શોકની સાડી પણ નવીજ પેહરતે અને તે ઉપર નવીજ કોર પણ પેહરતે," મેહરીએ અટકળ ચલાવી.

"પણ મામાજી, રખે બિચારી ખટલીએ

કાંઇ જીવપર કીધું હોય!" નાજાંએ તર્ક બાંધી. જયારે મેહરીએ અટકળ ચલાવી ત્યારે નાજાંએ પણ કાંઇ કેહવું જોઇયે માટે તેણીએ પોતાની નાદાન અકલ ખટલીના આપઘાતની તર્કમાં ચલાવી.

"નાજાં! નાજાં! એ શું બકેછ? કાંઇ સમજેછ?" મામાએ તેને ઠપકો આપ્યો. "આપણાં કુટુંબમાં કોઇએબી એવી ચાલ ચલાવીછ? દીકરી ખટલી આપઘાત કાં કરે? તે તો મોટા મામાને ત્યાં સુખી હતી."

"સુખી તો હતી, પણ આજ પછી બિચારી દુઃખી થવાની હતી," નાજાંએ બોહસ લીધી. "તેને મુવા પેલા પેસુ ચીના સાથે જુલમથી પરણાવવા કાહાડી હતી. હું જાણુંછ કે એ પેસુ ચીનાને ઝેરના જેટલો ધિક્કારતી હતી, તોપણ તેને એ ઝેર લેવું પડે તેના કરતાં બિચારી કાંઇ બીજું ઝેર લઇને જીવનો છેડો લાવી હશે."

"એ શું બકેછ, છોકરી?" મેહલાશાહ મામા ધ્રુજતે હાથે પોતાની ચાનું કપ ટેબલ ઉપર મુકી દઇને ચોંકી ઉભા થયા, અને ગુસ્સાથી બોલ્યા. "તારી શું તાકાત કે બિચારી મારી ખટલી જેવી ગાય ભાણેજ વિષે આપઘાત જેવા અપરાધના તું ખ્યાલબી બાંધે? તેણે ઝેર લીધું હોય તો જતી કેમ રેહ? મળી કેમ નહી આવે? પણ તેને ઝેર મળ્યુંજ કેમ હોય? તે ઝેર લાવે કયાંથી?"

"અગરજો ખટલી એકદમ જીવ ઉપરજ આવી ગઇ હોય તો ઝેર કયેથીબી મળી આવે. કદાચ તમારાં દવાખાનાંમાંથી કાં નહી લીધું હોય?" નાજાં હિંમતથી બોલી.

"છટ, છટ!" મેહલાશાહે આ વાત ધિક્કારી કાહાડી. "મારે ત્યાંથી ઝેર લઇ જાય તો હુંજ નહી જાણું? મારાં દવાખાનાંમાંની એક પણ શીશીને હાથ લગાડવાની મેં સર્વને મના કીધેલીછે. કેમ ખરૂં કની મેહરી?"

મેહલાશાહ મામાએ મેહરીની શાક્ષી પુછી તેટલાંમાં નાજાંનાં મનમાં આગળા દાહડાની ખટલી સાથની સઘળી છુપી વાતની યાદ તાજી થઇ, કે જયારે તે આ મામાનાં દવાખાનાંમાંની ઉંચામાં ઉંચી અભડાઇ ઉપરથી પોતાના દાંતના દુખાવાને માટે "લાડનમ" નું ઝેરી અફીણ એક નાની શીશીમાં લઇ ગઇ હતી અને તોપણ તે "લાડનમ" ને બદલે "પ્રૂસિક આસિડ" લઇ ગઇ હોય એવો નાજાંને તે શીશીના કડવી બદામના સરખા સોહરમ ઉપરથી શક ગયો હતો. અને પોતાનો એ મજબુત શક નાજાં આ વખતે છુપાવી શકી નહી.

"પણ મામાજી, ખટલીને કદાચ કાંઇ ઝેરી દવાની જરૂરજ પડી હોય? એમ સમજો કે દાંત દુખ્યો હોય, અને બિચારીને 'લાડનમ' જોઇતું હોય, અને તે લેવા આવી હોય ત્યારે તમે ઘેરમાં નહી હોય ત્યારે તમારી અભડાઇ ગમે એવી ઉંચી હોવા છતાં પણ શું તે સીહડી ઉપર ચહડીને લઇ જઇ નહી શકે?"

"ચૂપ, ચૂપ! એ રાંન બકેછ શું?" મેહરીએ તેને ધમકાવી કાહાડી.

"નાજાં, આ તારો બકબકારો હું કાંઇ સમજી શકતો નથી," મેહલાશાહ ડાકટર ગભરાટથી બોલી ઉઠયા. "અગરજો તારી બેહન વિષે તું કાંઇ જાણતી હોય, અને તે મને કેહવા ચાહતી હોય, તો હું અરજ કરૂંછ કે ખોદા ખાતર એકદમ કહી દે. પણ જે ખરેખરૂં હોય તેજ કેહેજે, અને જો, આ બીજું કહુંછ તે યાદ રાખજે કે, મારી આગળ કહ્યુંછ પણ કોઇ બીજાંની આગળ એ વિષે તારૂં મોંહડું ના ઉઘાડતી. એ તુંનેબી કહુંછ અને મેહરીનેબી કહુંછ. તમે બેહુ જણ વાત કરો તે સંભાળીને વાત કરજો, કાંકે એ વાત ઘણી જોખમભરેલી છે."

"લાવોની, ત્યારે ખરેખરૂં છે તે તમોને કહી દઉંછ," નાદાન નાજાંએ સઘળો ભેદ ખોલવા માંડયો. "પરમ દાહડે કની મામાજી, તે ખટલીનો દાંત ઘણો દુખતો હતો અને તેનાં જોરથી માથું દુખતું હતું તેથી એને 'લાડનમ' જોઇતું હતું. ખટલી તે અંહી લેવા આવી હતી."

"શું 'લાડનમ'? બસ 'લાડનમ'જ કની?" ડાકટર મેહલાશાહે ફરીથી પુછીને અંકે કરાવ્યું.

"હા, હા, 'લાડનમ'જ. પણ એબી ઝેરજ થયું કની, મામા?" નાજાંએ પુછયું. "તમે તે વખતે ઘેરમાં નહી હતા, ત્યારે દવાખાનામાં તે કયાં છે તે મેં એને દેખાડયું.

ત્યારે દવાખાનામાંની ટેબલનાં ખાણાંમાંથી એક ખાલી શીશી લઇને સીહડી ઉપર ચહડીને ખટલીએ થોડુંક 'લાડનમ' તે નાની શીશીમાં ખાલી કરી લીધું. મેં ના કહ્યું તે છતાં તેણે એમ કીધું. પણ તે વખતે એક વાત મને ઘણી અજબ લાગી, મામાજી."

"તે શું વાત દીકરી?" ડાકટર મામાએ ઘણું પટાવીને પુછ્યું.

"વારૂં શું 'લાડનમ'માં કડવી બદામનો વાસ હોયછ?" નાજાંએ ભોલાઇમાં પુછ્યું.

"નહી, કદીબી નહી." ડાકટર મામાએ ખોલાસો કીધો.

"ત્યારે જોવની, મામા," નાજાંએ બચ્ચાં સહી હેવાલ ચલાયો, "ખટલી શીશીમાં 'લાડનમ' રેડતી હતી તે વખતે વાસ બધો કડવી બદામનોજ નિકલ્યો. મને તેજ વખતે ઘણી અજાયબી લાગી, અને મેં ખટલીને પુછ્યું ત્યારે તે બોલી કે 'પટપટ ના કર' એ તો 'લાડનમ'જ છે ને તારૂં નાખ બગડી ગયલું હુશે."

"પણ 'લાડનમ' તો કાળી ને ઘાડી દવા હોયછ, તે તેં પીછાણી કની?" મામાએ પુછ્યું.

"હું જોતે તો પિછાણતે, પણ મેં જોઇજ નહી ત્યારે પિછાણું કેમ? ખટલીએ ઉપર ચહડીને શીશી ભરી ત્યારે મને માત્ર વાસ આવ્યો તેજ પછી મેં તે શીશી જોવા માંગી ત્યારે મને ખટલીએ નહી દેખાડી. પણ મારી ખાતરી છે કે તેનો વાસ બધો કડવી બદામનોજ હતો, અને જાણેકે ખટલી પોતે તે વાસથીજ બેહોશ થઇ હોય એવી મને દેખાતી હતી."

"એ બધું શું તું ખરૂં કહેછ, છોકરી?" ડાકટર મેહલાશાહે અત્યંત ગભરાટ સાથ પુછ્યું.

"પણ તમે એટલાબધા ગભરાવોછ કાં, મામા?" મેહરીએ તેવણને થંડા પાડવાની કોશેશ કીધી. "ખટલી દવાખાનાંમાંનાં અગર તમામ ઝેર ખાલી કરી ગઇ હોય તોપણ તે પોતાના જીવને એટલી સંભાળતી હતી અને પોતાની ખુબસુરતી ઉપર એટલી મગરૂર હતી કે, પોતાના જીવને જરા પણ અલવલ આવવા દે નહી. તમે લોકો એના આપઘાતની વાત કરોછ, ત્યારે હું કહુંછ કે એ તો જઇને પેલા 'હીરા કાસ્ટલમાં' પડેલી હશે, અને સોલીશેઠ સાથે ખાવા પીવાની મઝા કરતી હશે."

"પણ ત્યાં હોય તો અત્યારમાં તો માકામામાના ગુજરવાની વાત એણે જાણવી જોઇયે, અને અત્યારમાં તો 'ચીનાબાગ'માં પાછી આવવી જોઇયે." ડાકટરે મામાએ સુઝાડયું.

"તે તો કોણ જાણેકે એ શું કામ નથી આવી?"

"ગમે તેમ હોય પણ આપણે એ છોકરીની ખોળ ચલાવવી જોઇયે." મેહલાશાહ મામાએ ઠરાવ જાહેર કીધો. "હું હમણાં ને હમણાં 'હીરા કાસ્ટલ'માં જોવા માણસ દોડાવુંછ. ખટલીએ એકદમ પાછી આવવું જોઇયે. એની હાજરી હમણાં કેવળ જરૂરની છે."

"હાજ તો," મેહરીએ તર્ક ચલાવી. "બિચારા માકામામાને ખટલી સિવાય બીજાં રડનાર કુટનાર કોણ મુવાંછ? ને જો એજ તેવણની એકલી વારસ હોય તો આવેજ વખતે એ ઘેરમાં નહી મળે એ ઘણુંજ કફોડું લાગેછ."

ખટલીની હાજરી, જ્યારે તેની ઉપરના ખૂનના શકને દૂર કરવા માટે મેહલાશાહ મામાએ જરૂરની વિચારી, ત્યારે તેની બેહનોએ તેના આઇંતા વારસાનાં દલ્લાને માટે જરૂરની વિચારી!

પ્રકરણ ૧૨૩ મું.

"બેહનને હાથે બેહનને ગળે ફાંસી."

ડાકટર મેહલાશાહ મુકાદમે હાનરેબલ હીરાજી શેઠના "હીરા કાસ્ટલ"માં ખટલીને જોવા માણસ મોકલ્યું. પણ તે ત્યાંથી મળી નહી. તે ઉપરાંત તેને જઇ રેહવાનો સંભવ હોય એવે દરએક ઠેકાણે ખટલીની ખોળ ચલાવી, પણ તેનો કશો પત્તો મળ્યો નહી. પોતાના ભાઇ માણકશાહ મુકાદમની લાશને ઠેકાણે પાડવાના કરતાં ખોહવાયલી ખટલીના

જીવતું ઠેકાણું મેળવવાને તેવણે વધારે ખંત રાખી. માણુકશાહ શેઠની લાશ ઉપર જુરી ભરવાની હોવાથી તે લાશને હાથ લગાડવાનો કોઈને હુકમ નહી હતો, પણ ખટલીની હાજરી કદાચ તે જુરીમાંજ જરૂરની થઇ પડે, માટે ખટલીની ખોળ ચલાવવાને ડાકટર મેહલાશાહના હાથ છુટા હતા.

પણ ગમે એવી ખંતથી ખોળ ચલાવતાં ખટલી મળી આવી નહી. જે એક વાર પોતાના વરથી ખોહવાયલી, તે બીજી વાર પોતાનાં બેહન અને મામાઓથી ખોહવાયલી થઇ પડી, અને અચણુચ ખોહવાઇ જવાની ગોયા તેની સૂજતજ હોય તેવો તેનો આ વખત આવી લાગ્યો.

બપોરની વખત ડાકટર મેહલાશાહ પોતાના "લાલ કીલ્લા"ના ઓરડામાં જરા થાક લઇને પોતાનો ગમ મારેછે તેવાંમાં જેમ સહવારે ડાકટર બલ્ટન એકાએક તેવણની મુલાકાતે આવ્યો તેમ વળી કોઇ મરાઠો ગૃહસ્થ તેવણને મળવા આવ્યો, જેના આવ્યાની ખબર સાંભળતાંજ તેવણ ઝપાટામાં પોતાનાં દવાખાનાંમાં દોડી ગયા.

ડાકટર મેહલાશાહ તેને પોતાનું કોઇ ઘરાક સમજ્યા પણ વાત કરતાં તો તે પુણાની પોલીસનો પ્રખ્યાત ડિટેકટિવ રાવજી જમાદાર નિકળી આવ્યો.

"ડાકટર સાહેબ, આજે સહવારે 'ચીના બાગ'માં તમારા ભાઇની લાશ ચીરવામાં આવી તે વખતે તમે હાજર હતા," આ બાહોશ ડિટેકટિવે વાત ચલાવી. "એ કેસની તલાશ મને સોંપવામાં આવીછે માટે હું તમારી સાથે વાત કરવા માગું છું. તમે જાણો છો કે માણેકશાહ શેઠને 'પૃસિક આસિડ' થી ઝેર દેવાનો શક છે. તે ઝેર એઓને ઘેર કયાંથી અને કેમ જઇ લાગ્યું તે શોધી કાહાડવાનું કામ મેં માથે લીધું છે. એ ઉપરથી હું તમોને પુછવા માગું છું, ડાકટર સાહેબ, કે એ ઝેર તમારાં દવાખાનાંમાંથી ગયું હશે, વારૂ ! કે જેમ હોવાનો શક લઇ જવાનું કાંઇક કારણ છે."

"તે શું કારણ છે ?" ડાકટરે ઘણી ગંભીરાઇથી પુછયું.

"ગમે તે કારણ હોય તેની ફિકર નહી, અને કારણ જાણવાની સાહેબને જરૂર નથી. આજે તમોને જુરી આગળ શાક્ષી આપવા બોલાવશે ત્યારે જે પુછવાનું હશે તે તમોને પુછવામાં આવશે, તેટલાં હું જરા તમારાં દવાખાંનાની બાટલીઓ તપાસવા માગું છું."

"પણ વારૂ, રાવસાહેબ, એવી દવા હું મારે ત્યાં રાખતો નથી એમ તમોને કહું તો ?" ડાકટર મેહલાશાહે આનાકાનીથી પુછયું.

"જો સાહેબ ના કેહશો તો હું મારી મેળે તમારી રજા વગરજ બાટલીઓમાં તપાસ ચલાવીશ. તમારાં દવાખાનાની ઝડતી લેવાનું મને વારંટ મળેલું છે, વાસ્તે ગુપચુપ મને બાટલીઓ તપાસવા ધો, કેમકે સેવટેબી એનું એજ થશે."

ડાકટર મેહલાશાહ કોઇ દાહડેબી નહી થયા હોય એવાં દુઃખી જીગરે બાજુએ ઉભા રહ્યા, ત્યારે રાવજી દવાખાનાની અભડાઇઓ ઉપર ચહડવાની સીહડી પાસે લઇને આવ્યો. ડાકટર સાહેબ પોતેજ લીલી ટિકિટ મારેલી, બ્લુ બાટલીઓની હાર તરફ ગયા, અને હજી તો "પૃસિક આસિડ" વાળી બાટલી તપાસે છે તેટલામાં રાવજી જમાદારે ચહડી આવીને તે બાટલી પોતાના મજબુત હાથો વચે પકડી લીધી.

"આ બાટલીમાં કેટલીક દવા રાખી હતી, સાહેબ ?" બાટલી તપાસતાં ડિટેકટિવે પુછયું.

"હું ચોકસ કહી શકતો નથી. એ દવા કદાચજ વપરાયછ. ઘણી તો એમાં બેએક આંઉસ હશે," મેહલાશાહે જવાબ દીધો.

"પણ હમણા તો સાહેબ, એક આંઉસબી નથી લાગતી."

"હું તમોને ફરીથી કહું છ, રાવસાહેબ," ડાકટર લગાર મિજાજ ખોહીને બોલ્યા, "કે એ દવા મેં છેલી વાપરી તેને એટલી તો લાંબી મુદત થઇ ગઇછે કે તેના જથા વિષે હું કાંઇ કહી શકતો નથી. તે લાંબા અંતરમાં કેટલીક દવા સુકાઇબી ગઇ હશે."

"હું સમજ્યો સાહેબ," રાવજી જમાદારે હાનું ડોકું હલાવ્યું. "પણ સાહેબને એવો ખ્યાલ છે કે છેલી વખતે એ બાટલીમાં બેએક આંઉસ દવા હતી." આ સઘળો વખત બાટલી ઉપર બારીક નજર રાખીને રાવજી બોલ્યો.

"પણ સાહેબ, આ બાટલી ઉપર ધુળ ઘણી છે તે ઉપરથી લાગેછે કે એને કાંઇ ઝાઝા હાથ લાગ્યા નથી."

મેહલાશાહે આ વાત કબૂલ રાખી, ત્યારે વળી રાવજીએ બીજી વાત દેખાડી.

"પણ સાહેબ આ જોયું કે?" બાટલીની ઉપર ધુળની વચે બે ત્રણ આંગળાંના આકાર પડેલા આ ડિટેકટિવે દેખાડયા. "આ તો આંગળીઓની નિશાણ છે. કોઇ સ્ત્રિ અથવા બાળકની પતલી આંગળીઓ એ બાટલીને લાગેલીછે."

ડાકટર મેહલાશાહે પણ તેમજ જોયું, અને તેથી કરીને તેવણથી એકદમ બોલી દેવાયું કે "મારાં ઘેરમાં નાનાં બાળક તો કોઇ નથી, પણ નવાજબાઇ નામની મારી એક રમતિયાળ ભાણેજ છે કે જેને મારી બાટલીઓ સાથ ચેડાં કાહાડવાની ટેવ છે. કોઇ પણ બાટલીને હાથ લગાડવો નહી એવો મેં સાફ હુકમ કીધેલોછે, પણ છોકરી નાદાન છે, અને તોપણ તે છેક ઉપરની અભરાઇ સુધી હાથ લગાડવા જાય તો નહી."

"ત્યારે તો સાહેબ જરા નવાજબાઇને બોલાવો. તેવણનેજ પુછીને આપણે ખાતરી કરીયે." જાણેકે કાંઇ ચોકસજ પત્તો મળ્યો હોય તેવી ઉલટથી આ ચાલાક ડિટેકટિવ એ વાતને પકડી બેઠો, અને નાજાંને મળવાની ઘણી બોહેસ કરવા લાગ્યો.

ડાકટર મેહલાશાહને લાગ્યું કે નાજાંનું નામ પોતે દીધું તેના કરતાં પોતાની જીભજ કાપી નાખી હોત તો બેહતર થાત. આ ચંચલ ડિટેકટિવ નાજાંને મળ્યા વગર રેહવાનો નથી અને તાળતળાવટથી ઉલટપાલટ સવાલો પુછીને એ નાદાન છોડીને મોંહડે પેલી બાટલી વિષેનો ખટલીનો ભેદ શોધી કાહાડયા વગર રેહેવાનો નથી.

આવી બીહીકથી મેહલાશાહ ડાકટરને આનાકાની કરતા જોઇને રાવજી ડિટેકટિવે સઘળો હુકમ પોતાનાજ હાથમાં લઇ લીધો, અને ચાકરને હાંક મારીને તેની પાસે નાજાંને તેડી મંગાવી.

નાજાં ઝડપથી આવી, પણ તે કાંઇ રાવજી જમાદારને ઓળખતી નહી હતી. તે તેને મામાનું કાંઇ ઘરાક સમજી અને મામાએ તેને દવાખાનાંમાં જે આદરસત્કારથી બેસાડયો હતો તે ઉપરથી તેને કોઇ મોટો માણસ ધારીને તેના પુછેલા પ્રશ્નોનો નાજાંએ છુટથી જવાબ દેવા માડયો. આ મુલાકાતને દરમ્યાન રાવજીની મીઠી પટાવતથી "પ્રૂસિક આસિડ"ની બાટલી વિષે તેણી જે કાંઇ જાણતી હતી તે કહી દીધું. એક દાહડે તેની બેહન ખટલી પોતાનાં દાંત દુખવાથી "લાડનમ" લેવા આવી હતી ત્યારે "લાડનમ" ને બદલે એજ સીહડી ઉપર ચહડીને એજ અભડાઇ ઉપરથી એજ બાટલીમાંથી એક નાની શીશીમાં થોડી દવા નાખી લઇ ગઇ હતી, જેના વાસ ઉપરથી તે "પ્રૂસિક આસિડ" હોય એવો નાજાંને વેહમ પડયો હતો, અને તેથી તેણે તે બાટલી જેવા માગી તો ખટલીએ તેને તે જેવા પણ દીધી નહી. અંહી સુધીનો સઘળો ભરમ નાજાંએ આ પોલીસ ડિટેકટિવને કહી આપ્યો.

આ સઘળી પરપુછમાં રાવજી જમાદારને જેટલું જોઇતું હતું તેટલું મળી આવ્યું એટલે તેણે નાજાંને વધારે વાત પુછવાનું બંધ કીધું, અને "બસ બાઇ, આવજો. માફ કરજોજી," એમ કહી તેને પોતાની પાસેથી વિદાય કીધી.

"નાજાં, નાજાં, તેં મોંહકાણ વાળીછ." રાવજીના જવા પછી નાજાંને તેના મામાએ અંદર જઇને ઠપકો આપ્યો. "દુકતી, તેં તારી ભોલાઇમાં તારી બેહનને ગળે ફાંસી નાખીછ!"

ખટલી પરણેલી હોવા છતાં તેને મરનાર મામાએ જુલમથી પરણાવા કાહડી હતી, તે સઘળો ભેદ નાજાં જાણતી હોવાથી તે બીહતી હતી કે ખટલીએ "પ્રૂસિક આસિડ" વડે આપઘાત કીધો હશે, અને આ સઘળા સવાલો પોતાને તે વિષે પુછવામાં આવેછે એમ સમજીને નાજાંએ આ ઝેરની હકીકત જાહેર કીધી, ત્યારે ડિટેકટિવ રાવજીનાં મનમાં તો ખટલીના નાહશી જવા ઉપરથી મરનાર મામાનું ખૂન કરવાનો શક ઉપજ્યો હતો, તેથી તેણે આ સવાલો પુછ્યા તે ડાકટર મેહલાશાહ સમજતા હતા, તેનો તેવણે નાજાંને ઠપકો આપ્યો.

પ્રકરણ ૧૨૪ મું.

"પંચ" અથવા જુરી.

મુફસીલનાં શેહેરોમાં ભરાતી કારોનરની જુરીને પંચ કેહેછે તોપણ આપણે તેને અંહી આપણાં જુરીનાં ઓળખીતાં નામથી લખીશું. ત્યાં જુરી ભરનાર કારોનર ઘણું કરીને એક પોલીસ અમલદાર હોયછે તોપણ આપણ તેને કારોનરનાં સાધારણ નામથી ઓળખીશું.

શેઠ માણકશાહ મુકાદમની લાશ ઉપર કારોનરની જુરી તે રવીવારની બપોર પછી "ચીનાબાગ"નાં દીવાનખાનાં મધેજ ભરવામાં આવી—તેજ દિવાનખાનું કે જેમાં આગળ માણકશાહ શેઠને ખરચે ખટલીએ ભપકાદાર મિજલસોમાં મેહમાનદારી કીધી હતી, અને તેજ દિવાનખાનું કે જેમાં આજ સહવારે ખટલીનાં પેસુ ચીના સાથનાં લગન ઉપર આશિર્વાદ સારવારની ભપકાદાર મિજલસ ભરાવાની હતી—તેજ દિવાનખાનું અંતે કારોનરની જુરીના ગંભીર દેખાવથી ભરાયું.

શેઠ માણકશાહનાં અચબુચ મરણની ખબરથી પુણાનાં "ખાસ અને આમ" લોકોમાં જે ગડબડ ચાલી રહી હતી તે ગડબડ જુરી ભરાવાની ખબરથી નરમ પડવાને બદલે ઘણી વધી હતી. મરનાર શેઠની લાશને મોટા ડાકટરોએ ચીરીને તપાસવા ઉપરથી મરનારનું ખૂન થવાની વાત વધારે ફેલાઇ ગઇ હતી. તેમજ વળી ખટલી તેજ વખતે એકાએક ગુમ થવાથી તેનું નામ પણ લોકોમાં તરેહવાર શક સાથે દેવામાં આવતું હતું. પેસુ ચીનો—જે તેના ચીનાસહી દેખાવને લીધે ઘણાં લોકોને અત્યાર સુધી ગમ્યો નહી હતો—તેની ચાલ લોકોમાં વખાણ પામી હતી, કાંકે જોકે "ચીનાબાગ" માં ખટલીનાં નાહસી જવા પછી સધળો કારોબાર ગોયા તેણે અખ્ત્યાર કીધો હતો, અને સઘળો કરતો કાવરતો તે થઇ પડયો હતો, તોપણ તેણે મરહુમ શેઠનાં નામને છાજે એવા ડોળદમામથી સધળા હુકમો આપ્યા હતા. પેસુ ચીનાની લાયકીભરેલી ધીરજ, તેનાં ઠરેલ મગજનું સાવધપણું, પોતાના મરનાર દોસ્ત તરફનો તેનો ઠાલી ગડબડ વગરનો ગંભીર અને શાંત ગમ, ખોહવાયલી ખટલી તરફની તેની ખંત, અને જેની સાથે પોતે આજે પરણવાનો હતો તેને પરણવાની ખુશાલીને બદલે તેને પરણાવનારનાં મરણની અચબુચ આવી પડેલી ગમીને વખતે પેસુ ચીનાએ કશા પણ ગભરાટ વગર ચાલુ રાખેલું ઠાવકું દિલ, એ સઘળી આસપાસનાં લોકોમાં વખાણની બાબતો થઇ પડી હતી. ખટલીની ખોળ માટે પેસુ ચીનાએ નજદીકમાં અને દૂરમાં પુષ્કળ ખબર કહડાવી હતી, અને લોકો ખોળ કરવાનાં જે કાંઇ ઠેકાણાં સુચવતાં હતાં, તે દરએક ઠેકાણે પેસુ આગમચથી લખી ચુકયો અથવા માણસ મોકળી ચુકયો હતો તે ઉપરથી તેની ઇંતેજારીભરેલી ચોકાસી વિષે કોઇને કશું કેહેવાનું રહ્યું નહી હતું.

પુણાના કારોનરની કોર્ટ આજના સરખી ભપકાભરેલી કોઇ દાહડે ભરાઇ નહી હતી. તેમાં હાનરેબલ હીરાજી અને સોલીશેઠ સરીખા મોટા મોટા શેઠ લોકો તમાશગીર લેખે આવીને બીરાજયા હતા, કે જેઓ ખરેખર તો મરનારને છેલું માન આપવાને આવ્યા હતા, પણ જુરી ભરવાને લીધે છેલી ક્રિયામાં ખોટી થવાથી શું થાયછે તે જોવાની નવાઇથી તેઓ કારોનરની કોર્ટ તરફ ખેંચાઇ આવ્યા હતા, અને અસાધારણ દેખાવ એ હતો કે સર્દારનાં ધનબાઇજી તથા દારૂવાળાનાં દીનમાય જેવા "મોટે ઘેરનાં બૈરાંઓ" પણ કોર્ટમાં ચાલતાં કામ તરફ ખેંચાઇ આવ્યાં હતાં.

જુરી આગળ પેહલાં જે શાક્ષી રજુ થઇ તે સઘળી ડાકટરોની શાક્ષી હતી. મરનારના મરતી વખતના જે દેખાવો ઉપરથી તેને ઝેર દેવાનો શક ગયો હતો, તે દેખાવોનું બયાન ડાકટર બક્ટને કહી સંભળાવ્યું. મરનારનાં હોજરામાંથી જે પદાર્થો ડાકટર સિમ્પસન રસાયણી પ્રયોગે તપાસવા લઇ ગયો હતો તે તપાસનું પરિણામ એ વાહડકાપના વૈદ કોર્ટને કહી સંભળાવ્યું, જેમાં મુખ્ય બીના એ હતી કે તે પદાર્થોમાં મરનારને ઝેર દીધેલું મળી આવ્યું હતું. ડાકટર બક્ટને પોતાની શાક્ષીમાં "પ્રૂસિક આસિડ" નાં ઝેરની એક બાટલી પોતાને હાથે શોધી કાહાડેલી રજુ કીધી, કે જે બાટલી મરનારની ભાણેજ મિસ

ખરશેદબાઇના ઓરડામાં ખોળ ચલાવતાં એક નાની બાસ્કેટમાંથી મળી આવી હતી.

પેસુ ચીનાની શાક્ષી તે સહવારના નવ કલાકે મરનારના ઓરડામાં તેવણુને ઉઠાડવા ગયો તે વખતે તેવણુને મુવેલા પેહલવેહલા તેણે જોયા તે વિષની હતી. તેવણુની મરતી વખતની જે હ્યધાણીઓ ડાકટર બક્ટને વર્ણવી હતી તે ઇધાણીઓ વિષે પેસુ ચીનાને પુછવામાં આવ્યું ત્યારે તેણે કબૂલ કીધું કે તેવણુને અચબુચ મુવેલા જોવાના ગભરાટમાં તે ઇધાણીઓ ઉપર તેનું ધ્યાન ગયું નહી હતું.

"પણ ત્યારે શું તમે મરનારના ચેહરામાં કાંઇજ અજાયબ જેવું જોયું નહી?" કારોનરે ફરીથી પુછ્યું.

"હું મરનારના અચબુચ ગુજરવાથીજ એટલો અજબ થઇ ગયલો હતો કે બીજું કાંઇબી જોવાનું મને ભાણ રહ્યું નહી," એ પેસુ ચીનાનો જવાબ હતો.

"અને તોપણ ડાકટર બક્ષ્ટન ચેહરાના જે લીલા રંગ વિષે બોલ્યા તે લીલો રંગ શું તમારા જોવામાં નહી આવ્યો?" કારોનરે પુછ્યું.

"કદાચ મેં તે જોયો હશે. પણ મને એવું લાગ્યું કે એકાએક મગજે લોહી ચહડી જવાથી તેવણ ગુજરા હોય."

"અને તેથી ચેહરાનો રંગ લીલો થયલો તમે સમજ્યા હશે!" કારોનરે પેસુ ચીનાને જવાબ સુઝાડયો.

"હા સાહેબ." તેણે જવાબ દીધો.

"તમે મરનારની આંખ્યો જોઇ હતી?"

"હું કોઇ પણ વિગત ઉપર ધ્યાન આપવાને અશકત હતો, એટલો હું ઉસ્કેરાયલો હતો."

"પણ આંખનો દેખાવ તો તમે જોયો હશે?" કારોનરે વધારે પુછ્યું. "તે કાચના જેવી ચલકતી હતી કે ટીકી ટીકીને જોય તેવી હતી, કે ડોળા ફુલેલા હતા?"

"તે હું કાંઇ કહી શકતો નથી, સાહેબ. સઘળો બનાવ એટલો તો દુ:ખ ભરેલો, એટલો તો નહી ધારેલો અને એટલો તો અચબુચ બન્યો કે બારીકીથી જોવાનું મારૂં કાંઇ ધ્યાનજ રહ્યું નહી."

એ પછી આ જાતના સવાલો કારોનરે માડી વાળીને હવે ખટલીના જતી રેહેવા વિષ પેસુ ચીનાને સવાલ કીધા.

"આવે વખતે એ જુવાન બાઇ કેમ જતી રહી તેનાં કારણ તમે કાંઇ કહી શકશો?"

"હું કાંઇ કહી શકતો નથી, સાહેબ."

"તે આજે સહવારે તમારી સાથ પરણવાની હતીની?"

"હાજી."

"તે પરણવાને રાજી હતી, અને તમોને પોતાની પુર મરજી જણાવી ચુકી હતી?"

"હાજી."

"હું આ સવાલ ઉપર વાંધો લઉંછું." કારોનરની સામે ટેબલ ઉપર બેઠલા એક ગ્રહસ્થે વાંધો લીધો. "હું ધારૂંછું કે આજની તપાસ સાથે એ સવાલને કશો સંબંધ નથી. જુરીએ તો મરનારનાં ગુજરવાનું કારણ શોધી કાહાડવાનું છે. તેની સાથે મિસ ખરશેદબાઇનાં લગ્નની વાતને કાંઇ લાગતું વળગતું નથી."

આ વાંધો લેનાર મી૦ વીકાજી નામનો થાણાનો એક વકીલ હતો. તે એક જાણીતો અને હુસ્યાર ધારાનો હિમાયતી હતો અને ડાકટર મેહલાશાહ મુકાદમનો એક અતલગનો દોસ્ત હતો, માટે પોતાની ભાણેજ ખટલીની તરફથી તેના હક સાચવવા સારૂં તેવણે કારોનરની કોર્ટમાં આ વકીલને રોકયો હતો. ખટલી ઉપર તેના મેહલાશાહ મામાને ખરાં દિલથી હેત દોડતું હતું. તેવી પોતાની એક માનીતી ભાણેજ ઉપર ખૂનનો કાંઇબી શક જાય તેથી તેવણ ઘણા કમકમતા હતા, અને અગત્ય કરીને હમણાં જયારે તે પોતાનો બચાવ કરવાને હાજર નથી ત્યારે તેની પીઠ પાછલ તેની બાજુ સાચવી રાખવા માટે આ એક જાણીતા વકીલની મદદ લેવાની તેવણને જરૂર જણાઇ હતી.

એ પછી શેઠના ઓરડામાં થયલી છેલી મુલાકાત વિષે તેવણના વિશ્વાસુ ચૉકર કાવલાની જુબાની લેવામાં આવી, અને તેણે શેઠને મુવેલા જોયા ત્યારે તેવણના દેખાવ અને હાલત વિષે તેને અકસર કરીને પુછવામાં આવ્યું. સહવારના ડાકટરોની તપાસ વખતે કાવલાએ જવાબો દેતી વેળા જે કંગાળ

દેખાવ કીધા હતા તે કરતાં હમણાં તેની હાલત જરાબી સુધરી નહી હતી. હજી તે જેવોને તેવોજ સાવજ અને ગાફેલ દેખાતો હતો, અને તેના જવાબો આપવાની ઢબથી કારોનરને ઘણો ગુસ્સો ઉપજ્યો.

"બસ. હવે તુંને મારે વધારે પુછવું નથી, અહીંથી ચાલ્યો જા. શરમ છે તારી ચાલ ઉપર. તું છાકટો છે." કારોનરે કાવલાને ધમકાવ્યો.

"સાહેબ—સાહેબ. બ બ બ બ બેઅદબી માફ છે." કાવલો કારોનરના ડુબાસ્યા આગળ કરગરવા લાગ્યો. "મ મ મ મને છ છ છ છાકટો કહીને મારી આબરૂ લ્યોછ, સાહેબ."

"અરે જા, આબરૂવાળા! છાકટા!" કારોનરે બુમ મારી. "મારે તારૂં બીજું કાંઇ સાભળવું નથી."

કાવલો ચાલી ગયો. અને હવે ડાકટર મેહલાશાહની સાક્ષી લેવામાં આવી, અગત્ય કરીને તેવણનાં દવાખાનામાં "પૃસિક આસિડ" ની બાટલીમાંથી એક બીજી શીશીમાં તે દવા ખાલી થવા વિષે તેવણને પુછવામાં આવ્યું. પણ તે બાટલીમાં પેહલાં કેટલી "આસિડ" હતી અને કેટલી ઓછી થઇ તે વિષે કારોનર તેવણથી કાંઇબી ખાતરીભરેલા જવાબ મેળવી શકયો નહી.

"ડાકટર મેહલાશાહ, તમારા જેવા એક ઉમરે પોંહચેલા, સમજુ અને સાવધ ધંધાદારીએ તો જાણવું જોઇયે." કારોનરે તેવણને દમ ભરાવ્યો. "કે આ 'આસિડ' નો જથો જુરીને કેહવાની જરૂર છે. ખચીત તમારા ચોપડા ઉપરથી તે માલમ પડવું જોઇયે. તમોને કદાચ યાદ નહી હોય તો તમે એ 'આસિડ' ત્રિચરને ત્યાંથી છેલી વેચાતી લાવ્યા તે વખતનો હિસાબ તમારા ચોપડામાંથી મળવો જોઇયે. અગરજો તમો નહીંજ કેહેશો તો તમારા ચોપડા કોર્ટમાં મંગાવવાની મને ફરજ પડશે."

"હું ત્રિચરને ત્યાંથી 'પૃસિક આસિડ' છેલી લાવ્યો તેને ત્રણ વર્ષ થઇ ગયાંછે. મેં કાંઇ ત્રિચરનું બીલ રાખ્યું નથી, અને મારી પાસે હિસાબ કાંઇ નથી." એ ડાકટર મેહલાશાહનો બચાવ હતો.

"પણ તમોને કાંઇબી યાદતો હોવી જોઇયેની?" કારોનરે એજ વાત પુછવાની હુજત લીધી. "અગરજો આ ઝેરી દવા તમે કદાચજ વાપરો એવી છે ત્યારે તો તમે જેટલી તે પેહલાં લીધી હોય તેટલાજ જથામાં તે બાટલી મધે પડી રેહેવી જોઇયે. હવે તમે એ 'આસિડ' ત્રિચરને ત્યાંથી મંગાવોછો ત્યારે ઓછાંમાં ઓછી કેટલી મંગાવોછો?"

"આસરે બે આંઉસ મંગાવું છું, સાહેબ."

"એથી વધારે તો તમે મંગાવી નથી?

"હું ધારતો નથી, સાહેબ."

"ધારવાની શી વાતો કરોછો, મારા સાહેબ?" કારોનરે વળી ડાકટર મેહલાશાહને ધમકાવ્યા. "તમે ધારતા હોવ તે અમે નથી પુછતા, પણ જે ખરેખરૂં હોય અને તમે જાણતા હોવ તે કહો."

અંતે આ નાખુશ શાક્ષીનાં મોંહમાંથી કારોનરે એટલો જવાબ કહડાવ્યો કે તેવણે ત્રણ વર્ષ ઉપર બે આંઉસ "પૃસિક આસિડ" વેચાતી લઇને પોતાનાં દવાખાનામાં રાખી હતી, ત્યાર પછી એક દર્દીને ઘણા "સખત દુખાવામાં તાહાડક આપવા માટે એ આસિડનો સેહજ જથો માત્ર એકજ વખતે આપ્યો હતો, અને ફરીથી એ દવા વાપરી નહી હતી. આજે ડિટેકટિવ રાવજી આવ્યો ત્યારે તેવણે એ આસિડની બાટલી જોવા કાહાડેલી કબૂલ કીધી, કે જયારે તેમાંની આસરે એક આંઉસ દવા ઓછી થયલી માલમ પડી. ત્યાંથી જે શીશીમાં દવા ખાલી કરી લીધી હતી, તે શીશી પોલીસે પોતાના કબજામાં રાખીછે. આ સઘળા સવાલો ઉપર પણ થાણાના મી૦ વીકાજી વકીલે વાંધો" લીધો, કેમકે જુરીની મુખ્ય તપાસને એ સવાલો સાથે કાંઇ સંબંધ નહી હતો. પણ કારોનરે એ વાંધાની કશી દરકાર કીધી નહી. મુફસીલનો એ માલેતુજાર અમલદાર ન્યાય ચલાવવાની પોતાની રીત ઉપર મુસ્તાક હતો.

ડાકટર મેહલાશાહ બીહીતા હતા તેમ તેવણની નાદાન ભાણેજ નાજાંને તો કોર્ટે શાક્ષી બોલાવી નહી. આથી તેવણને જરા લગાર ધીરજ આવી. તોપણ તેવણનાં મનનો આ ભય દૂર થયો નહી કે બિચારી ખટલીને

માથે એક શીહા વાદળ લટકી રહ્યુંછે, અને તેટલામાટે તેવણે અંહી વેર મનમાં ખાયશ કીધી કે ખટલી પુણેથી ગઇ તો સારૂં થયું, અને હવે પાછી નહી આવેતો વધારે સારૂં.

શાક્ષીઓ તપાસ્યા પછી જુરી પોતે મરનારની લાશ તપાસવા ગઇ. ડાકટરોએ મોતનાં કારણ વિષે ખાતરી આપવા પછી એમ કરવાની કાંઇ જરૂર નહી હતી, તોપણ ધારાની સઘળી શરતો પાળવી જોઇયે અને જુરીના મેંબરોને સ્વતંત્ર મત બાંધવાને બની આવે એટલામાટે સઘળું નજરો નજર દેખાડવું એ ધારાની એક શરત છે.

એ પછી જોકે જુરીનાં મનમાં લગભગ ખાતરી થઇ હતી, તોપણ વધારે શાક્ષી રજુ થઇ શકે એટલામાટે કારોનરે જુરી મુલતવી રાખવા માંગી.

"પોલીસ ડિટેકટિવ રાવજી જમાદાર, જે આ તપાસમાં સઘળો વખત હાજર હતો, તેણે પણ એ સુચનાને ટેકો આપ્યો. ખૂનનો વધારે મુદ્દો પોલીસના હાથમાં આવ્યો નથી પણ જો વખત મળે તો હજી બીજો મુદ્દો લાવવાની તેણે આશા બતાલી.

અંતે જુરીની તપાસ મુલતવી રાખી જુરી બરખાસ્ત થઇ. તેટલામાં મરનારની લાશને ક્રિયાકામ સાથે ઠેકાણે પાડવાનો કારોનરે હુકમ આપ્યો, તથા ડાકટર મેહલાશાહે પેસુ મરનારને અવલમંજલ લઇ જવાની ચીનાની સાથે ગોઠવણો કરવા માડી.

"મરનારનું વસિયતનામુ જલદી વાંચી લેવું જોઇયે," ડાકટર મેહલાશાહે ધારણા કીધી. "બધી દોલત તેવણ ખટલીને આપી ગયાછ કે નહી તે માલમ પડે અને મારી એ ભાણેજ જલદીથી પાછી આવીને બધાંની નજરમાં પોતાનું નિર્દોષપણું સાબેત કરે તો કેવું સારૂં!"

બિચારા ડાકટર મેહલાશાહનાં મનનો ગુચવાડો કેટલોબધો છે, તે એવણની એકેકથી ઉલટી ખાયશો દેખાડી આપેછે. ખટલી ઉપર આવેલી તવાઇને લીધે તે પાછી નહી આવે એવું તેવણે એક વખત ચાહ્યું! અને હવે તે પોતાને બેગુનાહ ઠરાવવા પાછી આવે એવું પણ તેવણે ચાહ્યું!

ખટલી કયાં છે, તે હજી સુધી તેના એ વ્હાલા મામા જાણી શકયા નથી. પણ તેવણને વેહમ છે કે પેલો ખંતી ડિટેકટિવ રાવજી જમાદાર ખટલીની ખોળમાં છે, તે સઘળું જાણતો હશે. ખટલી ચીનાબાગથી બામદાદમાં કેટલે વાગતે ગઇ, કેઇ ત્રેનથી પુણા છોડી ગઇ, કેવાં કપડાં પેહરીને ગઇ, તથા કયા પેટી પેટારા લઇને ગઇ, તે સઘળાંની રાવજી જમાદારે નોધ રાખેલીછે. અને હવે તે કયાં ગઇછે એટલુંજ શોધી કાહાડવાની તેની ખોળ હવે બાકી રહીછે.

પ્રકરણ ૧૨૫ મું.

પાયદસ્ત—સઘળા પૈસાના ખેલ.

સાંજે શેઠ માણુકશાહ મુકાદમની પાયદસ્ત ચીનાબાગમાંથી નિકળી.

તેવણની વ્હાલી ભાણેજ ખટલી તેવણને મોહડે પડવા તથા તેવણનો છેલો સેજદો કરવા આવશે એવી ઘણાઓને વકી હતી. માણુકશાહ શેઠતો સહવારે છેક ૯ વાગતે ગુજરેલા જણાયા હતા પણ ખટલી તો તેની અગાઉની નિકળી ગઇ હતી, તેને મામાના ગુજરવાની ખબર નહી હતી, માટે કદાચ ખબર પડેતો જયાં ગઇ હોય ત્યાંથી ખટલી પાછી આવે ખરી.

કદાચ તે મુંબઇ પોતાની જુની શેઠાણી મિસિસ સાવક્ષાની સ્કૂલમાં ગઇ હશે એવી અટકળથી ડાકટર મેહલાશાહે સહવારથીજ ત્યાં ખટલીને નામે તાર કીધો હતો, અને મુંબઇની સાંજની ત્રેન ૪) વાગતે આવતી હતી, માટે સાંજની ત્રેનમાં તેવણ ખટલીના આવી પુગવાની વકી રાખતા હતા.

આ વકીને લીધે ડાકટર મેહલાશાહે ખામખા પાયદસ્તને ખોટી કીધી હતી. સાંજનાં ૪) વાગ્યા પછી, એટલેકે મુંબઇની ત્રેન આવી પુગ્યા પછી બેસારવા માડવી એવો ડાકટર સાહેબનો હુકમ હતો. તેવણે રેલવે સ્ટેશન ઉપર ખટલી આવેતો તેને તેડી

લાવવા ખાસ ગાડી મોકલી હતી, તે ગાડી પાછી આવવાની આખી મિજલશે કાગને ડોળે વાટ જોયા કીધી, અને જેવી ગાડી દરવાજામાં દાખલ થઇ કે સઘળી આતુર આંખ્યો તેમાં ખટલી છે કે નહી તે જોવાને ખેંચાઇ રહી.

પણ નહી. ગાડીમાં ખટલી નહી હતી. ગાડીના હાંકનાર માણસોએજ ઇસારત કીધી કે ખટલીબાઇ ત્રેનમાં આવ્યાંજ નહી હતાં અને તેને લીધા વિના ખાલી ગાડી પાછી આવી હતી. આખરે વાટ જોઇ જોઇને મોબેદોએ મોડેથી ૪॥ કલાકે ઘેસારવા માંડી.

ખટલી ક્યાં ગઇ હશે, તે પાછી આવી કેમ નહી, જે મામાને જીવતાં જીવત પોતાના જીવ સમાન ચાહતી હતી, તેને મુવે મોહડું જોવા પણ કેમ નહી આવી તે વિષે આખી મિજલશમાં તરેહવાર ચકચાર અને ગડબડ ચાલી રહી, પણ કોઇ કશાં સેવટ ઉપર આવી શક્યું નહી.

ઘણાખરાં લોકો આટલું તો નકી ધારી શક્યાં કે ખટલીને મામાના ગુજરવાની ખબર નહી હશે અને જો તે જાણત તો આવ્યા વિના રેહત નહી. જે મામાના પૈસા તેને મળવાના છે, તે મામાનાં મરણ કાળે તે આવે નહી એવી બેશ્રા તો લોકોને મનથી તે નહીંજ હતી.

પાયદસ્તની મિજલશ મોટી ભરચક મળી. પુણાનાં સઘળા ખાસ લોકોજ આવ્યા એમ નહી હતું, પણ ગરીબ આમ લોકો, જેઓની મરહુમ માણકશાહ શેઠે એક દાહડેબી કશી દરકાર દેખાડી નહી હતી અને જેઓની મદદનાં ઘણાં ઉંઘરાણાંઓ તેવણે તુચ્છકાર સાથ પાછા વાળ્યાં હતાં, તેઓ પણ મરનારનો છેલો સેજદો કરવાને હાજર થયા હતા. જે અચંબોકારક સંજોગ વચે આ મોટા શેઠ મોટાં મોતે મુવા હતા, તે સંજોગમાં આખા પુણાની પારસી પ્રજાને પાયદસ્ત વેળા એકઠી મળવાનું મુખ્ય ખેંચાણ થઇ પડ્યું હતું. જેઓ આવી શકે એવા નહી હતા તેઓ પણ આવ્યા હતા, અને જેઓ ઓળખીતા દોસ્તો લેખે નહી આવ્યા તેઓ ફક્ત તમાશગીર લેખે આવ્યા હતા.

એ રીતે માણકશાહ મુકાદમનો પાયદસ્ત અકસ્માત સંજોગોથી એક મોટા બનાવ લેખે યાદગાર થઇ ગઇ. મરનારની જેટલી આબરૂ નહી હતી, તે કરતાં વધારે આબરૂ સાથ તે મરી ગયા, અને જેમ શક હતો તેમ અગરજો કોઇ ઘાતકી ખૂનીએ પોતાના કરપીણ હાથ તેનો જીવ લેવા ઉપર ચલાવવાનું કસાઇપણું કીધું હોય તે જો આ મિજલશમાં હાજર હોય તો એ મિજલશના ભારી ઠાઠ ઉપરથી જોઇ શક્યો હશે કે તે ચંડાલે પોતાનાં એ મરગરજાન પાપથી મરનારને કેવો મોટો માણસ કરી આપ્યો હતો અને તેની આબરૂને કેટલી વધારી દીધી હતી.

વાંચનારી બાનુઓ જાણેછે કે આખી મિજલશમાં બે જણ એવા હતા કે જેઓને ખટલીના ભેદની થોડીક ખબર હતી. તેઓમાં એક તો પેસુ ચીનો હતો, કે જેને ખટલીએ પરણવાની ચોખી ના પાડી હતી અને જો જબરીથી પરણાવવામાં આવે તો ઝેર ખાઇ મરી જવાની ધમકી આપી હતી, અને તેટલાંમાટે "પ્રૂસિક આસિડ" ની બાટલી વટીક ખટલીએ દેખાડી હતી, કે જે બાટલી તે પોતાના મામા ડાક્ટરનાં દવાખાનામાંથી લાવેલી તેણીએ કબૂલ કીધી હતી. પેસુ ચીનો આ ભેદ જાણેછે, અને જો તે જાહેર કીધો હોત તો માણકશાહ શેઠનાં ખૂનની તલાશમાં તે ઘણું અજવાળું પાડી શકત એમ હતું. પણ એ ભેદ તેણે પોતાની છાતીમાં છુપાવી રાખ્યોછે, તો વાંચનાર કેહશે કે તેણે એક લેખે ખટલીની આબરૂ સંભાળીછે, કેમકે જો આ ભેદ તેણે જાહેર કીધો હોત તો મામાનાં મરણને દાહડેજ ખટલી એકાએક નાહસી જવા ઉપરથી તેના સામે જે શક ઉભા થયાછે, તે શકને મજબુત ટેકો મળત.

પણ એવોજ વળી બીજો જાણભેદૂ જે આ પાયદસ્તની મિજલશમાં હાજર છે, તે પ્રિય વાંચનાર જાણેછે તેમ હાનરેબલ હીરાજી શેઠનો દીકરો સોલીશેઠ છે. પેસુ ચીના સાથ ખટલીને પરણાવવા કાહડી હતી તે જુલમી લગ્ન હતાં અને તે લગ્ન આવવા માટે ખટલી નાહશી જવાની હતી, તે તેણીએ કાલેજ રાત્રે સોલીશેઠ આગળ કબૂલ કીધું હતું, અને વળી તે આગમચની પરણેલી હતી તથા પોતાના પરણ્યા ખાવિંદને ત્યાં જતી રેહવાની હતી એટલું પણ તે કહી

ચુકી હતી. પણ સોલીશેઠેબી આ ભેદ વિશ્વાસથી છુપાવી રાખ્યોછે, કેમકે તે બીહતો હતો કે એ ભેદ જાહેર કીધાથી ખટલી ઉપર નાહક તવઇ આવી પડત, અને પોતાને નાપસંદ લગ્ન અટકાવવા માટે તે મામાને ઝેર આપીને નાહશી ગઇછે એવી રીતે તેના ઉપરનો શક મજબુત થાત.

તો જોકે વાંચનાર કબૂલ કરશે કે અગરજો ખટલીએ પોતાના મામાને ખરેખર ઝેર આપ્યું હોય તો તેને નાહશી જવાની જરૂર નહી હતી. તે તેમ કીધા છતાં નાહશી જયા વગરજ રહી શકત, અને ખામખા નાહશી જઇને પોતાના ઉપર ખોટા શક ઉભા થતા તે અટકાવી શકત.

પાયદસ્તને મોડું થઇ જવાથી અંધ્યારૂએોને ઘેસારવામાં ઘણી ઉતાવળ કરવી પડી. પુણાનું 'દોખમું' કેંપથી ખાસુ ચાર પાંચ માઇલ દૂર છે, ત્યાં અંધારૂં થવા આગમચ જઇ પોહચવાનું હતું અને ઘેસારાણુંજ મોડેથી શરૂ કીધું હતું, એટલે મોબેદોને તે જલદી પુરૂં કરવાની ફરજ હતી.

પાા વાગતે ઘેસારણું પુરૂં થયું. કેટલાક મિજલશીઓને તેટલી જલદી એ ક્રિયા સમાપ્ત થવાની વકી નહી હતી. તેઓ સમજ્યા કે અંધ્યારૂઓએ ભણતરમાં કાંઇ ગાપચાં માર્યાં હશે, પણ તુર્તજ બીજા મિજલશીઓએ એ શક આ તકરારથી દૂર કીધો કે ઓટલા ઉપર બારણામાંજ દસ્તુરજી સાહેબ બેઠેલા હતા, તેવણ અંધ્યારૂઓનાં ગાપચાં ચાલવા કેમ દેત? અને તેવણુની હજુરમાં અંધ્યારૂઓ ગાપચાં મારવાની હિમતજ કેમ કરત?

ગમે તેમ હોય, પણ સાંજે ૬ વાગતાના વળતા પ્રહરે પાયદસ્ત નિકળી. ઉતાવળ સમજીને મિજલશના સાહેબોએ પોતેજ સેજદો કરવામાં પણ ઉતાવળ કીધી. પાયદસ્તે જનારા સાહેબોએ દોખમા આગળ સેજદો કરવાનો હતો, માટે ઘરને ઓટલે સેજદો કરીને મિજલશનો બમણો વખત રોકવાની જરૂર નથી, તેમ સમજીને તેઓએ ઘેર આગળ સેજદો કરવાનો વિચાર માડી વાળવાનું ડાહપણ કીધું, તેથીજ ૬ વાગતાંમાં પાયદસ્ત નિકળી.

પાયદસ્તની મિજલશ મોટી અને ભપકાદાર નિકળી. મરહુમના મુખ્ય રડનાર કુટનાર તેવણુની બેન બાકી રહેલી ભાણેજો મેહરી અને નાજાં હતી, પણ તે બચ્ચાંને રડવા કુટવાની એટલીબધી કશી આવડ નહી હતી. તેઓ રડી રડીને ઘણું એજ રડી કે મામા ઉપર રડવાને ખટલી હાજર નહી હતી. ખટલીની બેહનોને મનથી ખટલી જાણેકે મરીજ ગઇ હતી, માટે તે બેહનો મામાની સાથે ખટલી ઉપર પણ ઘણું રડી. પાયદસ્તે પુરૂષ રડનારાઓમાં એકલા મરનારના ભાઇ ડાકટર મેહલાશાહજ હતા. તેવણુને મરહુમ ભાઇ કાંઇ મોટો વારસો આપી ગયા નથી, અથવા કોઇ દાહડેબી તેવણુને કાંઇ સંગીન મદદ આપીને તેવણના લાલ કીલ્લામાંના ગરીબડા સંસારને સુધાર્યો નથી. તોપણ માણકશાહ શેઠ ડાકટર મેહલાશાહના વડા ભાઇ લેખે મુરબી સમાન હતા, તેવણ સરખા એક માતબર ભાઇના જીવતા રેહવામાં એ ગરીબ ડાકટરને ભવિષ્યને માટે ઘણી ધીરજ હતી, મરહુમ તેવણનાં ખાનદાનનાં નાક અને શોભા સમાન હતા, તે શોભા જતી રેહવાથી તેવણુને ઘણું લાગ્યું. અને વળી એવા એક આબરૂદાર ભાઇનું મરણ જે દુઃખભરેલા સંજોગો વચ્ચે થયું તેથી ડાકટર મેહલાશાહના ગમમાં ઘણો વધારો થયો. આવા એક આબરૂદાર ભાઇનું મરણ ખૂનના શક વચ્ચે થયું તેથી તેવણ ઘણું રડયા, અને તેમાં પણ બિચારી ખટલીને ખોહવા ખાતર તેવણે ઘણી માતમ કીધી. ખટલીની બેહનોની સાથે તેવણ પણ મોહડું માથું કુટવા લાગ્યા કે "ખટલી, મારી ખટલી રે! તું આ વખતે કયાં જઇ પડી!"

ડાકટર મેહલાશાહને દસ્તુરજી સાહેબે ઘણોક દિલાશો દઇને થંડા પાડયા. હાનરેબલ હીરાજી શેઠે પણ પોતાની પાસે બેસાડી તેવણુને શાંત કીધા—તો જોકે એ સાહેબોએ બિચારા આ ગરીબડા ડાકટરનો કોઇ દાહડે ભાવબી પુછયો નહી હતો.

વાંચનાર કેહશે કે આ સઘળા મરનારના પૈસાના ખેલ હતા. અગરજો માણકશાહ શેઠ ગરીબીમાં મરી ગયા હોત, અગરજો તેવણનો આ ગરીબડો ભાઇ મેહલાશાહ મુકાદમ મરી ગયો હોત તો તેની પયદસ્ત ઉપર આટલી બધી ચેલમેલ થત નહી.

ખુન અને આપઘાતના શક પછી તો કશીજ નહીં થાત.

અને આ પાયદસ્ત પૈસાનો ખેલ કેવો હતો, તેની એક સેજ ઇધાણી એજ પાયદસ્તમાં ચાલતી વાતચીત પુરી પાડેછે. રવાનને દોખ્મે પોંહચતાં ખાસો એક કલાક લાગ્યો, તે આખે રસ્તે મિજલશીઓમાં મરહુમના પૈસા અને તે કોણને મળશે તે વિષેની વાતજ ચાલ્યા કીધી. પેસુ ચીનો અને સોલીશેઠ જુવાન હતા, તેઓ પાયદસ્તે ગયા હતા, તેઓ વચે પણ એજ વાત ચાલુ રહી. એક પૈસાદાર પિતાના સપુત લેખે સોલીશેઠે પૈસાદાર લોકો વિલ કેમ કરેછે, તે વિલ કેમ અને કયારે વાંચવું વગેરે વગેરે વાતોની સલાહ આપી. અને પેસુ ચીનો મરહુમનાં વિલ વિષે કાંઈ બોલ્યો નહી, પણ તેણે એટલોજ વિચાર આપ્યો કે જે હશે તે કાલે સહવારે મરનારના દસ્તાવેજોની પેટી ઉઘાડીને જોતાં માલમ પડશે.

મરહુમને ઓટલે હાનરેબલ હીરાજી શેઠે પણ ડાકટર મેહલાશાહની સાથે મરહુમની દોલતનાંજ વખાણો કરવામાં એ દુઃખી બાઇને દિલાશો આપવાનો રસ્તો જોયો. તેવણની સલાહથી મેહલાશાહે પણ મરહુમનું વિલ કાહડીને વાંચવા માટે આવતી કાલ સહવાર ઉપર રાખ્યું અને તે વેળા હાનરેબલ હીરાજી શેઠને શાક્ષી તરીકે હાજર રેહવાની અરજ કીધી. તેવણે તે અરજ ઘણાક મરડાઇ મોરાઈને ના પાડી પણ તે વિલ વાંચતી વખતે પોતાના દીકરા સોલીશેઠને મોકલવાની કબૂલાત આપી.

પ્રકરણ ૧૨૯ મું.

ખોહવાયલી ખટલી વિષે ગપસપ.

"ચીનાબાગ" માં પાયદસ્ત પછીની સહવાર આગળી સાંજના કરતાં વધારે ઉસ્કેરનારી અને આતુર મગજોને વધારે ઇંતેજારી પેદા કરનારી આવી લાગી. કાલેતો એક મુવેલા મોટાં માણસનાં મુડદાંને ઠેકાણે પાડવાની ગડબડ હતી, પણ આજેતો તે મોટા માણસની મોટી દોલતનો દટાઇ ગયલો ભેદ શોધી કાહાડવા, તે મુવેલા મોટાની મોટાઇને ગોયા જીવતી કરવા, તે મરનારનું વસિયતનામું વાંચીને પોતાના વારસાની જાદુઇ લાકડીથી મરનાર કેટલાંને જીવાડી અથવા કેટલાંને મારી નાખી ગયોછે—તે સઘળું શોધી કાહાડવા આજ સહવારની ગડબડ ચાલી રહીછે.

આગમચથી કીધેલી ગોઠવણ પ્રમાણે મરહુમ શેઠ માણકશાહ મુકાદમનું વસિયતનામું વાંચતી વખતે હાનરેબલ હીરાજી શેઠે પોતાના દીકરા સોલીશેઠને મોકલ્યો હતો, તથા તે ઉપરાંત, લાંબી મુદતનો લટકી રહેલો ભેદ જાણવાની ઉલટથી ચચાઇ રહેલી જીભોવાળા શેઠસાહેબો તથા બાઇસાહેબો પણ તે ભેદ જાણવાની આ છેલી ઘડીએ હાજર થવાને ભૂલ્યાં નહી હતાં. સર્દાનાં ધનબાઇજી અને દારૂવાળાનાં દીનમાય, ખટલીની ખબર કાહાડવાની ઇંતેજારીનું ડોળ દેખાડીને, પણ ખરેખર તો માકા મુકાદમની દોલત કેટલી નિકળેછે તે જાણવાને અને જગતમાં તે વિષે ચાવાચીવી ચલાવવાને, હાજર થયાં હતાં. મરનારનું ખૂન થયુંછે તે પેહલવેહલું શોધી કાહાડનાર દાખલ ડાકટર બક્સટન પણ તે ખૂન કરનાર કોણ છે તે જાણવાને એટલો ઇંતેજાર હતો કે તે પોતે પણ વિલ વંચાતી વખતે આ પારસી મીજલસમાં હાજર થયા વિના રહ્યો નહી હતો. પેસુ ચીનો તેઓની વચે વસિયતનામું લાવીને રજુ કરનાર હતો, અને તે આવી પુગે તેટલીવાર હાજર થયલાંઓ વચે સઘળી વાત મરનારનાં ખૂનની અને ખોહવાયલી ખટલીની અટકળો ઉપર અટકી રહી હતી. ડાકટર બક્સટનની હાજરીને લીધે એ સઘળી વાત ઇંગ્રેજીમાંજ ચાલી હતી.

"કેમ ! મીસ ખરશેદબાઇની કાંઇ ખબર ?" ડાકટરે આવતાંની વાર સોલીશેઠને પુછ્યું.

સોલીશેઠે કશો જવાબ નહી આપ્યો; તેને બદલે શેહર્યારજી સર્દાએ જવાબમાં આ સવાલ પુછ્યો. "એ કયાં નાહાસી ગઇ હશે ? બિચારીને ખામખા નાહાસવાનું કારણ શું

પડ્યું હશે? સિવાય કે મરનારનું ખૂન કરવાનો એની ઉપરનો શક ખરો હોય."

"શક તો છે. પણ હું નથી ધારતો કે તે ખરો હોય." ડાકટર બક્સ્ટને તર્ક બાંધી. અત્યારસુધી તો એ ડાકટરના શક બાટલી ઉપર હતા, પણ હમણાં તેણે વળી કાંઇ જુદુંજ અનુમાન કાહડ્યું. "જો એ છોકરી આ અપરાધની ગુનેહગાર હોય તો તે નાહાસી નહી જાત પણ અંહી હાજર રેહેત. અગરજો આવાં ઘાતકી કામની તેનામાં હિમત હોત તો પછી બીજાઓ આગળ મોહડે મોહડું મળવાની હિમત તે ખોહી દેત નહી."

"હાજી," શેહસ્વારજી સર્દાએ અકલ ચલાવી. "ખુનીઓ હિમતવાળા હોયછે, પણ હંમેશ નહી. ઘણી વખત તો પોતાના ઘાતકી હાથ ચલાવ્યા પછી લાગ મળતાં નાહસી જવાનું હિચકારાપણું તેઓ પસંદ કરેછે."

"પણ આ છોકરી કાંઇ ખુનીઓના વર્ગની નહી હતી," ડાકટર બક્સ્ટને તકરાર લીધી. "હું કબૂલ કરૂંછું કે શકનાં કારણો એ બાઇ સામે મજબુત છે. તેનું નાહસી જવું, તેના ઓરડામાંથી ઝેરી દવાની બાટલીનું મળવું, તે દવા તેણે પોતાના મામાનાં દવાખાનામાંથી લાવવી, મરનારના આઇતા વારસાની આશા ઉપર ટિંગાઇ રેહવું, એ સઘળું એની સામે જાયછે ખરૂં. પણ જો મરનારના પૈસા લેવા સારૂં એણે તેવણને મારી નાખ્યા હોય તો તે પૈસા મળે ત્યાંસુધી તે અહીં રેહે કે નાહસી જાય? અપરાધીઓ સારી પેઠે જાણેછે કે નાહસવાથી તો તેમનાં સામે ઓરખી શક ઉભા થાયછે."

"પણ પોતાનું ધારેલું કામ કીધા પછી અપરાધીઓ ગાભરા પડી જાયછે, અને નાહસવામાં પોતાની સલામતી સમજેછે."

પણ હજી આ તકરાર ડાકટર બક્સ્ટનના માનવામાં આવી નહી. હજી તેની ખાતરી હતી કે જો બાટલીએ ખૂન કીધું હોય તો તે ગમે એટલી ગભરાવા છતાં નાહસી જાય એટલી કાચી નહી હતી.

"પણ ત્યારે એનું જવાનું કારણ શું હોય?" સોલીશેઠે અજાણો થઇ પુછ્યું.

"કારણ ઘણું સેહલ છે," શેહસ્વારજી સર્દાએ તર્ક બાંધી. "એના મામા એને નાપસંદ ઠેકાણે જુલમથી પરણાવવા માંગતા હતા, અને મામાની મરજીની સામે થવાની એનામાં હિમત નહી હતી. તેથી જે થાય તે થાવા દેવાની વાટ જોતી તે બેસી રહી હોય, અને છેલી ઘડીએ નાહસી ગઇ હોય. નાદાન છોકરીઓ એવીજ હોય."

"પણ ત્યારે એના મામાનાં દવાખાનાંમાંથી એ ઝેરી દવા શું કામ લઇ આવી હોય?" અંહી આ સવાલ ઉભો થયો.

ડાકટર બક્સ્ટનને ખોલાસો આપવાની ફરજ પડી કે "શીશીની ઇધાણી ઉપરથી અને દવાખાનાની તપાસ ઉપરથી એમ શક જાયછે ખરો. પણ કારોનરની તપાસમાં તે કશું જાહેર યા સાબેત થયું નથી." એ શક પણ ડાકટર બક્સ્ટનેજ બતાવ્યો.

"તેમજ વળી સાહેબ," સોલીશેઠે સુઝાડ્યું, "કે જે 'પૃસિક આસિક' મરનારના પીવામાં આવી તે ડાકટર મેહલાશાહનાં દવાખાનાંવાળીજ હતી એવું પણ હજી કાંઇ સાબેત થયું નથી."

"પણ ત્યારે એ ઝેરી દવાની શીશી એનાજ ઓરડામાંથી કેમ મળી આવે? અને વળી ખાલીજ કેમ મળી આવે? ખુલી રીતે શીશી વપરાયલી દેખાયછે." ડાકટર બક્સ્ટને પુછ્યું.

"કાંઇ ભૂલ થઇ હોય," સોલીશેઠે તકરાર લીધી. "શીશીજ ભૂલથી આવી હોય અથવા ભૂલથી ખાલી કીધી હોય. પોતેજ એ ઝેર વાપર્યું હોય તો શીશીનો પુરાવો પોતાનાજ ઓરડામાં રેહેવા દે એવી તે નાદાન તો નહીજ હતી."

"તમોને તો, સોલીશેઠ, એ છોકરીનું પેહલાંથીજ લાગતું આવેલું છે," સર્દારનાં ધનબાઇજીએ મેહણું માર્યું.

"હું કબૂલ કરૂંછું કે પેહલાં મનેબી શક જતો હતો. પણ વિચાર કરતાં લાગેછે કે એ શક ખરો હોય નહી."

"ખુદા કરે ને તેમ નહી હોય. અને બિચારૂં ફુલ બચ્યું બેગુનાહ હોય!" શેહસ્વારજી સર્દારએ તેની દયા ખાધી. "પણ તોબી બરાબર તપાસ થવી જોઇયે. આપણને શેહરની અંદર ઝેર દેવામાં આવે, અને

ઝેર દેનાર છુટો ફરે તો આપણા જીવને ચેન પડે નહી."

આ ગપસપ હજી વધારે ચાલત, પણ અંદરના ઓરડામાંથી પેસુ ચીનો ડાકટર મેહલાશાહ મુકાદમની સાથે આવી લાગ્યાથી એ ગપસપ અંહીજ બંધ પડી, અને બેહસ્તીનાં વિલ વિષેની સર્વની તલપ ઉસ્કેરાઇ આવી.

પ્રકરણ ૧૨૭ મું.

માણકશાહ શેઠનું વિલ.

પેસુ ચીનાના હાથમાં લાલ ફીટથી બાંધેલું વકીલોનાં ખત સરખું એક પરબીડું હતું, જે સઘળાંઓ સમજ્યાં કે મરનાર માણકશાહ શેઠનું વસિયતનામું હોવું જોઇયે. પણ પેસુ ચીનાએ તો સર્વને નિચલા સખુનોથી અચરતીના દરિઆવમાં ગિરફતાર કીધા.

"સાહેબો, તમો મરહુમ શેઠનું વસિયતનામું વાચેલું સાંભળવા આવ્યાછો. તે દસ્તાવેજ તમારી આગળ રજુ કરવાનો પેહલો હક મિસ ખરશેદબાઇનો હતો અને તેવણની ગેરહાજરીમાં એ ફરજ મારે શીર આવી પડીછે, પણ હું જણાવવાને દલગીર છું કે મરહુમ શેઠ માણકશાહ મુકાદમ કાંઇ પોતાનું વસિયતનામું કરી ગયા નથી."

આ શબ્દો સાંભળતાંજ સઘળાંઓ અચરતીથી "હેં! હેં!" નો એક પોકાર કરી ઉઠયાં.

"શું ભાઇ? એ શું બકેછે? શું તું એવું કેહેવા માંગેછે કે મરહુમ જેવા એક વેપારી માણસ વસિયત કીધા વગર મરી જાય?" શેઠ શેહરીઆરજી સદર આ મીજલસના વડા હતા તેવણે પુછયું.

"હાજી, હું એમજ કહુંછું. બેહેસ્તી બેવસિયત ગુજર્યાછે તેનું સહુથી મોટું કારણ એજ છે કે એવણ પાસે કોઇનેબી આપી જવા સરખી દોલત કશી છેજ નહી."

"અરે પેસતનજી તો એમ કહીને આપણી મસ્કરી કરેછે."

"તમો સાહેબો માણકશાહ શેઠની ખાસીયત તો જાણોછો." પેસુ ચીનાએ ભાષણ ચલાવ્યું: "લોકો પોતાની કલ્પીત પુંજી ખોટે ખોટે નામે લખી જાય તેવી ઠગાઇને એવણ ધીક્કારનારા હતા. માટે પૈસા ટકા વગર વિલ કરવાની ઠઠાબાજી કરી જાય એવા એવણ લોકોને બેહકાવનારા નહી હતા. હું કાંઇ આ વાત મારી તરફથી જોડી કાહાડીને કેહેતો નથી, પણ એવણ સાથના મારા લાંબા સંબંધમાં જે કાંઇ મારા જોવામાં આવ્યુંછે અને જે હું પોતે જાતે જાણુંછું તેજ કહી સંભળાવ્યુંછે. હું જાણુંછું કે મરનારે વિલ કીધું નથી, પણ લોકો એવણને ઘણા દોલતમંદ સમજતાં હતાં અને એવણનાં વસિયતનામાની વકી રાખતાં હતાં તે એવણ જાણતા હતા, અને તેથી લોકોની એવી ખોટી વકી ઉપર એવણ હસતા હતા."

"પણ ત્યારે તમારા હાથમાં આ કાગળ્યું શું છે?" સદર શેઠે પુછયું.

"હું તે ઉપરજ આવુંછું, સાહેબ. એ કાંઇ મરનારનું વિલ નથી. પણ પોતાની છેલી સખત માંદગીની વખતે એવણે એ કાગળ્યું મને આપ્યું હતું અને એવણની કજારજાએ ભેગા મળેલા તમે સરખા દોસ્તો આગળ એ કાગળ્યું વાંચવાની મને ફરમાશ કીધી હતી તે હું તમો સાહેબો આગળ વાંચવાને લાવ્યોછું."

"પણ ત્યારે ભલા માણસ વાંચતો કાં નહી? અમસ્થું ભાષણ શાનું કર્યા કરેછે? અમોને બધાંને બેહકાવેછે કે?"

"સાહેબ, બાહારના દેખાવને ખરેખરો બનાવ સમજનારા ભોલાઓમાં એકલા તમેજ પેહલવેહલા નથી," પેસુ ચીનાએ ટકોર કીધી.

અંતે ઘણા જણાઓએ આગ્રહ કીધાથી પેસુએ તે પરબીડાંને બાંધેલી ફીટ છોડીને તે કાગળ્યું વાંચવા માંડયું.

તે એક આખું મરહુમ શેઠ માણકશાહ મુકાદમના મેહતા-સહી અક્ષરે લખેલું કાગળ હતું, જેમાં નીચે મુજબ લખેલું હતું.

"હું જોઉંછું કે મારી જીંદગીનો અંત પાસે આવ્યોછે તે વખતે હું નાદારીની હાલતમાં મરી જવાનો છું. માટે મારૂં છેલું વસિયત કરવાના ઠાલી ઢોંગથી હું પાક્રો હતુંછું. હું દલગીર છું

કે ગરીબ મુગોબ્હાલાંઓને ભલી દુવાઓ તથા આશિર્વાદોની ઓહાતાળા ઉપર હુંડી લખી આપવા સિવાય બીજું આપી જવાનું મારી પાસે કાંઇ નથી.

"ચીનમાં ચાલીશ વર્ષ સુધી ચલાવેલો વેપાર હું છોડી આવ્યો ત્યારે જોકે મારી પેહડીની આંટ ઘણી સારી હતી, અને જોકે મારી હુંડીઓ મુંબઇ બેંકના જેવી સધ્ધર ગણાતી હતી, તોપણ હું મારી પેહડીને નાદારીમાં મુકી આવ્યો હતો. એ પેહડીમાં મેં મારા પૈસા રોકયા હતા, માટે પેહડી છોડી જતી વખતે મારી પોતાની પુંજીનો એક ભાગ પાછો ઉપાડી લેવામાં હું કાંઇ ખોટું કીધેલું સમજતો નહી હતો. મારી પુંજી ખેંચી લેવાથી પેહડીને જોખમ હતું ખરૂં, તોપણ જે મારૂં હતું અને જે વગર મને નહી ચાલે એવું હતું તે લઇ લેવાનું મેં દુરસ્ત ધાર્યું. મારી પેહડી હું બીજે હાથ મુકી આવ્યો તે એક ભાગેલું વાહાણ મુકી આવ્યા બરાબર હતું. તોપણ હું ધારતો હતો કે તે ભાગેલું બારકસ વેપારના દરિયામાં ચલાવવાનું હું એક ચાલાક સુકાનીના હાથમાં સોંપી આવ્યો હતો કે જે એ ભાગેલાં વાહાણને તરવી કાહાડવાને શકિતવાન હતો. એ પ્રમાણે રૂપીઆ પચાશ હજારની પુંજી લઇને હું ચીનથી નિકળ્યો, અને પુણે આવી રહ્યો. તેટલી પુંજીની ફેરવણી કરવાથી લોકોમાં હું મોટો લક્ષાપતિ ગણાઇ રહ્યો.

"જ્યારે એક જોખમભરેલા વેપારની ફિકર ચિંતામાંથી છુટો થવા અને મારી બાકીની જીંદગી આસાયશમાં ગુજારવાનો મેં ઠરાવ કીધો, ત્યારે મારી ઉંમર ૬૬ વર્ષની થઇ હતી. મેં ગણતી કીધી કે જે પચાશ હજાર રૂપીઆ હું પેહડીમાંથી ઉપાડી લાવ્યો હતો તે જીંદગીનાં સુખ ચેનને માટે બસ હતા, અને સંભાળથી વાપરવા માટે મારાં નામની આંટ પુરતી હતી. એટલામાટે હું જ્યારે એક નાનો અને મેઝ્રાનુ છોકરો હતો ત્યારે મારાં જે અસલ વતને એક રોજીંદી રોટી આપવાને ના પાડી હતી, અને તેથી જે વતનને હું એક ભીખારીની હાલતમાં છોડી ગયો હતો, તેજ વતનમાં મારા બાકીના દાહડા ગુજારવા આવવાનું મેં પસંદ કીધું. બેંકમાં મુકેલા થોડાક હજાર રૂપીઆથી, અને તેની સાથે બેહદ ખજાનાની આબરૂથી મારાં વતને મને જોઇતું સઘળું પુરૂં પાડયું. પુણા શેહરે પોતાની સઘળી પેદાશ મારા પગ આગળ લાવી નાખી. મારે માત્ર મારાં માણસોના પગાર આપવાનો ચાલુ ખર્ચ કરવાનો રહ્યો હતો. અને વેપારીઓનાં આંકડા ચુકવનારા ચેકો ઉપર સહી કરવાની રહી હતી, જેમ કીધાથી મારી પુંજી વર્ષોવર્ષ ઘટતી ચાલી હતી એટલુંજ નહી પણ મારે માથે વર્ષોવર્ષ એક નાનું કરજ ચહડતું ચાલ્યું હતું.

"હું બીહુંછું કે મારી વ્હાલી ભાણેજ ખટલીનાં મનમાં મારા પૈસાની ખોટી ઉમેદો ઉભી કરવાનું કારણ મળ્યું હશે. અગરજો મારી કેહેવાતી દોલતની આશામાં તે બિચારી ઠગાઇ હોય તો હું ઘણો દલગીર છું. તોપણ મારા વારસાની આશામાં તેણે અથવા બીજા કોઇએ પણ ખાલી ઉમેદોના હવાઇ કિલ્લાઓ બાંધ્યા હોય તો તેનો દોષ મારે શીર નથી. હું કોઇને પણ મોટો વારસો આપી જવાનું બોલ્યો નથી, અને મારા કહ્યા વગર મારા પૈસા ઉપર હવાઇ કિલ્લા બાંધવાનો કોઇને હક નથી. મારી વ્હાલી ખટલી મારી પાછલી જીંદગીના એકાંતવાસમાં મને સુખ આપનારી સોબતણ થઇને રહીછે અને મારાં વળતાં પાણીમાં જે કાંઇ સુખચેનથી મેં મારો રસ્તો સવળ કીધો હતો તેમાં મારી એ લાડકી ભાણેજે પુરતો ભાગ લીધોછે. હવે મારાં મરણ વખતે મારાં બેંકમાં મુકેલાં નાણાંમાંથી જો કાંઇ પણ બાકી રહ્યું હોય તો તેમાંથી મારૂં વાજબી દેવું અદા કીધા પછી જે કાંઇ વધે તે હું આ લખ્યાથી મારા જુના દોસ્ત અને મારા ધંધાના જોડયા પેસતનજી ચીનાને સોંપી જાઉંછું. કાંઇ પણ બાકી વધે એવું નહી ધારીને, આ મારો હુકમ એક વસીયતના આકારમાં મુકી જવાની હું જરૂર જોતો નથી.

પુણાની તા૦——

લા૦ માણકશાહ પે. મુકાદમ."

પ્રકરણ ૧૨૮ મું.

જમસુની એક નાદાની.

શેઠ ડોસુબા વકીલની છેલી મુલાકાત પછી જમસુ જસાવાળો પાછો ફર્યો તેવોતો પોતાને ઘર "જસવાડી" માં ગયો, અને બીજે દાહડે સહવારે શેઠ હોમાજી દારૂવાળાનાં ઝુપડાંમાં સુંદર શીરીનને જઇ મળ્યો, અને પીળાને "જસવાડી" માં લઇ જવા માંગ્યો.

પોતાનો દીકરો કરી લીધેલાં આ વ્હાલાં ભૂલકાંને પાછું આપી દેવાની સઘળી નાખુશી

છતાં બિચારી શીરીનને જમસુની આગળી સમજાવત ઉપરથી કબૂલ કરવાની ફરજ પડી હતી, તે આ બીજી વાર ઘણી નાખુશી સાથે કબૂલ થઇ.

"જુઓ શીરીનબાઇ" જમસુએ ફરીથી સમજાવવા માંડયું, "કે મોટો સવાલ આ પ્યારાં પીલસાંને મારા દીકરા દાખલ પુરવાર કરવાને લગતો છે, અને તે પુરવાર કરવાની ખાતર તેને મારાં ઘરમાં રાખીને ઉધારવાની ફરજ છે. બીજાનાં ઘરમાં રહેલા એક છોકરાને લોકો મારા દીકરા દાખલ માનશે નહી. જો એને મારો દીકરો ઠરાવવો હોય તો એને મારી સાથે રાખવો જોઇયે, અને મારી સાથના રેહેવાસમાં લોકોને દેખાડવો જોઇયે. એનું બચપણ એ રીતે મારાં છાપડાંમાં ગુજરવા પછી એ કયાં રેહ અને કયાં નહી રેહ તેનો કશો મુજાકો નથી. મારે ત્યાં રેહેવાથી એનું નામ મારી સાથ જોડાયા પછી એ જયાંબી રેહેશે ત્યાં ચાલી શકશે."

આ સઘળી સમજાવતની સામે નહી થઇ શકાશે તે શરણાંગતપણાંના ખ્યાલથી શીરીનની આંખ્યોમાં પાણી આવી ગયાં અને તે બોલી કે:—

"જમશેદજી શેઠ, ગઇ કાલે તો તમે એ દીકરાને મારેથી છુટો નહી પાડવાને કબૂલાત આપી મને સુખી કીધી હતી, અને આજે વળી તે કબૂલાત એંચી લઇ મને પાછી દુખી કરોછ."

"શીરીનબાઇ, મને માફ કરો," જમસુ કરગરીને બોલ્યો. "ગઇ કાલે આપણે વાત કીધી ત્યારે હું મારા વકીલને મળેલો નહી હતો. ત્યાર પછી હું વકીલને મળી આવ્યોછ અને હવે જે કહુંછ તે મારા દીકરાનાં ભલાંની ખાતર વકીલે જે સમજાવ્યું તે કહુંછ. ખાતરી રાખજો કે તમારાં બાળકને છીણવી લેવાથી મને કેવું દુઃખ થાયછ તે તમે જાણતાં હોવ તો મને આમ ઠપકો આપો નહી. પણ હું જે કરૂંછ તે તો એ બાળકનાં સારાંને મારેજ કરૂંછ."

આટલું બોલતાં બોલતાં જમસુ કાંઇ અજાયબ જોસમાં આવી ગયો, અને જોસમાંને જોસમાં જાણે કે કાંઇ અકલ ખોડી દીધી હોય તેમ વગર ધ્યાને બોલવા પડયો. ત્યારે એ બાળકનાં સારાંને મારે આપણ ત્રણે જણ સાથે રહીને સુખી કાં નહી થઇ શકયે! હું જ્યારે તમારાં આ વ્હાલાં મકાનના પરીચય આશ્ર તળે તમારી સાથે અને પીળાની સાથે રહેલો હતો ત્યારના જેવો સુખી હું કોઇ દાહડે થયો નથી. તો આપણ ત્રણે જણાં મારાં ગરીબ ઝુંપડાંમાં સાથે રહીને એ સુખી જીંદગીને લંબાવ્યા કાં નહી કરીયે? નહી શીરીનબાઇ, તમે આનાકાની ના કરો. જેમ આ બચ્ચાંની જુદાઇ તમોને પસંદ નથી તેમ તમારી જુદાઇ મને પસંદ નથી. એ બચ્ચાંની ખાતર મારે તમે મારી સાથે રેહેવાનું કબુલ કરો. મારો પ્યાર, મારા પૈસા અને મારૂં જે કાંઇ છે તે બધું તમારૂંજ ગણાશે."

આ કેવી બેઅદબી! કેવી બેહાઇભરેલી માંગણી! તે સઘળું જમસુ જસાવાળો તુતના જુસામાં ભૂલી ગયો. જે જંજીરથી તે એક બીજીને જોડાયલોછે તે જંજીરનું જોડાણ પણ ભૂલી ગયો. તેની સારવાર કરનારી તથા તેનાં બચ્ચાંને ઉછેરનારી આ સુંદર સાહેલી તેને ઘણી વ્હાલી લાગેછે તે સિવાય બીજું સઘળું તે ભૂલી ગયો.

પણ આ અમર્યાદ છુટની શીરીન ઉપર તો ઉલટીજ અસર થઇ. તેની ક્મકમતી આંખ્યોના ગુસાનો આતશ તેનાં નેણોની કમાનમાંથી ઠપકાનાં તીક્ષણ તીરો ફેંકતો હોય એવો દેખાવ જમસુની નજરે પડયો, અને તેણે ખોહેલી શુદ્ધિ પાછી આવી. શીરીન જમસુની શરમભરેલી માંગણીના જવાબમાં કશું બોલી નહી પણ એ માંગણીનું પાપ સઘળું તે સમજેછે, અને તેના ધિક્કારને લીધે તે ચુપ રહીછે એટલું તો તેના મુગા તિરસ્કારથી તે બતાવી શકી.

"હું માફ માંગુછ, શીરીનબાઇ," તે પશ્ચાતાપનોભરેલો બોલ્યો "મારીથી બેઅદબી ભરેલું બોલાયું; પણ પીળાને સુખી કરવા હું તેની સાથે રહું, અને તમે પણ તેની સાથેજ રહો તો આપણ ત્રણે જણ કેવાં સુખી થઇયે, તેજ વિચાર મારાં મનમાં હતો. એ પ્યારાં પીલસાંને તમારી પાસેથી લૂટી લેવા જેટલો હું ઘાતકી નથી. ખચીત હમણાં ને હમણાં તો નહીજ. એની કરી લીધેલી માની સંભાળ અને જતન હું એને મારે

ક્યાંથી લાવીશ? નહીનહી, હું એ દીકરાને લઇ જવા માંગતો નથી. હમણાં તો એને તમેજ તમારી પાસે રાખો.”

પીળાની વાત આવી કે શીરીનને પાછી બોલવાની હિંમત આવી. તે બોલી કે—

“પીળાના ફાયદાની ખાતર હું એની ઉપરના મારા પ્યારનો ભોગ આપવાને ખુશી છું. અગરજો તમારી સાથ રેહેવાથી એને ફાયદો થતો હોય તો હું સામે થવાની નથી. પણ એટલીજ મેહેરબાની કરો કે એને મારી પાસેથી લઇ જવાની તમે ઉતાવળ કરો ના. એક થોડાજ દાહડા—એકુ બે અઠવાડયાં—એ દીકરો અંહી રેહેશે તો કાંઇ ઘણો ફેર પડવાનો નથી. એની જુદાઇ વિષે તૈયાર થવા મને થોડા દાહડાની એક મેહતલ આપો એટલુંજ હું માગુંછ.”

“તેમતો તેમ,” જમસુએ કબૂલ કીધું. “અને તેટલા દાહડા મને એની આગળ દરરોજ આવવા દેશો? એને મારી ઉપર પ્યાર કરતાં શિખવશો? અને એ માને બાપ દાખલ ગણતાં શિખે એટલાંથીજ હું રાજી રહીશ.”

“નહી,” શીરીને શરમાળ ચેહરે માંગી લીધું. “નહી, એમ નહી. જે થોડા દાહડા એ દીકરાને તમે મારી સાથ રેહેવાના આપો તેટલા દાહડા એને બધો વખત મારી સાથ રેહેવા દો. તમારા અને એના તમારી ઉપરના પ્યારની તમો ફિકર ના કરો. તે તો છેજ. એ તમોને હમણાથી ઘણો ચાહેછ. હવેતો જયારે થોડાજ દાહડાની વાત છે ત્યારે એને મારી સાથેજ એકલો રેહેવા દો, અને પછી તમે એને માંગવા આવશો તે દાહડે એક બોલ બોલ્યા વગર હું એને આપી દઇશ.”

શીરીનની આ આનાકાનીનો સબબ જમસુ સમજી ગયો. તેને લાગ્યું કે તેની આજની ચાલથી શીરીન વાજબી રીતે શકમંદ થઇછે. તોપણ તેનો ખ્યાલ ન કરતાં હવે તે એકદમ તાબે થયો અને બોલ્યો:—

“તમો જેમ ફરમાવોછ તેમ ચાલવાને હું તૈયાર છું, શીરીનબાઇ, પણ એટલું યાદ રાખજો કે મારે ત્યાં એ બાળકને રાખવાથી અગરજો તમારી ઉપરનો એનો પ્યાર ઓછો થાય, અથવા તમારી ભલાઇને એ કદીબી ભૂલી જાય તો એ મારો દીકરોજ નથી.”

“હમણા તો એ બચું છે અને યાદ રાખવા યા ભૂલી જવાનો એની પાસે ઘણો વખત બાકી છે.”

પ્રકરણ ૧૨૯ મું.

ખટલીને ભૂલી ગયો.

એટલી વાત કરીને તે દાહડે તો તેઓ છુટાં પડયાં. જમસુનો આજનો નાખુશ જુસો તેઓ બંને જણે ભૂલી જવાની કોશેશ કીધી. પોતાની અવિચારી ઉતાવળમાં જમસુથી જે નાદાનપતભરેલી માગણી થઇ ગઇ તે વિષેની પશેમાનીએ તેનાં મનમાં ઘણો પસ્તાવો પેદા કીધો, અને શરમિંદગીથી ભરેલાં દિલે તે શીરીનથી છુટો પડયો, અને પીળાને આપી દેવાની કબૂલાતના ભરુસા ઉપર ત્યાંથી રવાને થયો.

શીરીન જે જમસુને પોતાના એક વડા દાખલ માન આપતી હતી તે છતાં તેની આ બચ્ચાં સરખી નાદાની ઉપર જેણીએ તેને ઠપકો દઇ તેની ભૂલ ભાંજી હતી, તેને વળી કાંઇ ઓરજ ઉદાસી પેદા થઇ.

પોતાને ઘર જતાં આખે રસ્તે જમસુ જસાવાળાને પોતાની ચાલનો પસ્તાવો લાગ્યા કીધો. પોતાની પરણેલી બાયડી છતાં તેની હસ્તીમાંજ એક બીજીના હાથની માગણી કીધી અને તે વિષેની તેની ભૂલ તે નાદાન કન્યાએજ દેખાડીને તેની શુદ્ધિ ઠેકાણે લાવી આપી એ ખ્યાલની ખેજાલત અને શરમિંદગી તેનાં મનમાંથી ખસી નહી. તે ખટલીનો પ્યાર ભૂલી ગયો એટલુંજ નહી, પણ ખટલીને ફરીથી કદી પણ મળવાનો નહી હોય તેમ પોતાનો પરણેલો સંસાર સઘળોજ ભૂલી ગયો. ખટલી તેને છેલી મળી હતી ત્યારે તેણીએ તેને સેવટે મળવાની પુર ઉમેદ બતાવી હતી, પણ જમસુ તે એટલું ભૂલી ગયો કે જાણેકે તેની બાયડી મરી ગઇ હોય અને તેનાથી

સદાની જુદી પડી હોય, પીળાની મા જીવતી છે એવું પોતે કબૂલ કીધાથી તથા તેની તસ્વીરના આધાર ઉપર તેને જીવતી ઓળખવાથી પીળાનો કબજો માંગવાને તે શક્તિવાન થયો. તોપણ તેજ મા મરી ગઇ હોય અને હવે તેઓ કદી મળવાનાં નહી હોય તેવી રીતે જમસુએ તેણીથી પોતાની જુદાઇ બતાવી આપી.

પણ વળી આજે જમસુ આ ગામડયણ નાજનીનને મળવા ગયો તે અગાઉ તેણે પોતાના દોસ્ત ડાકટર દાદીબા લંગડા આગળ કીધેલી વાતચીત, જે વાંચનારને યાદ હશે, તેની યાદથી તેનું દિલ વધારે જખમી થયું. જે નાજનીનનો હાથ તેણે દાદીબાને પોતાને મેળવી આપવાનું માથે લીધું હતું, અને શીરીન સાથની શાદીનું માંગું રજુ કરવાની તેણે કબૂલાત આપી હતી, તે માગું તેણે કેવી બેશરમભરેલી રીતે રજુ કીધું, તે નાજનીન અને દાદીબા વચે એકઠું બેસાડવાને બદલે પોતાના પાપી લોભને વશ થયો, તેના ખ્યાલથી તેની પશેમાની એટલી તો વધી પડી કે જ્યારે "જસવાડી" માં તે જઇ પોંહોંચ્યો ત્યારે પોતાના એ વ્હાલા અને વિશ્વાસુ દોસ્તના ચેહરા સામુ જોવાની તેની હિંમત વટીક રહી નહી.

"કેમ ભાઇ, શીરીનને મળી આવ્યો?" દાદીબાએ પુછ્યું.

"હા, મળી તો આવ્યો," જમસુએ ટુકમાંજ જવાબ દીધો.

"અને પછી? તે કેમ છે? તારી વાત થઇ?"

"તે છે તો ઘણી દલગીર, કાંઇ ખુશ દેખાતી નથી. પીળાને આપી દેવાનું તેને ગમતું નથી."

તે દાહડે તો તેઓ વચે એટલીજ વાત થઇ. અલબતાં દાદીબાએ જે વાત વિષે પુછ્યું તે તો જમસુએ તેનું લાકડે માકડું ગોઠવી આપવાની વાત વિષે હતું. પણ જમસુએ જે જવાબ દીધો તે તો તેના દીકરા અને હકદાર વારસનો કબજો લેવા વિષેનો હતો.

જમસુનું સઘળું ધકધ્યાન પીળાને પોતાના કબજામાં લઇને પોતાની સાથે રાખવા વિષે ડોસુબા વકીલે આપેલી સઘળી સલાહ મુજબ અમલ કરવામાં મશગુલ હતું; માટે તે આજે પણ "જસવાડી" માં ઝાઝો વાર બેસી રહ્યો નહી. તે બપોરની આગબોટમાં ઉલવેથી એકદમ મુંબઇ ગયો, અને પીળાને એક હકદાર વારસ ઠરાવવાની સાબેતીમાં પીળાની મા સાથનાં તેનાં લગનની સર્ટીફિકેટની નકલ મેળવવામાં રોકાયો. ખટલાને પરણ્યા પછી તેણે સર્ટીફિકેટની નકલ લીધેલી તેને યાદ છે ખરી, પણ તે નકલ કયાં છે તેની કશી ખબર નહી હોવાથી તેણે એક નવી નકલ મેળવવાની ડોસુબા વકીલને કબૂલાત આપી હતી તે મુજબ તે મુંબઇ પોહોચ્યો તેવોજ પારસી લગ્નોના રેજીસ્ત્રારને ત્યાં સર્ટીફિકેટની નકલ લેવાને દોડયો.

એક વાર ફરીથી જમસુ પોતાનાં ગામડાંના ખુલ્લા અને હવાવાળા રસ્તાઓની ખુશનુમા લીલોતરીને બદલે મુંબઇના ગીચ રસ્તાઓની તથા ગલીઓની ગંધમાં ગુંચવાતો થયો. પ્રિન્સીસ ડૉકની ગોદીમાં આગબોટ ઉપરથી ઉતર્યો તેવોજ ભાડુતી ગાડીની, મારફતે, હમેનસના ધારા પ્રમાણે, તેણે કોટ તરફ હંકુ લીધું, નહી, પણ ઝાંડવાંના ગીચ મોહલાઓ પસાર કરીને મુંબાદેવી અને ભુલેશ્વરની બારી ગીરદી વચ થઇને ગીરગામ અને ઠાકોરદ્વારને રસ્તે તે ચર્નીરોડના દરિયાની ખુલ્લી સફાલે નિકળ્યો, અને ત્યાંથી પારસી લગ્નાના રેજીસ્ત્રાર સાહેબને ઘર ઉતર્યો.

રેજીસ્ત્રાર ખાનબહાદુર સાહેબે પોતાની સરેસ્તાની સભ્યતાથી પોતાના આ જુના દોસ્તને માનપુર્વક આવકાર દીધો, અને તેનાં લગનની તારીખ જે તેના મોહડા ઉપરજ હતી તેની યાદ મુજબ પોતાનાં દફતરોમાંથી તે લાયકીવાળા અમલદારે લગનની નોધ તુરતજ શોધી કાહાડીને તે નોધની નકલ પોતાની સહી અને મોહર સાથ પુરી પાડી.

પોતાનું કામ પુરૂં થતાંજ જમસુ જસાવાળો જરૂરજોગી ફી ભરીને તથા પોતાનાં ભવિષ્યની જામીનગીરીનો સલામતીનો આ દસ્તાવેજ જીવની ફાની જાળવી રાખીને રેજીસ્ત્રારને ત્યાંથી પાછો ફર્યો. કોઇ કેહશેકે તેના દીકરાની સાબેતીને માટે તેને એટલીબધી મજબુતી કરવાની જરૂર નહી હતી. તેનું વિલ તૈયાર હતું, તેના દીકરાનો વારસો ધારાથી જેટલો

સાચવી શકાય તેટલો સચવાઇ રહ્યો હતો અને આવતા વખતમાં તેના દીકરાના હક વિષે કશો પણ સવાલ ઉભો થવાનો ભય નહી હતો. તોપણ જે બાપોકા ઘર અને મિલકતે તેને તેની ગરીબીમાંથી બચાવી લીધોછે તે મિલકત તેની ઓલાદમાં જળવાઇ રેહ એટલું જોવાની તેની ખંતીલી ઉમેદે આ એક સેવટને પુરાવો સાચવી લેવાને તેને ઉસ્કેર્યો હતો, અને ધારા પ્રમાણેનું કરવા જતાં ધારાથી મળેલી સલાહ સેવટ સુધી બોલેબોલ પાળવાની આજની આ ફતેહથી તે મગરૂર અને ખુશી થયો.

પ્રકરણ ૧૨૦ મું.

મરઘાશેરીમાં મુલાકાત.

રાત પડી હતી, અને હવે પોતાને ગામ પાછો જવાનો તેને વખત રહ્યો નહી હતો, હવે તો આગબોટ સહવારે જવાની હતી. માટે આજની રાત મુંબઇમાંજ ગુજારવી જોઇયે. એ ઉપરથી ક્યાં રેહેવું તે એક સવાલ થઇ પડયો. જમસુને મરઘાશેરીનું પોતાનું આગળનું ગરીબડું ઘર યાદ આવ્યું. તે છેલો મુંબઇ આવ્યો ત્યારે એ ઘરવાળી ગુલી ગોરાણીને મળ્યો હતો, અને તેનું ઘર તેણીએ પોતાના એ જુના ભાડુતને માટે ખાલી રેહેવા દીધેલું જણાવ્યું હતું તે ઉપરથી તે હજી સુધી ખાલીજ રાખ્યુંછે કે નહી તે જાણવાની તેને ખાહેશ થઇ.

અડધા કલાકમાં તે કોટમાં મરઘાશેરી આગળ ગાડીમાંથી ઉતર્યો, અને એ અંધારી શેરીમાં પેસીને પોતાનાં જુનાં ઘરમાં જુની ઘરવાળી પાસે ગયો. આ શેરીએ તેની આગળી ગરીબાઇની સઘળી યાદ તાજી કીધી. એ ઘરમાં, સઘળી ગરીબાઇ વચ્ચે, એક પ્રિયાનો પ્યાર સંસારને કેવો સુખી બનાવતો હતો અને ગરીબીનો બોજો ખમવાને તેને કેવો શક્તિવાન બનાવતો હતો તે સઘળું તેને યાદ આવ્યું. આગળુંજ અંધારૂં, આગળોજ જુના વાંસા અને રંગ્યા વગરનાં સુકાં બારી બારણાં, આખી શેરીમાં મરઘાં બતકાંના વાસનું આગળુંજ ચરકાણ, તથા પાળેલાં બકરાંઓની લીંડીની આગળીજ ગંદકી, આગળીજ મેળાં પીંજરાં અને કસ્તી વણવાની સાળ, તથા અડકાયલાં બૈરાંઓની ઉભી કરેલી ધોલકીઓનું ઓટલાઓ ઉપર તથા ખડકીઓમાં ફર-નીચર, એ સઘળું જોકે નવું નહી હતું તોપણ એક વાર ભૂલી જવાયાથી તેની યાદમાં તેનાં મગજ ઉપર સઘળું નવેસરથી આવી ઉભું હતું.

ઘણે દાહડે પોતાના જુના ભાડુતને વધારે ભપકાદાર દેખાવમાં આવેલો જોઇને ગુલી ગોરાણી ઘણીજ ખુશ થઇ ગઇ, અને તેને ઘણો ઉલટભર્યો આવકાર દેવા લાગી. ખડકીમાં એક ઝાંખો દીવો અંધારાંને વધારે દેખીતુ કરતો હતો. તે અંધારાંમાં જમસુને સઘળો સામાન જ્યાંનો ત્યાં જેમનો તેમ ગોઠવેલો જણાયો. તે એટલાસુધી કે જુનો કામ કરનારો છોકરો કાસમ એક ઓરડાનાં બારણામાં જ્યાં આવીને તેમની વાત સાંભળવા ઉભો રેહેતો હતો તે પણ ત્યાંજ જાણેકે જડી લીધો હોય તેમ હસીને સલામ કરતો ઉભેલો જણાયો.

ગુલી ગોરાણી અને તેના ચાકર આજે એટલાં ખુશીમાં કેમ છે તે જમસુ સમજી શકયો નહી. તેઓએ જમસુના અચળુચ આવી પુગવા ઉપર કશી અચરતી બતાવી નહી, પણ જાણેકે તેનું આવવું આગમચથી જાણતાં હોય, જાણેકે તેના આવવાની વકીજ રાખતાં હોય અને વાટ જોતાં હોય, તથા તેના આવ્યાથી રાજી થયાં હોય તેમ તેઓએ દેખાવ દેખાડયો. ગુલી ગોરાણીનું તેને આવકાર દેવા ઉપરનું બોલવું પણ એવુંજ ભેદ ભરેલું હતું, અને "કેમજી ? કેમ છો ? મારો ઓરડો તૈયાર છે કે ?" એ સવાલના જવાબમાં ગુલીના આ શબ્દો કશા પણ નહી સમજાય એવા તેને લાગ્યા કે—

"ઓહો ! તમે ઓયેં કે મરો ! આવો, આવો, દારાશોહજી." ઘરવાળી હજી તેને તેનાં આગલાં છુપ્યાં દારાશાહ દોલીદાદીનાનાં નામથીજ ઓળખતી હતી, અને જમસુ જસાવાળાનું ખરૂં નામ તે હજી સુધી જાણતી નહી હતી. "ઓ વાય ! તમારેંજ ઓરડો તૈયાર નહી રેહે કે ? વળી તમે આવ્યા વગર

કેહો કે ? તમે આજેજ નહી આવો ? અમે તો જાણતોંતોંજ કે તમે આવશો. ક્યારની તમારી વાટેવાટ જોઇયેશ. જાવો, ઉપર શિધારો ને ઘણે દાહડે જરા મળો."

ગુલી ગોરાણીનું આ બોલવું જમસુને કાંઇ સમજણમાં ઉતર્યું નહી. તે અંદેશો કરવા લાગ્યો કે "એ લોકો આજે મારા આવવાની વાટ શાની જોતાં હશે ? અને ઉપર જઇને મને મળવા કેહછ તે કોણને કેહતાં હશે ? ગુલી ગોરાણી પોતેજ ઘણે દાહડે ઉપર મળવા અને વાત કરવા આવવાની હશે, અને તે વિષે બોલી હશે."

આવા વિચારમાં જમસુ સાંકડો દાદર ત્રણ ત્રણ ફાંડયે કુદાવતો ચહડીને પોતાના માળા ઉપર ગયો. તેજ લાકડાંની ફરેકાર, અને બાહાર તેજ ભાગેલી ખુરશીની ઇધાણી જોઇને તે ફરેકારનું બારણું ઉઘાડીને અંદર દાખલ થયો. ઓરડામાં અંધારૂં હતું અને એકજ તેલના દબામાં દીવો બળતો હતો, જેથી આખા ઓરડામાં શું છે તે જમસુને દેખાતું નહી હતું. પણ ઓરડામાં આગળીજ કાચની બારી, આગળીજ ગોલ ટેબલ, આગળીજ ભાગેલી ખુરશી, આગળોજ ખખડી ગયલો કોચ, અને તે ઉપર આગળીજ ફાટેલી કુરતની હતી. પોતાના આગળા ગરીબીના વખતમાં એ દાદર ઉપર ચહડીને જમસુ એ ઓરડામાં દાખલ થતો અને તેની બાયડી કંગાળ કપડાંમાં ટેબલ ઉપર માથે હાથ ટેકીને તેના આવ્યાની વાટ જોતાં બેસી રેહેતી, કે જે વેળા હાથમાં કાંઇ પડીકું હોય તે લાવીને ટેબલ ઉપર મેળતો, અને ખટલી ખુશી થતી તે ઉપાડી લઇને ઉખેડી જોતી અને તે વખતે વર વહુ વચે ઘણીક હેત પ્રિતથી રમુજ થતી, તે સઘળું જમસુને એ મકાનમાં પેસતાંજ યાદ આવ્યા કરતું હતું—તે આ ઓરડામાં દાખલ થતાં તો વધારે યાદ આવ્યું.

સઘળો સામાન જયાં ને ત્યાં છે તે જોતાં તેની આંખ્યો અચાનક એક અચીતા દેખાવ ઉપર પડી. ખટલીની ખુરશીમાં ખટલીનીજ ઢબે એક ખટલીના સરખુંજ માણસ ખટલીનીજ ટેબલ ઉપર ખટલીના સરખીજ મરોડથી પોતાના બે હાથની વચે માથું ઢાંકીને બેઠેલું હતું.

આ દેખાવ જોઇને જમસુ ડઘાઇને ઉભો રહી ગયો. તે કોઇ માણસ છે કે ખાલી આકાર છે અથવા કોઇનો ઓળો પડેલોછે તે પેહલાં તો જણાયું નહી. તે આકાર કશો હીલતો નહી હતો.

જરા વધારે આગળ જતાં જોયું તો આકાર એક સ્ત્રીનોજ હતો, અને તે હીલતો જણાયો. શું તે કાંઇ ખટલીનો ભૂત હતો ? કે જે આકાર પોતાના વરના પાછો ફરવાની વાટ જોતી આગળની પઠે પાછો બેઠો હતો ?

તુર્ત વેળા તો જમસુનું જાણેકે લોહીજ બંધાઇ ગયું અને દમ ઘુંટાઇ ગયો હોય તેમ તેને લાગ્યું. તે આકાર ઉભો થયો. જમસુ તરફ હાથ ઉંચા કીધા, અને ચેહરો હસ્તો દેખાડયો.

"એ કોણ ? ખટલી ? અરે આજે તું અંહી ક્યાંથી આવી ?" જમસુએ હેબતેલી છાતી સાથે અચરતીથી ધ્રુજતાં જીગરે પુછ્યું.

"હા, મારા જમશેદ ! મારા પ્રાણ ! મારાં હૈડાંના હાર ! હુંજ તમારી ખટલી છું." તે તેને ગળે વળગી પડીને બોલી.

જમસુએ ધીરા પણ મજબૂત હાથે ખટલીને પોતાની બાજુએથી ખાંસાડી મુકી. તેના દીકરાનાં મરણ વિષે તેણે આચરેલું જુઠું જમસુ અને ખટલીની વચે આવી ઉભું. તેણી ઉપરનો તેનો પ્યાર તદન મરી ગયો હોય, અને જમસુએ પોતાના જીવને ઘણીવાર ધીરજ આપીછે તેમ ખટલીની પોતાની ચાલથીજ તે પ્યાર મરી ગયો હોય, પણ એ ઉપરાંત કઠણ દિલના વર અને તેની છાતી ઉપર પડેલાં વહુના નરમ હૈડાનાં માથાંની વચે નડનારી એક બીજી ચીજ પણ હોય. તે ખટલી કરતાં એક વધારે મીઠી પણ ઓછી એકલપેટી નાજનીનનો પ્યાર હોય કે જેણીએ ઉલવા ગામમાં આજેજ જમસુની નજર ઉપર પોતાની નરમ ચશમોનાં નેણ ફેક્યાં હતાં.

ગમે તેમ હોય પણ જમસુ ખટલીને મળવાથી ખુશી દેખાયો નહી. તેણે તેને તરછોડીને પોતાનાં અંગ આગળથી ખસાડી મેળી.

"એમ કાં, જમશેદ ? મને કેટલીબધી ધિક્કારોછ !" તે રડીને બોલી. "તમે પોતે અંહી મને મળવા આવ્યાછ નેના શું કહોછ ?

તમે કાંઇ અંહી રેહેતા નથી, તોપણ હું આવી તેથી તમેબી અંહી આવ્યા અને તોબી મને પાસેથી હાંકી કાહાડોછ ?"

"હા, હા, ખટલી. શું કેહેછ ?" જમસુને બોલવાની ફરજ પડી. "હું અંહી રેહેતો નથી અને આજે ખામખા અંહી આવ્યોછ. તોપણ હું કાંઇ તુને મળવા આવ્યો નથી. હું શું જાણું કે તું અંહી આવેલીછે ? હું તુંને છેલો મળ્યો ત્યારે તો તું પેલા માકા મુકાદમના 'ચીનાબાગ'માં ચીનાઇ મુરબાની ચીનાઇ મોજ મઝાઓમાં એકલપેટી જીંદગી ગુજારવા પડેલી હતી. ત્યાંથી તું આ કંગાળ ઝુંપડાંમાં પોતાની મેળે આવે એવું તો હું ધારતો હતોજ નહી."

"અને તોપણ જ્યારે હું ત્યાંથી નાહાસી આવી ત્યારે આ કંગાળ ઝુંપડાનોજ આશ્રો લેવાનું મને સહુથી સલામત લાગ્યું. મેં ચોકસ ધાર્યું કે આપણી જુની ઘરવાળી ગુલી ગોરાણીનું ઘરજ મને ઠીક પડશે. હું કાંઇ મુંબઇનાં બીજાં ઘરોને ઓળખતી નથી, માટે જ્યાં એક વાર રહી ગઇ ત્યાંજ પાછી આવી. વળી અંહી આવવાનું મને પ્યારૂંબી લાગ્યું. જ્યાંથી આપણો સંસાર પેહલવેહલો શહેરૂ થયો ત્યાં, અને જે દિવસથી તમે મને ચાહવા માડ્યું ત્યાં અને તે આગળા દિવસો ઉપર પાછી આવવાનું મને વધારે ગમ્યું."

ખટલી આ સખુનો ઘણીજ નમ્રતાથી અને એક નાહાન બચાંના સરખા નિર્દોષ દેખાવથી બોલી. એક બાળક વાંક કરીને માફી માંગવા ઉભું હોય અને પળેપળ ઠપકાની વકી રાખતું હોય તેવી નિર્દોષતાથી તે આ સખુનો બોલી. ખટલીની આગળી સઘળી બાળક સમાન સાદાઇ કે જે પેહલવેહલી મિસિસ શાવક્ષાની સ્કુલમાં તેણીના ચેહરા ઉપર જોઇને જમસુ જીતાયો હતો, તે સાદાઇ તેના ચેહરા ઉપર પાછી આવી, અને "ચીનાબાગ" ના રોણકદાર દીવાનખાનામાં જમસુ તેને તેડવા આવ્યો હતો ત્યારે તેણીએ પોતાના ચેહરામાં પસાની જે તુમાખી દેખાડી હતી તે હવે સઘળી ઉડી ગઇ. તોપણ જમસુ તેની એ ખુદરતી સાદાઇથી બીજી વાર જીતાયો નહી. તેણે ગોયા તેની ઉપરનો સઘળો પ્યાર તજી દીધો હતો અને ફરીથી કદી પણ જાગૃત નહી થવાને ઉંઘી ગયું હોય તેવાં મંદ દિલથી તથા હસ્તી બોલતી મોહબત માટે કદી પણ જીભલી નહી ઉઘાડવાને મુગી થઇ ગઇ હોય તેવાં થંડાંપણાંથી તે પોતાની પ્રિયા તરફ ડોળા ધુરકતો ઉભો રહ્યો.

"જમશેદ કાંઇ બોલોની ?" તે કરગરવા લાગી. "હું તમારા આગળા પ્યારનાં મકાનમાં, અને આગળા પ્યારના દાહડાઓ ઉપર પાછી આવીછ ત્યારે મારી ઉપર ઘાતકી ના થાવોની ?"

"હું શું બોલું ?" તે ધિક્કારથી બોલ્યો. "તેં મારે વાસ્તે બોલવાનું કાંઇ રાખ્યુંબી નથી. જે દાહડાઓની તું યાદ આપેછ તે દાહડાઓ ઉપર મેં તુને પ્યારને, લાયકને ધારી હતી એમ કેહે. પણ તેં તારી ચાલથી પોતાને મારા પ્યારને નાલાયક બતાવી આપીછ. તું આ કંગાળ ઘરમાં પાછી આવવાનું બોલેછ, પણ તું પોતાની મેળે અંહીથી ગઇ. તુંને મેં કહાડી મેળી નથી, પણ તું મને તજીને—મને કહાડી મેળીને ગઇ. તેં તારે હાથે જે કાંઇ કીધુંછ તે તારે હાથે કાંઇ પાછું ફરવાનું નથી. મારી બાયડી થવાને બદલે તારા માકામામાની ચાકરડી થવાનું તેં પસંદ કીધું તો આપણ વચેની સગાઇ તેં પોતેજ તોડી નાખી. પછી હું તુંને પુણામાં પાછી તેડવા આવ્યો ત્યારે એ સગાઇ પાછી સ્થાપવાનું મેં તારી મુનસફી ઉપર સોંપ્યું. પણ તે વખતેબી પૈસાદાર થવાની તારી લોભી નેમમાં તું પોતાને પાર પડવાના અંત ઉપર આવેલી સમજીને તેં મારી છેલી માંગણી પણ ના પાડી. હું ત્યાંથી એકલો પાછો ગયો એટલે પછી સહુ થઇ ચુક્યું. તારી અને મારી વચે કાંઇ સગાઇ રહીજ નથી. હાઇ કોર્ટના તલાક આપ્યાથી પણ જે જુદાઇ નહી થાય તેવી જુદાઇથી આપણ જુદાં પડયાંછ."

"ઓ ! જમશેદ ! જમશેદ !" ખટલી જાર બેજાર રડવા પડી. "એક વખત તમે મને કેવી ચાહેલી ! અને આજે કેવા નાકદર છો !"

"તેનું કારણ શું તું નથી જાણતી ?" જમસુ સખત દિલથી બોલ્યો. "શું મેં તુંને ખુલ્લું નથી સમજાવ્યું ? તો લાવની વધારે ખુલ્લું કરીને કહું. જ્યારે હું તુંને પુણામાં

છેલો મળ્યો હતો, ત્યારે મેં તુંને એક સાદો સવાલ પુછયો, કે જે સવાલમાં મારી જુવાનીનું સુખ અને મારાં ઘડપણની સઘળી આશા ભરેલી હતી. તો તેવા એક સવાલના જવાબમાં તેં મને એક નીચ, પાપી, લબાડીનો ભરેલો, જુઠો જવાબ આપ્યો."

"એ તમે શું બોલોછ, જમશેદ? મને તો કાંઇ યાદ નથી?" તેણીએ રડીને પુછયું.

"તુંને યાદ કેમ રેહે? તું ભૂલી જાય તેજ સારૂં તો, તે વખતે તું એક માતબર મામાના પૈસાની ગરમીથી એટલીતો ઉસ્કેરાયલી હતી કે તે વખતનાં તારાં એક નીચ જુઠાંની મારી ઉપરકેવી ઘાતકી અસરો થાય તેનો પણ તુને કાંઇ ખ્યાલ નહી હતો. યાદ કરો, યાદ કરો, બાઇસાહેબ, મેં તુંને બિચારાં આપણાં બચાં વિષે પુછયું હતું કે 'મારૂં બચું કયાં છે?' ત્યારે તેં થંડે પેટની બેહાઇથી જુઠો જવાબ દેવાની બેહાઇ કીધી હતી કે 'તે તો ગુજરી ગયો.' તું બોલી કે 'તે બચું તો જનમ્યા પછી બે ચાર દાહડામાંજ પાછું થયું.' મારાં બચાં ઉપર મારાં ભવિષ્યની મેં બાંધેલી બધી આશા તેં ભંગ કરીને મને નાસિપાસ કીધો, અને મને ઠગીને એક જીવતાં બચાંને મુવેલું સમજાવવાની, જે એક કસાઇ મા પણ છાતી નહી ચલાવે, તેવી છાતી તું ઘાતકી માએ ચલાવી."

"અને તમે કેમ જાણ્યું કે હું જુઠું બોલી હતી? મને જુઠી માનવાનું તમારૂં કારણ શું?"

"કારણ ઘણું સેહલ છે," જમસુ તડ ને ફડ બોલી ઉઠયો. "અને તે એજ કે મારો દીકરો મને મળ્યોછ."

"તે તમોને કયાં મળ્યો?" ખટલીએ પોતાના વરની એક નાની સરખી ઉલટપાલટ તપાસ ચલાવી.

"પણવેલીની પાસે ઉલવા ગામમાં." જમસુ એ ઉલટપાલટ તપાસને પુરો પડયો. "હોમાજી દારૂવાળાનાં ઝુપડાંમાં. જયાં તું ઘાતકી મા તે કુમલા જીવને જનમ આપતાંનો વારજ મુકીને ચાલી ગઇ, ત્યાં એ કસાઇ! પોતાનાં પ્યારાં બચાંને તજી જાય એવી એક પણ ઓરત મેં જોઇ નથી. પણ તું તેવી થઇછ. ઓરત જાતજ બચાંનો હવાલો પવિત્ર સમજેછ, પણ તું નાપાક નારી ચંડાળ માકા મુકાદમના પાપી પૈસાના ભાડુતી લોભ ઉપર બચાંના તે પવિત્ર પ્યારનો ભોગ આપીને તથા તેને ઉછેરવાનું પારકે હાથ નાખીને મામાના મેહેલમાં ભાડુતી મોજ કરવા ચાલી ગઇ, અને તે મુજી પૈસાદાર આગળ પોતાને કુવારી કન્યામાં ખપાવવા તથા તેના પૈસાની લાલચ ઉપર પુણાના ગામડયા જુવાનોને તારી તરફ લલચાવવા તું એક વરને તજી દેવાને શરમાઇ નહી તો નહી, પણ એક બચાંને તજવાની પણ નિર્લજ શરમ તુંને ઉપજી નહી. એક વર અને એક બચું ખોહવાને જો તું ભોગ સમજતી હોય તો હું ધારૂંછ કે એ બે ભોગ લીધા પછી હવે તું તારી મતલબમાં ફાવી હશે. પેલો માકો મુકાદમ જેના દરરોજ અને દર પળ મરવાની તું વાટ જોતી હતી તે તારી દુવાથી મરી ગયો હશે, અને તેના જે પૈસાપર તું તપેલી હતી તે પૈસાની થમણી તું લઇ આવી હશે નહીતો કે તું કાંઇ એમ પાછી ફરે નહી, અને તે સઘર બીલ્લુને ફકત તારા આગળા પરણેલા સંસારની યાદના ખ્યાલ સારૂંબી તું છોડી આવે નહી."

"મારા મામા કાંઇ ગુજર્યા નથી. મને કાંઇ તેવણના પૈસા મળ્યા નથી." ખટલી હુજતથી બોલી. "એક અડધીબી નહી. જમશેદ, હું જેવી ભીખારી હાલતમાં ગઇ હતી તેવીજ ભીખારી હાલતમાં પાછી આવીછ. મેં તો મારૂં જે કાંઇ હતું તે સર્વનું દીવાળું ફુકયુંછ. તે અંહી સુધી કે તમારા પ્યારની મને જે છેલી આશા હતી તેનું પણ તમારા આ જવાબથી મેં દીવાળું ફુકયુંછ."

"શું તારો એ મામો હજી મુવો નથી? અને તેની દોલતનો દલ્લો લેવાની તારી આશા તું પોતાની ખુશીથી છોડી આવીછ?" જમસુએ અત્યંત અચરતીથી પુછયું! "શું તું એકાએક એટલીબધી ડાહી થઇ ગઇ? માકા મુકાદમનાં ઘરમાં આપણે છેલી વાત કીધા પછી તારામાં એટલોબધો ફેરફાર કેમ થઇ ગયો?"

"મારા મામાના મેહેલમાં મારી ઉપર જુલમ પડયો, જમશેદ," ખટલી રડવા લાગી. "જો જુલમ નહી પડતો હતે તો હું છેલી ઘડી સુધી ત્યાંજ પડી રહી હતે. અને જે ઉમેદ તમે ભાડુતી કેહોછ તે ઉમેદને સારૂં મારા મામાનાં મરણ સુધી હું ત્યાંજ પડી રહી હતે. પણ તેવણના જુલમે મારૂં ત્યાંનું રેહઠાણ નહી

રેહેવાય એવું અને નહી ખમાય એવું કરી મુકયું, અને તેથી કરીને મને મામાનાં મોત અગાઉ, તેવણના પૈસા ટકા છોડીને ત્યાંથી નાહાસી આવવાની ફરજ પડી."

"અંહું ! ત્યારે જેમ મામાને ત્યાં રેહેવા વરને ઘેરથી નાહાસી ગઇ તેમ વરને ઘેર રેહેવા મામાને ત્યાંથીબી પાછી નાહાસી આવી કે ?" જમસુએ ખટલીને ખીજવી.

અંહી પોતાની ઉપર માકા મામાનાં ઘરમાં શો જુલમ પડયો તેનો સઘળો હેવાલ ખટલીએ કહી સંભળાવ્યો. પેસુ બીના સાથ પરણવાની તેને ફરજ પાડવાને લગતી સઘળી વીગતો તેણીએ માંડીને કહી. અને જમસુ જેવા વ્હાલા વરની ખાતર તે જુલમને તાબે ન થતાં તેને નાહાસી આવવાની કેવી ફરજ પડી તે તેણીએ કેટલીક વડાઇ સાથ કહી સંભળાવ્યું.

અને અંહી ખટલીના અત્રે આવવાનું સઘળું કારણ જમસુએ જાણ્યું. જમસુ અત્રે આવ્યો ત્યારે ઘરવાળી ગુલી ગોરાણીએ તેને જે ભેદભરેલો આવકાર આપ્યો હતો તેનો ભેદ પણ હવે તે સમજી શકયો. ગુલી ગોરાણી બોલી હતી કે "ઉપર જઇને મળો," તે તો કેહું ખટલીને મળવાનું બોલી હતી. અને ગુલી ગોરાણી જમસુના આવ્યાની વાટ જોતી તથા વકી રાખતી હતી તે પણ કેઠી ખટલીને લીધેજ હતી. એટલેકે ખટલી અંહી પાછી આવી તો જમસુ પણ પાછો આવશેજ. અને તેઓ બેહુ જણ સમજી સુજીને આવ્યાં હશે એમ ધારીને તે બોલી હતી.

પ્રકરણ ૧૩૧ મું.

ખટલીનો એકરાર.

ખટલી જોકે પોતાના મામાને મુકી આવી હતી તોપણ તેવણનાં મરણ પામવાની તેને ખબર નહી હતી. તે જાણતી નહી હતી કે તેના વરની મરજી ઉપરાંત તેણે ચાહેલા અને વારસાની વાટ જોતી બેસી રહેલા તેના મામાને જે સહવારે તે મુકી આવી હતી તેજ સહવારે તે બુઢાની જીંદગીનો અંત આવ્યો હતો, અને જો ખટલીને તેનો વારસો મળ્યો હોય તો તે વારસો હાથ કરવાની લાંબી મુદત બરાબર તેજ સહવારે પાકી હતી.

પણ માણકશાહ મુકાદમનાં મરણ પામવાની જેટલી ખટલીને ખબર નહી હતી તેટલોજ એ વાતથી જમસુ જસાવાળોબી અજાણ્યો હતો. માટી બૈયર આજે પાછાં મળ્યાં ત્યારે મરનારની પાયદસ્ત નિકલી ચુકી હતી અને તેઓના મળ્યા પછી બીજે દાહડે તો મામાનું કેહેવાતું વિલ પણ વંચાઇ ચુકયું હતું, કે જે વિષે આપણે આગળ જોઇ ચુકયાં છીયે, પણ ખટલી અને જમસુ એ વિષે કેવળ અજાણ્યાં હતાં.

તે એટલાસુધી કે મરનારની લાશ ઉપર કારોનૂરની જુરી ભરાઇ અને તપાસ ચાલી તથા તે બીના વર્તમાન પત્રોમાં આવી તોપણ આ બે જણના તે જાણ્યામાં આવે એવું સાંધણ કાંઇ નહી હતું. ત્યાંનાં પત્રો ખટલીએ કાંઇ વાંચવા મંગાવ્યાં નથી અથવા જમસુએ તે વાંચવાની કદી કનવાર કીધી નથી.

ખટલીના હૈયાત મામા મેહલાશાહે ખટલીને એ ખબરથી વાકેફ કરવાને તેની ઘણી ખોળ ચલાવી, પણ તે એવે ઠેકાણે આવીછે કે તે ઠેકાણું તો તેની ખોળ ચલાવનારાઓને સ્વપ્ને પણ આવે નહી. સિવાયકે ખટલીને ખોળી કાહાડવાને કોઇ પોલીસ ડીટેકટિવોને કામે લગાડયા હોય તો તેઓ કોઇ છુપી તલાસથી તેણીનો પત્તો મેળવી શકે.

તેના વર સાથની તેની મુલાકાત વટીક આજ દીને કેવા અકસ્માતીક સંજોગ વચે થઇ તે આપણે જાણ્યુંછે, પણ તે સંજોગોબી તેણીની પાછલ પુણામાં બનતા બનાવોથી તેણીને વાકેફ કરવાની વિરૂધ જાયછે.

"જ્યારે મેં મામાને ઘરથી નિકળવાનો ઠરાવ કીધો." ખટલીએ પોતાના વર આગળ વાત ચલાવી. "ત્યારે મેં મુંબઇ મારી વિશ્વાસુ સહી મીઠી મધમાખીને લખ્યું કે મારે માટે કોઇ રેહેવાનું ઘેર જોઇ કાહાડે; પણ સારાં ભાગ્યે આપણું આ જુનું ઘેરજ હજીસુધી આપણી ઘેરવાળીએ આપણે માટે ખાલી રાખ્યાથી મેં અંહીજ આવવાનું પસંદ કીધું,

અને સારૂં થયું કે અંહી આવી, કે જેથી તમુને પાછા મળવાની મારી સૂજત થઇ."

"અફસોસ કે તારી એવી સૂજત થઇ! તારી બધી લોભી ધારણાઓ અને પાપી મતલબોનું આ કેવું નિરાશાભર્યું સેવટ આવ્યું!" જમસુએ તેની કશી પણ દયા ખાધા વગર પોતાની તીક્ષણ તાણાજાણી ચાલુ રાખી.

પોતાના દીકરા વિષે પોતાની બાયડીનું કહેલું જુઠું જમસુનાં જીગરમાં ખડખડયા કરતું હતું, અને તે જુઠું માફ કીધા વગર તેનાં જીગરમાં પોતાની પ્રિયા ઉપર દયાની લાગણી તે કયાંથી પેદા થાય? એક ભર્તાર દાખલનું પોતાનું દુઃખ કદાચ તે માફ કરે, પણ એક બાપ દાખલનો તેની છાતીને લાગેલો જખ્મ હજી વેહ્યા કીધો હતો.

"ખરેખર! વ્હાલા ધણી, મારી બધી ધારણાઓનું એ ઘણું માઠું, શરમભરેલું અને નીચું લગાડનારૂં સેવટ આવ્યું!" ખટલીએ હવે પસ્તાવો કરવા માંડયો. "આજ ત્રણ ત્રણ વર્ષ સુધી હું મારા મામાને ત્યાં મુગી મુગી પડી રહી. તેવણના બધા ફાંટાખોરા મિજાજને હું તાબે રહી, અને તેવણની પાછલી જીંદગીમાં તેવણને સુખી રાખવાને હું ઘણી ખંતથી મંડેલી રહી. તેવણેબી મારી સાથે ઘણી ભલાઇ કીધીછ. તે જો હું ના પાડું અથવા ભૂલી જાઉં તો ઘણી નગુણીમાં ખપું, અને હું ધારૂંછ કે જેમ હું એવણને ચાહતી હતી તેમજ તેવણ પણ પોતાના સરેસ્તાના કરડા સ્વભાવ છતાં મને ચાહતા હતા. અગરજો તેવણના વારસા વિષે હું ઠગાઇ હોઉં તો મારી માફક આખું પુણા શેહેર એજ વિચારમાં ઠગાયલુંછે. મામા ઉપર મારો વગબી તેટલોજ હતો. પણ આ પેસુ ચીનો આવીને રહ્યા પછી મારો વગ ઘટેલો જણાયો, અને માકામામા એ ચીનાના વગ તળે વધારે આવી પડેલા મેં જોયાં. હું નથી ધારતી કે એ ચીના સાથે મને પરણાવવાની માકામામાએ ખરેખરી ખુશી રાખી હોય. એ ચીનો પોતે તો મારી ઉપર ઘણો ખુશી હતો, અને તેની એવી નાપાક ખુશી રાખવા સારૂંજ તેવણે મને પરણાવવા કાહાડી હોય એમ હું ધારૂંછ. એટલો બધો—કોણ જાણે શા કારણથી?—એ ચીનાએ મારા મામા ઉપર કાબુ મેળવ્યોછ."

"વારૂં ત્યારે હું ખુશી છું કે તું એ ચીનાના હાથમાંથી છુટી આવીછ." અંતે જમસુએ જરા સરખી દિલસોજી દેખાડી. "તું એ ચીનાને પરણી નહી એટલું સારૂં થયું."

"હું જો છુટી હતે—માકામામાએ મને જેવી છુટી ધારી તેવી છુટી હતે—તો કદાચ તેને પરણી જતે."

"પણ હવે હું એમ પુછું, બાઇસાહેબ." જમસુએ ખંતી થવાનું ડોળ ઘાલીને સવાલ કીધો, "કે હવે તમે મામાના પૈસાનો વારસો લેવાનો શો વિચાર કીધોછ? તમારી ભંગ થયલી આશામાં તમે તમારે વાસ્તે ગુજરાણનો શો ઉપાય શોધી કાહાડયોછ? હું ધારૂંછ કે આમ બળવો કરીને નાહાસી આવ્યા પછી તે બુઢાના પૈસાપર તો તમે સેવટનો પુરોજ મેલ્યો હશે."

"તે તો હું જ્યારે તેવણનું ઘેર છોડી આવી ત્યારથીજ આશા મુકીને આવીછ, અને જીંદગી ગુજારવાનો બીજો રસ્તો મારી પાસે કાંઇ નથી, મારો બધો આધાર એકલા તમારી ઉપર છે. પણ હું તમોને મળું તે અગાઉ મારા નિભાવને માટે કાંઇ સેહજ છુટા પૈસા હતા તે અને મારી એકુબે જણસ લેતી આવીછ. મુંબઇ આવીને મિસિસ સાવક્ષાની યા બીજી કોઇ સ્કુલમાં પાછી ચાકરી મળે તેટલાંસુધી એ જણસ વેચીને મારૂં ગુજરાણ કરવાની આશાપર હું આવીછ. આ ત્રણ વર્ષમાં મેં મારો અભ્યાસ છોડી દીધો નથી, અને જો હું ચાહું તો સ્કુલનાં વહિત્રાંમાં આજે પાછી જોડાઇ શકું."

આ સઘળા સખુનો ખટલી ઘણીજ લાચારી અને નાહિંમતથી બોલી. તેનાં જીગરની સઘળી ઉમેદો મરી ગયલી હતી. તે પુણેથી નિકળી આવી ત્યારે ગઇ ગુજરી સઘળી ભૂલી જવા અને એક નવી જીંદગી શરૂ કરવાનું તેને એટલું સેહલ લાગ્યું હતું કે તેણે બીજો કશો વિચાર કીધો નહી હતો, અને આજે પોતાના વરની હાજરીમાં ઉભી રેહેવા છતાં જાણેકે તે પોતે અને જમસુ એકએકને કદી મળ્યાંજ નહી હોય, અથવા એકએકને કદી ચાહ્યાંજ નહી હોય, અથવા જીંદગી સુધી

એકએકને વફાદારીનાં વચનથી કદી બંધાયાંજ નહી હોય, તેવી તે પોતાને જુદી પડેલી જોવા લાગી. જાણેકે આ બે જણાં ઉપર આશિર્વાદના ચાર ચોખા છંટાયાજ નહી હોય, જાણેકે તેઓએ કદી સાથે સંસાર ગુજાર્યોજ નહી હોય, જાણેકે સંસારનું સુખ શું છે તે કદી અનુભવ્યુંજ નહી હોય, અથવા ગરીબ સંસારના દિવસો ઉપર ભૂખમરાના દાંત જાણેકે કદી તેઓને લાગ્યાજ નહી હોય, તેવાં સાદાં ભોલાપણાંથી ખટલી આ સઘળું બોલી ગઇ.

પણ વળી તેના વરે આ વખતે કાંઇ પણ માફી અથવા દયાની નરમાશ દેખાડી નહી. તેના બોલવાની ઢબછબમાં ગુસો હતો તેના કરતાં ધિક્કાર વધારે હતો, અને તેના ગમે એવા સખત ઠપકાના કરતાં તેની એ મુગી ઢબછબનું. થંડાપણું ખટલીનાં જીગરને વધારે દુખાં કરતું હતું. સાફ દિલની ખટલીના આ સાદા એકરારથી તેના વર ઉપર કાંઇક અસર થઇ હોય એવું જણાયું. તે કાંઇક ઉંડા વિચારમાં પડેલો જણાયો, અને જેમ આગળ ખટલીની ગરીબીની હાય અફસોસ વખતે એજ ઓરડામાં તે લાંબાને લાંબા ફેરા ખાતો અંદેશો કરતો ફરતો હતો, તેમજ આજે પણ પાછો તે વિચારમાં ને વિચારમાં પાછો ફેરા ખાતો જણાયો.

"વારૂં એ બધું કહ્યું તે તો ખરૂં, પણ તેં આપણાં બચાંને વાસ્તે મને જુઠું કાં સમજાવ્યું?" જમસુએ તેને પુછ્યું, અને જાણેકે તેનો સઘળો અંદેશો આ છોકરા વિષેજ હોય એમ દેખાડ્યું.

"હું ખરેખરૂં કહું, જમશેદ?" તેની બાયડીએ માગી લીધું "આપણાં બચાં વિષે તમોને તેવો જવાબ દેવાનું મારૂં કારણ એટલુંજ હતું કે હું તમારી ઉપર કબજો રાખવા ચાહતી હતા, અને તે કબજો રાખવાનો ઉપાયજ આ બન્યું હતું. હું તમોને પાછી મળું—તમારી જેવી સાચી અને નિમકહલાલ બાયડી હું હંમેશ છું તેવીજ પાછી મળું—તે વખતે તમોને એક ખજાનો લાવીને આપું કે જે જોવાથી તમે અચરત થાવો અને ખુશી થાવો, અને મને વધારે પ્યારથી ચાહો. એવા વિચારથી એ બચાંની હસ્તી મેં તમારેથી છુપાવી હતી. તમે મારા મામાના પૈસા તો ધિક્કારતા હતા. જો હું તે પૈસા લઇને આવું તો તમે મને ધિક્કારી કાહાડતે, અને કબૂલ રાખતે નહી. પણ એક જીવતા, ખીલતા દીકરાને સાથે લઇને હું તમારી આગળ આવતે તો તમે મને કબૂલ રાખતે. એટલા વાસ્તે આપણ બેની વચેના પ્યારના એક ગાંઠ લેખે એ બચાંને મેં છુપાવી રાખ્યું. મારા ગમે એવા વાંક છતાં, અને તમારી ગમે એવી ગેરમેહેરબાની છતાં એ ગાંઠ કદી તુટે એવો નહી હતો."

"અહં! ત્યારે તે ગાંઠ મજબુત કરવાને વાસ્તે તેં મારી આગળ જોડી કાહાડ્યું? અને જે દીકરાને તું પારકી સંભાળપર છોડી આવી હતી તેને તેં મને ગુજરેલો જણાવ્યો?"

"જો હું તમોને ખરેખરૂં કેહતે તો તમે એ બચાંના દાવો કરતે, અને એ દીકરો તમારો થતે, મારો નહી થતે, અને હું જયારે આપણી સમાધાનીને માટે એને લાવવાની હતી ત્યારે લાવી નહી શકતે."

પ્રકરણ ૧૩૨ મું.

વરની માફી.

"ખટલી, તું પકી ઠગ છે, અને તું હુસ્યારીથી તારા પ્લાન ઘડેછ. પણ તોબી નસીબ તારી સામે છે, અને નસીબ બધું ઉંધું વાળેછ." જમસુ બખાળ્યો. "ફકત એક અકસ્માતથીજ હું મારા દીકરાને મળ્યો અને જે અકસ્માતમાં મારો જીવ ગયો હતે તે અકસ્માતે મને અને તે દીકરાને એકજ છાપડાં તળે મેળવ્યા. મારા દીકરા દાખલ તેને મેં ચાહ્યો તે અગાઉજ તેની ઉપર મારો પ્યાર દોડયો હતો."

"અને તમે તેને કેમ ઓળખ્યો?" ખટલીએ ઇંતેજારીથી પુછ્યું.

"ઓળખવાની રીત ઘણી સેહલ હતી. પણ તે બધું તુંને કેહેવાની જરૂર નથી."

"પણ વારૂં તે બચ્ચું કેમ છે ? સુખી તો છેની ?" ખટલીએ આતુર આશા બતાવી.

"અંહું ! તે કેમ છે એટલુ બધું પુછેછ ? એટલીબધી બચાંની દયા ખાયછ !" જમસુએ ટકોર ચલાવી. "ખુશી થાવો, બાઇસાહેબ, કે તમારૂં બચ્ચું બિચારૂં પારકે હાથ પડયા છતાં ઘણી સારી રીતે ઉછરી નિકળ્યુંછ! અને એટલું તો સુખી, છે કે પોતાના સગા બાપને ત્યાં જવાની પણ ના પાડેછ."

"જમશેદ, એવા ઘાતકી ચેશ્ટા ના કરો" ખટલીએ રડમસ ચેહરે માંગી લીધું. "હું જાણુંછ કે આ બચાંને તજી દેવાથી હું સખત દિલની માતામાં ખપતે. મા દાખલની કુદરતી લાગણી વગરની મા હું કેહેવાતે. પણ ભૂખમરો માણસને કંગાળ બનાવેછ. જ્યારે હું હોમાજી દારૂવાળાનાં ઝુંપડાં આગળ જઇ પુગી ત્યારે હું ભૂખમરાથી અધમુઇ થયલી હતી. ચાવાનું વીચવાના આણીપર ઘાક વખત ઘેરબાર વગરની એક રખડતી ભીખારીની હાલતમાં મેં પોતાને જોઇ. મારાં બચાંને માટે એક ઘેર શોધી કાહાડવાની મારી ફરજ હતી, અને તેણી પુણા કે જ્યાં હું જવા નિકળી હતી, ત્યાંથી દૂર એક છુપ્યાં ખુણામાં છુપ્યુંજ ઘર મારા બચાંને માટે જોઇતું હતું. વાસ્તે બચાંથી જુદી પડવાની મને ફરજ પડી. જો મારા માકામામાના પૈસા મારે લેવા હોય તો તેમ કરવાની તાકીદની જરૂર હતી, અને હું તે પૈસા જેટલી મારી ખાતર તેટલીજ તમારી અને આ બચાંની ખાતર લેવા ચાહતી હતી. આપણો પરણ્યો સંસાર સુખી કરવાને માટે જો થોડા ઘણા પૈસા પેદા કરવાની અગરજો તમારી ફરજ હતી તો શું મારી ફરજ નહી હતી ? જે પૈસા મારાં મોંહડાંની આગળ પડેલા મને દેખાતા હતા, તે પૈસા મેળવવાની જે એકજ તક ખોદાતાલાએ મારા માર્ગમાં મુકી તે તક શું મારે ખોહવા જેવી હતી ? વહાલા જમશેદ જો તમે એટલોજ વિચાર કરશો તો મને માફ કરશો, અને કહો કે આટલીબધી મારી આજીજી છતાં શું તમો મને માફ નહી કરશો ?"

ખટલી આ કાલાવાલાના શબ્દો માત્ર બોલીનેજ બેસી રહી નહી. પણ તે ઉઠીને તેનો ભર્તાર, જે આ ગરીબડા ઓરડામાં ફેરા ખાતો હતો તેની પુઠેપુઠ ફરવા લાગી, અને આ ભાષણની સેવટે તેની ખાંધ ઉપર માથું નાખી દઇને ડુસ્કે ડુસ્કે રડવા લાગી.

ખટલીના હાથ જે એક વખતે ભરેલા અને સંગીન દીસ્તા હતા તે આજે તેના વરનાં ખભાં ઉપર એક પીછાંના સરખા હલકા અને નરમ લાગ્યા. તે ખટલીના સવાલના જવાબમાં ઉભો રહી ગયો. તેના નરમ હાથો તેણે પોતાના હાથમાં ઝાલ્યા અને પછી બોલ્યો કે "શું તું માફ માંગેછ ! નાદાન છોકરી, જા હું તુંને માફ કરૂંછ. હું જોઉંછ કે તેં કાંઇ પાપ નથી કીધું પણ માત્ર નાદાની કીધીછ, અને ખોદાયજી જ્યારે પાપ માફ કરે ત્યારે હું શું એટલી નાદાનીબી માફ નહી કરીશ ? હા ખટલી મેં તુંને માફતો કીધુંછ, પણ યાદ રાખજે કે જે બન્યુંછ તે તો બન્યુંછ. તે નહી બને એવું થવાનું નથી. આપણાં આગળાં કામોના ભાર મોત સુધી આપણાંજ માથાં ઉપર લઇ ફરવાનો છે. તે ભાર કાંઇ બીજાને માથે નાખી શકાતો નથી. વાસ્તે જોકે મેં તુંને માફ કીધું છ, તોપણ તું આ ઘેરમાંથી પૈસા શોધવા જતી રહી તે અગાઉ આપણ બે જણ જેવાં હતાં તેવાં ફરીથી થઇ શકવીનાં નથી. તું અંહીથી ગઇ ત્યારે જે મુકી ગઇ તે સદાનું મુકી ગઇછ. તે તુંને કદી પાછું મળવાનું નથી."

"તે શું ?" ખટલીએ હેબતીને પુછ્યું. "તમારો પ્યાર કે ?"

"હા. મારી દયા તો આપણી જીંદગીના છેડા સુધી તુંને મળશે. પણ જે જીગરે તારી ઉપર વિશ્વાસ મુકયો અને તુંને પ્યાર બતાવ્યો હતો તે જીગર તો મરી ગયુંછ—સદાનું ગયું છ," જમસુએ ધાડા સાદે જવાબ દીધો.

"અરે જમશેદ ! જમશેદ ! એમ ના બોલો," ખટલી દચકાં ખાતાં બોલી. "હું કબૂલ કરૂંછ કે તમારા પ્યારપર મારો હક કાંઇ નથી. હું બેવકુફે પૈસાને વધારે વ્હાલા કીધા. પૈસા આગળ મેં બીજી કશી ચીજ ગણકારી નહી. મેં એટલુંજ વિચાર્યું કે માકામામાની દોલત લઇને હું તમારી પાસે આવીશ ત્યારે તમે મને માફ કરશો, અને તમારૂં જીગર મને પાછું આપશો."

"પણ તું તે નીચ પૈસા લીધા વગર આવી તેથીંજ મેં માફ કીધુંછ. તારા બધા પ્લાન ઉંધા વળ્યા તેથી હું ખોદાના સુગરાના

કરૂંછ. માકા મુકાદમના પૈસાથી મારૂં યા મારી ઓલાદનું કાંઇ સારૂં થતે નહી."

"પણ આપણો દીકરો કયાં છે ! તેબી મને મળશે કે નહી ! જમશેદ જરા તેને લઇ આવો. મને તેની સાથે મેળવો. એક વખત તો મને તેનો ચેહરો જોવા દો. હું ગમે એવી નાકદર માતા થઇછ તોપણ મને પસ્તાવાના ઘણા દુખ લાગ્યાછ. ખોદા ખાતર તે દીકરાને મારી આગળ લાવી આપો."

આ શબ્દો બોલતાં ખટલીનું દિલ ટકી રહ્યું નહી. તેનું ગોયા હૈડુંજ ભાગી ગયું, અને તે જારબેજાર રડવા લાગી.

"રડ ના, રડ ના, પ્યારી ખટલી," જમસુ હવે અંતે દયા કરીને તેને બેસાડીને પસવારવા લાગ્યો. "હવે તું શાને વાસ્તે રડેછ ! પેલા સેતાન માકા મુકાદમે આપણને ઘેરેલાં હતાં તેને તેં દૂર કીધાછ, એટલે હવે આપણે બેહુને મારે એકાંત દિવસો ગુજારવાના રહ્યાછ."

પ્રકરણ ૧૩૩ મું.

વર વહુ વચે સુલેહ.

આ છેલા જવાબમાં જમસુનો અવાજ ઘણો થંડો થયો હતો. તેનો મિજાજ શાંત થયો હતો. તેની ઢબછબ અત્યાર સુધીની સખતાઇમાંથી બદલાઇને નરમ થઇ હતી. તેને લાગ્યું કે હોમાજી દારૂવાળાનાં ઝુંપડાંમાં ઓરત જાતની નરમાશ, મીઠાશ અને ખીજમતનો તેને નવો અનુભવ મળ્યો તે અગાઉ જો તેની બાયડી તેને આજની પઠે આવી મળી હોત તો આજે તે જેવો થંડો આવકાર આપેછે તે કરતાં તેના વર દાખલના જેવા દીલોજાન આવકાર તરફનો તેને હક હતો તેવોજ તે તેને આપત. એક બીજી વધારે સારી બાયડીને મળી આવ્યાને લીધેજ તેની પોતાની બાયડી ઉપરથી તેનું હેત ઉતરી ગયુંછે. એ વિચારે તેનાં દિલને પસ્તાવાનો ડંખ લગાડયો અને પસ્તાવાએ તેની કઠોરતામાં સુધારો કીધો. જમસુના છેલા શખુનોનો ભેદ એ હતો.

"દાદાર હોરમજદ તમોને સુખી કરે, વ્હાલા જમશેદ ! અને તમે મને જે નેક સખુનો કહ્યાછ તેનો બદલો તમોને પરવરદેગાર લાંબા આવરદા અને ઘણાં સુખથી વાળી આપે !" ખટલી તેના દિલાસાના સખુનોથી ખુશ થઇને બોલી "હું તો કાંઇ મારા ઉપર પડલાં દુ:ખથી હવે ઘણું જીવવાની નથી, તોપણ વ્હાલા ધણી હું મરી જાઉં તે અગાઉ એકબી વખત મને મારા દીકરાને જોવા દેશો કે નહી ?"

"અલબત. પણ ખટલી, તું મરી જવાની શું કામ વાત કરેછ ! તું એ કુમલાં બચાં તરફ અને મારી તરફ સાચી અને વફાદર રેહેશે, અને માકા મુકાદમના પૈસાનો અભખરો તારાં મનમાંથી કાહડી નાખશે તો તું હજીબી સુખી થશે અને જલદી મરી નહી જશે."

"પણ જમશેદ, મેં આ જીંદગીમાં કેટલું ખમ્યુંછ ! ખમતાં ખમતાં ગલે ગાંઠ થાય એટલું મેં ખમ્યુંછ, અને વળી મારૂં દુ:ખ છુપાવી રાખતાં મને કેટલું ભારી પડયુંછ ! જે વખતે બળાપો મારાં જીગરને કરડીને કોરી ખાતો હતો તે વખતે બાહારથી બીજાંઓની ખાતર હસતી રમતી અને ખુશ ખુશાલ દેખાવાના ઢોંગનો જુલમ મેં કેવો ખમ્યોછ તેતો હુંજ જાણુંછ. આ લાંબા અંતરમાં તન અને મન સાથ મોટી લડાઇ ચાલુ રાખતાં હું તદન થાકીને ખવાઇ ગઇછ; અને ખરેખર હું વધારે દાહડા જીવું એમ મને લાગતું નથી."

ખટલીની આવી આજીજીથી જમસુનું દિલ વધારે પીગળી ગયું, અને પોતાની પ્રિયા તરફનો જે અસલી પ્યાર મરી ગયલો તેણે હમણાંજ જણાવ્યો હતો તે પ્યાર તેનાં જીગરમાં જીવતો થતો હોય એવું તેને જણાવા લાગ્યું. વર વહુની આ મુલાકાત કોઇ બીજી અલફાતુ જગ્યામાં થઇ હોત તેના કરતાં મરઘા શેરીમાં ગુલી ગોરાણીનાં જે એકાંત માળા ઉપર બેહુ જણ ગરીબાઇના પાઠ પેહલાં શિખ્યાં હતાં, ત્યાં એ મુલાકાત થવાથી તેઓ વચેની ગાંઠ વધારે મજબુત થઇ. માટી બૈયર વચે આમ સુલેહ થવા પછી ખટલી જાણેકે ઘરને કામે લાગી જતી હોય તેમ ઘણું અંધારૂં થવાથી દીવો સળગાવવા ઉઠી.

તેણીએ ઉસ્કેરેલી ઝાંખી બતીનાં કીરણે કરીને પોતાની ખુબસુરત ખટલીનાં આગળાં સુંદર સ્વરૂપમાં છેલા છ મહિનાના અંતર વચે કેટલો કરૂપો હેરફેર થયોછે, અને તેના કાયલી ચેહરાનો સોહરાઇ ગયલો દેખાવજ કેટલી કંગાળ્યાત બતાવી આપેછે તે જોઇને જમસુને વુધારે દયા લાગી. ખટલીની ખુબસુરતીનો ઘાટ તો જેવો હતો તેવોજ છે, પણ તેના ગોરા ચેહરાનો ફીકાસ, તેના ગાળના ખાડા, અને આંખ્યોનો કાળાશ તેનાં તન અને મનને ઘસી પીસી નાખનારી લડાઇની ગવાહી આપતાં હતાં.

"ગરીબ છોકરી, તારામાં કેટલો ફેરફાર થયોછ!" જમસુ તેને પોતાનાં પાસાંમાં લઇને તેનો ફેરવાયલો ચેહરો જોતાં જોતાં બોલ્યો.

"હા જમશેદ, તમારી ખટલીમાં હવે આગળી ખુબસુરતી તો રહી નથી," ખટલીએ અફસોસ કીધો. "હવે હું મિસિસ સાવક્ષાની સ્કુલનાં ખુણાંમાં તમારી નજર ખેંચ્યા વગર એકાંત પડી રહીશ, અને હવે મારા ચેહરાની કોઇ દરકાર કરશે નહી. સંસારી વેપલામાં પડવા સારૂ ખોદાતાલાએ મને ખુબસુરતીની જે દોલત આપી હતી તે દોલત તો બધી ઘસડાઇ ગઇછ, અને તે છતાં વેપારમાં મને નફો તો કાંઇ મળ્યો નહી. મામામાના પૈસા પણ હું મેળવવા પામી નહી."

"અરે બખ્યા તે પૈસા!" જમસુએ એકવાર ફરીથી તે પૈસા ધિક્કારી કાહાડયા, "ખટલી, જો તું તારા મામાના હરામના મેળવેલા પૈસા લઇને આવી હતે તો હું તારી દરકાર નહી કરતે, પણ તું તે વગર ખાલી હાથે આવીછ તેથીજ હું તુને પાછી કબૂલ રાખુંછ."

"પાછી રાખોછ? પાછી તમારાં જીગરમાં રાખોછ?" ખટલીએ ઉલટથી પુછ્યું.

"મારાં ઘરમાં, મારા સંસારમાં, મારી કદરદાનીમાં, તું મને કબૂલ છે," જમસુ બોલ્યો. "જીગરની વાત તો કોણ જાણે! જીગરપર કાંઇ આપણો હુકમ ચાલતો નથી. પણ મારો વર દાખલનો આશ્રો તું કબૂલ કર. હવે તું દુઃખી ના થા. ઉલવા બંદરની ખારી હુવા તારા ચેહરા ઉપરનાં ગોલાબને પાછા તાજાં કરશે, કે જે ગોલાબને પુણામાં મામા મુકાદમના મેહલની સરદીએ કરમાવી નાખ્યા હતા."

"ઉલવાની હવા? શું ત્યાં આપણે રેહવાનું છે?" ખટલી અચરત થઇને બોલી. "ત્યાંતો આપણા દીકરાને હું રાખી આવેલીછું. જમશેદ, જમશેદ, તમોને ત્યાં જવાનું શું કારણ પડયું?"

"તુંને ત્યાં જવાનું શું કારણ પડયું? અને ત્યાંનાં જંગલમાં આપણો દીકરો કેમ જન્મ્યો તે તું બધું મને કેહેશે ત્યારે પછી ત્યાં જવાનું મારૂં કારણ હું તને કહીશ."

"હા. મારો હેવાલ હું બધો માડીને કેહેવા તૈયાર છું. હું તમારીથી કશું છુપાવવાની નથી." ખટલીએ પોતાનું એકરારનામું ચલાવ્યું. "જ્યારે આપણી ગરીબાઇના ભાર તળે મારી સુવાવડના ખરચની પચાસ રૂપિયાની નોટ તમે મને લાવી આપી, ત્યારે તે નોટ લઇને ગરીબાઇમાંથી બચી જવા સારૂં હું નાહાસી ગઇ. ત્યારે જોકે મારાં મનની મુખ્ય મુરાદ તો મામામામાના પૈસા લેવા સારૂ તેવણને ત્યાં જવાની હતી, તોપણ મારી મોટી ફીકર મારાં બચાંને લીધે પેદા થઇ હતી. તે હાલતમાં હું 'ચીનાબાગ' માં કેમ જઇ શકું? પેહલાં તો મારૂ બચું જન્મે ત્યાં સુધી કેહે છુપાઇ રેહવાનો મેં વિચાર કીધો. મુંબઇથી આગગાડીમાં જતાં વખતે હું પકડાઇ આવું તેની બ્હીકથી પનવેલીથી પુણે જવાનો પગ રસ્તો છે એમ સાંભળીને તે રસ્તે જવાનું મેં પસંદ કીધું. અને તેથી શેપર્ડની આગબોટની ટિકિટ લઇને હું દરિયાને રસ્તે નિકળી. હું સમજતી હતી કે પનવેલી સુધી આગબોટ જતી હશે, અને ત્યાંથી પુણે જવાની ગાડી મળતી હશે. પણ આગબોટ તો ઉલવા સુધીજ જાયછે. ત્યાં મને તો ઉતારી પાડી, અને ત્યાંથી હું ચાલતી પનવેલી જવા નિકળી. રસ્તો મને ઘણો લાંબો લાગ્યો, તે ચાલવાની થાકથી હોય કે કેમ હોય. પણ કલાક એક સુધી ચાલવા પછી મને દુખવા લાગ્યું, હું ઘણી ફિકરમંદ થઇ પડી અને એકલી અટુલી ભટકવાની ભીખારી હાલતમાં પોતાને જોઇને રડવા લાગી કે મારૂં સગુંવ્હાલું કોઇ મળે નહી, અને જો હું અંહી

મરી જઇશ તો મને ઓળખનાર પીછાણનાર કોઇ નિકળશે નહી."

"ખરેખર ખટલી, 'ચીનાબાગ' ની તારી મોજમઝાની જીંદગીની આ કેવી જંગલબરી શરૂઆત થઇ," જમસુએ તાણો માર્યો.

"તે વખત તો 'ચીનાબાગ' ની જીંદગી વિષે મને કાંઇ ખ્યાલબી નહી હતો. તે વખત તુર્ત તો ખેતર અને જંગલોની વચે રસ્તા ઉપર મારો છુટકો થઇ જવાની અને બચું જન્મે તો તેને કયાં રાખવું તેની મને ફિકર પડી હતી. ખોદાના હોકમથી છુટકો સેહલથી સફલ થઇ ગયો, અને બચાંને મારી સાથ રાખેલી ટાબલીમાં સંતાડીને કયાં જવું તેના ગભરાટમાં ફસડાઇને હું તો વિચારમાં પડી. પણ ખોદાની બક્ષેશથી એવું બન્યું કે હોમાજી દારૂવાળાંનું ઝુંપડું પાસેજ હતું તેવણની દીકરી સુંદર શીરીન ફરતી ફરતી આવી લાગી તે આવીને મને પોતાનાં ઘેરમાં લઇ ગઇ અને તેઓની મેહરબાનીથી મારો અને મારાં બચાંનો બચાવ થયો. શીરીન તો એક ગામડિયન હોવા છતાં મુંબઇની શિખેલી માલમ પડી, અને મારી મિસિસ સાવક્ષાની સ્કુલમાં શિખી ગયલી જણાઇ, પણ અમે એકએકને ઓળખતાં નહી હતાં, કારણકે તેતો કેડી મારી નોકરી અગાઉની એ સ્કુલમા શિખી ગયલી હતી. એ રીતે મારી પેહલી સુવાવડ તે ગામડાંનાં ગરીબ ઝુપડામાં ગુજરી."

"અફસોસ, બેવકુફ છોકરી! તેનાં કરતાંતો ગુલી ગોરાણીનાં મરઘાશેરીનાં આ ઘેરમાં તારી સુવાવડ વધારે સારી થતે."

"ખરેખર, મને પણ તેમજ લાગ્યું કે મેં કેવી નાદાની કીધી. દુ:ખ અને નામોશીના બોજા તળે હું તદન કચડાઇને અધમુઇ થઇ ગઇ. એ તો ખોદાએજ જોયું કે મારી મદદે શીરીનનાં રૂપમાં એક ફરેસ્તો મળી આવ્યો. તેવા એક મેહરબાન અને માયાળુ માણસનાં ઘેરમાં મારાં બચાંને મુકી જવાની મને હિમત થઇ અને તે લોકોએજ મને પૈસાની મદદ આપ્યાથી હું પુણે જઇ શકી, ઉલવેથી પનવેલી થઇને ભાડુતી ટાંગાની મારફતે હું કરજટ ગઇ અને કરજટનાં સ્ટેશનપરથી મને પુણાની ટ્રેન મળી, કે જ્યાં પેહલાં હું મારા મેહેલાશાહ મામાને ઘેર રહી અને પછી મામા મામાએ બોલાવીને મને પોતાના આશ્રામાં રાખી. ત્યાંની સઘળી દોલત અને જાહોજલાલી વચે મેં કેવી કંગાલ જીંદગી ગુજારીછ! અને આઇતા પૈસાની વાટ જોતાં જોતી તરેહવાર હાડમારી ખમીને તથા તરેહવાર નિંદાઓનો ભોગ થઇને અંતે આ ગરીબ ઘેરનાં સુખમાં તમોને પાછી આવી મળવાની મારી ખુશ સૂજત હતી તે પાર પડી. ઓ જમશેદ! આવી મારી હાલતમાં તમે મને માફ કીધું એટલેજ મને લાખો રૂપિયાની દોલત મળી એમ હું તો સમજુછ."

"બેવકુફ છોકરી! તું તારી મેળે ઠેકરાઇને ઠેકાણે આવી તો હવે વધારે શું બોલું! તું એક સોનેરી દેવને પુંજવા સારૂ કુદરતી લાગણીઓનો ભોગ આપીને ગઇ ત્યારે તેં મારૂં જેટલું નુકશાન કીધુંછ તે કરતાં તારૂં વધારે નુકશાન કીધુંછ. પણ તારી ભૂલનો તેં એવો મોટો દંડ ભર્યોછ કે તેમાં હું મારી તરફથી કાંઇ પણ શિક્ષા ઉમેરૂં તો તે ઘાતકી કેહેવાય. હવે તું જેવી ને તેવી પાછી આવીછ અને જેવી ને તેવી રાજી છે તો આપણે નવેસરથી જીંદગી શરૂ કરીશું. અને પેહલાનાં કરતાં વધારે સારો સંસાર ગુજારીશું. નસીબદેવીની શોધમાં તું જેવી નાદાનીથી પુંઠે લાગી હતી તેના કરતાં મેં વધારે બેફિકરાઇથી તેને શોધી કાહાડવામાં ફતેહ મેળવીછ. આગળની ગરીબાઇ હવે આપણને નડવાની નથી. તારો વર આજે કાંઇ ચાકરી ધંધા વગરનો રખડતો અને બેહાબેકાર 'દારાશાહ દાદીદાલી' નથી, પણ આજે તો તે ઉલવા અને પનવેલીબંદરોની વચે 'જસવાડી' ની બોહલી મિલકતો અને વાડી વજીફાઓનો માલેક અને 'શેઠ' જમશેદજી જસાવાળા થયલો છે. આજે તો તારો વર પોતાની બાયડીને મનભાવતા ગાડીઘોડા, બાગબગીચા અને ભપકાદાર રાચરચીલાં સાથે રાખવાને શકિતવાન છે, અને પોતાના દીકરાને એક નાનાં સરખાં ગામનો વારસો આપી જવાને શકિતવાન છે."

"જમશેદ, જમશેદ, તમે કેવી મશ્કેરી કરોછ!"

"નહી ખટલી, હું મશ્કેરી કરતો નથી," જમસુએ ખાતરી આપી. "છ મહિનાની વાત ઉપર હું 'ચીનાબાગ' માં જયારે તારી

માંગણી કરવા આવ્યો હતો, અને જ્યારે તેં એક બેજાફ્રારેલ મામાના હરામના પૈસાની આશાપર મારો હાથ લેવાને ના પાડી મને પાછો વાળ્યો હતો, ત્યારે તુંને ગમે એવાં અને જોઇયે એવાં ઘેરમાં લઇ જવા હું આવ્યો હતો, અને તે વિષે મેં તુંને એસારોબી કીધો હતો. પણ તું તો ઠેકાણે આવી નહી, ત્યારે મેં તારા મામાના પૈસાની લાલચમાં મારા પૈસાની લાલચ ઉમેરવા ચાહી નહી. પણ તું પોતાની મેળે ઠેકાણે આવે, અને તારૂં જીગરજ તુંને બોલાવે તેની વાટ જોતો હું બેસી રહ્યો હતો."

"ત્યારે શું તે વખતના તમે એટલાબધા પૈસાદાર હતા?" ખટલીએ ઉલટભર પુછ્યું. "અને મને મામામાથી જેટલું મળવાની આશા હતી તેટલુંબધું શું તમારાથી મળવાનું હતું?"

"તેટલુંબધું તો કોણ જાણે? તે ટાંખરાની દોલત સાથ હું મારી દોલત કેમ સરખાવી શકું? કદાચ તેની પાસે કાહારૂનનો ખજાનો હોય, અથવા નહી તો કદાચ ઘણાક પૈસાવાળાઓની પેઠે તેનો બધો ખોટો ભરમ અને સુકો ભપકો હોય. પણ હું તુંને પાછી લેતી વેળા કહુ છ કે હું કાંઇ ખજાને ભરપુર કાહારૂન તો નથી અથવા ચચાર ઘોડાની ગાર્ટી હાંકું, અથવા ખોદાતાલાએ જે જરૂરીયાતનો કાયદો બાંધી આપેલોછે તેના કરતાં વધારે ખાનાર પીનાર અને ઉંઘનાર હોવાનો હું કાંઇ દાવો કરતો નથી. પણ હું એક મધ્યમ શક્તિનો અને કુદરતના કાયદા પ્રમાણે ચાલનાર એક સુખી માણસ છું, અને તુને પણ સુખી કરી શકું એવો છું."

"અરે! ત્યારે જમશેદ, આટલાંબધાં વર્ષ મેં કેવી ભુલમાં ગુમાવ્યાં!" ખટલીએ પશ્ચાતાપ કીધો.

"ગુમાવ્યાં તો ખરાં, પણ હવે તે આપણે ભુલી જઇશું, અને ભુલ સુધારવાની કોશેશ કરીશું," જમસુ હસ્યો.

એજ વખતે ગુલી ગોરાણીએ સાંકડો દાદર ચહડી આવીને ખાનાનો વખત થઇ જવા વિષે યાદ આપી, તથા આગળની પેઠે એક સુકું પાકું ભાણું લાવવું કે નહી તે વિષે પોતાનાં આ જુનાં ભાડુતની વરદી પુછી. જમસુએ જરા વારમાં જવાબ કેહેવાડવાની કબુલાત આપીને તેને પાછી વાળી.

હવે આજે કયાં ખાવું, શું ખાવું, તથા કયાં રેહેવું તે વિષે વરવહુ મસલતે બેઠાં. જમસુએ દરખાસ્ત કીધી કે જો ખટલી ચાહે તો મરઘાગોરીના ગરીબ મોહલામાંથી અને આ કંગાળ માળિયામાંથી નિકળીને વાટસન યા એપોલો હોટેલમાં તેને રાખવાને તથા ગુલી ગોરાણીને હાથનાં વાસીકુસી ખાનાં બદલે હોટેલના મટનચાપ અને મરઘી ને બટકનું ખાનું તેને ખવાડવાને આજને આજ તે શક્તિવાનછે.

પણ ખટલીએ તો એક છેલી વાર આ ગરીબડું ઘેરજ રેહવા માટે અને તેનું વાસી કુસી ભાણુંજ ખાવા માટે પસંદ કીધું.

કેટલોબધો ફેરફાર!

અને હવે જમસુ ને ખટલી એક વાર ફરી ગુલી ગોરાણીના કંગાલ ઘેરમાં ગોઠવાઇને રહ્યાં.

પ્રકરણ ૧૩૪ મું.

ખટલીને પકડવાનું વારંટ.

પણ ગુલી ગોરાણીનાં માળિયામાં એ લાંબી મુદતનું સંધાયલું જોડું ઝાઝી વાર એકલું પડયું નહી.

ગુલી ગોરાણી ભાણું આપી ગઇ અને હજીતો જુની ખખ ટેબલ ઉપર ટેબલકલાથ બિછાવ્યા વગર એકજ થાળીમાંથી પરેટામાં ગોસ્ત અને ખીમાના કટલેસનું સાદું ખાનું તેઓએ ખાવા માડયું, કે જેમાં સ્વાદને માટે થોડા તલેલા બુમલા, અને પાણીનાં અથારથી આ સુકું પાકું અને સાદું ભોજન તેઓ બંનેએ પાછળી જીંદગીમાં ખાધેલાં અનેક વાણાં અને અનેક મિષ્ટાંનો કરતાં વધારે સ્વાદિષ્ટ તેમને લાગ્યું અને બંનેને સારી પેઠે ભુખ લાગેલી હોવાથી બેહુએ પેટ ભરતું ખાનું ચાંપી આપ્યું. ગુલી ગોરાણી પોતાના ભાડુતોને પેટ ભરીને જમાડવામાં વડાઇ લેતી હતી, અને તેનાં ગમે એવાં ગરીબડાં ભાણાં

છતાં તેનાં બાકુતો ભુખ્યાં રેહતાં નથી એ તેની મગરૂરી હતી.

તેઓ ખાનુ ખાઇને હાથ ધોયછે, તેટલામાં તેઓના આ એકાંતવારામાં કોઇ નવાં આવનારનાં પગલાં સંભળાયાં. સાંકડા દાદર ઉપરથી કોઇનો ધપર ધપર ચહડી આવવાનો આવાજ કાને પડયો. કદાચ ગુલી ગોરાણી ભાણાનાં વાસણ લેવા આવી હોય, પણ ખટલીએ સુજાડયું તેમ એ કોઇ બૈરીનાં હલકાં પગળાં નહી હતાં. એતો એક પુરૂષના અને તેબી અજાણાના, તપાસી તપાસીને ચહડવાનાં ભારી પગળાં હતાં, એટલુંજ નહી પણ કોઇ મોટાં બુટ પેહરીને આવનારા ઢબરાના ઢેકાં સરખાં પગળાં હતાં.

એ કોણ હશે તે વિષે જમસુ અને ખટલી હજીતો અચરત થાયછે તેટલામાં તે માણસ તેઓનાં બારણામાં આવીને "શેઠજી- સાબજી" કરી સલામ કરતો ઉભો.

તેઓ જોયછે તો આ નવો આવનાર કોઇ ઉંચો ને કદાવર, મોટી મોટી મુછોનો મુછાળો ધાટો હતો. તેના પગમાં મોટાં બુટ ખાલીજ પગ ઉપર ઇસ્ટાકીન વગર પેહરેલાં હતાં, જેમાંથી નિકળતાં તેનાં પગનાં જાડાં ટેરાં તેની જાંગ સુધી તેનાં ધોતિયાંમાંથી ખુલ્લાં દીસતાં હતાં. તેનાં દિલમાં એક કાળો ખખર ડગલો પેહરેલો હતો, તેને માથે એક લાલ ચકરીદાર પાઘડી હતી, જેના ઉપર વળી એક લાંબો સફેદ ડુપટો વિટાળેલો હતો. "શેઠજી–સાબજી!" એવી તેની સલામ કરવાની ઢબ પણ તેને કોઇ પારસી નહી પણ પરદેશી જેવો દેખાડી આપતી હતી. ટુકમાં આ ધાટાનો સઘળો દેખાવ અજાણોજ નહી પણ જોનારને કાંઇ ધાક અને ધમકીથી ભય પમાડે એવો હતો.

અને તેના દેખાવથી ખટલી તો ખરેખરજ બીહીને પોતાના વરનાં પાસાંમાં ભરાઇને ઉભી રહી. જમસુ આ અજાણાના ધસારા ઉપર પગથી તે માથાં સુધી એકી ટગરે ટીકી ટીકીને જોતો ઉભો હતો.

"કોણ છે? કોણને પુછેછ?" જમસુએ ભપકામાંજ પુછયું "હે ભાઇ, તું અંહી કયાં ચાલી આવ્યોછ? આ ઓરડો તારો નથી. તું કોઇ બીજાંના ઓરડામાં ભૂલથી ચાલી આવ્યોછ."

"જી સાબજી, માફ છે, બેઅદબી માફ છે, પણ મેં કાંઇ અંહી રેહવાને આવો નથી. હું તો સાબ મળવા આવોછું, પુછવા આવોછું, તેડવા આવોછું."

"કોણને?" જમસુએ ધાસાથીજ પુછયું.

"આ બાઇસાબને મેં પુછેછ." તે ધાટો બોલ્યો. "હું પુણેથી એક બાઇની શોધ કરેછ. તે બાઇ આજ છે. હા, હું એને ઓળખેછ. એનું નામ મિસ ખરશેદબાઇ ખજુરિયા છે, ખરૂં કે? બગા સાબ આ વારંટ ઉપર એ બાઇનો નામ છે. ખરો કે?"

આ સવાલ પુછવાની સાથે તે અજાણા શખ્સે પોતાના ખીસામાંથી એક લાંબો ફુલ્સકેપનો દસ્તાવેજ કાહડીને જમસુને દેખાડયો, કે જે, તે ઉપરનાં લાખના સીલ અને બીજા દેખાવ થકી એક કોર્ટના સમન અને વારંટના સરખોજ હતો, અને જેમાં મિસ ખરશેદબાઇ ખજુરિયાનું નામ લખેલું હતું.

"મેં પુણાની ડીટેકટિવ પોલીસનો રાવજી જમાદાર છે." જમસુ આ દસ્તાવેજ જોતો હતો તેટલામાં તે ધાટાએ ખોલાસો કરવા માડયો. "ને એ બાઇ પુણેનો રેહવાસી છે, ત્યાસાતીજ મેં એને ચાંગલી રીતીસે ઓલખેછે. એની એ બાઇ ખૂન કરીને પુણેસી પલુણ આવેલોછે, ત્યા કારણ સાતી મેં એ બાઇને વારંટસી પકડવાને આવોછે."

આ શખ્સની ભાગી તૂટી ગુજરાતી, અડધી મરાઠી અડધી ગુજરાતી છતાં, તેનો આવવાનો ભયભરેલો ભેદ તેના બોલવામાંથી અને તેણે બતાવેલા દસ્તાવેજમાંથી સઘળો માલમ પડયો; અને તે એ કે આ પોલીસ ડીટેકટિવ ખટલીને ખૂનના શક ઉપર વારંટથી પકડવા આવ્યો હતો.

"ખૂનનો શક? ખૂન શાનું? કોણનું ખૂન?" જમસુએ બૂમ મારીને રાવજી જમાદારને થથડાવી કાહાડતો હોય તેમ પુછયું.

"એ બાઇચા મામુ 'ચીનાબાગ' વાળા માણકશાહ શેઠ હોતા ત્યાંના ખૂનચા શક એ બાઇપર હોતાછે. તેને પકડવાનો આ વારંટ છે. તેને પકડીને પુણેચી જેલમાં એ બાઇને રાખવાનોછે. માણકશાહ શેઠવર પંચ બેઠોછે. તે પંચનો તપાસ 'પોસ્ટપોન' કેલોછે. ત્યાર

પરયંત એ બાઇલા પકડુનસી પુણેચી સીટી જેલમદી રાખવાનો માળા હુકમ છે."

"એ સુવો શું બકેછ?" ખટલી ગભરાટમાં જમસુને વળગી રહીને બોલી. "હું આવી ત્યારે તો મારા મામા જીવતા અને સલામત હતા, અને તેવણના મરવાની કાંઇ ધાસ્તીબી નૂહી હતી."

"બાઇ તુમી, બોલ નકો. અતાં તુમી જે કાંઇ બોલશે તે તુમચા બચાવચી વખત નડશે," રાવજી જમાદારે પોલીસનો સરેસ્તાનો ખોલાસો કીધો.

"જમશેદ, શું તમે આ વાત માનોછ?" ખટલીએ હેબતીને પુછયું.

"હું એવી જંગલી વાત કાંઇ માનતો નથી. તું ધીરજ રાખ, ડીયર. જોઉં, મને વારંટ બતાવ."

જમસુએ વારંટ ફરીથી માંગી લઇને આખું વાંચી જોયું. વારંટ તો ખરૂં હતું. તે ઉપર પુણાના માજીસ્ટેટની સહી હતી, અને જમસુ જાણતો હતો કે એક સત્તાવાર વારંટની સામે થવાની કોઇને સત્તા નથી. તોપણ તેને બચાવનું એક બાહાણું મળી આવ્યું.

"પણ, મી૦ રાવજી, આ વારંટપર નામ તો ખોટું છે," જમસુએ બાહાણું કાહાડયું. "વારંટ ઉપર મિસ ખરશેદબાઇ ખજુરીયાનું નામ લખેલુંછે. પણ આ બાઇ કાંઇ મિસ નથી. એ તો મને પરણેલી છે, અને એનું નામ તો મિસિસ જમશેદજી જસાવાળા છે."

"તેનો શું છે? અમારી પુણામાં એ બાઇ મિસ ખરશેદબાઇ ખજુર્યાથો ઓળખાયછે. એતો એનો પુણાનો નામ લખેલો છે. એનો બીજો એકસો નામ હોય પણ મેં જે શોધેછ તે બાઇતો હીજ હાય અને તુમચી રજાસી મી ત્યાલા આજ પુણાચી મેલ ત્રેન મદી ગેવુન જાયછે."

"પણ મારી બાયડી આજે મુસાફરી કરવાને શક્તિવાન નથી," જમસુએ વાંધો લીધો.

"અરે કાય સાબ! કાલજ પુણાસી રેલવે મધે બસુન આલી તવાં આજ કાં નાઇ જાશે? મેં એને સલામત લઇ જાશે. એનો જોખમ માજા શીર વર છે. કેમ અબદુલ, ગાડી તૈયાર હાયની?"

રાવજી જમાદારનો હવાલદાર અબદુલ પછવાડે ઉભેલો હતો તેણે તુર્તજ જવાબ આપ્યો કે ગાડી તૈયાર છે.

"ચલા મિસ ખરશેદબાઇ," હવે રાવજીએ ઉતાવલ કીધી. "તુમી મુગી મુગી આવેછ તો મી કાય નાઇ બોલેછ. નાઇતર એ બગા. માજા ખીસામાં બેડી છે."

જમસુએ અચરત થઇ મામા મુકાદમનાં મરણની હકીકત પુછી. તેણે રાવજીથી જાણ્યું કે ખટલી જે દાહડે નાહાસી આવી તેજ સહવારે તે માતબર પારસી અચબુચ મરણ પામ્યો હતો.

"હવે શું કરીયે, જમશેદ?" ખટલીએ કલવાઇને પુછયું.

"ખુનના શકવાળા કેદીઓને બેડી નાખવાનો પોલીસનો ધારો છે," જમસુએ જવાબ દીધો. "વાસ્તે બેહતર તો એજ છે, ખટલી, કે એ નામોશી અટકાવવા તું ગુપચુપ તાબે થા. એ લોકો તુંને પકડવા આવ્યાછ તો લઇ જયા વગર રેહેવાના નથી. તું બીહી ના, વ્હાલી, હું તારી સાથે આવુંછ. તારા મામાનાં મોતથી કાંઇ પણ ગેરસમજુતી ઉઠી હશે તો તારી હાજરીથી ખોલાસો થઇ જશે. તું બીહીતી ના. હું તારી બોરદુએથી ખીસવાનો નથી."

"પણ તમે કાંઇ આ વાત માનતા તો નથીની?" ખટલીએ ઇંતેજારીથી પુછયું.

"બીલકુલજ નહી. હું તો એટલુંજ માનુંછ કે મામા મુકાદમનાં ખુન વિષે તું એક બાળકના જેવી બેગુનાહ છે."

"તેમજ છે. ત્યારે તો હવે તો મને હિંમત આવુંછ. આલો રાવજી બા, હું આવવાને તૈયાર છું."

"હાજી ચાલો, ગાડી ખોટી થાયછ."

ખટલી જવાને તૈયાર થઇ, અને જમસુ પણ તુર્તજ પોતાનાં કપડાં પેહરીને તેઓની સાથે જવા નિકળ્યો. ઘેરવાળી ગુલી ગોરાણી ગડબડ જોઇને તેઓના ઓરડાની બાહાર સઘળું માજણું જોવા આવી ઉભેલી હતી, તેને જમસુએ આજનાં ભાડાંના પૈસા ચુકવી આપ્યા, અને શી ગડબડ છે તે કશું સમજ્યા વગર તેણીએ એટલુંજ જોઇને ફાળ ખાધી કે ખટલી બિચારી ઘણે વર્ષે આવી ત્યારે એક

દાહડો પણ રેહેવા પામી નહી, પણ તેની ઉપર કાંઇ તવાઇ લાવીને પોલીસવાળાઓ તેને પકડી ગયાછ.

બાડેની ગાડીની અંદર ખટલીને બેસાડીને તેની પાસે જમસુ બેઠો તથા સામી બાજુએ રાવજી જમાદારને બેસાડયો અને ગાડીના કોચ–બાકસ ઉપર પોલીસવાળો અબદુલ બેઠો, પણ તેઓ સઘળાં સાદાં કપડાંમાં હોવાથી લોકોને કાંઇ ઝાઝી ગડબડ જણાઇ નહી.

અને એ રીતે તેઓ પુણાની મેલ ત્રેનમાં પણ કોઇનું કશું ધ્યાન ખેંચ્યા વગર ગુપ-ચુપ ચહડી બેઠાં. રાવજી જમાદારે તેઓની ટિકિટ કરાવી, અને સઘળો વખત તેઓની સાથેનો સાથેજ રહ્યો.

પ્રકરણ ૧૨૫ મું.

ખટલીનું કેદખાનું.

ગાડીમાં જતાં જતાં જમસુએ માણકશાહ મુકાદમનાં મરણ વિષે રાવજીથી સઘળી વિગત પુછી લીધી. રાવજીથી તેણે જાણ્યું કે એ બાહોશ ડીટેકટિવે ખટલીના નાહાસી જવાની પુરતી ખોળ ચલાવીને પુરતી બાતમી મેળવી હતી. રાવજી બોલ્યો કે આ બાઇ સહુવારના ચાંચની ત્રેનમાં પુણેથી ઉપડયાં તેજ સહુવારે માણકશાહ શેઠ પોતાનાં બીછાણાંમાં મુવેલા મળી આવ્યા, અને આ બાઇનું ઉપડી જવું તથા શેઠનું મરી જવું એકજ વખતે બન્યું એમ ડાકટરો તપાસ ઉપરથી ધારેછે. મરણ અચબુચ નિપજ્યું છે, તોપણ ખુનના શક લાવવાનો સબબ શો તે વિષે જમસુના પુછવાથી રાવજીએ ખોલાસો કીધો કે મરનારનું પેટ ચીરીને જોતાં તેમાંથી એક આઉંસન સુમારે "પ્રૂસિક આસિડ" નું ઝેર મળી આવ્યુંછે, અને તે ઝેર એ ઘરમાં કયાંથી આવ્યું તે વિષે પોલીસ તપાસ ચલાવેછે.

"પ્રૂસક આસિડ? ઓ ખોદા!" ખટલી પોકાર મારી ઉઠી. "અરે જમશેદ! જમશેદ! આ કેવી ભયંકાર યાદ! પેલા મુવા પેસુ ચીનાથી છુટી પડવાનો જો મારી પાસ બીજો કાંઇ ઉપાય નહી રેહુ તો મેં જીવપર કરવા સારૂં એક નાની શીશીમાં 'પ્રૂસિક આસિડ' રાખેલી હતી. અને તે શીશી તો હું 'ચીનાબાગ' માંજ રાખી આવી હતી."

"હા બાઇ, તે શીશી પોલીસને મળ્યોછે. પણ તે શીશી તો ખાલી છે, અને તેમાંનો ઝેર શેઠની ઉપર વપરાયલોછે." રાવજીએ અંગીકાર કીધો.

મેલ ત્રેનની લાંબી મુસાફરીની થાક છતાં ખટલીને ઉંઘ આવી નહી. તે આખી રાત પોતાની ઉપરનાં ભયંકાર શકથી દુઃખમાં ગીરફતાર પડી, અને તેના ભર્તારે તેની બાજુમાં બેસી રહીને તેને સઘળો વખત ધીરજ આપ્યા કીધી. આ નવી મુસીબતથી કરીને જમસુનાં મનમાંથી ખટલી ઉપરનો આગળો સઘળો કેહેર અને કડવાસ નિકળી ગયો. તેણે પોતાની બાયડીને એક ભયંકાર ખોટાં તોહમતની ભોગ થઇ પડેલી જોઇ, અને તેના સંકટના વખતમાં તેની દયાળુ દાદખાઇને માટે તે તૈયાર થયો.

"જમશેદ, તમે, આ લોકોનું મુકેલું ભયંકાર તોહમત માનતા તો નથીની!" ખટલીએ તેને ફરી ફરીથી પુછ્યા કીધું.

"એક બોલબો નહી," એ જમસુનો ધીરજ દેનારો જવાબ હતો. "એવાં ખોટાં બોહતાંનો આપણી ઉપર આવી પડવાનું ઘણું સાધારણ છે, પણ સેવટે બધો ખોલાસો થઇ જશે. તું ખોદાતાલાપર સબુરી રાખ, અને મારી ઉપર વિશ્વાસ રાખ."

"અરે જમશેદ, તમે કેવા મેહેરબાન છો! અને હું તમોને કેવી નાલાયક છું!" ખટલી બોલવા લાગી. "કેવી એણ વખતે આપણે મળ્યાં, અને જાણેકે મને મદદ લાગવાજ આજે તમોને ખોદાએ મારી સાથે મેળવ્યા!"

રાવજીએ પોતાના સોબતી અબદુલને ત્રીજા વર્ગના જુદીજ ગાડીમાં બેસાડયો હતો, અને પોતે જોકે જમસુ અને ખટલીની સાથેજ એકજ સેકંડ કલાસમાં બેઠો હતો, તોપણ તેઓને પોતપોતા વચ્ચે વાત કરવા સારૂં એકલાં મુકીને પોતે ગાડીને છેક છેડે એકલો બેઠો હતો. રેલવેની આવી મુસાફરીઓમાં

તે ઘડાયલો હતો. માટે તેતો જલદી ઉંઘી ગયલો દેખાયો હતો, તો જોકે જમસુ અને ખટલી ઘણીવાર સમજ્યાં હતાં કે તે ઉંઘી જવાનું માત્ર ડોળ ઘાલતો હતો. અને તે ખરેખર ઉંઘતો નહી હતો પણ ઉંઘરેટી આંખોમાંથી તેણે પોતાના કેદી ઉપર બારીક નજર રાખી મુકી હતી. કાંકે જમસુએ સમજાવ્યું તેમ કેદીઓ રાતની વખતે નજર ચુકાવીને નાહાસી જાયછે, માટે ઉંઘમાં પડવું એ પોલીસના ડીટેકટિવોનો ધર્મ નથી.

અને એ રીતે રાતની મુસાફરી પુરી થઇ, તથા સહવારનું અજવાળું આસપાસનાં ખેત્રો અને મેદાનો ઉપર રોશનીથી પ્રકાશતું જણાયું. આ રોશન અજવાળાંમાં આ એકાંત મુસાફરોએ ખુશનુમા થંડી હવા વચ્ચે પુણા શેહરના ઓળખીતા દેખાવો પિછાણીને પોતાની મુસાફરીનું સેવટ પાસે આવેલું જોયું. તેઓએ બોરઘાટ પસાર કીધો તે વેળા મધરાત્રીમાં ચંદનીએ ખંડાલાની ઉંડી ખીણોને શાંતપણાંમાં પ્રકાશિત કીધી હતી, પણ તે સઘળી ખુશનુમાં ખુદરતી લીલા આ દુઃખમાં પડેલા એકાંત મુસાફરોના આજના નવા ગભરાટ અને ગુચવાડા આગળ કશી બિસાદમાં નહી હતી. ખડકીનું સ્ટેશન વળાવતાંજ રાવજી જમાદાર જાણેક ઉંઘમાંથી જાગ્યો હોય તેમ પોતાની ટાબળી ફાહડીને ઉભો થયો. એ વખતે મામદાદનો પ્રહર ફાટી ચુક્યો હતો અને ગાડીમાંનાં ફાણુસ સહવારની રોશનીમાં ઝાંખાં પડયાં હતાં.

આ નવા ઉગેલા દિવસે ખટલીના સોહરાઇ ગયલા ચેહરા ઉપર એક શીહા ઓથો પાડયો, અને તે ચેહરામાં કેટલો ઉંડો ફેરફાર થયોછે તે બારીકીથી જોવાની તથા તેના છેલાં સંકટો ઉપર દયાવંત થવાની જમસુને પુરતી તક આપી. તેણીના સુંદર રોખશારા ઉપર જંજાલે એવી લીટીઓ મારી હતી કે જે લીટીઓ સુખથી કદી ભુસી વળાય નહી. તેણીનો ફીકો ચેહરો, કરમાયલા ગાલ, અને આંખ ઉપરનો શીહા ઓથો મિસિસ સાવકક્ષાની સ્કુલમાંના તેણીના ખુશનુમા ચેહરાની એક મશકરી જેવું હતું. તે ચેહરાનો કલ્લો હજી જેવો ને તેવો મનમોહન હતો, કે જે કલ્લો મુસીબત, માંદગી અને મોત વચ્ચે પણ જળવાઇ રેહેછે; પણ તે ચેહરાનો ગોલાબી બાહાર અને રતાશ સદાનો ગુમ થયોછે! એ સઘળું જોવાથી જમસુની પાર વનાની દયા ઉસ્કરાઇ ગઇ.

આ મુસીબતભરેલી મંજલ પુરી થઇ, અને સહવારના પ્રહરમાં તેઓ પુણાનાં સ્ટેશન ઉપર ઉતર્યાં. સ્ટેશન ઉપરથી રાવજી જમાદાર ભાડુતી ગાડીમાં બેસાડીને તેઓને પુણાનાં શેહરની સાંકડી ગલીઓ અને મોહલાઓ જેને 'પેંઠ' કેહેછે તેમાંથી હંકાડીને એક ઉંચી દેવાલના બંધ્યાર મકાનમાં લઇ ગયો, કે જેની ઉંચાઇ કદી પણ તેમાં વસનારાંઓને નાહાસવાનો લાગ આપી શકે નહી. તે પુણાની સીટી જેલ હતી, કે જેના દરવાજા ઉપર ગાડી ઉભી રેહેતાંની વાર હથીઆરબંધ સીપાહી આગળ નિકળી આવ્યા. તેઓની મદદથી ગાડીનું બારણું ઉઘાડીને આ એક વખતની સાહેબઅલેખી સરખી ઉમરાજાદીને કેદીની હાલતમાં રાવજી બાગોળ સરખા દરવાજામાંથી અંદર લઇ ગયો.

પુણાના આજ રસ્તાઓ ઉપર અને આજ બંદીખાનાની દેવાલ આગળથી ફાંકડી ફાઇટનમાં સવાર થઇને બબે તેજી ઘોડા ફકડાવતી, ઘોડાવાળાઓ અને નોકર નફરોના દમામી પોકાર વચ્ચે ખટલી પસાર થતી હતી તે વખતની તેની હાલતમાં અને આજે એક ભર્તારની પાસબાનીભરેલી સંભાળ છતાં ચોકીપાહરા તળે એક અપરાધી પેઠે બંદીખાને જતી વેળાના તેના દેખાવમાં કેવડો મોટો ફેર પડયોછે તે એક જોવા જોગ દેખાવ હતો. પણ તે જોનારાંઓ ઘણાં નહી હતાં. જે જે લોકોએ તેના મામાની ભપકાદાર ગાડીમાં તેની બેમીસાલ ખુબસુરતીને વખાણી હતી તે લોકો આજે તેનો આ એકાંત પ્રવાસ જોવાને સહવારના વેહલા કાળને લીધે હાજર નહી હતાં. માટે ખટલીની આ મુસાફરી તમામ એકાંતપણમાં આબરૂ સાથે પુરી થઇ હતી.

જમસુ ધારતો હતો કે ખટલીની સાથે બંદીખાને તેના જવા સામે કદાચ વાંધો લેવામાં આવશે. પણ રાવજી જમાદારે તો કશો વાંધો લીધોજ નહી. ખટલીની આબરૂ અને નાજુકી તરફ જોઇને તથા હજી તેના ઉપર કાંઇ વાંક પુરવાર થયો નથી, પણ માત્ર શક ઉપર તેને પકડવામાં આવીછે તે જોઇને આ બાઇ

માણસને બંદીખાને નાખતાં પુરતી નરમાશ અને છુટ મુકવી જોઇયે. તે છુટમાંની એક આ હતી કે તેની સાથે જે ધણી તેનો વર કેહેવાતો હતો તેને પણ બંદીખાના સુધી જવા દેવામાં આવ્યો. તેને બંદીખાનાની અંદર સાથે રાખવો કે નહી એ સવાલ રાવજી જમાદારને માટે નહી હતો. પણ જેલના વડાએ મુકરવાનો હતો. માટે અત્યારસુધી તો તેણે જમસુને સાથે રેહેવા દીધો હતો. સીટી જેલના દરવાજાની ભાગોળ વળાવ્યા પછી એક ખોલા ચોકમાંથી એક ટાંકાબારી સરખા નાના લોખંડી દરવાજામાંથી પસાર કરીને તેઓને બંદીવાનોની કોટડીઓની બરાખ સરખી લાગેલી લાંબી ને લાંબી હારમાં નહી લઇ જતાં ખટલીને એક બાજુમાં બાંધેલી અલાયદી બંગલી ઉપર દાદર ચહડાવીને લઇ જવામાં આવી.

ખટલી દાદર ચહડીને બંગલી ઉપર ગઇ, ત્યારે જમસુને હેઠલજ ઉભો રાખ્યો. બંગલી એક ગોળ બુરૂજને મથાળે બાંધેલી હતી, જેની ઉપર ચહડવાનો ગોળ દાદર બાહારથીજ હતો. આ બંગલી આગળ એક ગોરો અમલદાર રાવજીને આવી મળ્યો, કે જેની સાથ રાવજીએ થોડીક ખાનગી વાત કરીને જમસુને તેની આગળ બોલાવ્યો. એ અમલદાર મી૦ બ્રાઉન, જેલર હતો, જેણે આ કેદીની સાથે આવવાનું તેનું કારણ પુછ્યાથી જમસુએ પોતાનો હેવાલ તેની આગળ ખુલ્લો કીધો. કેદી ખટલી પુણે રેહેવા આવી તેની આગમચની જમસુને પરણેલી હતી, પણ તેનાં ખાનદાન સાથે મરનાર માણકશાહ મુકાદમને અસલનાં વેરને લીધે કેદીએ પોતાનાં લગન છુપાવ્યાં હતાં. તે ઉપરથી મરનારે કેદીને એક અલફાતુ પારસી ચોના સાથે પરણાવવા કાહાડી; તે લગન અટકાવવા સારૂં કેદી મરનારનું ઘર છોડીને મુંબઇ પાછી જઇ પોતાના વરને મળી—એ સઘળી બીના જમસુએ ખટલીને કાંઇ પણ ખરાબ નહી લાગે એવી રીતે જેલના સુપરિનટેંડંટ મી૦ બ્રાઉનને કહી સંભળાવી.

મી૦ બ્રાઉને એ સઘળી વાત ધીરજથી સાંભળી અને ઘણો ઉંડો વિચાર કીધો. ખટલીને મી૦ બ્રાઉન સારી પઠે ઓળખતો હતો. તેના મામાનાં ઘરમાં તેણીને પબ્લોટાયલી જોયલી હતી, માટે એ છોડી પોતાના આવા મામાનું ખુન કરીને નાહાસી જાય એ મી૦ સુપરિન્ટેંડંટ બ્રાઉનના પોતાના માન્યામાં આવતું નહી હતું. તોપણ એક કેદીની સાથે બીજા વગર સતાના માણસને બંદીખાનામાં રેહેવા દેવાનો સરકારનો ધારો નહી હતો, માટે મી૦ બ્રાઉને જમસુને ખટલીની સાથે રાખવાની ના પાડી. તેણે ખાતરી આપી, કે "આ બાઇની દુઃખભરેલી હાલતમાં હું તેની માવજતને માટે બનતું કરીશ. તમો કાંઇ બીહીતા ના. જેઓને શક ઉપરથી અંહી રાખ્યે છીયે તેઓ તરફ અમો કશી શખતાઇ બતાવતા નથી. માટે એ બાઇની તપાસ ચાલ્યા પછી ખોદા ન કરેને તે સેશનમાં કમીટ થાય, ત્યાંસુધી એ બાઇને એનું કેદખાનું અમે લાગવા દઇશું નહી. એ બાઇના દરજજા અને આબરૂને લીધેજ બીજા બંદીવાનોથી એને જુદી રાખીશું, કે જ્યાં એને માટે અમારા ધારા જેટલા ઢીલા કરી શકાય એટલા કરીશું."

"તમારી મોટી મેહેરબાની સાહેબ," જમસુ મી૦ બ્રાઉનનો ઉપકાર માની બોલ્યો. "ખોદાની બક્ષેશથી મારી બાયડી ઉપરનો એ ભયંકાર શક ઘણા દાહડા રેહેશે નહી. પણ પેહેલીજ તપાસમાં મેં કહેલી બાબતનો પુરવાર થશે, કે તુર્તજ એ નિર્દોષ ઠરીને છુટી જશે."

"તમારાં એની સાથનાં લગનની કાંઇ સાબેતી છે?" મી૦ બ્રાઉને તલાશ કીધી.

"હાજી. હું આગમચથી ચેતીને અમારાં લગનની સર્ટિફિકેટ સાથે લેતો આવ્યોછું."

જમસુએ તુર્તજ ગઇ કાલે મેળવેલી પાંચ વર્ષ ઉપરની જુની તારીખની તેનાં લગનની નોંધ રજુ કીધી. તે વાંચ્યાથી મી૦ બ્રાઉનની ખાતરી થઇ, અને પાછી આપી બોલ્યો.

"હવે તમે જાઓ મી૦ જમશેદજી, અને તમારાં ધણીયાણીની સંભાળ વિષે પુરતી ખાતરી રાખજો."

"તમારી કેવી મેહેરબાની છે, સાહેબ! બિચારી એ બાઇની તબિયત સારી નથી. એને કાંઇ ડાકટરની જરૂર છે."

"ત્યારે અમારો જેલનો ડાકટર એઓની તપાસ કરશે," મી૦ બ્રાઉને કહ્યું.

"પણ એને વધારે વિશ્વાસ લાવવા સારૂં કદાચ ડાકટરની જરૂર જણાય તો હું એક બીજું નામ સુચવું. સાહેબ?" જમશેદ

માંગી લીધું. "મારી બાયડીનો મામો ડાકટર મેહલાશાહ મુકાદમ પણ એક શિખેલો તબીબ છે. જો તેને એની પાસે આવવા દેશો અને એની દવા કરવા દેશો તો એને ઘણી ધીરજ મળશે."

"હા, કાંઇ અડચણ નહી." મી૦ બ્રાઉને આ વાત કબૂલ કીધી. "ડાકટર મેહલાશાહ પોતાની ભાણેજને બેલાસક જોવા આવે."

"અને એને મળવાની મને પણ રજા આપશો કે, સાહેબ?" જમસુએ એક બીજી અરજ કીધી.

"તમારે ગમે એટલી વખત આપજોની, સાહેબ!" સુપરિનટેંડંટ બ્રાઉને તેને રજા આપી, "પણ શરત એટલીજ કે તમોને એ બાઇ સાથ એકલા મળવા દઇશું નહી. તપાસને માટે રાખેલા કેદીઓને કોઇ મળવા આવે ત્યારે જેલના માણસે આગળ રેહેવું એવો ધારો છે. હું આ બાઇ આગળ અમારી જેલમાંની એક સ્ત્રી વાર્ડરને રાખીશ કે જે તેની પાસેની પાસેજ રેહેશે, અને તમે આવશો ત્યારે પણ આગળજ રેહેશે."

"હું મારી બાયડી સાથે કાંઇ છુપી વાત કરવા નથી આવવાનો, સાહેબ, અને બીજાઓ તેની આગળ રેહે તેની મને હરકત પણ નથી. તે બંદીખાને એકલી નહી પડે તેટલું સારૂં. તે એકલી પડશે તો ઝુરી મરશે. તેના કરતાં એની આગળ કોઇબી વાત કરવાનો સોબતી હશે તો એ ખુશી થશે."

"વારૂં હમણાં તમે તમારાં ધણીયાણીને મળીને જાઓછો?" મી૦ બ્રાઉને જમસુને પુછયું.

"હાજી. આજે પેહલવેહલે દાહડે હું એની સાથે આવ્યો ત્યારે એના રેહેવાની ઓરડી કેવી છે તે તો જરા જોવું!"

"બીજા બંદીવાનોની કોટડીઓ કરતાં એની ઓરડી વધારે સારી તમે જોશો. આવો હું તમોને દેખાડું."

એટલું બોલીને સુપરિનટેંડંટ બ્રાઉન જમસુને તે ગોળ દાદર ચહડાવીને બંગલીને મથાળે લઇ ગયો, કે જ્યાં ખટલી એક બારી આગળ બેસીને હેઠલના ચોકમાં બંદીવાનો કામ કરતા હતા તે જોતી હતી, અને તેઓના પગમાં જડેલી ભારી બેડીઓનો લોખંડી ખણખણાટ સાંભળતાં જાણેકે ગમત લેતી હોય તેમ, પણ ખરેખર તો અંદરખાનેથી બીહીને જોતી હતી. બારી લોઢાંની મજબુત જાલીથી બંધ કરી લીધેલી હતી, અને બંગલી ઉપરની ઓરડી જોકે એક પીંજરા સરખી બંધ્યાર હતી, તોપણ ઘણી સોજી અને સફાઇદાર તથા પુરતી હવા અને ઉજાસવાળી હતી. બંગલીને અંદરથી તાજો ચુનો ધોળાવેલો હતો અને ખુરસી, ટેબલ અને બીછાણાં સરખો સારો સામાન ગોઠવેલો હતો. સાધારણ અપરાધી ઠરેલા બંદીવાનો કરતાં શક ઉપરથી આવનારા આબરૂદાર વર્ગના બંદીવાનોને મારે આટલો તફાવત જોઇ જમસુ ખુશી થયો. તેણે ખટલી સાથે મી૦ બ્રાઉનની ઓળખાણ કરાવી, અને તેનાં મનમાં કાંઇ શક નહી ઉપજે એટલામાટે તેણી સાથે ઇંગ્રેજીમાંજ વાત ચલાવી. થોડી-વારમાં તેઓએ જોયું કે સુપરિનટેંડંટ બ્રાઉન ગુજરાતી સમજતો હતો એટલે પછી તેઓ વચ્ચે પોતાની સ્વભાષામાં વાત ચલાવવામાં, કાંઇ હરકત રહી નહી.

"પ્યારી ખટલી, મી૦ બ્રાઉન કબૂલાત આપેછ કે એવણ તુંને બનતાં સુખચેનથી અને છુટાપણાથી રાખશે."

"હા, વ્હાલા જમશેદ, મને અંહી આવી જગ્યામાં રેહેતાં કાંઇ પણ દુઃખ લાગવાનું નથી," ખટલીએ આ વાત ખામખા મોહડાં ઉપર ખુશાલીનું ડોળ ઘાળીને ચલાવી. "આવો મી૦ બ્રાઉન, કેમ છો? આપણે આગળ મળ્યાં હતાં, પણ આજે કેવાં સાંટક વચ્ચે આપણી મુલાકાત થઇછ! જાણેકે હું તમારે ત્યાં વગર તેડે પહરોણી ઉતરી હોવું તેમ લાગેછ."

"હું તમારી એ મુલાકાતમાં તમોને ખુશી રાખવાને બનતું કરીશ, બાઇ સાહેબ," મી૦ બ્રાઉને ધીરજ આપી; "એટલુંજ નહી, પણ તમે અંહીથી જલદી પાછાં જાવો એવું પણ ચાહીને તમારા મેજબાન દાખલનો હું અવિવેક કરીશ," મી૦ બ્રાઉન હસ્યો.

"તેની ફિકર નહીજી. પણ હું તો મારા મામાનાં મરણની સઘળી બીના જાણવાને ખંતી છું. તેવણના ગુજરવાની ખબર મેં અચબુબ સાંભળી, પણ તેવણ ગુજરયા એ

સાંભળીને મને ઘણોજ ગજબ લાગ્યોછ. હું અહીંથી ગઇ ત્યારે તેવણના ગુજરવાની વકી નહીં હતી. હું ગઇ તેની એક દાહડો અગાઉજ ડાકટર બટટને મને મામાના લાંબું જીવવાની આશા આપી હતી. તેવણના આવરદા તો ગલાડસ્ટનના જેટલા લાંબા કહ્યા હતા. ત્યારે એકાએક તેવણ કેમ ગુજર્યા? શું તેવણને ઝેર દેવાની આ વાત ખરી છે?"

ખટલીના આ ખુલ્લાં દિલના સવાલો ઉપર મી૦ બ્રાઉન લગાર અચરત થયો. એના મામાને ઝેર દેવાનો એનીજ ઉપર શક છે, તે વિષે તો એની તપાસ ચાલવાની છે, અને તેટલામાટે તો એને અંહી પકડી લાવીને કેદ રાખીછે તે છતાં પોતાના જેલર આગળ આવી ખુલ્લી વાત કરેછે અને પોતે તદન નિર્દોષ અને અજાણી હોય એવું દેખાડેછે!

"ઝેર દેવાની વાત તો તદન ખરી છે, બાઇ. મરનારને ઝેર દેવામાં આવ્યુંછે એમાં તો કશો શક નથી." મી૦ બ્રાઉને કબૂલ કરીને વળી ચેતવણી આપી, "તોપણ, બાઇ, એ માઠા બનાવ વિષે તમે મારી સાથ વાત ના કરો. તમારી ઉપરના જે શક સારૂં તમોને અંહી લાવ્યાછે તેટલા ઉપરથી એ વાત તમારી આગળ કરવાનો મને હક નથી, તમારા બાર્રિસ્ટર તમારો બચાવ કરવાને શક્તિવાન છે. તેવણ તમારા બચાવને માટે જે કાંઇ કરવાનું હશે તે સઘળું કરશે. એટલા ભરૂસા ઉપર તમે નચિંત રહો, અને જીવને ધીરજ આપો. તમારા મામાની લાશ ઉપર બેઠેલી જુરી તમે આવો ત્યાંસુધી મુલતવી રાખીછે તે આવતી કાલે પાછી ભરાશે, અને ત્યાં તમોને લઇ જવાનું છે."

"ઓ ખોદા! અપરાધીનાં પીંજરાંમાં મને ઉભી રાખશો કે?" ખટલીએ કમકમાટથી પુછયું.

"કોરોનરની કોર્ટમાં કાંઇ અપરાધીનું પીંજરૂ હોતું નથી," મી૦ બ્રાઉને સધ્યારો આપ્યો.

"અને હોયબી તો શું મુજાકો છે?" જમસુએ ધીરજ આપી. "ખટલી, આવતી કાલની તપાસમાંજ તું એ શરમભરેલા વાંકમાંથી છુટી થશે. ધીરજ રાખ, અને ખોદાપર સબુરી પકડ. હું હમણાંજ જઇને તારા મેહલાશાહ મામાને મળુંછ હું ધારૂંછ કે તેવણ હમણાં તુંને આવીને મળે એ તું પોતે ચાહતી હશે."

"હા. હું તેવણને મળવા કેવું ચાહુંછ! જો તેવણ આ ભયંકાર અપરાધનો મારી ઉપર શક નહીં લઇ જતા હશે તો જરૂર આવશે. મારા કેવા દયાળુ મામા! ખચીત તેવણ મારી ઉપરનું એ બોહતાન માનતા નહીં હશે."

"હું તેવણને તેડી લાવુંછ." જમસુએ જવાની ઉતાવળ કીધી. "તેવણ આવીને તારી જરા દવાબી કરશે, ડીયર."

"મને દવાની કશી જરૂર નથી, જમશેદ, પણ હું તમે કેહેશો તેમ કરીશ. મેહલાશાહ મામાનેતો હું ખચીત મળવા ચાહુંછ. અગત્ય કરીને માકામામાનાં મોત વિષે હું તેવણને બધું પુછવા માગુંછ. તેવણ બધું જાણતા હશે, માકામામાનું વિલ પણ તેવણે વાંચ્યું હશે."

"અંહું! મરનારનું વિલબી છે કે?" જમસુએ ટકોર કીધી. "મી૦ બ્રાઉન તમે તો સાંભળ્યું હશે! મરનાર કેટલી દોલત મુકી ગયોછ, અને કોણને આપી ગયોછ?"

આ સવાલ પુછનાર તરફ મી૦ બ્રાઉન ઘણાજ શકની નજરથી જોવા લાગ્યો.

"શું તમે તે સાંભળ્યુંજ નથી? તમે કાંઇ જાણતાંજ નથી?" મી૦ બ્રાઉને શકથી પુછયું.

"ખરેખર અમે કાંઇજ નથી જાણતાં," જમસુએ જવાબ દીધો. "માણકશાહ મુકાદમ મરી ગયોછ અને તેને કોઇએ ઝેર દેવાનો શક ઉભો થયોછ તે સિવાય બીજું કશું અમે સાંભળ્યું નથી. એ મરનારનું વિલ નિકળ્યુંછ ખરૂં કે?"

"વિલ! હંબગ!" મી૦ બ્રાઉને વિલની વાત હસી કાહાડી. "વિલને બદલે તો એક કાગળ્યું નિકળ્યુંછ કે જે ગઇ કાલેજ તેવણનાં ઘરમાં બે ત્રણ જણ આગળ વાંચવામાં આવ્યુંછ, અને સાંજ સુધીમાં તો આખાં ગામમાં ગપાટો ઉડી રહ્યોછ. મરનાર તો એક રૂપીયોબી કોઇને આપી ગયો નથી."

આ જવાબ ઉપર ખટલી તો ડોળા ફાડીને જોવા લાગી. આજ રાતની લાંબી મંજલમાં

તેણીએ ઘણી વખત પોતા ઉપરના શકની કાહાણીને મરનારની દોલતની કાહાણી સાથે જોડવાની કોશેશ કીધી હતી. તેનાં ખુનના વાંકમાંથી મુકત થઇને તેના પૈસાની એકાએક વારસ થયલી તે પોતાને જોવા લાગી હતી. તેના નાહાસી જવાથી માકામામા તેને વારસો આપશે નહી એવી તેની બ્હીક ખોટી પડી હતી, કાંકે તેવણ વારસોતો આગમચથી લખી ચુકેલા હતા; અને તેનું નાહાસી જવું જાણ્યા અગાઉ તેવણ તો મરણ પામી ચુકેલા હતા, એટલે હવે તે વારસો ખોહી બેસવાની તેને ફિકરજ નહી હતી. પણ આ મી૦ બ્રાઉન શું બકેછે? તે તો વિલની સઘળી વાતજ ખોટી પાડેછે! ત્યારે હવે તેનો ભેદ ખટલી કશો સમજી શકી નહી.

“ત્યારે શું મરનાર પોતાના સઘળા પૈસા ધર્મ ખાતે આપી ગયોછ?” જમસુએ ટકોરમાં પુછયું.

“કાંઇજ નહી.” મી૦ બ્રાઉને એ વાત પણ હસી કાહાડી. “ધર્મ ખાતેબી નહી, અને કોઇનેબી નહી. મરનાર પાસેથી કાંઇબી પૈસા નિકળ્યાજ નથી. તેના માંગનારાઓને વટીક રૂપિયાનો એક આનોબી મળવાનો નથી. પુણાના પારસીઓ ઘણા ડાહ્યા ખપેછે, પણ તેઓનાં ડાહપણ છતાં મરનારે તેઓને સજ્જડ બનાવ્યાછે. તે લગભગ નાદારીની હાલતમાં ફકત પોતાની આંટ ઉપર જાહોજલાલી કરી ગયાછે, અને આ બાઇને જયારે આખું પુણા તેવણની એકલી વારસ ગણતું હતું ત્યારે એવણનેબી તે રખડાવી ગયોછે.”

“મુવો જુઠો ઠગ!” જમસુ બખાળ્યો. “એનો આખો જનમારોજ ઠગાઇમાં ગુજર્યોછ, અને મરતી વખત પણ ઠગાઇ કરીને મુવો! પણ મી૦ બ્રાઉન, મારી બાયડીને એના પૈસા વગર ચાલશે.”

આ સઘળી વાતચીત વચ્ચે ખટલી તો અચરતીથી ડઘાઇને ચુપ બેસીજ રહી. કેવી તેણીએ પોતાને ઠગાયલી જોઇ! ગુજરી ગયલાં વર્ષો, જે પાછાં આવવાનાં નથી, તેમાં તે કેવાં ખોટારાં ઉપર ભોલવાઇ! પોતાના ભર્તાર અને બધાં તરફના પ્યાર અને વફાદારીની ફરજોનો કેવા ઠગારા દેવની પુંજામાં તેણે ભોગ આપ્યો! એક સોનેરી ગાયની મુર્તિપુંજા ખોટી તો હોયછેજ, પણ તે ગાય સોનેરી નથી, તેના ઉપર ખોટો ઘોર ચહડાવેલોછે અને તે ગાય તો કાળી મટોડાંની બનેલીછે એવી શોધ કીધા પછીની તે પુંજામાં કેટલી શરમિંદગી અને હિણપસ્તી છે!

“જમશેદ,” અંતે તેણી પોતાના વર તરફ દયામણા દેખાવે જોઇને બોલી, “મારા જેવી મૂર્ખ કોઇજ નહી. મારી આ શરમિંદગી પછી તમે મને કેવી ધિક્કારતા હશો!”

“નહી, નહી, ખટલી. હું તો તારે માટે એટલોજ દલગીર થાવુંછ, કે જે વર્ષો આપણે ફોકટ ગુમાવ્યાંછ તે પાછાં આવવાનાં નથી.”

પ્રકરણ ૧૩૯ મું.

લાલ કીલ્લામાં નવી પંચાતીઓ.

જમસુ જસાવાળો પોતાની બાયડીનાં બંદીખાનાની બાહાર નિકળ્યો. બંદીખાનાંની અંદરની દુનિયાનાં કરતાં બાહારની દુનિયા તેને કાંઇ જુદીજ તરાહની દેખાઇ. તે પોતાની બાયડી સાથે તેનાં એકાંત કેદખાનાંમાં આખો દીવસ ગુજારવાને ખુશીથી રેહેત, તથા તેનાં એકાંતપણાંનો બોજો હલકો કરવા અને તેની દબાઇ જતી છાતીને દિલાસા અને સુખના શબ્દોથી સજીવન કરવા તે તેણીની સંગતમાં વધારે વખત ગુજારત, પણ તે બિચારી ઉપર જે નવો સિતમ આવી પડયોછે તેમાં તેને સહાય થવાની પોતાની ફરજની ખાતર જમસુને ઘણું કામ બજાવવાનું રહ્યું હતું.

એ કામ મોટું અને મુશ્કેલ હતું, અને તે કેમ પાર ઉતારવું તેનો રસ્તો તેને માલમ નહી હતો. જેલર મી૦ બ્રાઉનને એ વિષે કાંઇ પણ પુછવાનું જોખમભર્યું હતું, કાંકે તે એક સરકારી અમલદાર હતો; ખટલી ઉપર તેનો જાપ્તો હતો; અને ખટલીને ગુનેહગાર ઠરાવવાની તેની ફરજ હતી. ત્યારે તેની કાંઇ પણ રીતે મદદ માંગવી એજ હતી.

બંદીખાનાની બાહાર નિકળ્યો તે વેળા ક્યાં જવું અને શું કરવું તે જમસુ કશું જાણતો નહી હતો. તેને ખબરમાં ખબર એટલીજ હતી કે માકો મુકાદમ "પ્રુસિક આસિડ" નું ઝેર લાગ્યાથી મુવેલો ધારવામાં આવેછે, અને ખટલીએ એ ઝેરની એક નાની શીશી પોતાની પાસે રાખી હતી તે કબૂલ કીધુંછે. વળી તે એટલું પણ જાણેછે કે એવાં એક સેજ બાહાણાંના પાયા ઉપર ખટલી સામે એક ભયંકાર આરોપની આખી ઇમારત ઉભી કરવામાં આવીછે; અને ખટલીની ચાલચલણ પણ તેના ઉપર શક લાવવા જેવીજ છે. માકા મુકાદમની દોલતની લાલચ ઉપર ખટલીએ વર્ષો સુધી વાટ જોતી તેને ત્યાં પડી રેહેવું, પછી તેના ગુજરવાને દાહડેજ તેણીએ ત્યાંથી નાહસી જવું, જે ઝેરથી તે મરણ પામ્યોછે તેજ ઝેરનું તેની પાસેથી નિકળવું, તે ઝેરની શીશીનું ખટલીનીજ બાસ્કેટમાંથી મળી આવવું, એ સઘળા સન્જોગો સાથે મળવાથી, ખટલીની સામેના શક મજબુત થયાછે, અને તેમાં વળી તેણે છુપાવેલાં આ લગન જાહેર કીધાથી ખટલીની આબરૂ કાંઇ વધવાની નથી, પણ એક ભોલા, ખૂલ્લા અને ખાલેશ સ્વભાવના બાહારના દેખાવ પાછલ એક કેવું પક્કુ, ઠગારૂં, અને ઠરેલ દિલ તેણીએ છુપાવી રાખ્યુંછે એમ માલમ પડશે, અને તેથી લોકો ઓર તેને વધારે તકસીરવાર ગણશે.

"હું ધારૂંછ કે ધારાની સામે ધારાનેજ ઉભો કરવો જોઇયે," જમસુએ વિચાર્યું. "ખટલી ધારાના સપાટામાં આવીછ તો તેની લડાઇ લડવાને કોઇ ધારા જાણનારનેજ ઉભો કરવો જોઇયે."

આમ ઠરાવ કરીને આ તરફના નજદીકના ચુનંદા વકીલ—બારીસ્ટરોને તે યાદ કરવા લાગ્યો. તેમ કરતાં કલ્યાણીની કોર્ટના વિખ્યાત થયલા વીકાજી વકીલનું નામ તેને યાદ આવ્યું, કે જેના ઉપર તેણે એકદમ તાર કરવાનો ઠરાવ કીધો. માટે અંહીથી તે પાધરોજ એક ગાડી ભાડે કરીને રેલવે સ્ટેશન ઉપર ગયો અને વીકાજી વકીલ ઉપર તાકીદનો તાર કીધો કે "એક અગત્યનો અને ઉતાવળનો કેસ ચલાવવા માટે તેને તેજ દાહડે નિકળીને પુણે આવવું, અને ડાક્ટર મેહેલાશાહ મુકાદમનાં ઘરમાં 'લાલ કિલ્લા' માં મળવું. પૈસાનું મોહડું નહી જોવું. જેટલા જોઇયે એટલા પૈસા આપવામાં આવશે."

આ તાર કરીને જમસુ પાધરોજ ડાક્ટર મેહલાશાહ મુકાદમના "લાલ કિલ્લા" માં ગયો.

તે લાલ ઇતરડીઓનું પુરાતન અને ગરીબડું ઘર આજે વધારે કંગાળ અને બદસુરત દીસતું હતું. માણકશાહ મુકાદમનાં મોતથી અને તેની નાદારીની શોધથી "લાલ કિલ્લા" ના રેહવાસીઓ લગભગ પોતાની આબરૂ ગુમાવી બેઠાં હોય તેમ લાચાર અને લાઇલાજ થઇ પડયાં હતાં. માણકશાહ મુકાદમની આબરૂથી તેઓની આબરૂ હતી, અને માણકશાહ મુકાદમના પૈસાના ભરમમાં તેઓનો ઘણેક ભરમ સચવાયલો હતો. તે પૈસા વેંહચી લેવાની ઉમેદમાં "લાલ કિલ્લા" વાળી ડાક્ટર મેહલાશાહની બાણેજોએ તરેહવાર હવાઇ કિલ્લાઓ બાંધેલા હતા, અને નવાં કપડાં તથા નવાં ઘરેણાં અને નવા નવા ગાડીઘોડા તથા સરસામાનના તરેહવાર નવા નવા સ્વપ્નાઓ તેઓ જોયા કરતાં હતાં. મેહરી અને નાજા એકલી પડતી હતી ત્યારે આટલાં વર્ષની ઠગાઇને માટે માકામામાને તરેહવાર ગાળે ગાળે વોતી હતી અને દુનિયામાં પોતાનું ભલું થવાની હવે તો તેઓએ તદનજ આશા છોડી હતી.

"આપણે સારી ચાલમાં રેહેવાનો શું ફાયદો?" મેહરી એક નેતરના કોચ ઉપર પડીને પારકા પૈસાના આઇતા માલ વિષેની પોતાની નિરાશામાં બડબડતી હતી. "સારી ચાલમાં શોભાથી રહીને આપણે શું મેળવ્યું? એક ખોટી સહી કરનાર અથવા એક ખૂનીને બી સજા નહી થાય તેવી આપણને સજા થઇ. મને તો મામાથી કાંઇ ઘણું મળવાની આશાજ નહી હતી. ખટલીએ તેવણનાં પાસાંમાં ભરાઇને મારી તો બધીજ આશા ભંગ કીધી હતી. તોપણ બે પાંચ હજાર રૂપિયાનું નામ પાડયા વગરતો મામા મરશેજ નહી એટલું મેં ધારી રાખેલું હતું તેબી કાંઇ વળ્યું નહી."

નાજાંએ પોતાની નિરાશા વધારે ગંભીર ડાહપણથી માની લીધી. તે બોલી કે "મામા પાસે પૈસા હોયજ નહી તો આપણને આપીજ કેમ જાય? તોપણ પોતે એક લખપતિમાં ગણયો, અને આખાં પુણાને ઠગ્યું તે કેવો પાકો ઠગ હોવો જોઇયે?"

"મુવો ઘાતકી ઠગારો!" મેહરીએ ગુસ્સાભર ગાળ દીધી.

"પણ મેહરી, આપણાં કરતાં તો બિચારી ખટલી વધારે ને ખરેખર ઠગાઇ."

"હા, એજ આપણને ધીરજ છે તો. રાંન ખટલી આપણું કાટલું કાહાડી નાખવા ને એકલે હાથે બધું લઇ લેવા મામાનાં પાસાંમાં ભરાઇ તેબી હવે પસ્તાતી હશે, અને એક ઠગારા ભીખારી ઉપર બધો પોતાનો વખત અને બધી પોતાની અક્કલ હુસ્યારી ગુમાવી દેવાની નાદાની હવે એ દુકતી સમજશે. હવે કેવી ફીકી પડી ગઇ હશે!"

"પણ વખતે એ માકામામાની ગરીબાઇ આગમચથી જાણતી હશે, અને આપણે બધાં મોટી મોટી ઉમેદો બાંધી તે સારૂં આપણી ઉપર એ મુછમાં ને મુછમાં હસતી હશે."

"પણ વળી એ રાંનની મુછ શું હોય કે મુછમાં હસી મરે?" મેહરીએ ફફડાટ બતાવ્યો. "ખટલી આપણને હરૂસે હસે એવી પક્કી તો છે. એ કાંઇબી ઠગાઇ કરી શકે. પણ તોબી હવે જ્યારે બિચારી આપદામાં આવી પડીછ ત્યારે હું એ નીચીનું નીચપણું બધું માફ કરૂંછ, અને એની દયા ખાઉંછ. 'ચીનાબાગ' બાંધી જવા પછી હવે એને દુનિયાનો સ્વાદ માલમ પડશે."

"પણ પેલી 'પૃસિક આસિડ' વિષે એને કાંઇ ખમવું નહી પડે તો સારૂં," નાજાંએ દુરઅંદેશ દયા કીધી.

અને મેહરીને પણ તે ઉપર દયા લાગી અને આ છેલી યાદથી મેહરી પણ ઉંડા વિચારમાં ગંભીર બની ગઇ.

પૃસિક આસિડ વિષે ખટલી ઉપર લટકી રહેલો આ શક ખચીત ગંભીર રૂપ પકડતો જતો હતો, અને તેની બેહનોને બહુ મુજાવતો હતો. એકતો એ શકથી ખટલીને માથે એક ભયંકાર અપરાધનો આરોપ ચોંટેલો હતો અને બીજું તો એ શકમાં જો કાંઇ પણ સચાઇ હોય તો આખાં ખાનદાનનાં સઘળાં સગાંવહાલાંઓની આબરૂને આળ ચહતું હતું. માકામામાને ખટલીએ ઝેર દીધું હોય એ વાત માનવાને તેની બેહનો અતીઘણી સામે થતી હતી.

"હું તો એમ ધારૂંછ," નાજાં પોતાની નાદાન અકલે અટકળ ચલાવતી અને પોતાની સાદાઇમાં તે અટકળ ખુલ્લી બોલી સંભળાવતી હતી કે "માકામામા પોતાના બધા પૈસા ખરચીને ખાઇ જવા પછી, ગરીબી હાલતમાં આવી પડયાથી તે હાલતમાં પોતે પોતાને જાહેર કરે તેના કરતાં તેવણે પોતાને હાથે પોતાને ઝેર દઇ પોતાની જીંદગીનો છેડો લાવી મુકયો હશે. ખટલી કાંઇ માકામામાની હાલત ખરેખરી જાણતી નહી હતી, ત્યારે તે તેવણને ઝેર શું કામ દેય? ખટલીએ તેવણને ઝેર આપ્યું હોય તેના કરતાં તો માકામામાએ પોતેજ પોતાને હાથે ઝેર લીધું હોય એ વધારે માનવાજોગ છે."

"ચૂપ, ચૂપ, નાદાન છોકરી બિચારા એક ગુજરી ગયલા માણસ વિષે તેની પીઠ પાછલ એવું જોડી ના કાહાડ," મેહરીએ એ અટકળ ધિક્કારી કાહડી. "માકામામા પૃસિક આસિડનું ઝેર લેવા કયાં ગયા હોય? તુંજ કેહછ કે એ ઝેર તો મેહલાશાહ મામાનાં દવાખાનામાંથી ખટલી લઇ ગઇ હતી, ત્યારે તે ઝેર માકામામાના હાથમાં કયાંથી આવ્યું હોય!"

"એજ ગુચવાડાનો મોટો સવાલ છે તો. ને મનેબી એજ વાતની સમજ પડતી નથી" નાજાંએ કબુલ કીધું. "અરેરે, બિચારી ખટલીપર એ ગુલબાન કયાંથી ઉભું થયું!"

"એ બધી તારી મોહકાન!" મેહરીએ નાદાન નાજાંને ઠપકો આપ્યો. "તું બેવકુફ છોકરી તારી જીભની લુલીને લગામમાં નહી રાખતી તેનું એ પરિણામ! જો તેં બોલવાની સંભાળ રાખી હતેતો, ખટલી લાલ કીલ્લામાંથી પૃસિક આસિડ લઇ ગઇ તે વાત આજે કોઇ જાણતે નહી. અને તેથી જો બિચારી ખટલીપર તવાઇ આવશે અને જો તેની ઉપર કાંઇ વાંક લાગુ પડશે તો આપણાં ખાનદાનની બધી બદનામી તારે લીધે થશે."

નાજાંને આ ઠપકો ખરો લાગ્યો. તેને પોતાની બકબકખોરી જીભને માટે પસ્તાવો થયો. તે જાણતી હતી કે ખટલી મેહલાશાહ મામાનાં દવાખાનામાંથી શીશીમાં ઝેર ભરી લઇ ગઇ તે વાત તેનાંજ નાદાન મોહડાંમાંથી બાહાર પડી હતી, અને તેટલા માટે મેહલાશાહ મામાએ પણ પોતાની બેહનને ગળે ફાંસીનું દોરડું ઘાળવાનો તેણીને ઠપકો આપ્યો હતો.

આ પશ્ચાતાપની ભરેલી નાજાં મેહરી આગળથી વાત કરતી ઉઠી ગઇ અને આંસુ ભરી આંખોએ ઓટલાની બારી ઉપર જઇ ઉભી. બેહન બેહનો વચેની આ ટપાટપી બરાબર લાલ કીલ્લાનાં તેજ દવાખાનાના ઓટલા ઉપર ચાલી હતી કે જયાં આગળ જમસુ જસાવાળો ખટલીની ખોળ કરતો આવ્યો ત્યારે નાજાંને મળી ગયો તથા વાત કરી ગયો હતો. તેજ ઓટલા ઉપર તેજ નેતરની ખુરસી અને નેતરના બાંકડા હતા, તેજ દવાની શીશીઓની અભરાઇ અને તેનાં છેક છેલાં ફાંડિયાં ઉપર તેજ ઝેરી દવાઓની બાટલીઓની લીલી ટિકિટ મારેલી હાર ગોઠવેલી હતી.

નાજાં તે ઓટલાની બારીએ ઉભી ઉભી રડતી હતી, અને કંપાઉંડમાંના નાનકડા બાગમાંથી સામા દરવાજાની તરફ લાંબી નજરે જોતી હતી. મેહરી ઓટલા ઉપરની આરામ ખુરશીમાં પડી પડી એક ચોપડીનાં પાના ઉડલાવતી હતી.

પણ તેજ ઘડાએ મેહરીની ભારી અચરતી વચે નાજાં એક અચબુચ પોકાર મારી ઉઠી, અને તે પોકારની સાથેજ બારીની અંદરથી ડોકયું સંતાડીને ફરી ઉભી.

"ઓ બાપરે! બાપરે! ઓ આવ્યો! પેલો આવ્યો!" એ નાજાંનો પોકાર હતો.

મેહરી, આ પોકારનો ભેદ કાંઇ સમજી શકી નહી. તે આરામ ખુરશી ઉપરથી ચોંકી ઉઠી અને "એ રાન શું બકેછ? કોણ આવ્યો?" એમ પુછવા પડી.

"પેલો, પેલોજતો. પેલો જુવાન માટીડો!" નાજાં જાણેકે કાંઇ હેબતની મારેલી બકવા લાગી. અને છેલે ખુલ્લું બોલી "પેલો રે! પેલો આપણો બનેવી!"

"બનેવી! બનેવી કોણ મુવો!" આ બેહનોનો કોઇ બનેવી હોય તે જોકે નાજાં જાણેછે, તોપણ મેહરી કશું જાણતી નહી હતી, માટે તે કશું સમજી શકી નહી અને નાજાંને હજી ઠપકોજ દેતી રહી. "કેમ થયું નાજાં? તારૂં ભેજું જતું કેમ રહ્યું? રાન શું બકેછ? આપણો બનેવી છે કોણ કે આવે?"

આ સવાલો પુછવાની સાથેજ મેહરી પણ ઓટલાની બારીએથી, નાજાં કોણના આવવા વિષે બોલેછે, તે જોવા ઉઠી. તેણીએ જોયું તો એક ઘણો સોહામણા ઘાટનો, આબરૂદાર દેખાવનો જવાનમર્દ બાગમાંથી ચાલીને આવતો હતો.

"એ તો કોઇ અજાણો માટીડો આવેછ?" મેહરી તેને જોઇને બોલી.

"અજાણો છે?" નાજાંએ પુછ્યું અને પછી તેણીએ વાત ફેરવી તોલવાની કોશેશ કીધી. "હા. હા. ખરેખર એતો કાંઇ અજાણો છે, મેહરી. પણ મેં તેને પેહલાં જોયો કની ત્યારે મને અજાણો જેવો લાગ્યો નહી. મને પેહલાં તો કોઇ ઓળખીતો જેવો દેખાયો હતો."

"એ તું શું બકેછ, છોકરી?" મેહરી ઘણી અજબ થવા લાગી. "તું ખચીત દીવાની થઇછ. એ તો કોઇ મેહલાશાહ મામાનો ઘરાક હોય તેમ લાગેછ ને મામાને મળવા આવતો હશે."

આ આવનાર, અલબતાં, જમસુ જસાવાળો હતો, અને નાજાંએ તેને પોતાની આગળી ઓળખ ઉપરથી બરાબર પિછાન્યો હતો, પણ મેહરીએ તેને મેહલાશાહ ડાકટરનો ગ્રાહક ધાર્યો, તે અટકળમાં નાજાંએ તેને ભમાવા દીધી અને તે કાંઇ વધારે બોલી નહી.

જમસુએ આવતાંની વાર "ડાકટર મેહલાશાહ ઘેરમાં છે?" એમ પુછવાથી તે કોઇ ગ્રાહક હોવા વિષે મેહરીની અટકળને ટેકો મળ્યો. મેહરીએજ જવાબ દીધો કે "નહીજી, ડાકટર સાહેબ ઘરમાં નથી, બાહાર ગયલાછે."

"તેવણ કયારે આવશે?" જમસુએ પુછ્યું.

"જી, તેવણ ઘરાકોમાં ફરવા ગયલાછે, તે હમણા આવતા હશે. એવણનો આવવાનો વખત થયલોછે."

"ત્યારે તો તમારી રજાથી તેવણ આવે તેટલાં હું અંહીંજ થોભું જી?" જમસુએ નમ્રતાથી પુછ્યું.

"હાજી, બેલાશક બેસોજી." એટલું કહીને મેહરી તેને ખુરશી ઉપર બેસાડીને ખીસી ગઇ. નાજાં તો તેની અગાઉથીજ ઘરની અંદર ગયલી હતી.

આ ટુંક પરપુછની વચે જમસુએ મેહરીનો ચેહરો બારીક નજરે જોયા કીધો, અને તે ખટલીની બેહન હોય એવું તે ચેહરા ઉપરથી ચેતી ગયો. પણ ખટલીની જે બેહનને તે આજ મકાનમાં છ મહીના ઉપર મળી ગયો હતો, તે બેહન એ નથી એટલું તો તે સમજ્યો.

મેહરીને પણ આ અજાણાનું આવવું બીજાં ગ્રાહકોના જેવું અસાધારણ નહી પણ કાંઇ લગાર ભેદભરેલું લાગ્યું. તે કોણ હશે તે વિષે મેહરીને પણ લગાર નવાઇ લાગી. ડાકટર મામાનાં બીજાં ગ્રાહકો આવતાં હતાં, ત્યારે મેહરીને એટલી નવાઇ ઉપજતી નહી હતી. તેણીએ એટલું જોયું કે આ અજાણો આવનાર કોઇ આબરૂદાર ગૃહસ્થ હતો. તે પુણાના સાધારણ રહીસો માહેલો કોઇ નહી હતો. પુણેગરાઓ કરતાં કોઇ ચહડતો મુંબઇગરો હતો. તેનો દેખાવ અને પેહરવાસ પુણાના આમજ નહી પણ ખાસ પારસીઓ કરતાંબી ચહડતો હતો.

આ દવાખાનાનાં ઓટલા ઉપર એકલો પડયો ત્યારે જમસુને પેલી ઉણાળાની પેહલી સાંજ યાદ આવી કે જ્યારે તે પોતાની ખોહવાયલી પણ હમણા પાછી મળેલી ખટલીની ખોળ કરતો અંહી આવ્યો હતો, અને એક નાદાન છોડીએ તેને ખટલી વિષે ખોટી ખબર આપીને વાળ્યો હતો. આજે જમસુ ખટલીની તે નાદાન બેહન ઉપર ઘણો ખફા થયલો હતો, કાંકે જ્યારે તે ખટલીને પેહલી તેડવા આવ્યો ત્યારેજ જો નાજાંએ તેને ખટલીનો બરાબર પત્તો આપ્યો હોત, તો કદાચ તે પેહલી બારીમાં ખટલી તેની સાથ ગઇ હોત અને પછવાડેથી તે બિચારી ઉપર જે મુસીબત આવી પડીછે, તે આવી પડી નહી હોત. પણ તેને તુર્ત યાદ આવી કે તે છોકરીએ તેને ભૂલાવો ખવાડયો તેમાં તેનો વાંક નહી હતો. તેને જુઠું બોલવાને ખટલીએ શિખવેલી હતી, તેમ તેણીએ તેને ભૂલાવો ખવડાવ્યો હતો.

આ ઓટલાનાં એકાંતપણામાં જમસુને લગભગ એક કલાક સુધી તપ કરવી પડી. કેમકે ડાકટર મેહલાશાહ મુકાદમ તો તે દહાડે કાંઇ અગત્યનાં કામમાં રોકાઇ પડેલા જણાયા, અને તેવણને પોતાના લાલ કીલ્લામાં પાછાં આવતાં ખાસા એક કલાકની વાર લાગી.

અને એટલીવાર તે પુણાના પાછલા બનાવો વિષે ખરી બીના શું છે તે જાણવાની આતુરતાથી બળતો હતો. માણકશાહ મુકાદમનાં ભેદભરેલાં મરણ વિષેની સઘળી પરપુછ કરવાને તે ઘણીજ ખંતથી તલપી રહેલો હતો.

બપોરના એક વાગતે ડાકટર મેહલાશાહ આવી પુગ્યા, તેવણ થાકેલા અને કંટાળેલા તથા ચેહરે ઘણા દિલગીર હતા. તેવણ થાકેલા પરાકેલા જરા આસાયશ લેવાને ઘેર આવ્યા ત્યારે વળી એક અજાણો માણસ તેવણને મળવા આવેલો જોઇને તેવણ લગાર હેરાન અને રંજીદા થયલા જણાયા.

પ્રકરણ ૧૩૭ મું.

મેહલાશાહ ડાકટર અને જમશેદજી જસાવાળા.

"લાલ કીલ્લા" માં ડાકટર મેહલાશાહ અને જમસુ જસાવાળા વચેની મુલાકાત લાંબો વખત ચાલી તે છુપી અને જોશભરેલી મુલાકાત હતી. તેઓ એક એકને આગળ કદી મળ્યા નહી હતા, પણ મરહુમ માણકશાહ મુકાદમની સાથે જમસુના બાપ અને જસાવાળાનાં ખાનદાનનાં આગળાં વેરની વાતો ડાકટર મેહલાશાહે પોતાના બેહેસ્તી ભાઇથી સાંભળેલી હતી, અને તેથી તે બેહેસ્તી ભાઇના બાપીકા દુશ્મનના દીકરા લેખે જમસુને ઓળખતાં ડાકટર સાહેબને વાર લાગી નહી હતી. પણ તેવણની ભાણેજ ખટલીના વર દાખલ જમસુએ પોતાની બીજી જે ઓળખ આપી તે ડાકટર મેહલાશાહનાં મનમાં એકાએક ઉતરી નહી.

જમસુ ખટલીને ક્યારે અને ક્યાં વર્ષમાં પરણ્યો હતો, અને પોતાના મામાની બીહીકથી ખટલીએ તે લગન કેવાં છુપાવી રાખ્યાં હતાં, તે સઘળું જમસુએ માંડીને કહી સંભળાવ્યું.

"એ તમે શું બોલોછ, મારા સાહેબ?" ડાકટર સાહેબે અચરતીથી પુછ્યું. "તમે મારી ખટલીના વર કે દાહડેના! શું તમે તેને પરણેલા હોય તે હુંજ નહી જાણું? મારી ખટલીને તો હું હમેશની ભોલી ભટાક સમજતો હતો, તેણે શું આટલાં વર્ષો સુધી મને ઠગ્યાજ કીધો?"

"નહી, ડાકટર સાહેબ ખટલીને કાંઇ તમારી બીહીક નહી હતી. પણ મારાં ખાનદાની નામ સાથનાં માણુકશાહનાં અસલી વેરની તેને બીહીક હતી. મારા બાપ સાથનાં એમણુના કજીયાને લીધે ખટલીએ અમારાં લગ્ન છુપાવ્યાં હતાં." એટલો પોતાનો હેવાલ કહીને જમસુ અતરે આવવાની પોતાની મતલબ ઉપર આવ્યો. "હવે સાહેબ, હું કોણછું તે તમોને કહ્યા પછી આજે અંહી આવવાની મારી મતલબ સમજાવું તે જરા સાંભળશો?"

"હાજી, કેહોની શું છે? મારી ખટલી ક્યાં છે? હું તો તે જાણવાને આતુરતાથી તલપીજ રહેલોછું."

"તમારી ભાણેજને તો સાહેબ, મરનાર માણેકશાહ શેઠનું ખૂન કરવાના શક ઉપર પોલીસે પકડીછ, અને પુણાની સિટી જેલમાં કેદ રાખીછ."

આ શબ્દો સાંભળતાંજ ડાકટર મેહલાશાહ હેબતની ફાળ ખાઇને ખુરશી ઉપર ફસડાઇ પડયા. આવી કાંઇ હીણપસ્તીની તેવણુને બીહીક તો હતીજ. ખટલીના નાહાસી જવા પછી તેના ઉપર આવી કીસમના શક ઉભા થવાની અને પોલીસ ખટલીની ખોળમાં રેહવાની તેવણુને ખબર તો હતીજ, પણ તે ખબર આટલી જલદી ખરી પડવાની તેવણુને વકી નહી હતી. તેવણુ બીહીતા તો હતાજ, પણ તે બીહીક ખરી પડવાથી તેવણુનું મગજ ચકભમ થવા લાગ્યું.

"શું તમે આ ખરી વાત કેહોછ, સાહેબ?" ડાકટર મેહલાશાહે ડઘાઇને પુછ્યું.

"હારે જી. હું બોલેબોલ ખરૂં છે તે કહુંછ. હું હમણાંજ ખટલીને તેનાં બંદીખાનામાં મુકીને આવ્યોછ. એને મુંબઇમાં પકડી ત્યારે તે મારી સાથે મારાં ઘરમાંજ હતી. ત્યાંથી રાવજી જમાદાર એને ગઇ રાત્રેજ પકડીને સહવારે અંહી લઇ આવ્યો, તો એના બચાવને માટે બનતું કરવાને હું પણ એની સાથેજ આવ્યોછ."

"અરે અફસોસ! મારા ભાઇના મરી જવાનું એકજ દુઃખ હતે તો પાળવતે. પણ તેનાં મોતના સિતમની સાથે દીકરી ખટલી ઉપરના આ શકનો સિતમ તો નહી ખમાય એવો છે." ડાકટર મેહલાશાહ અફસોસ કરીને રડી પડયા.

"બીહો ના, સાહેબ," જમસુએ મામા સસરાને ધીરજ આપી. "બીહો ના, સાહેબ. ખટલી બેગુનાહ છે, અને એને કાંઇ થવાનું નથી. પણ માણુકશાહ કેમ અને ક્યારે ગુજરયા, અને તેવણુનું ખૂન શાપરથી માનવામાં આવેછ તેનો જરા ખોલાસો કરો. તે હું તો કાંઇ જાણતો નથી, અને બિચારી ખટલીબી કાંઇ જાણતી નથી."

મેહલાશાહે પોતાના ભાઇના ગુજરવા વિષેના સઘળા બનાવો વિગતથી કહી સંભળાવ્યા. તેવણુનો એ ગમ હજી તાજો હતો, માટે પેહલાં તો તેવણે ભાગીતુટી વાત કીધી; પણ જમસુએ બારીક સવાલો પુછીને બધી વિગત એકઠી કીધી. મરનારનું પેટ ચીરવાથી તેવણ "પ્રુસિક આસિડ" નાં ઝેરથી મરી ગયલા સાબેત થયા, અને તેજ દાહડે ખટલી અચણુચ નાહાસી જવા પછી ખટલીના ઓરડામાંથી એ ઝેરની ખાલી શીશી મળી આવી, તે વિષેનો સઘળો હેવાલ ડાકટરોની અટકળ અને લોકોના ગામગપાટા સાથે કહી સંભળાવ્યો.

"પણ સાહેબ, મરનારે પોતે ઝેર કાં નહી લીધું હોય?" જમસુએ તકરાર લીધી.

"હા, પેહલાં બધાંને એમ લાગ્યું," ડાકટર મેહલાશાહે કબૂલ કીધું; "પણ તે બને એવું નથી. બેહેસ્તીએ ઝેર શામાંથી લીધું હોય એ સવાલ ઉભો થાયછ. 'પ્રુસિક આસિડ' એવું ઝેર છે કે તે લેતાંની વાર તત્કાલ મરણ નિપજવું જોઇયે. અને જો બેહેસ્તાંએ પોતાને

હાથેજ લીધું હોય તો તે શીશી અથવા તે ગ્લાસ એવણના હાથમાંજ અથવા એવણની પાસેજ મળી આવવું જોઇયે. પણ તેને બદલે એજ ઝેરની શીશી તો ખટલીના ઓરડામાં એનાજ વર્કબોક્ષમાં છુપાવેલી મળી આવી."

"તેમાં કાંઇ નવાઇ નથી સાહેબ," જમસુએ તકરાર ચાલુ રાખી. "ઝેર આપનાર કોઇ બીજુંજ હોય અને તોપણ ખટલીની ઉપર શક ઘોળી પાડવા સારૂં તેણે તે શીશી ખટલીના ઓરડામાં લઇ જઇને સંતાડી હોય."

"તેમ હોય તો તે સાબેત થવું જોઇયે."

"હા ડાકટર સાહેબ, તે સાબેત થવું જોઇયે." જમસુ મેહલાશાહ સાથે એકમત થયો. "મરનારને ઝેર દેનારને આપણે શોધી આપવો જોઇયે. અથવા નહી તો કે મરનારે પોતે પોતાને હાથે ઝેર લીધું એવું સાબેત કરવું જોઇયે. મરનારે પોતાના દાહડા ભરાઇ ગયલા જોયા અને પોતાના પૈસાનો છેડો આવેલો જોયો ત્યારે નાણાં સંબંધી મુશ્કેલી-માંથી છુટકારાનો એકજ ઉપાય અપઘાતમાં લીધો હોય."

"કદાચ હોયબી," મેહલાશાહે કબુલ કીધું.

જમસુએ એક કાગળ કાહાડને તે ઉપર આ સઘળી વાત નોંધી લીધી, અને માણક-શાહ મુકાદમનાં મરણ વખતે "ચીનાબાગ" માં કોણ કોણ રેહેતાં હતાં તેઓનાં નામોની એક ટીપ પણ લખી લીધી.

આ ટીપમાં પેસુ ચીનાનું નામ આવતાંજ જમસુને ઘણી નવાઇ લાગી.

"ત્યારે એ પેસુ ચીનોજ ખૂની કાં નહી હોય?" જમસુએ સવાલ પુછયો. "ખટલી ઉપર ખૂનનો શક આવ્યો તો પેસુ ઉપર કાં નહી આવે?"

"પણ ખટલી ઉપર વધારે શક તેના નાહા-સવાથી અને પેલી શીશીની શોધથી આવેછ," મેહલાશાહે ખબર આપી.

"એ બેહુ વાત ખટલીની સામે જાયછ ખરી." જમસુએ તકરાર લીધી; "તોપણ સાહેબ, જો ખટલી ગુનેહગાર હોય તો છુપા છુપ નાહાસી જઇને પોતાની ઉપર શક વધારે એવી નાદાનતો નહી હોય. અને વળી તુર્ત પકડાઇ આવે એવું તોપણ જે ઘણું સાધારણ મળતું નથી એવું એક ઝેર તે લેવા જાય એટલી બેવકુફ પણ નથી."

"ખટલી એ ઝેરની શીશી મારાં આજ દવાખાનાંમાંથી લઇ ગઇ હતી એટલાસુધી તો પત્તો મળ્યોછ."

આ જવાબ દેતાં બિચારા ડાકટર મેહલા-શાહ દુઃખના બોજા તળે લગભગ કચડાઇને અધમુવા થયા હોય એવા જણાયા. તેવણ ગમે એટલા ધીરજવંત હતા, તેવણને ગમે એટલા ઘા લાગેલા હતા, તેવણે દુનિયા ગમે એટલી જોયલી હતી, પણ આના જેવો જબરદસ્ત જખમ તેવણને કદી લાગ્યો નહી હતો. આજે તેવણની આંખ આગળ સઘળું અંધારૂં ફરી વળ્યું હતું. પોતાની જે ભાણેજને, તેવણ આખી દુન્યાના પ્યારથી ચાહાતા હતા, તેને બચાવવા સારૂં અગર પોતાનો જીવ આપવો પડે તો તે આપવાને તેવણ તૈયાર હતા કે જે જીવમાં હવે તેવણને મનથી કાંઇ ઝાઝો દમ રહ્યો નહી હતો. પણ તેણીને બચાવવાનો બીજો કશો ઉપાય તેવણને સુઝ્યો નહી હતો, અને તેથી તેવણ તદન લાચાર અને લાઇલાજ થઇ પડયા હતા.

"એ બધું પેસુ ચીનાનું કારસ્તાન છે," જમસુ જે આ બધો વખત ઉંડા વિચારમાં બેસી રહ્યો હતો તે બોલી ઉઠયો. "હું ધારૂંછ કે ખરો ખૂની એ પારસી ચીનો છે."

"પણ તે કેમ હોય?" ડાકટરે તકરાર લીધી. "તે દાહડે તો તેનાં લગ્ન હતાં, અને પોતાના પરણવાને વખતેજ તે ખૂન કરવા કેમ નિકળે?"

"પણ ખટલીએ તેને પરણવા ના પાડયું હતુંની?" જમસુએ સુઝાડયું. "અને એ ચીનો પારસી જાણતો હતો કે લગ્ન કાંઇ થનાર નથી."

"તોબી પેસુ ચીનાને ખૂન કરવાનો હેતુ શો હોય?"

"હેતુ મરનારના પૈસાનો. પોતે કાંઇ ભીડ-માં આવી ગયો હોય તો મરનારના પૈસા મેળવવાની તલપમાં એણે તેવણનો જીવ લીધો હોય." જમસુ પેસુ ચીના ઉપર પકો શક બાંધી બેઠો, અને તેનાં સઘળાં કારણો તેની પાસ તૈયારજ હતાં.

"અરે પણ મને એક બીજી વાત યાદ આવી. એક વાત હું તમોને કેહેવાની ભૂલી ગયોછ," ડાકટર મેહેલાશાહ યાદ કરીને બોલ્યા.

"ખોદા ખાતર જે હોય તે બધું મને કહો, સાહેબ! કશું બાકી રાખો ના, મામાજી."

"બેહેસ્તીના ચાકર કાવલાને ડાકટર બક્ટને અને પછી કારોનરે કેટલાક સવાલો પુછ્યા તે સવાલોમાં કાંઇ ઘણો દમ નહી હતો. તે સવાલો તો માત્ર બેહેસ્તીનાં બીછાણાં આગળની ટેબલ અને તે ઉપર મુકેલી શીશીઓ અને ગલાસો વિષેના હતા, પણ એ ચાકરના જવાબો અને તે જવાબો આપવાની રીતથી બધાં જણ અચરત થયાં હતાં. તે દારૂ પીધેલો લાગતો હતો, અને પીધેલાની બાહારમાં બોલતો હોય કે કેમ! પણ તે ઘણા બીહીધેલા અને ફાટા ફાટા જવાબ દેતો હતો. તેનો દેખાવજ હેબતી ગયલાના જેવો હતો અને રખે પોતાથી કાંઇ કાચું કપાય એવી જાણેકે બીહીકથી હોય તેમ ઉડાવનારા જવાબ દેતો હતો."

"એ ચાકર હજી 'ચીનાબાગ' માંજ રેહેછ કે?" જમસુએ ઉલટથી પુછ્યું.

"હા, હજીતો ત્યાંજ પડેલોછે. આજેબી મેં એને ત્યાંજ જોયો હતો."

"ત્યારે તો હું એકદમ જઇને એને મળું," જમસુએ ઠરાવ કીધો. "જોઇયે કાંઇ એ છોકટા પાસેથી મળી આવે તો."

"પણ ભાઇ, આવી એક બારીક તલાશમાં કોઇ ડીટેક્ટિવને રાખેલા સારા," ડાકટર મેહેલાશાહે ડાપણ દેખાડ્યું.

"બીહો ના, ડાકટર સાહેબ," જમસુ ગંભીરાઇથી બોલ્યો. "જયાં મારી બાયડીનો જીવ અને તેની આબરૂ જોખમમાં છે, ત્યાં ખોળ ચલાવવાને મારા જેવો બીજો કોઇ ડીટેક્ટિવ ચાલશે નહી; અને જ્યાંસુધી તલાશ ચલાવવાની મારામાં શક્તિ છે ત્યાંસુધી બીજા કોઇના ઉપર મને વિશ્વાસ આવશે નહી."

આ બોલ બોલતાંની વાર જમસુ ચાલી ગયો. તે સઘળો ભેદ શોધી કાહડવાને એકદમ ઉલટમંદ થયો હતો.

પ્રકરણ ૧૩૮ મું.

ચીનાબાગમાં "કાવલાજી શેઠ."

અંહીથી નિકળ્યો તેવો જમસુ જસાવાળો પાછો બંદીખાનામાં પોતાની બાયડીને મળવા ગયો, અને તેની સાથે થોડોક વખત વાતે બેઠો. તેને લાગ્યું કે આખો દાહડો ખટલીને એકલી રાખવામાં ડાપણ નહી હતું. પણ તેણે જોયું કે ખટલી આ સંકટના સીકંજામાં અજાયબ જેવી રીતે થંડી અને ધીરજવંત રહી હતી. પોતાની ઉપર જે દુઃખ પડે તે ખમવાને તૈયાર હતી. અને જમસુની મદદને સારૂં અસરકારક રીતે આભારી થઇ હતી.

"મારા બધા સ્વપ્નાનું આ કેવું સેવટ, જમશેદ!" તે લાચારીથી બોલી. "હું તો ધારતી હતી કે આપણ બંને પાછા મળશું ત્યારે પૈસાની રેલછેલનાં છુટાંપણામાં મળીશું. આપણા પાછા મેળાપના સ્વપ્નામાં મેં ઘણા એકાંત કલાકો ગુજાર્યા હતા, પણ અંતે આપણે મળ્યાં ત્યારે તો નહી મળે પૈસા કે નહી મળે છુટાપણું. હું એક ભીખારી અને કેદીની હાલતમાં તમોને મળી."

"તારૂં કેદખાનું ઘણા દાહડા ચાલવાનું નથી, જીગર." જમસુએ ધીરજ આપી. "અને પૈસાતો આપણ બેહુને માટે મારી પાસે પુરતા છે. વાસ્તે માકા મુકાદમની દોલત કે જેનો આપણી જીંદગીમાં કાંઇ હિસાબ નહી હતો, તેનું તારૂં સ્વપ્નું ખોટું પડવામાં કાંઇ મુજાકો નથી."

"હું એટલી બેવકુફ અને કમઅક્કલ કે ઇસપ નીતિમાંના કુતરાની પડે ઓળો લેવા જતાં જે મારાં મોંહમાં હતું તે ખોહી બેઠી."

વરવહુ વચે બીજી બીજી ભલતી વાતો ઘણી ચાલી અને જમસુએ પોતાની બાયડીનું મન રીજવવા ગામ ગપાટાની તરેહવાર વાતો ચલાવી. પણ જે તલાશ ઉપર તે મઠી રહેલોછે તે તલાશ વિષેની યાને હાલનાં સંકટની કશી પણ વાત જરાએ કીધી નહી.

અને જમસુ આજ સહવારનો કયાં હતો તે ખટલીએ તેને પુછ્યું પણ નહી. એ તેની ધીરજનો વધુ પુરાવો હતો. તેની મોટામાં

મોટી ધીરજ એજ હતી કે તેના વરે તેની આગલી ચાલ તેને માફ કીધીછે અને તે હવે તેની બોર્ડુંએ રહેલોછે. એટલે પોતા ઉપર આવી પડેલાં આ નવાં સંકટની તેણીને ફીકર ચિંતા કશી રહી નથી. તે ઘણામાં ઘણું એટલુંજ જોઇ શકેછે કે તેના પોતાના લોભથી તે બેવકુફ બનીછે, અને બાહારના દેખાવો ઉપર લોભાઇને તે આ ફેજે પોંહચીછે.

"જમશેદ, સુનાં રૂપાં કરતાં પ્યાર કેવી પવિત્ર ચીજ છે!" ઘણો વિચાર કીધા પછી ખટલીએ વાત છેડી.

"એમાં તેં નવું શું કહ્યું!" જમસુ હસ્યો. "દુનિયાની શરૂઆતથી કવિઓ અને ફીલસુફો એ શિખામણ દેતા આવેલાછે. અને તોપણ એવું કેહેનારાંઓજ સુનાં રૂપાંની ગોલામગીરીમાં તાબેદારી કરેછ. હવે હું જરા બાહાર જાઉંછ. પણ તું કાંઇ બ્હીતી ના. તું અંહી એકલી પડી રેહેવાની નથી. તારા મેહલાશાહ મામા તુંને મળવા આવવાના છે."

"ઓ મારા કેવા મેહેરબાન મામા! જમશેદ, જમશેદ, હું કેવી નીચ નગુણી છું, કે જયારે એક ચલકતા ઠગારાની હું મૂર્તિ-પુંજા કરવા પડી હતી ત્યારે મારા આ સાદાં દિલના મામાને હું તદન વિસારી બેઠી હતી. અને તોપણ મને હવે ફરિયાદ કરવાનો કાંઇ હક નથી. હું આજે અંહી બેઠી બેઠી મારી આગળી જીંદગીને યાદ કરતાં એજ વિચાર ઉપર આવીછ કે હું ઠગાઇછ, તે પોતે પોતાની મેળેજ ઠગાઇછ, મને કોઇ બીજાએ ઠગી નથી, મને માકામામાએબી ઠગી નથી. તેવણે કોઇ દાહડે મારી આગળ પોતાની મોટી દોલતની વડાઇ મારી નથી. બધો વારસો મને આપી જવાનું તેવણ કોઇ દાહડે બોલ્યા નથી. વાસ્તે હું તેવણથી ઠગાઇ નથી, મને ઠગનારાંતો જુવા બીજાં પરવારતાં નિંદાખોરો હતાં, કે જેઓ માકામામાની મોટી દોલત વિષે પોતાની અક્કલથીજ અટકળ ચલાવતાં હતાં. પેલાં સદ્દાવાળાંઓ અને તેઓની જાતનાં બીજાં પરવારતાંઓ હંમેશાં એકનું એક પીંજણ કરતાં હતાં કે માકામામા પાસે મોટી દોલત છે, અને તે બધી મને આપી જવાના છે. માકામામાને ઠપકો દેવાનો મને કાંઇ હક નથી. હું તેવણને ત્યાં રેહેતી હતી તે વખતે શું શું ખમતી હતી, અને હું પોતે મારો ભેદ છુપાવીને તેવણને કેવી ઠગતી હતી તે બિચારા તેવણ શું જાણે? તેવણ તો મારૂં સારૂંજ કરવા માગતા હતા. તેવણ તો મને સારે ઠેકાણે પરણાવીને સુખી કરવા માગતા હતા."

"હવે બસ કર, ખટલી, આપણે કાંઇ મુવેલાંની પીઠ પાછલ બુરૂં બોલવું નહી." જમસુ જસાવાળો પોતાની બાયડીની ઉશ્કેરાયલી હાલત જોઇ તેને થંડી પાડીને ત્યાંથી રવાને થયો.

જેલની બાહાર નિકળતાં ડાકટર મેહલાશાહ તેને દરવાજામાં મળ્યા. તેવણ પોતાની કેદી ભાણેજને મળવા ઉતાવળા જમસુની પાછલ નિકળી ચુકયા હતા, પણ રસ્તે આવતાં એક ગ્રાહકને ઘર રોકાવાથી તેવણને વાર લાગી હતી.

સિટી જેલમાંથી "ચીનાબાગ" માં જતાં જમસુ જસાવાળાને ભાડેની ગાડીએ ૦I કલાક લાગ્યો. જે મેહલ સરખાં મકાનમાં તે છ માસ ઉપર પોતાની બાયડીની શોધમાં એકલો અમે અટુલો છુટો આચો હતો તે મકાન આજે ઘણું જાણીતું થઇ ગયું હતું, અને અગત્ય કરીને ત્યાંના બનેલા છેલા બનાવોથી તથા તેને લગતી દોડધામથી એ મકાન સર્વને જાણીતું હતું. માટે જમસુને તે શોધતાં મેહનત પડે એવું નહી હતું. "ચીનાબાગ" ના દરવાજા ઉપર જમસુએ નવું એ જોયું કે એક લીલાંઉ-વાળાનું પાટયું મારેલું હતું અને તેમાંના કીમતી ઘર સણગારનો સામાન વેચવાની ખબર આપી હતી.

દરવાજામાં પેસતાંજ જમસુના હાથમાં એક ચોપાન્યું મુકવામાં આવ્યું કે જે "ચીના-બાગ"ના વેચવા કાહાડેલા સામાનની ટીપનું કેટલોગ હતું, તેમાં મરનાર માણકશાહ મુકાદમનું સઘળું બીલોરકામ, રૂપાંકામ, ચીની-કામ, લાકડકામ, ધાતુકામ, હાંડી ઝુંમરો, ટેબલો, ખુરશીઓ અને છત્ર પલંગો, ગાલીચાઓ તથા ટેબલ કલાથો અને પડદાઓ વિગેરે વિગેરે સઘળું બે દાહડામાં વેચી નાખવાને છપાવેલું હતું. જમસુએ જોયું કે જે બંગલો અત્યાર સુધી બાહારનાંઓને માટે બંધ્યાર અને બંધબસ્ત હતો તે આ બનાવને લીધે

જાહેરમાં ખુલ્લો-મુકેલો હતો. અને મરનારનો કારભારી કાવલો કે જેની તે ખોળમાં આવેલો હતો તેજ મુખ્ય કરતો કાવરતો હતો. મોટો ઓટલો ચહડયા પછી દીવાનખાનાંમાં દાખલ થતાંજ જોયછે તો કાવલાજીશેઠ એક ખરા શેઠ-યાના સરખી સાહેબીનાં ડોળથી એક મોટી આરામ ખુરશી ઉપર પગ લાંબા કરીને બેઠેલા હતા.

કાવલાનો સઘળો દેખાવ સાહેબી અને શેઠાઇનાં તેનાં સઘળાં ડોળ છતાં એક હલકા ચાકરડા કરતાં વધારે નહી હતો. તેણે બપોરનાં ખાણાં ઉપર ખુબ તરેહથી ઢીંચેલો હોય તેમ તેનો ચેહરો લાલ થયલો હતો, અને તેની આંખ્યોના ડોળા તરતા હતા. તોપણ જાણેકે શેઠના મરી જવા પછી પોતાનો ઓધો ખતમ થવાથી હવે કાંઇ તેનાં શરીરની દરકાર રહી નહી હોય તેમ તેણે સાબુએ હાથ મોહડું ધોવા-ની ફરજ પડતી મુકી હતી, અને તે મેલો, ગલીચ, અને ફુવડ હતો. આગળ જમસુ ખટ-લીને અંહી મળવા આવ્યો હતો ત્યારે ઘરનો મેજ કારભારી તેને ખટલીની આગળ લઇ ગયો હતો, તે ઉપરથી જમસુએ તેને ઓળખ્યો. પણ તે વખતની તેની સફાઇ સુઘડાઇ અને આજના તેના મેલા ઘેલા દેખાવનો તફાવત જમસુએ તુર્ત જોઇ લીધો.

જમસુના આવ્યાથી તે ખુરશી ઉપર અરડા-યલો જરાકબી હીલ્યો ચાલ્યો નહી, યા ઉઠીને ઉભો થયો નહી, પણ પડયો પડયોજ પુછવા લાગ્યો કે "કેમ! કોણ છો! કોણને પુછોછ?"

"જી મારૂં નામ જમશેદજી જસાવાળા છે. જી હું જરા આ ઘર અને સામાન જોવા આવ્યોછ. મને થોડાંક પીકચર લેવાનાં છેજી, માટે જો સાહેબ રજા આપો તો હું અંદર ફરીને જોઉં."

એક હલકા ચાકરને ભારકરાસીવાળી મોટાઇ અને માન આપવાનો ખોટો દેખાવ કરીને જમસુએ તેને છાપડે ચહડાવીને વધારે ભારી કરી મેલ્યો. તેણે ભપકામાંજ કહ્યું કે "હા જાઓ, અંદર જાઓ, અને પીકચર જુઓ." આમ કેહેતાં કેહેતાં આ ધણીને કાંઇ આગળ જોયલો હોય એવું કાવલાને લાગ્યું અને પોતાની તરતી આંખ્યોને ચોલીને તેની તરફ જોતાં જોતાં તે બોલ્યો કે "આગળ આપણે કાંઇ મળેલા છીયે?"

"કદાચ હશે." જમસુએ ટુકમાં જવાબ દીધો.

"તમે બેહેસ્તીના વખતમાં તેવણને અંહી મળવા આવ્યા હતાની?"

"નહી," જમસુએ ધસીને ના કહ્યું, કાંકે તે કાંઇ મરનાર શેઠને નહી પણ, ખટલીને મળવા આવ્યો હતો.

"ત્યારે તો આપણે કાંઇ બીજી ગમ મળ્યા હશું," કાવલાએ તર્ક બાંધી.

"બીજી ગમ મળ્યા હોવ તો કોણ જાણે! મને કાંઇ યાદ નથી," જમસુ ઉભો રહીને કાવલાનું મોહડું તીકી તીકીને જોવા લાગ્યો.

"જાઓ, અંદર જઇને પીકચર જુઓની?" કાવલાએ ફરીથી કહ્યું, પણ જમસુ અંદર ગયો નહી. તેને અંદર જવાનું કામ નહી હતું, તેને તો આજે કાવલા સાથે મુખ્ય કામ હતું.

"પણ સાહેબ, બેહસ્તી શેઠ કેમ ગુજરી ગયા?" જમસુએ વાત ચલાવી. "કેવા મજેના માણસ, અને એકાએક એ શું સેતાન ચોઘ ડયું થઇ ગયું? કેવો આ ખુબસુરત મેહલ, અને હવે તે કેવો સુહણો સ્મશાન થઇ ગયો."

"અરે બોલો ના ભાઇ," કાવલો બળાપો કરવા લાગ્યો. "બધું કડવા આવે એવું થઇ પડયુંછ. આખાં ઘરમાં હું અને બેહલો બબરચી અને મસાલ એકલા પડયા. મારી તો છાતી ફાટી જાયછ, અને રડતાં રડતાં આંસુ સુકાતાં નથી."

"ખરેખર, ખરેખર, સાહેબ." જમસુ હજી તેને છાપડે ચહડાવતો ઉભો રહ્યો. "એક મુરબ્બીને તોલના શેઠને ખોહવાનું તમારૂં દુઃખ કાંઇ જેવું તેવું નહી હોય. અને વળી આવાં ઘરમાં તમોને એકલા રેહેવું પડે એબી કેવું મોટું દુઃખ! જે ઘરમાં મોત થયું હોય, અને તેબી આવું ઘાતકી મોત થયું હોય—ખૂન, પાપી ખૂન થયું હોય, તેવાં એક ઘરમાં તમોને એકલા રેહેવા કેમ ગમતું હશે? તમોને બીહીક નહી લાગતી હશે? હું જેવો હોઉં તો એવાં ઘરમાં રોજ બીહી મરૂં, કે રખે મર-નાર શેઠ ભૂત થઇ આવીને મને ખાઇ જાય."

જમસુએ કાવલાનું માજનું જોવા તેને આમ ખામખા બીહીવડાવી માર્યો, અને તેના ઉપર તેની કેવી અસર થાયછે તે જોવાને ઉભો રહ્યો. કાવલો આ વાતથી બેચેન દેખાયો ખરો, પણ તેની ઉપર જે ખૂનનો શક હતો તે શક ખરો પાડે એવો કશો દેખાવ તેના ચેહરામાં જણાયો નહી. તે ગરગરદાસની આંખ્યો તૈરતી હતી, અને તેના મોહમાંથી બબાનો વાસ નિકળતો હતો. તેનું અંગ ભારી હતું, અને તે હાલચાલ કરવાને ખુશી નહી હતો એ સઘળું ખરૂં, પણ એથી વધારે કાંઇ અસર કાવલા ઉપર જમસુને જણાઇ નહી. તે એટલુંજ બોલ્યો કે "ભાઇ તું પીકચર જોવા આવ્યોછ કે મને બીહીડાવવાની વાતો કરેછ? પીકચર જોવાં હોયતો જા અંદર અને ફરીને જો."

"પણ સાહેબ મને એકલો જતાં બીહીક લાગેછ," જમસુએ ઢોંગ કીધો. "તમે તમારી સાથે મને અંદર લઇ જાવો તો હું જાઉં. તમારી મેહનતનો બદલો હું ભૂલીશ નહી, સાહેબ" એટલું બોલતાંજ જમસુએ કાવલાના હાથમાં એક રૂપીયો મુકયો કે જે જોઇનેજ કાવલો તો અચરત ને ખુશી થઇ ગયો, અને તુર્તજ બબરચી બેહલાને હાંક મારી બોલાવ્યો, અને કહ્યું કે "આ શેઠ સામાન જોવા આવ્યાછ, તેવણને અંદર લઇ જઇને બધું દેખાડ."

"પણ સાહેબ, હજી આજથી સામાન દેખાડવાનો હુકમ નથી. સામાન તો કાલે દેખાડવાનો છે." બેહલા બબરચીએ યાદ આપી.

"અરે કાંઇ નહી, લઇ જાની? એ શેઠ પૈસાવાળા છે. એવણ તારી મેહનતનું ઇનામ ભૂલશે નહી," આ બોલોની સાથેજ કાવલાએ બેહલાને આંખ મારીને એવી ઇસારત કીધી કે જેથી તે લીલાંઉવાળાના હુકમ વગર જમસુને અંદર લઇ જવાને રાજી થયો.

પ્રકરણ ૧૩૯ મું.

બેહલા બબરચીની બટકબોલી.

દિવાનખાંના અને જમવાના ઓરડા મધે થોડો ઘણો ફરયા પછી ત્યાંનો અંધારામાં બંધ પડેલો સામાન જોવાની ઝાઝી દરકાર વગર જમસુએ માણકશાહ શેઠના સુવાના ઓરડામાં જવા માગ્યું અને લગાર બેહલો બબરચી આનાકામી સાથે તે તરફ ફર્યો.

"પણ સાહેબ, તમે તો પીકચર લેવા આવેલા છોની? આતો શેઠનો સુવાનો ઓરડો છે, ને એમાં પીકચર કાંઇ નથી." બેહલાએ તેને સુવાનો ઓરડો દેખાડતાં વાંધો લીધો.

"જી, હાજી, પણ મને શેઠનો સુવાનો ઓરડો જોવાની મરજી છે."

"પણ એ ઓરડો તો પોલીસે બંધ કીધોછ." બેહલાએ ખોલાસો કીધો "તેમાં કોઇએ જવું નહી અને કશા સામાનને છેડવો નહી એવો પોલીસનો હુકમ છે."

"તોપણ તમે જરા મને જોવા દેશો તો ઉપકાર થશે." જમસુએ માંગી લીધું, અને તેનીજ સાથે એક રૂપિયો બેહલાના હાથમાં સેરવી દીધો.

"મોટી મેહેરબાની સાહેબ," બેહલો ઉપકાર માની બોલ્યો, "મારા જેવા એક ગરીબ ઉપર તમારી કેટલી મેહેરબાની છે! એકાએક ચાકરી ખોહી બેઠેલાં અને શેઠના વારસાની વકી રાખનારા એક ગરીબ માણસને આવી બક્ષેશ તો ઘણી મુબારક કેહેવાય. બેહેસ્તી શેઠની ચાકરીમાં મેં કેવો મારો જીવ પટકી નાખેલો, અને તેવણનું ખાણું પીણું, બનાવી આપતી વખતે શેઠ અમે ચાકર લોકોનું નામ પાડી જશે એવી અમે કેવી પકી આશા બાંધેલી, પણ તે બધી આશા તોડી નાખીને શેઠ તો ચાલી ગયા, અને હવે પોતાના ગરીબ નોકરોને નાસિપાસ કરવાનો તેવણને ખોદાને બાર જવાબ દેવો પડશે."

"પણ પેલી બિચારી એવણની ભાણેજ ખરશેદબાઇ. તે બિચારી શેઠની કેવી માનિતી હતી, અને તે કેવી નાસીપાસ થઇ હશે," જમસુએ દયાળુપણાથી યાદ આપી.

જમસુએ જોયું કે આ બેહલો બબરચી બટકબોલો હતો અને તેને બોલવાનો બટાકો ભારી હતો. એતો જેવું જમસુને જોઇતું હતું તેવુંજ થયું. કાવલો વાતચીત ઉડાવતો હતો, પણ બેહલો નહી પુછેલી વાતો કરતો હતો, ત્યારે જમસુ જે ખોળ કરવાને અંહી આવેલો

હતો, તે ખોળનો કાંઇક પત્તો એનાથી મેળવવાની તેને આશા પેદા થઇ અને તેણે વાત વધારવા માટે ફરીથી ખટલીની દયા ખાધી કે "શેઠ વગર વિલે મરી જવાથી બિચારી ખરશેદબાઇને કેટલી નાઉમેદી થઇ હશે!"

"ખરશેદબાઇ? તે અંહી છે ક્યાં? તે તો નાહાસી ગઇછ." બેહલો બડબડયો.

આટલી વાતચીતના અરસામાં જમસુ માણકશાહ મુકાદમના આખા ઓરડામાં ફરી વળ્યો, તથા બિછાણું, તેની પાસેની ટેબલ, તે ઉપરની શીશીઓ, વિગેરે સઘળું જોઇ વળ્યો. બિછાણાંના તકયા તરફનાં એક બીજાં બારણાં આગળ તે આવ્યો.

"આ બારણું શાંનું?" તેણે પુછયું.

"એ તો સાહેબ એક દાદરનું બારણું છે. અંહીથી કાવલાની ઓરડી આવેછ. તે તે ઓરડીમાં સુતો હતો, અને શેઠને દવા આપવા આ દાદર ચહડીને એ બારણેથી આવતો હતો."

જમસુએ તે બારણું ઉઘાડીને દાદર ભણી ડોકયું કીધું, અને પછી તે દાદર ઉતરીને તેના અડધા ભાગ ઉપર રમાણું અથવા ફાંડયું હતુ ત્યાં સુધી ગયો. એ રમણાંની ભીતે બીજા બે બારણાં હતાં કે, જેની ઉપર તેની નજર પડી. બેહલાએ કહ્યું કે તેમાંનું એક બારણું પેસુ ચીનાના ઓરડાનું હતું, અને બીજે બારણેથી કાવલાની ઓરડીમાં જવાતું હતું.

જમસુએ અડધા દાદરના ઓરડાઓમાં જઇને તે બંને તપાસ્યા. પેસુ ચીનાનો ઓરડો એક સારૂં પણ સણગારેલું દિવાનખાનું હતું, અને કાવલાની ઓરડી ગરીબડી અને ઘણીજ સાદી હતી.

"ત્યારે ખરશેદબાઇનો ઓરડો કયાં છે?" જમસુએ પુછયું.

"તે તો સાહેબ બીજો અડધો દાદર ઉતરી ગયા પછી ભાંયતળિયે આવેછ."

જમસુએ તે પણ જોવા માંગ્યો, અને બેહલો બબરચી તેને છેક ભાંયતળિયે લઇ ગયો, કે જ્યાં એક સુંદર નકસીદાર બારણું ઉઘાડીને તેને ખટલીના ઓરડામાં દાખલ કીધો. જમસુએ એ ઓરડો તુર્ત ઓળખ્યો. તે આગળ ખટલીને એજ ઓરડામાં મળી ગયો હતો, પણ તે વખતે તે ભાયતળિયેનાં દીવાનખાનાનાં બારણાંમાંથી આવ્યો હતો, અને આજે તો માળા ઉપરના દાદરને બારણે તે આવ્યોછે, એટલું તેણે નવું જોયું. આ દાદરનું બારણું બંધ રેહેતું હતું કે ઉઘાડું? તે વિષેની તલાશ કરતાં તેને જણાયું કે દર રાત્રે તે બારણું દાદર આગળથી બાહારથી બંધ કરવામાં આવતું હતું, અને તેની ચાવી કાવલા પાસ રેહેતી હતી. માણકશાહ શેઠ ગુજર્યા તે રાત્રે પણ ખટલીના ઓરડાનું બારણું બાહારથી બંધ હતું, અને ખટલી તે પાછલા દાદરેથી માળા ઉપર શેઠના ઓરડામાં જવા માંગે તો ત્યાં જવાનો તેનો રસ્તો બંધ હતો.

આ શોધ જમસુને ઘણી અગત્યની જણાઇ. એટલે કે મરનારનાં મરણને વખતે ખટલીને પાછલે દાદરેથી મરનારના ઓરડામાં જવાનો રસ્તો બંધ હતો, પણ કાવલો અને પેસુ ચીનો એબંને જણને માટે તે દાદરેથી ચહડીને મરનારના ઓરડામાં જવાનો રસ્તો ખુલ્લો હતો.

આ શોધ વળી ખટલીની તરફેણની નિકળી. તેણે જોયું કે જ્યારે ખટલીના અને તેના મામાના ઓરડા વચેની આવજાવ રાત્રે તદન બંધ રેહેતી હતી, ત્યારે કાવલાના અને પેસુ ચીનાના ઓરડાઓ અને મરનાર શેઠના ઓરડા વચે આવજાવનો માર્ગ ખુલ્લો રેહેતો હતો કે જેથી મરનારના ગુજરવાને વખતે તેના ઓરડામાં જવાને એ બે જણાઓ જેટલા છુટા હતા તેટલી છુટ ખટલીને નહી હતી. તે તો મરનારના ઓરડામાં સહવારેજ જઇ શકે એમ હતું.

અગરજો ખટલી તરફથી તેનો બારીસ્ટર આ બચાવ લાવે તો સામી તરફનો બારીસ્ટર તેનો જવાબ એમ આપી શકે કે મરનાર રાત્રે સુતા સુતા પોતાની દવા-પાણી પોતાને હાથેજ લેતા હતા કે જેની અંદર રાત્રે સુવા જવા અગાઉ કોઇ પણ માણસ ઝેર ભેળી શકે, એ બને એમ હતું. કાંકે સુવા ગયા પછીજ તે બે ઓરડાઓનાં બારણાં બંધ કરવામાં આવતાં હતાં.

પણ અગર જમસુની તર્ક સઘળી ખરી હોય તો વળી આ તકરાર ઉભી થાયછે કે મરનારની મરતી વખતની હાલત કાવલાના જોવામાં આવી કેમ નહી? અગરજો જમસુ ધારેછે તેમ આ ઘાતકી કર્મમાં કાવલાનો યા પેસુ ચીનાનો હાથ હોય તો કાવલો તદન

છાકટો હોયા વગર મરનારની હાલત જોઇ શકત, એમજ હતું. અને વળી કાવલો છાકટો હોય તો શું થયું? ગમે એવા છાકટ માણસને પણ એક કાતેલ ઝેરની ભયંકાર અસરોની જાણ રહી શકેછે.

જમસુ જોયછે કે આ ઘરમાંના બનાવોનું વિગતથી બયાન કરવાને કાવલો જેટલો આનાકાનીભરેલો હતો તેટલોજ બેહલો બબરચી છુટથી વાત કરવાપર આવેલો હતો. તેણે માણકશાહ શેઠનાં મરણને લગતી સઘળી વિગત જમસુને એવી માંડીને કહી સંભળાવી કે કાંઇ પણ વાત બાકી રાખી નહી. ખટલી છેલે દ્હાહડે નાહસી ગઇ, અને ગામમાં તેની શોધાશોધ ચાલી રહી ત્યાંસુધીની દરએક બીના બેહલાએ આં અજાણા માણસને છુટથી કહી સંભળાવી.

"પણ ત્યારે ભાઇ બેહલા, પોતાના મામાનાં ખૂનમાં ખરશેદબાઇનો કાંઇ હાથ હોય એમતો તું નહી કેહેતો?" જમસુએ પુછ્યું.

બેહલાએ એવી ગંભીરાઇથી ડોકું ધુણાવ્યું કે તેનાં માથા ઉપર મુકેલી અલગી ટોપી વટીક ઉડી ગઇ.

"આપણે શું જાણ્યે સાહેબ? અમસ્થા કોઇનાં પાપમાં જવાનું મારૂં કામ નથી," બેહલો બોલ્યો. "પણ આખું ગામ કેહછ કે એ ખરશેદબાઇનુંજ કામ છે. એની પાસે ઝેર હતું એ તો ચોકસ છે. તે ઝેરની શીશી એના બાકસમાંથી મળી આવી, એટલું તો ખરૂં? અને તે ઝેર એ છોકરી છુપાછુપ લઇ આવી તે કયાંથી લઇ આવી તેબી પોલીસે શોધી કાહાડયુંછ. એટલુંજ નહી, પણ વળી મરનારના ગુજરવાની સહવારે તે છુપાછુપ નાહસી ગઇછ, અને કયાં ગઇછ તે કોઇ જાણતું નથી. એ બધું શું બતાવેછ, સાહેબ? આપણેજ વિચાર કરી જોઇયે કની?"

"નહી નહી. એમ હોય નહી," જમસુએ આ ચાકરની ભૂલ ભાંજી. "જો એ કામ એ છોકરીનુંજ હોય તો તે નાહસી જઇને પોતાનો વાંક આખાં ગામને જાહેર કરે નહી. પોતાની ઉપર શક આવે તેવી રીતે નાહસી જવા જેટલી એ બેસમજતો નહી હોય."

"અરે મારા સાહેબ, ખૂનીઓ બધાજ બેસમજ હોયછ," બેહલા બબરચીએ તકરાર લીધી. "એ તો ખોદાએજ ખૂનીઓને એવા બનાવ્યાછ કે તે લોકો પોતાને હાથેજ પોતાને ગળે ફાંસીનું દોરડું લપેટેછ. જો પાપી માણસો બેવકુફ નહી હોય, તો પોલીસથી પાપો પકડીજ કેમ શકાય?"

"બેહલા, તું તો કોઇ ઘણો બાહોશ માણસ છે." જમસુ તેને છાપડે ચહડાવવા લાગ્યો. "પણ હું અજબ થાવુંછ કે ખરશેદબાઇ સરખી એક ગરીબ ગાય જેવી છોકરીને તું એવી ગુનેહગાર સમજેછ, કે જે ગુનાહ કરવાને કસાઇના સરખી કઠણ છાતી જોઇયે."

"હાજી, હા," બેહલાએ ટાહુકો પુર્યો. "પણ કસાઇના સરખી છાતીનાં માણસોબી કયાં કયાંથી મળી આવેછ? બાહારનો દેખાવ તે કાંઇ ભિત્તરના ગુણોનું માપ નથી સાહેબ. બુરા વિચારો બુરા માણસમાં હોયછ તેમ ભલાં માણસમાંબી હોયછ, અને કાળી 'ધારણાઓ જેમ કાળા ચેહરા પછવાડે તેમજ ગોરા ચેહરા પછવાડે પણ છુપાઇ રેહેછ."

જમસુએ આ તકરાર અંહીંજ પડતી નાખી. તેણે જોયું કે ખટલી ઉપર શક લાવવામાં હલકા નોકર, નફરો પણ ભાગ લેછે, અને તેણીનાં સ્વરૂપની શોભા તેણીની નિર્દોષતાની કાંઇ સર્ટિફિકેટ નથી. બેહલા બબરચીની લાંબી ટુકી અટકળોથી સચાઇની શોધમાં કાંઇ મદદ મળવાની નથી.

"મને અજબ લાગેછ ભાઇ બેહલા," જમસુ ઓરડાઓમાં હજી ફરીને સઘળો સામાન જોતાં જોતાં બોલ્યો, "કે માણકશાહ શેઠે કાવલા જેવા ચાકરને પોતાની માંદગીની સારવાર કરવા રાખ્યો; અને જ્યારે પોતાનાં ઘેરમાં વિશ્વાસુ ભાણેજ રહેલી હતી ત્યારે તેવી વખતે એક ભાણેજની ચાકરી નહી લેતાં તેવણે આવા એક હલકા માણસની ચાકરી કબૂલ કીધી?"

"નહી કાં સાહેબ! કાવલો તો સારો માણસ છે. એના ઉપર શેઠનો વિશ્વાસ હતો." બેહલાએ કાવલાનો બચાવ કીધો.

"સારો માણસ?" જમસુએ પુછ્યું. "બબાની બાહરમાં ભીણેલો ને ભીણેલોજ રેહેછ, ને તેને તું સારો માણસ કેહેછ?"

"નહી નહી સાહેબ, એ તો હમણાં હમણાંજ એવો થયોછ. એ આગળ દારૂ પીતાતો

નહી. એતો શેઠનાં મોતનો ગમ મારવા સારૂંજ દારૂ પીવા લાગયોછ. આજ સાડા ચાર વર્ષ થયાં માણુકશાહ શેઠ 'ચીનાબાગ' વેચાતો લઇને અંહી રેહેવા આવ્યા ત્યારથી હું અને કાવલો અંહી સાથેજ રહેલા છીયે. એટલા બધા દાહડામાં એકબી વખત મેં એને છાકટો નથી જોયો, સાહેબ બસ રાતના ખાતી વખતે બેવડાનું એક ગ્લાસ, એટલુંજ એનું પીણું હતું. અને શેઠ ગુજર્યા તેની અગાઉ એ કદીબી બારોબાર બનતો નહી હતો."

"ત્યારે શેઠ ગુજર્યા પછી?" જમસુએ પુછ્યું.

"હા. શેઠ ગુજર્યા પછી તો એ વધારે પીવા લાગયોછ ખરો. આખો દાહડો બિચારો દુઃખી, બેચેન અને બાવરો જેવો ફર્યા કરેછ, અને આખી રાત બિચારાને ઉંઘ નહી મળે. તેવી હાલતમાં બબે થોકેછ ત્યારેજ એની છાતીના ગભરાટમાં જરા નિરાંત વળેછ."

"હું! ત્યારે શેઠનાં મરણ પછી એ ગભરાયલો છે ખરો!" જમસુએ ભોળા ચાકરની ભોળાઇમાં ઉમેરો કરાવ્યું.

"હાજતો," બેહુલાએ કબૂલ કીધું. "ગરીબ માણસ પૈસાદાર શેઠની ચાકરી કરતાં કરતાં ઘરડવાઇ જઇને છેલી ઘડીએ જોયછ કે જે શેઠપર આશા બાંધેલી તે તો એક ખોટો રૂપેયોબી દેખાડી ગયો નથી, ત્યારે બિચારો ગભરાય નહી તો શું કરે!"

પણ ખોદા સારૂં કરવા માગેછ તો હરએક રીતે સારૂં કરી શકેછ, અને કાવલાના પોતાનાજ કેહવા મુજબ હવે એનોબી કાંઇ સારોજ વખત આવ્યોછ.

"એટલે? તે શું વળી?" જમસુએ વધારે નવાઇથી પુછ્યું.

"એ તો સાહેબ શેઠના મરી જવા પછી ચાકરો પોતપોતાનું શોધી લેવાની વાતો કરેછ ત્યારે બધું માલમ પડેછ. કાવલો તો હવે વધારે દાહડા અહીં રેહવાને ના પાડેછ, અને પોતાનેજ હિસાબે એક પોંહચખાનું કાહાડીને પોતેજ એક શેઠ થઇને ધંધો ચલાવવા માંગેછ."

"એતો બધા પૈસાના ખેલ છે, ભાઇ." જમસુએ વાત આગળ વધારી. "ધંધો ચલાવવાના એને પૈસા જોઇશે."

"હાજતો, સાહેબ. હુંબી એજ વિચાર કરૂંછ કે કાવલો એટલાબધા પૈસા એકાએક લાવ્યો કયાંથી કે પોતાને હિસાબે ધંધો કરવા માગેછ? પગારતો પચીશ રૂપરડીનો હતો."

"પણ તેમાંથી કાંઇ બચાવ્યું હશે? ખાવાનું તો શેઠનુંજ હતું કની?"

"અરે શું બચાવે? એનું ઠેકડ? બાયડીની વેઠ માથે પડેલીછે. અને વળી તે રાંડની એસ્કાઇનો પાર નહી મળે. તેનો ખરચ ઘણો છે."

"માથે ઘેર પડયું તે થોડો ઘણો ખરચ હોયજતો." જમસુની સઘળી મતલબ વાત કરવાના ચડસપર ચહડેલા બેહુલાને વાત કરાવીને જેટલો મળે એટલો ગર એકઠો કરવાની હતી, અને તે મુજબ તેણે અત્યાર સુધીમાં એવો ગર મેળવ્યોછે કે જેમાંથી તેનાં મગજમાં હાલ ગુચવાતા સવાલનો અને તેણે માથે ઉઠાવેલી ખોળનો ઘણોક અગત્યનો પત્તો તેને મળી આવ્યોછે. તેણે અત્યાર સુધીમાં કાવલા ઉપરનો ખૂનનો શક ઘણો મજબુત કીધોછે, અને હજી પણ તેજ નેમથી તેણે એ પરપુછ ચાલુ રાખી.

"હું એમ પુછું ભાઇ બેહુલા, કે માણુકશાહ શેઠ ગુજર્યા ત્યારે તેવણે પોતાની આસપાસ કાંઇ પૈસા ટકા રાખેલા હશેની? ખૂન થયું તે વખતે કોઇ તેવણને મારી નાખવાને લલચાય એવી રીતે તેવણના તકયા તળે યા ગજવાંમાં કાંઇ પૈસાની રકમ રાખી મુકવાની એવણને ટેવ હતી? કોઇ વખતે ઘણી નજીવી રકમને માટે લોકોનાં ખૂન થયલાંછે."

"માણુકશાહ શેઠ પાસે કાંઇ રૂપીયાની રકમતો મેં કોઇ દાહડે જોઇ નથી." બેહુલાએ ખોલાસો કીધો. "તેવણ રોકડા પૈસાથી કામ લેતાજ નહી હતા. તેવણ તો બધું નાણું ચેકથી પગાર કરતા હતા. દરએક દુકાનદાર કે વેપારીનેજ નહી, પણ નોકર નફરોના માસીક પગારોનાબી ચેક ભરીને આપતા હતા. તેવણને રોકડા પૈસાનો ખપજ શું હોય કે વળી રાત્રે સાથે લઇને સુવે?"

"પણ બીછાણાંમાં નહી તો ઓરડામાં રાખતા હોય? કાંઇ પેટી ખાનાંમાં મુકયા હોય, અને કોઇએ તે પેટી ઉઘાડતાં તેવણને જોયા હોય અને તે ઉપરથી તેવણનો જીવ લેવાની તેને લાલચ થઇ હોય!"

"કદીબી નહી, સાહેબ. અમે તો કદી તેવું કશું જોયું નથી."

"વારૂં મરનાર પાસે કાંઇ જર ઝવેરાત હતું?" જમસુએ હજી પણ વધારે ખણખોધ ચાલુ રાખી.

"નારે સાહેબ, જે ધણી એવા મખ્ખીચુસ કે પોતાની આંગળીએ એક વીંટી નહી રેહેવા દે તે જર ઝવેરાત તે શું રાખે? બેહસ્તીનું એક સોનાનું ઘડીયાળ તેજ બધું ઝવેરાત હતું. પણ તે તો એવણના મુવા પછી એવણના બીછાણાંમાંથી મળી આવ્યુંછ એટલે તે કાંઇ ચોરાઇ ગયું નથી, અને તેને માટે કોઇ ચોરે એવણને મારી નાખ્યા નથી."

હવે જમસુ તદન ગુચવાઇ ગયો. માણકશાહ મુકાદમનાં ખૂનનો શક કાવલા ઉપર લઇ જવાને કશો આધાર રહ્યો નહી. અગરજો કાવલાને લલચાવવા જેટલી કીમતનો કાંઇ પણ અવેજ મરનાર પાસે હોય નહી તો કાવલો તેનું ખૂન શા વાસ્તે કરે? પણ ત્યારે વળી કાવલો નવા ધંધામાં પડવાના પૈસા કયાંથી લાવે? અને તેની બટકબોલા બેહલાના કેહવા મુજબ એક એસ્કી બૈરીના ખર્ચાલા શોખ પછી કેમ બને?

"અરે! હા શેઠ, પૈસાની વાતપરથી મને એક બીજી વાત યાદ આવીછ." જમસુ નાસિપાસ થઇ પાછો ફરતો હતો તેવામાં બેહલો તેને થોભાવાને બોલ્યો. "મરનાર શેઠ પાસેથી વસિયતનામાને બદલે જે કાગળ્યું નિકળી આવ્યું તેમાં તેવણ તો ખાલી હાથના અને સુકાટાટ માલમ પડયા. ત્યારે મને તે નવી વાત ઘણી નવાઇ જેવી લાગી હતી. તે મને હમણાંજ યાદ આવી."

"તે શું વાત છે?" જમસુએ આતુરતાથી પુછ્યું, અને તોપણ તે આતુરતા બેહલાથી છુપાવીને પુછ્યું.

"જોવની સાહેબ? વાત જરા લાંબી છે. તમે બેસો—બેસીને સાંભળો" બેહલાએ ધીરજથી વાતનું મંડાણ કીધું. "બેહસ્તી ગુજસ્યા તેની આગમચની રાતની એ વાત છે. હું કાવલાની ઓરડીની બાહારથી દાદરનું બારણું બંધ કરવા આવેલો હતો, ત્યારે શેઠના ઓરડામાંથી શેઠ કાંઇ મોટો ડહવારો કરતા હોય એવા અવાજ મારે કાને પડયા. તે ઉપરથી શું ગડબડ છે તે સાંભળવા હું શેઠનાં બારણાં સુધી ગયો અને જોયું તો અડધું બારણું ઉઘાડું હતું અને શેઠ પેસતનજી ચીના સાથે વાત કરતા હતા. ત્યારે મેં શેઠને આ બોલો બોલતાં સાંભળ્યા કે 'જો પેસુ યાદ રાખ મને કાલ ને કાલ વીશ હજાર રૂપીયા તારે ભરવા જોઇશે. તું કાંઇ હીલાંબાહાણાં કાહાડશે તે ચાલશે નહી, અને જો રોકડા વીશ હજારની નોટ મારા હાથમાં નથી મુકી તો મારી ભાણેજ તુંને નહી મળશે. પૈસા નહી આપશે તો તારાં લગ્ન નહી થશે. પણ તેને બદલે તેજ સહવારે ચીનના મારા વકીલ પર તાર જવાને થશે કે એકદમ તારી પેહડી બંધ કરાવે.' શેઠ ચીરડાયલા હતા અને તેવણની બોલવાની રીત ઘણી કરડી હતી. તેથી આ પ્રમાણેનો એકે એક બોલ મેં સાંભળી લીધો હતો."

બેહલાના આ એકરારથી જમસુનાં મગજ ઉપર જાણેકે એક નવોજ પ્રકાશ આવી પડયો. તેને તેજ વખતે તુર્ત તુર્ત લાગ્યું કે આ તેની પ્રિયાને પજવનારો પારસી ચીનો તેજ કાં નહી મરનારનો ખરો ખૂની હોય? પેસુ ચીનાનું આ કામ હોય એ વિચાર તેનાં મનમાં આગળ આવ્યો હતો. પણ તેનો એવું કામ કરવાનો હેતુ સુઝ નહી પડયાથી તેને એ વિચાર છોડી દેવો પડયો હતો. આજે આ વાત ઉપરથી તો પેસુ ચીનાનો હેતુબી મળી આવેછે. મરનારે તેની પેહડી બંધ કરાવવાને ચીનમાં તાર કરવાની ધમકી આપી હતી તે ધમકીનાં વેરમાં તેણે ખૂન કીધું કાં નહી હોય? એ ધમકીથી પેસુ પોતાનો નાશ થવાને માટે બીધો હોય, તે મરનારના શખત સીકંજા તળે આવી ગયો હોય, અને તેમાંથી છુટો થવાને તેણે એકજ સપાટામાં મરનારની જીંદગીનો અંત આણ્યો હોય.

પ્રકરણ ૧૪૦ મું.

પેસુ ચીનાપર ધાડ.

પોતાની પાછલી તલાશથી જમસુ જસાવાળાની ખાતરી થઇ. તેનું દિલ ઝડપથી ચાલવા લાગ્યું. ખૂનનો પત્તો પકડવાના ખરા માર્ગ ઉપર હવે તે આવ્યો હોય એવું તેને જણાયું. પોલીસ ડિટેકટીવનાં કામમાં તે પોતાને કુશળ સમજવા લાગ્યો. માણુકશાહ મુકાદમનાં મરણનો એક ભયંકાર ભેદ છે તો ખરો. તે ભેદ પ્રજાને ગુચવાડામાં નાખેછે એ પણ ખરૂં. એ ભેદને માટે જમસુના શક જેઓની ઉપર પેહલા ગયા તેઓનીજ ઉપર તે મજબુત વધારી શકયોછે એ પણ ખરૂં. કાવલા ચાકરની ચાલ ભેદભરેલી બલકે ગુનાહભરેલી છેતો ખરી. પણ એ ચાકર મુખ્ય અપરાધી હોય એવું જમસુને લાગ્યું નહી. પ્રથમ પાપભાર તેની પીઠ ઉપર હોવાને બદલે તે કોઇ પ્રથમ પાપીનું હથિયાર હોય એ વધારે સંભવીક હતું. તે પ્રથમ પાપી તો જમસુને પેસુ ચીનો જણાયો. મરનારને મારી નાખવામાં કાવલાનો તો કાંઇ હેતુજ મળતો નથી, પણ પેસુ ચીનાનો તો પૈસા સંબંધી હેતુ વટીક મળી આવ્યોછે. માટે હવે એ પારસી ચીનાને પકડવો, અને તેની પુઠે લાગવું એ જમસુને પોતાની પેહલી ફરજ જણાઇ.

"વારૂં બેહલા, પેસ્તનજી ચીના કયાં છે?" જમસુએ તલાશ આગળ ચલાવી. "તેવણ કયાં રેહેછ! આજ ઘેરમાં, કે કેઠે બાહાર! તેવણ પુણામાંજ છે કે પુણું છોડી ગયાછ?"

"નહીરે સાહેબ, એવણતો પુણામાંજ છે. પણ 'ચીનાબાગ' વેચવા કાહાડયોછ એટલે તેવણ તો રેલવે સ્ટેશનની સામેનાં પારસી હાટલમાં જઇ રહ્યાછ. ખરશેદબાઇ સાથ પરણ્યા પછી તેવણ તુર્તજ ચીન ઉપડી જનાર હતા. તેવણને ચીનમાં ઉતાવળનું કામ હતું, અને ચીન જવાની તેવણે પેસેંજ પણ લઇ રાખેલી હતી. તેટલા વાસ્તે તો ખરશેદબાઇનાં લગ્નની મરનાર શેઠે ઉતાવળ કીધી. પણ માણુકશાહ શેઠના ગુજરવાથી વાત બધી ફરી ગઇછ, અને પેસ્તનજી ચીના અંહીજ રહી પડયાછ," બેહલાએ ખબર આપી.

"હં! પારસી હાટલમાં! હુંબી ત્યાંજ રેહેવા ધારૂં છ," જમસુએ પોતાનો વિચાર આપ્યો. તે છેલો ખટલીને સમજાવવા પુણે આવ્યો હતો ત્યારે એજ હાટલમાં ઉતરેલો વાંચનારી બાનુઓ યાદ કરશે.

"બહુ સારૂં, સાહેબ," બેહલાએ તેની ધારણાને ટેકો આપ્યો. "પેહલા નંબરનું હાટેલ છે. સાહેબના સરખા શેઠ લોકો બધા ત્યાંજ ઉતરેછ."

અને હવે પોતાનું સઘળું કામ પુરૂં કરીને જમસુ ત્યાંથી વિદાય થયો.

"પણ ભાઇ, હું જાઉં તેની અગાઉ એકવાર ફરીથી અહીંના સામાન ઉપરે નજર કરી જઇશ," તેણે જતાં જતાં વધાર્યું. "જો કાલે સહવારે અહીં પાછો આવું તો કાંઇ અડચણ છે?"

"નારે સાહેબ. અડચણ શાની? ઘેર તમારૂંજ છે. ગમે એટલી વખત આવજોની."

જમસુ અંહીથી પાધરોજ સ્ટેશનની સામેનાં પારસી હાટલમાં ગયો. જતાં જતાં તેણે "ચીનાબાગ" ના ઓટલા ઉપર કાવલાને પાછો પીને ટેં થયલો આરામ ખુરશી ઉપર લેટેલો જોયો. તે પદવીએ વધેલો ચાકરડો જમસુને જોઇને જરા પણ હીલ્યો કે ઉઠયો નહી, અને જમસુ તેને "સાહેબજી કાવલાજી શેઠ" એમ સલામ કરીને જતી વખતે તે રોબમાં ને રોબમાંજ "સાહેબજી" કરીને ખુરશી ઉપર પડી રહ્યો.

હાટલમાં એક માણસ જમસુની વાટ જોતો હતો. તેણે સહવારે કલ્યાણીમાં મી૦ વીકાજી વકીલ ઉપર કરેલા તાર મુજબ તેવણનો ભાગ્યો મી૦ ભીખાજી ભમરા વળતી ત્રેનમાં દોડી આવેલો હતો. તે એક ઠીંગણો અને જાડો જુવાનયો હતો, કે જે વીકાજી કરતાં નાની ઉંમરનો હોવાથી અજમાયશમાં ઉતરતો જેવો જમસુને જણાયો. વીકાજીને કોર્ટમાં કામ હતું તેથી તે આવી નહી શકવાથી જમસુ નાસીપાસ થયો તોપણ જે છે તે ગણીમત જાણીને તે મી૦ ભીખાજીને એક એકાંત ઓરડામાં જમવા લઇ ગયો, અને ટિફિનપર બેસ્તાં તેની સાથે વાતો ચલાવી. કાંઇ પણ વખત ગુમાવ્યા વગર તેણે સઘળી બીના ભીખાજીને કહી

સંભળાવી, અને મરનારની લાશ ઉપર કારોનરની પેહલી જુરી વેળા મી૦ ભીખાજી વકીલ પોતે હાજર થયલા હતા તે ઉપરથી તેવણુ ખટલી સામેની ફરીયાદીની વિગતોથી વાકેફ હોવાને લીધે મી૦ ભીખાજીને સઘળી બીના સમજાવતાં જમસુને કાંઇ મેહનત પડી નહી. પોતે આજે મેળવેલી સઘળી બાતમીની વિગત સુધી તેણે વર્ણન કીધું. ખટલીને તે પરણેલો હતો, અને તેના ભર્થાર લેખે મદદ કરવાને તે ખંતી હતો એ સઘળી બીના મી૦ ભીખાજીએ ઘણાં ધીરજથી કાગળ ઉપર નોધતાં અને પોતાના ચશ્માની ઉપરથી ઘણીજ અચરતી સાથે જોતાં સાંભળી લીધી, અને પછી ઉંડા વિચારમાં બેસી રહ્યા.

"શું ધારોછ, મી૦ ભીખાજી ? એ પેસુ ચીનાનુંજ કામ હશે કે નહી ?"

મી૦ ભીખાજી તો કશો જવાબ આપ્યા વગર વિચારમાં ને વિચારમાં એવા બેસી રહ્યા કે જમસુને પોતાનો સવાલ પાછો પુછવાની ફરજ પડી.

"જો એ કામ તેનુંજ હોય તો તે અત્યાર સુધીમાં તો પુણેથી નાહાસી જવો જોઇયે." મી૦ ભીખાજી ઘણાજ ભપકાથી બોલ્યા.

જાણેકે પોતાનું મોહડું એક ખજાણાની ડાબલી હોય અને પોતાના બોલો કાંઇ હીરા મોતી હોય અને તે ફોકટ ગુમાવવાને ખુશી નહી હોય, તેમ આ વકીલ સાહેબ પોતાનાં મોહોડાંની ખજાણાની ડાબલી જરા જરા ઉઘાડીને એક એક બોલ જાણેકે ગણી ગણીને બાહાર પાડતા હતા.

"એ તમારી વાતતો ખરી છે, સાહેબ, પણ પોતાની ઉપર શક નહી જાય એટલા વાસ્તે આપણને ઠગવા સારૂં તે ખામખા પુણામાં રહ્યો હોય," જમસુએ તકરાર લીધી.

"તેમ જો હોય તો એ પાકો ચોર નહી," ભીખાજીએ મત આપ્યું. "એમ નાહાસી જવાનાં બાહાણાં એની પાસ પુરતાં હતાં, માણકશાહ શેઠનાં મરણ અગાઉ તે ચીનતો જવાનોજ હતો; તેણે ચીનની પેસેજ તો લઇ રાખેલીજ હતી, અને તે મુજબ તેનું જવું તો તેના બચાવની તરફેણમાં છે. એના ઉપર શક લઇ જવાનું કોઇને કારણ નહી હતું ? ત્યારે જો તે ગુનેહગાર હોય તો જતો રેહેવોજ જોઇયે. પણ તમે કેહોછ કે તે તો આ હોટેલમાંજ રહેલોછે ?"

"હાજી."

"ત્યારે તો વધારે સારૂં. અંહીને અંહી આપણે એની ઉપર નજર રાખી શકીશું."

"તે કેમ બનશે, સાહેબ ?" જમસુએ મુશ્કેલી બતાવી. "દરવાજાઓ અને દેવાલોની વચેથી આપણે જોઇ શકયે તોજ એ ધણી ઉપર આપણે નજર રાખી શકયે. આપણે અંહી બેઠેલા છીયે તેટલાંમાંજ એ પુણેથી નાહાસી ગયો હશે."

"નહી, નહી. એનેથી પુણેથી જવાય એમ નથી." મી૦ ભીખાજીએ તો જમસુને સામી ખબર આપી. "હું મારી સાથે એક માણસ લઇ આવેલો છું, તેને મેં ખામખા એ પારસી ચીનાની હીલચાલ તપાસવાને જાસુસ દાખલ બેસાડેલો છે."

"એટલે ! તમે એ ચીનાની વાત અગાઉથી કેમ જાણો ?" જમસુએ અચરત થઇ પુછ્યું. "તમોને તો બધી વાત પેહલવેહલી મેં હમણાંજ કહી !"

"નહી, નહી, સાહેબ," જમસુને અચરત કરનારી આ વાત ભીખાજીએ આગળ ચલાવી. "હું અંહી આવ્યોછ ત્યારનો કાંઇ આળસુ બેઠો નથી, અને તમે મને ખબર આપો તેની વાટ જોતો બેઠો નથી. મેં અંહી આવીને મારી મેળેજ પોંહચખાનાના કારભારીથી ઘણીક પરપુછ ચલાવીછ, અને તમારી ધણીયાણી ઉપરનાં તોહમતની સઘળી બાબદ સાંભળી લીધીછ. તે ઉપરથી તમે મને અંહી શું કામ બોલાવ્યોછ તે હું સમજી ગયોછ, અને ત્યારથીજ મેં મારા માણસને પેસુ ચીના ઉપર જાસુસ બેસાડયોછ."

"ત્યારે શું સાહેબ, તમેબી એમ ધારોછ કે પેસુ ચીના——"

"સાંભળો, મી૦ જમશેદજી !" ભીખાજી ભમરા તેની બોલવાની વચે પડયા. "હું ધારતો કાંઇ નથી. ધારવાનો અમે વકીલોનો ધારો નથી. અમેતો પુરાવા તપાસીયેછ, અને પુરાવાને માટેજ થોભીયેછ. અગરજો હું ઠાળી ધારણાઓની કલ્પના કર્યા કરૂં તો પુરાવાઓ તપાસવાને મારી પાસે ભેજું સલામત રેહેજ નહી. હવે આ કેસમાં પુરાવા શું છે તે

આવતી કાલે મુલતવી રાખેલી જુરીની તપાસમાં પોતાની મેળે આપણુને માલમ પડશે."

બીખાજી ભમરાના આ ભેદ અને ભરમભરેલા બોલો ઉપરથી જમસુ કશો સાર કાહાડી શકયો નહી. તે ગુપચુપ બેસી રહ્યો, અને બીખાજી સાથે જમીને પાછો તેવણુને છોડીને સીટી જેલમાં પોતાની બાયડીને મળવા ગયો. ખટલી આ અડધા દાહડાનાં કેદખાનાથી કંટાળી ગયલી હતી, તોપણુ જમસુએ જોયું કે આવાં એક ભયંકાર તોહમતની તલવાર માથે ટીંગાઇ રેહેવાથી એક ખરો અપરાધી જેવો દુઃખી અને ઇંતેજાર થઇ રેહે, તેવી આતુરતા ભરેલી ખટલીની હાલત નહી હતી.

તે પોતાના વ્હાલા વરને પાછો આવેલો જોઇને ખુશી થઇ, અને જાણેકે તેની વાર જોતી હોય તેમ ઉલટથી બોલવા પડી ગઇ.

"જમશેદ, જમશેદ, મેહલાશાહ મામા મને આજે મળી ગયા જો! મારી નાડ જોઇ! જીભ તપાસી! અને મને કૌવતીની દવા, પોર્ટવાઇન અને સેરવો પીવા ફરમાવી ગયાછ. મને અહીં જોવાથી બિચારા મામાનું દિલ તદન ભાગી ગયું, અને મને કોટી કરતાંની વાર રડી પડયા. મેં એવણુને આજે પેહલાંજ રડતા જોયા. જમશેદ તમે મારી સામે તમારૂં દિલ સદાનું બંધ કીધું એવી ધાસ્તી કાલ રાત્રે મારાં દિલમાં તમે ઉપજાવી તે વખતે મને જે કાંઇ લાગી આવ્યું હતું તેના કરતાંબી મારા મામાને આવી હાલતમાં જોવાથી મને વધારે દુઃખ લાગ્યુંછ."

"હા ખટલી, મેં મારૂં દિલ તારી સામે સદાનું બંધ કરવા ધારેલું ખરૂં, પણુ તું જોયછ કે તે મેં પાછું ખુલ્લું કીધુંછ. તારી ઉપરનાં દુઃખે મારાં દિલના દરવાજા ઉઘાડી નાખ્યાછ, અને તુંને મેં પાછી તેમાં દાખલ કીધીછ."

"ખરેખર જમશેદ મેં તમારૂં એ દયાળું દિલ ધારીજ રાખ્યું હતું. હવે મારી નાદાનયત બધી ભૂલી જઇશ; પણુ તેની સાથે આપણે મિસિસ શ્યાવક્ષાને ત્યાં પેહલાં મળ્યાં હતાં, અને એલફીનસ્ટન સર્કલના બાગમાં છોકરાંઓને ફેરવવા લઇ જતી બખ્તે તમે રાજાપાદશાહની વાતો કરીને બધાંને હસાવતા હતા તે દાહડા તો આપણે કદી ભૂલશું નહી."

"નહી ખટલી, હું કશું ભૂલી ગયો નથી."

"ને વ્હાલા ધણી, મારી ઉપરનું આ વાદલ વીટી જશે ને હું કેદખાનેથી છુટી થઇશ, પછી તમોને એક ચીજ દેખાડીને અચરત કરીશ."

"તે શું ચીજ છે, ખટલી?"

"તે એક ચોપડી છે. આપણાં નાદાનીનાં એડાંની ચોપડી છે. તેમાં તમે મને પેહલા કેવા મળ્યા, અને આપણે શું શું વાતો કીધી તેની બધી દરરોજની નોધ લખી રાખેલીછે!"

"ત્યારે તો ઘણુંજ સારૂં. તે ચોપડી તો મને ઘણીજ ગમશે. તે વાંચીને આપણા આગળા પ્યારની બધી વાતોથી હું ખુશ થઇશ."

"તે વાંચીને તમે મારી નાદાનીપર હસશો."

"હસવાને બદલે રડીશ તો ખરો! કાંકે ત્યાર પછી આપણે અંતે કેવાં છુટાં પડયાં તેની યાદ મને ગમશે નહી."

પ્રકરણ ૧૪૧ મું.

જુરીની તપાસની અજાયબીઓ.

બીજે દાહડે બપોરે મરનાર માણુકશાહ મુકાદમની લાશ ઉપર મુલતવી રાખેલો પંચ અથવા જુરી સ્ટેશનની સામેનાં પારસી હાટલમાં પાછી ભરાઇ. હાટલને નીચલો ઓરડો જુરીના મેમ્બરો, પોલીસના તથા બીજા સત્તાવાળાઓ, શાક્ષિઓ તેમજ પુણાના "ખાસ" અને "આમ" લોકોથી ભરાઇ ગયો.

ખટલીને પોલીસે પકડીછે તથા તેને આ તપાસ વખતે રજુ કરનાર છે, એ ખબરથી આખ્ખાં ગામમાં ઇંતેજારી ફેલાઇ, અને પુણાના "ખાસ" પારસીઓમાંના જેટલાથી "અવાય તેટલા જોવાને હાજર થયા. અલબતાં એમાં પેલાં સર્દાવાળાંઓ તથા દારૂવાળાંઓ અને હાનરેબલ હીરાજીવાળાંઓ વગરે સઘળાં હાજર હતાં. શું તેઓએ ખટલીને ચાહેલી નહી હતી? અને કોઇએ પોતાની "બેહન"

તો કોઇએ પોતાની "દીકરી" તરીકે તેને બોલાવી નહી હતી? શું તેઓએ તેણીની આબરૂ કરવા ઉપર મરી ફીતેલાં નહી હતાં? ત્યારે શું તેઓને તેણીને વિષે કાંઇ દયા યા દિલસોજી લાગેજ નહી? અથવા દયા અને દિલસોજી નહી તો પોતાની એક માનિતી સહી અને દોસ્ત ઉપર આવો દોષિત ડાઘ આવી પડે તેની નામોશી, અને હીણપસ્તીબી તેઓને નહી લાગે વારૂં? અને તે નામોશીમાંથી તે નિર્દોષ ઠરીને છુટી જાય એ શું આ મોટા લોકોની આબરૂને માટે જરૂરતું નહી હતું? અને તેટલામાટે શું તેઓને જુરીની આ તપાસ સાથે લાગતું વળગતું નહી હતું? ખટલીની પોતાની બેઇજતી, તેનો પોતાનો અપરાધ અને જો તે નિર્દોષ હોય તો તેને પોતાને ઉપજતું દુઃખ આ લોકોને એટલુંબધું લાગતું નહી હતું. એ એકલપેટાં મોટાં લોકોને મનથી તેમનીજ આબરૂ તેમને વ્હાલી હતી, અને પોતાની સંફની એક માનિતી સખીને આવી રીતે ખૂની દાખલ ઉભી કીધેલી જોવાથી તેમનાં પોતાનાં આબરૂદાર મંડળને માઠું લાગેલું તેઓ સમજતાં હતાં.

"બાપરે! માયરે!" સર્દીનાં ધનબાઇજી બોલતાં. "કેવું ભયંકાર! આપણી સાથે મળતી ને બેસ્તી ઉઠતી એ છોકરીએ પોતાના મામાને ઝેર દીધેલું સાબેત થાય તો આપણને કેવું નરસ લાગશે!"

"નરસ લાગશે?" દારૂવાળાનાં દીનમાય એકમત થયાં. "કેહોની માય, કે આપણું તો નાખજ કપાઇ જશે. ને વળી મુવાં નિંદાખોરો આપણને ગળે નહી પડશે કે આપણે એ છોકરીને શિખવીને મામા મુકાદમનું ખૂન કરાવ્યું?"

આવા આવા વિચારોથી જુરીની તપાસમાં પુણાના "ખાસ" પારસીઓની ભીડ થઇ હતી. મામા મુકાદમનાં મોતને દાહડે ખટલી નાહસી ગઇ એટલે તેજ ખૂન કરીને નાહસી ગઇ એતો આખાં પુણા શેહરે નકી કરી રાખ્યું હતું. અગરજો મરનાર પોતાની ભાણેજને લાખ બે લાખ આપી ગયા હોત તો લોકમત તે બિચારીની વિરૂધ મજબુત થાત નહી. લાખ બે લાખ રૂપીયાનું માણસ કદીબી ખોટું કામ કરે એ તે લોકોના માન્યામાં આવત નહી. પાર્લામેંટના મેંબરો, કાઉન્સીલના મેંબરો, અને કારપોરેશનના મેંબરો, સર્વની યોગ્યતા અને આબરૂને માટે પૈસાનું જે માપ મુકરર કરેલુંછે તે માપ આખી દુનિયામાં દરએક પદવીના માણસને લાગુ પડેછે. ખટલી જેવી લખપત્નિને ખુની કોણ વિચારત? પણ એ તો જેવી ખાલી હાથે આવી હતી તેવી ખાલી હાથે પાછી ગયલી ખટલીજ શું ખૂન કે શું બીજા કોઇબી અપરાધને લાયકની ગણાઇ.

પણ વળી ખટલીનો આ વર કોણ નિકળી આવ્યો? એ પુણાના "ખાસ" પારસીઓની મોટી અચરતી થઇ પડી. તેના વરની આ નવી વાતે તો ગામમાં નવા ગપાટા ફેલાવી મેલ્યા. પોલીસ ખટલીને તેના વરની સાથે પકડી લાવીછ તે વાતને ફેલાઇ જતાં કાંઇ વાર લાગી નહી, અને તે ઉપરથી તેણીને બદનામી લગાડનારાં બુરૂં બોલનારાંઓના બનાવટી બુટાને પણ વાર લાગી નહી.

"જુવો રે માય," તે પરવારતી જીજો બોલવા પડી. "આટલી સરખી દુકતીએ આપણે બધાંને ઠગ્યાં. રાંડતો કેઠી પરણેલી હતી તોબી આપણી આગળ કુઆરીમાં ચાલ્યા કીધી. ઉંચા ઉંચા પોશાકો પેહરયા, ને મોટા લોકોમાં મોરની ચાલે તીતર ચાલી, અને આપણી દીકરીઓની બરોબરની થવા ગઇ, અને આપણી દીકરીઓ ઉપરથી આપણા દીકરાઓની નજર મુકાવીને પોતાની ઉપર બધી નજર ખેંચી લીધી; ને રાંડે તો વળી આપણા ધણીઓ ઉપર પણ નજરબંદી ચલાવી, અને સેવટે તો ઘાતકી હાથ ચલાવનારી એક કસાઇ નિકળી." એવી એવી નિંદાથી "ખાસ" પુણા હલમળી રહ્યું અને તેને લીધેજ કારોનરની કોર્ટમાં માટીડાઓજ નહી પણ બૈરાંબી એકઠાં મળ્યાં. ખટલીનો એ વર કોણ છે, કેવો છે, તે જોવાની તેઓની બળતી જીગ્નાશા સળગી હતી, અને વળી એવી એક વહુનો વર કાંઇ બૈરી કરતાં ચાલનો ચોખો હોય નહી એ તેઓએ આગમચથી મત બાંધી રાખેલું હતું.

રાવજી જમાદાર ખટલીને લઇને આવ્યો એટલે આખી કોર્ટમાં સર્વેના જીવને ચટપટ થઇ રહી. તેણીની બાજુએ તેનો વર હતો. અને તે ખટલીને બરાબર બેસાડીને પછી

મી૦ ભીખાજી ભમરાની પાસે જઇ બેઠા ત્યારે તેને જોવાને કારોનરે ચશ્મો ચહડાવ્યો. કલેકટર, આસિસ્ટંટ કલેકટર, માજીસ્ટ્રેટ, સઘળાઓ આપસ આપસમાં એક એકના કાનપર પડીને વાત કરવા લાગ્યા.

"છેતો ઘણો ખુબસુરત જુવાન્યો હો!" દારૂવાળાનાં દીનમાયે સદાનાં ધનબાઇજીના કાનપર પડીને કહ્યું. "લાગેછ તો કોઇ મોટાં ખાનદાનનો છોકરો."

"હશે તો કોઇ ભાબરલુજોરે માય! વળી એવી મેરીનો વર તે સારાં માણસનો દીકરો કોણ થવા જાય?" સદાનાં ધનબાઇજીએ જવાબ દીધો.

"સારૂં થયું, માય, કે તમારા દીકરાનું એની સાથે નહી સંધાયું!" દારૂવાળાનાં દીનમાયે દયા ખાધી. "નહી તો કે બિચારો જાંગીર કેવો ફસી ગયો હતે!"

"હારે માય, એ તો ખોદાએજ જોયું, ને કાંઇ અમારા વડાઓનાં પુનજ આડે આવ્યાં!" જોકે ધનબાઇજીના દીકરાને ખટલીએજ ના પાડયો હતો તોપણ ધનબાઇજીએ પોતેજ જાણે કાંઇ આભાર કીધો હોય તેમ વડાઇ લીધી.

થોડી વારમાં અધુરી રહેલી તપાસ આગળ ચાલી. ઘણાક સાક્ષિઓનું આગળ બોલેલું જેનું તે પાછું આવ્યું.

પણ મુખ્ય ઈંતેજારી પેસુ ચીનાની શાક્ષીએ પેદા કીધી. મરનારને બીછાણાંમાં મુવેલો પેહલવેહલો જોનાર તે હતો. તે તેવણને કયારે ઉઠાડવા ગયો, કેમ મુવેલા જોયા, તે સઘળી બીના તેણે પોતાનાં હંમેશનાં થંડાં ઠાવકાપણાંથી કહી સંભળાવી.

એજ વખતે મી૦ ભીખાજી ભમરા તેની ઉલટપાલટ તપાસ ચલાવવાને તૈયાર થયા.

"તમે કેટલે વાગતે મરનારને છેલા જીવતા જોયા હતા?" કારોનરે પેસુ ચીનાને પુછયું.

"તેવણ ગુજરયા તેની આગમચની રાતના દસ વાગતે" પેસુએ જવાબ દીધો.

"હું ધારૂંછું કે તમે રાત્રીના કોઇબી વખતે મરનાર પાસે જ્યારે ગમે ત્યારે જઇ શકો એમ હતું, નહી વારૂ?" મી૦ ભીખાજી ભમરાએ વચમાં એક સવાલ પુછયો.

પેસુ ચીનો આ પ્રશ્ન પુછનાર તરફ ચીનાઇ નવાઇથી ટીકવા લાગ્યો. તે આ જવાબ દેવાને ખુશી નહી જણાયો.

"શું હું આ પારસીના સવાલનો જવાબ દેવાને બંધાયલોછું, સાહેબ!" પેસુએ કારોનરને પુછયું.

"હા." કારોનરે તુર્ત જવાબ દીધો. "એવણ ધારાના હિમાયતી છે, અને ખરશેદબાઇ તરફથી તપાસ રાખવાને આવ્યાછે. આ તપાસને લગતા એવણ જેટલા સવાલો પુછે તેના જવાબ દેવાને તમે બંધાયલાછો."

"મરનાર પાસે જ્યારે મને ગમે ત્યારે હું જઇ શકું એટલે શું? તે હું જાણવા માગુંછું?" પેસુએ પાધરો જવાબ દેવાને બદલે, સામો પ્રશ્ન પુછયો.

"એટલેકે તમારા ઓરડાનું બારણું અને મરનારના સુવાના ઓરડાનું બારણું ખુલ્લું હોવાથી તમે જ્યારે ચાહો ત્યારે મરનારના ઓરડામાં જવાને છુટા હતા કે નહી?" મી૦ ભીખાજીએ વધારે ખોલાસાથી પોતાનો પ્રશ્ન પાછો પુછયો.

"મરનારના સુવાના ઓરડાનાં બારણાને તો રાત્રે કળ દેવાતી હતી." પેસુ બોલ્યો.

"તે તો આગળાં બારણાને" મી૦ ભીખાજીએ હુજતથી પુછયું. "પણ હું તો મરનારના ઓરડાના પાછલાં બારણા વિષે પુછુંછું?"

"તે તો પાછળા દાદરનું બારણું હતું. અને તે તો ચાકરોની આવિજાવનું બારણું હતું." પેસુ તિરસ્કારથી બોલ્યો, જાણેકે ચાકરોનો દાદર અને ચાકરોનું બારણું તેના વપરાસનું સમજીને તેને ચાકરોની સપાટી ઉપર મુકવામાં મોટું અપમાન થયું હોય. "તે ચાકરોને બારણે હું શું કામ જાવું?"

"શું કામ તે હું પુછતો નથી" મી૦ ભીખાજી ભમરાએ ઉલટપાલટ તપાસ ચલાવી. "તે પાછળે બારણે દાદર ઉતરી જતા તમારા ઓરડાનું બારણું પણ ત્યાંજ આવેછે, ત્યારે રાત્રીને વખતે તમોને મરનારના ઓરડામાં જવા માટે એ પાછળું બારણું વધારે સગવડ ભરેલું હતું કે નહી?"

"સગવડભરેલું હોય, પણ મને તે બારણું વાપરવાનું કારણ નહી હતું." પેસુ બોલ્યો.

"કારણ હોય કે નહી હોય તેની અંહી વાત નથી." મી૦ ભીખાજી તો એજ સવા-

લની હદે પડયા. "પણ અગરજો તમે વાપરવા ચાહો તો મરનારના ઓરડામાં રાત્રીની વખતે જવા સારૂં એ પાછળું બારણું તમે વાપરી શકો એમ હતું કે નહી?"

"મને કાંઇ તમારા સવાલની સમજણ પડતી નથી." પેસુ ચીનો એ સવાલ ઉપર ગુચવાયો.

"સમજ નથી પડતી? લાવોની, ત્યારે હું તમોને બરાબર સમજણ પાડું" એમ કહીને મી૦ ભીખાજીએ પોતાના કાગળિયાંઓમાંથી એક નક્શો કાહડીને બતાવ્યો. "મરનારનાં ઘરનો આ એક પ્લાન છે. જુવો એ પ્લાનમાં ઓરડાઓનાં નંબર આપેલાંછે. ના૦ ૧, તે મરનારનો ઓરડો છે, ના૦ ૨) વાળો ઓરડો કાવલા ચાકરનો છે, અને ના૦ ૩ વાળો ઓરડો તમારો છે. ખરૂં કે?"

"હા. બરાબર છે" પેસુ ચીનાને કબૂલ કરવાની ફરજ પડી.

"હવે ત્યારે ના૦ ૩ માંથી ના૦ ૧ માં જવાને માટે માત્ર એક દાદરનાં થોડાંક પગથિયાંજ વચે આવેછે. એ ઉપરથી તમોને જણાશે કે ફકત એ પગથિયાં ચહડવાથી તમારા ઓરડાને પાછળે બારણે મરનારના ઓરડાનાં પાછળાં બારણામાં જવાનું તમારા હાથમાં હતું. ખરૂં કે?"

"એમ છે તો ખરૂં," પેસુએ જવાબ દીધો. "પણ હું મરનારના ઓરડામાં એમ પાછળે બારણેથી કોઇ દાહડે ગયો નહી હતો."

"શું નહી? મરનાર ગુજરયા તેની આગમચની રાત્રે પણ નહી?" મી૦ ભીખાજીએ થથડાવનારા આવાજે અસરતી બતાવી. "યાદ કરો, મી૦ પેસ્તનજી યાદ કરો, તે રાત્રી કે જ્યારે મરનાર સાથ તમોને કાંઇ અગત્યની નાણા સંબંધી તકરાર અને તકરાર ઉપરથી પંચાતી થઇ હતી, તે રાત્રેબી તમે મરનારના તે પાછલાં બારણાથી શું આવજા કીધી નહી હતી? એ બારણું તે રાત્રે અર્ધ ઉઘડું હતું, અને તેમાંથી મરનાર સાથની તમારી તે સઘળી પંચાતી એક શાક્ષીએ સાંભળી હતી, તે શાક્ષી હું હમણા કોર્ટમાં હાજર કરીશ. વાસ્તે ફરીથી વિચાર કરીને કહો કે એ વાત ખરી છે કે નહી?"

આ સવાલની શાક્ષી ઉપર કેવી અસર થાયછે તે જોવાને મી૦ ભીખાજી ભમરાએ એ સવાલ પુછવાની સાથે શાક્ષીના ચેહરો ટીકી ટીકીને જોયા કીધો. તેવણે જોયું કે મી૦ ચીનાના ચીનાઇ ચેહરાના રંગમાં કાંઇ અજાયબ ફેરફાર થયો. તે ચેહરાનો રતાસ ઉડી જઇને તે ઉપર ફીકાસ ચહડી આવ્યો, જેવી પોતાનો ભેદ એકાએક જાહેર થઇ ગયલો જોવાથી તે ફગલાયલો જણાયો.

"તમે તે રાત્રે તે પાછલું બારણું વાપરયું હતું કે નહી?" પેસુ ચીનાને ચૂપ ઉભો રહેલો જોઇને હવે કારોનરે પણ એજ સવાલ પાછો પુછયો.

"નહી. કદી નહી" પેસુએ હુજત કીધી.

"ત્યારે શું તમોને પેલી નાણા સંબંધી પંચાતીનીબી યાદ નથી?" મી૦ ભીખાજીએ પુછયું.

"કોઇ ચોકસ પંચાતી મને યાદ નથી. પંચાતી જેવું કાંઇ હતુંજ નહી. હું અને મરનાર ભાગમાં વેપાર કરતા હતા, માટે નાણા સંબંધી વાતો તો અમે બે વચે રોજ થતી હતી."

"મરનાર ગુજરયા તે વખતે તેઓનું કાંઇ નાણું તમારી ચીનની પેહડીમાં રોકલું હતું કે નહી?"

"ચીનથી અંહી આવ્યા ત્યારે પોતાનું સઘળું નાણું અમારી પેહડી ખાતેથી ચુકવી લઇને મરનાર આવ્યા હતા."

"તોપણ તેઓ વેપારમાં ભાગિયા હતા અને વેપારના નફા ઉપર તેવણને કાંઇ હક હતો?"

"આજની આ તપાસ સાથ મારા વેપારને લગતી છુપી વાતોને શો સંબંધ?" પોતાની આ જાતની તપાસ સામે પેસુ ચીનાએ પ્રોટેસ્ટ કીધો. "અંહી તો મરનારનું મોત કેમ નિપજયું તેની તપાસ ચલાવવા કોર્ટ બેઠી છે, અને આ સવાલો તે તપાસથી કેવલ વેગલા છે."

"નહી નહી, અમે અમારૂં કામ જાણીયે છીયે, તે તમારે અમોને શિખવવાની જરૂર નથી." મી૦ ભીખાજી ભમરાએ તિક્ષણ ટકોર કીધી. "મરનારનાં મોતનું કારણ તો ડાકટરોની શાક્ષીથી સિદ્ધ થઇ ચુકયુંછે. તે કારણ

એમ કે મરનારનું ખૂન થયુંછે, પણ અંહી તો તે ખૂન કોણે કીધું, તે શોધી કાહાડવાને આ કોર્ટ ભરીછે. ખૂનીને પકડવા સારૂં તેણે ખૂન કરવાનો કાંઇ હેતુ હોવો જોઇયે. હવે ખૂનના શક ઉપરથી મારાં કૂલ એક બાનુને પકડવામાં આવીછે, પણ તે બાઇનો કશોબી હેતુ જણાતો નથી, માટે હું મારા સવાલમાં કાંઇ હેતુ શોધી કાહાડવા માંગુંછું."

ફોજદારી કામોમાં, વકીલાતમાં અને શાક્ષીઓ તપાસવામાં કબ્યાણીવાળા મેસ્વર્સ વિકાજી અને ભીખાજીની પેહડીનું નામ એટલું તો પંકાયલું હતું, કે કારોનરે આવી આડી અવળી ઉલટપાલટ તપાસ ચલાવતાં કદાચ કોઇ બીજા સાધારણ વકીલને અટકાવ્યો હોત, પણ તે મી૦ ભીખાજી ભમરાની આ તપાસમાં કશીબી રીતે વચ્ચે આવ્યો નહીં અને તપાસ જે રૂપ પકડે તે તેણે લેવા દીધું.

અંહી પેસુ ચીનાની તપાસ પુરી થઇ. તે છેલા સવાલનો કાંઇ પણ મનમાનતો જવાબ આપ્યા વિના ગયો, જેથી તેની તપાસ જાણેકે અધુરી રહી હોય એમ ગણાયું.

એ પછી કાવલા ચાકરને તપાસને માટે બીજી વાર બોલાવ્યો. આગળે દાહડે કારોનરે કાવલાનો જે ઝાંડિયો કાહાડયો હતો, તે એ શાક્ષી ભૂલી ગયો નહીં હતો. તે પીધેલો છાકટામાં ખપ્યો હતો, અને તેટલા માટે તેના સરખો એક ગરગરદાસ સાવધપણાનો જેટલો દેખાવ કરી શકે તેટલા આબરૂદાર દેખાવ સાથે તે આવ્યો હતો. કારોનરના સવાલોના જવાબમાં તેણે આગળા દિવસ કરતાં વધારે નવું કાંઇ કહ્યું નહીં, અને મી૦ ભીખાજીએ તેની કાંઇ ઉલટપાલટ તપાસ ચલાવી નહીં.

પણ અંહી એક નવી અને વધુ શાક્ષીનું નામ પુકારવામાં આવ્યું કે જે નામજ કોર્ટમાં હાજર રેહેલાં સર્વને એક વિજળિના સરખો ઝટકો લગાડનારૂં હતું.

"નાજાંમાય ખરશેદજી ખજુરિયા!" તે નામ હતું. એટલેકે તે ખટલીની નાદાન બેહન હતી, અને ખટલીની સામે શાક્ષી આપવા તેની એક બેહનનેજ પોલીસે ઉભી કીધી, તે ઉપર આખી કોર્ટ કમકમવા લાગી, અને તે શું શાક્ષી આપેછે તે જોવાને સઘળાં આતુર રહ્યાં. તેના મામા ડાકટર મેહલાશાહે પોતાની એ નાદાન ભાણેજને કહેલા આગળા બોલો તેવણને યાદ આવ્યા કે એ છોકરીએ પોલીસના જાસુસ રાવજી જમાદાર આગળ જે જે વાતો કબૂલ કીધી હતી તે વાતો "બેહનને ગળે બેહનનેજ હાથે ફાંસીનું દોરડું નાખવા" સરખી હતી. તે વાતના આધાર ઉપરજ રાવજી જમાદારે આજે નાદાન નાજાંને શાક્ષી બોલાવી.

નાજાંનો ધાટધટમ ખટલીને એટલો તો મળતો હતો કે તેનો ચેહરો જોતાંની વારજ તે કેદી ખટલીની બેહન હતી એમ સર્વ કોઇ પામી ગયા. પણ તે હંમેશની રમતિયાલ અને હસ્તી રમતી નાદાનથી ઉલટાજ ગંભીર ચેહરે અને રડતાં રડતાં સુજી આવેલી આંખોએ તથા સોહરી કાહડેલું લાલ નાકે આવી ઉભી હતી.

નાજાંનાં મનમાં એકજ ખયાલ હતો અને તે એ કે ખટલી ખચીત ફાંસી જવાની છે અને તેનું ફાંસીએ જવું મારી નાદાનિયતનું પરિણામ છે. તેથીજ તે આખી રાત રડયા કીધી હતી અને તેવીજ હાલતમાં તેને કારોનરની કોર્ટમાં લાવીને ઉભી કીધી હતી.

ખટલીને આ કોર્ટમાં કેદી તરીકે પકડી આણેલી જોતાં વારજ નાજાં રડી પડી અને તેની આગળથી પસાર થતાં તેના કાનપર પડીને બોલી કે "ખટલી મારો કાંઇ વાંક નથી, પણ મને માફ કરજે."

નાજાંને ઉભી કરીને સોગંદ આપ્યા અને પછી તેના મામાનાં દવાખાનામાં એક દાહડે તેની બેહન ખટલી આવી અને દુઃખતા દાંતને માટે "લાડનમ" નામની દવાને બદલે "પ્રુસિક આસિડ"નું ઝેર એક શીશીમાં નાખી લઇ ગઇ તે સઘળી બીના નાજાં જેટલી જાણતી હતી તેટલી વિગતથી કહી સંભળાવી. શીશી જોઇને શાક્ષી હેબતી ગઇ હતી અને શીશીના કડવી બદામના વાસ ઉપરથી પામી ગઇ હતી ત્યારસુધી તેણીને પુછવામાં આવ્યું અને તે સઘળું તેણીએ કબૂલ કીધું.

પણ એટલાજ એકરારમાં નાજાં મુગી રહી નહીં. મામામામાને ઝેર દેવાનો ખટલી ઉપર વાંક લાગુ પાડવા સારૂં આ સવાલો તેને પુછવામાં આવ્યાછે, એવું તે પામી જઇને એક વધુ વાત તે પુછયા વગર બોલી ઉઠી.

"પણહું જાણુંછ કે ખટલી અમારાં દવાખાનામાંથી ઝેર શું કામ લઇ ગઇતી તે" નાજાં બોલી.

"શું કામ, વારૂં?" કારોનરે પુછયું.

"એ કાંઇ માણકશાહ મામાને મારી નાખવા લઈ ગઇતી નહી, પણ એતો પોતેજ પોતાનો આપઘાત કરવા લઇ ગઇતી."

નાજાંના આ જવાબ સામે પેસુ ચીનાએ વાંધો લીધો કે "એક નાદાન છોકરીની બલતી અને કલ્પિત તર્કોને ગંભીર જુબાની દાખલ નોધવી નહી જોઇએ."

"પણ નાદાન છોકડી બોલે તે બોલવા દેવો," કારોનરે સુકવ્યું "જુરી જોયછે કે કેહનાર એક બચ્ચુ છે, અને તેના બોલવા ઉપર કેટલો વજન મુકવો તે જુરાંનું કામ જુરી સમજેછે."

"બિચારી મારી બેહન ખટલી ઘણી દુખી હતી." મી૦ ભીખાજી ભમરાના સવાલોના જવાબમાં નાજાં બોલી ઉઠી. "માણકશાહ મામાએ એની મરજીની ઉપરાંત એને પરણાવવા કાહડી હતી, તેથી તે ઘણીજ દુખી થઇ હતી."

"કોણ સાથ પરણાવવા કાહડી હતી?" મી૦ ભીખાજીએ પુછયું.

"પેલા પારસી સાથે" નાજાંએ પેસુ ચીના ભણી આંગલી બતાવી.

"તમારે એમ આંગલી બતાવવી નહી. કોણ સાથે તેનું નામ કહો" કારોનરે શાક્ષીને ફરમાવ્યું.

"લેવોની નામ કહું—પેસુ ચીના સાથે." નાજાં તુર્ત બોલી ઉઠી "માણકશાહ મામા ખટલીને એ ધણી સાથ પરણાવવા માગતા હતા, પણ ખટલીને પેસુ ચીનો ગમતો નહી હતો અને કદાચ ગમતે તોબી ખટલી તેને પરણી શકે એમ નહી હતું, કેમકે ખટલી તો તે વખતે પરણી ચુકેલી હતી અને તેનો વર જીવતો હતો, તે પેલો રહ્યો તેની પાસે બેઠોછ તે" નાજાંએ ખટલીની પાસે બેઠેલા તેના ભર્તારને આંગલી કરી બતાવ્યો "નકરે નાકે પોતાની બૈરીની પાસે આવીને બેઠોછ ને વળી ખૂનના ચાર્જને માટે તેની તપાસ ચલાવવા દેયછ."

આ શાક્ષીથી પેસુ ચીનાના ચટપટિયા જીવને "પાકી આવ્યું," તે બડબડયો કે "એક ગંભીર કોર્ટમાં આ બચ્ચાંની રમત પુરી થશે, પછી ગંભીર શાક્ષીનું કામ ચાલશે."

"તમે બીહો ના, મી૦ પેસ્તનજી," કારોનરે ટાહુકો પુર્યો "કોર્ટનું કામ શું છે તે તમારી સાથે અમે પણ સમજીયે છીયે."

નાજાંની ઉલટપાલટ તપાસમાં મી૦ ભીખાજી ભમરાએ કેટલાક અગત્યના સવાલો પુછીને તેની પાસેથી ઘણો ભરમ ખુલ્લો કરાવી લીધો. જેમકે—

"જયારે ખરશેદબાઇ તમારાં દવાખાનામાંથી 'પ્રુસિક એસિડ' લઇ ગઇ ત્યારે તે દુખી હતી તે તમે કેમ જાણ્યું?"

"હું જાણતીતીજ કે એને પેસુ ચીનો ગમતો નહી હતો" નાજાં બોલી "આવો મજેનો શોભિતો વર મુકીને ચપટાં નાકવાળાં એક ચીના સાથ કોણને પરણવા ગમે?"

"પણ તને કેમ જાણતાંતાં?"

"બધું આખું ગામ જાણતુંતું ને શું હુંજ નહી જાણું? બેહસ્તી મામાએ ખટલીનાં લગનની ચીઠીઓ સહુ છપાવીતી ત્યારે શું હુંજ તે લગનની વાત નહી જાણું?"

"પણ તમારી બેહન તેને પરણવા ખુશી નહી હતી, તે તમે કેમ જાણતાંતાં?"

"ખટલી પોતેજ મારી આગળ બોલીતી કે પેસુ ચીના સાથ પરણવા એ ખુશી નહી હતી."

"પણ તે આગમચથી પરણેલી હતી તેબી શું તમે જાણતાંતાં?"

"હા, તેબી મને ખટલીએજ કહેલું હતું."

"કયારે કહ્યું હતું? ઉલે દિને દવાખાનામાં આવી હતી ત્યારેજ કે?"

"નહી તેનીબી ઘણા મહીના આગાઉ. ખટલીના વરને પોતાનેબી હું ઓળખતી હતી."

"તે કેમ? શી રીતે? ને કયારે?"

"ઘણા મહીનાની વાત ઉપર એવણ મારા બંનેવી ખટલીને શોધવા અમારે ઘેર આવ્યા હતા, ત્યારે એકલી મનેજ મળીને પુછી ગયા હતા, ત્યારે હું ખટલીનો વર થાઉંછ એમ કહી ગયાતા."

"તે કોણ હતો? આ મી૦ જમશેદજી જસાવાળાજ કે?"

"હા એવણ ખટલીની પાસે બેઠેલાછે, તેજ."

"અને શું એ વાત તમે તેજ વખતે ખરી માની હતી?"

"હા. મેં વધારે એમ માન્યું કે પછી મેં ખટલીને એ વાત પુછીતી ત્યારેજ ખટલીએ કબુલ કીધું હતું કે 'એ તો મારા વર થાય.' પછી હું કેમ નહી માનું?"

"અને પછી એ વાત તમે કોઈનીબી આગળ કહી હતી?"

"નહી. એ ભેદ છુપો રાખવા ખટલીએ મને સોગંદ આપ્યા હતા, તેથી એ વાત મેં બધાંથી છુપાવી રાખી હતી."

"તે, જ્યારે તમારી બેહન નાહસી ગઈ અને તેના ઉપર મામાનું ખૂન કરવાનો શક આવ્યો ત્યારેબી તમે છુપાવી રાખી? શું તમારી બેહનના બચાવને માટેબી તમે એ વાત કોઈની આગળ બોલ્યાં નહી?"

"નહીંજતો. હું ધારતીતીજ કે ખટલી નાહસીને એના વર પાસે ગઈ હશે તો બધી વાત પોતાની મેળે માલમ પડશે. બિચારીપર જુલમ આવી પડયો, ત્યારે તે શું કરે? તે જીવપર કરે અથવા વરની પાસે નાહસી જાય."

"પણ તેને જીવપર કરતી અટકાવવા સારૂંબી તમે કોઈને કહ્યું નહી?"

"મેં ધાર્યું કે એના વર એને જીવપર કરવા નહી દેશે, એટલી મને ધીરજ હતી, તોપણ મેં મારા મેહલાશાહ મામા આગળ ધાસ્તી દેખાડી હતી કે ખટલીએ જીવપર કીધું હશે."

અંહી નાજાંની અગત્યની શાક્ષી પુરી થઈ.

તેને પોલીસે તો ખટલીની સામે શાક્ષી આપવા બોલાવી, ત્યારે ખરેખર તો તે ખટલીની તરફેણની શાક્ષી આપી ગઈ. તે જતાં જતાં ખટલી તરફ એક પ્યારભરી અને મીઠી નજર આંસુભરી આંખોએ કરીને ગઈ.

ખટલી આ સઘળી તપાસ વચે શાંત અને ચૂપ તથા અવાર નવાર પોતાના પ્રિય પતિ તરફ પ્રેમી નજરો નાખતી બેસી રહી, કે જે નજરો ઉપર અગત્ય કરીને હાનરેબલ હીરાજીના દીકરા સોલીશેઠનું વિશેષ લક્ષ ખેંચાઈ રહ્યું હતું. જમસુ જસાવાળો આજે જે જગ્યા રાખેછે, તે જગ્યા ઉપર આવવાની એક વખત સોલીશેઠે ઉમેદવારી કરેલી હતી, અને હજી પણ તે ચાહતો હતો કે તે જગ્યા તેને મળે. મરનારના ગુજરવાની આગમચની રાત્રે ખટલીએ ચીનાબાગમાંથી નાહસી જવા આગમચ સઘળી સચાઈ સોલીશેઠ આગળ કબૂલ કીધી હતી, માટે એ જુવાન શેઠિયો સઘળી બીના જાણતો હતો. અને ખટલીને એટલી બેગુનાહ માનતો કે જો જરૂર પડે તો તેના બચાવને માટે જુરીની આગળ પોતે શાક્ષી આપવાને તેણે એકવાર મનબી કીધું હતું, પણ આવી રીતે ધિક્કારમાં આવી પડેલી એક છોકરીની પક્ષ પકડવા માટે તે પોતાના બાપ અને બીજાં "મોટાં મોટિયારો" ની આબરૂથી બીહને ચૂપ બેઠો હતો. ખટલીને પરણવાની તેની ઉમેદવારી ઉપર તેની લાડકી બેહનો પીલાઈ અને દીની જે "હીરાબાગ" માં ખટલીના જેવી એક નાદાન નણંદના આવવા ઉપર અદેખાઈથી બળતી હતી, તેઓ પોતાના "શેઠિયા ભાઈ" ને પોતાની ઉમેદમાં આવી રીતે ઠગાયલો જોવાથી મનમાંતો મલકાતી હતી, પણ સોલીશેઠ ખરેખર ઠગાયલો નહી હતો અને ખટલીની આગમચની પરણેલી હાલત ખટલીના પોતાના સાફ દિલના એકરારની અગાઉની જાણતો હતો, તે વિષે તેની બેહનોને કશી ખબર નહી હતી. તેને ખટલીની આજની હાલત ઉપર ખરેખરી દયા ઉપજતી હતી અને તેવીજ દિલસોજ દયાની લાગણીથી તે આજની તપાસ વચે ખટલીના અને તેના વરના ચેનચાળા નિહાલતો બેઠો હતો.

નાજાંની શાક્ષી લીધા પછી કારોનરે પોલીસને વધુ પુરાવા લાવવા દેવા માટે વધુ તપાસને માટે જુરી મુલતવી રાખી. પણ કોર્ટ બરખાસ્ત થવા આગમચ કારોનરે મી० ભીખાજી બમરા સાથ કેટલીક મસલત ચલાવી, અને સઘળાઓએ માન્યું કે વધુ તપાસમાં મી० ભીખાજીએ સુચવેલા—બચાવ તરફના—શાક્ષીઓને બોલાવવામાં આવશે.

તપાસ અચબુચ બંધ થઈ અને અધુરી રહી ગઈ, તેથી લોકોનાં મન શાંત થયાં નહી. જેઓ એક કે બીજી તર ચુકાદો જાણવાને ખંતી હતા, તેઓને આ અધુરી તપાસથી કશી ધીરજ આવી નહી.

પ્રકરણ ૧૪૨ મું.

વકીલ સાથ મસલત.

સાંજે જુરીની તપાસ મુલતવી રેહવા પછી ખટલીને પાછો બંદીખાને લઇ જવામાં આવી, પણ જમસુને આજની તપાસથી ઘણી ધીરજ પેદા થઇ હતી. તે પોતાની બાયડીનાં નિર્દોષપણા વિષે કોર્ટ ભરાવાની અગાઉના કરતાં, કોર્ટ ઉઠયા પછી વધારે ધીરજવાન થયો. અને તેનાં કારણે ખટલીને સમજાવીને ધીરજ આપ્યા પછી તે મી૦ ભીખાજી ભમરા સાથ વધારે મસલત કરવા માટે પારસી હાટલમાં તેવણને જઇ મળ્યો. આ વખતે પેસુ ચીનાની આજની ઉલટપાલટ તપાસ ઉપરથી તેની ઉપરના જમસુના શક વધારે મજબુત થયા હતા.

"કેમ સાહેબ? પેસુ ચીના વિષે હવે શું ધાર્યું?" જમસુએ વકીલ સાહેબને પુછ્યું.

"હું ધારૂંછ કે કાવત્રું એનુંજ છે." મી૦ ભીખાજીએ કેટલોક વિચાર કરીને જવાબ દીધો. "અને હું ધારૂંછ કે હવે એ પુણે ઉભો રેહવાનો નથી."

"ત્યારે?" જમસુએ હેબતીને પુછ્યું.

"એ અંહીથી નાહસવાનો."

"શું એ નાહસી જશે?"

"હા. એને પુણામાં રેહવું ભારી પડશે." મી૦ ભીખાજીએ મજબુત મત આપ્યું "મારા સવાલોથી એ ઘણો ગભરાયોછ. હું ધારૂંછ કે આપણા શક એની ઉપર જાયછ એવું એ સમજી ગયોછ, માટે હવે એ પુણા છોડી જવાની તૈયારીમાં હોવો જોઇયે."

"વાત ઘણી સેહલ છે" જમસુએ જરા શક બતાયા ઉપરથી મી૦ ભીખાજીએ ખોલાસો કીધો. "મરનાર બુઢાજીએ પેસુ પાસેથી પૈસા નિચોવવા માગ્યા, અને પેસુ તે બુઢાજીના પગ તળે કોઇ રીતે દબાયલો હતો. બુઢાજી ચાહે તો પેસુની ચીનની પેહડી બંધ કરાવી શકે એવી તેની ઉપર સત્તા ધરાવતા હતા, માટે જો પેસુ પૈસા નહી આપે તો તેને કચડી નાખવાની બુઢાજીએ તેને ધમકી આપી હતી, પણ પેસુ પાસે પૈસા નહી હોવાથી અથવા કાહડી આપવા નહી ગમવાથી તેણે સેહલમાં સેહલ રસ્તો એ લીધો હોય કે બુઢાજીને 'પ્રુસિક આસિડ' પાઇને પોહતા કરી આપ્યા હોય."

"અને તોપણ વાંકમાંથી બચી જવાની તેણે આશા રાખી હશે. હું કદી પકડાવાનો નથી એટલું તો તેણે ખચીત ધાર્યું હશે."

"હીચકારા ખૂનીઓ બધા એમજ નબરવસ રેહછ." મી૦ ભીખાજીએ વિગતથી સમજાવ્યું. "પોતે પકડાઇ આવે એવી રીતે તેઓ ખૂન કરતા નથી. જો પકડાઇ આવવાથી બીહતા હોય તો તેઓ ખૂન કરેજ નહી. વળી આ પારસી ચીનો ચીનમાં જન્મેલો અને વસેલોછે, કે જ્યાં એવાં હીચકારાં ખૂન અહીંના કરતાં ઘણા સાધારણ અને સેહલ હોયછ. આપણા ધારા અથવા આપણા દેશની રાહરસમોનો એને ખબર નહી હશે અને તેથી જેમ ચીનમાં ચીનાઓ હીચકારાં દગા કાવત્રાં કરેછ, તેમ એ અંહી ચાલવા જતાં ફસી ગયો હશે. આ પુણાં સરખાં એક મુફસીલનાં શેહરમાં મરનારનાં મરણનાં કારણની કાંઇ પણ ખોળ ચાલશે એવું તેણે વિચાર્યુંજ નહી હશે. તે સમજ્યો હશે કે મરનાર ઘરડાજી આજારી ચાલ્યા કરતા હતા, તેને કુદરતી મોતે મુવેલા ગણીને તેની પાયદસ્ત કાહાડયા પછી સઘળું વીસરાઇ જશે. અથવા જો તેવણનાં મોત ઉપર કાંઇબી શક ઉભા થશે તો તે શકભરેલું મરણ આપઘાતથી થયલું ગણીને ઢંકાઇ જશે એવું તેણે વિચાર્યું હશે. એ રીતે અપરાધ પકડાયા વગર પોતે બચી જવાના નબરવસપણામાં તે આ ખૂન કરવાને લલચાયો હશે. અને જો તે આપણે ધારીયેછ તે કરતાંબી વધારે લુચ્ચો ઠગ હશે તો તેણે પોતાનું બધું પાપ બિચારી તમારી બાયડીપર ઢોલી પાડવાને આ સઘળો તાગરો રચ્યો હશે. ખરશેદબાઇ પાસે 'પ્રુસિક આસિડ' તેણે જોયલી તો હતીજ"—

"તે તમે કેમ જાણ્યું, મી૦ ભીખાજી?" જમસુએ અચરત થઇ પુછ્યું.

"તેતો તમારી બૈયરને પોતાને મોહડે મેં સાંભળ્યુંછ." મી૦ ભીખાજીએ વધુ ખોલાસો કીધો. "કારોનરની જુરી આગળ તેવણ

હાજર થયા પછી મેં તેવણુની પાસે બેઠાં બેઠાં કેટલીક બાબતો તેવણુને હરૂસે પુછી લીધી હતી, ત્યારેજ તમારાં ખરશેદબાઇએ મને ખબર આપી હતી કે પેસુ ચીનાએ જ્યારે તેવણુને જબરદસ્તીથી પરણુવાની ધમકી આપી હતી ત્યારે ખરશેદબાઇએ તેના ઉપર પોતાનો જીવ આપવાની ધમકી આપી હતી અને તેના પુરાવામાં પોતાના ખીસામાંથી 'પ્રુસિક આસિડ' ની શીશી કાહડીને તેને દેખાડી હતી. એવણુ પાસે ઝેર તૈયાર હતું, એ તેવણે તેને જાણુવા દીધું હતું, અને પછી બામ-દાદમાં નાહસી જતી વખતે એ ઝેરની શીશી તેવણુ ભૂલી ગયાં હતાં અને ત્યાંજ નાખીને જતાં રહ્યાં હતાં, તથા તે ક્યાં મુકેલી હતી તેબી ભૂલી ગયાં હતાં. પછવાડેથી એ શીશી તેવણુની ટેબલ ઉપર તેવણુની બાસ્કેટમાંથી મળી આવી, ત્યારે ઝેર વાપર્યા પછી પો-તાની ઉપર શક નહી જવા દેવા સારૂં પેસુએ પોતેજ એ ખરશેદબાઇની બાસ્કેટમાં મુકી હશે."

"ત્યારે તો અગરજો કાવલાએ ઝેર આપ્યું હોય તોપણુ એમજ પ્રમાણે ઝેરની શીશી ખટ-લીની બાસ્કેટમાં કાવલાએ કાં નહી મુકી હોય?" જમસુએ શક બતાવ્યો.

"પણુ બાઇ પાસે ઝરની શીશી હોવાની વાત કાવલો શું જાણે?" બીખાજીએ ભૂલ બાંજી. "અને ઘડીભર કાવલો જાણુતોબી હોય, તોપણુ તેને શેઠનું ખૂન કરવાનો હેતુ શો હોય?"

"શેઠની ચોરી કરવાની અથવા કોઇ વકી રાખેલો વારસો લેવાની લાલચ ઉપર ચાકરોએ પોતાના શેઠોનાં ખૂન કીધેલાં છે."

"તેમ છે, પણુ કાવલો તેવા ચોરતા ચાક-રોના વર્ગનો જણાતો નથી. હું અંહી આવ્યોછ, ત્યારનો જેમ પેસુ ચીના ઉપર તેમજ કાવલા ઉપર મેં મારી નજર રાખેલીછે, અને એ બેહુનું મેં માપ લઇ રાખેલુંછે."

આ તકરાર જમસુથી નહી ટુટે એવી જણાઇ, જેથી મી૦ બીખાજીની એજ સઘળી તર્કો જમસુને કબૂલ રાખવી પડી, અને તેણે આગળ વધીને મી૦ બીખાજીને એક નવો સવાલ પુછયો—

"હવે ત્યારે જો પેસુ નાહસી જશે તો આપણે શું કરીશું?"

"નાહસી કેમ જશે?" બીખાજીએ ડાવક સલાહ આપી. "તેને આપણે નાહસવા દેશું તો તે નાહસશે કે? પણુ તેને નાહસી જતો અટકાવવાના મેં ઉપાયો લઇ રાખેલાજ છે. મેં તમોને કાલનું કહ્યુંછની કે પેસુ ચીનાની પછવાડે મેં એક રેકુ મુકેલોછે. તે કોઇજ નહી પણુ પોલીસનો એક મારી ઓળખનો જાસુસ છે. તે એનો ઓળો હોય તેમ પેસુ ચીનાની પુઠેપુઠ ફરશે અને તેની દરએક હીલચાલ ઉપર નજર રાખશે. પેસુ નાહસી જશે તો ઓર વધારે સારૂં. ત્યારે તો તેના ઉપરના આપણા શક ખરા ઠરશે. આપણુને તો એ લુછાની સામે એવોજ કોઇ પુરાવો જોઇયેછ, જે પુરાવો એ નાહસી જઇને પોતાની મેળેજ પુરો પાડશે. તમે જાણોછ કે પેસુ ઉપર કેસ ઘણો મુશકેલ છે. પેસુ નાહસી જવાથી તેના ઉપરનો શક મજબુત થશે, પણુ તેના ઉપરનો કેસ પુરવાર થશે નહી. કેસ પુરવાર કરવા માટે તો ખર-શેદબાઇની ઝેરની શીશી પેસુના હાથમાં કેમ ગઇ તે સાબેત કરવું જોઇશે. મરનાર ઘરડા-જીને મારી નાખીને પોતાના માર્ગમાંથી દૂર કરવાનો પેસુનો હેતુ આપણે પુરવાર કરેલો બસ નહી થશે, પણુ તેણે એ કામ કીધું તેબી આપણે પુરવાર કરવું પડશે."

"પણુ આપણુાથી એ કેમ બનશે તે હું સમજી શકતો નથી." પેસુ ઉપર વાંક પુરવાર કરવાની જમસુએ પોતાની કેવળ લાચારી દેખાડી.

"તે તો હું પણુ સમજતો નથી" બીખા-જીએબી પોતાનું અશક્તપણું કબૂલ કીધું "પણુ ખોદાપર વિશ્વાસ રાખો. ખોદાનું કામ ખોદા કરશે. વખત શું શું કરેછ તે વખત આવશે ત્યારે સહુ જણાશે."

"વારૂં તમે શું ધારોછ, મી૦ બીખાજી?" જમસુએ પુછયું "આજની તપાસમાં જ્યાંસુધી કામ ચાલ્યુંછ, ત્યાંસુધીમાં મારી બૈરી વિષે જુરીનાં મનમાં કાંઇ સારો વિચાર બેઠો હશે કે નહી?"

"ખચીતજ." મી૦ બીખાજીએ એકદમજ ખાતરી આપી "હું તો ધારૂંછ કે તમારાં ધણીયાણી ઉપરનો શક તો જુરીની નજરમાં તદન ખોખરો થઇ ચુકયોછ."

"એનું એક બીજું ખાસ કારણુ છે, મી૦

જમશેદજી," મી૦ ભીખાજીએ જરા થોભીને જાણેકે નવેસરથી એક નવી વાત છેડી "અને તે ખાસ કારણ ખરશેદબાઇની ખુબસુરતીનું છે. તમારાં ધણીયાણી ઘણાં ખુબસુરત છે, અને એક ખુબસુરત માણસ બધાંની દયા ખેંચી શકેછ. જુરીઓ હંમેશાં ખુબસુરત બૈરાંની દયા ખાયછ. વળી પેલી છોકરી નાજાંની શાક્ષી આપણી તરફેણમાં વધારે ઉતરીછ. નાદાન બચ્ચાંઓની શાક્ષી ઉપર કોર્ટ હંમેશાં વધારે લોભાઇ જાયછ. નાજાંએ ખરશેદબાઇનાં ઝેર લઇ જવાની શાક્ષી આપીછ ખરી, પણ તે ઝેર તો તેવણ આપઘાતને માટે લઇ ગયાં એ વાતબી એજ શાક્ષીએ વધારે ખુલ્લી કરી આપીછ. ખરશેદબાઇ પેસુ ચીનાને પરણવા નાખુશ હતાં એ અને એવીજ બીજી વાતો કહીને નાજાંએ પોતાની બેહનનો બચાવ મજબુત કરી આપ્યોછ અને ખરશેદબાઇના નાહસી જવાનું ખરૂં કારણ પણ ખુલ્લું કરી આપ્યું છ."

આ લાંબી મસલત ચાલતાંમાં તો રાત પડી અને જમવાનો વખત થયો. મી૦ ભીખાજી ભમરાની ભુખ ઘણી મજબુત હતી. એક ફુલ મરો કે જીવો તેનું એ વકીલ સાહેબને કશું "સનાનસુતક" નહી હતું. "ખુબસુરત ખટલી"નો જીવ સિસકે લટકતો હતો, તોપણ મી૦ ભીખાજી વકીલને કાંઇ પેટ ભરીને જમ્યા વગર ચાલે નહી.

જમસુએ તુર્તજ ખાનું મંગાવ્યું, અને બેહુ જણ સાથે જમવા બેડા. જમસુને આજના બનાવોની એટલી તો ઇનતેજારી હતી કે તેને કશું ખાવા ગમ્યું નહી. પણ મી૦ ભીખાજીએ તો હાટલનું સઘળું ખાનુ સારોપેઠે ચાંપી આપ્યું, એટલુંજ નહી પણ એટલું ઓછું ખાઇને પોતાની તનદરોસ્તી બગાડવા સામે એવણે જમસુને કેટલીક શિખામણ દીધી.

પણ શિખામણોથી કાંઇ માણસને ભુખ લાગતી નથી. ઇનતેજાર જમસુની ખાધા પીધાની અરૂચીમાં રૂચી થઇ નહી અને ખાનુ ખાઇ રેહવા બાદ તે મી૦ ભીખાંજીને તેવણના ઓરડામાં એકલા મુકીને પોતે પોતાના ઓરડામાં ગયો.

પ્રકરણ ૧૪૩ મું.

એક અગત્યનો કાગળ.

જમસુ જસાવાળો પોતાના ઓરડામાં જઇને જોયછે તો તેની ટેબલ ઉપર સાંજના ટપાલમાં તેને નામનો એક કાગળ આવીને પડેલો હતો. તે કાગળ તેના વિશ્વાસુ અને માનિતા મિત્ર દાદીબા લંગડાનો લખેલો હતો, કે જે ઉપરના તેના અક્ષર તથા ઉલવાની પોસ્ટ આફીસના છાપ જમસુએ તુર્ત પિછાણ્યા અને તેથી તે કાગળ ઉલટથી ઉકેલીને વાંચવા મંડી ગયો.

દાદીબા હજી ઉલવા ખાતે જમસુની "જસવાડી" માંજ રહેલો હતો. જમસુએ પોતાની સઘળી ખબર અને પોતા ઉપર હાલમાં વીતતા સઘળા બનાવો દાદીબા ઉપર લખીને તેને વાકેફ રાખ્યો હતો, જે પછી જમસુને પુણામાં દાદીબા તરફથી આ પેહલવેહલોજ પત્ર મળ્યો હતો, ત્યારે તે અગત્યનો હોવો જોઇયે.

અને ખરેખર તે કાગળ અગત્યનોજ નિકળ્યો. તેમાં દાદીબાએ જમસુના બાળક બેટા પીલા વિષેનાં વર્તમાન લખ્યાં હતાં. જમસુ અહીં આવ્યો તે અગાઉ પોતાના દીકરાને તેની કરી લીધેલી મા શીરીનના વ્હાલા કબજામાંથી પોતાને ઘેર લાવવાની તૈયારીમાં હતો, તે સઘળું પ્યારૂં કામ અધુરૂં નાખીને તેને અહીં નિકળી આવવું પડયું, ત્યારે તે કામ કેટલું આગળ વધ્યું તે જાણવાની જમસુને ઘણી ઇનતેજારી લાગતી હતી. તે ઇનતેજારી અને આતુરતા તૃપ્ત કરનારો, દાદીબાનો આ કાગલ હતો, કેમકે જમસુનો દીકરો પોતાની બાપીકી "જસવાડી"માં ખરેખર આવી ચુકવાની એ કાગળમાં દાદીબાએ ખબર આપી હતી, તે નીચે મુજબ હતી—

"દીકરા પીલા ખરેજ એક ખુશનુમા બચ્ચું છે. મામાજી દારૂવાળાનાં શીરીનબાઇ પોતે તેને પોતાની સાથે લઇને આવ્યાં હતાં, પણ તમે નહી મળવાથી અને તમે મુંબઇ જવાથી તેવણ નાસિપાસ થયાં હતાં. તોબી પીલાને જસવાડીના

બાગ અને મકાન એટલું તો પસંદ આવ્યું અને તે જોઈને એ દીકરો એટલો તો ખુશી થયો કે તમારી ગેરહાજરીમાં તેને અહીંજ રાખી જવાની મેં શીરીનબાઈને અરજ કીધી, જે તેવણે જરાક આનાકાની કરીને કબુલ રાખી, ત્યારથી તેવણ પીલાને પરવી મુનજરેને અંહી રાખી ગયાછે, અને પીલાએ કાલની રાત તો જસુવાડીમાંજ ગુજારીછે. તમારો એ દીકરો મારી સાથ ઘણો પલોટાઈ ગયોછે, રાત ઘણી મોડી ઉંઘમાં ઉંઘ્યા હતો, અને જરા ગભરાયો કે રડયો નથી. હોમાજીનાં ઝુપડાંમાં આપણે સાથે રહેલા હતા, ત્યારની એ દીકરાની મારી સઘળી ઓળખ તાજી થઈછે અને તેથીજ એ મારી સાથ પલોટાઈ ગયોછે, ને ખુશીથી રહ્યોછે. બસ, તેને અંહી એકલો રાખી જવા માટે તે શીરીનબાઈ ઉપર જરા જરા ખીજવાયછે અને જ્યારે પોતાને કાંઈ સુહવાતું નથી અથવા જ્યારે પોતાનું જુનું ઘર એને યાદ આવેછે ત્યારે જરા જરા રડેછે—બસ એટલોજ એનો કંટાળો છે—પણ તે તો એ જલદી ભુલી જશે. હું અને તમારા માણસો એને આગળી જીંદગી ભુલાવી દેવા અને નવી જીંદગી સોહવાડવા અને હસતો ને ખુશી રાખવાને બનતું કરીયે છઈયે. તમારાં તૈયાર રાખેલાં સઘળાં રમકડાં, ચિત્ર પોથીઓ, વગેરે આપીને એને રમાડીયે છઈયે. વળી એને સોહવાનું કરવા માટે શીરીનબાઈ આજ સહવારથી પાછાં આવ્યાંછે. આપણાં—તમારાં—ઘેરમાં રેહવાની મેં તેવણુને અરજ કરવા છતાં તેવણુ રેહવાનું ના પાડીને જમવાને વખતે પાછાં ગયાંછે, પણ પોતાનાં ઝુપડાંમાં જમીને દીકરા પીલાને રમાડવા સાંજે પાછાં આવ્યાંછે. શીરીનબાઈ અને પીલો બેહુ જણુ તમારી ઘણી વાટ જોયા કરેછે અને તમોને મળવા સારૂં ટળવળ્યા કરેછે. હજી સુધી તે તમોને 'ટાટાદી' (કાકાજી)જ બોલાવેછે, તો જોકે 'ટીરીનબાઈ' (શીરીનબાઈ) તો તેને ઘણું શિખવેછે કે તમોને બાવાજી કેહવા. પણ તેને 'બાવાજી' બોલ ગમતો નથી, તે તમોને 'મોટા ટાટાદી' અને મને 'નાન્ડા ટાટાદી' કેહવાના એહસ કરેછે. એને વધારે સોહવાડવા સારૂ એના ઘોડા દોડાવવાના શોખ ઉપરથી તમારાં નાનાં કાળાં ટટ્ટુ ઉપર સ્વારી કરતાં એને શિખવીયે છઈયે. અને એ ટટ્ટુ ઉપર ફરવા નિકળેછે ત્યારે હું એને ઘરીને તથા તમારો મકન ઘોડવાળો સાથે ચાલેછે અને અડધા રસ્તાલેર શીરીનબાઈ પણ એની સાથે દોડતાં આવેછે. દીકરા પીલાને સ્વારીનો ઘણો શોખ છે. ટટ્ટુ દોડાવાનું એને ઘણુંજ ગમેછે અને પેતે ખુશ ખુશ થાયછે. એ રીતે તમારો દીકરો તમારી ગેરહાજરી છતાં જસુવાડીમાં વસી ગયોછે અને હવે તમારાજ આવ્વાની ખોટી છે. તમે બનતાં સુધી જલદી આવજો. આશા રાખુછું કે તમારાં ધણીયાણી ઉપર આવેલું સંકટ ટળી ગયું હશે, જે પુરૂ થયેથી તમારી ખરશેદબાઈને લઈને અંહી જલદી આવજો અને દીકરા પીલાને જેમ સગો બાપ મેટયોછે, તેમ સગી માનો જલદી મેટો કરાવજો. પીલાની કરી લીધેલી મા પોતે એ વિશે ઘણી ઇનતેજાર છે, જે હું ધારૂંછું કે આ સાથ બીડેલાં પોતાના કાગળમાં તેવણે પોતેજ તમોને લખ્યું હશે."

અને ડાક્ટર દાદીબાના આ કાગળમાં સુંદર શીરીનનો કાગળ જુદો બીડેલો હતો, જે જમસુએ વધારે ઉલટમંદ તત્પરતાથી ઉકેલીને વાંચી જોયો.

શ્રી ઉજવાની, તા૦—૧૮—

"મેહરબાન બાઈજી જમશેદજી,

"તમે અમારે ઘેરથી સિધાસ્યા પછી જરા ધીરજથી વિચાર કરતાં મારી ખાતરી થઈ કે દીકરા પીલાના સગા બાપ લેખે તમો અને તમો એકલાનોજ એ દીકરા ઉપર દાવો છે અને તેને પોતાનાં ઘેરમાં રાખવાનો એકલા તમોનેજ હક છે. ખોદાતાલાએ એ બચ્ચાંને અમારે ઘેર મોકલ્યું અને પછી તેનો દાવો કરવાને તેના બાપ લેખે તમોને પણ ખોદાતાલાએજ અચંબુચ અમારે ઘેર મોકલ્યા, તો મારાં એ વ્હાલાં ભુલકાંને તમારા જેવું સુખી ઘર રેહવાનું મળે એ કરતાં હું એ મીઠાં બઠ્ઠિયાંને માટે વધારે સારૂં શું ચાહી શકું ? એ દીકરાથી છુટી પડતાં મારૂં જીગર ફાટી જાયછે અને મને ઘણું રડવું આવેછે, પણ મારા મમાવાજી મને ધીરજ આપેછે કે જે દીકરો મારો પોતાનો નહી તેનાથી મોડ વેહલે મને છુટી તો પડવાનું હતુંજ અને જ્યારે તેનાથી છુટી પડવાનો મારો વખત આવશે ત્યારે એ પ્રમાણે જુદાઈનું દુઃખ તો લાગવાનુંજ, તો દીકરો પીલો મોટો થયા પછી ઘણે વર્ષે એમ જુદો પડે, તેના કરતાં હજી તેનાં બચપણુથીજ તેની એ જુદાઈનું દુઃખ ઓછું લાગશે. એમ સમજીને મેં એ બચ્ચાં ઉપરથી મારો હાથ ઉઠાવવાનો ઠરાવ કીધોછે અને આજ દિને હું મારી મેળેજ એ બાળાને તમારી જસુવાડીમાં મુકવા આવીછું અને મુકી ગઈછું.

"હવે મને એ પ્યારાં પીલસાં વગર મારાં ઘેરમાં સોહવાતું નથી, તે ઉપરથી મારો જીવ વેરવા અને મારૂં મન મારવા સારૂં મને મારા મમાવાજી બાહારગામ મોકલવા કેહછે. તેવણુની મરજીને માન આપી હું કાલ સહવારે અંહીથી વલસાડ જાઉંછું. ત્યાં મારા મામા મનચેરજી

મનજુલા નામના વસેછે, તેવણને ઘેર મારા મમાવાજીએ મને મોકલવાની ગોઠવણ કીધીછે. હું વલસાડમાં થોડાજ દાહડા રહીને પાછી આવીશ. કાંકે મારા બુજર્ગ અને માનવંત મમાવાજીને અંહી એકલા રાખી જવાને અને મારા પ્યારા પીલાથી દૂર રેહવાને મારો જીવ ચાલતો નથી.

"વાસતે હાલ તુર્ત તો સાહેબજી. શેઠ દાદીબાથી જાણીને હું ખુશી થઇછું કે તમે તમારાં ધણીયાણી ખરશેદબાઇને મળ્યાછો, અને તેવણને તમારી સાથે લઇને જમસવાડીમાં આવનાર છો. દાદાર હોરમજદ તમારી બધી મુરાદો પાર પાડે અને તમે બાયડી છોકરાંનું ઘણું સુખ જુવો એ મારી દુવા તમોને આમીન હોજો! પ્યારો દીકરો પીલો તમારાં ઘડપણની લાકડી અને તમારાં ખાનદાનની શોભા થઇ પડજો. હું ઉલવે પાછી આવીશ, ત્યારે દીકરા પીલાને પોતાના મા બાપનાં પાસાંમાં અમનચમનથી સુખી સુખિયારો જોવાની આશા રાખુંછું. એજ અરજ.

લા૦ તમારી દુવાગીર બેહન,

શીરીન પેશોતન."

જમસુને મનથી આ એક મુબારક કાગળ હતો. તે તેણે ઘણા હર્ષથી વાંચીને પાછો ઘડી વાળીને પોતાના ખીસામાં ઉંચો કીધો. અંતે તેનો દીકરો તેનાં છાપરાંના આશ્રયની વચે આવી રેહવા માટે તેને સંતોષ ઉપજયો, મગર તે દાહડે પોતાના દીકરાને વધાવી લેવાને તે પોતે ઘેરમાં નહીં હતો એ તેના સંતોષમાં એક નાસિપાસિનું તત્વ રહ્યું હતું.

પણ વળી દૈવયોગે જે દાહડે તેનો દીકરો તેને આવી મળ્યો તેજ દાહડે તેની ખોહવાયલી બાયડી પણ તેને પાછી હાથ લાગી એ બેવડા સંજોગે તેનાં મન ઉપર વધારે અસર કીધી.

આ જુદી જુદી અસરોની ખુશ લેહરમાં જમસુ દાદીબાના કાગળનો જવાબ લખવા બેઠો. તેણે એક દાદીબા જોગો લખી કાહાડયો અને બીજો જવાબ પોતાના ઉપકારના ઉભરાથી ભરેલો શીરીનને નામનો લખી કાહડીને તે દાદીબાનાજ કાગળમાં બીડયો. ટપાલ રાતના ૯ વાગતે બંધ થતો હતો. તેને માટે હજી ઘણો વખત હોવાથી તે કાગળ પોતાને હાથે ટપાલમાં નાખવા તે પોતેજ હાટલની બાહાર નિકળ્યો.

ચંદની રાત હતી, માટે જમસુને પોસ્ટ આફીસમાં હાથોહાથ કાગળ નાખવાને બાહને ચંદનીમાં પુણ્ની ખુશનુમા હવા ઘેરવાની લાલચ થઇ હતી.

પ્રકરણ ૧૪૪ મું.

"કાવલાજી શેઠ"ની વિદાયગીરી.

પોસ્ટ આફીસમાંથી પાછો ફરતાં જમસુએ લગાર લાંબો રસ્તો લીધો અને તેટલામાટે કાંપ અને શેહરની અધવચે ચીના બાગનો મેહલ આવેલો તે રસ્તો તેણે પકડયો.

ચીના બાગના દરવાજા ઉપર એક નવાઇ જેવા બનાવે જમસુનું ધ્યાન ખેંચ્યું.

દરવાજા ઉપર એક ભાડુતી ગાડું ઉભેલું હતું, જેમાં પેટી પેટારા વગેરે કેટલોક સામાન લાધવાનું કામ ચાલતું હતું. જમસુએ દરવાજાની સામે રસ્તાની અંધારી બાજુએ ઉભો રહીને જોયું તો તેની જરા અગાઉ એક ભાડુતી ગાડી કોઇ માણસોને લઇને ઉપડી ગઇ, જે ગાડીમાંનાં માણસો ગાડાંવાળાને પછવાડે સામાન જલદી લાવવાને હુકમ ફરમાવીને ગયા.

તે ગાડી આગળ ચાલી જવા પછી દરવાજા ઉપર ચીનાબાગના હમાલ, મસાલ વગેરે નોકરો ગાડું લાધવામાં રોકાયલા હતા, તેમની પાસે જઇને જમસુએ તલાશ ચલાવી.

"એ પેલી ગાડીમાં કોણ ગયું?" તેણે પુછ્યું.

"એ તો સાહબ, કાવલાજી શેઠ ગયા." એક ચાકરે જવાબ દીધો.

"કાવલાજી શેઠ કોણ?" જમસુએ પાછું પુછ્યું. "મરનાર માણકશાહ શેઠનો માણસ કાવલો કે?"

"હાજી, તેવણને શેઠના ગુજરવા પછી અમે 'શેઠ' કરી કેહતા હતા." ચાકરે ખોલાસો કીધો.

"તે કાવલાજી શેઠ ગાડીમાં બેસીને કયાં ગયા?" જમસુએ તલાશ ચાલુ રાખી.

"રેલવેલ ઠેશન ઉપર ગયા સાહેબ" મસાલે "સ્ટેશન" બોલની મરાઠી ફારસિનમાં "ઠેશન" ને નામે ઓળખ આપી.

"સ્ટેશન ઉપર તો ખરા, પણ પછી કયાં?"

"પછીની વાત તો કોણ જાણે કયાં?" ચાકરોએ કાનપર હાથ મેલ્યા. "પણ એવણુની બાયડી રતનવહુ સામાન 'પેક' કરવા આવી હતી, તેને મેં બોલતાં સાંભળી હતી કે બીલિમોરે જતાં હતાં. બીલિમોરા કાવલાજી શેઠનું ગામ છે, સાહેબ."

"પણ એવણનાં બૈરી છોકરાં સહુતો અંહી પુણામાંજ રેહતાં હતાં કેની?"

"હાજી. પણ તે તો કાવલાજી શેઠની ચાકરી હતી, ત્યાંસુધી તેઓનું પુણામાં રેહઠાણ હતું. હવે શેઠ ગુજરી ગયા, ચાકરી રહી નહી, એટલે તેવણે પુણેથી ઉઠાંત્રી કરીને પોતાને ગામ જવાનું પસંદ કીધું છે. અને તેટલામારે આજ રાતની ત્રેનપર ગયાછે. ત્રેન ૯ા વાગતે ઉપડશે, તેમાં તેઓ પેહલાં મુંબઇ જશે, અને મુંબઇથી સહવારની ગાડીમાં બીલિમોરા જશે."

જમસુએ ઘડિયાળ કાહડી જોયું તો હજી ત્રેન ઉપડી જવાને અડધા કલાકની વાર હતી. માટે "કાવલાજી શેઠ"ની આ અચબુચ "ઉઠાંત્રી" થી તેને જે નવાઇ ઉપજી, તેથી તેણે વધારે ખાતરી કરવા આ નવા "શેઠ" ની પછવાડે જવા ધાર્યું. સ્ટેશન અંહીથી દૂર નહી હતું, હજી તો સામાનનું ગાડું જવાનું હતું, માટે સ્ટેશન ઉપર જમસુ વખતસર પોંહચી જાય એમ હતું. તે પેહલા વિચારમાંજ સ્ટેશન ઉપર ધસ્યો દોડયો.

ત્રેન ઉપડી જવાની ૧૦ મિનિટ અગાઉનો ઘંટ વાગતો હતો તેટલામાં જમસુ જસાવાળો સ્ટેશન ઉપર પુગ્યો. કલાક ૯ા ની મુંબઇની મેલ ત્રેન ઉપડી જવાને તૈયાર ઉભી હતી, અને ઉતારૂઓને તથા તેમનો સામાન ચહડાવવાની સરેસ્તાની ધમાલ અને દોડાદોડી ચાલતી હતી.

"કાવલાજી શેઠ"ની તો આ સ્ટેશન ઉપર જમસુને કશી નિશાન જણાઇ નહી. પણ તે આખી ત્રેનની બાજુમાં ફરીને એક "શેઠ" ના મુવાથી ઉભા થયલા બીજા નવા "શેઠ" ને ત્રેનની અંદર જોવા લાગ્યો. તુર્તજ એક બીજા વર્ગની ગાડીમાં "કાવલાજી શેઠ" પોતાનાં બાયડી છોકરાં સાથ પેટી પેટારા અને ગાંસડા પોટલાનાં ઢગલાની વચે ગોયા ડટાઇ ગયા હોય તેમ ચહડી બેઠેલા જણાયા. આ "શેઠ" પોતાનો સામાન ગણી લેવાની અને હેલકરૂઓને મજુરી ચુકવી આપવાની ગડબડમાં રોકાયલા હતા.

જમસુને વિચાર કરવા કે પુછી પરછીને કાંઇ પણ તલાશ ચલાવવાનો વખત નહી હતો. ત્રેન ઉપડવાની તૈયારીમાં હતી, અને "કાવલાજી શેઠ" જે ગાડીમાં ચહડી બેઠો હતો, તેજ ગાડીનો પડોશનો ગાલો ("કંપાર્ટમેંટ") ખાલી હતો, માટે જમસુ વધારે કશો ખોટી થવા અગાઉ તે ગાડીમાં ચહડી બેઠો. તેની પાસે ટિકિટ નહી હતી. તે ટિકિટ લેવા તેણે એક હમાલને મોકલ્યો, પણ ટિકિટબી મળી શકી નહી અને તેજ ઘડીએ ત્રેન ઉપડવાથી, પુણું છોડયા પછીનાં બીજા સ્ટેશન ઉપરથી જમસુએ ટિકિટ લેવાનો ઈરાદો રાખ્યો.

પાસેનો ગાલો ("કંપાર્ટમેંટ") ખુલ્લો હતો, એટલે તેમાં શું બોલાયછે, તે સઘળું જમસુને સંભળાતું હતું, અને શું થાયછે તે સઘળું દેખાતું હતું. જમસુ આ ગાલામાં "કાવલાજી શેઠ" ઉપર સઘળી નજર રાખી શકે અને સઘળું સાંભળી શકે તેમ એકી ટગર કરીને બેઠો હતો.

ત્રેનમાં ઉંઘ નહી હતી—અગત્ય કરીને આજના સરખી ઉસ્કેરણીભરેલી મુસાફરીમાં ઉંઘ કોણને હોય? એક ઉંઘનું ઝોકું નહી જમસુને આવ્યું, કે નહી "કાવલાજી શેઠ" ને આવ્યું. એ નવા "શેઠ" નાં કુટુંબની ગડબડ ભારી હતી. કેવલ જભલાં ટોપી ઉપર, પણ ઉંઘાડાં પગિયાં બે બચ્ચાં આખે રસ્તે રડયા કરતાં હતાં, અને "કાવલાજી શેઠ" ની રતનવહુ આખે રસ્તે તે બચ્ચાંને મુગાં રાખવાને મારમાર કર્યા કરતી હતી, અને તે ઉપરથી "કાવલાજી શેઠ" તથા રતનવહુ વચે આખે રસ્તે અણુફાટ અને કજીયો ચાલ્યા કરતો હતો. "કાવલાજી શેઠ" બચ્ચાંને માર ખાતાં દેખી શકતા નહી હતા, તે બચ્ચાંને મારમાર કરવા સારૂં રતનવહુને ઠપકો દેયા કરતો હતો, પણ રતનવહુ બચ્ચાંને મારવાની રાજનીતિનો બચાવ કરતી હતી, મારથી નહી તો બચ્ચાં કેમ ઉંઘી જાય તે રતન વહુ સમજી શકતી નહી હતી. વળી એક બચ્ચું રડે કે વળી રતનવહુ પોતાની ઉંઘ જવાની ચીહડમાં

તેને એક બે ધમોલા લગાવતી; અને વળી "કાવલાજી શેઠ" આ ઘાતકીપણા ઉપર બુમ મારતા એટલે વળી રતનવહુ તેનો બચાવ કરવા નિકળતી, અને બચ્ચાંને મારવાને બદલે ખોટા લાડ લડાવીને બિગાડવાનો તે બાપ ઉપર બોહતાન મુકતી.

વર વહુની આ ગેરસમજુતી વચે જમસુ જસાવાળાને અગત્યજોગી બીજી બાતમી કશી મળી નહી. તેઓ ક્યાં જાયછે, શું કામ જાયછે, જઇને શું કરવાનાં છે, તે સંબંધી આ બેપ વિષેની તેઓ વચે પેહલાં તો કાંઇજ વાત ચાલી નહી, પણ તલેગામનું સ્ટેશન વળાયા પછી મોટી બૈયર બેહુ પોતાની આ મુસાફરીના પ્લાન વિષે થોડીક મસલત કરવા બેઠાં.

કેટલોક વખત સુધી કાવલાજી શેઠે પીધેલાની બાહારમાં જમસુને ઓળખ્યો નહી, પણ થોડીકવારે તેણે ઓળખીને જમસુને સલામ કીધી અને જમસુએ પણ "શેઠ સાહેબ, કાવલાજી શેઠ" કરીને ઓળખીતી સલામમાં જવાબ વાલ્યો.

"સવારી ક્યાં ચાલી કાવલાજી શેઠ?" હવે જમસુએજ વાત ચલાવી.

"જી, બીલિમોરા જાઉંછુંજી." કાવલાજી શેઠ બોલ્યા. "શેઠ મરી ગયા, એટલે હવે પુણામાં આપણું કામ રહ્યું નહી, તેથી ગામ જઇને પડવાનું બેહતર, કેમ વારૂં શેઠ?"

"હાજી, હા." જમસુનું જ્યારે મત પુછવામાં આવ્યું ત્યારે તેણે ખુશીથી ટાપસી પુરી. "હવે સાહેબના જેવા શેઠ માણસને નકટ નોકરીના કરતાં પોતાને વતન જઇ પોતાની બાકીની જીંદગી આરામથી ગુજારવી વધારે છાજેજ તો."

"હું તમોને ઓળખુંછ શેઠ" હવે કાવલાજી શેઠનો શુધલો આવ્યો, તે જમસુને ઓળખીને બોલ્યો. "તમે પરમ દાહાડે ચીનાબાગમાં પીકચરો જોવા આવેલા હતાની સાહાબ."

"પણ તમે સીદ ચાલ્યા?" શેઠે પુછ્યું.

"સાહબ, હું પણ મુંબઇ જાઉંછ અને મુંબઇથી આગળ બીલિમોરા કે વલસાડ જવા ધારૂંછ"

"કેમ વારૂં? કાંઇ કામ હશે."

"હાજી. આફીસનાં કામેજતો." જમસુ ટકોરમાં બોલ્યો, "અમે ગરીબ માણસ કાંઇ તમે શેઠ લોકની કાની છીયે, કે ગમે ત્યારે પોતાને ગામ જઇને બેસીયે? સેવક તો કામનો માણસ પડયો. હું આફીસનો એજંટ, એટલે જ્યાં સીનોરનો હુકમ થાય ત્યાં જવું જોઇયે. આજે પુણે તો કાલે સુરત."

"પણ બા, તમારી પાસે મુસાફરીનો સામાન તો કાંઇ મળે નહી?" "કાવલાજી શેઠે" અચરતી બતાવી. "સપોટે ડપોટે, એક ઓઢણી કે તકિયા વગર મુસાફરી કરવા નિકળી પડયાછ?"

"આપણ રખડેલ મુસાફરને ફિકર નહી. મને તો રાતો રાત ગામેગામ રખડવાની ટેવ પડી ગયલી, તે આપણને સહુ ચાલે. તકિયા, ને ઓઢણા બિછાણા સહુ તમો શેઠ લોકોને જોઇયે."

અંહી રતનવહુએ પોતાની એક બ્લેંકેટ (ઓઢણી) જમસુને આપવાની મેહરબાનગી ભરેલી ખાયશ બતાવી, પણ જમસુએ તે લેવાની ના પાડી અને બાહનું કાહડ્યું કે "ગાડીમાં મારો સિપાહી છે તેની પાસે મારૂં બિછાણું રાખવા આપેલું છે, પણ હમણા તો ગરમીના દાહડા ચાલેછ, તેથીજ એ કંટાળો મેં ગાડીમાં લેવા ના પાડયોછ."

વાતપરથી વાત બદલાઇને મુસાફરીની વાત ઉપર આવી. અને આના જેવો એક અનુભવી મુસાફર પોતાને ભોમિયો મળવા માટે રતનવહુ ખુશ થઇ અને તેના કેહવાથી "કાવલાજી શેઠ" પુણાની લાઇન ઉપરથી ગુજરાતની લાઇન ઉપર કેમ જવું તે વિષે સલાહ પુછવા લાગ્યો.

"અંહીથી તમે જી. આઇ. પી. નાં દાદરનાં સ્ટેશન ઉપર ઉતરી પડજો," "શેઠ" ના જોડિયા મુસાફરે સલાહ આપી "દાદરનાં સ્ટેશનપર આ ત્રેન પાછલી રાતનાં પાંચ વાગતે જઇ પુગશે. ત્યાંથી ઉતરીને તમે બી. બી. નાં દાદર સ્ટેશન ઉપર થઇને બી બી. ની રેલવેમાં ગુજરાતની લાઇન પકડજો."

"બીબી? કોણની બીબી? કોઇ નવાબની બીબીનું સ્ટેશન છે કે?" રતનવહુએ પોતાનાં જ્ઞાનનો ભંડાર ખુલ્લો કીધો.

"અરે નહીરે, રાન રત્ની એટલું નહી સમજતી? બી. બી. એટલે કે વડોદરાની રેલવે."

"કાવલાજી શેઠે" પોતાની વાકેફગાર વહુની વાકેફીમાં વધારો કીધો.

"હં હં! વડોદરાની બીબીની રેલવે!" રતનવહુએ જાણેકે સઘળું સમજી હોય તેમ ડોળ ઘાલીને અચાનપણું દેખાડયું.

"પણ કાવલાજી શેઠ, બચ્ચાંની સાથે રાત ગાડીમાં કાહાડયા પછી તુર્તજ લાઇન બદલીને ગાડીમાં બેસવાનું સારૂં નથી. બેહતર કે મુંબઇમાં રહીને એક બે દાહડા તોડી પાહો અને બચ્ચાંને આસાયશ આપીને પછી બીલિમોરા સિધારો." જમસુએ પોતાની મતલબની સલાહ આપી.

"અરે નારે ભાઇ, એમ કાંઇ રેહવાય?" કાવલાજી શેઠે એકદમ બીલિમોરા જવાની ઉતાવળની સાથે મુંબઇ રેહવાને એક જાતનો ગભરાટ બતાવ્યો. "અમારે તો એકદમ અમારે ગામ જવુંછે."

"માણકશાહ શેઠ મરતા મરે" રતનવહુએ મરનાર શેઠને ગાળ દઇને વધારે બોલાણું કીધો "તેવણ મુવા અમોને રખડાવીને મરી ગયા, તો હવે અમે અમારે ગામજ જવું ભલું. હવે અમારે મનથી બળી ગયું પુણું ને મુંબઇનેબી આગ લાગી."

"પણ કેમ કાવલાજી શેઠ? એટલા નાસિપાસ કેમ થાવોછ? બિચારા શેઠને બેહસ્ત, તેવણ ગુજરયા પછી પુણું તમોને એટલું અકારૂં કેમ લાગેછ?"

જમસુને હવે પોતાને જોઇતી વાત કરવાની આ સારી તક મળી. રતનવહુએ તે વાત ચલાવવાનો રસ્તો કરી આપ્યો.

"જઇયે નહી તો રહીને શું કરીયે ભાઇ?" "કાવલાજી શેઠ" બડબડયા. "માણકશાહ શેઠ મરી ગયા તો ગયા, બીજાઓનું ભલું કીધા વગર ગયા તો ગયા, પણ વળી સાથે બીજાઓ ઉપર બદનામી નાખી ગયા."

"બદનામી શાની સાહેબ?"

"બદનામી નહી વળી?" રતનવહુ વચે પુરાઇ "મુવા શેઠે પોતે ઝેર પીધું ને તેને ઝેર પાવાનો વાંક ચાકરોને ગળે આવ્યો."

"ઝેર પાયું? અરરરરરર! કોણે ઝેર પાયું? ક્યારે પાયું?" જમસુએ અજાણપણું દેખાડીને વધારે વાત ચલાવી.

"ત્યારે તમે તો કાંઇ જાણતાજ નહી દેખું?" રતનવહુએ વાત ચલાવી. જમસુ જોતો હતો કે કાવલો આ વાત ચલાવવાને ખુશી નહી હતો. તે વાત ઉડાવતો હતો, અને બેઠકનાં ખુણામાં જઇ બેઠો હતો, ત્યારે રતનવહુ વાત ચલાવતી હતી, "મુવા માણકશાહ શેઠનું તો ખૂન થયલું, ને તેની સાથે એક બાણેજ ખટલી હતી કેની તે ખૂન કરીને નાહસી ગઇ?"

"અરે તોબા! તોબા! એક બાઇ માણસ એવો ગુનાહ કરે!" જમસુએ તોબા કીધી "અને તે છતાં બેહસ્તીના ઇમાનદાર ને વિશ્વાસુ માણસોને ગળે પડવાનું કાંઇ કારણ વારૂં?"

"જોવતો ખરા," રતનવહુએ ટાપસી પુરી. "પણ ફિકર નહી, પેલી દુકતી ખટલીને પોલીસ પકડીને પુણે લાવીછ, ને બધું પાપ જલદી માલમ પડશે."

"તે બાઇ બિચારી બેગુનાહ હશે." જમસુએ સેજ સુચવ્યું.

"હશે, પણ તે નહીતો બીજાં માણસોને શું કામ ગળે પડેછ?" રતનવહુએ ફફડાટ બતાવ્યો. "એ દુકતી તો કેથી પરણેલી નિકળી આવીછ, ને તેનો વર કોઇ મુવોછ તે તેની સાથે આવ્યોછ. દુકતી બડી પકી. રાંડ પરણેલી હતી તોબી કુમારી છે એમ બધાંને સમજાવીને ઠગ્યા કીધાં, તેને ફરીથી પરણાવા કાહડી, લગ્નનાં તેડાં નિકળ્યાં, તોબી બોલી નહીં કે હું પરણેલી છું. જે દુકતીએ આખાં ગામને ઠગ્યું, તેણે પોતાનાં મામાનું ખૂનબી કીધું હોય."

જમસુએ આ સઘળો વખત પરમેશ્વરનો ઘણો પાડ માન્યો કે "કાવલાજી શેઠ" અને તેવણનાં ધણીયાણી તેને ખટલીના વર લેખે ઓળખતાં નહી હતાં. આજની કારોનરની જુરીમાં આખું પુણા તેને જોઇ ગયું હતું, પણ સારૂં થયું કે "કાવલાજી શેઠ" ની કારોનરની કોર્ટમાં હાજર થવાની હિમત ચાલી નહી હતી, કે જેથી તે જમસુને હજી ખટલીના વર લેખે ઓળખી શકયો નથી—જો ઓળખતો હોતતો પેહલેથીજ પિછાણીને સંભાળથી વાત કરત.

એટલી વાતચીતમાં બે કલાક નિકળી ગયા અને લાનોલી સ્ટેશન ઉપર ટ્રેન આવી

પોંહચી. અંહી જમસુ ઉતરી પડીને તાર આફીસમાં ગયો અને ત્યાં "બી૦ બીખાજી વકીલ, પારસી હોટલ પુણા" ને સરનામે તાર કીધો કે—

"કાવલો પોતાનાં બૈરી છોકરાં સાથે આજની મેલ ત્રેનમાં ચહડી બેસી બાલિમોરા આયો જાય છે. એટલેકે એ નાહસેછે, પણ હું એજ ત્રેનમાં એની પુઠે લાગ્યોછું. મારૂં કાંઇ કામ હોયતો મુંબઇ, પોસ્ટ આફીસને સરનામે તાર કરજો અને હું ખબર કાહડું ત્યારસુધી તાર ત્યાં થોભાવવા લખજો."

એ પછી દાદરની ટિકિટ લઇને તે પાછો પેલીજ ગાડીમાં "કાવલાજી શેઠ" અને રતનવહુની પાસેના ગાલામાં આવી બેઠો અને ત્રેન તેને લઇને મુંબઇ તરફ ચાલી.

રાતની વખતે બોરઘાટનાં રેલવેનાં બાંધકામ ઉપરની સુંદર લીલા જમસુએ તેજ સઘળી બેધ્યાનપણે પસાર કીધી,કે જે બેધ્યાનપણું પરમની રાત્રે પોતાની બાયડી સાથે પુણે આવતાં તેણે અનુભવ્યું હતું. ખીણોની વચે ચંદની રાત્રીના ખુશનુમા પ્રકાશ અને તેવાજ ખુશનુમા પાહડોનાં ખોળા વચેની સઘળી રચના જોવા લાયક હતી, પણ જયારે રેલવે ત્રેન એક કીડીની હાર પેઠે પાહડોની વચેથી ધીમે ધીમે ઉતરતી હતી, ત્યારે જમસુની આંખ્યો બારીની બાહારના સુંદર દેખાવો જોવામાં રોકાયલી હતી, પણ તેનું ધ્યાન સઘળું ગાડીની અંદર બેઠેલા તેના પડોશીઓની બાબત ઉપર વિચાર કરવામાં લાગેલું હતું.

પ્રકરણ ૧૪૫ મું.

દાદરપર સરઘસ.

જી. આઇ. પી. રેલવેનું દાદરનું સ્ટેશન એક કંગાળ છાપરાં સરખું છે, તે પાછલી રાત્રીનાં એકાંતપણામાં વધારે કંગાળ જેવું દેખાયછે. રેલવે કુંપનીએ સ્ટેશન ઉપર ગ્યાસના દીવા વટીક નહી લીધાથી, તેલના ઝાંખા ફાનુસો માત્ર અંધારાંને દેખીતું કરવાને કામ લાગેછે. તેવાં અંધારાં વચે ગાડી ઉભી રેહતાં જમસુ તડાકાબંધ ઉતરી પડયો, પણ "કાવલાજી શેઠ" ને પોતાની બીજાજી બાયડી, રડતાં બચ્ચાં અને પેટી પેટારાના મોટા રસાલા સાથે ઉતરતાં ઘણી વાર લાગી અને માથાકુટ કરવી પડી. ત્યાંથી વળી સઘળું સરઘસ બી. બી. સી. આઇ. રેલવેનાં દાદરનાં સ્ટેશન ઉપર લઇ જવાનું હતું, કે જયાં "કાવલાજી શેઠ" ની સવારી ખરેખર એક સરઘસ રૂપેજ જઇ લાગી અને રસ્તો બરાબર માલમ નહી હોવાથી, તેવણુને તેવણનાં બાયડી છોકરાં સાથે ઘણું અથડાવું પડયું. વડા દીકરાને કાવલાજી શેઠે પોતાની ખાંધે લીધો હતો. નાની દીકરીને રતનવહુએ પોતાની કેડપર ચહડાવી હતી. જમસુ પાસે ને પાસેજ હતો અને જાણેકે "કાવલાજી શેઠ" નો ચાકર હોય તેમ તેના પેટી પેટારા તથા બચ્ચાં છોકરાંને ઉતરવા ચહડાવવાને હાથ લાગ્યો હતો. તેની મદદ રતનવહુને ઘણી પસંદ હતી, પણ "કાવલાજી શેઠ" ને આ એક બેગાનાની હાજરી અને મદદ ઝાજી પસંદ આવતી નહી હતી. તે જમસુને પોતાની વચે આવવા દેતો નહી હતો.

"સુરતની તરનને ઉપડવાને કેટલી વાર છે?" રતનવહુએ સ્ટેશન માસ્ટરનો ડેપ્યુટી ઇંગ્રેજી પોશાકમાં પસાર થતો હતો તેને પુછયું.

"હજી એક કલાકની વાર છે," તેણે ભપકામાં જવાબ દીધો.

"એક કલાક! બાપરે! હજી, એક કલાક આ ઇસ્ટેશનપર બેસી રેહતાં કેમ પરવડશે! મારાં પોસ્યાં ઉંઘે ને ભુખે મરી જશે!" રતનવહુ બડબડી. "કાવજી તમે અંહી બિચારાં બચ્ચાંને અધરિયાત લાવીને રોરવી માર્યાં, તેનાં કરતાં અગાઉથી ખબર કાહડીને લાવતે કેની કે ખોટી થવું નહી પડતે?"

"મુગીમર રાન ડાકણ?" કાવલાજી શેઠ રતનવહુપર બખાળ્યા. "મુસાફરી કરવાની રીત એવીજ હોયકે? રાન, સાહેબ અલેબીની દીકરી આવીકની તે રાનથી એક કલાક થોભાય નહી? રાન તારા બાપનું ચાલતું હોયતો તારે વાસ્તે ઇસપેશીયાલ તરેન કાં નહી મુકાવીને,આવી? તારા જેવી બીહીકણ બૈરી તો કોઇ જોઇ નથી. તું આ બચ્ચાંઓ કરતાં પણ વધારે માથે પડનારી છે!"

"હોવે હોવે! એ બધાં પુણેથી આવતા રેહવાની તમારી ઉતાવળનાં ફળ" રતનવહુ બડબડી. "તમારી એોહસ બળેરે! તમોને એમ એકદમ વીરમાં પડીને નિકળી જવા કોણે કહ્યું'તું?"

જમસુ જે આ વખતે હાજર હતો, તેણે રતનવહુનાં છેલા વાક્યની પોતાનાં મગજમાં ખાસ નોંધ લીધીકે "કાવલાજી શેઠ," એકદમ એટલી તો ઉતાવળેથી પુણું છોડી આવ્યાછે, કે બૈરી છોકરાંની અગવડની પણ તેવણે પરવા કીધી નથી.

"કાવલાજી શેઠ" નાં કુટુંબ સાથ પોતાનો ઘરોબો વધારવા જમસુ ઝટપટ જઇને સ્ટેશન ઉપરના "રીફ્રેશમેંટ બાર" ઉપરથી છોકરાંઓને મારે તાજી તાજી અને ગરમા ગરમ ચાહનાં કપ લઇ આવ્યો, અને તે બચ્ચાંઓની સાથે કાવલાજી શેઠ તથા રતનવહુને પણ પીવા આપી. તેઓએ તે મોટા ઉપકાર સાથ પીધી અને બચ્ચાંઓ પંદર દાહડાનાં ભુખ્યાં હોય તેમ બિસ્કિટ કરડવા અને ચાવવા પડયાં.

સુરતની પાસેનજર ત્રેનને હજી એક કલાકની વાર હતી, તેટલાં જમસુ જસાવાળાએ રતનવહુને તથા બચ્ચાંઓને "વેટિંગ રૂમ" માં સુવા મોકલ્યાં અને પોતે "કાવલાજી શેઠ" ની સાથે તેવણને વાત કરાવતો બાહાર બાંજટ ઉપર બેઠો.

"શેઠ, તમોને હું ઓળખતો નથી, તોપણ તમે એટલીબધી મારી બરદાસ્ત લ્યોછ એ શું કેહવાય?" કાવલાજી શેઠ શરમાઇને બોલ્યા "તમે તમારી લાયકીથી અમોને શરમાવોછ, ભાઇ."

"અરે કાંઇ નહીરે મારા મેહરબાન." જમસુ ઘણાજ ખુશામતખોરાં નમન સાથ બોલ્યો. "તમારા સરખા એક શેઠિયાની અને બિચારાં આ બચ્ચાંની મારા સરખા એક સેવકે જરા બરદાસ્ત લીધી તેમાં શું વહી ગયું? તમે આ ગામમાં અજાણ્યા છો, તો હું અંહીનો જાણીતો માણસ, તમારી થોડી બરદાસ્ત લેવાને બંધાયલોછું. મને તમારી સાથ જરા કાંઇ અગતની ખાનગી વાત કરવાની છે. બેસોજી, આરામ કરો. હું હમણા આઉંછ."

"કાવલાજી શેઠ" ને બાંક ઉપર લેટાડીને જમસુ થોડેક છેટે શેહરી પોલીસનો સિપાઇ ઉભેલો હતો તેની પાસે ગયો અને પુછ્યું કે "તારો વડો હવાલદાર કોણ છે?"

વડો હવાલદાર ગોવિંદરામ દફેદાર છે એવું સિપાઇથી નામ મળતાં વારજ જમસુએ તેને ફરમાવ્યું—

"ત્યારે તો ભાઇ, તું હમણા જલદી જા અને મી૦ ગોવિંદરામ દફેદારને આ મારૂં નામ આપ," જમસુ તેને પોતાના નામનો કાર્ડ આપીને બોલ્યો. "અને તેને અંહી જલદી બોલાવી લાવ. એક કલાકમાં સુરત પાસેનજર ત્રેન આવે તેની અગાઉ મારે એક અગતની ખબર કેહવાની છે. હું પેલા બાંજટપર બેઠેલો છું, ત્યાં ગોવિંદરામને લઇ આવતો ના, પણ દૂરથી મને ઇશારત કરીને બોલાવજે, હું અંહીજ આવીને વાત કરીશ."

"બહુ સારૂં કાંઇ મોટી રકમની ચોરી છે, કે સાહબ?" એટલું પુછીને પોલીસ સિપાઇ દાદરની ચોકીપર દફેદાર ગોવિંદરામને બોલાવવા દોડયો અને જમસુ સ્ટેશનના બાંજટ ઉપર "કાવલાજી શેઠ" ની પાસે પાછો જઇને વાતે બેઠો. રતનવહુ પણ ત્યાંજ આવેલી હતી.

"શેઠ જરા છોકરાંઓને મારે તાજું દુધ મંગાવું?" જમસુએ વળી પાછી "કાવલાજી શેઠ" નાં બરી છોકરાંની મેનીજ કરવા માગી, "અંહી પરેલમાં તાજું દુધ સારૂં મળેછ, તે જરા બચ્ચાંઓને સારૂં ભેટ મંગાવ્યુંછ."

"અરે નારે બાપા!" રતનવહુ વચે પુરાયાં. "તાજું દુધ તો મોઘું મળતું હશે ને છોકરાંઓને સદશે નહી. બસ ચાહ ને બિસ્કોટ આપી તે થોડી છે કે? ને વળી તેનાબી કોણ જાણે કેટલાબધા પૈસા થયા હશે, લ્યો."

"હા ભાઇ હા, તે પૈસા ચુકવી લ્યો," એમ બૈરીના યાદ દેવાડવાથી "કાવલાજી શેઠે" પોતાની થેલી કાહડી. "કેટલા પૈસા થયા, ભાઇ? ચાર કપ ચાહના ને પાંચ બિસ્કિટ તેના છ આણા થયા."

"અરે નહીજી નહી. રેહવા દો" જમસુએ કાવલાજી શેઠના પૈસા લેવાને લાયકીથી ના પાડી. "એટલા છ આણાની શી બિસાદ? એ તો મેં મારે ખર્ચે એટલી ચાહ અપાવીછ, તે કબૂલ રાખો."

"અરે પણ બાપું, તમારી ને અમારી

વચે એટલી શી પિછાણ કે તમે અમારે ખાતર ખર્ચ કરો ?" કાવલાજી શેઠે જમસુની આ મેહરબાનગી તરફ નાપસંદગી બતાવી. "તમે અમોને ગાડીમાં મદદ કીધી, ને વળી અંહી અમારી એટલીબધી મદારત કરોછ બાઇ, તે તમોને અને અમોને શું ? તમે કોણ છો તે જરા ઓળખાવો તો ખરા."

"કાવલાજી શેઠે" આ શબ્દુનો એક શેઠિયાનાજ રોબ અને તાપથી પુછયા. વાંચનાર જોશે કે જયારે જમસુએ આ આખી મુલાકાતને દરમ્યાન એ હલકા ચાકરને "શેઠ—શેઠ—" કહીને છાપડે ચહડાવ્યા કીધાછે, ત્યારે કાવલાજી શેઠે તેને એકબી વખત "શેઠ" કહ્યો નથી, પણ "ભાઇ" અને "બાપુ" ના એલકાબથીજ બોલાવ્યોછે. તેજ રોબ અને તાપ હજી સુધી "કાવલાજી શેઠે" ચાલુ રાખ્યો.

હવે જયારે તેણે જમસુને ખામખા ઓળખવા માગ્યા ત્યારે જમસુ પણ તેની સાથ જે વાત કરવાને તલપી રહેલો હતો તે વાત કરવાની તેને તક મળી.

"હાજી. તમે મને ઓળખવા માગોછ તો હું પણ મારી ઓળખજ આપવા માગુંછ." તે બોલયો "જુવોનીજી, હું કની હું તે એક એવી બાઇનો વર થાઉંછ કે જે તમારી ઓળખાણની છે. તમે મને નથી ઓળખતા, પણ તમે મારી બૈયરને સારીપેઠે ઓળખોછ."

"હેં ! કેઇ બાઇ ! તેનું નામ શું ?" કોઇ બૈરીની વાત ચાલી કે રતનવહુ કાન ફફડાવીને સાંભળવા તૈયાર થઇ અને તેની બાયડીનું નામ પુછવા લાગી.

"મારી બૈયરનું નામ ખરશેદબાઇ છેજી. ખરશેદબાઇ ખજુરિયાજી. ઓળખી કે ?"

"ખરશેદબાઇ ખજુરિયા ? તે કોણ ? અમે તો મુંબઇના કોઇ લોકને ઓળખતાં નથી." અંહી "કાવલાજી શેઠે" કાનપર હાથ મેલ્યા.

"આં ખરશેદબાઇ ? તમારા શેઠની ભાણેજ ? જેની ઉપર મરનાર માણકશાહ મુકાદમનું ખૂન કરવાનો ખોટો વાંક મુકાયોછ, તે ? હવે ઓળખી કેની શેઠસાહેબ."

"હં ! હં ! હં ! હં ! મારી જુની શેઠાણી ખરશેદબાઇ ! તો એમ કહોની મારા સાહેબ. મારા શેઠની ભાણેજ કહોની" "કાવલાજી શેઠે" હવે ખટલીને ઓળખીને પછી વળી વધુ પુછયું. "અને તમે શું કહોછ ? તમે ખરશેદબાઇના કોણ થાવોછ ?"

"મેં કહ્યુની કે હું તેનો વર થાઉંછ, સાહેબ."

"શું તમે ખરૂં બોલોછ બા ?" વળી "કાવલાજી શેઠે" ડઘાઇને પુછયું. "એ તમારી વાત કાંઇ માન્યામાં આવે એવી નથી."

"નહી કે ? ત્યારે લાવોની હું તમોને યાદ આપું સાહેબ. તમે મને આગળ મારી ખટલીની સાથે જોયલો છે સાહેબ."

"આગળ ? કયારે ? હું તો કાંઇ જાણતો નથી." "કાવલાજી શેઠે" વળી કાનપર હાથ મેલ્યા. "તમે તો તમારાં બૈયર સાથે ગઇ કાલેજ પુણામાં જણાયા હતા, ને ત્યારસુધી તો ખટલીબાઇ પરણેલાં હતાં એમ કોઇ જાણતુંતું નહી."

"તે ખરૂં સાહેબ, પણ જીં તમે આગળી વાત ભૂલી ગયાછ, જી. તમોને યાદ છે સાહેબ? કે હું ગયે વર્ષ માણકશાહ શેઠના ચીનાબાગમાં ખટલીને મળવા આવ્યો હતો, ત્યારે તમેજ મને બાઇના ઓરડામાં લઇ ગયા હતા અને આસરે કલાક એક સુધી મેં ખટલી સાથ વાત કીધીતી. તમે ત્યાર પછી પાછા બાઇના ઓરડામાં આવ્યાતા, ત્યારે તમેજ મને દરવાજાનો રસ્તો દેખાડયોતો."

"હા. હા. હવે મને યાદ આવેછ." "કાવલાજી શેઠ" સંભારીને બોલ્યા. "ને મને બેહસ્તી શેઠેબી પુછયુંતું તે ઉપરથી મેં શેઠને કહ્યુંતું કે બાઇને કોઇ પારસી મળવા આવ્યો છે. તે તમેજ કે ?"

"હાજી. તે હુંજ. જેવો હું તે વખતે હતો તેવોને તેવોજ હજી છું, ને મારામાં ફેરફાર કાંઇ થયો નથી. તે ઉપરથી હવે તમે મને ઓળખી શકશો સાહેબ."

"હા હવે મને ઓળખ આવેછ ખરી," "કાવલાજી શેઠે" કબૂલ કીધું.

"હાજી. તે વખત અગાઉનો, ખટલી ચીનાબાગમાં રેહવા આવી તેનીબી દસ મહીના અગાઉનો હું ખટલીને મુંબઇમાં

પરણી મુકેલો હતો, અને ગયે વર્ષે તો હું માત્ર તેને મારી સાથે બોલાવવા આવેલો હતો, પણ તેને મામાના પૈસાની લાલચ લાગેલી હતી તેથી તે મારી સાથે પાછી નહી આવી."

"હં! હવે હું સમજ્યો. ખરશેદબાઇ ચીનાબાગમાંથી જવા પછી તમોને મળ્યાં, અને તેથી ગઇ કાલે તમે તેની સાથે પુણે પાછા આવ્યા?"

"હા સાહેબ, તેમજ."

"પણ ત્યારે ભાઇ, તમે આજે તમારી બૈયરને બંદીખાનામાં રેહવા દઇને પાછા મુંબઇ કયાં જાવોછ?" રતનવહુએ પુછયું. "તમારાં બૈયરપર ખૂનની કાંતી આવેલીછે, તે વખતે તમે તો બૈયરનો બચાવ કરવા રેહવાને બદલે તેવણને મુકીને પાછા આવ્યાછ?"

"હાજી, તેનું કારણ છેજી." જમસુ હિમતથી અને ભપકાથી બોલ્યો. "મારી બૈયર ઉપર આ ખૂનનો ચાર્જ તદન ખોટો મુકાયોછ. ખૂન કરનાર કોઇ બીજાજ છે, તે ઉપરથી હું ખરા ખૂનીની શોધમાં નિકળ્યોછ, અને તેટલાજ માટે અંહી આવ્યોછ."

"પણ અંહી તમોને તે ખૂની મળવાનો નથી." રતનવહુ હસ્યાં, પણ આ હસવાનું ઢોંગી હતું. હસવાની સાથે એ ઓરત એક એવી તો ચીસ પાડી ઉઠી કે તેનાં બચ્ચાંઓ માની નકલ કરીને ચીસ પાડતાં રડી પડયાં અને આ વાતની વચે રડારોળ થઇ ગઇ.

અંહી "કાવલાજી શેઠ" છેડાયા. "કાકા, તમે અંહી કયાં ગળે પડવા આવ્યાછ? ખૂન બૂનની વાત અમે કાંઇ જાણતા નથી."

"નહી સાહેબ નહી." જમસુબી હવે હુજતે પડીને બરાડવા લાગ્યો. "હું કહુંછ કે તમે એ ખૂનની વાત બધી જાણોછ. તમે પોતે ખૂન કીધું નહી હોય તો તે ખૂન કરનારને તમે ઓળખોછ અને તમે તે ખૂનમાં સામેલગાર છો. તેથી તો તમે પુણેથી અચબુચ રાતોરાત નાહસી આવ્યાછ, અને તેથીજ હું તમારી પુઠે આવ્યોછ. તમે જાણોછ કે તમોને પોલીસે સાહેદી રાખેલાછે. કોરોનરની જુરી આગળ તમારી શાક્ષી છે, અને પોલીસમાં તથા સેશનમાં તમે શાક્ષી આપવાને બંધાયલાછો, તોપણ તમે નાહસી જાવોછ."

આ પાછલું તોહમત બોલેબોલ ખરૂં હતું અને "કાવલાજી શેઠ" એવા તો ડઘાઇ ગયા કે તેનાથી કશું બોલી શકાયું નહી.

"જુવો શેઠજી સાહેબ, હું તમોને હજીબી ભલમણસાઇથી સમજાવીને કહુંછ તે સાંભળો."

"ના—ના—હું કાંઇ સાંભળવાને નથી. જાની બાપુ, તું અમારી પાસે માગેછ શું?" "કાવલાજી શેઠ" હવે તણાઇને બોલ્યા.

"જો તમે તાણ કરશો કેની શેઠ, તો અંહીને અંહીજ મુસ્કાટાટ બંધાઇ જશો." હવે જમસુએબી તાણ કીધું, "પણ જો ગુપચુપ વાત કરશો તો હું તમોને હેરાન નહી કરીશ. વાસ્તે ફરીથી ભલમણસાઇથી કહુંછ કે જરા ડાહ્યા થઇને હું કહુંછ તે સાંભળો."

"પણ બોલની બા, બોલ, તું શું કેહછ?" હવે "કાવલાજી શેઠે" જે વાત સાંભળવાને હમણાજ સાફ ના પાડી હતી તે સાંભળવાને કાન ઉભા કીધા.

"હું એમ કહુંછ સાહેબ, કે મારી સાથ તાણ કરવામાં તમોને કાંઇ ફાયદો થવાનો નથી. તમે મરનાર શેઠનું ખૂન કીધું એમ હું કેહતોજ નથી, પણ જે ઘણી સામેલગાર હોય કેની, તે ખૂન કરનારના જેટલોજ તકસીરવાર ઠરેછ. અગર તમે ખૂન નહી કીધું હોય, પણ તમે જાણતા હોય, અને જાણીબુજીને છુપાવતા હોય—"

"હું કાંઇ જાણતો નથી, મેં કાંઇ છુપાવ્યું નથી. હું એ વાતથી આ નાનાં બચ્ચાંના જેટલો નિર્દોષ છું." પોતાનાં બચ્ચાં ભણી આંગલી બતાવીને "કાવલાજી શેઠ" બોલી ઉઠયા.

"તમે કાંઇ જાણતા નથી, ત્યારે નાહસી શું કામ જાવોછ!" જમસુએ પાધરોજ પ્રશ્ન પુછયો. "ચાલો, ચાલો, કાવલાજી શેઠ અગરજો આ ગુનાહમાં તમારો હાથ નહી હોય, તો તમારો છુટકારો ઘણો સેહલ છે. તમારા હાથમાં તેનો ઉપાય છે અને તે એટલોજ કે તમે જે કાંઇ જાણતા હોય તે ખુલ્લે ખુલ્લું કબૂલ કરવું. તમે જાણોછ કે મારી ખટલી ઉપર ખૂનનો ખોટો વાંક આવ્યોછ. તે બિચારી બેગુનાહનો બચાવ કરવામાં તમારી મદદ આપો અને ખરી બીના જે તમે જાણતા હોવ તે કહી દો, એટલે ખટલી છુટી જશે અને તમેબી છુટી જશો. પણ જો તમે છુપાવશો તો સામા ફસી જશો."

પ્રકરણ ૧૪૯ મું.

"કાવલાજી શેઠ" સીકંજામાં.

જમસુએ આ સઘળી વાત એવીતો અચબુચ છેડી, અને "કાવલાજી શેઠ" ને એવાતો સીકંજામાં લીધા કે તેવણથી કશો જવાબ દેવાઇ શકાયો નહી. કાવલો જો આગમચથી જાણતો હોત તો કાંઇ જવાબ તેણે તૈયાર કરી રાખ્યા હોત, પણ આ તો તેણે પોતાને અચબુચ ફસી પડેલો જોયો, અને એ ફસાણમાંથી તે એટલોતો ફગલાઇ ગયો, કે તેને નિકળવાનો કશો રસ્તો નહી સુજયો, તેથી તે વધારે ગંભીરાઇથી ચુપ થઇ ગયો.

પણ તેની ચુપકીદી ઉપરથી હવે તો તેની રતનવહુને પણ શક ગયો. તે ડોળા અને ડાચું બેહુ વકાશીને ફીફડી ફાડી નાખીને જોવા લાગી અને તે પોતાના વર ઉપર એક દમ ઉતરી પડી "ખરૂં કે કાવજી? આ શેઠ કેહછ તે ખરૂં છે કે? તમોને આ ખૂનની કાંઇ ખબર છે કે? જો કાંઇ ખબર હોય તો કહી દો, મરી જાઉં."

"જો તમે કબૂલ કરશો તો હું તમારો દોસ્ત થઇ રહીશ અને તમોને પુરતી મદદ કરીશ," જમસુએ આશા આપી. "જો તમે સાચું કેહશો તો મારા જેવો બીજો કોઇ દોસ્ત તમોને બચાવનાર નહીં મળશે."

"જાવો! જાવો!" કાવલાજી શેઠે મર્ડાટ કીધો. "તમારા કરતાં મારા બચાવનાર દોસ્તો બીજા ઘણા છે."

"તે કોણ? પેસુ ચીનો કે?" જમસુ વળી આ છેલો જવાબ લઇ પડયો. "પેસુ ચીનો તમારી મદદમાં છે તે તો હું જાણુંછ. તેણે તમોને પુણેથી નહસાડયાછ, અને બીલિમોરે નાહશી જવાના પૈસાબી તેણેજ તમોને આપ્યા છ, એ બધું હું જાણુંછ. હું જાણુંછ કે ખરો ખૂની તો પેસુ ચીનો છે અને તમે તો માત્ર વાત જાણ્યાથી સામેલ છો. એવા એક સામેલગાર શાક્ષી તરીકે તમોને નહસાડી મેળવામાં પેસુ ચીનાનો લાભ છે ખરો, પણ તમારો લાભ નથી. તમારી ઉપર પોલીસનો ડોળો છે અને પેસુ ચીનાના શિખવેલા તમારા નાહસી જવાથી તમે બચવાના નથી, પણ ઓર તમારી ઉપર સાખી તવાઇ આવશે. પેસુ ચીનો તમારો દોસ્ત નથી, તે તો તમારા આંથણામાં છે—તમારો ખરો દોસ્ત તો હું થઇશ અને હું તમોને બધી મદદ આપીશ, તે એકજ શરતે કે અગરજો આ ખૂન તમારી જાણબુજથી યા તમારી સામેલગીરીથી થયું હોયતો બધું ખરેખરૂં કબૂલ કરી દો."

"મારી જાણબુજથી યા મારી સામેલગીરીથી કાંઇ થયું નથી." "કાવલાજી શેઠ" બીહતાં બીહતાં બડબડયા.

"પણ પેસુનું કારસ્તાન છે અને તે તમે જાણોછ, અને જાણવાને લીધે તમે સામેલગાર છો. તમારી સામેલગીરી જણાઇ જવા પછી, હજી તમે છુટી શકશો, પણ તે હમણાજ અને છુટવાનો હું તમોને ઉપાય બતાઉંછ તેમ કરો."

"શું ઉપાય છે?" વિચારમાં ને વિચારમાં બેસી રેહવા પછી "કાવલાજી શેઠ" અચબુચ બોલી ઉઠયા.

"હા. ધારાનો ઘણો સેહલ ઉપાય છે. તમે 'ક્વિન્સ એવીડન્સ' થાવો."

"એટલે? તે શું?" કાવલાએ પુછ્યું.

"એવો ધારો છે" જમસુએ ધીરજથી સમજાવ્યું "કે એક અપરાધના જાણકારે અપરાધના કરનાર સાંખે શાક્ષી આપીને ખરેખરૂં જાહેર કરવું, અને જે જાણકાર તેમ કરે તેનો ગુનાહ રાણીએ માફ કરવો. તેને 'ક્વિન્સ એવીડન્સ' એટલે 'રાણીના શાક્ષી' કેહછ તેમ તમેબી રાણીના શાક્ષી થાવો, કાવલાજી શેઠ."

પણ આ સલાહ "કાવલાજી શેઠ" ને રૂચી નહીં.

"રાણી વેલાતમાં બેઠી બેઠી કયાં માફ કરવા આવવાની છે?" રતનવહુએ વરની તરફથી ટાપસી પુરી.

"અરે તું સાંભળ્યા કરરે રતન! માફી મળવાને બદલે ત્રણ લાકડે લટકી જવાની વાત!" કાવલાજી શેઠે એ વાત હસી કાહડી.

"નહી, 'ક્વિન્સ એવીડન્સ' ને 'ક્વિન' એટલેકે રાણી માફ કરે, તે રાણી પોતેજ માફી બક્ષ એમ ધારો નથી, પણ રાણીને નામે કોર્ટ માફી બક્ષેછ. એમ ઘણા તકસીરવારો

'ક્રિવન્સ એવીડન્સ' થાયછ. વાસ્તે જુવો, કાવલાજી શેઠ, મારી શલાહ માનો અને તમે તેમ કરીને તમારોબી છુટકારો મેળવો ને બિચારી મારી ખટલીનોબી છુટકારો કરી આપો."

આ ભાષણની "કાવલાજી શેઠ" ઉપર અસર થાયછે, એમ જોઈને જમસુએ પોતાની બધુ ફુસલવણી ચાલુ રાખી.

તમે એક વખત શાક્ષી આપ્યા પછી આજે નાહસી જવુ એજ વાત તમોને ગુનહગાર ઠરાવશે, અને તમે જયાં હશો ત્યાંથી પોલીસ તમોને જબરીથી પકડી મંગાવશે. તેના કરતાં બેહતર કે તમે નાહસી જવાને બદલે પોતાની મેળે પોલીસને તાબે થાવો, અને ખરેખરી બીના કબૂલ કરીને ખલાશી મેળવો. બિચારાં તમારાં આ બાયડી છોકરાંની દયા ખાતા હોવ તો ત્રણ લાકડે લટકી જવાની તમે જે ધાસ્તી રાખોછ, તેમાંથી બચી જવાનું કરો. મરનાર શેઠના ઓરડામાં આખી રાત તમોને જવાનો હક હતો, તમે તેવણને દવા આપતા હતા, તેવણને દવામાં ઝેર ભેળીને પાવામાં આવ્યુંછ, તો તમારી ઉપર નહી તો બીજા કોણપર શક જાય વારૂં ? તોબી એ કામ તમે કીધું નથી પણ પેસુ ચીનાએ કીધુંછ એ તમારો મોટો બચાવ છે. પણ તે વાત તમે જાણોછ, ત્યારે તે વાત જાહેર કરવા જેવો તમારા છુટકારાનો બીજો સેહલ ઉપાય શો હોય ? મારૂં કહ્યું માનો 'કાવલાજી શેઠ' ને તમારા અને બિચારાં આ પશુ બચ્ચાંના બચાવને માટે 'ક્રિવન્સ એવિડન્સ' થાવો."

"પણ ત્યારે તો મારે પાછું પુણે જવું જોઈયે ?" કાવલાજી શેઠે પુછ્યું, કે જે સવાલજ તેવણનું ઘચુપચુ મન દેખાડી આપેછે.

"પુણે જવાની શી જરૂર ? અંહીને અંહીજ ક્રિવન્સ એવિડન્સ થઈ શકશો. અંહી મેં હુમણાજ પોલીસને બોલાવી રાખેલીછે. તે આવે તેની આગળ તમારૂં કરારનામુ લખી આપો, અને પછી તમે તમારે ગમે ત્યાં જવાને છુટા રેહશો. તમોને કોર્ટમાં શાક્ષી આપવા બોલાવે ત્યારેજ તમોને પુણે જવું પડશે—બસ એટલુંજ."

એટલામાં જમસુના તેડાવ્યા મુજબ ગોવિંદરામ ફરેદાર સ્ટેશન ઉપર આવી ચુકેલો હતો, અને પોલિસ સિપાઈની ઈસારત ઉપરથી જમસુ જઈને તેને મળ્યો. તથા એક ખૂનનો અગત્યનો પત્તો મળેછે એવી ખબર આપીને દાદર જીલાના ગોરા પોલીસ સુપરિનટેનડંટને તેડાવી મંગાવ્યો. તે પાંચ મિનટમાં મારતી ગાડીએ દોડી આવ્યો.

"ઓ ! કાવલા, કાવલા, આ તેં શું કીધું ?" જમસુ આગળથી ઉઠીને જવા પછી રતનવહુએ રડી પડીને પોતાના વરબર તેહલખું પાડ્યું. "પોતાનાં બૈરી છોકરાંનું આ શું નખોદ વાળ્યું ? આ શું હોણુપસ્તા લગાડી ? એ બધી તારા દારૂની મોહકાણ જો કાવલા. હું તુને રોજ કેહતીતી કે તુ દારૂ ઢીચવાનું છોડી દે, નહીતો કે કોઈ દાહડે આપણી ખરાબી કરશે. આ તો તેં ખરાબીજ નથી કીધી, પણ ફાંસીને લાકડે લટકવાનું કીધુંછ."

"મુગી મર, રાન ગાંડી" કાવલાજી શેઠે બાયડીને ધમકાવી કાહડી. "મારાં કુટુંબને ખરાબ લાગે એવી મેં કાંઈ ચાલ ચલાવી નથી. પણ જેણે ખરાબ ચાલ ચલાવી હોય, તેને ઘડીબર ઓળખી રાખેલા ભલા."

"નહી નહી, એક ગુનાહનો ભેદ આપણે જાણવો નહી જોઈયે, અને જાણુંયે તો છુપાવવો નહી જોઈયે." જમસુ આ વખતે પાસે આવી લાગેલો હતો, તેણે કાવલાના છેલા શબ્દો સાંભળવા ઉપરથી શિખામણ દીધી, અને એકદમ પોલીસ સુપરીનટેનડંટ મી૦ વિલસનને હાજર કીધો. "લ્યો જુવો, આ પોલીસનો ગોરો આવેલોછે. તેની આગળ જે હોય તે ખરેખરૂં કહી ધો."

મી૦ વિલસન કાવલાને વેટિંગ રૂમમાં એકાંત લઈ ગયો, ત્યાં જમસુ જસાવાળા સિવાય બીજા કોઈને તેણે દાખલ કીધા નહી.

"કહી દેજે, હો કાવલા !" તેના જતાં જતાં તેની બાયડી તેને ગળે વલગીને કાલાવાલા કરતી બોલી "ખરેખરૂં બધું કહીને, તારાં બાયડી છોકરાંની આબરૂ રાખજે હો કાવલા."

"ચપ ! તુને વચમાં પુરાવાની જરૂર નથી." પોતાની બાયડીને દમ ભરાવીને કાવલો વેટિંગ રૂમની અંદર ગયો અને સુપરિનટેનડંટ વિલસને બારણું બંધ કીધું.

"શેઠ, હું જો બધું ખરેખરૂં કહું તો તમે મને ફસાવો તો નહી ?" કાવલાએ જમસુને ગુજરાતીમાં પુછ્યું કે જે ભાષા સુપરીનટેનડંટ

વિલસન સમજતો હતો, પણ તે સમજેછે એમ કાવલો જાણતો નહી હતો.

"હું સોગંદ ખાઇ કહુંછ કે તમે ખરેખરૂં કેહશો તો હું તમોને નુકસાન થવા દઇશ નહી." જમસુએ જવાબ દીધો.

"અને વારૂં તમારી બાયડીની ઓરડુએ રહીને તમારો હું બચાવ કરૂં તેનો મને બદલો શું આપશો સાહેબ ?" હવે "કાવલાજી શેઠે" પેહલીજ વાર જમસુને "શેઠ" અને "સાહેબ" કહ્યો.

"તું જે માગે તે ઇનામ આપવાને હું તૈયાર છું, કાવલા" અને જમસુએ પણ હવે પેહલીજવાર તેને "કાવલો" કરી હાંક મારયો.

શેઠ અને ચાકર હવે પોતપોતાની ખરી સપાટીએ આવ્યા.

"જે ગમે તે આપું એ કાંઇ કબૂલાત આપવાની રીત નહી." કાવલાએ હુજત કીધી, "એમ ભરમમાં વાત કરવાને બદલે, કાંઇ ખુલ્લે ખુલ્લી રકમનું નામ દ્યો."

"પણ તારે ગમે તે તું માગની ભાઇ. તું જે માગે તે ઇનામ તુને લખી આપવાને તૈયાર છું."

"પાંચ હજાર રૂપીયા આપશો ?" કાવલાએ શરત કીધી. "પાંચ હજાર રૂપીયા આપો તો નોકરીબી નહી કરૂં, ને બીલિમોરાનેબી બાળી મુકીને મુંબઇમાંજ એક હાટલ કાહડીને બાયડી છોકરાં સાથે મઝા કરૂં. બોલો. તેવું હોયતો પાંચ હજાર રૂપીયા લખી આપો, અને મને બચાવી લેવાનો લેખ આપો."

"તું અમારી સાથ પુણે પાછો આવ કાવલા, ત્યાં મારા વકીલ ભીખાજી છે, તેવણ તુને લખત કરી આપશે. અને તારી જુબાની લખી લઇ, તુને બધા જોખમમાંથી છોડવશે."

"એમ કાંઇ હું આવું નહી. તમે મને અંહીજ લખત લખી આપો તો હું આવું. તમે મને પુણે લઇ જઇ કેદ કરો પછી હું કોણને પુછવા જાઉં ? જે હોય તે અંહીજ કહો—નહીતો કે હું આ ચાલ્યો મારે બીલિમોરા ગામ."

આજ વખતે સુરતની ગાડી આવવાનો ઘંટ થયો, અને કાવલો તે ત્રેનપર ચહડી બેસવાની ઉતાવળ કરવા લાગ્યો.

"એમ નહી બનશે." સુપરીનટેનડંટ વિલસન તેનો હાથ ઝાલીને, તેને અટકાવીને ગુજરાતીમાંજ બોલ્યો. અને આ વેળા કાવલાએ પેહલીજ વાર જોયું કે એ ગોરો તો ગુજરાતી જાણેછે, અને સઘળી વાત તેણે સાંભળી લીધીછે. આ શોધથી કાવલો બમણો ફસ્યો.

"જો તું સીધેસીધો ને મુગોમુગો પુણે નહી આવશે તો તુને બેડી નાખીને અહ પકડી લઇ જઇશું." સુપરિનટેનડંટ વિલસને શખ્ત ધાક આપીને તેને થથડાવી મારયો.

હવે કાવલો હેબતી ગયો, તેને જમસુએ વધારે સમજાવ્યો. "કાવલા, હુજત ના કર. મુગો મુગો ચાલ મારી સાથ પુણે, મારા કબૂલેલા પાંચ હજારની જામીનગીરીમાં આ મારી પાસે ૫૦૦ રૂપીયાની જણસ છે તે લે. અને બેડી નાખીને તો તુને લઇ જવો પડશે તે ફજીયતીમાં જવાને બદલે મુગો મુગો ચાલ."

જમસુએ પોતાની હીરાની વીંટી અને સોનાનું ઘડિયાળ કાવલાના હાથમાં મુકયાં, અને તેઓ વેટિંગ રૂમની બાહાર આવ્યા. બીલિમોરે જવાની ત્રેન સ્ટેશન ઉપર આવી ઉભી અને રતનવહુ ઉપડી જવાને તતપર હતી. તે છોકરાંઓને લઇને ત્રેનમાં ચહડી બેઠી.

"રત્ની, રત્ની, હું બીલિમોરે નથી આવતો" કાવલો તેમની પછવાડે દોડીને બોલ્યો. "મને તો આ લોકો પાછો પુણે લઇ જાયછ. હું પુણે જાઉંછ, તું ગામ જા. હું પછવાડે આવી મળીશ."

"હેં ! શું !" હેબતીને ફાળ ખાતી રત્ની રડવા પડી, તેની સાથે તેનાં છોકરાંએ પણ રડારોળ કરી મુકી. પણ જમસુએ તેઓને થંડાં પાડયાં અને સોનાનું ઘડિયાળ તથા વીંટી જે કાવલાએ રત્નીને આપી તે પ્રકાશિત જવાહેરથી રતનવહુનું રડવું ઘણું સુકાઇ ગયું.

અંતે ત્રેન ઉપડી, તેમાં પોતાનાં કુટુંબને વિદાય કરીને "કાવલાજી શેઠ" સુપરીનટેનડંટ વિલસન અને જમસુની સાથે દાદરનાં સ્ટેશન ઉપરજ રહી પડયા. ત્યાંથી તેઓ મુગા મુગા જી. આઇ. પી. નાં સ્ટેશન ઉપર ચાલી ગયા અને ત્યાં અડધા કલાકમાં પુણાની ત્રેન આવી, તેમાં જમસુ કાવલાજી શેઠને લઇને ચહડી બેઠો. સુપરીનટેનડંટ વિલસને "કાવ-

લાજી શેઠ" ને ઘણોક સધ્યારે। આપીને પુણે રવાના કીધો, અને તેને મોહડે પોતે જે કાંઇ સાંભળ્યું હતું તે સઘળું નોધી લઇને, અગરજો આ શાક્ષી પછવાડેથી ફરી જાય અને જો જરૂર પડે તો પોતાની શાક્ષી આપવાની તેણે જમસુને કબુલાત આપી.

અને એ પ્રમાણે જમસુ જસાવાળો કાવલાને લઇને પાછો પુણે ઉપડી ગયો.

અગરજો કાવલો ગાડીમાં સામો થાય તો જમસુ કાવલાને ગાડીમાં એકલે હાથે પુરો પડવાને શક્તિવાન હતો.

પ્રકરણ ૧૪૭ મું.

"લાલ કીલ્લા" નો નવો કેદી.

મરનાર માણકશાહ મુકાદમની લાશ ઉપર મુલતવી રાખેલી જુરી જમસુ પુણે પાછો ફર્યા પછી બીજે દાહડે ભરવામાં આવી.

જમસુ આ સઘળો વખત પોતાના કુલ કાવલાની સંભાળમાંજ હતો. તે કેદ પકડાયો એટલે હવે વધુ વાર "કાવલાજી શેઠ" રહ્યો નહી હતો. તેની એ સવા પ્રહરની શેઠાઇ તો હવે બદલાઇને તે પાછો કાવલાનાં જુના નામથી ઓળખાતો થયો હતો.

કાવલાને જમસુએ ડાકટર મેહલાશાહ મુકાદમના "લાલ કીલ્લા" માં સલામત રાખ્યો હતો. પોતાનો એ નામીચો કેદી વખતે રાત અવારસુ પોબારા માપી જવાની જમસુને ચિંતા હતી, પણ તે ચિંતા એક અણધારેલા બનાવથી ટળી ગઇ. કાવલાજી શેઠનાં ધણીયાણી રતનવહુને પોતાના વરને વીહલો મેળવા ગમ્યું નહી, તે પોતાનાં રડતાં બચ્ચાંઓની સાથે કાવલાની પછવાડેની બીજીજ ટ્રેનમાં પાછી પુણે આવી, અને જમસુને પુછતી તે પારસી હાટલમાં આવી ત્યાંથી તેણીનો વર "લાલ કીલ્લા" માં સબડવાની ખબર આપીને જમસુએ તેણીને પણ ત્યાં જવા દીધી અને કાવલાને તેનાં બાયડી છોકરાંની સાથેજ રેહવા દીધાથી હવે તેના પુણેથી નાહસવાની ફરીથીની ફિકર રહી નહી. પોતાના કીમતી કેદીની સલામતીને માટે "લાલ કીલ્લા" કરતાં જમસુ વધારે સલામત કશું વિચારી શકયો નહી.

અને અંહી જમસુએ કાવલાને સારીપેઠે દમ ભરાવ્યો હતો. "જો કાવલા, આ ઠેકાણે તુને આબરૂની ખાતર છુટો રાખ્યોછ, પણ તું પોતાને છુટો સમજતો ના. આ મકાનનું નામ કીલ્લો છે, તેને કેદખાનાનો કીલ્લોજ સમજજે, અને અંહીથી બાહાર ફડકવાની તું વાતજ ના કરતો હં!" જમસુએ તેને જોલાબ આપ્યો. "મારી મતલબ એટલીજ છે કે તું અંહી છે તે હાલ તુર્ત તો તદ્દન છુપ્યું રાખવું છે, અને તું બાહાર રખડવા જાયતો તારી પુણામાં હાજરી માલમ પડી આવશે, વાસ્તે ખુબ સંભાળ રાખજે."

"અને હું પણ કેથે બાહર નિકળવા માગતોજ નથી" કાવલાએ ખાતરી આપી. "હું પુણે રહેલો હતો ત્યારે કોઇ દાહડે પણ શેહરમાં રખડતો જણાયલોજ નથી. અંહી મને મારાં બૈરી છોકરાં પાછાં આવી મળ્યાંછ અને મારૂં ખાનું પીણું તમે પુરૂં પાડોછ, એટલે મને બાહાર જવાનું કારણ શું?"

રતનવહુને તેનાં બચ્ચાં સાથે કાવલાએ બીલિમોરાની ટ્રેનપર ચહડાવી હતી, અને જમસુએ તે વેઠને કાવલાની સાથે રાખવાના કરતાં પતવાનું પસંદ કરી તેને જવા દીધી હતી ખરી, પણ તેની ટ્રેન મેહમ પુગી નહી તેટલામાંતો આમ એકલી જવા સારૂં રતનવહુનો જીવ માન્યો નહી. કાવલાના અપરાધ વિષે તેણીનાં મનમાં મજબૂત શક ભરાયો અને કાવલો શેઠનું ખૂન કરવા સારૂ ફાંસી જવાનો એવોજ તેને ભય પેઠો—એવા વખતમાં પોતાના વર વિના એકલી પોતાનાં બીલિમોરા ગામમાં બચ્ચાં સાથ રવડી મરવા જેવું તેને લાગ્યું, અને તેના કરતાં તેણીએ પોતાના વરની પાછલ પુણે જવાનું બેહતર વિચાર્યું. માટે વાંદરાના સ્ટેશન ઉપર તે પોતાનાં બચ્ચાં સાથે અને ગાંસડાપોટલા સાથે ઉતરી પડી અને વળતી ટ્રેનમાં પાછી દાદર આવી, કે જયાંથી જી. આઇ. પી. આર.ની લાઇન ઉપર દાદરથી પાછી પુણાની ટિકિટ લઇને પુણાની

ટ્રેન ઉપર ચહડી બેઠી, અને પોતાના વરને આવી ભેટી નહી ત્યાંસુધી તેના જીવને ધીરજ મળી નહી.

કાવલાએ પુણા શેહરમાં બાહાર નિકળવું નહી, અને કોઇને પણ પોતાનો દેખાવ દેવો નહી, એમાં રતનવહુ પણ પોતાનો લાભ સમજવા લાગી, અને પોતાના વરને "લાલ કીલ્લા" નાં બબરચીખાનામાં સલામત ગોંધી રાખવાને ખુશી થઇ, અને એ રીતે જમસુની ધારણામાં રતનવહુ આવીને ઓર વધારે મદદગાર થઇ પડી.

પણ અંહી તેઓનું આવી રેહવું જમસુએ એટલું છુપાવી રાખ્યું કે ડાકટર મેહલાશાહ મુકાદમે અને તેવણના બબરચી સિવાએ બીજાં કોઇને પણ તે વિષે ખબર પડવા દીધી નહી. પોતાના ભાઇ માણકશાહ શેઠનાં ખુન વિષે કાવલા ઉપર ડાકટર મેહલાશાહના શક પેહલાંનાજ હતા. તેવણે પોતાના "લાલ કીલ્લા" માં આ કેદીને ખુશીથી લીધો, અને તેવણની નાદાન ભાણેજો મેહરી અને નાજાંને તો એ વાતનો કશો એસારો પણ માલમ પડવા નહી દીધો—કાવલો નાહસી ગયલો પકડાઇને આવ્યો છે, એ વિષે તેમને તો કશી ખબરજ નહી હતી એટલે તેને અને તેનાં બૈરી છોકરાંને મેહલાશાહ મામાએ પોતાને ત્યાં રાખવા માટે એ છોકરીઓને કશી નવાઇ ઉપજી નહી હતી. તેઓએ ઘણામાં ઘણું એટલુંજ વિચાર્યું હતું કે માકા મામાનાં મરણથી તેવણના એ વિશ્વાસુ માણસો રખડી રહ્યાં, તેઓને મેહલાશાહ મામાએ પોતાને ત્યાં ઠેકાણે પાડયાંછે. એમ સમજી મેહરાં અને નાજાંએ એ વાતનો વધારે વિચાર કીધો નહી.

કાવલાનું પાછું ફરવું અગત્ય કરીને પેસુ ચીનાથી છુપાવવાની મુખ્ય મતલબ હતી. કાવલાને એ પારસી ચીનાએ ખર્ચ આપીને પુણેથી નહસાડયો હતો, તેને પાછો પકડી લાવ્યાથી પેસુની મતલબ ઉંધી વળી હતી.

પારસી હાટલમાં જમસુ મી૦ ભીખાજી વકીલને મળ્યો ત્યારે તેવણને સઘળી હકીકતથી વાકેફ કીધાથી તેવણે જમસુનાં એ સઘળાં કામ ઉપર પોતાની પસંદગી બતાવીને તેનાં એ ઠાવકાંપણાને માટે તેને શાબાશી આપી હતી.

પ્રકરણ ૧૪૮ મું.

પેસુ ચીનાના પુણેગરા દોસ્તો.

પેસુ ચીનો પણ હજી પારસી હાટલમાંજ રહેલો હતો. તે ખાતો પીતો અને મઝા કરતો હતો, અને જરા પણ બીધેલો કે ડઘાયલો નહી હતો. તે હાટલમાં પુણાના ઠોળિયા જુવાનો સાથે, અગત્ય કરીને સર્દાના જાંહગીર સાથે છુટથી પળોટાઇ ગયો હતો અને બિલિયર્ડ વગેરે બાજીઓ ખેલતો હતો. તે પોતાને પુણે રેહવું પડયાથી જરાબી નાખુશ નહી દેખાતો હતો. પણ પોતાના દોસ્તો આગળ તેની ફરિયાદ એટલીજ હતી કે તેના ધંધાનાં કામસર તેને ચીન જવાની ઉતાવળ હોવા છતાં કારોનરે તેની શાક્ષી લઇને તેને નક્કામો રોકી રાખ્યો હતો.

ખૂનનો પત્તો મેળવી આપવાના જાહેર સબબને સર તેણે પોતાનાં કામનો ભોગ આપી પુણામાં થોડા દિવસ થોભવું જોઇયે, એમ જ્યારે તેના દોસ્તોએ સુચવ્યું ત્યારે તેણે થોભવાની ના પાડી નહી હતી, પણ પોતાનું ચીનનું કામ અટકી રેહવા થકી પોતાની અધીરાઇજ માત્ર દેખાડી હતી.

"કારોનરની જુરી તો કદાચ હજી એક મહીનો સુધી લંબાયા કરશે" બીલિયર્ડ રમતાં રમતાં પેસુ ચીનો બડબડતો "અને મહીનાની તપાસની સેવટે બિચારા બેહસ્તી શેઠનું ખૂન કોઇ અંજાણ્યા શખ્સ અથવા શખ્સોએ કીધું એવો ઘર પુછડાં વગરનો જુરી અભીપ્રાય આપશે, તોપણ તેટલાંની ખાતર મારૂં અંહી પડી રેહવું વ્યર્થ જશે."

"પણ ખટલી ઉપર ખૂનનો શક છે કની?" સર્દાના જાંહગીરે યાદ આપી.

"તોબી હું નથી ધારતો કે બિચારી એ છોકરી ઉપર જુરીની તપાસમાં કાંઇબી વાંક લાગુ પડી શકે." પેસુ ચીનાએ ખાનગી વિચાર કર્યો, "અને આવી એક જુવાન ને ખુબ-

સુરત નાજનીન ઉપર આવો એક પાપી દોષ લટકી રેહ એવી કાંઇ પસંદ કરવા જોગ વાત નથી."

જાંહગીરનાં દિલમાં ખટલીની દયા પેહલાં-નીજ હતી. તે પણ પોતાના આ નવા દોસ્ત સાથ એકમત થયો.

"ખરેખર મી૦ પેસ્તનજી," તે બોલ્યો. "એક વખત એવો હતો કે જ્યારે એ છોકરીના મામાને હું મળવા જતો હતો ત્યારે હું એ સુંદર નાજનીનની પુંજા કરતો હતો. મેં તેના ઉપર ઘણો પ્યાર બતાવ્યો હતો, પણ તે વખતે તેનો એક ભર્તાર હૈયાત હતો એવી હવે શોધ થવા ઉપરથી હું પોતાને ઠગાયલો જોઉંછ, એટલુંજ નહી પણ એ છોકરીએ પોતે મને ઠગ્યો એમ સમજીને હું વધારે ખીજવાઉંછ."

"છોકરી પકી તો ખરી." પેસુ ચીનાએ ટેકો આપ્યો "પણ જો દરએક પકી છોકરી એ પ્રમાણે માટીડાઓને હાથ તાલી આપતી વખતે 'પ્રુસિક આસિડ' સાથ ચેડાં કાહાડતાં શિખતો પારસી કોમનું ભવિષ્યજ ડુબી જાય ખરૂં."

"ખોદા કરેને એ વાત ખોટી પડે." જાંહગીરે દુવા માગી. "આપણ આશા રાખીશું કે આ કર્મ ખટલીનું નહી હશે, અને તેના ઉપરના શક ઉંધા વળશે. તોપણ ગામના લોકો એ બિચારી ઉપર શક લઇ જાયછ, એ ઘણી દિલગીરીની વાત છે."

"હું પણ એ બિચારી ઉપરનાં બદગુમાન વિષે દિલગીર છું." પેસુ ચીનો બીલિયર્ડ ટેબલ ઉપર એક દડાને ફટકો મારવાને વાંકો વળતાં બોલ્યો.

"મને ખટલીનું ઘણું લાગેછ, પણ ગામના લોકો એ છોકરીને નિર્દોષ માનતા નથી. એની પાસેથી પ્રુસિક આસિડની શીશી મળી આવી અને વળી બેહસ્તી ગુજરયા તે દાહડે એ અચબુચ નાહસી ગઇ. એવા બનાવો વચે તેને બેગુનાહ ઠરાવવી ઘણી મુશકેલ છે તો."

"બેશક, બેશક," પેસુ ચીનાએ એજ અટકળને ટેકો આપ્યો "એ છોકરીની ચાલ શક ભરેલી છે તો ખરી."

"પણ એ નાહસી ગઇ તે વાતમાં હું કાંઇ ઘણો દમ જોતો નથી." સદાંના જાંહગીરે આબાદ તર્ક મારી. "તમારી સાથ પરણવાનું અટકાવવા. મારે એ નાહસી ગઇ હોય."

"તેમ હોય તો એ ઘણી નાદાન હોવી જોઇયે." પેસુ ચીનાએ આ તર્કની વચે ફાંચડ મારી. "જો તે ખરેખર પરણેલી હતી તો એને નાહસી જવાની શી જરૂર હતી? એણે માત્ર મારી આગળ સઘળી ખરી વાત કબૂલ કરવી હતી અને જો મને એણે કહ્યું હતે તો હું એવી એક પરણેલીને તેના ભર્તારની હૈયાતીમાં ફરીથી પરણવા માગું એવો મૂર્ખ નહી હતો. એ છોકરીએ મને ખરી બીના કહી હતે તો એને પરણાવવાની સઘળી વાતનો છેડો આવી ગયો હતે."

"હા. પણ છોકરીની જાત નાદાન તે નાદાન," જાંહગીરે સઘળો ખટલીની નાદાનીનો વાંક કાહાડયો. "ગભરાટનાં મારેલાં બૈરાંથી શુંનું શું થઇ જાય."

"ખટલી એવી હુલર નાદાન દીસતી નથી." પેસુ ચીનો પોતાની હુજતને વળગી રહ્યો. "તે પોતાના મતબર મામાને ત્યાં આવી રહી તે બડી પાકી ઠગ હોવી જોઇયે. જે ધણીનું નામ મામો ધિક્કારતો હતો, તે ધણી સાથ પરણ્યા છતાં, પોતે કુમારીમાં ખપી અને મામાને ઠગીને તેની દોલત જીતી જવા તેની સાથે રહી, એવી જેનામાં ધીરજ હોય તે છોકરી માત્ર નાદાનમાં ખપે નહી."

બે દોસ્તો વચેની આ વાત અંહીંજ બંધ પડી.

અને પેસુ ચીનો ચીન જવાની પોતાની સઘળી અધીરાઇ છતાં અંહીંજ અટકી રહ્યો. તેને થોભાવી રાખનારૂં દેખીતું કારણ પોલીસની તપાસમાં શાક્ષીનું હતું. પણ તેનું ખરેખરૂં છુપ્યું અને અણદીઠ કારણ તો એક જુદુંજ હતું.

કોઇ એક ખબડાયલા હાથનો અને ખરબચડા ચેહરાનો માણસ—કે જેનો ચેહરોજ ગવાહી આપેછે કે જે બાહારથી આટલોબધો ખરબચડો છે, તેની અંદરની ખાશીયત વધારે ખરબચડી હોવી જોઇયે—તે એક કાળી ચામડીનો કાળો સીધી જેવો માણસ, સફેદ લુંગી અને સફેદ પોતરમાં આ હોટલની આસપાસ ભમતો ફરેછે, તે શું ઓરડાઓમાં કે શું પોર્ટીકામાં પેસુ ચીનાને પોતાનો દેખાવ

આપતો રહ્યોછે તથા જ્યારે પેસુ બાહાર નિકળેછે ત્યારે તે માણુસ વચે આવ્યા કરેછે, અને પેસુ કામે જાય યા કાંઇ મોજને માટે ફરવા જાય ત્યારે તે માણુસને પણ કાંઇ કામ નિકળી આવતું હોયયા તેને પણ તેજ વખતે ફરવા જવાનો શોખ થઇ આવતો હોય એમ દેખાડેછે, તે અજાણ્યા સીધીભાઇને કોઇની ઉપર નજર રાખવાને ખાસ મુકેલોછે અને પેસુએ પોતાની ધારેલી ચીનની સફરમાં ઉતાવળ કરવાની કાંઇ પણ હીલચાલ તેની જાણમાં આવ્યા વગર રેહ નહી અને તેનું પરિણામ માઠું આવ્યા વગર રેહ નહી એવા કોઇ શકને લીધે પેસુ ચીનો પોતાની ધારણા પાર પાડતાં અટકી રહ્યોછે. જો આ બેગાનો કાળો માણસ ઘડી ઘડી તેની નજરે પડયો નહી હોત અને તે ઉપરથી તે પોતાની ઉપર એક જાસુસ હોવાનો જો પોતાને શક ગયો નહી હોત તો પેસુ ચીનાએ અત્યાર સુધીમાં તો પુણેથી "પેંડો પકડયો" હોત.

માટે પેસુ ચીનાએ હાલનીજ પોતાની વલાણને વળગી રેહવાનું બેહતર વિચાર્યું. એટલેકે પોલીસની જે તપાસમાં તેને શાક્ષી દાખલ ભાગ મળ્યોછે, તે તપાસ પુરી થાય ત્યાંસુધી મુગેમુગો પુણામાંજ પડી રેહવાનું તેણે પસંદ કીધું.

પ્રકરણ ૧૪૯ મું.

જુરીની વધુ તપાસ.

અને એ રીતે પુણાના પારસી હાટલમાં મુલતવી રાખેલી કારોનરની કોર્ટ એક વાર પાછી ભરાઇ.

આગળનીજ પેઠે આગળનાંજ લોકો સઘળાં કોર્ટમાં પાછાં ભેગાં મળ્યાં, સદીનાં ધનબાઇજી અને દારૂવાળાનાં દીનમાયે આગળની પેઠે એકાંત ખુણામાં ગપસપ મારવાની પોતાની બેઠક લીધી. કારોનરની ટેબલ ઉપર તે અમલદારની સામી બાજુએ મી૦ ભીખાજી વકીલ સરેસ્તાના ભપકાથી બિરાજમાન થયા. તેવણની પાસે જમસુ જસાવાળો ધીરજથી વાતો કરતો બેઠો હતો અને તેની પછવાડેની ખુરશીની બીજીજ હારમાં ખુબસુરત ખટલી પોતાના વરની પીઠ આગળ આશાન અને સમાધાન દેખાવમાં પાણી જેવી ફીકી અને પુતલાં જેવી થંડી ને થંબ બેઠી હતી.

આજે નવા શાક્ષીઓ તપાસવાના હતા એવી આગમચથી વાત ફેલાયાથી, આખી કોર્ટમાં તેઓ શું કેહવાના છે, તે વિષે ઘણી ઈંતેજારી અને ઉલટ ઉસ્કેરાઇ રહી હતી.

પેહલો શાક્ષી લેખે બેહલા બબરચીને બોલાવવામાં આવ્યો, એટલે પેસુ ચીનો વટીક અજબ થયો, અને તેણે પોતાની પાસે ઉભેલા સદીના જાંહગીરના કાનપર પડીને અજાયબી બતાવી કે "એ બબરચીને શું કામ સાક્ષી બોલાવ્યો હશે? એ શું કહી મરવાનો છે?"

"કાંઇબી નહી," સદીના જાંહગીરે અટકળ કીધી. "સિવાએ કે એણે પોતે પોતાના પકાવેલા કરી ચાવલમાં ઝેર ભેળીને શેઠને ખવાડવા વિષે તેની કાંઇ સાક્ષી લેવાની હોય."

"બેહરામજી બબરચી" કોર્ટ સમક્ષ આવી ઉભો અને તેને સોગંદ આપવામાં આવ્યા. તેનો સરકા જેવો ખારો ચેહરો હતો અને તેને શા માટે શાક્ષી બોલાવ્યોછે, તે પોતે નહી સમજવાથી ગુચવાડામાં ઉભો હોય એમ દેખાતો હતો.

"તમે મરનાર માણકશાહ શેઠના બબરચી હતા?" કારોનરે પુછ્યું.

"હા સાહેબ."

"અને શેઠનું ખાનું સઘળું તમે પકાવતા હતા?"

"હા જી."

"તેમાં શેઠની, આ, કાંજી, ઇડાં, સેરવો, કરી ચાવલ સઘળું?"

"હાજતો સાહેબ, હું નહી તો બીજું કોણ પકાવે?" બેહલાએ સામુ પુછ્યું.

"બીજું કોણ તે તમોને પુછવાનું કારણ નથી," કારોનરે તેને જરા દમ ભરાવ્યો. "અમારા સવાલનો હા કે ના, પાધરો જવાબ આપો. શેઠનું બધું પકવાન તમારાજ હાથમાં હતું કની?"

"હાજી હા. બધું હુંજ મારે હાથે પકાવતો

હતો." બેહલો બબરચી ભાર મુકીને બોલ્યો, અને તે કેવો બટકબોલો હતો તે વાંચનાર જાણેછે, માટે તેણે પુછયા વગર વાત વધારી કે "એટલુંજ નહી સાહેબ, પણ જો હું ચાહતે તો એકવાર કાંજીનાં કપમાં ખાંડ, યા બાફેલા ખીમામાં મીઠું નાખવાનું કામ હું કાવલાને યા મારી સાથના બીજા બબરચીને સોંપતે, પણ તેટલુંબી મેં કીધું નહી હતું, કાંકે મરનાર શેઠે મને પોતાના ખાસ બબરચી દાખલ રાખ્યો હતો, એટલે તેવણનું ગમે એવું સારૂં પકવાન પણ મારે હાથે પકાવવાની મારી ફરજ હતી, માટે એ બધું કામ મેં મારાજ હાથમાં રેહવા દીધું હતું. અને શેઠનો સેરવો શું કે કાંજી શું કે બાફેલો ખીમો શું કે હાફબૈલ ઇંડું શું, તેનું એકબી કપ મારા હાથ વગર શેઠના માળા ઉપર પસાર થયું નહી હતું."

"અને વારૂં તમારી ખાતરી છે કે શેઠનાં એ સઘળાં ખાનામાં ઝેરની એકબી કગરસ તમે જવા દીધી નહી હતી?"

"મારી ખાતરી છે સાહેબ."

"તમારા શેઠની તબીયત નબળી ચાલ્યા કરતી હતી, નહી વારૂં?"

"હાજી, ઘણીજ નબળી, ને તેથી કાંજી અને સેરવાનો હલકો ખોરાકજ તેવણ સારૂં હું પકાવતો હતો. ભારીમાં ભારી ખોરાક કોઇ દાહડે ફ્રુટની જેલી તો કોઇ દાહડે લીંબુનું કસ્ટર તે સિવાએ બીજું કશું ખાનું તેવણ લેતા નહી હતા."

"હં! પણ ત્યારે તો એ મીઠાં વાણાઓમાં તમોને કાંઇ મખ્ખવાસ યા લેહજતને માટે વેનીલા યા બીજું 'એસંસ' તો વાપરવું પડયું હશેની?" બટકબોલા બેહલાના જવાબ ઉપરથી કારોનરને વધારે પુછવાનું સુજ પડયું. "અથવા કાંઇ બદામનો યા આરંજનો 'એસંસ' યા એવોજ કોઇ બીજો મખ્ખવાસ તો તમે વાપર્યો હશેજ?"

"બીલકુલ નહી સાહેબ," બેહલો બોલ્યો "મારા શેઠને એવા એવા મખ્ખવાસનો કાંઇ શોખજ નહી હતો. તેવણ બસ દુધનાં વાણા-માં દુધ સિવાએ બીજું કાંઇ નખાવતા નહી હતા."

"પણ ઘરમાં બદામ યા 'જીંજર'નો 'એસંસ' તો હતો કે નહી?" કારોનરે બારીકીથી વિગત પુછી.

"એક ટીપુંબી નહી સાહેબ?" બબરચીએ જવાબ દીધો. "શેઠના ખપની જે ચીજ નહી, તે બબરચીખાનામાં અમસ્થું રાખી મુકવાનો મારો ધારોજ નહી હતો."

"તોબી શેઠનાં કસ્ટર યા પુડિંગમાં સ્વાદને માટે જરા કડવી બદામ તો નાખવી પડી હશેની?" કારોનરે પુછયું. "અથવા કડવી બદામ નહી તો કાંઇ લીંબુની છાલ, યા એવુંબી બીજું શું કાંઇ વાપર્યું નહી હશે?"

"નહી સાહેબ. બેહસ્તી શેઠને મીઠાં વાણા-માં જરાબી કડવાસ ગમતો નહી હતો."

કારોનર સાહેબને કાંઇ વધારે સવાલ પુછવા જોગ જણાયા નહી. મરનારને ઝેર દેવામાં આવ્યું હતું, એટલે તેના રસોઇયાને તેનાં ખાના વિષે જેટલું પુછવું જોઇયે તેટલું કારા-નરે પુછી લીધું. પછી તેને કાંઇ વધારે પુછવું હોય તો પુછવાની મીο ભીખાજી વકીલને ફરમાસ કીધી—અવશ્ય એટલામાટે કે આ શાક્ષીને બોલાવવાની મીο ભીખાજીએ પોતેજ સુચના કીધી હતી, અને ખામખા તેના કેહવાથી બેહલા બબરચીને કોર્ટે બોલાવ્યો હતો.

મીο ભીખાજી વકીલ શાક્ષીને ઉલટ-પાલટ પુછવાને ઉભા થયા, અને એને તે શું પુછવાનું હશે, તે પેસુ ચીનાને વધારે નવાઇ જેવું લાગ્યું.

"તમે કયાં સુતા હતા?" એ મીο ભીખાજીનો બેહલાને પેહલો સવાલ હતો. "મરનાર ગુજરયા તે રાત્રે તમે કયાં સુતા હતા?"

"શેઠના ઓરડાની હેઠલ, ચાકરોના ઓરડામાં સાહેબ." બેહલાએ જવાબ દીધો.

"કાવલાને, જે સુવાનો ઓરડો તેમાંજ તમેબી સુતા હતા કે?"

"હાજી."

"અને જે દાદરેથી કાવલો શેઠના ઓરડા-માં પાછલે બારણેથી જતો, તેજ તમારા ઓરડાનો પણ દાદર હતો કે?"

"હાજી."

"વારૂં ત્યારે મરનાર સહવારે ગુજરેલા જણાયા તેની આગમચની રાત્રે તમોને શેઠના ઓરડામાં કાંઇ ગડબડ સંભળાઇ હતી?

હમેશના ચુપચુપાટથી કાંઇ ઉલટું અને બીજુંજ તમોને લાગ્યું હતું ?"

"હા સાહેબ. મેં કાંઇ સાંભળ્યુંતું ખરૂં, તે મને તે વખતે નવાઇ જેવું લાગ્યું હતું— તો જોકે વાતમાં કાંઇ દમ નહીબી હોય. મેં કાવલાને તે વાત કહી, ત્યારે કાવલાએ મને ધમકાવી કાહડીને તે વાત બંધ પાડી હતી. કાવલો બોલ્યો કે—"

"કાવલાને તમે શું કહ્યું અથવા કાવલાએ તમોને શું કહ્યું તેની અંહી વાત નથી. એવી સુનીસુનાઇની વાત તે ખરી શાક્ષી ગણાય નહી. અમે તો તમે પોતે શું જાણોછો તેજ પુછીયે છીયે. ખૂનની આગમચની રાત્રે તમે તમારે કાનેકાન શું સાંભળ્યું તે કહો."

"હા. હું કહું સાહેબ," એમ કહીને બેહલાએ પોતાનો હેવાલ શરૂ કીધો. "હું ભારી ઉંઘે ઉંઘનારો નથી. હું સજાગરૂ ઉંઘે સુનારો છું. પણ વળી તે દાહડે ઘરમાં લગન થવાનાં હતાં, તેની ગડબડથી મારી ઉંઘ ઓછી થઇ હતી. લગન ઘણાં ગુપચુપ થવાનાં હતાં, ને શેઠની માંદગીને લીધે ચીનાબાગમાં કાંઇ ખાનાપીણાની ધામધૂમ નહી હતી. તોપણ મેં સહવારના સધરાનાને માટે સેવ ચુંટી રાખી હતી, દહી બાંધી રાખ્યું હતું, અને બદામ દરાખ છોલીને તળી રાખી હતી. એવી એવી ખટરાટ કરીને હું મોડો સુવા ગયો અને ઘણો થાકેલો હોવાથી મને ઘણી ઉંઘ નહી આવી. ને હું સહવારે જલદી પાછો ઉઠયો. હું ઉઠયો ત્યારે સહવાર પડી ચુકેલી હતી, તેવામાં મેં કાવલાને શેઠના દાદર ઉપર ચહડીને જતાં ને પાછો ઉતરી આવતાં સાંભળ્યો. કાવલાના પગલાંનો આવાજ અને એના સપાટના ચમચમિયાં હું ઓળખી શકતો હતો. હું સમજયો કે કાવલો શેઠને દવાનો ગોટ આપવા ગયો હશે. પછી તે પાછો આવે તેને માટે હું ખોટી થઇ રહ્યો, અને ખામખા ઉંઘ્યો નહી, કેમકે તે લગનની સહવાર હતી, અને મને સકાળે ઉઠવું હતું. શેઠને દવા આપીને કાવલાને પાછો આવતાં પાંચ મિનિટથી વધારે લાગતી નહી હતી, માટે મેં ધાર્યું કે કાવલો આવે ત્યારે તેને પુછીને એકદમ રાંધણીમાં જવું. પણ કાવલાની વાટ જોતાં તો પાંચ મિનિટ કરતાં વધારે વાર નિકળી ગઇ, અને ખાસો અડધે કલાકે કાવલો શેઠના ઓરડામાંથી પાછો આવ્યો."

"તે વખતે કેટલા વાગ્યા હતા ?" કારોનરે પુછ્યું.

"કોણ જાણે સાહેબ કેટલા વાગેલા હતા ?" બેહલાએ કાનપર હાથ મેલ્યા.

"પણ ઓરડામાં ઘડિયાળ હતું કેની ?" મી૦ ભીખાજી વકીલે પુછ્યું.

"ઘડિયાળ નહી હતું, પણ અડધોક કલાક થાય તે હું અટકળે પિછાણી શકુંછ સાહેબ. ચાવલને બાફણ વાળ્યા પછી તપીલાંને ચુહુલેથી ઉતારતાં અડધો કલાક લાગેછ, એ ઉપરથી બધા બબરચીઓને અડધા કલાકની આસરમ પડેલી હોયછ, સાહેબ. પછી કાવલો અડધેક કલાકે આસ્તે આસ્તે આવીને પોતાનાં બિછાના ઉપર પડયો ત્યારે ઘણો થાકેલો મને જણાયો અને 'ઓ! બાપરે! બાપરે!' એમ કાંસી કરાંજીને સુઇ ગયો. હું સુતો નહી પણ તેવોને તેવોજ ઉઠીને બબરચીખાનામાં મારે કામે ગયો. પછી સહવારે કાવલો રાંધણીમાં આવ્યો ત્યારે મેં તેને પુછયું 'કાવલા તુંને શું થયું ?' આ સવાલ જાણેકે પોતે સમજયો નહી હોય તેમ કાવલાએ દેખાડયું. પણ મેં તેની 'બાપરે! બાપરે!'ની કાંસકરાંજની યાદ આપી, ત્યારે તે બોલ્યો કે તેની છાતીમાં એકાએક દુખારો થઇ આવ્યો હતો તેથી તે કાંસ્યો હતો. તુર્ત તો એ વાત મેં મારાં મનમાંથી કાહડી નાખી હતી, પણ ત્યાર પછી એ વાત મને ઘણી વાર યાદ આવ્યા કીધીછ."

"કાવલો શેઠના ઓરડામાં ગયો ત્યારે કેટલા વાગેલા હતા ?"

"બાગની લેહરીમાં તુર્તજ પાંચ વાગેલા મેં સાંભળ્યા હતા. અને મરઘાના વાસવાથી હું ચેત્યો હતો કે ચાર વાગી ગયલા ને સહવાર પડેલી હતી."

"ત્યારે એ સિવાએ બીજી કોઇ ગડબડ તે રાત્રે તમે સાંભળી નહી હતી ?"

"બીજું કાંઇ નહી સાહેબ." બેહલો બોલ્યો.

"હું ધારૂંછું કે આ શાક્ષી હવે બસ થશે." કારોનરે બેહલા બબરચીની શાક્ષી એટલામાંજ પુરી કરવા માગી.

પ્રકરણ ૧૫૦ મું.

પેસુ ચીનાને સપડાવનારી જુબાની.

પણ મી૦ ભીખાજી વકીલ એટલામાંજ રાજી થયા નહી.

"નહી નહી સાહેબ. હજી એટલામાં કાંઇ પત્યું નથી." તેવણ બોલ્યા "મારે આ શાક્ષીને થોડાક વધારે સવાલ પુછવાના છે."

એ ઉપરથી કારોનરે આ બટકબોલા બબરચીને વધુ જવાબો દેવા માટે થોભાવ્યો.

"બેહરામજી, તમારા શેઠનું મરણ થયું તેની આગમચની રાત્રે શેઠના ઓરડામાં તમે કાંઇ ગડબડ સાંભળી હતી?" વકીલ સાહેબે તેને સવાલ પુછવા માડયા.

"ગડબડ? શાની ગડબડ? કાંઇ મારા-મારી?" બેહલા બબરચીએ સામુ પુછયું.

"નાહી, હું કાંઇ મારામારી વિષે પુછતો નથી" મી૦ ભીખાજીએ ખોલાસો કીધો. "હું પુછું છું કે તમે કાંઇ ગડબડ સાંભળી હતી? ગડબડ એટલેકે કાંઇ વાતચીત? કાંઇ મોટે સાદે બોલચાલની ગડબડ?"

"હાજી—પેસ્તનજી ચીના સાથે બેહસ્તી શેઠને કાંઇ બોલચાલની ગડબડ થતી મેં સાંભળી હતી ખરી." શાક્ષીએ જવાબ દીધો.

"હું તેજ પુછું છું." મી૦ ભીખાજીએ ફરમાવ્યું "તમે શું સાંભળ્યું હતું તે જુરીના ગૃહસ્થોને કહી સંભળાવો."

પોતાને વિષે ચાલતી આ પરપુછથી પેસુ ચીનો જે કારોનરની નજદીક બેઠો હતો, તેનું પાકી આવ્યું, તે બેચેનપણે પોતાની બેઠક ઉપર ચટપટ બતાવવા લાગ્યો.

"એવી સુની સુનાઇની વાતોનો આ કોર્ટમાં કયારે છેડો આવશે?" તેણે આ સવાલ સામે વાંધો લીધો.

"હમણા છેડો આવશે." મી૦ ભીખાજી વકીલે થંડે પેટે જવાબ દીધો. "આ શાક્ષી જે જવાબ દેશે તે કરતાં વધારે મારે કાંઇ પુછવાનું નથી."

"ચલાવો, શાક્ષી, પુછેલા સવાલનો જવાબ દેવો." કારોનરે બેહલા બબરચીનો જવાબ માગ્યો.

"હા સાહેબ," બેહલો બોલ્યો "પેસ્તનજી ચીના અને મારા બેહસ્તી શેઠ વચે કાંઇ વાતચીત ચાલી તે મેં સાંભળી હતી. તે મોટે સાદની બોલચાલ કાંઇ પૈસા વિષે હતી."

"હં! હ! તે શું વાત હતી તે કહો." કારોનરે કાન ફફડાવીને તેને કેહવાને ઉત્તેજન આપ્યું.

"હું કાંઇ ખાઝખા સાંભળવા ગયો નહી હતો." બેહલા બબરચીએ પોતાનો બચાવ કીધો. "માત્ર દાદર ઉપરથી પસાર થતાં શેઠના ઓરડામાંથી જે આવાજ મારે કાને આવ્યા તે મેં સાંભળ્યા હતા."

"હા, પણ તે શું સાંભળ્યું હતું?"

મરનાર માણુકશાહ મુકાદમે પેસુ ચીના પાસે રૂપીયા માગ્યા હતા અને જો તે રૂપીયા નહી આપે તો તેની ચીનની પેહડી બંધ કરવા વિષે પોતાના ચીનના વકીલપર તાર કરવાની મરનારે ધમકી આપી હતી, તે ગડબડ સાંભળવા વિષે બટકબોલા બેહલાએ જમસુ જસાવાળા આગળ જે કાંઇ કહી દીધું હતું તે સઘળું હવે કારોનર આગળ તેણે કબૂલ કીધું.

"જુઠું—સઘળું જુઠું—માથાથી તે પગ સુધી આ શાક્ષી જુઠું બોલેછે." પેસુ ચીનો ઉસ્કેરાઇને બુમ મારી ઉઠયો. "કોઇની છુપી ફુસલવણીથી આ શાક્ષી સઘળી બનાવટ કરેછે. મરનાર સાથ મને એવી કશી વાત થઇજ નથી. મારા——" અંહી બોલતાં બોલતાં પેસુ ચીનો જરા અચકી ગયો અને પછી પાછું બોલ્યો. "મારા મરહુમ દોસ્ત શેઠ માણુકશાહે મને એવી કશી ધમકી આપીજ નથી. બેહલા બબરચીએ જો એ સઘળી વાત સાંભળી હોય તો ફકત દાદરપરથી પસાર થતાં એટલી બધી વાત સાંભળી શકાયજ નહી, અને જો એટલીબધી વાત તેણે સાંભળી હોય તો દાદરપરથી પસાર થતાં તેને ઘણો વાર લાગવી જોઇયે. એણે તે વખતે દારૂ પીધેલો હોવો જોઇયે અને દાદર ઉપર તે ફસડાઇ પડવો જોઇયે—તેવી રીતે તે થોભ્યો હોય તોજ તે એટલીબધી કશીબી વાત સાંભળી શકે. હું કહું છું કે એ કશી વાત મરનારને મારી સાથે થઇજ નથી, અને શાક્ષી એ સઘળું જુઠું બોલેછે."

"તમે બેસી જાવો, મીο પેસ્તનજી." કારોનરે તેને અટકાવવો પડયો. "ખચીત એક શાક્ષીની તપાસની વચે હું તમોને આમ બોલવા દેવાનો નથી."

"સાહેબ, આપ હવે પછીની બીજી શાક્ષી સાંભળશો ત્યારે મીο પેસ્તનજીનો આ સઘળો ગભરાટ આપ વધારે સારી રીતે સમજી શકશો." મીο ભીખાજી વકીલે ટકોરમાંને ટકોરમાંજ કારોનરને ધીરજ આપી. પણ એ શબ્દો પેસુ ચીનાને એક ચાલેંજ જેવા હતા.

ખટલીના ગોરા ને સુવાલા ગાળ ઉપર આ વખતે કાંઇ અજબ રતાસ ચહડી આવ્યો, કે જે તેણી ઉપરના અપરાધનું કાંઇ નવું અજવાળું મળતું જાયછે તે વિષેની ખુશાલીનો રતાસ હતો. આ છેલી એક રાત અને એક દાહડામાં શી શી નવી શોધ થઇછે, તે ખટલી કશું જાણતી નહી હતી, તેના વરે તેને કશું કહ્યું નહી હતું, માટે હજી કોઇ વધુ શાક્ષીથી તેણીનો વધુ બચાવ થનાર છે એવા આ એસારા ઉપરથી તે ખુશી થઇ. તે પોતાનાં આ કેદખાનાનો સઘળો વખત પોતાના બ્હાલા વરના વિશ્વાસ ઉપર બેઠેલીછે અને પુણાની સિટિ જેલમાં તેના આ એકાંત દાહડા એવા એકાંતવાસમાં ગયાછે, કે જેવી શાંતિ તેનાં મનને તેની આગળી ગડબડખોરી જીંદગીમાં કદી પણ મળી નહી હતી.

મીο ભીખાજી વકીલ એ વધુ શાક્ષી કોણ લાવેછે તે વિષે પેસુ ચીનો શાક્ષીઓના આવવાનાં બારણાં ભણી ઇનતેજારીથી જોવા લાગયો. તેજ વખતે કાવલા ચાકરનું નામ પોકારવામાં આવ્યું, કે જે નામ સાંભળતાંજ પેસુ ચીનો ફગલાઇને ફીકોફચ થઇ ગયો.

કાવલો કાંઇ જુરીની આગળ નવોસવો શાક્ષી નહી હતો, તે બેવાર કોર્ટમાં આવી ગયો હતો, તે છતાં પેસુ ચીનો તેને પાછો આવેલો સાંભળી ફગલાયછે કેમ તે એક અચરતીની વાત હતી.

એ અચરતીનો ભેદ કારોનર યા બીજાઓ સમજતા નથી, પણ મીο ભીખાજી વકીલ તો એ ભેદ સમજેછે. તેવણે કારોનર તરફ હસીને આંખની છુપી ઇસારત કીધી.

કાવલો શાક્ષીને માટે હેલાયદી રાખેલી જગ્યામાં ધીમે પગલે અને નીચી ડોકીએ આવી ઉભો. તે પણ ઘણો ફીકો અને ફગલાયલો હતો, પણ આગળના જેવો તે હવે પીધેલો જણાતો નહી હતો.

"હવે, મીο કાવસજી," કારોનરે થોડાક શરૂઆતના સવાલોમાં તેની આગળીજ વાતો પાછી પુછયા પછી મીο ભીખાજી વકીલે સવાલો પુછવા માંડયા. "માણકશાહ શેઠ ગુજરયા તે રાત્રે શું શું બન્યું તે મેહરબાની કરીને કેહશો?"

મરનારનો માજી ચાકર આસપાસ જોવા લાગ્યો. તેની પેહલી નજર પેસુ ચીનાની નજર સાથ એક થઇ. પછી તે છાતી ઉપર હાથ સાથ હાથની અદબ વાળી અને ગળાંની એક ખંખાર મારીને બોલ્યો.

"સાહેબ, હું કાંઇ કેહવા માગુંછ, તે મારે આ તપાસની પેહલે દાહડે કેહવું હતું. તે વાત નહી કેહવા સારૂં મારાં મગજમાં રોજને રોજ ભમતી રહીછ. પણ સાહેબ હું ગરીબ માણસ છું. મેહનત કરીને પેટ ભરૂંછ અને મારી મજુરી ઉપર મારી બૈરી છોકરાંનાં મોટા ખટલાનો ગુજારો ચાલેછ. માટે એ વાત મારેથી પેહલાંજ કેહવાઇ નહી તે માફ કરજો અને મારી ઉપર ને મારાં ગરીબ બચ્ચાં છોકરાં ઉપર દયા કરજો."

"આ શાક્ષી યાતો છાકટો છે અથવા દેવાનો થયોછે." પેસુ ચીનો કોર્ટ સાંભળે તેમ બડબડયો.

"તમારે શું કેહવું છે?" કોર્ટે કાવલાને પુછયું.

"મારા શેઠ ગુજરયા તે રાતની બીના મારે કેહવાની છે, સાહેબ. શેઠના માળા ઉપર તેવણને બામદાદની દવા આપવા જતાં મને એક કલાકનું મોડું થયું હતું. તે રાત્રે મારી ઉંઘ ઘણી ભારી હતી, અને ચાર વાગતે ઉઠવાને બદલે હું પાંચ વાગતે ઉઠયો હતો. હું સરેસ્તા પ્રમાણે ઉઠીને માળા ઉપર ગયો. હંમેશની મિશાળે બધું શાંત હતું પણ જતાં જતાં મેં જોયું કે દાદર ઉપરનું પેસ્તનજી ચીના શેઠના ઓરડાનું બારણું જે હંમેશ બંધ રેહતું તે આ વખતે ઉંઘાડું હતું અને તેમાં દીવો બળવાનો ઉજાસ હતો. એ ઉપરથી હું સમજયો કે પેસ્તનજી શેઠ ઉઠીને શેઠ પાસ ગયાછે અને મારી આગમચ જઇને તેવણે શેઠને દવા આપી

હશે. પેસ્તનજી શેઠને વેહલા ઉઠેલા જોવાથી હું કાંઇ અજબ થયો નહી, કાંકે તેવણ હમેશ વેહલા ઉઠનાર હતા. એવણે મને કહ્યું હતું કે સકાળે ઉઠવાનો એવણના ચીન ગામનો, ચીનાઓનો ધારો હતો. ચીનમાં લોકો બડી ફજર ઉઠેછ, તેથીજ ઘણા મેહનતુ હોયછ."

"અમે ચીનની વાત પુછતાં નથી. તમે તમારે તમારાં ઘરની વાત કરો." કારોનરે કાવલાને દમ ભરાવ્યો.

"હા, સાહેબ, હા. હું મારીજ વાતપર આઉંછ" કાવલાએ માફ માગીને આગળ ચલાવ્યું. "હું દાદર ચહડીને શેઠના ઓરડા ઉપર ગયો અને બારણાંને હાથ લગાડતા વાર બારણું ઉઘડી ગયું. એ અમારા 'ચીના બાગ'ના બારણાઓની કળની રીત હતી—જ્યારે આપણે બંધ કીધેલાં સમજીયે ત્યારે બારણાં ઉઘાડાં રહી ગયલાં અને જ્યારે ઉઘાડાં રાખી જઇયે ત્યારે પોતાની મેળેજ બારણાં બંધ થઇ ગયલાં—એ 'ચીનાબાગ'નાં બારણાઓની રીત હતી."

"તમે શેઠનું બારણું ઉઘાડયું—પછી?" મી० ભીખાજી, શાક્ષીને આડો ફાટતો અટકાવી પાછો અસલ વાત ઉપર લાવ્યા.

"બારણું ઉઘાડતાંની વાર મેં અંદર જોયું અને જોયું તો મારી અટકળ ખરી પડી અને મેં એવી ચીજ જોઇ કે હું અચરત થયો."

"તે શી ચીજ જોઇ?"

"મેં જોયું કે બેહસ્તી શેઠ બિછાનામાં ઉઠીને તકિયાને અઢેલીને બેઠેલા હતા, અને પેસ્તનજી ચીનાશેઠ ટેબલ આગળ ઉભા રહીને શેઠને પાવા સારૂં એક સોડાવાટરની બાટલી ખોલીને ટંબલરમાં રેડતા હતા. પણ એજ વખતે તેવણના બીજા હાથમાં એક બીજી નાની શીશી હતી, તે શીશીમાંથી તેવણે ઝડપથી તે સોડાનાં ટંબલરમાં થોડાંક ટીપાં નાખ્યાં અને તે શીશી પાછી પોતાનાં બદિયાનનાં ગજવામાં મુકી દીધી, અને પછી તે ટંબલરમાં બેહસ્તી શેઠને ડોહવીને પાઇ દીધું. ખરૂં કહુંછ, સાહેબ, તે ખોદાના બંદા હોવ તો માનજો કે મેં જે કાંઇ જોયું તેમાં મને નવાઇજેવું કાંઇ લાગ્યું નહી. કાંકે શેઠને ઉંઘ નહી હોય અને બેચેની વધારે લાગે તો સોડા યા પાણીની સાથે કેફની દવા પાવાની ડાકટરે આપેલી હતી, તે હું સમજ્યો કે તે કેફની દવાનાં ટીપાં પેસ્તનજી શેઠે આપ્યાં હતાં."

"પછી—પછી?" આખી કોર્ટે આ હેવાલ ઉપરથી ઇનતેજારી દેખાડી, અને સઘળી આંખ્યો પેસુ ચીનાના ચેહરા ઉપરનો ફેરફાર જોવા લાગી, તે ઉપરથી કારોનરે લોકોની ઇનતેજારી નરમ પાડવા વધારે વાત પુછી "પછી શું થયું? ટંબલર આખું ભરેલું હતું કે?"

"નહી સાહેબ, ટંબલર પોણું ભરેલું હતું. મને વચે પડવા કે પુછવાનો કશો વખતજ નહી મળ્યો. કાંકે દવા નાખતાંની વાર પેસ્તનજી શેઠે એકજ પળમાં તે બેહસ્તીને પાઇ દીધું. શેઠને તેથી આખી રાતની તરસ લાગેલી હશે તેથી મોટા ગોરે સઘળું ગટગટ તેવણ ઓતી ગયા. શેઠે જેમ ઉઠીને પીધેલું હતું તેમ પીને તેવણ પળવાર બિછાનામાં બેસી રહ્યા પણ પછી તુર્તજ તેવણની આંખ્યો ખેંચાઇ ગઇ, તેવણે એક લાંબો દમ ખેંચ્યો અને પછવાડેના મોટા તકિયા ઉપર માથું નાખી દીધું. જાણેકે તેવણનો ટોટો પીસીને તેવણનાં માથાંમાં એક મોટો ગોદો માર્યો હોય તેવી રીતે તેવણ બેભાન થઇને પડયા. હું તે જોઇને ગભરાઇ ગયો અને "શેઠ! શેઠ! મારા શેઠ!" કરી બૂમો મારતો તેવણના બિછાના ઉપર પડી મેં તેવણને મારા હાથમાં ઝાલી લીધા. મેં ધાર્યું કે તેવણને કાંઇ ફેરફડું થઇ આવેલું હશે. પણ નહી તેવણ તો મુડદું થઇ પડેલા હતા."

"તેવણના દમમાંથી તમોને કાંઇ વાસ નિકળતો જણાયો હતો?" મી० ભીખાજી વકીલે પુછયું.

"હા સાહેબ. કાંઇ કડવી બદામના જેવો મને વાસ લાગ્યો. મેં ગભરાઇને પેસ્તનજી ચીનાશેઠને પુછયું કે આ તમે શું કીધું! શેઠને શું પાયું? ત્યારે તેવણે મને કહ્યું કે 'ગડબડ ના કર, મુંગો મુંગો બેસી રેહ.' પણ મેં ગભરાઇને વધારે બીના જાણવા માગી ત્યારે મને કેહવા લાગા કે——"

"કોણે કહ્યું?"

"પેસ્તનજી ચીનાએ કહ્યું કે શેઠને રાતના ઉંઘ નહી હતી અને તરસ ઘણી લાગેલી હતી, માટે તેવણે સોડા અને કેફની દવા પીવા માગી હતી. તેથી તેવણને સોડાની સાથે

કેફની દવા આપી હતી ? મેં કહ્યું કે તે શીશી કેફની દવાની નહી હતી, પણ કાંઇ બીજીજ હતી. વળી મેં પુછ્યું કે શેઠનાં મોહમાંથી આ કડવી બદામનો વાસ કેમ આવેછે. ત્યારે પેસ્તનજી ચીના શેઠે કબૂલ કીધું કે 'કેફની દવા સમજીને મેં ભૂલમાં કાંઇ બીજી દવા આપીછ.' મેં પુછ્યું કે 'તમે એ શીશી કયાંથી લાવ્યા ?' ત્યારે મને કહ્યું કે 'શેઠની દવાની શીશીઓની ઇસ્કોતરીમાંથી તે કાહડી હતી.' બિચારા શેઠ એક બે પળ સુધી ઘણા તરફડયા, અને તુર્તજ પ્રાણ મેળીને મરણ પામ્યા. કોણ જાણે શું થયું ? કદાચ ભૂલથીબી થયું હોય. પેસ્તનજી ચીનાની તે ભૂલ હતી અને એવી ભૂલ આપણ કોઇનેબી હાથે થતી આવીછ."

"અમોને તમારૂં મત નથી જોઇતું." વળી પાછો કારોનરે કાવલાને ધમકાવ્યો. "તમારૂં મત તમારાં મનમાંજ રેહવા દેવો. અને અમોને ફકત શું બન્યું તે કહો."

"વારૂં, મી૦ કાવસજી," વળી પાછો મી૦ ભીખાજી વકીલે તેને માન અકરામ સાથ પુછ્યું. "તમારા મરનાર શેઠના ઓરડામાં શું દવાની શીશીઓની ઇસ્કોતરી ભરી રાખેલી હતી ?"

"હા સાહેબ." કાવલાએ એકદમ જવાબ દીધો અને વળી તે જવાબ સાથ પેસુ ચીના તરફ ફરીને જોયું.

"તે ઇસ્કોતરીમાં શું શું છે ?"

"સાધારણ દવાઓ સાહેબ, જોલાબનું મીઠું, સુનામખી, કોહેડાન, ગરમારો, તજ, એલચી લવંગ, એવું એવું."

"બબરચીખાનાનાં વસાણાઓને તમે દવામાં ગણાવોછો ?" કારોનરે પુછ્યું.

એજ વખતે મી૦ ભીખાજી વકીલે કારોનરને કાનપર પડીને કાંઇ સુચના કીધી, જે ઉપરથી કારોનરે "હા, એ ઠીક થશે," એમ કહીને પોલીસના રાવજી જમાદારને ઇસારત કરીને બોલાવ્યો અને તેને કાંઇ કામ સારૂં બાહારૂ મોકલ્યો.

એ પછી કાવલાની વધુ તપાસ આગળ ચાલી.

"તમે શેઠના ઓરડામાં જે કાંઇ જોયું તે છુપાવી રાખવા સારૂં મી૦ પેસ્તનજી ચીનાએ તમોને શિખવ્યું હતું ?" મી૦ ભીખાજીએ પુછ્યું.

"મને કાંઇ તેવણ ખામખા શિખવવા બેઠા નહી હતા. પણ તેવણે મને સલાહ આપી હતી કે એ વાત કોઇ આગળ બાહાર બોલવી નહી."

"વારૂં એ વાત છુપાવવાને પેસ્તનજી ચીનાએ તમોને પૈસાની લાલચ આપવા કહી હતી કે નહી ?"

કાવલાએ જરા વાર સુધી આ સવાલને જવાબ ઉડાવ્યા કીધો. "સાહેબ હું કાંઇ લાલચુ માણસ નથી કે લાંચ લેવું ? પેસ્તનજી શેઠે મને લાંચ આપવા માગીજ નથી. મેં કદી કોઇની લાંચ લીધીજ નથી.

આવી રીતે "લાંચ" બોલ ઉપર ભાર મુકીને કાવલાએ વાત ઉડાવ્યા કીધાથી તેને રાજી રાખવા મી૦ ભીખાજી વકીલે "લાંચ" શબ્દ પોતાના સવાલમાંથી કાહડી નાખ્યો ત્યારે કાવલાએ કબૂલ કીધું કે "પેસ્તનજી શેઠે મને પૈસા આપ્યા હતા. પણ તે કાંઇ લાંચ નહી."

"ત્યારે તે પૈસા લાંચના નહી તો શાના હતા ?" કારોનરે પુછ્યું.

"એ તો સાહેબ, મારી મદદને માટે પૈસા આપ્યા હતા."

"પણ મદદ શાની ?" મી૦ ભીખાજીએ પુછવાની હુજત કીધી.

"મદદ મારે ગામ જવાની." કાવલાએ એકદમ કહી દીધું "તેવણે મને મારે ગામ બીલિમોરે જવાની સલાહ આપી અને મારી બૈરી છોકરાં સાથ જવાના મુસાફરી ખર્ચના પૈસા તેવણેજ મને આપ્યા."

"એટલેકે તેવણે મરનારને સોડાવાટરની સાથે જે ડોહવીને પાયલું, તે તમે નજરે નજર જોવાથી તમોને તેવણે પુણેથી નહસાડી મેળા."

કાવલાએ એ વાત પણ ના પાડી.

"મને નાહસવાની શી જરૂર ? પણ શેઠ મરી ગયા, મારી કાંઇ નોકરી રહી નહી, એટલે મને મારે ગામ જવા સિવા બીજો છુટક નહી હતો."

આ તપાસ ચાલેછે, તેટલામાં રાવજી જમાદાર, જેને કારોનરે કાંઇ કામે મોકલ્યો હતો, તે કોર્ટમાં પાછો આવ્યો. તે એક કાગળનું બંડલ લાવ્યો, કે જેમાં એક નાની પેટી સમાવેલી હતી, તે મરનારની દવાની શીશી-

એની ઇસ્કોતરી "મેડસિન ચેસ્ટ" હતી. મી૦ બીખાજીએ તે પેટી ઉંઘાડીને તેમાંની શીશીઓ કાહડી કોર્ટને દેખાડી તથા શાક્ષીને તે વિષે તપાસ્યો.

"હા સાહેબ, મારા મરનાર શેઠની દવાની શીશીની એજ ઇસ્કોતરી." કાવલાએ કબૂલ કીધું.

એમાં જોલાબનું મીઠું, કિવનિન, કેફની દવા, ઉંઘાવાની દવા, એવાં એવાં સાધારણ નામોની મરનારે પોતાને હાથદસ્કતે લખેલી ટિકિટો શીશીઓને ચોંટાડેલી મી૦ બીખાજીએ કાહડીને બતાવ્યું.

અંહી વખત થઇ જવાથી કોરોનરે જુરીની તપાસ પાછી મુલતવી રાખવા માગી.

"હું ધારૂંછું કે આપણે આ તપાસના એક એવા અગત્યના તબક્કા ઉપર આવ્યા છીયે કે વધુ તપાસ મુલતવી રાખવાની જરૂર છે." કોરોનરે સુચવ્યું "પોલીસને વધુ તપાસ આગળ ચલાવવા માટે વખત જોઇયેછે, તે આ તપાસ મુલતવી રાખીને તેમને વખત આપીશું."

જુરી તપાસ મુલતવી રાખવાને એકમત થવાથી કોર્ટ મુલતવી રાખીને ઉઠી ગઇ અને સઘળાંઓ જેમ આવ્યાં હતાં તેમ પાછાં જવા લાગ્યાં.

પ્રકરણ ૧૫૨ મું.

સેશનમાં કમીટ થયો.

ઉનજલા પુણી જેવા હોઠ અને ફીકા પટેટા જેવા ગાળ લઇને પેસુ ચીનો પણ પોતાના દોસ્તો સાથ જવા ઉઠયો.

"હંબગ! હંબગ! આ કેવા ઢોંગ!" તે પોતાના દોસ્ત સર્દાનો જાંહગીર આગળ બડબડયો. "તમારા ગામમાં ઇનસાફ ચલાવવાની એજ રીત કે? જુરીને લાંબા દાહડાઓ ઉપર મુલતવી રાખીને જેમ ગમે તેમ ઉંધુંચતું કરવા અને ખોટા શાક્ષી ઉભા કરવાને વખત આપેછ. આ તપાસમાં લાંબી ઢીલ નાખીને મરનારના ચાકરોને સારી પેઠે લાંચ આપીને જુઠા શાક્ષીઓ ઉભા કરવાની પેલી ખટલીના વર લુછા જમસુને પુરતો લાગ મળ્યોછ. આવો એક ખોટો કેસ ઉભો કરવાનું તેના સરખા એક પ્રપંચીને માટે બીજું સેહલું કામ શું હોય?"

સર્દાનો જાંહગીર પેસુ ચીનાના આ બડબડાટ વિષે કશું બોલી શકયો નહી. તેણે આજની તપાસમાં જે કાંઇ સાંભળ્યું હતું તે ઉપરથી તેને પણ પેસુ વિષે કાંઇ શક ઉભા થયા હતા, અને એવા એક માણસને પોતાનો દોસ્ત જોવાને તે શરમાતો હતો. તે પેસુ ચીનાની સાથે ચાલવા માટે વટીક એટલો બીહતો કે મુગો મુગો તેની આગળથી ખીસી ગયો, અને ત્યાર પછી તેના એ દોસ્ત પેસુ ચીના ઉપર શું વીત્યું તેની તેને કશી ખબર વટીક રહી નહી.

પેસુ ચીનો હજીતો જુરી રૂમનાં બારણાની બાહાર નિકળેછે, તેવોજ તેનાં ખભાં ઉપર એક હાથ આવી પડયો અને એક જણે પછવાડેથી તેને આચકો મારીને પકડી લીધો.

તે હાથ પોલીસ ડીટેકટિવ રાવજી જમાદારનો હતો.

"એ કોણ છે? શું માગેછ?" પેસુએ ગભરાટથી બુમ મારી.

"હું પોલીસનો રાવજી જમાદાર છું" તે બોલ્યો. "હું તમોને પકડવા માગુછ. મરનાર માણકશાહ મુકાદમનું ખૂન કરવાના શક ઉપરથી તમોને પકડવાનું મને વારંટ મળેલું છે. અને તે વારંટની સત્તાથી હું તમોને કેદ પકડું છું."

રાવજી જમાદારે એકદમ પેસુ ચીનાને સહી શાખ સાથનું વારંટનું કાગળિયું કાહડીને દેખાડયું.

"મારી ઉપર એકાએક આજેજ શાનો શક ઉભો થયો?" પેસુ ચીનાએ રાવજી આગળ રોબ માર્યો.

"નહી સાહેબ, તમારી ઉપર તો અમારી પેહલેથીજ નજર હતી," રાવજી જમાદારે તેને ધ્રુજાવનારો ખોલાસો કીધો. "પણ ખાલી શક ઉપરથી ઉતાવળ કરવાનો અમારો ધારો

નથી સાહેબ. ઉતાવળથી કામ બિગડેછે. જો અમે ઉતાવળ કીધી હોત તો કાવલાને તમે નહસાડવાને રચેલું તરકટ જે આજે પકડાઇ આવ્યુંછે તે અમે પકડી શકત નહી. એ તમારાં તરકટ ઉપરથી તમારી સામેનો અમારો શક મજબુત થયોછ, તેથીજ તમોને પકડવાનું મેં આજેજ વારંટ મેળવ્યુંછ. જુવો, સાહેબ, વારંટ ઉપર આજનીજ તારીખ છે."

સઘળું રંધાઇ રહેલું જોઇને પેસુ ચીનો હવે થંડો પડયો, તેણે વધારે તાણ કરવાનું માડી વાલ્યું, પણ તે રાવજીની સાથે જવાને અખાડા કરવા લાગયો.

"ચાલો સાહેબ, એમ અખાડા ના કરો, દરવાજા ઉપૂર ગાડી તૈયાર છે, ને તમે મુગા મુગા ચાલી આવો તેજ તમારા હકમાં બેહતર છે."

પેસુ ચીનો તાબે થયો. તે ચીનનો રેહવાસી હતો, પણ તેણે ઈંગ્રેજી ધારા અને ઇંગ્રેજી રીત રેવાજો વિષે ઘણું સાંભળ્યું હતું. તેણે જોયું કે સામે થવાથી તેનું કાંઇ વળે એવું નહી હતું—ચુપકીદી અને તાબેદારી એજ તેના હકમાં ગુણકારી હતું. તે ગુપચુપ રાવજી ચલાવે ત્યાં ચાલ્યો, તોપણ બડબડતો ભદભદતો ગાડીમાં બેઠો.

"તમારાં ઈંગ્રેજી રાજયમાં જે ઘણીઓ એક ગૃહસ્થને ખોટાં તોહમત ઉપર પકડેછે, તેઓને માથે તે કામનો જોખમ રેહછે." પેસુ ચીનો રાવજીને દમ ભરાવવા લાગ્યો. "મને આ અપમાન આપવા માટે હું તમોને અને તમારી આખી સરકારને ઠેઠ રાણી વિકટોરિયા સુધી જવાબ પુછીશ અને નુકસાની ભરી લઇશ."

પાંચ મિનિટમાં તો ગાડી ઉભી રહી અને પેસુની સઘળી બડબડાટનો રાવજીએ એટલોજ જવાબ દીધો કે "હવે ગાડીમાંથી ઉતરો ને અંદર ચાલો સાહેબ."

"આ શું મકાન છે?"

"એ સાહેબ અમારી સિટિ જેલ છે." રાવજીએ મીહણું માર્યું "જે રાણી વિકટોરિયાને તમે પુછવાના છોની સાહેબ, તેજ રાણી સાહેબનું એ મકાન છે. અંદર પધારો. આંહી તમોને ઈંગ્રેજી રાજય અને ઈંગ્રેજી ધારા વિષે વિચાર કરવા અને વાતો કરવાને ઘણો વખત મળશે."

પેસુ ગાડીમાંથી ઉતર્યો અને જે લોખંડી દરવાજા બે દિવસ ઉપર ખટલીને માટે ઉંઘડયા હતા, તે દરવાજામાંથી હવે પેસુ ચીનો પણ એક કેદીની હાલતમાં તે બુલંદ બંદીખાનામાં દાખલ થયો.

બીજે દાહડે પેસુ ચીનાને તપાસને માટે કારોનરની કોર્ટમાં પાછો ઉભો કીધો, તે અમલદારની સામે કેદી ખટલીની જોડે જોડ પેસુ ચીનાને કેદી દાખલ બેસાડવામાં આવ્યો. પેસુ ચીનાની તરફથી એક બીજો ઈંગ્રેજ વકીલ મી૦ વેલિંગટન તેના બચાવને માટે હાજર થયો હતો.

તપાસ આગળ ચાલી. કાવલાની શાક્ષી જયાંથી મુલતવી રાખી હતી ત્યાંથી પાછી આગળ ચલાવવામાં આવી. પેલી શીશીઓ વિષે તેને વિગતથી તપાસવામાં આવ્યો. જે શીશીમાંથી પેસુએ મરનારના સોડાના ટંબલરમાં દવાનાં ટીપાં નાખ્યાં હતાં, તે શીશી બીજી ઘણીક શીશીઓમાંથી કાવલાએ ઓળખાવી અને મી૦ ભીખાજી વકીલની ઉલટ પાલટ તપાસમાં પેસુ ચીના ઉપરનું તોમત તેણે ઘણું મજબુત કરી આપ્યું. તેની શાક્ષી તોડવાને મી૦ વેલિંગટન વકીલે તેને ઉલટપાલટ પુછવાનાં ઘણાં ફાંફાં માર્યાં, પણ તેનાથી કાવલાની જુબાની લેશભારબી ટુટી નહી. સઘળાંએ જોઇ લીધું કે જો આ શાક્ષી જુઠા શપથ ખાતો હોય તો તેના જેવો હોસ્યાર આજ સુધી બીજો કોઇબી ભણાવી રાખેલો જુઠો શાક્ષી થઇ ગયો નથી. પણ કાવલાને આ કોર્ટે આગળ વારેવાર જોયલોછે અને તેઓ જાણેછે કે તે એટલોબધો હોશ્યાર નથી કે પકડાયા વગર ખોટી શાક્ષી શેવટ સુધી પુરી શકે.

શાક્ષીઓની તપાસ પુરી થયા પછી મી૦ ભીખાજી વકીલે પોતાના કુલના બચાવમાં ભાષણ કીધું અને ખટલી કેવી બેગુનાહ છે તથા તેને વાંકમાંથી મુક્તિ મેળવવાનો કેટલો હક છે તે રોશન આયનાની પેઠે બતાવી આપ્યું.

મી૦ વેલિંગટને પોતાના કુલ મી૦ પેસ્તનજી ચીનાના બચાવમાં તકરાર ચલાવી, પણ એ વકીલ આજે પેહલવેહલોજ આવ્યો હતો

અને સઘળા મુકદમાથી જાણીતો નહી હતો અને તે પેસુ ચીનાનો પુરતો બચાવ કરી શકયો નથી, એટલું તો કોર્ટમાં સઘળાઓને માલમ પડયું.

મુકદમો પુરો થવાથી કારોનરે સઘળો મુકાદો જુરીના ગૃહસ્થોને સોંપ્યો. તેઓએ પોતપોતામાં મસલત કરીને એકમતથી ખટલીને નિર્દોષ ઠરાવી, તે ઉપરથી કોર્ટે તેને છોડી મેળી, અને પેસુ ચીના વિષે વધુ શાક્ષી લેવાની જુરીએ મરજી બતાવી.

ખટલી પોતાનીજ નહી પણ બીજાં સર્વની ખુશાલી વચ્ચે છુટી થઇ, તેવીજ મી૦ બીખાજી વકીલે તેને સાહેદી લેખે તપાસવાની સુચના કીધી, જે સુચના કબૂલ રાખીને કારોનરે ખટલીને શાક્ષી લેખે ઉભી કીધી.

ખટલીએ ઝંદ અવસ્તા કેતાબ પોતાના હાથમાં ઝાલીને સોગંદ લીધા ત્યારે તેના હાથ ધ્રુજતા હતા, જે તેનાં દિલની ઉસ્કેરાયલી હાલતનો દેખીતો પુરાવો હતો.

"ખરશેદબાઇ, તમે તમારી બેહન નવાજબાઇની શાક્ષી આ કોર્ટમાં લેવાઇ તે ધ્યાનથી સાંભળી હતી?" કારોનરે પુછ્યું.

"હાજી." ખટલીએ જવાબ દીધો.

"તમારા મામા મેહલાશાહ ડાકટરનાં દવાખાનામાંથી તમે પ્રુસિક આસિડની શીશી કેવી રીતે કાહડી લઇ ગયાં હતાં તે તમારી બેહને જે કાંઇ કહ્યું તે સઘળું તમોને યાદ છે?"

"હાજી."

"તે શું બધું ખરૂં છે?"

"હાજી." અંહી ખટલીએ ફકત "હાજી" ને "નાજી" કેહવાને બદલે પોતાની ગાંઠનો હેવાલ વધાર્યો કે "તે દાહડે મારૂં મન ઘણું બેચેન થયલું હતું, અને મારી ઉપરના જુલમનો જો કાંઇ બીજો ઉપાય નહી થાયતો જીવપર કરવાનો એકજ ઉપાય મારા હાથમાં હતો. મેં એ નઠારૂં કામ કરવાનો ઠરાવ કીધો નહી હતો, પણ સેવટની ઘડીએ મને દુખ:માંથી છુટવાનો જો બીજો કોઇ રસ્તો નહીં જડે તો એ ઉપાય લેવાની મેં તૈયારી રાખી હતી."

"અને તેટલા સારૂં તમે તમારા મામાનાં દવાખાનામાંથી પ્રુસિક આસિડ લઇ ગયાં? ત્યારે એ સિવાએ તમારી બીજી મતલબ કાંઇ નહી હતી?"

"નહીજી. કાંઇજ નહી."

"તમારી પાસે એ ઝેરની શીશી હતી તે શું મી૦ પેસ્તનજી ચીના જાણતા હતા?"

"હાજી."

"તે તેવણ કેમ જાણી શકયા?"

"શું એ જવાબ આપવાને હું બંધાયલી છું?" ખટલીએ આ જવાબ દેવાને આનાકાનીથી પુછ્યુ.

"હા." કારોનરે એકદમ બોહસ કીધી. "તમારા સ્વાધીનમાં પ્રુસિક આસિડ આવી તે વિષેની સઘળી બીના તમારે અમોને કેહવી જોઇશે."

"મારા મરનાર મામાજીએ મને મી૦ પેસ્તનજી ચીના સાથે પરણાવવા કાહડી હતી." ખટલીએ હેવાલ ચલાવ્યો. "હું પેરણી ચુકેલી હતી તે મારા મામા જાણતા નહી હતા. મારા વરનાં ખાનદાન સાથ તેવણને વેર હતું અને મેં મારાં તે લગ્ન એવણથી છુપાવવાની મૂર્ખાઇ કીધી હતી. મી૦ પેસ્તનજી ચીનાને મામાએ દસ્તુરજીને ત્યાં મોકલ્યા હતા, અને બુધવારને દાહડે અમારાં લગ્ન ઠરાવેલાં હતાં, ત્યારે તે છેલે દાહડે મેં મારા મામાજીને મારી પરણેલી હાલત જાહેર કરવાને બદલે તેવણનાં ઘેરમાંથી નાહસી જવાનું બેહતર વિચાર્યું. હું કબૂલ કરૂં છ કે મારે એમ નાહસી જવું ઘટતું નહી હતું, પણ મામાજીને મેં એટલાં બધાં વર્ષ સુધી ઠગ્યા પછી, હવે તેવણને ખરી વાત કેહવાની મારી છાતી ચાલી નહી. તેવણના ગુસાથી બીહને મેં નાહસી જવાનું પસંદ કીધું."

"પણ એમાં પ્રુસિક આસિડની અને મી૦ પેસ્તનજીની તો કશી વાત આવી નહી?" પેસુ ચીનાના વકીલે અધીરાઇ બતાવી.

"હું હમણાજ તે વાત ઉપર આવતી હતી." ખટલીએ ખોલાસો કીધો. "દસ્તુરજીને ત્યાંથી આવ્યા પછી મી૦ પેસ્તનજી મારી પાસે મારા ઓરડામાં આવ્યા. તે વખતે રાતના ૧૦ અને ૧૧ કલાકની વચેનો વખત હતો. તેની બીજે દાહડે મારાં લગ્ન ઠરાવેલાં હતાં. તેવણ ખાઇ પીને ખુશ રંગમાં હતા."

"એટલેકે શું મી૦ પેસ્તનજી પીધેલા હતા?"

"નહી. તેમ હું કેહતી નથી. પણ તેવણ

હંમેશના કરતાં ખુશ રંગમાં હતા. તેવણે મારી સાથનાં પોતાનાં ધારેલાં લગનની વાતો કીધી, તે વાતો મેં તેવણને કરવા ના કહ્યું. પણ તેવણ સમજયા નહી. તેવણે ઉલટમાં ને ઉલટમાં મારી સાથ છુટ લેવા માંડી અને મને ચુમી લેવાની કોશેશ કીધી, ત્યારે મેં ચીરડાઇ જઇને તેવણને એવી છુટ લેતાં અટકાવ્યા અને મારા ગજવામાંથી પ્રુસિક આસિડની શીશી કાહડી બતાવીને કહ્યું કે તેવણના હોઠ મને લાગે તે અગાઉ હું એ દવા મારા હોઠને લગાડીને મરી જઇશ. એ જોઇને તેવણ ગભરાઇ ગયા અને મને ચેતવણી આપી કે પ્રુસિક આસિડ જેવાં ઝેરની સાથે મારે આસનાઇ કરવી નહી."

"તે વખતે મી૦ પેસ્તનજીએ તે શીશી તમારા હાથમાંથી ઝુંટાવી લીધી કે?" મી૦ ભીખાજી વકીલે પુછ્યું.

"નહી, તે શીશી તો મારી પાસેજ રહી," ખટલીએ જવાબ દીધો.

"ત્યારે પછી તે શીશીનું શું થયું?" કારોનરે સવાલ પુછ્યો.

"શીશીનું શું થયું તે હું જાણતી નથી. તે શીશી મેં મારી પાસે ઉંચી રાખવા ધારી હતી. પણ હું ઘણી ગભરાયલી હતી, મારે નાહસી જતી વખતે મારા ઓરડાની ટેબલ ઉપરજ તે મુકીને હું ભૂલી ગઇ હઇશ."

"તે ટેબલ ઉપર બીજું કાંઇ હતું?"

"બીજી ઘણી ચીજો હતી. ચોપડીઓ, સીવવાનો સામાન, વગેરે."

"પછી તે શીશી તમોને પાછી યાદ આવી હશેની?"

"મુંબઇ પોંહચ્યા પછી મને તે યાદ આવી, ત્યારે મેં મારૂં ગજવું ખોલી જોયું તો શીશી મને મળી નહી."

"ત્યારે શું મી૦ પેસ્તનજીને શીશી બતાવી તે વખતે તમે જે બદિયાન પેહરેલું હતું તેજ બદિયાન તમે મુંબઇમાં પણ પેહરેલું હતું?"

"હાજી. હજી પણ મેં તેજ બદિયાન પેહરી રાખેલું છે."

આથી વધારે કાંઇ તપાસ ચાલી શકી નહી. પોલીસે પોતાનો કેસ પુરો કીધો અને વધારે શાક્ષી લાવવાને ના પાડી.

એ ઉપરથી હવે જુરીના અભીપ્રાયનો વખત થયો, અને કારોનરે જુરીને ચાર્જ આપતાં સઘળા શાક્ષીનો અગત્ય જોગ સાર કહી સંભળાવ્યો. તેમાં કાવલા ચાકરની શાક્ષી ઉપર ઘણો ભાર મેલ્યો અને તેણે મરનારના ઓરડામાં પેસુ ચીનાને શું કરતાં દીઠો હતો તે ઉપર જુરીનું વિશેષ ધ્યાન દોડાવ્યું.

જુરીએ અભીપ્રાય આપ્યો કે "મરનાર માણેકશાહ મુકાદમનું ખૂન પ્રુસિક આસિડનું ઝેર દીધાથી થયું અને તે ઝેર પેસ્તનજી ચીનાએ પોતાને હાથે દીધું."

એ પછી તુર્તજ બીજે દિને પેસુ ચીનાને પોલીસે માજીસ્ટ્રેટની કોર્ટમાં ઉભો કીધો. ત્યાં આગળના શાક્ષી સઘળા પાછા લેવામાં આવ્યા, જેમાં ખટલીની પણ શાક્ષી હતી અને એક આખા દાહડાની તપાસમાં કેસ પુરો થવાથી માજીસ્ટ્રેટે પેસુ ચીનાનું નામ ખૂનના વાંક ઉપર અપરાધીઓની સેશનમાં નોધ્યું.

પ્રકરણ ૧૫૨ મું.

પુણાનું પારસી મજામત.

પેસુ ચીનો સેશનમાં કમીટ થયો, એટલે ખટલી છુટી થઇ. તેનું કેદખાનું એક અઠવાડિયુંબી ચાલ્યું નહી. તે દુન્યામાં જ્યાં ગમે ત્યાં જવાને પાછું છુટાપણું પામી, તે તેને મનથી કાંઇ નવી વાત નહી હતી. પણ તેને માથે ટિંગાઇ રહેલો એક ભયંકાર શક ખોટો પડયો અને જે બનાવટી બુઢ્ઢાના બટાએ તેને દુન્યાંથી વેગળી કેદ નાખી હતી, તેમાંથી તે છુટી તે ખટલીની એક ખરી ખુશાલી હતી. હવે તેણીએ કયાં રેહવું એ તેને માટે મોટો સવાલ હતો.

તે પુણામાં રેહવાને ખુશી નહી હતી. પુણાનાં નામનીજ ખટલીને મનમાં સુગ હતી. જે ગામે એકવાર તેને લાડ લડાવેલા તે ગામે હવે તેનાં મનમાં ધિક્કાર પેદા કીધો, કાંકે અહીંના જે ખુશામતિયાં લોકો એકવાર તેને

ચાહવા અને તેની દોસ્તી ને પ્રીતી શોધવા પડેલાં હુતાં તે લોકો તેના તરફ નિર્દય નવાઇની નજરે જોવા લાગ્યાં હુતાં. તેના બાહારની મોસમનાં સઘળાં દોસ્ત આશનાવોમાંથી તેના શિયાલાની શખ્તાઇ વખતે કોઇ તેની ઓરફુએ ઉભા રહ્યા નહી હુતા. માટે તે થંડા હાથોથી તથા તે થોથડો ચહડેલા ચેહરાથી અને તે ઠગારા આવાજોથી ખટલી દુર જવા માગતી હુતી. જેઓએ તેની ચહડતીના વખતમાં તેને ચાહેલી, પણ તેની પડતીના વખતમાં તેને પડતી નાખેલી તે એકલપેટા મતલબિયાંઓની હવે ખટલીને દરકાર રહી નહી હુતી.

ચહડતી પડતીમાં તેને એકસરખી ચાહનાર તેનો પ્યારો પતિજ હુતો. આ પડતીના વખતમાં પોતાના ભર્તારની ઓરફુ તેને પસંદ હુતી. પોતાની મોજ જોશના વખતમાં ખટલી પોતે પોતાના વરને તજી ગઇ હુતી, પણ તેના દુઃખના વખતમાં તેના વરે તેની સંગત કદી છોડી નથી એ વિચારે તેનાં મગજને મજબુત ઘેરી લીધું હુતું અને "મારૂં તમારા સિવાએ બીજુ કોઇ નથી વ્હાલા જમશેદ" તે વાજબી વડાઇ લેતી "તમો અને મેહલાશાહ મામા સિવાએ મારૂં બીજુ કોઇ નથી. અને મેં તમે બેહુ સાથ જે ચાલ ચલાવીછ, તે છતાં તમે બેહુ મુરબીઓ મને એટલી કાં ચાહોછ તે હું સમજી શકતી નથી."

આ વડાઇનાં વાકો ખટલી ડાકટર મેહલાશાહના લાલ કીલ્લામાંજ બેઠી બેઠી બોલી હુતી. તે સિટિ જેલનાં કેદખાનામાંથી છુટી તેવી "લાલ કીલ્લા" નાં છુટાપણામાં રેહવા ગઇ હુતી. હજી થોડા દિવસ પુણામાં તેનું કામ હુતું. પેસુ બીના સામેના કેસમાં તે શાક્ષી હુતી—તેટલા દિવસ ડાકટર મેહલાશાહે તેને પોતાના લાલ કીલ્લામાંજ માન અને મોહબત સાથ રાખી હુતી. તે પોતાના એ ગરીબ મામા તરફ અને પોતાની લાડકી બેહનો તરફ આગળ કદી નહી બનેલી એટલી નમનતાઇવાળી થઇ હુતી.

અને તેની બેહનોએ પણ તેને આગળ કદી નહી દેખાડેલું એટલું વ્હાલ દેખાડયું. તે બોલકણી બેહનો ખટલી તરફની આગળી અદેખાઇ સઘળી ભૂલી ગઇ, તેને હીણવાનું અને તુચ્છકારવાનું સઘળું તેઓએ છોડી દીધું. અને હવે તેઓ પોતાની આ બેહનને ખરેખરાં હેત પ્રીતથી ચાહવા લાગી. જેવી ખટલી છુટી થઇને લાલ કીલ્લામાં આવી તેવીજ મેહરી તો તેને વલગી પડી અને અચબુચ હર્ષના ઉભરામાં ડસ્કાંપર ડસ્કાં ને અડગરીપર અડગરી ખાવા લાગી. જે ખટલીને તેણીએ એકવાર પૈસે પુર વિચારેલી તે એક અડધીનાબી આશ્રય વગર રખડી પડેલી અને લોકોના તિરસ્કાર વચ્ચે તેનાં ઘરમાં આવી તેના તરફ મેહરી એકાએક મેહરબાન થઇ ગઇ. નાજાં તો જાણેકે ખટલીને પાછી આવેલી જોઇને દેવાનીજ બની ગઇ. તે તો ખટલીનો છુટકારો પોતાની શાક્ષીથીજ થયલો સમજતી હુતી અને પોતાની બેહનને અપરાધીનાં પીંજરાંમાંથી છોડવવાનું બધું માન પોતાની શાક્ષીને આપતી હુતી. ખટલીને આવેલી જોઇને નાજાં તેને મળી ભેટીને નાચતી કુદતી ઝડપથી બબરચીખાનામાં દોડી ગઇ અને ખટલીને માટે પુણાની બિસ્કીટની દુધમાં ખીર બનાવવાની વર્દી આપી આવી. પુણાની મોળી બિસ્કીટ પુણામાંજ બની શકેછે અને જેઓએ તે ચાખી નહી હશે તેઓને દુધમાં તેની ખીરનો ખ્યાલજ નહી હશે.

પણ તે સાંજે ખટલીને ઘણી થાક લાગેલી હુતી અને ચાહ સાથ કાંઇબી ભારી ખાનુ પચાવવાને તેનો કોઠો શક્તિવાન નહી હુતો. ખટલી પોતાના મામાના જુના અસલી ઓરડાનાં એક ખુણામાં સુસ્ત અને મુડદાલ જેવી બેઠી હુતી, અને તેના ઇનતેજાર મામા જોતા હુતા કે છેલા બનાવોએ તેવણની વ્હાલી ભાણેજ ઉપર નાશકારક અસરની જાલ પાંથરેલી હુતી. ખૂનનાં ખોટાં તોહમતને લગતી આતુરતા અને ફિકર ચિંતા તળે ખટલીની ખુબસુરતી સઘળી ગોયા ખવાઇ ચાલી હુતી. તેનો દેખાવ જોઇને ડાકટર મેહલાશાહને એટલું તો લાગી આવ્યું કે તેવણ જ્યાં બેઠેલા હુતા, ત્યાંથી ઉઠીને ખટલી જ્યાં બેઠેલી હુતી ત્યાં ગયા અને તેનાં કપાળ ઉપર પોતાનો હાથ પસવારીને પછી તેની નાડી પોતાના હાથમાં ઝાલી નાડ તપાસવા લાગ્યા.

"તુને આસાયશની જરૂર છે, દીકરી ખટલી" તેવણ તેની નાડ તપાસીને બોલ્યા. "તું થોડા દાહડા અંહીંજ રેહ, દીકરી અને તું પાછી

પૂર તનદરોસ્ત થાય ત્યાંસુધી મારી જરા જરા દવા લે."

"તમારૂં ઘર મને ઘણું વ્હાલું લાગેછ, મામાજી," ખટલી એકદમ બોલી. "મને તમારે ત્યાં રેહવા ઘણું ગમેછ. પણ હું આ પુણા શેહરને ધિક્કારૂં છ. મને લાગેછ કે એ શેહરમાં હું કદી સાજી થવાની નથી. મને મારા વર સાથ, જો તેવણ મને કબૂલ રાખે તો તેવણનાં નવાં ઘરમાંજ જવા દો, મામાજી."

જમસુ આ વખતે ખટલીની પાસેજ બેઠેલો હતો, જેથી આ બોલો બોલતાં ખટલીએ જમસુની તરફ જોયું અને તેના ખુશ ચેહરામાં ખટલી પામી ગઇ કે તેના વરે તેને માફ કીધું હતું.

"મારૂં ઘર તે તારૂંજ ઘર છે ખટલી," જમસુએ સધ્ધારો આપ્યો. "અને તુને જ્યારે ગમે ત્યારે તુને ત્યાં લઇ જવાને હું તૈયાર છું. પણ હુંબી ધારૂંછ કે તું થોડા દાહડા તારા મામાની પહરોણાગત કબૂલ રાખે તો સારૂં. પેસુ ચીનાની તપાસ પુરી થાય તે સેશન સુધી તો તુને અંહી રેહવુંજ પડશે."

"કેમ! શું હજી મારી શાક્ષીની જરૂર પડશે!" ખટલીને એ વાતની ખબર નાહી હતી, તેણીએ અચરત થઇને પુછયું.

"નેહી, નહી. અત્યારસુધી તો માત્ર શરૂઆતની તપાસ ચાલીછ, અને એ પાપીની ખરેખરી તપાસ તો હજી સેશનમાં ચાલશે તેજ. કારોનરની અને માજીસ્ટ્રેટની કોર્ટમાં જે શાક્ષી લેવાઇછ તે બધી પાછી સેશન જડજની કોર્ટમાં લેવાશે."

"બાપરે! કેટલી બધી જંજાલ!" ખટલી બોલી.

"જંજાલતો છે, જીગર. પણ જે જંજાલ તેં ખમીછ, તેની આગળ એ બાકીની જંજાલ કાંઇ બિશાદમાં નથી. તે જલદી પુરી થશે, અને પછી હું તુને મારી જશવાડીમાં લઇ જઇશ, કે જયાં તારી સઘળી મુસીબતોનો છેડો આવશે. અને ત્યાં આપણે ડાકટર મેહલાશાહ મામાને અને તારી બેહનોને પણ આપણા પણવેલીના પહરાણા દાખલ લઇ જઇશું."

"ત્યારે તો મઝા! મઝા!" પણવેલીની મઝાના ખ્યાલમાં નાજાં ખુશ થઇને બોલી "ત્યાં તમારાં ગામમાં બાગ બગીચા તો હશેજ!"

"હા, અને તમારા પુણાના કરતાંબી સરસ!" જમસુએ ખાતરી આપી. "મારો બાગ બે માઇલ લાંબો છે. તેમાં હુણાળાના દાહડાતો એવી સરસ કેરી થાયછ અને મારી આંબાવાડીના છાંયાની હેઠે તાજી હવામાં બેસવાની એવી તો મઝા પડેછ, અને તરબુચ ને ખરબુચાંના વેલાના તો વણને વણ મારા બાગમાં ઉગેલાંછે!"

"ત્યારે તો તિલ્લરી!" નાજાં ખુશ થઇ ગઇ "ગરમીની મોસમમાં મને ખરબુચાં ખાવાનો ઘણો શોખ છે, તે બધો તમારા પણવેલીના બાગમાં પુરો પડશે."

"હં! ને પછી તાવ લઇને આવજે! ખરબુચાં ને ચીભડાં સહુ તાપનાં ઘેર છે હો! સંભાળજો!" મેહલાશાહ મામાએ એક જુના ડાકટર સાહી સલાહ આપી.

"ને વળી મારા ટટુ ઘણાં સરેસ છે, નાજાં, ને તમારો ટટુ પર બેસવાનો શોખબી હું જાણુંછ." જમસુ જસાવાળાએ આ ઉછાછળી છોડીને નવી લાલચ દેખાડી.

"હા, હા, ત્યારે તો હું તમારી સાથે જરૂર આવવાની" નિર્દોશ નાજાંએ કબૂલાત આપી.

"હં! જજે! ને પછી ટટુ પર બેસીને હાડકાં પાંસરા ભાંજીને પાછી આવજે." તેની બેહન મેહરીએ ધમકી આપી.

"નહી મેહરી, મારાં ગરીબ ઝુપડાં વિષ બિચારી નાજાંને એમ બ્હીવડાવો ના." જમસુએ માગી લીધું.

"ને મેહરી તુંબી અમારી સાથ અમારે ગામ આવશે કની?" ખટલીએ જમસુની અરજમાં પોતાની તરફનું મેહરીને નોતું દીધું. "અગર કશાંની ખાતર નહી તો આ નાદાન બેહન નાજાંની સંભાળની ખાતર તમે મામા ભાણેજ બેહુને આવવું પડશે."

"તે વખત તો આવે? ત્યારની વાત ત્યારે." ડાકટર મેહલાશાહે એક ઘચુપચુ કબૂલાત આપી.

અને એ રીતે તુર્ત વેળા તો "લાલ

કીલ્લા" માં સઘળું ખુશખુશાલ અને સમાધાન થઇ ગયું.

પોતાની બાયડીના પૂર્ણ પશ્ચાતાપથી જમશુનાં જીગર ઉપર મજબુત અસર થઇ. તેણીએ જે જે ખમ્યું છે તે સઘળું તેણીની ચલકતી અશ્રોના પ્રકાશથી અને તેણીના ચલકતા ચેહરાની ગંભીર ઉદાસિણતાથી, જમસુ આગળ એવું જાહેર થઇ ગયું કે પોતાની એ પ્રિયા ઉપરજ તેની આગળી પ્રીત સઘળી તેનાં જીગરમાં પાછી તાજી થઇ. તેની આગળી ચાલ ગમે એવી ભૂલભરેલી હતી તે તેણે એકવાર પાછી માફ કીધી અને જસવાડીની ઘેરધણીયાણી લેખે તેના સંસારને સુખી કરવાને એજ ઓરતને તેણે પોતાને લાયકની માની લીધી.

જમસું પુણાના પારસી હોટલમાં ઉતરેલો હતો, ત્યાં તે રાત્રે પાછો ગયો, અને જોયછે તો હોટલના ઉતારૂઓમાં હજી સુધી પેસુ ચીનો ચર્ચાની મુખ્ય બાબત થઇ પડેલો હતો. ઘણાક જણ તો જાણેકે પેસુ ચીના ઉપર પેહલેથી શક લઇ ગયા હોય, એવું બોલવા લાગ્યા. ટૂકમાં પેસુ ચીનો ખૂનનો તકસીરવાર થાય તે અગાઉ પુણાનું પારસી પ્રજામત તો તેને તકસીરવાર ઠરાવી ચુક્યું.

એટલાંજ જોસથી પુણાનું પારસી પ્રજામત ખટલીની તરફેણમાં પણ ફરી ગયું. ખટલીના છુટી જવા સારૂં આખી આલમ ખુશી થઇ હતી. અને એક માણસ ઉપરના ખરાબ શકનું ખોટું પડવાથી જાણેકે તે માણસે કોઇ બાહદુરીભરેલું પરાક્રમ કીધું હોય તેમ લોકોની નજરમાં ખટલી તો એક મહાત્મા અને ફરેસ્તાની પદવીએ ચહડી ગઇ. સદાનાં ધનબાઇજી "લાલ કીલ્લા" ને એક કંગાલ ઝુંપડું સમજતાં હતાં, ત્યાં તેવણે આખી જીંદગીમાં કોઇ દાહડે પગ મેલ્યો નહી હતો, પણ ખટલી ખૂનના વાંકમાંથી છુટી થયા પછી, એ મોટાં બાઇ પુણેગરી પોતાની જીંદગી મધે પેહલીજ વાર "લાલ કીલ્લા" માં ખટલીને મળવા આવ્યાં હતાં. અને તેબી કેમ ? ખટલી ઘેરમાં હોવા છતાં, તેને મળવાથી પોતાને બ્હીક લાગતી હોય તેમ ફકત પોતાનાં નામના કાર્ડો મુકીને ગયાં હતાં, એટલેકે ઇંગ્રેજોની વાનર–નકલનાં પુણાના પારસીઓને લાગેલાં ઘેલાંપણાનો એક વધુ પુરાવો આપી ગયાં હતાં.

અને સદાનાં ધનબાઇજી "લાલ કીલ્લા"માં મુકી ગયલાં આ કાર્ડોમાંનો એક ખટલીના ખાવિંદ જમશેદજી જસાવાળાને માટે પણ હતો. એટલેકે આજે ખટલી છુટી જવા પછી તેની ચહડતી જોઇને એ સદાવાળાંઓ તેણીની તરફ એટલાં તો પાછાં લટી ગયાં હતાં કે તેણીના જે ભર્તારને કોરોનરની જુરી આગળ પેહલો જોતી વેળા એક રખડતા પંચી લેખે તેઓએ ધિક્કારેલો તે ધણીને પણ પુણાના "ખાસ" વર્ગનાં એ મોટાં બાઇ આજે ઓળખાણ પીછાણનું માન આપવાને આવ્યાં હતાં.

પુણાના પારસી પ્રજામતના આ ફેરફારનો ખરો ભેદ ખટલી નિર્દોષ ઠરીને છુટી જવામાં નહી હતો. ખરો ભેદ તો બીજોજ હતો, અને તે એ કે ખટલીનો ખાવિંદ કોઇ "રખડતો પંચી" નથી પણ પણવેલીનો એક માતબર શેઠિયો છે, અને તેનાં તો ઘેરબાર, ગાડી ઘોડા અને વાડી વજીફા છે એવું એ સિપલાં સાહેબ લોકોના સાંભળવામાં આવ્યું હતું. તેથી કરીને એ ખુશામતખોરાંઓ ખટલીની અને તેના ખાવિંદની તરફેણમાં એક વાર પાછાં ફેરવાઇ ગયાં હતાં.

પ્રકરણ ૧૫૭ મું.

એક મરતી વખતની જુબાની.

સેશનમાં પેસુ ચીનાની તપાસનું શેવટ શું આવેછે તે વિષે ગામમાં ઘણી ઇંતેજારી ફેલાઇ રહી. પોલીસ તરફથી તો કામ ચલાવનાર સરકારી વકીલ હતો, પણ પેસુ ચીનો કોણને બારિસ્ટર કરેછે તથા તે શું બચાવ લાવેછે તે કોઇને માલમ નહી હોવાથી તરેહવાર ગપાટાઓ ઉડી રહ્યા હતા. સેશનની તપાસ આઠ દાહડામાં ચાલવાની હતી. પણ પેસુ ચીનો તેમાં કમીટ થયા પછી બીજેજ દાહડે ગપ ચાલી હતી કે તેણે મુંબઇની હાઇ કોર્ટમાંથી મી૦

રીચર્ડસન નામના નામીચા બારિસ્ટરને રોકયો હતો, અને તે ધારાનો એટલો તો હોસ્યાર હિમાયતી હતો કે પેસુ ચીનો ખચીત છુટી જવાનો એમ લગભગ સર્વએ મત બાંધ્યું હતું.

મુકદમાનો સઘળો આધાર કાવલા ચાકર અને બેહુલા બબરચીની શાક્ષી ઉપર હતો. પણ એક ચાલાક બારિસ્ટર તે સઘળી શાક્ષીને એક ઝપાટામાં તોડી નાખે એવી માનવામાં આવતી હતી, અને તેવા એક બારિસ્ટરની તકરાર જુરીનાં મનમાં ખતરો પાડવાને બસ હતી. કાવલો ચાકર પોતાને ગામ જતો પકડાઇને પાછો આવવાથી કોરોનરની જુરીમાં શાક્ષી દાખુલ અચબુચ ઉભો રહ્યો ત્યારે અને ત્યાર પછી પેસુના ફુગલાયલા ચેહરાના ગભરાટ ઉપરથી તેનાં દિલનું પાપ ઘણાઓ ચેતી ગયા હતા. તોપણ તેનું પાપ પુરવાર કેમ કરી શકાશે એજ લોકોના મોટા ભાગનો ગુચવાડો હતો; અને એટલામાટે તેનો છુટકારો તેઓને મનથી ઘણો સેહલ હતો.

પણ બીજે દાહડે પેસુ ચીનાનો છુટકારો ધારવા કરતાં વધારે જલદી અને પોતાની મેળેજ થઇ ગયો. સહવારના પ્રહરથી વાત નિકળી કે એ બંધવાને તો કોર્ટ છુટો મેળે તેની અગાઉ તે પોતાની મેળેજ છુટો થઇ ગયો હતો, અને વધારે હંમેશગીની જીહાનમાં, વધારે બળવાન ન્યાયાધીશની અદાલતમાં તે જઇ ચુકયો હતો. તેણે પોતાના પોશાકનાં એક અસ્તરની અંદર એક નાનું નસ્તર છુપાવ્યું હતું કે જે તેણે રાત્રે કાહડીને તથા તે વડે પોતાની ધોરી નસ ફોડીને ચોકીદારોના જવા પછી આપઘાત કીધાથી તે બીછાણાંમાં મુવેલો મળ્યો હતો. ચીનાઓની કોઇ રીત મુજબ આ પારસી ચીનો પોતાનો અંત લાવ્યો હતો.

એવું માલમ પડેછે કે બંદીખાનાની પોતાની કોટડીમાં પેસુ ચીનો તે રાત્રે ઘણો વખત સુધી લખવામાં રોકાયો હતો. તે તેની મરતી વખતની જુબાનીનું કરારનામું હતું. અને પોતાનાં મરણ અગાઉ તે કરારનામું નિચલા શબ્દોમાં મુકી ગયો હતો.

"જે દુનિયાએ મને ઇનસાફ આપીને મારી "રીતે વાપડયો નથી, તે દુનિયાએ અગરજો "પોતાના દાહડા ગણાઇ ચુકેલા એવા એક કેદીની "કાહાણીથી કાંઇ પણ પત્તો મેળવવો હોય તો "તે કાંહાણી હું થોડા શબ્દોમાં આપુંછું.

"હું મરનાર માણુકશાહ મુકાદમનો દીકરો "થાઉંછું. તેવણ ચીનમાં હતા ત્યારે એક "ચીનાને પરણવાથી મારો જન્મ થયો હતો, "જેથા હું તેવણનો એકલો દીકરો અને વારસ "હતો. આવા એક જમાનાના ખાવિલને ખાડામાં "ઉતારવા માટે મારી મા પાસે ખુબસુરતી સીવાય "બીજુ કાંઇ નહી હતું. પણ મારી મા એક "એવી નિર્દોષ સ્ત્રી હતી કે મરનારે તેણીને "ચાહીજ નહી પણ માન પણ આપ્યું હતું. મારી "મા મારાં બચપણમાંજ મરણ પામી હતી.

"મારા બાપે મારી મા સાથનાં લગ્ન કદી કબૂલ રાખ્યાં નહી હતાં, અથવા મને પોતાના વારસ દાખલ કબૂલ રાખ્યો નહી હતો, પણ મને નાની વયથી ધંધામાં નાખીને પોતાની આશ્રાસમાં લીધો હતો, અને કામકાજમાં મને ચપળ જોઇને અઢાર વર્ષની મારી વય સુધી મને કેળવણી અપાવી વેપારનાં કામને માટે મને તૈયાર કીધો. મને પચીશમે વર્ષે તેવણે પોતાની પેહડીનો ભાગ્યો કીધો.

"વખત જવા સાથે અમારો ધંધો થોડો ઘણો આબાદ થતો ગયો. કોઇ વખતે ખોહલું, તો કોઇ વખતે કમાવું એવી રીતે અમારા ધંધાની ચહડતી પડતી ચાલ્યા કીધી. જેમ કમાતા ગયા તેમ અમે ખોટ ખમતા ગયા. પણ આસ્તે આસ્તે ખોટ વધતી ચાલી, અને આખરે ખોટ નહી પુરી શકાય એટલી ઓછી કમાણીનો વખત આવ્યો. એક વર્ષે ગુલીના વેપારમાં અમે સો ટકા કમાયા, તો બીજે વર્ષે અફીણ અને સુતરમાં અમે દોહઢસો ટકા ગુમાવ્યા. એમ કરતાં અમારી પેહડીની આંટ ઘટી ગઇ. તેવા વખતમાં પેહડી ચાલુ રાખીને એકદમ ખરાબે અથડવાના કરતાં મારા બાપે ધંધો બંધ કરીને હિંદુસ્તાન આવવાનો ઠરાવ કીધો. તેવણે અમારી પેહડી ખાતેથી વીશ હજાર રુપિયાની રોકડ લીધી કે જેટલું નાણું અમારી પેહડીની ગુંજાસ કરતાં વધારે હતું. આ પ્રમાણે રૂપિયા ઉપાડી લાવ્યાથી મેં ધાર્યું કે મારા બાપે મારૂં ભલું કીધું નથી. તોપણ મેં મારે હિસાબે પેહડી ચાલુ રાખી. પણ નસિબે મને યારી આપી નહી. પેહલાં તો મને થોડોક લલચાવનારો નફો થયો, અને એક વર્ષ-વેર મારી પેહડી તતાર ઉભી રહી. પણ પછી મારૂં એક વાહણ ભાગ્યામાં મારો ઘણો માલ ડુબી ગયો. જયારે મને મોટું નુકશાન થયું ત્યારે મારા બાપની મદદ મેળવવા હું પુણે આવ્યો. તે એવી આશામાં કે કાંઇ નહીતો જે રૂપિયા

તેવણુ લાવ્યા હતા તે પાછા આપીને મારૂં વેપારનું બાકુ તેવણુ ગબડતું કરી આપશે. પણ મારા બાપે એવી કશી મદદ આપવાને ચોખ્ખી ના પાડી. મને વેપાર કરતાં આવડતો નહી એવો મારા ઉપર સામો દોષ મુકયો, અને મને મદદ આપવાને બદલે તો મારા ઉપર કેટલુંક આગળું લેહણું કાહાડયું. ચીનથી પોતે નિકળ્યા આગમચ તેવણે મારી પાસે એક લખત કરાવી લીધું હતું, અને તેમાં પોતાનો ભાગ છોડવવાના બદલામાં તેવણે મારી પાસેથી બીજા વીશ હજાર રૂપિયા લેવાને ત્રણ વર્ષની મુદત ઠરાવી હતી. એ રૂપિયાનો હું પુણે આવ્યા પછી તેવણે મારીપર તકાજો કીધો, અને મને તેવણની ભાણેજ પટલી—જેના ઉપર મેં મારૂં દિલ બાંધ્યું હતું, અને જેને હું તે વખતે પરણેલી ધારતો નહી હતો—તેને મારી સાથ પરણાવવાની કબૂલાત આપીને તે લગ્નની જરૂરની શરત લેખે તેવણે તે રૂપિયાનો દાવો કીધો, જો હું પેસા નહી આપું તો મારે પટલીને પરણવી નહી એવી બોલી કરીને તેવણે મારી પાસે પૈસા ઓકાવા સારૂં મારા પ્યારનું નિચ હથ્યાર બનાવ્યું. આવી રીતની એક શરત એક બાપને છાજતી હું સમજયો નહી.

"મારા બાપની હૈયાતીનો જે ભેદભરેલી રીતે અંત આવ્યોછે તે ભેદ ખોલવાની હું કશી કોશેશ કરતો નથી. વખત જતાં સઘળો ભેદ પોતાની મેળે માલમ પડશે. માટે કાંઇ કલ્પિત કાહાણી ઉભી કરી હું પરવારતાં નિંદાખોરોનાં મોહડાંમાં કશું બોટું આપવા માગતો નથી. એ સઘળો ભેદ તો ગેબી ભેદો જાણવાનો દાવો કરનારા આજ કાલના નવા ફીલસુફોને હું સોપું છું."

આ સઘળું પેસુ ચીનાનું કરારનામું હતું, કે જે પુણાનાં પ્રજામતનેજ નાસિપાસ કરનારૂં નહી હતું, પણ "ખાસ" વર્ગનાં નિંદાખોરોને તો તેમાંથી કશો ખોલાસો મળે એવું નહી હતું.

"મુવો, લુચ્છો! ચીનીનો જણેલો ચીનો! મને તો એ પેહલાંથીજ ગમતો નહી હતો." સદાનાં ધનબાઇજી દારૂવાળાનાં દીનમાયને મળતાંની વારજ આ નવા ગામ ગપાટાઓ ઉપર પોતાની જીભ ચલાવવા પડયાં.

દારૂવાળાનાં દીનમાયે ટેકો આપ્યો. "મરનારના ચેહરા સાથે એ ચીનાનો ચેહરો મળતો આવતો હતોજો, માય. મને તો પેહલેથીજ શક હતો કે રખે એ માકા મુકાદમનો દીકરો હોય."

"નહી રે વાય! દીનમાય, તમે શું રોચણ ગાળોછ?" સદાનાં ધનબાઇજી ઘણે દાહડે દારૂવાળાનાં દીનમાય સાથે જુદાં મતનાં થયાં. "માકા મુકાદમના ચેહરામાં પેસુના કરતાં આસ્માન જમીન જેટલો ફેર હતો. પણ ત્યારે માય, મુવો એ માકો મુકાદમબી એવોજ દીવાળ્યો અફીણનો વેપારી હશે કની? બાપા રે એવા પૈસા ટકા! મુવાં મુકાદમવાળાં જાતેજ હલકાં!" જાણેકે મુકાદમવાળાં એક સો કે હજાર જોઇ આવ્યા હોય તેમ સદાનાં ધનબાઇજી જે એકજ શેઠને તેની હૈયાતીમાં લારેહવાર માન આપતાં હતાં તેને વિશે ધિક્કારના શબ્દો બોલ્યાં!

"અને એ એવાં હલકાં મુવાંઓને આપણે કેટલાંબધાં માન આપીને ભારી કીધાં. મુવાંઓને આપણે ઘેર ખાણાં પીણાં આપીને જમવા બોલાવ્યાં. અને તરેહવાર ચેહલ મેહલ કીધી. પણ નિકળ્યાં ત્યારે તો જે હલકાં તે હલકાંજ!"

"પણ સારૂં થયું કે એ પેસુ ચીનો મારે ત્યાં એક દાહડેબી જમવા નહી આવ્યો!" સદાનાં ધનબાઇજીએ ટાહુકો પુરવો. "અમે તેડું તો ઘણી વખત કીધેલું, પણ એક વખત આવ્યો નહી ને બાહણાં કાહાડયા કીધાં. મુવો પેહલેથીજ લુચ્છો કની તે સારાં માણસોમાં ભેળાવાનેજ કેઠો બીધેલો."

"મુવા ચીનાઓને છરી કાંટે ખાતાં નહી આવડે તે શું ખાવા આવે?" દીનમાયે મત આપ્યું. "મુવો ઉંદરખાઉ, જેનું નામજ ચીનો! તે સારાં ખાણાંપીણાંની ખુબીજ શું જાણે?"

એ પ્રમાણે પુણાની ગપસપે માણુકશાહ મુકાદમનાં ખૂન ઉપર ઢાંકણું વાળ્યું. બંધવો આપઘાત કરીને મુવાથી ખૂનની તપાસ બંધ પડી, અને પુણાની ગપસપ વાસી થવાથી કોઇ નવી નિંદા ઉભી થાય ત્યાંસુધી આ વાત થંડી પડી.

પ્રકરણ છેલ્લું.

સુખનું દુઃખ.

એક બીજો ઉનાળાનો બાહાર પુર લીલોતરીથી ખીલી નિકળ્યો. ઉલવામાં અને અગત્ય કરીને "જસવાડી" માં ગુલ મોહરનાં ઉંચાં દરખતો ઉપરની સુનેરી મોહરો ઉગીને ખરી ચુકી હતી, અને જમસુ જસાવાળાની બાપીકી જાગીર ઉપરના હારેકટાર આંબાઓ રસદાર કેરીઓના ગુમખાથી ઝુળાઇ પડયા હતા. એ સઘળી ખુશનુમા બાહારની મોસમ ખટલી "જસવાડી" ખાતે ગુજારવા પડી હતી. તેનાં દુઃખ પુરાં થઇને સુખની જીંદગીની તે શરૂઆત હતી. પણ હજી તેનાં દુઃખનો છેડો આવ્યો નહી હતો. એ નવું દુઃખ સુખનુંજ દુઃખ હતું. આજ સુંધીની ખટલીની જીંદગી ઉસ્કેરણીભરેલી હતી. પણ હવે જીંદગીની જંજાળો પુરી થઇ, અને સંસાર સાગરનાં સઘળાં તુફાનોમાંથી જીંદગીનું બારકસ સલામત કિનારે પોંહચ્યું ત્યારે આજની મનની શાંતિ તેને સદી નહી, અને ઉસ્કેરણી તથા આશાઓના અંત આવ્યાથી તેનું મન નબળું થઇ ગયું, તથા તે મનને ઉસ્કેરીને તેજી કરવાનાં સાધણોની ગેરહાજરીમાં તેની દેહ લથડી પડી.

તે એટલા સુધી કે "જસવાડી" ની તેની પેહલી જીંદગી એક મૃત્યતાળ માંદગીથી શરૂ થઇ. તેની એ માંદગી ડાકટરોની ચાલાકીને હંફાવનારી થઇ પડી. કાંક આ વખતે કાંઇ તેને જોરાવર રોગ થયલો નહી હતો; તેનાં શરીરને યા મગજને કાંઇ તાવ લાગ્યો નહી હતો, પણ તે નબળાઇથી પીડાતી ચાલી હતી. તેને ઘણી થાક લાગેલો દીસ્તી હતી, અને તેને ખરેખરૂં શું દર્દ છે તે ડાકટરો કહી શકતા નહી હતા. તેઓ કહી કહીને એટલુંજ કેહતા કે તે બિચારીની જીંદગી હવે ઘણા દાહડાની નહી હતી.

તેની એ માઠી હાલત ખટલીને જણાવી નહી હતી. તોપણ તે હવે જીવવાની નથી એટલું પોતે સમજી ગઇ હતી, અને વર પાસે હોવા છતાં, તથા પોતાનું વહાલું બચ્ચું પાછું મળવા છતાં વર બચ્ચાંનું સુખ તેનાં નસીબમાંજ નથી એમ કેહતી હતી.

આવી નીરાશામાં એક દાહડે પોતાની માંદગીનાં બીછાણાંમાં પડીને પોતાના ભરતારની આગળ પોતાનો ભેદ ખોલીને તે બોલી કે "જમશેદ, હું ધારૂંછ કે હું પુરતું જીવીછ વાસ્તે હવે વધારે જીવવાની નથી. જીવતરની મારી મંજલ અંહીજ પુરી થવાથી હું સબુરીવંત ધીરજ સાથે મરી જઇશ, કાંકે તમે મને માફ કીધુંછ એજ સંતોષ મને બસ છે."

"ખટલી, એમ ના બોલ," જમસુ કળવાઇને બોલ્યો. "તું આવાં ઘાતકી વચનો કાહાડેછ ત્યારે તુંને આપણાં બચ્ચાંની કે મારી પોતાની કાંઇ દયા લાગતી નહી?"

"વ્હાલા જમશેદ, તમોને પોતાને હું કદી ભુલતી નથી. પણ તે દાહડે મુંબઇની અરધાશેરીમાં ગુલી ગોરાણીનાં ઘેરમાં આપણે પાછાં મળ્યાં ત્યારે તમે મને જે બોલ કહ્યા હતા તે બોલ મારાથી ભુલાતા નથી. તમે કહ્યું હતું કે તમારી છાતીમાં મારા પ્યારને માટે જગ્યા નહી હતી."

"તે તો હું ગુસ્સામાં બોલ્યો હતો ખટલી અને ગુસ્સામાં આપણાથી કાંઇ બોલાઇ જાય અથવા કાંઇ કામ થઇ જાય તેનો આપણને પસ્તાવો રહી જાયછ. તે દાહડા પછીના બનાવોથી તારી તરફની દયાએ પ્યારને મારી છાતીમાં પાછો સજીવન કીધોછ."

"ત્યારે શું તમે મને ખરેખરી ચાહોછ? તમે મને માફ કીધીછ તે તો હું જાણુંછ. પણ મારી લોભી ચાલ છતાં તમે મને ચાહોછ એમ મેં હજી સુધી સાંભળ્યું નથી."

"અલબતાં ચાહુંછ. ચાહું નહી તો તુંને અંહી લાવીને રાખુંજ શું કામ? આગળના જેટલુંજ હેત—મિસિસ ક્યાવકશાહની સ્કુલમાં આપણ પેહલાં મળ્યાં હતાં, અને એલફીનસ્ટન સર્કલના બાગમાં છોકરાંઓ સાથ ફરવા જતાં હતાં ત્યારે આપણ વચે જે પ્રેમ વસેલો હતો તેજ સઘળો પ્યાર મારો તું પાછો માન."

"ત્યારે તો જમશેદ, હવે હું પાછી જીવતી થઇ એમ સમજજો. હું પાછી સાજી થવાની અને પ્યારને લાયકની થવાની કોશેશ કરીશ."

ખટલીએ પોતાની આ કબૂલાત બોલેબોલ પાળી. તેની જીંદગીને ઉસ્કેરનારી જ્યોત તેના ભર્તારના પ્યારમાં તેને પાછી મળી. અને એ દાહડેથી તે પાછી તાજી અને તનદરોસ્ત થવા લાગી. જેમ તેનું છેલું કરમાઇ જવું ડાકટરો સમજી શકતા નહી હતા તેમજ તેનું આ તાજું થવું પણ તેઓ સમજી શકયા નહી. તનદરોસ્તીની સાથે તેની જુવાનીનો બાહાર પણ પાછો ખીલી નિકળ્યો, અને ડાકટર સીતારામ જેણે હોમાજી દારૂવાળાનાં ઝુપડાંમાં જમસુને મોતમાંથી જીવતો કીધો હતો તેણે એકવાર ફરીથી ખટલીનું પણ મરતાં મરતાં બચવાનું ભવિષ્ય ખુશાલી સાથે વરત્યું.

"તમારા પ્યારે મને મોતમાંથી જીવાડીછ, જમશેદ," ખટલીએ ખાતરી આપી.

આ સઘળો વખત જમસુ જસાવાળાનો વિશ્વાસુ અને વફાદાર દોસ્ત દાદીબા લંગડો આગળનો આગળજ રહ્યો હતો અને જ્યારે જમસુ પોતાની બાયડીની માંદગીની માવજતમાં રોકાયો હતો ત્યારે દાદીબા લંગડો બાળક પીલાની રંમતગમતમાં એકલો સાથી અને સોબતી પણ હતો.

ખટલી સાજી થયા પછી એક દાહડે દાદીબાએ આવીને અચબુચ જવા માગ્યું, અને તેબી એક એવી લાંબી મંજલે જવા માગ્યું કે જ્યારે તે કયાંથી અથવા કયારે પાછો આવશે તે પણ કેહવાને શક્તિવાન નહી હતો.

"ઓહો દાદીબા! એકાએક તને શું શોખ થઇ આવ્યો? શું કાંઇ આફ્રીકા યા અમેરીકા જવા નિકળ્યોછ કે શું?"

"નહી, નહી. હું તો અમસ્થો ગુજરાત તરફ ફરવા જાઉંછ, અને ગામેગામ ફરતાં કદાચ પોસ્ટ હાથમાં નહી આવે તો મારાં કાગળો નહી મળવાથી તમે કાંઇ ફિકર ના કરતાં."

એટલું કહીને દાદીબા પોતાના જુના દોસ્ત જમસુથી અને તેનાં કુટુંબથી છુટો પડયો, અને તે કાં છુટો પડયો તે વિષે જમસુએ પોતાની બાયડી સાથ તરેહવાર અંદેશા કીધા.

"કદાચ હું એને ગમતી નહી હોઇશ." ખટલીએ અટકળ બાંધી, અને પોતાને તે કેવી તુચ્છ ગણતાં શિખીછે તેની એક નવી સાહદત આપી. "હું અહીં રેહવા આવી તે દાદીબાને પસંદ આવતું નહી હશે, અને તેથી એવાજને અહી રેહવા ગમતું નહી હશે."

"છટ, છટ, ખટલી, તું એમ પોતાને તોડી ના પાડ. એને નહી શું ગમે? તારી માંદગીમાં તારે વિષે જેટલો હું તેટલોજ એબી ઇંતેજાર હતો. તારી ઉપર જ્યારે હું ત્યારેજ એ પણ ખીજવાયલો હતો, પણ જ્યારે તું તારા વર બચ્ચાંને આવી મળી, ત્યારે જેટલો હું તેટલોજ એ પણ ખુશી થયો."

એક મહીનો સુધી જમસુને દાદીબાની કશી ખબર મળી નહી. પણ તે પછી એક દાહડે તેના હાથનું એક ખુશ દસ્કત–ખત તેને ખુશી કરવાને આવી પોંહચ્યું. તે કાગળ ઉપર વલસાડનો છાપ મારેલો હતો, અને તેમાં નિચલી ખુશ ખબર આપી હતી.

"હું જયારે તમોને છોડી ગયો ત્યારે કયાં જવા ધારતો હતો તે કેહવાની મને શરમ લાગી. સર્વથી સુંદર અને સર્વથી શ્રેષ્ઠ, સર્વથી પાક અને સર્વથી પ્યારો જે હાથ ઘણી મુદતની દિલસોજીથી મેં પસંદ કરેલો તેને લાયકનો હું છું કે નહી, તેની શોધ કરવા અને તે મને કેવો બદલો આપેછે તે જોવા હું ગુજરાતની આ બાજુએ નિકળી આવ્યોછું. તમે મને થોભવાની ઘણી સલાહ આપીછે પણ મેં જોયું કે ખાલી ઉમેદના હવાઇ ખ્યાલ ઉપર થોભી રેહવામાં કાંઇ સાર નથી. માટે હું મારી મોહબતવાન મધુરી શીરીનને મુખે પોતાની ખાતરી મેળવવા અંહી વલસાડમાં એના મામાને ત્યાં જઇ મળ્યોછું. તે મને જોવાથી ખુશ થઇ. પણ તે શા માટે? એકલા મારે માટે નહી. પણ તમારા પીલાની ખબર અંતર જાણવાને માટે. આહા! એ પ્યારાં પીલસાંની સઘળી બીના શીરીને કેવી ઉલટથી સાંભળી! એ ખબરને માટે તે કેવી તલપી રહેલી હતી! અને એ ખબર મેં પોંહચાડવાથી જેટલી પ્યારા પીલાને તેટલી મને એણે કેવી શુભ દુવાઓ દીધી! શીરીનના મામાએ મને પોતાનાં ઘરમાંજ ઉતારો આપ્યો, અને તમારી તથા પીલાની વાત સાંભળવાને તે કદી થાકી નહી. એઓની પહરોણાગતમાં મેં ઘણા ખુશ દીવસો ગુજાર્યાછે. અંહી આવ્યાથી મારી ઉમેદો સર્વ પાર પડીછે. મારા ઉપર ખોદાતાલાની પુરતી બક્ષેશ ઉતરીછે, અને મારું ભાગ્ય એટલું ઉઘડયુંછે કે પ્યારા પીલાને હું જે જે પરિયાંઓની વાતો કેહતો હતો તે બધી વાત ખરી પડી હોય તેમ હું પોતે પોતાને ભુલી જાઉં એટલો સુખી થયોછું.

"શીરીને મારી માંગણી પોતાના મમાવાની

મરજી પુછાવીને એકદમ કબૂલ રાખી. અને હું એવી એક નાજનીનનો ધણી થવા માટે મગરૂર છું. હું પોતે આવી એક રાણીનો વરરાજો થવા માટે કેવો નાલાયક છું તે વિશે મારી પોતાની બિછાણથી હું ઘણો શરમિંદો છું. મારી હાલતમાં આટલાબધા ફેરફારો થવાથી હું પોતાને વિશે પોતેજ અજબ થાઉંછું.

લા૦ તમારો સદાનો વ્હાલો દોસ્ત,

દાદીબા લંગડાના."

શીરીન સરખી નાજનીનનું, "જસવાડી" ની પડોસણનું, જમસુને જીંદગી બલકે તેનું ભવિષ્ય બક્ષનારીનું અને હોમાજી દારૂવાળાના ઝુંપડાના શણગારનું, તથા "જસવાડી" ના હવે પછીના માલેક પીળાની બચ્ચગીની કરી લીધેલી માતાનું કિસમત, દાદીબા સરખા અસરાફ, આબરૂદાર, ખાનદાની જુવાન્યા સાથે જોડાયાની આ ખબરથી જમસુ અને ખટલીની ખુશાલીનો પાર રહ્યો નહી. તેઓએ દાદીબાનાં લગ્નની ખુશાલીમાં એક સુંદર ભેટ મોકલી આપી. અને પોતાની મુબારકબાદીમાં આ શબ્દો ઉમેર્યા કે "જેમ શીરીનબાઇમાં પીળાની કરી લીધેલી મા હતી તેમ દાદીબા પીળાનો બીજો એટલેકે કરી લીધેલો બાપ થયોછે."

હવે ખટલી "જસવાડી" માં નવી જુની થઇ જઇને એ મોટી મિલકતની શેઠાણી દાખલ દીપી નિકળી. તે એક વાર ખોહવાયલી હતી, પણ હવે ફરીથી તેના ખોહવાઇ જવાની ધાસ્તી રહી નહી. તોપણ તેના વરનો પુરતો વિશ્વાસ છતાં તે પોતે કદાચ ખોહવાઇ જવાની પોતાની બ્હીક ઉપર પોતેજ હસ્તી હતી. તે પોતાના વરને સદાની અને સેવટ સુધીની બાજી રહી. જસવાડીના બોહલા બાગબગીચા અને વાડી વજીફામાં તે ગમે એટલી છુટથી ફરતી હતી પણ પોતાના વરને વીહલો મુકતી નહી હતી, અને હંમેશ જમસુને તથા પીળાને સાથે લઇને ફરવા નિકળતી હતી. જેથી જમસુને ટકોર કીધા વીના ચાલતું નહી હતું કે:—

"ખટલી, તુંને ખોહવાઇ જવાની એવી આદત પડીછ કે તું ધારેછ કે હજીબી તું ખોહવાઇ જશે અથવા તું શું એમ ધારેછ કે હું કાંઇ એકાએક ખોહવાઇ જવાનો છું!"

"નહી, વ્હાલા ધણી." ખટલી બોલતી. "અહીં ફરવું હરવું એટલું ખુશનુમા છે કે તમોને ભાગ આપ્યા વગર મારી સઘળી મોજ મને અધુરી લાગેછ. આહ!! આ વાડી વજીફા, આ માલ મિલકત અને મકાનની માલેકી મારા કરતાં તમોને એટલી છાજેછ કે તમોને ગોયા ખોદાતાલાએ આવી પાદશાહી ચલાવવાને વાસ્તેજ બનાવેલાછે! દાદગર ખોદા-ની કેવી મેહર છે કે જયારે તમે મરઘાશેરીમાં મુફલેશ હાલે વસ્તા હતા ત્યારે તમારે વાસ્તે તે સાહેબે આ બુજર્ગીદાર મિલકત જાળવી રાખી હતી, અને જયારે હું મારી બેહનો સાથે એક પૈસાદાર બુઢાના વારસાની આશા ઉપર તેની ખુશામત કરતી બેસી રહી હતી ત્યારે તમે, જે એકબી પૈસાદારની ખુશામત કરવી ધિક્કારતા હતા અને આઇતા વારસાને ના પાડતા હતા, તેવણ પોતાની મેળે એક બોહલી મિલકતના વારેસ થયાછો!"

સમાપ્ત.